INDEX

શ્રીસ્વામિનારાયણ ભગવાનના જીવન આધારિત
સંપ્રદાયનો સૌથી મોટો હિન્દી મહાગ્રંથ

શ્રીહરિચરિત્રામૃતસાગર

(ગુજરાતી અનુવાદ)

લેખક : સદ્.શ્રીસિદ્ધાનંદસ્વામી


ભાગ ૫

પૂર : ૧૨,૧૩,૧૪



શ્રીસ્વામિનારાયણ મંદિર - જૂનાગઢધામ

INDEX





ભાગ - ૫

(પૂર - ૧૨ થી ૧૪)

INDEX

મહામુક્ત સદ્‌ગુરુ શ્રીઆધારાનંદસ્વામીકૃત

શ્રીહરિચરિત્રામૃતસાગર

અનુવાદક : પ.પૂ.શાસ્ત્રી શ્રીજ્ઞાનપ્રકાશદાસજીસ્વામી
વેદાન્તાચાર્ય એમ.એ. (ગાંધીનગર-ગુજરાત)

પ્રેરક એવં સંશોધક } પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી(કુંડળધામ)

પ્રકાશક : શ્રીસ્વામિનારાયણ મંદિર કુંડળધામ તથા
શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા

પ્રકાશન તિથિ : સં.૨૦૭૦, અષાઢ સુદ-૧૫, ગુરુપૂર્ણિમા; તા.૧૨/૭/૧૪

આવૃત્તિ : પ્રથમ

પ્રત : ૨૫૦૦

પડતર કિંમત : ₹ ૧૬૦/-

ISBN : 978-93-83456-28-4



- **કુંડળ** : શ્રીસ્વામિનારાયણ મંદિર મો.૯૬૦૧૨ ૯૦૦૦૧
- **વડોદરા** : શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ મો.૯૬૦૧૨ ૯૦૦૦૫
  Website : www.swaminarayanbhagwan.com
  Email : karelibaug@gmail.com
- **વડતાલ** : શ્રીજી સાહિત્ય મહિમા કેન્દ્ર, 'કાનજીભુવન' દુકાન નં.૧૮
  શ્રીસ્વા.મંદિર સામે, મેઈન બજાર. મો. ૯૬૦૧૨ ૯૨૪૦૦
- **મુંબઈ** : શ્રીસ્વામિનારાયણ મંદિર દહીંસર(ઈસ્ટ), ભરૂચા રોડ,
  ભાટલાદેવી મંદિરની સામે. મો.૯૮૩૩૩ ૨૮૫૨૩
- **સુરત** : શ્રીસ્વામિનારાયણ મંદિર, 'મૂર્તિબાગ' સમસ્ત પાટીદાર
  સમાજની વાડીની સામે, વેડ રોડ. મો.૯૬૦૧૨ ૯૧૨૫૨

સપ્રેમ ભેટ



સુજ્ઞ સ્નેહી શ્રી ....

ગામ : .... **તા. :** .... **જી. :** ....

સર્વાવતારી શ્રીહરિના જીવનકવન પર આલેખાયેલ આ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથના **પાંચમા ભાગ**ના વાંચન-શ્રવણથી આપની આધ્યાત્મિક તથા લૌકિક સર્વાંગી ઉન્નતિ થશે. એવા શુભ આશયથી આપને સપ્રેમ ભેટ.

આપનો સ્નેહી

....

તારીખ ....



આ પ્રસાદીભૂત મૂર્તિ શ્રીહરિની ઉપસ્થિતિમાં
સદ્.શ્રીઆધારાનંદસ્વામીએ બનાવી છે.




ભક્તરાજ શ્રીદાદાખાચરને કથા સંભળાવતા સદ્.શ્રીમુક્તાનંદસ્વામી



શ્રીહરિચરિત્રામૃતસાગરાદિક ગ્રંથના રચયિતા
મુક્તરાજ સદ્.શ્રીઆધારાનંદસ્વામી



'શ્રીહરિચરિત્રામૃતસાગર'
ગ્રંથના
અનુવાદક
પ.પૂ.સદ્‌ગુરુ શાસ્ત્રી
શ્રીજ્ઞાનપ્રકાશદાસજીસ્વામી
(ગાંધીનગર)



'શ્રીહરિચરિત્રામૃતસાગર'
ગ્રંથપ્રકાશનકાર્યના
પ્રેરક એવં સંશોધક
પ.પૂ.સદ્‌ગુરુ
શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી
(કુંડળધામ)

પ્રસ્તાવના

વૃક્ષને લીલા રહેવું હોય તો મજબૂત મૂળિયા જરૂરી છે. બગીચાને લીલોછમ અને લહેરાતો રાખવો હોય તો નિત્ય પાણી પાવું જરૂરી છે. મકાનને અડીખમ ઊભા રહેવું હોય તો મજબૂત પાયાના આધારની અતિ આવશ્યકતા છે. એ જ રીતે જો આપણે સંસારમાં રહેવા છતાય તેના દોષથી બચવું હોય, સુખ-દુઃખ કે માનાપમાનના પ્રસંગે પ્રફૂલ્લિત રહેવું હોય, વિષયના વાવાઝોડા સામે મજબૂતપણે ઊભા રહેવું હોય તો આ શ્રીહરિચરિત્રામૃતસાગર જેવા સદ્ગ્રંથોનું વાંચન, શ્રવણ, મનન નિત્ય કરવું અતિ જરૂરી છે. આવા સદ્ગ્રંથો જ આપણા આંતરિક સદ્વિચારરૂપી બગીચાને લીલોછમ અને લહેરાતો રાખે છે. આધ્યાત્મિક ઈમારત મજબૂત બનાવે છે. અધઃપતનની ખાઈથી બચાવે છે. આત્મવિશ્વાસ, પરમાત્મવિશ્વાસ અને ભક્તિ જગાવે છે. માટે સુખિયા થાવું હોય તો સમય કાઢીને આવા સદ્ગ્રંથોનું વાંચન કરવું. આપણાથી જે કાંઈ શુભ કાર્ય થાય, સારા અનુભવો થાય, સારું વાંચન, શ્રવણ થાય, તે બધી ભગવાનની મોટી કૃપા સમજવી અને તેને વારંવાર વાગોળ્યા કરવી.

શ્રીહરિચરિત્રામૃતસાગર જેવા અજોડ ગ્રંથના લેખક સિદ્ધયોગી સદ્. શ્રીસિદ્ધાનંદસ્વામી આઠમા પૂરના આરંભમાં પોતાનો અનુભવ કંડારતા કહે છે, “સં. ૧૯૧૪, જેઠ સુદ-૮, ૫૯ વર્ષની ઉંમરે મેં આ ગ્રંથ લખવાનો આરંભ કર્યો. અનેક વિઘ્નોનું નિવારણ કરી અતિ પ્યારથી

શ્રીહરિએ મને અહીં પહોંચાડ્યો. હે શ્રીહરિ ! આપ જ મારા કાર્યથી વિરુદ્ધ પરાક્રમને તરત જ અટકાવી દ્યો છો. આપ જ એક મારા સહાયક છો, આપના બળથી જ મારું બળ ચાલે છે, તેનો મને ઘણો આનંદ છે. જેવા મેં શ્રીહરિના દર્શન કર્યા છે. ઉત્સવો, પ્રસંગો તથા ચરિત્રો જોયા છે તેને હું જ્યારે સંભારું ત્યારે હરિકૃપાથી મારા હૃદયમાં તે જેવા હોય તેવા દેખાય છે, તે હું લખું છું."

જેમ મુક્તરાજ શ્રીઆધારાનંદસ્વામીએ માત્ર હરિકૃપાથી જ ગ્રંથ લખ્યો છે, તેમ જ પ.પૂ.શાસ્ત્રી શ્રીજ્ઞાનપ્રકાશદાસજીસ્વામી (ગાંધીનગરવાળા)એ પણ શ્રીજીમહારાજની કૃપા અને બળથી આ ગ્રંથનો અનુવાદ કર્યો છે. તેઓ પણ નિજ અનુભવ કહેતા કે, "શ્રીહરિનાં ચરિત્રો, મૂર્તિનું વર્ણન તથા ઉપદેશ વાક્યોને વાંચતા, વિચારતા, લખતા અખંડ ભગવાનમય રહેવાય છે. શ્રીહરિ જ પળે પળે સહાય કરે છે, તેથી લખવામાં આનંદ આવે છે અને વળી, શ્રીહરિની કૃપા વિના આ અનુવાદનું કાર્ય નિર્વિઘ્નપણે પૂર્ણ થાય જ નહીં."

અને વળી શ્રીહરિજી મહારાજની કૃપાથી એમની ઈચ્છાના બળે અમે આ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથસંશોધન તથા કથા કરી રહ્યા છીએ. જ્યાં સુધી ભગવાનની ઈચ્છા હશે ત્યાં સુધી ભગવાન આવા સત્કાર્યના નિમિત્ત બનાવશે. ભગવાનનું ધારેલું કોઈ અન્યથા કરી શકતું નથી. અને ભગવાનની પ્રેરણાથી જે કાર્ય થતું હોય તે કાર્ય જ અસંખ્ય લોકોને પ્રેરણા આપે છે.

આ સાગર ગ્રંથનું તમામ કાર્ય માત્ર ભગવાનની પ્રેરણા અને કરુણાથી થયું હતું, થાય છે. તેથી જ સહુને ઉપયોગી બને છે. આપણે પણ આ સાગર ગ્રંથના વાંચન, શ્રવણથી સાગર જેવા વિશાળ બનીએ. જેમ સાગર તમામ નદીઓના જળને પોતામાં સમાવે છે, રસ્તો તમામ

વાહનોને પોતા ઉપર ચાલવા દે છે, એ જ રીતે આ સાગર ગ્રંથ સહુને પોતામાં સમાવી શકે એવો વિશાળ છે. સહુને મોક્ષપંથે ચાલવાનું શીખવે છે.

શ્રીહરિના ચરણમાં પ્રાર્થના કે, આ ગ્રંથ દ્વારા આપણે સહુમાં બ્રહ્મભાવ તથા ભગવદ્ભાવ કેળવી શકીએ એવી હૃદયની વિશાળતા અને દિવ્યદષ્ટિ પ્રદાન કરે.

આ મહાગ્રંથની છેલ્લા ત્રણ વર્ષથી સંશોધન સાથે કથા કરીએ છીએ. જેમ જેમ સંશોધન થતું જાય તેમ તેમ શ્રીસ્વામિનારાયણ ભગવાનની કૃપાથી શ્રીસ્વામિનારાયણ મંદિર કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા દ્વારા ગ્રંથ પ્રકાશિત કરતા જઈએ છીએ.

આ પાંચમા ભાગમાં પૂર ૧૨, ૧૩ અને ૧૪ નો સમાવેશ કરેલો છે. એનો સંશોધિત ગુજરાતી અનુવાદનો વિશેષતઃ લાભ લઈ આપણા જીવનને ધન્ય બનાવીએ. એ જ અભ્યર્થના સહ...

લિ. સ્વામી જ્ઞાનજીવનદાસના
ભાવભીના જય સ્વામિનારાયણ



ગ્રંથસાર

ક્ષમાનિધિઃ અનંત મુમુક્ષુઓનો ઉદ્ધાર કરવા પ્રગટેલા પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન શ્રીસ્વામિનારાયણના ચરિત્ર, ગ્રંથ શ્રીહરિચરિત્રામૃતસાગરમાં સદ્‌ગુરુ શ્રીસિદ્ધાનંદસ્વામીએ શ્રીહરિને ક્ષમાનિધિ કહ્યા છે. જેના એક અપાંગપરિસ્પંદમાં -આંખના ઈશારામાત્રમાં જ આવા અનંતકોટિ બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય થાય છે. તે પરમાત્મા શ્રીહરિ તુચ્છ જીવોએ કરેલા અપમાનોને-અપરાધોને સહન કરે છે, અને આસુરી જીવોના તે કર્મોને પોતે મનમાં ધારતા જ નથી. ઊલટા પોતાના આશ્રિત સંતોને અને હરિભક્તોને ક્ષમા રાખવાની જ ભલામણ કરે છે. શ્રીહરિ માને છે કે, **‘क्षमाखड्गः करे यस्य दुर्जनः किं करिष्यति’** જેના હાથમાં ક્ષમારૂપી ખડ્‌ગ-તલવાર હોય, તો તેને દુર્જન શું કરશે ?

શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથના બારમા પૂરમાં, ગ્રંથના ઉપોદ્‌ઘાત બાબત થોડી વાત કહીને, કાંઈક રાજનૈતિક અને સામાજિક સ્થિતિ તરફ અંગુલીનિર્દેશ કર્યો છે. શ્રીહરિ ગઢપુરથી નીકળીને કરિયાણા, સરધાર અને બંધિયા વગેરે ગામોમાં ભક્તોને દર્શન દઈને સોરઠમાં કાલવાણી ગામ પધાર્યા. ત્યાં તુલસીવિવાહનો ભવ્ય ઉત્સવ કર્યો. તેના પહેલા પણ ગામડી ગામના હરિભક્તને નિમિત્ત બનાવીને શ્રીહરિએ જેતલપુરમાં તુલસીવિવાહ કર્યા હતા, તે વાતને કાલવાણીનો ઉત્સવ કરતી વખતે

યાદ કરી છે અને તે સમયની લીલાને કહીને એક ઘણી મહત્ત્વપૂર્ણ 'પરમહંસ કર્યા' તે વાત સ્પષ્ટ શબ્દોમાં કહી છે.

'શ્રીહરિએ પરમહંસ કર્યા, પાંચસો પરમહંસ કર્યા. એવી એવી ઘણી વાતો આપણા સત્સંગમાં પ્રચલિત સંભળાય છે. શ્રીહરિના સમયમાં આપણા સંતોને ભાગવત પરમહંસ કહેતા હતા. તે અંગે લોકોમાં જે ચર્ચા થતી હતી, તે સત્સંગિજીવન ૨/૩૭માં શિવરામ વિપ્રે કરેલા અઢાર પ્રશ્નોમાં પણ પ્રસિદ્ધ છે. અને બીજા પ્રસંગોમાં પણ પરમહંસ શબ્દ ચર્ચાયો છે. સત્સંગિજીવન પંચમ પ્રકરણમાં કુટિચક્ર, બહૂદક, હંસ અને પરમહંસ ચાર પ્રકારના સંન્યાસી કહ્યા. ત્યાં પણ પરમહંસનું સ્વરૂપ કહ્યું છે. શિક્ષાપત્રી ૧૯૬માં **आर्षभो भरतः.. ! परमहंसैः..'** જડભરતની સાથે સરખાવીને સંતોને પરમહંસ કહ્યા છે. એ બધું વિચારીને અહીંયાં બારમા પૂરના તરંગ ૪ થી ૧૪ સુધીના અગિયાર તરંગોમાં નામ નિર્દેશ કરીને સ્પષ્ટ રીતે બતાવ્યું છે.

પ્રથમ વહેલાલ ગામમાં ફાગણ વદ પાંચમે અમીન જેસંગભાઈને ત્યાં શ્રીહરિએ સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, ચૈતન્યાનંદસ્વામી અને અદ્વૈતાનંદસ્વામી, એ પાંચ સંતોને પરમહંસ કર્યા. ને પતાને હાથે તે પરમહંસોની શિખા કાપીને પરમહંસ સ્થિતિનું બધું વર્ણન કરી બતાવ્યું. સાંખ્યજ્ઞાન કહ્યું. ઓગણસાઠ તત્ત્વોથી ભિન્ન જીવાત્માને કહીને અંતર્યામીની સેવા, પૂજા, માનસી કરવાની રીત કહી બતાવી. તે પછી જેતલપુરમાં ગોવિંદાનંદસ્વામી વગેરેને પરમહંસ કરી તેમના નામ પાડ્યા. તે પછી કારિયાણી, કુંડળ, સારંગપુર, ઝીંઝાવદર, નાગડકા, ગઢપુર, કરિયાણા, સરધાર, બંધિયા, જેતપુર, ફરેણી, ધોરાજી, ભાડેર, મેઘપુર, માણાવદર, પીપલાણા અને અગત્રાઈ વગેરે બધા ગામોમાં પરમહંસો કરતાં કરતાં શ્રીહરિ કાલવાણી પધાર્યા. અને

ત્યાં પણ શેષ રહેલા સંતોને પરમહંસ કર્યા છે. આ પ્રસંગમાં સ્વામીએ કેવળ સંતોના જ નામ ૧૫૩૦ પંદરસોને ત્રીશ કહ્યાં છે. એટલે એકી સાથે પાંચસો વિરક્તોને પરમહંસ કર્યા કે દીક્ષા આપી હતી; આવું જ આપણા સત્સંગસમાજમાં બોલાય છે, તે કાંઈક વધારે વિચાર માગે છે.

હકીકતમાં તો વામમાર્ગીઓ અને વૈરાગીઓ વગેરેએ આપણા સંતોની જ્યારે ખૂબ જ અવગણના કરી, માર મારવો, ગામમાંથી તગડી મૂકવા, નાક-કાન કાપવા તૈયાર થવું ઈત્યાદિ બહુ પ્રકારે ઉત્પીડન કર્યું ત્યારે શ્રીહરિએ સંતોને અલક્ષ્યલિંગ કહેતાં કોઈ ઓળખી ન શકે તેમ રહેવું, એવું વિચારીને શિખા-સૂત્ર, કંઠી અને તિલક આદિનો ત્યાગ કરાવ્યો હોય તેમ જણાય છે. પરંતુ પાંચસો જ પરમહંસ હતા એમ જે કહેવું તે અસ્થાને જણાય છે.

પછી શ્રીહરિ કાલવાણીથી માંગરોળ અને લોજના ભક્તોને સત્સંગનું સુખ આપવા પધાર્યા છે. ત્યાંથી માણાવદર થઈ શ્રીહરિ મેઘપુર પધાર્યા છે. ત્યાં વૈરાગીઓએ શ્રીહરિનાં સ્વરૂપમાં અનન્ય નિષ્ઠાવાન પાર્ષદ મૂળજીની હત્યા કરી. તે સમયનું શ્રીહરિની ક્ષમાનું પરાકાષ્ઠાએ પહોંચેલું આ ચરિત્ર અત્યંત હૃદયદ્રાવક છે. **मद्‌भयाद्वाति वातोऽयं...।** તથા **भीमास्माद्वातः पावते... !** એમ વેદાંતમાં દર્શાવેલા કાળના પણ કાળ એવા શ્રીહરિ પોતાનું ‘ક્ષમાનિધિ’ નામ અહીં સાર્થક કરી બતાવે છે. તે સમયમાં અસુરોનું એટલું બધું ઉત્પીડન હતું કે, શ્રીહરિ ત્યાં મેઘપુરનું પાણી હરામ કરીને ગમગીન ચહેરે ત્યાંથી ચાલતા થાય છે.

સોરઠમાંથી નીકળેલા શ્રીહરિ ધોરાજી વગેરે ગામમાં ભક્તોને સત્સંગનું સુખ આપીને બંધિયા, ગોંડળ અને રાજકોટ થઈને હાલાર પ્રદેશમાં પધાર્યા છે. મોડા, અલૈયા, શેખપાટ અને ભાદરા વગેરે ગામમાં શ્રીહરિ પધાર્યા. ત્યાંથી જેતલપુર ગોવિંદાનંદસ્વામી ઉપર પત્ર લખીને

યજ્ઞ કરવાનું અને બ્રહ્મભોજન કરાવવાનું કહ્યું. બીજો એક પત્ર લખ્યો, તેમાં માંચા ખાચર વગેરે પોતાના ભક્તોને પરમહંસ થઈને કાશીએ જવાની આજ્ઞા કરી. પોતે લાલજીભક્તને સાથે લઈને કચ્છમાં પધાર્યા. લાલજીભક્તને દીક્ષા આપીને પરમહંસ નિષ્કુળાનંદમુનિ કર્યા. ભુજમાં પ્રબોધિનીનો ઉત્સવ કર્યો અને નવા કરેલા પરમહંસોને મળ્યા છે.

ભુજ નરેશના દીવાન જગજીવન મહેતાના હિંસામય યજ્ઞનું યુક્તિપૂર્વક ખંડન કર્યું. તે પછી વામમાર્ગી દીવાનનું અધઃપતન કહ્યું છે. અનેક મૂક પ્રાણીઓની રક્ષા કરનારા શ્રીહરિએ, તે દીવાને મોકલેલી બે વેશ્યાઓના માનસમાંથી કામદોષને નિર્મૂળ કર્યો, અને તેમનું નરકયાતનાથી રક્ષણ કરી તેને મોક્ષની અધિકારિણી કરી દીધી. અત્યંત અધમ એવા તે દીવાન જગજીવન મહેતાએ કરેલી ઉપાધિથી હિરજીભાઈની ચિંતા અને સુંદરજીભાઈ વગેરેની સત્સંગમાં નિષ્ઠાનું ખૂબ જ સુંદર રીતે નિરૂપણ થયું છે. ક્ષમાનિધિ શ્રીહરિ અસુરોના ઉપદ્રવને મનમાં લાવ્યા સિવાય જ કચ્છના માનકૂવા વગેરે ગામના ભક્તોને સ્વસ્વરૂપનું સુખ આપવા સત્સંગમાં વિચરે છે. જેતલપુરમાં શ્રીહરિની આજ્ઞા પ્રમાણે ઘણો સારો યજ્ઞ થયો. પછી શ્રીહરિ કચ્છમાંથી નીકળીને કાઠિયાવાડમાં જસદણ વગેરે ગામોમાં વિચરે છે.

શ્રીહરિ વરસતા વરસાદમાં કારિયાણી પધાર્યા. સંતો અને હરિભક્તોને બોલાવીને ત્યાં ઘણો સારો યજ્ઞ કર્યો. કારિયાણીમાં જ અન્નકૂટોત્સવ કરીને શ્રીહરિ ગઢપુર આવ્યા. બોટાદના હમીર ખાચરે પોતાની જ્ઞાતિના સ્વભાવ વગેરેની વાત કહી. શ્રીહરિ બોટાદથી નાગડકા થઈને વઢવાણ આવ્યા. ત્યાં તુલસી દવે સાથે યજ્ઞ અંગે વિચાર કરીને શ્રીહરિ મેથાણ પધાર્યા. વામમાર્ગીઓ અને વૈરાગીઓના સત્સંગદ્રોહી સ્વભાવનું વર્ણન પ્રત્યેક કથા પ્રસંગે થયું છે. શ્રીહરિ મેથાણથી જેતલપુર

થઈને ચરોતરમાં પધાર્યા. ઉમરેઠમાં શુષ્ક વેદાંતીઓની સાથે ચર્ચા કરીને સત્સંગમાં વિચર્યા. પીરાણાના કાકાને પ્રભાવિત કરીને સત્સંગમાં વિચરતા શ્રીહરિ બોચાસણ વગેરે ગામોના ભક્તોને સુખ આપીને કૌકા પધાર્યા. પ્રસંગે પ્રસંગે ભક્તોને અદ્‌ભુત ઉપદેશ આપતા શ્રીહરિએ જેતલપુરમાં આવીને અત્યંત ભવ્ય યજ્ઞ કર્યો. તે યજ્ઞની સર્વોત્તમતાથી શ્રીહરિનો પ્રબળ પ્રતાપ ચોતરફ પ્રસર્યો, અને તેનાથી શકિતપંથીઓ વગેરે બળી ઊઠ્યા. જેતલપુરમાં શ્રીહરિ પાસે આવેલા વામમાર્ગી કીચકને વિવિધ પ્રશ્નોત્તરથી મૂંઝવી દીધો.

સત્સંગમાં દિવ્ય વિચરણ કરતાં શ્રીહરિ ગઢપુરમાં આવીને રહ્યા. ત્યાં મહાભારતની કથા વંચાવી. વચ્ચે સારંગપુરમાં ફૂલદોલનો અદ્‌ભુત ઉત્સવ કરીને ખૂબ જ રંગે રમ્યા. ફરીવાર યજ્ઞ કરવા માટેનો વિચાર કરીને શ્રીહરિ ગઢપુરથી જેતલપુર પધાર્યા. ત્યાં સભામાં વિરાજતા શ્રીહરિની હત્યા કરવાના આશયથી આવેલા એક ગોસાઈને ખુલ્લી કટાર સાથે પકડ્યો. પણ ક્ષમાનિધિ શ્રીહરિએ તેને નિર્બાધ રીતે જવા દીધો. ખોખરામાં યજ્ઞ કરવો છે; આવી વાતો કહેતા શ્રીહરિ જેતલપુરથી ખોખરા(કાંકરિયા પાસે અમદાવાદમાં) પધાર્યા. શ્રીહરિની સાથે સંતો અને હરિભક્તો પણ હતા. ત્યાં ભેળા મળેલા વેરાગીઓએ યોગાનંદસ્વામી વગેરે ચાર સંતોને ઢોર માર માર્યો. પછી સંતોને સુરત તરફ મોકલ્યા. શ્રીહરિએ ભૃકુટિ ખેંચી અને વીર ક્ષત્રિય ભક્તો-પાર્ષદોની સાથે તે અસુરોને લડાઈ થઈ. તેમાં પાપીઓનો પરાજય થયો.

શ્રીહરિ ખોખરાથી વહેલાલ પધાર્યા. વેરાગીઓની ખટપટ અને સત્સંગીઓના મનોબળને જોઈને શ્રીહરિ વહેલાલથી નીકળી સલકી, ડાંગરવા વગેરે ગામમાં ભક્તોને દર્શન દઈ ભંકોડા અને સાપર વગેરે ગામોમાં થઈ કચ્છમાં પધાર્યા. આ બારમા પૂરમાં ક્ષમાનિધિ શ્રીહરિની

ક્ષમાનો કોઈ પાર આવતો નથી અને અસુર પ્રકૃત્તિના વામમાર્ગીઓ અને વેરાગીઓની દુષ્ટતાનો કોઈ અંત આવતો નથી.

તેરમા પૂરમાં શ્રીહરિ ધમડકા ગયા. પછી કચ્છ પ્રદેશના સત્સંગમાં બધે જ વિચર્યા છે. ભુજમાં જન્માષ્ટમી કરીને શ્રીહરિએ અમદાવાદના વેરાગીઓ ઉપર મર્મભર્યો પત્ર લખ્યો છે. તે પત્ર વાંચીને વેરાગીઓને પણ શ્રીહરિનું ગૌરવ સ્વીકારવું પડ્યું છે. શ્રીહરિ આ વખતે કચ્છમાં ઘણું રહ્યા છે. ભુજ, માનકૂવા, તેરા, કાળાતળાવ, માંડવી, અંજાર અને ધમડકા વગેરે ગામોમાં વારંવાર ગયા છે. તે તે પ્રસંગે ઘણા વ્રતોત્સવો પણ કર્યા છે. સંતોની પાસે ઘણા કઠણ વ્રતમાન પળાવ્યા છે. પ્રસંગોપાત્ત અંગ્રેજી શાસનની નીતિમત્તાની ઘણી પ્રશંશા કરી છે. ખોખરામાં અસુરોએ જે ઉપદ્રવ કર્યો હતો. તે પછી તુરંત કચ્છમાં ગયેલા શ્રીહરિ લગભગ પાંચેક માસ ત્યાં રહ્યા. ભુજમાં અન્નકોટ કરીને શ્રીહરિ ચાલ્યા તે હાલાર પ્રદેશમાં થઈને સોરઠમાં આવ્યા. અગત્રાઈમાં પ્રબોધિની કરી.

પછી ત્યાંથી પાછા કરિયાણા વગેરે કાઠિયાવાડના ગામોમાં હરિભક્તોને સુખ આપીને ઝાલાવાડમાં પધાર્યા. ત્યાંથી ઉત્તર ગુજરાતના ઊંઝા, વિસનગર વગેરે ગામોના હરિભક્તોને દર્શન આદિથી રાજી કરીને અમદાવાદ અને જેતલપુર વગેરે સત્સંગના ગામોમાં શ્રીહરિ વિચર્યા છે. સર્વાંતર્યામી મહાપ્રભુ ડભાણમાં પધાર્યા અને ત્યાંના પાટીદારોની ભાવનાથી તેમણે ડભાણમાં એક અદ્‌ભુત સર્વોત્તમ અને મહાન યજ્ઞ કર્યો. આ ઉત્સવમાં શ્રીહરિનો અનેક જીવોનો ઉદ્ધાર કરાવનારો એવો પ્રબળ પ્રતાપ અભૂતપૂર્વ રીતે સર્વત્ર પ્રસર્યો હતો. હરિભક્તોની ભાવના, સુરતના હરિભક્તોએ કરેલી પૂજા, રાજા ઝાલમસિંહની નિર્મળ ભક્તિ, અસંખ્ય બ્રાહ્મણનું આગમન, બ્રહ્મભોજન તેમજ તેમની

આડોડાઈ, આવા અદ્‌ભુત યજ્ઞોત્સવ સમયે પણ સંતોનું ભિક્ષાટન અને ભિક્ષાન્નના ગોળાનું ભોજન, હરિભક્તોની સંભાવના અને નિર્ભીક વ્યવસ્થા, અંગ્રેજી શાસનની પ્રજાના હિતની નીતિ, ઈત્યાદિ અનેક દુર્લભ વિશેષતાઓથી ભર્યો આ ડભાણનો યજ્ઞ શ્રીહરિનાં અદ્‌ભુત ચરિત્રોમાં સર્વોપરી ગણાવ્યો છે.

ડભાણમાં યજ્ઞ પૂરો કરીને શ્રીહરિ જેતલપુર અને ધોળકા થઈને ભાલપ્રદેશના ભક્તોને સુખ આપવા અનેક ગામોમાં ગયા છે અને છેવટે કાઠિયાવાડના ગામો આવ્યા છે. ગઢપુર આવ્યા ત્યારે શ્રીહરિના સર્વોત્તમ અશ્વના બધે વખાણ થાતા હતા. પછી એક સારી વછેરી લેવાની ઇચ્છા દર્શાવીને, તેને માટે સહુને ભલામણ કરી. પછી શ્રીહરિ ગઢપુરથી કરિયાણા આવ્યા અને ત્યાં થોડા દિવસ રહીને ઘણો સારો વસંતોત્સવ કર્યો છે. ત્યાં લશ્કરમાં આવેલા નાગરને શ્રીહરિએ પોતાના પ્રતાપથી સત્સંગી કર્યો છે. કરિયાણામાં વસંતોત્સવ કરીને શ્રીહરિ રાયપર, કોટડા અને બંધિયા વગેરે ગામોમાં થઈને ભાડેર સુધી આગળ ગયા. પછી ત્યાંથી પાછા વળી રાજકોટ ઉપર થઈને હાલાર પ્રદેશના મોડા વગેરે ગામના હરિભક્તોને દર્શન વગેરેનું સુખ આપીને જોડિયા થઈને કચ્છમાં અંજાર પધાર્યા છે. ધમડકામાં વસંતપંચમીનો ઉત્સવ કર્યો અને તે પછી ભુજમાં ફૂલદોલનો ઉત્સવ કર્યો છે. તે પછી તેરામાં રામનવમી-હરિજયંતીનો ઉત્સવ કર્યો છે. સંતો આગળ મનોનિગ્રહની ઘણી ઘણી વાતો કરી છે.

પછી શ્રીહરિ કચ્છથી હાલાર પ્રદેશમાં થઈને સોરઠમાં પધાર્યા. અગત્રાઈમાં બ્રાહ્મણ બાળકને જનોઈ આપી અને તેના ફુલેકામાં ફર્યા છે. સોરઠના હરિભક્તોના બધા ગામોમાં વિચરીને શ્રીહરિ જૂનાગઢ આવ્યા. દ્વેષીઓની ખટપટ હોવા છતાં નવાબે જૂનાગઢમાં શ્રીહરિનું

સન્માન કર્યું. શ્રીહરિએ દામોદર કુંડે સ્નાન કર્યું. મુમુક્ષુઓનો ઉદ્ધાર કરવા વિવિધ ચરિત્ર કર્યા. ભક્તોએ માનેલા અને પૂજેલા શ્રીહરિ ત્યાંના નવાબને મળ્યા અને પછી ત્યાંથી ચાલતા થયા. શ્રીહરિ ગઢપુર પધાર્યા ત્યાં અન્નકૂટનો ઉત્સવ કર્યો. કર્મવાદી જૈનમતની ઊણપ દર્શાવીને ભગવાનના અનન્યાશ્રયથી મુક્તિની સર્વોત્તમતા કહી છે. શ્રીહરિ પ્રજામાં સદ્ધર્મ, નીતિ, સદાચાર અને શાંતિને ચાહે છે. એટલે વારંવાર અંગ્રેજોની નીતિની પ્રશંશા કરે છે. ગઢપુરમાં રહેલા શ્રીહરિનું ઉન્મત્તગંગામાં સ્નાન કરવા જવું વગેરે લીલાનું અહીં અદ્ભુત વર્ણન કર્યું છે. ગઢપુરના જીવુબા(મોટીબા) વગેરે બહેનોનાં ભક્તિપ્રધાન ત્યાગમય વિશુદ્ધ જીવનની વિશેષતા પણ ઘણી સુંદર રીતે કહી છે.

આત્માનંદસ્વામી અને સદ્ગુરુ રામાનંદસ્વામીની મહત્તા દર્શાવીને શ્રીહરિએ જ્ઞાન અને ધ્યાન જેવા સર્વોત્તમ વિષયોની છણાવટ કરી છે, તેમજ મિથ્યા જ્ઞાનીઓના પ્રત્યે પોતાની અરુચિ દર્શાવી છે. અન્નકોટના ઉત્સવ પ્રસંગે શ્રીહરિનું પૂજન અને તે સિવાયના બીજા વિવિધ ઉપદેશોનું પણ સારી રીતે વર્ણન કર્યું છે. કાઠી દરબારોની યજ્ઞ કરવા માટેની વિનંતીથી અને સંતોની સલાહથી યજ્ઞ માટે જેતલપુરથી પસંદગી કરવામાં આવી છે. આમ જેતલપુરના બીજા યજ્ઞની જાહેરાતની સાથે આ તેરમું પૂર સમાપ્ત થાય છે.

ચૌદમા પૂરનો પ્રારંભ જેતલપુરના યજ્ઞની તૈયારી કરવા બાબતથી થાય છે. ગોવિંદાનંદસ્વામી અને નાનાભાઈ ભટ્ટ વગેરેએ યજ્ઞની બધી તૈયારી કરી દીધી. શ્રીહરિ પધાર્યા. યજ્ઞમાં ઘણા સારા વિદ્વાન વિપ્રો આવ્યા, યજ્ઞ અને બ્રહ્મભોજન ધામધૂમથી શરૂ કર્યું. પણ શક્તિપંથીઓએ અમદાવાદના સૂબાને ઉશ્કેર્યો અને તેણે યજ્ઞને બંધ કરાવવા માટે લશ્કર

મોકલ્યું. લશ્કર આવ્યા પહેલા તો શ્રીહરિએ સાંજે જ તે યજ્ઞને સમાપ્ત કરી દીધો. બ્રાહ્મણોને દક્ષિણા વગેરે આપીને વિદાય આપી. બાકીની બધી ભલામણ કરીને શ્રીહરિ રાતે જ જેતલપુરથી નીકળી ગયા અને સાબરમતીમાં સ્નાન કરીને સૂર્યોદય સમયે ચલોડા ગામ પહોંચ્યા.

આ બાજુ લશ્કર આવ્યું. તેણે યજ્ઞને સમાપ્ત થયેલો જોયો. શ્રીહરિ ક્યાંય મળ્યા નહિ. બધી રીતે નિષ્ફળ થયેલું લશ્કર પાછું ગયું અને વળી ફરી એક રાતે શ્રીહરિ જેતલપુર આવ્યા. સહુને બોલાવ્યા. હવે શું કરવું ? તે અંગે વિચાર કરીને આનંદાનંદસ્વામી વગેરેને આગળની યોજના બતાવી. પછી શ્રીહરિ જેતલપુરથી નીકળીને ખેડા આવ્યા. ત્યાં અંગ્રેજ અધિકારીઓને સમાચાર આપીને પોતે મળ્યા. અંગ્રેજો શ્રીહરિની સદાચારમય ધર્મ પ્રવૃત્તિથી અને મનમોહક મૂર્તિથી ઘણા જ પ્રભાવિત હતા અને શ્રીહરિએ પણ અંગ્રેજો સાથે નિષ્કપટભાવે વાત કરી. પછી જેતલપુરથી યજ્ઞનો બધો સામાન ડભાણ મંગાવ્યો. બધા ભક્તોના સંઘ પણ ડભાણ આવ્યા.

તે અરસામાં એક હજાર જેટલા શૈવ, ગોસાઈઓની જમાત જેતલપુરના યજ્ઞમાં આવી. પણ ત્યાંની સ્થિતિ જોઈ-સાંભળીને તે ગોસાઈ મહંતને શ્રીહરિનાં દર્શનની પ્રબળ ઈચ્છા થઈ. તેઓ આઠ જણ ડભાણ આવ્યા. શ્રીહરિએ તેમને આવકાર્યા અને જીવના મોક્ષ અંગે ઘણી સારી વાત કહી. ડભાણ આવેલા બધા ભક્તોને શ્રીહરિએ સ્વસ્વરૂપ સંબંધી અપાર સુખ આપ્યું. આ સમયમાં સંતો ભિક્ષાવૃત્તિથી જે નિર્વાહ કરતા હતા, તેને યથાર્થરૂપમાં જણાવ્યું છે.

શ્રીહરિએ સમગ્ર હરિભક્તોને વસંતપંચમી સુધી રોક્યા અને સહુને બ્રહ્મકિલ્લોલ કરાવીને કામ, ક્રોધ તથા લોભ જેવા ત્રણ નરકના દરવાજાને બંધ કરાવ્યા. તેમજ વામમાર્ગી વગેરેએ જે નિષ્કામીપણું

આદિના દ્વાર બંધ કરી દીધા હતા તેને તોડીને ખોલી નાખ્યા અર્થાત્ શુદ્ધ નિષ્કામીપણું, નિર્લોભીપણું અને પ્રસન્ન નિષ્ક્રોધીપણું વગેરે કલ્યાણકારી શુભ ગુણોને પ્રવર્તાવ્યા. વસંતપંચમીનો ભવ્ય સુખદ ઉત્સવ કરીને સહુને ડભાણથી વિદાય આપી.

પછી શ્રીહરિ ચરોતર, બારા અને ભાલમાં વિચરણ કરતા કાઠિયાવાડમાં કરિયાણા ગામ આવ્યા. ત્યાં હુતાશની પૂજનમાં ગયેલા શ્રીહરિએ વળતે દિવસ ફૂલદોલ નિમિત્તે રંગોત્સવ કર્યો. કરિયાણાથી નીકળીને શ્રીહરિ રાયપર, કોટડા, બંધિયા વગેરે ગામોમાં ભક્તોને દર્શન વગેરેનું સુખ આપીને ગોંડળ પધાર્યા. ત્યાંથી હાલારમાં ગયા અને તે પછી કચ્છમાં ગયા. ભુજમાં ભીમ એકાદશી કરી. ભક્તોના ગામોમાં સહુને સત્સંગનું સુખ આપીને પછી શ્રીહરિ માંડવી આવ્યા. ત્યાંથી વહાણમાં બેસી જોડિયા આવ્યા. તે હાલારમાં ભક્તોને રાજી કરીને શ્રીહરિ સોરઠમાં પધાર્યા.

ત્યાં ભક્તોની સભામાં શ્રીહરિ સત્સંગને ચિંતામણિ અને હરિભક્તોને કલ્પવૃક્ષ કહીને આત્મોદ્ધારની વાતને સરસ રીતે સમજાવતા હતા. સોરઠના સત્સંગીઓની સંભાવના કરીને શ્રીહરિ પાછા કાઠિયાવાડમાં કરિયાણા ગામ આવ્યા. ત્યાં સિદ્ધ સંતદાસજીએ શ્રીહરિનો મહિમા સમજાવ્યો. પછી ત્યાંથી નીકળેલા શ્રીહરિ સારીંગપુર આવ્યા. ત્યાં બાપુભાઈ નાગરને સંન્યાસી કર્યા અને પછી તેમના વાસનિક ભૂતનો ઉદ્ધાર કર્યો.

તે પછી શ્રીહરિ ગઢપુર પધાર્યા અને ત્યાં પણ વિવિધ લીલાઓ કરી છે, તે પછી ઝીંઝાવદર અને કારિયાણી થઈને શ્રીહરિ કુંડળ પધાર્યા છે અને ત્યાં ઓગણોતેરા કાળની સહુને પૂર્વ સૂચના આપી છે. ત્યાંથી ભીમનાથના મહંતનો સત્કાર સ્વીકારીને શ્રીહરિ ભાલમાં થઈને બુધેજ

આવીને ત્યાં દસ દિવસ રહ્યા છે. આ વખતે શ્રીહરિએ ત્યાંથી પત્ર લખીને સહુને બોલાવ્યા છે અને વૌઠાના મેળામાં બે દિવસ રહ્યા. ત્યાં શ્રીહરિએ અનેક લીલાઓ કરી છે. તીર્થસ્નાન, દેવદર્શન, દાન વગેરે કર્યું-કરાવ્યું. અને સર્વોત્તમ સત્સંગની વાતો કહી. તે પ્રસંગે ચોપદાર કુબેરસિંહે પુષ્ટિમાર્ગના ગોસ્વામીનું વર્તન અને મંતવ્ય વગેરેની વાત કહીને આપણા સત્સંગની સર્વોત્તમતા કહી છે. વૌઠાના સમૈયામાં આવેલા ગામેગામના હરિભક્તોએ વિવિધ ઉપચારોથી શ્રીહરિની પૂજા કરી, તેનું વિશદ વિવેચન કર્યું છે.

વૌઠાનો સમૈયો કર્યા પછી શ્રીહરિ ચરોતરના ગામોમાં વિચરણ કરતાં કરતાં સરસવણી આવ્યા છે. ત્યાંથી પાદરા પધારેલા શ્રીહરિએ ત્યાંના સ્વાર્થી રાજાને લૌકિક સુખમાં ઘણું દુઃખ બતાવ્યું અને તે પછી ત્યાંથી છાની રીતે નીકળીને ફરતાં ફરતાં શ્રીહરિ વડતાલ પધાર્યા છે. પછી ત્યાંથી શ્રીહરિ ઉમરેઠ અને કઠલાલ થઈને ઉત્કંઠેશ્વર મહાદેવના સ્થાનમાં ગયા છે. પછી ત્યાંથી દંઢાવ્યના હરિભક્તોને રાજી કરીને મોટેરા ગામ પધાર્યા છે.

પછી ત્યાંથી અમદાવાદમાં આવીને પ્રાણનાથ શુક્લને ઘેર રહ્યા છે. અમદાવાદના સૂબાએ શ્રીહરિની કપટભરી પધરામણી કરી. તેનો દુરાશય ખૂલી ગયો, છતાં શ્રીહરિ વિચલિત થયા નહીં. પછી તે સૂબાને અને તેના પંડિતને તેના પ્રશ્ન પ્રમાણે સચોટ જવાબ આપ્યા છે અને બીજી પણ મર્મવેધક ઘણી ચર્ચા કરી છે. ભલે સૂબાએ યજ્ઞ કરવાની અને અમદાવાદમાં આવવાની શ્રીહરિને મનાઈ કરી છે, પણ પછી તેના મનમાં પશ્ચાતાપ થયો હોય તેવું જણાય છે અને તેથી જ તે શ્રીહરિને સન્માનપૂર્વક વળાવે છે. તે પછી શ્રીહરિ જેતલપુર પધાર્યા છે અને ત્યાંથી નીકળ્યા ત્યારે સાબરમતી નદીમાં અંગ્રેજ અધિકારીની મુલાકાત

દર્શાવી છે. તે પછી શ્રીહરિએ કોઈ હેતુસર ઘૂંઘટાનું પ્રકરણ ચલાવ્યું છે અને પછી નાગડકામાં વસંતોત્સવનું તેમજ સારીંગપુરમાં ફૂલદોલના અદ્ભુત ઉત્સવનું સુંદર વર્ણન કર્યું છે. તે તે પ્રસંગે સત્સંગના સર્વોચ્ચ સદ્ગુણોને શ્રીહરિ સભા વચ્ચે સહુને સમજાવે છે. પછી બુઢા ધાધલની નાસ્તિકતા બતાવીને સદ્ગુરુ મુકતાનંદ સ્વામી શ્રીહરિની આજ્ઞાથી તવરાના મેળામાં ગયા. તે વાતને કહેતાની સાથે પંચાણું તરંગનું આ ચૌદમું પૂર સમાપ્ત થાય છે.

આ ગ્રંથના લેખક શ્રીહરિની હરેક લીલામાં કાંઈને કાંઈ વિશેષતા બતાવે છે. જે સૂબાએ જેતલપુરમાં યજ્ઞ બંધ કરાવ્યો, શ્રીહરિની હત્યા કરવા સુધીનું કાવતરું કર્યું અને છેવટે અમદાવાદમાં આવવાની પણ મનાઈ કરી તે જ સૂબો શ્રીહરિને ભદ્રમાંથી વળાવતી વખતે પગે લાગી માફી માગે છે. વળી, શ્રીહરિને ઉતારે જવા માટે પોતાની બધી સવારીને પણ મોકલે છે. લેખક સ્વામી શ્રીહરિના વિરોધી ભુજના દીવાનના પરિવારને પણ આદરભાવવાળો દર્શાવે છે.

શ્રીહરિના પ્યારા સત્સંગના અનુયાયી આપ સહુ ત્યાગી તથા ગૃહસ્થો શ્રીહરિચરિત્રામૃતસાગરના આ અભિનવ ગુજરાતી અનુવાદને ઘણા જ પ્રેમભાવથી વાંચો છો. તે આપના વાંચન માટે આ ગ્રંથના ૧૨, ૧૩, ૧૪ પૂરનો પાંચમો ભાગ સંપાદિત કરીને સમસ્ત સત્સંગને સમર્પણ કરતા આનંદ-સંતોષ અનુભવું છું. ઉપાસ્ય ઈષ્ટદેવ પુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણ ભગવાનની નિઃસીમકારુણ્ય સુધામય વાત્સલ્યપૂર્ણ શુભ અનુકંપાથી, મારા પૂજ્યપાદ પ્રાતઃસ્મરણીય ગુરુચરણોની અપાર કરુણાથી તથા સહુ સંત-હરિભક્તોના સ્નેહપૂર્ણ શુભાશીર્વાદથી આ અદ્ભુત અજોડ અને વિશાળકાળ ગ્રંથનું સંપાદન તથા અનુવાદ હું કરી શક્યો છું.

પૂજ્યપાદ સદ્‌ગુરુ શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી(કુંડળધામ)ને આ શ્રીહરિચરિત્રામૃતસાગર ઉપર ખૂબ જ શ્રદ્ધાપૂર્ણ આદરભાવ છે. આ ગ્રંથને ત્વરિતગતિથી પ્રકાશન અને પ્રસારણમાં સહુથી અધિક સિંહફાળો તેમનો જ છે. માટે આવા સુંદર કાર્યના વિશેષ યશોભાગી પૂજ્ય સ્વામીજી જ છે. છેલ્લે આ ગ્રંથના સમગ્ર પાઠકોને મારી નમ્ર વિનંતી છે કે, આ ગ્રંથના ગુજરાતી અનુવાદમાં જે કાંઈ ઉત્તમતા છે તે ઈષ્ટદેવ શ્રીસ્વામિનારાયણ ભગવાનની કૃપાથી આવી છે. અને જે કાંઈ ઊણપ રહી હોય તે મારી માનવસુલભ કમજોરી છે, એમ માનીને સહુ મને ક્ષમા આપશો. એ જ...

અનુવાદક
શાસ્ત્રી જ્ઞાનપ્રકાશદાસના
અતિ ભાવથી સહુને જય સ્વામિનારાયણ



INDEX

અનુક્રમણિકા

પૂર-૧૨

પૂર-૧૩

૪૧	૪૨	૪૩	૪૪	૪૫	૪૬	૪૭	૪૮
૪૯	૫૦	૫૧	૫૨	૫૩	૫૪	૫૫	૫૬
૫૭	૫૮	૫૯	૬૦	૬૧	૬૨	૬૩	૬૪
૬૫	૬૬	૬૭	૬૮				

પૂર-૧૪

૧	૨	૩	૪	૫	૬	૭	૮
૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬
૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨	૨૩	૨૪
૨૫	૨૬	૨૭	૨૮	૨૯	૩૦	૩૧	૩૨
૩૩	૩૪	૩૫	૩૬	૩૭	૩૮	૩૯	૪૦
૪૧	૪૨	૪૩	૪૪	૪૫	૪૬	૪૭	૪૮
૪૯	૫૦	૫૧	૫૨	૫૩	૫૪	૫૫	૫૬
૫૭	૫૮	૫૯	૬૦	૬૧	૬૨	૬૩	૬૪
૬૫	૬૬	૬૭	૬૮	૬૯	૭૦	૭૧	૭૨
૭૩	૭૪	૭૫	૭૬	૭૭	૭૮	૭૯	૮૦
૮૧	૮૨	૮૩	૮૪	૮૫	૮૬	૮૭	૮૮
૮૯	૯૦	૯૧	૯૨	૯૩	૯૪	૯૫	

INDEX

અનુક્રમણિકા

પૂર - ૧૨

પૂર - ૧૩

પૂર - ૧૪



શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્

મહામુક્ત સ્વામી શ્રીસિદ્ધાનંદમુનિકૃત

શ્રીહરિચરિત્રામૃતસાગર પૂર - ૧૨

હિંદીનું ગુજરાતી ભાષાંતર

પૂર બારમું : તરંગ - ૧

ચરિત્રગ્રંથ બાબતમાં શ્રીહરિ અને મુક્તમુનિની અક્ષરધામમાં વાત

❋ ચરિત્રમહિમા :

दोहा : श्रीसहजानंदस्वामी तव, पदपंकज धरी माथ;
वार वार वंदन करत, जोरीके दोउ हाथ...०१
तव चरित्र अपार हि, ताके लहे कुन पार;
सारद शेष महेश हि, वेद न लहत हि पार...०२

ગ્રંથના લેખક શ્રીસિદ્ધાનંદસ્વામી મંગલાચરણ કરે છે. હે શ્રીસહજાનંદસ્વામી ! આપનાં બંને ચરણકમળોને મસ્તકે ધારી, બંને હાથ જોડીને હું વારંવાર આપને વંદન કરું છું. ૧. આપનાં ચરિત્ર અપાર છે, તેનો પાર કોણ પામે ? શારદા, શેષ, મહેશ્વર અને વેદો પણ તેનો પાર પામતા નથી. ૨.

व्यास चरित्र कहत तव, जुग जुग वेर हि वेर;
गान करत जन सुनत जेहि, चोरासि फिरत न फेर...०३
अल्प जन से चरित्र तब, कबहु लिखे न जाय;
तुम करो जब साहिता, अनु लिये मेरु उठाय...०४

યુગેયુગમાં વ્યાસમુનિ આપનાં ચરિત્રોને વારંવાર કહે છે. તે ચરિત્રોનું ગાન કરીને અને સાંભળીને માણસો લખચોરાશીના ફેરામાંથી છૂટી જાય છે. ૩. મારા જેવા સામાન્ય-અલ્પ માણસથી આપનાં ચરિત્રો ક્યારેય લખી શકાય તેમ નથી. આપ જ્યારે સહાયતા કરો ત્યારે અણુ જેવો સ્વલ્પ પણ મેરુને ઉઠાવી શકે છે. ૪.

આપનાં જ બળે કરીને હવે હું શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથના બારમા પૂરનો પ્રારંભ કરું છું. હે નાથ ! તમે જ વિઘ્નોને હરનારા છો. બીજાનું કાંઈ સામર્થ્ય ચાલતું નથી. ૫. જો આપ સહાય ન કરો તો વિઘ્ન આવતા કાંઈ વાર લાગે નહિ. આ શરીર ક્ષણભંગુર છે, પણ આપ કૃપા કરીને વિઘ્નોને હઠાવી ઘો છો. ૬. આપનાં જે જે ચરિત્ર છે તે બધાં જ આશ્ચર્યરૂપ દેખાય છે. આપનું એક પણ ચરિત્ર આશ્ચર્ય વગરનું નથી; તે જેનાં હૃદયમાં પરમ વિવેક હોય તે જાણતા હોય છે. ૭. જેને વિવેકરૂપ નેત્ર ન હોય તેને આપના ચરિત્રોમાં આશ્ચર્ય દેખાતું નથી. જેણે આપનાં આશ્ચર્યકારી ચરિત્ર નથી જોયા, સાંભળ્યા તેને મનુષ્યનું શરીર જે મળ્યું છે તે ન મળ્યા બરાબર છે. ૮.

જેઓએ આપનાં આશ્ચર્યજનક ચરિત્રોને દેખ્યા છે, એટલાએ જ ખરેખર મનુષ્યશરીર ધારણ કર્યું કહેવાય. આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજ અતિ વિશાળ બુદ્ધિવાળા હતા. ૯. તેમણે શ્રીહરિના ચરિત્રોને કહી રહેલા મુક્તાનંદસ્વામીને પૂછ્યું, આ વખતે શ્રીહરિએ જેવા ચરિત્ર કર્યા છે તેવા મેં અત્યાર સુધીમાં ક્યારેય સાંભળ્યા નથી. ૧૦.

શ્રીહરિ જન્મ થયા પછી અગિયાર વરસની ઉંમર થઈ ત્યાં સુધી ઘેર રહ્યા. ત્યાં સુધીમાં દિવસ, માસ અને વરસના નિર્દેશ સાથેના શ્રીહરિએ કરેલા જે ચરિત્રો છે, તેને અમારા દાદા રામપ્રતાપજી મહારાજે તલ તલ

જેટલા-થોડા એવા પણ ઝીણવટથી કહ્યા છે. તે શ્રીહરિનાં ચરિત્રોને જે કોઈ સાંભળે તો તેને ઘણું જ આશ્ચર્ય થાય, એવાં તે ચરિત્રો છે. ૧૧-૧૨. અમારે ઘેર ભગવાન પુરુષોત્તમ નારાયણ પ્રગટ થયા હતા. તેનું યથાર્થ જ્ઞાન તેમણે ઘર છોડ્યું પછી અમને થયું હતું. હે મુનિ ! આપે પહેલા પૂરની કથામાં આ બધી વાત કરી ત્યારે તેને સાંભળી અમે ખુશ થયા. ૧૩. શ્રીહરિ આઠ વરસ (સાત વરસ ?) વનમાં ફર્યા. વનમાં જે જે ચરિત્ર કર્યા તે લોજમાં આવીને જ્યારે શ્રીહરિ આપને પ્રથમ મળ્યા ત્યારે તેમણે આપને બધાં જ ચરિત્રો કહ્યા હતા. ૧૪. શ્રીહરિએ વનવિચરણ દરમ્યાન જેટલા ચરિત્રો કર્યા હતા તે બધાં જ ચરિત્ર આપે બીજા પૂરમાં કહ્યા તેને અમે સાંભળ્યા છે. ૧૫. તે પછીના અગિયાર પૂર સુધીમાં જે ચરિત્ર આપે કહ્યાં, તે અમે સાંભળ્યા. તો હે મુનિ ! હવે જે ચરિત્ર બાકી રહેલા છે તે બધાં ચરિત્રો આપ કહો. ૧૬.

આપે જે ચરિત્ર કહ્યાં છે તે સર્વોપરી છે. બીજા સંતો અને હરિભક્તો કરતાં પણ તે ચરિત્રો અમારે માટે અધિક છે અર્થાત્ વધારે ઉપયોગી છે. ૧૭. અમારો જેટલો ધર્મવંશ કહેવાય છે, તેને આવાં ચરિત્રોને લીધે અત્યારે અધિક પૂજ્ય કરી દીધો છે. ૧૮.

❋ ગ્રંથ રચવાની આવશ્યકતા :

હરિચરિત્ર વિના જે ધર્મવંશ છે તે જરાય શોભતો નથી. જીવ વિનાનું શરીર જેવું શોભે એવા અમે હરિચરિત્ર વિના શોભીએ છીએ. ૧૯.

હે મુનિ ! અમને યથાર્થ જ્ઞાન તો આપે આપ્યું છે. તે જ્ઞાન વિના તો અમે નિર્જીવ જ હતા. હવે આપ કાંઈક એવી કૃપા કરો કે, આપ જે બધાં ચરિત્રોને મુખથી કહો છો, તે ચરિત્રોનો ગ્રંથ આપણા અપાર સંતો છે તેમાંથી કોઈક બનાવે. કારણ કે, ગ્રંથ રચાયા વિના તે અપાર ચરિત્ર ભૂમિ ઉપર લગારેય ટકી શકવાના નથી. ૨૦-૨૧. જેટલા ચરિત્રો લખાયેલા હોય છે તે ભૂમિ ઉપર રહે છે. ગ્રંથને કારણે ભગવાન અંતર્ધાન થાય છતાં તેના કરેલા ચરિત્રો સદાને માટે પ્રગટ રહે છે. તેને જે વાંચે-સાંભળે તેનો તે મોક્ષ કરે છે. ૨૨.

❋ ગ્રંથ રચવા વિષે :

ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું, તમે મારી વાત સાંભળો. શ્રીહરિ તમારા સહુને માટે મનુષ્યદેહ ધારીને આવ્યા હતા. હવે તમે જેવો સંકલ્પ કરો છો, તેવો જ સંકલ્પ શ્રીહરિએ કર્યો છે. ૨૩.

ચોપાઈ :

कोउ संत में करीके निवासा, ग्रंथ कराव हि विन प्रयासा;
चरित्र हम कहीके सबहू, हरि के धाम में जात हे अबहू...२४
तुमारे तरप की विनती जोउ, श्रीहरि कु में सुनावहु सोउ;
श्रीहरि जानत हे सब वाता, अंतरजामी हे साक्षाता...२५
तदपि केना सुनावना जाई, एसी जो रीत बाँधी हे ताई;
हरि की रीत चलत अनुसारा, ता पर रीझत हरि वार न पारा...२६

શ્રીહરિ કોઈ સંતમાં વિશેષ પ્રવેશ કરીને અનાયાસે ગ્રંથ કરાવશે. હું તો શ્રીહરિનાં બધાં ચરિત્રોને કહીને અત્યારે શ્રીહરિનાં ધામમાં જાઉં છું. ૨૪. હું ધામમાં જઈને તમારા તરફથી શ્રીહરિને વિનતિ સંભળાવીશ. શ્રીહરિ તો સાક્ષાત્ અંતર્યામી છે અને બધી જ વાતોને જાણે છે. ૨૫. છતાં પણ ત્યાં જઈને વાત કહેવી - સંભળાવવી જોઈએ; એવી એક રીત તેમણે જ બાંધી છે. જે શ્રીહરિએ બાંધેલ રીત ઉપર ચાલે છે તેના ઉપર શ્રીહરિ અપાર રાજી થાય છે. ૨૬.

પછી મુક્તાનંદસ્વામીને શ્રીહરિનાં જેટલા ચરિત્ર યાદ હતાં તે બધાં ઘણા જ ભાવથી કહ્યાં, અને તે સહુ હરિભક્તોને ઘણાં જ સ્વાદુ લાગ્યાં. ૨૭. કંદોઈ ઘણી જાતના પકવાન કરતા હોય છે. તે બધાની પકવાન બનાવવાની રીત એકસમાન હોતી નથી. કેટલાક કંદોઈ તો સોનાના જેવા કિંમતી પકવાન કરતા હોય છે. તેવું જ વાત કરવાના વિવેકનું હોય છે. ૨૮. મુક્તાનંદસ્વામી જે વાત કહે તે તો કલ્પતરુ, અમૃત, સાક્ષાત્ ચિંતામણિ, કામધેનુ અને પારસમણિના નિધિ જેવી હોય છે. ૨૯. જેમ નારદમુનિ ભગવાનનું મન કહેવાય તેમ મુક્તાનંદસ્વામી પણ શ્રીહરિનું મન હતા. શ્રીહરિના હૃદયનો જેવો હોય તેવો બધો જ અભિપ્રાય તેઓ સંપૂર્ણપણે જાણતા હતા. ૩૦.

આ વખતે જન્મથી આરંભીને શ્રીહરિએ જે જે ચરિત્ર કર્યાં હતાં, તે બધાને જ્યારે મુક્તાનંદસ્વામી આ રીતે સભામાં સહુની આગળ કહી રહ્યા, ત્યારે પોતે મનમાં ખૂબ જ ખુશી થયા હતા. ૩૧. મુક્તાનંદસ્વામીએ પ્રગટ શ્રીહરિને જે રીતે દેખ્યા હતા તેવી જ રીતે અંતરમાં ધાર્યા હતા. તે વખતે તે દિવ્ય મૂર્તિ તેમને તત્કાળ દેખાણી. તે મૂર્તિના વિશાળ લલાટમાં ચંદનની અર્ચા કરી હતી. ૩૨.

મસ્તક ઉપર ફૂલોની પાઘ હતી, બાજુબંધ, હાર અને કાન ઉપર ફૂલના ગુચ્છ ધારણ કર્યા હતા. આવી મૂર્તિમાં મન જ્યારે એકતાન થયું ત્યારે માયિક દેહનું ભાન ભુલાઈ ગયું. ૩૩. ભગવાન શ્રીહરિની ઈચ્છાથી તે સમયે તેમનો આત્મા દિવ્ય આકારને પામ્યો. શ્રીહરિનું જે અદ્‌ભુત દિવ્ય વિમાન હતું તેમાં તેમને માન આપીને પોતાની પાસે બેસાડી દીધા. ૩૪.

અક્ષરધામના મોટા મોટા મુક્તો; જેવા કે, સંતદાસજી, ભાઈ રામદાસજી, ઉદ્ધાવતાર સદ્‌ગુરુ રામાનંદસ્વામી, એ બધાને શ્રીહરિ પોતાની સાથે લાવ્યા હતા. ૩૫. અગણિત મુક્તો હતા. તેનો પાર કેમ લેવાય ? બધા તેજોમય અને દિવ્ય આકારવાળા હતા. શ્રીહરિ ઈચ્છારામભાઈને પણ સાથે લાવ્યા હતા. તેમને મુક્તાનંદસ્વામી ઉપર ઘણું હેત હતું. ૩૬. પર્વતભાઈ આદિ બધા હરિભક્તો પણ શ્રીહરિની સાથે આવ્યા હતા. અક્ષરધામમાં જે દિવ્ય વાજિંત્ર હતા તે બધાને મુક્તો વગાડવા માટે લાવ્યા હતા. ૩૭. મુક્તો બધા મુખથી ‘જય જય’ ‘જય જય’ એમ ઉચ્ચાર કરતા હતા અને વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગતાં હતા. આ રીતે મુક્તાનંદસ્વામી અક્ષરધામમાં ગયા અને શ્રીહરિએ મુક્તાનંદસ્વામીને ઘણા પ્રેમથી ત્યાં પોતાની સેવામાં રાખ્યા. ૩૮. અક્ષરધામમાં મુક્તાનંદસ્વામીએ બે હાથ જોડીને શ્રીહરિને કહ્યું, આપે ભૂમિ ઉપર જઈને અપાર ચરિત્ર કર્યા છે. ૩૯. તે ચરિત્ર જો લખાશે નહિ તો મોક્ષભાગી જીવોને તેનું જ્ઞાન કેમ થશે ! આપે જે ચરિત્ર કર્યા છે તેની વાત કરીને હું અહીં આવી ગયો છું. ૪૦.

ત્યારે શ્રીહરિએ સ્વામીને કહ્યું, હે મુનિવર ! અમારા જે ચરિત્ર છે, તે લખ્યા વિનાના લેશમાત્ર પણ રહેશે નહીં. નિષ્કુળાનંદસ્વામી ઘણા સમર્થ છે,

તે હજી સત્સંગમાં રહ્યા છે. ૪૧. વળી, પ્રેમાનંદસ્વામી છે, સિદ્ધાનંદસ્વામી છે તથા બીજા અનંત મુનિઓ છે. અમે તેઓના પ્રેરક બનીને આવા અમારા ચરિત્રોથી સભર ગ્રંથો કરાવશું. ૪૨. **નિત્યાનંદસ્વામી અને ગોપાળાનંદસ્વામી, બંને સંતો અત્યંત સમર્થ છે. તે બે સદ્‌ગુરુ હોય ત્યાં સુધી કોઈ ગ્રંથની જરૂર નથી. ૪૩. બ્રહ્માનંદસ્વામી અત્યંત સમર્થ છે. મંદિરની બધી સ્થિતિ-વ્યવસ્થા કરાવીને અહીં ધામમાં અવિલંબે આવશે. ૪૪.**

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'ચરિત્ર ગ્રંથ બાબતમાં શ્રીહરિ અને મુક્તમુનિની અક્ષરધામમાં વાત' એ નામે પહેલો તરંગ સમાપ્ત ॥૧॥



પૂર બારમું : તરંગ - ૨

મુક્તમુનિ અને શ્રીહરિએ શ્રીહરિચરિત્ર અંગે વાત કરી

શ્રીહરિએ મુક્તાનંદસ્વામી આગળ ફરીને વાત કહી. અમે સાક્ષાત્ સત્સંગિજીવન ગ્રંથ કરાવ્યો છે. ૧. વેદ, પુરાણ, ધર્મશાસ્ત્ર અને જ્યોતિષશાસ્ત્ર એ બધાં શાસ્ત્રમાંથી સાર સાર ગ્રહણ કરીને અમે તે ગ્રંથ લખાવ્યો છે. ૨. કળિયુગનાં બળનો વિચાર કરીને વર્ણ અને આશ્રમના ધર્મોને અમે ઘણો શ્રમ કરીને લખાવ્યા છે. અમારી હાજરી સિવાય તે લખી શકાય નહિ. ૩. તેમાં ધર્મકુળની રીત, સંતો અને વર્ણીઓની રીતને અમે પ્રેમથી લખાવી છે અને બધા હરિભક્તોનાં વર્તન બાબત પણ બધું લખાવ્યું છે. ૪. અમે જેટલી વાત લખાવી છે તેમાં બધાં ચરિત્ર પણ આવી ગયા છે. હજી સત્સંગમાં અપાર સંત-હરિભક્તો છે, તેઓ હવે પછી વિશેષ ચરિત્રોને લખશે. ૫.

અમારે જે કામ કરવાનું હતું તે બધું અમે કરીને આવ્યા છીએ. આ બધી વાત શ્રીહરિએ મુક્તાનંદસ્વામીને અક્ષરધામમાં કહી હતી, તે વાત સમાધિવાળા સચ્ચિદાનંદસ્વામીએ પોતે જે દેખી હતી તે યથાર્થરૂપમાં સહુને કહી. ૬. વળી, મહારાજે મુક્તાનંદસ્વામીને કહ્યું હતું, ધર્મકુળના કોઈક આચાર્ય પણ ગ્રંથ રચશે. અમે ચારે ધામમાં ફરીને જે જે દિગ્વિજય જે રીતે કર્યો હતો તે બધી વાત નિત્યાનંદસ્વામી જાણે છે. તેઓ સાક્ષાત્ વ્યાસજીનો

અવતાર છે. તેઓ 'હરિદિગ્વિજય' નામે ગ્રંથ કરશે અને તે પછી તેઓ તરત ભૂમિ ઉપરથી પાછા ધામમાં આવશે. ૭-૮.

चोपाई :

इतनी करी हरि वात हि जबहू, मुक्तमुनि सुनी मगन भये तबहू;
गोपालमुनि रहे समर्थ भारी, हमकु रिझावन तान रहे धारी...०९
उद्धव मत अनुसार हि जोउ, गीता पर भाष्य करहि सोउ;
व्याससूत्र कहावत जेहू, ता पर भाष्य सो करहि तेहू...१०

જ્યારે શ્રીહરિએ આટલી વાત કહી ત્યારે મુક્તાનંદસ્વામી ઘણું રાજી થયા. ગોપાળાનંદસ્વામી ભારે સમર્થ સંત છે. તેઓ અમને રીઝવવાનું ભારે તાન રાખી રહ્યા છે. ૯. તેઓ ઉદ્ધવ સંપ્રદાયને અનુસારે ગીતાના ઉપર ભાષ્ય લખશે અને વ્યાસસૂત્રોના ઉપર પણ તેઓ ભાષ્ય કરશે. ૧૦.

ભાગવતના દશમસ્કંધ અને એકાદશસ્કંધ, એ બે સ્કંધની ટીકા તેઓ લખશે. યજુર્વેદ સંહિતાના કુલ ચાલીશ અધ્યાય છે. ૧૧. તેના છેલ્લા અધ્યાયને 'ઈશાવાસ્યોપનિષદ્' કહેવાય છે. તેની અનુપમ ટીકા(ભાષ્ય) તેઓ કરશે. જેને સાંભળીને મોટા વિદ્વાન વિપ્રો પણ આશ્ચર્યચકિત થઈ જશે. ૧૨.

જ્યારે નિત્યાનંદસ્વામી અમારી પાસે ધામમાં આવી જાશે ત્યારે ગોપાળાનંદસ્વામી પણ જગતથી ઉદાસ થઈ જાશે. ૧૩. ગઢપુરમાં શ્રીગોપીનાથજી મહારાજનાં આખા મંદિરને છોવડાવીને મુકુંદાનંદવર્ણી પણ તરત જ દેહનો ત્યાગ કરી દેશે. ૧૪. શ્રીહરિનાં મુખથી આવી બધી વાત સાંભળીને મુક્તાનંદસ્વામી રાજી થયા અને મનનો બધો ખેદ તજી દીધો. ૧૫. સદ્ગુરુ મુક્તાનંદસ્વામી આ ભૂમિ ઉપર જેટલા દિવસ રહ્યા. તેટલા દિવસ શ્રીહરિચરિત્રોને કહેતા રહ્યા. હવે હું તે ચરિત્રોને કહું છું. ૧૬.

આચાર્ય રઘુવીરજી મહારાજે મુક્તાનંદસ્વામીને જે શ્રીહરિચરિત્ર બાકી રહ્યા તે પૂછ્યા હતા, તેને પછી મુક્તાનંદસ્વામી કહેવા લાગ્યા. ૧૭. ભાદરવો માસ બેઠો, ત્યારે શ્રીહરિ ગઢપુરથી ચાલ્યા. દસ-બાર પાર્ષદોને સાથે લીધા. ધર્મકુમાર શ્રીહરિ અશ્વ ઉપર બેસીને ચાલ્યા. ૧૮. શ્રીહરિ જાણતા હતા કે દેશમાં ઉપદ્રવ થશે, એટલે કોઈ કાઠી હરિભક્તોને સાથે લીધા નહિ. સંતોને

સોરઠમાં મોકલી દીધા હતા. મુકુંદાનંદવર્ણી શ્રીહરિની સાથે રહ્યા હતા. ૧૯. શ્રીહરિ પહેલા **કરિયાણા** ગામ આવ્યા અને પછી ત્યાંથી **ખંભાળા** ગામ ગયા. ત્યાંથી **કોટડા** ગામ ગયા અને ત્યાંથી પછી **સરધાર** ગામ આવીને રહ્યા. ૨૦.

❋ હાથિયા પટગીરનું ધામગમન તથા રાયબાની સમજણ :

ગરાસિયા ક્ષત્રિય રાજાને કાઠીઓના ઉપર હેત ઘણું હતું. રાજા કાઠીઓનો બધો ગરાસ ખાતા હતા. અને બિનસત્સંગી જે કાઠીઓ હતા તે ગામોને લૂંટીને લાવતા હતા. ૨૧. રાજાના કારભારીએ કાઠીના બધા ગરાસ બંધ કરી દીધા. જ્યારે રાજાની પાસે ફરિયાદ ગઈ ત્યારે કારભારીએ કાઠીઓને રાજાની ભેળા થવા દીધા નહિ. ૨૨. અને રાજા પણ કારભારીની સલાહને જ માનતા હતા. આથી ભક્ત-અભક્ત એવા કાઠીઓને દુઃખ આવ્યું હતું. તેને લીધે બધા ભેળા મળી એક થઈ ગયા. ૨૩. રાજાની સાથે નારાજગી થવાથી ખાનગી રીતે એક પહાડીમાં સંગઠિત થયા. બસો ઘોડેસવાર એકસાથે ગામ ભાંગવા નીકળ્યા. ૨૪. આસોદર ગામને ભાંગવા-લૂંટવા માટે આવ્યા. ગામમાં અગાઉ ખબર પડી ગઈ હતી, તેથી સહુ સાવધાન હતા. ૨૫. કાઠી સવારોએ અચાનક જઈને ગામનો ઝાંપો રોક્યો. ગામના લોકોએ સામનો કર્યો અને ગોળીબાર કર્યો. ૨૬.

તેમાં હાથિયા પટગીર નામે એક શૂરવીર કાઠી કુંડળ ગામના હતા, તેને તે ગોળી વાગી. આથી બધા કાઠીઓનો બધો ઉત્સાહ ભાંગી ગયો. ૨૭. **હાથિયા પટગીર હરિભક્ત હતા. તેને શ્રીહરિના ઉપર હેત હતું. તેઓ સતત 'સ્વામિનારાયણ' આવા નામનું રટણ એકતાર થઈને કરવા લાગ્યા. ૨૮. શરીરમાંથી પ્રાણ નીકળ્યા ત્યાં સુધી 'સ્વામિનારાયણ' નામનું સ્મરણ કરતા રહ્યા. તેની માતાનું નામ 'રાઈબા' હતું. તેણે પોતાને ગામ કુંડળ જ્યારે આ સમાચાર સાંભળ્યા ત્યારે તેમણે પુત્રના મૃત્યુનો શોક લેશમાત્ર પણ ન કર્યો. સત્સંગને લીધે તેમની એવી સમજણ હતી કે, મારો પુત્ર હરિભક્ત હતો. તે ઘણો ભાગ્યશાળી થઈ ગયો કે મારા પહેલા અક્ષરધામ પહોંચી ગયો. ૨૯-૩૦.**

❋ સાચો હરિભક્ત :

હરિભક્ત થઈને જે દેહને છોડવો તેના જેવો કોઈ બડભાગી નથી. મનુષ્યદેહનું એટલું ઉત્તમ ફળ છે કે, હરિભક્ત થઈને દેહ છૂટે. ૩૧. રાઈબા કહે, હરિભક્ત થયા ન હોય અને જે દેહ છોડે છે તે શોક કરવા યોગ્ય છે. જ્યારે શ્રીહરિએ આ વાત સાંભળી ત્યારે તેઓ બોલ્યા આવી માઁને ધન્ય છે. ૩૨. જ્યારે વિપરીત દેશકાળે કામ પડે ત્યારે કેવો સત્સંગ કર્યો છે ? તેનું પ્રમાણ થઈ આવે છે. હરિભક્તની વાત તો મુખે કહી શકાતી નથી. તે તો જ્યારે કામ પડે ત્યારે પ્રત્યક્ષ દેખાય છે. ૩૩.

एसी समज के हरिजन जेते, सत्संग में मुक्त हे तेते;
जग की हाण्य रूप हि दुःखा, ताकु माने परम अति सूखा...३४
सत्संग कु अमृत रूप माने, ताकी समझ रहत ठिकाने;
जग के दुःख में न डुबत जितना, हरिजन मुक्त सो रहे तितना...३५

આપણા સત્સંગમાં આવી સમજણવાળા જે હરિભક્ત છે તે તો મહાન મુક્ત છે. તેઓ જગતની હાણ દુઃખરૂપ હોવા છતાં તેને પણ તેઓ પરમ સુખરૂપ માને છે. ૩૪ જે ભક્તો સત્સંગને અમૃતરૂપ માનતા હોય છે, તેની સમજણ જ ઠેકાણે રહે છે. જે જગતનાં દુઃખમાં ડૂબતા નથી તે હરિભક્તો તેટલા મુક્ત કહેવાય છે. ૩૫. આવા હરિભક્તને અમે જ્યારે દેખીએ છીએ ત્યારે અમારા હૃદયમાં ઘણો જ આનંદ થાય છે. અમે જ્યારે કોઈ કાયરને દેખીએ છીએ ત્યારે મન ઉદાસ થઈ જાય છે અને અમે તેનાથી દૂર જઈને રહીએ છીએ. ૩૬.

જગતના જે પદાર્થો છે, તેમાં હાણ-વૃદ્ધિ થતાં હરિભક્ત થઈને પણ જેટલા સુખ-દુઃખને પામે છે તેટલા તેને આધુનિક કહેવાય છે. ૩૭. સત્સંગરૂપ ચિંતામણિ છે તે નાના બાળકના હાથમાં આવી ગયો છે. જ્યારે સમજણ પાકી થશે પછી તેને દુઃખ રહેશે નહીં. ૩૮. જેઓ હરિભક્ત રહીને દેહને છોડે છે તેઓનો મોક્ષ થાય છે, પછી તેમાં કોઈ બાળબુદ્ધિ રહેતી નથી. ૩૯. સત્સંગ, સંત, ભગવાન, હરિભક્ત અને ધામ એ બધા અત્યંત મોક્ષ કરનારા છે; તેને સહુ નજરે દેખે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'શ્રીહરિ અને મુક્તમુનિએ શ્રીહરિચરિત્ર અંગે વાત કરી' એ નામે બીજો તરંગ સમાપ્ત ॥૨॥

પૂર બારમું : તરંગ - ૩

કાળવાણીમાં શ્રીહરિએ તુલસીવિવાહ કર્યો

મુક્તાનંદસ્વામીએ વિપ્રવર રઘુવીરજી મહારાજની આગળ વાત કહી. ભાવનગરના રાજા ઘણા બુદ્ધિમાન હતા. તેમણે કાઠી દરબારોને બોલાવ્યા. ૧. જેણે કાઠીઓને દુઃખવ્યા હતા તે કારભારીને કાઢી મૂક્યા. જેનું જેવું પ્રમાણ-યોગ્યતા હતી તે પ્રમાણે સહુને લખાણ કરીને ગરાસનો હક લખી આપ્યો. ૨. બધાને સિરપાવ આપ્યો, જમાડ્યા અને રાજી કર્યા. સહુને આદરભાવ દેખાડ્યો અને સહુને પોતાના અંગત ઘરના સંબંધવાળા કરી લીધા. ૩. સહુ કાઠી પોતાને ગામ આવ્યા. બધો દેશ વ્યવસ્થિત સ્થિર થઈ ગયો. તે સાંભળીને ઘનશ્યામ શ્રીહરિ રાજાના ઉપર ઘણું પ્રસન્ન થયા. ૪. જે હરિભક્ત કાઠી દરબારો હતા તે ભેળા થયા અને બધા મળીને સરધાર આવ્યા અને ત્યાં શ્રીહરિનાં દર્શન કર્યાં. ૫. તે કાઠી દરબારોના ઉપર શ્રીહરિ રાજી થયા. બે-ત્રણ દિવસ સુધી સહુને પોતાની પાસે રાખ્યા. પછી સહુને વિદાય આપીને પોતે પણ તૈયાર થયા. ૬.

બધા કાઠી દરબારો પોતપોતાને ગામ ગયા. બધા દેશમાં આનંદ છવાઈ ગયો. શ્રીહરિ **બંધિયા** ગામ ગયા અને ત્યાં બે-ત્રણ દિવસ રહ્યા. ૭. ત્યાં હરિભક્ત વણિક ડોસાભાઈને કાશીની જાત્રાએ જવાનું કહ્યું. વળી સુંદરજીભાઈ સુતાર, જે ભુજનગરના નિવાસી હતા. ૮.

તેઓ ત્યાં શ્રીહરિનાં દર્શન કરવા આવ્યા. ત્યારે તેને પણ કાશીની જાત્રાએ જવાની આજ્ઞા કરી. સુંદરજીભાઈ ઘણા શ્રીમંત હતા અને ભૂજના રાજાના હજૂરી કારભારી હતા. ક્યારેય એકલા વધારે દૂર ગયેલા નહિ. ૯. એટલે ગામ બહાર નીકળ્યા, પણ આગળ પગ ચાલ્યા નહિ. તેથી ત્યાં જ

ઊભા રહીને રડવા લાગ્યા. કોઈએ આવીને તે ખબર આપ્યા. ત્યારે શ્રીહરિએ તેમને પાછા પોતાની પાસે બોલાવ્યા. ૧૦.

શ્રીહરિ જ્યારે બંધિયાથી ચાલ્યા એટલે **ગોંડળ** આવ્યા. ત્યાં એક રાત રહ્યા અને પછી બહુનામી પોતે **જેતપુર** આવ્યા. ૧૧. તે પછી **ફરેણી** ગામ આવીને રહ્યા. અને ત્યાંથી ચાલીને શ્રીહરિ **ધોરાજી** આવ્યા. ૧૨. તે પછી **ભાડેર** ગામ આવ્યા અને ત્યાંથી **મેઘપુર** આવ્યા. મેઘપુરથી **માણાવદર** આવ્યા અને ત્યાંથી **પીપલાણા** આવીને રહ્યા. ૧૩. ત્યાંથી **આખા** ગામમાં રહ્યા અને તે પછી **અગત્રાઈ** આવ્યા અને ત્યાંથી **કાલવાણી** ગામ આવ્યા. તે વખતની શોભા અદ્‌ભુત બની હતી. ૧૪. ત્યાં જેટલા સંતો હતા, તેમજ ગામના જેટલા હરિભક્તો હતા તે બધા શ્રીહરિની સન્મુખ આવ્યા અને સહુ પગે લાગ્યા. ૧૫.

સંતો અને હરિભક્તો ઝાંઝ અને મૃદંગ વગાડીને બધા કીર્તન ગાવા લાગ્યા અને શ્રીહરિ સહુની સાથે કાલવાણી ગામમાં આવ્યા. ૧૬. કાલવાણીમાં સંતોની જગ્યા વિશાળ હતી. શ્રીહરિ ત્યાં આવીને તેમાં ઊતર્યા. શ્રીહરિની પાસે બાલમુકુંદ લાલજી ઘણા ચમત્કારી હતા. ૧૭. ગામના હરિભક્તો કણબી હતા. તેમણે તુલસી પરણાવવાનું નક્કી કર્યું. એટલે લાલજીને ગામમાં ત્રણ દિવસ સુધી ફુલેકે ફેરવ્યા. ૧૮. લાલજીની સાથે શ્રીહરિ પણ ત્રણ દિવસ ફુલેકામાં ફર્યા. ફુલેકાની શોભા ઘણી સુંદર કરી હતી. વિવિધ પ્રકારના વાજિંત્ર વાગતાં હતાં. ૧૯. સોનાની સુખપાલ કરાવીને તેમાં વિચિત્ર પ્રકારની શોભા કરી હતી. તેમાં સોનાનું સિંહાસન બનાવ્યું હતું. અને તેમાં લાલજીને પધરાવ્યા હતા. ૨૦. લાલજીને સોનાનાં શણગાર પહેરાવ્યા અને મોતીની માળા પહેરાવી. બજારમાં ફૂલના બાગ બનાવ્યા અને તેમાં સુંદર શ્રીફળના વૃક્ષ રોપ્યા હતા. ૨૧. ફળની સાથેના કેળના સ્તંભ રોપાવ્યા હતા. તેનાથી બજાર ઘણી રમણીય લાગતી હતી. બજારમાં બિલોરીના ઝાડ લટકાવ્યા હતા અને તેમાં હજારો દીવા કરી દીધા હતા. ૨૨. બજારમાં જેટલી દુકાનો હતી તેને ચિત્ર વિચિત્ર રીતે શોભાડી હતી. દુકાનોનાં અને ઘરોનાં અપાર દ્વાર બજારમાં પડતા હતાં. ૨૩.

તે દ્વારોમાં વિવિધ પ્રકારનાં સુશોભિત તોરણ બાંધી દીધાં હતાં. આસપાસના ગામના જે બાઈ-ભાઈ લોકો હતા. ૨૪. તેઓ વિવિધ પ્રકારનાં વસ્ત્ર અને આભૂષણો પહેરીને આવ્યા હતા. આવો તુલસી વિવાહ જગતમાં કોઈએ નજરે દેખ્યો ન હતો. ૨૫. શ્રીહરિ અશ્વ ઉપર બેઠા. સોનાનાં વસ્ત્ર અને અલંકારોથી ભર્યા દેખાતા હતા. તેમજ અશ્વ પણ સોનાના સાજથી શણગાર્યો હતો. લોકો સહુ આશ્ચર્યભાવથી દેખતા હતા. ૨૬.

માંગરોળ બંદરના બધા હરિભક્તો આવ્યા હતા અને બીજા સોરઠ પ્રદેશના હરિભક્તો પણ આવ્યા હતા. ૨૭. જે ઘેર તુલસી હતા ત્યાં સોનેરી મંડપ બંધાવ્યો હતો અને તે મંડપમાં ચારેબાજુ મોતીનાં તોરણ પણ બાંધી દીધાં હતાં. ૨૮. આ શુભ લગ્ન દશમને દિવસ હતું એટલે તે દિવસ તુલસીવિવાહ કરાવ્યા. જેમ ઉત્તમ રીતે વેદવિધિ થાય તેવા વિવાહ કરાવ્યા હતા. ૨૯. તે દિવસ બધી જ બંદૂકોના ઘણા જ અવાજ કર્યા. તેમાં દારૂની ગોઠવણ એ રીતે કરી હતી કે, બધી જ બંદૂકો એકસાથે ફૂટતી હતી. ૩૦. તે વખતે વિમાનોમાં બેસીને અપાર દેવો આવ્યા. આખું આકાશ વિમાનોથી છવાઈ ગયું હતું. જે સમયે તુલસીવિવાહ થયા ત્યારે વિપ્રોએ વેદમંત્રોનો સસ્વરે ઉચ્ચાર કર્યો. ૩૧. શ્રીહરિ લાલજીની પાસે બેઠા. બધા દેવોને ઘણો જ આનંદ થયો. તેમણે પુષ્પ, કુંકુમ અને કેસરનો વરસાદ કર્યો અને ચોતરફ 'જય જય' 'જય જય' આવો શબ્દ વ્યાપી ગયો હતો. ૩૨.

દેવોએ દુંદુભિ વગાડ્યાં. બ્રહ્મા, ભવ અને ઈંદ્ર આવ્યા હતા. જે દેવ ગાંધર્વો કહેવાય છે તેઓ વાજિંત્રોની સાથે ગાન પણ કરતા હતા. ૩૩. દેવોની જે અપ્સરાઓ આવી હતી, તે નૃત્ય કરવા લાગી હતી. જ્યારે લાલજી તોરણ આવ્યા ત્યારે પોંખવાનો બધો સામાન લાવ્યા હતા. ૩૪. પ્રથમ ચારેબાજુ ધોસરી ફેરવી. તેને શ્રીહરિએ લઈ લીધી. પછી સાંબેલુ ચારેકોર ફેરવ્યું, તેને પણ શ્રીહરિએ લઈ લીધું. ૩૫. પછી ચારેબાજુ રવૈયો ફેરવ્યો. પછી શ્રીહરિએ તે લઈ લીધો. તેના પછી તરાંક ચારેબાજુ ફેરવી, તેને પણ શ્રીહરિએ લઈ લીધી. ૩૬.

પછી ચાર સળીઓને પણ ચારેતરફ ફેરવી અને તેને બધી દિશાઓમાં ફેંકીને દિશાઓને આપી. આ રીતે બધો વિધિ સાર્થક કર્યો. ૩૭. તે પછી કુંકુમની ચાર ગોળીઓને ચારે દિશાઓમાં પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તર તરફ તત્કાળ ફેંકી દીધી. ૩૮. પછી વિધિપૂર્વક શરાવ(શંકોરા)નું સંપૂટ બનાવીને લાવ્યા. તેમાં અક્ષ(પાસા) આદિ પણ રાખ્યા હતા. તે વિધિ પૂરો કરીને વિવાહ મંડપમાં આવ્યા. ૩૯. ત્યાં વિવાહનો બધો જ વિધિ કર્યો. ત્યાં કેટલીએ સ્ત્રીઓ મંગળ ગીત ગાતી હતી. આ રીતે ત્યાં અત્યંત અદ્‌ભુત તુલસીવિવાહ કર્યા. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'કાલવાણીમાં શ્રીહરિએ તુલસીવિવાહ કર્યા' એ નામે ત્રીજો તરંગ સમાપ્ત ॥૩॥



પૂર બારમું : તરંગ - ૪

પરમહંસના પ્રસંગે શ્રીહરિએ સાંખ્યજ્ઞાન કહ્યું

કાલવાણી ગામમાં જે સંતો-હરિભક્તો અને વિપ્રો આવ્યા હતા, તે સહુને ખાંડના પકવાન કરાવીને જમાડ્યા હતા. ૧. વિક્રમ સંવત ૧૮૬૨ અઢારસો અને બાસઠમાં શ્રીહરિએ સિદ્ધપુરથી ફરતાં ફરતાં જેતલપુર આવીને તુલસીવિવાહ કર્યા હતા. ૨. ગામડી ગામના એક પાટીદાર નિર્વંશ હતા. તેણે તે તુલસીવિવાહ કર્યા હતા. ૩. શ્રીહરિનાં લાલજીને ત્યાં સહુ પ્રથમ પરણાવ્યા હતા. તે સમયે સંતોને અને વિપ્રોને જમાડ્યા હતા અને શ્રીહરિ પણ ત્યાં જમ્યા હતા. ૪.

શ્રીઘનશ્યામ શ્રીહરિ જેતલપુરથી વહેલાલ ગામ આવ્યા હતા. ત્યાં અમીન પાટીદાર જેસિંગભાઈ મહાન શુદ્ધ હરિભક્ત હતા. ૫. શ્રીહરિ તેને ઘેર ઊતર્યા હતા. ત્યાં નિત્ય નવા ઉત્સવ થાતા હતા. મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, ૬. ચૈતન્યાનંદસ્વામી અને અદ્વૈતાનંદસ્વામી, સહુ પહેલા શ્રીહરિએ એ પાંચ મૂર્તિઓ(સંતો)ને પરમહંસ કર્યા હતા. ૭.

ફાગણ વદિ પાંચમનો દિવસ હતો. ત્યારે શ્રીહરિએ પોતાને હાથે તે પાંચે સંતોની ચોટલી કાપી નાખી હતી, તેમને પરમહંસ કર્યા અને તેમની પ્રશંસા કરી. પછી તે પાંચેના નામ પાડ્યા. ૮. શ્રીહરિએ તેમને સનકાદિકો અને શુકદેવજીની રીત પ્રેમથી શીખડાવી. પછી શ્રીહરિએ કહ્યું, તમને કોઈ આવીને પૂછે કે, 'તમે કેવા પરમહંસ છો ?' ૯. તો કહેવું અમે ભાગવત પરમહંસ છીએ. સ્ત્રી અને ધનથી ઘણા છેટે રહેવું. મૂર્તિની બધી સેવા-પૂજા વગેરે તમારે ધ્યાનમાં(માનસીમાં) કરી લેવી. ૧૦.

❋ આત્માનું સ્વરૂપ તેમજ દેહ, ઈન્દ્રિયોની સ્પષ્ટતા :

તમારે શાસ્ત્રોનું શ્રવણ, કીર્તન, શાસ્ત્રોનું વાંચન-અધ્યયન કરવું. ધ્યાન અને હરિસ્મરણ એક ઘડી પણ ભૂલવું નહિ. ત્રણ શરીર, ત્રણ અવસ્થા અને ચાર અંતઃકરણ. ૧૧. પાંચ ભૂત, દસ ઈંદ્રિયો, પ્રબળ પાંચ વિષય, ચોવીશે તત્ત્વોના ચોવીશ દેવો સાથે દિવ્યાકાર એવો જીવ અભિન્નપણે રહ્યો છે. ૧૨. પણ તે ઓગણસાઠ (૩-ગુણ, ૧-મહત્તત્ત્વ, ૧-અહંકાર, ૨૪-તત્ત્વ, ૨૪-દેવો, ૩-અવસ્થા, ૩-શરીર - આ રીતે ગણવું જોઈએ.) તત્ત્વો સાથે ભલે જીવ અભિન્નપણે રહ્યો, પરંતુ વાસ્તવિક રીતે તે તત્ત્વોથી જીવ ભિન્ન છે, તેજોમય અને અતિ પ્રકાશમાન છે; તે દિવ્ય ચક્ષુથી જણાઈ આવે છે. ૧૩. **હૃદયમાં જે રીતે સૂક્ષ્મ અને તેજોમય જીવ રહ્યો છે તે રીતે જ તે જીવમાં ભગવાન રહ્યા છે. તે વૃત્તિ દ્વારા દેખાય છે.** ૧૪. પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ એ પાંચ ભૂતના નામ ભિન્ન ભિન્ન કહ્યા. ૧૫.

હવે પાંચ જ્ઞાનેન્દ્રિયોના નામોને ભિન્ન ભિન્ન કહું છું; જેના દ્વારા જ્ઞાન થાય છે. ૧૬. શ્રોત્ર, ત્વચા, ચક્ષુ, રસના અને ઘ્રાણ એ પાંચ જ્ઞાનેન્દ્રિયો છે. હવે પાંચ કર્મેન્દ્રિયોના નામ કહું છું. ૧૭. વાક્, પાણિ, પાદ, પાયુ અને ઉપસ્થ એ પાંચ કર્મેન્દ્રિયો કહેવાય છે. હવે પાંચ તન્માત્રાના નામ કહું છું. ૧૮. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચ તન્માત્રા છે. પંચવિષય છે તેમાં જીવ બંધાઈને રહ્યો છે. હવે ઈન્દ્રિયોના અને અંતઃકરણના ચૌદ દેવતા છે તેને અલગ અલગ રીતે કહું છું. ૧૯.

ઇન્દ્રિય શ્રોત્ર, તેના દેવ દિક્પાળ; ઇન્દ્રિય ત્વચા, તેના દેવ વાયુ; ઇન્દ્રિય ચક્ષુ, તેના દેવ સૂર્ય; ઇન્દ્રિય રસના, તેના દેવ વરુણ; ઇન્દ્રિય ઘ્રાણ, તેના દેવ અશ્વિનીકુમાર; આ પાંચ જ્ઞાનેન્દ્રિયો અને તેના દેવતા કહ્યા. કર્મેન્દ્રિયો અને તેના બધા દેવતાને હવે કહું છું. ૨૦-૨૧. કર્મેન્દ્રિય વાક્, તેના દેવ અગ્નિ; કર્મેન્દ્રિય પાણિ - હાથ, તેના દેવ ઈંદ્ર; કર્મેન્દ્રિય પાદ-પગ, તેના દેવ વિષ્ણુ; કર્મેન્દ્રિય ગુદા, તેના દેવ યમરાજ; કર્મેન્દ્રિય ઉપસ્થ-શિશ્ન, તેના દેવ પ્રજાપતિ; એમ વેદ અને બધા પુરાણોમાં જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયોને કહી છે. તે દસ ઇંદ્રિયો બાહ્ય-બહારની છે તે સિવાય અંતઃકરણ-અંતરિન્દ્રિય ચાર છે. તેના અલગ અલગ નામ કહું છું. ૨૨-૨૩.

અંતઃકરણ મન, તેના દેવ ચંદ્રમા; અંતઃકરણ બુદ્ધિ, તેના દેવ બ્રહ્મા; અંતઃકરણ ચિત્ત, તેના દેવ વાસુદેવ; અંતઃકરણ અહંકાર, તેના દેવ રુદ્ર; ૨૪. વળી, શરીરમાં પ્રાણ દસ પ્રકારે રહ્યો છે. તેના નામ અલગ અલગ કહું છું. ૨૫. પ્રાણ, અપાન, સમાન, વ્યાન, ઉદાન, નાગ, કૂર્મ, કુકળ, દેવદત્ત અને ધનંજય. ૨૬. સ્થૂળ શરીર, જાગ્રત અવસ્થા અને તેનો વિશ્વાભિમાની જીવ. ૨૭. તેનું નેત્ર સ્થાન છે, વૃત્તિ કર્મ છે, વૈખરી વાણી છે. તે મલિન સત્ત્વગુણ પ્રધાન છે. ૨૮. કર્મફળપ્રદાતા વિષ્ણુ છે, તેનો અકાર અક્ષર છે. સૂક્ષ્મ શરીર, તેની અવસ્થા સ્વપ્ન છે. ૨૯. તેનો તૈજસાભિમાની જીવ છે. તેનું સ્થાન કંઠ છે. તેની વૃત્તિ ક્રિયા છે. મધ્યમા વાણી છે. ૩૦. મલિન રજોગુણ પ્રધાન છે. કર્મફળપ્રદાતા ત્યાં બ્રહ્મા છે. તેનો ઉકાર અક્ષર છે. તેને જ્ઞાની પુરુષો જાણતા હોય છે. ૩૧. કારણ શરીર, તેની અવસ્થા સુષુપ્તિ છે, તેનો પ્રાજ્ઞાભિમાની જીવ છે. તેનું સ્થાન હૃદય છે. ૩૨. તેની વૃત્તિ કર્તા છે. પશ્યંતી વાણી છે. તે મલિન તમોગુણ પ્રધાન છે. તેના કર્મફળપ્રદાતા રુદ્ર છે. ૩૩. તેનો મકાર અક્ષર છે. આ બધી વાત વિગતથી સાંખ્યશાસ્ત્રમાં કહી છે. વિરાટ શરીર અને સ્થિતિ અવસ્થા કહી છે. ૩૪.

વિશ્વાનરાભિમાની ઈશ્વર છે, તેનું સ્થાન વૈકુંઠ છે. તે શુદ્ધ સત્ત્વગુણ પ્રધાન છે. તેની વૃત્તિ દયા છે. વૈખરી વાણી છે. ૩૫. તેનો અકાર અક્ષર છે. તે જે વાત કરે છે તેમાં દેખાય છે. સૂત્રાત્મા શરીર અને ઉત્પત્તિ અવસ્થા

કહી છે. ૩૬. હિરણ્યગર્ભાભિમાની ઈશ્વર છે. તેનું સ્થાન સત્યલોક છે. શુદ્ધ રજોગુણ પ્રધાન છે. તેની વૃત્તિ ઇચ્છા છે. ૩૭. મધ્યમા વાણી છે. તેનો ઉકાર અક્ષર છે. તે શાસ્ત્રોમાં ઠેકઠેકાણે આ રીતે વર્ણવેલ છે. ૩૮. અવ્યાકૃત શરીર અને પ્રલય અવસ્થા કહી છે. તેના અભિમાની ઈશ્વર છે ધીર છે. તેનું સ્થાન કૈલાસ છે. ૩૯. શુદ્ધ તમોગુણ પ્રધાન છે. તેની વૃત્તિ ઘોર છે. પશ્યંતી વાણી છે, તેનો મકાર અક્ષર છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'પરમહંસના પ્રસંગે શ્રીહરિએ સાંખ્યજ્ઞાન કહ્યું' એ નામે ચોથો તરંગ સમાપ્ત ॥૪॥

પૂર બારમું : તરંગ - ૫

સંતોને પરમહંસ કર્યા

શ્રીહરિ વહેલાલ ગામથી જ્યારે **જેતલપુર** આવ્યા ત્યારે ગોવિંદાનંદસ્વામી આદિક સંતોને પરમહંસ કર્યા હતા. ૧. જેતલપુરમાં કરેલા પરમહંસો પંદર હતા. તે બધાનાં નામ પાડ્યા અને પછી ત્યાંથી શ્રીહરિ નીકળી ગયા. ૨. પછી જ્યારે શ્રીહરિ **કારિયાણી** ગામમાં આવ્યા ત્યારે ત્યાં પણ કેટલાક પરમહંસ કર્યા. ૩. વિષ્ણુસહસ્રનામમાં દેખીને તે પરમહંસોનાં પણ નામ પાડ્યાં હતાં. પરમહંસની પદવી(દશા) ઘણી શ્રેષ્ઠ છે; એવું કહીને ઘનશ્યામ શ્રીહરિ પ્રસન્ન થયા હતા. ૪.

પછી સુંદરશ્યામ શ્રીહરિ જ્યારે **કુંડળ** અને **સારીંગપુર** ગામ આવ્યા ત્યારે ત્યાં પણ કેટલાક પરમહંસ કર્યા હતા. અને શ્રીમુખે તેમનાં નામ ધરાવ્યાં હતાં. ૫. જ્યારે **ઝીંઝાવદર** ગામ આવ્યા ત્યારે ત્યાં કેટલાક પરમહંસ કર્યા અને **નાગડકા**માં પણ કેટલાક પરમહંસ કર્યા હતા. ૬. જ્યારે **ગઢપુર**માં શ્રીહરિ રહ્યા ત્યારે ત્યાં પણ કેટલાક પરમહંસ કર્યા અને **કરિયાણા** ગામમાં જ્યારે આવ્યા ત્યારે ત્યાં પણ કેટલાક પરમહંસ કર્યા. ૭. **સરધાર** ગામમાં અને **બંધિયા** ગામમાં પણ શ્રીહરિએ કેટલાક પરમહંસ કર્યા. ૮.

શ્રીહરિએ વળી **જેતપુર**માં અને **ફરેણી** ગામમાં પણ પરમહંસ કર્યા હતા અને **ધોરાજી** તથા **ભાડેર** ગામમાં શ્રીહરિ જ્યારે ગયા ત્યારે ત્યાં પણ પરમહંસ કર્યા હતા. તે સહુના નામ ધરાવ્યા. **મેઘપુર**માં અને **માણાવદર**માં શ્રીહરિ જ્યારે આવ્યા ત્યારે ત્યાં પણ પરમહંસ સંત કર્યા હતા. તે બધાને કહેવાથી પાર આવતો નથી. **પીપલાણા** અને **અગત્રાઈ**માં જ્યારે શ્રીહરિ આવ્યા ત્યારે ત્યાં પણ કેટલાક પરમહંસ કર્યા અને તેમના સહુના નામ પાડી દીધા. તે પછી જ્યારે શ્રીહરિ **કાલવાણી** ગામમાં આવ્યા. ૯-૧૨. તે વખતે ત્યાં જે સંતો હતા તે બધાને પરમહંસ કરી દીધા. હવે હું આગળ તે બધા પરમહંસ સંતોના અલગ અલગ નામ કહું છું. ૧૩. **જે પરમહંસ, સંન્યાસી અને વર્ણી, એ બધાના પવિત્ર નામ આદરભાવથી એકવાર પણ કાનથી જો સાંભળવામાં આવ્યા હોય, તો તે શ્રદ્ધાળુ શ્રોતાને ફરીવાર આ સંસારમાં આવવું પડતું નથી.** ૧૪.

આગળ પાછળ ત્યાગી થયા હતા તે બધાના નામ હું અહીં લખું છું. તે બધા જ શ્રીહરિનાં ચરણોમાં પ્રેમભક્તિવાળા હતા. તેમને તેઓ જેમ ત્યાગી થયા તે રીતે અનુક્રમ અનુસારે ક્યારેય કહી શકાતા નથી. ૧૫. ભારત દેશમાં બાવન સંપ્રદાય કહેવાય છે. તેમાં રહેલા મુમુક્ષુ સંતો-ભક્તો જે દ્વારકાનાથનાં દર્શન કરવા પશ્ચિમ દેશમાં આવ્યા હતા, તેઓ દર્શન કરીને જ્યારે પાછા ફર્યા હતા. (ત્યારે તેઓએ આ ગુજરાતમાં રામાનંદસ્વામીનું ‘જીવનમુક્તા’ અને શ્રીહરિનું ‘સ્વામિનારાયણ’ નામ સાંભળ્યું, પ્રશંસા સાંભળી; ઉદ્ધવ સંપ્રદાયમાં ભળી ગયા હતા.) ૧૬. તેઓ કેટલાક શસ્ત્ર બાંધનારા-શસ્ત્રધારી હતા. કેટલાકની પાસે તો બંદૂક પણ હતી. તેમાં (અયોધ્યાવાળા રામગલોલા) આનંદસ્વામીના મંડળના જે સાધુઓ હતા, તેઓ બધા પૂર્વ દેશના હતા. તેમણે એકબીજાએ એકબીજાને ઓળખાણ કરાવી અને તેથી તેમણે જ્યારે આપણા સત્સંગની વાત સાંભળી ત્યારે બધાં તીર્થોનું ફળ તો અહીંયાં જ સ્વામિનારાયણ સંપ્રદાયમાં જ છે એમ તેમણે માન્યું. ૧૭-૧૮.

વળી, અડસઠ તીર્થોનું જે ફળ છે તે બધું તેમણે સત્સંગમાં જ માન્યું. જ્યારે શ્રીહરિની સાથે પરિચય(ઓળખાણ) થયો ત્યારે આ સ્વયં ભગવાન છે,

એવો દૃઢ નિશ્ચય થઈ ગયો. ૧૯. પછી તે સહુ સાધુઓએ શ્રીહરિને હાથ જોડીને કહ્યું, હવે અમે આપને છોડીને જઈશું નહિ. ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું, તમે તો ભારે અડબંગા છો. વારે વારે મોઢેથી ગાળો બોલ્યા કરો છો. ૨૦. અમારા જે સંત છે તે કોઈ પણ મુખથી ગાળ બોલતા જ નથી. તમે બધા ગાંજો અને લીલાગર ભાંગને પીઓ છો. અમારા સંતોની તે રીત નથી. ૨૧. તમે બધા એકલા ફર્યા કરો છો. અમારા સંતો ક્યારેય એકલા ચાલે નહિ. તમે બધા જઈને સ્ત્રીની સાથે બોલો છો અને જે મળે તે ધનને રાખો છો. ૨૨.

✵ સદ્‌ગુણરૂપી હથિયારની સરાહના :

અમારા સંતો સ્ત્રીની સાથે બોલે નહિ અને તેઓ ધનને તો મળના જેવું જાણે છે. જેમ કોઈ મનુષ્ય મળને રાખતો નથી, તેમજ રખાવતો પણ નથી તેમ જ અમારા સંતો વર્તે છે. ૨૩. તમે પોતાની પાસે હથિયાર રાખો છો. સંતોની રીતનો તમે તપાસ કર્યો નથી. વળી, તમે સ્વાદ કરીને અન્ન ખાઓ છો, જેનાથી શરીરમાં પ્રમાદ વધે છે. ૨૪. અમારા જેટલા સંતો છે, તેઓ સંતોની રીતે વર્તે છે. જડભરત, શુકદેવજી, કપિલજી, વગેરેના જેવું તેમનું બધું વર્તન શોભાશીલ છે. ૨૫. કોઈ ગાળ દે કે મારે, તોપણ તેને સહન કરે છે. ક્ષમારૂપી ખડગ રાખે છે અને બીજા કોઈનો ડર રાખતા નથી. ૨૬. **સહુ ધીરજરૂપી ઢાલ રાખે છે. અને બ્રહ્મચર્યવ્રતની બંદૂક રાખી છે. ભલે દેખાવમાં નિર્માલ્ય જણાતા હોય પણ તેઓ નિયમોએ કરીને અતિ શૂરવીર છે. ૨૭. સંતો વિવિધ પ્રકારના એવા નિયમોને રાખે છે કે, તેનાથી સહુનો મોક્ષ થાય. એટલે અમે બધા સંતોને આવી રીતનાં હથિયાર બંધાવી દીધાં છે. ૨૮.**

✵ નિયમરૂપ હથિયાર :

चोपाई :

नियमरूप हथियार हि जेहा, ओर सब से श्रेष्ठ हे तेहा;
शत्रु मात्र कहावत जेता, नियम से पराभव होवत तेता...२९

જે નિયમરૂપ હથિયાર છે તે બીજા સહુથી શ્રેષ્ઠ છે. જેટલા (અંતઃ) શત્રુ માત્ર કહેવાય છે તેનો પરાભવ નિયમોથી થાય છે. ૨૯. જે પૂર્વ-ઉત્તર પ્રદેશના સંતો હતા તેમણે શ્રીહરિની વાત સાંભળીને બધાં લોઢાના હથિયારોને

તજી દીધા અને શ્રીહરિના આજ્ઞાવચનમાં સહુ પ્રેમ રાખતા થયા. ૩૦. તે બધા સંતોએ પહેરેલી કંઠી તથા માળાઓ ઉતારી નાખી. તે દેખીને બીજા લોકોને ઘણું આશ્ચર્ય થયું. તે સંતો તો શ્રીહરિનો અતિ મહાન પ્રતાપ દેખીને બધા જ પરમહંસ થઈ ગયા. ૩૧. કેટલાએ માથા ઉપર મોટી જટા રાખી હતી, તે જટા રાખ્યાનું ફળ, શ્રીહરિ મળી ગયા એટલે તેમણે માથેથી જટા ઉતારી નાખી. આગમાં બેસે છતાં જે લેશ બળતા નહિ, એવા સિદ્ધોએ પણ માથાના કેશ ઉતારી નાખ્યા. ૩૨.

પાણીના ઉપર ચાલનારા સિદ્ધોએ પણ શિર ઉપરની જટા ઉતારી નાખી. દેખતા દેખતા જે જમીનમાં ઉતરી જાય, જેને કોઈ આવરણ રોકી શકે નહિ; એવા સિદ્ધો પણ શ્રીહરિની સમીપે આવ્યા અને તેમનાથી પ્રભાવિત થઈને જેમ શ્રીહરિએ કહ્યું તેમ તે સહુ સિદ્ધોએ કર્યું. ૩૩-૩૪. તે બધાં સંપ્રદાયોના જેટલા સાધુઓ શ્રીહરિની પાસે આવીને રહ્યા, તેમને શ્રીહરિએ અતિશય મુમુક્ષુ જાણીને હેતથી પરમહંસ કરી દીધા. ૩૫. જે જે ધામના સિદ્ધ આવ્યા હોય, તે સહુને એકવાર શ્રીહરિએ તેના મૂળરૂપનું જ્ઞાન કરાવ્યું હતું. પૂર્વજન્મનું જેનું જે નામ હોય તેની ઓળખાણ શ્રીહરિ સહુને કરાવતા. ૩૬.

દુર્વાસાના શાપથી જે ઋષિઓએ મનુષ્યદેહ ધાર્યા હતા તે સહુ આવીને શ્રીહરિને મળ્યા અને શ્રીહરિની સાથે સ્નેહ બાંધ્યો. ૩૭. ઉપર કહ્યા તેવા જે સિદ્ધ સંતો છે તેમનાં નામ હું કહું છું. તે સાંભળવાથી સુખ ઊપજે છે અને અક્ષરધામની પ્રાપ્તિ થાય છે. ૩૮. તેમાં ભાઈ રામદાસજીસ્વામી (સારંગ ગામના) એક ઘણા મહાન મુક્ત પુરુષ હતા. માનો, સ્વયં શેષજી પ્રકટ્યા હોય અથવા તો રામાનુજ(લક્ષ્મણ) ફરીવાર પ્રકટ્યા હોય, એવું જણાતું હતું. ૩૯. તેઓ નિર્માન, નિષ્કામ, નિઃસ્વાદ, નિઃસ્પૃહ, નિર્લોભ અને નિર્મોહ, એ બધા સદ્‌ગુણોની મૂર્તિ હોય તેવા અનુભવાતા હતા. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'સંતોને પરમહંસ કર્યા' એ નામે પાંચમો તરંગ સમાપ્ત ।।૫।।



પૂર બારમું : તરંગ - ૬

પરમહંસોનાં નામ

૧.ભાઈ રામદાસજીસ્વામી
૨. શતાનંદસ્વામી
૩.મુક્તાનંદસ્વામી
૪. બ્રહ્માનંદસ્વામી
૫.નિત્યાનંદસ્વામી
૬.ચૈતન્યાનંદસ્વામી-૧
૭.સ્વરૂપાનંદસ્વામી
૮.વ્યાપકાનંદસ્વામી
૯.ગોવિંદાનંદસ્વામી
૧૦.નિરંજનાનંદસ્વામી-૨
૧૧.આનંદાનંદસ્વામી
૧૨.શુકાનંદસ્વામી
૧૩.આત્માનંદસ્વામી
૧૪.સુખાનંદસ્વામી-૩
૧૫.ગોપાલાનંદસ્વામી
૧૬.સ્વયંપ્રકાશાનંદસ્વામી
૧૭.અદ્વૈતાનંદસ્વામી
૧૮.અચ્યુતાનંદસ્વામી-૪
૧૯.શાંતાનંદસ્વામી
૨૦.અનંતાનંદસ્વામી
૨૧.અચિંત્યાનંદસ્વામી
૨૨.અમોઘાનંદસ્વામી
૨૩.અખંડાનંદસ્વામી
૨૪.અજિતાનંદસ્વામી
૨૫.અદ્‌ભુતાનંદસ્વામી
૨૬.અરિહંત્રાનંદસ્વામી-૫
૨૭.અરૂપાનંદસ્વામી
૨૮.અનુભવાનંદસ્વામી
૨૯.અક્ષરાનંદસ્વામી
૩૦.આધારાનંદસ્વામી
૩૧.અપારાનંદસ્વામી
૩૨.અષ્ટાવક્રાનંદસ્વામી
૩૩.આદિત્યાનંદસ્વામી
૩૪.ઉદારાનંદસ્વામી-૬
૩૫.અચલાનંદસ્વામી
૩૬.અવધૂતાનંદસ્વામી
૩૭.અજન્માનંદસ્વામી
૩૮.સજ્જનાનંદસ્વામી
૩૯.અખિલાનંદસ્વામી
૪૦.અમૂર્તાનંદસ્વામી
૪૧.અખિલબ્રહ્માંડેશ્વરાનંદસ્વામી-૭
૪૨.આકાશાનંદસ્વામી

૪૩.ૐકારાનંદસ્વામી
૪૪.વીર્યાનંદસ્વામી
૪૫.વૈષ્ણવાનંદસ્વામી
૪૬.વિશ્વાસચૈતન્યાનંદસ્વામી
૪૭.વૈરાગ્યાનંદસ્વામી
૪૮.વલ્લભાનંદસ્વામી-૮
૪૯.વિશ્વરૂપાનંદસ્વામી
૫૦.સ્વછંદાનંદસ્વામી
૫૧.પ્રકાશાનંદસ્વામી
૫૨.સદાનંદસ્વામી
૫૩.પ્રજ્ઞાનંદસ્વામી
૫૪.પરમાનંદસ્વામી
૫૫.પરમચૈતન્યાનંદસ્વામી-૯
૫૬.વેદાંતાનંદસ્વામી
૫૭.વૈકુંઠાનંદસ્વામી
૫૮.કૈવલ્યાનંદસ્વામી
૫૯.કૃષ્ણાનંદસ્વામી
૬૦.મહાનુભાવાનંદસ્વામી
૬૧.મુકુંદાનંદસ્વામી
૬૨.જ્ઞાનાનંદસ્વામી
૬૩.અગમ્યાનંદસ્વામી-૧૦
૬૪.ભગવાનાનંદસ્વામી
૬૫.ભાગ્યેશ્વરાનંદસ્વામી
૬૬.શિવાનંદસ્વામી
૬૭.ગંભીરાનંદસ્વામી
૬૮.શ્યામાનંદસ્વામી
૬૯.રાઘવાનંદસ્વામી
૭૦.અક્રોધાનંદસ્વામી
૭૧.ક્રોધહાનંદસ્વામી-૧૧
૭૨.તત્ત્વાનંદસ્વામી
૭૩.ત્રિવિક્રમાનંદસ્વામી
૭૪.નિષ્કર્માનંદસ્વામી
૭૫.ત્રિક્રમાનંદસ્વામી
૭૬.તદ્રૂપાનંદસ્વામી
૭૭.તત્ત્વરૂપાનંદસ્વામી
૭૮.નિજાનંદસ્વામી
૭૯.નિજબોધાનંદસ્વામી-૧૨
૮૦.સચ્ચિદાનંદસ્વામી
૮૧.નિયમાનંદસ્વામી
૮૨.નિર્માનાનંદસ્વામી
૮૩.નિર્લોભાનંદસ્વામી
૮૪.નિષ્કામાનંદસ્વામી-૧૩
૮૫.નિઃસ્વાદાનંદસ્વામી
૮૬.નિઃસ્પૃહાનંદસ્વામી
૮૭.કલ્યાણાનંદસ્વામી
૮૮.નરનારાયણાનંદસ્વામી
૮૯.કૌશિકાનંદસ્વામી-૧૪
૯૦.જિજ્ઞાસાનંદસ્વામી

૨૩૫.મધુસૂદનાનંદસ્વામી
૨૩૬.મંગલાનંદસ્વામી
૨૩૭.અવ્યયાત્માનંદસ્વામી
૨૩૮.મોહનાનંદસ્વામી
૨૩૯.સુવ્રતાનંદસ્વામી-૩૬
૨૪૦.સંશિતવ્રતાનંદસ્વામી
૨૪૧.જ્ઞાનવલ્લભાનંદસ્વામી
૨૪૨.વિશ્વાધારાનંદસ્વામી
૨૪૩.વિચારાનંદસ્વામી-૩૭
૨૪૪.જ્ઞાનાર્ણવાનંદસ્વામી
૨૪૫.ક્ષેમાનંદસ્વામી
૨૪૬.ઘનશ્યામાનંદસ્વામી
૨૪૭.સુખદાનંદસ્વામી-૩૮
૨૪૮.જિષ્ણવાનંદસ્વામી
૨૪૯.અવદાતાનંદસ્વામી
૨૫૦.વરદાનંદસ્વામી
૨૫૧.મુક્તિદાનંદસ્વામી
૨૫૨.અતિપ્રકાશાનંદસ્વામી-૩૯
૨૫૩.સુપર્ણાનંદસ્વામી
૨૫૪.શ્રીનિવાસાનંદસ્વામી
૨૫૫.બાલમુકુંદાનંદસ્વામી
૨૫૬.પ્રભાસભાસ્કરાનંદસ્વામી-૪૦

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'પરમહંસોનાં નામ કહ્યાં' એ નામે છઠ્ઠો તરંગ સમાપ્ત ।।૬।।



પૂર બારમું : તરંગ - ૭

પરમહંસોનાં નામ

૨૫૭.આકાશનિવાસાનંદસ્વામી
૨૫૮.સુશીલાનંદસ્વામી
૨૫૯.પરમકૈવલ્યાનંદસ્વામી
૨૬૦.પ્રસાદાનંદસ્વામી-૧
૨૬૧.પવિત્રાનંદસ્વામી
૨૬૨. દહરાનંદસ્વામી
૨૬૩.પદ્મધરાનંદસ્વામી
૨૬૪.નરાનંદસ્વામી-૨
૨૬૫.ભક્તેશ્વરાનંદસ્વામી
૨૬૬.સત્યધર્માનંદસ્વામી
૨૬૭.અનુપમાનંદસ્વામી
૨૬૮.અક્ષરનિવાસાનંદસ્વામી-૩
૨૬૯.ગદાધરાનંદસ્વામી
૨૭૦.કરુણાનંદસ્વામી

૩૧૯.નિર્વૃતાનંદસ્વામી
૩૨૦.ધ્રુવાનંદસ્વામી-૧૧
૩૨૧.ધર્માધ્યક્ષાનંદસ્વામી
૩૨૨.સ્થિરાનંદસ્વામી
૩૨૩.સ્થવિષ્ઠાનંદસ્વામી
૩૨૪.અપ્રમેયાનંદસ્વામી
૩૨૫.વૃદ્ધ્યાનંદસ્વામી
૩૨૬.વસુદાનંદસ્વામી
૩૨૭.વ્યવસાયાનંદસ્વામી
૩૨૮.વિદ્યાનંદસ્વામી-૧૨
૩૨૯.વિષમાનંદસ્વામી
૩૩૦.વિશાલાનંદસ્વામી
૩૩૧.વિમુક્તાનંદસ્વામી
૩૩૨.વિશોકાનંદસ્વામી
૩૩૩.નિષ્કુલાનંદસ્વામી-૧૩
૩૩૪.વિશ્વમૂર્ત્યાનંદસ્વામી
૩૩૫.હિરણ્યાનંદસ્વામી
૩૩૬.નૈકરૂપાનંદસ્વામી
૩૩૭.નંદનંદનાનંદસ્વામી-૧૪
૩૩૮.અનાદિનિધનાનંદસ્વામી
૩૩૯.ઉત્તમાનંદસ્વામી
૩૪૦.અગ્રાહ્યાનંદસ્વામી
૩૪૧.નિજજનાનંદસ્વામી
૩૪૨.અચ્છેદ્યાનંદસ્વામી
૩૪૩.અલિંગાનંદસ્વામી-૧૫
૩૪૪.અનઘાનંદસ્વામી
૩૪૫.અતીન્દ્રિયાનંદસ્વામી
૩૪૬.અનિલાનંદસ્વામી
૩૪૭.અસંખ્યેયાનંદસ્વામી
૩૪૮.અતુલાનંદસ્વામી
૩૪૯.અકામાનંદસ્વામી-૧૬
૩૫૦.અનિર્દેશાનંદસ્વામી
૩૫૧.અક્ષોભ્યાનંદસ્વામી
૩૫૨.અનુકૂલાનંદસ્વામી
૩૫૩.ઉદ્ભવાનંદસ્વામી
૩૫૪.અવ્યક્તરૂપાનંદસ્વામી
૩૫૫.ઈજ્યાનંદસ્વામી
૩૫૬.અનંતજિતાનંદસ્વામી
૩૫૭.ઈશાનંદસ્વામી-૧૭
૩૫૮.આદિદેવાનંદસ્વામી
૩૫૯.દેવાનંદસ્વામી
૩૬૦.અયોનિજાનંદસ્વામી
૩૬૧.અવજિતાનંદસ્વામી
૩૬૨.આદિત્યવર્ણાનંદસ્વામી
૩૬૩.ઉપેન્દ્રાનંદસ્વામી
૩૬૪.ઉદારાત્માનંદસ્વામી
૩૬૫.દુર્લભાનંદસ્વામી-૧૮
૩૬૬.ઈશ્વરેશ્વરાનંદસ્વામી

૪૬૩.હર્ષદાનંદસ્વામી
૪૬૪.પરમશાંતરામાનુજાનંદસ્વામી-૩૪
૪૬૫.દામોદરાનંદસ્વામી
૪૬૬.પરબોદ્ધાનંદસ્વામી
૪૬૭.જગત્ત્રાતાનંદસ્વામી
૪૬૮.જીવનાનંદસ્વામી
૪૬૯.મહાવીર્યાનંદસ્વામી
૪૭૦.વિનેયાનંદસ્વામી-૩૫
૪૭૧.સર્વનિવાસાનંદસ્વામી
૪૭૨.સુબોધાનંદસ્વામી
૪૭૩.નિરન્નમુક્તાનંદસ્વામી
૪૭૪.પ્રભાનંદસ્વામી
૪૭૫.જગત્પાવનાનંદસ્વામી
૪૭૬.અવિનાશાનંદસ્વામી-૩૬
૪૭૭.બદરીનાથાનંદસ્વામી
૪૭૮.શ્વેતવૈકુંઠાનંદસ્વામી
૪૭૯.રામકૃષ્ણાનંદસ્વામી
૪૮૦.હરિકૃષ્ણાનંદસ્વામી-૩૭
૪૮૧.રાધેશ્વરાનંદસ્વામી
૪૮૨.સુધર્માનંદસ્વામી
૪૮૩.કેવલાત્માનંદસ્વામી
૪૮૪.શુદ્ધજ્ઞાનંદસ્વામી-૩૮
૪૮૫.વિજ્ઞાનંદસ્વામી
૪૮૬.મહાપ્રસાદાનંદસ્વામી
૪૮૭.મુનીશ્વરાનંદસ્વામી
૪૮૮.ગિરિધરાનંદસ્વામી-૩૯
૪૮૯.અમૃતાનંદસ્વામી
૪૯૦.અમરેશ્વરાનંદસ્વામી
૪૯૧.ગોવર્ધનાનંદસ્વામી
૪૯૨.પ્રજેશ્વરાનંદસ્વામી-૪૦

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'પરમહંસોનાં નામ કહ્યાં' એ નામે સાતમો તરંગ સમાપ્ત ॥૭॥

પૂર બારમું : તરંગ - ૮

પરમહંસોનાં નામ

૪૯૩.પ્રબલાનંદસ્વામી
૪૯૪.દેવેશાનંદસ્વામી
૪૯૫.પુરાતનાનંદસ્વામી
૪૯૬.સત્યસ્વરૂપાનંદસ્વામી
૪૯૭.ધર્મધરાનંદસ્વામી-૧
૪૯૮.નિઃસંદેહાનંદસ્વામી

૬૪૨.સુખકર્તા ગોપદુર્લભાનંદસ્વામી
૬૪૩.ગોપરંજનાનંદસ્વામી
૬૪૪.જનરંજનાનંદસ્વામી
૬૪૫.શકટભંજનાનંદસ્વામી
૬૪૬.તૃણાવર્તાંતકાનંદસ્વામી ૩૧-૩૨
૬૪૭.પૂતનાપ્રાણહરાનંદસ્વામી
૬૪૮.અસુરવંશનિકંદનાનંદસ્વામી
૬૪૯.ભક્તપ્રશંસાનંદસ્વામી
૬૫૦.ભક્તજનલાલિતાનંદસ્વામી-૩૩
૬૫૧.ભક્તભૂષણાનંદસ્વામી
૬૫૨.ભક્તમાનદાનંદસ્વામી
૬૫૩.દયાળુ ભક્તભાવનાનંદસ્વામી
૬૫૪.કૃપાળુ ભક્તનિધાનાનંદસ્વામી
૬૫૫.ભક્તારાધનાનંદસ્વામી
૬૫૬.ભક્તજીવનાનંદસ્વામી
૬૫૭.સુખદાઈ ભક્તવર્ધનાનંદસ્વામી
૬૫૮.ભક્તિવર્ધનાનંદસ્વામી. ૩૪-૩૫
૬૫૯.પ્રવીણ ભક્તપ્રાર્થનાનંદસ્વામી
૬૬૦.ભક્તસેવાનંદસ્વામી
૬૬૧.ભક્તનયનાનંદસ્વામી
૬૬૨.ભક્તપ્રાણદાનંદસ્વામી-૩૬
૬૬૩.ભક્તિવર્ધનાનંદસ્વામી
૬૬૪.ધર્મવર્ધનાનંદસ્વામી
૬૬૫.જ્ઞાનવર્ધનાનંદસ્વામી
૬૬૬.વૈરાગ્યવર્ધનાનંદસ્વામી-૩૭
૬૬૭.વિવેકવર્ધનાનંદસ્વામી
૬૬૮.સત્સંગવર્ધનાનંદસ્વામી
૬૬૯.મોક્ષવર્ધનાનંદસ્વામી
૬૭૦.યોગવર્ધનાનંદસ્વામી-૩૮
૬૭૧.ધ્યાનવર્ધનાનંદસ્વામી
૬૭૨.સુયશોવર્ધનાનંદસ્વામી
૬૭૩.કલ્યાણવર્ધનાનંદસ્વામી
૬૭૪.તાપશમનાનંદસ્વામી-૩૯
૬૭૫.કામશમનાનંદસ્વામી
૬૭૬.ક્રોધશમનાનંદસ્વામી
૬૭૭.લોભશમનાનંદસ્વામી
૬૭૮.દુઃખશમનાનંદસ્વામી-૪૦

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'પરમહંસોનાં નામ કહ્યાં' એ નામે આઠમો તરંગ સમાપ્ત ॥૮॥



પૂર બારમું : તરંગ - ૯

પરમહંસોનાં નામ

૬૭૯.ગોકુલનિવાસાનંદસ્વામી
૬૮૦.ગોકુલતિલકાનંદસ્વામી
૬૮૧.ગોકુલરક્ષકાનંદસ્વામી
૬૮૨.ગોકુલચંદ્રાનંદસ્વામી-૧
૬૮૩.ગોકુલરમણાનંદસ્વામી
૬૮૪.ગોકુલભૂષણાનંદસ્વામી
૬૮૫.ગોકુલાનંદાનંદસ્વામી
૬૮૬.દક્ષાનંદસ્વામી-૨
૬૮૭.પટ્વાનંદસ્વામી
૬૮૮.નટનાગરાનંદસ્વામી
૬૮૯.મહાદક્ષાનંદસ્વામી
૬૯૦.ગોકુલોપકારાનંદસ્વામી-૩
૬૯૧.ગોપોપકારાનંદસ્વામી
૬૯૨.ગોકુલોદ્ધારાનંદસ્વામી
૬૯૩.ગોકુલનાથાનંદસ્વામી
૬૯૪.ગોપીનાથાનંદસ્વામી-૪
૬૯૫.ગોકુલવલ્લભાનંદસ્વામી
૬૯૬.ગોપીવલ્લભાનંદસ્વામી
૬૯૭.વ્રજવલ્લભાનંદસ્વામી
૬૯૮.વ્રજભૂષણાનંદસ્વામી-૫
૬૯૯.વ્રજવલ્લભભૂષણાનંદસ્વામી
૭૦૦.ભક્તવલ્લભતોષણાનંદસ્વામી
૭૦૧.વ્રજપ્રકાશાનંદસ્વામી
૭૦૨.લાલમનોહરાનંદસ્વામી-૬
૭૦૩.નવનીતપ્રિયાનંદસ્વામી
૭૦૪.ભક્તરંજનાનંદસ્વામી
૭૦૫.ગોપીજનરંજનાનંદસ્વામી
૭૦૬.વ્રજજનરંજનાનંદસ્વામી-૭
૭૦૭.ગોપજનરંજનાનંદસ્વામી
૭૦૮.ગોધનરંજનાનંદસ્વામી
૭૦૯.ગોધનરક્ષાનંદસ્વામી
૭૧૦.કાલીનાગદમનાનંદસ્વામી-૮
૭૧૧.યમુનાક્રીડાપ્રિયાનંદસ્વામી
૭૧૨.વત્સપાલાનંદસ્વામી
૭૧૩.બાલલીલાપ્રિયાનંદસ્વામી
૭૧૪.પરમલાભાનંદસ્વામી-૯
૭૧૫.પરમમોક્ષાનંદસ્વામી
૭૧૬.પરમપવિત્રાનંદસ્વામી
૭૧૭.અયોધ્યાનિવાસાનંદસ્વામી
૭૧૮.અયોધ્યાનાથાનંદસ્વામી-૧૦
૭૧૯.અયોધ્યાપ્રસાદાનંદસ્વામી
૭૨૦.અયોધ્યાક્રીડાનંદસ્વામી
૭૨૧.અયોધ્યોદ્ધારણાનંદસ્વામી
૭૨૨.અયોધ્યાનંદાનંદસ્વામી-૧૧

૭૭૧.ધર્મદીપકાનંદસ્વામી
૭૭૨.જ્ઞાનદીપકાનંદસ્વામી
૭૭૩.વૈરાગ્યદીપકાનંદસ્વામી
૭૭૪.વૈરાગ્યધરાનંદસ્વામી-૨૪
૭૭૫.ભક્તિધરાનંદસ્વામી
૭૭૬.જ્ઞાનધરાનંદસ્વામી
૭૭૭.ધ્યાનધરાનંદસ્વામી
૭૭૮.ધર્મવરાનંદસ્વામી-૨૫
૭૭૯.ધર્મસાગરાનંદસ્વામી
૭૮૦.વૈરાગ્યસાગરાનંદસ્વામી
૭૮૧.ભક્તિસાગરાનંદસ્વામી
૭૮૨.જ્ઞાનસાગરાનંદસ્વામી-૨૬
૭૮૩.સત્સંગસાગરાનંદસ્વામી
૭૮૪.યોગસાગરાનંદસ્વામી
૭૮૫.કેશિમથનાનંદસ્વામી
૭૮૬.જ્ઞાનકથનાનંદસ્વામી-૨૭
૭૮૭.શ્રુતિસાગરાનંદસ્વામી
૭૮૮.વેદસાગરાનંદસ્વામી
૭૮૯.બ્રહ્મસાગરાનંદસ્વામી
૭૯૦.પરબ્રહ્મસાગરાનંદસ્વામી-૨૮
૭૯૧.હરિચરિત્રસાગરાનંદસ્વામી
૭૯૨.ગુણસાગરાનંદસ્વામી
૭૯૩.મોક્ષસાગરાનંદસ્વામી
૭૯૪.કલ્યાણસાગરાનંદસ્વામી-૨૯
૭૯૫.સિદ્ધિસાગરાનંદસ્વામી
૭૯૬.વિદ્યાસાગરાનંદસ્વામી
૭૯૭.તપઃસાગરાનંદસ્વામી
૭૯૮.નિધિસાગરાનંદસ્વામી-૩૦
૭૯૯.બુદ્ધિસાગરાનંદસ્વામી
૮૦૦.મુક્તિસાગરાનંદસ્વામી
૮૦૧.ધીરજ(ધૈર્ય)સાગરાનંદસ્વામી
૮૦૨.અનંતગુણાતીતાનંદસ્વામી-૩૧
૮૦૩.યજ્ઞસાગરાનંદસ્વામી
૮૦૪.તીર્થસાગરાનંદસ્વામી
૮૦૫.અનંતધર્મસાગરાનંદસ્વામી
૮૦૬.અનંતભક્તિસાગરાનંદસ્વામી-૩૨
૮૦૭.અનંતજ્ઞાનસાગરાનંદસ્વામી
૮૦૮.અનંતવૈરાગ્યસાગરાનંદસ્વામી
૮૦૯.અનંતગુણસાગરાનંદસ્વામી
૮૧૦.અનંતમોક્ષસાગરાનંદસ્વામી-૩૩
૮૧૧.મત્સ્યવપુર્ધરાનંદસ્વામી
૮૧૨.કચ્છપવપુર્ધરાનંદસ્વામી
૮૧૩.વરાહવપુર્ધરાનંદસ્વામી
૮૧૪.પરશુવપુર્ધરાનંદસ્વામી-૩૪
૮૧૫.મોક્ષપ્રદાનંદસ્વામી
૮૧૬.જ્ઞાનપ્રદાનંદસ્વામી
૮૧૭.ધર્મપ્રદાનંદસ્વામી
૮૧૮.ભક્તિપ્રદાનંદસ્વામી-૩૫

૮૧૯.વૈરાગ્યપ્રદાનંદસ્વામી
૮૨૦.તપઃપ્રદાનંદસ્વામી
૮૨૧.અક્ષરધામપ્રદાનંદસ્વામી
૮૨૨.ગોલોકપ્રદાનંદસ્વામી-૩૬
૮૨૩.ધ્યાનપ્રદાનંદસ્વામી
૮૨૪.યોગપ્રદાનંદસ્વામી
૮૨૫.સત્સંગપ્રદાનંદસ્વામી
૮૨૬.વૈકુંઠપ્રદાનંદસ્વામી-૩૭
૮૨૭.શ્રીકૃષ્ણપ્રદાનંદસ્વામી
૮૨૮.ગોવિંદપ્રદાનંદસ્વામી
૮૨૯.કૃષ્ણપ્રદાનંદસ્વામી
૮૩૦.શ્રીહરિપ્રદાનંદસ્વામી-૩૮
૮૩૧.વાસુદેવપ્રદાનંદસ્વામી
૮૩૨.નરનારાયણપ્રદાનંદસ્વામી
૮૩૩.નારાયણપ્રદાનંદસ્વામી
૮૩૪.હરિકૃષ્ણપ્રદાનંદસ્વામી-૩૯
૮૩૫.ઘનશ્યામપ્રદાનંદસ્વામી
૮૩૬.વ્રતપ્રદાનંદસ્વામી
૮૩૭.જિતાહારાનંદસ્વામી
૮૩૮.તીવ્રવૈરાગ્યાનંદસ્વામી-૪૦

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'પરમહંસોનાં નામ કહ્યાં' એ નામે નવમો તરંગ સમાપ્ત ।।૦૯।।

પૂર બારમું : તરંગ - ૧૦

પરમહંસોનાં નામ

૮૩૯.બૃહદ્વ્રતધરાનંદસ્વામી
૮૪૦.મરુત્સુતપ્રિયાનંદસ્વામી
૮૪૧.કાલભૈરવત્રાસાનંદસ્વામી
૮૪૨.જિતેન્દ્રિયાનંદસ્વામી-૧
૮૪૩.જિતાહારાનંદસ્વામી
૮૪૪.આસ્તિકાનંદસ્વામી
૮૪૫.યોગપ્રવૃત્ત્યાનંદસ્વામી
૮૪૬.ધૈર્યવદાનંદસ્વામી-૨
૮૪૭.ક્ષમાનિધ્યાનંદસ્વામી
૮૪૮.સદોન્નિદ્રાનંદસ્વામી
૮૪૯.ધ્યાનનિષ્ઠાનંદસ્વામી
૮૫૦.તપઃપ્રિયાનંદસ્વામી-૩
૮૫૧.સ્વતંત્રાનંદસ્વામી
૮૫૨.બ્રહ્મવિદ્યાસ્થાપકાનંદસ્વામી
૮૫૩.પાષંડોછેદનાનંદસ્વામી
૮૫૪.સ્વસ્વરૂપાચલાનંદસ્વામી-૪

૯૦૩.યજ્ઞપૂજિતાનંદસ્વામી
૯૦૪.યજ્ઞજનાનંદસ્વામી
૯૦૫.યજ્ઞકરાનંદસ્વામી
૯૦૬.યજ્ઞધરાનંદસ્વામી-૧૭
૯૦૭.યજ્ઞનામાનંદસ્વામી
૯૦૮.યજ્ઞતૃપ્તાનંદસ્વામી
૯૦૯.યજ્ઞબોધાનંદસ્વામી
૯૧૦.અક્રોધ જ્ઞાનબોધાનંદસ્વામી-૧૮
૯૧૧.ધર્મબોધાનંદસ્વામી
૯૧૨.વૈરાગ્યબોધાનંદસ્વામી
૯૧૩.સત્સંગબોધાનંદસ્વામી
૯૧૪.શ્રીહરિબોધાનંદસ્વામી-૧૯
૯૧૫.કૃષ્ણબોધાનંદસ્વામી
૯૧૬.ભક્તિબોધાનંદસ્વામી
૯૧૭.તપોબોધાનંદસ્વામી
૯૧૮.પવિત્રબોધાનંદસ્વામી-૨૦
૯૧૯. અમૃતબોધાનંદસ્વામી
૯૨૦.સુખદાયક વિચિત્રબોધાનંદસ્વામી
૯૨૧.કલિતારકાનંદસ્વામી
૯૨૨.પ્રકાશરૂપાનંદસ્વામી-૨૧
૯૨૩.નિર્દંભાનંદસ્વામી
૯૨૪.જનહિતાનંદસ્વામી
૯૨૫.ધર્મપોષકાનંદસ્વામી
૯૨૬.ભક્તિપોષકાનંદસ્વામી
૯૨૭.જ્ઞાનપોષકાનંદસ્વામી-૨૨
૯૨૮.વૈરાગ્યપોષકાનંદસ્વામી
૯૨૯.તપઃપોષકાનંદસ્વામી
૯૩૦.સત્સંગપોષકાનંદસ્વામી
૯૩૧.મોક્ષપોષકાનંદસ્વામી-૨૩
૯૩૨.ધ્યાનપોષકાનંદસ્વામી
૯૩૩.શાસ્ત્રપોષકાનંદસ્વામી
૯૩૪.હરિચરિત્રપોષકાનંદસ્વામી
૯૩૫.ભક્તવર્માનંદસ્વામી-૨૪
૯૩૬.બુદ્ધિદાતાનંદસ્વામી
૯૩૭.ધર્મદાતાનંદસ્વામી
૯૩૮.ભક્તિદાતાનંદસ્વામી
૯૩૯.જ્ઞાનદાતાનંદસ્વામી-૨૫
૯૪૦.વૈરાગ્યદાતાનંદસ્વામી
૯૪૧.તપોનિધિદાતાનંદસ્વામી
૯૪૨.સત્સંગદાતાનંદસ્વામી
૯૪૩.મોક્ષદાતાનંદસ્વામી-૨૬
૯૪૪.સત્યપ્રતિજ્ઞાનંદસ્વામી
૯૪૫.સત્યધર્માનંદસ્વામી
૯૪૬.સત્યજ્ઞાનાનંદસ્વામી
૯૪૭.સત્યવૈરાગ્યાનંદસ્વામી-૨૭
૯૪૮.સત્યવિચારાનંદસ્વામી
૯૪૯.સત્યસંકલ્પાનંદસ્વામી
૯૫૦.સત્યક્રિયાનંદસ્વામી

૯૯૯.વૈરાગ્યનિધાનાનંદસ્વામી
૧૦૦૦.તપોનિધાનાનંદસ્વામી
૧૦૦૧.યોગનિધાનાનંદસ્વામી-૪૦

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'પરમહંસોનાં નામ કહ્યાં' એ નામે દસમો તરંગ સમાપ્ત ॥૧૦॥

પૂર બારમું : તરંગ - ૧૧

પરમહંસોનાં નામ

૧૦૦૨.મોક્ષનિધાનાનંદસ્વામી
૧૦૦૩.ધામનિધાનાનંદસ્વામી
૧૦૦૪.હરિનિધાનાનંદસ્વામી
૧૦૦૫.કૃષ્ણનિધાનાનંદસ્વામી-૧
૧૦૦૬.અક્ષરનિધાનાનંદસ્વામી
૧૦૦૭.મુક્તિનિધાનાનંદસ્વામી
૧૦૦૮.સત્સંગનિધાનાનંદસ્વામી
૧૦૦૯.સન્નિધાનાનંદસ્વામી-૨
૧૦૧૦.બ્રહ્મનિધાનાનંદસ્વામી
૧૦૧૧.તીર્થનિધાનાનંદસ્વામી
૧૦૧૨.શાસ્ત્રનિધાનાનંદસ્વામી
૧૦૧૩.વેદનિધાનાનંદસ્વામી-૩
૧૦૧૪.વિઘ્નેશાનંદસ્વામી
૧૦૧૫.વિષ્ણુયાગપ્રિયાનંદસ્વામી
૧૦૧૬.ભૂમ્નાનંદસ્વામી
૧૦૧૭.ધર્મસંકટનાશાનંદસ્વામી-૪
૧૦૧૮.નરાકૃત્યાનંદસ્વામી
૧૦૧૯.અલૌકિકાનંદસ્વામી
૧૦૨૦.ગુરુભક્ત્યાનંદસ્વામી
૧૦૨૧.ઉદારધિયાનંદસ્વામી-૫
૧૦૨૨.સામગાનંદસ્વામી
૧૦૨૩.નિરહંકૃત્યાનંદસ્વામી
૧૦૨૪.અજ્ઞાનહારકાનંદસ્વામી
૧૦૨૫.નિરાશાનંદસ્વામી-૬
૧૦૨૬.વર્ણિરૂપાનંદસ્વામી
૧૦૨૭.મહાસત્ત્વાનંદસ્વામી
૧૦૨૮.નિર્ભયાનંદસ્વામી
૧૦૨૯.ભીતભૈરવાનંદસ્વામી-૭
૧૦૩૦.કૃશાનંદસ્વામી
૧૦૩૧.મહાતપસાનંદસ્વામી
૧૦૩૨.કૃતજ્ઞાનંદસ્વામી
૧૦૩૩.ભૂરિતીર્થકૃતાનંદસ્વામી-૮

૧૧૩૦.આત્મવતાનંદસ્વામી
૧૧૩૧.સત્યતાનંદસ્વામી
૧૧૩૨.સર્વહિતકૃતાનંદસ્વામી
૧૧૩૩.મન્નાથાનંદસ્વામી-૩૩
૧૧૩૪.ભવમોચકાનંદસ્વામી
૧૧૩૫.ભૂરિપ્રતાપાનંદસ્વામી
૧૧૩૬.મોહરહિતાનંદસ્વામી
૧૧૩૭.મોહનાશાનંદસ્વામી-૩૪
૧૧૩૮.મોહવિનાશાનંદસ્વામી
૧૧૩૯.મોહખંડનાનંદસ્વામી
૧૧૪૦.મોહપરાભવાનંદસ્વામી
૧૧૪૧.મોહોચ્છેદાનંદસ્વામી-૩૫
૧૧૪૨.મોહભંગાનંદસ્વામી
૧૧૪૩.મોહત્રાસાનંદસ્વામી
૧૧૪૪.મોહદલનાશાનંદસ્વામી
૧૧૪૫.મોહદલગંજનાનંદસ્વામી-૩૬
૧૧૪૬.મહારાજાનંદસ્વામી
૧૧૪૭.નૃપાર્ચિતાનંદસ્વામી
૧૧૪૮.અધૃષ્યાનંદસ્વામી
૧૧૪૯.અવિકૃતાનંદસ્વામી-૩૭
૧૧૫૦.અજય્યાનંદસ્વામી
૧૧૫૧.શરણ્યાનંદસ્વામી
૧૧૫૨.જનવત્સલાનંદસ્વામી
૧૧૫૩.દીનવત્સલાનંદસ્વામી-૩૮
૧૧૫૪.અતર્ક્યાનંદસ્વામી
૧૧૫૫.અપ્રમાદાનંદસ્વામી
૧૧૫૬.અવ્યક્તાનંદસ્વામી
૧૧૫૭.ઉજ્જવલાનંદસ્વામી-૩૯
૧૧૫૮.ધર્મશંસ્યાનંદસ્વામી
૧૧૫૯.ધર્મહેત્વાનંદસ્વામી
૧૧૬૦.સુમંગલાનંદસ્વામી
૧૧૬૧.શુભમંગલાનંદસ્વામી-૪૦

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'પરમહંસોનાં નામ કહ્યાં' એ નામે અગિયારમો તરંગ સમાપ્ત ॥૧૧॥

પૂર બારમું : તરંગ - ૧૨

પરમહંસોનાં નામ

૧૧૬૨.કંદર્પદલનાનંદસ્વામી
૧૧૬૩.મનોજનિગ્રહાનંદસ્વામી
૧૧૬૪.નિષ્કપટપ્રિયાનંદસ્વામી
૧૧૬૫.સત્પ્રશંસકાનંદસ્વામી-૧
૧૧૬૬.બહ્વન્નસત્રાનંદસ્વામી
૧૧૬૭.સત્યસંકલ્પાનંદસ્વામી
૧૧૬૮.યજ્ઞકૃતાનંદસ્વામી
૧૧૬૯.આશુદાનંદસ્વામી-૨

૧૨૧૮.વાદિદુર્જેયાનંદસ્વામી
૧૨૧૯.હૃતસંશયાનંદસ્વામી
૧૨૨૦.હૃદંભોજધ્યેયાનંદસ્વામી
૧૨૨૧.ધ્યાતૃમનોહરાનંદસ્વામી-૧૫
૧૨૨૨.જ્યોતિઃસંસ્થાનંદસ્વામી
૧૨૨૩.અતિરમ્યાંગાનંદસ્વામી
૧૨૨૪.ચાર્વંગુલ્યાનંદસ્વામી
૧૨૨૫.તુંગગુલ્ફકાનંદસ્વામી-૧૬
૧૨૨૬.હ્રસ્વજંઘાનંદસ્વામી
૧૨૨૭.વૃત્તજાન્વાનંદસ્વામી
૧૨૨૮.સમોર્વાનંદસ્વામી
૧૨૨૯.સત્સિતાંશુકાનંદસ્વામી-૧૭
૧૨૩૦.ગંભીરનાભ્યાનંદસ્વામી
૧૨૩૧.આજાનુભુજાનંદસ્વામી
૧૨૩૨.તતભુજાંતરાનંદસ્વામી
૧૨૩૩.કંબુકંઠાનંદસ્વામી-૧૮
૧૨૩૪.અરુણાધરાનંદસ્વામી
૧૨૩૫.પ્રફુલ્લપદ્મવદનાનંદસ્વામી
૧૨૩૬.કુંદદંતાનંદસ્વામી
૧૨૩૭.મિતસ્મિતાનંદસ્વામી-૧૯
૧૨૩૮.સમશ્રવસાનંદસ્વામી
૧૨૩૯.પદ્મદલેક્ષણાનંદસ્વામી
૧૨૪૦.વિશાલભાલતિલકાનંદસ્વામી
૧૨૪૧.સૂક્ષ્મવક્રશિરોરુહાનંદસ્વામી-૨૦
૧૨૪૨.સ્વભક્તગાનંદસ્વામી
૧૨૪૩.અવતાર્યાનંદસ્વામી
૧૨૪૪.ભયત્રાતાનંદસ્વામી
૧૨૪૫.અભયરાજવરપ્રદાનંદસ્વામી-૨૧
૧૨૪૬.કૃતદુર્ગપુરાવાસાનંદસ્વામી
૧૨૪૭.અદ્ભુતક્રિયાનંદસ્વામી
૧૨૪૮.સાધુવલ્લભાનંદસ્વામી
૧૨૪૯.ગવેન્દ્રવરદાયાનંદસ્વામી-૨૨
૧૨૫૦.ભક્તત્રાતાનંદસ્વામી
૧૨૫૧.આર્તિદાનંદસ્વામી
૧૨૫૨.વિપ્રસંતર્પણાનંદસ્વામી
૧૨૫૩.નાનાવ્રતવક્ત્રાનંદસ્વામી-૨૩
૧૫૫૪.મહાયશસાનંદસ્વામી
૧૨૫૫.કૌલોચ્છિદાનંદસ્વામી
૧૨૫૬.ભક્તવશાનંદસ્વામી
૧૨૫૭.કૃતદિગ્વિજયાનંદસ્વામી-૨૪
૧૨૫૮.અક્ષયાનંદસ્વામી
૧૨૫૯.ઉત્તમાત્માનંદસ્વામી
૧૨૬૦.સર્વમંગલદર્શનાનંદસ્વામી
૧૨૬૧.જયાપ્રેષ્ઠાનંદસ્વામી-૨૫
૧૨૬૨.લલિતેષ્ટવરપ્રદાનંદસ્વામી
૧૨૬૩.ભક્તકામધુહાનંદસ્વામી
૧૨૬૪.પ્રેમગીતગુણશ્રુતાનંદસ્વામી
૧૨૬૫.ક્ષણસ્વાપાનંદસ્વામી-૨૬

૧૩૧૪.ભાગવતશ્રોત્રાનંદસ્વામી
૧૩૧૫.ભાગવાતાર્ચકાનંદસ્વામી
૧૩૧૬.ભાગવતાભિજ્ઞાનંદસ્વામી
૧૩૧૭.સૂરસંભાવનાનંદસ્વામી-૩૯
૧૩૧૮.મહોદયાનંદસ્વામી
૧૩૧૯.કૃતદોલામહોત્સવાનંદસ્વામી
૧૩૨૦.અમૃતાનંદસ્વામી
૧૩૨૧.પંચાલજનપાવનાનંદસ્વામી-૪૦

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'પરમહંસોનાં નામ કહ્યાં' એ નામે બારમો તરંગ સમાપ્ત ||૧૨||

પૂર બારમું : તરંગ - ૧૩

પરમહંસોનાં નામ

૧૩૨૨.કૃતતીર્થવિધ્યાનંદસ્વામી
૧૩૨૩.મુનિભૂરિદાનંદસ્વામી
૧૩૨૪.દુર્ગભક્તાતિસુખદાનંદસ્વામી
૧૩૨૫.અભવાનંદસ્વામી-૧
૧૩૨૬.ગૂઢસંકલ્પાનંદસ્વામી
૧૩૨૭.મુનિકૃતકૃત્યાનંદસ્વામી
૧૩૨૮.હરિમંદિરકારકાનંદસ્વામી
૧૩૨૯.જગત્પત્યાનંદસ્વામી-૨
૧૩૩૦.રહઃસ્થાનંદસ્વામી
૧૩૩૧.મહારંભાનંદસ્વામી
૧૩૩૨.સદાસ્વસ્થાનંદસ્વામી
૧૩૩૩.કલિદોષહારોદ્યમાનંદસ્વામી-૩
૧૩૩૪.શ્રીપુરેશાર્હિતાનંદસ્વામી
૧૩૩૫.પૌરમાનિતાનંદસ્વામી
૧૩૩૬.સભ્યાનંદસ્વામી
૧૩૩૭.પૌરપ્રપૂજિતાનંદસ્વામી-૪
૧૩૩૮.વેદાન્તતત્ત્વપ્રથનાનંદસ્વામી
૧૩૩૯.સાંખ્યયોગાર્થદર્શકાનંદસ્વામી
૧૩૪૦.પુરાણશ્રવણૌત્સુક્યાનંદસ્વામી
૧૩૪૧.પુરાણવિધિબોધકાનંદસ્વામી-૫
૧૩૪૨.કાર્યાયનનરાનંદાનંદસ્વામી
૧૩૪૩.વાસ્તુવેશ્મનિકેતનાનંદસ્વામી
૧૩૪૪.નાગટંકજનપ્રીતાનંદસ્વામી
૧૩૪૫.શુકપ્રશ્નકૃતોત્તરાનંદસ્વામી-૬
૧૩૪૬.ભક્તિધર્મકૃતાનંદાનંદસ્વામી
૧૩૪૭.સર્વમંગલદર્શનાનંદસ્વામી
૧૩૪૮.મુકુંદસેવાસંતુષ્ટાનંદસ્વામી
૧૩૪૯.જ્યાનીતપયઃપિબાનંદસ્વામી-૭
૧૩૫૦.નારાયણધૃતામત્રાનંદસ્વામી
૧૩૫૧.વાસુદેવાત્તચંદનાનંદસ્વામી

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'પરમહંસનાં નામ કહ્યાં' એ નામે તેરમો તરંગ સમાપ્ત ॥૧૩॥

પૂર બારમું : તરંગ - ૧૪

શેષ પરમહંસ વગેરેનાં નામ

૧૪૮૮.વૈમાનિકાવૃતાનંદસ્વામી
૧૪૮૯.નિવાસનાનંદસ્વામી-૨
૧૪૯૦.અન્નભોજનાનંદસ્વામી
૧૪૯૧.વિદ્યાપ્રદાનંદસ્વામી
૧૪૯૨.ક્ષીરપાનંદસ્વામી
૧૪૯૩.નીરપાનંદસ્વામી-૩
૧૪૯૪.પુત્રદાનંદસ્વામી
૧૪૯૫.વિત્તદાનંદસ્વામી
૧૪૯૬.ભુક્તિપ્રદાનંદસ્વામી
૧૪૯૭.મુક્તિપ્રદાનંદસ્વામી-૪
૧૪૯૮.તત્ત્વલક્ષણલક્ષકાનંદસ્વામી
૧૪૯૯.અખિલવિશ્વાત્માનંદસ્વામી
૧૫૦૦.નિજજ્ઞાનફલપ્રદાનંદસ્વામી
૧૫૦૧.ષટ્કર્મવિધિનિર્ણેત્રાનંદસ્વામી
૧૫૦૨.ગાયત્રીમંત્રદૈવતાનંદસ્વામી
૧૫૦૩.વિપ્રધર્મવિશેષવિદાનંદસ્વામી
૧૫૦૪.જીવિકાવૃત્તિનિર્ણેત્રાનંદસ્વામી
૧૫૦૫.હેયોપાદેયબોધકાનંદસ્વામી ૫-૬
૧૫૦૬.આશૌચનિર્ણયાનંદસ્વામી
૧૫૦૭.કલિહેયાર્થનિર્ણેત્રાનંદસ્વામી
૧૫૦૮.રાજધર્મનિરૂપકાનંદસ્વામી
૧૫૦૯.પતિવ્રતાધર્મવક્ત્રાનંદસ્વામી-૭
૧૫૧૦.વિધવાધર્મરક્ષકાનંદસ્વામી
૧૫૧૧.નાનાવ્રતસમારાધ્યાનંદસ્વામી
૧૫૧૨.પૂજાવિધ્યુપદેશકાનંદસ્વામી
૧૫૧૩.સ્પર્શનિર્ણયકૃદાનંદસ્વામી-૮
૧૫૧૪.સંન્યાસધર્મગદિત્રાનંદસ્વામી
૧૫૧૫.સાંગનિષ્કૃતિબોધકાનંદસ્વામી
૧૫૧૬.બ્રહ્મચારિધર્મવક્ત્રાનંદસ્વામી
૧૫૧૭.બૃહદ્ધર્મમહાદરાનંદસ્વામી-૯
૧૫૧૮.સહાંગયોગોપદેષ્ટ્રાનંદસ્વામી
૧૫૧૯.પિંડબ્રહ્માંડનિર્ણયાનંદસ્વામી
૧૫૨૦.ભૂતસ્વરૂપનિર્ણેત્રાનંદસ્વામી
૧૫૨૧.વાયુભેદનિરૂપકાનંદસ્વામી-૧૦
૧૫૨૨.ભક્તવાંછિતપૂરકાનંદસ્વામી
૧૫૨૩.શિક્ષાપત્રીગ્રથનકાનંદસ્વામી
૧૫૨૪.લીલાસંદર્ભકારકાનંદસ્વામી
૧૫૨૫.હૃષ્ટદેવસમર્ચિતાનંદસ્વામી
૧૫૨૬.દત્તપ્રત્યક્ષદર્શનાનંદસ્વામી
૧૫૨૭.ભકતેક્ષાહસિતાનંદસ્વામી
૧૫૨૮.અપમૃત્યુહરાનંદસ્વામી
૧૫૨૯.રોગહરાનંદસ્વામી ૧૧-૧૨

શ્રીહરિએ પરમહંસ તો અપાર કર્યા હતા, તે બધાનાં નામ લખી શકાયાં નથી, છતાં ઉપર પ્રમાણે ૧૫૨૯-એક હજાર પાંચસો અને ઓગણત્રીશ નામ લખ્યા છે. ૧૩. વિપ્રજ્ઞાતિમાં હરિભક્તો અપાર થયા હતા. કારણ કે, બધા

ઋષિઓએ વિપ્રોમાં જન્મધારણ કર્યો હતો. તેમાંથી શ્રીહરિએ કેટલાકને દીક્ષા આપીને વર્ણી કર્યા હતા. હવે તેમના નામ સંક્ષેપથી કહું છું. ૧૪.

૧.વર્ણી મુકુંદાનંદસ્વામી	૧૩.વર્ણી (બીજા)ગોવિંદાનંદસ્વામી
૨.વર્ણી જયાનંદસ્વામી	૧૪.વર્ણી પુરુષોત્તમાનંદસ્વામી-૧૭
૩.વર્ણી પદ્મનાભાનંદસ્વામી	૧૫.વર્ણી ગોપાલાનંદસ્વામી બીજા
૪.વર્ણી રણછોડાનંદસ્વામી	૧૬.વર્ણી માધવાનંદસ્વામી
૫.વર્ણી પરમાત્માનંદસ્વામી-૧૫	૧૭.વર્ણી આત્માનંદસ્વામી
૬.વર્ણી આનંદાનંદસ્વામી	૧૮.વર્ણી ત્રિક્રમાનંદસ્વામી
૭.વર્ણી વાસુદેવાનંદસ્વામી	૧૯.વર્ણી વૈષ્ણવાનંદસ્વામી
૮.વર્ણી વૈકુંઠાનંદસ્વામી	૨૦.વર્ણી નીલકંઠાનંદસ્વામી
૯.વર્ણી ગોપાલાનંદસ્વામી(શુકમુનિ)-૧૬	૨૧.વર્ણી નૃસિંહાનંદસ્વામી
૧૦.વર્ણી નારાયણાનંદસ્વામી	૨૨.વર્ણી અખંડાનંદસ્વામી
૧૧.વર્ણી રાઘવાનંદસ્વામી	૨૩.વર્ણી દયાનંદસ્વામી-૧૮
૧૨.વર્ણી ભાનુચૈતન્યાનંદસ્વામી	

ઉપર કહ્યા, એ આદિક અનંત વર્ણી(બ્રહ્મચારી) કર્યા, તેમનો કહેતા પાર આવતો નથી. શ્રીહરિએ દીક્ષા અપાવીને જે સંન્યાસી કર્યા હતા તેમનાં નામ હવે કહું છું. ૧૯.

૧.દેવાનંદસ્વામી	૯.મધુસૂદનાનંદસ્વામી
૨.માધવાનંદસ્વામી,	૧૦.બ્રહ્માનંદસ્વામી,
૩.પૂર્ણાનંદસ્વામી	૧૧.અનંતાનંદસ્વામી
૪.શ્રીધરાનંદસ્વામી,	૧૨.પદ્માનાભાનંદસ્વામી,-૨૧
૫.સેવાનંદસ્વામી	૧૩.વૈષ્ણવાનંદસ્વામી
૬.નિત્યાનંદસ્વામી,	૧૪.કૃષ્ણાનંદસ્વામી,
૭.વામનાનંદસ્વામી	૧૫.રાઘવાનંદસ્વામી
૮.પૂર્ણાનંદસ્વામી (બીજા)-૨૦	૧૬.વાસુદેવાનંદસ્વામી

ઉપર કહ્યા એ બધા અપાર સંન્યાસીઓ હતા. તેનો કહેતા પાર આવતો નથી. ૨૨. જેટલા બ્રહ્મચારી-વર્ણીઓ અને સંન્યાસીઓ હતા તે બધા પરમ વૈષ્ણવ હતા. અને જે બ્રહ્મચારી-વર્ણી સંન્યાસી થયા તે બધા પણ પ્રકટ શ્રીકૃષ્ણ ભગવાનના ઉપાસક હતા. ૨૩. તે બધા ભક્તિ-ધર્મના પુત્ર શ્રીહરિની ઉપાસના-સેવાભક્તિ કરતા હતા અને જે મત ધર્મ તથા ભક્તિથી રહિત હતા, તેમને તેઓ પાખંડધર્મ સમજતા હતા. ૨૪. તે વર્ણી-સંન્યાસીઓ, જે મતમાં દારૂ પીવાતો હોય, માંસ ખવાતું હોય અને વ્યભિચાર થતો હોય, વળી જે મતમાં ભગવાનની ભક્તિ-ઉપાસના અને ધર્મ ન હોય, તે મતને ખુવાર-અતિહીન સમજતા હતા. ૨૫. જે લોકો વગર સમજે બ્રહ્મને નિરાકાર કહેતા હોય, તેને તે વર્ણી-સંન્યાસીઓ પાખંડધર્મ જાણતા હતા. ૨૬.

તેઓ શ્રીહરિના સુયોગથી જે મતમાં જેટલો ધર્મ રહ્યો હોય તેને અને જે અધર્મ રહ્યો હોય તેને, પણ અલગ અલગ કરીને ઓળખતા. ૨૭. જે ગ્રંથમાં અધર્મને કલ્યાણકારી કહ્યો હોય, તે ગ્રંથનો તુરંત ત્યાગ કરી દેતા. કારણ કે, અધર્મ અહિત કરનારો છે એમ તેઓ સમજતા. ૨૮. વળી કૌલાર્ણવ આદિ જે ગ્રંથ છે તેને પણ તેઓ ચંડાળની જેમ તજી દીધા હતા. ભગવાન શ્રીહરિની ઉપાસના અને ધર્મથી રહિત એવા બીજા પણ જે ગ્રંથ કહેવાતા હોય. ૨૯. તે બધાને અધર્મ જાણીને તજી દીધા હતા. શ્રીહરિનાં ચરણકમળોમાં પ્રેમમયી ભક્તિ થવાથી તેમણે શુષ્કવેદાંતીઓના ગ્રંથોને પણ કુમાર્ગી પાપમય જાણીને ત્યાગ કર્યો હતો. ૩૦. જે શાસ્ત્રમાં-ગ્રંથમાં યુક્તિઓ કરીને વારેવારે ભગવાનના અવતારોનું ખંડન કર્યું હોય, એવા ગ્રંથ કે શાસ્ત્રને પાપમય સમજીને તેનો દૂરથી જ ત્યાગ કરતા. ૩૧.

શ્રીહરિનાં ચરણોનું ધ્યાન કરનારા તે બધા બ્રહ્મચારી-સંન્યાસી તથા સંતો, મારણ-ઉચ્ચાટન કરનારા મલિન મંત્રોને કહેનારું કોઈ પણ શાસ્ત્ર હોય, તો તેને પણ પાપમય જાણીને તેનો ત્યાગ કરી દેતા. ૩૨. કર્મની જ પ્રધાનતાને કહેનારા એવા નાસ્તિકોના ગ્રંથોને અને ભગવાનના અવતારોને પણ કર્મને વશ કહેનારા જે ઘણાક ગ્રંથો હોય, તેનો પણ દૂરથી જ ત્યાગ કરતા. ૩૩. વળી ભગવાનના અવતારોનું ખંડન કરનારા જે યવનોના

ગ્રંથ હોય તેનો પણ ત્યાગ કરી દેતા, અને ધર્મે સહિત ભગવાનની ભક્તિ વગરના જે જે ગ્રંથ હોય તેને તેઓ નિર્જીવ-મડદા જેવા સમજતા. ૩૪. જે દિવસથી સંતો મળ્યા અને સત્સંગ મળ્યો તે દિવસથી ઉપર જણાવેલો બધો અસત્ મત-કુમાર્ગ છોડી દીધો અને જેટલા ઉત્તમ પ્રકારના સુખદ રસ છે, તે બધાંને આપણા સત્સંગમાં માનવા લાગ્યા. ૩૫. અનંત બ્રહ્માંડોમાં જે જે ઉત્તમ પ્રકારનાં સુખ કહેવાય છે, તે બધાં સત્સંગ કરવાથી તેમને ખારાં થઈ ગયા અને તેમણે સત્સંગમાં જ અપાર સુખ માન્યું. ૩૬.

જ્યારે શ્રીહરિ મળ્યા ત્યારે સહુ અપાર સુખી થઈ ગયા અને સત્સંગના સુખ સાગરમાં બધા નર-નારી ઝૂલવા લાગ્યા. ૩૭. ધર્મકુમાર શ્રીહરિએ ઉપર કહ્યું તે રીતે સંતોને પરમહંસ કર્યા. પછી સહુ **માંગરોળ** પુરમાં આવ્યા. ત્યારે ત્યાં અપાર શોભા થઈ હતી. ૩૮. માંગરોળમાં જે જે હરિભક્તો હતા તે બધાં શ્રીહરિ પધાર્યા છે, એમ જાણીને હાથમાં શ્રીફળ અને ફૂલહાર લઈને સન્મુખ આવ્યા. ૩૯. સહુએ શ્રીહરિનાં દર્શન કર્યાં તથા સંતોના અલૌકિક ભેખને દેખ્યો, તેથી મનમાં આશ્ચર્ય સાથે ખુશી થયા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'પરમહંસ વગેરેના નામ કહ્યાં પછી શ્રીહરિ માંગરોળ પધાર્યા' એ નામે ચૌદમો તરંગ સમાપ્ત ॥૧૪॥



પૂર બારમું : તરંગ - ૧૫

માંગરોળમાં ભક્તોને શ્રીહરિએ ભાગવત ધર્મ વગેરેની વાત કહી

માંગરોળના સહુ હરિભક્તો જે ફૂલહાર લાવ્યા હતા, તે બધાં તેમણે શ્રીહરિને પહેરાવ્યા અને શ્રીફળ ભેટમાં ધર્યાં. ૧. શ્રીહરિએ તે હરિભક્તોને ઘણા જ હેતથી બોલાવ્યા, કુશળ પૂછ્યાં. તેથી હરિભક્તો ઘણું ખુશી થયા, જે મુખથી કહી શકાતું નથી. ૨. હરિભક્તોએ વિવિધ પ્રકારનાં વાજિંત્ર મગાવીને વગડાવ્યાં. ચોતરફ આનંદનું વાતાવરણ છવાયું હતું, તેના જેવો બીજો કોઈ આનંદ ન હતો. ૩. શ્રીહરિ માંગરોળ પુરમાં સાંજે સંધ્યા સમયે આવ્યા

હતા. સુંદર અશ્વ ઉપર સવાર થયા હતા. અપાર મશાલો થઈ હતી. ૪. બધા સોનેરી સાજથી અશ્વને પણ ભારે શણગાર્યો હતો, અને શ્રીહરિએ પણ બધા જ વસ્ત્રો અને અલંકારો સોનેરી પહેર્યાં હતાં. શ્રીહરિની સાથે જે દરબારો હતા તે પણ અશ્વ ઉપર સવાર થયા હતા. ૫. તે સવારીની અતિશય ભારે શોભા દેખીને નગરવાસી લોકો ખુશ થયા હતા. સહુ પાસે આવીને પગે લાગતા અને ફૂલહાર પહેરાવતા. ૬.

શ્રીહરિ જ્યારે પુરમાં પધાર્યા ત્યારે બજારમાં અનેક રીતે શોભા કરી હતી. પુરમાં જેટલા મનુષ્યો હતા, તે સહુ આવીને દર્શન કરતા. ૭. લોકો જ્યારે શ્રીહરિનાં દર્શન કરતાં, ત્યારે ઊંચેથી પડકારીને જયજયકાર કરીને હર્ષધ્વનિ પ્રકટ કરતા હતા. કેટલાક લોકો તો દર્શન કરીને શરીરનું ભાન ભૂલી જઈને ધ્યાનમાં એકતાર થઈને તલ્લીન થઈ જતા. ૮. બ્રહ્માંડમાં ક્યાંય શોભા ન હોય તેવી શોભા શ્રીહરિએ પોતાની મૂર્તિમાં તેમને દેખાડી. આ પ્રમાણે પુરવાસીઓને દર્શન દઈને શ્રીહરિ સવારીની સાથે પુરથી બહાર આવ્યા. ૯. વાવ પાસે મુકામ કર્યો. શોભાના સાગર એવા શ્રીઘનશ્યામ શ્રીહરિએ ત્યાં મંડપ કરાવ્યો અને તંબુ ખેંચાવ્યા. અને તેમાં સહુને ઉતારો આપ્યો. ૧૦.

માંગરોળના બધા હરિભક્તો રસોઈ માટે સીધું-સામાન લઈ આવ્યા. બ્રાહ્મણ પાસે કંસારની રસોઈ કરાવીને શ્રીહરિને તથા સંતોને જમાડ્યા. ૧૧. શ્રીહરિની સાથે જે દરબારો હતા તેમને જમાડ્યા. તેમજ શ્રીહરિની સાથેના પાર્ષદોને અને બીજા જે હરિભક્તો હતા, તે સહુને જમાડ્યા. શ્રીહરિની આજ્ઞાથી સર્વ વિપ્રો, વર્ણીઓ અને સંન્યાસીઓ જે હતા તે સહુને પણ જમાડ્યા. ૧૨-૧૩. જમ્યા પછી કથા થઈ, કીર્તન ગવાયા અને શ્રીહરિનું ધ્યાન પણ કર્યું. મધરાત થઈ છે એમ જાણીને ભગવાન શ્રીહરિ બોલ્યા. ૧૪. ભૂખ, તરશ અને ઊંઘ, એ બધાં દેહનાં ધર્મ છે. ખાવા-પીવા કે ઊંઘવા ન મળે તો દુઃખ થાય છે, અને તે કર્યા વિના વિઘ્ન થાય છે. ૧૫. તે ગીતામાં ભગવાને કહ્યું છે કે, આહાર-વિહારાદિ દેહની ક્રિયાઓ-ચેષ્ટાઓ યોગ્ય રીતે(યુક્ત) કરવી. મનફાવે તેમ અધિક ન કરવી. ૧૬.

❋ ભગવાન તથા સત્પુરુષ શબ્દોના અર્થ જાણે છે :

ચોપાઈ :

देह के आहार हे अपारा, गिनत गिनत कोउ लहत न पारा;
त्यागी ग्रही कु किये जेसे, नियम में रहि करना तेसे...१७
नियम वेद शुभ मारग जेहा, एक अर्थ हे सबके तेहा;
नाम करी भिन्न भिन्न कहेउ, नीति नाम तेहि चोथे रहेउ...१८

શરીરના આહાર તો અનેક પ્રકારનાં છે. તે ગણવાથી તેનો પાર આવતો નથી. માટે ત્યાગી અને ગૃહસ્થોને પાળવાના જે નિયમ કહ્યા છે તેમાં રહીને આહાર કરવો. ૧૭. નિયમ, વેદ, સન્માર્ગ અને ચોથો શબ્દ છે નીતિ, આ બધા શબ્દ દેખાવમાં અલગ કહેવાય છે, પણ તે બધાં શબ્દોનો અર્થ તો એકસમાન જ થાય છે. ૧૮.

भगवान सत्पुरुष विन ताको, अर्थ हि कुन बतावे वाको;
वर्तन जाको देहाकारा, वेद पढे अर्थ आत न लगारा...१९
भगवान रु आत्मदर्शी जाहि, वेद को अर्थ हि जानत ताहि;
साचे आत्मदर्शी भगवाना, यह जग में दुल्लभ रहाना...२०

ભગવાન વિના અને સત્પુરુષ વિના, તે શબ્દોનો અર્થ કોણ બતાવે ? જે લોકો દેહાકારે વર્તતા હોય છે તેઓ કદાચ વેદોને ભણે, તોપણ તેઓને તે લગાર પણ કામ આવતું નથી. ૧૯. ભગવાન અને આત્મદર્શી સત્પુરુષ વેદોના અર્થને જાણે છે. ખરારૂપમાં આત્મદર્શી અને ભગવાન, તે આ જગતમાં મળવા દુર્લભ છે. ૨૦.

સત્યસ્વરૂપ ભગવાન અને આત્મદર્શી સત્પુરુષ, એ બંનેને મૂર્તિમાન વેદ જાણવા. અમારી જે પ્રમાણેની સમજણ છે તે પ્રમાણે અમે હેત-પ્રીતથી તમને સાચી વાત કહી છે. ૨૧. અમે જેવા દેશ કાળાદિકને જોઈએ છીએ તે પ્રમાણે વર્તનમાં ફેરફાર કરીએ છીએ. પરંતુ અમારાં બધાં જ વચનો વેદ, શાસ્ત્રોના મત અનુસારે જ હોય છે. અને બધાં જ વચનો સુખકારી હોય છે. ૨૨. **અમારાં આજ્ઞાવચનને જેઓ એ પ્રમાણે સમજે છે તેઓ અક્ષરધામને**

પામે છે. અને જેને અમારાં વચનનો ભાર હોતો નથી એવા જે જે લોકો આ જગતમાં છે, તે બધાં જમપુરધામને પામે છે; આવું નિશ્ચિતપણે સમજી રાખવું. શ્રીહરિએ તે વખતે આવી ઘણી વાતો કરી હતી. પણ બધી જ વાતો કહી શકાય તેમ નથી. ૨૩-૨૪.

સમગ્ર સુખનાં મૂળ શ્રીહરિ આટલી વાત કહીને પછી પોઢી ગયા અને સહુ સંતો પણ જગદ્વંદ્ય શ્રીહરિનું ચિંતવન કરતાં કરતાં સૂઈ ગયા. ૨૫. જ્યારે અરુણોદય થયો ત્યારે સહુ સંતો તત્કાળ ઊઠ્યા, અને 'નારાયણ ધૂન' કરી. ત્યારે દયાળુ શ્રીહરિ બોલ્યા, ૨૬. જે જે ગામમાં કે નગરમાં રહેનારા સંતો કે હરિભક્તો જ્યારે ધૂન કરતા હોય છે ત્યારે અમે ત્યાં અપ્રકટ રૂપમાં જઈને તેને સાંભળીએ છીએ. ૨૭. વળી, જ્યાં સંતો અને હરિભક્તો પ્રેમભાવથી કીર્તન ગાતા હોય છે, ત્યાં પણ અમે જઈને તેને સાંભળીએ છીએ; આવી અમારી સદાકાળની રીત છે. ૨૮.

❋ ધર્મનું પાલન કરવું :

मनुष्य देह को लाभ हे इतना, भजन करना भगवान को तितना;
गृहि गृहि की रीत अनुसारा, धर्म पालना करी मन प्यारा...२९
त्यागी त्यागी की रीति जोई, धर्मपालना मगन मन होई;
धर्म पाले विन भजन न होवे, मनुष्य देह अमुलख खोवे...३०

આ મનુષ્યદેહનો ખરો લાભ તો એટલો જ છે કે, તેનાથી ભગવાનનું ભજન કરવું. માટે ગૃહસ્થોએ ગૃહસ્થની રીત પ્રમાણે અનુસરવું અને મનમાં પ્રેમ રાખીને તેમના ધર્મનું પાલન કરવું. ૨૯. અને ત્યાગીઓએ પણ ત્યાગીની રીત જોઈને પ્રસન્ન મનથી ધર્મનું પાલન કરવું. કારણ કે, ધર્મનું પાલન કર્યા સિવાય ભજન થાય નહિ. ધર્મ અને ભજન વિના તો આવો અમૂલ્ય મનુષ્યજન્મ વ્યર્થ ગુમાવે છે. ૩૦. વ્યાવહારિક ધર્મ અને ભક્તિ તો ખરા ધર્મ અને ભક્તિથી જુદા છે. વ્યાવહારિક ધર્મ અને ભક્તિનું ફળ તો થોડું મળે છે. તે જ રીતે વ્યાવહારિક આચાર્ય પણ હોય છે. વ્યાવહારિક ગુરુ અને સંત પણ કહેવાય છે. ૩૧. ઉદર અને શિશ્નને તૃપ્ત કરનારાઓની તો

કાંઈ તાણ નથી. એવા તો આ બ્રહ્માંડમાં કેટલાએ ભર્યા છે. તે લોકો જન્મ, મરણ અને લખચોરાશી પામે છે અને વારંવાર જમનો માર ખાય છે. ૩૨. મોટા ભાગના મનુષ્ય વ્યાવહારિક રીતે તીર્થ કરે છે. વ્યાવહારિક અનેક મત-મતાંતરો ચાલે છે. તેનો ગણવાથી પણ પાર આવતો નથી. ૩૩.

વ્યાવહારિક લોકોનો ધર્મ તો પશુ-પક્ષીના ધર્મ જેવો છે. ખરી રીતે જો વિચારીએ તો તેમનો ધર્મ પશુ-પક્ષીના કરતાં પણ ઘણો ઊતરતો હોય છે, છતાં તે અજ્ઞાની-ગમાર લોકો પોતાના ધર્મને શ્રેષ્ઠ જાણે છે. ૩૪. સાચો સત્સંગ કર્યા વિના તેમનું અજ્ઞાનનું અંધારું ટળતું નથી. સાચા સત્સંગના વિના તો જેટલા ત્યાગી અને ગૃહસ્થ છે તે બધાં વિષયોથી ભરપૂર રહે છે. ૩૫. તેઓ જે કાંઈ સાધન કરે છે તે પણ વિષયસુખરૂપી ફળ લેવા માટે જ હોય છે. પરંતુ ખરેખર ભાગવત ધર્મ તો તેનાથી(વ્યાવહારિક ધર્મ આદિથી) અલગ જ છે. જે સાચા ભક્તો છે તેઓ તો ભગવાન સિવાયની અન્ય વસ્તુમાત્રને નઠારી જાણે છે. ૩૬.

❋ વિષય જીતવાની ચાવી :

જેઓ ભાગવત ધર્મનિષ્ઠ ત્યાગી અને ગૃહસ્થ છે, તેઓ તો ભગવાનને પ્રસન્ન કરવા માટે જ બધાં સાધનોને કરે છે. ૩૭. ભાગવત ધર્મરૂપ સાધનના એક લવ અર્થાત્ થોડા એવા અંશની બરાબરી બીજા અપાર સાધનો પણ ક્યારેય કરી શકતા નથી. જેને શુદ્ધ વિચાર હોય તે આવું જાણે છે. ૩૮.

सोरठा : विषय मात्र से चित्त, उखेडना हे कठिन अति;
हरि में होवे प्रीत, सहज हि उछेद होत तब...३९
अनल के हे अनल, हरि मूर्ति जो मिले अब;
ताको हे अति बल, एसो समय न आये कब...४०

વિષયમાત્રમાંથી ચિત્તને ઊખેડવું તે ઘણું કઠણ કામ છે, પણ જો ભગવાનનાં સ્વરૂપમાં પ્રીતિ થાય તો તે ચિત્ત સહેજે જ વિષયમાંથી છૂટું પડી જાય છે. ૩૯. અત્યારે જે શ્રીહરિની મૂર્તિ મળી છે તે તો વિષય-વાસનાને બાળી નાંખનાર અગ્નિનો પણ અગ્નિ છે. તે મૂર્તિના આશ્રયનું બળ અપાર છે. આવો સમય ક્યારેય આવ્યો નથી. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'ભાગવત ધર્મ અને મૂર્તિનું આશ્રય,બળ વગેરે વાત કહી' એ નામે પંદરમો તરંગ સમાપ્ત ॥૧૫॥



પૂર બારમું : તરંગ - ૧૬

માંગરોળના ભક્તોને રાજી કરીને શ્રીહરિ લોજ પધાર્યા

શ્રીહરિ જ્યારે વાત કરી રહ્યા ત્યારે બધા સંતો પ્રસન્ન થયા. સહુ સ્નાન કરીને તરત પાછા આવ્યા. વર્ણીએ પૂજા કરી. ૧. હરેક સંત પાસે વિષ્ણુ(શાલગ્રામ) અને બાલમુકુંદસ્વરૂપ હતાં. સંતોને તો શ્રીહરિએ પરમહંસ કર્યા હતા, તેથી તે બધાં વિષ્ણુ અને બાલમુકુંદના સ્વરૂપો વર્ણીને આપી દીધા હતા. તે સ્વરૂપો તો ઘણાં ઝાઝાં હતા. તેથી તેમાંથી કેટલાક સ્વરૂપ હરિભક્ત વિપ્રોને પૂજવા માટે આપી દીધા. ૨-૩. શ્રીહરિજી મહારાજ જ્યારે પૂજા કરી રહ્યા ત્યારે તરત જ અશ્વની પીઠ ઉપર પલાણ બાંધ્યું, ચાલવાની તૈયારી કરી. ૪.

તે સમયે જે માંગરોળના હરિભક્તો હતા તેમને ખબર પડી, તેથી બધાં દોડતા આવ્યા. સહુ શ્રીહરિના ચરણોમાં પડ્યા અને બંને હાથ જોડીને વિનંતી કરવા લાગ્યા. ૫. મહારાજ ! આપ તો આવ્યા અને તરત જ ચાલતા થયા. અમને તો ચાલવાની ખબર પણ પડવા દીધી નહિ. આણંદજીભાઈ આદિ હરિભક્તો બોલવામાં ઘણા ચતુર હતા. ૬. સહુને શ્રીહરિનાં ઉપર ઘણું હેત હતું. ગદ્‌ગદ થઈ ગયા, આંખોમાં પ્રેમના આંસુઓ ઊભરાયા. શ્રીહરિનાં બાળપણાની વાતને યાદ કરીને તેઓ કહેવા લાગ્યા. ૭. આપ જ્યારે સત્સંગમાં આવ્યા ત્યારે સહુ પહેલા અહીં માંગરોળમાં આવ્યા હતા. આપ અમને ખૂબ જ હેતથી મળ્યા હતા અને પછી આપ લોજપુરમાં જઈને રહ્યા હતા. ૮. આપ જેટલું લોજમાં રહ્યા તેટલું જ અહીં માંગરોળમાં આવીને પણ રહ્યા હતા. તે વખતે અમને અપાર સુખ આપ્યું હતું. સહુને અપરંપાર સમાધિ પણ કરાવતા હતા. ૯. પોરબંદર, લોજ, કાલવાણી, માણાવદર, પીપલાણા,

મેઘપુર, ભાડેર, જૂનાગઢ, ૧૦. ધોરાજી, સાંકળી, ફરેણી, જેતપુર, બંધિયા, અલૈયા, ભાદરા, માંડવી, તેરા, કાળાતળાવ, ૧૧. ભુજ, આધોઈ, ધમડકા, કંથકોટ, મેંથાણ, મછિયાવ, ૧૨. શ્રીનગર(અમદાવાદ), જેતલપુર, ગામડી, વહેલાલ, વડનગર, વિસનગર, ઉનાવા, સિદ્ધપુર, ૧૩. ડભાણ, ઉમરેઠ, વડતાલ, ગઢપુર, કારિયાણી, ઝીંઝાવદર, કુંડળ, ૧૪. સારંગપુર, બોટાદ, નાગડકા, સરધાર અને કરિયાણા, ૧૫.

અમે જે એટલા પુર ગણાવ્યા, તે ગામોમાં આપે વારંવાર આવીને લોકોને અપાર સમાધિઓ કરાવી છે. અને તે દ્વારા આપે આપનું અપાર ઐશ્વર્ય બતાવ્યું છે. ૧૬. આપનો જે જે પ્રતાપ અમે દેખ્યો તેને અમે વારંવાર ગાતા રહીએ છીએ. આપ વારંવાર દર્શન આપો છો, તેનાથી અમને ઘણો જ આનંદ થાય છે. ૧૭. પૃથ્વી ઉપરની સ્થાવર જાતિ : વૃક્ષ, વેલી-વનસ્પતિ વગેરે જે કહેવાય છે, તે ક્યારેય મેઘની પાસે જાતી નથી. મેઘ પોતાનાં મનમાં કૃપા લાવીને વરસમાં એકવાર(એક ઋતુમાં) આવીને તે સહુનું પાણીથી સિંચન કરે છે. ૧૮. મેઘ જ્યારે ચાર મહિના સુધી તે સહુને પાણીથી સિંચે છે, ત્યારે સ્થાવર જાતિ પોતપોતાની રુચિ અનુસારે પાણી ગ્રહણ કરીને આઠ માસ સુધી પ્રફૂલ્લિત રહે છે. જેમ તે સ્થાવર જાતિ મેઘને આધારે રહી છે તેમ જ અમે પણ આપનાં દાસ છીએ. ૧૯. ત્યારે શ્રીહરિએ તે સહુ ભક્તોને કહ્યું, તમને સહુને અમારા ઉપર કેવું અતિશય હેત છે ! તેવું જ હેત જેટલા હરિભક્તો કહેવાય છે તે સહુ અમારા ઉપર રાખે છે. ૨૦.

❋ પ્રેમરૂપી દોરીથી ભગવાન બંધાય છે :

चोपाई :

हितकर दोरी सबकी जोऊ, सत्संग में हम रहे सोऊ;
हित विन हम न रहत बंधाई, हित के हम आधिन रहाई...२१

जितने हित रखत हरि दासा, तितने रहत हम ताकि पासा;
हरिजन हित दोरी कर जेहू, इत उत हमकु खेंचत तेहू...२२

અમે સહુના હેતની દોરીથી બંધાઈને સત્સંગમાં રહ્યા છીએ. અમે હેત વિના ક્યાંય બંધાઈને રહીએ નહિ. અમે તો હેતને આધીન થઈને

રહ્યા છીએ. ૨૧. હરિભક્તો અમારા ઉપર જેટલું હેત રાખે છે તેટલા અમે તેની પાસે રહીએ છીએ. હરિભક્તો હેત-પ્રેમરૂપી દોરીથી બંધાયેલા અમને આમ-તેમ ખેંચતા રહે છે. ૨૨. **જેની પ્રેમરૂપી દોરી વધારે બળવાન હોય તે અમને તેમની પાસે ખેંચી લે છે.** સદ્‌ગુરુ રામાનંદસ્વામીની પ્રેમરૂપી દોરી હરિભક્તોની દોરી કરતાં ઘણી જોરદાર છે. ૨૩. બધાં હરિભક્તોની પ્રેમરૂપી દોરીને તે દોરી ખેંચી જાય છે. સહુથી બળવાન પવન છે, તે પાંદડાંને નચાવે છે. ૨૪. **ત્યારે આણંદજીભાઈ બોલ્યા, મહારાજ ! આપની બધી વાત સાચી છે. અનંતકોટી બ્રહ્માંડો આપને આધીન છે. તેમાં જરાય ખોટું નથી. ૨૫.**

પ્રભો ! અક્ષરધામ સહુથી અધિક-મહાન છે, છતાં તે આપના દાસ થઈને રહે છે. જ્યાં સુધી આપની મરજી હોય ત્યાં સુધી કોણ નામ લઈ શકે ? ૨૬. પછી માંગરોળના હરિભક્તોનું ઘણું હેત દેખીને શ્રીહરિ રસોઈ જમ્યા સુધી ત્યાં રોકાયા અને હરિભક્તોએ ઘણા જ હરખ અને પ્રેમથી શ્રીહરિની પૂજા કરી. ૨૭. જેને જેવો ભાવ હતો તેણે શ્રીહરિની તેવી પૂજા કરી, અને સાથે રહેલા સંતો, વર્ણીઓ, પાર્ષદો અને દરબારોની પૂજા પણ કરી. ૨૮. જેનાં મનની જેવી ઈચ્છા હતી તે ભક્તોએ તેવો લાભ લીધો. પછી જ્યારે દિવસનો પાછલો પહોર બાકી હતો ત્યારે શ્રીહરિ માંગરોળ ગામથી ચાલ્યા. ૨૯. અત્યંત કરુણારસથી ભરેલા રંગભીના શ્રીહરિએ બધાં હરિભક્તોને રાજી કર્યા. પછી ત્યાંથી ચાલેલા શ્રીહરિ **લોજ** ગામ આવ્યા. ત્યાંના હરિભક્તોએ શ્રીહરિનું સન્માન કરવા માટે અતિ અદ્‌ભુત શોભા કરી હતી. ૩૦. ગામમાં જેટલા હરિભક્તો હતા તે બધાં શ્રીહરિની સન્મુખ આવ્યા. ગામના બીજા લોકો જે હતા તેઓ પણ શ્રીહરિની સન્મુખ ફૂલહાર અને શ્રીફળ લઈને આવ્યા હતા. ૩૧.

શ્રીહરિને ફૂલહાર પહેરાવ્યા. શ્રીફળ ચરણોમાં મૂક્યા, પગે લાગ્યા અને લલાટમાં ચંદનની અર્ચા કરીને કુંકુમનો ચાંદલો કર્યો. શ્રીહરિની અપાર શોભા જોઈને લોજવાસી ભક્તો મનમાં ખૂબ ખૂબ રાજી થયા. ૩૨. જે ભક્તો સન્મુખ આવ્યા હતા, તે બધાને શ્રીહરિએ ઘણા પ્રેમભાવથી બોલાવ્યા. સંધ્યા ટાણે શ્રીહરિ લોજ ગામ આવ્યા હતા. ભક્તોએ ઘણા હેતથી ગામને શણગાર્યું હતું. ૩૩. વિવિધ પ્રકારના વાજિંત્ર વગડાવ્યાં. સહુને એટલો બધો આનંદ

થયો કે, જે વર્ણવી શકાતો નથી. સહુ લોકો આવીને બજારમાં ઊભા રહ્યા. સહુ ઘણા જ હેતથી શ્રીહરિનાં દર્શન કરતા હતા. ૩૪. શ્રીહરિનો અપાર પ્રતાપ જોઈને લોજપુરવાસી ભક્તો વારંવાર ચરણોમાં નમી પડતાં હતા. બધાં જ પુરવાસીઓ શ્રીહરિને હેતથી ફૂલહાર પહેરાવતા હતા. ૩૫.

સોનેરી અલંકારોથી ભરપૂર શણગારેલા અશ્વ ઉપર શ્રીહરિ બેઠા હતા. અપાર મશાલો પ્રકટાવી હોવાથી બધું અંધારું ટળી ગયું હતું. ૩૬. સહુ ભક્તજનોએ અત્યંત પ્રેમભાવથી શ્રીહરિને ઘેર ઘેર પધરાવ્યા. ઘણા હેતથી પૂજા કરીને અપાર લાભ લીધો. ૩૭. લોજવાસી બાઈ-ભાઈ જેટલા લોકો હતા, તે બધાના શ્રીહરિ નામ જાણતા હતા. શ્રીહરિ તેમને તે તે નામ લઈને સ્નેહથી બોલાવતા હતા. ૩૮. પછી શ્રીહરિ ગામથી બહાર આવ્યા અને વાવે ઉતારો કર્યો. સાથે દરબારો અને સંતો ઘણા હતા, તેથી ત્યાં તંબુ ખેંચાવ્યા. ૩૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'માંગરોળના ભક્તોને રાજી કરીને શ્રીહરિ લોજ પધાર્યા' એ નામે સોળમો તરંગ સમાપ્ત ॥૧૬॥



પૂર બારમું : તરંગ - ૧૭

લોજમાં ચરિત્રગાનની પ્રશંસા અને કળિના દોષોની નિંદા કરી

લોજપુર ગામના જે આગેવાન મોટા માણસો હતા, તેમણે ઘણા જ હરખથી પ્રેમોલ્લાસથી બ્રાહ્મણની પાસે સારી કંસારની રસોઈ કરાવી. ૧. સહુ દૂધ અને સાકર પણ લાવ્યા. પછી શ્રીહરિએ સંતો, વર્ણીઓ, પાર્ષદો અને દરબારો, સહુને ઘણા જ ભાવથી જમાડ્યા. ૨. શ્રીહરિજી મહારાજ, જ્યારે જમી રહ્યા, તે પછી આવીને ચંદનીની વચ્ચે સુંદર સભા કરાવી. ૩. નવરંગ પલંગ બિછાવ્યો હતો. તેના ઉપર શ્રીહરિ વિરાજમાન થયા. સાથે જે સંતો અને વર્ણી વગેરે હતા તે બધા આવીને સભામાં બેઠા. ૪. તે સમયે સભામાં બે જ મશાલો રાખી. બીજી મશાલો વળાવી દીધી અર્થાત્ બંધ કરાવી

દીધી. પછી મુક્તાનંદસ્વામી અને બ્રહ્માનંદસ્વામી, એ બંનેની પાસે આનંદ-ઉલ્લાસથી કીર્તન ગવડાવ્યા. ૫. શ્રીહરિએ જે દિવસથી સંતોને પરમહંસ કર્યા તે દિવસથી તેમની પાસે ઝાંઝ, મૃદંગ, સરોદ, સિતાર અને તંબૂર આદિ વાજિંત્રોનો ત્યાગ કરાવ્યો હતો. ૬. આઠ પ્રકારની ધાતુઓનો પણ ત્યાગ કરાવ્યો હતો. એટલે સંતો વાજિંત્ર વગર કીર્તન ગાવા લાગ્યા. ત્યારે શ્રીહરિ કહે, વાજિંત્રના સાથ વિના કીર્તન સારાં લાગતાં નથી. ૭. વાજિંત્ર વિના કીર્તન ગવાય છે તેથી આખી સભા તો સ્મશાન જેવી લાગે છે. જે કેવળ આત્મદર્શી જ હોય તેના હૃદયમાં ભગવાનની ભક્તિ નથી હોતી. ૮.

❋ ચરિત્રના બળવાળો ભક્ત :

જે ભગવાનના ભક્તો છે તે તો નિત્ય ભગવાનનાં ચરિત્રોનું જ ગાન કરતા હોય છે, તેમને ચરિત્ર ઉપર જ અધિક તાન રહે છે. ભક્તો તો ભગવાનનાં ચરિત્રોની આગળ બીજા સાધનોને તો અત્યંત તુચ્છ માને છે. ૯. હરિચરિત્રના અભ્યાસી ભક્તો તો સૂર્યના પ્રકાશની આગળ પતંગિયાના પ્રકાશની જેમ, ભગવદ્ચરિત્રોની આગળ બીજા સાધનોને અતિ હીન માને છે. અને જે કેવળ સાધનોનું બળ રાખનારા (બ્રહ્મજ્ઞાની) હોય તેઓ તો ભગવદ્ચરિત્રોમાં અતિ દોષ કલ્પે છે. ૧૦.

❋ વચનની મહત્તા :

તેઓ તો સાધનોથી જ પોતાનો મોક્ષ માને છે. સાધન સિવાય ક્યારેય મોક્ષ માનતા નથી. પણ તમારે સહુએ અમે જે વચન કહીએ તે રીતે જ વર્તવું. ૧૧. અમારાં એક જ વચનમાં અનંત સાધન આવી જાય છે; એમ તમારે સહુએ સમજવું. અને વળી, જેને પ્રથમથી જ અમારો દૃઢ નિશ્ચય છે, એવા જે ત્યાગી અને ગૃહી છે, ૧૨.

दोहा : अक्षर गोलोक वैकुंठ, श्वेतद्वीप हि धाम;
बद्रिकाश्रम तिनके, मुक्त आये निष्काम...१३
एसे परस्पर ही तुम, जानना दृढ हि बात;
महात्म विन नेह न रहत हे, कोई कोईकु न चाहत...१४

તે બધાં તો અક્ષરધામ, ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ અને બદરિકાશ્રમના નિષ્કામ મુક્તો છે, તે આ સત્સંગમાં આવ્યા છે. આ વાત તમે પરસ્પર અતિ દૃઢ કરીને જાણજો. કારણ કે, માહાત્મ્ય વિના પરસ્પર હેત રહે નહિ. કોઈ કોઈને ચાહે નહિ. ૧૩-૧૪.

✵ સંતો - ભક્તોના અવગુણ ન જોવા :

પરસ્પર એકબીજા ઉપર ઘણા જ ભાવથી હેત રાખવું. કુહેત રાખી ક્યારેય બોલવું નહિ. કુહેત તો આગના અને ઝેરના જેવું છે. ૧૫. આ કળિયુગ તો પાપરૂપ છે. તે જ્યારે મુક્તમાં પ્રવેશ કરે છે ત્યારે તેને પણ વિકૃત કરી દે છે અને તેથી તે ભગવાનના ભક્તોના દોષ કહેવા લાગે છે. ૧૬. જ્યારે હરિભક્તો અને સંતો પરસ્પર એકબીજા હરિભક્તો અને સંતોનું માહાત્મ્ય ન સમજે, અને દોષ કહેવા લાગે ત્યારે તે બધાં દોષ તરત જ દોષ જોનારામાં આવીને વસે છે. કારણ કે, હરિભક્તો અને સંતો તો કલ્પવૃક્ષના જેવા છે. તેથી તેમને વિશે જેવું ચિંતવે-કલ્પે તેવું તરત જ થાય છે. ૧૭. સહુ હરિભક્તો અને સંતોના જીવ તો શુદ્ધ દર્પણ જેવા છે. તેમને વિશે જેવો સંકલ્પ કરે, તે તરત જ પોતામાં તેવા રૂપમાં દેખાઈ આવે છે. અર્થાત્ તે દોષો પોતામાં આવી જાય છે. ૧૮.

चोपाई :

परस्पर कुहेत जब होवे, गुण सब दोष करी तब जोवे;
कुहेत सो हे कलि को रूपा, स्वारथ भंग भये होत विरूपा...१९
परमारथ में स्वारथ रहेउ, काम परे देखात तब तेउ;
त्यागी में त्यागी रूप स्वारथ जोउ, आवत प्रगट देखात सोउ...२०

સંતોમાં અને હરિભક્તોમાં જ્યારે પરસ્પર કુહેત થાય, અવગુણ-અભાવ આવે ત્યારે તેના બધાં સદ્‌ગુણોને દોષના રૂપમાં દેખે છે. કુહેત છે એ જ કળિનું સ્વરૂપ છે. જ્યારે માણસનો સ્વાર્થ ભંગ થાય ત્યારે તે વિરૂપ થઈ જાય છે. ૧૯. પરમાર્થમાં પણ ગુપ્તપણે સ્વાર્થ રહેતો હોય છે. જ્યારે કામ પડે, પ્રસંગ આવે, ત્યારે તે દેખાય છે. ત્યાગીમાં ત્યાગીને અનુરૂપ સ્વાર્થ પ્રગટ

દેખાય આવે છે. ૨૦. **જ્યાં સુધી એકબીજા ઉપર હેત રહે ત્યાં સુધી કુહેત થતું નથી, અવગુણ આવતો નથી. પણ જ્યારે પરસ્પર કળિયુગ પેસી જાય ત્યારે એકબીજાને અપાર હેત હોય, તોપણ તેને ખારું કરી નાખે છે, બગાડી દે છે. ૨૧. આ લોક તો મેશના જેવો કહેવાય છે. આકાશના જેવા નિર્લેપ હોય તેને પણ દોષ લગાડી દે છે. આકાશમાં જેવા વાદળાં ઉપજે છે ત્યારે આકાશ પણ તેવો દેખાય છે.** ૨૨. સ્વચ્છ આકાશમાં તારા, ચંદ્રમા અને સૂર્ય વગેરે બધું જોઈ શકાય છે. સૂર્ય આકાશમાંથી જ પોતાના અપાર પ્રકાશને ચોતરફ દેખાડે છે-ફેલાવે છે. ૨૩. પણ જ્યારે આકાશમાં ઘણાં ઘાટાં વાદળાં થાય છે ત્યારે તેમાં ગ્રહ, નક્ષત્ર કે ચંદ્ર-સૂર્ય કોઈ દેખાતા નથી. અને વાદળાંને લીધે તેનો પ્રકાશ પણ જણાતો નથી. પરંતુ આકાશ વાદળાને લીધે લેશમાત્ર લોપાતો નથી. તેમ હે મુનિશ્રેષ્ઠો ! તમે તેવા હરિભક્ત છો. અર્થાત્ તે રીતે જ તમે બધાં સંતો અને હરિભક્તો છો. જો તમારામાં મેશ કે વાદળાં જેવો કળિયુગ પેસશે તો બધું કામ બગાડી નાખશે. ૨૪. મનુષ્યદેહના આવરણને લીધે તમારામાં અપાર અને અમાપ પ્રતાપ છે, છતાં પરસ્પર એકબીજાને દેખાતો નથી. કેમ જે, જે અપાર અને અમાપ હોય એ માયિક દષ્ટિથી જોઈ શકાતું નથી. ૨૫.

❋ સુખી-દુ:ખી કોણ રહે ? :

આ દેહ (ભાવ) જ તુચ્છ સ્વાર્થને ખાતર એકબીજાનો અતિ દ્રોહ કરાવે છે અને જાતજાતના દોષોને લેવરાવે છે. ૨૬.

सोरठा : मानरूप ही जोउ, स्वारथ रहत मुक्त महिं;
देखात नजर कर सोउ, मनुष्य तन ज्यां लग रहेउ...२७
देह के दोष जेते, जो जन मानत जीय महीं;
दुःखी होत हे तेते, न मानत सो सुखी रहत...२८

મુક્ત હોય તોપણ તે મનુષ્ય શરીરમાં જ્યાં સુધી રહે છે, ત્યાં સુધી તેમાં પણ માનરૂપી સ્વાર્થ રહે છે. તે ઝીણવટથી જોઈએ તો દેખાઈ આવે છે. ૨૭. જે મનુષ્યદેહના દોષો છે તેને આત્મામાં માને છે તે હંમેશાં દુ:ખી થાય છે અને જે દેહના દોષોને આત્મામાં નથી માનતા, તે સુખી રહે છે. ૨૮.

चोपाई :

हरिजन के संग ज्यां लगही, हित रहत जीय में त्यां लगही;
एक एक को हित इच्छत अपारा, दोष न देखत कबहु लगारा...२९
हित को जब ही होवत नाशा, अपार गुण को रहत न पासा;
जितने गुण देखे दोषरूपा, अभाव से गुण होत विरूपा...३०

હરિભક્તોની સાથે જ્યાં સુધી જીવમાં હેત રહે છે, ત્યાં સુધી પરસ્પર અપાર હિત ચાહતા રહે છે અને કોઈપણ એકબીજાનો લગારેય દોષ ક્યારેય દેખતા નથી. ૨૯. પણ જ્યારે હેતનો નાશ થાય છે ત્યારે તેના અનંત ગુણોની અસર તેના ઉપર કાંઈ રહેતી નથી. પછી તો પહેલા જેટલા ગુણ દેખાતા હતા, તે બધા અભાવને કારણે દોષરૂપ થઈ જાય છે, વિરૂપ થઈ જાય છે. ૩૦. ભગવાન શ્રીકૃષ્ણ અને બળરામજી તો અપાર સમર્થ કહેવાય. બળ, શક્તિ કે સામર્થ્યની દૃષ્ટિએ અક્ષર પર્યંત કોઈ તેમના સમાન કહેવાય નહિ. ૩૧. ભવ, બ્રહ્મા કે કોઈ મુક્તની સમજણ પણ તેમની સમજણના જેવી કહેવાય નહિ. પણ જ્યારે તેમણે મનુષ્યદેહ ધાર્યો, ત્યારે તેઓ મનુષ્યની રીતે વર્ત્યા હતા. ૩૨. બધા જ દિવ્ય ગુણો તેમાં હતા, તેમનામાં માયિક ગુણનો લેશ પણ ક્યારેય ન હતો. છતાં બધાં વિમુખ જીવો તેમને પોતાના જેવા માનતા હતા. ૩૩.

તે રીતે જ જ્યારે ઋષભદેવ ભગવાને મનુષ્યદેહ ધારણ કર્યો ત્યારે તેઓ સાત સમુદ્ર સુધીની પૃથ્વીના અત્યંત સમર્થ રાજા થયા હતા. ૩૪. તેમના સો પુત્રો ઘણા જ સમર્થ થયા અને એક એકથી વધારે બુદ્ધિમાન થયા. તેમાં સહુથી મોટા ભરતજી હતા. તેમને રાજ્યગાદી આપી હતી. ૩૫. ઋષભદેવજીના બીજા નવ પુત્રો મહાન યોગેશ્વર થયા. જો કે ઋષભદેવજી ભગવાન હતા. છતાં તેઓ પરમ જ્ઞાની મહાયોગી બન્યા. ૩૬.

તેમણે યોગમાર્ગ ત્રિલોકીના રાજ્ય કરતાં પણ અપાર સુખરૂપ છે, એમ લોકોને દેખાડ્યું. તે વાત કોઈ વિરલા જ જાણે છે. ૩૭. બ્રહ્માનાં પદ જેવું બીજું કોઈ પદ નથી. ઈંદ્રનું સ્વર્ગ તો તેની આગળ કાંઈ જ ગણાય નહિ. સનકાદિકો અને નારદજી, જે બ્રહ્માના પુત્ર હતા તેમણે પણ ભેખ લીધો

અર્થાત્ સંસારના સુખનો ત્યાગ કર્યો. ૩૮. શિવજી અપાર સમર્થ ગણાય. દેવોના પદ કરતાં પણ ઘણું ઉત્તમ અને સારરૂપ યોગના પદને સમજીને તેમણે યોગના માર્ગને સ્વીકાર્યો. ૩૯. મોટા રાજાઓને મધ્યે પણ મહારાજા કહેવાતા એવા બધા ઈંદ્રાદિ દેવો યોગના પદને અનુપમ સમજીને નિત્ય તે યોગના પદને આવીને વંદન કરે છે. અર્થાત્ શિવજી જ્યાં હોય ત્યાં આવીને તેઓ પગે લાગે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'લોજમાં ચરિત્રગાનની પ્રશંસા અને કળિના દોષની નિંદા કરી' એ નામે સત્તરમો તરંગ સમાપ્ત ॥૧૭॥



પૂર બારમું : તરંગ - ૧૮

લોજથી સૂત્રેજ થઈને બાલાગામમાં રાત રહ્યા

શ્રીહરિએ અતિશય પ્રસન્ન થઈને ઉપર કહ્યા પ્રમાણે અત્યંત અદ્‌ભુત વાત કહી. કારણ કે, આ વખતે પોતે સંતોનું અને હરિભક્તોનું હિત કરવા માટે જ તો પ્રકટ થયા છે. ૧. સંતો અને હરિભક્તોના હિત માટેની જેટલી જેટલી સારરૂપ વાતો શ્રીહરિને મનમાં પ્રસંગોપાત સ્ફુરણાયમાન થાતી, તે બધી વાતોને સંતો-ભક્તો આગળ કહેવા ચાહતા. ૨. હરિભક્તોનું અને સંતોનું શાશ્વત હિત શ્રીહરિ નિત્યપ્રત્યે ઈચ્છતા. શ્રીહરિ સંતો અને હરિભક્તોને પરમ વિશુદ્ધ પ્રેમ કરતા. એવો નિર્દોષ પવિત્ર પ્રેમ જગતમાં બીજો કોઈ કરી શકે નહીં. ૩. જગતમાં સંતો-હરિભક્તોને બંધન કરનારી જેટલી બાબતો હોય, તેને શ્રીહરિ વારંવાર વાત કરી કરીને તેમને દેખાડી દેતા અને સાવધાન કરી દેતા. ૪. શ્રીહરિવર જ્યાં જેવા મનુષ્ય હોય ત્યાં તેને અનુરૂપ સ્પષ્ટપણે વાત કરતા. સ્વયં સહુના અંતર્યામી હોવાથી જે વાત કરતાં તે સહુના મનને ગમી જાતી. ૫. શ્રીહરિની પાસે કોઈ પણ સંપ્રદાયના લોકો આવતા, તે શ્રીહરિની વાત સાંભળીને મનમાં ખુશ થાતા, અને તેઓ મનમાં એવું સમજતા કે, ભગવાન સિવાય આવી વાત કોઈ કરી શકે નહિ. ૬.

જેને ધર્મમાં રુચિ ઉત્પન્ન થતી તેઓ સત્સંગ કરતા અર્થાત્ સત્સંગી થાતા. આ રીતે અપાર નર અને નારીઓ, બધાં સત્સંગી થયા. તેને અત્યારે કહે કોઈ પાર આવતો નથી. ૭. અપાર નર-નારીઓ સંસાર છોડીને સહુમાં શિરોમણિ જેવા ત્યાગી થયા. કેમ જે, આ વખતે જેનાથી પર કોઈ નથી એવા સર્વના ઉપરી ભગવાન આવ્યા છે. ૮. જે દિવસથી શ્રીહરિ સત્સંગમાં આવ્યા તે દિવસથી આપણા સત્સંગમાં ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય સર્વોપરીપણે વર્તે છે. ૯. સત્સંગમાં જેટલી બાબતો છે તેને શ્રીહરિએ ઘણી શ્રેષ્ઠ કરીને સર્વોત્તમ સ્થાપી છે અને સત્સંગને સર્વોપરી બનાવ્યો છે. તેથી શ્રીહરિના આવા સત્સંગને દેખીને તો અન્ય સંપ્રદાયવાળા તથા મોટા રાજાઓ પણ વિસ્મિત થઈ જાતા. ૧૦.

આપણા સત્સંગની આવી સર્વોપરીતાને દેખીને તો બધા અધર્મી લોકો બળી ઊઠ્યા. જેનામાં જેવું બળ હતું તે લગાડીને સત્સંગને રોકવા કે પાછો પાડવા તેઓ તનતોડ મહેનત કરવા લાગ્યા. ૧૧. પણ સૂર્યની આગળ પતંગિયાં જેમ ઝાંખા પડે, તેમ તે અધર્મીઓ શ્રીહરિની સમક્ષ ઝાંખા પડી ગયા. અગ્નિ ઉપર પડીને જેમ પતંગિયાં સહજ બળી જાય છે, તેમ શ્રીહરિનો દ્વેષ કરનારા બધા અસુરો સહેજે નષ્ટ થઈ ગયા, અને સત્સંગનો વધતો પ્રતાપ જોઈને તેઓ મનમાં અતિશય ત્રાસ પામ્યા. ૧૨-૧૩. શ્રીહરિ બધા સંતોને એવું કહેતા કે, મારે તમારા એક એકના દ્વારા અનંત જીવોનો ઉદ્ધાર કરવો છે. ૧૪.

હે સંતો ! આ સમયમાં કોઈ પણ મનુષ્ય તમને ભાવથી હાથ જોડીને પગે લાગે, શુદ્ધભાવથી તમારાં દર્શન કરે, તમારા ચરણોમાં માથું નમાવે તો તેનો ઉદ્ધાર થઈ જાશે. ૧૫. જે કોઈ પણ મનુષ્ય તમારે માટે અન્ન-જળ આપશે, ફળ-ફૂલ કે વસ્ત્ર આપશે, તો તે ભવ, બ્રહ્માને પણ દુર્લભ હોય તેવાં અનંત સુખને પામશે. ૧૬. આપણા સત્સંગની બધી રીત-ભાત કે સદાચાર જેને અતિ પવિત્ર લાગશે, તેનો ગુણ લેશે, તો તેને નજીક ક્યારેય જમદૂત આવશે નહિ. ૧૭. તે પાછળથી સત્સંગ કરીને ભગવાનના ધામને પામશે. આ પ્રમાણેની વાત ઘનશ્યામ શ્રીહરિએ કરી. પછી ઝાંઝ, મૃદંગ, સરોદ,

સિતાર અને તંબૂર આદિ વાજિંત્ર રાખવા; એવી આજ્ઞા ધર્મકુમાર શ્રીહરિએ સંતોને કરી. તેને મુક્તાનંદસ્વામી આદિ સંતોએ શિરોધાર્ય કરી. પછી સવાર થયું ત્યારે સહુ ચાલ્યા અને **સૂત્રેજ** ગામ આવ્યા. ૧૮-૧૯.

તે ગામમાં જે હરિભક્તો હતા તે બધાં શ્રીહરિની સન્મુખ આવ્યા. સહુ ફૂલહાર અને શ્રીફળ લાવ્યા હતા, તે હાર શ્રીહરિને પહેરાવ્યા. ૨૦. શ્રીફળ ચરણોમાં ભેટ મૂક્યાં, સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. વિવિધ પ્રકારનાં વાજિંત્ર લાવ્યા હતા, તે અતિ સુંદર રીતે વાગવા લાગ્યા. ૨૧. તે ગામના બીજા બધાં લોકો પણ આવ્યા. તેમણે પ્રેમથી શ્રીહરિનાં દર્શન કર્યાં. શ્રીહરિએ તે સહુની સન્મુખ જોયું અને હેતથી બોલાવ્યા. ૨૨. તેનાથી લોકોને ઘણો ભાવ થયો. પછી શ્રીહરિને ગામમાં પધરામણી કરવા લઈ ગયા. સાથેના જે સંતો હતા તે બધા હેતથી ગામની બહાર ઊતર્યા. ૨૩. વૃક્ષોની છાયા અને બાજુમાં કૂવો હતો, તે જોઈને સહુ સંતોએ ત્યાં ઉતારો કર્યો. જે ઘોડેસવાર અને પાર્ષદો હતા, તે બધાને શ્રીહરિએ પોતાની સાથે લીધા હતા. ૨૪.

શ્રીહરિના અશ્વને સોનેરી સાજથી શણગાર્યો હતો અને પોતે પણ સારા સોનેરી વસ્ત્ર અને ઘરેણામાં ગરકાવ હતા. શિર ઉપર સોનેરી છત્ર ધર્યું હતું અને તેથી અદ્‌ભુત શોભા બની હતી. ૨૫. સૂત્રેજના જેટલા ધનાઢ્ય લોકો હતા તેમણે શ્રીહરિને ઘેરઘેર પધરાવ્યા. ઘણા જ પ્રેમભાવથી પૂજા કરી અને પોતાનાં જન્મને સફળ કરીને પાવન કર્યો. ૨૬. જે હરિભક્તો હતા તેમણે પણ શ્રીહરિની પૂજા પ્રેમથી કરી. પછી શ્રીહરિ ગામ બહાર આવ્યા અને પોતાના તંબુમાં ઉતારો કર્યો. ૨૭. દરબારોના તંબુ અલગ હતા. તેથી તેઓ તેમાં જઈને ઊતર્યા. બપોર થવા આવ્યા ત્યારે રસોઈ પણ તૈયાર થઈ હતી. ૨૮. રસોઈ વર્ણીએ બનાવી હતી. શ્રીહરિ, સંતો, પાર્ષદો અને સાથેના જે દરબારો હતા, તે સહુને રસોઈ જમવા માટે બેસાડી દીધા. ૨૯. કંસારની રસોઈ બનાવી હતી. સહુને કાળજીથી સત્વરે જમાડી દીધા. સંતોમાં સંતો પીરસતા હતા અને પાર્ષદોમાં તથા દરબારોમાં પાર્ષદો પીરસતા હતા. ૩૦.

જેવી શ્રીહરિની રુચિ હતી તે પ્રમાણે વર્ણીએ ઘણા હેતથી શ્રીહરિને જમાડ્યા. પછી જ્યારે વર્ણી ભોજન જમી રહ્યા ત્યારે તરત જ શ્રીહરિ

ચાલવા તૈયાર થઈ ગયા. ૩૧. પંચાળા ગામને નજીક એક સાબળી નદી છે. ચોમાસામાં વરસાદનું પાણી જ્યારે તે નદીમાં આવે છે, ત્યારે તે નદી પાર કરવી ઘણી કઠણ થઈ જાય છે. ૩૨. તે નદીનાં પાણીમાં ઘણા મગર રહેતા હતા. જે તેની ઝપટમાં આવે તેને મારી નાખતા. સહુ નદીના ડરથી (કાંઠે કાંઠે) ચાલતા રહ્યા, અને પંચાળા ગામ આવીને તે નદીની પાર ઉતરી જવાશે તેમ ધાર્યું હતું પણ, તે નદીમાં કમર બરાબર પાણી હતું. વરસાદનું જો પૂર આવે, તો ઉતરાય તેમ ન હતું. એટલે શ્રીહરિ નજીકમાં રહેલા **બાલાગામ** આવીને રહ્યા. અને ત્યાં જે હરિભક્તો હતા તેમને ઘેર રાત રોકાયા. ૩૩-૩૪.

એક હરિભક્ત(કચરાભક્ત) પ્રજાપતિ ઘણા પ્રેમી હતા. તેણે શ્રીહરિના અશ્વને પાણી પાયું. સંતો અને વર્ણીને માટે પાણી લાવીને ભરી દીધું. એ રીતે તેણે ઘણી સેવા કરી. ૩૫. બાલાગામના જે ગામધણી દરબાર હતા, તે જ્યાં શ્રીહરિ ઊતર્યા હતા ત્યાં આવ્યા. તેઓ આવીને શ્રીહરિનાં ચરણોમાં નમી પડ્યા. બંને હાથ જોડ્યા અને ઘણા જ હરખથી બોલ્યા, ૩૬.

'આજ અમારા ધન્યભાગ્ય છે, જે મુખથી કહી શકાતા નથી. આપ અહીં પધાર્યા તેથી આ અમારું ગામ પણ ધન્ય બન્યું છે. ૩૭. આપનાં દર્શનની ઈચ્છા રહ્યા કરતી હતી, ત્યારે આપ સામેથી ચાલીને અહીં પધાર્યા છો. અમારે જે સેવા કરવાની હોય તે આપ બતાવો. આપ જે કહો તે અમે લાવીએ. ૩૮. અત્યારે અશ્વો માટે જોગાણ અને ઘણું ઘાસ મગાવ્યું છે તે આવે છે. આપ જેવા અમારા મહેમાન ક્યાંથી ?' આમ દરબારને જે જે લાવવા કહ્યું તે બધું લાવી આપ્યું. ૩૯. શ્રીહરિએ દરબારનો ઘણો પ્રેમભાવ જોયો. મનમાં ઘણું રાજી થયા. જે જે વસ્તુ અટકતાં ખચકાતાં અટકળે મગાવી, તેને પણ દરબાર ઘણા જ ઉત્સાહથી લાવ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'લોજથી સૂત્રેજ થઈને શ્રીહરિ બાલાગામમાં રાત રહ્યા' એ નામે અઢારમો તરંગ સમાપ્ત ॥૧૮॥



પૂર બારમું : તરંગ - ૧૯

બાલાગામથી શ્રીહરિ માણાવદર આવ્યા અને ત્યાં સાંજે સભા કરી

શ્રીહરિ બાલાગામમાં રાત રહ્યા. જ્યારે સવાર થયું ત્યારે અશ્વ ઉપર બેસીને ત્યાંથી સત્વરે ચાલતા થયા. ૧. પછી શ્રીહરિ **માણાવદર** ગામ આવ્યા. ત્યારે ખબર સાંભળીને ત્યાંના અપાર પુરવાસી હરિભક્તો શ્રીહરિની સન્મુખ આવ્યા. ૨. સહુ ફૂલહાર અને શ્રીફળ લાવ્યા હતા. ભક્તોમાં પ્રેમનો કોઈ પાર ન હતો. આવીને બધા દંડવત્ પ્રણામ કરવા લાગ્યા. ૩. ફૂલના હાર પહેરાવ્યા. શ્રીહરિના ચરણોમાં શ્રીફળ ધર્યાં. ચોતરફ આનંદનું વાતાવરણ છવાઈ ગયું. જે વાજિંત્ર લાવ્યા હતાં, તે ખૂબ જ વાગવા લાગ્યાં. ૪.

હરિભક્તોનો અતિ પ્રેમભાવ જોઈને શ્રીહરિ ઘણા પ્રસન્ન થયા. સહુ હરિભક્તોની સામે સ્નેહભરી દૃષ્ટિથી જોઈ રહ્યા. પછી સહુને અમૃતમય શબ્દો કહીને બોલાવ્યા. ૫. તે પછી બહુનામી અને અતિ કરુણારસથી ભર્યા એવા શ્રીહરિ ગામમાં પધાર્યા. હરિભક્તો અને સંતો મુખથી કીર્તન ગાતા હતા. શોભાનો તો કોઈ પાર જ ન હતો. ૬. ગામમાં જેટલા લોકો હતા, તે બધાં દર્શન કરવા દોડી આવ્યા. અપાર લોકો બજારમાં ઊભા હતા. સહુએ હાથમાં ફૂલના હાર લીધેલા હતા. ૭. સહુ આવીને શ્રીહરિને ફૂલહાર પહેરાવતા અને લાવેલા શ્રીફળને પણ અર્પણ કરતા હતા. શ્રીહરિ જે અશ્વ ઉપર બેઠા હતા તે સમયની શોભા એવી અદ્‌ભુત બની હતી કે, જે કહી શકાતી નથી. ૮.

સોનેરી વસ્ત્ર અને અલંકારોથી સુવર્ણમય થયેલી મૂર્તિ ઘણી સોહામણી લાગતી હતી. શ્રીહરિ મુખે મંદમંદ હસી રહ્યા હતા. ઘનશ્યામ શરીર ઘણું શોભાદાર હતું અને મૂર્તિમાં અપાર તેજ ભર્યું હતું. ૯. જે લોકો દૃષ્ટિને એકાગ્ર રાખીને દર્શન કરતાં હતાં, તેઓ માનો મૂર્તિમાં લીન થઈ જતાં હતાં. જે કોઈ પણ નરનારી એ રીતે દર્શન કરતાં હતાં, તેનાં ચિત્તમાં મૂર્તિ ચોંટી જાતી હતી. ૧૦. મૂર્તિમાં એવું ભારે દૈવત હતું કે, તે ચિત્તમાં ચોંટ્યા પછી ભૂલી પણ ભૂલાતી નહિ. જેનામાં દૈવત ન હોય તેને કોઈ માનતું નથી. આજે દીકરો પણ બાપના કહ્યામાં રહેતો નથી. ૧૧.

બધા એક જ બાપના દીકરા હોય, તોપણ જો પરસ્પર કુહેત હોય તો તેઓ એકબીજાનું મુખ પણ જોતા નથી. જ્યારે ઘરમાં પત્ની આવે છે, ત્યારે તેને પોતાના ભાઈ કરતાં પણ અધિક માને છે. ૧૨. મા-બાપ અને ભાઈ કરતાં પણ સ્ત્રીમાં વધારે હેત થાય છે. સંસાર બધો આવો જ છે; એમ જ્ઞાનીજનો સમજે છે. ૧૩. પશુ અને પંખીમાં પણ આવી જ રીત હોય છે. દેવો અને દૈત્યોમાં પણ જોઈએ તો આવું બધું ગણતા પાર આવતો નથી. ૧૪.

❋ અલૌકિક રીત :

સોરઠા : जब जब हरि अवतार, प्रगट होत हे भोमि पर;
तब तब तेही वार, अलोकिक रीत देखात सब...१५
अलोकीक कर रीत, जग में जन शुभ मति जोउ;
हरि में करत प्रीत, दिन दिन प्रीत बढत जिमि...१६

જ્યારે જ્યારે ભગવાનનો અવતાર આ ભૂમિ ઉપર પ્રકટ થાય છે ત્યારે તેઓ સહુને અલૌકિક રીત દેખાડે છે. ૧૫. ભગવાન અલૌકિક રીતને એ રીતે પ્રવર્તાવે છે કે, જેથી જગતમાં જે શુભ મતિવાળા મુમુક્ષુઓ હોય તેઓ ભગવાનમાં પ્રીતિ કરે, અને તેની તે પ્રીતિ દિનપ્રતિદિન વધતી જ રહે ૧૬. ભગવાનના સાચા સંત સિવાયના દુનિયાના જેટલા મનુષ્યો હોય છે તે બધાં ધનમાં અને નારીમાં અધિક પ્રીતિ કરે છે; એવું દેખાય આવે છે. ૧૭. જ્યારથી આ સંસારની ઉત્પત્તિ થઈ છે ત્યારથી જગતમાં ધન અને નારીને માટે થઈને લોકો પરસ્પર વૈર બાંધે છે અને તેનાથી પરસ્પર અપાર લોકોના મોત નીપજે છે. ૧૮.

❋ મોક્ષદાતા સાચા સદ્‌ગુરુ :

છતાં **જીવને ધન-નારીનો અભાવ આવતો નથી. જો તેવી જ પ્રીતિ શ્રીહરિમાં કરે અને દિનપ્રતિદિન શ્રીહરિમાં ભાવ વધારતો જાય, તો તેને શ્રીહરિનો ક્યારેય અભાવ આવે નહીં. ૧૯. શ્રીહરિ પોતાના ભક્તને જેમ પોતાની ઈચ્છા હોય તે પ્રમાણે અનેક રીતે વર્તાવે, તોપણ જે હરિભક્ત શ્રીહરિનો અભાવ ન લે તેને સાચો હરિભક્ત કહેવાય.** ૨૦.

ધન અને નારી, એ બે નરકનાં દ્વાર છે. મૂઢ માણસો તે બેમાં ખુવાર થાય છે. ભગવાનનું ભજન કરવાથી અપાર લાભ થાય છે. તે સાર બાબતને શ્રીહરિ શુભમતિવાળા મુમુક્ષુ જીવોને જણાવે છે. ૨૧. શ્રીહરિ સારા મુમુક્ષુનાં મનને સમજણ આપીને બદલી નાખતા હતા; એવું મુક્તાનંદસ્વામી કહેતા હતા. શ્રીહરિવરે મસ્તક ઉપર છત્ર ધારણ કર્યું હતું. તેથી તેઓ દર્શન કરનાર સહુને અત્યંત પ્યારા લાગતા હતા. ૨૨. બધા લોકો 'જય જય' 'જય જય' નો પોકાર કરતા હતા, અને શ્રીહરિ બજારમાં ચાલ્યા આવતા હતા. શ્રીહરિની મૂર્તિમાં એવો પ્રતાપ હતો કે, દર્શન કરનારાની મનોવૃત્તિ તૃપ્ત થતી જ ન હતી. ૨૩. ગામમાં જે જે ભાવિક લોકો હતા તે સહુએ ઘેર ઘેર શ્રીહરિની પધરામણી કરાવી. જેનાં મનમાં જેવો પ્રેમભાવ હતો તે લોકો તેને અનુરૂપ શ્રીહરિની પૂજા કરતા હતા. ૨૪.

હરિભક્તોનો જેવો ભાવ હતો તે પ્રમાણે શ્રીહરિ પધરામણીમાં ફર્યા. પછી સારી વિશાળ જગ્યા જોઈને ત્યાં પોતાનો મુકામ કર્યો. ૨૫. તે સ્થળે તંબુ અને ચંદની તણાવ્યા. તે સિવાય એક મંડપ પણ બંધાવ્યો. શ્રીહરિએ તંબુમાં ઉતારો કર્યો. દરબારોએ પણ ત્યાં ઉતારો કર્યો. ૨૬. જે પાર્ષદો હતા તેઓ શ્રીહરિનાં તંબુની ચારેબાજુ ઊતર્યા. બધા સંતો મંડપમાં ઊતર્યા. ૨૭. જે વર્ણી અને સંન્યાસીઓ હતા તેઓ પણ મંડપમાં ઊતર્યા. જે હરિભક્ત વિપ્રો હતા તેમણે બધી રસોઈ બનાવી. ૨૮.

રસોઈ માટેનું બધું સીધું સામાન જે જોઈએ તે કણબી હરિભક્તો લાવ્યા હતા. કંસારની રસોઈ બનાવી હતી. શ્રીહરિ અને સર્વ સંતો તે જમ્યા. ૨૯. બધા દરબારો અને પાર્ષદો પણ ઘણા જ ભાવથી જમ્યા. પછી દિવસ જ્યારે ચાર ઘડી બાકી હતો ત્યારે સહુ સંતો નાહીને પાછા આવ્યા. ૩૦. તે વખતે પરમ ઉદાર એવા શ્રીહરિએ ચંદનીમાં સભા કરી. તે સમયે માણાવદરના નવાબ ગજેફરખાન શ્રીહરિની પાસે આવ્યા. ૩૧. તેઓ શ્રીહરિને મુરશિદના પણ મુરશિદ(ગુરુના પણ ગુરુ) જાણતા હતા. તે નવાબ જ્યારથી શ્રીહરિ પ્રકટ થયા, ત્યારથી આરંભીને શ્રીહરિના બધાં પ્રતાપને બરાબર જાણતા હતા. ૩૨.

ચોપાઈ :

हरि में रहे प्रताप हि जेसो, कोउ जोगी में न जानत तेसो;
बडे हि जेते देव कहावे, श्रीहरि के सो दास देखावे...३३
देवन के देव हरि कु जानी, शिर नमाये भाव अति आनी;
बेठे ताकि रीत अनुसारा, हिंदु को जानत हे व्यवहारा...३४

શ્રીહરિમાં જેવો પ્રતાપ રહ્યો છે તેવો પ્રતાપ તેઓ અન્ય કોઈ જોગીમાં માનતા નહિ. જેટલા મોટા મોટા દેવો કહેવાય છે તે બધા શ્રીહરિના દાસ છે, એમ તેઓ બતાવતા. ૩૩. શ્રીહરિને દેવોના પણ અધિદેવ જાણીને તેઓ અત્યંત ભાવ લાવીને માથું નમાવતા હતા. તેઓ પોતાની રીતને અનુસારે ત્યાં બેઠા. તેઓ હિંદુઓના વ્યવહારને જાણતા હતા. ૩૪. શ્રીહરિએ ઘણું હેત જણાવીને નવાબને બોલાવ્યા અને તેનું સન્માન કર્યું. નવાબે મયારામ ભટ્ટની પાસે પોતાના વતી શ્રીહરિની પૂજા હરખથી કરાવી. ૩૫. સારાં નવાં વસ્ત્ર અને ઘરેણાં શ્રીહરિને ધરાવ્યાં. તેમજ શ્રીહરિને રાજી કરવા તેઓ ગાયક કલાકારોને પણ પોતાની સાથે લાવ્યા હતા. પછી સભામાં તેમની પાસે સંગીતગાન કરાવ્યું. તે પછી સંધ્યા ટાણું થયું ત્યારે ત્યાં મશાલો કરાવી. ૩૬.

ત્યારે સંતો આરતી બોલ્યા અને નારાયણ ધૂન કરી. સહુ મૂર્તિમાં તલ્લીન થઈને સ્તુતિના શ્લોક બોલતા હતા. ૩૭. જ્યારે સહુ સ્તુતિ કરી રહ્યા ત્યારે બુદ્ધિમાન તે સંતો શ્રીહરિનાં ચરણોમાં નમીને બેઠા. ૩૮. સહુ સંતો પણ પરસ્પર ઘણા જ ભાવથી 'જય સ્વામિનારાયણ !!!' એમ કહીને એકબીજાને પગે લાગ્યા. સંતોએ ઉચ્ચારેલો તે 'જય સ્વામિનારાયણ' આવો શબ્દ આકાશમાં ચોતરફ છવાઈ ગયો. ૩૯. સંતો પગે લાગીને બેઠા. તે પછી હરિભક્તો પણ ઘણા ભાવથી પગે લાગીને બેઠા. તે પછી શ્રીહરિ ત્યાં સભામાં વાત કરવા લાગ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'બાલાગામથી શ્રીહરિ માણાવદરમાં આવ્યા અને ત્યાં સભા કરી' એ નામે ઓગણીશમો તરંગ સમાપ્ત ॥૧૯॥



પૂર બારમું : તરંગ - ૨૦

માણાવદરમાં શ્રીહરિએ નવાબને દેશકાળોચિત વર્તનની વાત કહી

શ્રીહરિનાં મુખની વાત સાંભળીને નવાબ ગજેફરખાન બે હાથ જોડીને શ્રીહરિને કહેવા લાગ્યા, 'હે મહારાજ ! આપની વાતો અલૌકિક છે. બીજા કરતાં કાંઈક જુદી જ જણાય છે. ૧. આપ જ્યારથી પ્રગટ થયા છો ત્યારથી દરેક વર્ષે અલગ અલગ કાયદાઓ-નિયમો સત્સંગમાં ચલાવો છો. તેનું કારણ શું છે ? તે આપ મને કહો. ૨. દુનિયામાં પ્રયોજન કે કારણ વિના કોઈ માણસ કાંઈ કામ કરતો નથી; એવું જણાય છે. આપ તો સાક્ષાત્ પરમેશ્વર છો. તેથી હેતુ વિના ક્યારેય કાંઈ કરો જ નહિ; એવું હું જાણું છું. ૩. પરંતુ આપના હેતુઓની બાબતમાં અમને કાંઈ સમજાતું નથી. આપે કરેલા નવા નવા નિયમોને દેખીને અમને તો મોહ ઊપજે છે. ૪.

અન્ય મત-સંપ્રદાયોમાં તો જે રીત પહેલાથી ચાલી આવતી હોય છે તે એકસરખી ચાલ્યા કરે છે, પણ આપનાં મતમાં તો કોઈ રીત એકસમાન ચાલતી દેખાતી નથી. ૫. મેં સાંભળ્યું છે કે, આપના સત્સંગના મૂળમાં તો આત્માનંદસ્વામી હતા. તેમનાથી પૂર્વે કોણ હતું તે મેં સાંભળ્યું નથી. તો તે બધું મને પ્રેમથી કહો. ૬. તે આત્માનંદસ્વામીના પછી ગુરુ રામાનંદસ્વામી થયા. તેમણે પણ પોતાના ગુરુ કરતાં કાંઈ ઓર જ રીત ચલાવી હતી અને તેમના પછી આપ થયા છો. તો આપે પણ પોતાના ગુરુની રીતથી કાંઈ જુદી જ રીત પ્રવર્તાવી છે.' ૭. ઉપર કહ્યા મુજબ નવાબે જેટલી વાત પૂછી તેને શ્રીહરિ સાવધાનપણે સાંભળતા રહ્યા. જ્યારે નવાબ બોલી રહ્યા ત્યારે ધર્મકુમાર શ્રીહરિ તેમને કહેવા લાગ્યા. ૮.

રાજન્ ! તમે જે વાત પૂછી છે, તે રીતે બીજા ઘણાને મનમાં આ સંશય રહ્યા કરે છે. હવે સંશય બિલકુલ ન રહે, તેવી વાત હું કહું છું. ૯. જે પોતાના પૂર્વજ ગુરુ કરતાં વિશેષ સમર્થ થાય તે તેમની બાબતમાં વિશેષ વિચાર કરતા હોય છે. અને તેને જ તેમાં સુધારો કરવાનું સૂઝે છે, જે વિશેષ સમર્થ ન હોય, તેને બીજો કાંઈ વિચાર થાતો નથી. ૧૦. **અને જે સમર્થ ગુરુ**

હોય તે જ્યારે પરંપરામાં આવે છે ત્યારે પોતાનાં સામર્થ્યને જણાવે છે, અને તેથી જેનામાં જેટલું સામર્થ્ય હોય તે પ્રગટ દેખાઈ આવે છે. ૧૧. પછી તે સમર્થ ગુરુની દષ્ટિમાં જે યોગ્ય જણાય તે પ્રમાણે તેઓ વર્તનમાં, આચાર-વ્યવહારમાં ફેરફાર કરે છે અને તે ફેરફાર કરે છે ત્યારે કોને કેટલો ખપ છે ? તે પણ પ્રગટ દેખાઈ આવે છે. ૧૨.

સોનામાં જેટલું દૈવત-શુદ્ધિ હોય તે તો અગ્નિમાં તપાવે ત્યારે કે કસોટીમાં કસે ત્યારે દેખાઈ આવે છે. તપાવ્યા કે કસ્યા વિના સોનાની શુદ્ધિ કોઈ કહી શકે નહીં. ૧૩. તેમ જે વર્તન છે તે જ અગ્નિનું તાપન અથવા કસોટી છે. વર્તન ઉપરથી જ માણસ જેવો હોય તેવો તરત દેખાઈ આવે છે. અને તે વર્તનરૂપી પરીક્ષા કર્યા પછી તેમાં સંદેહ રહેતો નથી. ૧૪. બળદને એક જ ધરમાં જોડવામાં આવે તો તેની ખરી પરીક્ષા થાતી નથી. પણ જ્યારે તેને જુદી જુદી ધરમાં જોડીને હાંકવામાં આવે ત્યારે તે બળદ જેવો હોય તેવી તેની પરખ થઈ જાય છે. ૧૫. તે રીતે જ જે સમર્થ ગુરુ હોય છે તે પોતાના આશ્રિત ત્યાગી હોય કે ગૃહસ્થ હોય, તેમને વિવિધ આજ્ઞાઓમાં પ્રસન્ન મનથી વર્તાવે છે. ૧૬.

સુવર્ણ આદિ ધાતુઓમાં અને કાષ્ઠ, પથ્થર કે માટીમાં ક્યાંય એકસમાન ઘાટ દેખ્યામાં આવતા નથી. કપાસમાંથી પણ બધાં જ કપડાં એકસરખા થતાં હોય તેમ દેખાતું નથી. પણ જ્યારે અનુભવી કારીગર કે ગુરુ મળે છે ત્યારે તે એક ઘાટમાંથી અનેક ઘાટ રચે છે. તેવી જ સમર્થ અનુભવી ગુરુની રીત હોય છે. ૧૭-૧૮. જગતમાં ક્રિયાઓ અનેક પ્રકારની હોય છે અને તે ક્રિયાઓને શીખવનારા સૌના ગુરુ પણ ભિન્ન ભિન્ન હોય છે. તે જ રીતે જ્યારે એક જ મોક્ષના દાતા ગુરુ જગતમાં પ્રકટે, ત્યારે જે જે મુમુક્ષુઓ ત્યાગી અથવા ગૃહસ્થ તે મોક્ષદાતા ગુરુને શરણે આવે છે, તેમના માટે તે ગુરુ તેમનો ઉદ્ધાર કરનારા બને છે. ૧૯-૨૦.

❋ સમર્થ ગુરુ થકી પાપથી મુકાવાય છે :

ગુરુનાં આજ્ઞા-વચનમાં એવો પ્રતાપ રહ્યો છે કે, તે શિષ્યનાં અનંત જન્મનાં પાપોનો વિનાશ કરી નાખે છે. સમર્થ ગુરુ વિના કોઈનાં પાપ છૂટે નહિ. પાપોથી છોડાવ્યા ઉપરથી જ ગુરુનાં સામર્થ્યની પરખ થાય છે. ૨૧.

મુમુક્ષુ શિષ્યનાં પાપ છૂટ્યાની પરખ એ છે કે, તેની મતિ ધર્મમાં પ્રવેશ કરે, તેને મોક્ષકારક ધર્મ પાળવામાં રુચિ થાય, તેને મોક્ષરૂપ ભક્તિ ગમવા લાગે, ૨૨.

चोपाई :

मोक्षरूप ज्ञान वैरागा, तामें अति होवे अनुरागा;
तेहि कर देहिक क्रिया जेती, पवित्र होई जावत हे तेती...२३
अंतर वरतत शुद्ध हि जबहू, बाहिर शुद्ध देखावत तबहू;
बाहिर शुद्ध अंतर मलीना, क्रिया में सो आवत चीना...२४

મોક્ષોપયોગી જ્ઞાન અને વૈરાગ્યમાં પણ ઘણો પ્રેમ થાય અને તેને પરિણામે તેના દેહની બધી ક્રિયાઓ પણ અતિશય પવિત્ર થઈ જાય છે. ૨૩. જ્યારે અંતઃકરણ શુદ્ધ વર્તતું હોય ત્યારે બહારની ક્રિયા પણ શુદ્ધ દેખાય છે. બહારથી શુદ્ધ દેખાય પણ જો તેનું અંતર મલિન હોય તો તે ક્રિયામાં જણાય આવે છે. ૨૪. પૂર્વ દેશ(વર્તમાન પૂર્વોત્તર પ્રદેશ)ના લોકોમાં જેટલા બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર છે તે બધામાંથી અમુક લોકો રુદ્રાક્ષને ધારણ કરતા હોય છે, છતાં તેઓ બધાં પાપના સમુદ્રથી ભરેલા હોય છે. ૨૫. ત્યાંના બધાં લોકોમાં એક એવી કહેવત છે કે, 'જે રુદ્રાક્ષને ધારણ કરે છે તેને કોઈ જાતનું પાપ લાગતું નથી.' અને તેને લીધે જ તેઓ અમાપ પાપ કરતાં રહે છે. ૨૬.

તેઓ એવી વાત કહે છે કે, રુદ્રાક્ષરૂપ ચિહ્નને ધારણ કરીને રુદ્ર બધી સૃષ્ટિનો વારંવાર સંહાર કરી શકે છે, તે રુદ્રાક્ષનો એવો પ્રતાપ છે. ૨૭. રુદ્રાક્ષ રુદ્રરૂપ છે, એટલે જે રુદ્રાક્ષને ધારે છે તે રુદ્રરૂપ થઈ જાય છે. અને જ્યારે તે વિભૂતિ-રાખને લગાવે છે ત્યારે વિરૂપ થઈ જાય છે. ૨૮.

જે ઈશ્વરના ચિહ્નોને ધારણ કરીને પાપ કરે છે તેને તો ચાંડાળની ઉપમા અપાય છે. કેટલાક લોકો મોટા પુરુષોનું બહાનું ધરીને છાની રીતે વિવિધ પ્રકારનાં વ્યસન રાખે છે. ૨૯. તેઓ પોતે ઉત્તમ જાતિના હોવા છતાં નિર્ભય થઈને માંસ-મદિરાને ખાય-પીવે છે. કેટલીક દીક્ષાઓમાં પણ ધર્મનું રૂપ ધરીને અધર્મ ભર્યો-પડ્યો હોય છે. ૩૦. **ઉપરથી તો ઘણો ધર્મ દેખાતો હોય પણ તેની અંદર અપાર અધર્મ ભર્યો હોય છે. જ્યારે માણસ શુદ્ધ સત્સંગ કરે છે ત્યારે તેને આ બધું પાપ દેખાય છે. ૩૧.**

❋ શુધ્ધ સત્સંગ :

શુદ્ધ સત્સંગ વિનાની દીક્ષા, ઉપાસના, જે જે ધર્મ કહેવાતો હોય, તીર્થ-વ્રતાદિક કરવા, કરેલાં દાન પુણ્યાદિ સત્કર્મ, એ બધું અધર્મરૂપ થઈ જાય છે. વારંવાર દવા લેવામાં આવે પણ જો લગારેય ચરી ન પાળે તો ખાધેલી દવા જેમ નિરર્થક થઈ જાય છે અને રોગ મટતો નથી, તેમ સત્સંગ વિનાના કરેલા બધાં જ સાધન નિરર્થક થઈ જાય છે, નિષ્ફળ થઈ જાય છે. જગતમાં કહેવાતા સમર્થ રાજા અને ગુરુઓની ઈચ્છાને કારણે એવા વિપરિત દેશકાળાદિક પ્રવર્તે છે. ૩૨-૩૪

તેથી જેવા દેશકાળ હોય તેને જોઈ વિચારીને અમે તરત જ વર્તન ફેરવી દઈએ છીએ, તેમાં વિલંબ કરતા નથી. જે વર્તન અમારા અંતરમાં બીજા કરતાં સુખદાયક જણાય આવે છે, ૩૫. તેવું પ્રકરણ અમે તત્કાળ ચલાવીએ છીએ. અને જે વર્તન બાધ કરે એવું હોય તો તેને અમે ટાળી નાખીએ છીએ. જે પુરુષ(ગુરુ)ને બાધ ન દેખાય તે તો અંધ કહેવાય છે. અને જે અંધ હોય તે ક્યારેય શુદ્ધમાર્ગ ચલાવી શકતો નથી. ૩૬.

આ પ્રમાણે શ્રીહરિએ સહુના સાંભળતા નવાબની આગળ ઘણી ઘણી વાતો કરી. તે સાંભળી નવાબ વિસ્મય પામ્યા અને બોલ્યા કે, ધર્મકુમાર શ્રીહરિને ધન્ય છે. ૩૭. **અવતારો તો ઘણા થયા પણ આવો અવતાર ક્યારેય થયો નથી; એ બધું વર્તનમાં દેખાય છે. આમણે તો અધર્મને મૂળગો ઉખાડી નાખ્યો છે.** ૩૮. આ રીતે જ્યારે એક પહોર(૩ કલાક) રાત વીતી ત્યારે નવાબે ઊઠીને રજા લીધી અને તેઓ પોતાને રાજભવને ગયા. ૩૯. પછી બધી સભાને વિદાય આપી. પોતે પ્રભુ શ્રીહરિ જઈને તંબુમાં પોઢી ગયા. જ્યારે અરુણોદય થયો ત્યારે સંતોએ નારાયણ ધૂન કરી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'માણાવદરના નવાબે કરેલા પશ્નના ઉત્તરમાં દેશકાળોચિત વર્તનની શ્રીહરિએ વાત કહી' એ નામે વીશમો તરંગ સમાપ્ત ॥૨૦॥



પૂર બારમું : તરંગ - ૨૧

પીપલાણામાં શ્રીહરિએ પોતાના આગળના અનુભવનું સ્મરણ કર્યું

શ્રીહરિ પછી **માણાવદર** ગામથી તત્કાળ ચાલતા થયા અને **પીપલાણા** ગામ આવ્યા. શ્રીહરિના આશયને કોઈ કળી શકતા નહિ. ૧. પીપલાણાના હરિભક્તો સમાચાર જાણીને તરત જ શ્રીહરિની સન્મુખ ફૂલના હાર લઈને આવ્યા. તે બધાં ધર્મકુંવર ઘનશ્યામ શ્રીહરિને ઘણા જ પ્રેમથી પહેરાવ્યા. ૨. **આખા** ગામના હરિભક્તો પણ ત્યાં શ્રીહરિનાં દર્શન કરવા આવ્યા. તેઓ પણ ફૂલહાર લાવ્યા હતા. તે બધાં શ્રીહરિને તેમણે પહેરાવ્યા. ૩. સૌ શ્રીહરિને પગે લાગ્યા ત્યારે શ્રીહરિએ ભક્તોને પ્રેમથી બોલાવ્યા. સહુને શ્રીહરિના ઉપર અતિ હેત છવાઈ ગયું. કારણ કે, તે સમયે ત્યાં કોઈ પણ ભક્ત સમાધિ વગરના ન હતા. ૪.

❋ શ્રીહરિમાં પ્રીતિવાળા ભક્તો :

चोपाई :

कामकाज करे घर केरा, पलक न विसरे हरि कोउ वेरा;
श्रीहरिवर की जो मूर्ति जेहा, नखशिख अंग शोभामय तेहा...०५
अंग की शोभा को लहे न पारा, हरिजन ध्यान करत अपारा;
ध्यान करत सुख अपरम आवे, जाको कोउ न पार हि पावे...०६

તે ભક્તો ઘરનું બધું કામકાજ કરતાં કરતાં એક પળવાર પણ શ્રીહરિને ભૂલતા નહિ. શ્રીહરિવરની નખશિખ મૂર્તિ અત્યંત શોભામય હતી. ૫. શ્રીહરિનાં અંગોની શોભાનો કોઈ પાર લઈ શકે નહીં. હરિભક્તો સતત તે મૂર્તિનું અપાર ધ્યાન કરતા હતા. મૂર્તિનું ધ્યાન કરતાં કરતાં ભક્તોને અપરંપાર સુખ આવતું હતું, તેનો કોઈ પાર પામતું નહિ. ૬. **શ્રીહરિની મૂર્તિનાં ધ્યાનનાં સુખની તુલનામાં બીજા બધાં સુખ તો ફિક્કા થઈ ગયા હતા. શ્રીહરિ ભક્તોને બળજબરીથી દેહમાં રાખતા, છતાં ભક્તોનો જીવ દોડીને ધ્યાનમાં જોડાઈ જતો.** ૭. સોરઠમાં જેટલા હરિભક્તો હતા તે બધાં જ સમાધિવાળા હતા. તેમના ઉપર શ્રીહરિની ભારે કૃપા હતી. તેથી તેઓ નરનારી બધાં જ

સમાધિને પામ્યા હતા. ૮. અને તેઓ બધાં જ જેટલા ષટ્ચક્રનાં સ્થાનો છે તેને ભેદવાની રીતને પણ જાણતા હતા. ઘનશ્યામ શ્રીહરિ ઓજત ગંગાને કિનારે ઊતર્યા હતા. ૯. શ્રીહરિ ત્યાં આવીને રસોઈ જમ્યા અને બહુનામી શ્રીહરિએ કરુણા કરીને બધા સંત, વર્ણી, પાર્ષદો અને દરબારો બધાને ત્યાં રસોઈ જમાડી. ૧૦.

આખા અને પીપલાણા, બંને ગામના ભક્તોની રસોઈ હતી. ભક્તોએ બંને ગામમાં શ્રીહરિને ઘેર ઘેર પધરાવ્યા અને ઘેર ઘેર પધરામણી કરાવી, તેમની પૂજા કરી. આ રીતે હરિભક્તોએ ઘણો જ લાભ લીધો. ૧૧. બંને ગામમાં ભક્તોએ ઘણીવાર શ્રીહરિની પૂજા કરી હતી. સહુને શ્રીહરિના ઉપર ઘણો જ સ્નેહભાવ હતો. સુખધામ શ્રીહરિ વારે વારે આવીને તે બંને ગામમાં રાત રહેતા. ૧૨. શ્રીહરિવર સહુ હરિભક્તોની આગળ વાત કહેતા કે, સદ્‌ગુરુ રામાનંદસ્વામી સહુ પહેલા અમને અહીં પીપલાણામાં મળ્યા હતા. ૧૩. અને આ ગામમાં ઘણો જ પ્રેમભાવ રાખીને સ્વામીએ 'શ્રીસહજાનંદસ્વામી' અને 'નારાયણમુનિ' આવાં અમારા બે નામ રાખ્યાં હતાં. ૧૪.

જીવોનો ઉદ્ધાર કરવાને માટે પછી અમે અમારું 'સ્વામિનારાયણ' આવું નામ ધાર્યું. જે કોઈ પણ મનુષ્ય સ્વામિનારાયણ એ નામનો જપ કરે, તો તેનો મોક્ષ અવશ્ય થાય છે. ૧૫. સુખધામ સદ્‌ગુરુ રામાનંદસ્વામી આ પીપલાણા ગામમાં એક દિવસ પ્રસન્ન મનથી પલંગ ઉપર બેઠા હતા. ૧૬. તેઓ જ્યાં બેઠા હતા તે નરસિંહ મહેતાનું ઘર હતું. એક દિવસ હરિ ઈચ્છાથી ત્યાં એક મુસલમાન અચાનક ચઢી આવ્યો. ૧૭. તેને તત્કાળ જ દિવ્ય દૃષ્ટિ પ્રાપ્ત થઈ. ત્યારે તે ઊંચે અવાજે સરસ વચન બોલવા લાગ્યો. તમારાં હિંદુઓની આવી રીત કેમ છે ? કે, તમે મોટા પુરુષોની થોડીએ મર્યાદા(અદબ) રાખતા નથી ? ૧૮. મોટા સાહેબના પણ સાહેબ-ધણીના પણ ધણી જે પરમેશ્વર છે તે જમીન ઉપર નીચા બેઠા છે અને જે તેમના સેવક-દાસ છે તે ઊંચે પલંગ ઉપર ચઢી બેઠા છે ! ૧૯.

❋ ગુણથી મહાનતા છે :

ત્યારે સદ્‌ગુરુ રામાનંદસ્વામી હસતે મુખે બોલ્યા, અમારા હિંદુઓના સમાજમાં જે સહુથી મોટા અને મહાન હોય છે, તેઓ જેને ગુરુ કરીને માને છે તેને ઊંચે આસને બેસાડે છે. અને એમ કરવાથી તે અતિશય મહાન પુરુષનું મહત્ત્વ દિનપ્રતિદિન વધતું રહે છે. ૨૦-૨૧. જે ચક્રવર્તી રાજા હોય છે, તેની ઊંચે બેઠા વગર પણ ઊંચાઈ-મહત્તા રહે જ છે. કારણ કે, અતિ મોટાઈ તો ચક્રવર્તી પદમાં છે, ઊંચે કે નીચે બેસવામાં નથી. ૨૨. **માત્ર ઊંચા આસન ઉપર બેસવાથી મોટાઈ આવતી નથી. મોટાઈ તો જેમાં જેટલી હોય તેટલી જ રહે છે. ચિંતામણિ છુપાવ્યો છુપાતો નથી. તે રીતે મહાન પુરુષના ગુણની રીત છે. ૨૩. મહત્તાને યોગ્ય ગુણો વિના ક્યારેય મહત્તા પામે નહીં. ભલેને કરોડો પ્રકારે પ્રયત્ન કરવામાં આવે ! પરંતુ જે રીતે મોટાની મરજી હોય તેમ અમે દાસ થઈને તે રીતે વર્તીએ છીએ. ૨૪.**

આ સંસારમાં શ્રીરામચંદ્રજી ભગવાન કરતાં કોઈ વધારે મોટા કહેવાય નહિ, પણ તેમણે જ્યારે વસિષ્ઠજીને ગુરુ કર્યા ત્યારે તેઓએ તેમને અધિક માન્યા હતા. ૨૫. તે રીતે જ શ્રીકૃષ્ણ ભગવાન કરતાં કોઈને અધિક મોટા કહેવાય નહિ, છતાં તેમણે મહારાજ ઉગ્રસેનને પોતાનાં કરતાં મોટા કરી રાજગાદીએ સ્થાપ્યા. ૨૬. આ રીતે હિંદુના સમાજમાં આવો શિરસ્તો ચાલ્યો આવે છે. તેથી આગળની રીત વિચારીને અમે તે શિરસ્તા પ્રમાણે ચાલીએ છીએ. ૨૭. ભલે તે દેખીતી રીતે બાધ જણાતો હોય પણ અમને તેમાં કાંઈ દોષ જણાતો નથી; આવી સ્વામીએ અગાધ વાતો કરી હતી. ૨૮.

તે સાંભળીને તે મુસલમાનને ઘણું આશ્ચર્ય થયું અને તે બોલ્યો કે, મોટાની વાતો મોટી હોય છે. મેં તમને જે વાત પૂછી તેનું રહસ્ય તમે દેખાડી દીધું. વગર પૂછે તો વાત ઊલટ-સુલટ જણાય. ૨૯. શ્રીહરિએ કહ્યું, આવી જેટલી વાતો હોય તે સવળી વાત હોવા છતાં અવળી દેખાય છે. જ્યારે વાત સવળી દેખ્યામાં આવે ત્યારે તે વાત માણસને દૃઢતાપૂર્વક મનાય છે. ૩૦. પછી તે સત્સંગ કરે કે ન કરે, પણ તેના અંતરમાંથી તે વાતની સત્યતા જતી નથી. પછી લોકો ભલે ગમે તેવી વાતો કહે પણ તેને તે વાત લેશમાત્ર પણ

માન્યામાં આવે નહીં. ૩૧. પાછળથી જો તે વિવેકથી વિચારીને જુએ તો તે ક્યારેક સત્સંગી થાય છે. **સત્કર્મનું ફળ વિવેક છે અને દુષ્કર્મનું ફળ અવિવેક છે.** ૩૨. માણસમાં જ્યાં સુધી અવિવેક રહે છે ત્યાં સુધી તેને જન્મ-મરણ ટળતા નથી. તે તો લખચોરાશી અને જમપુરીમાં જાય છે. અને ત્યાં વારંવાર બહુ દુઃખ પામે છે. ૩૩. અજાણતા પણ જો કાંઈ પુણ્ય થઈ ગયું હોય તો માણસની બુદ્ધિમાં વિવેક સ્ફુરે છે અને તે વિવેકને લીધે તેને સત્સંગની પ્રાપ્તિ થાય છે અને સત્સંગ કરવાથી જન્મ-મરણ વગેરેનું દુઃખ ટળી જાય છે. ૩૪.

प्रगट हरि वा संत हि ताके, वा हरिजन कोउ मिलत वाके;
तेहि कर सत्संग को होत जोगा, चोरासी जमपुरी भागत रोगा...३५
अलोकिक सुख लहनको जेहू, सत्संग विन उपाय न केहू;
हरिजन संत कहावत जेते, एसी वात नित करना तेते...३६

પ્રકટ ભગવાન અથવા તેમના સાધુ અથવા કોઈ હરિભક્ત મળી જાય, તો એમના પ્રસંગથી સત્સંગનો યોગ થાય છે. અને તેનાથી લખચોરાશી તથા જમપુરીનો રોગ નાશ પામે છે. ૩૫. અલૌકિક સુખ મેળવવા માટે તો સત્સંગ સિવાય બીજો કોઈ ઉપાય નથી. તમે સહુ સંતો અને હરિભક્તો છો, તેમણે નિત્ય આવી વાતો કરવી. ૩૬. દેશો દેશમાં જે હરિભક્તો છે તેમના ગામે ગામ જઈને સંતોએ આવી સત્સંગની વાતો કરવી. ૩૭. જો આવી વાતનો જોગ ન રહે તો સત્સંગનો નાશ થઈ જાય છે અને જો આવી વાતોનો રોજબરોજ અભ્યાસ રાખે તો સત્સંગ બળમાં રહે છે અને દિવસે દિવસે વધતો રહે છે. ૩૮. **દુનિયાની માયિક વિદ્યા પણ જો અભ્યાસ ન રાખે તો રહેતી નથી. અને આ તો બ્રહ્મવિદ્યા છે, તેથી અભ્યાસ વિના તો તે કાંઈ જ રહે નહિ. ૩૯. સત્સંગનો અભ્યાસ સહુથી વધારે કરવો. અને તે સત્સંગના અભ્યાસથી જ ભક્તનાં દિલમાં પ્રગટ ભગવાનનો નિવાસ થાય છે. ૪૦.**

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'પીપલાણામાં શ્રીહરિએ પોતાનાં આગળના અનુભવનું સ્મરણ કર્યું' એ નામે એકવીશમો તરંગ સમાપ્ત ॥૨૧॥



પૂર બારમું : તરંગ - ૨૨

મેઘપુરમાં પાર્ષદ મૂળજીની અસુરો દ્વારા હત્યા

પીપલાણામાં જે સંતો અને હરિભક્તો હતા તે બધાં શ્રીહરિનાં મુખની વાત સાંભળીને મનમાં ઘણું જ રાજી થયા. અને સહુએ ઉમંગથી હા કહી. ૧. અને સત્સંગની વાતો કરવાનો સહુએ નિયમ લીધો. તેનાથી શ્રીહરિ સહુના ઉપર પ્રસન્ન થયા અને બાથમાં લઈને બધાને ભેટ્યા. ૨.

શ્રીહરિ પીપલાણામાં એક રાત રહ્યા. પછી ત્યાંથી સવારના પહોરમાં જ સહુ સંતોને સત્સંગપ્રચાર માટે વિદાય આપીને ચાલતા થયા અને ત્યાંથી **મેઘપુર** ગામ આવ્યા. ૩. ત્યાંના ગામધણી અમરસિંહ ભાટ હતા. તેમણે ઘનશ્યામ શ્રીહરિ પધારે છે એવું સાંભળ્યું, એટલે તેઓ ઘણા જ ભક્તિભાવથી સન્મુખ આવ્યા. ૪. જ્યારે શ્રીહરિની એકદમ પાસે પહોંચ્યા ત્યારે ઉત્સાહથી પગે લાગ્યા. ઘણી જ ભાવનાથી પોતાને ઘેર લઈ આવ્યા અને પોતાના રાજદરબારમાં ઉતારો કરાવ્યો. ૫. તેમણે રસોઈ કરાવી. પછી શ્રીહરિને અને સાથેના સહુને જમાડ્યા. તે ગામમાં શ્રીહરિ રાત રોકાયા પણ તે ગામના વેરાગીઓ શ્રીહરિના ઉપર દ્વેષ રાખતા હતા. તેથી તેઓ ક્રોધથી બેબાકળાં બની દુઃખી થઈ ગયા. ૬. તે વેરાગીઓએ છાની રીતે કેટલાક વિકરાળ અને લડાકું બીજા વેરાગીઓનું ટોળું તત્કાળ બોલાવી લીધું હતું. સૂર્યોદય થતાં તો આવેલા તે અપાર વેરાગીઓ બીજા હરિભક્તોને ડરાવવા લાગ્યા. ૭. ગામના બધા હરિભક્તો ભેગા થયા. અને અમરસિંહ ભાટની આગળ જઈને બધી હકીકત કહી. પણ તેણે તે વાતને બહુ ધ્યાનથી સાંભળી નહિ અને તે વાતને છુપાવી રાખી. ૮. શ્રીહરિની આગળ તે વાતને જાહેર કરી નહિ. પણ અંતર્યામી શ્રીહરિ તો તે બધું જાણી ગયા હતા. અમરસિંહે તે હરિભક્તોને કહ્યું, જો શ્રીહરિને કહીશું તો તેઓ અહીંથી તરત જ ચાલી નીકળશે, અહીં રહેશે નહિ. ૯. પણ શ્રીહરિ તો કોઈનાં બંધનમાં આવે એવા નથી. તેઓ તો ચરાચર સહુમાં વ્યાપક છે. જો તેઓ કોઈનાં બંધનમાં આવે તો તેમની સામર્થી તેટલી ઓછી કહેવાય. ૧૦.

કંસે શ્રીકૃષ્ણ ભગવાનના વિરુદ્ધ ઘણા જ ઉપાય કર્યા. તેનો કોઈ પણ ઉપાય ક્યારેય લેશમાત્ર પણ ચાલ્યો નહિ. કંસે શ્રીકૃષ્ણને મારવા માટે જે કોઈ ગુપ્ત યોજના કરી તે શ્રીકૃષ્ણથી અજાણી ન રહી. ૧૧. અમરસિંહ ભાટની પુત્રી લાડકીબાઈ નામે હતી. તેણે સમાધિમાં ત્યાં આવેલા બધા અસુરોને દેખ્યા ખરા, પણ તેણે શ્રીહરિની પાસે તે વાત કહી નહિ. ૧૨. તે સમયમાં શ્રીહરિની સાથે મૂળજી નામે એક ઘણા જ શૂરવીર પાર્ષદ આવ્યા હતા. તેઓ સૂર્યોદય થયા પહેલા જ નાહવા માટે કૂવાને કાંઠે ગયા. ૧૩. તેઓ નાહીને જ્યારે ગામમાં આવતા હતા ત્યારે વેરાગીઓ તેની સન્મુખ આવ્યા. અને મૂળજીને ગાળ દીધી, છતાં પાર્ષદ મૂળજીએ તે સહન કરી લીધી. ૧૪.

મૂળજીએ જ્યારે તે સહન કરી લીધું ત્યારે તે વેરાગીઓ વધારે બળ કરવા લાગ્યા અને ક્રોધના આવેશમાં આવીને તે શ્રીહરિને પણ ગાળો દેવા લાગ્યા. ૧૫. તે સમયે ત્યાં ઝાઝા અસુરોને દેખીને પાર્ષદ મૂળજીએ તે સહુને કહ્યું, તમારા જેવા પામરો શું લેખામાં છે ? ક્યાં આગ અને ક્યાં મચ્છર ? ૧૬. વધારે બળ કરીને મચ્છરો જો આગની પાસે આવે છે, તો તેઓ આગનાં તેજમાં અંજાઈ જાય છે અને તેથી પણ વધારે આગળ આવે છે તો તે બધા આગમાં બળી મરે છે, તેમાં કાંઈ વાર લાગતી નથી. ૧૭. આગમાં પડીને તો કરોડો મચ્છરો બળી મરે છે, તોપણ તેમને શરમ આવતી નથી. સર્પના જેવો કોઈ ક્રોધી ન કહેવાય, તે જેને ધારે તેને જોરથી કરડે છે. ૧૮.

છતાં ગરુડની આગળ તેનું કાંઈ બળ ચાલતું નથી. ગરુડથી તો તે સાપ રાત-દિવસ ડરતા રહે છે. તમે બધા સાપ જેવા છો અને શ્રીહરિ તો ગરુડના સમાન છે. તમે બધા તો તેમના જિવાડ્યા જીવી રહ્યા છો. ૧૯. હું તો તે શ્રીહરિનો દાસ છું. મારી આગળ તમે બધા તો ઘાસ જેવા છો. હું શું કરું ? અત્યારે શ્રીહરિની એવી મરજી છે, એટલે અમારે ઘાસની સાથે ઘાસ થઈને ચાલવું પડે છે. ૨૦. **શ્રીહરિનો દાસ થઈને પણ જો તે તેમની મરજી લોપે છે, તો કોઈ અલ્પ-તુચ્છ ગણાતો માણસ પણ આવીને તે દાસનો પરાભવ કરી શકે છે.** ૨૧. અર્જુનના સમાન કોઈ યોદ્ધો કહેવાય નહિ. તેણે અનંત અસુરોને માર્યા હતા. તેણે એક પળવારમાં જ શિવજીને પણ જીતી લીધા હતા.

અને તેથી શિવજી પણ તત્કાળ તેના ઉપર પ્રસન્ન થયા હતા. ૨૨. અને ત્યારે તેને અક્ષય ભાથા તેમજ પિનાક(ગાંડીવ) નામે ધનુષ્ય આપ્યું હતું. તે ધનુષ્ય અને બાણોથી અર્જુને જે અસુરો કહેવાતા હતા તેમને એક પળવારમાં જ જીતી લીધા હતા. ૨૩. પણ જ્યારે શ્રીકૃષ્ણ ભગવાન સ્વધામ પધાર્યા ત્યારે તે અર્જુનનું બધું સામર્થ્ય હરાઈ ગયું હતું. અર્જુન શ્રીકૃષ્ણ ભગવાનની સોળ હજાર પત્નીઓને સાથે લઈને દ્વારકાથી મથુરા તરફ જઈ રહ્યા હતા, ૨૪. ત્યારે રસ્તામાં તેને કાબાઓ મળ્યા. તેમણે અર્જુનને હરાવીને તે શ્રીકૃષ્ણની બધી પત્નીઓને લૂંટી લીધી. ત્યારે ત્યાં અર્જુનનું કાંઈ જોર ચાલ્યું નહિ. ૨૫. તે પ્રમાણે જ આજે શ્રીહરિની મરજીને તોડીને મારું જોર લેશમાત્ર પણ ચાલતું નથી. આટલી હું શ્રીહરિની અદબ(મર્યાદા) રાખું છું. ૨૬.

આવું બોલીને પાર્ષદ મૂળજી રીસ ભરેલા શ્રીહરિની પાસે આવ્યા. અવિનાશી શ્રીહરિએ તેની આંખ સામે જોયું. તે વખતે મૂળજી તે શરીરમાં રહ્યા ન હતા. ૨૭. તે શરીરનો વિનાશ કરવા માટે તેમાં કાળે પ્રવેશ કર્યો હતો. તેથી તેને લેશમાત્ર પણ સૂધબૂધ ન રહી. હાથમાં ઢાલ અને તલવાર લઈને તે ચાલતા થયા. ૨૮. તે વખતે શ્રીહરિએ જેટલાં વચન કહ્યાં તે બધાંને લોપીને તે ચાલ્યા ગયા. શ્રીહરિએ કહ્યું, એનું મોત આવ્યું છે. એટલે તેને દેહનું ભાન ભુલાઈ ગયું છે. ૨૯. પછી તો જે વેરાગીએ શ્રીહરિને ગાળ દીધી હતી, તેના ઉપર તલવારનો ઘા કર્યો. તે ઘા વેરાગીને લાગ્યો કે ન લાગ્યો, તેણે તો પછીથી મનમાં માન્યું કે, તે વેરાગી મરી ગયો છે. ૩૦.

પાર્ષદ મૂળજી ત્યાંથી ભાગી ગયા. જ્યારે તેઓ ગામમાંથી બહાર નીકળી રહ્યા હતા ત્યારે ત્યાં જેટલી અસુર વેરાગીઓની સેના (ટોળું) આવી હતી, તે બધી મૂળજીની પાછળ પડી. ૩૧. મૂળજી પા કોશ સુધી તો દૂર ભાગતા રહ્યા. પણ તેને પોતાનું મોત નજીક આવ્યું જણાયું. અરે ! અત્યારે શ્રીહરિ તો મેઘપુર ગામની વચ્ચે છે અને હું તેમને છોડીને ક્યાં ભાગી રહ્યો છું ? ૩૨. હું શ્રીહરિની સન્મુખ જઈને જ મરીશ. હવે આ માયિક દેહ છોડવો જ છે; આવું વિચારીને પાર્ષદ મૂળજી પાછા ફર્યા. બધા અસુરોએ મૂળજીને દેખ્યા. ૩૩.અસુરો પરસ્પર બોલ્યા, જુઓ, આ પાછો આવ્યો છે,

તે મરણિયો થઈને જ આવ્યો છે. હવે જો આને મારશું નહિ, તો તે આપણને કોઈને માર્યા વગર છોડશે નહિ. ૩૪. જેનું મોત હવે નજીક આવ્યું જ છે તેને નિશ્ચિત મારવાનો જ રહ્યો ! આવું કહીને તે બધા અસુર તૈયાર કરેલી બંદૂક હાથમાં લઈને ગામને દરવાજે ઊભા રહ્યા. ૩૫.

પાર્ષદ મૂળજી જ્યારે તે અસુર વેરાગીઓની પાસે આવ્યો ત્યારે તેઓએ ભેગા થઈ તેના ઉપર બંદૂકની ગોળીઓ ચલાવી. તત્કાળ તે ગોળી મૂળજીને વાગી. તેને ગોળી વાગવાથી શરીરની સંભાળ રહી નહિ અર્થાત્ તે પડી ગયો. ૩૬. બંદૂકમાંથી ગોળી છૂટી તેનો અવાજ તે વખતે શ્રીહરિએ ગામમાં સાંભળ્યો, ત્યારે બોલ્યા, 'મૂળજી મરાયો. હવે આપણે સહુ તૈયાર થાઓ.' ૩૭. આમ કહીને શ્રીહરિ તૈયાર થયા. આવીને અશ્વ ઉપર બેઠા. દરબારો પણ ઘોડે સવાર થયા. બીજા પાર્ષદો પણ તૈયાર થઈ ગયા. ૩૮. ત્યારે અમરસિંહ ભાટ ત્યાં આવ્યા અને વિનયથી બોલ્યા. આપને તો કોઈનો ભય નથી. આપ તો કાળના પણ કાળ છો. ૩૯. રસોઈ તૈયાર થઈ ગઈ છે. જમ્યા પછી ખુશીથી જ્યાં જાવું હોય ત્યાં જાઓ. ફૂલના હાર લાવ્યો છું. આપની પૂજા કરવાનો મને ઘણો પ્રેમ છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'મેઘપુરમાં પાર્ષદ મૂળજીની અસુરદ્વારા હત્યા થઈ' એ નામે બાવીશમો તરંગ સમાપ્ત ॥૨૨॥



પૂર બારમું : તરંગ - ૨૩

ભાદરાથી જેતલપુરમાં યજ્ઞ કરવાનો પત્ર ગોવિંદસ્વામી ઉપર અને માંચાભક્ત વગેરેને ત્યાગી થઈને કાશીની તીર્થયાત્રા કરવાનો પત્ર લખ્યો

શ્રીહરિએ ભાટ અમરસિંહને કહ્યું, તમે અમને ઘણા જમાડ્યા અને પૂજ્યા હો..! તમારો બધી રીતનો પ્રેમ જે હતો તે અમે જાણી લીધો છે. ૧. અમે હરિભક્તોનાં ઘણા ગામોમાં ફરીએ છીએ પણ આવો પ્રેમ અમે ક્યાંય દેખ્યો નથી. જે અમૃત હતું તે અત્યારે ઝેર થઈ ગયું છે અને જે સુખ હતું તે

દુઃખનું ધામ થઈ ગયું છે. ૨. શ્રીહરિએ ભાટ અમરસિંહને પોતાનું વિશ્વરૂપ દેખાડ્યું. તે દેખીને તેઓ ચુપ થઈ ગયા અને પછી શ્રીહરિ ત્યાંથી ચાલતા થઈ ગયા. ૩. જે અસુર વેરાગીઓ હતા તેઓ તો બધા તૈયાર થઈને બજારમાં જ ઊભા હતા. શ્રીહરિ ત્યાંથી નીકળ્યા ત્યારે સહુ તેમને દેખતા રહ્યા. બધા મડદાં જેવા થઈ ગયા હતા. ૪. ચિત્રમાં દોરેલી હોય તેવી તે અસુરોની સેના નિષ્ક્રિય થઈ ગઈ. સૂર્યની આગળ પતંગિયાનાં શા લેખા ? એવા તે બધા અસુરો દેખાતા હતા. ૫. શ્રીહરિ ગામની બહાર જ્યારે આવ્યા ત્યારે ત્યાં પાર્ષદ મૂળજી પડેલો દેખાયો. શ્રીહરિનાં પ્રેમથી દર્શન કરવા માટે તેના પ્રાણો આંખોમાં થંભીને રહ્યા હતા. ૬.

❋ મહારાજે મૂળજીને અંતે દર્શન દીધાં :

મૂળજીના કંઠમાંથી એકતાર વાંસળીના સ્વરની જેમ સ્વામિનારાયણ. સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... એવો મંદ ધ્વનિ ચાલી રહ્યો હતો. શ્રીહરિએ ત્યાં ઊભા રહી તેના અંતસમયનું ભજન સાંભળ્યું અને નેત્રે કરીને તેના આત્માને ખેંચી લીધો. ૭. તેથી મૂળજીના મુખમાંથી નીકળતો સ્વામિનારાયણ ધ્વનિ લીન થઈ ગયો. શ્રીહરિએ તેને પોતાની મૂર્તિની સમીપે નિવાસ આપ્યો. શ્રીહરિએ કહ્યું, જ્યારે અમે તેની પાસે આવ્યા, ત્યારે અમારાં દર્શન કરીને તેના પ્રાણ નીકળ્યા છે. ૮. એટલા માટે જ અમે અહીં જલ્દી આવ્યા. મૂળજીએ અમારી સેવા બહુ કરી છે. ભગવાનનાં ભક્તનું લોહી આ ગામમાં પડ્યું એટલે આ ગામનું પાણી અમારા માટે હરામ છે. ૯. આમ કહીને શ્રીહરિ **ભાડેર** ગામ આવ્યા. ત્યાં એક રાત રહ્યા. તે પછી પચીશ વરસ સુધી મેઘપુર ગામની જમીનમાં અનાજ પાકતું નહિ. ૧૦. (છેલ્લે આચાર્ય રઘુવીરજી મહારાજ અને સદ્‌ગુરુ નિત્યાનંદસ્વામી વગેરે સંતોને ગામમાં પધરાવ્યા, તેમને રાજી કર્યા, તે પછી તે ગામલોકોને સુખ-શાંતિ થઈ.)

મેઘપુરથી નીકળીને શ્રીહરિ ભાડેરમાં રસોઈ જમ્યા. પછી ત્યાંથી **ધોરાજી** આવીને રહ્યા. ત્યાંથી નીકળેલા શ્રીહરિ **ખાંડાધાર** ગામ (તા.ગોંડળ) આવ્યા. ૧૧. ત્યાંથી **ગોંડળ** થઈને શ્રીહરિ **બંધિયા** આવ્યા. ભક્તજનોના કલ્યાણરૂપ કાર્યને કરવા શ્રીજીમહારાજ ત્યાં બે રાત રહ્યા. ૧૨.

શ્રીહરિ બંધિયામાં દરબાર મૂળુભાઈને ઘેર રહ્યા. તેને બહુ સુખ દીધું. બધા દરબારો પણ સાથે હતા. ૧૩. પછી ત્યાંથી નીકળીને શ્રીહરિ **સરધાર** આવ્યા. જે કાઠી દરબારો વગેરે સાથે હતા, તેમને બધાને ત્યાંથી પોતાને ઘેર જવા માટે વિદાય આપી. પછી શ્રીહરિ તત્પર થઈને હાલાર તરફ જવા રવાના થયા. ૧૪.

પહેલા **રાજકોટ** આવ્યા. ત્યાં શ્રીહરિ એક રાત રોકાયા. ત્યાંથી **ખીરસરા** ગામ આવ્યા. ત્યાં લાખાભાઈ નામે હરિભક્ત હતા. ૧૫. તેને ઘેર એક રાત રહ્યા. તેને અપાર સુખ આપ્યું. પછી ત્યાંથી સવારે ઊઠીને ચાલતા થયા. પછી શ્રીહરિ **મોડા** ગામ આવ્યા. ૧૬. ત્યાંથી નીકળીને **અલૈયા ગામ** આવ્યા. પછી ત્યાંથી **શેખપાટ** ગામ આવ્યા. રંગભીના કરુણાનિધિ ઘનશ્યામ બહુ કરુણા કરીને લાલજીભક્તને ઘેર રહ્યા. ૧૭. ત્યાંથી **ભાદરા** ગામ આવ્યા. ત્યાં એક માસ સુધી રહ્યા. ભક્તોના જીવનપ્રાણ ઘનશ્યામ શ્રીહરિએ ત્યાં સહુ હરિભક્તોની આગળ કહ્યું, આપણે જેતલપુરમાં યજ્ઞ કરવો છે અને તેમાં ઘણા હરખભેર બ્રાહ્મણોને જમાડવા છે. પછી શ્રીહરિએ ગોવિંદાનંદસ્વામીના ઉપર ઘણા સ્નેહથી ભર્યો એક પત્ર લખ્યો. ૧૮-૧૯. યજ્ઞમાં (અને બ્રહ્મભોજનમાં) જે સામગ્રી જોઈએ તે તત્પર થઈને તૈયાર કરજો. પછી તે સિવાયનો એક બીજો પત્ર પણ જે રીતે લખ્યો તે હું પ્રેમથી કહું છું. ૨૦.

કારિયાણીના માંચા ખાચર(અચ્યુતાનંદ), લોયાના સૂરા ખાચર, બોટાદના સોમલા ખાચર, ઝીંઝાવદરના અલૈયા ખાચર(નિષ્કામાનંદ), બંધિયાના મૂળુભાઈ(ત્યાગાનંદ), લાખણકાના નાજા જોગિયા, બોટાદના માતરા ધાધલ(નિર્માનાનંદ), કુંડળના મામૈયા પટગીર, મેથાણના અજા પટેલ(પૂર્ણાનંદ), રામગ્રીના જીવાભાઈ(નરોનારાયણાનંદ), કારિયાણીના વીરદાસ મોટકા, ૨૧. શિયાણીના લાધાભાઈ, કરિયાણાના કાળુ મકવાણા, માંગરોળના કમળસીભાઈ શેઠ અને લીંબલીના મૂળજી શેઠ, (ઉપલેટાના વેરાભાઈ, બંધિયાના ડોસા વાણિયા, ખોલડિયાદના રૂડા સિંધવ) એ આદિક સહુએ ઘરનો ત્યાગ કરવો. પત્રમાં જેનાં નામ લખ્યા છે તે સહુએ પરમહંસ

થઈને, ૨૨. બધાએ કાશી તીર્થની યાત્રા કરવી. કાયર થઈને કોઈ ઘેર બેસી રહેતા નહિ. બ્રહ્માના પુત્ર સનકાદિકો અને નારદજી વગેરે તથા ૨૩. સ્વાયંભુવ મનુ, તેના પુત્ર પ્રિયવ્રત, ઋષભદેવજીના સુખરૂપ દસ પુત્ર અને તે સિવાયના પણ મોટા મોટા ચક્રવર્તીઓ રાજ્ય છોડીને ત્યાગી થયા હતા ૨૪.

દક્ષ પ્રજાપતિના અગિયાર હજાર પુત્રો પણ સમજણ આવી ત્યારે તત્કાળ ત્યાગી થઈ ગયા હતા. પણ રાજ્યમાં ખૂંતી રહ્યા ન હતા. ૨૫. સગરરાજાના સાઠ હજાર પુત્રો, તે સિવાય બીજા અપાર ગોપીચંદ અને બાજંદ શાહ વગેરે રાજાઓ ત્યાગી થઈ ગયા હતા. ૨૬. ચિત્રકેતુ આદિ મોટા રાજાઓએ પણ ચક્રવર્તી પદને મળની જેમ તજી દીધું હતું અને તેઓ ત્યાગી થયા હતા. ૨૭. તે બધાની તુલનામાં તમારી સમૃદ્ધિ કેટલી છે ? કે જેમાં તમે ખૂંતી રહ્યા છો ! અમારા પત્રના સમાચાર સાંભળીને તે બધાનો ત્યાગ કરી દેજો. ૨૮.

તમે બધા કાશી તીર્થની યાત્રા કરીને અમારી પાસે પાછા આવજો. આવો પત્ર લખીને શ્રીહરિએ તત્કાળ મોકલી દીધો. પછી ધર્મના લાલ શ્રીહરિએ દિવાળી ભાદરામાં જ કરી. ૨૯. અન્નકોટનો ઉત્સવ પણ ત્યાં જ કર્યો. તે દિવસ હરિભક્તોએ ઘણા પ્રેમથી શ્રીહરિની પૂજા કરી. અન્નકોટમાં વિવિધ પ્રકારના પકવાન કર્યાં હતાં. અન્ય ભોજનોનો તો કોઈ પાર જ ન હતો. ૩૦. અનેક જાતનાં ફરસાણ અને શાકભાજી, કઠોળ વગેરે કર્યાં હતાં. ભક્તોએ શ્રીહરિને ઘણા જ પ્રેમથી જમાડ્યા. તે સમયે જેણે જેણે ભાવથી દર્શન કર્યાં તે બધાંને તરત જ સમાધિ થઈ ગઈ. ૩૧. જે ભક્તો સમાધિમાંથી જલ્દી બહાર ન આવતા તેમને શ્રીહરિ તરત જગાડતા. આમ ભાદરામાં ભક્તોને અનેક રીતે દર્શન દીધાં. પ્રેમથી બોલાવીને સહુને ઘણા જ રાજી કર્યા. ૩૨.

શ્રીહરિની મૂર્તિનાં દર્શન કરીને ભક્તો સુખી થયા. જ્યાં શ્રીહરિએ નિવાસ કર્યો હોય તે દેશ, ગામ, તે ગામના ભક્તો ખરેખર ધન્ય છે. જ્યાં જીવનપ્રાણ શ્રીહરિ રમ્યા, જમ્યા અને રહ્યા છે, તે સ્થાન તો ધ્યાન કરવા લાયક છે. ૩૩. હાલાર પ્રદેશના જે બાઈ ભાઈ બધા હરિભક્ત કહેવાય છે, તેમને શ્રીહરિએ અપાર સુખી કર્યા છે. તે બધી વાતને તો યથાર્થરૂપમાં કહી શકાતી નથી. ૩૪. શ્રીહરિએ જેવી બુદ્ધિ અને સ્મરણશક્તિ આપી છે તે

પ્રમાણે હું લખું તો છું, પણ તેનો પાર પમાતો નથી. ભૂમિ ઉપરના રજકણોને ગણી શકે તેવો કોઈ મળી શકે છે. વરસતા વરસાદના જળબિંદુઓને ગણે, તેવો મનુષ્ય કોઈ મળી શકે છે. ૩૫. અઢારભાર વનસ્પતિનાં પાંદડાંને ગણે તેવો કોઈ મળી શકે છે અને સાગરના નીરનું માપ-તોલ કરે તેવો પણ કોઈ મળી શકે છે, પણ શ્રીહરિનાં ચરિત્રોનો પાર કોઈ લઈ શકે તેમ નથી. ૩૬.

આકાશમાં ઉડનારા ગરૂડાદિ પંખીઓ જેની પાંખમાં જેટલું જોર હોય તેટલું ઉડતા રહે છે. છતાં તે ગરુડ આદિની દૃષ્ટિએ આકાશ નિરવધિ જ રહે છે. ૩૭. તે પ્રમાણે જ કવિઓ શ્રીહરિનાં ચરિત્રોને જેમ જેમ સતત કહેતા રહે છે, તેમ છતાં શારદા, શેષ અને વ્યાસમુનિ આદિ કવિઓની દૃષ્ટિએ તે ચરિત્રો અધિક અને નિરવધિ રહે છે. ૩૮. મનુષ્યદેહનું આયુષ્ય થોડું છે અને શ્રીહરિનાં ચરિત્ર અપાર છે, તેમાં વિઘ્નોની વચ્ચે બેસીને હું શ્રીહરિનાં ચરિત્રોને સ્વલ્પ પ્રમાણમાં લખું છું. ૩૯. આ લખવામાં વારેવારે અપાર વિઘ્નો આવે છે, તેને જ્યાં સુધી શ્રીહરિ નિવારતા રહેશે ત્યાં સુધી હું લખતો રહીશ. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'ભાદરાથી જેતલપુરના યજ્ઞ માટેનો પત્ર ગોવિંદસ્વામી ઉપર અને માંચાભક્ત વગેરેને ત્યાગી થઈને કાશીની યાત્રા કરવાનો પત્ર લખ્યો' એ નામે ત્રેવીશમો તરંગ સમાપ્ત ॥૨૩॥



પૂર બારમું : તરંગ - ૨૪

કચ્છમાં લાલજીભક્તને દીક્ષા અને ભુજમાં નવા પરમહંસો

શ્રીહરિ ભાદરા ગામથી ચાલ્યા. સાથે રહેતા સેવક પણ ભેળા જ હતા. પછી **કોઠારિયા** (તા.મોરબી, જિ.રાજકોટ) ગામ આવ્યા. ૧. ત્યાં આણદીબાઈ નામે ભજનાનંદી એક ભક્ત બાઈ હતા. તેઓ અંતરથી અપાર સુખી હતા. તે અખંડ શ્રીહરિની મૂર્તિને દેખતા અને પ્રકટ પ્રભુ શ્રીહરિ ઉપર ઘણો પ્રેમ હતો. ૨. તેને ઘેર શ્રીહરિ રાત રહ્યા અને રસોઈ કરીને જમ્યા. ત્યાં

શ્રીહરિએ હરિભક્તો આગળ જ્ઞાનવાર્તા કહીને તેમને બહુ પ્રકારે સમજાવ્યા. ૩. અજીતગુણ સ્વભાવયુક્ત ઘણા જ ઉત્સાહી અને ગજરાજના જેવી ગતિથી શોભતા એવા શ્રીહરિ ત્યાંથી ચાલ્યા અને **ભીલા** ગામ (તા.માળિયામિયાણા, જિ.રાજકોટ) આવીને રહ્યા. ૪.

ત્યાં એક બ્રાહ્મણ મળ્યો. પોતાના સારા વસ્ત્ર હતાં તે બધાં તેને આપી દીધાં. ઘણાં દૂધપેંડા હતા, તે પણ બ્રાહ્મણને આપ્યા. તે બ્રાહ્મણને ખૂબ જ રાજી કર્યો. ૫. પછી ધર્મકુમાર એકદમ તત્પર થઈને ત્યાંથી ચાલ્યા. માર્ગમાં જે જે મળ્યા તે સહુને પ્રેમથી દર્શન દીધાં. ૬. અવિનાશી, ભક્તોના મનોરથોને પૂર્ણ કરનારા અને સુખનિધિ શ્રીહરિ **માળિયા**(મિયાણા) ગામ આવ્યા. ત્યારે દિવસ ચાર ઘડી (૧.૩૬ કલાક) બાકી હતો. ૭. પછી એકદમ તત્પર થઈને ચાલ્યા. બરાબર રણમાં આવ્યા ત્યારે શ્રીહરિએ કહ્યું, ભૂખ અને તરસ લાગી છે. તે વખતે એક પુરુષ તેમની પાસે આવ્યો. ૮. આવીને તેણે પીવાનું પાણી માગ્યું. ત્યારે શ્રીહરિએ પોતાની સાથે જે પાણી હતું તે તેને પાઈ દીધું. પોતાની તરશની પીડા મનમાં વિચારી નહિ. શ્રીહરિના સિવાય બીજું આવું કોણ કરે ? ૯. તે પુરુષ ગયો પછી શ્રીહરિએ કહ્યું અમને તરશ બહુ લાગી છે. પાણી પીધા સિવાય પ્રાણ નહિ રહે. ત્યારે સાથેના સેવકે કહ્યું, હવે આપણી પાસે પાણી નથી. જે હતું તે બધું તો તમે તે માણસને ઉમંગથી પાઈ દીધું છે. ૧૦.

ત્યારે શ્રીહરિ કહે, તો પછી ખારું પાણી લાવો. પાણી વિના મારા પ્રાણ રહેશે નહિ. પછી સેવકે સાગરમાંથી પાણી લીધું. ત્યારે જ્યાંથી પાણી ભર્યું તેટલામાં તે સાગરનું પાણી મીઠું થઈ ગયું. તે આશ્ચર્યકારી વાત સહુ દેખતા રહ્યા. ૧૧. શ્રીહરિ અને સાથેના જે સેવક હતા તે સહુ પાણી પીને તૃપ્ત થઈ ગયા. બીજું પાણી સાથેના પાત્રમાં ભરી લીધું. પણ પછી તરત જ સાગરનું પાણી ખારું થઈ ગયું. ૧૨. એક સેવક પાછળ રહેલ, તેણે જ્યાં પાણી પીધું હતું ત્યાં ફરીવાર પાણી ચાખી જોયું, ત્યારે તે અત્યંત ખારું જણાયું. તે સેવકે આ અદ્ભુત બાબતને દેખી. ૧૩. ચાલતાં ચાલતાં શ્રીહરિ રણથી બહાર નીકળ્યા. ત્યાં દિવ્ય સ્વરૂપે રામાનંદસ્વામી મળ્યા. ૧૪.

તેમણે અલૌકિક વેષ ધારણ કર્યો હતો. એક શ્રીહરિએ જ તેમને ઓળખ્યા. મુનિપતિ શ્રીહરિએ તેમને મસ્તક નમાવીને પ્રણામ કર્યા, પછી તેઓ તત્કાળ ત્યાંથી આગળ ચાલ્યા. ૧૫.

રાતભર રણમાં ચાલતા રહ્યા. સવાર થતાં એક તળાવ આવ્યું. શ્રીહરિ અને સાથેના સેવક, સહુએ તેમાં સ્નાન કર્યું. ૧૬. ત્યાંથી પૂર્ણબ્રહ્મ ઘનશ્યામ શ્રીહરિ ચાલ્યા. ચાલવામાં પરિશ્રમ તો ઘણો થયો હતો. તેથી શ્રીહરિએ ત્યારે સેવકને કહ્યું, મારા પગ દબાવો, તો સામે ગામ પહોંચીએ. ૧૭. ત્યારે સેવકે શ્રીહરિના પગ દબાવ્યા અને પછી ત્યાંથી ચાલ્યા. આગળ જતા એક તળાવ આવ્યું. દયાળુ શ્રીહરિ તે તળાવે આવ્યા. ૧૮.

ત્યાં બે સ્ત્રીઓ બેઠી હતી. શ્રીહરિને દેખતાં જ તે બંનેને સમાધિ થઈ. પછી શ્રીહરિ ત્યાંથી તત્કાળ આગળ ચાલ્યા. રસ્તામાં બે બાળક ઊભા હતા. ૧૯. તેઓ શ્રીહરિને દેખીને બોલ્યા, ત્રિભુવનના અધિપતિ ભગવાન આવી રહ્યા છે. પછી તે બાળકો શ્રીહરિને અશરણશરણ સમજીને ચરણોમાં નમી પડ્યા. ૨૦. ત્યાંથી આગળ ચાલતા **આધોઈ** ગામ આવ્યા. સમાચાર સાંભળીને બધાં હરિભક્તો સન્મુખ દોડી આવ્યા. શ્રીહરિને જોઈને સહુ પગમાં પડ્યા અને ચરણકમળને છાતીમાં ચાંપ્યા. ૨૧. પછી શ્રીહરિને ગામમાં પધરાવ્યા. શ્રીહરિ ત્યાં હરિભક્તોને ઘેર બે દિવસ રોકાયા. પછી શેખપાટના સેવક લાલજી સુતાર જે સાથે હતા, તેમને કૃપાળુ શ્રીહરિએ સ્નેહભાવથી બોલાવ્યા. ૨૨.

❋ લાલજી સુતારની સમજણ :

અને કહ્યું, તમે હવે બીજા બધાં દુઃખને તજી દઈને પરમ સુખરૂપ પરમહંસની દીક્ષા ગ્રહણ કરો. મહારાજે તેમને કહ્યું, સંસાર સાગરમાં તમે શા માટે ખેંચાયા જાઓ છો ? ૨૩. ત્યારે લાલજીભકતે હાથ જોડીને કહ્યું, હે મહારાજ ! આપ અમારી જીવનદોરી છો. હવે આપ જેમ કહો તેમ મારે કરવું છે. તેમાં હું પાછો પગ નહિ રાખું. ૨૪.

दोहा : देह जीय हे तुमार हि, हमारे माने जोउ;
तितनो मोह अज्ञान हे, टारे न तुम विन कोउ...२५

मोह सिंधु भरपुर में, बुड रहे इतने दीन;
दया करी अब आज तुम, उद्धार करन ततखीन...२६

આ દેહ અને આત્મા, બંને આપના જ છે, તે બંનેને જેટલા પોતાના માનીએ તેટલો મોહ છે, તેટલું અજ્ઞાન છે. તે મોહ અને અજ્ઞાનને આપના સિવાય બીજો કોણ ટાળે ? આપ જ તેને ટાળી શકો. ૨૫. મોહથી ભરપૂર સંસાર સાગરમાં હું આટલા દિવસ ડૂબતો રહ્યો. હે નાથ ! હવે મારો તત્કાળ ઉદ્ધાર કરવા માટે આજ આપે મારા ઉપર દયા કરી છે. ૨૬. મહાસાગરમાં ડૂબી રહેલા જીવોનો ઉદ્ધાર આપ કરો છો. છતાં પણ જે તરે નહિ, તે તો નીચ ગણાય છે. સમય ગયા પછી તે ફરી આવતો નથી. ૨૭.

સેવક લાલજીભક્તની હિંમત દેખીને શ્રીહરિ ત્યારે બોલ્યા, તમારા માતા-પિતાને ધન્ય છે ! જેણે તમને જન્મ આપ્યો. તેનો તમે ઉદ્ધાર કર્યો છે. ૨૮. દયાળુ શ્રીહરિએ આવા શબ્દ કહીને તેમને તત્કાળ જ પરમહંસ કરી દીધા. તેમનું **'નિષ્કુળાનંદ'** આવું નામ રાખ્યું. પછી શ્રીહરિ આધોઈથી ચાલી નીકળ્યા. ૨૯. કચ્છમાં હરિભક્તોને દર્શન આપતાં આપતાં બહુનામી શ્રીહરિ **ભુજનગર** આવ્યા. પ્રબોધિની એકાદશી ઉપર ત્યાં આવ્યા હતા. દેશમાંથી બધાં સંતોને અને હરિભક્તોને ભુજ બોલાવ્યા. ૩૦. પછી બધાં સંતો-ભક્તો ભુજ આવ્યા. શ્રીહરિ હીરજીભાઈ અને સુંદરજીભાઈને ઘેર ઊતર્યા હતા. શ્રીહરિ ગંગારામ મલ્લને ઘેર પણ રહેતા અને સંતો અને હરિભક્તોની સભા તેને ઘેર કરતા હતા. ૩૧-૩૨.

શ્રીહરિ રોજ ભુજ ગામના હરિભક્તોને ઘેર ઘેર વર્ણી પાસે અત્યંત ઉમંગથી થાળ કરાવતા હતા અને ત્યાં ત્યાં જઈને થાળ જમતા. હરિભક્તો શ્રીહરિને જમાડીને અદ્‌ભુત રીતે પૂજા કરતા હતા કે જેનું વર્ણન થઈ શક્તું નથી. ૩૩. અંગો ઉપર કેસરી ચંદન ચરચતા અને ઉમંગથી ફૂલના હાર ધરાવતા હતા. હરિભક્તો વિવિધ પ્રકારના ફૂલ એટલા બધાં વધારે લાવતા હતા કે, તે વર્ણવી શકાતું નથી. ૩૪. તે દિવસોમાં શ્રીહરિએ પત્ર લખીને જે હરિભક્તોને પરમહંસ થવાનું કહ્યું હતું, તે બધા નવા પરમહંસો ભુજ આવ્યા. શ્રીહરિ તેમને ઘણા જ હેતથી મળ્યા. કારણ કે, તેમણે શ્રીહરિનાં વચનથી ઘર

છોડ્યું હતું. ૩૫. શ્રીહરિએ જેમને પત્ર લખ્યો હતો તેમાંથી એક મૂળજીભક્ત ન આવ્યા. તેને ઘર છોડવામાં અતિ ડર લાગ્યો હતો. તેઓ ઘરમાં રહેલી સ્ત્રીનો ત્યાગ કરી શક્યા નહિ. તેને સ્ત્રીમાં અત્યંત હેત હતું. ૩૬.

શ્રીહરિએ સંતોને પૂછ્યું, મૂળજીભક્ત કેમ આવ્યા નહિ ? તેઓ તો ઘણા બુદ્ધિશાળી છે, છતાં તેની બુદ્ધિ કામ લાગી નહિ. ૩૭. મેંથાણ ગામના અજા પટેલ, તેઓ પરમહંસ થઈને પૂર્ણાનંદ નામે સંત થયા. તેણે શ્રીહરિને મૂળજીની બધી વાત કહી કે, મૂળજીભક્ત ઘણા બુદ્ધિશાળી તો છે, પણ તેને તેની પત્નીએ વશ કરી લીધા છે. તેનું પત્ની આગળ કાંઈ ચાલતું નથી. પત્નીને વશ થયેલા મૂળજી પત્ની આગળ દીન થઈને રહે છે. ૩૮-૩૯. મૂળજીભક્તમાં વૈરાગ્યયુક્ત સમજણ રહી છે, તેને તેની પત્નીએ લૂંટીને લઈ લીધી છે. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'શ્રીહરિએ કચ્છમાં લાલજીભક્તને દીક્ષા આપીને નિષ્કુળાનંદમુનિ કર્યા અને ભુજમાં નવા પરમહંસો આવીને મળ્યા' એ નામે ચોવીશમો તરંગ સમાપ્ત ॥૨૪॥

પૂર બારમું : તરંગ - ૨૫

મૂળજીની વાત અને પરમહંસો અંગેનું રામદાસજીસ્વામીનું મંતવ્ય

વળી, પૂર્ણાનંદમુનિએ શ્રીહરિની આગળ મૂળજીભક્તની વાત જે ફરીને કરી, તે કહું છું. ૧. આપનો પત્ર આવ્યા પછી મૂળજી બે હાથ જોડીને પોતાની પત્ની પાસે રજા લેવા ગયા. ત્યારે તેની પત્નીએ તેને કહ્યું, 'અરે નિષ્ઠુર ! તમે તમારા મનને જ પૂછી જુઓ ને ? ૨. નારીમાં કેટલો પ્રેમ છે અને ભગવાનમાં કેટલો પ્રેમ છે ? તે યોગ્ય રીતે તપાસી જુઓ ને ? તે તમારું મન જ બધું તમને કહી દેશે. ૩. **જેનાં મનમાં નારી મળના જેવી જણાતી હોય, તે મનુષ્ય સંસારના પારને પામે છે, તેવું ન હોય તે મનુષ્ય સંસારમાં જ ભટકે છે.** ૪. ઊલટી કરેલા અન્નને જે ખાય તે તો કૂતરાની જાતિ ગણાય. નારીનો અભાવ તન અને મનથી રહેતો હોય તો તમે ઘરમાં બંધાઈને ન

રહેતા. ૫. અમારું ભાગ્ય તો અમારી પાસે છે. તમે સાધુ થશો તો હું તો ત્યાગી બહેનોની સાથે રહીને ભગવાનનું ભજન કરીશ. તમે બુદ્ધિમાન થઈને ખુવાર ન થતા.' મૂળજીની પત્નીએ તેને આવું કહ્યું હતું. ૬.

ત્યારે મૂળજીએ તેને કહ્યું, 'તું સાચું કહે છે, તારા વિના મારું મન જુદું રહેતું નથી. હું જ્યારે શ્રીહરિની મૂર્તિને ધારું છું. ત્યારે તને પણ મૂર્તિની પાસે દેખું છું. ૭. જે દિવસ આપણા બંનેમાં લડાઈ-ઝઘડો થાય છે તે દિવસ મને ઘણો પ્યારો લાગે છે. તું જેમ જેમ મારી સાથે લડે-વઢે છે, તેમ તેમ મને તારામાં ભાવ થાય છે. ક્યારેય મને તારો લેશમાત્ર પણ અભાવ આવતો નથી. ૮. એવું જ મારું દિલ શ્રીહરિમાં રહે છે. તેઓ મારું અપમાન કરે છતાં મને ક્યારેય અભાવ ન આવે. શ્રીહરિ વારંવાર મારું અપમાન કરે, તેને હું ચાહું છું. સંસારનો ત્યાગ કરવા કરતાં પણ આ બાબતને હું વધારે શ્રેષ્ઠ ગણું છું. ૯. અયોગ્ય સ્વભાવો મળના જેવા કહેવાય, મા સિવાય આવા મળને કોણ ધુએ ? શ્રીહરિ હરિભક્તોનું હિત કરનારા છે. તેઓ ભક્તોના સ્વભાવોને અનંત પ્રકારે ધુએ છે. ૧૦.

સોનામાં જેવો મેલ હોય તેનો નાશ કરવા માટે સોની તેને તેટલું અગ્નિમાં તપાવે છે. ત્યારે જ તે સોનું શુદ્ધ થાય છે અને જેટલો મેલ હોય તે બધો ધોવાઈ જાય છે. ૧૧. કપડામાં ચીકાશ, કીચડ, મળી, ગળી કે મેશ, જે કાંઈ લાગ્યું હોય, તે બધું ધોબી સાબુ અને ખારો લગાડી પુષ્કળ પાણીથી ધોઈ શુદ્ધ કરે છે. તેમજ જેવું કપડું હોય તેવા ધોકા પણ મારે છે. ૧૨. દુનિયામાં અનેક વાતના ચતુર લોકો અપાર છે પણ શ્રીહરિના જેવા કોઈ ચતુર નથી. શ્રીહરિ તો ભક્તને સત્વરે શુદ્ધ કરી દે છે. ૧૩. તેઓ પોતાના ભક્તનું જેવું ચિત્ત હોય તેવું તરત જ ઓળખી લે છે. કારણ કે, ભગવાન શ્રીહરિ તો સર્વ સમર્થ છે અને અંતર્યામી પણ છે. ૧૪.

सोरठा : अपमान करे हरि जेतो, तेतो में मानत दोष तेहि;
सहन करना एतो, सहन विन प्रसन्न न होत कबु...१५
हरि कहे बुद्धिवंत, जानत दोष जेतो तेहि;
सामृथ निज देखंत, तेसो करत हे बल तेहू...१६

શ્રીહરિ મારું જેટલું અપમાન કરે તેટલો હું મારામાં દોષ માનું છું. તે અપમાનને સહન કરવું જોઈએ, સહન કર્યા વિના તેઓ ક્યારેય પ્રસન્ન થાય નહિ.' ૧૫. પૂર્ણાનંદજીએ આટલું કહ્યું. ત્યારે શ્રીહરિ કહે છે કે, જે બુદ્ધિશાળી હોય તે પોતામાં જે દોષો હોય તેને ઓળખે છે અને જેટલું પોતાનું સામર્થ્ય હોય તેટલું દોષોને ટાળવામાં બળ કરે છે. ૧૬.

જો મચ્છર ગરુડનો વાદ લે, તો તેમાં તેને મજા આવે નહિ. જો કીડી હાથીની સાથે સ્પર્ધા કરે તો એક પળવારમાં જ કીડી ધૂળની જેમ ઊડી જાય છે.' ૧૭. મહારાજે આટલી વાત કરી. ત્યારે ભાઈ રામદાસજીસ્વામી બોલ્યા, અમે આજ્ઞા લોપીને અહીં આપની પાસે આવ્યા છીએ તે બધું પણ આપને કહી સંભળાવું છું. ૧૮. તે વાત સ્પષ્ટ રીતે આપને કહ્યા સિવાય મનમાં શાંતિ નહિ થાય; એવો મારો સ્વભાવ છે. 'દરબારો સત્સંગી થયા છે અને મોટા શ્રીમંત પટેલો પણ સત્સંગી થયા છે. ૧૯. તેનાથી બધા અસુરો ખીજાયા છે અને તેઓ બેહદ રીતે અમને સંતોને મારે છે. તેમાં જે જે મોટા સત્સંગીઓમાં હતા તે બધાને શોધી શોધીને આપે પરમહંસ થઈને કાશી જાવું આવો પત્ર લખ્યો. તે પત્રને સાંભળીને જેનાં જેનાં નામ લખ્યા છે, તે બધા ઘર છોડીને શિયાળ ગામ (તા.ધોળકા, જિ.અમદાવાદ) આવ્યા અને સૌએ ચોટી કપાવીને મૂંડ મુંડાવી, અલફી રંગીને સહુએ પહેરી લીધી. આ રીતે મતવાલા પરમહંસ થઈ ગયા છે. ૨૦-૨૨.

પછી તેઓ સહુ જેતલપુર આવ્યા. તેમને જોઈને મને તો ઘણું આશ્ચર્ય થયું. તેમણે મને કહ્યું, 'અમે કાશી જાઈએ છીએ, શ્રીહરિએ આવી આજ્ઞા કરી છે. ૨૩. આવીને અમને તે પત્ર બતાવ્યો. અમે પણ તે આજ્ઞાપત્રને માથે ધારણ કર્યો. મેં દઢપણે મારાં મનમાં ઘણું વિચારી જોયું તો જેતલપુર મને કાશી કરતાં પણ વધારે મહત્ત્વપૂર્ણ લાગ્યું. ૨૪. આ સમયમાં શિવના ભક્તો-બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય જે થયા છે તેમાંના ઘણા બકરાંની હિંસા કરે છે. ૨૫. જે નર-નારીઓ શૈવ થયા છે, તે દારૂ અને ભાંગને છૂટથી પીવે છે અને તેમાં કાંઈ દોષ ગણતા નથી. ૨૬. અને જે શક્તિના ભક્ત

નરનારીઓ છે, તેઓ પણ સહુથી વધારે દારૂ પીવે છે, માંસ ખાય છે અને વ્યભિચાર કરે છે. ૨૭.

વળી ત્યાં જે પરમહંસ, સંન્યાસી અને બ્રહ્મચારીઓ રહે છે, તેઓમાં પણ અમુક દારૂ, માંસથી ટેવાઈ ગયા છે અને ઘણી જાતનો કેફ-નશો કરે છે. ૨૮. જે પરમહંસ, સંન્યાસીઓ છે તે બધા બ્રહ્મચારી કહેવાય છે. કાશીમાં રહીને જે આવી રીતમાં ન રહે તેને અમુક લોકો વિપરીત રીતે પાખંડી કહે છે. ૨૯. અમુક લોકો એવું પણ કહે છે, જેણે પાપ કરવું હોય તે કાશી જાય. કાશીમાં રહીને પણ જે પવિત્ર રહેતા હોય છે તેની નિંદા અમુક શક્તિપંથીઓ કરતા હોય છે. ૩૦. ત્યાં મુખ્યરૂપમાં શક્તિપંથીઓ જ રહે છે. વૈષ્ણવ તો કોઈક જ દેખાય છે. કાશીમાં તો કાશીવિશ્વનાથજી જ મુખ્ય તીર્થક્ષેત્ર કહેવાય છે. ૩૧. મહારાજ ! તે વિશ્વનાથ તો અત્યારે આપ જ પ્રકટ પ્રમાણ અને અંતર્યામી છો. દૃષ્ટિ આગળ શુદ્ધ પાણી હોય તેને તજી દઈને કૂવો ખોદીને પાણી પીવું તેમાં મને કાંઈ યોગ્ય લાગ્યું નહિ. ૩૨.

❋ સત્સંગમાં જ તીર્થો :

આ ભૂમિ ઉપર જેટલા તીર્થ કહેવાય છે તે બધાં જ અત્યારે સત્સંગમાં આવીને રહ્યા છે, કોઈ તીર્થ સત્સંગથી દૂર નથી અને જે જૂનાં તીર્થો છે તેમાં અધર્મ પૂરેપૂરો વ્યાપી ગયો છે. ૩૩. આ બધા મોટા માણસોએ જે દિવસથી ઘરબાર છોડ્યા છે તે દિવસથી તો બધે હાહાકાર મચી ગયો છે. આપ શ્રીહરિ તો આ દિવસોમાં કચ્છમાં આવીને બેઠા છો. આપને અત્યારે કોઈ જાતનો ડર અહીંયાં નથી. ૩૪. સત્સંગના વિરોધી જેટલા ભેખધારીઓ અને બ્રાહ્મણો છે તે બધાનું બળ અત્યારે ઘણું વધી ગયું છે. સંતો સત્સંગના પ્રચાર માટે બધા દેશોમાં જઈ ફરશે ત્યારે તેમને હવે કોઈ જીવતા છોડશે નહિ. ૩૫. આ બધા નવા પરમહંસોને પહેલા અમે વહેલાલ લઈ ગયા. ત્યાંથી તેમને પ્રાંતિજ લઈ અને પછી વડનગર આવીને રહ્યા. ૩૬.

વડનગરથી વિસનગર આવ્યા અને ત્યાંથી વઢિયાર (બનાસકાંઠાનો મહેસાણા જિલ્લાને લાગતો પ્રદેશ), ચુંવાળ(પાટણ અને કડી વચ્ચેનો વધારે

કોળીની વસ્તીવાળો પ્રદેશ) થઈને અમે કંથકોટ (તા.ભચાઉ. જિ.કચ્છ) આવ્યા. ૩૭. ત્યાંથી રણ ઊતરીને સરતાનપુર થઈને અમે ધમડકા આવ્યા. અને ત્યાંથી પછી અહીં ભુજ આવ્યા છીએ.' ૩૮. જ્યારે ભાઈ રામદાસજીસ્વામી આટલું બોલી રહ્યા, ત્યારે ધર્મકુમાર શ્રીહરિ બોલ્યા, તમે જે કર્યું છે તે વિચારીને જ કર્યું છે. ૩૯. **અમારાં જે વચન છે તે તો હરિભક્તોનું હિત કરવા માટેના છે, અને તે હરિભક્તોનું જે હિત કરે છે તેના ઉપર તો અમે ઘણું રાજી થઈએ છીએ. ૪૦.**

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'મૂળજીની વાત અને રામદાસજીસ્વામીનું પરમહંસો અંગે મંતવ્ય કહ્યું' એ નામે પચીશમો તરંગ સમાપ્ત ॥૨૫॥



પૂર બારમું : તરંગ - ૨૬

ભૂજમાં નવા પરમહંસોને સન્માન્યા અને તેમને પાછા ઘેર જવાનું ઠરાવ્યું

શ્રીહરિએ સ્વામી ભાઈ રામદાસજીને કહ્યું, હવે તમે જેમ કહો તેમ આપણે તરત કરીએ. તેમાં કાંઈ ખોટું નથી. ૧. અમે જેટલા હરિભક્તોને પરમહંસ થવાની આજ્ઞા કરી હતી, તેમનું મૃત્યુ તરત સમીપમાં આવ્યું હતું. ૨. જો તેમને પરમહંસ કરીએ તો તે બધા જીવી જાય; આવું મનમાં સમજીને તે સહુને પરમહંસ થવાની આજ્ઞા અમે કરી હતી. ૩. તે બધા ભક્તોનું અમારે બીજું કાંઈ જ કામ નથી. તેથી હવે બધા હરિભક્તો ભલે સુખેથી પાછા ઘેર જાય. વિઘ્ન જે હતું તે હવે દૂર થઈ ગયું છે, અમારે પરમહંસ કરવાનો જે હેતુ હતો તે પૂરો થઈ ગયો છે. ૪.

ત્યારે માંચા ખાચર આદિક જે પરમહંસ થયા હતા, તેઓ બોલ્યા, મહારાજ ! હવે અમને ઘેર જવાની વાત જ કરશો નહિ. ૫. આપે ત્યાગીનો ઘણો જ મહિમા કહ્યો છે. અત્યારે તે ત્યાગી પદ દયા કરીને અમને આપ્યું છે. અમૃત પાયા પછી હવે ઝેર ન આપશો. આપનું વચન અત્યારે તમે સત્ય

કરો અર્થાત્ અમને સાધુ રહેવા દો. ૬. ત્યારે શ્રીહરિએ કહ્યું, અમારાં જેટલાં વચન છે તે બધાંને અમૃતરૂપ જ માનવાં. જે અમારાં વચનને ઝેરરૂપ માને છે તેને તે વિષનું ફળ આપે છે. ૭. **અમારાં વચન સુખદાયક છે. જેના અતિ ભાગ્ય હોય તેને તે મનાય છે. ત્યાગી કે ગૃહી, જેટલા હરિભક્તો છે, તેઓને અમને રાજી કરવાનું જ એક તાન રહે છે.** ૮. જગતના ઉપહાસ(મશ્કરી)નો તો તમે ત્યાગ કરી દીધો છે, અને અમારા સિવાય અન્ય કોઈમાં તમે પ્રેમ રાખ્યો નથી. હવે જે કાંઈ જપ, તપ કરવાના છે, તે તો બધા હરિભક્ત તમે કરો જ છો. ૯. **જેમ અમારી મરજી હોય તેમ ચાલવું, તેનાથી કોઈ મોટો મોક્ષ નથી** ત્યારે જે નવું પરમહંસ મંડળ હતું, તેણે શ્રીહરિની સન્મુખ હાથ જોડ્યા અને તેઓ બોલ્યા. ૧૦.

અમે હિત કે અહિત, કાંઈ જાણતા નથી. હવે જેમ આપ કહો, તેમ જ અમારે કરવું છે. આપની આગળ તો અમે આંખો બંધ કરીને જ વર્તીએ છીએ. આપને રાજી કરવાનું જ અમને એક તાન રહે છે. ૧૧. અમને જગતને રાજી કરવાનું તાન નથી. આપને રાજી રાખવા અને જગતને પણ રાજી રાખવું એ બંને વાત એકસાથે ક્યારેય બને નહિ. અનેક જન્મ સુધી જગતને રાજી કરતા રહ્યા છીએ, પણ તેમાં ક્યારેય સંસારનો પાર આવ્યો નથી. ૧૨.

જે દુનિયાને જ રીઝવવા જીવે છે, તેને ક્યારેય સંસારનો અંત આવતો નથી. તેને માથે તો જન્મ, મરણ અને લખચોરાશી રહે જ છે. ૧૩. તેને માથે જમપુરી પણ રહે છે, તે બધું દુઃખ કહ્યું કહેવાતું નથી. જગતમાં આ દુઃખને કોઈ દેખતું નથી. સહુ રાત દિવસ સુખને જ ચાહે છે. ૧૪. માયિક સુખ મેળવવા માટે જીવને અનંત દુઃખ ભોગવવા પડે છે. તોપણ જીવનું ચિત્ત માયિક સુખને પામવા ચાકડાની જેમ ફર્યા કરે છે, પણ તે ક્યારેય વિશ્રાંતિ પામતું નથી. ૧૫. જે જે માયિક સુખ છે તેનો કોઈ નિર્ધાર નથી. સત્સંગ વિના કોઈ લોકો તે અંગે વિચાર કરી શકતા જ નથી. ૧૬.

चोपाई :

मायिक सुख पर दोर ज्यां लगही, दुःख निवृत्ति न होत त्यां लगही;
सिंधु सम दुःख सहत दिन राती, ताकु सुख मानत बहु भाँती...१७

मायिक जन कहावत जेते, मायिक सुख विन देखत न तेते;
ओर सुख कहे देख कुन आया, एसे जग सब कहत रहाया...१८

જ્યાં સુધી માયિક સુખ તરફ જ દોડ હોય ત્યાં સુધી તેને ક્યારેય દુઃખ ટળતાં નથી. જગતના જીવો સાગરના જેવા વિશાળ કે વિકરાળ દુઃખોને રાત-દિવસ સહન કરે છે, છતાં તેને ઘણી રીતે સુખ માને છે. ૧૭. માયાથી ઘેરાયેલા માયિક લોકોને માયિક સુખ વિના બીજું કાંઈ દેખાતું જ નથી. તે જગતના જીવો એવું કહે છે કે, માયિક સુખ સિવાયનું બીજું સુખ છે તેને કોણ જોઈ આવ્યું છે ? ૧૮. જગતના જીવોની જ બહુમતિ છે અને હરિભક્ત થોડા છે. માટે તેમનો મત જોર-શોરથી ચાલે છે. મ્યાન ભલે કરોડો હોય અને કટાર ભલે એક જ હોય, તોપણ તે અનેક મ્યાનો એક કટારની બરાબરી પણ કરી શકે નહિ. ૧૯.

માયિક લોકો વેદને અને પુરાણોને ભણે છે, છતાં તેઓ સંસારનો ત્યાગ કરતા નથી. ઘાંચીના બળદની જેમ માયિક સુખ સિવાય તેમણે બીજું સુખ જોયું જ નથી. ૨૦. ઘાંચીનો બળદ ઘાણીએ જોડાઈને રાત દિવસ ચાલતો રહે છે, પણ તે ત્યાંનો ત્યાં જ રહે છે. તે મનમાં માને છે કે હું ઘણા કોશ ચાલ્યો છું, પણ જ્યારે આંખો ઉપરના પાટા ખોલે ત્યારે તે ત્યાંનો ત્યાં જ ઊભો હોય છે. ૨૧. ગધેડા અને પોઠિયા ઘણી સારી સારી ચીજોને ખેંચીને લઈ જતા હોય છે પણ તે વસ્તુનો તેમને કાંઈ સ્વાદ હોતો નથી, તેમને તો કેવળ એક શ્રમ જ વેઠવાનો રહે છે. ૨૨. બધાં માયિક જીવો મ્યાન, ગધેડાં અને પોઠિયાના જેવા જ છે. પાતાળથી લઈને પ્રકૃતિ પુરુષના લોક સુધીના બધાં માયિક જીવ જ કહેવાય છે. ૨૩.

❋ પ્રગટના નિશ્ચયવાળા અમાયિક :

प्रगट प्रभु को निश्चे न जेहू, मायिक जन कहावत तेहू;
प्रगट प्रभु को निश्चे रहे जाकु, अमायिक सब जन कहत ताकू...२४

જેને પ્રકટ પ્રભુનો નિશ્ચય ન હોય તેવા બધાં માયિક જીવ જ કહેવાય છે અને જેને પ્રકટ પ્રભુનાં સ્વરૂપનો નિશ્ચય હોય તે બધાં અમાયિક જીવ કહેવાય છે. ૨૪. તે બધાં અમાયિક ભક્તોને કટારના જેવા કહેવાય છે.

અને તેમણે કરેલા સાધન સત્ય કહેવાય છે. તેઓ જ સાચા ધનાઢ્ય અને બુદ્ધિશાળી છે. વળી તેમને જ રાજાઓના રાજા કહેવાય છે. ૨૫. વૃંદાવનમાં પ્રગટ ભગવાનના સંબંધને પામેલા છોકરા અને બીજા દેશના રાજપુરુષો, તે બંનેની સમાનતા કોણ કરે ? સમાનતા થઈ શકતી નથી. કારણ કે, એક પ્રગટ ભગવાનના યોગને પામેલા છે પછી ભલે તે છાશ વેચીને ખાતા હોય અને બીજાને ભગવાનનો સંબંધ થયો નથી તે ભલે મોટો રાજા હોય ! પરંતુ તે બંનેમાં સમતા કહેવાય જ નહીં. ૨૬. **જેને પ્રકટ પ્રભુનો સંબંધ હોય તેવા ગામ, પશુ, પંખી, વૃક્ષ, વેલી તેમજ પહાડ વગેરે જડવસ્તુઓના પણ માયિક બંધન તૂટી જાય છે. ૨૭. જેને પ્રકટ ભગવાનનો સંબંધ હોય તેવા તળાવ, નદી, કૂવો અને વાવ, એ બધાને લોકો ધન્ય ધન્ય કહે છે.** છતાં અસુરોને તે દેખાતું નથી. ૨૮.

प्रगट हरि के जोग भये जेहा, एसे नारी नर रहे तेहा;
ताकु धन्य धन्य केना जोई, यामें कहा आश्चर्य होई...२९
ताके महिमा कहे न जेतो, कवि में सो हि खोट हे तेतो;
प्रगट श्रीहरि के कवि जेते, वार वार ईमि कहत तेते...३०

જેને પ્રકટ શ્રીહરિનો યોગ થયો હોય એવા જે નરનારી હોય તેમને 'ધન્ય !!! ધન્ય !!!' કહેવા જોઈએ. તેમાં આશ્ચર્ય પણ શું છે ? ૨૯. કવિ પ્રકટ ભગવાનના સંબંધવાળાનો મહિમા જેટલો ન કહી શકે, તેટલી તેમાં ખોટ કહેવાય. પ્રકટ શ્રીહરિના જે કવિઓ છે તેઓ તો વારંવાર આમ જ કહીને પ્રગટ ભગવાનના સંબંધવાળાને ધન્યભાગી કહે છે. ૩૦. શ્રીહરિએ કહ્યું, "તમને જેટલી સમજણ છે તે સત્સંગ કરવાથી તમે પ્રાપ્ત કરી છે." આમ કહીને કાશી જવા માટે તૈયાર થયેલા તે બધાનો પરમહંસનો વેષ ઉતરાવી નાખ્યો. ૩૧. પછી માંચા ખાચર આદિ બધા દરબારોને અનુપમ વસ્ત્ર પહેરાવ્યા. નવાનગર(જામનગર)ની પાઘો મગાવી, તે બધી જરિયાની હતી. ૩૨. શ્રીહરિએ પોતાને હાથે સહુને માથે પાઘ બાંધી. સારાં અંગરખા અને સુરવાળ પણ પહેરાવ્યા. જેને જેવાં બીજાં વસ્ત્ર પણ જોઈતાં હતાં તે બધાં અપાવ્યાં. ૩૩.

ભાઈ રામદાસજીસ્વામીએ હરિભક્તની પાસે સાકર મગાવી હતી. સહુ પહેલા તે સાકર શ્રીહરિએ ખાધી અને તે પછી બધા સંતોને અને હરિભક્તોને વહેંચી. ૩૪. સ્વામીએ સાકર પોશ ભરી ભરીને સહુને આપી. પહેલા સંતોને આપી અને પછી વર્ણી તથા સંન્યાસી વગેરેને સંભારીને આપી. ૩૫. જે વખતે જેવી સ્થિતિ હોય તેને રામદાસજીસ્વામી જાણતા હતા. તેમાં પણ જે રીતે શ્રીહરિ રાજી થાય એવા અવસરને પણ પોતે જાણતા હતા. ૩૬. બીજા સંતો પણ ઘણા સમર્થ હતા. પણ રામદાસજીસ્વામીની જેમ જેવો સમય હોય તેવો પારખી ન શકતા. શ્રીહરિ જે પ્રકારે સમય જણાય તેવી વાતો કરતા. ૩૭. કોઈ માણસ સમયને ઓળખ્યા વિના વાત કરે, તો તે કામ સફળ ન થાય અને ઉલ્ટાનું તે કામ બગડી જાય છે. ૩૮. વગર સમજે બળજબરીથી જો કામ કરવા જાય તો તેને દક્ષના યજ્ઞના જેવું થાય. વળી, દુનિયામાં લાજ-આબરૂ પણ જાય. લાજ ગયા પછી તે ક્યાં જાય ? ૩૯. જેણે સારાં કિંમતી વસ્ત્ર અલંકાર પહેર્યાં હોય, તેને લૂંટાવાનો ભય રહે પણ જે દિગંબર હોય તેને લૂંટાવાનો ક્યારેય ડર હોય નહીં. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'ભુજમાં નવા પરમહંસોને માન આપીને પાછા ઘેર જવાનું કહ્યું' એ નામે છવ્વીસમો તરંગ સમાપ્ત ॥૨૬॥



પૂર બારમું : તરંગ - ૨૭

ભુજમાં સત્સંગીઓએ પ્રબોધિનીને દિવસ શ્રીજી-સંતોની પૂજા કરી

બીજે દિવસ પ્રબોધિની એકાદશી હતી. તેથી અપાર હરિભક્તો ભુજ આવ્યા અને સહુમાં ખૂબ જ આનંદ છવાઈ ગયો. ૧. સભામાં દર્શન કરવામાં કોઈને આડશ થાય નહિ એટલા માટે જે રીતે સભાને દર્શન થાય તેમ ઊંચા પલંગ ઉપર શ્રીહરિ બેઠા. ૨. શ્રીહરિએ જાત જાતનાં વસ્ત્ર અને અલંકાર પહેર્યાં હતાં. સહુ સંતો જે કીર્તન ગાતા હતા, તેને બધાં હરિભક્તો ઝીલીને ગાતા હતા. ૩. સંતો ભેળા સંતો બેઠા. વર્ણીઓમાં વર્ણી, સંન્યાસીઓમાં

સંન્યાસી અને હરિભક્તોમાં હરિભક્તો બેઠા, તે ઘણા સોહામણા લાગતા હતા. ૪. પાર્ષદોની સાથે પાર્ષદો, દરબારોમાં દરબારો તથા વિપ્રોમાં વિપ્ર, સહુ સંપીને મર્યાદાથી બેઠા હતા. ૫.

સધવા સ્ત્રીઓની ભેળી સધવા અને વિધવાની ભેળી વિધવા, એમ સ્ત્રીઓ પણ વ્યવસ્થિત રીતે બેઠી. સ્ત્રીઓની સભામાં કોઈ પુરુષ ભૂલથી પણ ક્યારેય બેસતો-પેસતો નહિ. ૬. તે રીતે જ પુરુષોની સભા વચ્ચે કોઈ પણ સ્ત્રી અજાણમાં પણ ક્યારેય બેસતી નહિ. વળી દસ-દસ વરસની વયવાળા છોકરાં કે છોકરીઓ, જે હરિભક્ત કહેવાતા હોય, તે બધા ક્યારેય ભેળા મળીને રમતા નહિ. આ જણાવેલી બધી રીત સત્સંગમાં સહજપણે વર્તતી હતી. ૭-૮.

❋ નિયમની મહત્તા :

સત્સંગ સિવાય મોટા ભાગના મતોમાં બધું એકાકાર થઈ ગયું હોય છે. આગ અને દારૂ ભેળા થવાથી જે પરિસ્થિતિ સર્જાય તેવી સ્થિતિ બીજા બધા મતોમાં થઈ હતી. ૯. જે જે બાબત નિયમ વિનાની હોય ત્યાં પળે પળે દુઃખ જ આવે છે. જેઓ દુઃખમાં પણ સુખ માને છે તેઓ નિયમમાં નથી વર્તતા. ૧૦. **ભલે કોઈ રાજા હોય, પણ જો તે નિયમ વિના વર્તતો હોય તો તે તેની બધી સમૃદ્ધિ ખોઈ બેસે છે. કોઈ ધનાઢ્ય કરોડપતિ હોય, પણ તે જો નિયમ વિના રહેતો હોય, તો છેવટે તે ઊડી જાય છે. ૧૧. મનુષ્ય નિયમોની હદ(મર્યાદા)ને જે રીતે લોપે છે, તે રીતે જ તે કેદમાં પડે છે. જે અત્યંત ઉગ્રપણે શાસ્ત્રોના નિયમોનો ભંગ કરે છે, તે આના આ જ લોકમાં તેનું ભયંકર ફળ પામે છે. ૧૨.** જે દેશના રાજાએ પ્રજાને માટે જે પ્રકારના નિયમો કર્યા હોય, તેનો પ્રજા જો ભંગ કરે તો રાજા તે નિયમભંગ કરનારાને તરત જ દંડ કરે છે. ૧૩. જે જે નિયમો હોય છે, તેને દંડ વગર કોઈ પાળતું નથી. અને જે નિયમ કર્યો હોય તેના ભંગનો જો દંડ ન રાખવામાં આવે, તો તેવા નિયમોને કોઈ પાળવા ઈચ્છે નહિ. ૧૪.

એકએકથી અધિક વિવિધ પ્રકારના ઘરેણાં હોય છે. પણ તે કોઈ નિયમના સમાન નથી થતા. નિયમ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ આભૂષણ છે. ૧૫.

જેમાં જેટલા નિયમ હોય તેમાં તેટલી શોભા રહે છે અને તેટલી જ તેના અંતરમાં રાત-દિવસ ક્ષેમ-કુશળતા રહે છે. ૧૬.

चोपाई :

नियम छोरीके जेतो चलावे, तेतो तेहि शोभा न पावे;
अजोग्य रूप कु जोवत जेहा, जन्म जन्म अंध रहत तेहा...१७
अजोग्य शब्द सुनत जेहि काना, जन्म जन्म सो बधीर रहाना;
नासिका अजोग्य गंध जे लेवे, जन्म जन्म कटात सो रेवे...१८

માણસ જેટલો નિયમોને છોડીને ચાલે છે તેટલો તે શોભાસ્પદ થાતો નથી. ન જોવાલાયક - અયોગ્યરૂપને જે દેખે છે, તે હરેક જન્મમાં અંધ રહે છે. ૧૭. ન સાંભળવાને લાયક - અયોગ્યશબ્દોને જે સાંભળે છે, તે દરેક જન્મમાં બહેરો થાય છે. જે અયોગ્ય ગંધને સૂંઘે છે, તેનું નાક પ્રત્યેક જન્મમાં કપાયેલું જ રહે છે. ૧૮. જે મનુષ્ય અયોગ્ય પદાર્થનો રસાસ્વાદ કરે છે, તેને દરેક જન્મમાં મોઢાનો રોગ થાય છે. જે જીભથી અયોગ્ય વાણીને બોલે છે, તે પછીના જન્મોમાં મૂંગો થાય છે અને તે દંડ એની નિશાની છે. ૧૯. જે ત્વચાથી અયોગ્ય વસ્તુનો સ્પર્શ કરે છે, તેને હરેક જન્મમાં કોઢનો રોગ થાય છે. જે મનુષ્ય પગે ચાલીને અયોગ્ય સ્થળે જાય છે, તે દરેક જન્મમાં પાંગળો થાય છે. ૨૦.

જે માણસ હાથથી અયોગ્ય કામ કરે છે, તેને હરેક જન્મે હાથમાં ગરમી નીકળે છે. એ બધું જન્મ જન્માંતર સુધીનું જાણવું. તેમાં રંચમાત્ર પણ ખોટું નથી. ૨૧. આ બધી વાતોને બધા હરિભક્તો જાણે છે. તેથી તે બધા ભક્તો અયોગ્ય બાબતથી દૂર રહે છે; એવા સહુ ભક્તોએ શ્રીહરિની પૂજા કરી. ૨૨. જેનાં મનમાં જેવી ભાવના હતી, તે પ્રમાણે સહુએ પૂજા કરી. વસ્ત્રો, ઘરેણાં અને અપાર ફૂલહાર સહુ વારંવાર પહેરાવતા હતા. ૨૩. કેસરયુક્ત ચંદનની અર્ચા લલાટમાં તેઓ કરતા હતા તથા કુંકુમનો મોટો ચાંદલો પણ લલાટમાં કરતા હતા. વળી કેસરી ચંદન ચરણ ઉપર પણ ચરચતા, અને હરખભર્યા હૈયા ઉપર તે ચરણોને ધારતા હતા. ૨૪. વારંવાર ભાવવિભોર થઈને કપૂરની આરતી ઉતારતા. ભક્તો નખશિખ મૂર્તિને હૃદયમાં ધારીને ‘જય જયકાર’નો હર્ષધ્વનિ કરતા હતા. ૨૫.

વિવિધ પ્રકારના વાજિંત્ર વાગતાં હતાં. તેનો ધ્વનિ આકાશમાં વ્યાપી ગયો હતો. તે સાંભળીને બધા દેવો વિમાનમાં બેસીને હરખભર્યા ત્યાં આવ્યા. ૨૬. તેઓ કેસરયુક્ત ચંદન અને પુષ્કળ પુષ્પોને લાવ્યા હતા. બરાબર યોગ્ય સમયે આવ્યા હોવાથી હર્ષોલ્લાસથી ચંદન તથા પુષ્પોને ત્યાં વરસાવવા લાગ્યા. ૨૭. જ્યારે શ્રીહરિની પૂજા થાતી હતી ત્યારે દેવો દુંદુભિ નામના વાજિંત્રોને વગાડતા હતા. તથા સન્મુખ આવીને વારંવાર સ્તુતિ કરતા હતા, તે વારે વારે હું અહીં લખી શકતો નથી. ૨૮. દેવોના દિલમાં આનંદ હતો, તેથી દોકડ, સરોદ, સિતાર, તંબૂર અને તાલ વગેરે વાદ્યોને વગાડીને દેવગાંધર્વો ગાન કરતા હતા અને દેવોની અપ્સરાઓ નૃત્ય કરતી હતી. ૨૯. જેને જેમાં જેટલી ચતુરતા હતી, તે બધી શ્રીહરિની આગળ પ્રકટ કરતા હતા. **પોતાનું ચાતુર્ય ભગવાનને રાજી કરવામાં ઉપયોગી ન થાય તો તે ચાતુર્ય નિષ્ફળ છે,** એમ દેવો સમજતા હતા. ૩૦.

જીવને દેહ, ઈન્દ્રિયો અને અંતઃકરણ આદિ બધો સમાજ શ્રીહરિ પાસેથી પ્રાપ્ત થયો છે, જો તેનાથી શ્રીહરિની કાંઈ સેવા ન થઈ તો તે બધું નિષ્ફળ થયું કહેવાય. ૩૧. બધા દેવો આવું સમજતા હતા એટલે યથાસમયે હરખભર્યા સહુ આવી જતા હતા. તે રીતે જ હરિભક્ત બાઈઓ-ભાઈઓ પણ આવી સમજણ રાખી ઘણા ઉમંગથી શ્રીહરિની સેવા કરતા હતા. ૩૨. ઉમંગ વિનાની જે સેવા થાય તેને શ્રીહરિ સ્વીકારતા નહિ. જે મનુષ્ય અનાદર કરીને શ્રીહરિના ચરણોને શિર પર ધારણ કરે છે, તેને જેવો ભાવ હોય તેવું ફળ મળે છે. ૩૩. સ્વાતિ નક્ષત્રમાં વરસેલા જળબિંદુને છીપ ઊછળીને ઝીલે છે, તો તેનું સાચું મોતી થાય છે. તેમ હરિભક્ત છીપ જેવા છે અને શ્રીહરિ સ્વાતિ નક્ષત્રનાં નીર જેવા છે. ૩૪. આમ, ભૂજમાં પ્રબોધિની એકાદશીનો આખો દિવસ હરિભક્તો શ્રીહરિની પૂજા કરતા રહ્યા. તેઓ વિવિધ પ્રકારના મેવા, મીઠાઈ અને ફળ વગેરે લાવ્યા હતા, તેના પારને કોણ પામે ? ૩૫.

જ્યારે હરિભક્તો શ્રીહરિની પૂજા કરી રહ્યા ત્યાર પછી તેઓ સંતો, સંન્યાસીઓ, વર્ણીઓ અને શ્રીહરિની સાથે રહેલા પાર્ષદોની પૂજા ઘણા ઉત્સાહથી કરવા લાગ્યા. ૩૬. તે હરિભક્તોએ જેને જેવી ઘટે તે રીતે સહુ

હરિભક્તોની પૂજા કરી અને શ્રીહરિની સાથે આવેલા બધા દરબારોની પણ સંભારીને પૂજા કરી. ૩૭. વળી, જે હરિભક્ત બાઈઓ હતી તેઓ પણ શ્રીહરિની પાસે આવી અને શ્રીહરિની પૂજા કરવા લાગી. તેમનાં હૃદયમાં અપાર પ્રેમભરી ભક્તિ હતી, તે કહી શકાતી નથી. ૩૮.

सोरठा : अक्षरपति परिब्रह्म, श्रीहरि कु जानत सब;
रखत श्रेष्ठ सब धर्म, जेसो जो अधिकार तेहि...३९
जीय में रहे भगवान, जीयरूप हि होईकर;
कोईकु न परत पेचान, अंतरजामी प्रगटे तेहू...४०

સૌ સત્સંગી બાઈઓ શ્રીહરિને અક્ષરાધિપતિ પરબ્રહ્મનાં રૂપમાં જાણતી હતી, અને જેનો જેવો અધિકાર હોય તે પ્રમાણે સહુ ઉત્તમ રીતે ધર્મ પાળતી હતી. ૩૯. ભગવાન તો જીવમાં જીવરૂપ થઈને રહ્યા છે પણ કોઈને તેની ખબર પડતી નથી. તે અંતર્યામી પ્રભુ અત્યારે પ્રકટ થયા છે; આવું તે બાઈઓનું જ્ઞાન હતું. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'ભુજમાં સત્સંગીઓએ પ્રબોધિનીને દિવસ શ્રીહરિ અને સંતો વગેરેની પૂજા કરી' એ નામે સત્તાવીશમો તરંગ સમાપ્ત ॥૨૭॥

પૂર બારમું : તરંગ - ૨૮

ભુજના દીવાન જગજીવન મહેતાના હિંસામય યજ્ઞની લોકચર્ચા

શ્રીહરિ ભુજમાં ઘણા દિવસ રહ્યા. હરિભક્તોને બહુ સુખ આપ્યું, તે મુખથી કહી શકાતું નથી. ૧. એ અરસામાં ભુજના જગજીવન નામે એક દીવાન હતા. ત્યાં તેણે શિવાલય કર્યું હતું. ૨. તે નાગર જ્ઞાતિના હતા. તેણે સોમયાગ શરૂ કર્યો. ઘણી રીતે વિચિત્ર એવો યજ્ઞમંડપ કરાવ્યો. ૩. ચાર વેદોને ભણેલા અને ગુણવાન વિપ્ર તે યજ્ઞમંડપમાં બેઠા. તેના વિધિને અનુસારે તેઓ યજ્ઞમાં આહુતિઓ આપતા હતા. ૪. જગજીવન અને કુબેરજી, એ બેનો ત્રીજો નાનો ભાઈ રામચંદ્ર નામે હતો. તે ત્રીજાને સત્સંગ ઉપર આદરભાવ

હતો. તેનો સ્વભાવ પણ સાત્વિક હતો. ૫ બંને મોટાભાઈ રજોગુણી તથા તમોગુણી સ્વભાવવાળા હતા અને ઉગ્ર પ્રકૃતિના હતા. રાત-દિવસ તે પ્રજાને પીડતા હતા. તેનાં દિલમાં તલભાર પણ તેનો ત્રાસ રહેતો નહિ. ૬. યજ્ઞમાં જે બકરાં જોઈએ તે લાવીને બાંધી રાખ્યાં હતાં. ભુજનગરની પ્રજામાં જે ધર્મનિષ્ઠ લોકો હતા તથા નગરનું જે મહાજન હતું, તે સહુ ભેળા થયા.

સહુએ વિચાર-વિમર્શ કર્યો કે, "વિપ્રોમાં નાગર તો ઘણા શુદ્ધ કહેવાય છે અને તે નાગર જ યજ્ઞમાં બકરાંને મરાવે છે. ૭-૮. તેનું કારણ રાજ્યનાં દીવાન પદનો મદ છે. અત્યારે તેની પાસે કોણ જાય ? અને તેને બકરાંને મારતાં અટકાવે. જે તેને રોકે તેને તે દંડ દે, એટલે કોઈ એક માણસ તો તેને નહિ કહી શકે. ૯. ત્યારે તેમાંથી કેટલાકે કહ્યું, જે પાપ કરશે તેનું ફળ તે પોતે એકલો જ ભોગવશે. બીજા કોઈને તેનો દોષ લાગવાનો નથી, એટલે તેને રોકવો નહિ. ૧૦.

જેને દંડાવાનો ઘણો ભય હતો, એવા ધનના લોભી લોકો ઉપર કહ્યું તેવું બોલ્યા. પરંતુ જે લોકોને ધન, ભવન તથા નગર, તે બધાની કાંઈ જ આશા ન હતી, અને ધર્મ ઉપર જેની દૃઢ નિષ્ઠા હતી. ૧૧. તેવા બધા લોકો ભેગા થઈને ભુજના રાજાની પાસે ગયા. રાજાને લઈને એકાંતમાં સહુ બેઠા. પછી તેઓએ પહેલા તો તેને અમુક પ્રલોભન બતાવ્યું. ૧૨. પછીથી જે વાત કહેવાની હતી તે બધી કહી સંભળાવી. નાગર વિપ્ર હોય તે તો હિંસા વગરના યજ્ઞ કરે. ૧૩. નાગર જ્ઞાતિના આજ સુધીના કોઈ પણ દીવાને યજ્ઞમાં બકરાં મરાવ્યાં નથી. જો કોઈએ બકરાં મરાવ્યા હોય તો તે અમને બતાવે ? ૧૪. પેશવા અને ગાયકવાડના દીવાન પ્રભુ (મહારાષ્ટ્રના કાયસ્થની એક જ્ઞાતિ) કહેવાય છે. તેઓ તો પહેલેથી શક્તિપંથી છે, તેમની વાત અમે કહેતા નથી. ૧૫.

ઉદેપુર, જોધપુર, બુંદીકોટા, ઝાલાવાડ, ભાવનગર, જામનગર, મોરબી, રાજકોટ, ૧૬. ગોંડલ અને વાંકાનેર, એ બધા જ રાજ્યોના દીવાન નાગર છે. જૂનાગઢમાં તો નાગર વિપ્રોના ઘરનો કોઈ પાર નથી. ૧૭. જૂનાગઢના રાજા મુસલમાન નવાબ છે અને તેમના દીવાન ઘણા અનુપમ નાગર છે. તેઓ યજ્ઞમાં બકરાંને મારતાં નથી. આપણા ભુજના દીવાન

જગજીવન નાગરે આ વાત નવી જ ઉઠાવી છે. ૧૮. જે રાજાના દીવાન હોય તે તો રાજાના નિયંત્રણમાં હોવા જોઈએ. રાજાના દીવાન થઈને પણ તે જો રાજાનું માને નહિ, તો રાજા તેવા દીવાનને તરત કેદમાં નાંખે છે. ૧૯. અને જો દીવાન રાજા કરતાં પણ બળવાન હોય તો તે છેવટે રાજાને પણ કેદમાં રાખે છે; આવું સમજીને જે બુદ્ધિમાન રાજાઓ હોય છે તે દીવાનને નિયંત્રણમાં રાખે છે. ૨૦.

પ્રજાની રક્ષા કરવા માટે તો રાજા દીવાનને રાખે છે. જો તે દીવાન જ પ્રજાને પીડતો હોય, પીલી નાખતો હોય, તો પ્રજા કોની પાસે જઈને ફરિયાદ કરે ? ૨૧. અને પ્રજાની રાવ-ફરિયાદને જો રાજા ન સાંભળે તો પ્રજા અન્ય સ્થળે ચાલી જાય, જેથી તે દેશ પણ ઉજ્જડ થઈ જાય. પ્રજા તો જ્યાં અતિ સુખ પામે ત્યાં જઈને તે વસવાટ કરે છે. ૨૨. ઉત્તમ જાતિનો જે દીવાન હોય તે સ્વયં ધર્મને પાળે અને પ્રજા પાસે ધર્મ પળાવે છે. જો દીવાન પ્રજાની સારી રીતે સંભાળ રાખે, તો પ્રજા ત્યાં નિરાંતે નિવાસ કરીને રહે. ૨૩. ઉત્તમ જાતિનો થઈને જો દીવાન આવું પાપ કરે, તો તે ઘણું જ અમાપ કષ્ટ પામે છે. ત્યારે ભુજના મહારાજાએ કહ્યું, તમે કહો છો ભલે, પણ યોગ્ય સમય વિના કાંઈ થઈ શકે નહિ. ૨૪.

સહુના કર્મફળપ્રદાતા અને અંતર્યામી એવા પરમાત્મા જ સહુથી બળવાન અને ઈશ્વરોના ઈશ્વર છે. એમ વેદ અને પુરાણો કહે છે. ૨૫. **તે પરમેશ્વરનું કર્યું જ બધું થાય છે. તેમના વિના તો બધાં જીવ જડ છે. બ્રહ્માથી લઈને અક્ષરપર્યંત કોઈ તેમને તુલ્ય કે અધિક નથી. ૨૬. સર્વના સ્વામી એવા ભગવાન પોતે કર્મફળપ્રદાતા છે. તેઓ જીવ જેવાં કામ કરે છે, તે પ્રમાણે તેને તેનું ફળ પ્રેરે છે અને સ્વયં તો અત્યંત નિર્લેપ રહે છે.** ૨૭. કુંભાર માટીમાં અનેક પ્રકારના ઘાટ ઘડે છે. ઘાટની દૃષ્ટિથી તે અનેક હોવા છતાં માટીની દૃષ્ટિએ તો તે બધા ઘાટ માટીરૂપ જ છે. ૨૮. જેવો ઘાટ હોય તેવું તેનું નામ આપે છે અને તેનાથી બ્રહ્માંડના બધાં જ સ્થાનો ભર્યાં છે. જેવું સ્થાન હોય છે ત્યાં તેવા ઘાટ ખુદ પરમેશ્વરે જ બનાવ્યા હોય છે. ૨૯. જે કારીગર હોય છે તે વિવિધ પ્રકારના ઘાટ ઘડતો હોય છે. જેની જેવી

રીત હોય તેને તે રીતે તે કારીગર બનાવે છે. ૩૦. બધા કારીગરો નામથી કસબી કહેવાય છે પણ દરેકની રીત એકસરખી હોતી નથી. જેની જે રીત હોય તે તેને આવડે પણ બધાની રીત એકને ન આવડે. ૩૧. જે કોઈ પણ વસ્તુ કહેવાતી હોય તે તેના કસબી વિના બનતી નથી. પણ પરમેશ્વર એવા શક્તિમાન છે કે, તેના માત્ર એક સંકલ્પથી જ અનેક વસ્તુઓ ઊપજે છે અને લીન થઈ જાય છે. ૩૨. કરોડો કરોડો બ્રહ્માંડોની ઉત્પત્તિ અને વિનાશ પણ તેમના સંકલ્પથી જ થાય છે.

જે કસાઈની જાતિ હોય છે, તે વિચિત્ર પ્રકારનાં કર્મ કરીને પછી બીજા જન્મમાં જાતજાતના માનવદેહને પામે છે. લખચોરાશીમાં ભટકતાં ભટકતાં પૂર્વજન્મનો જેવો અભ્યાસ-કર્મવાસના હોય, તેનો પાસ તે જ્યાં જન્મે ત્યાં રહે છે. ૩૩-૩૪. પૂર્વજન્મોનો જેવો કર્મવાસનાનો પાસ હોય તે પ્રમાણે પછીના જન્મમાં તે પ્રકટ થાય છે. તેને ઉત્તમ કે કનિષ્ઠ જાતિ સાથે નિસ્બત હોતી નથી. કોઈ કસાઈ હોય તે શુભ કર્મ કરે તો ઉત્તમ બ્રાહ્મણ જાતિમાં જન્મને પામે છે. ૩૫.

પૂર્વજન્મમાં કસાઈ રહ્યો હોવાથી તેને વિપ્રજન્મમાં પણ બકરાં ઉપર ભાવ રહે છે. કારણ કે, તેનો પૂર્વનો એવો સ્વભાવ હતો. આ પૂર્વના દેહનો સ્વભાવ આ ઉત્તમ જન્મમાં પણ દેખાય છે. ૩૬. ગંગારામ મલ્લ નામે જે હરિભક્ત છે. તેણે અમને આ બધી વાત કહી છે. ૩૭. સ્વામિનારાયણના સંતો ભક્તોની સભામાં જે વાત કહેતા હોય છે, તે વાતને ગંગારામ મલ્લ જ્યારે અમારી પાસે આવે છે ત્યારે રોજ કહે છે. ૩૮. તે રીતે જ સુંદરજી સુતાર પણ અમારી પાસે આવે છે અને બધી સદ્દુપદેશની વાતો કહે છે. વર્તમાન સમયમાં સ્વામિનારાયણના સત્સંગ સમાન કોઈ નથી. ૩૯. મનુષ્યનું શરીર મળ્યા પછી જે સત્સંગ કરે છે તે જ ખરેખર મનુષ્ય બને છે. સત્સંગ સિવાયના અન્ય બધા મનુષ્યોનું જીવન તો પશુઓના જીવન જેવું રહે છે. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'ભુજના દીવાન જગજીવન મહેતાનાં હિંસાપ્રધાન યજ્ઞની લોકચર્ચા કહી' એ નામે અઠ્યાવીશમો તરંગ સમાપ્ત ॥૨૮॥



પૂર બારમું : તરંગ - ૨૯

મહારાવ અને મહાજન વચ્ચે યજ્ઞમાં હિંસા બાબતની ચર્ચા

ભુજના નગરજનો રાજા પાસે આવ્યા ત્યારે રાજાએ તેમને આગળ કહી તે પ્રમાણે વાત કરી અને કહ્યું, તમે હવે સ્વામિનારાયણની પાસે રૂબરૂ જાઓ. ૧. જગજીવનના નાનાભાઈ રામચંદ્રને યજ્ઞમાં હિંસા ગમતી નથી, એટલે તેને પણ તમારી સાથે લેતા જાજો. ૨. તમે બધા હાથ જોડીને સ્વામિનારાયણને યજ્ઞમાં લઈ જશો એટલે તેઓ હિંસાને અટકાવશે. ૩. આવી વાત રાજાની સમક્ષ ચાલતી હતી, ત્યારે તે જગજીવનના ભાઈ રામચંદ્ર હરિઈચ્છાથી ત્યાં આવી ચડ્યા. ત્યારે ભુજના મહારાજા ખુશ થઈને બોલ્યા, અમે તમને જ સંભારતા હતા અને તમે આવ્યા. ૪. તમારા મોટાભાઈ જે યજ્ઞ કરે છે, તેમાં તેમણે હિંસા કરવાનું મનમાં ધાર્યું છે. તેની બધા મહાજનોને ખબર પડતાં સહુ મળીને ઉપવાસ કરવા બેસશે, અને તેનાથી તમારા યજ્ઞનું બધું પુણ્ય નાશ પામશે. ૫.

બીજા બધા નગરજનો પણ સહુ એકેક ઉપવાસ કરશે. જો અમે કદાચ તેમને રોકીએ, વિરોધ કરીએ તો ગાયકવાડના પ્રભુ દીવાન જે તેમની સહાય કરી રહ્યા છે તે, અમારા રાજ્યને કબજે કરી લે. ત્યારે અમને રાજ્ય કોણ પાછું આપે ? આ વાત અમે લોભને વશ થઈને નથી કહેતા. પણ હું તમને આનો એક ઉપાય બતાવું છું. ૬-૭. અત્યારે તમે સહુ ઘણા પ્રસન્ન મનથી સ્વામિનારાયણની પાસે જાઓ. તેઓ તો એવા સમર્થ છે કે, તેમને રાજપાટ કે ધનની લેશમાત્ર પણ આશા નથી. ૮. તેમની પ્રાર્થના કરીને તમે સહુ જ્યાં યજ્ઞ થાય છે ત્યાં તેમને લઈ જાઓ. તેઓ યજ્ઞમાં થતી હિંસાને અટકાવશે. તેમને પોતાને રાજ્ય જવાનો કોઈ ભય નથી. ૯. જો સ્વામિનારાયણે કહેલા વચનનો કોઈ લોપ કરશે તો તેના ઉપર દૈવ કોપશે. અને દૈવનો પ્રકોપ થવાથી તત્કાળ જ તે વચન નહિ માનનાર બેહાલ થઈ જાશે. ૧૦.

હિંસામય યજ્ઞ કરનારાના સહાયક જે કોઈ દીવાન વગેરે હશે તે બધાનો એક પળવારમાં જ વિનાશ થઈ જાશે. વેદ, પુરાણ, ધર્મશાસ્ત્ર અને

સિદ્ધાંતના બધા ગ્રંથ પણ તેમની આજ્ઞારૂપ જ છે. ૧૧. **ભવ, બ્રહ્મા અને ઈંદ્રાદિક બધા દેવો, બીજા પણ જે કોઈ સમર્થ કહેવાય છે, તેમજ જેટલી મહાશક્તિ કહેવાય છે તે બધી પણ સ્વામિનારાયણની આજ્ઞા પ્રમાણે રહે છે. ૧૨. અપાર રિદ્ધિ-સિદ્ધિ, કાળ, કર્મ, જમ અને મૃત્યુ આદિ અનેક તે સ્વામિનારાયણની આજ્ઞામાં રહ્યા છે. ૧૩. જેટલા રાજાઓ, સિદ્ધો તથા ગુરુઓ અને તે બધાનું તપ તથા તીર્થ, વ્રત વગેરે પણ તેમની આજ્ઞા પ્રમાણે વર્તે છે.** ૧૪. સ્વામિનારાયણ આવા મહાન સમર્થ છે. હવે તમે સહુ જઈને તેમને વિનંતી કરો. તેઓ જરૂર ત્યાં યજ્ઞમાં આવશે. ૧૫.

તેઓ સર્વના અંતર્યામી છે. તેમને આ હિંસા રુચતી નથી. તેઓ ધર્મનું સ્થાપન કરવા માટે તો ધર્મને ઘેર અવતર્યા છે. ૧૬. અમે જે રાજા કહેવાઈએ છીએ, તેમને વિપ્રો લોભને વશ થઈને સુખધામ શ્રીરામચંદ્રજીના પાઠનું નામ બતાવીને હિંસા કરવામાં પ્રેરે છે. ૧૭. તે વિપ્રો કહે છે કે, રાજાને હિંસાનું કોઈ પાપ લાગતું નથી. રાજાને હંમેશાં વિપ્રોનું પુણ્ય મળ્યા જ કરે છે. વિપ્રો દેશભરમાં વિવિધ પ્રકારના અપાર યજ્ઞ કરતાં રહે છે. ૧૮. વેદો, પુરાણો, ગાયત્રી, વિષ્ણુસહસ્રનામ સ્તોત્ર, એ બધાનો જપ-પાઠ વિપ્રો રોજ કરે છે, તથા જપ, તપ, ચાંદ્રાયણાદિ વ્રત વગેરેને વિપ્રો કરે છે. તેઓ ક્યારેય પાપમય કર્મમાં પગલું માંડતા નથી. ૧૯. રોજ પંચદેવની પૂજા વિપ્રો કરે છે. તેનું જે કાંઈ પુણ્ય થાય, તેનો દસમો ભાગ વગર માગે રાજાને મળતો રહે છે. ૨૦.

સુજ્ઞ રાજા રોજ સવારમાં વિપ્રની પૂજા કરીને જો તેમને દાન આપે, તેમને જમાડીને ભૂમિ, ધન અને ગાયોનું દાન આપે તો હિંસાનું પાપ રાજા પાસે આવતું જ નથી. ૨૧. જે રાજા આ રીતે વિપ્રોનું સન્માન કરે છે, પૂજે છે, તે રાજાથી ડરીને પાપ તો દૂર જ રહે છે; આવું બોલીને વિપ્રો રાજાને પાપ કરવામાં પ્રીતિ કરાવે છે. ૨૨. આ બધાનું મૂળ કારણ વિપ્રોનો લોભ છે. લોભ તેના કોઈ પણ દોષ સામે જોવા દેતો નથી. વળી રાજા વગેરે જે મનુષ્યો છે, તે બધા પોતાના દેહના શ્રેયમાં જ તત્પર થઈને પડ્યા હોય છે. ૨૩. જીવનું શ્રેય કરવાની બાબતમાં તો તેઓને ગાઢ અંધારુ વર્તે છે. **જે લોકો દેહાકારે થઈને જીવે છે તેઓ તો અંતે અંધતમ નામના નરકમાં પડે**

છે. ૨૪. મનુષ્ય જ્યાં સુધી સત્સંગને સન્મુખ નથી થાતો અર્થાત્ સત્સંગી નથી થાતો ત્યાં સુધી તો તે અંધતમ નરકના દુઃખને શરીરથી ભોગવે છે. ૨૫.

વિમુખ જીવને તો જન્મ, મરણ અને લખચોરાશીનાં દુઃખ કહી શકાય નહિ, એટલા ભોગવવા પડે છે અને તે જીવ જો સત્સંગ કરે છે - સત્સંગી થાય છે તો તરત જ તેને અખંડ સુખની પ્રાપ્તિ થાય છે. ૨૬. જે સત્સંગી થાય છે તેને અપાર શાશ્વત સુખ મળે છે, પણ જે સત્સંગથી વિમુખ રહે છે, તે જીવને ક્યારેય દુઃખનો છેડો આવતો નથી. ૨૭. જે ભગવાનને શરણે આવતા નથી પણ હિંસા વગેરે પાપોને કરે છે, નિરંતર એવા જ કર્મોમાં રત રહે છે, તેઓ સતત લખચોરાશીમાં ભટકતા જ રહે છે. ૨૮. કેટલાક જીવો તો કર્મોની જાળમાં ફસાઈ ગયા હોય છે અને તેઓ કર્મને જ પરમેશ્વરના રૂપમાં માને છે. તેઓ આ બ્રહ્માંડની ઉત્પત્તિ તથા સ્થિતિ પણ કર્મે કરીને માને છે. ૨૯. કેટલાક લોકો કાળને જ ઈશ્વરના રૂપમાં માને છે. કાળથી પર કોઈ છે એવું તે સમજતા જ નથી. સહુ કાળની અંદર જ આવી જાય છે; એમ તેઓ કહે છે. ૩૦.

કેટલાક એવું માને છે કે, વસ્તુના સ્વભાવથી જ આ બધું જગતનું તંત્ર ચાલે છે અને તે સ્વભાવ જ પરમેશ્વર છે. અને તેની અંદર જ બધું આવી જાય છે. પરંતુ જે કહ્યા તે બધા મતો સ્વામિનારાયણના સત્સંગની આગળ તો સૂર્યની આગળ પતંગિયાના જેવા દેખાય છે. ૩૧. ભુજના મહારાવે જે શબ્દ કહ્યા તે સહુને અમૃતથી પણ સારરૂપ જણાયા. પછી તે બધા શ્રીહરિની પાસે આવ્યા. સહુએ શ્રીહરિનાં ચરણકમળોમાં મસ્તક ઝુકાવ્યાં. ૩૨. શ્રીહરિએ તે સહુને પોતાની પાસે બેસાડ્યા. અને ઘણા જ પ્રેમભર્યા ઉમંગથી બોલ્યા, "મહાજનો ! આજ તમે બધા ભેળા થઈને શું કાંઈ કામ માટે આવ્યા છો ?" ૩૩.

ત્યારે મહાજને કહ્યું, "મહારાજ ! આપ તો અંતર્યામી છો તેથી બધું જાણો જ છો. છતાં આપે પૂછ્યું છે, એટલે આપની સમક્ષ અમે કહીએ છીએ. ૩૪. આ જગજીવન મહેતા દીવાનના નાના ભાઈ છે, તેને આપના પ્રત્યે ઘણો આદરભાવ છે. તેઓ કહે છે કે, આપ અમારે ત્યાં યજ્ઞ થાય છે ત્યાં પધારો તો આપના પધારવાથી અમારો સુયશ વધે. ૩૫. આપના આવ્યા વિનાનો

અમારો યજ્ઞ નિષ્ફળ કહેવાય, એવું તેઓ માને છે.” ત્યારે શ્રીહરિએ કહ્યું, “અમે તો યજ્ઞમાં ત્યારે આવીએ જો ત્યાંના બધા વિપ્રોના મનમાં રુચે. ૩૬. યજ્ઞનાં દર્શન કરવાનો અમને ઘણો ભાવ છે. જો યજ્ઞ કરનારા વિપ્રો કહે તો અમે આવીએ. તમે જઈને તેમની સાથે ઠરાવ કરી આવો.” ૩૭. પછી નાનાભાઈ રામચંદ્રે જઈને જગજીવનને બધી વાત સમજાવી. અને કહ્યું, “અમે સ્વામિનારાયણને યજ્ઞમાં લાવવા ચાહીએ છીએ. ૩૮. સ્વામિનારાયણ તો પરમેશ્વરના સમાન છે અને તે અત્યારે અહીં ભુજમાં છે. જો તેઓ આપણા યજ્ઞમાં ન આવે, તો તમે યજ્ઞ કર્યો, તે ન કર્યો ગણાય. ૩૯. માટે તમે જઈને બધા વિપ્રોને તે વાત કહો.” ત્યારે જગજીવને જઈને બધા વિપ્રોને “સ્વામિનારાયણ યજ્ઞમાં આવે છે.” તેવી વાત કહી. તે સાંભળીને બધા વિપ્રો રાજી થયા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં ‘ભુજના મહારાવ અને મહાજન વગેરેએ યજ્ઞમાં હિંસા ન થાય એવી વાત વિચારી’ એ નામે ઓગણત્રીશમો તરંગ સમાપ્ત ॥૨૯॥

પૂર બારમું : તરંગ - ૩૦

શ્રીહરિ ભુજમાં જગજીવન મહેતાના યજ્ઞમંડપમાં પધાર્યા

બધા વિપ્રો એમ બોલ્યા, અમારાં મનમાં અમે વિચાર કરતાં હતા કે, કોઈ સમર્થ પુરુષ આ યજ્ઞમાં આવવા જોઈએ. ૧. યજ્ઞમાં કોઈ સમર્થ પુરુષ ન આવે તો તે યજ્ઞ નિરર્થક-નિષ્ફળ છે; એમ વેદ અને પુરાણો કહે છે. ૨. તે વિપ્રોએ શ્રીહરિને ઘણા જ આદરભાવથી ત્યાં બોલાવ્યા. એટલે ધર્મકુમાર શ્રીહરિ યજ્ઞના મંડપમાં આવ્યા. ૩. યજ્ઞના બધા દેવોને પણ જે સ્થાનો ઉપર સ્થાપન કર્યા હતા, તે બધા તરત જ ઊભા થયા અને સહુ આવીને શ્રીહરિનાં ચરણોમાં નમી પડ્યા. ૪. જે યજ્ઞપુરુષ કહેવાય છે તે તો મૂર્તિમાન દેખાયા. પણ તેમણે અનુપમ વિપ્રનું રૂપ ધારણ કર્યું હતું તેથી બીજા લોકોને દેખાયા નહિ. ૫.

ચાર વેદો પણ સારા વિદ્વાન વિપ્રનું રૂપ લઈને મૂર્તિમાન આવ્યા અને શ્રીહરિની સન્મુખ આવીને બેઠા તથા તેમણે અત્યંત હરખ પામીને શ્રીહરિની પૂજા કરી. ૬. શ્રીહરિને સારા ઉત્તમ આસન ઉપર બેસાડ્યા. સહુ વિપ્રોએ પૂજા કરાવી. જગજીવનના નાના ભાઈ રામચંદ્રે અત્યંત ખુશ થઈને હેતથી શ્રીહરિની પૂજા કરી. ૭. શ્રીહરિની સાથે જેઓ આવ્યા હતા તે સંતો, વર્ણી, સંન્યાસી અને દરબારો વગેરે બધા હરિભક્તો, તે બધાની પણ ઘણા આદરભાવથી પૂજા કરી. ૮. મહાજનમાં પણ જે મોટા મોટા માણસો હતા, તે બધા આવીને ત્યાં બેઠા. દોષોને લીધે જેની શુભ બુદ્ધિ નાશ પામી હતી, તે જગજીવન મહેતા શ્રીહરિની પાસે બેઠા. ૯. તેના ભાઈ જે કુબેરજી નામે હતા, તે પણ આવીને શ્રીહરિની નજીક બેઠા. પછી શ્રીહરિ તે વિપ્રોની સન્મુખ જોઈને બોલ્યા, જો તમે સહુ કહો તો હું એક પ્રશ્ન પૂછું. ૧૦.

જો પ્રશ્ન અને ઉત્તર ન કરીએ તો અમે અહીં આવ્યા છીએ, તે ન આવ્યા બરાબર છે. સારમાં પણ સારરૂપ જેટલી વાત હોય તે બધી પ્રશ્ન અને ઉત્તરમાં દેખાય છે. ૧૧. સારરૂપ વાત કહેવામાં આવે તો સત્કીર્તિ થાય છે અને જો અસારરૂપ વાત કહેવામાં આવે તો કીર્તિ ખોવાઈને અપકીર્તિ થાય છે. મનુષ્યમાત્ર રાત અને દિવસ વધારે ને વધારે સુખને ચાહે છે. ૧૨. પાતાળથી પ્રકૃતિના લોક સુધીમાં જે જીવો છે, મનુષ્ય, દેવ કે દૈત્ય, તે બધામાં કોઈ દુઃખને ચાહતું નથી. ૧૩. સુખિયા થવા માટે જ સહુ અપાર દુઃખોને સહન કરે છે. અને દુઃખમાં સુખ માને છે; આખો સંસાર આવો જ છે. ૧૪. જેટલા ચોર હોય છે, તે બધા જઈને ચોરી કરે છે અને છેવટે તેઓ અત્યંત દુઃખ પામે છે, છતાં તેઓ ચોરી કરવાનું છોડતા નથી. ૧૫. ચોર પકડાઈ જાય ત્યારે તેને લીલા કાંટામાં નાખીને સળગાવી દે છે. છતાં જે ચોર હોય છે તે મનમાં હરખાય છે. ૧૬.

જે રાજાના દીવાન થાય છે, તે પણ પૂર્વના તપનાં પુણ્યને લીધે થાય છે. જ્યારે તેનાં તપનું પુણ્ય ખૂટી રહે ત્યારે તે દીવાનનાં મનમાં રાજાના પ્રત્યે તુચ્છતા આવે છે. ૧૭. ત્યારે રાજા કોઈના દ્વારા તે દીવાનનું માન ખંડિત કરે છે. અને તેને ખબર પણ ન પડે તે રીતે ઉડાવી દે છે અથવા ભીતમાં ઊભો

રાખીને ચણાવી દે છે. ૧૮. તોપને નાળચે બાંધીને તેને ઉડાવી દે છે, આવું બીજાને થાતું હોય છે તેને દેખે છે, છતાં તે ડરતો નથી અને એવો ને એવો રહે છે. અને જે દીવાન રાજાની મરજીને અનુસારે ચાલે છે તેનો રોજબરોજ અભ્યુદય થાય છે. ૧૯. જ્યાં સુધી તપનું પુણ્ય હોય ત્યાં સુધી તે દીવાન રાજાની મરજી પ્રમાણે વર્તે છે. તે રીતે જ જે વિવેકી છે, તે વેદાદિ શાસ્ત્રોની મર્યાદાને લેશમાત્ર પણ ક્યારેય લોપતો નથી. ૨૦.

❋ મનુષ્યજન્મનું ફળ :

વેદોની મર્યાદાને જો દેવો લોપે છે, તો તેમને પણ તરત જ અત્યંત દુઃખ આવે જ છે. જો દેવોને દુઃખ ભોગવવું પડતું હોય તો મનુષ્યને તે દુઃખ ભોગવવું પડે, તેમાં કાંઈ સંદેહ રાખવો નહીં. ૨૧. જીવને મનુષ્યનો દેહ મળ્યો છે તેનું ફળ એ જ છે કે, તેણે કોઈ પણ જંતુની ક્યારેય હિંસા ન કરવી. મનુષ્યમાં પણ જેને ઉત્તમ જાતિમાં જન્મ મળ્યો હોય, તેણે તો હિંસાનો અતિશય ડર રાખવો જોઈએ. ૨૨. જેઓ પ્રાણીની હિંસા કરે છે તેના વંશનો નાશ થાય છે. જે જંતુઓની હિંસા કરતો હોય તે દૈત્યોમાં પણ અત્યંત અધમ ગણાય છે. ૨૩. તમારે પોતાનાં હૃદયમાં વિચાર કરીને જોવું જોઈએ કે, આપણે ઉત્તમ જાતિના થઈને કોઈ જીવની જો હિંસા કરશું, તો તે પાપથી ઉદ્ધાર ક્યારેય નહિ થાય. ૨૪. બકરાં આદિ પશુઓને મારીને જે યજ્ઞમાં તેને હોમે છે, તેના ઉપર બધા દેવ કોપે છે. અમે આ વાત હેતુ વગર નથી કહેતા. ૨૫.

વધારે સુખી થવા માટે તો તમે શ્રદ્ધાથી આ યજ્ઞ કરો છો, અને અમને પણ તેવા જ સુખના લાભ માટે અહીં બોલાવ્યા છે. એટલા માટે જ અમે પ્રેમથી સાચી વાત કહીએ છીએ. ૨૬. જેટલી તમારાં હિતની વાત હોય તેને અમે ચોક્કસપણે તપાસી જોઈ છે. તે અમે તમને કહીએ છીએ. આમાં કોઈ પણ પ્રકારનું છળ કે કપટ નથી. ૨૭. જેટલા સંસારી લોકો છે તે બધા ધનના લોભે કરીને દેહનિર્વાહ સાધવા માટે સામી વ્યક્તિની રુચિ અનુસારે જ વાત કરતા હોય છે. ૨૮.

ચોપાઈ :

लोभ को अर्थ जेहि संग जेहा, सिद्ध करन सो ताके तेहा;
दुःख लगे अति ओरकु जोउ, हित की वात किये में जो सोउ...२९
एसी वात करे नहि कबही, यह संसार की रीत हे सबही;
तेहि कर शुभ गति लहे न कोई, शुभ गति विन मोक्ष न होई...३०

જેને જેની સાથે લોભનો સ્વાર્થ હોય તે તેને સિદ્ધ કરવા આવું કરતા હોય છે. **જે હિતની વાત કહેવામાં બીજાને અતિ દુઃખ લાગે એમ હોય એવી વાત ક્યારેય કોઈ કરે નહિ; આવી આ સંસારની બધી રીત છે. પણ તેનાથી કોઈ શુભ ગતિ પામે નહિ. અને શુભ ગતિ થયા વિના મોક્ષ થાય નહિ. ૨૯-૩૦.**

આ સંસારમાં જેટલા રાવણના વંશના વિપ્ર થાય છે, તેમને પશુ હિંસા કરવામાં લેશમાત્ર પણ ત્રાસ થતો નથી. ૩૧. પછી રાવણની જેવી ગતિ થઈ હતી, તેવી જ ગતિ તેના જેવી રુચિવાળાની થાય છે. તેનું મૃત્યુ ક્યારેય સ્વાભાવિક રીતે થાતું નથી. તે તો શસ્ત્રે કરીને મૃત્યુ પામે છે. ૩૨. જેટલા વિભીષણ જેવા ભક્તના કુળના વિપ્ર હોય છે, તેને હિંસા કરવાનું મન થતું નથી. તેઓ તો સત્સંગ કરીને ભગવાનનાં ધામને પામે છે. અને તેથી ફરીવાર આ ભવમાં ભટકવાનું રહેતું નથી. ૩૩. જન્મ-મરણ, લખચોરાશી વગેરેથી જેને ત્રાસ થતો હોય, જમપુરીના અપાર દુઃખોને જે સાવધાનીથી સાંભળતો હોય. ૩૪. તે સિવાયના બીજા અનંત દુઃખોને પણ દેખીને જેના મનમાં ત્રાસ થાતો હોય, તેને જ્યારે સંતનો યોગ થાય ત્યારે તે સંત તેનો ભવરોગ તરત જ ટાળી દે છે. ૩૫.

જે રોગ સાધ્ય કક્ષામાં હોય તે તરત મટે છે, અને જે અસાધ્ય કક્ષામાં હોય તે ક્યારેય મટે નહિ. રોગ સાધ્ય છે કે અસાધ્ય છે, તે તો બોલવા ઉપરથી અને વર્તન ઉપરથી જણાય છે. ૩૬. જે ધર્મને ધર્મનાં રૂપમાં અને અધર્મને અધર્મનાં રૂપમાં સમજે, તે ભવરોગ સાધ્ય છે, મટી શકે છે. ૩૭. અને જે ધર્મને અધર્મ સમજે તથા અધર્મને ધર્મના રૂપમાં સમજે, જે સત્યને અસત્ય માને છે તો તે ભવરોગ અસાધ્ય છે; એમ જણાય આવે છે. અર્થાત્ તે મટી

શકે નહિ. ૩૮. અત્યારે અમે જે તમારી આગળ વાત કહી, તેમાં કેટલો ફરક રહ્યો છે ? તમને કેવું જણાય છે ? તમને જે લાગતું હોય તે કહો જેથી અમને પણ ખ્યાલ આવે. ૩૯. ગમતી કે અણગમતી વાતમાં સમજણ વિવિધ પ્રકારની છે. જેને જેમાં પ્રેમ હોય, તે અપ્રિય હોવા છતાં પણ તેને પ્રિય લાગે છે. ૪૦. હળાહળ ઝેરના જેવું કોઈ અપ્રિય કહેવાય નહીં. **છતાં જેને ઝેર પ્રિય લાગતું હોય તેવો વ્યક્તિ અમૃતને પણ વિષના રૂપમાં દેખે છે. ૪૧.**

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'ભુજમાં શ્રીહરિ જગજીવન મહેતાના યજ્ઞમંડપમાં પધાર્યા' એ નામે ત્રીસમો તરંગ સમાપ્ત ॥૩૦॥

પૂર બારમું : તરંગ - ૩૧

શ્રીહરિએ યજ્ઞસભામાં કર્મફળની અનિવાર્યતા કહી

જેટલા હિંસક જીવો હોય છે તેમને હિંસા પ્રિય લાગે છે. તેને કોઈ હિંસા ન કરવાનું કહે તો તે અત્યંત અપ્રિય લાગે છે. ૧. જે માણસ ક્યારેય હિંસા કરતો ન હોય, જે હિંસામાં અતિશય પાપ રહ્યું છે એમ સમજતો હોય, તેને હિંસા ગમતી નથી. હિંસાને દેખતા જ તે દુઃખી થઈ જાય છે. ૨. જે જેવો આહાર કરે છે તેની બુદ્ધિ તેવી થઈ જાય છે. પછી તે બુદ્ધિ પ્રમાણે જે હોય તેમાં સાર માને છે. તેથી ક્યારેય વિવેક-વિચાર કરીને દેખતો નથી. ૩. હિંસામાં એક એકથી અધિક પાપ કહ્યું છે. જેને પાપની બીક લાગે છે તે ક્યારેય હિંસા કરતો નથી. ૪. એકબીજાના ભયથી જ સહુને ડર રહે છે અને આ જગતનો વ્યવહાર ચાલે છે. જેટલો ભય હોય છે તેટલો વિવેક રહે છે. ભય વિના કોઈનામાં વિવેક રહેતો નથી. ૫.

પરસ્પર એકબીજાના ભયને લીધે જ આ જગતની સ્થિતિ ચાલી આવે છે, અને ભય વિનાની જેટલી સ્થિતિ દેખાતી હોય તેમાંથી કેટલીક નાશ થાય છે. ૬. ભયરૂપ એક ભગવાનની શક્તિ છે. તે ભયરૂપ શક્તિ કોઈને આંખથી દેખ્યામાં આવતી નથી. જે કાંઈ સ્થાવર કે જંગમ સૃષ્ટિ છે તેને તે ભયરૂપ

શક્તિ નિયમમાં રાખે છે. ૭. પાતાળથી પ્રકૃતિ સુધીમાં કોઈ નિયમથી બહાર ડગલુંએ ચાલતા નથી. આવા અનંત કોટી બ્રહ્માંડ છે, તેને ભગવાન પોતાની ભયરૂપ શક્તિથી નિયમમાં રાખે છે, ભગવાન એવા મહાસમર્થ છે. ૮. જીવો જ્યાં જે પ્રકારે દેહ ધારીને રહ્યા હોય, તે અપાર જીવોમાં જેના જેવા કર્મ હોય તેને તેવો આહાર ભગવાન આપે છે. ૯. પરમેશ્વરને અંતર્યામી કહેવાય છે, એટલે તેઓ એક પળવાર પણ કોઈને ભૂલતા નથી. જે જીવે જેવું કર્મ કર્યું હોય છે તેને તેવું ફળ પરમેશ્વર આપે જ છે. ૧૦.

પુણ્યરૂપ કર્મ કર્યું હોય તે જીવ સુખરૂપ ગતિને પામે છે, તેનો કોઈ પાર પામી શકતા નથી. પાપરૂપ કર્મ કર્યું હોય, તો તે જીવ દુઃખરૂપ ફળને પામે છે. અમે જેવું સમજીએ છીએ તેવું કહીએ છીએ. ૧૧. એક જીવ બીજા જીવનું જેવું હિત કરે છે તેવું તેને સુખરૂપ ફળ મળે છે. ભગવાને મનુષ્યશરીર અને સર્વોત્તમ નેત્ર-બુદ્ધિ આપી છે. પણ તે નેત્રને-બુદ્ધિને જે બંધ રાખીને ચાલે છે તે ખુવાર થઈ જાય છે. ૧૨. **મદમાં સહુથી વધારે મદ ધનનો કહેવાય છે. ધનનો મદ હોય તેમાં જો સત્તા મળે તો તેનો ઓર નશો ચઢે છે.** ૧૩. સહુથી મોટી રાજસત્તા અત્યારે પેશવાની કહેવાય છે. તે રાજસત્તાનો અધિકારી વધારે પુણ્યશાળી ગણાય છે. તેમજ તે સત્તાધીશ કોઈના ભયને માનતો નથી. તેણે બધા જ ભયને ફેંકી દીધા છે. ૧૪. બ્રહ્માદિક બધા દેવો પણ પરમેશ્વરનો અપાર ભય રાખે છે. પણ તે સત્તાધીશોએ પરમેશ્વરનો ભય રાખ્યો નથી. માટે તેમનું પુણ્ય શું કામમાં આવ્યું ? ૧૫. તેમની પારાવાર સમૃદ્ધિમાં પણ આગ લાગી કહેવાય. હવે પુણ્ય તો કાંઈ કરતા નથી, તેથી તે સમૃદ્ધિ પણ ક્યાં સુધી ટકશે ? ૧૬.

વિશાળ સરોવર હોય, તોપણ વરસાદ સારો વરસે તો તેને ભરી દેતાં વાર લાગતી નથી. જ્યાં સુધી તે સરોવરની પાળ હોય ત્યાં સુધી તેમાં પાણી રહે છે અને ઘણા લોકોને તે પાણીથી સુખ થાય છે. ૧૭. વિષમ કાળે કરીને જો તે પાળ તૂટી જાય તો સરોવરમાં થોડુંએ પાણી રહે નહિ. તેમ મોટા રાજાની સમૃદ્ધિનું પણ એવું જ સમજવું. ૧૮. જ્યાં સુધી વિષમ કાળ ન હોય ત્યાં સુધી સદ્‌બુદ્ધિ રહે છે. અને સદ્‌બુદ્ધિ હોય ત્યાં સુધી તેને અપાર

સુખ રહે છે અને પોતાની સત્તાનો પણ ખૂબ વધારો થાય છે. ૧૯. જ્યાં સુધી સદ્‌બુદ્ધિ રહે ત્યાં સુધી શુભ કાળ કહેવાય, અને જો કુમતિ થાય તો કાળ વિકરાળ થઈ જાય છે. શુભકાળ સુમતિને વશ રહે છે અને અશુભકાળ કુમતિને વશ કહેવાય છે. ૨૦.

❊ દેહની અનિત્યતા :

સત્પુરુષના અનુગ્રહને લીધે જીવમાં શુભમતિ ઠરીને રહે છે. પણ જ્યારે સત્પુરુષનો કોપ થાય ત્યારે તરત જ શુભમતિનો વિનાશ થાય છે. ૨૧. શ્વાસ-ઉચ્છ્‌વાસ દ્વારા પ્રાણ(જીવ) દેહમાં આવતા-જતા રહે છે, પણ તે કોઈ મનુષ્યની નજરે ચઢતા નથી; આવી આ બધી બાબતો હોય છે. ૨૨. જ્યારે દેહમાંથી બધા જ પ્રાણ નીકળી જાય ત્યારે જીવ ગયો એવું દેખાય છે. જીવના યોગે કરીને જ આ શરીર અતિ સુંદર લાગે છે. ૨૩. જીવને લીધે જ શરીરમાં સુંદરતા રહી છે, પણ જીવ જ્યારે શરીરમાંથી નીકળી જાય છે ત્યારે તે મડદું કહેવાય છે. પાતાળથી પ્રકૃતિના લોક સુધી બધાં શરીરોની સ્થિતિ આવી જ હોય છે. ૨૪. દેવ, મનુષ્ય, દૈત્ય, પશુ કે પંખી, એ બધાનાં શરીરો છેવટે તો ભસ્મ, કીડા અથવા વિષ્ઠાના રૂપમાં જ પરિણમે છે. અને માટી ભેળા માટીમાં મળી જાય છે. ૨૫.

આ શરીર ચોવીશ તત્ત્વના મિશ્રણવાળું છે. તે જીવના પ્રવેશથી સચેત રહે છે અને તેમાંથી જો એક જીવ નીકળી જાય, તો ચોવીશ તત્ત્વો હોવા છતાં આખું શરીર અચેત-જડ થઈ જાય છે. ૨૬. આ શરીર ક્ષણભંગુર છે. વળી, અત્યંત પરાધીન જણાય છે, છતાં જીવ આ બાબત દેખીને પણ સમજતો નથી; તે ઘણી આશ્ચર્યની વાત છે. ૨૭. આ ક્ષણભંગુર શરીર માટે જીવ અહં-મમત્વે કરીને મરી જાય છે. જીવ અજ્ઞાનવશાત જેમાં જેમાં મમત્વ કરે છે, તે બધું નાશવંત હોવાથી અંતે રહેતું નથી. ૨૮. જીવ પોતાનાં શરીરને માટે જેટલા પાપ કરે છે, તે તલતલ જેટલા પાપના ફળને ભોગવે છે. એક પાપનું ફળ હજારગણું થાય છે અને જ્યાં જીવ દેહ ધારણ કરે છે ત્યાં તેને તે ફળ મળે છે. ૨૯. આ લોકમાં જીવ જેટલા પ્રાણીઓને મારે છે, તે બધાં મરેલા પ્રાણીઓ તે મારનારા જીવને એક હજાર વાર અત્યંત ક્રૂર થઈને મારે - કાપે છે. ૩૦.

મનુષ્યે પોતાને જે રીતે માર્યા હોય છે, તે રીતે જ તે પ્રાણીઓ મારનારા જીવને હજાર હજાર વાર મારે છે. જે જીવ ભવિષ્યના દુ:ખોને સહન કરવામાં સમર્થ હોય, તે જ અત્યારે પાપકર્મ કરવામાં ડરતા નથી. ૩૧. જે લોકો તે દુ:ખને સહી ન શકે તેઓ પાપ કરવાથી દૂર ભાગે છે. અમારા આશ્રિત હરિભક્તો, સાધુ, વર્ણી અને સંન્યાસી, તેઓ જૂ, માંકડથી લઈને મનુષ્યપર્યંત કોઈપણ પ્રાણીમાત્રની હિંસા કોઈપણ પ્રકારે કરતા નથી. 'કોઈની હિંસા ન કરવી' આવો દૃઢ નિયમ સહુએ ધાર્યો છે. ૩૨-૩૩. તેઓ બધા પાપના અપાર દુ:ખને દેખીને રાત-દિવસ ધ્રૂજતા રહે છે. તેમજ તે દુ:ખને સંભારીને બધા નિશ-દિન પરમેશ્વરની સ્તુતિ કરે છે કે, 'અમારાથી કોઈપણ જીવનો દ્રોહ કોઈપણ રીતે ન થાય.' ૩૪.

चोपाई :

अजान में होवे द्रोह लगारा, मन कर्म वचन करी कोउ वारा;
माप सो करना कहत कर जोरी, दया कर द्रोह से उद्धारी लियोरी...३५
हरि करत हित जीय को जितनो, जीय कबु न संभारत तितनो;
तेहिकर कुमति के चलत राहा, अधर्म करन बढत मन चाहा...३६

કદાચ કોઈ વાર મન, કર્મ કે વચનથી અજાણે કોઈનો થોડોએ દ્રોહ થઈ જાય તો તેઓ પરમેશ્વર પાસે હાથ જોડીને માફી માગે છે કે, 'હે દયાળુ ! દયા કરી દ્રોહ થકી મારો ઉદ્ધાર કરો.' ૩૫. પરમેશ્વર જીવનું જેટલું હિત કરે છે તેને જીવ ક્યારેય યાદ કરતો નથી. અને તેને કારણે જ જીવ દુષ્ટ જીવોને માર્ગે ચાલે છે. તેમજ અધર્મ કરવાની ઈચ્છા મનમાં વધતી રહે છે. ૩૬. તે સમયે દીવાન જગજીવન મહેતાએ શ્રીહરિને કહ્યું, "યજ્ઞમાં પાપ લાગે છે આમ જે લોકો માને છે તેમને અવશ્ય પાપ લાગે છે. ૩૭. સાત્ત્વિક, રાજસ અને તામસ, આમ યજ્ઞ ત્રણ પ્રકારના કહ્યા છે. તમે જે સાત્ત્વિક યજ્ઞની વાત કહી તે બધી અમે સાંભળી. ૩૮.

જે યજમાન પ્રતિદિન પશુને મારીને નિત્યયજ્ઞ કરે છે તેને તામસ અધિકારી કહ્યો છે અને તેને પાતાળ લોકના ભોગ-સુખ મળે છે. ૩૯. જેટલા રાજસ યજ્ઞ છે, તે બકરાંના વિના થાય જ નહિ. તે યજ્ઞ જીવનમાં એક જ

વાર કરે, તોપણ યજમાનને દેવલોકના ભોગ-સુખ મળે છે. ૪૦. જે રાજસ યજમાન હોય છે, તે બકરાંથી યજ્ઞ કરે છે અને જેનું મન સાત્ત્વિક હોય છે, તે યજમાન જૂનાં જવ અને તલ વગેરેથી યજ્ઞ કરે છે. ૪૧. અને તેમને સાત્ત્વિક ભોગ મળે છે. ફળ, ફૂલ, કંદ, મૂળ અને અન્ન ખાઈને તપ પરાયણ તેઓ રહે છે. તેને કોઈ રોગ થતા નથી અને તેમને વિષય-ભોગ પણ રુચતા નથી." ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'શ્રીહરિએ યજ્ઞની સભામાં કર્મફળની અનિવાર્યતા વગેરે વાત કહી' એ નામે એકત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૧॥

પૂર બારમું : તરંગ - ૩૨

શ્રીહરિએ યજ્ઞસભામાં સુયશ, નિયમ અને આસુરી સ્વભાવની વાત કહી

વળી, શ્રીહરિએ યજ્ઞસભામાં બેઠેલા યજમાન અને યાજ્ઞિક વગેરેનાં પ્રતિ ફરીવાર કહ્યું, "જે લોકો વિષયભોગમાં રત હોય તેની બુદ્ધિ ઉન્મત્ત થઈ જાય છે. ૧. જે લોકો ઉન્મત્ત થઈ જાય છે, તેઓ ધન-સંપત્તિને પામીને રાજસ-તામસ દેવ રુદ્રનું આનંદથી યજન કરે છે. ૨. સત્સંગ સિવાયના, પાતાળથી પ્રકૃતિના લોક સુધીમાં, બધા જ લોકોના મન વિષયમાં રત છે, વિષયભોગથી ભર્યા છે. તેથી વિષય માટે તેઓ શું ન કરે ? ૩. **અમે દેવતાઓ અને દૈત્યો સુધી દેખ્યું છે કે, મનુષ્ય જેવું ઉત્તમ કોઈ પણ શરીર નથી. ચિંતામણિ જેવાં આ મનુષ્યશરીરને લોકો તુચ્છ વિષય માટે ખુએ છે. ૪.**

પરમેશ્વરના કલ્યાણકારી સદ્‌ગુણોનો કોઈ પાર જ નથી. તેઓ શરણાગતનો તરત જ ઉદ્ધાર કરે છે. **શરણાગત જીવના ચાહે તેટલા દોષ હોય, તે બધાંને ભગવાન માફ કરી દે છે.** ૫. શુભ કે અશુભ, બધાં જ કર્મો દેહ વિના ક્યારેય થાય નહીં. આ મનુષ્યશરીર તો શુભકર્મ કરવા માટે છે, અને અશુભ કર્મોનો ત્યાગ કરવા માટે છે. ૬. લોક અને શાસ્ત્રથી વિરુદ્ધ જેટલું કરવું તેને અશુભ કર્મ કહેવાય છે. તેમજ લોક અને શાસ્ત્ર જેનું પ્રમાણ કરે

તેવું કરવું તેને શુભ કર્મ કહેવાય છે. ૭. અપાર રૂપાળું મનુષ્યનું શરીર પણ કપડાં પહેર્યાં વિનાનું હોય, તો જરાય સારું લાગતું નથી. માણસ થઈને પણ જો કોઈ વસ્ત્ર કાઢી નાખે, તો કોઈ તેની સાથે સ્નેહ-સંબંધ રાખે નહિ. ૮.

❋ યશની ઇચ્છા છોડશે તે મોક્ષ પામશે :

જે દેશમાં જેવો સદાચાર ગણાતો હોય તે પ્રમાણે જોઈ-વિચારીને ચાલવું જોઈએ. જે મનુષ્ય લોક અને શાસ્ત્રની મર્યાદા તજી દઈને તેથી બહાર વર્તે છે, તેને સહુ ખરાબ(નઠારો) કહે છે. ૯. કોઈ મોટો ચક્રવર્તી રાજા પણ જો લોકમર્યાદા છોડીને વર્તે, તો બધું જગત તેની નિંદા કરવા લાગે છે અને તેથી તેની કીર્તિ ક્યારેય વધતી નથી. ૧૦. **સમજુ માણસ કીર્તિ માટે ધન-સંપત્તિનો ત્યાગ કરે છે. કરોડોનું ધન હોય તોપણ તેની સામે દેખતો નથી. જે ચક્રવર્તી રાજા હોય છે તે કીર્તિ માટે તો કરોડો શરીરનો પણ ત્યાગ કરે છે. ૧૧.**

चोपाई :

तन धन से कीर्ति हे भारी, कीर्ति विन संपत्ति जानत ख्वारी;
संत हरिजन तेहि प्रकारा, परम मोक्ष कु मानत सारा...१२

કીર્તિ શરીર અને ધન કરતાં મોટી છે. કીર્તિ વિનાની સંપત્તિને ખુવાર સમજે છે. તે પ્રમાણે જ સંતો અને હરિભક્તો પરમમોક્ષ, જે આત્યંતિક મુક્તિ તેને શ્રેષ્ઠ સમજે છે. ૧૨.

❋ મોક્ષરૂપી કીર્તિ મહાન :

दोहा : परम मोक्ष करन हित, संत हरिजन हि जेते;
तन धन गिनत त्रण हि वत, मोक्ष पावत तेते...१३
यह जग की कीर्ति जेतनी, अपकीर्ति जेति जोउ;
रहे दोनुं ब्रह्मांड लग, देखे में आवत सोउ...१४

આત્યંતિક મોક્ષને માટે તો સંતો અને હરિભક્તો શરીર અને ધનને તરણાં જેવા ગણે છે, અને તેથી જ તેઓ મોક્ષને પામે છે. ૧૩. આ જગતમાં યશ અને અપયશ, એ બે તો જ્યાં સુધી બ્રહ્માંડ રહેશે ત્યાં સુધી જ રહેવાના છે; એવું દેખવામાં આવે છે. ૧૪.

सोरठा : कीर्ति जो मोक्षरूप, ताको नाश न होत कबु;
उत्कृष्ट महा अनूप, प्रले ताको न होत जोउ...१५
ब्रह्मांड जब जब होत, मोक्षरूप कीर्ति तबे;
नई नई रहत उद्योत, काल से होत न नाश तेहि...१६

પરંતુ જે મોક્ષરૂપ કીર્તિ છે, તેનો ક્યારેય નાશ થાતો નથી. તે મોક્ષરૂપ કીર્તિ સર્વોત્તમ છે અને ઘણી અનુપમ છે. તેનો ક્યારેય પ્રલય થાતો નથી. ૧૫. જ્યારે જ્યારે બ્રહ્માંડ ઊપજે છે ત્યારે ત્યારે મોક્ષરૂપ કીર્તિ નવી ને નવી જ દૈદિપ્યમાન રહે છે. તેનો વિનાશ કાળથી પણ ક્યારેય થાતો નથી. ૧૬.

અપાર રાજાઓ એક મોક્ષ સિવાયની ઘણી કીર્તિ આ ભૂમિ ઉપર પ્રાપ્ત કરે છે. કોઈ રાજા પરાક્રમ ન કરી શકે એવું પરાક્રમ બુદ્ધિશાળી હોય તે કરે છે. ૧૭. બુદ્ધિમાન જે જે પરાક્રમ કરે તે અલૌકિક દેખાય છે. તે પરાક્રમ દેખીને ક્ષુદ્રરાજાઓ ચકિત થઈ જાય છે. ૧૮. જે સહુથી વધારે પરાક્રમ બતાવે છે તે ચક્રવર્તી રાજા થાય છે. પરાક્રમ વિના કોઈ ચક્રવર્તી થાય નહિ. જો બુદ્ધિ ન હોય તો મૂળગુ પોતાનું રાજ્ય પણ ખુએ છે. ૧૯. અને રાજ્ય મળ્યા પછી રાત-દિવસ નીતિમાં પ્રવીણ રહે, કોઈપણ જાતનો મોહ કે પ્રમાદ ન રાખે. જે જે વ્યસન કહેવાતા હોય તે બધાનો દૂરથી જ ત્યાગ કરે ત્યારે રાજ્ય ટકે છે. ૨૦.

રાજા થયા પછી પણ જે વ્યસની થયા છે તેનું બધું રાજ્ય ગયું છે. વ્યસન, મોહ અને પ્રમાદને લીધે તો અનંત રાજાઓ રાજ્ય ખોઈ બેઠા છે. ૨૧. રાજાઓને પાળવાના વિવિધ પ્રકારના જે નિયમો કહ્યા છે, તે નિયમોનો રાજાએ જ્યાં સુધી દેહમાં પ્રાણ હોય ત્યાં સુધી ક્યારેય ત્યાગ ન કરવો જોઈએ. ૨૨. **નિયમ વગરનાની ઘણી મોટી કીર્તિ હોય, તોપણ તે જાતે દહાડે દિવસે દિવસે ઘટતી જાય છે. જેટલા ગુરુઓ અને રાજાઓ હોય, તે બધા નિયમોને પાળવાથી જ અતિ મોટપ પામે છે. ૨૩. મોટાઈનું કારણ નિયમ કહેવાય છે. નિયમોને પાળ્યા વિના મોટપ મળતી નથી. વ્યવહાર કાર્યમાં જો નિયમોનો ત્યાગ કરી દેવાય તો તેમાં છેવટે અથાગ દુઃખ આવીને ઊભું રહે છે. ૨૪.**

નિયમમાં જ ખાવું-પીવું જોઈએ. કપડાં પણ નિયમમાં જ પહેરવા જોઈએ. નિયમમાં જ સૂવું અને ઊઠવું જોઈએ. અરે, પોતાના શરીરને પણ હરેક બાબતે નિયમિત રાખવું જોઈએ. ૨૫. **અપાર કીર્તિ હોય, પણ નિયમ ન પાળે, તો તેને જાતા વાર લાગતી નથી.** સાગર પણ પોતાના નિયમને છોડી દે તો તેમાં લગારેય પાણી રહે નહિ. ૨૬.

દેહમાં જે પ્રાણ રહ્યા છે તે પણ નિયમમાં ચાલે છે. જ્યાં સુધી તે નિયમમાં ચાલે ત્યાં સુધી શરીર જીવે છે. તે જો નિયમોને તજી દે, તો દેહમાં પ્રાણ પળવાર પણ રહે નહિ. ૨૭. જે કોઈ પણ બાબત હોય, તે નિયમ વિના શોભતી નથી. નિયમ વિના કોઈ વાત સોહાતી નથી. આ વાત અમે ચોક્કસ કરીને કહીએ છીએ. ૨૮. સત્પુરુષની જેટલી વાત હોય છે, તે બધાં જ જીવો માટે હિતકારી હોય છે. સત્પુરુષને રાગ-દ્વેષ કે કોઈ પોતાનો-પારકો એવું હોતું નથી. આથી સત્પુરુષ મેઘના સમાન છે. ૨૯. મેઘ જ્યારે વરસે છે ત્યારે સહુને તૃપ્ત કરી દેવાનું તે ધારે છે. તેને કોઈના ઉપર વૈરબુદ્ધિ હોતી નથી. તેને તો સહુના ઉપર સ્નેહ રહે છે. ૩૦.

પરંતુ જવાસા નામનો છોડ વરસાદથી મૂળગો સુકાઈ જાય છે. સ્વાતિ નક્ષત્રના વરસાદનું ટીપું છીપમાં પડે, તો તે અમૂલ્ય મોતી થાય છે અને સાપના મોઢામાં પડે તો તેનું ઝેર થાય છે. જ્યાં જેવું પાત્ર હોય ત્યાં તે જળબિંદુ તેવું થાય છે. ૩૧-૩૨. તે રીતે જ સત્પુરુષે કરેલી વાત દૈવી જીવોને સુખદાયક થાય છે અને આસુરી જીવોને તે વાત ઝેરના જેવી દુઃખદાયક લાગે છે. ૩૩. આસુરી જીવ ઘણું દુઃખ પામે છે. છતાં તે પોતાની આસુરી બુદ્ધિને છોડતા નથી. હિરણ્યકશિપુ, હિરણ્યાક્ષ, રાવણ, કુંભકર્ણ વગેરે તથા, ૩૪. કંસ, શિશુપાળ અને શાલ્વ, બાણાસુર અને મૂરદાનવ, એ બધાએ ભગવાનની સાથે યુદ્ધ કર્યું હતું. પૂતના, તૃણાવર્ત, ૩૫. શકટાસુર, વત્સાસુર, બકાસુર, અઘાસુર, વૃષભાસુર, ધેનુકાસુર, કેશી અને તોશલક ઈત્યાદિ ઘણા અસુરોને ભગવાને માર્યા હતા. ૩૬.

કાલીય નાગ તો અત્યંત નિષ્ઠુર હતો. મહાન ઝેરી નાગ હતો. તેનું ભગવાને ઘણું જ દમન કર્યું. તેને ઘણો જ બેહાલ કરી નાખ્યો. ૩૭.

તે સિવાયના અન્ય અપાર અસુરોની સાથે ભગવાને યુદ્ધ કર્યું હતું. તે બધાનો પરાજય કર્યો અને શિરચ્છેદ પણ કર્યો હતો. ૩૮. છતાં તે અસુરોને કાંઈ લાજ-શરમ આવી નહિ. તેમણે આસુરી બુદ્ધિને છોડી નહિ. બીજાનું ભૂંડું કરવામાં, અહિત કરવામાં જ અસુરોને આનંદ થાતો હોય છે. ૩૯. પણ અસુરોનું ધાર્યું કાંઈ થાતું નથી. એક પરમેશ્વરનું ધાર્યું જ થાય છે; એમ સત્પુરુષો જુએ છે." આટલું કહીને શ્રીહરિ ત્યાંથી ચાલતા થયા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'શ્રીહરિએ યજ્ઞસભામાં સુયશ નિયમ અને આસુરી સ્વભાવ વગેરે વાત કહી' એ નામે બત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૨॥

પૂર બારમું : તરંગ - ૩૩

દીવાનના યજ્ઞની નિષ્ફળતા અને તેની પદભ્રષ્ટતા

શ્રીહરિ પોતાને મુકામે આવ્યા. મનમાં અતિ ઉદાસ થઈ ગયા. જીવ-પ્રાણિમાત્રના ઉપર દયા કરનારા અને તેમનું પાલન કરનારા શ્રીહરિ ભુજના રાજા ભારમલજીના દિલમાં વસી ગયા. ૧. શ્રીહરિ જ્યારે ભુજ નરેશના દિલમાં વિશેષપણે વસ્યા ત્યારે તે મહારાવે વિચાર કર્યો, આ દીવાન તો ઉન્મત્ત થઈ ગયા છે. છેવટે તે અનેક પ્રકારે બગાડશે. ૨. પછી મહારાવે ફતેહ મહમદ નામના પોતાના લશ્કરી અધિકારીને બોલાવીને કહ્યું, તમે અત્યારે દીવાન યજ્ઞમાં હોમવા જે બકરાં વગેરે પ્રાણીઓને લાવ્યા છે, તેને છોડાવો. ૩. પછી ફતેહ મહમદ સશસ્ત્ર સૈનિક રક્ષકોની ટુકડી લઈને ત્યાં ગયા. પશુઓને અધમુવા કર્યા હતા, તેટલામાં જ તે પશુઓને છોડાવી નાંખ્યા. ૪. ફતેહ મહમદ અને દીવાનને પરસ્પર થોડું યુદ્ધ પણ થયું. પછી તેણે જવના લોટમાંથી પશુ બનાવ્યા અને તેને યજ્ઞમાં હોમ્યા. ૫.

આ રીતે જગજીવન મહેતાએ યજ્ઞ તો પૂરો કર્યો, પણ મનના બધા સંકલ્પ અધૂરા રહી ગયા. આમ થવાથી ભુજની બધી નગરવાસી પ્રજા મહારાવના ઉપર ખૂબ જ રાજી થઈ. ૬. તે દિવસથી રાજા અને દીવાનનાં

મન જુદા પડી ગયા. ત્યારથી બધી પ્રજા સુખી થઈ અને દીવાન તરફનું દુઃખ ટળી ગયું. ૭. રાજાને પણ દિનપ્રતિદિન દીવાન ઉપર શંકા રહેવા લાગી અને તે પછીથી તેના ઉપર સ્નેહભાવ પણ ઓછો થઈ ગયો. રાજાએ બે-ત્રણ વાર દીવાનને દંડ પણ કર્યો. ૮. દીવાનના મિત્ર જે બીજા દીવાનો હતા. તેઓ ઘણા મોટા અને શક્તિશાળી હતા. તેના મિત્રો મારવાડ દેશથી લઈને કોંકણ દેશ સુધીમાં હતા. ૯. અને દ્વારકાથી લઈને સોનગઢ સુધીમાં હતા. તે લોકોનું સમાજમાં અને દેશમાં ભારે વર્ચસ્વ હતું. આ પહેલા પણ તેઓએ મળીને શ્રીહરિનો ઘણો જ દ્રોહ કર્યો હતો. (જૂનાગઢનો દિવાન રંગીલદાસ, વડોદરાનો બાબાસાહેબ, અમદાવાદનો સેલુકર સુબો, ભૂજનો દિવાન જગજીવન આ ચારેય મહાદ્રોહી હતા. અને અંતે કાગડા-કૂતરાના હાલે મર્યા હતા.) ૧૦.

જગજીવનની દૃષ્ટિમાં જેમ આવે તેમ તે પોતાના મિત્રોને વરસો વરસ કાગળ-પત્ર લખતો રહેતો હતો. તે એવી વાત લખતો કે, જેનાથી તે બધાને શ્રીહરિનો અવગુણ-અભાવ આવે. ૧૧. તે એવું લખતો કે, સ્વામિનારાયણ આ દેશના કાઠી દરબારોને પોતાના શિષ્ય કરે છે. તેને બોધ કરીને તેની પાસે ઈંદ્રના ઘરમાં પણ ન હોય એવી રૂપાળી નારીનો ત્યાગ કરાવી દે છે. ૧૨. તે પુરુષને સ્ત્રીનો એટલો બધો અભાવ લાવી દે છે કે, ઊલટી થયેલા અન્નની જેમ ફરીને તેનો ભાવ થાય જ નહિ. ૧૩. તે રીતે જ સ્ત્રીની પાસે પુરુષનો ત્યાગ કરાવી દે છે. ત્યાગ કર્યા પછી તે સ્ત્રી કરોડ વાતે પણ પુરુષમાં રાગ કરતી નથી. ૧૪. નારી અને નરના યોગથી આ આખા સંસારની વૃદ્ધિ થાય છે. વળી બીજા સારા સારા ભોગોને પણ વિષ કરતાં અધિક દુઃખરૂપ દેખાડે છે. ૧૫.

તેમના ઉપદેશથી લોકો પાતાળથી પ્રકૃતિના લોક સુધીના સારા ભોગ-સુખ તરફ ફરીથી પગ માંડતા નથી; એવો તેમને ભોગસુખમાં દોષ દેખાય છે. ૧૬. કચ્છ દેશમાં અને ભુજ નગરમાં જેને જેને એનો ઉપદેશ લાગી આવે છે તેવા ચારે વર્ણમાં રહેલા હજારો સુબુદ્ધિમાન લોકો તેમના શિષ્ય થાય છે. પછી તેઓ બીજા મતોને તો નકારા જાણે છે. તેમના મતને તેઓ સત્સંગ કહે છે અને તેના સિવાયનાને કુસંગ દેખાડે છે. ૧૭-૧૮.

બીજા મતના જે ગુરુઓ છે તેઓ સંસારની વૃદ્ધિ કરાવે છે. જે રીતે પ્રજા ઉત્પન્ન થાય તે રીતે ધર્મ ચલાવે છે. ૧૯. તેમના જેટલા નરનારી શિષ્યો હોય તે બધા ભેળામળીને બેસે છે. તેની સ્ત્રી ચાહે તે રીતે ચાલે-વર્તે, તેની કોઈને કોઈના ઉપર ઈર્ષ્યા થાતી નથી. ૨૦.

પોતાની પત્ની, બહેન અને પુત્રીને ગુરુની સેવા કરવા રાખે. જે ગુરુની સેવા ન કરે તેને દુર્બુદ્ધિ કહે છે. ૨૧. કદાચ સ્ત્રી પરપુરુષના સમાગમથી ઘરમાં ઘણું ધન લાવે, તો તે સ્ત્રીને રિદ્ધિ(ઋદ્ધિ) સિદ્ધિનાં સમાન સમજે છે, અને જે સ્ત્રી એવી ન હોય તેને અસિદ્ધિ માનવામાં આવે છે. ૨૨. કોઈ પુરુષ કે સ્ત્રી પારકા ઘરમાં પેસે અને તેની વાત જો ચોતરે-ચબૂતરે ખુલ્લી ચરચાવા લાગે, તો તે પુરુષ અને સ્ત્રી રાજાને અને રાજાના કર્મચારીને છાની રીતે ધન આપી દે છે. ૨૩. જેવો માણસ તેવું ધન આપે, તેમાં કોઈ ના તો ક્યારેય કહે જ નહિ. આ રીતે સ્ત્રી અને પુરુષ, બંને દ્વારા રાજાને પુષ્કળ ધન મળે છે. ૨૪. અત્યારે જે જે નર-નારીઓ સત્સંગી થયા છે, તેમણે બધા વ્યસન અને ફેલ છોડી દીધા છે, એટલે તેઓ ક્યારેય ગુનામાં આવતા નથી. ૨૫. ગુનામાં આવ્યા વિના તેમને દંડ કેમ કરવો ? એટલે સત્સંગીની પાસેથી રાજાના ઘરમાં એક તલભાર પણ ધન આવતું નથી. ૨૬.

જેટલા સત્સંગી થાય છે, તે બધાં ભાંડ-ભવાઈ થતા હોય ત્યાં જોવા પણ જાતા નથી. તેથી તેઓ ભાંડ-ભવાઈમાં પણ ક્યારેય ધન આપતા નથી. ૨૭. ડુંગળી, લસણ, હિંગ, તમાકુ, અફીણ અને ગાંજો, એ બધા જે ફેલમાત્ર છે તેને સત્સંગી જરાય કરતા નથી. ૨૮. જે સત્સંગી થયા હોય તેઓ ફેલ નહીં કરતા હોવાથી તેમનું ધન બીજાનાં ઘરમાં લેશમાત્ર પણ જાતું નથી. તેમને સ્વામિનારાયણ આવો ઉપદેશ કરે છે. ૨૯. તે સહજાનંદસ્વામીના જે સંતો, બ્રહ્મચારી અને સંન્યાસી કહેવાય છે, તેઓ સ્ત્રીમાત્રનો દૂરથી જ ત્યાગ કરીને ચાલે છે. ૩૦. તેઓ બધા સ્ત્રીની સાથે ક્યારેય બોલતા નથી અને આંખોથી નારીનાં મુખને પણ દેખતા નથી. સ્ત્રીઓ જે કીર્તન ગાતી હોય કે મુખથી કથા-વાર્તા કરતી હોય, તેને તે સંતો ક્યારેય પોતાના કાનથી

સાંભળતા નથી. પોતાનાં મુખથી નારીના ક્યારેય વખાણ કરતા નથી. તેઓ બધા સ્ત્રીને મળવાનો મનમાં ક્યારેય સંકલ્પ પણ કરતા નથી. ૩૧-૩૨.

તેઓ નારીથી પાંચ હાથ દૂર ચાલે છે. જો નજીક ચલાઈ જાય, તો પોતે વ્રત-પ્રાયશ્ચિત કરીને બીજાને ખોટા દેખાડી દે છે. કોઈ ચિત્ર, કાષ્ઠ કે પથ્થરમાં કોતરેલી નારીનું મુખ પણ નિહાળીને દેખતા નથી. ૩૩. ક્યારેક સ્વપ્નમાં ભૂલથીએ નારીનો જોગ થઈ જાય તો જાગ્યા પછી એક દિવસ ઉપવાસ કરે છે અને ફરાળની પણ આશા રાખતા નથી. ૩૪. તે સ્વામિનારાયણની આવી વાતો તો અપાર છે. તેનો કહેવાથી કોઈ પાર આવતો નથી. જો તેમાં ભૂલચૂક થાય તો તેઓ એક એક ઉપવાસ કરે છે. ૩૫. હરેક નિયમોમાં જો કાંઈ ભૂલચૂક થઈ જાય તો તે પ્રત્યેક ભૂલમાં એક એક ઉપવાસ અલગ અલગ કરવો, આવી તેમની દૃઢ ટેક છે. ૩૬.

દેહની જે જે ક્રિયાઓને તેઓ કરે છે તેમાં એક પણ ક્રિયા નિયમ વિનાની હોતી નથી, અને તેમના નિયમોને લીધે જ નિયમ વગરના ભેખધારીઓને તેમણે દૈવત વિનાના કરી દીધા છે. ૩૭. તેમના સત્સંગ સિવાયના ચારે વર્ણના અને ચારે આશ્રમના લોકોને અને બધા જ મતપંથોને તેમણે દૈવત રહિત કરી દીધા છે. ૩૮. તે ભુજના દીવાન જગજીવન મહેતાએ આવા તો અનંત પત્ર દૂર દૂર દેશોમાં બધી જગ્યાએ લખ્યા હતા, અને તેણે શ્રીહરિનો બધા જ દેશોમાંથી બહિષ્કાર કરાવવા માટે અનંત ઉપાય કર્યા હતા. ૩૯. આવું બધું દેખ્યા પછી ભુજના મહારાવે-રાજાએ તે દીવાનને અત્યંત દુષ્ટ સમજીને, તેના અધિકાર ઉપરથી તેને દૂર કર્યો. કારણ કે, છેવટે તો બધું ભગવાન શ્રીહરિનું ધાર્યું જ થાય છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'દીવાનના યજ્ઞની નિષ્ફળતા અને તેની પદભ્રષ્ટતા કહી' એ નામે તેત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૩॥



પૂર બારમું : તરંગ - ૩૪

શ્રીહરિનાં સુયશથી ચિડાયેલા દીવાનનું કાવતરું

ભુજનગરમાં હરિભક્તો ઘણા જ શ્રદ્ધાપૂર્ણ ભાવથી શ્રીહરિને ઘેરઘેર લઈ જતા અને વિવિધ પ્રકારના થાળ કરાવીને જમાડતા. ૧. જેટલી જાતના પકવાન કહેવાતા હોય, જે જે મેવા કહેવાતા હોય અને વિવિધ પ્રકારના સ્વાદુ સારાં ફળ હોય, તે બધું શ્રીહરિને પ્રેમથી જમાડતા. ૨. શ્રીહરિ સહુથી વધારે તો ત્યાં લીલી ઘેવર જેવી દ્રાક્ષ ખૂબ જ જમ્યા હતા, જેનો ગણતા પાર આવે તેમ નથી. અપારની વાત અપાર જ રહે છે. ૩.

બધાં ભક્તો કેસર મેળવેલું ચંદન ઘસીને તૈયાર કરતાં અને શ્રીહરિના બધા અંગો ઉપર તેને ચરચતાં હતાં. ફૂલના હાર પહેરાવતાં. તે રીતે જ ફૂલનાં બાજુ, ટોપી અને ગુચ્છ પણ પહેરાવતાં હતાં. ૪. બંને કાન ઉપર ફૂલના ગુચ્છ ધરાવતા અને એક મોટો ગુચ્છ જમણા હાથમાં આપતા. ધર્મના લાલ શ્રીહરિ પીતાંબર પહેરતા અને ડાબા હાથમાં સારો રૂમાલ રાખતા. ૫. ચરણોમાં અનુપમ ચાખડીઓને પહેરતા. તેને દેખીને મોટા રાજાઓને મોહ ઊપજતો હતો, તો પછી બીજા સામાન્ય માણસને મોહ થાય તેમાં શું આશ્ચર્ય કહેવું ? ૬.

❋ ભુજવાસી ભક્તોની સ્તુતિ :

આમ તે વખતે વિવિધ પ્રકારે પૂજા કરીને ઘણા પ્રેમથી કપૂરથી આરતી ઉતારતા. તે હરિભક્તો પછી બંને હાથ જોડીને વારંવાર સ્તુતિ કરતા. ૭. હે મહારાજ ! આપની જેટલી માયા કહેવાય છે, તેને અમે પૂરી જાણતા પણ નથી. બ્રહ્મા, ભવ અને ઈંદ્રાદિ દેવો જેવા પણ તેમાં વારેવારે મોહ પામ્યા છે. ૮. નારદજી આપનું મન કહેવાય છે, છતાં માયાએ તેમને ખૂબ જ નચાવ્યા. શુકદેવજી જન્મથી જ જોગી કહેવાતા, પણ માયાએ તેનો પણ પરાભવ કર્યો હતો. ૯. પરાશર, ચ્યવન, સૌભરિ, ઋષ્યશૃંગ અને ગૌતમ, એ બધાને માયાએ ભારે ફજેત કર્યા હતા, તેમ ચૌદે ભુવનના નર-નારીઓ જાણે છે. ૧૦.

चोपाई :

अक्षर कु आवत मान जबही, तरत माया तेहि लोपत तबही;
एसी हे माया बलवाना, जथारथ कोई के न आवत जाना...११
मनुष्य देह अब तुम हि जेहू, अंगीकार करे हे तेहू;
तेसे चरित्र करत हो तुमही, मोह न यामें होवे हमही...१२

અક્ષરને પણ જ્યારે માન આવે છે ત્યારે તરત જ તેને પણ માયા લોપે છે, નડે છે. આપની માયા આવી બળવાન છે. તેથી યથાર્થરૂપમાં કોઈના જાણ્યામાં આવતી નથી. ૧૧. અત્યારે આપે મનુષ્યદેહ ધારણ કર્યો છે. તેથી આપ મનુષ્યના જેવા ચરિત્રો કરો છો, તે આપના ચરિત્રોમાં અમને ક્યારેય મોહ ન થાય. એવું અમે માગીએ છીએ ૧૨.

જેટલા શાસ્ત્રમાત્ર છે, તે બધા આપે કરેલા તમામ ચરિત્રોને દિવ્ય કહે છે. ૧૩. હે પ્રભુ ! આપનાં જન્મથી આરંભીને અત્યાર સુધીના જેટલા ચરિત્રો છે, તેમાં અમને કાયમ દિવ્યબુદ્ધિ રહે, એવી અમે વારંવાર વિનતિ કરીએ છીએ. ૧૪. જેટલા માયાના ગુણ છે તેમાં અમે ડૂબેલા છીએ. તેને લીધે અમને પૂરી રીતે બધું સૂઝતું નથી. પરંતુ અમને આપ મળ્યા છો તેથી અમે અધિક ભાગ્યશાળી થયા છીએ. ૧૫. મનુષ્યને ચિંતામણિનો સુયોગ થાય અથવા કલ્પવૃક્ષનો સુયોગ થાય, તો તેને વિવિધ પ્રકારના જે રોગ-દુઃખ હોય છે, તે તેના સુયોગથી તરત જ મટી જાય છે અને મનુષ્ય નિરોગી થાય છે. ૧૬. હે સંસારના ભયને ટાળનારા સુંદરશ્યામ ! ચિંતામણિ અને કલ્પવૃક્ષ કરતા પણ મહાન એવા આપ અમને મળ્યા છો. આપનાં જે જે મનુષ્યચરિત્રો હોય તે બધાંને દેખીને, ૧૭. અમને તેમાં ક્યારેય મોહ ન થાય, એવો હે ધર્મકુમાર ! અમને વર આપો. પછી તે હરિભક્તોનો શુદ્ધ ભાવ દેખીને શ્રીહરિએ સહુને તે વર આપ્યો. ૧૮.

✵ ભક્તોને આપેલું વરદાન :

સમગ્ર સુખના ધામ અને કરુણાના સાગર એવા સહજાનંદસ્વામી શ્રીહરિ પ્રસન્ન થઈને બોલ્યા, 'મારી માયા અનંત પ્રકારની છે અને અનંતરૂપ ધરીને

રહી છે. ૧૯. અત્યારે જે જે મારા આશ્રિત થયા છે, તેમને તે માયા ક્યારેય મોહ પેદા નહિ કરે.' હરિભક્તોને આવો વર આપીને શ્રીહરિ તરત જ ત્યાંથી ચાલતા થયા. ૨૦. તે સમયે શ્રીહરિ રાજમાર્ગ ઉપર ચાલ્યા. મૂર્તિ અપરંપાર સોહામણી લાગતી હતી. જેટલા નરનારી મૂર્તિનાં દર્શન કરતાં હતાં તેમનાં નેત્ર તેનાંથી તૃપ્ત થતાં ન હતાં. ૨૧. શ્રીહરિનાં અંગો ઉપર કેસરયુક્ત ચંદન ચરચ્યું હતું. છેલછબીલા અને નટવર શ્રીહરિ મોહક રૂપમાં સોહામણા લાગતા હતા. બધાં અંગ અત્તર અને પુષ્પોથી ભર્યાં હતાં. તેથી શ્રીહરિનાં ચાલવાથી સુગંધનો કોઈ પાર ન રહ્યો. ૨૨. બધી બજાર સુગંધથી છવાઈ ગઈ, ત્યારે ઘણા ભમરાઓ ગુંજારવ કરતાં ત્યાં આવી ગયા. મોટા મુનિવરો ભમરાનાં રૂપમાં અનુપમ અને સર્વોત્તમ યશોગાન કરવા લાગ્યા. ૨૩.

પુરના જેટલા મનુષ્યોએ શ્રીહરિનાં દર્શન કર્યાં, તેમાં કોઈ પણ મોહ પામ્યા વિના રહ્યા નહિ. અને સહુ પરસ્પર એમ કહેતા, 'આવી મૂર્તિનાં દર્શન અમે ક્યાંય કર્યાં નથી. ૨૪. આ બ્રહ્માંડની અંદર જેટલા દેવો કે મનુષ્યો રહ્યા છે, તેમાં આમનાં જેવા કોઈને અમે ક્યારેય દેખ્યા કે સાંભળ્યા નથી; એવા આ શ્રીહરિ અહીં પધાર્યાં છે.' ૨૫. ઘેર ઘેર નર અને નારીઓ બધાં જ એ રીતે વખાણ કરતાં હતાં. તેને સાંભળીને બધા અસુરો એકદમ કોપી ઊઠ્યા. ૨૬. વિપ્ર જ્ઞાતિના તે અસુરો ધન મેળવવાની આશાથી વિપ્ર જ્ઞાતિની બે કન્યાઓને રોજ દીવાનની પાસે મોકલતા હતા. ૨૭. તે બંને કન્યાઓ સોળ સોળ વરસની અને ઘણી રૂપાળી હતી, તે બંનેને બોલાવીને દીવાને કહ્યું, ૨૮.

જેને લોકો સ્વામિનારાયણ કહે છે. આ ભુજમાં લોકો તેમને બહુ માને પૂજે છે. બીજા દેશોમાં અને શહેરોમાં પણ તેમને માનનારા લોકોનો કોઈ પાર નથી. ૨૯. તેમના જે સંતો કહેવાય છે, તે બધા નારી અને ધનની અત્યંત નિંદા કરતા હોય છે. દુનિયામાં જેટલા મતપંથી ગુરુઓ છે, તે બધાંના મૂળ તેમણે ઊખેડી નાખ્યા છે. ૩૦. તે સ્વામિનારાયણના સત્સંગી શિષ્ય નર-નારીઓ એક સ્વામિનારાયણને જ માને છે, તેનાથી અધિક કોઈને કહેતા નથી. એક તેમને જ મોક્ષનું કારણ માને છે. ૩૧. શ્રીકૃષ્ણ અને રામચંદ્રજી,

તેનાથી કોઈ અધિક મોટો અવતાર નથી. દસે અવતારોનું કારણ પણ તે બેને જ બધાં પુરાણોમાં કહ્યા છે. ૩૨.

પણ જે સ્વામિનારાયણના સત્સંગીઓ છે, તેઓ તો શ્રીકૃષ્ણ અને રામચંદ્રનું કારણ પણ સ્વામિનારાયણ છે એમ કહે છે. જો તે સ્વામિનારાયણ સ્ત્રી અને ધનથી ચલાયમાન ન થાય તો તેમને સહુનું કારણ કહેવાય. ૩૩. કદાચ તેઓ સ્ત્રી અને ધનથી ચલિત ન પણ થાય, તોએ હું તો તેમને નહીં જ માનું. શક્તિથી અધિક હું કોઈને માનતો નથી. એક શક્તિથી જ આખું બ્રહ્માંડ ઊપજે છે અને બીજા બધા અવતારો થાય છે. કોઈ પણ છે તે શક્તિથી અધિક પણ નથી અને તેનાથી બહાર પણ નથી. ૩૪. જગતમાં જેટલી નારી કહેવાય છે, તે બધીને અમે શક્તિ માનીએ છીએ. પત્ની, માતા, પુત્રી કે બહેનનાં રૂપમાં રહેલી નારી. ૩૫. ફઈબા, માસી, કાકી, મામી, સાસુ, ભાભી, ૩૬. સાળી અને વેવાણ. એ બધાના રૂપમાં રહેલી નારી, તે શક્તિરૂપ જ છે. નારીરૂપ શક્તિમાંથી અનંત નરનાં જન્મ થાય છે અને અનંત અવતારો પણ વારંવાર તે શક્તિમાંથી જ પ્રકટ થાય છે. ૩૭.

શિવ અને શક્તિ એ બંને દેહ અને જીવની જેમ મળેલા છે અને એકરૂપ છે. શક્તિનું સ્થાન અકલ્પ્ય છે. આ વાત કોઈના કળ્યામાં આવે નહીં. ૩૮. અત્યારે અલગ અલગ સ્થળે રહેલા અમે ચાર દીવાન જ આ વાતને સમજીએ છીએ. જગતમાં કોઈને તેની ખબર નથી. ગ્રંથ(કૌલાગમ)નાં તત્ત્વને સમજ્યા વિના બધા અંધ છે. ૩૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'શ્રીહરિનાં સુયશથી ચિડાયેલા દીવાનનું કાવતરું' એ નામે ચોત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૪॥



પૂર બારમું : તરંગ - ૩૫

દીવાનનું કાવતરું નિષ્ફળ અને વિપ્રકન્યાઓને સત્સંગ થયો

બુદ્ધિ, શક્તિ, સામર્થ્ય, કળા અને અપાર માયા વગેરે નારીના રૂપે કહેવાય છે, પણ અજ્ઞાની તે જાણતા નથી. ૧. દીવાને તે બંને કન્યાઓને આવી બધી વાતો કરી. પછી સમયને અનુરૂપ અપાર વાતો શીખવી. ૨. વળી દીવાને તે કન્યાઓને કહ્યું, તમે સ્વામિનારાયણને તમારા રૂપથી જીતીને આવો ત્યારે હું તમને બુદ્ધિમાન ગણું. કારણ કે, તેમની આગળ અમારી કોઈ કળા ચાલતી નથી. ૩. જો સ્વામિનારાયણને તમે જીતીને આવો, તો જેટલી માગો તેટલી સોનામહોરો હું તમને આપીશ. તેમાં હું લગારેય ખોટું કહેતો નથી. તમને બંનેને સોનાનાં મહેલ બનાવી આપીશ. ૪. જગતમાં જેટલા ગુરુઓ છે, રાજાઓ છે, બધા મતપંથો છે અને અમારા મિત્ર જે દીવાનો છે, તે બધા તમારા વિજયને સાંભળશે તો ખૂબ જ ખુશ થાશે.' ૫.

ત્યારે તે બંને કન્યાઓ બોલી, એક ભગવાન ઉપર અમારું જોર કાંઈ ચાલે નહિ. તે સિવાય તો બ્રહ્મા કે શિવજી જેવાને પણ અમે એક પળવારમાં જીતી લઈએ. ૬. આવું કહીને તે બંને રૂપવતી કન્યાઓએ વસ્ત્રાલંકારોથી પોતાનાં શરીરને શણગાર્યાં. તેમને દેખીને તો બધા દેવોનું મન ભંગ થઈ જાય અને દેવોની અપ્સરાઓ પણ મૂર્છિત થઈ જાય, તેવી તે બની. ૭. આમ બનીઠનીને શ્રીહરિ જ્યાં હતા ત્યાં તે બંને આવી. બંનેના હાથમાં સોનાનો વરખ લગાડેલી બરફીના થાળ હતા. ૮. તેમણે ફૂલના હાર, બાજુ બંધ, તોરા અને ગુચ્છ વગેરે ચાતુર્યપૂર્વક લીધા હતા. ઘણા પ્રસન્ન મુખવાળી તે બંને વિપ્ર કન્યાઓ સત્સંગી બહેનોની સભાની આગળ આવીને ઊભી રહી. ૯. શ્રીહરિને ફૂલહાર પહેરાવ્યા. સુગંધી તોરા ધરાવ્યા. બંને ભુજાઓ ઉપર બાજુબંધ બાંધ્યા અને કાન ઉપર ગુચ્છ ધરાવ્યા. ૧૦.

બરફીના થાળ આગળ મૂકીને લલાટમાં કુંકુમનો ચાંદલો કર્યો. બંને શ્રીહરિને પગે લાગી અને મંદ હાસ્ય કરીને સરસ શબ્દો બોલી. ૧૧. અમને બંનેને આપની સત્સંગી કરો. અમે શરણે આવી છીએ, તો અમારો ઉદ્ધાર કરો.

આપ અનેક લોકોનો ઉદ્ધાર કરવા પધાર્યા છો. અને આપ અમારાં મનમાં અતિ ગમી ગયા છો. ૧૨. ત્યારે શ્રીહરિએ તે બંનેને કહ્યું, ‘અમે ઉદ્ધાર કરીએ, પણ તમે દૃઢ નિર્ધાર કરીને અમારા નિયમ ધારણ કરો. ૧૩. પહેલા તો આ જગતમાં પોતે જેને ન પરણ્યા હોય એવા પુરુષમાત્રને પિતા અને ભાઈના સમાન જાણો, તે પછી જ અમે નિયમ-વ્રતમાન આપીએ. ૧૪. દારૂ, માંસ અને ચોરીને હરામ કરવા તેમજ સત્સંગી બહેનોનો સત્સંગ કરવો. ૧૫.

પહેલા તમે દસ દિવસ સુધી સત્સંગ સભામાં આવો-જાઓ. તે પછી તમે વ્રતમાન-નિયમોને ધારો. વાતો સાંભળતા રહો અને સમજીને સત્સંગ કરો. ૧૬. સમજ્યા વગર જે સત્સંગ કરે છે, તેની તો છેવટે ફજેતી થાય છે. માટે જેની અંતે ફજેતી થાય તેમ હોય, તેવા કોઈ લોકોએ સત્સંગ ન કરવો જોઈએ. ૧૭. સત્સંગ કરવો તે કાંઈ હાંસીખેલનું કામ નથી. સત્સંગ કરવો તે તો સાચી સતીની વાત છે. જે વ્યભિચારી અને પૂરેપૂરા વ્યસની હોય છે, તે તો સત્સંગથી દૂર થઈ જાય છે, ટકી શકતા નથી. ૧૮. **સત્સંગ કરવામાં જેટલો લાભ છે તે બધો છળકપટનો ત્યાગ કરનારા માટે છે. છળ-કપટનો ત્યાગ કર્યા વિના સત્સંગ કરે તો તેને સત્સંગનો રંગ ચઢે નહીં.’** ૧૯. શ્રીહરિએ આવી વાત કહી, ત્યારે તે બંને કન્યાઓના અંતરમાં સમજાયું કે, આ સ્વામિનારાયણ નિશ્ચે ભગવાન છે. આમની આગળ આપણે છાનું શું રાખવું ? ૨૦.

તેથી દીવાને જેટલી વાત કહી હતી, તે બધી તે બંને કન્યાઓએ શ્રીહરિની આગળ કહી દીધી. જે દિવસથી જેટલા કાંઈ પાપ કર્યાં હતાં તે બધાં પણ કહી દીધા. ૨૧. ત્યારે શ્રીહરિએ તે બંનેને ધ્યાનમાં બેસાડીને જમપુરીમાં પહોંચાડી દીધી. જમપુરીનું જે કાંઈ દુઃખ છે તે બધું એક જ ઘડીમાં તેમને બતાવી દીધું. ૨૨. ફરીવાર ક્યારેય ભૂલી ન જાય એવો તેમને નિશ્ચય કરાવી દીધો. જેથી લોભને લીધે ક્યારેય ભૂલે નહિ અને લગારેય ધર્મભંગ કરે નહિ. ૨૩. ત્યાંથી પછી ગોલોકધામ બતાવ્યું. જ્યાં ભગવાન શ્રીકૃષ્ણ એવે નામે રહે છે. રાધા અને લક્ષ્મી વગેરે અપાર દેવીઓ તેમની સેવામાં

રહી છે. ૨૪. શ્રીકૃષ્ણ ભગવાનના મહેલ અપાર મણિમય રહ્યા છે. ત્યાં દીવાઓ પણ મણિમય છે. તેની શોભાની વાત શું કહેવી ? ૨૫.

આ બ્રહ્માંડમાં ગોલોકના જેવું કોઈ સ્થાન નથી. અને ત્યાંનાં જેવું કોઈ લોકમાં ક્યાંય સુખ નથી; એવું તેમણે જોયું. ૨૬. ગોલોકધામની આગળ બ્રહ્મા આદિકનાં ધામ તો અત્યંત ફિક્કા લાગે. ક્યાં સાકર અને ક્યાં છાણ ? ૨૭. તે દિવ્ય ધામનાં સુખની આગળ બ્રહ્માનું સુખ શા લેખામાં ? તો પછી માનવનું સુખ કયા લેખામાં ? આવી રીતે તે બંને કન્યાઓએ પોતાની નજરે જ તે નિહાળીને સમાધીમાંથી બહાર આવી. ૨૮. અને પછી જ્યારે તે બંને ધ્યાનમાંથી બહાર આવી એટલે તરત જ સત્સંગના વ્રતમાન-નિયમ ધાર્યાં. પોતાના પુરુષ-પતિ સિવાયના પુરુષમાત્રને પિતાને સમાન ગણીને ત્યાગ કરી દીધો. ૨૯. શ્રીહરિએ તેને ઘણી ના કહી, છતાં તે બંનેએ સત્સંગનાં નિયમ લઈ લીધાં. જ્યારથી તે બંનેએ નિયમ ધાર્યા ત્યાર પછી તે ક્યારેય દીવાનને ઘેર ગઈ નહિ. ૩૦.

દીવાને તેને ઘણો જ લોભ દેખાડ્યો. પણ તેમણે કહ્યું, ‘તમારી વાતને અમે હરામ કરી છે. હવે અમે બંને સત્સંગી થઈ છીએ. પોતાના પુરુષ સિવાયના પુરુષમાત્રને અમે પિતા તુલ્ય માન્યા છે. ૩૧. હવે અમે ભીખ માગીને પેટ ભરશું પણ ફરીને ક્યારેય અધર્મ-પાપ નહિ કરીએ. અધર્મથી જે ધન લેવું તે તો દારૂ અને માંસ કરતાં પણ વધારે અધિક હીન છે. ૩૨. અનંત કોટિ બ્રહ્માંડના રાજાધિરાજ શ્રીકૃષ્ણ મહારાજા રાધા અને લક્ષ્મીના પતિ છે, ગોલોક તેમનું ધામ છે. ૩૩. હવેથી તેઓ અમારા અખંડ પતિ છે. તે સિવાયના અન્ય પતિ(પુરુષમાત્ર) ને તો અમે નરકના જેવા માન્યા છે. હવેથી ક્યારેય અમારું નામ લેવું નહિ. અમે તમને નરકથી પણ વધારે નઠારા દેખીએ છીએ. ૩૪. સત્સંગ સિવાયના જે જે અધર્મી નરનારીઓ છે, તે બધાં ભૂંડ અને કૂતરાં જેવા જન્મને ધરી રહ્યા છે. સત્સંગ થયો ન હતો ત્યાં સુધી તો અમે પણ તેવા જ હતા. જ્યારે અમે સત્સંગ કર્યો ત્યારે અમે મનુષ્યની જાતિમાં આવ્યા છીએ. ૩૫.

દીવાન બોલ્યો, વિપ્રની બંને નારીઓ સત્સંગી થવાથી ખુવાર થઈ ગઈ છે. હવે અત્યારે જ આ સ્વામિનારાયણને દેશનિકાલ કરીશ. ૩૬. સુતાર હીરજીભાઈ હરિભક્ત હતા, તેને દીવાને આવી બધી વાત કહી. અને કહ્યું, તમે સ્વામિનારાયણને પોતાને ઘેર રાખો છો, એટલે તેઓ ડરતા નથી. ૩૭. અમે તમારી શરમ રાખીએ છીએ. ત્યારે તમને કશો ડર નથી. વિપ્રની સ્ત્રીઓને તેમણે ઉપદેશ કરી સત્સંગી કરી દીધી છે. ૩૮.

ત્યારે હીરજીભાઈએ કહ્યું, તે બંને વિપ્રની સ્ત્રીઓને અમે હવે તત્કાળ જ સત્સંગમાંથી કાઢી મૂકશું અને સહજાનંદસ્વામીને પણ કહેશું કે, તે બંનેને રજા આપે. પણ મારા ભાઈ સુંદરજીને તે ગમશે નહિ. તેથી તેમ કરવામાં લાભ પણ શું ? અમે તમારાથી ડરીએ છીએ. એટલે તમે બે દિવસ ધીરજ રાખો. હું બધું ઠીક કરી દઈશ. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'દીવાનનું કાવતરું નિષ્ફળ અને વિપ્રકન્યાઓને સત્સંગ થયો' એ નામે પાંત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૫॥

પૂર બારમું : તરંગ - ૩૬

ભુજમાં દીવાને કરેલી ઉપાધિની વાત હીરજીભાઈએ કહી

સુતાર હીરજીભાઈ મનમાં અત્યંત ડરી ગયા અને વિચારવા લાગ્યા કે, બંને બાજુથી દુઃખ આવ્યું છે. આનો નિર્ણય હવે શું કરવો ? ૧. શ્રીહરિને વાત કહ્યા સિવાયનો બીજો કોઈ ઉપાય નથી. અહીં મોટા-મુખ્ય સત્સંગી તો અમે છીએ. એટલે શ્રીહરિને પરિસ્થિતિ જણાવી દઉં. ૨. પછી તેમણે શ્રીહરિને એક બાજુએ એકાંતમાં બોલાવ્યા. બે હાથ જોડીને કહ્યું, અમને બંને બાજુએથી દુઃખ આવ્યું છે, તે કહી શકાતું નથી. ૩. પણ કહ્યા સિવાય છૂટકો નથી. એવી અત્યારે પરિસ્થિતિ આવી છે. કહેવામાં કાંઈ માલ પણ નથી. અહીંના સત્સંગમાં અમે મુખ્ય રહ્યા છીએ. ૪.

❋ સત્સંગ નિમિત્તે આવેલ દુઃખ સહન કરવું :

ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું, પૂર્વે જેટલા હરિભક્ત થયા છે, તે બધાને કષ્ટ તો આવ્યું જ હતું. હરિભક્ત કાચો છે કે પાકો ? તે તો કષ્ટ આવે ત્યારે દેખાય છે. ૫. **કષ્ટના વખતે ધીરજ રાખે છે, તેઓ યુગોના યુગ સુધી પ્રસિદ્ધિ પામ્યા છે. જેનાં ઘણાં મોટાં ભાગ્ય હોય તેને સત્સંગ રાખવામાં કષ્ટ આવે છે. ૬.** સત્સંગને લીધે જે કષ્ટ સહન કરે છે તેના જેવો બીજો કોઈ બડભાગી નથી. તે તો ભવ, બ્રહ્મા કરતાં પણ અધિક છે. સત્સંગને નિમિત્તે જેટલું કષ્ટ સહન કરાશે તેટલું તેને વધારે સુખ મળશે. ૭. અમે અમારાં દિલમાં એવું ચોક્કસ જાણીએ છીએ કે, કષ્ટ સહન કર્યા વિના અધિક સુખ મળતું નથી. પ્રહ્લાદ, ધ્રુવ અને અંબરીષ જેવા ત્રિલોકીનાં મોટા મોટા રાજાઓ પૂર્વે થઈ ગયા છે. ૮. જ્યારે તેમને સત્સંગ થયો ત્યારે તેમને અત્યંત કષ્ટ ભોગવવું પડ્યું હતું. સીતાજીને તો એટલું બધું કષ્ટ વેઠવું પડ્યું હતું કે, તેનો કોઈ પાર ન લઈ શકે. ૯. જેના પતિ સ્વયં ભગવાન હતા, છતાં તેમનું એક રતીભાર પણ દુઃખ દૂર કર્યું ન હતું. નંદજી અને યશોદાજી વગેરે ગોવાળો અને ગોપીઓ કહેવાય છે, ૧૦. તેમજ વસુદેવજી અને દેવકીજી, જે શ્રીકૃષ્ણ ભગવાનના પિતાજી અને માતાજી હતા. ૧૧.

તેમને એવું અમાપ દુઃખ આવ્યું હતું કે, જે પૂર્વે ક્યારેય ન સાંભળ્યું હોય. પાંડવો ભગવાનના ભક્ત હતા તેમને પણ જે દુઃખ આવ્યું તે કહી શકાતું નથી. ૧૨. તેમના સિવાયના બીજા જે ભક્તો થયા છે તે બધાંને પણ કષ્ટ સહન કરવાં પડ્યાં છે, તે આજે કાંઈ નવીન વાત નથી. માટે જુઓ-વિચારો, તમે ઘણા ડાહ્યા ભક્ત છો. ૧૩. જેટલા દેહધારી ભક્ત કે અભક્ત હોય, તે બધાને દુઃખ તો આવે જ છે, તેમાં કાંઈ વિસ્મય પામ્યા જેવું નથી. ૧૪. જ્યારે અત્યંત કષ્ટ આવે ત્યારે સહન કરવું જોઈએ. કારણ કે, સહન કર્યા વિના અતિ દુર્લભ એવો મોક્ષ તે ક્યાંથી મળે ? ૧૫.

જે હરિભક્ત થયા હોય છે તેમને તો કાંઈ દુઃખ હોતું જ નથી. પણ જો સમજણમાં ફેર રહે તો તેમને કષ્ટ દેખાય છે. ૧૬. સમજણમાં જેટલો ફેર હોય તેટલું તેને કષ્ટ થાય છે. એટલા માટે વારંવાર રોજબરોજ સત્સંગ

કરવો જોઈએ. ૧૭. એકવાર સત્સંગ કરવાથી સર્વાંગી સમજણ આવતી નથી. નિત્ય નિત્ય નવીન ભાવ રાખવો. ક્યારેય ભાવનાને ઘટવા દેવી નહિ. ૧૮.

चोपाई :

सत्संग निमित करीके जेहा, कष्ट आवे सिंधु सम तेहा;
सो कष्ट कु सुख हि करी देखे, ताको सत्संग जानना लेखे...१९

સત્સંગ રાખવાને નિમિત્તે સાગર જેટલું વિશાળ દુઃખ આવે, છતાં તે દુઃખને સુખનાં રૂપમાં જે દેખે છે, તેનો જ સત્સંગ લેખે છે, સાર્થક-સફળ છે; એમ જાણવું. ૧૯. સંસારને નિમિત્તે પણ અપાર દુઃખ તો આવે જ છે. છતાં જીવ તેને લગારેય ગણકારતો નથી. જેને જેમાં ભાવ હોય તેને તેમાં અપાર કષ્ટ આવે, તોપણ તે કષ્ટને સુખરૂપ માને છે. તેને ક્યારેય દુઃખરૂપ ગણતો નથી. તે સંસારી જીવોને સત્સંગની કોઈ વાતોનો યોગ નથી હોતો. તેથી કષ્ટ આવે છે એમ જાણતો હોવા છતાં ભોગનો ત્યાગ કરતો નથી. ૨૦-૨૧.

જેટલા શાસ્ત્રો અને સાચા સંતો છે તે વિષયભોગમાં કષ્ટ દેખાડે છે. છતાં તે કષ્ટને જીવ અતિશય સુખ માને છે. આ રીતે સત્સંગને સુખરૂપ કોઈ માનતું નથી. અથવા આવો સત્સંગને કોણ જાણે છે ? ૨૨. જ્યાં સુધી સત્સંગથી દુઃખ માને છે ત્યાં સુધી તેનો સત્સંગ કાચો કહેવાય છે. તેવા ભક્તને છેવટે વિઘ્ન આવે જ છે. ૨૩.

જેને ખપ અને શ્રદ્ધાભાવ ઘણો હોય તેને કોઈ કામ લેશમાત્ર પણ કઠણ લાગતું નથી. જ્યાં સુધી સત્સંગ રાખવામાં કષ્ટ દેખાય છે ત્યાં સુધી તે કાચો હરિભક્ત છે; એમ જાણવું. ૨૪. સત્સંગ રાખતા જેટલું કષ્ટ આવે, તેને સુખની દૃષ્ટિથી દેખવું જોઈએ. અને એવી સમજણવાળો ભક્ત છે તે જ આપણા હરિભક્તોમાં મુખ્ય છે, મોટેરો છે; એવી અમારી સમજણ છે. ૨૫.

હવે તમને જે કષ્ટ આવ્યું હોય તે અમને કહો. કહ્યા વિના તમને શું કષ્ટ આવ્યું છે ? તેની અમને કેમ ખબર પડે ? ૨૬. ત્યારે હીરજીભાઈએ હાથ જોડીને કહ્યું, સુખનિધિ પ્રભુ ! આપ સાંભળો. આપ ભગવાન થઈને પણ કષ્ટ આવે તેવું કામ કરો છો. ૨૭. અહીંના જે દીવાન છે તેણે મને

બોલાવીને કહ્યું, તમે સ્વામિનારાયણને અહીંથી રજા આપી દો. ૨૮. તમારા ગુરુ સહજાનંદસ્વામીએ વિપ્રની બે સ્ત્રીઓને સત્સંગી કરી દીધી છે. ૨૯. જો તમે સહજાનંદસ્વામીને રજા નહિ આપો, તો હું આવીને તેમને ભુજ બહાર કાઢી મૂકીશ, અને તમારાં જે કાંઈ ઘરબાર છે તેને તરત જ લૂંટી લેશું. ૩૦. ભુજમાં જેટલા હરિભક્ત થયા છે તેની પાસે પણ તેમનો સત્સંગ છોડાવી દઈશું. જે લોકો સત્સંગને નહિ છોડે, તેનાં ઘરબારને અમે લૂંટી લઈશું. ૩૧.

તમારી સત્સંગ સભામાં તે બે વિપ્રની સ્ત્રીઓને ક્યારેય બેસવા દેવી નહિ. તમે સત્સંગી છો તો સુખેથી રહો, અમે કોઈને દુઃખી કરતાં નથી. ૩૨. તે સ્વામિનારાયણ આ ભુજ નગરમાં એક રાત રહીને ચાલ્યા જાય. જેને ઘેર તેઓ બે-ત્રણ રાત રહેશે તો તેનો અમે દંડ કરશું. ૩૩. હીરજીભાઈએ દીવાને કહેલી બધી વાતો શ્રીહરિની આગળ કહી. ત્યારે શ્રીહરિએ સુંદરજીભાઈ, ગંગારામ મલ્લ તથા અન્ય જે ભુજના બુદ્ધિમાન હરિભક્ત હતા, તેમને બધાને બોલાવ્યા. દીવાને જેટલી વાત કહી હતી, તે બધી વાત હરિભક્તોને રૂબરૂ કહી. ૩૪-૩૫. વળી તે સિવાય શ્રીહરિએ કહ્યું, અમે તો હરિભક્તોના હિતને માટે, સુખને માટે વારેવારે અહીંયાં આવીએ છીએ. અમારે લીધે હરિભક્તોને કોઈપણ પ્રકારનું દુઃખ આવે, એવી કોઈ બાબત અમે કરતા જ નથી. ૩૬. હરિભક્તોને જે રીતે સુખ થાય એવો જ વિચાર અમે કરીએ છીએ. હરિભક્તોને અપાર સુખ આપવા માટે તો આ સમયે અમે મનુષ્યદેહ ધારણ કર્યો છે. ૩૭.

❋ સત્સંગીની સમજણ :

ત્યારે સુંદરજીભાઈ અને ગંગારામભાઈ મલ્લ બંને બોલ્યા, અમે તો જીવ છીએ. તેથી હિત કે અણહિત, કાંઈ જાણતા નથી. ૩૮. સત્સંગ રાખવાને નિમિત્તે અમારાં ઘરબાર લૂંટાતા હોય, તો ભલે અત્યારે જ લૂંટાઈ જાય, તેનો ડર અમે રાખતા નથી. ૩૯. અનંત વાર ઘરબાર આપે દીધાં છે અને તેને અમે અમારાં માન્યાં છે, પણ તેમાં અમારું કાંઈ જ નથી; એવું અમે મનમાં દૃઢ કરી લીધું છે. ૪૦.

અમે દેહ, ઘરબાર, કુળ-કુટુંબ અને ધનને માટે સત્સંગ ધારણ નથી કર્યો. અમે તો અમારા જીવના ઉદ્ધાર માટે જ સત્સંગ કર્યો છે. ૪૧. બધાં હરિભક્તો ઉપર કહ્યા પ્રમાણે જ બોલતા હતા. શ્રીહરિએ બધાનો પ્રેમ જોયો અને પછી 'તમને ધન્ય છે !!! તમને ધન્ય છે !!!' એમ બોલ્યા. ૪૨.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'ભુજમાં દીવાને કરેલી ઉપાધિની વાત' એ નામે છત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૬॥



પૂર બારમું : તરંગ - ૩૭

હીરજીભાઈનું મંતવ્ય અને શ્રીહરિનું ભુજનગરથી નીકળવું

હીરજીભાઈએ કહ્યું, બાળકના જેવી બુદ્ધિવાળા બધાએ સત્સંગ કર્યો છે. જ્યારે સહુને દુઃખ આવી પડશે ત્યારે ખબર પડશે. ૧. ભગવાન શ્રીહરિ પણ સત્સંગમાં બાળચરિત્ર કરવા લાગ્યા છે. સમર્થ હોય તે જે વાત કરે તે બધી પ્રમાણ થાય છે. ૨. મોટા મોટા ગરાસદાર રાજાઓ અને કાઠીઓ સત્સંગી થયા છે. શ્રીહરિએ ચુપચાપ તેમની ઉપર પત્ર લખ્યો. 'તમે સહુ પરમહંસ થઈને કાશીની યાત્રા કરો' ૩. પત્ર આવ્યો, તેને વાંચી-સાંભળીને બધા રાજાઓ-દરબારો ચાલતા થઈ ગયા, પણ અમારાથી એવું બને નહિ. અમે અમારી પહોંચ વિચારી જોઈ છે. ૪.

જે સમર્થ હોવા છતાં વગર વિચારે જે જે કામ કરે છે, તેમાં જ્યારે ઘણી મોટી વિપત્તિ આવે છે, ત્યારે તે તત્કાળ હટાવી શકાતી નથી. ૫. ભગવાન જે કાર્ય જેવી રીતે કરે, તે બધું મોક્ષરૂપ-કલ્યાણકારી છે. તેમાં જે યોગ્ય અયોગ્ય દેખે તેને કોઈ હરિભક્ત કહે નહિ. ૬. **જેટલાં ભગવાનનાં ચરિત્ર હોય છે, તે બધાં હરિભક્તોને માટે તો સુખદાયક જ હોય છે, પણ જેને ભગવાનનાં સ્વરૂપનો નિશ્ચય ન હોય તેને માટે તે ચરિત્રો ઝેરરૂપ થઈ જાય છે.** ૭. અમારો સત્સંગ તો લોકની લાજ-મર્યાદાવાળો છે. પાછળથી લોકો નિંદા કરે એવું વચન અમારાથી મનાય નહિ. ૮.

ત્યારે શ્રીહરિએ કહ્યું, આખા જગતમાં સત્સંગ કોઈને રુચતો જ નથી. **જ્યાં સુધી જગતની લાજ-મર્યાદા રાખે ત્યાં સુધી સત્સંગ થાય જ નહિ.** ૯. જે સત્સંગ નથી કરતા તે જગતને તો જમપુરીમાં જાવું છે. સત્સંગ કર્યા વિના જેટલા બાઈ-ભાઈ કહેવાતા હોય, તે બધા કદાચ સત્સંગી કરતાં પણ ભારે ધર્મ મનમુખી થઈને પાળે, વારંવાર તીર્થયાત્રા કરે, વ્રત રાખે, દાન-પુણ્ય પણ ઘણું કરે, છતાં સત્સંગ રાખ્યા વિના કરેલા તે બધા સાધનો તો હાથીનાં સ્નાન જેવા છે. હાથીને સ્નાન કરાવે, પણ પછી તે તરત જ માથે ધૂળ ઉડાડીને નાખે છે. દયાળુ કર્ણ અત્યંત દાની હતો, પણ તેને પ્રગટ શ્રીકૃષ્ણ ભગવાનમાં લગાર પણ ભાવના ન હતી; એટલે તેનું દાનીપણું નિરર્થક હતું. ૧૦-૧૨.

દયાળુ શિબિરાજાના શરણાગતરક્ષક ધર્મની (સત્ય) પરીક્ષા કરવા ઈંદ્ર કબુતર થયા અને ધર્મરાજ બાજ થઈને તેને છળવા માટે આવ્યા. ૧૩. જ્યારે કબુતર રાજા શિબિને શરણે ગયો ત્યારે બાજે રાજાને કહ્યું, કબુતર મારો આહાર છે અને હું ભૂખ્યો છું. ૧૪. આ કબુતર મારો આહાર છે, તેને તરત જ તમે મને આપી દો. હું ઘણો ભૂખ્યો છું, પણ શિબિરાજા સત્યવાદી તથા શરણ્ય ધર્મવાળા જગતમાં પ્રસિદ્ધ હતા. તેમને અત્યંત કષ્ટ આવ્યું છતાં મનમાં ધીરજ રાખી. ૧૫-૧૬. રાજાએ બાજને હાથ જોડીને કહ્યું, શરણે આવેલાને હું છોડી દેતો નથી. હું સત્યવાદી અને શરણધર્મવાળો છું. તું તો મારી લાજ લેવા આવ્યો લાગે છે. ૧૭. તું જેટલું કહે તેટલું મારા શરીરનું માંસ આ કબુતરને બદલે આપું. ત્યારે બાજે કહ્યું, કપોતના વજન જેટલું તમારાં શરીરનું માંસ આપો. ૧૮. પછી ત્રાજવાના એક છાબડાંમાં કપોતને બેસાડ્યો અને બીજા છાબડાંમાં પોતાના શરીરનું કાપેલું માંસ મૂક્યું, છતાં તે કપોતનાં જેટલું ન થયું. ૧૯. તે વખતે રાજાની સત્યનિષ્ઠા દેખીને ધર્મરાજાને આશ્ચર્ય થયું. તેણે રાજાને કહ્યું, તમને ધન્ય છે, તમારા ધર્મને ધન્ય છે અને ધીરજને પણ ધન્ય છે. અમે તમારી પરીક્ષા કરવા આવ્યા છીએ. ૨૦.

❋ પ્રગટ હરિ-સંત મોક્ષના દાતા :

આ જે કપોત છે તે ઈંદ્ર છે. છળથી જ તમારે શરણે આવ્યા છે. હવે તમે મનવાંચ્છિત માગો. અમે તમને તે દેવા જ આવ્યા છીએ. ૨૧.

ત્યારે તેણે જે માગ્યું તે તેને આપ્યું. તેનું કાપેલું શરીર પહેલા જેવું હતું તેવું કર્યું. ધર્મ, ઈંદ્ર, ભવ અને બ્રહ્મા જેવા દેવો પણ મોક્ષ આપવા સમર્થ નથી. ૨૨.

चोपाई :

प्रगट हरि हरि के संत जेउ, प्रगट हरि के हरिजन तेउ;
मोक्ष देने कु समर्थ हे तेता, ता विन देव कोउ न केता...२३
ते देखत संत हरिजन जेते, देव से अधिक देखात तेते;
मोक्ष से हरिजन कु जे पारे, असुर के स्वभाव सो वारे...२४

પ્રકટ ભગવાન, પ્રકટ ભગવાનના સંતો અને હરિભક્તો જીવને મોક્ષ આપવા સમર્થ છે. તેમના સિવાય ચાહે તેવા દેવ હોય, તોપણ જીવનો મોક્ષ કરી શકતા નથી. ૨૩. તે બાબતને તો સંતો અને હરિભક્તો હોય તે દેખે-સમજે છે. સંતો-ભક્તો બધાં દેવો કરતાં પણ અધિક દેખાય છે અને ભગવાનના ભક્તને મોક્ષના માર્ગથી જે પાડી દે છે, તે તો અસુરોના સ્વભાવવાળા છે. ૨૪.

दोहा : संत रु हरिजन ताहि की, सहाय करे जो जन;
जमपुरी चोरासी में, जात न हमार वचन...२५
हरि भजे एक जन हि जो, पक्ष ताको अपार;
रखत हम जो विशेष कर, ओर कु न गिनत लगार...२६

જે લોકો સંતો અને હરિભક્તોની સહાય કરે છે, તેઓ ક્યારેય જમપુરી અને લખચોરાશીમાં જાય નહિ; એવું અમારું આશીર્વાદવચન છે. ૨૫. ત્યારે ગંગારામ મલ્લ વગેરે ભક્તોએ કહ્યું, ભગવાનનું ભજન કરનારો કોઈ ભક્ત હોય, તો અમે તેનો ઘણો પક્ષ વિશેષપણે રાખીએ છીએ. અને પક્ષ રાખવામાં બીજા ચાહે તેવા હોય તેને અમે લગારેય ગણકારતા નથી. ૨૬. અમારી તો એવી રીત છે કે, એક તરફ આખું જગત હોય અને બીજી તરફ એક જ ભગવાનનો ભક્ત હોય, તો અમે તો ભગવાનના ભક્તનો પક્ષ જ રાખીએ છીએ. ૨૭. જે ભગવાનનું ભજન કરનારો મનુષ્ય હોય, તેને તો અમે અમારું શરીર પણ અર્પણ કરી દઈએ છીએ. સંતો-હરિભક્તો તો ભગવાનને લક્ષ્મી કરતાં પણ અધિક પ્રિય-વહાલા છે. ૨૮.

प्रियतमा न रमा न च राधिका, प्रियतमो न विधिर्न च भोगिराट् ॥
भगवतो न निजापि तनुस्तथा, भुवि यथा दृढभक्तिपरो नरः ॥२५॥

- ***સ.જી. ૨/૫૧***

અમારાં જે ઘરબાર વગેરે છે, તે બધા સંતોના અને હરિભક્તોના છે, એમ અત્યારે અમે માનીએ છીએ. તેમને કોઈ એક રતીભાર પણ દુઃખાવે, તો તે ભલેને બ્રહ્માના જેવો સમર્થ હોય, ૨૯. તેને અમે લેશમાત્ર પણ સહન ન કરીએ અને લેશ પણ તેના ભયથી ડરીએ નહિ.

પછી હીરજીભાઈનું માન રાખવાનું વિચારી શ્રીહરિ બીજે દિવસે ભુજથી નીકળવા તૈયાર થયા. ૩૦. જે વિપ્ર બાઈઓ નવી સત્સંગી થઈ હતી, શ્રીહરિ તેને ઘેર જમવા માટે ગયા. તેમણે શ્રીહરિને માટે વિવિધ પ્રકારની સરસ રસોઈ બનાવી અને તે સમયે શ્રીહરિને જમાડ્યા. ૩૧. તે બંને સ્ત્રીઓએ કેસરયુક્ત એવું ઘણું સારું ચંદન શ્રીહરિનાં અંગ ઉપર ચરચ્યું. અને ફૂલની ટોપી તથા ફૂલના હાર પણ પહેરાવ્યા. ૩૨. ધૂપ તથા દીપ કરીને આરતી ઉતારી. શ્રીહરિની મૂર્તિને જીવમાં ધારી લીધી. જેવા પ્રકટ દર્શન દીધાં તેવી મૂર્તિ જીવમાં ધારી લીધી. ૩૩. તે દીવાનની જે પત્ની રંભાબાઈ હતી, તેણે પણ શ્રીહરિનો અત્યંત પ્રતાપ જોયો-જાણ્યો હતો, ત્યારથી તે પણ વ્રતમાન-નિયમ ધારીને સત્સંગી થઈ હતી. તેણે પણ શ્રીહરિની પૂજા કરી. ૩૪. દીવાનના નાનાભાઈ રામચંદ્રને શ્રીહરિ જવા તૈયાર થયા છે, એવા સમાચાર મળ્યા એટલે તરત જ તેઓ શણગારેલો સોનેરી રથ લઈને શ્રીહરિની પાસે આવ્યા. ૩૫.

શ્રીહરિને તે રથમાં બેસાડી ભુજના રાજમાર્ગ ઉપર રથ હાંક્યો. અનેક પ્રકારના વાજિંત્ર મંગાવ્યાં, તે બધા તે સમયે વાગવાં લાગ્યાં. ૩૬. ત્યારે ભુજના જેટલા નાગરિકો હતા, તે બધાં બજારમાં આવીને ઊભા રહ્યા. બધા ભાવથી દર્શન કરીને ફૂલહાર વગેરેથી શ્રીહરિની પૂજા કરવા લાગ્યા. ૩૭. શ્રીહરિનાં મસ્તક ઉપર છત્ર ધારણ કર્યું હતું. તેની શોભા વર્ણવી શકાતી નથી. બધા પાર્ષદો ઘણા જ હરખથી બંદૂકોના અવાજ કરતા હતા. ૩૮.

ભુજના બધાં જ હરિભક્તો શ્રીહરિની સાથે રાજમાર્ગ ઉપર ચાલતા હતા. સહુ કીર્તન ગાતા હતા. આ રીતે બધા ભુજનગરની બહાર નીકળ્યા. ૩૯. હમીર સરોવર પાસે બધા આવ્યા. અવિનાશી શ્રીહરિ રથમાંથી નીચે ઊતર્યા. પછી અશ્વ ઉપર સવાર થયા અને નગરના બધાં હરિભક્તોને ત્યાં જ ઊભા રાખ્યા. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'હીરજીભાઈનું મંતવ્ય અને શ્રીહરિનું ભુજનગરથી નીકળવું' એ નામે સાડત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૭॥



પૂર બારમું : તરંગ - ૩૮

ભુજથી શ્રીહરિ માનકૂવા, તેરા, કાળાતળાવ, અંજાર થઈને માંડવી પધાર્યા

ભુજનગરના જે હરિભક્તો હતા તે બધા શ્રીહરિનાં ચરણોમાં પડ્યા અને બોલ્યા, મહારાજ ! હવે વહેલાસર ફરીવાર દર્શન આપજો. ૧. જયારે આપ દર્શન આપો છો ત્યારે ખૂબ જ આનંદ રહે છે. એક પળવારમાં દિવસ વીતી જાય છે. બીજું કાંઈ ગમતું નથી. ૨. હવે તો આપનાં દર્શન વિના અમને દિવસ તો યુગના જેવો લાંબો જણાશે. અમે આપનાં ચરિત્રોને ગાતા રહીશું. આપના ચરિત્રોનાં સ્મરણ સિવાય ક્યાંય સુખ દેખાતું નથી. ૩. ત્યારે શ્રીહરિએ કહ્યું, તમે સહુ ઘણા પાકા હરિભક્ત થયા છો. મનુષ્યજન્મ પામીને જે કરવાનું છે તે બધું કામ તમે સુધારી લીધું છે. ૪. તમારાં સહુના હેત-પ્રેમને લીધે જ હું વારંવાર આટલે દૂર સુધી આવું છું. હેત વગર આટલે દૂર સુધી આવવું તે તો ઘણી કઠણ વાત છે. ૫.

તમને સહુને જગતનો જેટલો અભાવ છે તેટલું જ અમારે અને તમારે પરસ્પર હેત છે. જેને જગતમાં જેટલી આસક્તિ હોય તેટલા અમે તેનાથી દૂર રહીએ છીએ. ૬. જેને સત્સંગમાં જેવો ભાવ હશે તેવો તેનો મોક્ષ થશે. ભગવાનમાં પ્રેમ અને ધર્મ એ બંને હોવા જોઈએ, તે બંને વિના ક્યારેય

મોક્ષ થાય નહિ. ૭. પ્રેમ અને ધર્મને કાયમ તાજા રાખવા જોઈએ, તે બંને ક્યારેય નબળા પડવા દેવા નહિ. લોભી માણસને જેવો પ્રેમ ધન ઉપર રહે છે, તેની રીત જોઈને તેવો ભગવાન ઉપર પ્રેમ રાખવો. ૮. કોઈ અતિશય રૂપાળી સ્ત્રી હોય તેના ઉપર કામી પુરુષને ઘણો જ પ્રેમ રહે છે. તે સ્ત્રીને માટે પોતાનું શરીર કે ધન ખર્ચી નાખતા, તે તલભાર જેટલો પણ જરાએ વિચાર કરતો નથી. ૯. એના જેવો જો સત્સંગ ઉપર ભાવ રાખવામાં આવે, તો ક્યારેય સત્સંગનો અભાવ આવે નહિ. જેને જેટલો અભાવ આવે છે તેને સત્સંગ કરવામાં તેટલી કસર છે. ૧૦.

❊ પ્રગટની મહત્તા :

સદાચારમય ધર્મ અને ભગવાનનાં સ્વરૂપનો નિશ્ચય, એ બે જ્યાં સુધી હોય ત્યાં સુધી સત્સંગ છે; એમ જાણવું. એ બંને બાબત દેહ અને જીવની જેમ જોડાયેલી છે. ધર્મ અને નિશ્ચય પરસ્પર એકબીજા વિના સારા લાગતા નથી. ૧૧. જો તાણાં-વાણાંના બંને દોરા હોય તો જ કાપડ બને છે. તાણાં-વાણાં વિના કાપડ વણાય નહિ. તે રીતે જ સત્સંગનું જાણવું. ૧૨. બીજના વિના વૃક્ષ ન થાય અને વૃક્ષના વિના બીજ ન થાય. તેમ ધર્મ અને નિશ્ચયના વિના સત્સંગ ન થાય અને સત્સંગ થયા વિના ધર્મ અને ભગવાનનો નિશ્ચય ન થાય. ૧૩. જમીન અને પાણીના યોગ વિનાનું બીજ વૃક્ષ બની શકે નહિ, તેમ જ પ્રકટ ભગવાન અને પ્રગટ સંતોના યોગ વિના નિશ્ચય અને ધર્મ રહેતા નથી. ૧૪. શ્રીહરિએ ભુજ નગરની બહાર સત્સંગીઓ આગળ આટલી વાત કહી અને પછી ચાલતા થયા.

પછી **માનકૂવા** ગામમાં આવીને સુતાર હરિભક્તને ઘેર ઊતર્યા. ૧૫. તે વખતે ત્યાં જે કાઠી હરિભક્તો હતા, તેમને સહુને પોતાને ઘેર જવાની રજા આપી. હરિભક્તોને સત્સંગનું સુખ આપવા માટે સંતો અને શ્રીહરિ ત્યાં રહ્યા. ૧૬. માનકૂવાના બધાં હરિભક્તોને શ્રીહરિએ સત્સંગનું ઘણું જ સુખ આપ્યું. હરિભક્તોને જેવો ભક્તિભાવ હતો તેવા શ્રીહરિએ સહુને તૃપ્ત કર્યા. ૧૭. સર્વોત્તમ અને અનુપમ સરસ રીતે રોજબરોજ કથા-વાર્તા અને કીર્તનગાન થાતું હતું. રોજ નવી નવી મોક્ષકારી વાતો થાતી, ધ્યાન અને

ધારણા કરતા રહેતા. ૧૮. સંતોને અને હરિભક્તોને જેવા સત્સંગનાં અંગ હોય તે બાબત શ્રીહરિ ઉમંગથી પૂછતા. ભક્તિ, ધર્મ, વૈરાગ્ય અને જ્ઞાન તેમાં જેનું જે અંગ વિશેષ હોય તથા ૧૯. નિષ્કામ, નિર્લોભ, નિર્માન, નિઃસ્વાદ અને નિઃસ્નેહ તે પંચવ્રતમાનમાં જેનું જે અંગ અધિક હોય તે વિશે પૂછીને તે અંગોને દૃઢ કરાવતા. ૨૦.

જેનું જે અંગ અધિક હોય, તો તેને બીજા સંતોને અને હરિભક્તોને દેખાડતા હતા. જેને સત્સંગનો જેવો દૃઢાવ હતો, તે સહુને તેવા પ્રશ્ન કરતા હતા. ૨૧. જેને જેવો નિશ્ચય હોય તે જાણવા માટે એકેકના ક્રમથી સહુને બોલાવતા. પછી જેમાં જેટલી કચાશ રહી હોય, તે શ્રીહરિ તેમને દેખાડી દેતા. ૨૨. કોઈ કપટ રાખીને પોતાનાં અંગની વધારે પડતી વાત કરે, તો શ્રીહરિ સહુ ભક્તોને તે જણાવી દેતા. પોતાનાં વર્તનથી કોઈ વધારે બોલે તો તેને બીજા હરિભક્તો પ્રમાણ કરતા નહિ. ૨૩. જેને જેવું અંગ રહેતું હોય, તેને કોઈ વર્તનમાં છુપાવતું નહિ. વર્તન તો સૂર્યનાં જેવું છે. જેનું જેવું અંગ હોય તે વર્તન દેખાડી દે છે. ૨૪. ધર્મ, જ્ઞાનાદિક અંગ વૃક્ષરૂપ છે અને વર્તન છે તે તેનું ફળ છે. જેમાં જે પ્રકારનો રસ હોય તેને તે અનુપમ ફળ બતાવી દે છે. ૨૫.

જેને જે અંગમાં જેટલી કસર હોય તે ટળાવવા માટે શ્રીહરિ તેના ઉપર ઘણા જ હેતથી ઉપયોગી વાતો કહેતા. ૨૬. ભક્તજનના અંગની વૃદ્ધિ જે પ્રકારે થાય તે રીતની તેવી વાતોને શ્રીહરિ નિત્ય કરતા રહેતા હતા. ૨૭. હરિભક્તોના જેના જે અંગ હોય, તે દિનપ્રતિદિન જે રીતે વૃદ્ધિ પામે તે રીતે તે તે અંગોની વાતો, શ્રીહરિ ઘણા જ ઉમંગથી સમજાવતા હતા. ૨૮. જે ભક્તો શ્રીહરિનાં મુખની વાતને સાંભળતા તેમને દિનપ્રતિદિન સત્સંગના તે તે સદ્‌ગુણમાં, અને અંગને પક્વ કરવામાં શ્રદ્ધા ઊપજતી. શ્રીહરિ પણ દિનપ્રતિદિન શ્રદ્ધા વધે તેવી વાતો કરતા રહેતા. ૨૯. શ્રીહરિ જે વાત કહેતા તેને યાદ રાખીને, શીખીને તેની તે વાતને બીજો કોઈ કહે, તો તેમાં જમીન આસમાનનો ફેર રહેતો. અસલમાં અને નકલમાં જેટલો ફરક હોય છે તેટલો ફરક વાત કરવામાં રહે છે. ૩૦.

શ્રીહરિ જે કાંઈ વાત કરતા તેનાથી સાંભળનારા સહુના દિલમાં ઘણો જ પ્રેમ ઊપજતો. કોઈ પથ્થર જેવો જડ હોય તોપણ તે પીગળી જાતો હતો. અને મૂઢ મનુષ્યનાં ચિત્તમાં પણ તે તે વાતને શ્રીહરિ ઉતારી-પરોવી દેતા હતા. ૩૧. સહુના નાડીપ્રાણ જેમના હાથમાં છે; એવા શ્રીહરિ સહુના સ્વામી અને સમર્થ છે. કરોડો યુક્તિઓથી વાત બનાવીને કોઈ કહેવા જાય પણ શ્રીહરિની કરેલી વાતની તુલ્ય બીજું કોણ આવે ? ૩૨. જેને અસલ-નકલનું કાંઈ જ્ઞાન જ ન હોય, એવા લોકો તો અંધ અને અજ્ઞાની કહેવાય. તેમને તો ગોળ અને ખોળ બધું એક જ દેખાય. કારણ કે, તેમનામાં અજ્ઞાન અને અવિવેક રહ્યો છે. ૩૩. શ્રીહરિ માનકૂવાથી ચાલ્યા તે **તેરા** ગામ આવ્યા. ભક્તજન સુખદાયક ઘનશ્યામ શ્રીહરિ તેરા ગામમાં પણ સુતારને ઘેર ઊતર્યા. ૩૪. ત્યાં જેટલા હરિભક્તો હતા તે બધાને સત્સંગનું અને સ્વસ્વરૂપનું ઘણું જ સુખ આપ્યું.

પછી તેરા ગામથી ચાલેલા શ્રીહરિ **કાળાતળાવ** નામે ગામમાં આવ્યા. ૩૫. ત્યાં ભીમજી સુતારને ઘેર આવીને શ્રીહરિ રહ્યા. તેમને પણ અપાર સુખ દઈને શ્રીહરિ **અંજાર** ગામ આવ્યા. ૩૬. ત્યાંના હરિભક્તોને પણ અપાર સુખિયા કર્યા. પછી અંજારથી શ્રીહરિ **માંડવી** ગામ આવ્યા. માંડવીમાં ગામમાં ઉતારો ન કર્યો. ૩૭. માંડવીમાં શ્રીહરિ સરોવરને કિનારે ઊતર્યા. ત્યાં ભાગવતની કથા વંચાવી. પછી સંતોનું મોટું મંડળ કરીને તેમને ત્યાંથી વિદાય આપી. ૩૮. સ્વરૂપાનંદસ્વામી, વ્યાપકાનંદસ્વામી અને વૃદ્ધ આત્માનંદસ્વામી, એ ત્રણને ત્યાં મહંત(મોટા) કર્યા. ૩૯. તેમને વર્તનની બધી રીત શીખવીને શ્રીનગર(અમદાવાદ) મોકલ્યા. અને પ્રભુ સહજાનંદસ્વામીએ બધા દેશકાળની રીત સમજાવી. ૪૦

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'શ્રીહરિ ભુજથી માનકૂવા, તેરા, કાળાતળાવ, અંજાર થઈને માંડવી પધાર્યા' એ નામે આડત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૮॥



પૂર બારમું : તરંગ - ૩૯

શ્રીહરિ માંડવીમાં હતા અને જેતલપુરમાં સારો યજ્ઞ થયો

માંડવી ગામમાં શ્રીહરિએ સંતોને કહ્યું, પુરની બહાર ઊતરજો. સુંદર વૃક્ષ જોઈને તેની નીચે બેસવું અને જ્ઞાન વિચાર કરવો. ૧. સાંખ્યમતને અનુસારે પ્રશ્ન અને ઉત્તર શીખવા. રાત-દિવસ વારંવાર યોગનો અભ્યાસ કરવો. ૨. વેદ, સમગ્ર પુરાણો અને ગીતા, એ બધાના પરમ રહસ્યરૂપ પારમહંસ્ય સંહિતા શ્રીમદ્‌ભાગવત પુરાણ ગ્રંથ પ્રમાણરૂપ છે. ૩. ભાગવતનું શ્રવણ વારંવાર ઘણા પ્રેમથી નિત્ય કરવું. પરમહંસોના શણગારરૂપ ભાગવતથી અધિક બીજો કોઈ ગ્રંથ નથી. ૪. ત્રણ વર્ણના લોકોને ઘેર ભિક્ષા ઝોળીમાં માગીને ખાવી, બબ્બે મૂર્તિઓએ(સંતોએ) સાથે રહીને ભિક્ષા માગવા જાવું. ૫.

હરિ ઈચ્છાથી કોઈ ત્રણ વર્ણનો ભાવિક મનુષ્ય રસોઈ બનાવીને લાવે, તો તે અન્નને મેળવીને તેના ગોળા કરવા. ૬. સંતોએ તે અન્નનાં ઉપર જળનું પ્રોક્ષણ કરવું - જળ છાંટવું, તે છાંટ્યા વિના ક્યારેય ગોળા કરવા નહિ. જળ પ્રોક્ષણથી અન્નની શુદ્ધિ કરીને ગોળા કરવા. અસાવધાનીથી તે ક્યારેય ભૂલવું નહિ. ૭. ઝોળીમાં તે ગોળા કરવા. ઝોળીની નીચે ઘાસ રાખવું. ડાબા હાથમાં ગોળો રાખવો. ડાબા હાથને પાત્ર જાણીને ગોળો લેવો. ૮. એક એક કોળિયે સ્વામિનારાયણ નામ બોલવું. ચાતુર્માસમાં ક્યાંક જઈને રહેવું. તે સિવાયના દિવસોમાં પ્રસન્ન મનથી દેશમાં ફરતા રહેવું. ૯. ગોવિંદાનંદસ્વામી જેતલપુરમાં જઈને જ્યારે યજ્ઞ કરે, અને તમને સહુને તેડાવે ત્યારે તમારે સહુએ જેતલપુર જાવું. ૧૦.

અમે યજ્ઞ કરવાનો નિર્ધાર કર્યો છે. તેમાં અપાર વિપ્રો જમશે. પછી સંતો માંડવીથી જ્યારે ચાલ્યા, તે પ્રથમ હાલાર દેશમાં આવ્યા. ૧૧. ત્યાંથી કાઠિયાવાડ થઈને સંતો ઝાલાવાડમાં આવ્યા. પછી ત્યાંથી મખિયાવ(મછિયાવ) ગામમાં આવીને રહ્યા. ત્યાંથી બધા સંતો શ્રીનગર(અમદાવાદ) આવ્યા. ત્યાં શહેરથી ઉત્તર તરફના ભાગમાં ઉતારો કર્યો. ૧૨. સાબરમતી નદીને નજીક ઘણાં સુંદર આંબલીનાં અપાર ઝાડ હતાં. બધા સંતો તે આંબલીના ઝાડ નીચે

આવીને રહ્યા. ૧૩. ત્યાં રોજ તેઓ બ્રહ્મસંવાદ - બ્રહ્મના સ્વરૂપનિર્ણયની વાતો કરતા. નિત્ય કીર્તનગાન કરતા અને નિત્ય ભગવદ્‌વાર્તા કરતા હતા; એમ મહામુનિઓ શોભતા હતા. ૧૪. શ્રીનગરના અપાર શ્રદ્ધાળુ લોકો સતત એકતારનાં રૂપમાં ત્યાં આવતા જાતા રહેતા હતા. તેમને તે સંતો ઘણા પવિત્ર, નિઃસ્પૃહ અને વૈરાગ્યવાળા અતિશય સારા લાગ્યા. ૧૫.

જ્યારે સંતો પરસ્પર બ્રહ્મવિદ્યાનો સંવાદ કરતાં હોય, અને તે વખતે તેને જે સાંભળતા હોય, તેને એટલો બધો શ્રવણમાં સ્વાદ આવતો કે તેની તૃપ્તિ થાતી નહિ. ૧૬. ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યથી પરિપૂર્ણ તે સંતોને લોકોએ ઘણા જ પ્રતાપી દેખ્યા. તેથી સંતોના યોગે મુમુક્ષુજનો તેમના હાથે વ્રતમાન ધારીને સત્સંગી થવા લાગ્યા. ૧૭. તે પછીના થોડા જ દિવસોમાં જેતલપુરમાં યજ્ઞનો આરંભ થયો. ગોવિંદાનંદસ્વામી તે યજ્ઞમાં મુખ્ય કાર્ય સંભાળનારા હતા. ૧૮. તે યજ્ઞ કરાવનારા તો મેવાડા ભટ્ટ નાનાભાઈ છે; એવી વાત બધે પ્રચલિત થઈ હતી. યજ્ઞમાં અપાર વિપ્રો આવ્યા. તેનો ગણતા કોઈ પાર આવતો નહિ. ૧૯. મોટા મોટા વેદજ્ઞ વિદ્વાનો યજ્ઞમાં આવ્યા હતા. યજ્ઞમંડપ ઘણો સુંદર કર્યો હતો અને તેની વચ્ચે યજ્ઞકુંડ કર્યો હતો. હોમવાના પદાર્થો અને યજ્ઞીય કાષ્ઠોથી તે પ્રકટાવ્યો હતો. ૨૦.

'હા' 'હો' 'હૂ' એવા જે વેદના મંત્રો છે તેને તે સર્વોત્તમ વિપ્રો ઉચ્ચારતા હતા. જેની જેવી રીત હોય તે પ્રમાણે ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત, સ્વરોનું ગાન પણ તે વિપ્રો કરતા હતા. ૨૧. યજ્ઞમાં જે દેવોનું આવાહન કરવાનું હતું, તેમની સ્થાપના માટે આસન કર્યાં હતા અને વરણીમાં જે વિપ્રોનું વરણ કરી કાંડાં બાંધ્યાં હતાં, તેઓ બધા પણ બાજોઠ ઉપર બેઠા હતા. ૨૨. વૈદિક મત પ્રમાણે બધો યજ્ઞમાં વિધિ થાતો હતો. હોમાતા પદાર્થોનો સુગંધ યજ્ઞમંડપમાં પ્રસરતો હતો. પરનાળા બનાવીને ઘી યજ્ઞકુંડમાં હોમાતું હતું. ૨૩. વેદિયા વિપ્ર જે યજ્ઞમાં બેઠા હતા, તે બધા સ્વાહા મંત્રને ઉચ્ચારતા હતા. અસંખ્ય વિપ્રો વિવિધ પ્રકારના ભોજન જમતા હતા. ચોતરફ જયજયકાર થઈ રહ્યો હતો. ૨૪. જેતલપુરમાં તળાવને કિનારે મહોલથી દક્ષિણ તરફના ભાગમાં મનના ઘણા જ ઉમંગથી યજ્ઞમંડપ કર્યો હતો. ૨૫.

જેતલપુરના મુખ્ય મુખ્ય જે પાટીદાર હતા, તેઓ બધા યજ્ઞમાં મદદ કરવામાં તત્પર રહેતા હતા. ૨૬. ગામના નરનારી બધાં જ શ્રદ્ધાળુ જે મનુષ્યો હતા, તે બધાં પોતાના ધન્યભાગ્ય માનીને યજ્ઞની સેવા કરવામાં તત્પર રહ્યા હતા. ૨૭. જે વખતે જ્યાં જે સામાનની જરૂર પડે, ગામના ભક્ત તે સામાનને તરત જ ત્યાં લાવી આપતા. યજ્ઞનું કામ પોતાનાં ઘરનું કામ જાણીને સહુ સેવા કરતા હતા. ૨૮. અશલાલી ગામના બધા પાટીદાર અમીન કહેવાતા હતા. તેઓ બધા જેનાથી જે બને તે સેવા કરવા માટે યજ્ઞના કામમાં હાજર રહેતા. ૨૯. ગામડી ગામના બધા પાટીદારો તથા હરિભક્તો પણ ખૂબ જ સરસ પ્રેમી હતા. તેઓ બધા ઘણા જ ઉત્સાહથી યજ્ઞની સેવા કરવા માટે આવ્યા હતા. ૩૦.

ચોસર ગામના બધાં હરિભક્તો પણ યજ્ઞમાં સેવા કરવા માટે આવ્યા હતા. તેમજ વહેલાલ ગામના અમીન જેસિંગભાઈ આદિ સહુ હરિભક્તો યજ્ઞમાં સેવા કરવા આવ્યા હતા. તે બધાં જ ઉત્સાહી અને પ્રેમી હતા. તેમજ કણભા ગામના બધાં પાટીદાર હરિભક્તો પણ તે સમયે સેવા કરવા માટે ત્યાં આવ્યા હતા. ૩૧-૩૨.

શ્રીનગર(અમદાવાદ)ના જે બધા હરિભક્તો હતા, તે મોટા નથુભાઈ ચોકસી, વણિક, કણબી પટેલ, સોની અને માળી વગેરે સામે ચાલીને સેવા કરવા આવતા હતા. ૩૩. દામોદરભાઈ તથા ગંગાબાઈ પણ યજ્ઞની સેવામાં મુખ્ય રહ્યા હતા. યજ્ઞમાં જે બાકી ધનની જરૂર પડી તે બધું ગંગાબાઈએ આપ્યું હતું. ૩૪. તેઓ વડનગરા નાગર હતા. જેતલપુરના સત્સંગી બાઈઓમાં તેઓ મુખ્ય હતા. જેતલપુરમાં જે કોટ હતો તેની અંદરની બધી જગ્યા સ્વચ્છ કરાવી હતી. ૩૫. જેટલા વિપ્રો આવતા તે બધાને તે જગ્યામાં જમાડતા હતા. જેટલા સત્સંગી વિપ્ર હતા તેઓ બધા ઘીથી ચૂચવતા લાડુ બનાવીને સહુને જમાડતા હતા. ૩૬.

ભટ્ટ નાનાભાઈના એક ભાણેજ નથુભાઈ નામે હતા. તેઓ ઘણા બુદ્ધિમાન હતા અને રસોડાની બધી જ જવાબદારી તેઓ સંભાળતા હતા. ૩૭. જે મનુષ્ય જેવો હોય તેને તે રીતે તેઓ દેશકાળને અનુસારે વારંવાર બોલાવતા અને કામકાજ

કરતા. ૩૮. દેશકાળની પરિસ્થિતિને જાણ્યા-જોયા વિના જો કોઈને બોલાવે તો તેમાં કામ બગડવાની શક્યતા રહે છે, અને કામનો બધો રસ નાશ પામે છે. ૩૯. સારો યશ અને રસ(આનંદ) મળે એટલા માટે તો લોકો પુષ્કળ ધનનો ખર્ચ કરતા હોય છે. પણ તેમાં કોઈ અયોગ્ય-ખરાબ વેણ બોલી નાખે તો બધું કર્યું-કરાવ્યું ભસ્મ થઈ જાય છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'શ્રીહરિ માંડવીમાં હતા અને જેતલપુરમાં સારો યજ્ઞ થયો' એ નામે ઓગણચાળીશમો તરંગ સમાપ્ત ॥૩૯॥



પૂર બારમું : તરંગ - ૪૦

શ્રીહરિ કચ્છથી કાઠિયાવાડ પધાર્યા અને વાજસુર ખાચરે માન્યા-પૂજ્યા

જેતલપુરના યજ્ઞના સમયમાં જે જે પરમહંસો શ્રીનગરમાં રહેતા હતા તેમને ગોવિંદાનંદસ્વામીએ જેતલપુર બોલાવ્યા. ૧. યજ્ઞની પૂર્ણાહુતિ નિર્વિઘ્નપણે કરી. ભણેલી વિદ્યાની પરીક્ષા કરીને વિપ્રોને વિવિધ પ્રકારનાં દાન દીધાં. ૨. જેટલા સંતો અને હરિભક્તો આવ્યા હતા તે સહુને રોજ જમાડતા અને છેવટે આખું ગામ જમાડ્યું. ૩. જે અભ્યાગતો આવતા, તે સહુને યજ્ઞની પૂર્ણાહુતિ સુધી રોજ જમાડતા. કોઈને જમાડ્યા વિના, ભૂખ્યા જાવા દેતા નહિ. ૪. જે વિદ્વાન અને ક્રિયાકુશળ વિપ્રો યજ્ઞનો વિધિ કરતા હતા, તે બધાને વસ્ત્ર અને ઘરેણાં પહેરાવ્યાં અને સારાં પ્રમાણમાં દાન આપીને સહુને ખૂબ જ રાજી કર્યા. ૫.

જે કોઈપણ સ્ત્રી પુરુષોએ તે યજ્ઞનાં દર્શન કર્યાં હતાં, તેઓ બધાં યજ્ઞને 'ધન્ય' 'ધન્ય' એવા શબ્દ બોલીને વખાણતા હતા. શ્રીહરિએ ગોવિંદાનંદસ્વામી અને (કરજીસણના) ભટ્ટ નાનાભાઈને ઘણો જ યશ અપાવ્યો. ૬. જે વિપ્રો અને હરિભક્તો યજ્ઞમાં આવ્યા હતા, તેઓ બધા રજા લઈને સહુને ઘેર ગયા. જે બધા પરમહંસ જેતલપુરમાં આવ્યા હતા, તે બધા

પછી તૈયાર થઈને શ્રીનગર(અમદાવાદ) તરફ ગયા. ૭. હવે શ્રીહરિ કચ્છ દેશમાં હતા તે વાત કહું છું, તે તમે સાંભળો. કચ્છના હરિભક્તોને શ્રીહરિએ જેવો જેનો ભાવ હતો તેને અનુસારે અપાર સુખ આપ્યું. ૮. વસંતપંચમીનો ઉત્સવ શ્રીહરિએ માંડવીમાં કર્યો. રંગ, અબીર ગુલાલ ખૂબ જ ઉડાડ્યો અને ઝાંઝ મૃદંગ વગાડીને ઉત્સવ કરાવ્યો. ૯. કુંભ સજીને વસંત વધાવ્યો અને હરિભક્તો અપાર ફગવા તથા સુંદર વસંતઋતુને અનુરૂપ વાસંતી વસ્ત્રો લાવ્યા હતા. તે સર્વે શ્રીહરિને અંગે પહેરાવ્યા. ૧૦.

રંગ તથા ગુલાલ લાવીને શ્રીહરિના ઉપર છાંટ્યો. આંબાનો સુંદર મોર લાવીને શ્રીહરિની પાઘમાં ખોસ્યો. ૧૧. ફૂલના તોરા તથા હાર પહેરાવ્યા. કાન ઉપર ફૂલના ગુચ્છ ધરાવ્યા. ફૂલના બાજુબંધ હાથે ધાર્યા, ત્યારે ભવ્ય મતવાલી નટવર મૂર્તિ બની હતી. ૧૨. પછી હરિભક્તોએ ઘેરઘેર થાળ કરાવીને શ્રીહરિને પ્રેમથી જમાડ્યા અને તેનો સહુએ અલૌકિક લાભ લીધો, તે બધું મુખથી વર્ણવી શકાતું નથી. ૧૩. કચ્છ પ્રદેશમાં જેટલા હરિભક્તોના ગામ છે, તે બધા જ ગામોમાં શ્રીહરિ ફર્યા. અને ઘેરઘેર જઈને ભક્તોને દર્શન આપ્યાં. ૧૪. હુતાશનીનો ઉત્સવ **ભુજ**માં કર્યો. તથા ફૂલદોલનો ઉત્સવ પણ ત્યાં ભુજમાં જ કર્યો. શ્રીહરિએ તે બે ઉત્સવોમાં રંગ અને ગુલાલ ઉડાડીને હરિભક્તોને સ્વસ્વરૂપનું ઘણું જ સુખ આપ્યું. ૧૫.

ભુજના સુંદરજીભાઈના પુત્ર રાઘવજી નામે હતા. તેના વિવાહ પ્રસંગમાં શ્રીહરિ સાથે ગયા અને પ્રસંગને અદ્‌ભુત રીતે શોભાડ્યો. ૧૬. રાઘવજીના વિવાહ કરીને ભુજમાં આવ્યા. પછી ત્યાંથી ચાલ્યા, તે **આધોઈ** અને **ધમડકા** ગામમાં આવ્યા. ત્યાં કેટલાક દિવસ રોકાયા. ૧૭. ધમડકામાં દરબાર રાયધણજી આદિક જે હરિભક્તો હતા, તેમને શ્રીહરિએ સત્સંગનું અપાર સુખ આપ્યું. તે હરિભક્તોએ પણ શ્રીહરિની બહુ સેવા કરી. ૧૮. રામનવમી અને પોતાની જન્મતિથિ હરિજયંતિ શ્રીહરિએ ધમડકા ગામમાં કરી. તે પછી પ્યારા શ્રીહરિ કચ્છમાંથી નીકળ્યા. તે હાલાર દેશમાં આવ્યા. ૧૯. હાલારમાં જેટલાં હરિભક્તોનાં ગામ હતાં, ત્યાં બધે પોતે ફરીને તે

ભક્તોને પોતાનાં દર્શન દીધાં. સહુને અતિશય કૃતાર્થ કર્યા અને પછી ત્યાંથી સુખકારી શ્યામસુંદર શ્રીહરિ આગળ ચાલ્યા. ૨૦.

રાજકોટમાં આવીને એક રાત રહ્યા. ત્યાંથી **સરધાર** પધાર્યા. શ્રીહરિના આશ્રિત જે શ્રેષ્ઠ ભક્તો કાઠી દરબારો હતા, તે બધા મળીને તત્કાળ ત્યાં સરધાર આવ્યા. ૨૧. આવીને સહુ શ્રીહરિનાં ચરણોમાં નમી પડ્યા. તેમના દિલમાં શ્રીહરિ પ્રત્યે અતિશય પ્રેમભાવ ઊભરાતો હતો. તે પ્રદેશની તે સમયે જેવી દેશકાળ આદિની પરિસ્થિતિ હતી તે બધી તેમણે શ્રીહરિની આગળ કહી. ૨૨. શ્રીહરિએ ભીમ એકાદશી સરધારમાં કરી. જ્યારે અષાઢ માસ બેઠો ત્યારે શ્રીહરિ ત્યાંથી ચાલ્યા. ૨૩. **જસદણ** નામે ગામમાં શ્રીહરિ આવ્યા. વાજસુર ખાચર નામે દરબાર ત્યાંના રાજા હતા. તેઓ ઘણા ઉત્સાહથી શ્રીહરિની સન્મુખ આવ્યા. ૨૪. તેમણે બંને હાથ જોડીને શ્રીહરિનાં ચરણકમળોમાં મસ્તક નમાવ્યું અને વિનયથી ત્યાં બોલ્યા. ૨૫.

આજે મારે ત્યાં આવીને આપે દર્શન દીધાં, મને કૃતાર્થ કર્યો છે. આપે દર્શન દીધાં હતાં તેને ઘણો સમય થઈ ગયો છે. હું આપને સંભારતો રહું છું. ૨૬. મારે ત્યાં રસોઈ જમીને આપ જાઓ. આપનાં દર્શન તો ઘણાં દુર્લભ છે. ફરીને અહીં ક્યારે આવશો ? સારો અવસર ગયો, તે ફરીવાર આવતો નથી. ૨૭. દરબારનો પ્રેમભાવ દેખીને શ્રીહરિ તેમના ઉપર તે વખતે તરત રાજી થયા. પછી ઉમંગથી બોલ્યા, બહુ સારું, તમારું આટલું વેણ રાખશું. ૨૮. શ્રીહરિ દરબાર વાજસુર ખાચરની પાછળ પાછળ ગામમાં ચાલ્યા. બધી સવારી શ્રીહરિની સાથે હતી. બધા રાજમાર્ગો સ્વચ્છ કર્યા હતા અને દુકાનો વગેરે ચિત્રવિચિત્ર રીતે શણગાર્યા હતા. ૨૯. આગળના ભાગમાં બે-ચાર ઢોલ આદિક વાજિંત્રો વાગતાં હતાં. તેનો અપાર અવાજ સાંભળીને પુરવાસી લોકો દોડી આવ્યા. બધા આવીને બજારમાં દર્શન કરવા ઊભા હતા. ૩૦.

બધા લોકો શ્રીહરિનો અત્યંત પ્રતાપ દેખીને તેમના ચરણોમાં નમી પડતા હતા. સહુ શ્રીફળ અને ફૂલહાર લાવતા હતા. શ્રીફળ ભેટ ધરીને ઘણા જ પ્યારથી ફૂલહાર પહેરાવતા હતા. ૩૧. શ્રીહરિને રાજાના દરબારગઢમાં

ઉતારો આપ્યો. નવા ઠામ - વાસણ મંગાવ્યા. તેને ધોઈ સ્વચ્છ કરી ગાળીને તેમાં પાણી ભરાવ્યું. ૩૨. શ્રીહરિની સાથે જે વર્ણી હતા તેમણે તત્કાળ રસોઈ બનાવી. સાથેના બીજા જે સંત-હરિભક્તો હતા તે બધાય નદીમાં સ્નાન કરીને આવ્યા. ૩૩. શ્રીહરિ તો પોતાને ઉતારે જ નાહ્યા હતા. પછી તિલક, પૂજા-સેવા વગેરે ત્યાં જ કર્યું. એક નવું પીતાંબર પહેર્યું. પછી સુખદાયક પ્રભુ તરત જ જમવા બેઠા. ૩૪. સાકર નાખીને શીરો અને પૂરી બનાવી હતી, તે થાળમાં ભરીને શ્રીહરિની આગળ ધરાવ્યા. બીજાં શાક અને અથાણું વગેરે જે હતું તે બધું થાળમાં પીરસ્યું હતું. ૩૫. જે જે લાવીને થાળમાં ધરાવ્યું હતું તે બધું શ્રીહરિ પ્રેમથી સત્વરે જમ્યા. જ્યારે જમી રહ્યા ત્યારે જળથી હાથ અને મુખ ધોયા. ૩૬.

જ્યારે શ્રીહરિ જમી રહ્યા ત્યારે પરમ નિપુણ તે દરબારે પ્રસાદીનો થાળ ઉઠાવી લીધો. આવી પ્રસાદી અતિ દુર્લભ છે; એમ જાણીને તે પ્રસાદને જમ્યા. ૩૭. શ્રીહરિની સાથે જે ભક્તજનો હતા, તેઓ પણ તે બધી રસોઈને જમ્યા. તે પછી દરબાર વાજસુર ખાચર વસ્ત્ર અને ઘરેણાં વગેરે સામાન લઈને શ્રીહરિની પૂજા કરવા આવ્યા. ૩૮. તેમણે શ્રીહરિને સારા વસ્ત્ર તથા આભૂષણો પહેરાવ્યાં અને પૂજા કરી. તેમનાં હૃદયમાં શ્રીહરિનાં ઉપર ઘણું હેત છવાયું હતું. તેમણે બંને હાથ જોડ્યા અને પછી બોલ્યા, ૩૯. અમારાં કુળમાં જે જે લોકો આપની પૂજા કરે છે તેના ઘણાં મોટા ભાગ્ય છે. ભાગ્ય વિના આપની આવી પૂજા થઈ શકે નહિ. આપની પૂજા કરવી તે તો જીવનમાં દુર્લભમાં પણ અતિ દુર્લભ એક મહાન લહાવો છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'શ્રીહરિ કચ્છથી કાઠિયાવાડ પધાર્યા અને જસદણના વાજસુર ખાચરે માન્યા-પૂજ્યા' એ નામે ચાળીશમો તરંગ સમાપ્ત ॥૪૦॥



પૂર બારમું : તરંગ - ૪૧

શ્રીહરિ સત્સંગના ગામોમાં જ્યાં વિશેષ રહ્યા તે કહ્યાં

એક પહોર(૩ કલાક) દિવસ જ્યારે બાકી હતો ત્યારે શ્રીહરિ જશદણથી ચાલવા તૈયાર થયા. અશ્વ ઉપર બેઠા ત્યારે દરબાર વાજસુર ખાચર ત્યાં આવ્યા. ૧. તેઓ બંને હાથ જોડીને બોલ્યા, મહારાજ ! આપ મને ફરીવાર દર્શન આપજો. આ શરીર તો ક્ષણભંગુર છે. અમારી બાંય પકડીને ઉદ્ધાર કરજો. ૨. અંતકાળ ઘણો કઠણ છે અને ગર્ભવાસ પણ તેવો જ કઠણ છે. તે સમયમાં આપ કૃપા કરજો. આવીને પાસે રહેજો. ૩. અમે અપાર ગુના કર્યા છે, તેની તો વાત જ કહી શકાતી નથી. આપ તે ગુનાઓને માફ કરજો. આપના સમાન કોઈ અન્ય સમર્થ નથી. ૪.

❋ ગુણ લે છે તેનો ઉદ્ધાર થાય છે :

ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું, આ જગતમાં જેટલા મનુષ્ય છે તે સહુને અધર્મ ગમે છે. તેમાં અમે અને અમારા સંતો તથા હરિભક્તો, એ બધાનાં અવગુણોને કોઈ તમારી આગળ આવીને બોલે તો તે અવગુણોને તમારા દેહમાં પ્રાણ રહે ત્યાં સુધી તમારે ક્યારેય સાંભળવા નહિ. ૫-૬.

चोपाई :

इतनो नियम तुम रखना हमारा, उद्धार करना सद्य तुमारा;
हमारो संत हरिजन ताके, जे जन बोलत गुन हि वाके...०७
ताके सद्य हम करत उद्धारा, एसी हम टेक रखे यह वारा;
भूमी पर जन हि रहे जेता, उद्धार करन हम आये तेता...०८

આટલો નિયમ જો તમે રાખશો તો અમે તમારો તત્કાળ ઉદ્ધાર કરશું. જે કોઈ પણ માણસ અમારા અને અમારા સંતો-હરિભક્તોના ગુણ ગાય છે, ૭. તેનો અમે તરત ઉદ્ધાર કરીએ છીએ. આ સમયે અમે એવી ટેક રાખી છે. આ ભૂમિ ઉપર જે (ગુણગ્રાહી) જીવ છે તે સહુનો ઉદ્ધાર કરવા તો અમે આવ્યા છીએ. ૮.

हमारे संत हरिजन के जेही, अवगुन कहत सुनत तेही;
ताको उद्धार होत न कबही, एसे जमपुरी जावत सबही...०९
मोक्ष होत नहि होवत जेहू, प्रगट वात कहि दीने तेहू;
इतनी वात उर में दृढ रखना, तुमकु कहे हम एक हि वचना...१०

અમારા અને અમારા સંતો-હરિભક્તોના જે અવગુણ-દોષ કહેતા હોય કે સાંભળતા હોય, તેમનો ક્યારેય ઉદ્ધાર થાતો નથી. અને તે અવગુણ બોલનારા કે સાંભળનારા, બધા જ લોકો જમપુરીમાં જાય છે. ૯. એવા જે મનુષ્ય હોય છે તેમનો ક્યારેય મોક્ષ થાતો નથી. આ વાત અમે ચોખ્ખી કહી દીધી છે, માટે અમે તમને અમારો તથા અમારા સંતો-ભક્તોનો ગુણ જ લેવો આ એક વચન કહ્યું; તે તમે અંતરમાં દૃઢ કરીને રાખજો. ૧૦.

આવું કહીને શ્રીહરિ જસદણથી ચાલતા થયા, તે **પીપરડી** ગામમાં આવીને રાત રોકાયા. ત્યાં મૂળ નિમાડ દેશના ભાણજી નામે એક વિપ્ર રહેતા હતા. ૧૧. શ્રીહરિવરે જ્યારે જૂનાગઢમાં (ચૈત્રી પૂનમે) સમૈયો કર્યો હતો, ત્યારે તેઓ સત્સંગી થયા હતા. અને હરેક સમૈયામાં તેઓ ઉત્સાહથી આવતા હતા. ૧૨. તે ઘણા પ્રેમી હતા. શ્રીહરિ તેને ઘેર ઊતર્યા હતા. તેણે રસોઈ બનાવીને જમાડ્યા અને ઘણી સારી સેવા કરી. ૧૩. તે ભાણજી વિપ્રે સર્વ પ્રથમ શ્રીહરિનો જે અવાજ સાંભળ્યો હતો, તે તેમના જીવમાં એકતાર થઈને ચોંટી ગયો હતો. ૧૪. પછી તો તેઓ જ્યાં સુધી જીવ્યા ત્યાં સુધી શ્રીહરિના તે શબ્દોને - બોલીને પોતાની જીભ ઉપર જ માનો રાખેલા હોય તેમ તે બોલતા; એટલા બધા તે પ્રેમી હતા. ૧૫.

તે ભાણજી વિપ્રએ ઘણીવાર અતિશય પ્રેમથી શ્રીહરિની પૂજા કરી છે. બે-ત્રણ ઘોડા ભેટ આપ્યા છે. અને વર્ષોવર્ષ થાળ કરીને જમાડ્યા છે. ૧૬. પછી સવાર થયું ત્યારે શ્રીહરિ પીપરડી ગામથી ચાલ્યા અને **રંગપુર** ગામમાં આવ્યા. ત્યાંના હરિભક્તોને દર્શન દઈને તેમની સર્વે ભાવના પૂરી કરી. ૧૭. પછી શ્રીહરિ ત્યાંથી નીકળીને **બોટાદ** શહેરમાં આવ્યા. અપાર હરિભક્તો શ્રીહરિની સન્મુખ આવ્યા. શ્રીફળ અને ફૂલહાર લઈને સહુ આવ્યા હતા. શ્રીફળ ભેટ ધર્યાં અને પ્રેમથી ફૂલહાર પહેરાવ્યા. ૧૮.

ભગા શેઠ બહુ મોટા હરિભક્ત હતા. તેમને દિનપ્રતિદિન સત્સંગની ખુમારી વધતી રહેતી. તેને દેખીને સહુ હરિભક્તોને ત્યારે સત્સંગની ખુમારી ચઢતી જ રહેતી. ૧૯. અદાશેઠ અપાર પ્રેમી હતા. તેઓ શ્રીહરિવરને એક પળવાર પણ ભૂલતા નહિ. દરબાર સોમલા ખાચર ભક્તોમાં શિરોમણિ હતા. તેઓ કોઈ દિવસ કોઈથી પણ દબાતા નહિ. ૨૦.

શ્રીહરિ તેમને ઘેર આવીને ઊતર્યા. ત્યાં બે-ચાર દિવસ રહ્યા. ભગાશેઠ અને અદાશેઠ, તે બંનેએ શ્રીહરિને ખૂબ જ જમાડ્યા. ૨૧. શ્રીહરિ વારંવાર આવતા હતા તેથી ઘણી વખત પૂજા પણ કરી હતી. શ્રીહરિ ફરી ફરીને ઘણીવાર બોટાદ આવતા, એટલે તેમને ઘેર પણ બહુ વાર આવ્યા હતા. તેને ગણવાથી કાંઈ પાર આવતો નથી. ૨૨. ભગવાન શ્રીહરિએ બોટાદમાં ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાનની વાતો ઘણી કરી છે. જ્યાં જેવા હરિભક્ત રહેતા હોય ત્યાં શ્રીહરિ તેવી વાત કરતા હતા. ૨૩. ભક્તોનાં અંગને(ધર્મ, ભક્તિ વગેરેમાં સ્થિતિ અને રુચિને) જોઈને વાત કરતા. અને તેથી ભક્તો ઘણા પ્રસન્ન રહેતા. દર્શન કરે, વાતો સાંભળે અને પૂજા કરે, તેનાથી ભક્તોનાં હૃદય આનંદથી ભરાઈ જતાં હતાં. ૨૪. બોટાદ, નાગડકા, સારંગપુર, કુંડળ, કારિયાણી, મોટા ઝીંઝાવદર, ગઢપુર અને કરિયાણા, ૨૫. કાઠિયાવાડ દેશમાં આટલા ગામોમાં શ્રીહરિને જ્યાં જેવી ઈચ્છા હોય ત્યાં તેટલું રહેતા હતા. ૨૬.

બંધિયા, ફરેણી, માણાવદર, પીપલાણા, આખા, અગતરાઈ, કાલવાણી, માંગરોળ, લોજ અને પંચાળા, એ બધા સોરઠ પ્રદેશનાં ઘણા જ ગામ છે. ૨૭-૨૮. જ્યારે શ્રીહરિ સોરઠમાં પધારતા ત્યારે એ બધા ગામોમાં વધારે રહેતા. મેઘપુર, ભાડેર, ધોરાજી અને જેતપુર. ૨૯. એ બધાં ગામો સામાન્ય કહેવાતા હતા. જ્યાં શ્રીહરિ જેટલું રહેતા તે બધાં ગામ તેવાં તીર્થરૂપ કહેવાતાં. તે સિવાય હાલાર દેશમાં મોડા, અલૈયા અને ભાદરા. ૩૦. એટલાં ગામમાં સુખદાયક ઘનશ્યામ શ્રીહરિ આવીને વધારે રહેતા હતા. કચ્છ દેશમાં પણ જ્યાં શ્રીહરિ આવીને વિશેષ રહેતા હતા તે કહું છું. ૩૧. માંડવી, તેરા, કાળાતળાવ, માનકૂવા અને સહુથી શિરમોડ ભુજ શહેર હતું. ભુજમાં શ્રીહરિ

હમીર સરોવરના જળમાં ઘણું નાહ્યા છે. ૩૨. આધોઈ અને ધમડકામાં પણ શ્રીહરિ ઘણીવાર આવીને રહ્યા છે. ઝાલાવાડ પ્રદેશમાં શ્રીહરિ મેથાણ ગામમાં બહુવાર આવ્યા છે અને રહ્યા છે. ૩૩. નળકાંઠાને કિનારે આવેલા મછિયાવ ગામમાં ઘણીવાર શ્રીહરિ આવ્યા છે. અમદાવાદ, જેતલપુર, વહેલાલ, એ બધા ગામોમાં શ્રીહરિ રહ્યા છે. ૩૪. અને કરજીસણ ગામમાં પણ શ્રીહરિ ઘણીવાર આવ્યા છે અને રહ્યા છે. ગુજરાતમાં જે ગામ સત્સંગીના કહેવાય છે તેમને શ્રીહરિનો જોગ ઘણો રહ્યો છે. ૩૫.

ડભાણ અને વડતાલની સમાનતા તો કોઈ ગામ લઈ શકે નહિ. ચરોતરના તે ગામોને રંગભીના શ્રીહરિએ સર્વોત્તમ કર્યાં છે. કારણ કે, ત્યાં વારંવાર બહુ ઉત્સવ કર્યા છે. ૩૬. શ્રીહરિ બોચાસણ અને બુધેજ ગામમાં બહુવાર આવી રહ્યા છે અને વડતાલને તો સહુના શિખર(શિર) જેવું કર્યું છે. જેની તુલનામાં કોઈ આવી શકે નહિ. ૩૭. પૂર્વ દેશમાં(ઉત્તરપ્રદેશના પૂર્વ ભાગમાં) છપિયા ગામમાં શ્રીહરિએ જન્મ લીધો અને ત્યાં બાળચરિત્ર કર્યાં અને વનમાં પણ બહુ પ્રકારના ચરિત્ર કર્યાં છે. ૩૮. વારંવાર તરગામમાં જઈને ચરિત્ર કર્યાં છે, તેમ જ અયોધ્યાપુરી જેવાં સ્થાનમાં પણ અપાર ચરિત્ર કર્યાં છે. ૩૯. પૂર્વ દેશમાં જે મોટાં મોટાં તીર્થ છે ત્યાં આઠ વરસ સુધી રહીને તે તીર્થોને પવિત્ર કર્યાં છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'શ્રીહરિ સત્સંગનાં ગામોમાં જ્યાં વિશેષ રહ્યા તે કહ્યા' એ નામે એકતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૧॥



પૂર બારમું : તરંગ - ૪૨

કારિયાણીમાં ગઢપુરવાસીઓને સમાધિ તથા સંત-હરિભક્તોનું આગમન

પૂર્વદેશમાં(ઉત્તરપ્રદેશના પૂર્વભાગમાં) જે મોટા પર્વત, વન, સરોવર અને નદીઓ છે. ત્યાં બધે શ્રીહરિ જઈને રહ્યા છે અને તે બધાને પાવન કર્યાં છે. ૧. દક્ષિણ ભારતમાં અને કોંકણ દેશમાં વન, પર્વત, સરોવર અને

નદીઓ વગેરેને પણ શ્રીહરિએ સુંદર વર્ણિવેશે ફરીને પાવન કર્યા છે. ૨. એવા શ્રીજીમહારાજ ભક્તોના કાર્ય કરવા માટે બોટાદથી ચાલ્યા અને સારંગપુરમાં આવીને રહ્યા. ૩. નિયમની - અષાઢ સુદિ એકાદશી શ્રીહરિએ સારંગપુરમાં કરી. ત્યાં ચાર દિવસ રહ્યા. પછી શ્રીહરિ તૈયાર થઈને ચાલ્યા. ૪. સારંગપુરથી રાતે ચાલ્યા. રાઠોડ ધાધલને સાથે લીધા હતા. ત્રણેક કલાક રાત ગઈ હશે ત્યારે શ્રીહરિ **કારિયાણી** ગામને નજીક આવ્યા. ૫.

વરસાદ ખૂબ જ વરસવા લાગ્યો. બધાં કપડાં વગેરે પલળી ગયું. પાણી એટલું પડ્યું કે, બધા રસ્તાઓ અને ખેતરો પાણી ભરાવાથી એકાકારે થઈ ગયાં. ૬. શ્રીહરિ આગળ ચાલતા હતા. કારિયાણી ગામની પાસેની વોંકળીમાં ઘણું પાણી આવ્યું હતું. અંદર તલ બાવળ ઘણા હતા. ચોતરફ તમરાંનો અવાજ એકતાર સંભળાતો હતો. ૭. શ્રીહરિ તે વોંકળી(નાની નદી)ને પાર કરી ગયા. પાછળ જે હતા તે સહુને પણ બોલાવી લીધા. એક માથોડું પાણી હતું. પણ ભગવત્કૃપાથી સહુ ઊતરી ગયા. ૮. શ્રીહરિ ઉમંગથી માંચા ખાચરના દરબારમાં ઊતર્યા. માંચા ખાચર આવીને ચરણોમાં પડ્યા. વરસાદમાં પલળેલાં આશ્ચર્યકારી શ્રીહરિના સ્વરૂપને તેઓ દેખતા જ રહ્યા. ૯. પછી પહેરવા માટે કોરાં વસ્ત્ર આપ્યાં. અને બોલ્યા, મહારાજ ! અમારાં ઉપર બહુ કૃપા કરી. પછી વિપ્રને બોલાવીને તરત મનભાવતી રસોઈ કરાવીને શ્રીહરિને જમાડ્યા. ૧૦.

શ્રીહરિની સાથે જે બધા આવ્યા હતા તેમને જમાડ્યા. શ્રીહરિને માટે પલંગ તૈયાર કર્યો હતો, તેના ઉપર શ્રીહરિ બેઠા. પછી નિયમી એકાદશીથી લઈને અન્નકોટ સુધી બહુનામી શ્રીહરિ કારિયાણીમાં રોકાયા હતા અને જન્માષ્ટમીનો ઉત્સવ પણ ત્યાં જ કર્યો. ૧૧. ગઢપુરના હરિભક્તોએ સમાચાર સાંભળ્યા કે, શ્રીહરિ કારિયાણી પધાર્યા છે, તેથી ત્યાગથી જેમનાં શરીર સૂકાઈ ગયા હતા; એવા તે ભક્તો કારિયાણી આવ્યા. શ્રીહરિનાં સહુએ દર્શન કર્યાં. હૈયામાં હરખ સમાતો ન હતો. તત્કાળ સહુને સમાધિ થઈ અને એટલું બધું સુખ થયું કે, તે કહી શકાતું નથી. ૧૨-૧૩. તેમાં વૈકુંઠ, ગોલોક અને અક્ષરધામની રચના અને સુખ જોઈને સહુને આશ્ચર્ય થયું. ૧૪.

અત્યધિક પ્રતાપથી યુક્ત ભક્તિમાતાનાં દર્શન થયા. અનેક દિવ્ય સન્નારીઓ ઘણા જ ભાવથી તેમની સેવામાં હાજર હતી. ૧૫. શ્રીહરિનો અપાર મહિમા જેમ જેમ વધારે સમજાય તે રીતે ઘણા જ પ્રેમભાવથી ભક્તિમાતા વારેવારે સહુને વિગત પાડીને કહેતા હતા. ૧૬.

ભક્તિમાતાનો આ અપાર પ્રતાપ પણ સહુએ દેખ્યો. જે દેખ્યું તે મુખથી કહી શકતા નહિ. કેવળ અહો ! અહો ! એટલું જ બોલતા હતા. જે દેખ્યું તે કરતાં પણ પ્રતાપ અધિક હતો તે કહી શકતા નહી. ૧૭. વિમાન, પાર્ષદો અને મુક્તો, ધામમાં એટલા બધા હતા કે, તેનો કોઈ પાર ન હતો. ત્યાં પશુ, પક્ષી, વૃક્ષ બધા જ દિવ્યાકાર હતા. ૧૮. ભૂમિ અને ભવન બધું જ દિવ્ય હતું. જે ક્યારેય પ્રલયમાં પણ ન આવે એવા હતા. પરસ્પર સહુને અપાર હેત જણાતું. કોઈને અભાવ, ઈર્ષ્યા કે માન તો હતા જ નહિ. ૧૯. ધામમાં કામ, ક્રોધ અને લોભ તો ક્યાંય દેખાતા જ નહિ. એકબીજાને દેખીને સૌ હરખાતાં. વસ્ત્ર, આભૂષણ, ખાન-પાન, બધું જ દિવ્યાકાર હતું. ૨૦. તે ધામમાં રહેલા ફળ અને ફૂલો, બધાં દિવ્ય હોય છે, અને જેમ જેમ જુઓ તેમ તેમ ખૂબ જ પ્રિય લાગે તેવાં હોય છે. ત્યાં જે જે વસ્તુ હોય છે, તેમાં પ્રિય ન લાગે - ગમે નહિ; એવી કોઈ વસ્તુ હોતી નથી. ૨૧. સહુથી કરોડો ગણી સુંદર અને સોહામણી તો શ્રીહરિની મૂર્તિ છે. તે મૂર્તિનાં દર્શન થાય એટલે પછી અન્ય કોઈ વસ્તુ સારી લાગે નહિ. ૨૨.

❋ શ્રીહરિનો મહિમા :

જ્યાં સુધી શ્રીહરિની મૂર્તિને ન જોઈ હોય ત્યાં સુધી અન્ય વસ્તુમાં સારપ જણાય. જ્યાં સુધી અમૃતના જેવો મીઠાજળનો સાગર ન દેખ્યો હોય ત્યાં સુધી બીજા સાગર જોવાની ઈચ્છા થાય. ૨૩. આ બ્રહ્માંડને ફરતાં પૃથ્વી આદિના આઠ આવરણ એક એકથી દસ ગણા વધારે છે, તેવા અનંત બ્રહ્માંડો કહેવાય છે. ૨૪. તેવા અનંત કોટિ બ્રહ્માંડોથી દસ ગણું વધારે મોટું અક્ષરધામ છે, તેમ કોઈ દ્વારા કહેવાય છે. પરંતુ અક્ષરધામ તો અનંત છે. ૨૫. એવા અક્ષરધામ કરતાં પણ શ્રીહરિ તો દસ ગણા મહાન રહ્યા છે; એવું કોઈ કહે છે, પણ તેનાથી અતિ અપાર એવા મહાન શ્રીહરિનો પાર કોઈ લઈ શકે

નહિ. ૨૬. જેની જેવી બુદ્ધિ હોય, તેવી તે શ્રીહરિની મૂર્તિને મહાન કહે છે. છતાં તેમના અનંત ગુણો કહેવાના બાકી રહી જાય છે.

હવે ધામનાં સુખની વાત હું કહું છું. ૨૭. આવાં અક્ષરધામનાં દર્શન તે ગઢપુરના બહેનોને થયાં. અંતરમાં ઘણું જ સુખ - આરામ થયો. તેમને ભગવાનની મૂર્તિથી અધિક કાંઈ દેખાયું નહિ. ૨૮. પછી શ્રીહરિની ઈચ્છાથી ઘણો સમય થયો ત્યારે તે બધી બહેનો સમાધિમાંથી બહાર આવી. તેઓ મુખથી અહો ! અહો ! નો ઉચ્ચાર કરતી હતી. જે જોયું હતું, તેનો કહ્યે પાર આવે તેમ ન હતું. ૨૯. તે વખતે દેશદેશાંતરમાં રહેલા સંતોને શ્રીહરિએ ત્યાં કારિયાણી બોલાવ્યા હતા. બધા સંતો તત્કાળ ત્યાં કારિયાણીમાં આવ્યા અને દયાળુ શ્રીહરિ પ્રસન્ન મનથી સંતોને ભેટ્યા. ૩૦. દેશ દેશાંતરથી બધાં હરિભક્તો પણ ત્યાં આવ્યા, અને સહુના નાથ શ્રીહરિને મળીને પરમ સુખિયા થયા. કચ્છ, વાગડ, હાલાર, સોરઠ, વાળાક દેશના, ૩૧. ગોહિલવાડ, પંચાળ, ભાલ, ઝાલાવાડ, ગુજરાત, ચરોતર અને વઢિયાર વગેરે પ્રદેશોના હરિભક્તો ઘણાં જ ઉમંગથી ત્યાં આવ્યા. ૩૨.

દંઢાવ્ય(ઉત્તર-ગુજરાત) પ્રદેશ, મારવાડ, કાનમ અને સુરત પ્રદેશના પણ હરિભક્તો આવ્યા. બધાં શ્રીહરિને પગે લાગ્યા. મૂર્તિનાં દર્શન કરતાં તેઓ કોઈ તૃપ્ત થાતાં નહિ. ૩૩. હરિભક્તોનો સમાજ વિવિધ પ્રકારનો પૂજાનો સામાન લઈને આવ્યો હતો. વિવિધ પ્રકારના વાજિંત્રો વાગતાં હતાં. સહુ ભક્તો મુખથી જય જયકારનો પોકાર કરતા હતા. ૩૪. અપાર સુગંધી કેસરયુક્ત ચંદન શ્રીહરિનાં અંગો ઉપર ચરચતા હતા. વિવિધ પ્રકારના ફૂલહાર, તોરા અને બાજુબંધ ધરાવતા હતા. ૩૫. બંને કાન ઉપર ફૂલના ગુચ્છ ધરાવ્યા ત્યારે પ્યારા શ્રીહરિ મુખથી મંદમંદ હસતા હતા. હરિભક્તો અનેક પ્રકારના વસ્ત્ર અને ઘરેણાંઓને પુષ્કળ પ્રમાણમાં પહેરાવતા હતા. ૩૬.

જે હરિભક્તો આવ્યા તે બધાં જ સાકરના થાળ ભરીભરીને લાવ્યા હતા. ત્યારે શ્રીહરિ પણ ઘણું જ હેત દેખાડીને સાકર જમતા હતા. ૩૭. વળી, સાકર પોશ ભરી ભરીને સંતોની સભામાં અપાર વૃષ્ટિ કરતા હતા,

જે મુખથી વર્ણવી શકાતું નથી. ૩૮. કરુણાનિધિ શ્રીહરિ રોજબરોજ આવાં અમાપ ચરિત્ર કરતાં હતા. અને હરિભક્તો તથા સંતોના ઉપર પ્રેમભાવ પ્રકટ કરતા હતા. ૩૯. શ્રીહરિ સંતોના ઉપર અને હરિભક્તોના ઉપર અત્યંત ઉદારભાવ દેખાડીને તેમને દર્શન દેતા, અને અપાર વાતો કરતા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'કારિયાણીમાં ગઢપુરવાસીઓને સમાધિ અને સંતો તથા હરિભક્તોનું આવવું' એ નામે બેતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૨॥



પૂર બારમું : તરંગ - ૪૩

સત્સંગના ખપ અંગે શરભના દૃષ્ટાંતથી શ્રીહરિએ કુપાત્ર શિષ્યની વાત કહી

કારિયાણી ગામમાં સંતો અને હરિભક્તો શ્રીહરિનાં દર્શન તથા સત્સંગ કરવા જ્યાં સુધી રોકાયા હતા, ત્યાં સુધી તે સહુને સાથે લઈને શ્રીહરિવર નિત્ય તળાવે જાતા. ૧. સંતો તથા હરિભક્તો પાસે રોજ તળાવને ગળાવતા હતા. પછી ઘણાં હેતથી શ્રીહરિએ તે તળાવનું 'નારાયણ સર' એવું નામ પાડ્યું હતું. ૨. શ્રીહરિ રોજ સંતોને અને હરિભક્તોને ઉત્સાહ આપતા. તળાવ ગાળવાનો પરિશ્રમ કરવાથી સહુને શ્રીહરિમાં હેત થતું, અને શ્રીહરિ પણ તેનું હેતરૂપ મૂલ્ય સહુને આપતા હતા. શ્રીહરિ પણ હરિભક્તોમાં સામો એટલો જ પ્રેમ કરતા હતા. ૩. જ્યારે પાછા ગામમાં આવતા ત્યારે સંતો અને હરિભક્તો કીર્તન ગાતા. પરસ્પરનું હેત કોઈના હૃદયમાં સમાતું નહિ; આવી લીલા ત્યાં કરી હતી. ૪. સોનેરી શણગારોથી અશ્વને સજ્જ કરતા. ધર્મના દુલારા શ્રીહરિ તેના ઉપર બેસતા. મસ્તક ઉપર સોનેરી છત્ર-ચમર ધારતા; આવાં દર્શન ઘણાં જ નરનારીઓ કરતાં હતાં. ૫.

રોજ તળાવે જાતા અને પાછા આવતા સંતો તથા હરિભક્તોની ભીડ થાતી હતી. સૌ પ્રેમથી ધોળ રાગના મંગલમય કીર્તનો ગાતા, અને તેમાં સહુને અલૌકિક રીત દેખાતી. ૬. શ્રીહરિનાં જે કોઈ ચરિત્ર હોય છે તે બધાં

ભક્તોએ ગાવાને લાયક હોય છે. સાકરના શ્રીફળમાં ભાગ-ત્યાગનો અવકાશ હોતો જ નથી. ૭. તેમ શ્રીહરિનાં બધાં ચરિત્ર અમૃતરૂપ છે. જે કોઈ સાંભળે તેને સંસારરૂપી કૂવામાંથી બહાર કાઢી મુક્તિ આપે છે, પણ તે ચરિત્રોમાં જે ઝેરની કલ્પના કરે છે તેને તો અસુરોની જાતિના જાણવા. ૮. જે હરિચરિત્રરૂપી અમૃતને ઝેર કરીને બતાવે એવા લોકો તો જમપુરીમાં જાય છે. એવા લોકોનો તો ક્યારેય ઉદ્ધાર થાતો નથી. પણ વારંવાર સંસાર-લખચોરાશીના ફેરા ચાલું રહે છે. ૯ અને તેથી જ જે દૈવીજીવો છે, તે શ્રીહરિનાં સર્વે ચરિત્રોને અમૃત માનીને તેનું પાન કરે છે, તેનું શ્રવણ કરતાં ક્યારેય તૃપ્ત થાતા નથી. ૧૦.

ભગવાનના ભક્ત થઈને જો હરિચરિત્ર સાંભળવામાં ઊંઘ, આળસ અને પ્રમાદરૂપ અનાદર રાખે છે, તો તેમને ચરિત્રોમાં સ્વાદ આવતો નથી. ૧૧. ઊંઘ, આળસ અને પ્રમાદરૂપ જેટલો અનાદર રાખે છે, ભલે તેમાં દોષ ન દેખાતો હોય પણ તે દોષ જ છે. દોષ ન હોય તો અનાદર ન થાય. ૧૨. ભગવાનના ભક્તનું વર્તન તો સ્વચ્છ દર્પણનાં જેવું નિર્મળ હોય છે. તેમાં સારું-રૂપ કે ખરાબ-કુરૂપ બધું જ અનુપમ રીતે પ્રગટ દેખાઈ જ આવે છે. ૧૩. જેને સંતો-ભક્તો ઉપર ઈર્ષ્યા કે અભાવ હોય, તો તે ભક્તોમાં બીજા ગુણો હોય તે પણ દોષરૂપ દેખાય છે. અને તેને તેટલી સત્સંગમાં ન્યૂનતા-ખામી છે. ૧૪. શ્રીહરિનાં ચરિત્ર રસરૂપ છે. તેનાથી ઉત્તમ કોઈ અન્ય રસ નથી. જેનામાં ઈર્ષ્યા અને અભાવ હોય તેને તે ચરિત્રરૂપ રસ અનુપમ-સર્વોત્તમ લાગતો નથી. ૧૫. ઈર્ષ્યા, અભાવ અને માનરૂપી દોષ ઝેર કરતાં પણ વધારે ખતરનાક છે. એ ત્રણ દોષ જેમાં નિવાસ કરે, તો તેના અમૃત જેવા સત્સંગ-હરિચરિત્ર વગેરેને ઝેર જેવા કરી નાંખે છે. ૧૬.

❋ ન્યૂન ખપવાળાનાં લક્ષણ :

चोपाई :

हरि के भक्त भये जो जेहा, सत्संग को खप नून्य हि तेहा;
इर्ष्या असुया मछर हि माना, एसे दोष रहे तेहि नाना...१७
धर्म भक्ति वैराग्य अरु ज्ञाना, प्रगट हरि को करना ध्याना;
सत्संग को खप तिनसे भारी, देखावे कपटि अहंकारी...१८

હરિના ભક્ત થયા પછી પણ જો સત્સંગનો ખપ ઓછો હોય તો તેમાં ઈર્ષ્યા, અસૂયા, મત્સર અને માનના જેવા અનેક દોષ રહે છે. ૧૭. શ્રીહરિ કહે, જે કપટી અને અહંકારી હોય, તે ધર્મ, ભક્તિ, વૈરાગ્ય, જ્ઞાન, પ્રકટ ભગવાનનું ધ્યાન અને સત્સંગનો ખપ બીજા કરતાં ઘણો વધારે દેખાડે. ૧૮. તે કપટી પોતાને જે અધિક માને-જાણે તે સંતનો સમાગમ કરે, અને જે પોતાનો મહિમા અધિક ન રાખે તેવા સંતનાં મૂળ તે કપટી, અહંકારી કાપતો રહે છે. ૧૯. **સરળ હરિભક્ત હોય તે તેવા કપટી સંતને ઓળખી શકે નહિ, એમ તે સંત થઈને વર્તતા હોય છે. શ્રીહરિ કહે અમે અંતર્યામી છીએ, તોએ પણ તે હરામી અમને પણ છેતરે છે. ૨૦.** તે અમારી સાથે તો સરળ સ્વભાવે વર્તે. તેથી અમને તેનો કાંઈ અભાવ-અવગુણ આવતો નથી. (તેમાં એક દૃષ્ટાંત કહે છે.)

❋ શરભની વાત :

એક બહુ મોટા સારા સિદ્ધ જોગી હતા. કંદ-મૂળ જે કાંઈ મળે, તેનો આહાર કરતા. ૨૧. નિર્જન-એકાંત વનમાં જઈને તેઓ રહેતા. પોતાના આત્મામાં તેમને અંતર્યામી પરમાત્માનો સાક્ષાત્કાર થયો હતો. ધ્યાનનાં પ્રતાપથી પોતે પણ અંતર્યામી થયા હતા. ૨૨. તેમની પાસે એક કૂતરો આવીને રહેવા લાગ્યો. શિષ્ય કરતાં પણ વધારે ગુણ દેખાડતો હતો. જોગી જ્યાં સુધી ધ્યાન કરે ત્યાં સુધી તે કૂતરો જાગતો રહેતો. ૨૩. જ્યારે કોઈ જંતુ-હિંસક પ્રાણી જો ત્યાં આવી જાય ત્યારે તે જોગીને જાણ કરી દેતો. રક્ષણ કરનારા કૂતરામાં સારા ગુણ છે એમ માનીને, શિષ્ય જાણીને તેને ઋષિએ ઊંચી સ્થિતિએ પહોંચાડ્યો. ૨૪. પશુઓમાં ઊંચી સ્થિતિ-શ્રેષ્ઠ શક્તિવાળો શરભ(સંભવતઃ ડાયનાસોરના જેવું, સિંહથી પણ વધારે બળવાન એક પશુ) ગણાય, તેનાથી અધિક બળવાન કોઈ હોઈ શકે નહિ. એટલે જોગીએ પ્રસન્ન થઈને કૂતરાને શરભ કરી દીધો. ૨૫.

પછી તો તે શરભે અપાર પશુઓને માર્યા તોપણ જોગીને તેનો દોષ-અવગુણ આવ્યો નહિ. કારણ કે, સેવા વસ્તુ જ એવી છે. ૨૬. શરભે પશુઓની બધી જ જાતિનું માંસ ખાધું. કોઈને બાકી છોડ્યું નહિ. મનુષ્યને

પણ મારીને તે શરભ ખાવા લાગ્યો. ૨૭. લોકોએ જોગીની પાસે આવીને ઘણીવાર ફરીયાદ કરી, છતાં જોગી તેને સાંભળતા નહિ. કારણ કે, તેના ઉપર તેઓ પ્રસન્ન થયા હતા. ૨૮. પછી તે નીચ કૂતરો એવું માનવા લાગ્યો કે, 'મારા સમાન બીજો કોઈ અન્ય બળવાન નથી. હવે તો જોગીને પણ હું મારુ અને તેનું માંસ પણ હું ખાઉં; એવો હું બળવાન છું.' જોગી તેની બધી ચેષ્ટા સમજી ગયા. પછી જોગી તે કૂતરાને કહે, કૃતઘ્ની ! ગમાર ! તું મારું પોતાનું માંસ ખાવાને ચાહે છો ? ૨૯-૩૦.

જોગીએ આવું કહીને ફરીને તેને શરભમાંથી કૂતરો કરી દીધો અને તે વનમાંથી બહાર કાઢી મૂક્યો. જો ગુરુ યોગ્યતા વગરના નીચને શિષ્ય બનાવે અને રાજા નીચને દીવાન બનાવે, તો તેને આ શરભના જેવું કૃતઘ્નિપણું સૂઝે છે. ૩૧. એટલા માટે ગુરુએ કુપાત્રને શિષ્ય અને રાજાએ કુપાત્રને દીવાન કરવો નહિ. જ્યારે ગુરુએ શિષ્ય કરવો હોય અને રાજાએ દીવાન કરવો હોય, ત્યારે આ શરભની વાત વિચારી જોવી. ૩૨. સેવારૂપી અંજન(આંજણ) ધનરૂપી અંજન કરતાં પણ વધારે શક્તિશાળી છે. અંજન પંચરસમય(વિવિધ રસવાળું) હોય છે, છતાં સેવારૂપી અંજન તેના કરતાં પણ વિશેષ બળવાન હોય છે. ૩૩. ભવ અને બ્રહ્માને તુલ્ય અન્ય કોઈ કહેવાય નહિ. તે બંને ઘણા સમર્થ અને અંતર્યામી પણ છે. તેમના સમાન તો બીજો કોઈ સિદ્ધ પણ ન કહેવાય. ૩૪. છતાં તેઓ સેવારૂપી અંજનથી પ્રભાવિત થઈને જેને-તેને ચાહે તેવા વર આપી દે છે. જેનાથી પોતાનો પણ વિનાશ થાય એવા વરદાન ઉમંગથી આપ્યા હોય છે. ૩૫.

અમે પણ અનંત પ્રકારના આંજણ જોયા છે. જેવું આંજે તેવું તે દેખે. પણ સેવાના જેવું બીજું કોઈ આંજણ બળવાન દેખ્યું નથી. સેવાનું આંજણ અનંત દોષોને ઢાંકી દે છે. ૩૬. અમે અંતર્યામી છીએ, અપાર છીએ છતાં સેવારૂપી અંજનથી અમે પણ સેવકને આંધળાની જેમ વશ થઈ જઈએ છીએ. એવા અમે કરોડો સેવક જોયા છે. ૩૭. સેવાથી હેત થાય છે, હેત એક પ્રકારનું બંધન બને છે અને જેની સાથે તે બંધન થાય, તે જો પોતાને કાપે, કરડે તોપણ તે હેતનાં બંધનથી મનમાં તેનો અભાવ આવતો નથી. ૩૮.

સેવામાં જ્યાં સુધી અભાવ આવે છે ત્યાં સુધી તેમાં ઘણો ફરક રહે છે. અને તે પડેલો ફરક-તફાવત જ સેવામાં આવેલા અભાવને કહી બતાવે છે. ૩૯. એટલે બધી જ જાતના અંજનોમાં સેવારૂપી અંજન સહુથી વિશેષ બળવાન છે, પરમ અનુપમ અને અજોડ છે; આમ શ્રીહરિએ વારંવાર કહ્યું છે. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'સત્સંગના ખપ અંગે શરભના દૃષ્ટાંતથી શ્રીહરિએ કુપાત્ર શિષ્યની વાત કહી' એ નામે તેતાળીશમો તરંગ સમાપ્ત ।।૪૩।।



પૂર બારમું : તરંગ - ૪૪

શ્રીહરિએ કારિયાણીમાં સર્વોત્તમ યજ્ઞ કરાવ્યો

શ્રીહરિએ કારિયાણીમાં યજ્ઞ કરાવ્યો, હવે તે વાત કહું છું. જે મેં નજરે નિહાળ્યું છે તે પ્રકટ-સાક્ષાત્ કહું છું. ૧. મુક્તાનંદસ્વામી તે રસરૂપ વાત દાદા ખાચર વગેરે ભક્તોને કહે છે. જે આ વાતને કાનથી સાંભળે છે, તો સંસારરૂપી કૂવામાં પડેલા તેનો ઉદ્ધાર થાય છે. ૨. હળવદ ગામના નિવાસી શંભુ શુક્લ નામે એક શ્રેષ્ઠ વિપ્ર હતા, તેઓ યજ્ઞનો બધો જ વિધિ સારી રીતે જાણતા હતા. ૩. કારિયાણીમાં યજ્ઞ કરાવવા માટે તેમને શ્રીહરિએ તત્કાળ હળવદથી બોલાવ્યા. તેઓ ઘણા સારા સત્સંગી હતા. સમાચાર મળતાની સાથે ઘણા પ્રેમથી તેઓ આવ્યા. ૪. અંતર્યામી શ્રીહરિએ પત્ર લખીને, હળવદના બીજા જે વિપ્રો સારા સત્સંગી હતા, તે બધાને પણ બોલાવ્યા. ૫.

તે સિવાયના બોટાદ, રાણપુર, ચૂડા, લીંબડી, વઢવાણ, શિયાણી, લખતર અને મેંથાણના વિપ્રોને પણ તેડાવ્યા. ૬. ધ્રાંગધ્રા, સિથા, મોરબી, વાંકાનેર, સાયલા, મૂળી, સુદામડાં અને જસદણ સુધીના બધા વિપ્રોને તેડાવ્યા. ૭. બાબરા, લાઠી, ગઢપુર વગેરે ગામના ઉત્સાહી વિપ્રો આવ્યા. સરધાર, રાજકોટ, ગોંડળ, જેતપુર અને ધોરાજી સુધીના વિપ્ર આવ્યા. ૮. ઊના, મહુવા, ભાવનગર, શિહોર, પાલીતાણા, વલ્લભીપુર, પછેગામ, કુંડલા, રાજુલા, ઉમરાળા, બરવાળા, ધોલેરા, ગાંફ અને શ્રીનગર(અમદાવાદ)

વગેરે ગામોથી હજારો અને લાખો વિપ્ર આવ્યા. તેનો ગણવાથી પાર આવે તેમ નથી. ૯-૧૦.

તે સિવાયના બીજા વિપ્રો પણ અનંત અને અમાપ રૂપમાં આવ્યા. તેનો ગણતા પાર આવતો નથી. શ્રીહરિએ તે તમામ વિપ્રોને ત્રણ દિવસ સુધી જમાડ્યા. ગામથી પશ્ચિમ તરફના ભાગમાં ચોકા કરાવ્યા. ૧૧. શ્રીહરિ રોજ અશ્વ ઉપર બેસીને એકવાર ફેરો લગાવતા અને વિપ્રોની સાર-સંભાળ લેતા. અને સહુના ચોકે ચોકે જઈને કહેતા, જેટલું ભાવે તેટલું સહુ જમજો. ૧૨. તમે મન માન્યું ઘી ખાજો. ખૂટી જવાની શંકા રાખતા નહિ, પરંતુ નિઃશંક થઈને કોઈ ઘીનો લેશપણ બગાડ કરશો નહિ. ૧૩. તમારે ખાવાનું જે ઘી છે, તે તમે તમારા મોઢામાંથી કાઢીને પોશપોશ ઘી ભરીને અગ્નિમાં નાખી દો છો, તે તમે જરાએ વિચારીને જોતા નથી. ૧૪. પાંચ દિવસ સુધી તમને વિપ્રોને જમાડવા છે; એવું અમે ધાર્યું હતું. પણ હવે તો તમને ત્રણ દિવસ સુધી જ જમાડશું. ૧૫. તમને બે દિવસ જમાડવા માટેનું અમારું ઘી તમે અગ્નિમાં હોમી દીધું છે. માટે અમે તો વિચાર્યું કે, તમે અને અગ્નિ એકરૂપ જ છો ને ? ૧૬.

જ્યારે શ્રીહરિએ વિપ્રોને આવું કહ્યું, ત્યારે વિપ્રોએ પ્રેમથી એમ કહ્યું, આપ તો અત્યારે વિશ્વનાથ પ્રકટ્યા છો. આપના સિવાય અમને બ્રાહ્મણોને તૃપ્તિ કોણ કરાવે ? ૧૭. જો યજ્ઞકુંડમાં અગ્નિ પ્રદીપ્ત થાય તો અમારું ખાધેલું ઘી પચે. યજ્ઞનારાયણ દેવ અગ્નિમુખ દ્વારા અને વિપ્ર મુખ દ્વારા રહીને ગ્રહણ કરે છે, તે નિર્ધારિત છે. ૧૮. ઘીની આહુતિઓથી જ્યારે અગ્નિદેવ પ્રસન્ન થાય છે, ત્યારે અમે પણ અત્યંત પ્રસન્ન થઈએ છીએ. અમે વિપ્રો સહુ પહેલા અગ્નિને જમાડીએ છીએ. ૧૯. જેની જેવી ધન-સંપત્તિ હોય તે પ્રમાણે તેઓ બધા અગ્નિને જમાડે છે. હવે જેમ આપ પ્રસન્ન થાઓ તેમ અમે યજ્ઞમાં ઘી વાપરશું. ૨૦. આપને પ્રસન્ન કરવા માટે જ અમે પ્રેમથી યજ્ઞના અગ્નિને પ્રકટ કર્યો છે. આ ઘી યજ્ઞને માટે અને વિપ્રોને માટે આપે મંગાવ્યું છે, તેમ અમને કોઈએ સંભળાવ્યું ન હતું, તેથી અમે દોષ-વાંકમાં આવ્યા છીએ. ૨૧.

ત્યારે શ્રીહરિએ વિપ્રોને કહ્યું, હવે જવા દો, તેમાં તમારો કાંઈ વાંક નથી. અમે જે તમને કહ્યું, તે અમારો વાંક છે. અમે મનમાં એમ સમજ્યા કે, તમે જાણી-જોઈને અમારું ઘી બગાડ્યું છે. ૨૨. હવે તમે જે કહ્યું, તે અમને સાચું મનાયું છે. વગર કહ્યે ખબર પડત નહિ. તમારી જેવી મતિ-સમજણ છે તેવું ફળ તમે પામશો. તમે બધા વિપ્રો શુદ્ધ-નિર્દોષ છો. ૨૩. આમ કહીને શ્રીહરિ જ્યાં યજ્ઞકુંડ હતો ત્યાં આવ્યા અને યજ્ઞની પૂર્ણાહુતિ કરાવી. વિપ્રોને જેવા ભાવથી જમાડ્યા, તેવા જ ભાવથી સહુને દાન અને દક્ષિણા વગેરે પણ આપ્યા. ૨૪. પછી જેટલું ઘી વધ્યું હતું તે વિપ્રને પાઈ દીધું. તે પણ તેનું ભરેલું પાત્ર પોતાના હાથમાં લઈને શ્રીહરિએ પોતે વિપ્રોને ઘી પિવડાવ્યું; આવું ચરિત્ર શ્રીહરિએ તે પ્રસંગે કર્યું. ૨૫. જે કોઈ પણ વિપ્ર જેટલા શેર ઘી પીવે તેને તેટલા રૂપિયા દક્ષિણામાં આપવા; એવું શ્રીહરિએ જાહેર કર્યું અને જેણે જેટલા શેર ઘી પીધું તેને તેટલા રૂપિયા આપ્યા. ૨૬.

આમ વિપ્રોને રાજી કર્યા. વિપ્રોએ શ્રીહરિનો જયજયકાર કર્યો. વિપ્રો મનમાં ખૂબ જ રાજી થયા. પછી શ્રીહરિએ તેમને વિદાય આપી. ૨૭. પછી સંતોને, હરિભક્તોને અને બધા ગામને સૌને શ્રીહરિએ ઘણાં જ ભાવથી જમાડ્યા. છતાં પણ ઘી, ગોળ અને લોટ વગેરે સીધું ઘણું વધ્યું. ૨૮. શ્રીહરિએ સહુને કહ્યું, આવા સારા પ્રસંગોમાં અમે જ્યારે સહુને જમાડીએ છીએ ત્યારે સીધું-સામાન બહુ વધે છે. અમારા પ્યારા ગુરુ સદ્‌ગુરુ રામાનંદસ્વામી આવા શુભ પ્રસંગોમાં અમને બહુ સહાયતા કરે છે. ૨૯. અમે વારંવાર વિચારી જોયું છે કે, ગુરુદેવની સહાય વિના આમ બને નહિ. ત્યારે મુક્તાનંદસ્વામી કહે કે, આ શ્રીહરિનું વચન સાંભળીને મેં કહ્યું. ૩૦.

જેટલી સિદ્ધિઓ માત્ર કહેવાય છે તે બધી આપના ચરણોમાં રહે છે. સિદ્ધિઓના પણ સિદ્ધ આપ છો. આપનાથી વિશેષ અધિક કોઈ દેખાતા નથી. ૩૧. **સિદ્ધો, ભવ, બ્રહ્માદિક દેવો, મહાપુરુષ તથા મહામાયા એ બધાં કરોડો યુગ સુધી આપની સેવા જ્યારે કરે છે ત્યારે તેમને લેશમાત્ર સિદ્ધિ મળે છે. ૩૨. આપ એવા ભારે સમર્થ છો. આપના પારને કોઈ પામતું નથી. આપ અત્યંત સમર્થ હોવા છતાં સાધુ થઈને વર્તી રહ્યા છો. આપના સિવાય બીજો**

કોઈ આવું ન કરી શકે. ૩૩. જગતમાં જે અત્યંત પાખંડી હોય છે તે મોટા સિદ્ધ થઈને ફરે છે. મંત્ર-જંત્ર કે જાદૂને કાંઈક જાણતા હોય તેથી લોકો તેને સિદ્ધ કરીને માને છે. ૩૪. સામાન્ય લોકો તો સિદ્ધાઈવાળાને સિદ્ધ નથી માનતા, પરંતુ તેને તો ભગવાન માને છે. દારૂ અને માંસભર જ પડ્યા રહેતા હોય છે અને ગાંજો તથા ધતૂરાને તો ખૂબ જ પીતા હોય છે. ૩૫.

પછી લોકો વાતો કરે, આ સિદ્ધ તો અનાજ ખાતા નથી. એમ કહીને તેનો મહિમા બહુ જ ગાતા હોય છે. ગુપ ચુપ અનેક પ્રકારના ફેલ કરતા હોય છે અને લગારેય પાપથી તો તેઓ ડરતા જ નથી. ૩૬. તેઓ પોતાના શિષ્ય નરનારીઓને એવો ઉપદેશ આપતા ફરે છે કે, આત્મા તો સદાય શુદ્ધ છે. તે શુદ્ધ આત્માને લેશમાત્ર પણ પાપ અડતું જ નથી. ૩૭. પ્રભો ! જો આપ આ કળિયુગમાં પ્રકટ થયા ન હોત તો તે બધા પાખંડી ગુરુઓ આખા જગતને એકાકાર કરી મૂકત. ૩૮. સત્યસ્વરૂપ પરમેશ્વર આપે પ્રકટ થઈને અસત્યને દેખાડી દીધું છે. સત્યરૂપ સાચા સંતોને આપે કર્યા છે અને તેવા જ સાચા સત્સંગીઓને પણ આપે કર્યા છે. ૩૯. (સં. ૧૮૬૪) આસો વદિ તેરશને દિવસ શ્રીહરિએ કારિયાણીમાં તે યજ્ઞ સમાપ્ત કર્યો. યજ્ઞ સર્વોપરિ થયો, અત્યંત સરસ થયો અને નિર્વિઘ્ન પૂરો થયો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'શ્રીહરિએ કારિયાણીમાં સર્વોત્તમ યજ્ઞ કરાવ્યો' એ નામે ચુંમાળીશમો તરંગ સમાપ્ત ॥૪૪॥



પૂર બારમું : તરંગ - ૪૫

કારિયાણીમાં શ્રીહરિએ દિવાળી અને અન્નકોટ ઉત્સવ કર્યો

દિવાળી અને અન્નકૂટનો ઉત્સવ શ્રીહરિએ કારિયાણીમાં જ કર્યો. અદ્‌ભુત દીપમાળા પૂરી હતી અને સુખદાયક શ્રીહરિ તેની વચ્ચે બેઠા હતા. ૧. સંતો, વર્ણીઓ અને હરિભક્તોની સભા પણ તે દીપમાળામાં જ અતિ અનુપમ થઈ હતી. તેની અત્યંત અજોડ શોભા વર્ણવી શકાતી નથી. ૨.

ત્યાંના દરબાર વસ્તા ખાચર અદ્વિતીય હરિભક્ત હતા. તેમના દરબારગઢના ચોકમાં તે દીપમાળા રચી હતી. ૩. તે દીપમાળાની વચ્ચે રમણીય એક હિંડોળો બાંધ્યો હતો. સહુના નાથ શ્રીસહજાનંદસ્વામી તે હિંડોળામાં બેઠા હતા. ૪. ઘણાં નવા વસ્ત્રો અને ઘરેણાં બધાં સોનેરી કરાવીને હરિભક્તો લાવ્યા હતાં. અતિ સુંદર અને સુશોભિત તે વસ્ત્ર-અલંકારો શ્રીહરિને પહેરાવ્યા. ૫.

લલાટમાં કુંકુમનો ચાંદલો કર્યો, તેનાથી પ્રેમરસ ભર્યું મુખકમળ શોભી રહ્યું હતું. મૂર્તિ સર્વ ભક્તોનાં ચિત્તને ખેંચતી હતી, તે મૂર્તિનું વર્ણન થઈ શકતું નથી. કારણ કે, મારી બુદ્ધિ થોડી છે. ૬. મારા દેહનો કાંઈ નિર્ધાર નથી. અને શોભાનો કહેવાથી કાંઈ પાર આવતો નથી. એક દિવસની વાત કહેવી હોય તોપણ કરોડો વર્ષે કહી શકાતી નથી. ૭. આ અવતારની આ વખતની વાત કહેવી એટલી ગહેરી છે. શ્રીહરિના કરોડો ચરિત્રોમાંથી એકાદ ચરિત્ર હું તમારી આગળ કહી રહ્યો છું. ૮. જેમ અપાર ગંગાનો પ્રવાહ રાત-દિવસ વહેતો રહે છે, તેને કોણ સંભાળી શકે ? કોણ ધારી-રોકી શકે ? તેમ આ વેળાએ શ્રીહરિએ એટલાં બધાં ચરિત્ર કર્યાં છે, તેનો કોણ પાર લઈ શકે ? કોણ ધારી-લખી શકે ? તમે સહુ બુદ્ધિમાન છો તેથી ધારી શકો છો. ૯. દૃષ્ટાંત કહીએ તો કાંઈક દેખાય છે, લખવાથી તે પૂરું કહેવાતું નથી. જેટલા ગંગાજળનાં ઠામ-વાસણ ભરી લેવામાં આવે તેટલું તે લોકોને ઉપયોગી થાય છે. ૧૦.

ગંગાજળના ભરેલા પાત્રને ઠેકાણે આ ગ્રંથ છે. એટલે જે ગ્રંથમાં લખાય તેટલું કાયમ રહેશે. જે ચરિત્ર લખાયા ન હોય તે બધાં મૂર્તિમાં લીન થઈ જાય છે. ૧૧. જેમ જે નદી સાગરમાં જાય તે બધી સાગરરૂપ થઈ જાય છે. સાગરમાં ભળી ગયા પછી તે કોઈ નદીનું નામ રહેતું નથી. ૧૨. તે રીતે જ જે ચરિત્ર ગ્રંથમાં લખ્યા વગરનાં હોય તે બધાં કરુણાસાગર શ્રીહરિની મૂર્તિરૂપ થઈને રહે છે, એટલે મૂર્તિ વિના કાંઈ અલગ દેખાય નહિ. ૧૩. આ રીતની જેની સમજણ હોય અને જે સ્થિર બુદ્ધિવાળા હોય, તે મુમુક્ષુઓનાં હિતને માટે ચરિત્રોને ગ્રંથમાં ગૂંથી લે છે. ૧૪. આ જગતમાં જે નરનારી ભગવત્ચરિત્રોના ઉત્તમ વિષયી(ઉત્તમ ભાવનાવાળા) છે તેને આ ચરિત્રગ્રંથ ચિંતામણિ અને કલ્પવૃક્ષની જેમ મનોવાંછિત ફળ અપનારો છે. ૧૫.

વિષય ત્રણ પ્રકારના છે : ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ. અર્થાત્ આ ત્રણ પ્રકારની ભાવના છે. જે ભાવનાથી જે હરિચરિત્રોને સાંભળે છે તેને તે પ્રમાણે અપાર વિષય(અપાર ભાવના) મળે છે. ૧૬. **હરિચરિત્ર સાંભળવામાં જેવો ભાવ હોય તેવા તેને વિષય(ભાવનાનું સુખ) મળે છે. જેને કોઈ પણ જાતનો વિષય - ભાવ ન હોય તે મનુષ્ય તો નિર્જીવ અને સૂકાં કાષ્ઠ જેવો ગણાય. ૧૭.** સૂકાં કાષ્ઠમાંથી ફળ મળે ? અર્થાત્ ન જ મળે તેમ વિષય - ભાવ વગર કોઈ હરિચરિત્રોને સાંભળે જ નહીં. પ્રથમ જે અપાર વિષયી - ભાવપ્રધાન હોય, પછીથી તેમાંથી સારો મુમુક્ષુ થાય છે. ૧૮. વિષય(વાસના) એટલે ભાવના(ભક્તિ) છે. વિષય અને ભાવ બંને એક છે. તેને વિવેકી મનુષ્ય સમજી શકે છે. કેમ જે, જગતમાં હોય તો વિષય વાસના કહેવાય, ભગવાનમાં હોય તે ભાવના ભક્તિ કહેવાય. બુદ્ધિમાન અને જે નિર્દોષ તથા વિવેકી છે, તે જ આવી વાતને સમજી શકે છે. ૧૯. વાતને નિર્દોષ સમજે એવાં તો કરોડોમાં કોઈ એકાદ માણસ જ નીકળે છે. પણ બીજા કરોડો ભેળા મળીને તે એકની સાચી વાતને ઉડાવી દે છે; તે દેખ્યામાં પણ આવતી નથી. ૨૦.

❋ ગ્રંથલેખન વિષયક સાવધાની :

આ જગતનો વ્યવહાર જ એવો છે. તેને સમજી-વિચારીને આ ગ્રંથ તેવો કરું છું. જેવી રીતે કરોડો માણસો આ ગ્રંથને પ્રમાણ કરે તેવી રીતે આ ગ્રંથ લખવામાં એટલું ધ્યાન રાખું છું. ૨૧. મત મતાંતરના(સર્વ સંપ્રદાયના) લોકો પણ આ ગ્રંથને સાંભળે, તો તેમને બધાને પણ આ ગ્રંથ પ્રેમ ઉપજાવે એવો છે. સહુનું હિત કરવું, એ આ ગ્રંથનું ફળ છે. જો સહુનું હિત ન થાય, તો મેં આ ગ્રંથ લખ્યો તે પરિશ્રમરૂપ-ભારરૂપ જ ગણાય. ૨૨. **જે આ રીતે ધ્યાન રાખીને સાવધાનીથી વાત લખે છે, તેને ક્યારેય ક્લેશ આવતો નથી.** પટાના ખેલ જેવી ચાતુરી ગ્રંથ લખવામાં હોવી જોઈએ. ૨૩. ગ્રંથ લખવામાં લખનારાની બુદ્ધિનો દંભ ચાલે નહિ. દોરડા ઉપર ચાલનારા નટના જેવું ઘણું એકાગ્રતાભર્યું અને સંતુલનભર્યું આ લેખનકાર્ય છે. શ્રીહરિ, સંતો અને હરિભક્તો સર્વેની જ્યારે સહાય હોય ત્યારે આ કામ થાય છે. ૨૪. તે સહુની સહાય વિના ગ્રંથ લખવો, તે ક્યારેય સુગમ ન થાય. ગ્રંથ લખવો તે હાંસી કે ખેલ નથી. જે સદ્બુદ્ધિમાન હોય તેને જ તેની ખબર પડે છે. ૨૫.

જે કુબુદ્ધિ લોકો છે તેઓ તો હાંસી અને ઠઠ્ઠા મશ્કરી કરતા હોય છે. જેની જેવી બુદ્ધિ હોય તે તેમાં દેખાઈ આવે છે. ૨૬. દિવાળીનો દિવસ હતો ત્યારે કારિયાણીમાં જે સંતો તથા હરિભક્તો હતા, તે બધાએ પોતાના મનોરથો પ્રમાણે શ્રીહરિની પૂજા કરી. ૨૭. દીપમાળામાં દીવાઓ કર્યા હતા, તેથી સુંદર રીતે દીપમાળા શોભી રહી હતી. હરિભક્તોની વિશાળ સભા પણ ફૂલના હારોને લીધે શોભતી હતી. ૨૮. સંતોની સભામાં બેઠેલા સંતો માનસરોવરમાં રહેલા હંસોની જેમ શોભતા હતા. તે હંસોના જેવા સંતોને માટે તો શ્રીહરિની મૂર્તિ મુક્તાફળ જેવા સાચા મોતીરૂપ બની ગઈ હતી. ૨૯. તે માનસરોવરમાં કમળના જેવા હરિભક્તો પ્રફુલ્લિત જણાતા હતા. સરોવરના જેવી તે સભામાં શ્રીહરિની મૂર્તિ હિંડોળે ઝૂલી રહી હતી. વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગતાં હતાં, તેની શોભા વર્ણવી શકાતી નથી. ૩૦.

સંતો અને હરિભક્તો કીર્તન ગાતા હતા. શ્રીહરિની મૂર્તિનો છક - કેફ હૃદયમાં સમાતો ન હતો. બિલોરી ઝાડ અને અપાર હાંડીઓ દીપમાળામાં બાંધેલી હતી. ૩૧. હરિભક્તોના કેટલાક બાળકો બાળબુદ્ધિએ કરીને બપોરિયા, ફટાકડાં ફોડતાં હતાં. તે બાળકોની રમતને જોઈને શ્રીહરિ હસતાં હતાં. ૩૨. શ્રીહરિ હરિભક્તોની આગળ એવું બોલતા કે, જે રમત કરવાથી મોઢું, હાથ અને પગ દાઝી જાય; એવો આ ફટાકડા ફોડવાનો ખેલ સારો નહિ. ૩૩. હુતાશની અને વિવાહના પ્રસંગોએ ગાળો બોલવાની રીતને હરિભક્તોએ છોડી દેવી જોઈએ. વિવાહ જેવા પ્રસંગમાં ભગવાનનાં કીર્તન ગાવા; એવી ભગવાનના ભક્તોની રીત રહી છે. ૩૪. હરિભક્તોએ ધૂળેટીને દિવસે પણ ધૂળ ઉડાડવી નહિ. અને સર્વે હરિભક્તોએ ધૂળ, છાણ કે પથ્થર ફેંકીને તેવી હલકી લડાઈ ક્યારેય કરવી નહિ. ૩૫.

હરિભક્તોએ પોતાના બાળકોને એવી શિખામણ આપવી કે, ક્યારેય હોળીમાં દોડવું નહિ અને તેમાં દોડતા હોય તેને જોવા જવું નહિ. ૩૬. હોળીમાં શ્રીફળ નિમિત્તની હાર-જીતમાં ભાગ લેવો નહિ. તેમજ શુદ્ધ હરિભક્તે તો ભાંડ ભવાઈને પણ જોવી નહિ. ૩૭. જેની જેવી જાત હોય તેમાં તેવી ભાત

પડે છે. સોનાની અંબાડી કાંઈ ગધેડા ઉપર સારી લાગે નહિ. ૩૮. અનેક જાતના તોફાન અને ફેલ તો કુસંગીઓને સારાં લાગે અને ગમે. હરિભક્તોને તો તે તોફાન અને ફેલ લાંછનરૂપ છે. ૩૯. પછી અન્નકોટને દિવસ માંચા ખાચર અને વીરદાસ પટેલે ઘણી જાતના પકવાન કરાવીને શ્રીહરિને તથા બધા સંતોને જમાડ્યા હતા. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'કારિયાણીમાં શ્રીહરિએ દિવાળી અને અન્નકોટનો ઉત્સવ કર્યો' એ નામે પિસ્તાળીશમો તરંગ સમાપ્ત ॥૪૫॥



પૂર બારમું : તરંગ - ૪૬

શ્રીહરિ કારિયાણીથી કુંડળ, સારંગપુર અને ઝીંઝાવદર થઈને ગઢપુર આવ્યા

કારિયાણીમાં શ્રીહરિએ સંતોને કહ્યું, સંતોના બે મંડળ નક્કી કરો. એક મંડળ નવાનગર(જામનગર) જાય અને બીજું મંડળ સુરત જાય. ૧. એક મંડળમાં મોટેરા સ્વરૂપાનંદસ્વામી રહે અને બીજામાં આત્માનંદસ્વામી મોટેરા રહે. સહુએ સાથે આનંદમાં રહેવું. ૨. શ્રીહરિની આજ્ઞાથી પછી આત્માનંદસ્વામીનું જે સંતમંડળ હતું તે સુરત ગયું. ૩. અને શ્રીસહજાનંદસ્વામીની આજ્ઞા શિરોધાર્ય કરીને સ્વરૂપાનંદસ્વામી નવાનગર(જામનગર) ગયા. ૪.

❋ સંતો-ભક્તોની સમજણ :

તે બે મંડળ સિવાયના જે સંતો હતા, તેમના પણ એક એક મંડળ કરીને જે જે પ્રદેશોમાંથી હરિભક્તો આવ્યા હતા, તેમની સાથે તે સંતમંડળોને મોકલ્યા. ૫. જે હરિભક્તો આવ્યા હતા તે સહુને પણ શ્રીહરિએ પોતપોતાને ઘેર જવાની આજ્ઞા કરી. પછી બધા ભક્તો જેવા શ્રીહરિની મૂર્તિનાં દર્શન કર્યાં હતાં, તેવી રીતે તે મૂર્તિને સંભારતાં સંભારતાં સહુ ચાલતાં થયાં. ૬. સંતમંડળના બધા સંતો ચાલતાં ચાલતાં શ્રીહરિને સંભારતા હતા. અને હરિભક્તો પણ રસ્તામાં ચાલતાં શ્રીહરિનાં ચરિત્રોને સંભારતા હતા. ૭.

ચોપાઈ :

हरि की मूर्ति संभारना जोउ, परम लाभ मानत सब सोउ;
विस्मृति मूर्ति की होवत जितना, परम अलाभ मानत तितना...०८

मूर्ति समागम संत हि केरा, हरिजन इच्छत वेर हि वेरा;
ताको विजोग न इच्छत कबहू, विजोग भये सुख रहत न तबहू...०९

हरिजन विन सगे सबंधी जेउ, लुटनहार मानत मन तेउ;
भेगे रहे मन जुदे अपारा, देह जीय विधि अनुसारा...१०

તે બધાં સંતો તથા હરિભક્તો શ્રીહરિની મૂર્તિને સંભારવામાં પરમ લાભ સમજતા હતા. અને જેટલી મૂર્તિની વિસ્મૃતિ થાય તેને સહુથી વધારે ગેરલાભ માનતા હતા. ૮. હરિભક્તો શ્રીહરિની મૂર્તિને અને સંતોના સમાગમને વારે વારે ચાહતા હતા. તેઓ મૂર્તિના અને સંતસમાગમના વિયોગને ક્યારેય ચાહતા નહિ. જ્યારે તેમનો વિયોગ થઈ જાય ત્યારે તેમને સુખ-શાંતિ રહેતા નહિ. ૯. **હરિભક્તો તો સત્સંગી સિવાયના સગાંઓને મનમાં લૂંટનારા જેવા સ્વાર્થી માનતા. તેઓ સંબંધીઓ સાથે ભેગા રહેતા, પણ તેમનાં મન દેહ અને જીવની જેમ ઘણા જુદાં રહેતા. ૧૦.**

બધાં હરિભક્તો શ્રીહરિથી અને સંતોથી જુદા રહેતા હતા, છતાં તેમને પોતાના પ્રાણના પણ પ્રાણ સમજતા. અને તેમને રાત-દિવસ પોતાનાં હૃદયમાં ધારી રાખતા હતા. ૧૧. તે ભક્તો શ્રીહરિને અને સંતોને સુખદાયક સમજીને હૃદયમાં સેવતા અને તેમનામાં દિવ્યભાવ દેખતા રહેતા. વળી, તેમને દૃઢપણે મોક્ષદાયક માનતા હતા; આવી સમજણવાળાનો તરત મોક્ષ થઈ જાય છે. ૧૨. શ્રીહરિએ આ વેળાએ કરોડો કરોડ હરિભક્તોનો મોક્ષ કર્યો છે. તેને આખા જગતમાં ઘેર ઘેર કેટલાય લોકો સાક્ષાત્ જાણતા હતા. ૧૩. કારિયાણીમાં દિવાળી અને અન્નકોટ કરીને અનંત બ્રહ્માંડોના આધાર એવા શ્રીહરિ ત્યાંથી ચાલ્યા, તે **કુંડળ** ગામ આવ્યા. ૧૪. શ્રીહરિ ત્યાં કુંડળમાં ચાર પાંચ દિવસ રહ્યા. શ્રીહરિ કાયમ મામૈયા પટગીરને ઘેર ઉતારો કરતા. ૧૫. ક્યારેક શ્રીહરિ અમરા પટગીરને ઘેર ઊતરતા હતા. તેઓ અત્યંત આનંદભર્યા હૃદયે સેવા કરવામાં ચતુર હતા. ૧૬.

પછી પ્યારા શ્રીહરિ કુંડળથી જ્યારે નીકળ્યા ત્યારે **સારંગપુર** ગામ આવ્યા. શ્યામસુંદર સુખદાયક શ્રીહરિ ત્યાં આવે ત્યારે કાયમ જીવા ખાચરના દરબારમાં ઉતારો કરતા હતા. ૧૭. સારંગપુરમાં બે દિવસ રહીને ત્યાંથી ચાલ્યા, તે **ઝીંઝાવદર** ગામ આવ્યા. ત્યાં દરબાર અલૈયા ખાચરના સુંદર રાજભવન હતા. ૧૮. જ્યારે શ્રીહરિ આવતા ત્યારે કાયમ તે ભવનોમાં ઊતરતા. અલૈયા ખાચર વગેરે પોતાના દિલના ઘણા જ ઉત્સાહથી મન, કર્મ, વચને શ્રીહરિની સેવા કરતા હતા. ૧૯. ઝીંઝાવદરથી શ્રીહરિ જ્યારે નીકળ્યા ત્યારે **ગઢપુર** આવ્યા. ગામના જે હરિભક્તો હતા, તે બધાં શ્રીહરિની સન્મુખ આવ્યા. ૨૦.

દરબાર જીવા ખાચર અને એભલ ખાચર તો પોતાના કુળ, કુટુંબ, પરિવાર સહુને સાથે લઈને સન્મુખ આવ્યા હતા. આવીને ચરણકમળમાં મસ્તક નમાવ્યાં. ૨૧. તેઓ ફૂલના હાર અપાર લાવ્યા હતા, તે શ્રીહરિને પ્રેમથી પહેરાવ્યા. શ્રીહરિએ ઘણા જ હેતથી તે પ્રસાદીના હાર તેમને પહેરાવ્યા અને ઘણા જ પ્રેમથી બોલાવ્યા. ૨૨. સર્વના અંતર્યામી સચ્ચિદાનંદ આવા સહજાનંદસ્વામી પછી પુરમાં આવ્યા. ઢોલ ત્રાંસા અને મોટા ત્રંબાળુ જેવા વાજિંત્રો વાગતાં હતાં, અને સહુ લોકો 'જય જય કૃપાળુ' એવો જયઘોષ કરતાં હતાં. ૨૩. રાજમાર્ગ ઉપર હાથમાં ફૂલહાર લઈને અપાર લોકો ઊભા હતાં. હરખભેર ફૂલહાર શ્રીહરિને પહેરાવતાં અને બધા આવીને ચરણોમાં પડતાં હતાં. ૨૪. ભાવિક લોકો તો દર્શન કરીને શ્રીહરિને હાથ જોડી એમ કહેતા કે, મહારાજ ! આપ ઘણા દિવસે આવ્યા. આજ અમારો દિવસ સફળ કર્યો. ૨૫. હે ધર્મકુમાર શ્રીહરિ ! આપ જ્યારે ગઢપુરમાં આવો છો ત્યારે પુરવાસી બધા જ નરનારીઓને અપાર આનંદ થાય છે. ૨૬.

આપના વિના તો ગામ અને ગામના નિવાસી લોકો, બધાં જ નિર્જીવ થઈ જાય છે. આપનાં દર્શન પામીને હવે નવી ચેતના આવી છે. અત્યારે સહુનાં શરીરમાં પ્રાણ આવ્યા જણાય છે. ૨૭. કેમ જે, હે નાથ ! ગઢપુરનું જીવન તો આપ એક જ દેખાવ છો. ઉન્મત્તગંગા નદી અને અહીંના વન, એ બધાં આપને દેખીને પ્રસન્ન થયા છે. ૨૮. માનો, આજ સહુમાં પ્રાણ

આવ્યા છે, એમ અમને જણાય છે. ભાવિક લોકો આવી પ્રશંસા કરતા હતા, અને શ્રીહરિ રાજબજારે ચાલ્યા આવતા હતા. ૨૯. દરબાર જીવા ખાચરને ઘેર પધાર્યા અને ત્યાં બે ત્રણ દિવસ જ રહ્યા. પછી દરબાર એભલ ખાચરના ઘેર શ્રીહરિ આવ્યા. ૩૦. સુખદાયક શ્યામસુંદર શ્રીહરિ રોજ ઉન્મત્તગંગામાં સ્નાન કરવા જાતા. પુરવાસીઓને નિત્ય દર્શન દેતાં અને તેમના ચિત્તની વૃત્તિને પોતાની મૂર્તિમાં ખેંચી લેતાં હતાં. ૩૧. શ્રીહરિ ત્યાં જેટલા દિવસ રહેતા તેટલા દિવસ ભક્તજનોને કાયમ આનંદ આપતા રહેતા. શ્રીહરિ જેવો માણસ હોય તેવા શબ્દથી તેને બોલાવતા. તેથી સહુને ખૂબ જ પ્રેમભાવ ઊપજતો હતો. ૩૨.

❋ ગઢપુરવાસી ભક્તોની મહાનતા :

ચોપાઈ :

कामकाज घर करने हिता, कोउ जन के चोटत न चित्ता;
घर के काम अवश हि जेता, करत मूर्ति में रहीके तेता...३३

શ્રીહરિ જ્યારે ગઢપુરમાં હોય ત્યારે કોઈનું ચિત્ત ઘરનું કામકાજ કરવામાં ચોંટતું જ નહિ. છતાં અત્યંત આવશ્યક કામ હોય, તો તે મૂર્તિમાં રહીને કરતા. ૩૩. શ્રીહરિનો વારે વારે યોગ રહેવાથી ગઢપુરના બધાં નર-નારી એવા થઈ ગયા હતા. અષ્ટાંગયોગ સાધવાથી પણ જે ક્યારેય એવા ન બને, બધા લોકો તેવા યોગી થઈ ગયા હતા. ૩૪.

कोटि कल्प करे जप तप कोउ, कोटि कल्प सेवे देव जो सोउ;
तोहु गढपुरवासी समाना, प्रोक्ष जन को न होत प्रमाना...३५
सहजानंदस्वामी के जोगा, एक पल भये मिटे भवरोगा;
एसो प्रताप देखाये अबही, प्रसिद्ध जन जानत भये सबही...३६

કદાચ કરોડો કલ્પ સુધી કોઈ જપ-તપ કરે, કરોડો કલ્પ સુધી દેવસેવા કરે, તોપણ તે પરોક્ષને સેવનારા લોકો ગઢપુરવાસી ભક્તોના જેવા ચોક્કસ પ્રમાણિત થઈ શકે નહિ. ૩૫. શ્રીસહજાનંદસ્વામીનો યોગ એક પળવાર પણ થયો હોય, તો તેનો ભવરોગ મટી જાય. આ વખતે શ્રીહરિએ આવો પ્રતાપ જણાવ્યો છે અને તેને બધા જ લોકો પ્રસિદ્ધપણે જાણતા હતા. ૩૬.

શ્રીહરિનો આવો સુયોગ લોકોને કેટલાય વરસ રહ્યો, છતાં પણ જેણે સત્સંગ ન કર્યો તેનાથી વધારે દુર્ભાગિયા માણસો કોણ કહેવાય ? ૩૭. ગયો અવસર ફરીવાર આવે નહિ, મનુષ્યદેહ ક્ષણભંગુર છે, તેનો વિનાશ થાતા વાર લાગતી નથી. ૩૮. થોડા પુણ્યવાળા જીવને તો આ ભરતખંડમાં મનુષ્યનો દેહ પણ મળતો નથી; આવું બધા જ વેદ અને પુરાણો વગેરે શાસ્ત્રો કહે છે. ૩૯. મનુષ્યનાં દેહનો લાભ શું છે ? તે સત્સંગી થયા વિના ખબર પડતી નથી. અને જે મનુષ્ય સત્સંગ કરતો નથી, તેને તો ગેરલાભ જ રહે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'શ્રીહરિ કારિયાણીથી કુંડળ, સારંગપુર અને ઝીંઝાવદર થઈને ગઢપુરમાં આવ્યા' એ નામે છેતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૬॥



પૂર બારમું : તરંગ - ૪૭

'કાઠી જાતિનો ઉદ્ધાર શ્રીહરિએ કર્યો' એવી બધી વાત હમીર ખાચરે કહી

ગઢપુરના દરબાર એભલ ખાચરના રાજદરબારમાંથી શ્રીહરિ જ્યારે લોકોનો ઉદ્ધાર કરવા માટે ચાલ્યા ત્યારે પ્રથમ **બોટાદ** પુરમાં આવ્યા. ૧. ત્યાં માતરા ધાધલ નામે કાઠી ઘણા સારા ઉત્તમ સત્સંગી હતા. મનમાં ઘણો જ પ્રેમ રાખીને શ્રીહરિએ તેને ઘેર આવીને ઉતારો કર્યો. ૨. દરબાર હમીર ખાચર બોટાદમાં મોટા ગરાસદાર હતા. માતરા ધાધલનું ઘર હમીર ખાચરના દરબારગઢમાં હતું. ૩. શ્રીહરિ પધાર્યા છે, એમ જાણીને હમીર ખાચર ત્યાં આવ્યા. તેઓ ઘણું જ હેત કરીને શ્રીહરિનાં ચરણોમાં પડ્યા. ૪. તેઓ ફૂલના ઘણા હાર લાવ્યા હતા. દિલના અપાર પ્યારથી તે ફૂલહાર શ્રીહરિને પહેરાવ્યા અને બોલ્યા કે, "હે મહારાજ ! આપ ભલે પધાર્યા. બહુ કૃપા કરીને અમને દર્શન દીધાં. ૫.

આ અવસરે આપે બહુ કૃપા કરી છે. આપે કાઠીમાત્રનો ઉદ્ધાર કર્યો છે. આ અરસામાં જો આપ પ્રકટ ન થયા હોત તો અમારો ઉદ્ધાર ક્યારેય

થાત નહિ. ૬. અમારા સમાન કોઈ નિર્દય ન હતા. અમે સહજવારમાં માણસને મારી નાખતા. જેમ કોઈ ઘાસને કાપે તેમ અમે સહજભાવે મનુષ્યને કાપી નાખતા. ૭. માણસને મારવામાં અમને લેશમાત્ર પણ દયા ન આવતી. અને હંમેશાં તેનો છક(ગર્વ) રહેતો. ગાયોના ધણનાં ધણ ઉપર અમારી નજર પડતી ત્યારે અમે તેને પણ છોડતા નહિ. ૮. કેટલીક ગાયોનાં ગર્ભ રસ્તામાં જ સ્રવી જાતા. છતાં તે ગાયોના ઉપર અમને દયા આવતી નહિ. આવી નિષ્ઠુર અમારી બુદ્ધિ હતી. ૯. તે અમારી કાઠી કોમને આપે અત્યારે વશ કરી લીધી છે. આપ જેમ કહો તેમ આપને આધીન રહે છે. હવે અમને આપના ભજન સિવાય અન્ય કોઈ વાત ગમતી નથી. ૧૦.

અમે કાઠીઓ તો કોઈ દિવસ નાહવામાં પણ સમજતા નહિ. શૌચ જઈને પણ પાણી ન લેતા. અમારી કાઠીની બધી જાતિ આમ રાત-દિવસ ઘણી મલિન રહેતી હતી. ૧૧. તે બધા કાઠીઓને આપે પવિત્ર કર્યા છે. હવે તો કોઈ નાહ્યા વિના ક્યારેય જમતા પણ નથી. બધા જ કંઠી, માળા, તિલક ધારી રહ્યા છે. આ બાબત તો ઘણી આશ્ચર્યકારક કહેવાય છે. ૧૨. બધા જ કાઠીઓ પૂજાપાઠ કરતા થયા છે. સંતોનો સમાગમ કરીને કેટલાક તો ગીતા અને ભાગવતનો પાઠ પણ કરતા થયા છે. ૧૩. કેટલાક સત્સંગની વાતો કરે છે, કેટલાક કીર્તન ગાય છે અને તેમને કોઈ પણ જાતનો અધર્મ લગારેય ગમતો નથી. ૧૪. આપના પ્રતાપથી અમારા કાઠીઓમાં અપાર સદ્‌ગુણ આવ્યા છે. આપે તે બધા પાપીઓનો ઉદ્ધાર કર્યો છે. છતાં અજ્ઞાની લોકો આપની બાબતમાં પરચા માગે છે. ૧૫. આપ અમારા ઉપર અત્યંત મહેર કરીને આજ ભલે પધાર્યા. આપની આવીને આવી મહેર અમે સદાએ વારંવાર માગીએ છીએ. ૧૬.

અમારા ઉપર ઘણી જ મહેર કરીને, અમને અપાર હેત દેખાડીને આપ વારંવાર બોલાવો છો. બોલાવવાથી હેત અપાર વધે છે. કારણ કે, અમારી જાતિ ઘણી ફૂલણ હોય છે. ૧૭. અમારી જાતિનું જીવન જ એટલું છે કે, તેને હેત-પ્રેમથી બોલાવવા. કરોડવાર હેત કરીને વારેવારે બોલાવો અને એક જ વાર જો જરાક ન બોલાવો, તો તરત જ કાઠીઓ તે બાબતે અવગુણ-અભાવ લે અને

સામા બે વેણ ઊતરતા બોલે, માનો તેમને ક્યારેય બોલાવ્યા જ ન હોય ! એવા તરત જ દેખાઈ આવે. ૧૮-૧૯. અમારી અને કોળીની એક સરખી જ રીત છે. તેને આપ બરાબર વિશુદ્ધ રીતે જાણો છો, અને તેને લીધે જ મેં આપને અંતર્યામી જાણ્યા છે. અને આપને અમારા પરમેશ્વર ઈષ્ટદેવ માન્યા છે. ૨૦. આવું હોવા છતાં આપની આંખમાં અને વેણમાં જો આદરભાવ ન દેખાય, ત્યારે તમારા પગે તો હું લાગું છું, પણ મનમાં અતિ સંકોચ અનુભવું છું. કેમ જે, અમારે કાઠીમાં આવો સહજ ગુણ(માની સ્વભાવ) રહ્યો છે, આપના વિના અમને કોણ નભાવે ? કોઈ નહિ. સિંહ અને સર્પ બહુ માની કહેવાય, છતાં ગારુડી હોય તે સાપને વશ કરે છે. ૨૧-૨૨.

❋ શ્રીહરિનો મહિમા :

ગારુડી સિવાયના બીજા માણસને સાપ વશ થાય નહિ. આપ તો તે ગારુડીના પણ સમર્થ ગારુડી પ્રકટ થયા છો. ૨૩. ભવ, બ્રહ્મા અને ઈંદ્ર જેવા અનંત કોટિ બ્રહ્માંડોના દેવો તથા પ્રધાન, પુરુષ અને પ્રકૃતિ વગેરે જેવા સહુ આપને આધીન રહ્યા છે. ૨૪.

दोहा : एसे समर्थ तुम हो, तुमसे न समर्थ कोइ;
एसो महिमा जीव में, अखंड न रहत सोइ...२५
मनुष्याक्रति देखिके, मनुष्यभाव हो जात;
गुन दोष तेहि करके, आत जात देखात...२६

આપ આવા મહાન સમર્થ છો, આપથી વિશેષ કે અધિક સમર્થ બીજો કોઈ નથી; આવું સમજીએ છીએ, છતાં તે મહિમા જીવમાં અખંડ રહેતો નથી. ૨૫. આપને મનુષ્યાકારે દેખીને મનુષ્યભાવ આવી જાય છે અને તેને લીધે અમારાં મનમાં ગુણ તથા દોષ આવતાં-જતાં દેખાય છે. ૨૬.

सोरठा : तुमारे गुन अपार, अमृत के हो सिंधु तुम;
जन के करत उद्धार, तुमारे गुन विचार कर...२७
जीय के देखो दोष, होवे नहि उद्धार तोहु;
उतरे न ता पर रोष, रोष उतरे विन मोक्ष कहाँ...२८

આપમાં અપાર સદ્‌ગુણો છે. આપ તો અમૃતના સાગર છો. આપ પોતે પોતાના ગુણોને વિચારીને લોકોનો ઉદ્ધાર કરો છો. ૨૭. જો આપ જીવના દોષ સામે જુઓ, તો તેનો ક્યારેય ઉદ્ધાર થાય નહિ. ઊલટાનો તેના ઉપરથી ક્યારેય રોષ ઊતરે નહિ અને જો આપનો રોષ ઊતરે નહિ, તો જીવનો ઉદ્ધાર કેમ થાય ? ૨૮. આપના સિવાયના બીજા કોઈ પણ સમર્થ કે અસમર્થ ભવ, બ્રહ્મા વગેરે કે અન્ય જીવો હોય, તે બધાનો વિચાર કરીને હું જ્યારે અંતરમાં જોઉં છું, ત્યારે તે બધા આપની આગળ નિર્જીવ જેવા દેખાય છે. ૨૯. **અક્ષરપર્યંતનું સામર્થ્ય આપની તુલનામાં તો અણું જેટલું પણ દેખાતું નથી. આપ જેને જેટલું સામર્થ્ય જ્યાં સુધી આપો છો, ત્યાં સુધી તેમાં તે સામર્થ્ય દેખાય છે. ૩૦. જે આપને જેટલું મન અર્પે તેટલું તે આપનું સુખ પામે છે. અને જે જેટલું આપનાથી પોતાનું મન ચોરે છે, તેટલું તેને ઓછું સુખ દેખાય છે. ૩૧. અને જ્યારે જીવ આપનાથી પ્રતિકુળ ચાલે છે ત્યારે તે પોતાને મળેલી મોટપથી તરત જ પડી જાય છે.** એવા તો ભવ, બ્રહ્મા અને ઈંદ્રાદિક અનંત દેવો દેખાય છે. ૩૨.

તેમની આગળ અમારા જેવાનાં શા લેખાં ? છતાં આજે અમને કાંઈક ગણતરીમાં લાવ્યા છો. જેને વેદો અને પુરાણો વગેરે 'નેતિ નેતિ' કહીને પોકારે છે, તે આપ અમારે આંગણે આવીને અમને દર્શનદાન આપો છો." ૩૩. આટલી વાત હમીર ખાચરે કરી ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું, "આ મનુષ્યલોકમાં જ્યારે અમારું અતિ આવશ્યક કામ પડે છે ત્યારે અમે અક્ષરધામમાં અખંડ રહ્યા થકાં જ આ ભૂમિ ઉપર દેખાઈએ છીએ. ૩૪.

चोपाई :

हमारी कला कु जाने जाही, समझना कठिन नहीं ताही;
समझ की दश न ज्यां लग आवे, दूरघट त्यां लग तेहि रहावे...३५

अनंत विद्या लोकिक जोउ, सिखने सब सुल्लभ हे सोउ;
हमारी विद्या अलोकिक जेहू, सिखने में दुल्लभ हे तेहू...३६

અમારી આવી જે યોગકળા છે, તેનું જ્ઞાન જ્યારે થાય ત્યારે તેને સમજવું કાંઈ કઠણ લાગે નહીં. જ્યાં સુધી સમજણની દિશા ન આવે ત્યાં સુધી

બધું દુર્ઘટ રહે છે, અર્થાત્ તે અસંભવ લાગે. ૩૫. લૌકિક વિદ્યાઓ અનંત પ્રકારની છે અને તે બધી શીખવી સુલભ-સરળ છે. પણ અમારી વિદ્યા તો અલૌકિક છે અને તેને સમજવી-શીખવી ઘણી દુર્લભ-કઠણ છે. ૩૬.

દંભી, પાખંડી, નાસ્તિક વગેરે ઘણા અધર્મી અને અપાર પાપી હોય છે; કુંડાપંથી, બીજમાર્ગી, શક્તિપંથી વગેરે પરસ્ત્રી ગમન કરનારા હોય છે. ૩૭. વળી, જે કપટી છે, કુટિલ છે, કુકર્મી છે, મિથ્યા બોલનારા છે, તે બધામાં અત્યંત વિશુદ્ધ એવી બ્રહ્મવિદ્યા લગારેય આવતી નથી. ૩૮. જે લોકો દંભી છે, પોતે પોતાને મુખે જ અમે ભગવાન છીએ એમ જે કહે છે, જે પાપોથી ડરતા નથી, જે પેટ ભરવા માટે જ પાખંડ કરે છે, તેઓ વારંવાર ફજેત થાય છે અને તેઓ સત્સંગ વિના શુદ્ધ થાતા નથી. તેઓ તો ચોક્કસપણે દુઃખ પામે છે, ને કોઈ ઠેકાણે ઠરીને ઠામ થતાં નથી." ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'શ્રીહરિએ કાઠી જાતિનો ઉદ્ધાર કર્યો, એવી બધી વાત હમીર ખાચરે કહી' એ નામે સુડતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૭॥

પૂર બારમું : તરંગ - ૪૮

બોટાદથી નીકળેલા શ્રીહરિ નાગડકા અને લીંબલી થઈને વઢવાણ આવ્યા

ભગા શેઠ આદિક જે બોટાદના હરિભક્તો હતા, તેમણે શ્રીહરિ બોટાદમાં પધાર્યા છે, એમ જ્યારે સાંભળ્યું ત્યારે બધા દોડતા ત્યાં આવ્યા. ૧. સહુએ અપાર પ્રેમથી ફૂલના હાર શ્રીહરિને પહેરાવ્યા. શ્રીફળ ચરણોમાં ધર્યાં અને સહુ પગે લાગ્યા. ૨. કેટલાક ભક્તો તો પેંડા લાવ્યા હતા. તે થાળમાં ભરીને ધરાવ્યા. વળી જે સાકર લાવ્યા હતા, તેને પણ વાસણમાં ભરી ભરીને ધરાવી. ૩. બોટાદના હરિભક્તોએ તરત જ રસોઈ તૈયાર કરાવી. વર્ણીએ સાકર નાખીને જે લાડુ કર્યા હતા, તેને શ્રીહરિ જમ્યા. ૪.

સુખધામ શ્રીહરિ બોટાદમાં બે દિવસ રહ્યા. પછી ત્યાંથી નીકળીને **નાગડકા** ગામ આવ્યા. ત્યાં સુરા ખાચરના દરબારમાં ઉતારો કર્યો. ૫. ગામમાં જેટલા હરિભક્તો હતા, તે બધાં આવીને શ્રીહરિનાં ચરણોમાં પડ્યા. જે ફૂલહાર લાવ્યા હતા તે પહેરાવ્યા. કેટલાકે તો શ્રીફળ અને સાકર આગળ મૂકી. ૬. જે કોઈ પણ ભક્તો જેટલી સાકર અને પેંડા લાવીને ધરાવતા હતા, તેમાંથી શ્રીહરિ ઘણાં જ સ્નેહભાવથી સાકર તથા પેંડા લઈને જમતા હતા. ૭. ત્યાં બે દિવસ રહ્યા. પછી ત્યાંથી નીકળીને **લીંબલી** ગામે આવ્યા. અલૈયા ખાચર, સુરા ખાચર, સોમલા ખાચર, રાઠોડ ધાધલ, માતરા ધાધલ, કાળા ખાચર, ૮. નાજા જોગિયા અને વેલા ખાચર એ આદિક કાઠી દરબારો, ભોજા ચારણ અને શ્રીહરિ, સહુ મળીને દસ ઘોડેસવારોએ મૂળજી શેઠને ઘેર ઉતારો કર્યો. ૯. રંગભીના ઘનશ્યામ શ્રીહરિ ત્યાં રાત રહ્યા. સાકરનો કંસાર કરીને સહુ જમ્યા. જ્યારે સવાર થયું પછી ચાલવાની તૈયારી કરી. અને સુખકારી શ્રીહરિ વઢવાણ નગરમાં આવ્યા. ૧૦.

બધાં હરિભક્તો સન્મુખ આવ્યા. તેઓ વિવિધ પ્રકારના ફૂલહાર લાવ્યા હતા. તુલસી દવે, વિપ્ર બેચરજી, તેના ભાઈ દેવકૃષ્ણભાઈ, ૧૧. લાધારામ ઠાકર કે જેઓ ભાગવત ભણેલા અને જ્યોતિષ શાસ્ત્રના સારા વિદ્વાન હતા, તેમણે ગઢપુરમાં રહીને શ્રીહરિની જન્મપત્રી લખી હતી. ૧૨. તે બધા આવ્યા અને ઘણા જ હેતથી શ્રીહરિના ચરણોમાં પડ્યા. પછી બધાએ ફૂલહાર પહેરાવ્યા અને પછી સહુ પુરમાં આવ્યા. ૧૩. શ્રીહરિ જ્યારે રાજમાર્ગ ઉપર આવ્યા ત્યારે શિર ઉપર સોનેરી છત્ર ધાર્યું હતું. બધાં વસ્ત્ર અને અલંકારો સોનેરી હતા. દેખાવમાં શ્રીહરિ મોટા અમીર જેવા જણાતા હતા. ૧૪. અશ્વ પણ સોનેરી સાજથી શણગાર્યો હતો. તે અશ્વ ચપળ હતો અને નૃત્ય કરીને મનોહર ચાલમાં ચાલતો હતો. તેની શોભા કહી શકાય તેમ નથી, તેની આગળ પુરની શોભા તો ઝાંખી પડી ગઈ હતી. ૧૫.

પુરવાસી બધાં લોકો રાજમાર્ગમાં આવીને ઊભા હતા અને શ્રીહરિનાં દર્શન કરીને સહુ ઘણા જ વિસ્મિત થઈ ગયા. ૧૬. આ તો કોઈ મહારાજાધિરાજ છે, આ ક્યાંથી આવ્યા છે ? આવા મહારાજાને તો આપણે

ક્યારેય દેખ્યા નથી. આમ, દર્શન કરનારા પુરવાસી લોકોનાં મનમાં અપાર હેત ઊપજવા લાગ્યું. ૧૭. આવા મહારાજા ક્યાંથી આવ્યા છે ? આવા તો અમે ક્યારેય નજરે જોયા નથી. આમને જોઈને તો સમગ્ર નરનારીનાં મન તેમાં ચોંટી જાય છે. ૧૮. જેમ ચમકમાં લોઢું ચોંટી જાય છે, તેમ દર્શન કરનારા સહુનાં મન મૂર્તિમાં ચોંટી ગયા. કોઈને પોતાનાં શરીરનું પણ ભાન રહ્યું નહિ; આવી પુરવાસી લોકોની સ્થિતિ થઈ ગઈ. ૧૯. શ્રીહરિની સાથે કોઈ વાજિંત્ર હતાં નહિ, છતાં વાજિંત્રો વાગતાં હતાં. કેમ જે, આકાશમાં અદૃશ્ય રહેલા દેવો એવા અદ્‌ભુત વાજિંત્ર લાવ્યા હતા. ૨૦.

તેમનામાં જે ચાતુર્ય હતું તે પ્રમાણે તેઓ વાજિંત્રોને વગાડવા લાગ્યા, તેનું વર્ણન કરી શકાતું નથી. આકાશમાં જેવા વાજિંત્રો વાગતા હતા તેના જેવા આ ભૂમિ ઉપર કોઈ વાજિંત્ર ન હતા. ૨૧. બધા નર-નારીઓ ચોતરફ જોવા લાગ્યા પણ ક્યાંય વાજિંત્ર દેખાતાં ન હતાં. 'અવાજ સંભળાય છે..!' પણ આંખે વાજિંત્ર ક્યાંય દેખાતા નથી, એમ લોકો પરસ્પર વાત કહેતા હતા. ૨૨. આવી આશ્ચર્યમય વાત તો આજે જ જોઈ કે, 'વાજિંત્ર ન દેખાય અને તે વાગતા હોય તેમ સંભળાય.' આ પુરુષ કોઈ ભારે સમર્થ જણાય છે; એવું બધાં નરનારીઓ કહેતાં હતાં. ૨૩. આ મહાપુરુષ તો પોતાના પ્રતાપથી જ સમર્થ હોય તેવું દેખાય છે. બધા જ રાજાઓનું સામર્થ્ય તો અશ્વ, રથ, હાથી, પદાતિ, ડંકા, નિશાન, ચોપદાર, મ્યાના અને સુખપાલ, એ બધામાં મપાય છે. પણ આમની આગળ તો રાજાઓનું સામર્થ્ય 'નકલ જેવું દેખાય છે, એવા આ મહારાજાધિરાજ છે. ૨૪-૨૫.

આ મહાપ્રભુ તો અનંતકોટિ બ્રહ્માંડોની શોભાને લઈને આવ્યા છે. આજે આપણાં ખૂબ ધન્યભાગ્ય છે, તેથી તેઓ આપણને દર્શન આપવા પધાર્યા છે. ૨૬. તેઓ અત્યંત દયા કરીને અહીં આવ્યા છે, તેઓ કાંઈ આપણા પુણ્યને પ્રતાપે નથી આવ્યા. દુર્ભાગિયા એવા આપણને સદ્‌ભાગિયા કરવા માટે ઘણા હેતથી દર્શન આપવા પધાર્યા છે. ૨૭. આ શ્રીહરિનાં દર્શન આજે જેને નથી થયા, તેઓ તો અત્યંત દુર્ભાગિયા છે અને હવે પછી જન્મ જન્માંતર સુધી દુર્ભાગી રહેશે.' ૨૮. આમ કહીને તેઓ શ્રીહરિની સન્મુખ જ્યારે હાથ

જોડતા હતા, ત્યારે શ્રીહરિ પણ તેમની સામે કૃપાદષ્ટિ કરતા હતા. ધર્મના કુમાર અને સર્વના સ્વામી એવા શ્રીહરિ જેની સામે એકવાર પણ કૃપાદષ્ટિ કરતા હતા, તેના ભવભટકણનો છેડો આવી જતો. શ્રીહરિની કૃપાદષ્ટિનું આટલું ફળ તે લોકોને મળ્યું હતું. કેમ જે, મહારાજાધિરાજ શ્રીહરિ જીવોનાં ભવભટકણનો અંત લાવવા તો ભૂમિ ઉપર પ્રકટ થયા છે. ૨૯-૩૦.

❋ સત્સંગ મહિમા :

શ્રીહરિને ભૂમિ પર વિચરણ કરવાનું કામ પણ મુમુક્ષુ જીવનો ઉદ્ધાર કરવો તે જ છે. બીજો એક તલ જેટલો પણ સ્વાર્થ શ્રીહરિને ન હતો. જે શ્રીહરિમાં મુમુક્ષુ જીવોના મોક્ષ કરવા સિવાય અન્ય સ્વાર્થને માનશે, તેઓ તો ઘોર નરકમાં પડશે. ૩૧. અને જ્યાં સુધી અરુચિનો રંગ રહે ત્યાં સુધી તેવાને ક્યારેય સત્સંગ નહિ થાય. ગામેગામ જે અસુરો રહ્યા હોય છે તેઓ બીજાને સત્સંગની અરુચિ કરાવે છે. ૩૨.

ચોપાઈ :

सत्संग की अरुचि जेहू, प्रवेश होत अंतर में तेहू;
जन्म मरण नर्क चोरासी, दूर न जावत पल भर नासी...३३
अरुचि त्यां लग विमुख रहावे, भव भटकत तेहि अंत न आवे;
सत्संग की रुचि जब होवे, दुःख मात्र तब हि तेहि खोवे...३४

જેનાં દિલમાં સત્સંગની અરુચિ પેસે છે, તેનાં જન્મ, મરણ, નરકવાસ અને લખચોરાશી એક પળવાર પણ દૂર જાતા નથી. ૩૩. જ્યાં સુધી સત્સંગમાં અરુચિ હોય ત્યાં સુધી તે જીવ શ્રીહરિથી વિમુખ રહે, અને તેથી તેના ભવભટકણનો છેડો ક્યારેય નથી આવતો. જ્યારે સત્સંગમાં રુચિ થાય ત્યારે તેના દુઃખમાત્ર ટળી જાય છે. ૩૪.

જ્યાં સુધી માયિકદેહ રહેશે ત્યાં સુધી દુઃખ પણ અનંત રહેશે. અને જ્યાં સુધી સત્સંગનો અભાવ રહેશે ત્યાં સુધી માયિકશરીર રહેશે. ૩૫. જ્યારે સત્સંગના ઉપર ભાવ થાય તે પછી તેને માયિક દેહ ધરવો પડતો નથી. સત્સંગ પ્રત્યે ભાવ અને દુર્ભાવમાં જ બધી વાતો રહી છે. અર્થાત્

ભાવ બરાબર કલ્યાણ, અભાવ બરાબર કઠણાઈ થાય છે. તે જ્યારે જણાય છે ત્યારે જીવને સત્સંગ થાય છે. ૩૬. જ્યારે દુર્લભમાં દુર્લભ એવો સત્સંગ થાય છે ત્યારે સાધનમાત્ર તે સત્સંગમાં આવી જાય છે. ૩૭. અનંત સાધનોને કરતાં કરતાં અપાર કલ્પ વીતી ગયા. જ્યાં સુધી આ સત્સંગ નથી કર્યો ત્યાં સુધી બધું ગધેડાંની પીઠ ઉપર સાકરનો ભાર જ ઉપાડ્યો છે. હવે આગળની શ્રીહરિની વાત કરે છે. ૩૮. લોકોને દર્શન દેતા શ્રીહરિ તુલસી દવેને ઘેર કાઠી દરબારોએ સહિત ઊતર્યા. તેણે શ્રીહરિને માટે સારો પલંગ બિછાવી દીધો. ૩૯. શ્રીહરિ મરક મરક હસતા તે પલંગ ઉપર વિરાજ્યા. અદ્‌ભુતરૂપ ધાર્યું હતું. જેને જોનારા લોકો તરત જ નમી પડતા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'બોટાદથી નીકળેલા શ્રીહરિ નાગડકા અને લીંબલી થઈને વઢવાણ આવ્યા' એ નામે અડતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૮॥



પૂર બારમું : તરંગ - ૪૯

તુલસી દવેને પોતાનો અભિપ્રાય કહીને શ્રીહરિ મેંથાણ આવ્યા

વઢવાણમાં તુલસી દવેએ તરત જ વિવિધ પ્રકારના ભોજન તૈયાર કરાવીને શ્રીહરિને ઘણા જ પ્રેમભાવથી જમાડ્યા. ૧. શ્રીહરિ જમીને પછી પલંગ ઉપર આવીને બેઠા. ત્યારે તુલસી દવે હાથ જોડીને બોલ્યા, 'હે મહારાજ ! મારા મનમાં યજ્ઞ કરાવવાનો ઘણો જ ભાવ છે. તો જેટલા સંતો તથા હરિભક્તો હોય તે સહુને યજ્ઞમાં આપ બોલાવો. ૨-૩. આપ પત્ર લખીને સહુને અહીંયાં બોલાવો. આપ કહો તેટલો બધો સામાન અમે તૈયાર કરાવીએ.' ૪. ત્યારે શ્રીહરિએ તેને કહ્યું, 'અહીંયાં અપાર અસુરો રહે છે. તમે અહીં રહો છો પણ તમને તેની લગારેય ખબર નથી. તે બધાને સત્સંગ ઉપર ઘણો જ દ્વેષ છે અને ક્યાંક છાના આવીને સંતોને પણ મારી નાખે એવા છે. ૫. કોઈ નઠારો માણસ વગર અપરાધે કોઈ સંતને કે કોઈ હરિભક્તને મારે, તો અનેક બ્રહ્માંડ ભાંગ્યાનું પાપ તેને તત્કાળ લાગે છે. ૬.

❋ સત્સંગથી પાડનારને બ્રહ્માંડ ભાંગ્યાનું પાપ :

સત્સંગરૂપ પ્રકટ મોક્ષના માર્ગને જોઈને કોઈપણ નર-નારીઓ એક દિલ થઈને ચાલતા હોય તેને સત્સંગમાં દોષ દેખાડીને જે લોકો સત્સંગથી વિમુખ કરે છે, અને **સત્સંગ સિવાયને અવળે માર્ગે લઈ જાય છે, તો તે અવળે માર્ગે ચડાવનારો વિમુખ મનુષ્ય ઘોર નરકને પામે છે. કારણ કે, એક જીવને કુમાર્ગે ચઢાવનારાને એક બ્રહ્માંડને ભાંગ્યાનો દોષ ચોક્કસ લાગે છે.** ૭-૮. એવા પાપનો જેને ભય ન હોય તેને અસુરોમાં પણ નીચ અસુર કહેવાય છે. અહીંના રાજાની જે રાણીઓ છે તે બધી અનન્ય ભક્તિવાળી છે. ૯. તેઓ સાધુની નિષ્કપટભાવે ભગવાનની ભાવનાથી સેવા કરે છે. સંતની જે ઇચ્છા હોય, તેને તે તરત જ પૂરી કરે છે. ૧૦.

એનું જેટલું રાજ્ય છે, ધન અને સંપત્તિ છે, અશ્વ, હાથી, રથ, મ્યાના, સુખપાલ અને પલંગ વગેરે તથા ગાયો, ભેંશો, અનેક જાતના વસ્ત્ર, આભૂષણો, ઘર, અનેક મહેલો, બાગ-બગીચાઓ અને જમીન ઈત્યાદિ જે છે, વળી જેટલા દાસ-દાસીઓ વગેરે છે, એ બધાને સંતમાં ભગવાન રહ્યા છે; આવી ભાવનાથી તેમની સેવામાં અર્પણ કરી દીધા છે. સંતના ચરણ ધોયેલું જળ - ચરણામૃતને રોજ લેવાની ટેવ રાખી છે. ૧૧-૧૩. વારંવાર સંતના મુખથી ભાગવતને સાંભળે છે. રાણીઓએ તેમાં જ ધર્મ-નિયમ માની લીધા છે. અને એમાં જ મોક્ષ માને છે. ૧૪. સત્સંગના જોગ વિના સાચા સંત અને અસંતનું જ્ઞાન થતું નથી. અને તે સંત-અસંતની પરખ વિના ભવસંકટરૂપ મહારોગ મટતો નથી. અને તેની સાચી પરખ વિના ભવભટકણનો મહારોગ પણ ટળતો નથી. ૧૫.

જેનાથી ભવરોગ મટી શકે છે એવા સાચા સંતોને, ખોટા બની બેઠેલા તે આસુરી સંતો પાખંડમત કહે છે. ૧૬. જ્યાં તેવા આસુરી અસંતોનું ચલણ મુખ્ય હોય ત્યાં સાચા સંતોનું સન્માન ક્યારેય થવા દે નહિ. ૧૭. તે આસુરી સંત કોઈ પણ દ્વારા પ્રવેશીને સાચા સંતનું અપમાન કરાવે છે, પણ તે બીજા કોઈને દેખ્યામાં આવતું નથી. ઊલટાના અસંત તો સંતના સંત બની રહે છે. ૧૮. સાચા સંત જ્યારે સાચી વાત કહે છે ત્યારે તે આસુરી, મિથ્યા સંતને

દુ:ખદાયક લાગે છે. હવે આવાં સ્થળમાં કે સમાજમાં રહીને નિર્વિઘ્નપણે યજ્ઞ કરાવવો તે અમારી સમજણમાં આવતું નથી. ૧૯. એટલા માટે જો તમારું મન ન માનતું હોય, તો તમે જ્યારે બોલાવશો ત્યારે અમે આવશું. અત્યારે અમે મેંથાણ ગામ જઈને રહીએ છીએ તમે ત્યાં આવીને ખબર આપજો. ૨૦.

તમારા સમાચાર આવે ત્યાં સુધી અમે ત્યાં રોકાઈ રહેશું.' આવું કહીને ધર્મના લાલ શ્રીહરિ તત્કાળ ત્યાંથી ચાલતા થયા. અને **મેંથાણ** જઈને રહ્યા. ૨૧. 'શ્રીહરિ આવ્યા છે.' એ ખબર સાંભળીને બધા હરિભક્તો શ્રીહરિની સન્મુખ આવ્યા. ભક્તો અપાર ફૂલહાર લાવ્યા હતા, તે શ્રીહરિને સહુએ પહેરાવ્યા. ૨૨. જે શ્રીફળ લાવ્યા હતા તે ચરણોમાં ધર્યા. બધા ઘણા જ પ્રેમભાવથી ચરણોમાં પડ્યા. અને સહુ હરિભક્તોના સમુદાયે કહ્યું, હે મહારાજ ! હે નાથ ! આપે અમને ભલે દર્શન દીધા. ૨૩. અમે વારેવારે રાત-દિવસ આપનું જ રટણ કરીએ છીએ કે, દયાળુ પ્રભુ અમને ક્યારે દર્શન દેશે ? પણ આપ કૃપાળુ તો તરત જ દર્શન દેવા પધાર્યા છો. ૨૪.

ત્યારે શ્રીહરિએ કહ્યું, 'અમે ગઢપુરમાં દેવદિવાળી કરીને ત્યાંથી તત્કાળ નીકળ્યા અને થોડા દિવસ બોટાદમાં રહ્યા. ૨૫. અમે ત્યાંથી ચાલ્યા, તે નાગડકા ગામ આવ્યા. ત્યાં બે દિવસ રહ્યા. ત્યાંથી નીકળીને લીંબલી ગામે મુકામ કર્યો. ૨૬. પછી ત્યાંથી ચાલીને તરત વઢવાણ આવ્યા. ત્યાંથી જમીને ચાલ્યા તે અમે અહીંયાં મેંથાણ આવ્યા છીએ.' ૨૭. તે સાંભળીને હરિભક્તો ખૂબ જ રાજી થયા. તેમણે ઢોલ આદિ વાજિંત્રો મગાવ્યા. સૂર્ય અસ્ત થઈ ગયો હતો, તેથી તરત જ મશાલો કરાવી. ૨૮. ગામમાંથી જેટલા હરિભક્તો આવ્યા તે બધાં કીર્તન ગાવા લાગ્યા. તેમનાં હૃદયમાંથી પ્રેમનો પ્રવાહ ઊભરાવા લાગ્યો; એવા તે હરિભક્તો કીર્તન ગાતા હતા. ૨૯. આનંદકારી શ્રીહરિ ગામમાં આવ્યા ત્યારે બધાં હરિભક્ત નરનારીઓ 'જય જય' 'જય જય' એમ બોલતાં હતાં. દરેક ઘરના બધા જ દરવાજાઓને સુંદર રીતે શણગારી દીધાં હતા. ૩૦.

શ્રીહરિ રાજમાર્ગ ઉપર ચાલ્યા. પાર નહિ એટલા બધાં લોકો બજારમાં ઊભા હતા. ગામના નિવાસી જે ચતુર લોકો હતા તે બધાએ રાજમાર્ગ ઉપર

જેટલી દુકાનો હતી તથા જેટલા ઘર હતા, તેના દરવાજાની બંને બાજુએ દીવાઓ કરી દીધા હતા. શ્રીહરિએ બધાં જ વસ્ત્ર અને ઘરેણાં સોનેરી પહેર્યાં હતાં. તેથી દીવાઓના અજવાળે ઝગમગ ઝગમગ ચમકી રહ્યા હતા. ૩૧-૩૨. જેમ વીજળી એકધારી ચમકતી હોય તેમ વસ્ત્ર અને આભૂષણો અજવાળું કરી રહ્યા હતાં. આકાશમાં શ્યામ વાદળાંની ઘટા જેવી શોભતી હોય છે, તે રીતે શ્રીહરિની ઘનશ્યામ મૂર્તિ સોહામણી લાગતી હતી. તે મૂર્તિનાં જે દર્શન કરે તેનાં અંતરમાં તે ઊતરી જાતી હતી. પૂર્ણ ચંદ્રના સમાન શ્રીહરિનું મુખકમળ અત્યંત શોભી રહ્યું હતું. ૩૩-૩૪.

શ્રીહરિ દરબાર પૂંજાજીને ઘેર આવ્યા અને તરત અશ્વ ઉપરથી નીચે ઊતર્યા. અશ્વ બધા જ સોનેરી શણગારોથી ઢંકાઈ ગયો હતો. પછી તેને તરત જ યોગ્ય સ્થાને બાંધી દીધો. ૩૫. એક ઘણું સુંદર ઘર હતું. તેમાં સારો પલંગ બિછાવી દીધો. શ્રીહરિ આવીને તે પલંગ ઉપર બેઠા. મરક મરક હસતા થકા પછી પોતે બોલ્યા, ‘અમારી સાથેના સહુ કાઠી દરબારો અને અમે પણ ભૂખ્યા થયા છીએ. અને તમે બધા હરિભક્તો અમારી પાસે આવીને બેસી ગયા છો. તેથી અમે તે સંભારી દઈએ છીએ. ૩૬-૩૭.

તમે હરિભક્તો એક એક કાઠી દરબારને અને બબ્બે પાર્ષદોને પોતપોતાને ઘેર લઈ જઈને જમાડો. ૩૮. જ્યારે વર્ણી રસોઈ બનાવી લેશે ત્યારે અમે તે જમી લઈશું. જેને ઘેર જે હાજર હોય તે સહુને જમાડજો. ૩૯. ગામમાં હરિભક્ત કણબી અપાર હતા. એક એકથી ઉત્તમ સત્સંગી હતા. તે બધા તરત જ ઊઠ્યા અને શ્રીહરિએ જેમ કહ્યું હતું તેમ કાઠી દરબારોને અને પાર્ષદોને જમાડ્યા. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં ‘શ્રીહરિ તુલસી દવેને યજ્ઞ અંગે અભિપ્રાય કહીને મેંથાણ આવ્યા’ એ નામે ઓગણપચાસમો તરંગ સમાપ્ત ॥૪૯॥



પૂર બારમું : તરંગ - ૫૦

મેંથાણમાં શ્રીહરિએ બાળપણના ભક્તિ તથા સત્સંગને શ્રેષ્ઠ કહ્યા

મેંથાણમાં જ્યારે વર્ણીએ રસોઈ તૈયાર કરી ત્યારે શ્રીહરિ જમ્યા. ધર્મકુમાર શ્રીહરિ જમ્યા પછી પલંગ ઉપર આવીને બેઠા. ૧. શ્રીહરિની સાથેના જે કાઠી દરબારો અને પાર્ષદો જમવા ગયા હતા, તેઓ જમીને પાછા આવ્યા અને સહુ શ્રીહરિની આગળ આવીને બેઠા. ૨. પછી શ્રીહરિ બોલ્યા, જેમણે અત્યારે સત્સંગ કર્યો હોય તેમણે પૂર્વે જે જે સત્સંગી થયા હોય, તેમની રીત તપાસવી જોઈએ. ૩. પૂર્વના ભક્તોની સત્સંગની રીત તપાસવામાં ન આવે, તો સત્સંગના જે ઉત્તમ સદ્ગુણ છે તે કોઈ દિવસ પોતામાં આવે નહિ. ખાલી સત્સંગ કરવાથી શું થાય ? ૪.

❋ વિવેકમાં સુખ :

જે કોઈ પણ બાબતમાં જ્યાં સુધી એક તલભાર પણ વિચાર કરવામાં ન આવે, તો ભલે તે રાત-દિવસ અમારી ભેળો રહેતો હોય, તોપણ તેનું દુઃખ મટવાનું નથી. ૫. જ્યાં સુધી દુઃખ હોય ત્યાં સુધી સુખ ન મળે. ભલેને કરોડો રીતે બીજી વાતો કર્યા કરે ! અપાર સુખ તો વિવેકમાં રહ્યું છે, માટે વિવેકને તલવારની ધાર જેવો તેજ રાખવો જોઈએ. ૬. જે મનુષ્ય જેટલો વિવેક ચૂકે, તેને તેટલું દુઃખ આવે. જે માણસ જેવો સ્વભાવ રાખે તેવાં તે સુખને કે દુઃખને પામે છે. ૭. જે માણસ શુભ વિવેકને શીખે, સારો યોગ્ય સ્વભાવ રાખે, નિયમ મર્યાદામાં રહે, તેને સુખનો કોઈ પાર રહેતો નથી. ૮. એટલી વાત જે શીખતો નથી, તેને દુઃખ તો રાત-દિવસ રહેવાનું જ છે. જે લોકો સમજણ વગરના હોય છે તેઓ તો અહોનિશ સુખ-દુઃખ પામ્યા જ કરે છે. ૯.

જીવને જ્યારે મનનું ધાર્યું મળે છે ત્યારે તેમાં ઘણું સુખ માને છે અને મનનું ધાર્યું જ્યારે જેટલું નથી મળતું ત્યારે તેમાં તેટલું તે દુઃખ પામે છે. ૧૦. અનંત કોટિ બ્રહ્માંડોમાં જે માયિક ભોગ કહેવાય છે, તે બધાં સુખ અને દુઃખથી મિશ્રિત છે; એવું સહુને દેખાય છે. ૧૧. કર્મફળપ્રદાતા પરમેશ્વર

જેનું જેવું કર્મ હોય તે પ્રમાણે સુખ-દુઃખરૂપી ફળ આપે છે. મનમાં આવી સમજણ રાખીને સંતુષ્ટ રહી પ્રસન્ન રહેવું. પરસ્પર કોઈનો દોષ લેવો નહિ. ૧૨. તે સાંભળીને અલૈયા ખાચરે હાથ જોડ્યા અને બોલ્યા, મહારાજ ! આપ જે કહો છો તે વાત સાચી છે. ૧૩. આપે જે સમજણની વાત કહી, તે તો આપના સમાન જે સમજણવાળા હોય તેની છે. અમે તો સામાન્ય જીવ છીએ તે બાળકના સમાન ગણાઈએ. ૧૪. દુનિયામાં જે મા-બાપ હોય છે, તેઓ બાળકના અપરાધોને સહન કરતા હોય છે, તે તપાસીને જુઓ. ૧૫.

ત્યારે શ્રીહરિએ કહ્યું, જ્યાં સુધી મનુષ્યને પોતાના દેહનું ભાન ન હોય, એટલો નાનો હોય ત્યારે તે બાળક ગણાય છે, અને તે વખતે તેના દોષને સહુ સહન કરે છે. ૧૬. (અરે ! બાળક તો વધારે સારા ભક્ત થાય છે. જેમ કે) બ્રહ્માના પુત્ર ચાર સનકાદિકો થયા. જ્યારે તેઓ પાંચ વરસના થયા ત્યારે જ તેમણે સંસારનો ત્યાગ કર્યો હતો. ૧૭. નારદ, પ્રહ્લાદ અને ધ્રુવ, તેઓ પાંચ વરસના થયા ત્યારથી જ ભગવાન જે રીતે રાજી થાય તેવા ભક્તિરૂપ ઉપાય કરવા લાગી ગયા હતા. ૧૮. વાલખિલ્યાદિ ઋષિઓ જે સાઠ હજાર જેટલા કહેવાય છે, તેમનાં શરીર પણ અંગૂઠા જેવડા છે. બધા જ એકસમાન બાળક છે. ૧૯. તેમણે સૂર્યને ભગવાન માન્યા. ત્યારથી તેઓ સૂર્યની જ ઉપાસના-ભક્તિ કરતા રહ્યા છે. દક્ષ પ્રજાપતિના અગિયાર હજાર પુત્રો હતા. ૨૦.

તેઓ અત્યંત રૂપાળા રાજકુમાર હતા. તેમને મનમાન્યા વૈભવો હતા. તેમની આગળ કોઈ ચક્રવર્તી રાજા કે ઈંદ્રનો વૈભવ પણ કાંઈ લેખામાં ન આવે, તેવા તે હતા. ૨૧. તેઓ પણ નારદજીના ઉપદેશથી બાળપણમાં જ ત્યાગી થઈ ગયા અને ભગવાનનું ભજન-સ્મરણ કરીને સંસારરૂપી સાગરને સર્વે તરી ગયા હતા. ૨૨. ઋષભદેવ ભગવાનના નવ (અષ્ટ ?) કુમારોએ પણ બાળપણમાં જ સંસારનો ત્યાગ કર્યો હતો. ગોકુળ અને વૃંદાવનની ગોપીઓ અને ગોવાળો, ૨૩. એ બધા બાળપણથી જ ભગવાનના ભક્ત થયા હતા. જેને પાંચ પાંડવો કહેવાય છે, તેમણે પણ બાળપણથી ભગવાનને ભજ્યા છે. ૨૪.

જેમને બાળપણમાં જ દૃઢ સત્સંગ થાય છે તેઓ ઘણા સમર્થ ભક્ત થાય છે. તેમનો રંગ ક્યારેય ઊતરતો નથી. ૨૫. શુકેદવજી મહાન સમર્થ થયા. તેમને બાળપણમાંથી આત્મનિષ્ઠા દૃઢ થઈ હતી. અને શ્રીકૃષ્ણને ભજ્યા હતા. ૨૬. તેમણે શ્રીકૃષ્ણ ભગવાનનાં ચરિત્ર, જે પરમ પવિત્ર છે, તેને જન્મથી લઈને છેક સુધી પરીક્ષિત રાજાને સંભળાવ્યા. ૨૭. શ્રીમદ્ ભાગવત પુરાણ પરમ અમૃતમય અને રસરૂપ છે. તેનાં સમાન અન્ય કોઈ ગ્રંથ નથી. જે અનુપમ અને એકાંતિક ભગવાનનો ભક્ત હોય, તેને તે વાંચવા-સાંભળવા અને ભોગવવા યોગ્ય છે. ૨૮.

તે સર્વોત્તમ ભાગવત પુરાણને સાંભળીને જે ભક્ત શ્રીકૃષ્ણ ભગવાનને બ્રહ્મરૂપ કે અગ્નિરૂપ સમજે છે, નિર્દોષ-નિર્લેપ સમજે છે, તેનાં પાપના પહાડો હોય તોપણ તે બળી જાય છે. ૨૯. અને અનંત જીવોનો ઉદ્ધાર કરવાનું સામર્થ્ય તેમાં આવે છે. તેમજ અનંત કોટિ બ્રહ્માંડના ભવ, બ્રહ્મા અને ઈંદ્રાદિક દેવો, ૩૦. પણ તેવા જ્ઞાની ભક્તની પૂજા, સેવાને રાત-દિવસ ચાહે છે. જે જ્ઞાની ભક્ત શ્રીકૃષ્ણ ભગવાનને નિષ્કામી જાણે છે તેમાં કોઈ જાતની ખામી રહેતી નથી. ૩૧. એવા જ્ઞાની ભક્તને તો પરમ સંત અને પરમ સિદ્ધ કહેવાય છે તથા પરમ મુક્ત પણ કહેવાય છે. જે કોઈ પણ મનુષ્ય શ્રીકૃષ્ણ ભગવાનમાં અને તેમના ભક્તમાં જેટલો દોષ કલ્પે છે, તેટલો દોષ તે કલ્પનારાને જ લાગે છે અને મર્યા પછી તેને ઘોર નરકની પ્રાપ્તિ થાય છે. નરકયાતના વેઠ્યા પછી તે જ્યાં જ્યાં જન્મ લે છે ત્યાં ત્યાં અત્યંત અધમમાં પણ અધમ જાતિમાં જન્મે છે. ૩૨-૩૩.

કોઈ પણ જ્યાં ત્યાં તેનું અપમાન કરતા રહે છે અને તે અધમ જીવ હેરાન થયા કરે છે. જ્યારે તેને મનુષ્યનો જન્મ મળે છે ત્યારે તે કોઈ અસુર કે મોટો નાસ્તિક થાય છે. ૩૪. કાં તો તે વામમાર્ગી(શક્તિપંથી) થાય છે, કાં તો કુંડાપંથી થઈને જિંદગી બગાડે છે. કાં તો તે માયાવાદી - બ્રહ્મજ્ઞાની થઈને પોતાને અને બીજાને પણ હરિભજનથી વિમુખ રાખે છે. ૩૫. જો તે ઉદ્ભિજ જાતિમાં જન્મે તો મિણો ચઢે તેવું ઝેરી ઘાસ થાય છે, કાં તો હરમા જેવું ઝાડ થાય છે. કાં તો પશુ જાતિમાં તે વાઘ થાય છે. અથવા પક્ષી

જાતિમાં તે હિંસક પંખી થાય છે. ૩૬. કાં તો જંતુઓમાં તે વીંછી અથવા સાપ થાય છે. કાં તૃણ જાતિમાં તે ભ્રંઠ થાય છે. કાં તો પથ્થરમાં તે લોઢું બને છે. અથવા પાણીમાં તે મગર થાય છે. ૩૭. હરિભક્ત અને અભક્ત તે બંનેની ગતિ મેં તમારી આગળ કહી દેખાડી છે. જેનાં અંતઃકરણમાં જેવી ભાવના હોય તેવે માર્ગે તે ચાલે છે. ૩૮.

❋ શુભમતિવાળાનાં લક્ષણ :

सोरठा : भगवान साचे संत, जेसे होय प्रसन्न तेहु;
निज तन को वरतंत, तेसे करे जेहि शुभ मति...३९
मनुष्य तन कु पाय, शुभ मति कु पावे जेही;
ताके सत्संग रहाय, भगवान संत ग्रंथ शुभ...४०

એક ભગવાન અને બીજા સાચા સંત જે રીતે રાજી થાય, તે રીતે જે પોતાનાં શરીરને વર્તાવે છે અને તેમ જ કરે છે, તેને શુભમતિ કહેવાય છે. ૩૯. મનુષ્યશરીરને પામ્યા પછી જે શુભમતિને પામે છે, તેનો જ સત્સંગ સુદૃઢ રહે છે. અને તેને જ ભગવાન, સંત અને શુભગ્રંથનો આશ્રય રહે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'મેંથાણમાં શ્રીહરિએ બાળપણના ભક્તિ અને સત્સંગને શ્રેષ્ઠ કહ્યા' એ નામે પચાસમો તરંગ સમાપ્ત ।।૫૦।।



પૂર બારમું : તરંગ - ૫૧

સત્સંગમાં પણ દ્રોહબુદ્ધિરૂપ આસુરભાવની વાત શ્રીહરિએ કહી

શ્રીહરિ મેંથાણમાં બે દિવસ રહ્યા. તુલસી દવેના યજ્ઞ બાબતના બધા સમાચાર હતા, તે લઈને વઢવાણના વિપ્ર બહેચરજીભાઈ ત્યાં મેંથાણ આવ્યા. ૧. જેવી ત્યાં વાત બની હતી તે બધી તેમણે આવીને શ્રીહરિને કહી. ત્યાંના બે આસુરી કારભારી હતા. તે વાતમાં સ્પષ્ટ વિરોધી દેખાઈ આવ્યા. ૨. તે કારભારી એક વિપ્ર હતો અને બીજો પ્રતાપગર વેરાગી હતો. તેઓ અત્યંત વિષયી હતા. તેઓ ભૌતિક જગતમાં જ સાર માનતા. ખાન, પાન અને

લલના(સ્ત્રી)માં જ તેઓ સુખ માનતા. ૩. એવા લોકોને સત્સંગ, પ્રકટ શ્રીહરિ, સંતો અને હરિભક્તોને દેખીને શરીરમાં બળતરા થાતી હતી. જેમ કોઈ કાચી ખાવાની ચીજને દાંત વચ્ચે કચરી ખાય, તેમ તેઓ સત્સંગ વગેરેનો અત્યંત દ્વેષને લીધે વિનાશ ચાહતા હતા. ૪.

ત્યારે શ્રીહરિએ કહ્યું, અમે જ્યારે વઢવાણમાં આવ્યા ત્યારથી જ અમને ખબર પડી ગઈ હતી. જે પુરમાં પ્રતિષ્ઠિત કહેવાતા લોકો પણ છાની રીતે અતિશય અધર્મ કરતા હોય, ૫. ત્યાં રહેનારા સારા હરિભક્તને દેખીને તે અધર્મીઓ તેના ઉપર દ્વેષ રાખે. સારા હરિભક્તોને દેખીને સહજ તેમનાં શરીર નખશિખ સળગી ઊઠે છે. ૬. અત્યારે પ્રકટ ભગવાનનો આવો પ્રતાપ છે કે, હરિભક્તોને દેખીને પણ તેમને તાપ લાગે છે. આજે આ અમારો ગામેગામમાં મોટો પ્રગટ પરચો છે એમ જાણો. ૭. જગતમાં જ્યાં જ્યાં અધર્મી ગુરુઓ રહે છે, તે બધા ઠેકઠેકાણે હરિભક્તોને દેખીને તપી ઊઠે છે. તે સહુને સ્પષ્ટપણે દેખાય છે. ૮. અમારો અને અમારા સંતોનો જે અધર્મીઓ વધારે પડતો દ્વેષ કરે છે, તેનો તરત જ નાશ થાય છે, છતાં તે અધર્મીઓ તે બાબતે તપાસ કરતા નથી. ૯.

જ્યારે શ્રીકૃષ્ણ ભગવાન ગોકુળમાં પ્રકટ્યા, તેમણે કંસનું કાંઈ જ બગાડ્યું ન હતું. તેઓ કંસના સગા ભાણેજ હતા. સદાએ તેઓ પૂજવા-સત્કારવાને યોગ્ય હતા, છતાં કંસ હરેક બાળકનો શત્રુ થયો. ભયાનક અસુર વિના આટલા બાળકોને કોઈ હણે નહિ. પૂતના આદિ અનેક અસુરોને કંસે વારંવાર વિનાશ માટે મોકલ્યા. ૧૦-૧૧. શ્રીકૃષ્ણ અત્યંત બાળક હતા. છતાં જેટલા મારવા આવ્યા તેમનો તેણે સંહાર કર્યો. છતાં કંસે વિચાર ન કર્યો કે, હવે હું કઈ રીતે જીવીશ ? ૧૨. ખુદ મર્યો ત્યાં સુધી તેણે તપાસ કરી નહિ. રાવણ અને હિરણ્યકશિપુ સુધી અપાર અસુરોનો વિનાશ થયો. ૧૩. પ્રહ્લાદજી અને બલિ સિવાયના કોઈ અસુર ભગવાનને નમ્યા નહિ. અપરંપાર અસુરો મર્યા છે, છતાં તેનો પાર આવતો નથી. ૧૪. રાત વિના દિવસ, માસ અને વરસનું માપ કેમ કરી શકાય ? રાતમાં એટલો સમાસ-ફાયદો છે. રાત છે તે અજ્ઞાનીને માટે નિવૃત્તિ છે. ૧૫.

તે રીતે જ જો અસુર ન હોય, તો સત્સંગ અને કુસંગ બંને ભિન્ન ભિન્ન દેખ્યામાં આવે નહીં. ૧૬. અસુરોને લીધે જ એટલો સમાસ-ફાયદો થાય છે કે, સત્સંગ અને કુસંગનો ખ્યાલ આવે છે. હીરા વિના મોટો પહાડ હોય તોએ શું ? હીરાની તુલના કોઈની સાથે થઈ શકે નહિ. ૧૭. સોના સિવાયની બીજી ઘણી ધાતુઓ છે, પણ સોનાની સમાન કોઈ થઈ શકે નહિ. જેવું વસ્ત્ર તેવી તેની કિંમત, તેમ સત્સંગ તો અમૂલ્ય છે. ૧૮. **કલ્પવૃક્ષ, પારસમણિ, ચિંતામણિ અને વિમાન, એ બધા પદાર્થ અમૂલ્ય કહેવાય છે. તેના કરતાં પણ સત્સંગ તો વધારે મહત્ત્વપૂર્ણ અને અમૂલ્ય છે. ૧૯.**

લૌકિક દૃષ્ટિ જ્યાં સુધી વિશાળ મોહનાં જાળામાં અવરાઈ ગયેલી હોય, ત્યાં સુધી સર્વોત્તમ અને અનુપમ એવું સત્સંગનું રૂપ દેખાય નહિ. ૨૦. પૂર્વે જે જે સત્સંગ કરી ગયા છે, તેમણે ઘણું જ દુઃખ સહન કર્યુ છે. પૂર્વે થયેલા ભક્તોથી લઈ અત્યાર સુધીના ભક્તોને જોવામાં આવે તો જણાય છે કે, તેમણે સત્સંગ અર્થે ઘણું દુઃખ સહન કર્યુ છે. ૨૧. જ્યાં સુધી લગારેય ખપ ન હોય ત્યાં સુધી ચાહે તેવા હોંશિયાર હોય, તોપણ તેને પરમ મોક્ષનું દ્વાર ક્યારેય આંખોથી દેખાતું નથી. ૨૨.

✻ દ્રોહની ભયંકરતા :

જેટલો અધર્મવંશ છે તેને એક એકને ઓળખી ઓળખીને જ્યારે ત્યાગ કરવામાં આવે છે, ત્યારે તેનો સત્સંગ દિનપ્રતિદિન વૃદ્ધિ પામતો રહે છે. ૨૩. સત્સંગ કર્યા પછી પણ અધર્મવંશનું નાનું એવું બીજ પણ જો ક્યાંક ગુપ્ત રીતે રહી ગયું હોય, તો તે બીજ સંતોનો અને હરિભક્તોનો દ્રોહ વારંવાર ઘણો કરાવે છે. ૨૪. સત્સંગમાં રહીને જે સંત-હરિભક્તોનો વારંવાર દ્રોહ કરતા હોય, તેઓ એવી કુશળતાથી દ્રોહ કરે છે કે, તે લગારેય કોઈને ક્યારેય દેખ્યામાં આવે નહિ. ૨૫. દસ વીસ સંતો અને હરિભક્તોના અપાર ગુણ ગાય.

વળી, કોઈ દિવસ કોઈએ સાંભળ્યું ન હોય એવી બધી વાતો કરે. ૨૬. તેવા જ બીજા ગુણો પણ સંતો અને હરિભક્તોનાં ઠેકઠેકાણે લોકો આગળ

કહે, પણ સમયને જોયા વિના અભાવ-અવગુણને બોલે નહિ. ૨૭. ગુણોને કહેતાં કહેતાં જ્યારે અભાવ-અવગુણ કહેવાનો સમય આવે, ત્યારે લોટમાં મીઠું નાખે એટલું અભાવનું વચન બોલે. ૨૮.

બીજાને ખબર પણ પડે નહિ તે રીતે બીજાના અવગુણ-અભાવને દેખાડી દે છે. જે સંતો અને હરિભક્તો સરલ સ્વભાવના હોય છે તેમને તેવું કહેતાં-બોલતાં આવડે નહિ. ૨૯. તેઓ તો વાતનો જેવો પ્રસંગ નીકળે તે પ્રમાણે કોઈના પ્રત્યે દ્રોહબુદ્ધિ રાખ્યા વિના જ સહજ સ્વભાવે જેવો સમય હોય, અને પ્રસંગ આવ્યો હોય ત્યારે તે પ્રમાણે વાતને કહે છે. ૩૦.

चोपाई :

प्रसंग वात के अपरमपारा, उचरत आवे अनंत प्रकारा;
धर्मवंशी हरिजन संत सबहू, द्रोहबुद्धि नहीं रखत कबहू...३१
द्रोहबुद्धि रखे धर्मवंशी होई, संत हरिजन परस्पर कोई;
सो संत हरिजन हि जेता, धर्मवंशी सत्संगी न तेता...३२

જ્યારે પરસ્પર વાતોના અનંત પ્રસંગ નીકળે અને અનંત પ્રકારે વાતો થાય, પણ બધા ધર્મવંશી, સંતો અને હરિભક્તો ક્યારેય પરસ્પર દ્રોહબુદ્ધિ રાખતા નથી. ૩૧. ધર્મવંશી થઈને, સંત થઈને અથવા હરિભક્ત થઈને પણ જે પરસ્પર દ્રોહબુદ્ધિ રાખતા હોય, તો તે ધર્મવંશી નથી, સંત નથી અને સત્સંગી હરિભક્ત પણ નથી; એમ જાણવું. ૩ર. ધર્મકુળ, સંતો અને હરિભક્તો જ્યાં સુધી પરસ્પર દ્રોહબુદ્ધિ રાખે છે, ત્યાં સુધી તેમાં અસુર સ્વભાવ રહ્યો છે; એમ જાણવું અને તેમનો મોક્ષ પણ તેને અનુરૂપ થાશે. ૩૩.

સંતોમાં અને હરિભક્તોમાં પરસ્પર દ્રોહબુદ્ધિ જ્યાં સુધી રહેશે ત્યાં સુધી તેના કરેલા ધ્યાન, ધારણા અને સમાધિ, તથા તેમની કહેલી ઘણી મોટી મોટી વાતો નિષ્ફળ જાશે. ૩૪. અમારાં ચરિત્ર અને વચનામૃત મુખથી કહી દેખાડે તે તથા વારંવાર અને અહોનિશ જેટલા ચાંદ્રાયણ આદિ વ્રત કરતા હોય તે નિષ્ફળ જાશે. ૩૫. અનાજ, ફળ, મૂળ, જળ વગેરેનો પણ ત્યાગ રાખે, ક્યાંય લેશમાત્ર પણ રાગ-આસક્તિ ન રાખે, ઠેકઠેકાણે ફાટેલાં તૂટેલાં વસ્ત્ર પહેરે; આવા ઘણા ઘણા ઉચ્ચ કોટિના વર્તન રાખે તે

સર્વે નિષ્ફળ જાશે. ૩૬. અને પાથરણાંનો ત્યાગ કરીને માત્ર ભૂમિ ઉપર જ સૂઈ રહે, આસન સિદ્ધ કરીને આખી રાત જાગે; ૩૭. આવાં બધાં જ સાધનો દ્રોહબુદ્ધિવાળાના નિષ્ફળ થાય છે. પરસ્પર દ્રોહની ભાવના રાખ્યા વિના જે જે સાધન કરવામાં આવે, તે બધાં જ સત્ય છે અને સફળ છે. ૩૮.

દ્રોહ અત્યંત સૂક્ષ્મરૂપે રહે છે તેથી કોઈ તેને ઓળખી શકતા નથી. પરંતુ જેની બુદ્ધિ અનુપમ તેજસ્વી હોય તેને તે તરત જ દેખાઈ આવે છે. ૩૯. કસાઈ જેમ બકરાંને પાળે-પોષે છે, તેમ પહેલાં તો વારંવાર અતિશય વખાણ કરે, ઘણી રીતે માન પણ આપે, પણ તેના મનમાં ઊંડે દ્રોહબુદ્ધિ છુપાયેલી હોય છે. માટે જેને અનુપબુદ્ધિ હોય તે જ દ્રોહબુદ્ધિને ઓળખી શકે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'શ્રીહરિએ સત્સંગમાં પણ દ્રોહબુદ્ધિરૂપ આસુરભાવની વાત કહી' એ નામે એકાવનમો તરંગ સમાપ્ત ॥૫૧॥



પૂર બારમું : તરંગ - ૫૨

શ્રીહરિ મેંથાણથી નીકળ્યા. જેતલપુર થઈને ચરોતરમાં ફર્યા

શ્રીહરિએ મેંથાણ ગામમાં આગળ કહી તે વાતો કરી. વઢવાણમાં તુલસી દવેને જેણે યજ્ઞ કરવા દીધો નહિ, તે લોકો તો બે જ વરસમાં તુરંત ઊડી ગયા, નષ્ટ-ભ્રષ્ટ થઈ ગયા. ૧. તે સત્સંગના દ્રોહીઓ રાજ્યનો બધો કારભાર સંભાળતા હતા, તેમણે રાજાને પણ પોતાને આધીન કરી લીધો હતો; એવા તે માથાભારે હતા. ૨. તેમનો તે વ્યવહાર તો ઘણા દિવસ ચાલ્યો. રાજાએ તેમનું બધું વર્તન જોયું. કારભારીઓની બુદ્ધિ ભ્રષ્ટ થઈ હતી તેથી તેઓ નિઃશંક થઈને ઉદ્ધતાઈભર્યું વર્તન કરતા. રાજાના સેવકોને તેમણે મારી હઠાવી દીધા. ૩. પુરની રૂપાળી સ્ત્રીઓને પોતાની પાસે બોલાવીને ભોગવતા. અત્યંત કામી થઈ ગયા હતા, પણ તેમની વિરુદ્ધમાં કોઈ કાંઈ બોલી શક્તા નહિ. ૪. તેમના અત્યંત વધેલા અધર્મને જોઈને રાજાના દિલમાં તેમનો અભાવ આવ્યો. રાજાની પાસે તે બંનેનું અપાર ધનનું માગણું - લેણું હતું, તેથી તેઓ કાંઈ બોલી શક્તા નહિ. ૫.

રાજ્યના બે-ત્રણ ગામ પણ તેમણે પોતાને નામે કરી લીધાં હતાં. નગરનો કિલ્લો અને સરબંદી - લશ્કરની ટુકડી પોતાને હાથ કરી હતી. ૬. રાજાનો નાગર દીવાન અને ગુરુ વેરાગી, એ બંનેની મલિન મતિ એક થઈ ગઈ. ત્યારે રાજાએ મનમાં વિચાર્યું કે, આ બંને તો અતિ ખુવાર થઈ ગયા છે, બગડીને બેહાલ થઈ ગયા છે. ૭. માટે પહેલા વેરાગીનો ઘાટ ઘડવો પડશે. તેના વિના બીજો કોઈ ઉપાય જ નથી. રાજાએ પોતાના આવા નિશ્ચયને મનમાં ઘણો ગુપ્ત રાખ્યો. અને પછી વૈરાગીને માટે પુરમાં ઘણો સારો બંગલો કરાવ્યો. ૮. ચિત્ર વિચિત્ર રીતે તેને ઘણો શણગાર્યો. બિલોરી ઝાડ તેમાં લટકાવ્યા. પછી તે બંગલો વેરાગીને અર્પણ કરી દીધો. તે વેરાગી થોડા દિવસ તે બંગલામાં રહ્યો. ૯.

બીજી બાજુ રાજાએ પોતાના બે-ચાર મિત્રોને તૈયાર કર્યા. તેમણે રાજાની મરજી પ્રમાણે બધી યોજના વિચારી. જે રીતે વેરાગીને તેમનો પૂરેપૂરો વિશ્વાસ આવે તે રીતે મિત્રો વેરાગીના ઉપલક રીતે મળતિયા થઈ ગયા. ૧૦. પૂરો વિશ્વાસ સંપાદન કર્યા પછી જ્યારે એકવાર મધ્યાહ્નનો સમય હતો, ત્યારે વેરાગી સૂતો અને જ્યારે ઊંડો ઊંઘમાં ગયો ત્યારે યોજના પ્રમાણે સેવકોને સમય મળી ગયો. ૧૧. બે-ચાર તલવાર ધારીઓએ વેરાગીના શરીરના ટુકડાં કરી નાખ્યા. તેની હત્યાની કોઈને ખબર પણ પડી નહિ અને તે પાપી જમપુરીમાં ગયો. ૧૨. શ્રીહરિ, સંતો અને હરિભક્તોનો દ્રોહ જેણે બહુ જ કર્યો હતો, એવો તે વૈરાગી મોટો અસુર હતો, તે પહેલા આ પ્રમાણે મરાયો. ૧૩. બીજો અસુર દીવાન હતો. પછી તેનું દીવાનપદું લઈ લીધું. તેને દૈવત હીન કરીને કાંઈક નીચું નોકરીનું પદ આપ્યું. ૧૪. વગર માર્યે મર્યા જેવો થઈ ગયેલો તે દીવાન ઘણો દુઃખી થયો. આમ સત્સંગનો દ્રોહ કર્યાનું ફળ સહુએ પ્રત્યક્ષ દેખ્યું. ૧૫.

શ્રીહરિએ મેંથાણના હરિભક્તોને સત્સંગનું સુખ બહુ દીધું. ભક્તોને અતિશય રાજી કરીને શ્રીહરિ તૈયાર થઈ ગયા અને ત્યાંથી ચાલ્યા. ૧૬. ઘનશ્યામ શ્રીહરિ જતવાડમાં **રામગ્રી** ગામ (તા.દસાડા, જિ.સુરેન્દ્રનગર) પધાર્યા. ત્યાં કણબી હરિભક્તો રહેતા, તેમને આવીને દર્શન દીધાં. ૧૭.

ત્યાં એક રાત રહીને ચાલ્યા, તે **દદુકા** થઈને **મછિયાવ - મખિયાવ** ગામ આવ્યા. ત્યાં જૂનાં ક્ષત્રિય રાજપૂત દરબારો સત્સંગી હતા. ૧૮. સદ્‌ગુરુ આત્માનંદસ્વામી ઘણા સમર્થ સંત હતા. તે સમયમાં તે દરબારો હરિભક્ત થયા હતા. શ્રીહરિ તે દરબારોને ઘેર રહ્યા. ૧૯. પ્યારા શ્રીહરિ મછિયાવથી ચાલ્યા, તે **વીંછિયા** ગામ આવ્યા. ત્યાં માનગર નામે એક ગોસાઈ ઘણા મોટા સત્સંગી હતા. ૨૦.

શ્રીહરિ ત્યાં રાત રહ્યા અને તે ભક્તોને દર્શન દીધાં. અતિશય નિપુણ અને સર્વ પૂર્ણકામ એવા શ્રીહરિ ત્યાંથી ચાલ્યા. તે **મોડાસર** ગામ (તા.સાણંદ, જિ.અમદાવાદ) આવ્યા. ૨૧. ત્યાં જે હરિભક્તો રહેતા હતા, તેમણે શ્રીહરિની પૂજા કરી. પછી ત્યાંથી **જેતલપુર** પધાર્યા અને ત્યાંના હરિભક્તોના હેત-પ્રેમભાવને વધાર્યા. ૨૨. જેતલપુરમાં જે લેઉવા પાટીદાર હતા તેને શ્રીહરિના ઉપર ભક્તિભાવ હતો. ગામડી ગામમાં પણ જે હરિભક્તો હતા, તેઓ પણ બધા લેઉવા પાટીદાર હતા. ૨૩. તે ભક્તોએ શ્રીહરિને પોતાના પુર **ગામડી**માં પધરામણી કરાવીને ઘેર ઘેર ફેરવ્યા. સાકરના થાળ ભરી ભરીને ભેટ મૂક્યા અને ધર્મના લાલને તે સાકર ખૂબ જ જમાડી. ૨૪. ઘણી જ શ્રદ્ધાથી પૂજા કરી. ભક્તોના મનોરથોને પૂરા કરીને પ્રભુ સાંજે પાછા ગામડીથી **જેતલપુર** પધાર્યા. અને ત્યાંના ભક્તોને સત્સંગનું ઘણું સુખ આપ્યું. ૨૫.

જેતલપુરમાં બે-ચાર દિવસ રહ્યા. હરિભક્તોને દર્શન વગેરેનું અપાર સુખ આપ્યું અને પછી ઘનશ્યામ શ્રીહરિ **ડભાણ** ગામ આવ્યા. ૨૬. ડભાણ ગામના હરિભક્તો પણ બધા પાટીદાર હતા. તે સહુએ દર્શન, સેવા, પૂજા વગેરેનો ઘણો જ લાભ લીધો હતો. ૨૭. ધર્મકુમાર પ્રભુ ત્યાંથી ચાલ્યા તે **પીજ** ગામ આવ્યા અને ત્યાં પાટીદાર હરિભક્તોને ઘેર રાત રોકાયા. ૨૮. શ્રીજીમહારાજ ત્યાંથી ચાલ્યા, તે હરિભક્તોને સુખ, સંતોષ અને શાંતિને આપવા માટે **નડિયાદ** ગામ આવ્યા, અને ત્યાં જેઠા મહેતાને ઘેર આવ્યા. ૨૯. તેમણે ઘણા જ ભક્તિભાવથી શ્રીહરિની પૂજા કરી. તેની બધી ઇચ્છાઓને પૂર્ણ કરી. પછી ત્યાંથી શ્રીહરિ ઘેલા જાનીને ઘેર પધાર્યા. ૩૦.

ઘેલા જાનીએ શ્રીહરિની ષોડશોપચાર વિધિથી પૂજા કરી અને વારંવાર વંદન કર્યા. ત્યાંથી નરોત્તમ કારિઠા પોતાને ઘેર ઘનશ્યામ શ્રીહરિને લઈ ગયા. ૩૧. તેણે વસ્ત્ર અને આભૂષણોથી શ્રીહરિની પૂજા કરી. ફૂલના હાર પહેરાવ્યા. મનમાં જે મનોરથ હતા, તે બધાં દર્શન-પૂજન વગેરે કરીને પૂર્ણ કર્યા. ૩૨. ગંગારામ અને મોહનલાલ, એ બંને સગાભાઈ હતા. તેમણે ઘણા જ વહાલથી શ્રીહરિની પધરામણી પોતાને ઘેર કરી, અને જાતજાતના ભોજન બનાવડાવ્યા. ૩૩. ખૂબ જ પ્રેમથી શ્રીહરિને જમાડ્યા અને અપાર વિનંતી-સ્તુતિ-પ્રાર્થના કરી. ત્યાં જેટલા પાટીદાર હરિભક્તો હતા, તે બધાને ઘેર ઘેર શ્રીહરિ પધાર્યા હતા. ૩૪. જેની જેવી શ્રદ્ધા-ભાવના હતી તે પ્રમાણે સહુએ પૂજા પણ કરી હતી.

પછી સુખદાયક શ્રીહરિ નડિયાદથી સત્વરે ચાલીને **ઉમરેઠ** ગામ આવ્યા. ૩૫. ત્યાંના જેટલા ખેડાવાળ વિપ્રો સત્સંગી થયા હતા તેઓ બધા શ્રીહરિની સન્મુખ આવ્યા. સહુ ફૂલના હાર અને શ્રીફળ લઈને આવ્યા હતા. તેમણે ઘણાં જ પ્રેમભાવથી ફૂલહાર પહેરાવ્યા. ૩૬. ચરણોમાં શ્રીફળ ભેટ મૂકીને સહુએ દંડવત પ્રણામ કર્યા. અને એમ બોલ્યા કે, હે નાથ ! આજના દિવસને ધન્ય છે કે આપે દયા કરીને અમને દર્શન દીધાં છે. ૩૭. તે વખતે તરત જ વિવિધ પ્રકારના વાજિંત્ર આવ્યા. ઘણા જ ઉમંગથી તેને વગાડવા લાગ્યા અને ભક્તોને અપાર આનંદ થયો. ૩૮. ઉમરેઠ ગામની ચારેબાજુ અનેક પ્રકારના વૃક્ષ ઘણા હતા. ધર્મકુમાર શ્રીહરિ તેને દેખીને ખૂબ જ પ્રસન્ન થયા, અને બધા ભક્તો ઉત્સાહથી 'જય જયકાર' ધ્વનિ કરીને કહેતા કે, હે પ્રભુ ! આપ શ્રીહરિએ અહીંયાં પધારીને અમારા જન્મને સફળ કર્યો છે. હવે તામસ યોનિથી મુકાવીને તત્કાળ અમારો ઉદ્ધાર કર્યો છે. ૩૯-૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'શ્રીહરિ મેંથાણથી નીકળીને જેતલપુર થઈને ચરોતરમાં ફર્યા' એ નામે બાવનમો તરંગ સમાપ્ત ।।૫૨।।



પૂર બારમું : તરંગ - ૫૩

ઉમરેઠમાં બ્રહ્મજ્ઞાનીઓની સાથે શ્રીહરિની શાસ્ત્રીય ચર્ચા

સૂર્યાસ્ત થઈ ગયો હતો ત્યારે મશાલો ઘણી કરી હતી. તે વખતે નડિયાદથી સુખદાયક શ્રીસહજાનંદસ્વામી **ઉમરેઠ** ગામમાં પધાર્યા. ૧. પુરની બધી રાજબજારો શણગારીને વિચિત્ર કરી હતી. દુકાનો અને મકાનોના દરવાજા ઉપર વિવિધ પ્રકારના દિવાઓ મૂક્યાં હતાં. ૨. બધી બજારો સ્વચ્છ કરી હતી. ફળ લાગેલા કેળના સ્તંભ ઠેકઠેકાણે રોપ્યા હતા. તેમજ નાળિયેરીના રોપા પણ રોપાવ્યા હતા. ૩. શ્રીહરિકૃષ્ણ મહારાજ સુંદર સુશોભિત અશ્વ ઉપર વિરાજ્યા હતા. તે અશ્વને પણ બધા જ સોનેરી સાજથી શણગાર્યો હતો અને તેથી તે શણગાર ઝગમગ ઝગમગ ચમકી રહ્યો હતો. ૪.

❋ મૂર્તિવર્ણન :

શ્રીહરિએ બધાં અંગ ઉપર પણ વિવિધ પ્રકારના સોનેરી વસ્ત્ર અને અલંકાર ધારણ કર્યા હતા. બંને બાજુ સોનેરી ચામર ઢળી રહ્યા હતા. માનો, તે માનસરોવરમાંથી બે હંસ ઉમંગથી શ્રીહરિનાં દર્શને આવ્યા ન હોય ? ૫. મનોહર ઘનશ્યામ મૂર્તિ સોહામણી લાગતી હતી. મુખકમળ તો ઊગતા સૂર્યના જેવું શોભતું હતું. બંને નેત્ર, કાન અને નાસિકા, એ બધાં અંગો તો એક એકથી અધિક શોભા ધરી રહ્યાં હતાં. ૬. અધરોષ્ઠ(હોઠ) તો અપાર રસભર્યા સુશોભિત હતા અને દાઢી તો સુંદર નાની અને આકારે ગોળ હતી. શંખના અને કબૂતરના જેવો કંઠ તો અતિશય ભવ્ય હતો. ઘૂંટણ સુધી લાંબા હાથ તો હાથીની સૂંઢના સમાન અદ્‌ભુત હતા. ૭. ઊપડતી વિશાળ છાતી ઘણી છટાદાર હતી. તેમાં શ્રીવત્સનું ચિહ્‌ન અને ભૃગુલાંછન પણ હતું. કૌસ્તુભમણિ તો છાતી ઉપર સૂર્ય અને ચંદ્રની જેમ પ્રકાશ પાથરી રહ્યો હતો. ૮. પીપળાના પાન જેવું સુકોમળ પેટ હતું. તેમાં સુંદર ત્રણ કરચલી પડતી હતી. નમતી અને ગોળ, કમળના જેવી નાભિ ઉદરમાં સોહામણી લાગતી હતી. ૯. મરોડદાર વિશાળ કેડ ઘણી સુંદર હતી, તેમાં દેખનારાનાં મન લોભાઈ જાતા હતા. બંને સાથળ કરભના જેવા હતા. (ઉપરના ભાગે જાડા અને નીચેના

ભાગમાં ક્રમથી પાતળા કરભ=કાંડાની નીચેનો હથેળીનો બહારનો ભાગ કરભ કહેવાય) બંને ઘૂંટણ ગોળ આકારવાળા રૂપકડા હતા. ૧૦.

પીંડીઓને જોનારાનું મન તૃપ્ત થાતું નહિ. તે બંને પીંડીઓની સ્વચ્છતા અને કોમળતા કહી શકાતી નથી. સુંદર એકસમાન ગોળ ઘૂંટીઓ શોભાદાર હતી. પાનીઓ અને ફણાઓ અત્યંત સુંદર વિરાજતા હતા. ૧૧. ચરણોમાં સોનેરી મોજડીઓ ધારી હતી. ચરણોમાં ભવ્ય સોળ ચિહ્ન હતા. નખમણિથી ચમકતા ચરણના અંગૂઠા અને આંગળીઓ ઘણી જ સોહામણી હતી. ૧૨. નખમણિ લાલ, ગોળ અને ઊપડતા શોભાદાર હતા. ચરણતળ અને બંને હથેળીઓને ભક્તજનો વારંવાર નીરખતાં હતાં. ૧૩. પુરવાસી વૃદ્ધો, યુવાનો અને બાળકો બધાં જ બજારમાં ઊભા રહીને નટવરલાલ શ્રીહરિનાં દર્શન કરતાં હતાં. ૧૪.

બજારે બધાં હાથમાં ફૂલહાર લઈને ઊભા હતાં. તેમાં પુરુષો પુરુષોમાં અને સ્ત્રીઓ સ્ત્રીઓમાં ઊભી હતી. ૧૫. તેથી જાણે કે, સ્ત્રીઓ ગુલાબનો બાગ હોય અને પુરુષો મોગરાનો બાગ હોય, એવા ખીલેલા ફૂલબાગ જેવા સુશોભિત લાગતા હતા, અને સહુ ઘટિત રીતે વ્યવસ્થિત ઊભા હતા. ૧૬. સહુ શ્રીહરિને ફૂલહાર પહેરાવતા. શ્રીહરિ પ્યારથી હારને સ્વીકારતા, તેનો અપાર સુગંધ ફેલાતો હતો કે જે વર્ણવી શકાતું નથી. ૧૭. સુખકારી અને રંગલહેરી શ્યામસુંદર જ્યારે બજારે આવતા હતા, ત્યારે કોઈ મોતીનો થાળ ભરીને ઊભેલી સ્ત્રીઓ તેમને વધાવતી હતી, અને દર્શન માટે સર્વ સ્ત્રીઓ રમઝટ મચાવતી હતી. ૧૮. કાન, નેત્ર, નાસિકા, જીભ અને ત્વચા, એ પાંચ જ્ઞાનેંદ્રિયોના શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શ એ પાંચેય વિષયો શ્રીહરિની મૂર્તિમાં રહ્યા છે, અને સર્વે રસો શ્રીહરિની મૂર્તિમાં રહ્યા છે; એમ માનીને શ્રીહરિમાં મનની એકાગ્રવૃત્તિ કરીને તે સ્ત્રીઓ લોભાઈ હતી. ૧૯. જેમ મધમાં એકમાત્ર રસ જ રહ્યો છે, પણ શ્રીહરિની મૂર્તિમાં તેનાથી પણ અત્યધિક રસ રહ્યો છે, પણ તે માયિકમનુષ્યને દેખાતો નથી. ૨૦.

રૂપરામ નામે એક વિપ્ર સત્સંગી હતા. તેને ઘેર ઘનશ્યામ શ્રીહરિ ઊતર્યા. તેઓ ખેડાવાળ ઠાકર અટકના હતા અને ઉમરેઠના પ્રતિષ્ઠિત ગૃહસ્થ

ગણાતા હતા. ૨૧. તેમણે એક સુંદર પલંગ બિછાવી દીધો. સુખદાયી શ્યામસુંદર શ્રીહરિ તેના ઉપર બેઠા. હજારો લોકો દર્શન કરવા માટે રાત-દિવસ એક ધારા આવતા હતા. ૨૨. ત્યાં જેટલા શાસ્ત્રવેત્તા વિદ્વાન વિપ્રો હતા તે શ્રીહરિને જોવા આવ્યા. બધા ભરપૂર બ્રહ્મજ્ઞાની(અદ્વૈતી-શુષ્કવેદાંતી) હતા. બ્રહ્મ સિવાય બીજું અધૂરું કહેનારા હતા. ૨૩. બ્રહ્મજ્ઞાનીઓ = શુષ્કવેદાંતીઓના મત પ્રમાણે તેઓ બોલ્યા કે, "ધર્મ, ભક્તિ, વૈરાગ્ય, જ્ઞાન, તીર્થ, વ્રત, વિવિધ પ્રકારના દાન, નિષ્કામ મનોભાવથી બાલમુકુંદ અને શાલગ્રામની પૂજા, એ બધો કર્મકાંડ તો મોક્ષમાર્ગનું પહેલું પગથિયું છે, અને પછી ઉપાસનાકાંડ છે તે મોક્ષમાર્ગનું બીજું પગથિયું કહેવાય છે. ૨૪-૨૫. જ્ઞાનકાંડ મોક્ષમાર્ગનું ત્રીજું પગથિયું છે. જ્યાં સુધી દેહ સત્ય અનુભવાય છે ત્યાં સુધી બધું સત્ય છે. ૨૬.

❋ સાધનો ક્યાં સુધી કરવા ? :

જ્યાં સુધી આ માયિકદેહને સત્ય માનવામાં આવે છે, ત્યાં સુધી વેદ, પુરાણો અને ધર્મશાસ્ત્ર વગેરે બધું સત્ય છે. ૨૭. શાસ્ત્રીય જ્ઞાનનું શ્રવણ, મનન, નિદિધ્યાસન અને સાક્ષાત્કારરૂપ ચાર સાધન જે પહેલા કહેવાય છે, તે દેહાધ્યાસ હોય ત્યાં સુધી કરવાના સત્ય કહ્યા છે. ૨૮. જીવમાં વિવિધ પ્રકારના ભોગોની તૃષ્ણા ઉત્પન્ન થયા કરે છે. તે જીવને જ્યાં સુધી 'દેહ તે જ હું છું' આવી દેહાસક્તિ રહે છે, ત્યાં સુધી તૃષ્ણાની આગ ઓલવાતી નથી. ૨૯. કસ્તુરિયા મૃગનાં ડૂંટામાં કસ્તૂરી થાતી હોય છે, તે મૃગને તેનો પૂરો ખ્યાલ હોતો નથી. જ્યારે કસ્તૂરીનો સુગંધ આવવા લાગે છે, ત્યારે મૃગ તે સુગંધી પદાર્થને જ્યાં ત્યાં ખોળતો ફરે છે. ૩૦. કસ્તૂરીને મેળવવા તે મૃગ દોડી દોડીને મરી જાય, પણ અંદરની કસ્તૂરી તેને બહાર ક્યાંથી મળે ? તેમ મનુષ્યમાં પણ જ્યાં સુધી અજ્ઞાન ભર્યું હોય ત્યાં સુધી તે મૃગના જેવો જ છે. ૩૧. એટલે બ્રહ્મવેત્તા ગુરુ મળ્યા સિવાય કોઈને બ્રહ્મની પ્રાપ્તિ ક્યારેય થાય નહિ.". આવું જ્યારે ઉમરેઠના તે શુષ્કવેદાંતિ બ્રાહ્મણોએ કહ્યું ત્યારે શ્રીહરિએ તે બ્રહ્મજ્ઞાનીઓને કહ્યું, બ્રહ્મવેત્તા જ્ઞાની ગુરુનું વર્તન કેવું હોય ? ૩૨. '**अहं ब्रह्माऽस्मि**' એવું માત્ર બોલતા શીખવાથી કે વાત કરવાથી બ્રહ્મનો ગુણ લેશમાત્ર પણ આવતો નથી. હંસનો આકાર

જોઈને બગલો કહેવા લાગે કે, 'હું હંસ છું.' ૩૩. એમ બોલવાનું ભલેને બધા શીખી જાય ! પણ બોલવા માત્રથી બગલો ક્યારેય હંસ થાય નહિ. હંસના જેટલા ગુણ કહેવાય છે તે જ્યારે બગલામાં આવીને રહે, ૩૪. ત્યારે બગલાને સાચો હંસ મનાય. ગુણ ન હોય તો બગલાને હંસ કેમ મનાય ?

ત્યારે તે બ્રહ્મજ્ઞાનીઓ બોલ્યા, અમે તમારી વાતને નહિ સાંભળીએ. ૩૫. તમારું જે બધું વર્તન છે તે તો અમને નવું જ લાગે છે, દેખાય છે. શૈવ અને વૈષ્ણવ, એ બે સંપ્રદાય આદિ યુગથી ચાલ્યા આવે છે. ૩૬. જે વૈષ્ણવો છે તે તો હજી સાધનદશામાં કહેવાય છે. જ્યારે તેમનાં બધાં સાધન પૂરાં થઈ જાય ત્યારે તે વૈષ્ણવો શૈવ બને છે. ૩૭. શૈવ સંપ્રદાય સ્વીકાર્યા વિના કોઈને બ્રહ્મદશા પ્રાપ્ત થતી નથી, અને બ્રહ્મસ્થિતિ પ્રાપ્ત થયા વિના સાધનોનો પાશ છૂટતો નથી. ૩૮. અને જ્યાં સુધી સાધનો રહે છે ત્યાં સુધી જન્મ, મરણ, લખચોરાશી અને જમપુરી રહે છે, અને ત્યાં સુધી શિષ્યભાવ પણ રહે છે. ૩૯. તે બંને સંપ્રદાય કરતા તમારો મત જુદો અને નવો લાગે છે. અને અષ્ટાંગયોગને સાધ્યા વિના સમાધિ ક્યાંથી થાય ? આવી સમાધિ તો અમે ક્યાંય સાંભળી નથી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'ઉમરેઠમાં બ્રહ્મજ્ઞાનીઓની સાથે શ્રીહરિની શાસ્ત્રીય ચર્ચા' એ નામે ત્રેપનમો તરંગ સમાપ્ત ॥૫૩॥



પૂર બારમું : તરંગ - ૫૪

ઉમરેઠમાં બ્રહ્મજ્ઞાનીઓને પોતાનો સિદ્ધાંત કહ્યો અને ચરોતરમાં વિચર્યા

ત્યારે શ્રીહરિએ ઉમરેઠના બ્રહ્મવાદી બ્રાહ્મણોને કહ્યું, વિપ્રો, તમે મારી વાત સાંભળો. સદ્‌ગુરુ રામાનંદસ્વામી અમારા ગુરુ હતા. ૧. તેઓ શ્રીકૃષ્ણ ભગવાનના ઉદ્ધવ એવે નામે પરમ એકાંતિકભક્ત હતા. અત્યંત આત્મનિષ્ઠ હતા, અને સ્વયં બ્રહ્મધામ હતા. ૨. તેમની આગળ તો ઠેકઠેકાણે અનાદિ કહેવાતા અને દેખાતા એવા બધા મતો તો કેવળ નામમાત્રના છે અને

નકલરૂપ છે. ૩. આ દેહ તો જડ છે અને મિથ્યારૂપ છે. ચેતન આત્માના યોગે કરીને તે શ્રેષ્ઠ અને અનુપમ દેખાય છે. ચેતન આત્માના વિના તો દેહ જડ જ છે. ૪. પરંપરાના જ્ઞાનરૂપ જે સંપ્રદાયનો પ્રતાપ છે તે બધો, શ્રીકૃષ્ણ ભગવાને ઉદ્ધવજીને પરમ સત્પાત્ર સમજીને તેને અત્યંત આગ્રહ કરીને આપ્યો હતો. ૫.

સત્પાત્રતા વિનાના નર-નારીઓને જો ભારે બ્રહ્મના ગુણો પ્રાપ્ત થાય તો તે ઉન્મત્ત થઈ જાય છે. પછી તે ઉન્મત્ત લોકો એવું બોલવા લાગે છે કે, જે કોઈ પણ કહેવાતા પાપમાત્ર છે તે બ્રહ્મને અડતા નથી. ૬. પછી તેઓ નિર્ભય થઈને માંસ અને મદિરાને કાયમ ખાય-પીવે છે, અને સતત વ્યભિચાર કરતા રહે છે. એટલે તેવા બ્રહ્મનો માર્ગ જ એવો છે કે, બ્રહ્મજ્ઞાનીઓ વિષયને માર્ગે ચાલે. ૭. મુમુક્ષુ જ્યારે વિષયમાં અસાર-તુચ્છતાને દેખે છે ત્યારે તેમાં સારા બ્રહ્મના ગુણ આવે છે. એટલે ભગવાને શૈવ અને વૈષ્ણવમતમાં જે સાર દેખ્યો, તે બધો ઉદ્ધવજીને આપ્યો છે. ૮. જે જગ્યાએ જાદવા-સ્થલી થઈ ત્યાં સુખધામ શ્રીકૃષ્ણ ભગવાન પીપળાના ઝાડ નીચે બેઠા અને એકાદશ સ્કંધ (ભાગવત)નું જે અત્યંત ગોપ્ય જ્ઞાન હતું, તે બધું સાંગોપાંગ અતૂટ જ્ઞાન ઉદ્ધવજીને સમર્પણ કર્યું. પાત્રતા વિનાના અન્ય બ્રહ્મજ્ઞાની હતા તેમણે બ્રહ્મજ્ઞાનનાં અંગોને જ્યારે છિન્ન-ભિન્ન કરી નાખ્યા, (ત્યારે ઉદ્ધવજી રામાનંદસ્વામીરૂપે ધરતી ઉપર પ્રગટ્યા. અને તેમણે તે શ્રીકૃષ્ણદત્ત જ્ઞાનને ધરા પર પુનર્જીવિત કર્યું.) ૯-૧૦. ચાળણી જેટલી જેટલી અસાર વસ્તુ(કૂચો) હોય તેને જ ગ્રહણ કરે છે અને સાર સારને છોડી દે છે; એવી રીતે બ્રહ્મનો ગુણ પાત્રતા વિનાના બ્રહ્મજ્ઞાનીઓને લાગ્યો. ૧૧. શ્રીકૃષ્ણ સ્વમુખે કહે છે કે, 'જે વિષયમાં આસક્તિવાળા બ્રહ્મજ્ઞાનીઓ છે, તે મારા દાસ નથી. તે તો બ્રહ્મદ્રોહી છે, મારા દ્રોહી છે.' ૧૨.

❋ બ્રહ્મરૂપનાં લક્ષણ :

એકથી લઈ અનેક સાધનોનું એટલું ફળ કહ્યું છે કે, 'વિષયમાંથી બધા રાગ તોડીને આત્મારૂપ થઈને ભગવાનમાં પ્રેમ કરવો.' ૧૩. 'આત્મનિષ્ઠ થઈને શ્રીકૃષ્ણ ભગવાનમાં પ્રેમ-ભક્તિ કરવી' તેને અમે સાચા બ્રહ્મનિષ્ઠ કહીએ છીએ; એટલી આ અમારા સંપ્રદાયની નવીન વાત છે. ૧૪.

સહુ પોતપોતાના મતમાં માનેલી વાતને શ્રેષ્ઠ કહે છે. પણ તેને લીધે એ વાત શ્રેષ્ઠ ન થઈ જાય. જે વાત ભાગવતમાં કહી છે તે શ્રેષ્ઠ છે. ૧૫. ભાગવતમાં જે અનાદિમત છે તેને તમે નવો કહો છો. ભાગવત નવું નથી, તે તો ગીતા અને વેદની ભેળું છે. ૧૬. ભાગવત, ગીતા, વેદ અને તેને અનુસરતા બીજા બધા શાસ્ત્ર, તેને અમે સત્ય કહીએ છીએ. તે શાસ્ત્રોને જે અસત્ય કહે, તેને અમે માનતા નથી. ૧૭. **ધર્મ, ભક્તિ, વૈરાગ્ય, જ્ઞાન અને ભગવાનનું સદાને માટે સાકારપણું - સગુણપણું, એ પાંચ તત્ત્વને અમે સર્વોપરી માનીએ છીએ. ૧૮.**

ચોપાઈ :

अनंत वातनके मूल हे एही, वात ओर शाखा पत्र हे तेही;
ताके पुष्प हे अक्षरधामा, फल साकार हे श्रीघनश्यामा...१९
धाम को त्याग सो करत न कबहू, अनंत तन धरत तौ तबहू;
जोगकला हे तामें अनंता, ब्रह्मादिक पार न लहंता...२०

અનંત વાતોનું મૂળ મેં તમારી આગળ કહ્યું તે વાત જ છે. બીજી બધી વાતો તો તેની ડાળીઓ છે અને પાંદડાં છે. તે મૂળભૂત વાતનું પુષ્પ અક્ષરધામ છે, અને સાકાર શ્રીઘનશ્યામ સુંદર મૂર્તિ તે મૂળભૂત વાતનું ફળ છે. ૧૯. તેઓ અનંત સ્વરૂપો ધારણ કરે છતાં ક્યારેય ધામનો ત્યાગ કરતા નથી. ધામમાં રહ્યા થકા જ સર્વત્ર દેખાય છે. તેમનામાં અનંત યોગકળાઓ રહી છે. તેનો બ્રહ્માદિ દેવો પણ પાર પામતા નથી. ૨૦.

કોઈ પંડિત, પુરાણી, જ્ઞાની, મોટા મોટા મુક્ત, સિદ્ધ અને ધ્યાની હોય, તોપણ જે ભગવાન અકળ-અકલ્પ્ય છે તે કોઈના કળ્યામાં-કલ્પ્યામાં આવતા નથી, પણ જેનામાં ભક્તિ હોય, તેમને તે દેખાય છે. ૨૧. ભગવાન ભક્તિ વિના બીજા સાધનથી વશ થાય નહિ; એવા તે ઘણા જોરદાર અકળ છે. તમે આગળ નજર કરીને જુઓ. આવા એ ભગવાન ભક્તિવિહિનને અમથા નથી મળી જાતા. ૨૨. જે સંપૂર્ણપણે ભક્તિમાન હોય તે ભગવાનને પોતાની નજરથી જરા પણ દૂર દેખતા નથી. અર્થાત્ પરમાત્માને સદા સર્વત્ર સાક્ષાત્ જ માને છે. પણ જેને સત્સંગ નથી, જેને ભક્તિ નથી, તેને અમારી

આ વાત મનાશે પણ નહિ. ૨૩. શ્રીહરિએ તેમની આગળ આટલી વાત કહી. પછી શ્રીહરિએ ભક્તોને કીર્તન બોલવાનું કહીને તરત જ ગોપાળદાસનાં ધોળનાં કીર્તનો બોલાવ્યા. ૨૪.

❋ શ્રીહરિનાં લટકાનો પ્રતાપ :

તે સમયે શ્રીહરિ હરિભક્તોની સાથે કીર્તન ગાવા લાગ્યા. કીર્તનગાન કરતાં શ્રીહરિનાં તે સમયનાં લટકાઓને જોઈને અપાર લોકોને સમાધિ થઈ. ૨૫.

दोहा : श्रीमहाराज की लटक जो, जेही खुत जावत चित्त;
लटक की आत जो जपट हि, ताकु होत अति हीत...२६

શ્રીહરિજી મહારાજનાં લટકા જેનાં ચિત્તમાં ખૂંતી જાય છે, અને જે લટકાની ઝપટમાં આવી જાય છે, તે જીવનું ઘણું જ હિત થાય છે. ૨૬.

सोरठा : हित से होवत प्रीत, प्रीत से मूर्ति दिव्य अति;
देखावत शोभीत, मूर्ति में होवत लिन तरत...२७
मूर्ति में सुख अपार, आवत मुख न बने कहे;
किस विध होय उचार, देखत तिमि न कहत बनत...२८

પછી તે જીવનું થયેલું હિત પ્રેમનાં રૂપમાં પરિણમે છે. અને તે પ્રેમથી અતિ દિવ્ય સુશોભિત મૂર્તિ દેખાય છે, સાક્ષાત્કાર થાય છે. અને પછી તો તરત તે મૂર્તિમાં લીન થઈ જાય છે. ૨૭. પછી તે ભાગ્યશાળી ભક્તને મૂર્તિમાં અપાર સુખ આવે છે; જે કહી શકાતું નથી, તેનો ઉચ્ચાર કેમ કરવો ? કેમ જે, તે સુખને જેવું અનુભવે છે તેવું વર્ણવી શકાતું નથી. ૨૮. **જાગ્રત અવસ્થામાં પણ પ્રત્યક્ષ મૂર્તિના વારંવાર દર્શન કરે, તોપણ જેવાં દર્શન કર્યા હોય તેવાં ને તેવાં દર્શનનું વર્ણન મુખથી યથાર્થ રીતે કહી શકાતું નથી. ૨૯. તો પછી જે અલૌકિક મૂર્તિનાં દર્શન થયાં હોય તે કઈ રીતે કહ્યામાં આવે ? શ્રીહરિની આવી વાતો તો ઘણી છે. શ્રીહરિએ એમ અપાર પ્રતાપ દેખાડ્યો અને તેનાથી હજારો લોકો સત્સંગી થયા. ૩૦.**

ઘનશ્યામ શ્રીહરિ ઉમરેઠમાં સાત દિવસ રહ્યા. હરિભક્તોને દર્શન વગેરેનું સુખ ખૂબ જ દીધું. શ્રીહરિની ઘેરઘેર પધરામણી કરી. થાળ જમાડીને

પૂજા પણ કરી. ૩૧. જે ભક્તનાં મનમાં જેવો ભાવ હતો તેણે તેવો લાભ લીધો. તે પછી અંતર્યામી પ્રભુ શ્રીસહજાનંદસ્વામી ઉમરેઠ ગામથી ચાલ્યા. ૩૨. શ્રીહરિ ગામથી ઘણે દૂર (પાણસુરા ગામ) પહોંચી ગયા હતા, છતાં એકદમ આતુર થઈને તરત પાછા ફરીને ઉમરેઠ ગામમાં આવ્યા. કેમ જે, એક ભાવિક હરિભક્ત અંબાબાઈએ થાળ બનાવી રાખ્યો હતો. તેથી સુખકારી શ્રીહરિ પાછા આવીને તે જમ્યા. ૩૩.

પછી શ્રીહરિ **વડતાલ** આવ્યા. હરિભક્તને ઘેર ઊતર્યા. જેટલા હરિભક્તોના ઘર હતાં, બધે પધરામણી કરી. ૩૪. પ્રેમભાવથી શ્રીહરિને જમાડ્યા અને પૂજ્યા. પછી વડતાલથી બીજે દિવસ ચાલ્યા, **સંજાયા** ગામમાં આવ્યા. ત્યાં જે જે પાટીદાર અને વિપ્ર વગેરે હરિભક્તો હતા. ૩૫. તેમને બધાને દર્શન દીધાં અને સુખદાયક પ્રભુને સહુએ ઘેર ઘેર પધરાવ્યા. બધાં હરિભક્તોએ ઘણાં જ પ્રેમભાવથી શ્રીહરિને પૂજ્યા. અને તેઓ અહોભાવથી બોલતાં હતાં કે, આવો લાભ ફરીવાર ક્યારે મળે ? ૩૬.

પછી શ્રીહરિ સંજાયાથી ચાલ્યા, તે **વળોટવા** ગામ આવ્યા. તે ગામમાં જે હરિભક્તો હતા તે સહુને દર્શન દીધાં. ૩૭. પછી શ્રીહરિ ત્યાંથી ચાલ્યા, તે **ચાંગા** ગામ આવ્યા. ત્યાં નથુભાઈ નામે બારોટ હરિભક્ત હતા. સહુના જીવન અને જગદાધાર શ્રીહરિ તેમને ઘેર આવ્યા. ૩૮. તે ગામમાં બીજા હરિભક્તો પાટીદાર, બ્રાહ્મણ, બારોટ અને ગોસ્વામી હતા, તે સહુએ ઘણા જ ભાવથી શ્રીહરિની પૂજા કરી. ૩૯. શ્રીહરિ ત્યાં એક રાત રોકાયા. ભક્તોને દર્શન વગેરેનું ઘણું સુખ આપ્યું. પછી બીજે દિવસ સવારમાં **રોણ** ગામ આવ્યા. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'ઉમરેઠમાં બ્રહ્મજ્ઞાનીઓને પોતાનો સિદ્ધાંત કહ્યો અને ચરોતરમાં વિચર્યા' એ નામે ચોપનમો તરંગ સમાપ્ત ||૫૪||



પૂર બારમું : તરંગ - ૫૫

પીરાણાના કાકાને શ્રીહરિએ અલફી પહેરાવી અને બોચાસણ આવ્યા

રોણ ગામમાં બધા પીરાણાના શિષ્ય હતા. ત્યાં એક પીરની જગ્યા હતી. ઘનશ્યામ શ્રીહરિએ તે જગ્યા દેખી. ૧. ગામમાં બધા પાટીદાર જ રહેતા હતા, તેમને પીરાણાનો મત ગમી ગયો હતો. એક પાટીદારને વિરક્ત કરીને તે જગ્યાના મહંત કર્યા હતા. ૨. તે સમયે ગાદી ઉપર જે ગુરુ (નારાયણદાસ) હતા, તેને બધા કાકા કહીને બોલાવતા. જગ્યામાં એક કબર(ઘોર) કરી હતી. ત્યાં ઘીનો દીવો અખંડ બળતો રાખતા. ૩. તેઓ તે દીવાની જ્યોતને જ પીર માનતા. મૂર્તિને ક્યારેય માનતા નહિ. શ્રીહરિએ તેમને પ્રિય લાગે તે રીતે ધીરે રહીને પૂછ્યું, ૪. તમે પાટીદાર તો ઊંચી કોમના છો, છતાં તમને આ મુસલમાનોનો પંથ ગમી ગયો. બહુ કહેવાય ! વધારે પડતા ખપ સિવાય આમ ન બને. આમાં તમે શું પ્રતાપ દેખીને મોહી ગયા છો ? ૫.

ત્યારે તે ગુરુએ કહ્યું, આગળના સમયમાં કોઈ સમર્થ પુરુષ(ઈમામશા ફકીર) આવ્યા હતા, અને તેણે અમારા વડવાઓને કાંઈક પ્રતાપ દેખાડ્યો હતો. (એટલે કે અહીં જ દ્વારકાનાં દર્શન કરાવ્યાં હતાં) ૬. તેમના વિશ્વાસને લીધે અમે આ પીરાણા પંથને માનીએ છીએ. ત્યારે શ્રીહરિએ કહ્યું, આ પંથમાં આગળ તેનું શું ઠેકાણું છે ? તમે તેમાં કેવું સુખ માન્યું છે ? તે થોડુંક તો કહો. ૭. ત્યારે તેણે કહ્યું કે, જેની દૂઝણી ભેંશ દોવા ન દે, તે આ કબર આગળ ઘીનો દીવો કરે તો બીજે દિવસ તે ભેંશ દોવા દે. ૮. વળી કોઈને કાંઈ બીમારી આવે, તે પણ આ કબરને દીવો માને, તો તે સાજો થઈ જાય, નવટાંક(લગભગ ૫૦ ગ્રામ)થી લઈને દસ મણ ઘી સુધીની માનતા કેટલાક સેવકો કરે છે. ૯. જેને જેવો મનોરથ હોય તે માનતાથી પૂરો થાય છે. મર્યા પછીની વાતને કોઈ જાણતું નથી. અહીંયાં જે પ્રત્યક્ષ દેખાય તેને અમે માનીએ છીએ. ૧૦.

ત્યારે શ્રીહરિએ કહ્યું, અહીંયાં જ પ્રતાપ પ્રત્યક્ષ દેખાડે એવા સમર્થ પુરુષ અત્યારે પ્રકટ છે. ત્યારે તે પીરાણાના ગુરુએ કહ્યું, અહીંયાં જ અમને

જો પ્રત્યક્ષ પ્રતાપ દેખાડે, તો હું તમને કહું છું કે, હું મારા શિષ્યોએ સહિત અત્યારે જ આપનો શિષ્ય થઈ જાઉં, થોડીએ વાર ન લગાડું. ત્યારે શ્રીહરિએ તેને કહ્યું, તમે તમારા અંતર સામે જુઓ અને તેમાં જે પ્રકાશ રહ્યો છે તેને દેખો. ૧૧-૧૨. ત્યારે તે ગુરુએ તરત જ અંતરસન્મુખ દૃષ્ટિ કરી. તેને અપાર પ્રકાશ દેખાયો અને તેને તે સમાધિમાં ઘણું જ આશ્ચર્ય થયું. ૧૩. તે પ્રકાશને મધ્યે દિવ્ય સિંહાસન ઉપર વિરાજમાન શ્રીહરિની અનુપમ મૂર્તિને દેખી. બ્રહ્માદિ મોટા દેવો અને ધ્રુવ આદિ રાજાઓ તેની પૂજા કરતા હતા. ૧૪. એવાં તેને દર્શન કરાવ્યા અને પછી જમપુરી દેખાડી. તેમાં અત્યંત ક્રૂર જમદૂત દેખ્યા. તેથી તે થરથર ધ્રૂજવા લાગ્યા. ૧૫.

જમપુરીમાં જે નરકકુંડ હતા તે અનુક્રમે દેખાડી દીધા. તેમાં ઘણા જ પાપી જીવો પડ્યા પડ્યા દુઃખ ભોગવતા હતા અને 'બચાવો' 'બચાવો'ની બૂમો પાડતા હતા. ૧૬. જે ભગવાનના અવતારોને માનતા નહિ, તેમને જે માર પડતો હતો તે દેખાડ્યું. પોતે ઉત્તમ જાતિના હોવા છતાં, જે અત્યંત નીચ થઈને અનેક પ્રકારે વટાળ કરાવતા હતા. ૧૭. વાણીમાં અનેક પ્રકારની યુક્તિ-પ્રયુક્તિઓ બતાવીને જે મોટા સમર્થ પુરુષોએ બાંધેલી મર્યાદાને તોડી નાખતા હતા, તેમને જે રીતે જમ મારતા હતા તે બધું શ્રીહરિએ તેને રાજી થઈ દેખાડ્યું. ૧૮. તેના પછી જે ભગવાનને ભજી ભજીને જે જે ભગવાનના ધામમાં ગયા હોય, તેમને મળેલું અપાર સુખ પણ બતાવ્યું. ત્યાં તે ભક્તોને ક્યારેય લગાર પણ દુઃખ આવતું નથી, તે પણ દેખાડ્યું. ૧૯. શ્રીહરિએ તે કાકાગુરુને ત્યાં સમાધિમાં ને સમાધિમાં જ પાકો નિશ્ચય કરાવ્યો, અને તે પછી તેને પાછા દેહમાં લાવ્યા. તેણે કરીને તેને શ્રીહરિમાં ઘણો જ પ્રેમ થયો. ૨૦.

પછી તે કાકાગુરુએ બધા સત્સંગના વ્રતમાન-નિયમ ધારણ કર્યા. તેના બધા શિષ્યો દેખતા જ રહ્યા. તેમજ તેણે બધા શિષ્યોને પણ કહ્યું, તમે બધા પણ પ્રેમથી સત્સંગના વ્રતમાન-નિયમોને ધારણ કરો. ૨૧. અત્યારે સત્સંગ સિવાયની બીજી જે બધી વાતો છે તે ઘોર નરકમાં જવા માટેની છે. અત્યારે ઘોર નરકથી જીવોનો ઉદ્ધાર કરવા માટે જ આ સ્વામિનારાયણ પ્રકટ થયા છે. ૨૨. જે લોકો આમનાં વચનને માનશે નહિ, તેનું આગળ કાંઈ ઠેકાણું

પડવાનું નથી. મારી દેખેલી આ સત્ય વાત છે; આમાં એક રંચમાત્ર પણ ખોટું નથી. ૨૩. ત્યારે શિષ્યોએ કહ્યું, સ્વામિનારાયણે તમને લોભાવ્યા છે, પણ અમે લોભાશું નહિ, ઘોર નરકમાં જો પડીએ તોપણ અમે પોતાના પંથને છોડશું નહિ. ૨૪. આ કળિયુગમાં તો ઘેર ઘેર અનેક ભગવાન થાશે. પણ અમે પોતાના મતને છોડીને બીજાને માનશું નહિ. ૨૫.

ત્યારે તે ગુરુએ કહ્યું, કાચના ટુકડાને તમે હીરો કરીને હાથમાં રાખ્યો છે, પણ તે હીરો નથી, તે તો નામમાત્રનો હીરો છે. સાચો હીરો તો આ સ્વામિનારાયણ છે. ૨૬. ત્યારે શિષ્યોએ કહ્યું, 'સાચો હીરો તમે રાખો, ખોટો ભલે અમારી પાસે રહે. તમે નકામી - બેફામ વાતો બોલો છો. અત્યારે તમને ચિત્તભ્રમ થઈ ગયો છે. ૨૭. પોતાના આગમ - શાસ્ત્રની વાત તમે કેટલીએ સંભળાવતા હતા. હવે તેને છોડી દઈને બીજી વાતને ચાહો છો. જેનું ચિત્ત ભ્રમી જાય તેનો ઉપાય હોતો નથી. ૨૮. કાકાને સત્સંગનો પાકો રંગ લાગ્યો હતો, તેથી શિષ્યોના ઉપર તેઓ ખીજાયા. તેથી તેણે શ્રીહરિની પાસેથી સંતોની એક અલફી માગીને તેને તરત જ પહેરી લીધી. ૨૯. અલફી ગળામાં નાખી અને સંતોના જેવા થઈ ગયા. બધા શિષ્યો તો દેખતા જ રહી ગયા. શિષ્યોએ શ્રીહરિને કહ્યું, આજે અમારે તમારી સાથે લડાઈ થઈ જશે. ૩૦. અમારા જે ગુરુ છે તેને તમે મોહિત કરી દીધા છે. તમે તો અમારા ગામની લાજ લીધી; આને લીધે તો ઘણો મોટો ઝઘડો થાશે. ૩૧.

ત્યારે શ્રીહરિએ તે લોકોને કહ્યું, 'જો તમને દુઃખ લાગતું હોય તો તમે અમારાથી કાયમ વિમુખ રહો. આમ કહીને તે કાકા ગુરુને સમજાવીને પરાણે મનાવ્યા અને તેની ભગવી અલફી ઉતરાવી. ૩૨. ત્યારે લોકોના દેહમાં પ્રાણ આવ્યા. પછી મહાસુખધામ શ્રીહરિ ત્યાંથી તરત ચાલ્યા અને **બોચાસણ** ગામ આવ્યા અને ત્યાં રહ્યા. ૩૩. કાશીદાસ નામે ત્યાંના પાટીદારને ઘેર શ્રીહરિ રોકાયા. તેમને શ્રીહરિના ઉપર ઘણો જ ભક્તિભાવ હતો. તે મુખથી પૂરો કહી શકાતો નથી. ૩૪. પોતાના ઘર, બધી સંપત્તિ અને ધન સહિત પોતાનું શરીર પણ તેઓ જીવ્યા ત્યાં સુધી શ્રીહરિની સેવામાં બધું અર્પણ કરી દીધું હતું. ૩૫. માતા, પિતા, બંધુઓ અને બધો જ પરિવાર, શ્રીહરિની સેવામાં

જોડી દીધો હતો. જે કાંઈ વસ્તુ શ્રીહરિની સેવામાં ઉપયોગી ન બને, તો તેઓ તે વસ્તુનો તત્કાળ ત્યાગ કરી દેતા હતા. ૩૬.

રોણ ગામમાં જે વાત જેવી થઈ તે બધી શ્રીહરિએ બોચાસણમાં કાશીદાસભાઈ આગળ સાક્ષાત્ કહી. ૩૭. ત્યારે કાશીદાસભાઈએ શ્રીહરિની સન્મુખ હાથ જોડ્યા અને કહ્યું, મહારાજ ! આપનો પ્રતાપ તો અપાર છે. આપની આગળ બીજા અણુંનો શો ભાર ? ૩૮. **અક્ષરના એક એક રોમમાં અનંત બ્રહ્માંડો અણું જેમ આકાશમાં ઊડે છે તેમ ઊડતા ફરે છે, છતાં તે કોઈની નજરે ચઢતા નથી. એવા અનંત અક્ષર આપના એક રોમમાં સમાઈને રહે છે. તો આપ ક્યાં ? અને સાધારણ જીવ ક્યાં ? આવું આપના એકાંતિક ભક્તો કહે છે. ૩૯-૪૦.**

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'પીરાણાના કાકાને શ્રીહરિએ અલફી પેરાવી અને પછી બોચાસણ આવ્યા' એ નામે પંચાવનમો તરંગ સમાપ્ત ॥૫૫॥



પૂર બારમું : તરંગ - ૫૬

બોચાસણથી સત્સંગમાં વિચરતા શ્રીહરિ કૌકા સુધી આવ્યા

બોચાસણ ગામના બધાં ભક્તોને દર્શન દીધાં. જ્યારે ત્યાંથી ચાલ્યા ત્યારે કાશીદાસભાઈના રથમાં બેઠા. ૧. શ્રીહરિ **સુંદરણા** ગામ આવ્યા. ત્યાં હરિભક્તોને દર્શન દીધાં અને ત્યાંથી **ઊંટવાડા** આવ્યા ત્યારે દિવસ થોડો જ બાકી હતો. ૨. ઊંટવાડામાં જોઈતા પગી સત્સંગી હતા, તેને દર્શન દઈને શ્રીહરિ ચાલતા થયા, ૩. તે **બુધેજ** ગામ આવ્યા. ત્યાંના બધાં હરિભક્તો શ્રીહરિની સન્મુખ આવ્યા. તેમને એટલો બધો આનંદ થયો કે, તે મુખથી કહી શકાતો નથી. ૪. ખોડાભાઈ અને તેજાભાઈ વગેરે બધાં જ હરિભક્તો પગે લાગ્યા. મનમાં ઘણો જ ઉમંગ હતો. ૫. સહુ હરિભક્તો શ્રીફળ વગેરે જે જે ભેટ લાવ્યા હતા, તે શ્રીહરિની આગળ ધર્યું. તે વખતે સંધ્યા ટાણું થઈ ગયું હતું તેથી ઘણી જ મશાલો કરાવી.૬.

ઢોલ, ભૂંગળ અને રણશીંગી જેવા વાજિંત્રો સુંદર રીતે વાગવાં લાગ્યાં. હરિભક્તો તો અતિ પ્રેમમગન થઈને કીર્તન ગાવા લાગ્યા. ૭. બુધેજ ગામના બધાં જ લોકો બજારમાં આવીને ઊભા હતા. શ્રીહરિ નજીક આવે ત્યારે વારે વારે પગે લાગતા અને મુખથી 'જય જય' 'જય જય' આવો જયઘોષ કરતા હતા. ૮. જેનાં હૃદયમાં અત્યંત ભાવ ઊભરાતો, તેઓ તો 'અમને દર્શન દેવા આપ ભલે પધાર્યા' એમ કહીને ભાવથી હાથમાં લીધેલા શ્રીફળને ચરણ આગળ ભેટ મૂકતા અને પગે લાગતા. ૯. દરબાર ખોડાભાઈનો પરિવાર સત્સંગમાં ઘણો મતવાલો હતો. શ્રીહરિ તેને ઘેર ઊતર્યા હતા. એક સુંદર પલંગ બિછાવી દીધો હતો. ૧૦.

બુધેજ ગામમાં જે હરિભક્તો હતા, તે બધાં શ્રીહરિની સેવામાં લાગી ગયા. શ્રીહરિએ દર્શન દઈને બધાં ભક્તોના સમગ્ર મનોરથોને પૂરા કર્યા. ૧૧. પછી શ્રીહરિ બુધેજથી ચાલ્યા, તે **મોરજ** ગામ આવ્યા. ત્યાંના ગોકુળદાસ ગઢવીને ઘેર આવીને રહ્યા. ૧૨. ત્યાં પાટીદાર, ઠક્કર અને બારોટ જ્ઞાતિના પણ હરિભક્તો હતા. પોતપોતાની સમજણ પ્રમાણે સહુ હરિભક્તો સેવા કરતા હતા. ૧૩. મોરજમાં એક રાત રહ્યા. બીજે દિવસ ત્યાંથી ચાલ્યા, તે **સીંજીવાડા** ગામ આવ્યા. ૧૪. ત્યાં જગરૂપ નામે બારોટ હરિભક્ત હતા. તેનો ઘણો જ ભક્તિભાવ જોઈને શ્રીહરિ તેને ઘેર ઊતર્યા. ૧૫.

સીંજીવાડા ગામમાં પાટીદાર હરિભક્તો હતા, તે ઘણા સમૃદ્ધ હતા. ઠક્કર(લોહાણા) હરિભક્તો સ્વભાવે ઉદાર હતા. બીજા બારોટ અને પગી પણ ઘણા હરિભક્ત હતા. ૧૬. ગામમાં જે જે હરિભક્તો હતા, તે બધાં હરખતે હૈયે શ્રીહરિની સેવા કરતા. ત્યાંથી ચાલેલા શ્રીહરિ **પરિયજ** ગામ આવ્યા. ૧૭. ત્યાં બારોટ હરિભક્તો હતા, આવીને તેમને દર્શન આપ્યાં. પછી ત્યાંથી ચાલ્યા તે ઘનશ્યામ શ્રીહરિ **દોઘારી** ગામ આવ્યા. ૧૮. ત્યાં હમીરજી નામે હરિભક્ત રહેતા હતા, તેને દર્શન દઈને **ખડે** ગામ આવ્યા. ત્યાંના પાટીદાર હરિભક્તો સમૃદ્ધિવાળા અને ઘણા બુદ્ધિમાન હતા. ૧૯. વાલાભાઈ નામે હરિભક્ત પાટીદારને ઘેર શ્રીહરિ ઊતર્યા. તેઓ ગામના મુખી - પટેલ હતા. ગામમાં તેનો અધિકાર અને રુઆબ ઘણો સારો હતો. ૨૦.

પાટીદાર વાલાભાઈને શ્રીહરિ ઉપર હેત ભરપૂર હતું. તે હેતને લીધે તેના દિલમાં વૈરાગ્ય ઘણો રહેતો. ખડેમાં બીજા ક્ષત્રિયો હરિભક્ત થયા. તેમણે બધાં વ્યસન અને ફેલ છોડી દીધાં હતા. ૨૧. ખડેની બાજુમાં **મોટા કલોદરા** ગામ છે. અવિનાશી શ્રીહરિ ત્યાં આવીને રાત રહ્યા. ત્યાંથી આગળ સાબરમતી નદી આવી ગઈ, તે નદીને કાંઠે જે બધા ગામ છે તે ઘણાં સુંદર અને સુશોભિત છે. ૨૨. જેટલા ગામ નદીને કિનારે હોય તે શ્રીહરિને બહુ ગમતા. જ્યાં પર્વત, વન-વૃક્ષ અને નદીનો કિનારો ઘણો જોરદાર હોય, શ્રીહરિ તે સ્થળે અવશ્ય રોકાતા. ૨૩. શ્રીહરિ સાબરમતી નદીને ઊતરીને **કૌકા** ગામ આવ્યા. ત્યાં બધા વાઘેલા ક્ષત્રિય હરિભક્ત હતા. તેમનો સત્સંગ ઘણો દઢ અને બળિયો હતો. ૨૪. મોટા નામથી કહેવાતા વિપ્રને ઘેર શ્રીહરિ ઊતરીને રાત રહ્યા. પછી તો બે ત્રણ દિવસ સત્સંગની વાતો કરી. ૨૫. ત્યાં મુસલમાન લોટિયા વોરાનું બહુ જોર હતું. એટલે કાચા-પોચા હરિભક્તનું કાંઈ ઠેકાણું રહેતું નહિ. ૨૬.

શ્રીહરિ જ્યારે ત્યાં આવતા, ત્યારે કૃપા કરીને ભક્તોની આગળ સત્સંગના બળની અતિ વાતો કરતા અને વિગત પાડીને સહુને કુસંગ દેખાડતા. ૨૭. શ્રીહરિની વાતોના અતિશય પ્રતાપને જોઈને કેટલાક વોરાઓ પ્રભાવિત થઈ સત્સંગી થયા. અને કેટલાક વોરા શ્રીહરિનો પ્રતાપ જોઈને સત્સંગી થયા. ૨૮. જ્યારે શ્રીહરિ વાતો કરતા ત્યારે તેમાં પ્રતાપ બહુ જ જણાવતા. કોઈપણ જાતિના કે કોઈપણ મત - પંથના માણસ હોય, તેઓ ત્યાં આવીને શ્રીહરિની વાતો સાંભળવા બેસતા. ૨૯. શ્રીહરિની મૂર્તિમાં નજર ઠેરાવીને જો કોઈ ધ્યાન દઈને શ્રીહરિની વાત પ્રેમેયુક્ત લગાર પણ સાંભળે, તો શ્રીહરિની વાત શ્રોત્ર અને નેત્ર દ્વારા તરત જ જીવનમાં ચોંટી જતી. ૩૦.

જ્યાં સુધી ભગવાનમાં પ્રેમ ન થાય ત્યાં સુધી સત્સંગ થાતો નથી. જ્યારે શ્રીહરિમાં જે પ્રકારે પ્રેમ થાય તે અનુસારે વાતો કરવામાં આવે, ૩૧. ત્યારે લોકોને સત્સંગ થાય છે. તે પ્રમાણે વાત કર્યા વિના ક્યારેય સત્સંગ થાય નહીં. સંતોની અને હરિભક્તોની શુભ રીતિને દેખીને તેમાં જેને પ્રીતિ થાય છે, એવા પ્રેમવાળાને જ સત્સંગ થાય છે. પ્રેમ વિના કોઈને સત્સંગનો રંગ લાગતો નથી.

પછી શ્રીહરિએ તે ગામના મોટા મોટા જે હરિભક્તો હતા તેમને બોલાવ્યા અને તે સહુને કહ્યું, દેશકાળની અનુકૂળતા જોઈને અમે યજ્ઞ કરીએ છીએ. પછી જે ગામમાં વિષ્ણુયાગ કરીએ છીએ ત્યાં અમારે અનાજમાં ઘઉંની ઘણી જરૂર પડે છે. અમારે જોઈએ તેટલા ઘઉં ભેળા કરવાની અમને હિંમત રહેતી નથી. ૩૨-૩૪. જો તમે બધા કૌકાના ભક્તો અમને તે બાબતમાં મદદ કરો તો અમે યજ્ઞ કરવાનું નક્કી કરીએ. ખંભાતના અને બારાના હરિભક્તોએ અમને કહ્યું છે કે, જેટલો ગોળ જોઈએ તેટલો અમને કહેવડાવજો. ૩૫.

તેઓ જ્યારે અમે કહેશું ત્યારે જરૂર ગોળ લાવશે. તેઓ બધા તો અમારી રાહ જ જોઈ રહ્યા છે. દંઢાવ્ય દેશ(ઉત્તર ગુજરાત)ના કણબી પટેલો સારા હરિભક્ત થયા છે. ૩૬. તેઓ અમારે જેટલું જોઈએ તેટલું ઘી પહોંચાડી દેશે. ચોખા ઘણા મળશે અને તુવેરની દાળ પણ ઘણી મળી રહેશે. ૩૭. ઘઉંની જે કિંમત થશે તે અમે ભાડા સાથે આપશું. પણ ઘઉં મોકલવાની સેવા અમારા વચનથી તમારે કરવાની છે. ૩૮. ત્યારે ત્યાં જેટલા હરિભક્તો બેઠા હતા તેઓ સહુ હાથ જોડી બોલ્યા કે, આપ જેટલા કહેવડાવશો તેટલા ઘઉં અમે જ્યાં કહેશો ત્યાં તરત પહોંચાડી દેશું. ૩૯. ત્યારે શ્રીહરિ સહુ ઉપર ખૂબ જ રાજી થયા અને સહુની છાતીમાં ચરણારવિંદ આપ્યા. પછી શ્રીહરિ બોલ્યા, હવે આપણે જઈને જરૂર યજ્ઞ કરશું. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'બોચાસણથી સત્સંગમાં વિચરતા શ્રીહરિ કૌકા ગામ સુધી આવ્યા' એ નામે છપ્પનમો તરંગ સમાપ્ત ॥૫૬॥



પૂર બારમું : તરંગ - ૫૭

શ્રીહરિએ સત્સંગમાં મહિમાનું ગૌરવ અને નારીજીવનની કમજોરી કહી

કૌકાના સહુ હરિભક્તોએ હાથ જોડ્યા અને શ્રીહરિને કહ્યું, આપ દયાળુ અતિશય કૃપા કરીને અમારે ગામ પધાર્યા. બહુ સારું થયું. ૧. યજ્ઞની સેવાને નિમિત્તે પણ આપે અમને સેવા કરવા લીધા. અત્યારે અમારા ધન્યભાગ્ય છે, તેને મુખથી કહી શકાતા નથી. ૨.

યુગોયુગમાં જે આપની એક દિવસ પણ સેવા કરે છે, તે પણ અત્યંત પ્રસિદ્ધ થઈ જાય છે. ૩. આપનાં ચરણોનાં આશરે આવ્યા વિના કદાચ કોઈ કરોડો યજ્ઞ કરે, તો તેની કીર્તિ કોઈ દિવસ આપના શરણની તુલનામાં એક તલભાર પણ થાતી નથી. ૪. આપ જે યજ્ઞ કરશો, તેમાં જે સેવામાં ઉપયોગી બનતા ઘઉં, ચોખા, તુવેર ઈત્યાદિના કણ કણમાં અપ્રકટપણે, અછેદ્યપણે, અભેદ્યપણે, અજર, અમર અને અખંડ ચૈતન્ય શક્તિયુક્ત જીવ રહ્યાં છે. તેમાંથી જ બધાં કણ અને ફળ વગેરે રચાય છે. ૫-૬.

જે જીવ મનુષ્યદેહને પામે છે તેના જીવનનિર્વાહને માટે તે અન્નાદિ રચ્યા છે. પશુઓમાં અને પક્ષીઓમાં કેટલાક અહિંસક જીવનવાળા છે. ૭. તેમને માટે પણ તૃણ-ઘાસ, ફળ, મૂળ અને કંદ પરમેશ્વરે પુષ્કળ પ્રમાણમાં રચ્યા છે. તે બધાને નિષ્પાપ વૃત્તિના રૂપમાં રચ્યા છે. તેમાં પાપ તો લેશમાત્ર પણ રહ્યું નથી. ૮. એવા બધાં જે જીવ છે, તેઓ તે તે દેહને તજીને સત્સંગમાં અવતરશે. તે જ્યાં સુધી આપની મરજી હશે અને ભૂમિ ઉપર સત્સંગ હશે ત્યાં સુધી અવતરશે. (માટે યજ્ઞમાં જે અન્ન-કણ વપરાશે તેના જીવનું કલ્યાણ થાશે.) ૯. આવી વાત વિપ્ર(કૌકાના જીવરામ જાની) મોટાએ સાક્ષાત્ શ્રીહરિવરની સન્મુખ કહી. ત્યારે શ્રીહરિએ કહ્યું, **મહિમા વિના સત્સંગ સમજાતો નથી.** ૧૦.

✻ સત્સંગનો મહિમા :

चोपाई :

सत्संग को हे महिमा अपारा, शेषादिक न पावत हि पारा;
ज्युं ज्युं करे सत्संग हि जेही, दिन दिन बडता पावे तेही...११
सत्संग करत महिमा न पाये, ताके साधन सब वृथा कहाये;
महिमा विन मेरु सम होवे, महिमा वारे तेहि अणु सम जोवे...१२

સત્સંગનો મહિમા તો અપાર છે. શેષ આદિક પણ તેનાં પારને પામી શકતા નથી. જેમ જેમ વધારે સત્સંગ કરે તેમ તેમ તે દિનપ્રતિદિન વધારે મોટાઈને પામે છે. ૧૧. સત્સંગ કરવા છતાં જો તેને મહિમા ન સમજાય,

તો તેણે કરેલા બધા જ સાધન વ્યર્થ કહેવાય છે. મહિમા વગરના સાધન મેરુ સમાન હોય, તોપણ મહિમાવાળા તેને અણું સમાન જુએ છે. ૧૨.

दोहा : कोटान कोटीक मछर हि, कहाँ गरुड ही एक;
ताकी तुलता नहीं पाव हि, मछर होय भले अनेक...१३
हरिजनकु हरिजन पर, परस्पर नहीं हेत;
साधन करे अपार हि, रतीभर फल न देत...१४

કરોડોની સંખ્યામાં મચ્છર ક્યાં ? અને એકલા ગરુડ ક્યાં ? મચ્છર અનેક હોય છતાં તેઓ ગરુડની તુલનામાં આવતા નથી. ૧૩. હરિભક્તોને મહિમા સમજીને જો પરસ્પર હેત ન હોય, તો તેના કરેલાં અપાર સાધન તેને એક રતીભાર પણ ફળ આપતાં નથી. ૧૪.

❋ મહિમા :

શરીરના બીજા અંગો અપાર નિરોગી હોય પણ એકમાત્ર શ્વાસ બંધ થઈ જવાનો રોગ હોય, તો બીજા અંગો તેમાં શી મદદ કરે ? ૧૫. મહિમા શ્વાસ કહેવાય છે અને તેથી તે મહત્ત્વપૂર્ણ ગણાય છે. અને અનંત સાધન શરીરના અંગ કહેવાય છે. જો શ્વાસરૂપ મહિમાનો નાશ થાય તો પછી મેરુના સમાન સાધનો હોય તોય શું ? ૧૬. **ગોલોક અને નિરવધિ અક્ષરધામ તે બધા મહિમામાં રહ્યા છે. મહિમા રસ છે અને બીજા સાધન કૂચા છે. પણ માયિક જીવને રસરૂપ મહિમા રુચતો નથી. તેને તો સાધન જ રુચે છે. ૧૭. જેમ છાણનો ગીંગો છાણમાં લોભાઈ જાય છે, તેમ જે માયિક જીવો છે તે માયિક પંચવિષયને દેખીને તેમાં લોભાઈ જાય છે. ૧૮.** ગધેડાંની જાત કૂચાને દેખીને લોભાઈ જાય છે. મહિમા તો ચિંતામણિ, કલ્પતરુ અને કામધેનુના સમાન છે. ૧૯. પણ જે બાળક હોય તે તેનો મહિમા જાણે નહીં. તે તો ચિંતામણિ વગેરે કરતાં પણ બોરને અધિક માને છે. **જીવ જ્યાં સુધી પંચવિષયમાં લોભાય છે ત્યાં સુધી તે (કુચારૂપ) સાધનને યોગ્ય છે અર્થાત્ સાધન અવસ્થામાં છે.** ૨૦.

અધિકારી વિના અમાપ વાત ભલે સુખકારી હોય, છતાં તેને દુઃખદાયક થાય છે. જગતમાં પરીક્ષિતના જેવો કોઈ કહેવાય નહિ, તેણે કળિયુગને પણ અતિ કંપાવી દીધો હતો. ૨૧. જ્યારે શુકદેવજી શ્રીકૃષ્ણ ભગવાનના અગાધ

અને નિર્દોષ ચરિત્રોને કહેવા લાગ્યા, ત્યારે પરીક્ષિતને તેમાં સંશય થયો. તેથી કથા સાંભળીને તરત જ પ્રશ્ન પૂછ્યો. ૨૨. શ્રીકૃષ્ણ ભગવાન ધર્મનું સ્થાપન કરવા માટે પ્રકટ થયા હતા. છતાં તેમણે અધર્માચરણ કેમ કર્યું ? હે મુનિવર ! આપ નિપુણ છો મને તે સમજાવો. ૨૩. ત્યારે શુકદેવજીએ કહ્યું, રાજા, તમે ચિત્ત દઈને સાંભળો. હું અતિ સુખકારી વાત કહું છું. કોઈ પણ વાત, તેની પાત્રતા વિના સારી લાગતી નથી. ૨૪. શ્રીરઘુનાથજીના ભક્તો વિભીષણ, ભરત આદિ અને સીતાજી વગેરે ઘણા બુદ્ધિશાળી થયા હતા. ૨૫. પણ ભરતજી અને હનુમાનજી, એ બે મહિમા સમજવામાં અધિક હતા. જે ભક્ત જેવા હોય, તે તેનાં ચરિત્ર કહેવામાંથી જણાઈ આવે છે. ૨૬.

શ્રીકૃષ્ણના ભક્તો પણ ગોપીઓ, ગોવાળો, અક્રૂર, પાંડવો અને ઋષિપત્નીઓ વગેરે બધાં ભક્તિમાર્ગમાં સમર્થ થયા છે. ૨૭. પણ ઉદ્ધવજી અને દ્રૌપદી તો સહુથી અધિક ભક્ત થયા. તેમની તુલનામાં કોઈ ન આવે. તે વાત ભાગવતમાં કહી છે. ૨૮.

कठिन में कठिन बात हे एता, जथार्थ महिमा जानना तेता;
रात दिन भेगे रहे हि जोउ, दिन दिन महिमा अधिक रहे सोउ...२९
श्रीहरि कहे सत्संग मांहीं, अब वेर भक्त केते रहाही;
एसे भक्त हित वारवारा, सत्संग में फिरी किन निरधारा...३०

કઠણમાં કઠણ વાત તો એટલી જ છે કે, યથાર્થ રીતે મહિમાને સમજવો. વળી શ્રીહરિએ કહ્યું, રાત-દિવસ સાથે રહેતા હોવા છતાં પણ રોજબરોજ મહિમા અધિક વધતો જ રહે એવા અત્યારે ઘણાય હરિભક્તો આ સત્સંગમાં છે. તેવા ભક્તોને માટે થઈને જ વારંવાર સત્સંગમાં ફરવાનો અમે નિર્ધાર કર્યો છે. ૨૯-૩૦.

❋ વાણી બોલવામાં વિવેક રાખવો :

સીતા અને રાધિકાના સમાન ભક્ત કોઈ નથી. કારણ કે, તેઓ તો ભગવાનની અર્ધાંગનાઓ છે. રામચંદ્રજી અને શ્રીકૃષ્ણની જેટલી મોટપ કહેવાય છે તેટલી જ મોટપ સીતા અને રાધાની છે. ૩૧. રામ અને કૃષ્ણનું જેવું ભજન થાય છે, તેવું જ ભજન સીતાનું અને રાધાજીનું પણ થાય છે.

જે કોઈ મંદિરમાં ભગવાન રામચંદ્રજીની મૂર્તિ પધરાવાતી હોય છે, ત્યાં સતિ સીતાજીની મૂર્તિ પણ તેમની જોડે ને જોડે જ હોય છે. તે સીતારામનાં મંદિર કરોડો થયા છે. તે રીતે જ શ્રીકૃષ્ણ ભગવાનનાં મંદિર પણ રાધિકાજી વિનાના હોતા નથી. ૩૨-૩૩. સીતાજી અને રાધિકાજીને બે-ત્રણ વખત વચનમાં ઘણો દોષ આવી ગયો હતો. જો ઈર્ષ્યા અને ક્રોધ ન આવે તો નારીના સમાન કોઈ પ્રેમી હોતું નથી. ૩૪. જ્યારે નારી જાતિમાં ઈર્ષ્યા કે ક્રોધ આવી જાય છે, ત્યારે તે નહિ બોલવાની વાત બોલી નાંખે છે અને ચલાવે છે. તે બોલવાથી ભલે બીજાનું મોત થાતું હોય, પણ નારી તેને વિચારીને જોતી નથી. ૩૫.

હરિભક્ત નારીઓમાં બીજા ગુણો તો અપાર છે, પણ અમે તો નારીના ક્રોધથી રાત-દિવસ ડરતા રહીએ છીએ. ૩૬. સ્ત્રીઓની બોલી સહજભાવે બીજાને હઠાવવા-પાછા પાડવા માટેની હોય છે. પરંતુ તેના બોલવાથી જો સામો માણસ લાજ-શરમવાળો હોય તો તેનું મોત થાય છે. ૩૭. **જે હરિભક્ત પુરુષો છે તેઓ નારીઓના ક્રૂર વચનોને સહન કરે છે, તેથી અમે તો તેમને ધન્યવાદ આપીએ છીએ. ૩૮. રામાયણમાં સીતાજીનાં વચન છે તેને સાંભળીને અમને નારીનો ડર લાગ્યો. તેથી અમે ઘરનો ત્યાગ કરીને વર્ણી થયા છીએ. ૩૯.**

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'શ્રીહરિએ સત્સંગમાં મહિમાનું ગૌરવ અને નારીજીવનની કમજોરી કહી' એ નામે સત્તાવનમો તરંગ સમાપ્ત ।।૫૭।।



પૂર બારમું : તરંગ - ૫૮

કૌકાથી જેતલપુર આવીને શ્રીહરિએ યજ્ઞ શરૂ કર્યો

કૌકામાં શ્રીહરિએ વળી આગળ વાત કહી, અમે અયોધ્યાપુરીમાં પાંચ વરસ રહ્યા ત્યારે રામાયણ સાંભળ્યું હતું. ૧. અયોધ્યાપુરીમાં અપાર મંદિર છે. ઠેકઠેકાણે વૈરાગી સાધુઓ રામાયણની કથા કરતાં હોય છે. ૨. જ્યારે જ્યારે આરતી થાય ત્યારે ત્યારે અતિ અદ્‌ભુત શોભા થાતી હોય છે. ઘણાં વાજિંત્રો વાગતાં હોય છે. તેનાથી અયોધ્યાપુરી શોભતી હોય છે. ૩.

બધા જ મંદિરોમાં હનુમાનગઢીનું મંદિર વધારે સારું અને મોટું કહેવાતું હતું. હરેક મંદિરે દર્શન કરવા જવાનો અમારે નિયમ હતો. ૪. મંદિરમાં જે વેરાગી સાધુ રહેતા તે અમારી વૃત્તિ(વર્તન)ને દેખીને અમારા ઉપર વારંવાર હેત દેખાડતા હતા. બધા સાધુ ઘણાં નિષ્કામી હતા. ૫.

દરેક મંદિરમાં અમને પાંચ પાંચ પતાસા પ્રસાદીના નિત્ય ઉમંગથી આપતા. અમે ક્યારેય માગતા નહિ. અમારો ઘરથી જ એવો સ્વભાવ હતો. ૬. સીતાના વિયોગવાળી રામની કથા હું જ્યારે સાંભળતો ત્યારે ઘરમાંથી ઉદાસ થઈ જાતો હતો. ઘર છોડી દઉં તો માતા અને પિતાને બહુ દુઃખ થાશે, આવું વિચારીને હું ઘરમાં રહ્યો હતો. ૭. આવો વિચાર કરતાં કરતાં માતા અને પિતાનો દેહાંત થઈ ગયો. મોટા ભાઈ રામપ્રતાપજી અમારાં ઉપર બહુ જ હેત રાખવા લાગ્યા. ૮. અમને એક પળવાર પણ છૂટા પડવા દેતા નહિ. ઘણા પ્યારથી અમને સાથે ને સાથે જ રાખતા. તેઓ એવું મનમાં માનતા કે, રખે ને ! કોઈ વેરાગી સાધુ અમને ભરમાવીને પોતાની પાસે રાખી લેશે. ૯. વેરાગીની બીક રહેતી હતી તેથી તેઓ અમને છોડીને ક્યારેય દૂર જાતા નહિ. અમને પણ પુર-ગામ અને ઘર કરતાં વન વધારે પ્રિય લાગવા માંડ્યું. ૧૦.

રામ, લક્ષ્મણ અને સીતાજી વનમાં બાર ? (ચૌદ) વરસ રહ્યા. પાંડવો પણ કુંતાજી અને દ્રૌપદીની સાથે વનમાં રહ્યા હતા. ૧૧. નારદ, ધ્રુવ અને પ્રિયવ્રત વગેરે બધા જે રીતે વનમાં રહ્યા હતા, તેમ 'આપણે પણ વનમાં જઈને રહેવું' આવા મનોરથો મારું મન કરતું રહેતું. ૧૨. આમ મનમાં મનોરથ કરતાં કરતાં એક દિવસ અમે ઘેરથી ચાલી નીકળ્યા. યોગીરાજના જેવો વેષ ધારી લીધો અને ઘણા ભયંકર પર્વતો તથા વનોમાં અમે ફર્યા. ૧૩. જેટલાં સંસારનાં સુખો છે તેનો તથા ધન, નારી અને ખાન-પાન, એ બધાનો મનમાં ક્યારેય ઘાટ પણ થાતો નહિ. કેવળ તપ કરવાનું જ ધ્યાન રહેતું હતું. ૧૪. અમને તપ કરવામાં અને ધ્યાન કરવામાં અપાર રુચિ રહેતી. યોગ સાધવાનું નક્કી કર્યું હતું. કથા તથા કીર્તનમાં અમે રુચિ કરી હતી. ૧૫.

તપ, ધ્યાન, અષ્ટાંગયોગ, કીર્તન અને કથા, એ પાંચ જે કહ્યા તેનાં જ વિચાર મનમાં રાખતા હતા. તે સિવાયનાં બીજાં બધાં જ સાધન આ પાંચમાં

આવી જાય છે, એમ માન્યું. ૧૬. સત્સંગનું સંપૂર્ણ માહાત્મ્ય તો ઉદ્ધવજી જાણતા હતા અને અમે તો તેના કરતાં કરોડ ગણું વધારે સમજીએ છીએ. ૧૭. આટલી વાત કરીને શ્રીહરિ કૌકા ગામથી ચાલ્યા અને **જેતલપુર**માં આવ્યા. ત્યાં જે પોતાની જગ્યા(રહેવાનું સ્થાન) હતી ત્યાં આવીને ઊતર્યા અને મનમાં ઘણો જ હરખ છવાઈ ગયો. ૧૮. ગામમાં જે મોટા મોટા પાટીદાર હતા તે બધાને શ્રીહરિએ બોલાવ્યા. નાગર વૈદ્યને સાથે લઈને વિપ્ર આશારામ પણ આવ્યા. ૧૯. શ્રીહરિએ તે વિપ્રને કહ્યું, હવે ઉત્તરાયણને વચ્ચે એક જ રાત રહી છે. આ એક ગામના વિપ્રોને જમાડીએ તો કેટલુંક ઘી જોઈએ ? ૨૦.

વળી કહેતાં કહેતાં બોલ્યા, ફરતા બધા ગામના બ્રાહ્મણોને જમાડીએ તો કેટલું જોઈએ ? સરખેજ સુધીનાને જમાડીએ તો ? અરે, શ્રીનગરના બ્રાહ્મણોને પણ જમાડીએ તો ? આવું બોલતાં બોલતાં તો ત્યાં યજ્ઞ શરૂ કરાવી દીધો. વિદ્વાન વિપ્રોને બોલાવી લીધા. ૨૧. દેવ સરોવર પાસે જે મહેલ છે, ત્યાં જગ્યા પણ સુંદર અને વિશાળ છે. તેમાં યજ્ઞનાં કુંડ કરાવ્યા. હોમવા માટેના પરનાળા પણ સોનાનાં કરાવ્યા. ૨૨. યજ્ઞમંડપ ઘણો જ અમૂલ્ય બનાવ્યો. તેની તુલના કોઈની સાથે થાય નહિ. કેટલાક સ્તંભ તો સોનાના અને વિચિત્ર ભાતીગળ કરાવ્યા, જેનું વર્ણન થઈ શકતું નથી. ૨૩. સુવર્ણના કળશ કર્યા અને સોનેરી પતાકા ફરકાવી. તેથી તેની શોભા અથાગ થઈ. યજ્ઞ થાય છે તે જાણીને ચાર વેદના ચાર ઋષિઓ આવ્યા. ૨૪. તેમાં જે ઋષિ સામવેદી વિદ્વાન હતા સહુમાં તેને મુખ્ય આચાર્ય કર્યા. યજ્ઞના કુંડ પણ સામવેદને અનુસારે કર્યા. ૨૫.

વિપ્રે મનમાં ઘણા જ પ્રેમથી સામવેદમાં યજ્ઞ જે રીતે કરવાનો કહ્યો છે તે રીતે જ બધા વિધિ-વિધાનોને અનુસરીને યજ્ઞ શરૂ કર્યો. ૨૬. આ વિષ્ણુયાગ, શાસ્ત્રમાં કહેલી સર્વોત્તમ રીત પ્રમાણે આરંભ્યો હતો. તેને દેખીને જાણકાર વિપ્રો પણ વિસ્મિત થતા હતા. ૨૭. ઈંદ્ર અને વરુણ આદિ જે દેવો લોકપાળ કહેવાય છે, તે બધા વિપ્રનું રૂપ ધરીને મૂર્તિમાન થઈને તત્કાળ ત્યાં હાજર રહ્યા હતા. ૨૮. ભવ અને બ્રહ્મા આદિ જે દેવો છે, તેઓ બધા પણ બ્રાહ્મણનું રૂપ ધરીને મૂર્તિમાન ત્યાં આવ્યા હતા. જે ચાર વેદ કહેવાય છે તે

પણ ઋષિનું રૂપ ધરીને ત્યાં હાજર આવ્યા હતા. ૨૯. કુબેરની જે સમૃદ્ધિ કહેવાય છે, તે બધી પણ આ યજ્ઞમાં લાવીને હાજર રાખી હતી. અણિમા આદિ જે અષ્ટસિદ્ધિઓ કહેવાય છે તેઓ પણ દાસીઓના રૂપમાં આવી હતી. ૩૦.

મોટા દેવોની જે પત્નીઓ હતી તે પણ બધી પ્રેમાતુર ભાવથી આવી. સમૃદ્ધિ લાવીને ભેટના રૂપમાં બલિ રાજાએ અથવા તો બળવાન માણસોએ શ્રીહરિને સમર્પણ કરી. ૩૧. છતાં પણ લોકરંજન માટે શ્રીહરિએ ઘઉંના ગાડાં ભરાવ્યાં. શ્રીહરિજી મહારાજ, પોતે તે ગાડાં ઉપર બેસીને ઘેર ઘેર જતા હતા. ૩૨. ગામની ચારે વર્ણની સ્ત્રીઓ જે હતી, તે બધીને ત્યાં બોલાવી. અને શ્રીહરિએ તેમને કહ્યું, આજ તમારાં જેવું કામ આવી પડ્યું છે. એટલે અમે અવશ્ય આગ્રહ કરીને તમને સહુને કહીએ છીએ. ૩૩. હવે આ કામ કર્યા વિના ચાલે તેમ નથી. અત્યારે બધી વાતનો આધાર તમારા ઉપર જ રહ્યો છે. જેનું જે કામ હોય, તે તેનાથી જ થાય. અમને તે બાબતનો તમારો વિશ્વાસ છે. ૩૪. શ્રીહરિનાં આવા પ્રેમરસ નીતરતાં વચન સાંભળીને બધી સ્ત્રીઓ ત્યાં ક્ષણવારમાં તત્કાળ આવી. ૩૫.

જેને જેટલી શ્રદ્ધા હતી તેણે તે પ્રમાણે દળવાને માટે ઘઉં લીધા. (તેમાં જેતલપુરની પ્રસિદ્ધ વેશ્યા લક્ષ્મીબાઈએ પણ ઘઉં દળવા લીધા હતા.) મુખથી ભગવાનનાં ગુણ-કીર્તન ગાતાં ગાતાં આખી રાત તે સ્ત્રીઓએ ઘઉં દળ્યા. ૩૬. આમ ઘેર ઘેર આનંદ વ્યાપી ગયો. મંગળમય ગીતો ગવાતાં હતાં. બધા સમાજમાં વિવાહ કરતાં પણ કરોડ ગણો વધારે આનંદ-ઉત્સાહ છવાઈ ગયો હતો. ૩૭. માગશર વદિ પાંચમથી યજ્ઞનો આરંભ કર્યો હતો. તેમાં અઢાર દિવસ સુધી બધા વિપ્રો તાજે તાજા(નવીન) લાડુ સતત જમ્યા હતા. ૩૮. શ્રીહરિએ પત્ર લખીને તેડાવ્યા હતા, (તે પત્ર સમાધિવાળા સંતો દ્વારા દિવ્યરૂપે તત્કાળ બધે પહોંચાડ્યા હતા. કેટલાકને સ્વપ્નામાં શ્રીહરિએ પ્રેરણા કરી હતી.) તેથી દેશ દેશમાંથી સંતો આવ્યા અને દેશેદેશનાં અનંત હરિભક્તો પણ આવ્યા હતા. ૩૯. કેટલાક હરિભક્તો વાહનમાં બેસીને આવ્યા અને કેટલાક તો ચાલીને આવ્યા. હરિભક્તોનો ભાવ જોઈને શ્રીહરિ ખૂબ જ પ્રસન્ન થયા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'કૌકામાં માહાત્મ્યની વાત કહીને શ્રીહરિ જેતલપુર આવ્યા અને યજ્ઞ શરૂ કર્યો' એ નામે અઠ્ઠાવનમો તરંગ સમાપ્ત ।।૫૮।।



પૂર બારમું : તરંગ - ૫૯

શ્રીહરિએ જેતલપુરમાં ઉજ્જવળ અને અદ્‌ભુત વિષ્ણુયાગ કર્યો

શ્રીનગર(અમદાવાદ)ના કોટની ચારેબાજુ જેટલા ફૂલોના બગીચાઓ હતા. તેના ફૂલોના હાર બનાવીને માળી લાવતા હતા. ૧. હરિભક્તો તેની પાસેથી વેચાતા હાર લઈ આવીને શ્રીહરિને તે પહેરાવતા. તોરા, ગુચ્છ, બાજુબંધ અને ટોપી કરીને તેઓ લાવતા. ૨. જ્યાં યજ્ઞ થતો હતો ત્યાં જઈને શ્રીહરિ પાસે બેસતા. વિપ્રો વેદ મંત્રોનો ઉચ્ચાર કરતા હતા. તે સાંભળીને શ્રીહરિ ઘણું રાજી થતા હતા. ૩. વિપ્રો અને દેવો સાથે મળીને વેદમંત્રોનું ગાન કરતા હતા. ૪. દસ હજારથી લઈને વીસ હજાર સુધીના ફૂલહાર હરિભક્તો એકતાર-નિરંતર લાવતા હતા. તે લાવીને શ્રીહરિને ધરાવતા. નિત્ય નવા નવા ઉત્સવ છવાઈ જતા હતા. ૫.

શ્રીહરિ કેટલાક હાર વિપ્રોને આપતા ત્યારે તેઓ ઘણા ભાવથી ફૂલહાર લઈ લેતા. કેટલાક હાર સંતોને શ્રીહરિ પ્રેમથી આપતા હતા, અને કેટલાક હાર તેવી રીતે હરિભક્તોને પણ આપતા હતા. ૬. કેટલાક હારને લઈને મંડપમાં લટકાવી દેતા હતા. તેથી મંડપ પણ પ્રફુલ્લિત ફૂલબાગ જેવો લાગતો. એક પહોર(ત્રણ કલાક) સવારે અને એક પહોર સંધ્યા પછી રાતે સભા થાતી. ૭. તે સભાને મધ્યે સિંહાસન ઉપર શ્રીહરિ સુશોભિત રીતે બેસતા હતા. તે સિવાયના સમયમાં યજ્ઞશાળામાં જઈને વિપ્રોને દર્શન આપતા. ૮. સરોવર પાસેના કોટમાં અપાર વિપ્રો ચૂરમું તળીને તેના લાડુ ઘણા સારા બનાવતા હતા. શિયાળો હતો, એટલે લાડુમાં જેટલું સમાય તેટલું ઘી નાખતા હતા. ૯. ફરતા ગામ - વહેલાલ અને કણભાના જે હરિભક્તો હતા, તેઓ કાષ્ઠનાં ગાડાં ભરીને લાવતા અને ઘાસનાં પણ ગાડાં ભરીને લાવતા જેનો કોઈ પાર ન હતો. ૧૦.

ચોખા અને લોટના મોટા પર્વત જેવા ઢગલા કર્યા હતા. તે રીતે જ ગોળ, ઘી અને તુવેરની દાળના પણ પર્વત જેવા ઢગલા કર્યા હતા. તે રીતે માટીના નવા વાસણ પણ ઢગલા બંધ લાવ્યા હતા. ૧૧. જે સામાન લાવતા તેના અલગ અલગ ઢગલા કરાવતા હતા. બધા સામાનના ઉપર સંતોની ચોકી હતી. તે બધી વાત અલૌકિક દેખાતી હતી. ૧૨. સામાનની દેખરેખ રાખનારા જે જે સંતો અને હરિભક્તો જ્યાં જ્યાં હતા, ત્યાં ત્યાં જઈને શ્રીહરિ તેમને પણ દર્શન દેતા હતા. ૧૩. વારેવારે તેમને પૂછતા, સામાન કેટલોક છે ? કોઈ સામાન ખૂટે તેમ હોય તો કહેજો, વાત છાની રાખતા નહિ. ૧૪. જે વિપ્ર હરિભક્ત હતા તેમને રસોઈ બનાવવામાં આગેવાન કર્યા હતા. સત્સંગ સિવાયના વિપ્રો પત્રાવળી અને પડિયાને બનાવતા રહેતા. ૧૫.

ક્ષત્રિય હરિભક્તોને શ્રીહરિએ કહ્યું હતું કે, તમારે હથિયાર બંધ રહીને સંઘની ચોકી કરવા સતત ફરતા રહેવું. ૧૬. ચોકી કરવા માટે વારાફરતી ત્રણ-ત્રણ કલાકના અનુક્રમે રાતે અને દિવસે વારા ગોઠવી દીધા હતા. તે એકધારા ચોકી કરતા. હોશિયાર વણિક હરિભક્તોને ખર્ચ લખવા માટે ગોઠવી રાખ્યા હતા. ૧૭. જે જે સામાન ઉપર જે રહેતા, તેઓ તેનો ખર્ચ લખી રાખતા અને જે મયારામ ભટ્ટ હતા, તેને જ સહુના મુખ્ય ધણી કર્યા હતા. ૧૮. તેમને માલિક(હિસાબ-કિતાબ ખાતાના ધણી) કરીને શ્રીહરિએ સોનેરી છેડાની પાઘ બંધાવી. સોના ચાંદીની દોત(શાહીનો ખડિયો) ધણીને અપાવી. ૧૯. વળી, શ્રીહરિએ રેશમી કોરની બે ધોતી પહેરવા માટે આપી. અને બુટ્ટાદાર શ્વેત જામો ધર્મકુમારે તેમને પહેરાવી દીધો. ૨૦.

ભટ્ટજી નાતે વડનગરા નાગર હતા. ધન અને નારી બાબતે તો તેઓ અતિ શુદ્ધ હતા. મહાનૈષ્ઠિક વ્રતને ધારી રહેલા અને ભારે વિષયના ત્યાગી હતા. ૨૧. શ્રીહરિએ મયારામ ભટ્ટની પાસે ચાર પાર્ષદ કામકાજમાં મદદ માટે રાખ્યા હતા. તેઓ જરૂર પડે ત્યાં દોડીને જાતા અને અતિ હરખથી તે કામ કરી આવતા. ૨૨. જેતલપુરના હરિભક્ત અમીન પાટીદારોને અનિયંત્રિત લોકોના અંકુશ માટે શિરદાર કર્યા હતા. કોઈ તોફાની તોફાન કરવા આવે,

તો તેનું તરત જ માનભંગ કરી નાંખતા. ૨૩. જેટલા સેવા કરવામાં હોશિયાર ખેડૂતો હતા. તેમને કેટલાકને પાણી ભરવા માટે રાખ્યા હતા. તેઓ જલ્દી જલ્દી ગાડાં ઉપર પાણી ભરી લાવતા હતા. વાર લગાડતા નહીં. ૨૪. જે સુતાર હરિભક્તો હતા તેઓ લાકડાંને ચીરતાં-ફાડતાં હતાં અને કેટલાક તો તંબુમાં કામ લાગે તેવી મેખો બનાવતા હતા, તે બધાં રસોડે જમતા હતા. ૨૫.

બધી સત્સંગી બાઈઓ અનાજને સાફ કરતી. કેટલીક ઘંટી ચલાવીને અનાજ દળતી. સહુ સેવા કરવા લાગી ગયા હતા. ૨૬. જે બાઈઓને રુક્મિણી વિવાહ આદિના ધોળ ગાતા આવડતા હતા, તેઓ દસ વીસ મળીને ગાતી હતી. અને કામકાજ કરતાં કરતાં પણ ઠેકઠેકાણે તેમની ગર્જના સંભળાતી હતી. ૨૭. કેટલીક હરિભક્ત બાઈઓ પ્રેમરસથી યુક્ત થઈ લોટ ચાળતી હતી. જે વિપ્ર બાઈઓ હતી તે બધી મળીને પાપડ વણતી હતી. ૨૮. સત્સંગી બધી બાઈઓમાં જેતલપુરના ગંગાબાઈ અને નડિયાદના રેવાબાઈ મુખ્ય ગણાતા. તેઓ બાઈઓમાં પરસ્પર કલહ થવા દેતા નહિ. ૨૯. તેઓ વિરજા અને રાધિકાના કલહની વાતો કહીને સત્સંગી બાઈઓના કલહને તરત જ સમાવી-ટાળી નાખતી હતી, અને તેમને દ્રૌપદી અને સીતાજીના જેવો સ્વભાવ રાખવાનું શીખવાડતી. ૩૦.

વળી, જેટલી સત્સંગી બાઈઓ હતી તેમને પ્રતિદિન રુક્મિણીના જેવો સ્વભાવ રાખવાનું પણ શીખવતી હતી. કેમ જે, જે વ્યક્તિ જેવો સ્વભાવ શીખે છે, તેના જીવમાં તેવો પાશ લાગે છે. ૩૧. જેનાથી અપકીર્તિ થાય, એવો સંગ કે સ્વભાવને જુએ ત્યારે જે હરિભક્ત હોય તે તેવા સંગ અને સ્વભાવનો ત્યાગ કરે છે. અને સત્સંગના માર્ગમાં પ્રેમ કરે છે. ૩૨. તે ગંગાબાઈ અને રેવાબાઈ એવી તો અપાર વાતો કહેતી હતી અને તે સત્સંગી બાઈઓને તે વાતો પ્રિય લાગતી હતી. જેતલપુરના યજ્ઞમાં સંધ્યા સમય થાય ત્યાં સુધીમાં નિત્ય એક લાખ વિપ્રો જમતા હતા. ૩૩. જે વિપ્ર જ્ઞાતિની બાઈઓ હતી તેમનું જમવાનું પુરુષોથી અલગ હતું, એટલે કે બાઈઓ ભેળી જ તે બાઈઓ જમતી હતી. તેમ જ વિપ્ર પુરુષો પણ પુરુષ વિપ્રોની પંગતમાં બેસીને જમતા હતા. ૩૪. તૈયાર વાળેલા મોટા મોટા લાડુને જોઈને તો જમનારા વિપ્રોને

ઘણું આશ્ચર્ય થાતું હતું. વિપ્રો જમવા બેસે ત્યારે તેમને પીરસનારા પાંચ હજાર વિપ્રો પંગતમાં વારંવાર પીરસવા ફરતાં રહેતાં હતાં. ૩૫.

જ્યારે લાડુ પીરસાઈ રહે ત્યારે તે લાડુ ભાંગીને તેમાં ફરીવાર ઘી પીરસાતું હતું. જમનારા તે વિપ્રો જમતાં જમતાં મુખથી શ્રીહરિની કીર્તિ કહેતા હતા. ૩૬. તે વિપ્રો એવું પણ બોલતા કે, આ ભૂમિ ઉપર અપરમપાર મોટા મોટા રાજાઓ છે. અનેક કરોડોનું ધન તેમણે ભેળું કર્યું હોય છે, પણ તે ધન પુણ્યકાર્યમાં લગારેય વાપરતા નથી. ૩૭. **ધન ભેળું કરી કરીને તે અનંત રાજાઓ મરી ગયા છે. તેઓ ક્યારેય એવો વિચાર કરતા નથી કે, મર્યા પછી તે ધન મરનારાને માટે શા ઉપયોગમાં આવશે ? ૩૮. આ સ્વામિનારાયણ સ્ત્રી, ધનના ત્યાગી છે. તેમને ગામ કે ગરાસ કાંઈ જ નથી, છતાં તેઓ આવા અદ્‌ભુત યજ્ઞ કરે છે. ૩૯.**

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં ‘જેતલપુરમાં શ્રીહરિએ ઉજ્ઝ્વળ અને અદ્‌ભુત વિષ્ણુયાગ કર્યો’ એ નામે ઓગણસાઠમો તરંગ સમાપ્ત ।।૫૯।।

પૂર બારમું : તરંગ - ૬૦

વિપ્રોને મુખે લોકવાર્તા કહી અને યજ્ઞનું ખરું ફળ પણ કહ્યું

કેટલાક વિપ્રો એવું બોલતા કે, સિદ્ધ વિના આવું થઈ શકે નહિ. સ્વામિનારાયણ મનમાં જે જે ધારે છે, તેવું તે તરત જ કરે છે. ૧. જેટલા અધર્મરત રાજાઓ અને ધર્મગુરુઓ હતા અને એવી રીતના જે વિપ્રો હતા, તેમને શ્રીહરિનો સુયશ કે પ્રતાપ ગમતો નહિ. ૨. જે સનાતન ધર્મ, સનાતન ભક્તિ, સનાતન જ્ઞાન અને સનાતન વૈરાગ્ય છે. તથા જે ગ્રંથો સનાતન છે, તેને અનુસરીને જે ચાલતા હોય, તે આધુનિક અધર્મી લોકોને ન ગમે, તેનાથી તે મિથ્યા કેમ કહી શકાય ? અથવા તે મિથ્યા કેમ થાય ? ૩-૪.

જે જે લોકો સનાતન રીતનો ત્યાગ કરે છે તે તથા જે ચાર વર્ણના અને ચાર આશ્રમના લોકો અનાદિકાળથી ચાલતા આવતા સનાતન માર્ગથી

વિરુદ્ધ છે તે, તથા જેમાં કપટ ભર્યું હોય અને અધર્મ ભરપૂર હોય; એવાં તે ચાર વર્ણના અને ચાર આશ્રમના લોકો સુજ્ઞ મનુષ્યોથી છુપાઈને લોકોને ખૂણિયું જ્ઞાન આપતા હોય, અને ચાર વર્ણ અને ચાર આશ્રમના રહીને પણ છાની રીતે મદ્ય અને માંસને ખાતા-પીતા હોય, તેમજ જે છાની રીતે ચોરી અને વ્યભિચારને પણ કરતા હોય, તથા જે લોકો વર્ણાશ્રમી હોવા છતાં જાહેર રીતે કુમાર્ગે ચાલતા હોય, તે બધાં લોકો વર્ણ અને આશ્રમથી બહાર છે. ૫-૭. અને તેના ગુરુઓ તથા રાજાઓ જો સનાતન માર્ગ ઉપર ચાલનારા હોય તો જ તે સાચા અર્થમાં ગુરુ અને રાજા છે. જે સ્વયં રાજા તથા ધર્મગુરુ થઈને પણ સનાતન માર્ગ ઉપર ચાલતા નથી, તે તો નામમાત્રના જ રાજા ને નામમાત્રના ધર્મગુરુ છે. ૮. તેવા નામમાત્રના કહેવાતા રાજા અને નામમાત્રના કહેવાતા ધર્મગુરુને જોઈને તો નિત્ય અધર્મ વધતો જાય છે. જેટલા લોકો ધર્મને અધર્મના રૂપમાં દેખે છે તેટલા રાજાઓ અને ધર્મગુરુઓ અધર્મી છે. અને સુરીતને છોડીને લોકોને કુરીત બતાવે છે; એવાં જેટલા રાજાઓ કે ગુરુઓ હોય, તે ભલે વર્ણાશ્રમીઓ હોય છતાં તેઓને વેદોથી(વૈદિક પરંપરાથી) બહાર કહ્યા છે. ૯-૧૦.

સ્વામિનારાયણ તો એક સુરીતના રાજા છે, તેમની અનુપમ વૃદ્ધિ થાતી જ રહેશે. સુરીત વિનાના રાજા અને ગુરુઓનો રોજબરોજ સહજ વિનાશ થાતો જ રહેશે. ૧૧. યજ્ઞદેવ શુદ્ધ વિપ્રો દ્વારા એવું ફળ જણાવતા રહેશે. સાચા ગુરુ તો ઈશ્વરના પણ ઈશ્વર છે. તેઓ તો બ્રહ્માના રાજ્યને પણ તુચ્છ ગણે છે. ૧૨. સમર્થ ગુરુની દષ્ટિમાં ઈંદ્રનું રાજ્ય તુચ્છ છે, અને ચક્રવર્તી રાજ્યની તો કાંઈ ગણતરી જ નથી. સમર્થ ગુરુની સમજણ મોક્ષ પરાયણ જ હોય છે. પણ દેખવા માત્રથી સમર્થ ગુરુની સમજણ ખબર પડતી નથી. ૧૩. સમર્થ ગુરુને ઓળખ્યા વિના દુનિયામાં લોકો જેવી પોતપોતાની સમજણ હોય તે પ્રમાણે બોલ્યા કરે છે. ૧૪. જ્યારે જ્યારે ભગવાન પ્રકટ થાય છે, ત્યારે તેમનું જ્ઞાન વેદ, પુરાણો અને બધા ધર્મશાસ્ત્રોને ભણવાથી નથી થાતું. ૧૫.

જે ખપવાળા છે તેને માટે જ ભગવાન પ્રકટે છે. જેને ખપ નથી, તેની દષ્ટિ આગળ ભગવાન ફરતા હોય, તોપણ તે ઓળખે નહીં. ૧૬.

નારદ, શુકદેવ અને સનકાદિકોના જેવા સંતો અત્યારે પ્રકટ્યા છે. અને તેમના કરતાં પણ અધિક ધર્મવાળા છે, છતાં જેને ખપ નથી તેને ક્યારેય ઓળખાશે નહિ. ૧૭. જે અવતારોના સમયમાં ભક્ત થયા હતા, તે ભક્તોને ખપ વગરના લોકોએ તે વખતે પણ ઓળખ્યા ન હતા. જે જે તે અવતારોને મળ્યા છે તે આજે ધન્યભાગી કહેવાય છે. ૧૮. તે અવતારોથી અત્યારે આપણે શું અર્થ સરે ? એવું વિચારીને કોઈ લોકો જોતા નથી. વિદ્વાન કે અવિદ્વાન, ખપ વિનાના હોય તો તે બંને એકસરખા જ છે. ૧૯. વાનર મનુષ્યજાતિ નથી. જે જે વાનર રામચંદ્રજીને મળ્યા હતા, તેઓ કોઈ વેદને કે પુરાણોને લેશમાત્ર ભણ્યા ન હતા. આજના જેવા વાનર છે તેવાં જ તે પણ હતાં. ૨૦.

પરંતુ તે વાનરોએ રામચંદ્રજીને એક પોતાનું શરીર અર્પણ કરી દીધું હતું. તેનાથી તેઓ ઘણા ચતુર અને રાજાથી પણ શ્રેષ્ઠ કહેવાયા. બીજી બાજુ રાવણના જેવો કોઈ વિપ્ર કહેવાય નહિ. તે પુલસ્ત્ય ઋષિનો તો પુત્ર હતો. ૨૧. ચાર ધામ સુધીના ભારતવર્ષમાં રાવણના જેવો અન્ય કોઈ વિદ્વાન ન હતો. તેણે એક માત્ર રામચંદ્રજીને ન માન્યા, તેથી તે બધે જ ધિક્કારને પાત્ર થયો. ૨૨. તે એટલો બધો ભયંકર અધર્મી થયો, જે કહી શકાતું નથી. ભગવાન રામચંદ્રજીએ તેને બળજબરીથી માર્યો. જે જે તે રાવણનો પક્ષ લઈને આવ્યા, તે બધાની ગતિ પણ રાવણના જેવી જ થઈ હતી. ૨૩. રાવણના સગાભાઈ વિભીષણ હતા, તે મહાન ભક્ત કહેવાયા.

વળી, જે વખતે શ્રીકૃષ્ણાવતાર થયો ત્યારે તેમને ગોપીઓ અને ગોવાળોએ તત્કાળ ઓળખ્યા હતા. ૨૪. ઋષિ પત્નીઓ, પાંડવો, ઉદ્ધવજી, અક્રૂર અને સાત્યકિ આદિ યાદવો, તેમણે શ્રીકૃષ્ણ ભગવાનને ઓળખ્યા હતા. ૨૫. ઓળખનારા કોઈ વેદ કે પુરાણોને ભણ્યા ન હતા. અને જે ભણ્યા હતા તે કોઈએ શ્રીકૃષ્ણને માન્યા-ઓળખ્યા નહિ. કંસ ઘણો સમર્થ રાજા હતો, પણ તેણે શ્રીકૃષ્ણનો અત્યંત દ્રોહ કર્યો હતો. ૨૬.

❋ સત્સંગ મહિમા :

જેને મોક્ષનો ખપ નથી થયો અને જેને સત્સંગ નથી થયો ત્યાં સુધી વિદ્વાન અને અવિદ્વાન તે બંને એકસમાન દેખાય છે. ૨૭. મનુષ્યશરીરને

પામીને શાસ્ત્ર ભણવા, તીર્થ અને વ્રત વગેરે વિવિધ પ્રકારનાં સાધન કરવા તેનું ફળ તથા બુદ્ધિનું ફળ, ભાવે સહિત સત્સંગ કરવો એ જ છે. ૨૮. વિવિધ પ્રકારના યજ્ઞ કરવા, વારંવાર વિપ્રોને જમાડવા, તે બધાનું શુભ ફળ સત્સંગ કરવો, તે છે. જો સત્સંગ ન કરે, તો તે યજ્ઞાદિ બધા સાધન નિષ્ફળ છે. ૨૯. યથાર્થ માહાત્મ્યજ્ઞાને યુક્ત જે સત્સંગનો મહિમા જાણે છે, તે બધાની આવી સમજણ છે; એવું અમારા અનુભવમાં જણાય છે. ૩૦.

અનુભવ વિના કાંઈ દેખાતું નથી. લાડુ ખાઈને ખુશ થાય અને દાન-દક્ષિણા મળી એ જ તેનું ફળ માને; ખપ વિનાની બધી વાત તો આવી છે. ૩૧. બધા વેદ અને પુરાણો વગેરેને ભણે છે, તીર્થ અને યજ્ઞ વગેરેને જે કરે છે તે બધાનું ફળ તો નારી અને ધન મળે એટલું જ માને છે. પણ મોક્ષની ઈચ્છાવાળો તે બધી બાબતોને તુચ્છ કહે છે. ૩૨. **એકને સત્સંગ દ્વારા મોક્ષ મેળવવો છે અને બીજાને ભોગ-સુખ મેળવવું છે. તે બંનેની સમજણમાં ઘણો મોટો ફરક છે. ખપ વગરના નર-નારીને આવું કાંઈ સૂઝતું નથી. તે બધાં પોતપોતાની સમજણ પ્રમાણે અપાર ધનનો ખર્ચ કરે છે. ૩૩. મુમુક્ષુને તો અપાર ફળ મળે છે. જેનો કહેવાથી છેડો આવે તેમ નથી. મુમુક્ષુજન નિષ્પાપ યજ્ઞ કરે છે અને તેને તેનું અમાપ ફળ મળે છે. ૩૪.**

સકામ મનુષ્ય યજ્ઞમાં પાપ કરે છે. તેનું ફળ બધું કપાઈ જાય છે. પછી તો જે પાપનું ફળ શેષ-બચે છે, તે તેને તલતલ જેટલુંએ ભોગવવું પડે છે. ૩૫. ઈંદ્રના શરીરમાં હજાર ભગ થયા. પાપનું ફળ તો એવું હોય છે. બ્રહ્માનો દેહ પાપરૂપ થયો, તે પણ અજોડ પાપનું જ ફળ હતું તેમ જાણવું. ૩૬. જેને સદ્‌વિચારરૂપી નેત્ર ન હોય તેવા દેવ, મનુષ્ય વગેરે તો રાક્ષસ અને પિશાચના જેવા દેખાય છે. ૩૭. રજોગુણ અને તમોગુણની અસર અંતઃકરણમાં પ્રકટ દેખાય છે. રાક્ષસ અને પિશાચની જેમ અંતઃકરણમાં સંકલ્પ-વિકલ્પ ઊઠતા રહે છે. ૩૮. અનંત જન્મના પાપનો જેટલો પાશ(અસર) રહ્યો હોય છે, તેનો તરત નાશ તો સત્સંગે કરીને થાય છે, એમ દેખાય છે. ૩૯. **મોક્ષ વિનાના બીજા જે સંકલ્પ છે તે જ્યારે શત્રુ જેવા દેખાય ત્યારે સત્સંગ દૃઢ થયો જાણવો અને બધા જ યજ્ઞ પણ પૂરા થયા જાણવા.** ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'વિપ્રોના મુખે લોકવાર્તા કહી અને યજ્ઞનું ખરું ફળ પણ બતાવ્યું' એ નામે સાઠમો તરંગ સમાપ્ત ॥૬૦॥



પૂર બારમું : તરંગ - ૬૧

યજ્ઞની પૂર્ણાહુતિ અને હરિચરિત્રની વિશેષતા કહી

જેતલપુરમાં અઢાર દિવસ સુધી ઘી, જવ, ડાંગર, તલ, યજ્ઞીય કાષ્ઠ અને ઔષધિઓનો હોમ કર્યો અને દેવતાઓએ હોમની આહુતિઓને આરોગી-સ્વીકારી. ૧. જ્યારે પૂર્ણાહુતિ કરવાની હતી તે દિવસે અત્યંત મહાન ઉત્સવ કર્યો, ત્યારે અનંત બ્રહ્માંડોના બધા દેવો આવ્યા. ૨. પ્રકટ શ્રીહરિએ તે સમયે યજ્ઞનારાયણનું રૂપ ધારણ કરી લીધુ. જે ભાગ્યશાળી હતા, તેમને તે દર્શન થયા અને અભાગિયા દર્શન વિનાના રહ્યા. ૩. જે દેવો આવ્યા હતા તે બધાએ ભાવ પ્રમાણે શ્રીહરિની પૂજા કરી અને શ્રીહરિએ તેમના સહુના ભાવ પૂરા કર્યા. ૪. બધા દેવો અનંત પ્રકારના વાજિંત્રોને વગાડતા હતા. તેમજ અનંત બ્રહ્માંડના ગાંધર્વો ગાન કરવા લાગ્યા. ૫.

જેટલા ગાંધર્વો હતા તેટલી જ અપ્સરાઓ પણ આવી હતી. તેમણે પોતાના બધા અંગોને સુંદર રીતે સજાવ્યા હતા. તે ઘણા જ અદ્‌ભુત ભાવથી નૃત્ય કરતી હતી અને તેના ઝાંઝરના ઘૂઘરા ઘમઘમ અવાજ કરીને ઘમકતા હતા. ૬. બધાને શ્રીહરિને રાજી કરવાનું જ એક તાન હતું. તેથી તેઓ અદ્‌ભુત રીતે ગાન કરવા લાગ્યા. તેમનામાં ગીત નૃત્યાદિનું જેટલું ચાતુર્ય હતું, તે બધું તે દિવસે દેખાડવા લાગ્યા. ૭. બધા દેવોએ પુષ્પોની અને કેસરી ચંદનની વૃષ્ટિ કરી. તેઓ બધા મુખથી 'જય જય' 'જય જય' એમ બોલતા હતા. આમ શ્રીહરિની કીર્તિ બ્રહ્માંડમાં અપાર છવાઈ ગઈ. ૮. **જેટલા બ્રહ્માંડોના દેવો આવ્યા હતા તે સહુએ અલગ અલગ રીતે શ્રીહરિની સ્તુતિ કરી, અને જેટલા બ્રહ્માંડોના દેવો હતા, તેટલા શ્રીહરિએ રૂપ ધારણ કર્યાં હતાં. ૯. સમાધિવાળા મોટા સંતો બધા આ અતિ આશ્ચર્યને દેખતા હતા. આ એક**

જ દિવસની જે વાતો કહી, તે વાતને અનંત જન્મોથી પણ લખી શકાય તેમ નથી. ૧૦. અનંત વાતો હોય છે તેમાંથી વિવેક રાખીને એકાદ વાત લખું છું. લોકોની અતિ મંદબુદ્ધિ જોઈને તેમને દૃષ્ટિમાં રાખી, તેને સમજાય તેમ તેની રુચિ પ્રમાણે શ્રીહરિનાં ચરિત્ર લખું છું. ૧૧.

અલ્પ બુદ્ધિવાળા આગળ થોડી થોડી વાતોને કહેવા લાગ્યો છું, તો તેનો પણ પાર આવતો નથી. અને વળી, જે સાંભળે નહિ, તેની આગળ શું પડકારા કરવા ? આવું વિચારીને, તેનાથી ડરીને થોડી થોડી વાત લખું છું. ૧૨. જેમ વરસાદનાં એક એક બિંદુથી અનંત સરોવર ભરાઈ જાય છે, તેમ શ્રીહરિની થોડી થોડી વાતો લખતાં લખતાં આ ગ્રંથ મોટો થતો જાય છે. ૧૩. સરોવર, નાની તલાવડી અને નાની નદીઓ વરસાદથી છલકાઈ જાય છે, પણ ગંગા જેવી નદી અને સાગર ક્યારેય છલકાતા નથી. જેવા હોય તેવા જ દેખાય છે. ૧૪. શ્રીહરિ ચરિત્રમાં રસ માણનારા શ્રદ્ધાળુ રસિક શ્રોતાઓ ગંગા અને સાગરના સમાન છે. અનંત વાતોને સાંભળે છે, છતાં તેમને તૃપ્તિ થતી નથી. ૧૫.

મંદબુદ્ધિના લોકો તો ગ્રામ્યવાતોને વારંવાર સાંભળે છે, તોપણ તે ક્યારેય ન સાંભળી હોય તેવી તેને નવીન લાગે છે. ૧૬. શ્રીહરિચરિત્રની તમામ વાતો તો સાકર, ઘી અને દૂધના જેવી છે, તે વાતો રસિકભક્તને માટે અમૃતના સમાન છે અને વિષયી જીવને માટે તો ઝેરના જેવી છે. ૧૭. શ્રીહરિચરિત્રને સાંભળવામાં રસિકભક્ત સતત જાગૃત રહે છે. શ્રીહરિચરિત્રોને સાંભળવામાં લેશમાત્ર પણ જ્યારે આળસ કે પ્રમાદ ન રહે ત્યારે તેને ખરો રસિક શ્રોતા જાણવો. ૧૮. કદાચ કોઈ શત્રુ ભગવાનની વાત કહેતો હોય, તોપણ તે વાત સાક્ષાત્ અમૃત સમાન લાગે, જે ભગવાનની વાત કહેતો હોય તેના ઉપર ક્યારેય વૈરભાવ થાય જ નહિ. ૧૯. ત્યારે જ તેને સાચો રસિક કહેવાય અને જો વેરભાવ રાખે, તો તે કપટી કહેવાય. કોઈ ભગવાનનાં ચરિત્રોને કહેતો હોય અને તેના ઉપર બીજો કોઈ લગાર પણ ઈર્ષ્યા કરે, તો કરોડો ગોહત્યા કર્યાનાં પાપ કરતાં પણ તેને અધિક પાપી જાણવો. અને તેને કાળનેમિ, રાવણ, હિરણ્યકશિપુ અને કંસ જેવો જાણવો. ૨૦-૨૧.

❋ ભગવાનના ચરિત્રનો મહિમા :

चोपाई :

अनंतकोटी ब्रह्मांड कहेउ, तामें जितने रस रहेउ;
अनंतकोटी तिनसे अधिकाई, हरि के चरित्र में रस रहाई...२२
एसे रस पिवत में जाकु, निद्रा आलस अरुचि रहे ताकू;
ध्यान में रहे दिन अरु राती, कालनिमि की जानना जाती...२३

અનંત કોટિ બ્રહ્માંડોમાં જે રસ રહ્યો છે તેના કરતાં અનંત કોટિ ગણો અધિક રસ શ્રીહરિનાં ચરિત્રોમાં રહ્યો છે. ૨૨. આવાં શ્રીહરિના ચરિત્રરસને પીવામાં જેને નિદ્રા આવે, આળસ ચઢે અને અરુચિ રહે તો તેને કાળનેમિની જાતિનો જાણવો. પછી ભલે તે દિન-રાત ધ્યાનમાં બેસી રહેતો હોય ! ૨૩. શુકદેવજી, સનકાદિકો અને નારદમુનિના જેવા એકરૂપ હોઈ અનંતરૂપે દેખાય, અને કોઈના કળ્યામાં ન આવે એવા ધ્યાની અને સિદ્ધ આજ કોઈ નથી. ૨૪. તેમને કોઈ માને કે ન માને, પરંતુ લોકોને દેખાડવા માટે તેમના હૃદયમાં ક્યારેય સંકલ્પ ઊઠતો ન હતો અર્થાત્ ઈચ્છા થતી ન હતી. કેમ જે, તેમને તો એક ભગવાનમાં જ પ્રીતિ હતી. (તેમ છતાં શુકજી વગેરેએ ધ્યાનમાંથી ઊઠીને ભગવાનના ચરિત્રોમાં સમય વિતાવ્યો હતો અર્થાત્ કથા કરી-સાંભળી હતી.) ૨૫.

અને દુનિયામાં જે માત્ર મનાવા-પૂજાવા માટે અનેક સાધન કરે છે, વાયુ ભક્ષણ કરે છે તે તો કપટી હોય છે અને લબાડ હોય છે. ૨૬. પોતે પૂજાવાને ખાતર ધ્યાન કરવા માટે પંચાગ્નિ તાપે, (કથાદિક કરે-સાંભળે નહીં) પણ જેને ભગવાન ઉપર પ્રીતિ નથી હોતી, તે ઝાઝા દિવસ તલભાર પણ છુપી રહેતી નથી. ૨૭. **જેને ભગવાનમાં પ્રીતિ હોય તેને સંતોના ઉપર પણ પ્રીતિ રહે જ છે, તે તરત જ દેખાઈ આવે છે અને સંતોની સેવા કરવામાં તેની પરીક્ષા થઈ જાય છે. ૨૮.** તે વાત બધાને દેખાતી નથી. તે ઘણી અટપટી વાત છે. ક્યારેક પૂરું જાણ્યા-સમજ્યા વિના હરિભક્તને પણ મનમાં કપટી સમજી બેસાય છે. ૨૯. પછી તો તે નિષ્કપટ ભક્તને કપટી ઠેરાવી દે છે અને કપટીને નિષ્કપટ બતાવે છે. પ્રતિષ્ઠિત હોય તે જેવી વાત કરે તેવી વાત બીજા બધાનાં અંતરમાં દેખાય છે. ૩૦.

જે પ્રતિષ્ઠિત હોય તેનો સહુ ઘણો વિશ્વાસ કરે છે. એવી આ આખા સંસારની રીત છે. બધા જ પ્રતિષ્ઠિતની રીત એકસમાન હોય છે. તેથી તેમાં ઘણો વિવેક રાખવો જોઈએ. ૩૧. વિવેક વગરની જે જે વાત બોલાય છે તે વારેવારે દ્રોહમાં ખપે છે. એટલા માટે અત્યારે જેમણે સત્સંગ કર્યો છે એવા સહુ સંતો-હરિભક્તોએ 'પરસ્પર કોઈનો દ્રોહ ન થઈ જાય' એવી બીક રાખવી જોઈએ. જો બીક રાખવામાં ન આવે તો તેનું પરિણામ ક્યારેય સારું આવતું નથી. દક્ષે અને ભૃગુએ શિવની બીક ન રાખી, તો તેમણે શિવજીનો અત્યંત દ્રોહ કર્યો. ૩૨-૩૩. છતાં શિવજીએ ઘણી ક્ષમા રાખી. તેમણે દક્ષને અને ભૃગુને કાંઈ પણ કહ્યું નહિ. તમોગુણને કારણે અતિ ક્રોધી એવા શિવજી પણ તે સમયે લગાર પણ બોલ્યા નહિ. ૩૪. જ્યારે જ્યારે જે જે યજ્ઞ કરીએ ત્યારે દ્રોહ ન થઈ જાય, તે બાબત ઉપર ખૂબ જ ધ્યાન રાખવું જોઈએ. જો ધ્યાન રાખવામાં ન આવે તો કોઈ પૂજ્ય મોટાપુરુષનો ચોક્કસ અપરાધ થઈ જાય છે, ૩૫. તેમાં જરાયે ફેરફાર નથી.

શ્રીહરિએ વાત કહી હતી તે કહું છું. મથુરામાં એક વાર મોટા વિદ્વાન ઋષિઓએ યજ્ઞ કરવાનો આરંભ કર્યો. ૩૬. પછી 'મથુરામાં મોટો યજ્ઞ થાય છે.' એવી વાત શ્રીકૃષ્ણ ભગવાને સાંભળી. તે સાક્ષાત્ ભગવાન પુરુષોત્તમ તેના ઉપર પ્રસન્ન થયા. ૩૭. તેમની પાસે ભોજન માગવાને માટે ગોવાળ બાળકોને મોકલ્યા. પણ તે યજ્ઞ કરનારા વિપ્રોએ ભોજન આપ્યું નહિ અને તેમનો તિરસ્કાર કર્યો. ૩૮. પછી તો તે વિપ્રોને પશ્ચાત્તાપ થયો. પોતાને મુખે જ પોતાને તેમણે ધિક્કાર્યા. મનમાં ઘણું દુઃખ થયું. પણ ગયો અવસર ફરીવાર આવતો નથી. ૩૯. શ્રીહરિ કહે છે કે, અમે તે બધી વાતને જોઈ વિચારીને મનમાં ડરીએ છીએ કે, જે યજ્ઞમાં સાક્ષાત્ પૂજવા યોગ્ય હોય, તેનો અપરાધ-તિરસ્કાર ક્યારેય થઈ જાય નહિ. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'યજ્ઞની પૂર્ણાહુતિ અને હરિચરિત્રોની વિશેષતા કહી' એ નામે એકસઠમો તરંગ સમાપ્ત ॥૬૧॥



પૂર બારમું : તરંગ - ૬૨

યજ્ઞ પછી જેતલપુરમાં શ્રીહરિની શક્તિપંથી કીચક સાથે ચર્ચા

જેતલપુરમાં યજ્ઞ અત્યંત અનુપમ થયો. શ્રીહરિજી મહારાજે તેની સમાપ્તિ કરી, ત્યારે વિપ્રોને વિવિધ પ્રકારનાં દાન અને દક્ષિણાઓ આપી. ૧. જેને જેમ ઘટે તે રીતે સોનું, રૂપું અને વસ્ત્ર વગેરેના દાન દીધાં. વિપ્રોએ તેનાં ખૂબ જ વખાણ કર્યા. ૨. તે દિવસોમાં જે કોઈ પણ મનુષ્યો આવ્યા તે બધાને શ્રીહરિએ પ્રસન્ન મનથી જમાડ્યા. ફરતા ગામના માણસો પણ ઘણા જમ્યા. ૩. ત્યાંના સરોવરમાં જેટલું પાણી હતું, તેટલું તો ઘી શ્રીહરિએ સૌને જમાડવામાં વાપર્યું. બીજાને તો કાંઈ ધીરજ રહે નહિ, પણ ભગવાનને તેનું કાંઈ આશ્ચર્ય કહેવાય નહીં. ૪. જ્યારે યજ્ઞની સમાપ્તિ થઈ રહી, વિપ્રોને દાન દઈ દીધાં. ત્યારે વિપ્રો ખૂબ જ પ્રસન્ન થયા અને વારંવાર જય જયકારનો જયઘોષ કરવા લાગ્યા. ૫.

વિપ્રો બોલતા, આજે આપે જે રીતે વિપ્રોને જમાડ્યા છે તે રીતે બીજો કોઈ જમાડે નહિ. ધનવાન તો મોટા મોટા રાજાઓ પણ છે, પણ આવા યજ્ઞ અત્યારે કોઈ કરાવતા નથી. ૬. વલ્લભકુળ અર્થાત્ પુષ્ટિ માર્ગીય વલ્લભાચાર્યના વંશજો ઘણા ધનવાન છે. તેમને ઘેર હાથી, રથ અને મ્યાના હોય છે. તેમજ કરોડપતિ શાહુકારો તેમને માને છે. ૭. મોટા મોટા રાજાઓએ તેમને સારા ગામ-ગરાસ પણ આપ્યા હોય છે, અને પોતે તો ઘણાં અમૂલ્ય ભોજન જમતાં હોય છે. તેમની બરાબરી કોઈ કરી શકે નહિ. (છતાં તેઓ આવા મોટા યજ્ઞો કરતા નથી.) ૮. તેઓ એકમાત્ર લાલજીની સેવા કરે અને વિવિધ પ્રકારના મેવા લાલજીને ધરે છે. બારે મહિનાના દિવસોને સેવા માટે અનુક્રમે સેવકોએ ગોઠવી રાખ્યા હોય છે. ૯. કોઈ મહિનો કે ઋતુ ઉત્સવ વિના ખાલી ન હોય. લોકો તેમની રીતને દેખીને મોહી જાય છે. જેનાથી લોકોને મોહ થાય; એવી બધી તેમની રીત દેખાય છે. ૧૦.

જે માણસ વલ્લભકુળને માને છે, તેને કોઈ પણ પાપ ક્યારેય અડે નહિ, પોતાના કુળમાં એવા સંકેતો બાંધ્યા છે. તેમાં નિયમ-ધર્મ એક રતીભાર વધારે હોતા નથી. ૧૧. યજ્ઞ-યાગાદિ પોતાના કુળને અનુસારે તેઓએ

માનેલ છે. બીજા સંપ્રદાયના વિપ્રોનું તેમાં સ્થાન હોતું નથી. શૈવમતમાં જે શિવ મતના હોય તેમને અધિક પ્રેમથી જમાડે છે. ૧૨. ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય આ બધું યથાર્થરૂપમાં તો અહીં સહજાનંદસ્વામીના મતમાં જ રહ્યા છે. ૧૩. વિપ્રોએ શ્રીહરિને કહ્યું, વિપ્રોને અને સંતોને યથાર્થરૂપમાં આપ જ ઘણું માનો છો. આપના વિના અત્યારે કોઈ મતમાં આવું મોક્ષનું દ્વાર દેખાતું નથી. ૧૪. આ રીતે વિપ્રોએ કહ્યું. અને આવી સમજણવાળા જે જે વિપ્રો હતા, તેમણે શ્રીહરિના ચરણોમાં મોક્ષની સુંદર રીત દેખી, તેથી તેઓ સત્સંગી થયા. ૧૫.

યજ્ઞમાં આવેલા બધાં હરિભક્તો અને વિપ્રો સહુ સહુને ગામ ગયા. ઘનશ્યામ શ્રીહરિ હજી જેતલપુરમાં હતા, તેમાં કીચક (વંશીધર) નામે એક શક્તિપંથી વિપ્ર ત્યાં આવ્યો. ૧૬. તે વખતે શ્રીહરિ સંતો અને હરિભક્તોની સભા કરીને બેઠા હતા. તેમાં તે સહુની આગળ આવીને બેઠો. તેની સાથે તેના ચાર શિષ્યો પણ હતા. ૧૭. માંસ અને દારૂ, ખાઈ-પીને આવેલા, તેણે કાળભૈરવનો વેષ બનાવ્યો હતો. માથાના વાળ છૂટા હતા. કપાળમાં સિંદૂરનો ચાંદલો કર્યો હતો. ૧૮. હાથનાં કાંડામાં કંકણ અને મૂઠીમાં ત્રિશૂળ લીધું હતું. મુખથી કાળી, કાળી, એમ જપતો હતો. ચુંદડીનો એક કટકો માંથે બાંધ્યો હતો. ૧૯. તે કૌલાર્ણવનામે ગ્રંથને ભણેલો અને મંત્ર-જંત્રમાં પૂરો હતો. તે મૂઠ-ચોટ અને કામણ-ટૂમણ જેના ઉપર ચલાવે તે ખોટા પડતા નહિ. ૨૦.

મોટા મોટા સરદારો પણ તેને ગુરુ કરીને અધિક માનતા. તે ભગવાનનો પાકો દ્રોહી હતો અને બીજા લોકો ઉપર તેનો ઘણો ભાર હતો. ૨૧. જેટલા વર્ણાશ્રમીઓ હતા, તેઓ બધાં તેનાથી ડરતા હતા. જેણે અનંત બ્રહ્માંડોની રચના કરી છે, તે ભગવાનથી એટલા ન ડરતા કે જેટલા તે કીચકથી ડરતા. ૨૨. જે પરમેશ્વર વારંવાર જળની વૃષ્ટિ કરે છે ત્યારે તો જગતને જીવવાની ધીરજ રહે છે. જેના જિવાડ્યા બધાં જીવે છે અને માર્યા મરે છે. ૨૩. પ્રાણીમાત્રની જીવનદોરી જેના હાથમાં છે; એવા સમર્થ પરમેશ્વર સહુના નાથ છે. પૃથ્વી આદિ પંચભૂતની રચના પણ પરમેશ્વરે

જીવ સૃષ્ટિને માટે જ કરી છે. ૨૪. જે જે કાંઈ આશ્ચર્યકારી બાબત છે, તે એક ભગવાનમાં જ રહી છે. ભવ, બ્રહ્માદિક બધા દેવો પણ તેમના જિવાડ્યા જ જીવે છે. ૨૫.

જગતમાં જે જે રાજાઓ છે તે પણ ભગવાને કર્યા છે, તેમને સંપત્તિ પણ ભગવાને જ આપી છે. છતાં તે ભગવાનને અત્યારે તે જીવ ભૂલી ગયો છે; જીવ તો આવો બુદ્ધિમાન છે. ૨૬. **સાચા અમૃતરૂપ તો ભગવાન છે તેને આખું જગત ભૂલી ગયું છે, અને જે વિષરૂપ દંભી છે તેને અમૃત કરીને માને છે. ૨૭. મનુષ્યમાં અનંત ભૂલો રહી છે, તે તેને દેખાતી નથી. ભૂલ ઓળખવાનું દ્વાર તો સત્સંગ છે, પણ માણસ સત્સંગની સાથે વૈર બાંધી બેસે છે. ૨૮.** કીચકે શ્રીહરિને સામાન્ય મનુષ્ય જેવા જાણ્યા હતા. તેથી તે અભિમાની શ્રીહરિ પ્રત્યે બોલ્યો, દેવીને તજી દઈને જે બીજા યજ્ઞ કરે છે તેના ઉપર દેવી કોપે છે. ૨૯. જ્યારે તે દેવી કોપે છે ત્યારે મોટા સિદ્ધોનું પણ ધાર્યું થાતું નથી. શ્રીહરિ તો મુખ આગળ નાનો રૂમાલ રાખીને કીચકની વાત સાંભળતા હતા. ૩૦.

જ્યારે શ્રીહરિ ધીમું ધીમું હસવા લાગ્યા ત્યારે તેણે લાજ-મર્યાદા છોડી દીધી અને બોલ્યો, જે કોઈ પણ દેવો કહેવાય છે તે બધા દેવીને આધીન કહ્યા છે. ૩૧. શ્રીકૃષ્ણના જેવા કોઈ સમર્થ નથી, છતાં તેણે પણ દેવીની પ્રાર્થના કરી હતી. જ્યારે તેણે દેવીને પ્રસન્ન કરી તે પછી જ તેણે અનંત દૈત્યોને જીત્યા હતા. ૩૨. જ્યારે મહામાયા પ્રસન્ન થઈ ત્યારે જ તે જાંબવાનને જીતી શક્યા હતા. પછી તેણે મહામાયાને હરખથી યાદવોની કુળદેવી માનીને ગિરનાર પર્વત ઉપર તેની સ્થાપના કરી હતી. ૩૩. શ્રીકૃષ્ણે તે દેવીના ઘણા જ નામ પાડ્યા. ત્યારે તે દેવી અત્યારે કળિયુગમાં ગામેગામ પૂજાય છે. ત્યારે શ્રીહરિએ કીચકને કહ્યું, તમારી દેવી તો અમારાથી ડરતી રહે છે. ૩૪. જે દેવીનું નામ કમળા(લક્ષ્મી) છે તે અમારા ઉપર બહુ જ રાજી રહે છે. એટલે તે કમળા અમારી કુળદેવી કહેવાય છે અને તે અમારા સત્સંગની રક્ષા કરનારી છે. ૩૫.

અમે દિવાળીને દિવસ અનંત દીવાઓ કરીને કમળા(લક્ષ્મી) દેવીનું પૂજન કરીએ છીએ. જે જે સર્વોત્તમ ભોજન કહેવાય છે તે બધાં બનાવીને અન્નકોટના રૂપમાં તે દેવીને ધરીએ છીએ. ૩૬. તે કમળાદેવી પણ શ્રીકૃષ્ણને જમાડીને પછી જ પોતે જમે છે, અને તેમનાં પોતાનામાં જે પ્રતાપ છે તે પણ શ્રીકૃષ્ણનો જ છે; એમ તેઓ સમજે છે. ૩૭. જે જે લોકો દેવી આગળ દારૂ અને માંસનું નિવેદ ધરાવે છે, તેના ઉપર તો તે દેવી સાક્ષાત્ ઘણો કોપ કરે છે. ૩૮. આઠ પ્રકારની હીન જાતિની સ્ત્રીને દેવી માનીને પૂજનારા સ્ત્રી-પુરુષો ઉપર દેવી અપાર કોપ કરે છે. ૩૯. તે સ્ત્રીને દેવી કરીને જે આઠ પ્રકારનું માંસ તેને ધરાવે છે તેની સદ્‌બુદ્ધિનો દેવીએ નાશ કર્યો છે. આનાથી વધારે દેવીનો કોપ શું કહેવાય ? ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'યજ્ઞ પછી જેતલપુરમાં શક્તિપંથી કીચક આવ્યો અને તેની સાથે ચર્ચા' એ નામે બાસઠમો તરંગ સમાપ્ત ॥૬૨॥



પૂર બારમું : તરંગ - ૬૩

'પાપીઓનો પરાજય થાશે' આવું શ્રીહરિનું વચન અને કીચકનું પલાયન

શ્રીહરિ ફરીને બોલ્યા, જુઓ, કીચક, તમે વાત સાંભળો. તમે બ્રહ્મબીજ થઈને ચાંડાળીની સાથે ખાઓ છો, આનાથી મોટો દેવીનો કોપ કયો હોઈ શકે ? અમને તો તે તમારા ઉપર દેવીનો કોપ જ દેખાય છે. વર્ણાશ્રમના ધર્મથી ભ્રષ્ટ થઈ જવા છતાં તમને લાજ-શરમ કેમ નથી આવતી ? અમને જેવું દેખાય છે તેવું કહીએ છીએ. ૧-૨. જ્યારે દેવી કોપ કરે છે ત્યારે તેનો સુંદર બ્રાહ્મણનો વેશ નાશ કરી દે છે અને પછી તેને વિરૂપ તથા ભયંકર વેષધારી કરી દે છે. ૩. જે મતમાં બધી જાતના અત્યંત પાપને ધર્મ માનવામાં આવે છે, તેમાં પાપ તો સ્થિર અને કાયમનું થઈ જાય છે અને ધર્મનો તેમાંથી વિનાશ થઈ જાય છે. ૪. દેવના સમાન કોઈ ઉત્તમ નથી. તેમને જે ઉત્તમ

વસ્તુ હોય તે જ ખપે. જેમ જેમ સર્વોત્તમ પદાર્થથી દેવની થોડી એવી પણ પૂજા કરવામાં આવે છે, તો તેના ઉપર દેવ ભારે પ્રસન્ન થાય છે અને તે પૂજા કરનારા નર-નારીને અત્યંત ઉત્તમ કરી દે છે. તે દેવ જ્યાં સુધી તેના ઉપર પ્રસન્ન રહે છે ત્યાં સુધી તે ઉત્તમ રહે છે. ૫-૬.

પછી ઉત્તમ ગ્રંથમાં જે વાત હોય છે તે તેને અત્યંત પ્રિય લાગે છે. સૂપડાંનો સ્વભાવ જ એવો સારો હોય છે કે, તે સાર સાર વસ્તુને લઈ લે છે. ૭. અને જે અસાર વસ્તુ હોય છે તેને ફેંકી દે છે. તેમજ ચાળણીનો એવો મલિન સ્વભાવ હોય છે કે, તે સારી વસ્તુનો ત્યાગ કરી દે છે. ૮. અને મલિન વસ્તુનો સંઘરો કરી રાખે છે. વેદ અને ભાગવત તથા તેને અનુસરતા જે જે ગ્રંથ છે, તેમાં જે સર્વોત્તમ અને મોક્ષપરક વચનોને જોઈને, જે સાચા ઉત્તમ મુમુક્ષુઓ હોય છે તે ગ્રહણ કરી લે છે. ૯-૧૦.

જે જે ઉત્તમ પ્રકારનાં મુમુક્ષુ મનુષ્ય છે, તે બધાને સૂપડાંના જેવા સાર ગ્રહણ કરનારા કહ્યા છે. તેવા મનુષ્યો દુર્લભમાં પણ અતિ દુર્લભ છે અને તે અત્યારે આ સત્સંગમાં દેખાય છે. ૧૧. જગતમાં જેટલા ઉત્તમ પ્રકારના મનુષ્યો છે તે બધાં અત્યારે આ સત્સંગમાં આવે છે. હંસના જેવા જે ગુણગ્રાહી છે તે સત્સંગમાં આવ્યા વિના રહેતા નથી. ૧૨. માનસરોવર જેવા બીજા બધા સરોવરો ન હોય. માનસરોવર એકમાં જ સાચા મોતી થાય છે. ૧૩. તે રીતે જ માનસરોવર જેવા સત્સંગમાં અપાર હરિભક્તો એકત્ર થયા છે. બીજા મતરૂપી સરોવરોમાં તો મોટેભાગે લગારેય હરિભક્તો હોતા નથી. ૧૪. મોટા ભાગના બીજા બધા જે મત છે તે તો ચાળણીના જેવા છે, તેમાં તો કૂચા જેવા મનુષ્યને જોઈ જોઈને રાખવામાં આવે છે. ૧૫.

વિવિધ પ્રકારના વ્યસનો, કુફેલ વગેરેને કૂચા કહેવાય છે. નિયમરૂપી વાડ વિનાના ખુલ્લા ભેળાઈ ગયેલા ખેતરમાં અનાજ ક્યાંથી થાય ? તેમ જ નિયમ-ધર્મરૂપ દ્વાર વિનાના મતપંથોમાં સાચા મોતી સમાન સદ્‌ગુણી સંતો-ભક્તો ક્યાંથી થાય ? ૧૬. બીજા ઘણા મતોમાં તો જેને જેમ રુચે તેમ ઢોંગ કરીને ચાલે છે. ઢોંગી માણસો ઢોંગી લોકોને માને છે. પણ જે ઢોંગ

વિનાના છે તે તેને પ્રમાણ કરતા નથી. ૧૭. આજે મોટે ભાગે મોટા બધા રાજાઓ પણ ઢોંગીઓને માને છે. ઢોંગીઓએ સાચા મતને પાખંડ ઠેરાવી દીધો છે અને રાજાઓને પણ તે વાત મનાવી દીધી છે. ૧૮. જ્યાં સત્યને પાખંડ ઠેરાવી દેવામાં આવતું હોય, ત્યાં એવા ગુરુનો રાજા નિભાવ કઈ રીતે કરતા હશે ? અમે એવો વિચાર કરીએ છીએ. ૧૯. સત્ય વિનાનું જે એકલું અસત્ય કહેવાય છે. તે તો અમને ઘોર અંધારા જેવું દેખાય છે. તેવા ઘાટા ઘોર અંધારામાં કોઈને સુખ થાય નહિ અને સત્ય-સારા રાજા સિવાય આ અંધેર મટે નહિ. ૨૦.

અમારાં મનમાં વારંવાર એવા સંકલ્પ થયા કરે છે. પરમેશ્વર જેમ કરે છે તેમ જ થાય છે. પરમેશ્વર ધારે, તો શું ન થાય ? બધી વાત તેમના જ હાથમાં છે. ૨૧. સાગરના બેટ જેવા પ્રદેશમાં રહેનારો, સત્યનો આશ્રય કરનારો, સારો અનુપમ રાજા સત્ય નિયમોનો અમલ કરવા આવી રહ્યો છે, અને મોટાનો સંકલ્પ તે સત્ય કરશે. ૨૨. સત્યરૂપ ધર્મના ઉપર રુચિવાળા જે જે છે, તે બધા આવનારા રાજા ઉપર ઘણા જ પ્રસન્ન છે. તેને અહીં આવવામાં ગાયકવાડ દ્વાર રૂપ થયા છે અને ભગવાન તેના અંતરમાં વસ્યા છે. ૨૩. જેઓ ખોટા છે, અધર્મી છે, મલિન વિદ્યાવાળા છે, તેમનાં મનમાં ઘણો જ ત્રાસ થઈ રહ્યો છે. તેઓ તો વારંવાર વાત સાંભળીને ધ્રૂજી ઊઠે છે. ૨૪.

શ્રીહરિએ કીચકને કહ્યું, જે જે ખોટા મનુષ્યો છે તે બધાને શુદ્ધ કરનારો - સુધારનારો રાજા હવે આવી ગયો છે. ૨૫. જે લોકો લક્ષ્મીજી તથા સીતાજી જે સાત્વિક દેવી છે તેને ખોટા ગણે છે તેના ઉપર તો આ વખતે તેઓ એકદમ કોપ્યા છે; એ તમે ચોક્કસ માની લો. ૨૬. તમારામાં જેટલું જોર હોય અને તમારાં જેવા બીજા હોય તે બધા મળીને ઠેકઠેકાણે સામનો કરો. સાચું શું છે અને ખોટું શું છે ? તે હવે ખબર પડશે. ૨૭. જો અસત્ય વાત તમારા દેવને ગમતી હોય તો તે સત્ય વાતને હઠાવી દેશે. હવે આ બાબતને દેખતા રહો શું થાય છે ? ૨૮. શ્રીહરિની ઉપર કહી તેવી વાત સાંભળીને તે વખતે તો કીચક ખડખડાટ હસવા લાગ્યો. અને પછી તે બોલ્યો, અત્યારે સત્યનું રાજ્ય

નથી અને હવે પછી પણ ક્યારેય સત્યનું રાજ્ય નહિ થાય. ૨૯. અમારા જેવા જ્યાં સુધી આ જગતમા છે ત્યાં સુધી સત્યનું ક્યારેય ચાલવાનું નથી. આ કળિયુગમાં અત્યારે જો સત્યનું ચલણ થાય, તો અમારા જેવાનું મોત તો તરત જ થાય. ૩૦. આવું બોલતો તે તરત જ ઊઠ્યો. બેય આંખો અતિ લાલ કરીને ફરીથી બોલ્યો. હજી પણ જે ક્યાંક સત્યનું વર્તન કરનારો મત જેટલો બચ્યો છે, તેનો અમારે પ્રથમ જ વિનાશ કરવો છે. ૩૧. અમારા જેવા જેટલા વિપ્રો છે અને ભેખધારીઓ છે તે બધા સત્યધર્મના ઉપર કોપ્યા છે. જ્યાં સુધી તમે આ પ્રદેશમાં આવ્યા ન હતા ત્યાં સુધી બધા લોકો અમને ભગવાન ગણીને માનતા પૂજતા હતા. ૩૨.

હવે જેટલા નરનારીઓ તમને માનતા થયા છે, અરે ! તમારા સત્સંગીઓના છોકરાઓ છે તે પણ કોઈ અમારાથી ડરતા નથી. ૩૩. તો પછી મોટાની તો વાત જ શી કહેવી ? તેઓ તો અમારો રતીભાર પણ વજન રાખતા નથી. અમારા મંત્ર-જંત્રનો તેને ભાર નથી તેમજ મૂઠ-ચોટથી પણ તેમને લગારેય ડર લાગતો નથી. ૩૪. જેટલી મલિન દેવીઓ છે, ભૈરવ, ભૂત અને ડાકણો કહેવાય છે, અપાર બળવાન વીર અને જંદ(જિન) છે તેનાથી પણ કોઈ ડરતા નથી. પરંતુ તે તમારા બધાથી અત્યંત ડરે છે. કારણ કે, મેં અત્યારે તે બધાને અહીંયાં બોલાવ્યા હતા. પણ તેમાંથી એક પણ અહીં નજીક આવ્યા નહિ. આ સભાને દેખીને તે બધા અત્યંત થરથર ધ્રૂજવા લાગ્યા છે. ૩૫-૩૬.

હવે અમારી પાસે એક હથિયાર(ઉપાય) રહ્યું છે, તેનો એકવાર અખતરો કરવો છે. જો તેનું કાંઈ ન ચાલે તો પછી અમે હારીને રહેશું. ૩૭. આટલું બોલીને કીચક ચાલતો થયો. પણ તેને રસ્તામાં જ તરત અપશુકન થયા. તે ઘણો મનભંગ થઈ ગયો. પછી તે અધિકારી સૂબાની પાસે ગયો. ૩૮. તે અધિકારી સૂબો તેનો શિષ્ય હતો. જઈને તેને બધું કહ્યું, હવે જેનું જેવું ભવિષ્ય હશે તેવું તે તરત થાશે. ૩૯. અધિકારીએ નવી શાલ મગાવીને હરખભેર તેને ઓઢાડી, પણ કીચકને તરત જ તાવ ચઢ્યો. તેથી તેને ઘણું જ કષ્ટ થયું. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'પાપીઓનો પરાજય થાશે; આવું શ્રીહરિનું વચન અને કીચકનું પલાયન' એ નામે ત્રેસઠમો તરંગ સમાપ્ત ॥૬૩॥



પૂર બારમું : તરંગ - ૬૪

પાપી અસુરોનું અજ્ઞાન અને ગઢપુરમાં ભારતની કથા કહી

જેતલપુરમાં પોષ સુદિ સાતમને દિવસ યજ્ઞની સમાપ્તિ નિર્વિઘ્નપણે કરી. તેને દેખીને જે મલિન શક્તિપંથીઓ હતા તે બળી મર્યા. ૧. સંતો, બધા હરિભક્તો, દેવો અને જેટલા પવિત્ર વિપ્રો હતા, તે બધા ખૂબ જ ખુશી થયા અને શ્રીહરિ તથા યજ્ઞની પ્રશંસા કરવા લાગ્યા. ૨. અનેક બ્રહ્માંડોના દેવો પણ 'જય જય' 'જય જય' એમ મુખે જયઘોષ કરવા લાગ્યા. એમ સહુને આનંદ થયો. પછી શ્રીહરિ જેતલપુરથી ચાલી નીકળ્યા. ૩. શ્રીહરિ **ગઢપુર** આવ્યા. વચ્ચે જે જે ગામ આવ્યા ત્યાંના બધાં હરિભક્તોને દર્શન દીધાં, અને હરિભક્તોએ પણ ઘણા જ ભાવથી શ્રીહરિને પૂજ્યા. ૪. જે કોઈ લોકો યજ્ઞની વાત સાંભળતા તે બધાં મનમાં અત્યંત વિસ્મય પામતા હતા. દેશે દેશમાં લોકો બોલતા કે, શ્રીસ્વામિનારાયણ ભગવાન સિવાય બીજા કોઈથી આવો યજ્ઞ થાય નહિ. ૫.

જે લોકો અધર્મી હતા, કુમાર્ગી હતા, તેઓ શ્રીહરિના નિર્મળ યશને સાંભળીને મનમાં અપાર બળતરા કરવા લાગ્યા. પણ તેમનું લગારેય કાંઈ ચાલ્યું નહિ. ૬. તેઓ દ્વેષથી એમ બોલતા કે શું કરીએ ? અમને પહેલેથી ખબર જ ન હતી અને તેઓ નિર્વિઘ્નપણે યજ્ઞ કરી ગયા. અમને અને અમારા જેવા ભેખધારીઓને લગારેય ખબર ન મળી. ૭. હવે જો સ્વામિનારાયણ ફરીને ક્યાંય યજ્ઞ કરે, અને તેની ભેખધારીઓને અગાઉ જરાએ ખબર પડે, તો બધા ભેળામળીને તેનો સામાન લૂંટી લઈએ અને રાજાને પણ જવાબ આપી દઈએ. ૮. જેટલા રાજાઓ કહેવાય છે, તેમાં કોઈ ભેખધારીનું નામ લે નહિ, ભેખધારી ઉપર રાજાનું કાંઈ જોર ચાલે

નહિ. ઠેકઠેકાણે બધા રાજાઓ ભેખધારીની મર્યાદા રાખે છે. ૯. અત્યાર સુધી તો ભેખનું રાજ્ય રહ્યું છે અને તેનાથી બધા ભેખધારીઓનું ધાર્યું કામ સુધરી જાય છે. ભેખધારીઓની જમાત ઘણી અપાર છે. ખબર મળવાથી તેઓ બધા તરત જ આવી જશે. ૧૦.

વેરાગીની જમાતો જમ કરતાં પણ ભારે અને ઘણી ભયાનક હોય છે. તેને દેખતા જ બધા નરનારીઓ ધ્રૂજી ઊઠે છે. બધા વિવિધ પ્રકારના આયુધો ધારણ કરે છે. તલવાર - ખાંડુ અને ઢાલનો તો કોઈ પાર જ હોતો નથી. ૧૧. ધનુષ્ય, બાણ, બંદૂકો, જંજાળો, કોકબાણ, ચક્ર, ભાલો, ત્રિશૂળ, છરો, કટાર, લુવાંગ, કુહાડી, કડિયાળી લાકડી, કમાન એ બધાં અસ્ત્ર અને શસ્ત્રોને ધારણ કરનારા છે. વળી રણશીંગી, શંખ અને તુરાઈ જેવા શૂરાતન ચઢાવે તેવા વાદ્યો હોય છે કે, જેના શબ્દોને સાંભળીને લોકો કંપી ઊઠે છે. ૧૨-૧૩. તેઓ લાખ રૂપિયા ખાશે પણ તેઓ સ્વામિનારાયણના મતનો નાશ કરી નાખશે; એમ હવે અમે નિશ્ચિત કરી રાખ્યું છે. ૧૪. ઉપર કહ્યા પ્રમાણે ભેખધારીઓના મનની વાતને સાક્ષાત્ અંતર્યામી શ્રીહરિ જાણતા હતા, એટલે તેમણે સંતોને તે વાત કહી. ૧૫.

પછી શ્રીહરિ ચાર માસ સુધી ગઢપુરમાં રહ્યા. એભલ ખાચરના દરબારમાં મહાભારત વંચાવ્યું. ૧૬. પ્રાગજી દવે નામના વિપ્રને ભુજથી બોલાવ્યા. ચાર ધામમાં તેમના જેવા બુદ્ધિમાન પંડિત કોઈ ન હતા. ૧૭. તેઓ બધા પુરાણોમાં પ્રવીણ હતા. તેમણે આવીને મહાભારતની કથા શરૂ કરી. જીવા ખાચર અને મૂળુ ખાચર મહાભારતની કથા સાંભળવા આવતા. ૧૮. દરબાર એભલ ખાચર અને જીવા ખાચરની રોજ રસોઈ થાતી. એક પણ રસોઈ દૂધ અને સાકર વગરની ન થાતી; બંને રાજાએ એવી ટેક રાખી હતી. ૧૯. મહાભારતમાં જે વાત આવતી તેને શ્રીહરિ ફરીને સંભળાવતા. કરિયાણાના ખાચર દરબારો બધા સત્સંગી હતા. ૨૦.

ગુંદાળા ગામના ખાચર દરબારો પણ પાકા સત્સંગી હતા. ખંભાળા ગામના પણ ખાચર દરબારો સત્સંગમાં દઢતાવાળા હતા. ૨૧. વાવડી ગામના ખાચર પણ હરિભક્ત થયા હતા. બોટાદ ગામના ખાચર દરબારો પણ સારા

સત્સંગી હતા. ૨૨. નાગડકા, સુંદરિયાણા, બગડ અને સારંગપુરના બધા જ ખાચર દરબારો શ્રીહરિનાં સ્વરૂપમાં નિષ્ઠાવાળા ઉત્તમ હરિભક્ત હતા. ૨૩-૨૪. કુંડળ ગામના પટગીર દરબારો, કારિયાણી, નશીતપુર અને ઝીંઝાવદરના બધા ખાચર દરબારો સારા નિયમવાળા સત્સંગી હતા; તે બધા પણ ગઢપુરધામ આવ્યા હતા. ૨૫-૨૬.

બીજા પ્રદેશોમાં રહેતા મોટા મોટા હરિભક્તો પણ શ્રીહરિ જે કથા વંચાવતા હતા, તેને સાંભળવા માટે ગઢપુર આવ્યા હતા. ૨૭. કથા સાંભળનારા હરિભક્તોને શ્રીહરિ કહેતા કે, આપણો જીવ તે પાંડુરાજા છે. યુધિષ્ઠિર, ભીમ અને અર્જુન આદિ પરિવાર ધર્મવંશ કહેવાય છે. ૨૮. જેટલા શુભ ગુણો છે તે બધા પાંડવોનું સૈન્ય છે. ધર્મયુક્ત જે નીતિ કહેવાય છે તે પાંડવોની નીતિ છે; એમ જાણવું. ૨૯. ધર્મવાળી જે ભૂમિ છે તે પાંડવોની પવિત્ર ભૂમિ છે. જીવની અંદર રહેલા જે અંતર્યામી છે તે પરમેશ્વર છે. તેમનાથી વધારે કોઈ સમર્થ નથી. ૩૦.

એ બધાનું યથાર્થ જ્ઞાન જેને ન હોય એવા બધાં જે અજ્ઞાની જીવ છે, તેને ધૃતરાષ્ટ્ર જાણવા. જેટલો અધર્મ છે તે બધાં ધૃતરાષ્ટ્રના પુત્રો છે. ૩૧. શાસ્ત્રોમાં જે જે અનીતિ કહેવાય છે, તે કૌરવોની નીતિ સમજવી. તેના સિવાયના અશુભ ગુણો છે, તે બધા કુરુરાજ ધૃતરાષ્ટ્રના સૈનિકો છે. ૩૨. જ્યાં સુધી આ બ્રહ્માંડ રહેશે, ત્યાં સુધી ધર્મ અને અધર્મના વંશરૂપી સેનાઓ આમને સામને શસ્ત્રસજ્જ કરીને ખડી રહે છે. તેઓ પરસ્પર લડાઈ કરીને મરી જાય છે, છતાં તે બંને સેનાઓ ફરીને સજીવ થાય છે. ૩૩. પ્રત્યેક માણસ વિચારીને દેખે, તો તેના હૃદયમાં ધર્મ અને અધર્મની બંને સેનાઓ ઊભી છે, તે દેખાશે, તે જ્યાં સુધી આ શરીર રહે છે ત્યાં સુધી શસ્ત્ર-અસ્ત્રથી સજ્જ બંને ધર્મ તથા અધર્મની સેનાઓ રહે છે. ૩૪. પાંડવ પક્ષના જે સૈનિકો છે તેમણે નીતિ અર્થાત્ સદાચારરૂપી આયુધો બાંધ્યા છે. ધૃતરાષ્ટ્ર-કુરુરાજના પક્ષના જે સૈનિકો છે તેમણે અનીતિ અર્થાત્ દુરાચારરૂપી આયુધો બાંધ્યા હોય છે. ૩૫. તેનું પૂરું વર્ણન કરવા જાઈએ તો કોઈ પાર આવતો નથી. પણ ધર્મ અને અધર્મને, તે બંનેને જ્ઞાનદષ્ટિથી સમજવા જોઈએ.

દુનિયામાં જે કાંઈ સુખ કહેવાય છે તે બધું જ્ઞાનદૃષ્ટિમાં - સાચી સમજણમાં રહ્યું છે, ૩૬. અને **જેટલું દુઃખ કહેવાય છે, તે બધું અજ્ઞાનમાં - અણસમજણમાં નિવાસ કરીને રહ્યું છે.** અને તે ખરેખર વિચાર કરવામાં આવે તો સહુને પ્રગટ દેખાય છે. ૩૭. મહાભારતની ચાલુ કથામાં જેવો પ્રસંગ આવતો તેને અનુસારે શ્રીહરિ ખૂબ જ ખુશમિજાજથી તેના વિવરણની વાતો કહેતા હતા. ૩૮. તે સમયે ગઢપુરમાં સંતો, વર્ણીઓ, સંન્યાસીઓ અને હરિભક્તો આવીને રહ્યા હતા, એ બધા શ્રીહરિનાં મુખથી આવી કલ્યાણકારી અદ્‌ભુત વાતોને સાંભળીને અત્યંત આશ્ચર્યચક્તિ થઈ જાતા હતા. તેનું વર્ણન મુખથી કરી શકાતું નથી. અને કહેતા કે, આવી વાત ક્યારેય સાંભળી નથી. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'પાપી અસુરોનું અજ્ઞાન અને ગઢપુરમાં મહાભારતની કથા કહી' એ નામે ચોસઠમો તરંગ સમાપ્ત ॥૬૪॥



પૂર બારમું : તરંગ - ૬૫

ગઢપુરમાં શ્રીહરિએ વસંતોત્સવ કર્યો અને રંગે રમ્યા

ગઢડામાં પોષ વદિ પડવાને દિવસ મહાભારતની કથાનો આરંભ કર્યો હતો. તે શુભ પ્રસંગે ઉત્તમ પ્રકારનાં વાજિંત્ર વગડાવ્યાં હતાં. ૧. મહાભારતની રોજ કથા વંચાતી હતી. તેમાં દિવસો જતાં વસંતપંચમી આવી. સંતોએ તે પ્રસંગે ઝાંઝ તથા મૃદંગ વગાડીને વસંતનાં પદ ગાયાં. ૨. સુવર્ણનો એક કુંભ લીધો. વસંત-પૂજાની વિવિધ પ્રકારની બધી સામગ્રી એકઠી કરી, તે બધું શ્રીહરિની આગળ મૂક્યું. ૩. બધા હરિભક્તો રંગ અને ગુલાલ લઈ આવ્યા. તે સમયની શોભા અદ્‌ભુત અને અવર્ણનીય હતી. સહુએ ઉત્સાહથી જે ઉત્સવ કર્યો તે વર્ણવી શકાતું નથી. ૪.

અમૂલ્ય વસંતી વસ્ત્ર લાવ્યા. તેને શ્રીહરિએ પોતાનાં અંગ ઉપર અનુકૂળતા પ્રમાણે ધારણ કર્યાં. દેવો અને માનવોના શિરોમણિ(ભૂપ) એવાં

શ્રીહરિએ પોતાના મસ્તકે અનુપમ ચંદેલી વસંતીપાઘ બાંધી. (ચંદેલ એક રાજપૂતની જાતિ કહેવાય છે અને તેઓ જે વસ્ત્ર આદિ પહેરતા, તેનો ઘાટ(બનાવટ) એક અજોડ ગણાતો, તેને અહીંયાં સ્વામીએ ચંદેલી શબ્દથી વર્ણન કરેલ છે.) ૫.

સોનેરી બુટ્ટાદાર, શુભ રંગેલા, વસંતી, ચંદેલી વસ્ત્ર અંગે અંગમાં શ્રીહરિએ પહેર્યા. વસંતી કોઈ ભાતનો સરસ સુરવાળ પહેર્યો, તે ઘણો શોભી ઊઠ્યો; જે કહી શકાતું નથી. ૬. ચંદેલી ધોતી કમરે કસીને પહેરી. સોનેરી બુટ્ટાવાળો ચંદેલી દુપટ્ટો અંગ ઉપર ઓઢી લીધો અને મુખથી મરક મરક હસી રહ્યા હતા. ૭. અનંત વસંતોની શોભાને શ્રીહરિએ પોતાના અંગો ઉપર પ્રકટ કરી હતી. તેથી અનંત બ્રહ્માંડોના દેવો તે શોભાનાં દર્શન કરવા આવ્યા હતા. ૮. તે દેવો અત્યંત સમર્થ હોવા છતાં હરિભક્તોના પ્રેમને દેખીને ઝાંખા દેખાતા હતા. તેમણે આવીને શ્રીહરિની પૂજા કરી. ચંદન અને પુષ્પોની વૃષ્ટિ કરીને કીચડ કરી દીધો હતો. ૯. કેસર, કુંકુમ અને કસ્તૂરીનો તો ત્યાં કીચડ થઈ ગયો અને ચોતરફ તેનો સુગંધ ફેલાઈ ગયો. સંતો અને હરિભક્તોએ પહેલાં તો શ્રીહરિની પૂજા કરી. ૧૦.

સૌ થાળ ભરી ભરીને ફગવા લાવ્યા. તેમાં રસાળ ખજૂર અને ખારેક ધરાવ્યા હતા. હરિભક્તોનું અપાર હેત દેખીને શ્રીહરિએ તે અંગીકાર કર્યા. ૧૧. શ્રીહરિએ વિચિત્ર પ્રકારનો રંગ અપાર ઊડાડ્યો. ગુલાલ અને અબીર પણ ખૂબ જ ઊડાડ્યો. તેનાથી ત્યાંની ભૂમિ અને બધો આકાશ છવાઈ ગયો હતો. ૧૨. સંતો અને હરિભક્તો અપાર રંગ-ગુલાલમાં રસબસ થઈ ગયા. દેવો પણ તે રીતે જ રસબસ થઈ ગયા અને બધા 'જય જય' 'જય જય' એમ બોલીને જયઘોષ કરતા હતા. ૧૩. રંગ ઊડાડી રહ્યા પછી શ્રીહરિએ સહુને ફગવા આપ્યા. પછી ઘણા ચતુર એવા શ્રીહરિ ઉન્મત્તગંગાના નીરમાં સ્નાન કરવા આવ્યા. ૧૪. તે વેળાએ બધા સંતો અને હરિભક્તો શ્રીહરિની સાથે આવ્યા હતા. ગંગાના નીરમાં નાહવાથી સહુનાં મન અત્યંત પ્રફુલ્લિત અને પ્રસન્ન થયા. ૧૫.

ખળખળિયાની પાસે જ એક પાણીનો ધરો ઘણો મોટો છે. અવિનાશી શ્રીહરિ તેમાં સંતો તથા હરિભક્તોની સાથે નાહ્યા. ૧૬. ઉન્મત્તગંગાનું બધું નિર્મળ નીર રંગમય થઈ ગયું. શ્રીહરિ બે કલાક નાહ્યા. તે પછી જળથી બહાર નીકળ્યા. ૧૭. અંગ લૂછીને બધાં વસ્ત્ર પહેર્યાં. તે સમયે હરિભક્તોએ ત્યાં આવીને શ્રીહરિને ફૂલહાર, બાજુબંધ અને તોરા ધરાવ્યા. ૧૮. તે સમયે સોનેરી સાજથી શણગારેલા અશ્વને સેવક લઈ આવ્યા. તેના ઉપર બેસીને શ્રીહરિ પુરમાં પધાર્યા. તે વખતે અપાર શોભા થઈ હતી. ૧૯. આગળના ભાગમાં વિવિધ પ્રકારના વાજિંત્રો વાગતા હતા. સહુ હરિભક્તો હોરીનાં પદ ગાતા હતા. તે વખતની શોભા અનેરી બની હતી. ૨૦.

દેવો પણ તે શોભાની ખૂબ પ્રશંસા કરતા હતા. જોનારા નરનારીઓ વિસ્મય પામતા અને ગઢપુરના જે લોકો હતા, તેઓ તો તે શોભાને દેખીને રાજી રાજી થઈ ગયા હતા. ૨૧. વિચિત્ર દેખાવનું સોનેરી છત્ર શ્રીહરિના મસ્તક ઉપર ધાર્યું હતું, તે ઘણું સોહામણું લાગતું હતું. તેની શોભા તો કોઈ પણ રીતે વર્ણવી શકાતી નથી. ૨૨. ધર્મકુમાર શ્રીહરિ પહેલા જીવા ખાચરના દરબારગઢમાં આવ્યા. ઊંચી ઊભણીવાળા તેમના ઊગમણા બારના ઓરડાઓ ઘણા જ સુશોભિત હતા. ૨૩. તેની ઓસરીમાં પલંગ બિછાવ્યો હતો. શ્રીહરિ આવીને તેના ઉપર બેઠા. તે સોનેરી પલંગ વિચિત્ર પ્રકારનો હતો અને તેમાં પાટી પણ વિચિત્ર ભરી હતી. ૨૪.

દરબાર જીવા ખાચર તે વેળાએ શ્રીહરિની પૂજા કરવા આવ્યા. સાકર ભરેલો થાળ લાવ્યા અને ફૂલહાર તો ઘણા જ લાવ્યા હતા. ૨૫. અંગો ઉપર કેસરચંદન ચરચ્યું. ફૂલોના હાર પહેરાવ્યા. તોરા અને બાજુબંધ ધરાવીને કાન ઉપર ગુચ્છ ધાર્યા. ૨૬. તોરા મસ્તક ઉપર અને બાજુબંધ ભુજાઓની ઉપર તેમજ પહોંચાની ઉપર પહોંચીઓ બાંધી, અને બે ચરણોમાં નૂપુર બાંધ્યા. ૨૭. જીવા ખાચરના પુત્રો અને પરિવાર, ભાઈ, તેના પુત્રો અને પરિવાર, સહુએ ઉપર કહ્યા મુજબ પૂજા કરી. પછી આરતી ઉતારી. ૨૮. જીવા ખાચરે વિવિધ પ્રકારે બહુ સ્તુતિ કરી. કેમ જે, તેઓ બોલવામાં તો બહુ ચતુર હતા. જે વખતે શ્રીહરિની જેવી રુચિ હોય તે પ્રમાણે તેમને

બોલતા આવડતું હતું. ૨૯. બોલવાની જેટલી નીતિ કહેવાય, તે સમય સમય પ્રમાણેની જાણતા હતા. દરબાર જીવા ખાચરની જેમ જ તેમનો પરિવાર પણ બોલવામાં તો ઘણો જ ચતુર હતો. ૩૦.

તે દરબારે સંતો, વર્ણીઓ અને પાર્ષદોની પણ પૂજા કરી. શ્રીહરિનાં ચરણકમળને પોતાની છાતી ઉપર ચાંપ્યાં; આ પ્રમાણે તેમણે પૂજા અલૌકિકભાવથી કરી. ૩૧. દરબાર એભલ ખાચરના રાજદરબારમાં જે રીતે રંગથી અને ગુલાલથી રમ્યા તે રીતે જ જીવા ખાચરના રાજદરબારમાં પણ રમ્યા. પહેલા કહેવાનું યાદ આવ્યું નહિ. જ્યારે સાંભર્યું ત્યારે કહી દેખાડ્યું. ૩૨. શ્રીહરિ જ્યારે નાહ્‌વા ચાલ્યા ત્યારે જ જીવા ખાચરના દરબારમાં આવીને રંગે રમ્યા. રંગ, ગુલાલ અને અબીર ખૂબ જ ઊડાડ્યો. આખો દરબારગઢ રંગથી ભરાઈ ગયો. ૩૩. દરબારગઢના બધા જ ભવન રંગથી રસબસ થઈ ગયા. ભવનોના બધા જ થાંભલાઓ પણ રંગ રંગ થઈ ગયા હતા. ૩૪. ભવનોની ઉપરના બધાં છાપરાઓ-નળિયાઓ રંગ રંગ થઈ ગયા. તે ભવનોનાં ચોક અને બધી દીવાલો પણ રંગ રંગ થઈ ગઈ. ૩૫.

ભગવાન શ્રીહરિ ઉપર કહ્યા પ્રમાણે રંગે રમ્યા અને તે પછી હરખભેર ઉન્મત્તગંગામાં નાહ્યા. નાહ્યા પછી ફરીને જીવા ખાચરના દરબારમાં આવ્યા. જે ખરી વાત કહેવાની રહી ગઈ હતી તે આ પ્રમાણે કહી. ૩૬. શ્રીહરિએ જીવા ખાચરને આ રીતે રાજી કર્યા. તે પછી એભલ ખાચરના દરબારગઢમાં આવ્યા અને ત્યાં રહ્યા. ૩૭. શ્રીહરિ ઉપર કહ્યા પ્રમાણે ગઢપુરમાં રહીને મહાભારતની કથા વંચાવતા હતા. વસંતપંચમી ઊજવ્યા પછી દિવસો પસાર થવા લાગ્યા. તે ફાગણ માસના સુદિ પક્ષના બાર દિવસ વીતી ગયા. ત્યારે સારંગપુરના દરબાર જીવા ખાચરે સભામાં શ્રીહરિને કહ્યું, ૩૮. હે મહારાજ ! આપ સાંભળો, હું હાથ જોડીને વિનંતી કરું છું. પોતાના ભક્ત(દાસ)ના મનોરથોને પૂર્ણ કરવા માટે આપ આ સમયે પ્રકટ થયા છો. ૩૯. આપે અમારા અનંત મનોરથ પૂરા કર્યા છે, અત્યારે પૂરા કરો છો અને હવે પછી પણ પૂરા કરશો જ; આવું સમજીને હું કહું છું. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'ગઢપુરમાં શ્રીહરિ વસંતોત્સવમાં રંગે રમ્યા' એ નામે પાંસઠમો તરંગ સમાપ્ત ॥૬૫॥

પૂર બારમું : તરંગ - ૬૬

શ્રીહરિ ગઢપુરથી સારંગપુર જવા માટે તૈયાર થઈને નીકળ્યા

સારંગપુરના દરબાર જીવા ખાચરે દીનભાવે વિનંતી કરી, ત્યારે દયાળુ શ્રીહરિ બોલ્યા, અમે તમારો મનોરથ પૂર્ણ કરશું. કારણ કે, અમે દીનપ્રતિપાલક છીએ. ૧. તમારો જે મનોરથ હોય તે નિખાલસ દિલથી કહો. અમારાથી ડરશો નહિ. તમે અમારા ભક્તોમાં મોટા ભક્ત છો. ૨. અમારે જે સત્સંગી થયા હોય તેમનું અતિ ઘણું હિત કરવું છે. તે હિત કરવામાં વિઘ્નરૂપ જાણીને અમે અમારું ઘર પણ છોડી દીધું છે. ૩. અમે જ્યારે ઘર છોડ્યું. તે પછી અપાર તીર્થો કર્યાં અને ઘણું જ તપ કર્યું. તેમાં લગારેય વિઘ્ન ન આવ્યું. પછી તો સદ્‌ગુરુ રામાનંદસ્વામી મળ્યા. ૪.

જેને મોક્ષને માર્ગે ચાલવું હોય તેને પરિવાર વિઘ્ન કરે છે. મોક્ષ સિવાયને માર્ગે જે ચાલે છે તેમાં પરિવાર વિઘ્ન કરતો નથી. ૫. કુટુંબને વિઘ્નરૂપ જાણીને જ્યારે અમે તેને છોડી દીધું, ત્યારે જ અમને સત્સંગમાં ખરો પ્રેમ - અનુરાગ થયો છે. અમે સત્સંગને જ કુટુંબ તથા પરિવાર માન્યો છે. દેહના સંબંધીઓને તો વિસારી દીધા છે. ૬.

चोपाई :

कुटुंब को त्याग किये जा दिनसे, सुप्न में न आये ता दिनसे;
संत हरिजन कहावत जेहा, सुप्न में अखंड देखत तेहा...०७
अक्षरधाम संत हरिजन जेहू, एक हि देखत ईहाँके तेहू;
तब आनंद उर रहत अपारा, सुख वर्तत कोउ वार न पारा...०८

અમે જ્યારથી કુટુંબનો ત્યાગ કર્યો છે ત્યારથી તે ક્યારેય સ્વપ્નમાં પણ આવ્યું નથી. આ બધા સંતો-હરિભક્તો છો તે બધાને સ્વપ્નમાં પણ હું

અખંડ દેખું છું. ૭. અક્ષરધામના અને અહીંયાંના બધા સંત-હરિભક્તોને અમે એક જ દેખીએ છીએ અને ત્યારે જ અમારાં હૃદયમાં અપાર આનંદ રહે છે અને અપરંપાર સુખ વર્તે છે. ૮. **અને આ સંત-હરિભક્તોની જ્યારે વિસ્મૃતિ થઈ જાય છે, ત્યારે અમને અપાર દુઃખ થાય છે. આ સત્સંગના વિના અનંત બ્રહ્માંડોનો ગામ-ગરાસ, સત્તા જે કાંઈ છે તે બધું મોક્ષના માર્ગમાં વિઘ્નરૂપ છે; આવી અમારી સમજણ છે. અમે અક્ષરપર્યંત કોઈને સત્સંગથી અધિક જાણતા નથી. ૯-૧૦.**

સત્સંગનો જેટલો મહિમા છે તેને અમે કહી શક્તા નથી. અમારા જેવી સમજણ જેને હોય, તેને તે કહેવામાં અમને આનંદ થાય છે. ૧૧. દેશી(રુચિ) મળ્યા વિના વાત ન થાય, વાતને મનમાં દબાવી - રોકી રાખીએ છીએ. જેને જેટલો અધિકારી સમજીએ છીએ તેટલી વાત તેની આગળ કરીએ છીએ. ૧૨. કીડી આખા સાગરનું પાણી પીવે તો તેના પેટમાં તે કઈ રીતે સમાય ? અધિકારી સિવાયનાને વાત કહેવી, તે એવી ગંભીર વાત છે. ૧૩. આ પૃથ્વીથી પાણી દસગણું વધારે છે તે રીતે જ પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, અહંકાર, મહત્તત્ત્વ અને પ્રકૃતિ; આ આઠ આવરણ એક એકથી દસ દસગણાં વધારે છે. ૧૪. એવાં અનંત બ્રહ્માંડ છે અને તે બધાની વિગત પણ તેવી જ છે, જે બુદ્ધિમાન હોય, તે સમજી શકે છે. શ્રીહરિનો પ્રતાપ તો સહુથી અધિક છે. ૧૫.

શ્રીહરિના પ્રતાપને સમજવાનું દ્વાર તો સત્સંગ છે. જેટલો જે અભ્યાસ કરે, તેટલું તે કહી શકે છે. જો અભ્યાસ ન કર્યો હોય તો તે શું કહી શકે ? ૧૬. ત્યારે દરબાર જીવા ખાચર હાથ જોડીને બોલ્યા, હે નાથ ! અમારી બુદ્ધિ તો થોડી છે. અમે આપથી અધિક બીજા કોઈને જાણતા નથી; અમે અમારા મનમાં મૂઢપણાથી એવી ગાંઠ વાળી દીધી છે. ૧૭. આપ જેવી વાત કહો છો, તેવી વાત તો બ્રહ્માને પણ કહેતા આવડે નહિ. એટલા માટે બધા મોટા મોટા દેવો પણ આપને 'નેતિ' 'નેતિ' કહે છે. ૧૮. વ્યાસના જેવા બીજા કોઈ સમર્થ કહેવાય નહિ, છતાં તેઓ પણ યથાર્થરૂપમાં કહી શક્તા નથી. આપ જેને જેટલું જ્ઞાન આપો છો, તેટલું તે કહી શકે છે. ૧૯.

તેનાથી વધારે કહેવા જે પ્રયત્ન કરે છે તે બધા શબ્દોના સાગરમાં ડૂબી જાય છે. ચાહે તેવો તરવૈયો હોય, તોપણ તે સાગરના પારને પામી શક્તો નથી. ૨૦. આપ જેને સામર્થ્ય આપો છો તેને સાગરને ઓળંગતા વાર લાગતી નથી. આપના સામર્થ્યથી તો કીડી પણ બ્રહ્માંડને ઊઠાવી શકે છે, પણ તે તેની શક્તિ કહેવાય નહિ. ૨૧. જ્યાં ક્યાંય એવું સામર્થ્ય દેખાય છે ત્યાં તે સામર્થ્ય આપનું જ છે, એમ અમને મનાય છે. જેમ વાનર તો પશુજાત કહેવાય, દેખવામાં તો તેમાં કાંઈ વિશેષ બુદ્ધિ જણાતી નથી. ૨૨. જ્યારે આપે તેના (નળ, નીલના) ઉપર કૃપા કરી, ત્યારે તેમાં અથાગબુદ્ધિ આવી. કોઈ સાગરના પારને પામી શકે નહિ, છતાં બધાં વાનર સાગરને ઉલ્લંઘી ગયા, કાંઈ વાર લાગી નહિ. ૨૩. જે કોઈના તર્કમાં પણ ન આવતી હોય તેવી આશ્ચર્યકારી બાબત જેટલી માનવોમાં હોય છે, તે માનવીની શક્તિ નથી. કેમ જે, મનુષ્યમાં આવું સામર્થ્ય હોય નહીં. અમે તો તેમાં આપનો જ પ્રતાપ જોઈએ છીએ. ૨૪. **કોઈ વાત સત્સંગના જેવી નથી અને આપના સમાન પણ કોઈ બીજી વાત નથી. આપ શ્રીહરિ અને સત્સંગ બંને એકરૂપ જ છો; એમ અમને દેખાય છે. ૨૫.**

સત્સંગના પ્રતાપથી અનેક જીવો અક્ષરબ્રહ્મરૂપ થાય છે. માટે જેના ઉપર સત્સંગનો પ્રભાવ હોય તેવા માણસો દુર્લભમાં પણ દુર્લભ છે. અર્થાત્ અતિ ભાગ્યશાળી છે. કેમ જે, તે અક્ષરધામના મુક્ત થશે જ. ૨૬. હે નાથ ! આપ અમૂલ્ય અશ્વ ઉપર સવાર થઈને હમણાં અમારે ગામ સારંગપુર પધારો. ત્યાં હુતાશની અને ફૂલદોલનો ઉત્સવ કરો. ૨૭. દરબાર જીવા ખાચરનાં પ્રાર્થના વચન સાંભળીને શ્રીહરિ ઘણું જ ખુશી થયા. મનમાં કરુણા લાવીને સારંગપુર જવાની તૈયારી કરી. ૨૮. તે વેળાએ ગઢપુરમાં રહેલા હરિભક્ત બાઈ-ભાઈ તથા દેશેદેશમાંથી આવેલા હરિભક્તો અને સંતો તથા વર્ણી વગેરે સૌને તૈયાર કર્યા. ૨૯. ગામે ગામથી આવેલા બધા દરબારો પણ શ્રીહરિ સાથે નીકળવા સત્વરે તૈયાર થયા. તે સિવાયના હરિભક્ત દરબારો જે આવ્યા ન હતા, તે બધાને પત્ર લખીને સારંગપુર તેડાવ્યા. ૩૦.

શ્રીહરિની સાથે અપાર ઘોડેસવારો હતા. રથ અને બગીઓ (ચારટ)નો તો કોઈ પાર જ ન હતો. દરબાર એભલ ખાચર અને જીવા ખાચર પણ સાથે ચાલ્યા, કારણ તે બંનેને શ્રીહરિના ઉપર અપાર હેત હતું. ૩૧. ડંકા અને વાજિંત્રો વાગતાં હતાં. બધું આકાશ ગાજતું હતું. સાથે જે પાર્ષદો હતા તે ઉત્સાહથી બંદૂકોના અવાજ કરતા હતા. ૩૨. વિચિત્ર પ્રકારના જરિયાની નિશાન બધા સોહામણા લાગતા હતા. સંતો અને વર્ણીઓના મંડળને સાથે લઈને ફાગણ સુદી તેરસના દિવસે ગઢપુરથી નીકળ્યા. ૩૩. મહારાજાધિરાજ પ્યારા શ્રીહરિએ વાસંતીવસ્ત્ર પહેર્યાં હતા. સવારે જમી લીધું હતું. ગઢપુરના ભક્તોને દર્શન દેતાં દેતાં શ્રીહરિ પુરના રાજમાર્ગ ઉપર ચાલ્યા. ૩૪. લલાટમાં કેસરયુક્ત ચંદન ચરચ્યું હતું. તેના મધ્યે મોટો કુંકુમનો ચાંદલો કર્યો હતો. ભક્તોનાં ચિત્તને ચોરતા શ્રીહરિએ ગુલાબના હાર, બાજુ બંધ અને તોરા ધારણ કરી લીધા હતા. ૩૫.

કાન ઉપર ગુલાબના ગુચ્છ ધાર્યા હતા. ધર્મના દુલારા સુખકારી ઘનશ્યામ શ્રીહરિનું મુખ મંદમંદ હસતું હતું. અને સોનેરી સાજથી શણગારેલા અશ્વ ઉપર બેઠા હતા. ૩૬. શોભિત શોભાના ધામરૂપ શ્રીઘનશ્યામે મસ્તક ઉપર સોનેરી છત્ર ધારણ કર્યું હતું. બંને બાજુ ચામર વીંજાઈ રહ્યાં હતાં. ૩૭. ગઢપુરવાસી પ્રેમીજનો રાજબજારમાં ઊભા હતા. અપાર લોકો દર્શન કરતા હતા. તેની ભીડ ઘણી ઘાટી હતી. બધાં જ ફૂલહાર લાવ્યા હતાં. ૩૮. આવી આવીને તે ફૂલહાર શ્રીહરિને પહેરાવતા. હૃદયમાં હેત ઊભરાતું હતું. કેટલાક તો ગુલાલ પણ લાવ્યા હતા. તે અત્યંત ભાવથી ઊડાડતા હતા. ૩૯. લોકો અને છડીદારો 'જય જય' 'જય જય' એમ જયધ્વનિ કરતા હતા. અક્ષરાધિપતિ ભગવાનનાં જે દર્શન કરતાં હતાં, તેનાં ભાગ્યને પણ ધન્ય ધન્ય છે. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશપૂરમાં 'શ્રીહરિ ગઢપુરથી સારંગપુર જવા માટે તૈયાર થઈને નીકળ્યા' એ નામે છાસઠમો તરંગ સમાપ્ત ॥૬૬॥



પૂર બારમું : તરંગ - ૬૭

ગઢપુરથી હુતાશની અને ફૂલદોલનો ઉત્સવ કરવા શ્રીહરિ સારંગપુર આવ્યા

શ્રીહરિ જ્યારે ગઢપુરના રાજમાર્ગ ઉપર નીકળ્યા, ત્યારે ત્યાં ઊભેલા પુરજનો હાથ જોડીને એમ બોલતાં, હે પ્રભુ ! આપ જ્યારે ગઢપુરથી દૂર જાઓ છો ત્યારે આપના વિનાનું આ ગામ શૂન્યકાર અને ઊજડ જેવું લાગે છે. ૧. અને આપ જ્યાં સુધી આ પુરમાં રહો છો, ત્યાં સુધી તો આખા બ્રહ્માંડની રિદ્ધિ-સિદ્ધિ અહીં આવીને હાજર રહે છે. ૨. આપે અમને સુખ આપ્યું છે. હવે આપ સત્વરે પાછા આવી જાજો. આપના વિયોગથી અમને દુઃખ થાય છે અને આપ એક જ અમારા દુઃખોને ટાળનારા છો; ૩. લોકો આવું બોલતા હતા. પછી શ્રીહરિ પુરથી બહાર નીકળ્યા. સહુને વચન આપ્યું કે, હું વહેલાસર પાછો ગઢપુર આવી જઈશ. ૪. આમ કહીને દયાળુ શ્રીહરિ તત્કાળ **સારંગપુર**ને માર્ગે ચાલ્યા. જે ભાવિક ભક્તો હતા, તેઓ તો શ્રીહરિની સાથે અરધા કોશ સુધી ચાલતા રહ્યા. ૫.

લોકોને ઘણે દૂર સુધી આવતા દેખીને, બધાને પોતાની પાસે બોલાવ્યા. હવે તમે બધા પાછા વળો, એમ કહીને શ્રીહરિ બધા સંતોની સાથે આગળ ચાલતાં થયા. ૬. વળાવવા આવેલા ભક્તોએ દંડવત પ્રણામ કર્યા અને શ્રીહરિની મૂર્તિને સંભારતા સહુ પાછા વળ્યા. શ્રીહરિએ જેને જેવા શબ્દથી બોલાવ્યા હોય, તે બધાં તેને અલગ અલગ રીતે સંભારતાં હતાં. ૭.

चोपाई :

हरि कु संभारत जन जबही, प्रगट मूर्ति आगे देखत तबही;
अंत समे जन संभारत जेता, हरि कु देखत आगे तेता...०८

प्रगट मूर्ति आगे देखत जबहु, अनंत जन्म के पाप जो तबहु;
चोरासी जम दुःख होवत नासा, श्रीहरि जब हि देखावत पासा...०९

हरि में प्रताप अब रहे जेतो, डर लगत हे केवे तेतो;
जन की समझ अति तुछ रहाई, तेहि कर तुछ गति पावत ताई...१०

તે ભક્તો જ્યારે શ્રીહરિને સંભારતાં ત્યારે શ્રીહરિની મૂર્તિ દૃષ્ટિ આગળ દેખાતી. કોઈ ભક્ત અંતકાળે પણ શ્રીહરિને સંભારતાં ત્યારે તે શ્રીહરિને પોતાની દૃષ્ટિ આગળ જ દેખતા હતા. ૮. પ્રગટ શ્રીહરિની મૂર્તિ જ્યારે આગળ દેખાતી ત્યારે અનંત જન્મનાં પાપ, લખચોરાશી અને જમપુરીની યાતના, એ બધાનો નાશ થઈ જાતો હતો. ૯. આ વખતે શ્રીહરિમાં જેટલો પ્રતાપ રહ્યો હતો, તે બધા પ્રતાપને કહેતા ડર લાગે છે. મનુષ્યની સમજણ અતિ ઘણી તુચ્છ હોય છે. તેણે કરીને જ તે તુચ્છગતિને પામે છે. ૧૦.

તુચ્છ સમજણથી તુચ્છગતિ થાય છે, તે સત્સંગ વિના દેખાતું નથી. માણસ જેવો સંગ રાખે છે તેવી તેની બુદ્ધિ - સમજણ થઈ જાય છે. ૧૧. જેવો સંગ હોય, તેવી વાણી બોલે છે. આ વાત ખુલ્લી છે, છાની નથી. જેને સૂક્ષ્મ સદ્‌બુદ્ધિ હોય છે, તેઓને વાત સવળી દેખ્યામાં આવે છે. ૧૨.

दोहा : सुलट वात कु उलट हि, देखत ज्यां लग जेह;
नारी अरु नर ताहि को, मोक्ष दूर हे तेह...१३
सुख जो कहावत जितनो, सुलट में रहे अपार;
दुःख जो कहावत तितनो, उलट में रहे न पार...१४

જે નરનારીઓ સુલટ - સવળી વાતને જ્યાં સુધી અવળી દેખે છે, માને છે ત્યાં સુધી તેનો મોક્ષ ઘણો જ દૂર રહે છે. ૧૩. જેટલું સુખ કહેવાય છે તે બધું સવળી સમજણમાં પુષ્કળ રહ્યું છે. અને જેટલું દુઃખ જે કહેવાય છે, તે સર્વે ઊલટી સમજણમાં અપાર રહ્યું છે. ૧૪. **જ્યાં સુધી અવળી સમજણ છે ત્યાં સુધી જમપુરી, જન્મ-મરણ અને લખચોરાશીનું દુઃખ રહેવાનું જ છે.** ૧૫. ઉપર જે દુઃખ કહ્યાં, તે બધાં દુઃખોનો નાશ તો સવળી સમજણથી થાય છે. સવળી સમજણથી અતિશય સુખ મળે છે અને સત્સંગથી સદ્‌બુદ્ધિની વૃદ્ધિ થાય છે. ૧૬.

જે જે મનુષ્યમાં જેટલી સદ્‌બુદ્ધિ હોય છે તે તેટલે અંશે કોઈક દિવસ સત્સંગ કરે છે, અને જે મનુષ્યમાં જેટલી કુબુદ્ધિ હોય છે તેટલે અંશે તે કુસંગ કરે છે. ૧૭. જેનામાં જેટલી સદ્‌બુદ્ધિ હોય કે કુબુદ્ધિ હોય, તે તો જ્યારે તેનો સંગ થાય ત્યારે દેખાય છે.

હવે સુખદાતા શ્રીહરિ કઈ રીતે આગળ ચાલ્યા ? તે વાતને કહું છું. ૧૮. ગઢપુરથી નીકળેલા શ્રીહરિ જ્યારે ત્રણ કોશ આગળ ચાલ્યા, ત્યારે ત્યાં વચ્ચે એક કેરી નામે નદી આવી. ત્યાં કેટલાક સંતો નાહ્યાં. શ્રીહરિની સાથે જે અશ્વ હતાં તેને પાણી પાયું. ૧૯. નદીથી ઉત્તર કાંઠે એક નાનું ગામ હતું. ત્યાંથી આગળ શ્રીહરિ **પીપળિયા** ગામ ગયા. ૨૦. ત્યાં જે હરિભક્ત દરબાર વગેરે રહેતા હતા તે બધા સન્મુખ આવ્યા. બધા શ્રીહરિનાં ચરણોમાં પડ્યા. શ્રીહરિએ તેમને ઘણા હેતથી બોલાવ્યા. ૨૧. તે વેળાએ દરબારે ઘણી વિનંતી કરી. શ્રીહરિને દરબારગઢમાં લઈ ગયા. પોતાના ભવનમાં પધરામણી કરીને મહાન અલૌકિક લાભ લીધો. ૨૨.

કેસરયુક્ત ચંદન લઈને શ્રીહરિની પૂજા કરી. ફૂલોના હાર પહેરાવ્યા. સાકરનો ભરેલો થાળ લાવ્યા અને ઘણા સરસ વચન બોલ્યા. ૨૩. તે પછી તેમણે સંતોને અને વર્ણીઓને ઘણાં જ પ્રેમથી પૂજ્યા. પછી શ્રીહરિને હરખભેર હિંડોળા ખાટ ઉપર બેસાડીને ઝૂલાવ્યા. ૨૪. તે દરબારના જેટલા ભાયાતો હતા તેમને ઘેર પણ શ્રીહરિની પધરામણી કરાવી, અને તે સહુએ ઘણા જ હરખથી શ્રીહરિની પૂજા કરી. ૨૫. તે પછી ગામમાં બીજા હરિભક્તોને ઘેર પધરામણીએ ફર્યા અને તેમણે ભાવથી શ્રીહરિને પૂજ્યા. ત્યારબાદ પીપળિયા ગામથી આગળ ચાલ્યા. ૨૬.

આગળ જાતા **જનડા** ગામ આવ્યું. ત્યાંના કૂવાનું પાણી શ્રીહરિએ પીધું. તે ઘણું મીઠું હતું. વર્ણી અને સંતોએ પણ તે પીધું. ૨૭. હરિભક્તોએ પાણી પીધું. તે પછી શ્યામસુજાણ શ્રીહરિ **તાજપર** ગામ આવ્યા. ત્યારે ગામના લોકો ત્યાં દર્શન કરવા આવ્યા. ૨૮. બપોર પછી ત્યાંથી ચાલ્યા તે **સમઢિયાળા નં.૧** ગામ આવ્યા. ત્યાંના દરબાર લાખા ખાચર હતા તે તાબડતોબ શ્રીહરિની સન્મુખ આવ્યા. ૨૯. તેઓ હાથ જોડીને શ્રીહરિનાં ચરણોમાં પડ્યા. પછી ઘણા જ હેતથી બોલ્યા, આજ અમારે માટે ધન્ય ઘડી છે કે, આપ પધાર્યા છો. હવે હે મહારાજ ! અમારા ગામમાં પધારો. ૩૦.

આમ કહીને તેઓ શ્રીહરિને લઈને ગામમાં આવ્યા. તેમનાં મનમાં ઘણો જ આનંદ થયો. દરબારગઢમાં લઈ જઈને પોતાના ભવનમાં પધરાવ્યા. ૩૧.

ઘણા ભાવથી ભવ્ય નવરંગ પલંગના ઉપર બેસાડ્યા. કેસરયુક્ત ચંદન ઘસીને લાવ્યા. તે ઘણા જ ભક્તિભાવથી ચરચ્યું અને ફૂલહાર પહેરાવ્યા. ૩૨. સાકરનો ભરેલો થાળ ધરાવ્યો. પછી હાથ જોડીને સ્તુતિ કરી. તે પછી વર્ણી, સંતો અને પાર્ષદો, જે બધા સાથે હતા, તેમની પણ પૂજા કરી. ૩૩. શ્રીહરિની સાથે માંચા ખાચર વગેરે મોટા મોટા ગામધણી દરબારો હતા. લાખા ખાચરે પોતાને ઘેર શ્રીહરિ પધાર્યા, તેને ધન્યભાગ્ય અને શુભ અવસર ગણીને તે બધા દરબારોની પૂજા પણ ઘણા જ હેતથી કરી. ૩૪.

શ્રીહરિ તથા શ્રીહરિની સાથે જે દરબારો હતા, તે બધાને લાખા ખાચરે સાકર ભેળવેલું સુંદર તાજું મીઠું દહીં આપીને પ્રેમથી જમાડ્યા. બે ઘડી દિવસ બાકી રહ્યો ત્યારે સૌ ત્યાંથી ચાલ્યા. ૩૫. થોડું આગળ ચાલ્યા હશે, તે વખતે **સારંગપુર**ના અપાર હરિભક્તો સન્મુખ આવ્યા. સહુના હાથમાં ફૂલહાર લીધેલા હતા. ૩૬.

ફૂલોની ફૂલવાડી હોઈને શું ? અથવા ફૂલોનું સોહામણું વન હોય, તેમ ખીલેલા ફૂલોના હારને લઈને બધા ભક્તજનોએ અત્યંત પ્રસન્ન મનથી શ્રીહરિને પહેરાવ્યા. ૩૭. બધા હરિભક્તો વારંવાર સાષ્ટાંગ દંડવત પ્રણામ કરવા લાગ્યા. સહુ એમ બોલતા કે, આજ અમારે માટે ધન્ય ઘડી અને ધન્યભાગ્ય છે કે, આજે અમારે ગામ પધારીને ધર્મકુમાર શ્રીહરિ અમને સહુને દર્શન આપે છે. ૩૮. ત્યારે ભક્તપતિ ભગવાન શ્રીહરિ બોલ્યા, હુતાશની અને ફૂલદોલનો ઉત્સવ કરવા માટે સંતો-હરિભક્તોને સાથે લઈને આજે અમે તમારે ગામ આવ્યા છીએ. ૩૯. ત્યારે સારંગપુરના ભક્તો બોલ્યા, અમારા ધન્યભાગ્ય છે કે, આપ અહીં પધાર્યા છો. શ્રીહરિનું વચન સાંભળીને હરિભક્તોનો ઉત્સાહ ઘણો જ વધ્યો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'શ્રીહરિ ગઢપુરથી હુતાશની અને ફૂલદોલનો ઉત્સવ કરવા સારંગપુર પધાર્યા' એ નામે સડસઠમો તરંગ સમાપ્ત ॥૬૭॥



પૂર બારમું : તરંગ - ૬૮

સારંગપુરમાં રંગોત્સવ અને સત્સંગના રંગનું ગૌરવ કહ્યું

શ્રીહરિ સારંગપુરમાં બધી સવારી સાથે લઈને પધાર્યા. ત્યારે જાત જાતનાં વાજિંત્રો વાગતાં હતાં. સર્વત્ર બહુ પ્રકારનો ઉમંગ-રંગ છવાઈ ગયો હતો. ૧. જીવા ખાચરના દરબારમાં આવીને શ્રીહરિએ ઉતારો કર્યો. એક સુંદર પલંગ બિછાવી દીધો હતો. ૨. શ્રીહરિની સાથેના જે દરબારો હતા, તે બધા ગામમાં અલગ અલગ ઘેર ઊતર્યા. જેને જેવો ઘટે તેવો ઉતારો આપ્યો. ૩. ગામમાં જેટલી સગવડ થઈ અર્થાત્ જેટલા સમાણા તેટલા ભક્તો ગામમાં ઊતર્યા અને જે વધ્યા તે બધા ગામની બહાર ઊતર્યા. ૪. સંતોની જગ્યામાં જેટલા સમાયા તેટલા સંત જગ્યામાં ઊતર્યા. બીજા બધા સંતો જ્યાં ઘાટી છાંયાવાળા વૃક્ષ હતા, તેવી વાડીમાં જઈને ઊતર્યા. ૫.

જ્યારે બે રાત અને એક જ દિવસ હુતાશની આવવાને આડે રહ્યા ત્યારે દેશેદેશમાંથી હરિભક્તોના અપાર સંઘ આવવા લાગ્યા. ૬. બધા ભક્તો આવીને શ્રીહરિનાં દર્શન કરતાં હતાં, પણ દર્શન કરતાં કોઈને ક્યારેય તૃપ્તિ થાતી નહિ. જ્યાં સુધી દર્શન થાતાં હોય ત્યાં સુધી કોઈ ખાવાં-પીવાં પણ જાતાં નહિ. ૭. શ્રીહરિ જમ્યા પછી ઘણા જ હેતથી બધા સંતોને જમાડતાં હતા. રોજ નિત્ય નવી રસોઈ થાતી. રસોઈ સારા ચતુર બ્રાહ્મણો કરતાં હતાં. ૮. ફાગણ સુદિ ચૌદશને દિવસ સારંગપુરના બધાં હરિભક્તોએ ભેળામળીને વિવિધ પ્રકારની રસોઈ કરાવી. કારણ કે, સહુને શ્રીહરિ તથા સંતોના ઉપર ઘણું જ હેત હતું. ૯. હુતાશનીને દિવસ જેટલા સંઘ હતા તે બધાએ મળીને વિવિધ પ્રકારની રસોઈ કરાવી. સહુએ શ્રીહરિને અને સંતોને જમાડ્યા. તે પછી ઘણા હેતથી પૂજા કરી. ૧૦.

હુતાશનીને દિવસ જીવા ખાચરના દરબારના ચોકમાં વિચિત્ર પ્રકારનો અને ઘણો જ સુંદર એક રંગમંડપ કરાવ્યો હતો. ૧૧. તે મંડપમાં વસંતૠતુની જે શોભા કહેવાય છે, તે બધી જ કરી હતી. ફૂલ અને આંબાના મોરની વિવિધ રચના કરી હતી. ૧૨. સંતો ઝાંઝ અને મૃદંગ વગાડીને વસંતના

પદ ગાતા હતા. તેમજ હોરી અને ધુમારના પદ બોલીને વિવિધ પ્રકારે ગાન કરતા હતા. ૧૩. રંગમંડપની વચ્ચે જે સુંદર સિંહાસન હતું, ત્યાં આવીને શ્રીહરિ તેના ઉપર બેઠા અને આગળના ભાગમાં સંતોની સભા થઈ. ૧૪. તેમજ આવેલા હરિભક્તોની પણ સભા થઈ. ઉત્સવનો ઉમંગ સહુમાં છવાઈ ગયો હતો. તે વખતે શ્રીહરિ ગુલાલ ઉડાડતા હતા. ૧૫. જ્યારે કોઈ પ્રેમી ભક્ત થાળ ભરીને ગુલાલ લાવતા ત્યારે શ્રીહરિ પણ ઘણા જ પ્રેમભાવથી તે ગુલાલને ઉડાડતા હતા. ૧૬.

શ્રીહરિ ગુલાલ ઉડાડીને સંતોને અને હરિભક્તોને ભરી દેતા હતા. કારણ કે, શ્રીહરિને સંતો, વર્ણીઓ અને હરિભક્તોની ઉપર ઘણો જ પ્રેમભાવ રહેતો હતો. ૧૭. ભાવને કારણે રંગ શ્રેષ્ઠ દેખાતો હતો. આવો રંગ ક્યારેય દેખાયો ન હતો. શ્રીહરિએ ઉડાડેલો રંગ જેના શરીર ઉપર પડતો હતો, તેના સમાન મહાન ભાગ્યશાળી દુનિયામાં કોઈ ન કહેવાય. ૧૮. **જેના ઉપર શ્રીહરિનો પ્રસાદીભૂત રંગ પડ્યો હોય, તેને અનંત કોટિ બ્રહ્માંડના દેવો વારંવાર 'ધન્ય ધન્ય' એમ કહેતા હતા. શ્રીહરિએ નાખેલા રંગની સમક્ષ બીજા બધા રંગ તો અત્યંત તુચ્છ લાગતા હતા. ૧૯. આ રંગનું માહાત્મ્ય જે યથાર્થરૂપમાં સમજતો હોય, તે જ ખરો હરિભક્ત છે અને જેને તે રંગનું માહાત્મ્ય નથી, તેના જેવો બીજો કોઈ અભાગિયો નથી. ૨૦.** તે મનુષ્ય તો આખો જન્મારો દુર્ભાગી રહે છે. તેના દુ:ખનો પાર ક્યારેય આવતો નથી. કુબેરના સમાન ધન મળવાથી શું થવાનું છે ? કદાચ રહેવા માટેના સોનાના મહેલ થાય તોએ શું ? ૨૧. નવ ખંડ ધરતીનું રાજ્ય મળે કે સાતે દ્વીપનું રાજ્ય મળે, પણ તેનાથી શું ? બ્રહ્માના સમાન ઊંચું પદ મળે તોએ શું ? **જ્યાં સુધી શ્રીહરિનો રંગ નથી લાગ્યો ત્યાં સુધી તે સંપત્તિ, ભોગ, ઐશ્વર્ય કે ઊંચુ પદ, બધું જ વ્યર્થ છે.** ૨૨.

❋ સત્સંગનો મહિમા :

ચોપાઈ :

सत्संग करना हे ओर रंगा, तिनसे होत निर्भे अभंगा;
सत्संग न करत त्यां लग जनही, निर्भे न होवत करी तनही...२३

सत्संग करत न ज्यां लगही, काल के मुख में हे त्यां लगही;
अनंतकोटि ब्रह्मांड हि जेहू, काल के मुख में हे तेहू...२४

સત્સંગ કરવો એ જુદો જ રંગ છે. સત્સંગથી જ અખંડ નિર્ભય થવાય છે. મનુષ્ય જ્યાં સુધી સત્સંગ નથી કરતો ત્યાં સુધી તે નિર્ભય થઈ શક્તો નથી. ભલે મનુષ્ય તન પામ્યો હોય. ૨૩. મનુષ્ય હોવા છતાં જ્યાં સુધી સત્સંગ નથી કરતો ત્યાં સુધી તે કાળના મુખમાં જ પડ્યો છે. અનંત કોટિ બ્રહ્માંડો પણ કાળના મુખમાં જ છે. ૨૪. જે શુદ્ધ જ્ઞાની સંત હોય તે જ આ બાબતને સમજે છે. બીજા કોઈ લોકો સમજતા નથી, તેઓ તો દુઃખોને જ સહન કરે છે; જે કહી શકાતું નથી. ૨૫.

दोहा : कहां जानत हरिजन जो, सत्संग से सुख होत;
ता विन बुद्धिवंत जन, व्रथा जन्म हि विगोत...२६

હરિજન હોય એ શું જાણે છે ? તો સત્સંગથી જ સુખ થાય છે, એમ જાણે છે. સંત અને હરિભક્ત સિવાયનો મનુષ્ય બુદ્ધિમાન હોય, તોપણ સત્સંગ વિના જન્મને વૃથા ગુમાવે છે. ૨૬. **સત્સંગથી સુખ થાય છે અને ફરીથી ક્યારેય દુઃખ થાતું નથી.** પ્રહ્લાદ અને પ્રિયવ્રત રાજાનાં જેવી જેની બુદ્ધિ વિશાળ છે, તે આ બાબત જોઈ શકે છે. ૨૭. અને જે વસ્તુ જેટલી ઉત્તમ હોય તેને મેળવવા તેટલી ઉત્તમ મહેનત કરવી પડે છે. જે જે સારભૂત - ઉત્તમ વસ્તુ હોય તે, તે પ્રમાણેના પરિશ્રમ વિના જરાય મળતી નથી. ૨૮. **સત્સંગ સિવાય અન્ય બાબત જ્યાં સુધી સાર લાગે છે, ત્યાં સુધી તેની બુદ્ધિ સંસારી કહેવાય છે. અને સંસારીબુદ્ધિ હોય ત્યાં સુધી તેને દુઃખ રહે છે. ૨૯. જેને જેમાં હેત હોય, તેને તેમાં દુઃખ દેખાય નહિ અને જેને જેમાં દુઃખ દેખાય, તે મનુષ્ય ક્યારેય તે માર્ગે ચાલે નહિ. ૩૦.**

સાપને કોઈ હાથ અડાડતો નથી. કારણ કે, જો અડે, તો તરત જ તે કરડે, તેમાં રતીભાર પણ સંદેહ નથી. તે તો પ્રત્યક્ષ દેખાય જ છે. ૩૧. જે ગારુડી(સાપનો મંત્ર જાણનાર) હોય છે, તે સાપને પકડે છે, પણ તે ક્યારેય સાપનો વિશ્વાસ કરતો નથી. તે રાત-દિવસ તેનાથી સાવધાન રહે છે. ૩૨. કેટલાક સાપ તો ક્રોધે કરીને ગારુડીને પણ કરડે છે. ક્રોધમાં ઝેર અપાર રહ્યું

હોય છે. તે જો કરડે, તો પ્રાણ નીકળતા વાર લાગે નહિ. ૩૩. ક્રોધમાં તેવું જ વિષ રહ્યું છે. તેથી જેમાં ક્રોધ પ્રગટ થઈ આવે છે ત્યારે તે અંધધંધ જેવો થઈ જાય છે. ૩૪. જ્યારે અતિશય ક્રોધનો આવેગ આવે છે ત્યારે તેને લોક કે વેદાદિ શાસ્ત્રોની મર્યાદાનું પણ ભાન રહેતું નથી. તે રીતે જ જ્યારે લોભ અને કામનો વધારે પડતો આવેગ ચઢે છે, તેમનું બળ વધે ત્યારે તે પણ સામા થાય છે. ૩૫.

જ્યારે માણસમાં અનીતિનું બળ વધે છે ત્યારે ત્યાં નીતિનું બળ કશું ચાલતું નથી. ઘણા નીતિવાળા હતા છતાં અનીતિએ તેની સન્મતિનો નાશ કર્યો હતો. ૩૬. કોઈને સત્સંગ ન હોય અને ઉપલક નીતિ ઘણી દેખાડતો હોય, છતાં બુદ્ધિમાન મનુષ્ય તેનો લેશપણ વિશ્વાસ રાખતા નથી. ૩૭. સત્સંગ ન હોય તો સ્વાર્થ અને લોભને વશ થવાથી જેટલી નીતિ છે તે બધી અનીતિ થઈ જાય છે. ૩૮. જેને સત્સંગમાં પ્રેમ ન હોય અને કુસંગમાં જ પ્રેમ હોય, તો સત્સંગની જે શુભ રીતિ છે તેને તે અનીતિ કહેવા લાગી જાય છે. ૩૯. એક સત્સંગીને બીજા સત્સંગીની સાથે હેત થાય છે. સત્સંગીને સત્સંગ વિનાના સાથે ક્યારેય બનતું નથી, તેમજ પરસ્પર હેત પણ કોઈ દિવસ થાતું નથી; આ એક અનાદિકાળની રીત છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'સારંગપુરમાં રંગોત્સવ અને સત્સંગના રંગનું ગૌરવ કહ્યું' એ નામે અડસઠમો તરંગ સમાપ્ત ॥૬૮॥



પૂર બારમું : તરંગ - ૬૯

ફૂલદોલ ઉત્સવમાં રંગક્રીડા પછી શ્રીહરિએ નદીમાં સ્નાન કર્યું

સારંગપુરમાં હુતાશનીના દિવસની વાત કહી. હવે ફૂલદોલના દિવસની વાત કહું છું. ૧. સારંગપુર ગામના દરબારોએ ફૂલદોલને દિવસ કેસુડા અને પતંગ(જેમાંથી ગુલાલ બને છે તે એક વૃક્ષ)નો અપાર રંગ બનાવ્યો. ૨. તે રીતે જ કેસર, કસ્તૂરી અને કુંકુમનો રંગ પણ ઘણો કરાવ્યો. રંગના જાતજાતના ગોળાઓ અને માટલાંઓ ભરાવ્યા. અને ગુલાલ પણ અપાર લાવ્યા. ૩.

જેટલો રંગ કરાવ્યો હતો, તે બધો રંગમંડપમાં લાવ્યા. શ્રીહરિ પણ નટનાગરના જેવો વેષ રચીને ઘણા જ હરખથી ત્યાં આવ્યા. ૪. નોબત, ઢોલ અને ત્રાસા, એ બધા જે વાજિંત્ર હતાં તે વાગવા લાગ્યાં. તુરાઈ, રણશીંગી, શરણાઈ, ભૂંગળ અને ભેરી વગેરે પણ વાગવા લાગ્યા. ૫.

બધાં વાજાં સાંભળીને સહુ હરિભક્તો અને સંતો તથા વર્ણી વગેરે ત્યાં આવ્યા. ગામમાં જે જે માણસો હતા, તે બધાં તરત જ ત્યાં આવ્યા. ૬. જ્યારે સૂર્યોદય થયો ત્યારે શ્રીહરિ રંગ ઉડાડવા લાગ્યા. શ્રીહરિએ જે રીતે રંગ ઉડાડ્યો તે બધું વર્ણન કરી શકાતું નથી. ૭. હું તો મારી બુદ્ધિ પ્રમાણે વર્ણન કરું છું. શ્રીહરિના અમૃતરસ સાગરનો પાર કોણ પામી શકે ? શ્રીહરિની સાથે જે વર્ણીઓ હતા તે બધા ઉમંગથી રંગ લાવી લાવીને શ્રીહરિને આપતા હતા. ૮. મતવાલા સંતો જ્યારે હોરીના પદ ગાતા હતા ત્યારે સહુ પહેલા શ્રીહરિએ સંતોના ઉપર રંગ છાંટ્યો. બધા સંતોને રંગમાં રસબસ કરી દીધા અને તેનાથી સંતોને પણ ઘણો ઘણો આનંદ થયો. ૯. તે રીતે જ જે દરબારો હતા, તેમના ઉપર પણ શ્રીહરિએ સંતોના જેટલો જ રંગ છાંટ્યો. શ્રીહરિ અત્યંત હેતથી રંગ નાખતા હતા. ઉત્સાહ અંગોમાં સમાતો ન હતો, પણ ઊભરાતો હતો. ૧૦.

જેટલાં ભગવાનનાં ધામ કહેવાય છે. ત્યાંના બધા મુક્તો અહીં શ્રીહરિની રંગક્રીડાનાં દર્શન કરવા આવ્યા. બીજા મુક્તોના સમાજો પણ આવ્યા. ૧૧. ભગવાને અનંત અવતાર ધર્યાં છે પણ આવી રંગક્રીડા ક્યારેય કરી નથી. જે હરિભક્ત થયા તેમણે લાભ લીધો; આવું સુખ ક્યારેય કોઈ અવતારના ભક્ત પામ્યા ન હતા. ૧૨. જે સત્સંગી બાઈઓ હતી, તે બધી ધ્યાનમાં બેસીને ગોલોકધામમાં દિવ્યદેહ ધારણ કરીને ગઈ. ૧૩. જેમને રંગે રમવાનો જેવો ભાવ હતો તે પ્રમાણે તેમણે તેવાં રૂપમાં શ્રીકૃષ્ણ ભગવાનની સાથે રંગક્રીડા કરી. ૧૪. ભગવાનનાં બધા ધામમાં તો કાયમ વસંતઋતુ રહે છે; એમ ભક્ત કવિઓ કહે છે, તે સત્સંગી બાઈઓએ ધામમાં જઈને પ્રત્યક્ષ દેખ્યું. ૧૫. આ વખતના હરિભક્તોએ તે દિવ્યધામની અપાર લીલાઓ વગેરેને દેખી છે. તે વાતમાં કાંઈ ફરક નથી. જે ફરક દેખે છે તેને ફરક રહે છે. ૧૬.

❋ સત્સંગનો મહિમા :

ચોપાઈ :

अब वेर वात हरि की जेती, देखे सुने नहि आये तेती;
भव को फेर टरत नहि ताही, सत्संग विन न कोउ उपाही...१७
अनंत जन्म को आवर्ण जेहा, छेदन करन हे सत्संग तेहा;
जेहि दिन सत्संग जन करही, भवसागर तब सहज हि तरही...१८

આ વેળાની શ્રીહરિનાં ચરિત્રની વાત જેણે દેખી નથી કે સાંભળી નથી, તેને સંસારનું ભટકણ મટવાનું નથી. અને તે ભવફેરા ટાળવા માટે તો સત્સંગ વિના બીજો કોઈ ઉપાય જ નથી. ૧૭. સત્સંગ અનંત જન્મના આવરણને કાપી નાખે છે. મનુષ્ય જે દિવસે સત્સંગ કરશે ત્યારે તે ભવસાગરનું ભટકણ સહેજે જ તરી જશે. ૧૮. સારંગપુરમાં જે જે ઘરોમાં હરિભક્તો રહેતા હતા ત્યાં ફરી ફરીને શ્રીહરિ ગયા અને રંગ છાંટ્યો. આ રીતે રંગની મહાઅલૌકિક ધૂમ મચાવી. ૧૯. હરિભક્તોને નિત્ય તે સ્વરૂપનું ધ્યાન થાય, એટલા માટે ભગવાન શ્રીહરિએ આમ રંગક્રીડા કરી હતી; આ મર્મને જે સમજે છે તે સહુમાં ઘણા જ ભાગ્યશાળી કહેવાય છે. ૨૦. એવા મર્મજ્ઞ ભાગ્યશાળીને માટે જ આ વાત કહું છું. લખતાં લખતાં પણ તૃપ્તિ થાતી નથી. તૃપ્તિ ન થાય તેવી જ આ વાત છે. હરિભક્ત વગર તો આવી વાત કોણ સાંભળે કે ગ્રહણ કરે ? ૨૧.

હરિચરિત્રની વાત સાંભળવામાં જેને આળસ થાતી હોય, તેને આ વાત ક્યારેય સંભળાવવી નહિ. તેને અધમ જાણીને તેનો ત્યાગ કરી દેવો અને તેની સાથે ક્યારેય હેત રાખવું નહિ. ૨૨. હરિચરિત્ર સાંભળવામાં જેને પ્યાર નથી, તેના જેવો તો બીજો કોઈ નઠારો માણસ ન કહેવાય. જે ચરિત્રો સાંભળવામાં વિઘ્ન કરે તે હરિભક્ત હોય, તોપણ અસુર કહેવાય છે ૨૩. શ્રીહરિ ઘેર ઘેર જઈને રંગે રમ્યા. બજારમાં પણ બધે ધૂમ મચાવી. તે પછી ગામથી બહાર નીકળ્યા. નોબત અને ઢોલ વગેરે વાગતા હતા. ૨૪. ગામ બહાર જ્યાં હરિભક્તોના ઉતારા હતા, શ્રીહરિ ત્યાં આવીને રંગે રમ્યા અને સૌ ભક્તોને સુખ આપ્યું. ૨૫. ગામ અને ગામની બહારની ભૂમિ, સહુના ઘર, આકાશ અને ગામના જે વૃક્ષ હતા, તે બધા રંગથી એકસમાન રંગીન થઈ ગયા હતા. ૨૬.

સંતો અને હરિભક્તોની સાથે રંગે રમતાં રમતાં શ્રીહરિ જ્યાં ઉતાવળી નદીમાં જળનો પ્રવાહ વહેતો હતો ત્યાં આવ્યા. ૨૭. ભુવન ભુવનના બધા બ્રહ્માંડના બધા જ દેવો વિમાનમાં બેસીને ત્યાં આકાશમાંથી ચંદન અને ફૂલની વૃષ્ટિ કરવા માટે આવ્યા. ૨૮. ભવ, બ્રહ્મા અને ઈંદ્ર વગેરે દેવો મુખથી 'જય જય' 'જય જય'નો જયઘોષ કરીને વિમાનમાંથી કેસરયુક્ત ચંદન તથા અપાર પુષ્પોની વૃષ્ટિ કરવા લાગ્યા. ૨૯. શ્રીહરિ જ્યારે નદીના જળમાં સ્નાન કરવા માટે ઊતર્યા ત્યારે પાર્ષદોએ એક પછી એક, એમ બંદૂકોના અનેક અવાજો કર્યા. પછી શ્રીહરિએ ઘણા જ ઉમંગથી સંતો અને હરિભક્તોની સાથે ચાર ઘડી(૧.૩૬ કલાક) સુધી જળક્રીડા કરી. ૩૦.

સહુનાં મનમાં ઘણો જ ઉત્સાહ ભર્યો હતો. ઘણીવાર સુધી પરસ્પર ખૂબ જ પાણી ઉછાળ્યું - છાંટ્યું. ભાદરવા માસમાં વરસાદની જાણે એલી(હેલી) મચી હોય, તેના કરતાં પણ આ જળક્રીડાની શોભા અદ્‌ભુત બની હતી. ૩૧. દેવોના ગાંધર્વ વિમાનમાં બેસીને તે વખતે આવ્યા અને તેઓ ત્યાં અનેક પ્રકારના વાજિંત્ર વગાડવા લાગ્યા અને ઘણા જ સ્નેહથી ગાન કરવા લાગ્યા. ૩૨. તેમજ જેટલી દેવાંગનાઓ કહેવાય છે તે બધી પણ ત્યાં આવી. પગમાં ઘૂઘરા બાંધીને તે બધી તે વખતે નૃત્ય કરવા લાગી. નૃત્ય કરતા તેમને પોતાનાં શરીરનું ભાન પણ ન રહ્યું. ૩૩. તે સમયે સહુ ધર્મકુમાર શ્રીહરિના અપાર મહિમાને મુખથી ઉચ્ચારતા હતા. સહુના દિલમાં મહિમા છવાઈ ગયો હતો; આવો મહિમા ક્યારેય સાંભળ્યો ન હતો. ૩૪. **ગ્રંથોમાં લખાયેલો બીજાનો મહિમા તો આ શ્રીહરિના મહિમાની આગળ ઝાંખો લાગે છે. જ્યારે સૂર્યોદય થાય છે ત્યારે બીજા તારાઓનું તેજ સૂર્યમાં લીન થઈ જાય છે. ૩૫. ચંદ્રમા ઘણો મોટો છે. છતાં સૂર્યનાં તેજમાં તે દેખાતો નથી. શ્રીહરિનો પ્રતાપ તો અનંત સૂર્યોથી પણ વધારે છે, તેની આગળ બીજાનો મહિમા ઝાંખો પડે તે સ્વાભાવિક જ છે; આવા શ્રીહરિના પ્રતાપને દેવો ગાતા હતા. ૩૬.**

જ્યારે શ્રીહરિએ સ્નાન કરી લીધું ત્યારે જળથી બહાર આવ્યા. રૂમાલથી અંગ કોરું કર્યું, પછી બધા જ સોનેરી વસ્ત્રો ધારી લીધાં. ૩૭. હરિભક્તો ફૂલના હાર અને તોરા લાવ્યા હતા, તે પહેરાવ્યા અને કાનોમાં શ્રીહરિને

ગુચ્છ ધરાવ્યા. ૩૮. તે સમયે સેવક બધા જ સોનેરી સાજથી શણગારેલો અશ્વ લાવ્યા. ધર્મકુમાર શ્રીહરિ ઘણા જ ઉત્સાહ(ભાવ) સાથે તે અશ્વ ઉપર બેઠા. ૩૯. શ્રીહરિનાં મસ્તક ઉપર નવું બનાવેલું સોનેરી છત્ર ધારણ કર્યું હતું. ઘણા જ ઉત્સાહી હરિભક્તો પ્રેમરસભર્યાં કીર્તન ગાવા લાગ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'ફૂલદોલના ઉત્સવમાં રંગક્રીડા કરીને શ્રીહરિએ નદીમાં સ્નાન કર્યું' એ નામે ઓગણસિત્તેરમો તરંગ સમાપ્ત ॥૬૯॥



પૂર બારમું : તરંગ - ૭૦

સર્વસમર્થ શ્રીહરિ જમ્યા, સૌને જમાડ્યા તથા જીવા ખાચર પૂજા કરવા આવ્યા

સારંગપુરમાં વિવિધ પ્રકારના વાજિંત્ર વાગતાં હતાં, નિશાન આકાશમાં ફરકતાં હતાં અને ચોપદાર ઊંચે અવાજે 'જય જય' 'જય જય'નો પડકાર કરતા હતા. ૧. શ્રીહરિની સાથેના બધા દરબારો ઘોડે સવાર થયા હતા. બધા સોનાનાં ઘરેણાંઓથી ગરકાવ હતા અને પરસ્પર ઘણા હેતવાળા હતા. ૨.

તે વેળાનો તેમનો પરસ્પરનો સ્નેહ ગોવાળો અને ગોપીઓ કરતાં પણ વધારે હતો. તથા ગંગાનો ધસમસતો પ્રવાહ જેમ સાગર તરફ વહે તેવો વેગવાળો હતો, તે તેમનો પ્રેમ કહી શકાતો નથી. ૩. પહેલા વેતરની ગાયને વાછરું ઉપર જેવું હેત હોય, તેવું હેત શ્રીહરિ, સંતોમાં અને હરિભક્તોમાં પરસ્પર હતું. ૪.

❋ મહારાજનો મહિમા :

આ રીતે અપાર સુશોભિત સવારી સાથે શ્રીહરિ તે સમયે ગામમાં આવ્યા. શ્રીહરિનાં દર્શન કરતાં ભક્તોને તૃપ્તિ થાતી ન હતી. કારણ કે, મૂર્તિ અત્યંત રૂપાળી હતી. ૫. બ્રહ્માંડમાં એવું કોઈ રૂપ ન હતું કે, જે શ્રીહરિની મૂર્તિની તુલ્ય આવે, જેને તેની ઉપમા આપી શકાય. સાગરની ઉપમા સાગરને અપાય અને આકાશની ઉપમા આકાશને જ અપાય, ૬.

चोपाई :

हरि की उपमा हरि में रहाये, दामने के बंधन में न आये;
उपमा उपमय कोटी भाँती, शोभा तिनसे कोटि रहाती...०७
तेसे गुन सामर्थि रहावा, प्रताप करी तेसे रहे छावा;
तोहु कोउ न जाने जेसे, देखावत भये प्रताप तेसे...०८

તેમ શ્રીહરિની ઉપમા શ્રીહરિમાં જ રહી છે. તે સ્વરૂપ કોઈ પણ દામણા(દોરી)ના બંધનમાં(માપમાં) આવતું નથી. ઉપમાન અને ઉપમેય કરોડો પ્રકારના છે પણ શ્રીહરિનાં સ્વરૂપની શોભા તો તેનાથી કરોડગણી અધિક છે. ૭. રૂપની જેમ જ ગુણ, સામર્થ્યાદિ શ્રીહરિમાં રહ્યું છે. અને પ્રતાપાદિથી શ્રીહરિ પ્રગટ યાને કે છતરાયા છે. છતાં શ્રીહરિ કોઈ ન જાણે તેમ પ્રતાપ દેખાડે છે. અર્થાત્ શ્રીહરિને કોઈ પણ પ્રકારનું માન નથી. ૮.

प्रताप रहे अनंत अपारा, लेश न जनावत कोउ वारा;
एसो सामर्थ हरि से एका, जानत जाकु अति विवेका...०९
हरि विन देव मनुष्य मुनि जेते, साधन कर गुन पावत तेते;
जेसो साधन जो करत जेहा, तेसे गुन सो पावत तेहा...१०

શ્રીહરિમાં અનંત અને અપાર પ્રતાપ રહ્યો છે. તેને ક્યારેય લેશમાત્ર પણ જાહેર જણાવતા નથી; આવું સામર્થ્ય તો એક શ્રીહરિમાં જ રહ્યું છે. તેથી જે ઘણો વિવેકી છે તે જ આવા સામર્થ્યને એક શ્રીહરિથી જ જાણે છે. ૯. ભગવાન સિવાયના જે દેવ, મનુષ્ય અને મુનિઓ છે તે બધા સાધન કરીને ગુણોને પામે છે. જેવું સાધન જે કરે છે તેને તેવા ગુણ પ્રાપ્ત થાય છે. પરંતુ શ્રીહરિના જેવું સામર્થ્ય કોઈમાં નથી. માટે ત્યાંથી ક્યાંથી જણાય ? ૧૦.

ભગવાન સ્વામિનારાયણના જેવું સામર્થ્ય પાતાળથી લઈને પ્રકૃતિ સુધી કોઈ પામતા નથી. ભવ, બ્રહ્માથી લઈને અક્ષરપર્યંત શ્રીહરિના સામર્થ્યનો પાર કોઈ પામી શકતા નથી, ૧૧. તો તુચ્છ જીવની તો વાત જ શી કહેવી ? તેમાં તો તેવું સામર્થ્ય કોઈ દિવસ આવે જ નહિ. દેવ, મુનિ અને મનુષ્ય જેવા સાધન કરે છે, તેવા તેના ઉપર ભગવાન રીઝે છે. ૧૨.

ભગવાન જે સમયે જે સાધનથી જેના ઉપર રીઝ્યા હોય તેને જોઈ વિચારીને તેવું સાધન પ્રેમથી કરવું જોઈએ. ૧૩. પરમેશ્વર અંતર્યામી છે. તેને કોઈ અંતરાય લેશમાત્ર પણ નડતો નથી. તે પ્રભુ જેની જેવી સમજણ હોય તે રીતે તેમાં પ્રવેશ કરે છે. ૧૪. જેટલા જીવો છે તે જેવા સાધનોને કરે છે, તેને અંતર્યામી પરમેશ્વર દેખે છે અને પછી તેને તેવું ફળ આપે છે. ૧૫.

જે જેવું પાપ કરે, તેને તેવી જાતનું ફળ આપે છે. તેમજ જે વિવિધ પ્રકારે પુણ્ય કરતા હોય તેને હંમેશાં તેવું ફળ પરમેશ્વર આપે છે. ૧૬. જે જીવનું જેવું પુણ્ય હોય તે જીવને તેવી રીતે પ્રભુ સુખી રાખે છે અને જેનું જેવું પાપ હોય, તે જે જે યોનિમાં જાય છે ત્યાં તેના પાપને અનુરૂપ દુઃખ ભોગવાવે છે. ૧૭. પરમેશ્વરે જેવો સંકલ્પ કરી રાખ્યો હોય છે તે પ્રમાણે જ પાપ અને પુણ્યનું ફળ જીવ પામે છે. પાપમાં પણ જેવું પુણ્ય કર્યું હોય, ત્યાં અંતર્યામી તેને તેવું જ ફળ આપે છે. ૧૮. પુણ્યકાર્યમાં પણ કોઈ જેવું પાપ કરે, તેને તેનું ફળ તેવું જ આપે છે. દુઃખ અને સુખના માર્ગ તો સનાતન બાંધી દીધેલા જ છે. ૧૯. જ્યારે જે જેવા માર્ગે ચાલે છે ત્યારે તે સુખ અને દુઃખરૂપ ફળ કર્માનુસારે પામે છે. સુખ અને દુઃખના માર્ગ જે પ્રકારનાં હોય છે તેને શાસ્ત્ર અને સંતો દિન-રાત કહ્યા જ કરે છે. ૨૦.

માણસ શાસ્ત્રનાં અને સંતોનાં વચનનું ઉલ્લંઘન કરીને જ્યારે વર્તે છે, ત્યારે તેના જ્ઞાતિજનો તેને નિયમ પ્રમાણે માર્ગે ચલાવે છે. અને જે માણસ જ્ઞાતિના નિયમોનું પણ ઉલ્લંઘન કરે છે, ૨૧. અને ઉદ્ધતાઈ ભર્યું વર્તન કરે છે ત્યારે તેને રાજા વિવશ કરીને સન્માર્ગે ચલાવે છે. મનુષ્યજાતિનો થઈને પણ જે છાની રીતે પાપોને કરે છે, ૨૨. જેની કોઈને ખબર પડવા દેતો નથી. તેને યમદૂત શોધી કાઢે છે. મનુષ્યનો દેહ ધારીને જીવ જેટલાં કર્મ કરે છે, શાસ્ત્રના નિયમોનું જે ઉલ્લંઘન કરે છે, તેને તે પાપને અનુરૂપ દંડ આપીને જીવને જમદૂત યાતનાઓ દ્વારા શુદ્ધ કરે છે. અને જે જીવ જેટલો પુણ્યને માર્ગે ચાલે છે તે જીવ તેટલો સમય દેવલોકમાં રહે છે. ૨૩-૨૪. અને જે હરિભક્ત થાય છે તે તો સત્સંગના પ્રતાપથી અક્ષરધામને પામે છે અને ભગવાનનાં અખંડ સામીપ્યને પામે છે. ૨૫.

આધ્યાત્મિક, આધિદૈવિક અને આધિભૌતિક એ ત્રણ તાપોનો આ જગતમાં જ ત્યાગ કરીને તે ભગવાનની સેવામાં રહે છે. તે ભક્ત મહાન ભાગ્યશાળી બને છે. ૨૬. ભક્તજનોને બડભાગી કરવાને માટે શ્રીહરિ કોઈ સુંદર સ્થળ જોઈને વરસમાં બે-ત્રણ વાર ઉત્સવ-સમૈયા કરતા હતા. ૨૭. શ્રીહરિ ગામના રાજમાર્ગમાં ધીરે ધીરે ચાલીને જીવા ખાચરના દરબારગઢમાં આવ્યા. તે વખતે રસોઈ તૈયાર થઈ હતી. ૨૮. તે દિવસની રસોઈ દરબાર જીવા ખાચરે કરાવી હતી. જગતમાં જેટલા પ્રસિદ્ધ સારા પકવાન કહેવાતા હોય છે, તે બધાં સાકર વાપરીને કરાવ્યા હતા. ૨૯. વર્ણી પાસે તે એટલા બધા પકવાન કરાવ્યા કે, તેનો ગણતા પાર આવતો ન હતો. પછી રંગમંડપના ચોકમાં વિવિધ રંગોથી રંગોળી પૂરાવી. ૩૦. તેની વચ્ચે સુંદર સોનેરી ચોકી ઢાળી.

શ્રીહરિ નાહ્યા પછી આવીને તે ચોકી ઉપર બેઠા. ત્યારે તરત જ વર્ણી વિવિધ પ્રકારના ભોજન લાવ્યા. ૩૧. બીજી ચોકીના ઉપર થાળ મૂક્યો. કૃપાળુ શ્રીહરિ તે ભોજનોને જમ્યા. દરબાર જીવા ખાચર જે રીતે રાજી થાય તે રીતે શ્રીહરિ પ્રેમથી બધા ભોજન જમ્યા. ૩૨. શ્રીહરિ જ્યારે જમી રહ્યા ત્યારે સંતોને જમવા માટે બેસાડ્યા. શ્રીજીમહારાજ તે સમયે સંતોને પીરસવા માટે પંક્તિમાં આવ્યા. ૩૩. પાર્ષદો અને શ્રીહરિની સાથેના જે દરબારો હતા, તેઓ પણ ઉમંગથી જમવા માટે પંગતમાં બેઠા. શ્રીહરિ જ્યારે સંતોની પંગતમાં પીરસી રહ્યા ત્યારે દરબારોને પીરસવા માટે આવ્યા. ૩૪. જ્યારે પાર્ષદોને અને દરબારોને પીરસી રહ્યા ત્યારે જમવાની આજ્ઞા કરી. પંગતમાં જ્યાં સુધી સહુ જમતા હતા ત્યાં સુધી શ્રીહરિ પીરસવા માટે પંગતમાં ફરતા રહ્યા. ૩૫. બધી પંગત જ્યારે જમી રહી ત્યારે ઘનશ્યામ શ્રીહરિએ પોતાના હાથ ધોયા.

તે પછી સાંજના સમયે સભા કરવા ચોકમાં આવ્યા. ૩૬. ત્યાં સભા ભરી સહુ સંતો સભામાં બેઠા. તેમાં ગવૈયા સંતો જે હતા, તેઓએ દોકડ અને સરોદ લઈને કીર્તનગાન કર્યું. ૩૭. તે પછી દરબાર જીવા ખાચર પૂજાપાનો થાળ ભરીને શ્રીહરિની પૂજા કરવા માટે આવ્યા તે વાત હવે કહું છું. ૩૮.

સારું સુગંધી કેસરયુક્ત ચંદન શ્રીહરિનાં અંગ ઉપર ચરચ્યું. ફૂલહાર પહેરાવ્યા તથા મસ્તક ઉપર ફૂલોની પાઘ ધરાવી. ૩૯. તેમાં તોરા લટકાવી દીધા અને કાનની ઉપર ગુચ્છ ધરાવ્યા. ભુજાઓ ઉપર બાજુબંધ બાંધ્યા અને અંગ ઉપર ફૂલોની પછેડી ઓઢાડી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'સર્વસમર્થ શ્રીહરિ જમ્યા, સૌને જમાડ્યા તથા જીવા ખાચર પૂજા કરવા આવ્યા' એ નામે સિત્તેરમો તરંગ સમાપ્ત ॥૭૦॥



પૂર બારમું : તરંગ - ૭૧

શ્રીહરિના અવતારની વિશેષતા અને મહાભારત કથાની સમાપ્તિ

સારંગપુરમાં દરબાર જીવા ખાચરે જેવી રીતે શ્રીહરિની પૂજા કરી, તેમના પરિવાર અને કુટુંબે પણ તેવી રીતે જ પૂજા કરી. કારણ કે, સહુને શ્રીહરિના ઉપર નિર્મળ પ્રેમ હતો. ૧. સહુએ ભક્તિભાવથી આરતી ઉતારી. તેમના કુટુંબ-પરિવારમાં પરસ્પર અપાર હેત હતું. સહુએ કુસંગનો ત્યાગ કરી દીધો હતો. ૨. સહુએ શ્રીહરિની બે હાથ જોડીને પ્રાર્થના કરી. હે મહારાજ ! અમારી બુદ્ધિ સત્સંગને તજીને ક્યારેય અવળે માર્ગે(કુનોર) ન જાય; એટલું અમે માગીએ છીએ. ૩. આપની મૂર્તિ અને આપના સંત, આપના હરિભક્તો અને આપના કુટુંબના ઉપર અત્યંત પ્રેમભાવ રહે અને ક્યારેય તેમનો અભાવ આવે નહિ. ૪. આમ પ્રાર્થના જ્યારે કરી રહ્યા. તે પછી તેઓ સંતોની પૂજા કરવા આવ્યા. ચંદનની અર્ચા કરીને ફૂલના હાર પહેરાવ્યા. તેમજ સહુ સંતોને વસ્ત્ર ઓઢાડ્યાં. ૫.

તે પ્રમાણે જ વર્ણીઓ અને પાર્ષદો જે શ્રીહરિની સાથે હતા, તેમની પણ પૂજા કરી. દરબાર જીવા ખાચરે જેવા મનોરથ કર્યા હતા તેને શ્રીહરિએ સંપૂર્ણ રીતે પૂર્ણ કર્યા. ૬. શ્રીહરિમાં ભક્તવત્સલતારૂપી ગુણના અપાર ભંડારો ભરપૂર ભર્યા છે. શ્રીહરિ સારંગપુરમાં ફાગણ વદી એકમની રાત રહ્યા. અને તે રાત પાછલો એક પહોર જ્યારે બાકી હતી ત્યારે ત્યાંથી ચાલતા થયા. ૭.

શ્રીહરિની સાથે જે સવારી હતી તે બધી ચાલતી થઈ, અને સહુ **ગઢપુર** આવી ગયા. શ્રીહરિએ જેટલા સંતોને કહી રાખ્યું હતું, તેઓ બધા પાછળથી ગઢપુર આવ્યા. ૮. બીજા જે સંતો હતા તેઓ તૈયાર થઈને દેશમાં ફરવા - સત્સંગ કરાવવા ગયા. શ્રીહરિ ચાલ્યા ત્યારે સંતોને બાથમાં લઈને મળ્યા હતા. તે સંતો જ્યારે પ્રથમ આવ્યા ત્યારે પણ તે રીતે જ મળ્યા હતા. ૯. **સંતો જ્યારે શ્રીહરિ પાસે આવે અને વળી પાછા જાય ત્યારે એમ બે વખત સંતોને ભાવથી ભેટતા હતા. વરસમાં જેટલા સમૈયા થાય ત્યારે શ્રીહરિ સંતોને બાથમાં લઈને મળતા હતા. ૧૦.**

શ્રીહરિવર બે, ત્રણ, ચાર સમૈયા વરસમાં કરતા. જ્યારે જે દેશમાં સમૈયો કરે ત્યારે સંતોને અને તે રીતે જ હરિભક્તોને પણ બોલાવતા હતા. જ્યારે સંતોને બોલાવતા ત્યારે દેશ, ગામ, વરસ અને માસ વગેરેની વિગત સાથે પત્ર લખતા. ૧૧-૧૨. અને તે તે સમયમાં સંતો અને હરિભક્તો સહુ આવતા. ક્યારેક તો લખનૌ સુધીના ભક્તો શ્રીહરિને માટે સારો પોશાક લઈને આવતા. ૧૩. ગ્વાલીયર, બુંદેલખંડ, બુંદી-કોટા, વગેરે દેશ અને નગરમાં સત્સંગ થયો હતો. મારવાડ, ઉદયપુર, જોધપુર અને ભરતપુર સુધીમાં સત્સંગ થયો હતો. કાશી અને કલકત્તા સુધી દૂર દેશોમાં હરિભક્તો રહેતા. દક્ષિણ દેશમાં પણ સત્સંગ થયો હતો. બધા જ સારા ધર્મવાળા ભક્તો થયા હતા. ૧૪-૧૬.

નિમાડ, ખાનદેશ, કોંકણ(કાઠિયાવાડ)થી મુંબઈ સુધીના ભૂભાગમાં પણ ઉત્તમ નિયમ-ધર્મવાળા હરિભક્તો થયા હતા. ૧૭. ધરમપુર અને સુરત તે વચ્ચેના પ્રદેશમાં આવી ગયા. અને ઉદયપુરથી લઈને ઈંદોર સુધીના પ્રદેશમાં ઘણા જ હરિભક્તો થયા હતા. ૧૮. સમુદ્રના કિનારે ઘોઘા બંદરથી લઈને દ્વારકા સુધીના કાંઠાના વિસ્તારમાં અને આગળ કરાંચી બંદર સુધીના વિસ્તારમાં પણ ઘણા હરિભક્ત થયા હતા. ૧૯. કચ્છ દેશમાં પણ કેટલાએ હરિભક્તો રહેતા હતા. રાધનપુરથી આગળ આબુ સુધી અને પાલીતાણા સુધીમાં સત્સંગ ઘણો થયો હતો. ૨૦.

❋ સર્વોપરી અવતાર વિશે :

શ્રીહરિની સમીપે કેટલાક હરિભક્તો દર્શન કરવા માટે રહેતા, ત્યારે શ્રીહરિ તે હરિભક્તોને નિત્ય અલૌકિક વાતો કરતા; તેનું વર્ણન મુખથી થઈ શક્તું નથી. ૨૧. જે અવતાર જે રીતે ધર્યો હોય અને જે જે નિમિત્તે ધર્યો હોય, તેની રહસ્યમય જેટલી વાતો હોય તે બધીને તો સ્વયં સાક્ષાત્ શ્રીહરિ જ જાણે છે. ૨૨.

चोपाई :

अवतार धरन के समय जोउ, ताकी बात करत भये सोउ;
अब अवतार भयेउ जेसे, कोउ दिन न भये हे तेसे...२३
देख न आये सुनने न आये, सर्व पर कहे सोउ रहाये;
एसे अब नहि होवन हारा, पिछाने ताको भाग्य अपारा...२४

ભક્તો આગળ શ્રીહરિ અવતાર ધારણ કરવાના સમયની વાતો કહેતા હતા. વળી એમ કહેતા કે, 'અત્યારે જે અવતાર થયો છે તેવો અવતાર પૂર્વે ક્યારેય થયો નથી. ૨૩. ક્યારેય કોઈએ ન દેખ્યો હોય કે ન સાંભળ્યો હોય, એવો આ અવતાર સર્વોપરી છે. હવે ફરીને આવો અવતાર ક્યારેય થાશે નહિ, આજે જે ઓળખે તેનાં ભાગ્યનો પાર નથી.' ૨૪. આ સર્વોપરી અવતારને ઓળખવા સિવાયની બીજી બુદ્ધિ ઘણી વિશાળ હોય, પુષ્કળ ધન-સંપત્તિ હોય, અનેક શાસ્ત્રોને ભણેલો વિદ્વાન હોય, પણ જો તેને સર્વોપરી અવતાર ઓળખાય નહીં તો તે અંતરથી ક્યારેય ઠરતો નથી, તેને હૃદયમાં સુખ-શાંતિ રહેતી નથી. ૨૫.

કોઈ ભવ અને બ્રહ્માના સમાન સર્વોચ્ચ પદને પામે, અરે ! તેનાથી પણ અધિક હોય, પણ જો હાલ તે (સર્વોપરી સ્વામિનારાયણ ભગવાનને ઓળખીને) સત્સંગી થયો ન હોય, તો તે સહુથી ન્યૂન રહે છે; એમ સમજવું. ૨૬. અત્યારે જે સંત થયા છે અને અત્યારે જે હરિભક્ત થયા છે, તેઓ આ પ્રગટ સર્વોપરી અવતારના યોગને કારણે ઘણા જ બળિયા થયા છે. ૨૭. આ સંતો-ભક્તોનું જે અપમાન કરે અથવા તેમનું જે રીતે સન્માન કરે, તેને તે રીતનું ફળ મળે જ છે તેમાં કોઈ સંદેહને સ્થાન નથી; આવી વાતો ભગવાન

સ્વામિનારાયણ કહેતા. ૨૮. તે સિવાય હરિભક્તોએ ફરજિયાત પાળવાના જે નિયમો તે ભુલાઈ જાય નહિ અને તેની સ્મૃતિ જે પ્રકારે તાજી રહે, એવી વાતો પણ શ્રીહરિ પ્રેમથી કહેતા હતા. ૨૯. સંતો બેઠા હોય ત્યારે તેમની આગળ સંતોના ધર્મની જેટલી વાતો હોય તે કહેતા. શ્રીહરિ શાસ્ત્રોમાં રહેલા દૃષ્ટાંત અને સિદ્ધાંતને વાતના પ્રસંગમાં સ્પષ્ટ રીતે કહેતા હતા. ૩૦.

જેણે કરીને વાત અતિ દૃઢ થાય, એવી વાતોને શ્રીહરિ કહેતા હતા. શ્રીહરિની કહેલી વાતને કોઈ તેવી ને તેવી લખીને પછી તેને યાદ કરીને ફરીને કહેવાનો પ્રયત્ન કરે, છતાં શ્રીહરિનાં મુખથી કહેવાતી વાતમાં જેવો રસ આવે છે તેવો રસ બીજાના મુખેથી સાંભળેલી વાતમાં આવે નહિ. કહેનારો વક્તા ચાહે તેવી ચતુરતા દેખાડે, પણ શ્રીહરિની વાતનો રસ તો શ્રીહરિના મુખમાં જ રહે છે, અર્થાત્ શ્રીહરિના મુખથી કહેવાયેલી વાતથી જ આવે છે. ૩૧-૩૨. આખા બ્રહ્માંડમાં શ્રીહરિની વાતને તુલ્ય કોઈની વાત લાગતી જ નથી. ચાહે તેટલા ઘાટ ઘડવામાં આવે પણ સોનું ક્યારેય પોતાના રૂપને છોડતું નથી. ૩૩. કારીગર સોનાનો જેવો ઘાટ ઘડે છે તે ઘાટને અનુરૂપ તેનું તેવું નામ કહેવાય છે. એક જ દ્રવ્યનું પદાર્થ હોય, પણ કારીગરની કારીગરીને લીધે તેમાંથી અનેક પ્રકારની ચીજો બને છે. ૩૪.

❊ દાસના દાસ થવા વિશે :

ચાહે કોઈ ગમે તેવો માણસ હોય, પણ તે જો સાચો થઈ સત્સંગના વ્રતમાન-નિયમોને દૃઢતાથી પાળી હરિભક્ત થાય, અને તે સંતોનો ગુણ જ ગ્રહણ કરતો રહે, તો તે સંત જેવો થઈ જાય છે. તેમજ તેના બધા દોષમાત્ર ટળી જાય છે. ૩૫. જ્યાં સુધી તે ભગવાનનો દાસ થઈને રહે છે ત્યાં સુધી તેનામાં ઈશ્વરના જેવા સદ્‌ગુણો આવે છે. પણ કેટલાક આપમેળે ઈશ્વર થઈ બેસે છે પછી જેમાં ભગવાનનું દાસપણું બિલ્કુલ ન રહે, ૩૬.

दोहा : संत के रहे न दास हि, दास के रहे न दास;
अल्प में अल्प होत ही, किट में करत निवास...३७
अनंत महत गुन पाईके, दास रहे जिहाँ लग;
बढत बढत बढ जात हि, घटत नहीं तिहाँ लग...३८

વળી, જે સંતોનો દાસ ન રહે અને દાસનો દાસ પણ ન રહે, તો તે ઘટતો ઘટતો એકદમ અલ્પમાં પણ અલ્પ થઈ જાય છે, તુચ્છ થઈને કીટ યોનિમાં નિવાસ કરે છે. ૩૭. અનંત મહાન ગુણોને પ્રાપ્ત કર્યા પછી પણ જે દાસભાવે વર્તે છે, તો તે વધતા વધતા આગળ ઘણો જ વધી જાય છે, અને જ્યાં સુધી દાસભાવ રહે છે ત્યાં સુધી ઘટતો નથી. ૩૮.

सोरठा : चिंतामनि अरु पारस, कल्पवृक्ष कहत जेहि;
दास पद हे सरस, कहे तिनसे अधिक कर...३९
जो जो भये ईश्वर, अक्षरमुक्त सम भये जेहू;
राधा रमा भये वर, दास गुन कु ग्रहे जबहू...४०

ચિંતામણિ, પારસમણિ અને કલ્પવૃક્ષ એના કરતાં પણ દાસપદને સરસ અને અધિક કહ્યું છે. ૩૯. જે જે મોટા ઈશ્વરપદને પામ્યા છે, જે અક્ષરમુક્તના સમાન થયા છે અને શ્રેષ્ઠ રાધા-રમાના સ્થાનને પામ્યા છે, તેઓએ જ્યારે દાસપણાનો ગુણ ગ્રહણ કર્યો ત્યારે તેવી મોટપને પામ્યા છે. ૪૦.

हरि अरु हरि के संत की जेहा, कोटि कल्प सेव करे तेहा;
समता बुद्धि न लावे कबहू, दास के दास होई रहे जबहू...४१
दास पद हरि देवत तब ताही, पर से पर यह पद रहाही;
ईश्वर होत आप ही जेहू, ता पर कोपे श्रीहरि तेहू...४२

જ્યારે ભગવાન તથા ભગવાનના સંતોની સેવા કરોડો કલ્પ સુધી કરે, તેમ છતાં દિલમાં તેમની સાથે ક્યારેય બરોબરિયાપણું ન લાવે, પરંતુ દાસનો પણ દાસ થઈને રહે, ત્યારે તેવા ભક્તને ભગવાન **'દાસપદ'** આપે છે. તે **દાસપદ** સહુથી પર છે અર્થાત્ સર્વોપરી છે. અને જે આપમેળે ઈશ્વર થઈ જાય છે, તેના ઉપર તો શ્રીહરિ ઘણા જ કોપાયમાન થાય છે. ૪૧-૪૨. જેના ઉપર ભગવાનનો કોપ થાય છે તેના ઉપર તો સંતોનો પણ કોપ થાય છે. તેથી તો તેની સદ્‌બુદ્ધિ ટળીને અતિ દુર્બુદ્ધિ થઈ જાય છે. પછી તે ભગવાનના ભક્તોની સાથે પણ અસુરોનાં જેવું વર્તન રાખે છે. ૪૩. ત્યારબાદ તે વાત પણ એવી જ કરે છે કે, જાણે પોતાથી કોઈ મોટું હોય જ નહિ ! પણ પછી તો ભગવાનનું જે કાળચક્ર છે તે આવીને તેના ઉપર ફરી વળે છે. ૪૪.

અને તે કાળચક્ર તેના દેહનો નાશ કરી દે છે. પછી તેને અધમમાં પણ અત્યંત અધમ જે નરક, તેમાં નાખે છે; આવું સમજીને જે વિવેકી સજ્જનો છે તે સત્સંગના દાસ થઈને રહે છે. ૪૫. સત્સંગમાં રહીને પણ જે સત્સંગનો દાસ ન થાય, તે બહુ ધ્યાન કરે અને બહુ જ્ઞાન સંપાદન કરે, અજાણમાં ભૂલથી પણ ક્યારેય અનાજ ખાય નહિ. ૪૬. એવાનો વિશ્વાસ ક્યારેય કરવો નહિ.

વિશ્વાસ તો જે દાસ હોય તેનો જ કરવો, આવો સિદ્ધાંત આ મહાભારત ગ્રંથ કહે છે; એમ શ્રીહરિ કહેતા. ૪૭. તે પછી શ્રીહરિએ ગઢપુરમાં રહીને રામનવમીનો ઉત્સવ અનુપમ અને મહાઅદ્‌ભુત કર્યો. ૪૮. મહાભારતની કથા પૂર્ણ થઈ ત્યારે ધર્મકુમાર શ્રીહરિએ ગ્રંથના વક્તા પ્રાગજી પુરાણીને સારાં ઘરેણાં તથા અપાર વસ્ત્ર વગેરેનું દાન આપ્યું. ૪૯. કેસર નાખીને ચંદન ઘસાવ્યું. તેને સોનાના કટોરામાં ભર્યું. ફૂલોના હાર મગાવ્યા. પછી પ્રથમ મહાભારત ગ્રંથની પૂજા કરી. ૫૦. તે પછી શ્રીહરિએ ઘણા જ પ્રેમભાવથી તેના વક્તા પુરાણીની પૂજા કરી. પછી તેમને ઘોડે બેસાડ્યા. ૫૧.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'શ્રીહરિના અવતારની વિશેષતા અને મહાભારત કથાની સમાપ્તિ' એ નામે એકોતેરમો તરંગ સમાપ્ત ॥૭૧॥



પૂર બારમું : તરંગ - ૭૨

યજ્ઞ કરવાના આશયથી શ્રીહરિ ગઢપુરથી જેતલપુર આવ્યા

ગઢપુરમાં જે હરિભક્તો આવ્યા હતા, તે બધાં કેસરચંદનનાં પાત્ર ભરી ભરીને લાવ્યા હતા. અને તેનાથી શ્રીહરિની પૂજા કરી. ૧. ફૂલના હાર પહેરાવ્યા. બાજુબંધ બાંધ્યા. બે કાન ઉપર ગુચ્છ ધર્યા અને પાઘ ઉપર તોરા લટકાવ્યા. ૨. કોઈ ભક્તે ફૂલની પાઘ લાવીને બંધાવી, ત્યારે મૂર્તિ ઘણી સુશોભિત થઈ. તે પછી આરતી ઉતારી. ૩. તે પછી હરિભક્તોએ પાસે આવીને પુરાણીની પૂજા કરી. ઘણા જ શ્રદ્ધાભાવથી વિવિધ પ્રકારનાં દાન આપ્યા. ૪. તે સહુ ભક્તોએ શ્રીહરિની સમીપે જે સંતો અને વર્ણીઓ

હતા તે બધાની પૂજા કરી. વળી શ્રીહરિના જે પાર્ષદો હતા તેમની પૂજા પણ ઘણા જ હરખથી કરી. ૫.

દરબાર એભલખાચર, જીવા ખાચર અને માંચા ખાચર આદિ શ્રીહરિના મિત્રભાવવાળા એકાંતિક અને અનુપમ શ્રેષ્ઠ જે ભક્ત દરબારો હતા, તેમની પૂજા પણ ઘણા જ ભાવથી કરી. ૬. સહુ હરિભક્તોએ ઘણી સારી અને ભારે રસોઈ કરાવી. શ્રીહરિએ સહિત સહુ સંત, હરિભક્તોને જમાડ્યા. તે વખતે ધર્મના દુલારા શ્રીહરિએ સહુ સંતોને તથા હરિભક્તોને કહ્યું, ૭. જો તમારી સહુની નજરમાં આવતું હોય, તો આપણે ફરીને એક યજ્ઞ કરીએ. તે સાંભળીને સહુ અપાર પ્રસન્ન થયા અને દિલના ખરા હેતથી સહુ બોલ્યા. ૮. આપ જે વાત જે રીતે કરો છો તેના તેવા અનંત ફળ હોય છે. અમારી નજરમાં જેવું આવે છે તે અમે આપને કહીએ છીએ. ૯. ત્યારે દરબાર જીવા ખાચર બોલ્યા, હે નાથ ! આપનાથી અધિક કોઈ સમર્થ નથી. આપ જેવો સંકલ્પ કરો છો તે કોઈથી મિથ્યા થઈ શકે તેમ નથી. ૧૦.

જે કોઈ આપના સંકલ્પમાં વિઘ્ન કરવા પ્રયત્ન કરે છે, તે તરત જ ખુવાર થઈ જાય છે. રાવણે આપની મર્યાદાનો લોપ કર્યો, ત્યારે તે તરત જ ખુવાર થઈ ગયો હતો. ૧૧. કંસે આપના સંકલ્પનો લોપ કરવા ઘણા ઉધામા કર્યા, પણ તે બધા તેના ઉપાયો ખોટા પડ્યા અને તેની ભૂંડી દશા થઈ. ૧૨. શિશુપાળ, દંતવક્ર, જરાસંધ, મૂરદાનવ, બાણાસુર, અને શાલ્વ, એ બધા ભૂંડે હાલે મર્યા. ૧૩. હિરણ્યકશિપુ, હિરણ્યાક્ષ, સહસ્રાર્જુન અને કુંભકર્ણ, એ બધાનો વિનાશ થયો તેને બધું જગત જાણે છે. ૧૪. આપના સંકલ્પનો ભંગ કરવા ઈંદ્રે પોતાનું જેટલું સામર્થ્ય હતું તે વાપરી જોયું. પરંતુ પછીથી તેને પસ્તાવો થયો હતો. ૧૫.

જે કૌરવોએ આપની આજ્ઞાનો લોપ કર્યો તે બધાનો વિનાશ થયો અને તે રીતે જ યદુકુળનો પણ વિનાશ થયો હતો. ૧૬. આપે જે મહાભારત વંચાવ્યું છે, તેનું ફળ આંશિક રૂપમાં દેખાશે ખરું. હું તો હાથ જોડીને, મને જેવું નજરમાં દેખાય છે, તે કહું છું. ૧૭. હું તો બીજાનું નામ લઈને વાત કરું છું. આપને બ્રહ્મા ન ઓળખી શક્યા. તે રીતે જ શિવજી અને સતી પણ આપને ઓળખી શક્યા નહિ. તો પછી અમે તુચ્છજીવ તે આપની આગળ

શી ગણતીમાં ? ૧૮. સૂર્યની આગળ અનંત પતંગિયાંનું સામર્થ્ય લેશમાત્ર દેખાતું નથી. તારાગણ અનંત કરોડ છે, તે સહુના સ્વામી ચંદ્રમા છે. ૧૯. તે ચંદ્રમાનો પ્રકાશ પણ સૂર્યની આગળ શું ? આપની આગળ બીજા મત તો ઉપર કહ્યા તેવા જણાય છે. આપ તો અનંત સૂર્યના સ્રષ્ટા છો, છતાં એ તુચ્છ લોકોથી આપ (તેમનું કલ્યાણ કરવા) ડરતા રહો છો. ૨૦.

આપનાં આવાં ચરિત્ર તો અપાર છે. કોઈ તેનો પાર પામતા નથી. આપણા સત્સંગ સિવાયના જેટલા પંથ છે તે બધા કુમાર્ગ થઈ ગયા છે. ૨૧. હાલ અન્ય મતો મોટેભાગે પાપ, વ્યસન અને અધર્મ રહિત નથી, એટલે એવા બધા એકઠા થઈને આપણા સત્સંગની સાથે ઘણી ઈર્ષ્યા કરે છે. ૨૨. પણ આપને કોઈ જીતી શકે તેમ નથી, છતાં હે પ્યારા શ્રીહરિ ! અમને અમુક પ્રકારનો ડર લાગ્યા કરે છે. ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું, તમે ડરશો નહિ. અમારે જેમ કરવું છે તેમ જ થશે. ૨૩. તે લોકો જેમ જેમ સત્સંગનો દ્રોહ કરશે તેમ તેમ તેમને મોહ થાશે. દ્રોહ કર્યા સિવાય પુણ્યનો નાશ થાય નહિ અને જ્યારે પુણ્યનો નાશ થાશે ત્યારે તે દ્રોહ કરનારાનો જ વિનાશ થાશે. ૨૪. શ્રીહરિ આવી વાત કરીને તરત જ તૈયાર થયા. કોઈ કાઠી દરબારને સાથે લીધા નહિ. ફક્ત પાર્ષદો સાથે હતા. ૨૫.

શ્રીહરિ ગઢપુરથી જેઠ મહિનામાં ચાલ્યા તે **બોટાદ** ગામ આવ્યા. ત્યાં એક જ રાત રહ્યા. હરિભક્તોને દર્શન દીધાં. ૨૬. બીજે દિવસ ત્યાંથી ચાલ્યા. તે શ્રીહરિએ **નાગડકા**ના ભક્તોને દર્શન વગેરેનું સુખ આપ્યું. ત્યાં આવીને એક રાત રોકાયા. ૨૭. ત્યાંથી ચાલ્યા તે **શિયાણી** ગામ આવ્યા. ભક્તોના આધાર શ્રીહરિ ત્યાં પણ એક રાત રહ્યા. ૨૮. પ્યારા શ્રીહરિ બોટાદ ગામ આવ્યા ત્યારે દરબાર સોમલા ખાચરને ઘેર રહ્યા હતા. મુકુંદાનંદ અને જયાનંદ બંને વર્ણી સાથે હતા. ૨૯. શ્રીહરિ જે ગામમાં રહેતા ત્યાં તે બંને વર્ણી રસોઈ બનાવતા અને ઘનશ્યામ શ્રીહરિ પ્રેમભાવથી તે જમતા. જ્યારે નાગડકા ગામમાં આવ્યા ત્યારે દરબાર સુરા ખાચરને ઘેર રહ્યા હતા. ૩૦. જ્યારે શ્રીહરિ શિયાણી ગામ આવ્યા ત્યારે શિવરામ ભટ્ટને ઘેર રહ્યા હતા. ત્યાં એક રાત રહીને ચાલ્યા, તે **દેવળિયા** ગામ આવીને રહ્યા. ૩૧.

ત્યાં દરબાર જાલમસિંહને ઘેર રહ્યા અને તેમણે શ્રીહરિની સેવા બહુ જ કરી. અંતર્યામી પ્રભુ શ્રીહરિ ત્યાં એક રાત રોકાઈને ચાલ્યા. ૩૨. તે ગામ **દદુકા** આવ્યા. ત્યાં હરિભાઈ નામે ક્ષત્રિય હરિભક્તને ઘેર એક રાત રહ્યા. તેમણે પણ શ્રીહરિની સેવા બહુ ભાતે કરી. ૩૩. દદુકાથી શ્રીહરિ ચાલ્યા તે **મખિયાવ**(મછિયાવ) ગામ આવ્યા. અનુપમ શ્રીહરિ ત્યાં દરબાર બાપુભાઈને ઘેર રહ્યા. ૩૪. ત્યાં એક રાત રહીને ચાલ્યા, તે ફરી **જેતલપુર** ગામ આવ્યા. ત્યાં સંતોને ઊતરવા માટે મંદિર કરાવ્યું હતું, તેમાં શ્રીહરિ ઊતર્યા. ૩૫.

જે સંતો દેશેદેશમાં સત્સંગ કરાવવા ગયા હતા તે બધાને પત્ર લખીને બોલાવ્યા. જે હરિભક્ત આવી શકે તેમ હોય તેમણે વૈશાખ વદમાં ખોખરા-મહેમદાવાદ આવવું. ૩૬. અમારે ખોખરા-મહેમદાવાદમાં યજ્ઞ કરવો છે, તેથી જે પાકા(નક્કી) હરિભક્ત હોય તેમણે ત્યાં આવવું. ૩૭. યજ્ઞ થાય કે ન થાય, તે તો પરમેશ્વરના હાથની વાત છે. તેમાં જેને સંદેહ ન થાય તે જ નક્કી હરિભક્ત કહેવાય. ૩૮. અમારાં ચરિત્રને જોઈને જેનો સત્સંગ છૂટી જાય, એવા હરિભક્તને સાથે લાવશો નહિ. સહુએ હાથમાં હથિયાર રાખીને આવવું. ૩૯. રસ્તામાં ભયનું વાતાવરણ છે એટલે તે તે દેશના હરિભક્તોએ ભેળામળીને તપાસ કરીને સુરક્ષિત રીતે આવવું. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'યજ્ઞ કરવાના આશયથી શ્રીહરિ ગઢપુરથી જેતલપુર આવ્યા' એ નામે બોતેરમો તરંગ સમાપ્ત ॥૭૨॥



પૂર બારમું : તરંગ - ૭૩

શ્રીહરિ સંતમંડળની સાથે જેતલપુરથી ખોખરા-મહેમદાવાદ પધાર્યા

શ્રીહરિના પત્રને સાંભળીને સંતો અને હરિભક્તો જેતલપુર ગામ આવ્યા અને સહુએ શ્રીહરિનાં દર્શન કર્યાં. ૧. શ્રીહરિ એક પાટ હતી તેના ઉપર રોજ બેસતા અને હરિભક્તોને દર્શન દેતા. સહુ સંતો પણ દર્શન કરતા. સૌનાં હૃદયમાં હેત ભરાયેલું રહેતું. ૨. સંતો અને હરિભક્તો અલૌકિકભાવથી

કીર્તન ગાતા રહેતા. સહુ અતિ આનંદથી ભરપૂર રહેતા. જેણે તે દેખ્યું તેણે તે લાભ લીધો. ૩. એક પરદેશી(બિન ગુજરાતી) ગોસાઈ જેતલપુરમાં આવ્યો. એકદમ જુવાન હતો. શક્તિપંથીઓએ તેને મોકલ્યો હતો. ૪. શક્તિપંથીઓએ તેને પુષ્કળ ધન આપવાનું કહ્યું હતું, એટલે તે ગમાર લોભને વશ થઈને આવ્યો હતો. તેને એક મોટી ભારે કટાર આપી હતી. ગામના બીજા કોઈ લોકો તેને ઓળખતા નહિ. ૫.

તે ગામના ચોરામાં આવીને ઊતર્યો. પાટીદારે તેને ઉતારો અપાવ્યો હતો. જુવાનનું મન મેલું હતું, તેને કોઈ કળી શક્યા નહિ. તેને સહુ કોઈ ખાવા માટે અન્ન આપતા. ૬. પહેલા તો તે તપાસ કરવા માટે શ્રીહરિની પાસે આવ્યો. ત્યારે શ્રીહરિએ તેને માન આપીને બેસાડ્યો. શ્રીહરિ તેનાં અંતરના કપટને જાણતા હતા, છતાં તેને પૂછવા લાગ્યા. ૭. તમારો દેશ કયો છે ? ગામ કયું છે ? અને તમારો મઠ કયો છે અને ક્યાં છે ? તે અમને ચોક્કસ કહો. ચાર સંપ્રદાયના નામ તમે કહો અને શંકરાચાર્યનું મૂળધામ(સ્થાન) કયું છે ? ૮. દત્તાત્રેય અને શંકર એ બેમાં વધારે સમર્થ કોણ છે ? તેની વાતની અમને ખબર નથી. તેમનો ધર્મ કેવો છે ? તે પણ કહો. ૯. બધા અતીતોની દેવી હિંગળાજ અત્યારે મુખ્ય ગણાય છે. તેના અનુયાયીઓ જે માંસ અને મદિરાનું સેવન કરે છે તેને શાસ્ત્રમાં ધર્મ કહ્યો નથી. ૧૦. અધર્મને ધર્મ કરીને ઠેરાવી દે, તેવા જે જે ગ્રંથો છે તેની વાતને અમે માનતા નથી. જે મોક્ષપરક ગ્રંથ અને ધર્મ હોય તે જ શોભાસ્પદ કહેવાય છે. ૧૧.

શ્રીહરિએ કહેલા આવા બધાં વચન હરિભક્તોને તો અમૃત સમાન લાગ્યા, પણ તે અધર્મી ગોસાઈને તો તે વચન ઝેર જેવા લાગ્યા. તેને શ્રીહરિ તરત જ પારખી ગયા. ૧૨. મેલા મનનો જે ગોસાઈ આવ્યો હતો, તે ઊઠીને પોતાના મુકામે ગયો. પછી શ્રીહરિએ તેનું નામ લઈને પાર્ષદોને કહ્યું કે, ૧૩. હવે ફરીવાર જો ગોસાઈ આવે તો તેનો વિશ્વાસ કરવો નહિ. તેના મનમાં કપટ ભર્યું છે. તે કાળનો પાશ બની ગયો છે. ૧૪. વળી બીજે દિવસ શ્રીહરિ સભા કરીને જ્યારે બેઠા હતા ત્યારે તે ગોસાઈ ફરીને આવ્યો. તેણે ગરમ ધાબળો(ચકમો) ઓઢ્યો હતો.અને તેમાં કટાર સંતાડી હતી. ૧૫.

તે ગોસાઈ જ્યારે નજીક આવ્યો ત્યારે શ્રીહરિ પાટ ઉપરથી નીચે ઊતરી ગયા. દરબાર મૂળુભાઈએ તે ગોસાઈને પકડી લીધો. ૧૬. પહેલા તો તેના બંને હાથ પકડી લીધા અને તેના હાથમાંથી કટાર ખૂંચવી લીધી. તે વખતે ખૂબ હાહાકાર મચી ગયો. ત્યારે શ્રીહરિએ કહ્યું, તેને અત્યારે કોઈ લગારેય મારશો નહિ. ૧૭. તે ગોસાઈ યુવાન મ્યાન વિનાની ખુલ્લી કટાર લઈને આવ્યો હતો, તે પાટીદારને બોલાવીને દેખાડ્યું. ત્યારે પાટીદાર ગોસાઈને લઈ ગયા. તેમણે ગોસાઈને કહ્યું, ગમાર ! તેં તો અમારી પણ લાજ લીધી. ૧૮. તું તો ભેખધારી છો, એટલે અત્યારે અમારો કોઈ ઉપાય ચાલે નહિ. બીજો કોઈ હોત તો તેને સાંકળથી જકડીને બાંધી દેત; આવું કહીને પછી તેને ગામમાંથી તરત કાઢી મૂક્યો. ત્યારે જતાં જતાં તે બોલ્યો મારા રખેવાળ તો ઘણા છે. ૧૯.

આમ કહ્યા પછી ગોસાઈ તેને મોકલનારા પાસે ગયો અને તેમને કહ્યું, એકલે હાથે ક્યારેય સ્વામિનારાયણનો નાશ થાય તેમ નથી. મેં કેટલાએ પેચ રચ્યા. મારો એક પણ પેચ તેમની આગળ રતીભાર પણ ચાલ્યો નહીં. ૨૦. જેટલા વામમાર્ગીઓ(શક્તિપંથીઓ) હતા તે બધા પસ્તાયા. હવે શું કરવું ? એમ તેઓ ફરી બીજા ઉપાયો વિચારવા લાગ્યા. તેઓ કહેતા, અહીં એકવાર જો નજીક આવે તો ફરીને કોઈના દ્વારા ઉપાય કરીએ. ૨૧. જ્યાં સુધી થઈ શકે ત્યાં સુધી કાંઈને કાંઈ ઉપાય કરવો જોઈએ. જ્યારે કાંઈ ચાલે નહિ ત્યારે સહેજે બેસી રહેશું. આમ બધા અધર્મીઓ ભેળામળીને રોજ પરસ્પર વિચાર કરતાં હતાં. ૨૨.

✵ ક્ષમા ગુણની મહાનતા :

મુક્તાનંદસ્વામીએ શ્રોતાઓને કહ્યું, શ્રીહરિથી જેટલી ક્ષમા આપી શકાય તેટલી ક્ષમા બીજા કોઈથી થઈ શકે નહિ. ભગવાન સ્વામિનારાયણના હાથમાં જ બધી વાત રહી છે, બીજા કોઈના હાથમાં રતીભાર પણ નથી. ૨૩. અનંત બ્રહ્માંડોની દોરી જેના એકના હાથમાં જ રહી છે; એવા સમર્થ હોવા છતાં જરણા કરવી, ક્ષમા રાખવી, મુખથી ક્યારેય કડવું વેણ બોલવું નહિ, તે બીજાને માટે અશક્ય છે. ૨૪.

दोहा : मोटप में मोटप इतनी, इनसे अधिक न कोइ;
जीवकु नहि देखात हे, बडे की मोटप जोइ...२५
बडे होई जरना जितनी, तितनी मोटप तेह;
न चले करना जरना, मोटप नहि हे एह...२६

સમર્થ થકા જરણા કરવી તે સહુ મોટપમાં સહુથી મોટી મોટપ છે. તેનાથી વધારે બીજી કોઈ મોટપ નથી. મોટાની જે મોટાઈ છે તે સામાન્ય જીવને દેખાતી નથી. ૨૫. સર્વ રીતે સમર્થ હોવા છતાં જેટલી જરણા થાય, સહન થાય, ક્ષમા અપાય, તેટલી મોટપ કહેવાય અને એ જ મોટાની મોટાઈ છે. કાંઈ ચાલે નહિ અને જે સહન કરે છે તે કાંઈ મોટાઈ નથી. ૨૬. અપાર મોટા હોવા છતાં જેમાં ક્ષમાનો લેશ ન હોય, તો તેમના દ્વારા અનંત જીવોનો મોક્ષ કોઈ દિવસ થાય નહિ. ૨૭.

ક્ષમાશીલ પુરુષની આગળ તો બધી રિદ્ધિ અને સિદ્ધિઓ દાસી થઈને રહે છે અને જેટલા શુભ ગુણ છે તે બધાં તેના દાસ થઈને રહે છે. ૨૮. મોટા મોટા રાજાઓ અને ઈંદ્રાદિક દેવો એ બધા ક્ષમાશીલ પુરુષની સેવા કરે છે. પ્રહ્લાદે જે ક્ષમા રાખી હતી, તેનાથી તેને જે મોટાઈ મળી, તે આજ સુધી પ્રસિદ્ધ છે. ૨૯. બધા જ સત્પુરુષો એમ કહે છે કે, ક્ષમાના જેવી કોઈ પ્રભુતા(સામર્થ્ય) નથી. **પ્રભુતાનું મુખ્ય લક્ષણ જ એ છે કે, સમર્થ હોવા છતાં ક્ષમા રાખવી(સહન કરવું).** ૩૦. શ્રીહરિ જેતલપુરમાં ચાર દિવસ રહ્યા. પછી શ્રીહરિ તૈયાર થયા અને ઘનશ્યામ પ્રભુ જેતલપુરથી **ખોખરા-મેમદાવાદ** ગામ પધાર્યા. ૩૧. ત્યાં નથુભાઈ ભટ્ટ મેવાડા નામે એક વિપ્ર સત્સંગી રહેતા હતા. શ્રીહરિ આવીને તેને ઘેર ઊતર્યા. બધા સંતો સરોવરે જઈને ઊતર્યા. ૩૨.

કાંકરિયા સરોવર નામે તળાવને કાંઠે શ્રીહરિના સંતો, વર્ણી અને સંન્યાસીઓ એ બધા ઊતર્યા. ૩૩. તળાવની પાસે દક્ષિણ તરફ આંબલીનાં મોટા, ઊંચા અને ઘાટા ઝાડ હતાં. સંતો, વર્ણી અને સંન્યાસીના જે વૃંદ(મંડળ) હતા, તે બધા એક એક ઝાડની નીચે એક એક મંડળ થઈને બેસતા અને રાત-દિવસ તેઓ કથા, વાર્તા અને કીર્તન કરતા રહેતા. તેની શોભા એટલી ઉત્તમ હતી કે, જે કહી શકાતી નથી. ૩૪-૩૫. ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને

જ્ઞાન, એ ચારની જ બધા વાતો કરતા. તે ચારના સંબંધ વગરની બીજી જે વાતો છે તે તો દુઃખદાયી છે એમ સંતો કહેતા. ૩૬.

શુકદેવજી, સનકાદિકો, નારદજી અને જડભરત, તેમની રીતની વાતો સહુ કહેતા. અને તે પ્રમાણે જ ખૂબ ખપવાળા થઈને સહુ પ્રેમથી રહેતા હતા. ૩૭. દત્તાત્રેયે ચોવીશ ગુરુની વાત કહી હતી. તે બધી વાતો સંતો કરતા. ગુણોને ગ્રહણ કરવા અને દોષોનો ત્યાગ કરવો. તેવી વાત સંતો કરતા. ૩૮. ગ્રંથોમાં મોક્ષપરક જે જે સાર સાર વાતો કહી હોય તેને ગ્રહણ કરીને તેવી વાતો નિત્ય કરતા. તે સિવાયના બધા જ વ્યસનોનો ત્યાગ કર્યો હતો. ૩૯. સહુ સંતો નિર્માન, નિર્લોભ, નિષ્કામ, નિઃસ્પૃહ, નિઃસ્નેહ અને નિષ્કપટપણે વર્તતા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'શ્રીહરિ સંતમંડળ સાથે જેતલપુરથી ખોખરા-મહેમદાવાદ આવ્યા' એ નામે તોતેરમો તરંગ સમાપ્ત ॥૭૩॥



પૂર બારમું : તરંગ - ૭૪

અસુરોએ ચાર સંતોને માર્યા અને શ્રીહરિએ ભૃકુટિ ચડાવી

સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામી આચાર્ય રઘુવીરજી મહારાજ આગળ શ્રીહરિની જેવી છે તેવી પોતે નજરે દેખેલી ચરિત્રોની વાતોને સાક્ષાત્ કહેવા લાગ્યા. ૧. ખોખરા-મહેમદાવાદમાં શ્રીહરિનાં દર્શન કરવા જે હરિભક્તો આવ્યા હતા, તે બધા ગામમાં ઊતર્યા. તેમના ઉરમાં આનંદ છવાઈ ગયો હતો. ૨. શ્રીહરિ સૂર્યોદય થયા પહેલા કાંકરિયા સરોવરે આવતા. રોજ પાર્ષદો અને હરિભક્તો સાથે આવતા. ૩. સરોવરને પૂર્વ ભાગે જે ગરનાળુ છે, ત્યાં શ્રીહરિ આવતા અને નિત્ય ત્યાં જ નહાતા હતા. ૪. સંતો, સંન્યાસીઓ, વર્ણીઓ અને હરિભક્તો, એ સહુ રોજ શ્રીહરિની સાથે નાહતા હતા. અને અત્યંત ઉમંગથી કીર્તન ગાતા હતા. ૫.

શ્રીહરિ જ્યાં સુધી સરોવરમાં નહાતા ત્યાં સુધી પાર્ષદો બંદૂકો ફોડતા હતા, ત્યારે સરોવર અને તેની ફરતા બધા વૃક્ષો બંદૂકના પડઘાથી ગાજતા હતા. ૬. વિવિધ પ્રકારના વાજિંત્રો વાગતા ત્યારે આકાશ પણ ગાજી ઊઠતું હતું. ગર્જનાઓથી આકર્ષાઈને સ્વર્ગના દેવો પણ વિમાનમાં બેસીને બધા આવતા હતા. ૭. તે દેવો રોજ આવીને શ્રીહરિની જળક્રીડાને પણ દેખતા હતા. ભવ, બ્રહ્મા અને ઈંદ્રાદિક બધા દેવો આવીને 'જય જય' 'જય જય' એમ બોલીને જયઘોષ કરતા હતા. ૮. તે દેવો કેસરચંદન અને પુષ્પોને લાવીને વરસાવતા અને શ્રીહરિનાં દર્શન કરીને મનમાં હરખાતા હતા. શ્રીહરિ જ્યારે સ્નાન કરી રહેતા ત્યારે અંગ ઉપર શ્વેત વસ્ત્ર પહેરતા. ૯. સરોવરને કાંઠે વૃક્ષોની નીચે જ્યાં સંતોનો મુકામ હતો, ત્યાં ઘનશ્યામ શ્રીહરિ સભા કરતા. ઊંચુ સિંહાસન જેવું જે આસન હતું, તેના ઉપર બેસતા. મૂર્તિ ઘણી જ મનોહર લાગતી, જે કહી જાતી નથી. ૧૦.

સભાનું વર્ણન મુખથી કરી શકાતું નથી. ભગવાન સ્વામિનારાયણના દર્શન કરનારા લોકોના નેત્રોને તૃપ્તિ થાતી નહિ. કેટલાક ભક્તો જાતજાતની કેરી લાવતા અને કેટલાક ફૂલોના હાર પણ લાવતા. ૧૧. કેળા, પેંડા અને બરફીના થાળ ભરી ભરીને લાવતા. શ્રીનગર(અમદાવાદ) શહેર સમીપમાં જ હતું. તેથી ત્યાં જે જે વસ્તુઓ સારી મળતી હોય, તે વસ્તુઓ જેને જેવો ભાવ હોય તે પ્રમાણે શ્રીનગર જઈને હરિભક્તો લાવતા હતા. પછી તે વસ્તુઓ શ્રીહરિને સમર્પણ કરતા. કારણ કે, સહુના મનમાં અતિ ઉત્સાહ ભર્યો હતો. ૧૨-૧૩. સંતો નિત્ય ભિક્ષાની જોળી માગવા જાતા. ત્રણ વર્ણમાં ભિક્ષા માગતા અને ગોળા કરીને ખાતા. ૧૪. બધા સંતો મધ્યાહ્ને એકવાર જમતા. રોગી(દુઃખી)ને માટે કાંઈ નિયમ ન હતો. તેઓ રુચિ પ્રમાણે જમતા. ૧૫.

જેને દર્શન કરવાનો અતિ ભાવ હોય, એવાં શ્રીનગરના સહુ જનો ભગવાન સ્વામિનારાયણ અને સભાનાં દર્શન કરવા એકતાર આવતા-જતાં ચાલું જ રહેતા હતા. ૧૬. જે કોઈ પણ બાઈ ભાઈ આવતા, તે ફળ અથવા ફૂલહારને હાથમાં લઈને આવતા. મનના ઘણા જ ભક્તિભાવથી શ્રીહરિને ફૂલહાર પહેરાવતા અને તેનો અલૌકિક લહાવો લેતા હતા. ૧૭.

શહેરના મોટા માણસો, ગાડી, રથ, મ્યાના, બગી અથવા અશ્વ ઉપર બેસીને દર્શન કરવા આવતા. આ પ્રમાણે શ્રીહરિ ત્યાં ત્રણ દિવસ રહ્યા. ત્યારે વૈશાખ વદિ એકાદશી આવી. ૧૮. તે દિવસે શ્રીહરિએ વિપ્ર નાનાભાઈ (ભટ્ટ મેવાડા, કરજીસણવાળા)ને પોતાની પાસે બોલાવ્યા. ૧૯. તેમને કહ્યું, તમે પાંચ મણ પેંડા લઈ આવો અને સંતોને આજ ફરાળ કરાવો. ત્યારે નાનાભાઈએ કહ્યું, બે મણ પેંડામાં તો ફરાળ પુષ્કળ થઈ જાશે. ૨૦.

ત્યારે શ્રીહરિ કહે, હવે દસ મણ પેંડા લઈ આવો. આવો અવસર વીતી ગયા પછી ફરીને નહિ આવે. નાનાભાઈ મનમાં બધું સમજી ગયા. પછી જઈને દસ મણ પેંડા લઈ આવ્યા. ૨૧. સંતો, વર્ણીઓ, સંન્યાસીઓ, પાર્ષદો અને ક્ષત્રિય દરબારો વગેરેને ફરાળ કરાવવાની શ્રીહરિને ઈચ્છા હતી. જ્યારે શ્રીહરિ ફરાળ કરી રહ્યા તે પછી સંતો અને બીજા બધાને ફરાળ કરવા બેસાડ્યા. ૨૨. અલબેલા શ્રીહરિએ પહેલા સંન્યાસી, વર્ણી અને વિપ્રો એ બધાને ફરાળ આપ્યું. પેંડા, પતાસા, બરફી તથા કેળા, કેરી વગેરે ફળો આપ્યા. ૨૩. તે પછી સંતો, પાર્ષદો અને ક્ષત્રિય દરબારોને બેસાડીને શ્રીહરિ હરખથી ફરાળ પીરસવા લાગ્યા. તે સિવાયના બીજા જે હરિભક્તો હતા, તેમને પણ બોલાવીને ફરાળ કરાવ્યું. ૨૪. ભક્તજન પ્રતિપાલક શ્રીહરિએ તે સમયે જે કોઈ પણ અભ્યાગત-અતિથિઓ આવ્યા, તે બધાને તત્કાળ ફરાળ અપાવ્યું. ૨૫.

તે વેળાએ મહારાજાધિરાજ શ્રીહરિ એમ બોલ્યા, આજે અમે ઘણો શ્રેષ્ઠ યજ્ઞ કરી લીધો છે. હવે તો નરમેધયજ્ઞ થાશે. ૨૬. શ્રીજીમહારાજનું વચન સાંભળીને સંતોને ઘણું આશ્ચર્ય થયું. તે વચનના મર્મને કોઈ સમજી શક્યા નહિ, તેથી હાથ જોડીને સંતોએ કહ્યું, ૨૭. હે પ્રભુ ! જીવ-પ્રાણીમાત્રની હિંસા કોઈ દિવસ કરવી નહિ, એમ તમે કહો છો. તો પછી નરમેધ કેમ થઈ શકે ? આપે તે વાત તો ઘણી આશ્ચર્યજનક કહી છે. ૨૮. તો તે અંગે આપ કહો, અમને કાંઈ સમજાયું નથી. ત્યારે શ્રીહરિએ કહ્યું, આ વાત આવી જ છે. હવે જે રીતે નરમેધ થાશે તે તમને દેખાશે. ૨૯. વગર કહ્યે જે જોવામાં આવે, તે અગાઉથી કહી દેવામાં કાંઈ રસ નથી.

આમ જ્યારે એકાદશીનો દિવસ વીતી ગયો ત્યારે વૈશાખ વદિ બારસનો દિવસ આવ્યો. ૩૦. તે દિવસે પણ શ્રીહરિનાં દર્શન કરવા માટે અનેક ભાવિક લોકો આવતા અને પોતે લાવેલા ફળો તથા ફૂલના હાર શ્રીહરિને સમર્પણ કરતા હતા. ૩૧. બીજી બાજુ વેરાગીનો વેષ લઈને અસુરોનાં ટોળાં ત્યાં આવ્યાં. જમદૂતના જેવા દેખાતા તે અસુરોના ટોળામાં ચાર હજાર માણસો હતાં. શ્રીનગરના માર્ગે જ તેમણે પડાવ નાખ્યો. ૩૨. શહેર અને કાંકરિયા સરોવરની વચ્ચે જ તેમણે મુકામ કર્યો હતો. તે અસુરોમાં કોઈ બંદૂક વગરનો ન હતો. તેઓ અત્યંત ભયંકર લાગતા હતા. ૩૩. તેમણે ચિત્તા અને સિંહના જેવો ક્રૂર વેષ ધાર્યો હતો. તેમણે ઠેકઠેકાણે લાલ અને કાળા રંગના તંબુ ખેંચી લીધા હતા. ૩૪. તેમની સાથે ઊંટ અને અશ્વો અપાર હતા. ડારો દઈને ગામે ગામથી ધન લેતા હતા. ક્યાંક વનમાં એકલી કોઈ નારી મળી જાય તો તેની લાજ લૂંટ્યા વિના તેને છોડતા નહિ. ૩૫.

તેઓ મનચાહી અનીતિ કરતા. કોઈ રાજા પણ તેને અટકાવતા નહિ. અંકુશ નહિ હોવાથી તેઓ ઘણા ઉન્મત્ત થઈ ગયા હતા. નરનારીઓ-પ્રજા તેનાથી થરથર ધ્રૂજતી હતી. ૩૬. તે અસુરો પરસ્પર બોલતા હતા કે, જે સ્વામિનારાયણ કહેવાય છે, તેઓ યજ્ઞ કરે છે. તેને સાંભળીને અમે આવ્યા છીએ. તેમણે બીજા બધા મતોના કરતા ઉત્તમ મત ચલાવ્યો છે. હાલમાં તેણે અપાર ધર્મ ચલાવ્યો છે. ૩૭. તેને લીધે જ બીજા કોઈ મત - સંપ્રદાયનું સમાજમાં તલભાર પણ માન રહ્યું નથી. વિપ્રોનું માન જળવાય, તેવી રીતના તેમના વિચારો જોવા મળે છે. ૩૮. તેઓ પરસ્પર એમ બોલતા કે, અમારે સ્વામિનારાયણના યજ્ઞનો ભંગ કરવો છે. જ્યારે અમે બંદૂકોના અવાજ કરશું. ત્યારે તેનો યજ્ઞ તો પંખીની જેમ ઊડી જાશે. ૩૯. અત્યારે તેમના એક બે કે ત્રણ સાધુ જો હાથમાં આવી જાય તો તેમને ખૂબ જ મારવા છે. પછી જ તે બધા મતોને - સંપ્રદાયોને નમીને ચાલશે. ૪૦.

તેમના માટેનો તો આ એક જ ઉપદેશ છે કે, તેના સંતોને પશુની જેમ મારવા, ઢોર માર મારવો. તેઓ પરસ્પર આવી વાતો કરતા હતા. તેવા સમયમાં સંતોને આવતા દેખ્યા. ૪૧. એક યોગાનંદ, બીજા વૃદ્ધ ચિદ્રૂપાનંદ,

ત્રીજા કલ્યાણાનંદ અને ચોથા અરિહન્ત્રાનંદ, એ ચાર સનકાદિકો કરતાં પણ અધિક શ્રેષ્ઠ સંતોને તે અસુરોએ પકડ્યા. ૪૨. શહેરમાંથી જોળી માગી લાવ્યા હતા, તેને તે અસુરોએ ઝૂંટવી લીધી અને તે સંતોના માથે લાકડાંના ભારા મૂક્યા. પછી પોતાના મુકામે તેમને લઈ ગયા. ૪૩. તે સંતોના હાથ બાંધીને અસુરો તેમને મારવા લાગ્યા. જોડા પહેરેલા પગની પાટુઓ પણ મારવા લાગ્યા. મારતાં મારતાં તે સંતોને મૂર્છા આવી ગઈ ત્યાં સુધી માર્યા. પીઠ ઉપર લોહી ભરાઈ આવ્યું. ૪૪.

તે અસુરોના મુખીએ આ બધું દેખ્યું. ત્યારે તેના દિલમાં કાંઈક દયા આવી. તેણે તત્કાળ આવીને સંતોને બાંધ્યા હતા, તે છોડી દીધા. તે વિકરાળ મુખીએ મારનારાઓને કહીને સંતોને તત્કાળ રજા આપી. પછી અંદરોઅંદર વિવાદ થયો. મુખીએ કહ્યું, મને પૂછ્યા વિના સંતોને શા માટે માર્યા ? મેં મારવાનું તમને કહ્યું નથી. ૪૫-૪૬. તમારું પાપ હવે તમે જાણો-ભોગવો. હવે તમારું ક્યાંય ઠેકાણું રહેશે નહીં. તમે પોતાને હાથે જ પોતાનું માથું કાપ્યું છે. રસ્તે ચાલ્યા જતા અભ્યાગતને તમે દુભવ્યા છે. ૪૭. તેમણે મોઢામાંથી એક ગાળ પણ તમને દીધી નથી. તેઓ એકદમ ગરીબ થઈને જ વર્ત્યા છે. કોઈ પણ ગરીબને દૂભવવાનું બહુ મોટું પાપ લાગે છે; આનું ફળ તમે સવારે ચોક્કસ દેખશો. ૪૮. ત્યારે તે અસુરોએ કહ્યું, અમે કોઈથી ડરતા નથી. તમે ડરતા હોવ, તો અહીંયાં જ બેઠા રહો. આમ પરસ્પર થોડો વિવાદ થયો. પછી તે ચારે સંતો દીન થઈને શ્રીહરિની પાસે આવ્યા. ૪૯.

શ્રીહરિએ સંતોને જોયા. પીઠ ઉપરથી લોહી વહેતું હતું. શ્રીહરિને સંતોની પીડા જોઈ આંખોમાંથી આંસુ વહેવા લાગ્યા અને ધીરજ રાખી શક્યા નહીં. ૫૦. શ્રીહરિનાં અંગો ઉપરની બધી રોમવલી ખડી થઈ ગઈ. અને બોલ્યા, આ ભૂમિ ઉપર આવો અતિશય અનીતિ કરનારો કોણ છે ? ૫૧. અમારા સંતો કીડીથી માંડી કોઈ જીવને દુભાવતા નથી. તે સંતો સહજભાવે માર્ગે ચાલ્યા આવતા હતા, છતાં અસુરોએ આવો અતિ જુલમ કર્યો ? ૫૨. આટલું બોલીને શ્રીહરિએ અત્યંત રોષથી પોતાની નજરને કરડી કરી. ત્યારે આંખો લાલચોળ થઈ ગઈ. ભ્રૂકુટિ એવી ચડાવી કે, જે કહી શકાતું નથી. ૫૩.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'અસુરોએ ચાર સંતોને માર્યા અને શ્રીહરિએ ભૃકુટિ ચડાવી' એ નામે ચુંમોતેરમો તરંગ સમાપ્ત ॥૭૪॥



પૂર બારમું : તરંગ - ૭૫

સંતો સુરત ગયા અને ક્ષત્રિયો અસુરોની સામે તૈયાર થયા

શ્રીહરિની ભૃકુટિ દેખીને તે સમયે કાળ પણ થરથર ધ્રૂજવા લાગ્યો. ચંદ્ર અને સૂર્ય વગેરે બધા ઝાંખા થઈ ગયા. બ્રહ્મા પણ તે વેળાએ અકળાઈ ગયા. ૧. શિવજી કહેવા લાગ્યા, અત્યારે અસુરો અપાર થયા છે, તેથી પ્રલય થાશે. ઇંદ્ર અને બધા દેવો ભયભીત થઈ ગયા. તેમજ તે વખતે દિક્પાળો ડરી ગયા. ૨. પાતાળમાં શેષ કંપી ઊઠ્યા. પહાડ અને ઝાડોએ સહિત પૃથ્વી ડગી ગઈ. નવસો અને નવ્વાણું નદીઓએ સહિત સાગર, એ બધા બેહાલ થઈ ગયા. ૩. જેટલા અપશુકનો કહેવાય છે, તે બધા તે વખતે થવા લાગ્યા.

ત્યારે શ્રીહરિ સંતોની આગળ ઘણાં હેતથી વાત કહેવા લાગ્યા. ૪. **તમે જેટલા સંતો છો તે તો અમારી સર્વોત્તમ નિધિ છો. ગોલોક અને અક્ષરધામ આદિક જે અમારા ધામ કહેવાય છે, તેમાં અલૌકિક સુખ રહ્યું છે; તેનું વર્ણન મુખથી કોઈ કહી શકતું નથી. અનંત કોટિ બ્રહ્માંડોનાં સુખ, ધામનાં સુખ આગળ તો ઘણાં લૂખાં લાગે છે. ૫-૬.** સૂર્યના પ્રકાશ આગળ દીવાની કાંઈ ગણતી નથી, તેમ ધામનાં સુખની આગળ તો બીજાં સુખની કાંઈ ગણતી નથી. તમારા હરેકમાં એવો અક્ષરધામ જેવો પ્રતાપ રહ્યો છે, એમ હું નજર કરીને દેખું છું. ૭. તમે તમારા પ્રતાપને દેખતા નથી તેથી અંતર ભારે રહે છે. તમે જ્યારે કોઈ સંત એક પોતાનો પ્રતાપ નથી દેખી શકતા, ત્યારે બીજા સંતનો પ્રતાપ ક્યાંથી દેખી શકો ? ૮. તમારા એક એકના દ્વારા અનેક જીવોનો ઉદ્ધાર કરવો છે. તમે છો એટલે જ બધા છે. તમે સહુના મોક્ષમાં બીજરૂપ છો. ૯. જો બીજ હોય તો જ તે પછીનું બધું રહે; આવી વાતો તો શ્રીહરિએ ઘણી કરી હતી. વળી કહ્યું, જ્યાં રાજા

નીતિ વગરનો હોય ત્યાં સંતોના સમાજે રહેવું નહિ. ૧૦. તેથી તમે સહુ સંતો સત્વરે સુરત શહેરમાં જાઓ. તમારા જેવા સંતો અમને ફરીને મળે નહિ. ત્યારે સંતોએ કહ્યું, આપ તો અમારા પ્રાણ સમાન છો. આપને છોડીને જાઈએ, તો અમને સુખ શાંતિ ક્યાંથી રહે ? ૧૧. અત્યારે વિષમ સમયમાં આપને મૂકીને જઈએ તો અમને સુખ કઈ રીતે રહે ?

ત્યારે શ્રીહરિએ સંતોને કહ્યું, આવા વિષમકાળમાં તમે અમને કેટલી મદદ કરી શકશો ? ૧૨. **તમારો સહુનો મુખ્ય ધર્મ નિર્માનીપણાનો છે. નિર્માનીપણા જેવો બીજો કોઈ ધર્મ નથી. જેના હાથમાં નિર્માનીપણાનું ખડગ છે તે આખા સંસારને જીતી શકે છે.** ૧૩. અહીંથી જવામાં જ તમારો વિજય છે. રોકાવામાં તમારો જય નથી. અમે તમારા હિતની વાત કહીએ છીએ તેથી સહુ તેમાં વિશ્વાસ રાખો. ૧૪. અમારે જે કામ કરવું છે, તે માંહ્યલું કામ હજી કાંઈ થયું નથી. તે કામ પૂર્ણ ન થાય ત્યાં સુધી અમારાં મનમાં હામ છે. ૧૫.

હજી આપણા સત્સંગનાં જેવા જોઈએ એવા મૂળ પૂરાં બંધાયા નથી. મૂળ બંધાયા સિવાય મોક્ષનો પ્રવાહ ક્યારેય ચાલુ રહે નહીં. ૧૬. દેશમાં જ્યારે રાજા નીતિવાળો હોય, ત્યારે બધાં કામ સુધરે છે. નીતિમાન રાજા ન હોય ત્યારે જે કામ કરીએ તે બધું નિષ્ફળ થાય છે. ૧૭. સારાં ફૂલ અને ફળ વગરે પણ યોગ્ય સમય વિના થાતાં નથી. અત્યારે તો તમારી સહુની સુરક્ષા કરવી તે જ અમારો મૂળ અને મુખ્ય હેતુ છે. ૧૮. નીતિમાન રાજા સુરત સુધી આવી ગયો છે. ભરૂચ સુધી તેના મૂળ રોપાઈ ગયા છે અને વડોદરા સુધી તેની છાયા પ્રસરી છે. તપાસ કરી કરીને તે પોતાની સત્તાને જમાવે છે. ૧૯. કરોડોવાર તપાસ કરીને રાજ્ય-સત્તા જમાવે તેનો નાશ થાય નહિ. આદ્ય મનુની નીતિને દેખીને તે ઘણા ઉત્સાહ-પ્રેમથી રાજ્ય કરે છે. ૨૦. જેટલા નીતિ વગરના રાજાઓ છે તેમને તેણે નીતિથી કબજે કર્યા છે. રાજા જ્યારે અનીતિનો ત્યાગ કરે છે ત્યારે જ રાજા નીતિમાન થઈ શકે છે. ૨૧.

શ્રીહરિનાં આવાં આજ્ઞા વચનોને માથે ચઢાવીને બધા સંતો હળવા મનથી(રાજીપે) ચાલતા થયા. ત્યારે શ્રીહરિ બોલ્યા, હવે અમને ભારે ખુશી થઈ છે. અમને જે ભય હતો તે બધો ટળી ગયો છે. ૨૨. ક્ષત્રિય સિવાયના

જેટલા હરિભક્તો હતા તે બધાને શ્રીહરિએ ઘેર જવા રજા આપી. જે ક્ષત્રિય હરિભક્તો ખરા શૂરવીર હતા અને પાકા સત્સંગી હતા, ૨૩. તેટલા જ શ્રીહરિની પાસે રહ્યા હતા. તેમણે બધી જ જાતનો ભય દૂર કરી દીધો હતો. મુક્તાનંદસ્વામી કહે છે કે, એક રામદાસસ્વામી અને બીજો હું, તે અમને શ્રીહરિએ કૃપા કરીને ત્યારે પાસે રાખ્યા હતા. જગતના આધાર અને જગત્પતિ એવા શ્રીહરિએ ક્ષત્રિય હરિભક્તોને કહ્યું, ૨૪-૨૫.

જે મોટા મોટા શૂરવીર ક્ષત્રિયો થઈ ગયા છે. તેમનો સુયશ આજ સુધી ટકી રહ્યો છે, પણ તેમણે ઘણી ધીરજ રાખી હતી. ૨૬. કઠિન સમયે, વિષમ સમયે જે ધીરજ અને હિંમત રાખે અને ક્યારેય સમય ઉપર પીઠ બતાવે નહિ, તે જ ખરો ક્ષત્રિય કહેવાય. ૨૭. ભલે, સિંહ એક જ હોય અને તેની સામે લાખ કૂતરાં આવે, છતાં સિંહ પોતાની જાતિનો વિચાર કરીને ઝાઝાં કૂતરાંઓને દેખીને ડરતો નથી. ૨૮. ભવાયો જ્યારે ભવાઈમાં જેવો વેષ લઈને આવે તેવો પૂરેપૂરો ભજવે છે ત્યારે દેખનારો રાજા તેના ઉપર ખુશ થાય છે. જો પૂરો વેષ ભજવે નહિ, તો ખુશ થાતો નથી. ૨૯. ક્ષત્રિય, સિંહ અને સાપ, એ ત્રણ સ્વભાવમાં એકસરખા હોય છે. તે પહેલા કોઈનું નામ લે નહીં, કોઈને સતાવે નહિ, પણ તેને જો કોઈ સતાવે, તો પછી તે તેનો અંત જ કરી દે છે. ૩૦.

જે ક્ષાત્ર ધર્મવાળો ક્ષત્રિય હોય છે તે ક્યારેય કોઈના ઉપર પહેલો ઘા કરે નહિ. જે અતિ ધર્મયુક્ત ક્ષત્રિય હોય તે પ્રથમ મુખથી કોઈને અપશબ્દ(ગાળ) કહે નહિ. ૩૧. ધર્મવાળા વિપ્ર, ધર્મવાળા સંત અને ગાય, તેમજ ગાય જેવા સ્વભાવવાળા ગરીબ મનુષ્યોની રક્ષા ક્ષત્રિય સહજ સ્વભાવે કરે છે અને તે રક્ષા કરવાથી તેની અક્ષય કીર્તિ થાય છે. ૩૨. જે ધર્મવાળાનો કોઈ દ્રોહ કરે, રંક કે ગરીબને કોઈ દુભાવે, વગર અપરાધે જે બીજાનો અપરાધ કરે - હેરાન કરે, તેનું પાપ ઘણું જ અગાધ થાય છે. ૩૩. નીતિ વગરના જે રાજા છે તેઓ તો આંધળા અને બહેરાના જેવા કહેવાય છે. જે લોકો વર્ણાશ્રમના ધર્મ નથી પાળતા કે નીતિને નથી રાખતા તે બધા તો નામમાત્રના કહેવાય છે. ૩૪. નીતિ વગરની જેટલી બાબતો છે તે બધી લોકમાં અને પરલોકમાં દુઃખદાયક થાય છે. સારી શોભા અને સુયશ કહેવાય છે, તે બધું નીતિમાં જ રહ્યું છે. ૩૫.

ઉપલક નીતિ દેખાડીને જે અનીતિ આચરે છે તેના ઉપર નીતિમાનને હેત થાતું નથી. અનીતિવાળાને નીતિમાન મનુષ્ય સહેજે જ જીતી લે છે. ૩૬. નીતિના પક્ષમાં ભગવાન રહે છે. તે બીજા લોકોને કળ્યામાં આવતું નથી. અને જેટલા અધર્મમાત્ર કહેવાય છે, તે બધા જ અનીતિના પક્ષમાં રહે છે. ૩૭. અમે જે વાત કહીએ છીએ તે અમને પ્રત્યક્ષ દેખાય છે. તમે દેખો છો પણ જાણતા નથી; એવી આ હકીકત વાત છે. ૩૮.

ધર્મની રક્ષા કરવા માટે જો ક્ષત્રિય પોતાના દેહનો ત્યાગ કરે છે, તો તેની કીર્તિ અખંડ રહે છે અને તે ધન્યભાગ્ય કહેવાય છે. ૩૯. ધર્મની રક્ષા કરવા માટે જે ક્ષત્રિય પોતાના શરીરનો ત્યાગ કરે છે તે યોગીઓને પણ દુર્લભ એવા દિવ્યધામને સહેજે જ પામે છે. ૪૦. આજે જે અવસર આવ્યો છે, તેવો અવસર ફરીવાર ક્યારેય આવશે નહિ. માટે તમે આ અવસરને સુધારી લો. તમારો સુયશ અપાર વધશે. ૪૧. તે વખતે બધા ક્ષત્રિયો હાથ જોડીને બોલ્યા, આપ જેની મદદમાં છો, એવા અમારે માટે આ અવસરથી બીજું અધિક - વિશેષ કાંઈ નથી. અમને તે બધા અધર્મીઓ-પાપીઓ તો અણું સમાન દેખાય છે. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'સંતો સુરત ગયા અને ક્ષત્રિયો અધર્મીઓનો સામનો કરવા તૈયાર થયા' એ નામે પંચોતેરમો તરંગ સમાપ્ત ।।૭૫।।



પૂર બારમું : તરંગ - ૭૬

શ્રીહરિ સજ્જ થઈને કાંકરિયે આવ્યા અને ત્યાં સભા કરી

સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામીએ સભામાં કહ્યું, તે પછી જે ઘટના બની તે હરિભક્તોને માટે તો મંગળરૂપ છે અને સાક્ષાત્ અમૃતના જેવી છે. ૧. જે નરનારીઓને અધર્મ, અનીતિ ગમે છે તેમને શ્રીહરિનાં અનેક પ્રકારનાં ચરિત્રો સોમલખાર - ઝેરના જેવા છે. ૨. જે મોક્ષભાગી મનુષ્યો છે. તેમને તો શ્રીહરિના ચરિત્રો જેમ ભૂખ્યા માણસને ભાવતું ભોજન પ્રિય લાગે તેમ

આ ચરિત્રો ઘણાં જ પ્રિય લાગશે. ૩. શ્રીહરિએ ત્યાં હરિભક્તોની આગળ અનેક પ્રકારની વાતો કરી. રાતના ત્રણ પહોર તો તેમાં જ પસાર થઈ ગયા. પછી છેલ્લા પહોરમાં પોઢી ગયા. ૪.

જ્યારે સવારનો સમય થયો ત્યારે શ્રીહરિ અમૃતમય વચનોને બોલ્યા. તે શ્રીહરિની વાણી જેમ મેઘ ધીર અને ગંભીરતાથી ગરજે તેવી સુંદર સુશોભિત લાગતી હતી. ૫. અત્યારે આપણી સાથે જે પાર્ષદો છે અને જે ક્ષત્રિયો છે, તે સહુએ પોતપોતાના આયુધો બાંધી લેવા અને જે ક્ષત્રિયોની પાસે અશ્વ છે તેમણે અશ્વ ઉપર બેસીને તૈયાર રહેવું. ૬. જેમની પાસે કવચ, શરીરરક્ષક જાકિટ અને ઢાલ લાવ્યા હોય, તેમણે તે બધું સજ્જ કરીને આવવું. તોડ મંકોડે(પૂરેપૂરા) તૈયાર થઈને કાંકરિયા સરોવરે નાહવા જવાનું છે. ૭. જે હરિભક્ત બાળકો, વૃદ્ધો અને બાઈઓ હોય તેમણે ગામમાં પોતાને ઉતારે રહેવું; આટલું કહીને શ્રીહરિ જ પહેલા અશ્વ ઉપર સવાર થયા. ૮.

તે સમયે શ્રીહરિએ પોતાના અંગો ઉપર નારાયણ કવચ ધારણ કર્યું. સ્વયં અષ્ટભુજ મૂર્તિ બન્યા. અને કેટલાકને તેવાં અદ્ભુત દર્શન પણ થયા. આઠે ભુજાઓમાં આયુધ ધાર્યા હતા. શંખ, ચક્ર અને ગદા વગેરે પણ તેમાં હતા. ૯-૧૦. ધનુષ્ય, બાણ, ઢાલ અને તલવાર વગેરે ધાર્યાં હતાં. તે સમયે પ્રભુ શ્રીહરિ દસ અવતારોથી ઘેરાયેલા હતા. રણશીંગી, તુરાઈ, શંખ અને ભેરી એ બધાં વાજિંત્ર તે અવસરે વાગવા લાગ્યાં. ૧૧. નોબત, પડઘમ, ઢોલ, તાંસા વગેરે ઉત્સાહને વધારનારા વાજિંત્ર વાગવા લાગ્યા. જેનું જૂથ જ્યાં શોભે તેમ ભેળામળીને યોગ્ય રીતે ચાલતા હતા. ૧૨. વાજાંઓને ઘટે તેમ વાજાંઓ રહ્યા હતા. પાર્ષદોને ઘટે તેમ પાર્ષદો ચાલતા, બંદૂકધારીઓ બધા ભેળા જૂથના રૂપમાં ચાલતા હતા. ૧૩.

ઢાલ, તલવારવાળાનું જૂથ હતું તે પણ સહુ જૂથના રૂપમાં ચાલતા અને ધનુષ-બાણવાળા પણ પોતાને અનુરૂપ રીતે ગોઠવાઈને ચાલતા હતા. ૧૪. ભાલાવાળાના જૂથમાં ભાલાવાળા હતા. નિશાનોમાં નિશાન હતા અને અશ્વારોહીના જૂથમાં અશ્વારોહી હતા. આ રીતની ભક્તોની સેના ઘણી સોહામણી લાગતી હતી. ૧૫. બંદૂકોના અવાજ થાતા હતા અને ગામમાંથી

સહજભાવે શ્રીહરિ ચાલતા હતા. કાંકરિયા સરોવરે સહુ પહોંચ્યા અને ત્યાં સ્નાન કર્યું. ૧૬. અસુરોની સેનામાંથી ચાર જણ છાની રીતે બધું જોવા માટે ત્યાં કાંકરિયા આવ્યા હતા. શ્રીહરિની સાથેની સેનાને જોઈને તે ચારે ત્યાંને ત્યાં જ મૂર્છિત થઈ ગયા. ૧૭.

પ્રાણોને હરવા જેમ કાળ આવ્યો હોય તેમ તે બધા અસુરોને શ્રીહરિ દેખાયા. શૂરવીર ભક્તોની છટાને દેખીને તે બધા અસુરો મનભંગ થઈ ગયા. ૧૮. અસુરોએ વાઘ અને સિંહના સમાન તે શૂરવીરોનું બળ દેખ્યું. તેમની આગળ પોતાની તો શી ગણતી ? ક્યાં અગ્નિ અને ક્યાં સૂકું ઘાસ ? અસુરોને એવો આભાસ થયો. ૧૯. રંગભીના શ્રીહરિએ સરોવરમાં સ્નાન કર્યું અને ત્યાં જ સભા કરી. પાટ ઉપર પોતે બેઠા. શહેરના હરિભક્તો પ્રસન્ન મને આવ્યા. તેઓ ફૂલહાર લાવ્યા હતા. ૨૦. કેસરચંદન કટોરામાં ભર્યું હતું. તે હરખથી શ્રીહરિનાં અંગ ઉપર ચરચ્યું. ફૂલહાર પહેરાવ્યા. બાજુબંધ બાંધ્યા. સુંદર મસ્તક ઉપર ફૂલોનો ખૂંપ ધરાવ્યો. ૨૧. કાન ઉપર ફૂલના ગુચ્છ ધર્યાં. હાથમાં ફૂલની છડી આપી. ધૂપ અને દીપ કરીને પછી આરતી કરી. વિવિધ પ્રકારના મેવા ધરાવ્યા. ૨૨. દંડવત કરીને અપાર સ્તુતિ કરી.

તે વેળાએ મોટા નથુભટ્ટ અને હિરાચંદ ચોક્સી આદિ જે શહેરના હરિભક્તો આવ્યા હતા, તે બધાએ સ્તુતિ કરી. ૨૩. કુબેરસિંહ ચોપદાર સોનાની છડી લઈને આવ્યા હતા. તેમણે પણ પૂજા કરીને ઘણી સ્તુતિ કરી. તેઓ વિવિધ પ્રકારના મેવા લાવ્યા હતા. ૨૪. દામોદર, હરિભાઈ, રણછોડદાસ, લાલદાસ ગોરા, એ બધા વણિક ભક્તો હતા. શંભુદાસ, માણેકચંદ, વજેરામ, કેવળરામ, ૨૫. નાગર હિંમતરામ, જીવણરામ, હરિભાઈ એ આદિ બધા ભક્તોએ શ્રીહરિની સ્તુતિ કરી. ૨૬. તે સહુ ભક્તોએ ભગવાન સ્વામિનારાયણનો પ્રતાપ જેવો સાક્ષાત્ દેખ્યો હતો તેવી સ્તુતિ કરી હતી; જે કહી શકાતી નથી. ૨૭.

❋ શ્રીહરિનો મહિમા :

તેઓ કહેતા કે, 'હે મહારાજ ! આપ યુગ યુગમાં જે કાર્ય કરવા માટે પ્રકટ થાઓ છો તે કાર્યને મુખ્ય કર્તવ્ય ધારીને આપ પ્રેમથી કરો છો. ૨૮.

આપે મુખ્યપણે જે કરવા ધાર્યુ હોય તે આપના સંકલ્પને કોઈ રોકવા કે અન્યથા કરવા સમર્થ નથી. કારણ કે, આપ તો સત્યસંકલ્પ છો. ૨૯. હે જગદાધાર ! આપ ધર્મ અને ભક્તિના પરિવારનું સ્થાપન કરવા માટે પ્રકટ થયા છો. તે રીતે જ જેટલો અધર્મનો પરિવાર છે તેનું પણ ઉત્થાપન કરવાનું આપે નક્કી કર્યું છે. ૩૦. આપે જે કાર્ય કરવા ધાર્યું હોય તેની ઉપેક્ષા ક્યારેય રાખશો નહિ. અમે બધા આપની આગળ વારંવાર કહીએ છીએ કે, આપ તો કર્તુમકર્તુમન્યથાકર્તું સમર્થ છો. આપનાથી અધિક બીજો કોઈ લગારેય નથી. ૩૧. **આપના સિવાયનું બીજું બધું જડવત્ દેખાય છે. આપનો પ્રતાપ અમે જ્યારે વિચારીએ છીએ ત્યારે અમને જણાય છે કે, અક્ષરથી અધિક કોઈને મોટપ નથી. સહુથી વધારે જોરદાર મોટપ તો તે અક્ષરની જ છે. ૩૨.**

શ્વેતદ્વીપમાં અપાર મુક્તો છે, તેઓ અપરંપાર તપ કરે છે. તે રીતે જ બદરિકાશ્રમમાં પણ બધા મુનિઓ ઘણા જ પ્રેમથી તપ કરે છે. ૩૩. હે મહારાજ ! એ બધા અક્ષરનું સાધર્મ્ય પામવાને માટે અત્યંત કઠિન તપ કરે છે. શુકદેવજી, નારદજી, સનકાદિકો અને શિવજી જેવા પણ ઉગ્ર તપ કરે છે. ૩૪. લોમશ, દુર્વાસા, અગસ્ત્ય, દધીચિ, ચ્યવન, સૌભરિ, એ બધા આજ સુધી તપસ્યા કરે છે, તેમ છતાં તેમની મોટપ અક્ષરના સમાન કહેવાતી નથી. ૩૫.

चोपाई :

अक्षर एसे प्रताप हि वाना, तुम आगे जड हे भगवाना;
एसी मोटप तुमारी कहावे, जथार्थ शेष पार न पावे...३६
तुमारो पार तुम पावत नाहीं, एसो प्रताप तुमारो रहाही;
अल्प हि अल्प अपरमपारा, हम रहे हे धर्मकुमारा...३७

તે અક્ષર આટલા બધા પ્રતાપી છે, છતાં હે ભગવાન ! તેઓ આપની આગળ તો જડ છે. આપની મોટપ તો આટલી બધી અપાર છે. યથાર્થપણે તેના પારને તો શેષ પણ પામી શકતા નથી. ૩૬. અરે ! આપના પ્રતાપના પારને આપ પણ પામી શકતા નથી; આવો આપનો પ્રતાપ છે. હે ધર્મકુમાર ! અમે તો અત્યધિક અલ્પમાં પણ અલ્પ છીએ. ૩૭.

આપનો સત્સંગ કરતાં કરતાં આપે અમને પોતાનો જે પ્રતાપ દેખાડ્યો છે, અમે તે પ્રતાપને તેટલા પ્રમાણમાં કહીએ છીએ. ૩૮. હે હરિ ! આપ જે કાર્ય માટે પધાર્યા છો તે બધું કાર્ય આ સમયે અવશ્ય કરજો. અમે વારંવાર વિનંતી કરીએ છીએ કે, તે કાર્યને આ વખતે અધૂરું છોડશો નહિ. ૩૯.

અમે અમારા હિતને માટે અત્યંત દીન થઈને વિનંતી કરીએ છીએ. મહારાજ ! આપ તો સમર્થ છો. આપનો પ્રતાપ ક્યારેય વધતો ઘટતો નથી. ૪૦. અમારી બુદ્ધિ તો અલ્પ છે, છતાં તેને અનુસારે વિનંતી કરીએ છીએ. આપનાં ઐશ્વર્ય વગેરેનો પાર કોણ પામે ? બધી શ્રુતિઓ પણ આપને 'નેતિ' 'નેતિ' કહે છે. ૪૧.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'શ્રીહરિ સજ્જ થઈને કાંકરિયે આવ્યા અને ત્યાં સભા કરી' એ નામે છોતેરમો તરંગ સમાપ્ત ॥૭૬॥

પૂર બારમું : તરંગ - ૭૭

ખોખરાની લડાઈમાં અસુરદળનો વિનાશ થયો

શ્રીનગર(અમદાવાદ)ના ભક્તોની વિનંતી સાંભળીને તે સમયે શ્રીહરિ ઘણું પ્રસન્ન થયા. સર્વ દેવોના પણ અધિદેવ એવા ભગવાન સ્વામિનારાયણ બોલ્યા, ૧. તમારા સહુ ભક્તના મનોરથ પૂરા કરીને જ અમારે આ વખતે સ્વધામ જાવું છે, તેમાં એક તલ જેટલો પણ ફેર નથી. ૨. પહોર દિવસ (૩ કલાક) ચઢ્યો ત્યાં સુધી શ્રીહરિ કાંકરિયાના કિનારે બેઠા. તે પછી જ્યાં રસોઈ બનાવી હતી ત્યાં ગામમાં આવ્યા. ૩. ગામના મુખી જે હતા તેને શ્રીહરિએ બોલાવ્યા, તેથી તે આવ્યા. હાથ જોડીને તે ચરણોમાં નમી પડ્યા. ૪. પછી શ્રીહરિ મુખીની સાથે વાત કરવા લાગ્યા. સત્સંગની રીતભાતની બધી વાતો સમજાવી. સંતોની ધર્મની રીત અને હરિભક્તોના જે ધર્મ હતા તે બધું તેમને પ્રેમથી સમજાવ્યું. ૫. પોતાનું જે પ્રકારે પ્રસિદ્ધ અલૌકિક વર્તન હતું તે પણ કહ્યું. સંન્યાસીઓના અને વર્ણીઓના જેવા ધર્મ હતા તે તેમજ ગૃહસ્થ

સત્સંગીના પણ ધર્મ કહી સમજાવ્યા. ૬. ધર્મની વાત સાંભળીને તો મુખીને ઘણું આશ્ચર્ય થયું. એ વખતે શ્રીહરિ નથુ વિપ્રને ઘેર થાળ જમતા હતા. ૭.

મુક્તાનંદસ્વામી કહે છે કે, હજી અમે તો ગામ બહાર હતા. શ્રીહરિએ અમને તે પાટે બેસાડ્યા હતા. તે સમયે વેરાગીના વેષમાં રહેલા બધા દૈત્યો જમીને તૈયાર થઈ ગયા. ૮. ત્યારે ત્યાં વેરાગીઓમાં જે વૃદ્ધ મોટેરો વેરાગી હતો તેણે તે બધાને રોકવાનો પ્રયાસ કરતા કહ્યું, તમે બધા અન્યાય કરવા જાઓ છો. ક્યારેય તમારી જીત થવાની નથી. ૯. સ્વામિનારાયણે તમારી કાંઈ પજવણી કરી નથી. છતાં તમે બધા તેની સાથે લડવા જાઓ છો. તેઓ તો જે રીતે જીવનો તત્કાળ મોક્ષ થાય એવો ધર્મ શિષ્યો પાસે પળાવે છે. ૧૦. ઘોર કળિયુગમાં આવું હોય નહીં. પણ તમે તેને વિચારી જોતા નથી. તમારાં અંદરનાં અને બહારનાં, બધા નેત્રો ફૂટી ગયા છે. ૧૧. કરોડો પતંગિયાં ઊડીને આડા આવે, તોપણ સૂર્યનો પ્રકાશ છુપાતો-ઢંકાતો નથી. અગ્નિનો સામનો કરવા પતંગિયાં જેટલું જોર કરે તેટલો તેમનો સહજ વહેલો વિનાશ થાય છે. ૧૨.

ધર્મના ઉપર જો અધર્મી વધારે જુલમ કરે છે, તો ધર્મના સહજ પ્રતાપથી અધર્મીનો વિનાશ થાય છે. ૧૩. વેરાગીઓના મુખીએ આવી ઘણી વાતો કહી, પણ આસુરી વેરાગીઓએ તે વાતને કાને ધારી નહિ. ગાંજો અને ભાંગ પીને હડકાયા કૂતરાની જેમ તેઓ ચાલ્યા. ૧૪. સહુનાં હાથમાં બંદૂકો હતી. ચાલ્યા ત્યારે દારૂ અને ગોળી ભર્યા હતા. પહેલા તો ગધેડાના અપશુકન થયા અને તે પછી બીજા પણ ઘણા અપશુકન થયા. ૧૫. અધર્મ અને તેના નિશાન પ્રથમ જ બળી ગયા, તેનું તેમને ભાન રહ્યું નહિ. મુક્તાનંદસ્વામી કહે છે, અમે જ્યાં હતા ત્યાં તે અસુરો નજીક આવી ગયા. ૧૬. અમે તેમને દેખ્યા, તો એક એક હજાર વેરાગીઓના ચાર ઝૂંડ ગામની ચારેબાજુ ફરી વળ્યા. તેમની આંખોમાં રોષ ભર્યો હતો તે અમે જોયો હતો. ૧૭. પરમેશ્વરની ઈચ્છાથી અમે તો ત્યાંથી ભાગ્યા. અમારું શરીર હાથમાં ન રહ્યું. જેનાં શરીર ભરજુવાનીમાં હતા, એવા તે અસુરો અમારી પાછળ દોડ્યા. ૧૮.

જ્યારે અમે ગામમાં પેસી ગયા ત્યારે અમારી પાછળ બંદૂકથી ગોળીઓ છોડી, પરંતુ અમને એક પણ ગોળી વાગી નહિ. કેટલીક ગોળીઓ માથા ઉપરથી નીકળી ગઈ. ૧૯. ગોળીઓનો વરસાદ થવા લાગ્યો, પણ અમે તેમના લાગમાં આવ્યા નહિ. જે હરિભક્ત બાઈઓ હતી, તે બજારમાં આવીને વેરાગીઓની સામે ઊભી રહી. ૨૦. બાઈઓએ અમને બચાવી લીધા અને તરત ઘરમાં પૂરી દીધા. શ્રીહરિ કહેતા, જ્યારે આવો આપત્કાળ આવી પડે ત્યારે તેમાં બાધ ન કહેવાય. ૨૧. હરિભક્ત બાઈઓ તે રીતને જાણતી હતી. તે સહુને શ્રીહરિનાં વચનમાં પ્રેમ હતો. શ્રીહરિનાં વચનને જે લેશમાત્ર પણ લોપે છે, તેની સાથે હરિભક્તો હેત રાખતા નથી. ૨૨. બાઈઓએ અસુરોને હઠાવી દીધા અને સંતોને બચાવી લીધા. બધી બાઈઓ વાઘણના જેવી શૂરવીર થઈ ગઈ હતી. મનમાં લેશમાત્ર પણ મરવાનો ભય રાખ્યો નહિ. ૨૩. પછી શ્રીહરિ જ્યાં જમતા હતા ત્યાં બધા અસુર વેરાગીઓ આવ્યા ત્યારે ઘરની આગળના દરવાજાનાં બારણાં બંધ કરી દીધાં. ૨૪.

સલકી ગામ (તા. દહેગામ,જિ. અમદાવાદ)ના દયાળજી ઠાકોર મહાન શૂરવીર હતા. તેમની શૂરવીરતાને મુખથી વર્ણવી શકાતી નથી. ૨૫. તે દયાળજી ઠાકોરના જેટલા સાથી હતા તે બધા તેમના જેવા જ શૂરવીર હતા. તેઓ હાથમાં ધનુષ્ય-બાણ અને તલવાર પકડીને અડગ ઊભા હતા. ૨૬. અસુરોને દેખીને વિપ્ર નથુભટ્ટ તેમની પાસે ગયા અને તેમને કહ્યું, તમે ભેખધારી છો અને હું વિપ્ર છું. તો તમે મારી લાજ રાખો. ૨૭. જો તમે લાજ નહિ રાખો, તો મારે એક જ નાની પુત્રી છે, તેને હું તમારી સામે અહિંયાં જ પટકાવીશ. ત્યારે તે અસુરો બોલ્યા, અમે તેમ કરવાથી ડરવાના નથી. ૨૮. ત્યારે ગામના(ખોખરાના) જે મુખી હતા તેઓ તે અસુરોની પાસે ગયા અને મર્યાદા મૂકીને બોલ્યા, લંગોટાઓ મારા ગામમાં કેમ પેઠા ? ૨૯. સ્વામિનારાયણે તમારા ગામ-ગરાસ ક્યાં લઈ લીધા છે ? અમે આ ગામના મુખી છીએ. સ્વામિનારાયણ અમારા બોલાવવાથી અહીંયાં આવ્યા છે. ૩૦.

અહીંના યજ્ઞનો ભંગ તમે કર્યો છે. તેનું ફળ તમને તરત જ મળશે. ત્યારે તેમણે મુખીને કહ્યું, તમે આનાથી દૂર રહો, નહિ તો, તમને પણ

ચોળી નાખશું. ૩૧. આમ કહીને વેરાગીએ ખાંડુ(તલવાર) ખેંચીને મુખીના ઉપર તેનો ઘા કર્યો, પણ ભગુ ખાંટે તે ઘાને ઝીલી લીધો. તે પછી મુખીએ આજ્ઞા કરી. ૩૨. હવે આ કૂતરાંઓને જોઈ શું રહ્યા છો ? હવે તો તે માથા કાપવાને જ લાયક છે. જે કૂતરાં હડકાયાં થાય છે તે કાંઈ યોગ્ય અયોગ્ય દેખતાં નથી. ૩૩. હડકાયાં કૂતરાંની જેમ આ બધા ગાંડા થઈ ગયા છે. હવે આના ઉપર દયા રાખવી નહિ. દયા રાખવામાં કોઈનું હિત નથી. આખી દુનિયાને આ લોકો પીડે છે. ૩૪. જગતને પીડનારા અસુરોને મારવા, તેના સમાન ઉત્તમ બીજો કોઈ યજ્ઞ નથી. ક્ષત્રિયોએ શ્રીહરિની આજ્ઞા લીધેલી જ હતી અને મુખીની મરજી પણ જોઈ. ૩૫.

શ્રીહરિના આશ્રિત જે ક્ષત્રિયો હતા તેઓ એકે એક શ્રીહરિની આજ્ઞાથી બ્રહ્માંડનો પણ વિનાશ કરી શકે તેવા હતા. તેમની આગળ આ વેરાગીરૂપ અસુરો તો ઘાસના જેવા હતા. ૩૬. ઢાલ અને તલવાર લઈને જ્યારે ક્ષત્રિય રણમાં ઊતર્યા, ત્યારે તેમને દેખીને લબાડ અસુરો ભાગવા લાગ્યા. ૩૭. અસુરોમાં પણ જે પટાનો ખેલ શીખ્યા હતા, તેઓ સન્મુખ લડવા રહ્યા. પરંતુ ક્ષત્રિયોએ તરત જ તેના શિર કાપી નાખ્યા. ૩૮. જેઓ શૌર્યથી રહિત હતા એવા અસુરો લડવા તો આવ્યા, પણ તેઓ શૂર ક્ષત્રિયોની આગળથી પ્રાણ બચાવવા સિંહ આગળ વાંદરા ભાગે તેમ ભાગવા લાગ્યા. ૩૯. તેમાં કોઈનો હાથ કપાયો, તો કોઈનો પગ કપાયો અને કોઈના નાક અને કાન કપાઈ ગયા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'ખોખરાની લડાઈમાં અસુરદળનો વિનાશ કર્યો' એ નામે સત્યોતેરમો તરંગ સમાપ્ત ॥૭૭॥



પૂર બારમું : તરંગ - ૭૮

શ્રીહરિ ખોખરા-મહેમદાવાદથી વહેલાલ પધાર્યા

પછી ગામના મુખી સારી પહેરામણી લઈને શ્રીહરિ પાસે આવ્યા અને ઘણા જ હરખથી તે હરિભક્ત ક્ષત્રિયોની પહેરામણી કરી. ૧. જેવી લડાઈ થઈ હતી, તેવું વર્ણન અહીં કર્યું નથી. કારણ કે, તેનાથી તો ગ્રંથ ઘણો વધી જાય, એટલે તે બાબત ટૂંકમાં વાળી દીધી છે. ૨. જે અસુરો મરતા બચ્યા તે પોતાને મુકામે ગયા. તેમના જે મુખી(આગેવાન) હતા, તેણે તે બધાને માથામાં જોડા માર્યા. ૩. અસુરોએ જેવો દ્રોહ કર્યો હતો, તેવું તેનું ફળ તેમને તરત જ મળ્યું. પોતે કોઈની જે રીતે મર્યાદા ન રાખી એટલે તેઓ તે રીતે હાથે કરીને હલકા થયા. ૪. (સં.૧૮૬૪) વૈશાખ વદિ-૧૪ ના દિવસે તે કેટલાક અસુરો મરાયા હતા. ભયંકર દશામાં તેઓ બજારમાં સૂતા પડેલા વિકરાળ લાગતા હતા. વજ્રના પ્રહારથી તૂટેલા પર્વતની જેમ તેઓ બેહાલ થઈ ગયા હતા. ૫.

આ પ્રમાણે નરમેધયજ્ઞ થયો. તેનાથી બ્રહ્માદિ દેવો પ્રસન્ન થયા. તેઓ બધા વિમાનમાં બેસીને આવ્યા અને દુંદુભિ વાદ્યોને વગાડવા લાગ્યા. ૬. બધા દેવો 'જય જય' 'જય જય' એમ જયઘોષ કરવા લાગ્યા. તે સમયે પુષ્પોની ઝડી વરસાવી અને શ્રીહરિના શિર ઉપર તો અપરંપાર કેસરચંદનની વૃષ્ટિ કરી. ૭. દેવોએ એમ કહ્યું, આપે અસુરોનો વિનાશ સહેજે જ કોઈના દ્વારા કરાવ્યો છે. આ રીતે વારે વારે તે અપાર અસુરોનો અનેકવાર વિનાશ થઈ જાય છે. ૮. છતાં તે અસુરોને તલભાર પણ કાંઈ લાજ-શરમ આવતી નથી. તેઓ સંતોને જ્યાં ત્યાં ડારો દેતા રહે છે. તેથી આપ તો આ રીતે ભૂમિ ઉપરથી અસુરોનો સંહાર કરીને થોડો થોડો ભાર ઉતારતા રહો છો. ૯. આ રીતે દેવોએ શ્રીહરિની સ્તુતિ ઘણી કરી અને તે પછી તેઓ તત્કાળ અદૃશ્ય થયા. પછી શ્રીહરિ ત્યાંથી નીકળી જવા તૈયાર થઈને અશ્વ ઉપર બેઠા. ૧૦.

તે સમયે શ્રીહરિની સાથે ધમડકાના દરબાર(કરણીબાના પતિ) રામસિંહજી હતા. ૧૧. તેમજ બંધિયા ગામના દરબાર મૂળુભાઈ પણ હતા. બંને જાડેજા ક્ષત્રિય-દરબાર હતા. તેઓ પોતપોતાના અશ્વ ઉપર બેસીને

આવ્યા. અને બંને બાજુ રહીને શ્રીહરિને ઘેરીને ચાલવા લાગ્યા. તેમને શ્રીહરિના ઉપર બહુ જ હેત હતું. ૧૨. તે સિવાય ડાંગરવા ગામના ક્ષત્રિય શૂરવીર ભક્ત અમરાજી અને અગરાજી, બંને ધીર-ગંભીર હતા, તેઓ પણ શ્રીહરિની સાથે રહ્યા હતા. ૧૩. બધા જ ક્ષત્રિય હરિભક્ત ઘોડેસવારોએ બધા અંગો ઉપર કવચ પહેર્યું હતું. હાથમાં ભાલા લીધા હતા અને મુખની ઉપર શૌર્યનો રંગ ચમકતો હતો. ૧૪. શ્રીહરિ જ્યારે બજાર વચ્ચે નીકળ્યા ત્યારે ગામના લોકોએ 'જય જય' 'જય જય' એમ બોલીને જયઘોષ કર્યો. બજારમાં આગળ નીકળ્યા ત્યારે ત્યાં કપાઈને પડેલા અસુરોને દેખ્યા. ૧૫.

જેઓ અતિ અસુર હોય તે કપાઈને ટુકડે ટુકડા થઈ જાય, પણ ક્યારેય વળ છોડતા નથી. વાઘ અને સિંહની જેમ તેઓ પડ્યા હતા. ૧૬. મોઢામાં અપાર ધૂળ ભરાઈ ગઈ હતી. તે સમયે કાગડા અને ગીધ ઉપર ઊડવા લાગ્યા. માંસાહારી પશુ અને પંખીઓ અસુરોના મડદાંને દેખીને હરખાતા હતા. ૧૭. તેવા પ્રાણીઓને તે દિવસ જેવો આનંદ થયો તેવો આનંદ કદાચ પહેલા ક્યારેય થયો નહિ હોય. જ્યાં આ રીતની લડાઈ થાતી હોય તેને નરમેધયજ્ઞ કહેવાય છે. ૧૮. શ્રીહરિ કહે, વેદોમાં જે નરમેધયજ્ઞ કહ્યો છે તે આ પ્રકારનો અમે જાણીએ છીએ. આવા નરમેધ ક્ષત્રિયોએ કરવા યોગ્ય છે, આનાથી શત્રુ સંબંધી બધા રોગ મટી જાય છે. ૧૯. પરશુરામજીના જેવા જે વિપ્ર હોય, તેમને માટે પણ આવા નરમેધયજ્ઞ કરવા યોગ્ય છે. પૂર્વ દેશના કેટલાક વિપ્રો ક્ષત્રિયની જીવિકાથી જીવતા હોય. ૨૦.

એવા વિપ્રો આવા નરમેધયજ્ઞ કરતા હોય, જે પાપથી લેશમાત્ર પણ ડરતા નથી. અને જે બધા ત્યાગી કહેવાય છે; જેમ કે વર્ણી, સંન્યાસી, પરમહંસ, ૨૧. સંત અને સાધુ વગેરે, તેમણે નાનું એવું પણ જે આયુધ રાખવું, તે જગતમાં મૂર્તિમાન લાંછન ગણાય છે. જે કોઈ પણ યતિ કહેવાતા હોય, ૨૨. ત્યાગી કહેવાતા હોય, તે જો પ્રસિદ્ધ રીતે કે ખાનગીમાં ધનને અને સ્ત્રીને રાખે, તો તે બધું જગતમાં લાંછનરૂપ ગણાય છે. તેના સંગથી પણ ભારે પાપ લાગે છે. ૨૩. આમ ત્યાગના અંગની વાત કહેતા ભક્તિ-ધર્મના કુમાર શ્રીહરિ ખોખરા ગામ બહાર આવ્યા. પછી **વહેલાલ** ગામ જવા ચાલ્યા. ૨૪.

જેસંગભાઈ અમીન પાટીદાર વહેલાલ ગામના હતા, તેઓ શ્રીહરિની સાથે જ હતા અને તેમને ગામ-ઘેર લઈ જવા માટે સાથે જ ચાલ્યા હતા. ૨૫.

શ્રીહરિ રસ્તાના જે જે ગામ હતા, ત્યાં પહોંચતા ત્યારે તે તે ગામના ક્ષત્રિયો ઢાલ, તલવાર આદિ હથિયાર બાંધીને દોડી આવતા. ૨૬. તે સમયે ગામડામાં ઘોડેસવાર લૂંટારાઓનો ત્રાસ હતો. એટલે તેઓ લૂંટારા જાણીને સામનો કરવાના ભાવથી આવતા હતા, પણ નજીક આવતા ત્યારે શ્રીહરિને જોઈને સહુ આવીને ચરણોમાં વંદન કરતા. ૨૭. તે લોકોને દેખીને પછી શ્રીહરિ કહેતા, તમે અમને લૂંટારા જાણ્યા હતા ને ? લૂંટારા સમજીને તમે દોડી આવ્યા. પણ એટલામાં તમારું કામ કેટલું થઈ ગયું ? ૨૮. ભલે, તમને તેની લેશમાત્ર પણ ગમ ન હોય, છતાં તમને અત્યારે જેવું અમારાં દર્શનનું ફળ મળ્યું છે તેવું ફળ કરોડો અશ્વમેધયજ્ઞ કરે, તોપણ ન મળે. માટે અશ્વમેધ યજ્ઞ કરનારા કરતાં પણ તમે વધારે ભાગ્યશાળી છો. ૨૯. શ્રીહરિના પરમ રસાળ વચનોને સાંભળીને કેટલાક લોકો તત્કાળ જ ઘણા ભાવથી સત્સંગી થાતા હતા અને તેમનામાં જે કાંઈ અનીતિ હોય તે બધી છોડી દેતા. ૩૦.

શ્રીહરિ **વહેલાલ** ગામમાં આવીને રહ્યા. આખું ગામ સત્સંગી થયું હતું. બાઈ-ભાઈ, જે કોઈ ગામમાં રહેતાં હતાં, બધાં જ સત્સંગી હતાં. ગામમાં કોઈ કુસંગી ન હતાં. ૩૧. સહુ ભક્તો શ્રીહરિનાં ભાવથી દર્શન કરીને અંતરમાં અત્યંત આનંદ પામતા હતા. જેનાથી જેવી થઈ શકે એવી સેવા તે બધા ગામવાસી ભક્તો કરતા. ૩૨. શ્રીહરિ જેસંગભાઈને ભવન આવીને ત્યાં ઊતર્યા હતા. ત્યાં શ્રીહરિની સાથે જે વર્ણી હતા તેમની પાસે કેરીનો રસ અને રોટલીની રસોઈ કરાવી હતી. ૩૩. હરિભક્તો કેટલીક કેરી લાવ્યા હતા તેને શ્રીહરિ ભાવથી લેતા અને પ્રસન્ન મનથી જમતા. શ્રીહરિની સાથે સાથે જે સવારો તથા પાર્ષદો હતા તેમને પણ શ્રીહરિએ કેટલીક કેરીઓ આપી હતી. ૩૪. જ્યારે શ્રીહરિ પોતે કેરી જમતા હતા અને બીજાને પણ જમાડતા હતા ત્યારે તેઓ બોલ્યા કે, આપણે અહીંયાં આવ્યા એટલે બધું દુઃખ જાતું રહ્યું. શ્રીહરિ કહે, જ્યાં જેવા દેશકાળ હોય ત્યાં તે પોતાનો તેવો ભાવ ભજવે જ છે. ૩૫.

તે વખતે મુકુંદાનંદ વર્ણીએ હાથ જોડીને શ્રીહરિને કહ્યું, આપ તો બેઠા બેઠા કેરી ઘણી ખાઓ છો. પણ આ હરિભક્તોએ ઘણા જ ભાવથી કેરી ઘોળી ઘોળીને રસ કાઢ્યો છે. રસ અને રોટલીની રસોઈ કરાવી છે. રસમાં સાકર અને ઘી મેળવ્યું છે. આપને જમાડવાનો ઘણો ભાવ છે. ૩૬-૩૭. ત્યારે શ્રીહરિ બોલ્યા, અમને કેરી ઉપર અત્યંત ભાવ રહે છે. કાઢેલા રસમાં એટલી રુચિ નથી. પણ હરિભક્તો રાજી રહે એટલા માટે થોડો રસ પણ જમશું. ૩૮. જયારે રસોઈ તૈયાર થઈ ત્યારે આવીને શ્રીહરિ જમવા માટે બેઠા અને ડુંગરજી આદિક બધા પાર્ષદોને પણ જમવા માટે બેસાડ્યા. ૩૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'શ્રીહરિ ખોખરા-મહેમદાવાદથી વહેલાલ પધાર્યા' એ નામે અઠ્યોતેરમો તરંગ સમાપ્ત ||૭૮||



પૂર બારમું : તરંગ - ૭૯

જડભરત વગેરેની વાત કહ્યા પછી શ્રીહરિને વિપ્ર નથુભટ્ટ મળ્યા

સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામી બોલ્યા, ભાઈ રામદાસજીસ્વામી અને હું, નાનાભાઈની સાથે વહેલાલ ગામ આવ્યા. ૧. અમને જોઈને શ્રીહરિ બહુ રાજી થયા. તરત જ અમને પોતાની પાસે જમવા બેસાડ્યા અને જમીને પ્રસાદીનો થાળ પણ આપ્યો. ૨. શ્રીહરિએ વધારે ઘી અને સાકર મગાવીને પછી પોતે તેને રસમાં ઘોળીને મેળવ્યા. તેને એકરસ કરીને પછી અમને બંનેને અલગ અલગ રસ આપ્યો. ૩. અને કહ્યું, તમે તો તડકે ચાલીને આવ્યા છો. બેસવા માટેનું કાંઈ વાહન હતું નહિ. હવે રસ વધારે પીવો તો તાપ બુઝાઈ જાય. અમે તો અહીં આવીને કેરી બહુ જમ્યા છીએ. ૪.

તે સમયે ભાઈ રામદાસજીસ્વામી શ્રીહરિને ઘણા પ્રસન્ન દેખીને હાથ જોડીને કહેવા લાગ્યા, હે પ્રભુ ! આપ સાંભળો. હું આપને એક વિનંતી કરું છું. ૫. હું અને મુક્તાનંદસ્વામી, અમે બે આપની રજા લીધા વિના જ અહીંયાં આવ્યા છીએ. અમારાથી આટલું આપનું વચન લોપાયું છે. તેથી

તેનું જે પ્રાયશ્ચિત્ત હોય તે અમને બતાવો. અમે બંને તે ચોક્કસ કરશું. ૬. ત્યારે શ્રીહરિએ કહ્યું, તમે બંને તો અમારા માટે વારંવાર પૂજવા યોગ્ય છો. તમે બંને જ્યાં સુધી રહો છો ત્યાં સુધી તો અમને ઘણો આનંદ રહે છે. ૭. **સત્સંગને નિમિત્તે અનંતગણું કાંઈ વિઘ્ન આવે, તોપણ અમે તેને લેશમાત્ર પણ ગણતા નથી. અમને તો હંમેશાં આનંદ વર્તતો રહે છે.** ૮. અમારે માટે તો જેવા રામાનંદસ્વામી હતા, તેવા તમને બંનેને અમે દેખીએ છીએ. અમે જ્યારે અમારા મુકામેથી નીકળ્યા ત્યારે અમે આવીને તમને પૂછી શક્યા નથી. ૯. અમારાથી આટલી ભૂલ થઈ ગઈ છે. અમે જ્યારે વિચાર કર્યો ત્યારે હવે અમને આ સમજાયું. પણ જ્યારે જેવો દેશકાળ હોય ત્યારે તેવો વિચાર થઈ જાય છે. ૧૦.

ત્યારે તે બંને સંતોએ કહ્યું, મહારાજ ! આપ તો સદાને માટે નિર્દોષ છો. નિર્દોષના ઉપર રીસ હોય નહિ. આપ તો જે રીતે અમારું હિત થાય તે રીતે જ રાત-દિવસ કરતા રહો છો. ૧૧. **જ્યાં સુધી હિતકારીનો અવગુણ ન આવે ત્યાં સુધી તે સાચા હિતકારી મનાયા છે, અને જ્યાં સુધી દોષ-અવગુણ આવે ત્યાં સુધી તે સાચા હિતકારી મનાયા નથી.** ૧૨. સીતાજી, ભરતજી, લક્ષ્મણજી, અને હનુમાનજી, તેમણે ક્યારેય રામચંદ્રજી ભગવાનનો દોષ-અવગુણ લીધો નહિ. ૧૩. ગોપીઓ, ગોવાળો, ઉદ્ધવજી, પાંડવો, દ્રૌપદી અને સુદામા એ બધા ઘણા બળવાળા ભક્ત થયા હતા, તે બધા સવળી બુદ્ધિવાળા હતા, તેથી તેમણે શ્રીકૃષ્ણ ભગવાનને જ્યારે અત્યંત હિતકારી માન્યા ત્યારે તેમનો કોઈ પણ પ્રકારે દોષ-અવગુણ લીધો નહિ. ૧૪-૧૫. જ્યારે રુક્મિણીજીએ ભગવાનનો દોષ ન લીધો અને ગુણ જ લીધો ત્યારે તે શ્રીકૃષ્ણ ભગવાનનાં પટરાણી બન્યા. અને ભગવાન પણ રુક્મિણીને અત્યંત નિર્દોષ જાણીને તેમને વશ થઈ ગયા હતા. ૧૬.

પૂર્વે પ્રહ્લાદજી અને બળિ જેવા જે જે મોટા ભક્તો થયા છે, બીજા પણ એવા ઘણા સંતો થયા છે. શુકદેવજી, સનકાદિકો અને નારદજી વગેરે થયા છે, તેમને દેખીને વિચાર કરવો જોઈએ. ૧૭. જડભરત ઘણા મોટા સંત થયા. તે બુદ્ધિમાન ભરતે પૂર્વજન્મમાં ભૂમિનું રાજ્ય તજી દીધું. ઋષભદેવ

ભગવાનના તો તેઓ સહુથી મોટા પુત્ર હતા. ૧૮. આ ભૂમિ ઉપર જે સુખ અને સંપત્તિ હતી, તે તેમને સહેજે જ પ્રાપ્ત થઈ હતી. એવો બીજો કોઈ રાજા થયો નથી. સાતે દ્વીપ અને નવે ખંડમાં તેમનું રાજ્ય હતું. ૧૯. છતાં તેમને એ બધું સુખ-સંપત્તિ વગેરે ભગવાનનાં ધામની તુલનામાં અત્યંત તુચ્છ દેખાયું અને પોતાના પિતા ભગવાન ઋષભદેવ હતા. તેમની પાસેથી ખરું જ્ઞાન મેળવ્યું. ૨૦. પાતાળથી લઈને પ્રકૃતિપુરુષ સુધીનું જે બ્રહ્માંડનું સુખ છે, તે બધું નાશવંત અને દુઃખોથી ભર્યું છે; એમ તે બુદ્ધિમાન ભરતે નક્કી કરી જાણ્યું હતું. ૨૧. જેમ જીવ એકવાર જે શરીરનો ત્યાગ કરે છે, તેને ફરીવાર તેમાં પ્રેમ થાતો નથી. તેમ જ તેણે પિંડ અને બ્રહ્માંડના સુખનો ત્યાગ કર્યો હતો. ૨૨.

❋ બંધન વિશે :

વળી ભગવાન સિવાયનું જે કાંઈ સુખ કહેવાય છે, તે બધાનો તેમણે ત્યાગ કરી દીધો હતો. શરીર, ઈંદ્રિયો અને અંતઃકરણ, જે કાંઈ છે તે બધું તેણે ભગવાનમાં જોડી દીધું હતું. ૨૩. છતાં જો અનાથ મૃગના બચ્ચા ઉપર ધર્મ જાણીને ગુપ્તપણે દયા રહી ગઈ, તો જેવી ભગવાનમાં પ્રીતિ હતી તેવી પ્રીતિ તે મૃગમાં થઈ ગઈ. ૨૪. **જીવને જેમાં જેટલી પ્રીતિ હોય છે તેટલો તેમાં તે તદાકાર થઈ જાય છે. અને તદાકાર થાવું તેને જ બંધન કહેવાય છે. ૨૫. જીવ જેમાં અધિક બંધાય જાય છે, તેના આકારે તદ્રુપ થઈ જાય છે,** માટે ભરતજી મૃગ થઈ ગયા હતા. આ બાબત પરમ અનુપમ-અજોડ છે અને વિચારવા જેવી છે. ૨૬. **ભગવાનને રાજી કરવા માટે જે ત્યાગી થયા હોય, તેને માટે આ ભરતજીનું આખ્યાન ઘણું હિતકારી છે અને સંસારસાગર તરવા માટે નાવરૂપ છે.** ૨૭.

ભગવાનનાં જેવું કોઈ અન્ય ધન નથી. ચિંતામણિ અને કલ્પવૃક્ષ પણ ભગવાનની સરખામણીમાં શું ? કાંઈ જ નહિ. **સંસારરૂપી સાગરમાં રહીને ભગવાનને ભજવામાં કામ, લોભ, સ્નેહ, રસાસ્વાદ અને માન, એ પાંચ વિઘ્ન કરે છે.** ૨૮. હરેક મનુષ્ય માટે તે પાંચ અંતઃશત્રુઓ પૈકી એક એક શત્રુ એક એક બ્રહ્માંડના જેવા વિરાટકાય છે. તે આપે અમને પ્રત્યક્ષવત્ દેખાડી

દીધા છે. ૨૯. આપના શરણરૂપી નાવમાં બેસીને કેટલાય ભક્તો તેમને જીતી ગયા છે, પણ જેણે આપના શરણરૂપી નાવ છોડી દીધું હોય તેવાને તો, તે શત્રુઓ કોળિયો કરીને ગળી ગયા છે. ૩૦. જેટલા ભવસાગરને તર્યા છે અને નથી તર્યા, તે બધા નર, ઋષિ અને દેવોની વાત આપે અમને વારંવાર પ્રેમથી કહીને દેખાડી દીધી છે. ૩૧. સંતો-હરિભક્તોમાં ભાવે સહિત સત્સંગ કરતાં કરતાં જે રીતે દિનપ્રતિદિન આગળ વધતા રહીએ, તેની બધી રીત આપે દેખાડી દીધી છે. ૩૨.

જેટલો ખપ હોય તેટલો જ ભાવ રહે છે અને જેટલો ભાવ હોય તેટલી શ્રદ્ધા સદા રહે છે. અનંત બ્રહ્માંડોના લોકાલોક પર્વત અને પૃથ્વી વગેરેનો ભાર શેષજી ભાવથી સરસવના દાણાની જેમ ધારી રહ્યા છે. કેમ જે, તેઓ ભગવાનની આજ્ઞાનું માહાત્મ્ય જાણે છે. તેથી તેમને તે ભાર રતી જેટલો પણ દુઃખદ લાગતો નથી. ૩૩-૩૪. **અનંત બ્રહ્માંડોમાં સંસારી જીવ-પ્રાણીમાત્ર જે રહ્યા છે, તે બધાંને સંસારમાં ઘણો બધો રસ મનાયો છે. અને તેથી જ તે જીવો વારંવાર લખચોરાશીમાં ભમતા રહે છે, અને નરકકુંડોમાં અતિશય યાતનાઓને પામે છે. છતાં જીવને સંસારમાં રસ છે, આસક્તિ છે, તેથી તેને સંસારમાં લેશપણ દુઃખ દેખાતું નથી. તેવા લોકોને નરકની ગોળી વાળનારા ગીંગાની જેવા કહેવાય છે. ૩૫-૩૬.**

હે હરિ ! સંસારના રસ કરતાં અપરંપાર દિવ્ય સુખમયરસ તો આપનાં સ્વરૂપમાં અપાર રહ્યો છે, તે આપે જ અમને દેખાડ્યું છે. તેથી અમને આપનો દોષ-અવગુણ ક્યારેય આવતો નથી. ૩૭. આપનો અને સંતો-ભક્તોનો દોષ-અવગુણ અમને હવે ક્યારેય રતીભાર પણ ન આવે, તેવો અમે શ્રવણ-મનન અને નિદિધ્યાસ ઘણાં જ સ્નેહથી કરતા રહીએ છીએ. ૩૮. તેના કારણે અમારાં દિલમાં એક રતીભાર પણ દોષ-અવગુણ ટકતો નથી. કેમ જે, તેમાં આપ સહાય કરતા જ રહો છો. અમે તો નકલ જેવા છીએ અને સાચા નિધિ તો આપ છો. અમને તો આપનું જ બળ છે. ૩૯. ત્યારે શ્રીહરિએ તે બંને સંતોને કહ્યું, તમે અમારી સાથે કચ્છ ચાલો. અત્યારે અહીં ઘણી ઉપાધિ થઈ છે. તમારે અહીં રહેવા જેવું નથી. ૪૦. શ્રીહરિએ તેમની આગળ આટલી

વાત કહી. પછી વહેલાલમાં એક રાત રોકાયા. બીજે દિવસ બપોર સુધી ત્યાં રહ્યા. ૪૧. તે વખતે ખોખરાથી નથુ વિપ્ર બધા સમાચાર લઈને આવ્યા. શ્રીહરિની સાથે એકાંતમાં બેસીને બધી વાત કહી સંભળાવી. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'જડભરત વગેરેની વાત કહી પછી શ્રીહરિને વિપ્ર નથુ ભટ્ટ મળ્યા' એ નામે ઓગણ્યાશીમો તરંગ સમાપ્ત ॥૭૯॥

પૂર બારમું : તરંગ - ૮૦

સત્સંગીઓનું મનોબળ અને વેરાગીઓની ખટપટ

વિપ્ર નથુ ભટ્ટે બે હાથ જોડીને શ્રીહરિ આગળ બધી વાત કહી કે, બધા અસુરો મનમાં ઘણું મલકાતા મલકાતા અમદાવાદના સૂબાની પાસે ગયા હતા. ૧. અસુરો હરિભક્તોને કહે છે કે, હવે અમારો દાવ આવ્યો છે. બધા જ હરિભક્તોની પાસે ખૂબ જ દંડ ભરાવવો છે. ૨. ત્યારે હરિભક્તોએ કહ્યું, સહજાનંદસ્વામી તો સાક્ષાત્ ભગવાન પ્રકટ થયા છે. તેમને આખું જગત ઓળખે છે. બધું તેમનું જ ધાર્યું થશે. ૩. તેમણે એવો સંકલ્પ કર્યો છે કે, જે તમે ધારી રાખ્યું છે તે બધું જ નાશ થઈ જશે, તો પછી નિર્જીવ એવા તમે શું કરી શકશો ? ૪.

તમારું શરીર અને આત્મા અન્ય કોઈ સર્વ શક્તિમાનના હાથમાં છે. તે તમારા હાથમાં એક તલભાર પણ નથી. દેવો અને અસુરો પણ ભેળા થઈને જેટલો સત્સંગનો દ્રોહ કરશે, તો તેમનો પ્રતાપ પણ દિનપ્રતિદિન ઘટી જશે; એવો ભગવાન સ્વામિનારાયણનો પ્રતાપ મહાન છે. અત્યારે જેટલા સંતો અને હરિભક્તો પ્રગટ શ્રીહરિનું ભજન કરે છે તેટલા જ સાચા છે. ૫-૬.

चोपाई :

ताको द्रोह करत अब जेता, मतपंथ कहावत हे तेता;
असुर करी ताकु जानत हमही, गमे तेता मकलावो तुमही...०७
सत्संग निमत करीके जेहा, घर बार तन जावे सब तेहा;
तोहु हमारो अति धन्य भागा, अंत्ये काल कराव हि त्यागा...०८

અત્યારે જેટલા સત્સંગનો દ્રોહ કરે છે, તે બધા મતપંથીઓ કહેવાય છે અને અમે તો તેને અસુર જાણીએ છીએ. તમે ચાહે તેટલા મલકાઓ, તોએ શું ? (આ ગ્રંથમાં સત્યધર્મના દ્રોહીને જ મતપંથ નામથી લખ્યા છે.) ૭. સત્સંગને કાજે અમારાં ઘર-બાર અને શરીર, એ બધું ભલે નાશ પામે, તોએ અમે તો ધન્યભાગ્ય છીએ. કારણ કે, છેવટે તો કાળ એ બધાનો ત્યાગ કરાવવાનો જ છે. ૮. આ બ્રહ્માંડ સુધ્ધાં કાળ કોઈને છોડવાનો નથી; આવું સમજીને જ અમે સત્સંગ ધાર્યો છે, અમે સત્સંગી થયા છીએ. ભગવાન સ્વામિનારાયણ મળ્યા છે, તેથી અમને કાળ અને મૃત્યુનો બધો જ ભય ટળી ગયો છે. ૯. સત્સંગની સમજણે કરીને અમે ડરમાત્રને તરી ગયા છીએ. તમારા મનમાં અમારું અનિષ્ટ કરવાનો જેટલો ડોડ હોય તે બધું તમે અત્યારે સુખેથી કરો. ૧૦.

જેવા હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ થયા હતા, તેવા આજ કોઈ સમર્થ નથી. તે બંનેએ મોહને વશ થઈને જ્યારે ભગવાનનો અને ભગવાનના ભક્તોનો દ્રોહ કર્યો હતો. ૧૧. ત્યારે જેમ પતંગિયાં આગમાં પડીને નાશ પામે છે, તેમ તે બંને પરમાત્માને હાથે (ત્રાસથી) નાશ પામ્યા હતા. તેમજ રાવણ અને કુંભકર્ણ પણ ઘણા ભારે બળિયા હતા. તેઓ દેવોથી પણ કોઈ રીતે જિતાયા નહિ. ૧૨. તેમણે જ્યારે રામચંદ્ર ભગવાનનો દ્રોહ કર્યો ત્યારે પતંગિયાંની જેમ તેમનો નાશ થયો હતો. કંસ અને દંતવક્ર આદિકે શ્રીકૃષ્ણ ભગવાનનો દ્રોહ કર્યો હતો. ૧૩. શિશુપાલ જેવા પણ બીજા દૈત્ય અપાર હતા. તેનો ગણવાથી પાર આવે તેમ નથી. તે બધાનો પણ પતંગિયાંની જેમ નાશ થઈ ગયો હતો. પરશુરામજીએ અનંત અસુરોને માર્યા. ૧૪. સહસ્રાર્જુન આદિ જે અસુરો ક્ષત્રિય જાતિમાં જન્મ્યા હતા. તેમને એકવીશવાર તેમણે ખોળી ખોળીને માર્યા હતા. ૧૫.

અધર્મનું સૈન્ય જે કામ, ક્રોધાદિક કહેવાય છે, તેમણે મોટા મોટા દેવોનો અને અસુરોનો પણ પરાજય કર્યો છે. ૧૬. અત્યારના સમયમાં જે અધર્મનું સૈન્ય કામ, ક્રોધ, લોભાદિક છે, તેને શ્રીસ્વામિનારાયણ પ્રભુ ખોળી ખોળીને જ્ઞાનરૂપી ખડ્ગથી નષ્ટ કરી રહ્યા છે. અત્યારે તેમણે એવું અપાર

સામર્થ્ય ધારણ કર્યું છે. ૧૭. તમારાથી કાંઈ જ થવાનું નથી. જેટલી તાકાત હોય તેટલી જઈને લગાવો. સત્સંગનું એક રુંવાડું પણ ખાંડુ થવાનું નથી. ૧૮. અમારાં ભગવાન, સંતો, સંન્યાસી, વર્ણી વગેરે છે તેઓ ક્યારેય મન, કર્મ અને વચનથી કોઈનો દ્રોહ કરતા નથી. હા, જેને તમારી જેમ અત્યંત મોહ થયો હોય તેઓ દ્રોહ કરતા હોય છે. ૧૯. સત્સંગ સિવાયના જે બધાં વર્ણાશ્રમીઓ છે, તે બધા મોહથી ભરપૂર ભર્યા છે. નજરમાં આવે તેમ બકતા રહે છે, અને પશુ-પક્ષીની જેમ વર્તન કરે છે, ચાલે છે. ૨૦.

હરિભક્તોનાં આવાં તો અપરંપાર વચનોને સાંભળીને તે ગમારો સૂબાની પાસે ગયા અને હાથ જોડીને બોલ્યા, ‘આપ અમારી થોડી વિનંતી સાંભળો. ૨૧. તમે અમારું બહુ માન રાખો છો. અમને સિદ્ધ જાણીને પૂજતા રહો છો. અમે જે કાંઈ અનીતિ કરતા હોઈએ છીએ, તે બધી આપ સવળી લઈને ચલવી લો છો. ૨૨. અને તેને લીધે તમારું રાજ્ય રોજબરોજ વધતું જાય છે અને બધાં તમારાં કામ પણ સુધરી જાય છે, સફળ થાય છે. સ્વામિનારાયણના બધા સંતો નીતિ પ્રમાણે ચાલે છે. ૨૩. અમે તમારે પ્રતાપે તે સંતોને બાંધીએ અને મારીએ છીએ. એટલે હાલમાં સ્વામિનારાયણનાં બધા જ સંતો અમારા ડરથી, કોઈ અન્ય દેશમાં ભાગી ગયા છે, તેની અત્યારે કોઈને ખબર નથી. જો તેઓ અમારે લાગ આવશે તો અમે તેને ખાઈ જઈશું. ૨૪-૨૫.

તે સ્વામિનારાયણ પાટ ઉપર બેઠા હતા, અમે ત્યાં ગયા. એટલે અમને નજરે દેખતાની સાથે જ તરત ત્યાંથી ભાગ્યા. અમે તેની પાછળ દોડ્યા. ૨૬. તે ભાગીને ગામમાં પેસી ગયા અને ક્યાંક સંતાઈ ગયા. તેમના શિષ્ય ક્ષત્રિયો અમારી સામે થયા. ૨૭. ત્યારે અમે તેમના માથા ઉપર ખાંડાનો ઘા કર્યો. ત્યારે તેમણે પણ અમારી સામે આંખ ફાડી, અમને ભેખધારી ગણ્યા નહિ. ૨૮. આ જગતમાં અમે જેટલા ભેખધારીઓ છીએ, તે બધા આપના બળને આધારે જ ટકી રહ્યા છીએ. આપને લીધે જ જગતમાં નરનારી બધા લોકો અમારું સ્વમાન(મર્યાદા) જાળવે છે. ૨૯. બધા વિપ્રો જગતમાં પૂજ્ય છે, તેઓ પણ અમારું સ્વમાન(અદબ) તોડતા નથી. પણ સ્વામિનારાયણના જેટલા શિષ્યો છે તે અમને તરણાં જેવા ગણે છે. ૩૦.

અમારા કેટલાકના તો તેણે માથા ઉડાડી દીધા છે. તે અમે અત્યારે આપને આવીને કહીએ છીએ. તે સ્વામિનારાયણ તો હાથ જ આવ્યા નહિ. તે પાખંડી તો ચૂપ જ(છાના) બેસી રહ્યા. ૩૧. આપ એકવાર તે બધાને દંડ કરો, તો ગરજુ થઈને તે બધા અમને માનશે. તેમના શિષ્યો જેટલા જોઈએ તેટલા રૂપિયા સ્વામિનારાયણને લાવીને આપે છે. ૩૨. તેથી સ્વામિનારાયણ વારંવાર યજ્ઞ કરે છે. માટે એકવાર ફોજ મોકલી ડારો દઈને પકડી લાવો. ડારો દીધા વિના સ્વામિનારાયણ આવશે નહિ. સરકારને તો સહુ આધીન છે. ૩૩. અત્યારે આખા દેશના ધણી તો આપ જ છો. આપની આગળ કોઈનું જોર ક્યારેય હોય નહીં.' આટલું તે આસુરી વૈરાગીઓએ સૂબાને કહ્યું. ત્યારે પેશવા સરકારના સૂબા વિઠ્ઠલરાવ બાલાજીએ ફોજને હુકમ કર્યો કે, તત્કાળ ચઢાઈ કરો. સ્વામિનારાયણને અત્યારે જ જઈને પકડી લાવો. ૩૪. આખા દેશમાં આપણું જ રાજ્ય છે. તે છાનાછૂપા ક્યાં રહેશે ?.

સૂબાનો જમાદાર મુસલમાન હતો. તે શ્રીહરિના પ્રતાપને જાણતો હતો. તે બાબતની સૂબાને ખબર ન હતી. ૩૫-૩૬. પછી સૂબાએ જમાદારને બોલાવ્યો. તેને બધી વાત કહી અને કહ્યું, તમે સ્વામિનારાયણને પકડી લઈને સીધા મારી પાસે આવજો. ૩૭. જેટલા સનાતની મત-સંપ્રદાયો છે, તેમને તે દબાવી દે છે. બધા તેનાથી થરથર ધ્રૂજે છે, તે કેવા શક્તિશાળી છે ? ૩૮. જે બ્રાહ્મણ કુળમાં જન્મ્યા ન હોય, તેને અમે નમતા નથી. અત્યારે તો અંત્યજ સુધીના લોકો ભેખ લઈને ફરે છે.ક્યાંય કોઈ નિયમ જ નથી રહ્યો. ૩૯. જે વિપ્રની જાતિ છે તેને અમે ઈશ્વર જાણીને નમીએ છીએ. અમારાં મનમાં કેટલીક ભ્રાંતિ છે એટલે જો સ્વામિનારાયણ મળે, તો તે બધી ભ્રાંતિ ટળી જાય. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'સત્સંગીઓનું મનોબળ અને વેરાગીઓની ખટપટ' એ નામે એંસીમો તરંગ સમાપ્ત ॥૮૦॥



પૂર બારમું : તરંગ - ૮૧

નથુ વિપ્રે અસુરોની વાત કહી અને શ્રીહરિ સલકી પધાર્યા

જમાદારે સૂબાને હાથ જોડીને કહ્યું, આપ તો ઘણા સમર્થ છો, છતાં મારી એક વિનંતી છે તેને આપ સાંભળો. ૧. પછી જમાદારે સૂબાને એકાંતમાં કહ્યું, સ્વામિનારાયણ તો નીતિ-ધર્મમાં ચાલે છે. અને બીજાને અનીતિથી છોડાવે છે. ૨. જે નીતિમાં ચાલે છે તેની સાથે આપ દ્વેષ રાખો છો, અને જે અનીતિમાં ચાલે છે તેની તમે સાર-સંભાળ રાખો છો. ૩. આગળ-શરૂઆતમાં આપ ધર્મમાં અને નીતિમાં અમારા કરતાં વધારે ચાલ્યા છો અને બધી અનીતિ પણ છોડી દીધી હતી, તેને લીધે જ આપ હાલમાં બધાં પ્રદેશનાં સૂબા થયા છો. ૪. કોઈ ચોર અનીતિ કરે છે ત્યારે આપ તેને બંદીખાનામાં કેદ કરો છો અને વારંવાર તેને દંડો છો. તેના ઉપર લગારેય દયા લાવતા નથી. ૫.

કોઈ પરનારીનો સંગ કરે, તો તે ચાહે તેવો ધનવાન હોય, તોપણ તેને ચબૂતરે-થાણાંમાં બેસાડી દો છો અને તેને દંડ કરો છો, તેની પાસેથી મનમાન્યું ધન લો છો. ૬. પણ માંસ ખાવું, મદિરા પીવી તે મહાન પાપ છે, છતાં પણ જેને જેને તે રુચે છે તેને માટે તમે દ્વાર ખોલી દીધા છે. આપના જેવાને જેવી રુચિ હોય તે પ્રમાણે અમે બધા સ્થાપન કરીએ છીએ. ૭. જેટલી જાતના હુકમ કહેવાય છે તે બધા આપને ઘેર જ રહે છે. (અર્થાત્ તમારા પોતાના ઘરના છે. કોઈ શાસ્ત્રના નહીં.) જે આપના હુકમમાં શંકા કરે છે તેને પળવારમાં બરતરફ કરવામાં આવે છે. ૮. અમારા જેવાને જે ધન મળે છે તે પણ આપના દ્વારા જ મળે છે. અને તમારાથી અમારું ગુજરાન થાય છે. જે મનુષ્ય જેવું કર્મ કરે છે તેને તેનું ફળ એકલાએ જ ભોગવવું પડે છે. ૯. જે મનુષ્ય જેવું પાપ કે પુણ્ય કરે છે તેને સાહેબ તેવું ફળ આપે છે. જે સ્વામિનારાયણ કહેવાય છે, તે વર્ણ અને આશ્રમની દૃષ્ટિએ ઘણા ઉત્તમ છે. ૧૦.

તેઓ દેવો અને ઋષિઓથી પણ ઉત્તમ છે. અન્ય મતપંથમાં એવા કોઈ નથી. જે સહુથી ઘણા પર-શ્રેષ્ઠ છે તેને ઈર્ષ્યાએ કરીને નીચા-કનિષ્ઠ ઠેરાવી દીધા છે. ૧૧. **જે મનુષ્ય શ્રેષ્ઠ મનુષ્યને નીચા-કનિષ્ઠ ઠેરાવી દે છે,**

તે ઠેરાવનારા જ નીચમાં પણ નીચ થાય છે. ઉત્તમ-શ્રેષ્ઠ પુરુષ નીચ લોકોને ઝેર જેવા લાગે છે. પછી તો જેવું દ્વારકાના યાદવોને થયું તેવું(યાદવાસ્થળી) થાય છે. ૧૨. એકવાર મોટામોટા ઋષિ-મુનિઓ પ્રેમથી દ્વારકાની યાત્રાએ આવ્યા. તેમાં વિશ્વામિત્ર, વાલ્મીકિ, ભરદ્વાજ આદિક ઋષિઓનો મોટો સમાજ હતો. ૧૩. યાદવોના જુવાન છોકરાઓ બધા ઋષિઓની પાસે ગયા. તે બધા ઋષિવર્યો પૂજવાને યોગ્ય હતા, પણ ત્યાં આવીને તેમની મશ્કરી કરી. ૧૪. ત્યારે તે છોકરાઓને ઉન્મત્ત દેખીને ઋષિઓ કોપ્યા અને બોલ્યા, તમારા વંશનો નાશ કરનાર તે ઉદરમાં છુપાયેલ છે. ૧૫.

મુનિઓ જેવું બોલ્યા, પાછળથી બધું તે પ્રમાણે જ થયું. સત્પુરુષો આવા જ હોય છે. આપને તેનો ખ્યાલ નથી. ૧૬. જો આપને રાજ્ય કરવાનો ખપ હોય, તો આપ સત્પુરુષોની સેવા કરો. તેમનો થોડોએ દ્રોહ કરતા નહિ. તે દ્રોહથી મોટો અપરાધ લાગે છે. ૧૭. આપ જે રીતે વર્તન કરશો, આપના બાળકો પણ તેવું જ કરશે; આમાં આપનું હિત નથી. રાજ્યથી ભ્રષ્ટ થશો તો ક્યાં રહેશો ? ૧૮. જેને આપ પોતાના મિત્ર માનો છો તે બધા નીતિહીન અને ખુવાર છે. નીતિહીનનું પરિણામ જે આવશે તેવું જ ફળ આપને પણ ચોક્કસ મળશે. ૧૯.

જ્યારે જમાદારે આવી વાત કરી ત્યારે સમાચાર મળ્યા કે, નીતિમાન રાજા (અંગ્રેજ)એ ખેડામાં પડાવ નાખ્યો છે. તેની એક જ તોપ પડી કે અધર્મીઓમાં ત્રાસ વ્યાપી ગયો. તેમનાં અંગોઅંગની નાડીઓ તૂટી ગઈ. ૨૦. અનીતિ કરનારા જે અસુરો હતા તે બધા જયાં ત્યાં ભાગી ગયા. ત્યારે જમાદારે કહ્યું, સ્વામિનારાયણનો પ્રતાપ તમે અત્યારે જુઓ. ૨૧. ત્યારે સૂબાના મનમાં ઘા લાગ્યો. તે હાકેમ અને તેના સાથીદારો બોલ્યા, હવે આપણું ધાર્યું નહિ થાય. હવે તો જીવવામાં જ જોખમ છે; આમ બોલીને લાંબો થઈને સૂતો. ૨૨. નીતિમાન રાજા (અંગ્રેજ)ના નિશાન ખેડામાં ચઢ્યાં-ફરક્યાં. તેનાથી અનીતિવાળાને ત્રાસ થયો. નીતિના તંબુઓ તે જ વખતે ઊભા કરી દેવાયા અને અનીતિના તંબુ તત્કાળ ઊખડી ગયા. ૨૩. તેણે અદલ નીતિનો અમલ કરવા માટે બંગલામાં અદાલત ખડી કરી દીધી. ૨૪. આટલી પાકી વાત

લઈને વિપ્ર નથુ ભટ્ટ શ્રીસહજાનંદસ્વામીની પાસે આવ્યા અને તે પૂરેપૂરી સંભળાવી દીધી. ૨૫.

ત્યારે શ્રીહરિએ કહ્યું, હવે સત્સંગનાં મૂળ દઢ થાશે અને બ્રહ્માંડ રહેશે ત્યાં સુધી તે અમૂલ્ય ગણાશે તથા નિર્ભય રહેશે. ૨૬. જેને માટે અમે તપ કર્યું હતું તેનું ફળ અત્યારે પ્રકટ્યું. જે ધર્મવંશ દુર્બળ થઈ ગયો હતો, હવે તે બળવાન થાશે. ૨૭. ધર્મવંશની વૃદ્ધિને માટે અમે તપ કર્યું હતું. તેનાથી તો અનંત જીવોનો મોક્ષ થાશે. ૨૮.

પછી શ્રીહરિએ ત્યાં ભોજન કર્યું અને ત્યાંથી ચાલ્યા. બંને સંતોને સાથે રાખ્યા. તે વખતે **સલકી** ગામમાં આવ્યા. શ્રીહરિ હરિભક્તને ઘેર ઊતર્યા. ૨૯. દયાળજી ઠાકોર તેનું નામ હતું. પ્યારા ઘનશ્યામ તેને રાજી કરવા માટે જ ત્યાં આવ્યા હતા. શ્રીહરિએ તેને કહ્યું, 'સત્સંગની રક્ષા કરવા માટે જ તમે દેહ ધાર્યો છે. ૩૦. **જ્યારે ખરાખરીનું કામ આવે, સંકટનો સમય આવે ત્યારે જે પોતાના શરીરને કુરબાન કરે, સત્સંગને માટે પોતાના દેહની રાખ કરી નાખે, એવા નિષ્ઠાવાન પુરુષનાં અપાર ભાગ્ય કહેવાય છે. ૩૧. ભવ, બ્રહ્મા અને ઈંદ્રાદિક દેવો, મોટા મોટા મુનિઓ અને શેષજી જેવા પણ તેને 'ધન્ય !!! ધન્ય !!!' કહે છે. એવા ભક્તને તો ભગવાન પણ આધીન થઈ જાય છે. ૩૨.** આવા ને આવા સત્સંગનો પક્ષ રાખવાના રંગમાં ને રંગમાં જેનું શરીર છૂટી જાય તે ભગવાનની પાસે રહે છે. અમે આ સત્ય હકીકત કહીએ છીએ. તેમાં કાંઈ મિથ્યા નથી.' ૩૩.

ત્યારે હાથરોલીના ભગુ ખાંટે શ્રીહરિને કહ્યું, 'કેટલાક હરિભક્તની સમજણ એકસરખી નથી રહેતી પણ ફરી જાય છે, એવું દેખાય છે. માટે સમજણ ફરી જવાનો ભય અંતરમાં રહે છે. ૩૪. જેણે પહેલા સેવા તો ઘણી કરી હોય છે, પણ પછી તેનો સત્સંગનો રંગ ફરી જાય, તે કેવી ગતિ પામે ?' ત્યારે શ્રીહરિ કહે, 'તે ભક્તની જેવી રુચિ હોય તેવું ભગવાન તેને ફળ આપે છે. ૩૫. તે બાબત તો ભક્તના હાથમાં રહી છે. ભક્તની જેવી રુચિ હોય તે પ્રમાણે ભગવાન ફળ પ્રદાન કરે છે. જ્યાં સુધી જેનો સત્સંગનો રંગ ફરી જાય છે ત્યાં સુધી તો તેને બાળબુદ્ધિ કહેવાય છે. ૩૬.

ભવ, બ્રહ્મા, નારદ અને અક્ષર સુધી બધા ભગવાનની આગળ તો બાળક છે, એમ સત્સંગની સમજણવાળા બુદ્ધિશાળી જાણે છે. ૩૭. નારદ, બ્રહ્મા, ભવ અને અક્ષરમુક્તો, વગેરે જ્યારે ભગવાનની સ્તુતિ કરે છે ત્યારે તેઓ કહે છે કે, અમે તો બાળક છીએ. ૩૮.

सोरठा : मति ज्यां लग जेहि, थोरी रहे भगवान महि;
अक्षर हे त्यां लग तेहि, नर्क चोरासी न होत तेहू...३९
गीता में कहे तेह, सल्प मति भगवान महीं;
अनंत भय से एह, भगवान रक्षा करत तेहि...४०

જ્યાં સુધી જેની મતિ થોડી પણ ભગવાનમાં રહેતી હોય ત્યાં સુધી તે અક્ષર છે. તેને નરક અને લખચોરાશી હોતી નથી. ૩૯. તે ગીતામાં કહ્યું છે કે, 'સ્વલ્પમપ્યસ્ય ધર્મસ્ય ત્રાયતે મહતો ભયાત્' ભગવાનનાં સ્વરૂપમાં થોડી મતિ રહે, તોપણ ભગવાન તેની અનંત ભયથી રક્ષા કરે છે. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'નથુ વિપ્રે અસુરોની વાત કહી અને શ્રીહરિ સલકી આવ્યા' એ નામે એકાશીમો તરંગ સમાપ્ત ॥૮૧॥



પૂર બારમું : તરંગ - ૮૨

શ્રીહરિએ કહેલી વાતને મુક્તમુનિએ કહી, તેને સંભારીને લેખકે કહી

સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામીએ સભામાં કહ્યું, **નિર્દંભપણે કરીને ભગવાનમાં થોડી-ઘણીએ મતિ રહે, તોપણ ભગવાન તે ભક્તની રક્ષા કરે છે.** ૧. દંભ, કપટ, અભિમાન, ઈર્ષ્યા, મત્સર, માન, કામ, ક્રોધ અને લોભ, એ બધા દોષો એક એકથી અધિક મોટા વેરી છે. ૨. કામ, ક્રોધ, મદ અને લોભ, એ છતરાયા અંતઃશત્રુઓ છે, તે જેમાં પ્રગટ થાય છે તેને ક્ષોભ કરે છે. ૩. તે જેમાં દેખાય તેનો કોઈને ભાર રહે નહિ. આખું જગત તેની નિંદા કરે છે. તેમનો કોઈના ઉપર રતીભાર પણ ભાર પડતો નથી. ૪. **જે સાચા સરળ સંત હોય છે તેમનું બહારનું અને અંદરનું, બંને વર્તન એકસરખા હોય છે.**

પરસ્પર કોઈ પણ બાબતની ચોરી રાખે નહિ, કપટ રાખે નહિ અને એકબીજા ઉપર હેત રાખે છે. ૫.

પોતા સિવાયના જે બીજા સંતો હોય તેમાં રહેલા બધા જ ગુણોને અધિક દેખે. અને પોતાનામાં જેટલા ગુણ રહ્યા હોય, તે બધાને દોષ કરીને જુએ. ૬. **જે સાચા સંત હોય છે, તે બીજા સંતોના ગુણોનું અધિક પ્રતિપાદન કરે છે. જેનામાં સાધુતાના ગુણ અધિક રહ્યા હોય તેને અધિક કહેવામાં કોઈ દોષ નથી. ૭. સાધુતાના ગુણોને લીધે જ સંતોને અધિક અથવા ન્યૂન કહેવાય છે. પરંતુ જે સાધુતાના અધિક ગુણોને તુચ્છ કરી દેખાડે અને જે તુચ્છ ગુણ હોય તેને અધિક કરીને બતાવે, ૮.**

*** સાધુનું અપમાન ન કરવા વિશે :**

એવી વાત જે સંતો કરે છે તેને સંતોના દ્રોહી જાણવા. **જે દંભી, કપટી અને ઈર્ષ્યાવાળો હોય તે તો સાધુતાનો મળ કહેવાય છે.** ૯. જે મનુષ્ય સરળ સાધુનું અપમાન કરવા માટે બધાં વચનામૃતોને કંઠસ્થ કરી રાખે, શ્વાસોશ્વાસ ભગવાનનું નામ રટે, આઠો જામ ધ્યાનમાં રહે, ૧૦. વાતો કરવામાં પંચવિષયની ઊલટી કરાવી નાંખે, સહુથી વધારે પ્રસિદ્ધ થવા રાત-દિવસ કથા અને કીર્તન કરતાં રહે, ૧૧. શરીર ઉપર કપડાં ફાટેલાં-તૂટેલાં પહેરે, પાણીમાં લોટ ઘોળી તેને પીને ગુજરાન કરે, તેમાં પણ એકાંતરે ઉપવાસ કરે, પાણી પીવાની પણ ઈચ્છા ન કરે, ૧૨. એકવાર પણ પાણી પીવે તો ઉપવાસનો ભંગ માને, એવી બધી જે વાતો કરતો હોય, તોપણ તે સાધુતાના મળ સમાન જ છે. ૧૩. સાચા સંતનું અપમાન કરવા માટે આવું બધું કરતા હોય તેની જેને ખબર પણ ન હોય એવા સંતો અને હરિભક્તો તેનાં વખાણ કરે છે. ૧૪.

જે સંતો તથા હરિભક્તોને ઘણા વરસ સુધી સાક્ષાત્ શ્રીહરિનો યોગ રહ્યો છે, જે અરોગ(નિષ્કલંક) રહ્યા છે અને જેણે શ્રીહરિનું સુખ અમાપરૂપમાં લીધું છે. ૧૫. શ્રીજીમહારાજે કેટલીએ વાર જે સંતોને ભેટીને પ્રસાદી આપી છે, જેને વિવિધ પ્રકારનું સુખ શ્રીહરિએ આ વખતે આપ્યું છે, તેનો શેષજી પણ કહેતા પાર પામે નહીં. ૧૬. જે સંતોએ વારંવાર કેસરચંદન તૈયાર કરીને

શ્રીહરિને ખૂબ જ પૂજ્યા છે. ફૂલના હાર, તોરા, બાજુબંધ, ગુચ્છ અને ફળ-ફૂલ ઘણીવાર અર્પણ કર્યાં છે. ૧૭. દેશ પરદેશમાંથી વિવિધ પ્રકારનાં મેવા લાવીને ઘણાં ભાવથી અર્પણ કર્યાં હોય છે અને શ્રીહરિ પણ તેવા જ ભાવથી તે મેવાને જમ્યા હોય છે. ૧૮. સંતોને પોતાના અનન્ય દાસ જાણીને તેમની પાસે શ્રીહરિએ સેવા પણ કરાવી છે. શ્રીહરિ જે ફૂલનાં શણગાર ધારણ કરતાં, જેમ કે - હાર, બાજુબંધ, તોરા, ગુચ્છ, ખૂંપ, ટોપી, પછેડી વગેરે તે સંતોને આપતા. વળી, શ્વેત વસ્ત્ર, કેટલાય રૂમાલ અને વસ્ત્ર ઈત્યાદિમાં ચરણારવિંદ છાપીને આપતા. જેની જેવી સેવા હોય, તેવી પ્રસાદી આપતા. ૧૯-૨૦.

તેમજ કેસરચંદનથી ચરચેલા ચરણકમળને વારંવાર છાતીમાં અને મસ્તક ઉપર ચાંપ્યા હોય છે. દુનિયામાં જેટલી જાતના શુદ્ધ પકવાનો કહેવાય છે, તે બધાં જ તૈયાર કરાવીને શ્રીહરિએ સંતોને જમાડ્યાં છે. ૨૧. વળી રીંગણા આદિનું શાક પોતે બનાવીને શ્રીહરિએ સંતોને ખૂબ જ જમાડ્યાં છે. તે રીતે જ સંતોની પાસે બહુ જ પ્રકારના ત્યાગના નિયમો પળાવ્યા છે. જેવી તે પ્રભુની રુચિ હોય તેમ સંતોને વરતાવ્યા છે. ૨૨. ધર્મકુમાર શ્રીહરિ એક જ વરસમાં ત્રણ-ચારવાર પ્રકરણ ફેરવતા. જે જે વિષમ પરિસ્થિતિ હોય તેની તપાસ કરીને ઉમંગથી તે તે પ્રકરણોને ફેરવતાં હતાં. ૨૩.

चोपाई :

कोईके गमते में वरतना जोउ, कठिन में कठिन वात कहे सोउ;
पुरे जीय में खप होय जबहु, कोईके गमते में चलाय तबहु...२४

કોઈકના ગમતામાં રહેવું તે કઠણમાં કઠણ બાબત છે. જીવમાં જ્યારે પૂરે પૂરો ખપ હોય ત્યારે કોઈકના ગમતામાં ચાલી શકાય છે. ૨૪. આ પ્રમાણે વર્તવામાં દંભ, કપટ, ઈર્ષ્યા, મત્સર, માન, કામ, ક્રોધ, લોભ, મદ વગેરે દોષ હોય તે કોઈનાથી છાના રહેતા નથી. ૨૫.

જે બળદમાં જેવા ગુણ હોય તે તો તેને કાંધે ધોંસરી મૂકીને જોડવામાં આવે ત્યારે તે કહી દે છે. અશ્વ અને હાથીને સવારીમાં ફેરવે ત્યારે તેના જે ગુણ હોય તે છૂપાવ્યા છૂપા રહેતા નથી. ૨૬. ગરીબ હોય કે મોટો શાહુકાર હોય તે સહુ માયા-ધનના લોભે કરીને અંતરમાં કાંઈ ક્ષોભ-સંકોચ પામ્યા

વિના કઠોરમાં કઠોર કામ હોય તે પણ કરે છે. ૨૭. જેને ભગવાનનો ખપ ન હોય, એવા જે બધા ભેખધારીઓ હોય તે જેમ મન કહે છે તેમ ચાલે છે. ૨૮. મનુષ્ય, પશુ, પંખી વગેરે કોઈનાં બંધનમાં રહેતાં નથી. કેમ જે, તે બધાંનો ગુરુ બળવાન મન છે. બધી જ જંગમ સૃષ્ટિ એક મનનાં પાશમાં બંધાઈ ગઈ છે. ૨૯. જે બેકેદ-અનિયંત્રિત લોકો હોય છે, તેઓ પોતાના મન દ્વારા જે કહેવામાં આવે તે જ કરે છે. તે સિવાય કોઈનું પણ નિયંત્રણ રાખતા નથી. જેટલા લોકો ભગવાન નથી ભજતા, તે મનમાં જાણે છે કે, અમે સ્વતંત્ર છીએ. ૩૦.

પરંતુ જેટલા ભગવાનના જ્ઞાની સંત છે, તે બધા ભગવાનનાં વચનમાં વરતે છે. મનનાં ગુરુ તો સહુથી સમર્થ અને મહાન એવા એક ભગવાન જ છે; આવું વિચારીને સંતો ભગવાનને ભજે છે. ૩૧. જે પૂરું વિચાર્યા વિના જ ભજન કરે છે તેનો ભજનનો રંગ એકસરખો રહેતો નથી. અને જેને ભજનનો રંગ એકસરખો ન રહેતો હોય તેણે માનવું જોઈએ કે, તેને વિચાર કરવામાં-સમજણમાં કાંઈક કસર રહી છે. ૩૨. શ્રીહરિ જે રીતે વાતો કરતાં તે રીતે જ મુક્તાનંદસ્વામી કહેતા. શ્રીહરિચરિત્ર કહેતાં કહેતાં મને જ્યારે તે સાંભરી આવે છે ત્યારે વચ્ચે તેને હું કહી દઉં છું. ૩૩. ગ્રંથની વાતમાં જેને ગમ ન હોય, તે ગ્રંથને સાંભળે તોપણ તેને આનંદ ન થાય. ભલે, ભગવાનના ભક્ત થયા હોય, તોપણ તે સમજણની બાબતમાં બહેરા છે. ૩૪. ભગવાનનો જોગ કરાવવાને માટે ભગવાને બે બારણાં કર્યાં છે : તેમાં એક બારણું પરોક્ષ છે અને એક પ્રત્યક્ષ છે, ઉઘાડું છે. ૩૫.

ભગવાન પરોક્ષ બારણામાં સદા રહીને ભક્તનો જેવો ભાવ હોય તે પ્રમાણે ભક્તે કરેલી સેવા-પૂજા વગેરેને પ્રસન્ન થઈને સ્વીકારે છે. ૩૬.

दोहा : प्रत्यक्ष प्रोक्ष भाव तेहि, देहधारी कु रहाय;
भगवान कु नहि भाव यह, समझ में अंतराय...३७
नेन आगे ज्यां लग ही, विचरत रहत हे तेह;
प्रत्यक्ष द्वार तब जानना, भक्तजन सब एह...३८

પ્રત્યક્ષ અને પરોક્ષભાવ તો દેહધારી ભક્તને હોય છે. ભક્તની સમજણમાં ભિન્નતા હોવાથી પ્રત્યક્ષ-પરોક્ષભાવ રહે છે. પણ ભગવાનને પ્રત્યક્ષ-પરોક્ષભાવ હોતો નથી. ૩૭. ભગવાન જ્યાં સુધી ભક્તના નેત્રોની આગળ વિચરતા રહે છે ત્યારે સર્વભક્તોએ તેને પ્રત્યક્ષ બારણું જાણવું. ૩૮. પોતાને જેટલું કાર્ય કરવાનું હોય ત્યાં સુધી ભગવાન આ ભૂમિ ઉપર વિચરણ કરે છે અને પછી તો શ્રોત્ર દ્વારા ભગવાન સદાય રહે છે. ૩૯. નેત્ર અને શ્રોત્ર એ બે દ્વાર જેટલા દૂર છે તેટલા ધર્મકુમાર દૂર છે. તે પરમેશ્વર દિવ્યધામમાં તો અખંડ વિરાજે છે. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'શ્રીહરિએ કહેલી વાતને મુક્તમુનિએ કહી, તે સંભારીને લેખકે કહી' એ નામે બ્યાસીમો તરંગ સમાપ્ત ॥૮૨॥



પૂર બારમું : તરંગ - ૮૩

શ્રીહરિ સલકીથી ડાંગરવા થઈને ભંકોડા ગામમાં જઈને રાત રહ્યા

પ્રત્યક્ષપણે અને પરોક્ષપણે ભગવાન સદા વિચરણ કરતા રહે છે. ખરેખર બંને ભાવ એક જ છે. પણ આ મર્મ ઘણો જ ગૂઢ છે. ૧. સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામી કહે છે કે, ભક્તરક્ષક ભગવાન શ્રીહરિએ ત્યારે **સલકી** ગામમાં પોતાના ભક્ત દયાળજીને જોઈને પોતાની પ્રસાદીની પાઘ તેને માથે બંધાવી. ૨. શ્રીહરિ સલકી ગામમાં એક રાત રહ્યા. પછી ત્યાંથી **ડાંગરવા** ગામ આવ્યા. શ્રીહરિની મૂર્તિની શોભા વર્ણવી શકાય એવી ન હતી. એવા સુશોભિત મૂર્તિના અદ્‌ભુત દર્શન ભક્તોને આપ્યાં. ૩. તે સમયમાં હરિભક્તોને રાજા તરફથી ઘણું વિકટ સંકટ આવ્યું હતું, પણ તેમાં શ્રીહરિએ સહુની રક્ષા કરી. ૪. રાજાનો અપાર કોપ થયો હતો. કોઈને લગારેય સુખ ન રહ્યું. એવે વખતે શ્રીહરિ જ્યારે ત્યાં પધાર્યા ત્યારે સહુનું અપાર દુઃખ દૂર થઈ ગયું. ૫.

જે ક્ષત્રિય હરિભક્તો હતા તેમની જીત થઈ. તેમના જે શત્રુઓ હતા, તે માર્યા ગયા અને જમપુરીમાં ગયા. ૬. ત્યાંના ક્ષત્રિય દરબાર અમરાજી

અને અગરાજી વગેરે જે હતા તેમને શ્રીહરિએ પાઘ બંધાવી-મોજ આપી અને ત્યાં એક રાત રહ્યા. ૭. શ્રીહરિએ ત્યાં અમરાજી અને અગરાજી વગેરે ક્ષત્રિયોને કહ્યું, તમારા શરીરને ધન્ય છે કે, જે આ વખતે સત્સંગની સેવામાં ઉપયોગી થયા. યોગ્ય સમયે તમે અમારે કામ લાગ્યા છો. એટલે તમે તમારું પરલોકનું કામ સુધારી લીધું છે. ૮. આમ કહીને તે ક્ષત્રિયોને છાતીમાં ચરણ આપ્યા અને પછી તેમણે મસ્તક ઉપર પણ ધારી લીધા. તે વખતે તે ભક્તોએ કેસરચંદન અને ફૂલહાર લાવીને શ્રીહરિની પૂજા કરી. ૯.

તે વેળાએ ત્યાં સદ્‌ગુરુ બ્રહ્માનંદસ્વામી આવ્યા. તેમણે શ્રીહરિના દર્શન કર્યાં. શ્રીહરિ કહે, તમે અહીં ક્યાંથી આવ્યા ? ત્યારે સ્વામીએ અત્યંત ઉલ્લાસથી કહ્યું, ૧૦. અમે સુરત જતા વિરામ કરવાની જરૂર પડી ત્યારે અમે ડભાણ ગામમાં વિરામ કર્યો. બીજા બધા સંતો તો યથાસમય ચાલ્યા ગયા ત્યારે હું એકલો જ ત્યાં રહી ગયો. ૧૧. જ્યારે ચલાય એવું થયું ત્યાર પછી હું આ બાજુ આવ્યો છું. હું જ્યારે વડુ ગામ આવ્યો, ત્યારે આપ અહીં છો, એવી ખબર સાંભળી. ૧૨. પછી આપના દર્શન કરવા માટે અહીંયાં આવ્યા છીએ. હવે જેમ આપ કહો તેમ આપનાં વચન પ્રમાણે કરીએ. ૧૩. ત્યારે શ્રીહરિએ કહ્યું, જે અસુરો છે તેમાંથી કેટલાક અસુરોએ અત્યારે રાજામાં અને ભેખધારીઓમાં પ્રવેશ કર્યો છે. ૧૪. તે બધા અસુરોને કેદ કરે એવો નીતિમાન રાજા સંતોની રક્ષા કરવા માટે ઉમંગથી આગળ આવી રહ્યો છે. ૧૫.

માનો ઈશ્વરના જેવો સમર્થ, અનંત કળાઓથી યુક્ત અને જાણે શ્વેતદ્વીપનો મુક્ત ન હોય ? એવો તે રાજા ઘણો નીતિમાન છે. ૧૬. અત્યારના યુગમાં માનવલોકથી લઈને ઈંદ્રલોક સુધી આવડતવાળો આવો બીજો કોઈ રાજા નથી. અત્યારે આપણા સત્સંગની જેવી રીત છે તેવી બીજા મતમાં ક્યાંય નથી. ૧૭. કેટલાક લોકો આપણા સત્સંગની દેશી કરવા જાય છે, પણ તેઓ જ્યાં નિયમ-વ્રતમાન પાળવાનું થાય છે ત્યાં આવીને અટકી જાય છે. પંચવિષયો છે તે બધાનાં મસ્તકને તોડી નાખે છે. એટલે કોઈ સત્સંગની સાથે સ્પર્ધા(હોડ) કરી શકતા નથી. ૧૮. તે રીતે જ આ નીતિમાન રાજા (અંગ્રેજ)ની દેશી(નકલ) આપણા દેશના કેટલાક રાજાઓ

કરવા જાય છે, પણ તેમાં નીતિ હોતી નથી. નીતિ વિના અનેક પ્રકારની દેશી અંતે તો ઊડી જાય છે. ૧૯. જે ક્રિયા(આવડત)માત્ર કહેવાય છે, તે બધી ભરતખંડમાં છે. જે નીતિમાન મનુષ્ય હોય છે તેની ક્રિયા(આવડત) અલૌકિક દેખ્યામાં આવે છે. ૨૦. અહીંના લોકો ક્રિયા - આવડત દ્વારા દેવોના દૈવતને પણ ઝાંખું કરી દેશે, પણ નીતિ હોય તો જ તે સફળ થાય છે. તે પરદેશી નીતિવાન રાજા દેવોના દૈવતને ઝાંખુ કરે એવી બુદ્ધિને વિસ્તારશે. ૨૧.

હવે તમે અને મુક્તાનંદસ્વામી, બંને જતવાડ પ્રદેશ તરફ જાઓ. ઝાલાવાડને નજીક ચાલવું, પણ કોઈ વેરાગીનો વિશ્વાસ કરવો નહિ. ૨૨. જેટલા અસુરો કહેવાય છે તે બધા વેરાગીમાં પેસીને રહ્યા છે. થોડા થોડા તો બધા જ મતમાં પેસીને રહ્યા છે. ૨૩. અરધા અસુરો તો વિપ્રોમાં પણ પ્રવેશી ગયા છે. આંખ અને વાણી દ્વારા તે અસુરો પ્રકટ દેખાઈ આવશે. ૨૪. કોઈક અસુર રાજામાં, તો કોઈક દીવાનમાં પેસીને રહ્યો છે. અને કોઈક અસુર તો પ્રજામાં પણ પેસીને રહ્યા છે. ૨૫. જેમાં લેશમાત્ર પણ અસુરનો પ્રવેશ દેખાય, તો તેની આગળ રંચમાત્ર પણ ઉપદેશ કરવો નહિ. ૨૬.

અસુરોમાં પણ જે હીન અસુર હોય તેનું મન અતિ મેલું હોય છે. જેમ માણસ વાઘથી દૂર ચાલે છે તેમ તે મેલા મનવાળાને દૂરથી તજી દેવા. ૨૭. કૂતરાંઓમાં પણ જે કૂતરાંને હડકવાં થયો હોય, તેનો કોઈ વિશ્વાસ કરતા નથી. તેમ તમારે અસુરોનો ક્યારેય વિશ્વાસ કરવો નહિ. ૨૮. વાઘમાં પણ કોઈ વાઘ એવો હોય છે કે જે મનુષ્યને મારે નહિ. ચિત્તા અને સાપમાં પણ કેટલાક એવા હોય છે જે માણસનું નામ લેતા નથી. ૨૯. વીંછી જેવા ઝેરી જંતુ, ચંદનઘો, કાનખજૂરો, ચિત્તલ, કાચિંડો વગેરે ઝેરી છે, પણ તે ક્યારેય દોડીને કોઈને કરડતાં નથી. ૩૦. જે જે ઝેરી પ્રાણી-જંતુ છે, તે તેને જ કરડે છે કે જે તેને છંછેડે. અજાણતા પણ જો તેને હાથ કે પગ અડી જાય તો ચોક્કસ તે કરડ્યા વિના રહે નહિ. ૩૧.

ધર્મકુમાર શ્રીહરિએ તે બંને સંતોની આગળ આવી તો ઘણી જ વાતો કરી. અને તે પછી કહ્યું, વાગડ પ્રદેશમાં જ્યાં ધમડકા ગામ છે ત્યાં તમે

આવજો. ૩૨. અમે ધમડકામાં ભીમ એકાદશી કરશું. ચાતુર્માસ ભુજમાં કરશું અને આખા કચ્છ પ્રદેશમાં ફરશું. ૩૩. શ્રીહરિ ડાંગરવામાં રાત રહ્યા. પછી ત્યાંથી **ભંકોડા** ગામ ગયા. મેંથાણના દરબાર પૂંજાભાઈના બહેન તે ગામમાં રહેતા હતા. ૩૪. તે ઘણા ઉચ્ચ કોટિના સારા સત્સંગી હતા. પરંતુ તે બાઈ બહાર નીકળી શકતા નહિ. તેને ઘણું ભારે સંકટ રહેતું હતું. તેથી તેમને દર્શન દેવાં છે, એમ ધારીને શ્રીહરિ ત્યાં ગયા હતા. ૩૫. તે બાઈના પતિ જે ઠાકોર હતા. તેનું નામ શ્રીહરિએ પૂછી લીધું. પછી તેને ઘેર ગયા અને ત્યાં ઊતર્યા. ઠાકોર ભૂપતસિંહ આવીને શ્રીહરિના ચરણોમાં નમી પડ્યા. ૩૬.

તે ઠાકોર હાથ જોડીને બોલ્યા, મહારાજ ! આપ અત્યારે અહીં ક્યાંથી આવ્યા ? આપ તો અમારાં ગુરુ છો અને અમે આપના કહેવાઈએ છીએ. ૩૭. તેણે સારું ભવન જોઈને તેમાં શ્રીહરિને ઉતારો કરાવ્યો. સારો પલંગ બિછાવી દીધો. અને શ્રીહરિનું ઘણું જ સન્માન કર્યું. ૩૮. પુષ્કળ કેરી લઈ આવ્યા. તેનો રસ કાઢ્યો તથા રોટલી કરાવી. અપાર પ્રેમભાવથી ઘણું સારું ઘી અને સાકર પણ લાવ્યા. ૩૯. મુકુંદાનંદવર્ણીએ રસોઈ બનાવી. તે તૈયાર થઈ ત્યારે શ્રીસહજાનંદસ્વામી ત્યાં જમવા માટે બેઠા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'શ્રીહરિ સલકીથી ડાંગરવા થઈને ભંકોડા ગામમાં રાત રહ્યા' એ નામે ત્યાસીમો તરંગ સમાપ્ત ॥૮૩॥



પૂર બારમું : તરંગ - ૮૪

ભંકોડામાં ઠાકોર ભૂપતસિંહને ભલામણ કરીને વચન આપ્યું

શ્રીહરિ જ્યારે જમી રહ્યા ત્યારે તે પ્રસાદીનો થાળ ઠાકોરે લઈ લીધો. પછી તરત જ કેસરયુક્ત ચંદન લાવીને શ્રીહરિની પૂજા કરી. ૧. ફૂલના બહુ હાર પહેરાવ્યા. બાજુબંધ અને તોરા પણ ધરાવ્યા. અને કપૂરથી આરતી ઉતારી. પછી સ્તુતિ કરી. ૨. 'હે મહારાજ ! આપના જેટલા ભક્તજનો છે તે આપને ઘણાં ભાવથી ચિંતવે-ભજે છે. તેથી આપ તેનાં ઉપર પ્રસન્ન થઈને

સદા તેમની પાસે રહો છો. ૩. પણ હવે અમારી શી ગતિ થાશે ? અમે તો અપાર પાપ કરીએ છીએ. પાપથી એક તલભાર પણ ડરતા નથી. લોકોને લૂંટીને જ પેટ ભરીએ છીએ. ૪. અમે તો ભેખધારીને અને વિપ્રને પણ લૂંટ્યા વિના છોડતા નથી. તેઓ બંને આખા જગતને ધૂતે છે, એમ સમજીને અમે તેમને પણ લૂંટીએ છીએ. ૫. છેવટે અમારી ગતિ શી થાશે ? અમે તો આપની આગળ પોકારીને કહીએ છીએ.'.

ત્યારે શ્રીહરિએ કહ્યું, 'જો તમે અમારું એક વચન રાખો તો કોઈક દિવસ તમારો ઉદ્ધાર થાશે. ૬. જે તમારી સામે ન થાય, તેનો શિરચ્છેદ તમારે ક્યારેય કરવો નહિ. વળી કોઈના નાક, કાન, હાથ, પગ ક્યારેય કાપવા નહિ. ૭. જે ગરીબ બ્રાહ્મણ હોય કે ગરીબ કોઈ ભેખધારી હોય તો તેને મનમાં વિચારીને લૂંટવા નહિ. તમે ગામેગામ જે લૂંટના ફેરા કરો છો, તેનાથી પ્રજાને ઘણો ત્રાસ કરો છો. ૮. કાઠી, કોળી અને જત, જે લૂંટે છે તે કોઈને ગમતું નથી. લૂંટ અટકાવે તેવો કોઈ રાજા નથી તેથી બધાને લૂંટ કરવી રુચે છે. ૯. રાજા, દીવાન, કારભારી અને ગામના મુખી સુધ્ધાં લૂંટીને કે ચોરીને જે માલ લાવવામાં આવે તેનો ચોથો ભાગ લે છે. ૧૦. તેઓ જેટલું અનીતિ કરીને ખાય છે તેટલો તેમણે પ્રભુનો ડર તજી દીધો છે. તેમજ તેમના કોઈ ગુરુ પણ તેમને રોકતા નથી. કારણ કે, દ્રવ્યના લોભથી તેમની બુદ્ધિ હરાઈ ગઈ છે, નાશ પામી છે. ૧૧.

અમારે ધનનો લોભ નથી, એટલે અમે અણગમતા ખારા વચન કહીએ છીએ. જેને અનીતિમાં લાભ મનાયો હોય તેને અમારું વચન રુચતું નથી. ૧૨. જ્યારે દેશમાં નીતિવાળો રાજા હોય, ત્યારે તે બધી અનીતિનો ત્યાગ કરાવે અને શુભનીતિને સમાજમાં પ્રવર્તાવે છે. ૧૩. અમે તો અતિ સાધુ થયા છીએ એટલે સાધુતાની રીત રાખીએ છીએ અને તે પ્રમાણે લોકો આગળ વાત કરીએ છીએ. જેને તેમાં પ્રીતિ-રુચિ હોય તેઓ જ અમારી વાતને સાંભળે છે. ૧૪. અત્યારે જે લોકો અમારા આ નીતિનાં વચનને નહિ માને, તેમની પાસે તે વચનને કોઈ અવશ્ય મનાવશે-પળાવશે, એવું અમને દેખાય છે. ૧૫. અમારાં આવાં વચનને જે અત્યારે હિતકારી માનશે, તેઓ ઘણા સુખી

થાશે અને તેને માથેથી જમપુરીનું દુઃખ મટી જશે. ૧૬. જમપુરીનું જેટલું દુઃખ છે, તે તો કહ્યું કહી શકાતું નથી. અને તેના પછી જન્મ-મરણ અને લખચોરાશીનું ઘણું જ દુઃખ રહ્યું છે. ૧૭. જો ભગવાનનો દઢપણે દાસ થાય તો મનુષ્યદેહે કરીને તે બધા દુઃખોનો નાશ થઈ જાય છે.'

ત્યારે તે ઠાકોર ભૂપતસિંહ બોલ્યા, 'મહારાજ ! આપ તો તે વાત ઘણી સારી કરો છો. ૧૮. માણસ, કોઈ રાજા કે દેવ સુધ્ધાં કોઈ પરમેશ્વરથી સમર્થ નથી. તેમનું જ ધાર્યું એક થાય છે. અન્યનું ધારેલું નાશ થઈ જાય છે અર્થાત્ કોઈનું ધાર્યું તદ્દન થાતું નથી. ૧૯. જો અન્યનું ધાર્યું થાય તો તે ધાર્યું કરનાર પરમેશ્વર કહેવાય. જ્યારે ઘણાં વધારે પડતાં પાપ થાય છે ત્યારે તેમાં એક મોટો ફાયદો થાય છે. ૨૦. જો કે હું જે બોલું છું તે મારી પોતાની સમજણ પ્રમાણે બોલું છું, તેમાં આપ કાંઈ દુઃખ લગાડશો નહિ. આપની આગળ તો હું તદ્દન બાળક કહેવાઉ અને બાળકનાં વેણનું કાંઈ પ્રમાણ ન થાય. ૨૧.

હું પાપમાં અપાર લાભ એ દેખું છું કે, જે લાભ તપશ્ચર્યામાં ક્યારેય નથી દેખાતો. જ્યારે ભૂમિ ઉપર વધારે પડતાં પાપ થાય છે, ત્યારે તેનાં તાપને પરમેશ્વર સહન કરી શકતા નથી. ૨૨. **તેથી ધર્મનું સ્થાપન કરવા માટે ત્યારે મહાપ્રભુ સ્વયં મહારાજાધિરાજ પોતે જ આવે છે, પ્રકટે છે. પછીથી કેટલાએ જીવો તેમનાં દર્શન કરે છે અને તેનાથી તેઓ પણ પાપ-સંતાપને તરી જાય છે. ૨૩.** પાપ કરતાં પરમેશ્વરનો પ્રતાપ અનંત કોટિ ગણો વધારે અને અમાપ કહેવાય છે. પરમેશ્વરને અગ્નિના સમાન કહેવાય અને પાપનો પ્રતાપ તો અત્યંત તુચ્છ કહેવાય છે. ૨૪. **આવાં કરોડો બ્રહ્માંડો દારૂથી ભર્યાં હોય, તેમાં એક તલ જેટલો જ અગ્નિનો તણખો પડે, તો તે બધાં જ બ્રહ્માંડો એક ક્ષણવારમાં ભસ્મ થઈ જાય છે. ૨૫. જે સંતપુરુષ હેત કરીને કોઈ એક જ મનુષ્યને ભગવાનનું ભજન કરતો કરે છે, તો તેનું પુણ્ય એક બ્રહ્માંડનો ઉદ્ધાર કરે તેટલું થાય છે, એમ કહેવાય છે. ૨૬.** અફીણ અત્યંત ઝેર છે, એમ બધાં જ લોકો નજરે દેખે છે. છતાં ઘણા લોકો તેને ખાય છે અને તત્કાળ જ અપાર જન મોતને ભેટે છે. ૨૭.

તે અફીણ ઘી અને સાકર કરતાં પણ ઘણું મોંઘું વેચાય છે. અને મોટા રાજદરબારોમાં તો તે નિરંતર પીવાતું જ હોય છે. ૨૮. આપની વાતો અમૃતના જેવી છે અને બીજી વાતો સાક્ષાત્ ઝેરના સમાન છે. તે સાક્ષાત્ ઝેર જેવી વાતોમાં લોકોને જેવી પ્રીતિ થાય છે તેવી પ્રીતિ આપની વાતમાં થાતી નથી. ૨૯. જ્યાં સુધી આપની વાતમાં પ્રીત ન થાય ત્યાં સુધી તે પાપના સમુદ્રમાં જ બૂડ્યા રહે છે. જેટલા નરકના કીડા છે, તેને નરકમાં જ અતિ સુખ મનાય છે. ૩૦. તેમાં પણ ક્યારેક આપની સમાન કોઈ કૃપાળુ દયા કરીને તે જીવોને તેમાંથી બહાર કાઢે છે. જેનાં અતિ ઘણાં સદ્ભાગ્ય ઉદય થયા હોય તેઓ તે પાપરૂપ શરીરનો ત્યાગ કરે છે. એટલી ભંકોડાના ભૂપતસિંહે વાત કરી. ૩૧.

પછી શ્રીહરિ ત્યાં ભંકોડામાં એક રાત રહ્યા. બીજે દિવસે સવારમાં જ તૈયાર થયા. ત્યારે ભૂપતસિંહ ઠાકોરે હાથ જોડીને કહ્યું, પ્રભુ ! આજ આપ મારી રસોઈ લો. ૩૨. ત્યારે શ્રીહરિએ તેને કહ્યું, ‘તમે અમારું એક વેણ રાખો. અમે તમારી રસોઈ લેશું-જમશું. તે કામ તમારાથી થઈ શકે તેવું છે અને તેનાથી તમારી બધે કીર્તિ થાશે. ૩૩. અને એટલામાં જ તમારો ઉદ્ધાર છે. કેમ જે, અમારું વચન છે. અહીં જે બેચરાજી દેવી કહેવાય છે, તેને લોકો ઘણાં પાડા ચઢાવે છે. ૩૪. પાડા ચઢાવવાં તે મોટું પાપ છે, તે પાપનો તમે નાશ કરો અર્થાત્ પાડા ચઢાવવાનું અટકાવો, આટલું કામ કરવા અમે તમારી પાસે આવ્યા છીએ. આટલું કરવાથી તમારું જેટલું કુટુંબ છે, તેની સાથે તમારો ઉદ્ધાર થાશે.’ ૩૫. ત્યારે ઠાકોર ભૂપતસિંહે કહ્યું, ‘હું એક જ્યાં સુધી જીવું ત્યાં સુધી ક્યારેય પાડાની બળી ચઢાવીશ નહિ અને તેવી કોઈને હવે પ્રેરણા પણ કરીશ નહિ. ૩૬. બધાની બંધી મારાથી ક્યારેય થાય નહિ; હું એવો સમર્થ નથી. માતાજી જ અત્યંત સમર્થ છે. માતા જ તે પાપીને લેશે. ૩૭. દુનિયામાં જેટલી દેવીઓ છે તે બધી અત્યંત સમર્થ એવા આપને આધીન છે. આપ આજ્ઞા કરો તેને અનુસારે તે દેવી કરશે. કારણ કે, દેવી આપને મહાન સમર્થ જાણે છે. ૩૮. આ કામ તો સમર્થનું છે. અમે આપના જેવા સમર્થ નથી.’ તેનું તે વચન સાંભળીને શ્રીહરિ ભંકોડાથી ચાલતા થયા. ૩૯.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'ભંકોડામાં શ્રીહરિએ ઠાકોર ભૂપતસિંહને ભલામણ કરી' એ નામે ચોરાશીમો તરંગ સમાપ્ત ॥૮૪॥



પૂર બારમું : તરંગ - ૮૫

વઢિયાર પ્રદેશમાં થઈ સાપરમાં રાત રહ્યા અને સવારે તૈયાર થયા

ભંકોડાથી શ્રીહરિ **વઢિયાર** પ્રદેશમાં થઈને ચાલ્યા. **પીપલાદ** ગામ આવીને ત્યાં વિપ્રનું કામ સિદ્ધ કરી દીધું. ૧. ત્યાં એક હરિભક્ત વિપ્ર બાઈ રહેતી હતી, તેને ઘેર રાત રહ્યા. તેણે ઘણા જ ભાવથી રસોઈ બનાવી, તેને પ્રત્યક્ષ શ્રીહરિ જમ્યા. ૨. પાછલો એક પહોર રાત બાકી હતી ત્યારે ધર્મ-ભક્તિના કિશોર શ્રીહરિ ચાલતા થયા, તે **આડેસર** ગામ આવ્યા. ત્યાંથી ચાલ્યા, તે ગામ **સણવા** આવ્યા. ત્યાંથી ચાલ્યા, તે ભક્તજનોના આધાર એવા શ્રીહરિ **સાપર** ગામ આવ્યા. ૩-૪. ગામની વચ્ચે એક મંદિર હતું. ત્યાં શ્રીહરિ ઊતર્યા. ત્યાં સામંતસિંહ જાડેજા ક્ષત્રિય દરબાર ગામધણી હતા. ૫.

તેમને ખબર પડી ત્યારે તેણે શ્રીહરિને બોલાવીને પોતાના દરબારમાં ઉતારો આપ્યો. અને શ્રીહરિને માટે એક પલંગ બિછાવી દીધો. તરત જ રસોઈ પણ કરાવવા લાગ્યા. ૬. શ્રીહરિની સાથે જે પાર્ષદ ડુંગરજી, શેખજી અને ધમડકાના દરબાર રાયધણજી હતા. તે બધાને શ્રીહરિની સાથે જમાડ્યા. ૭. જમ્યા પછી તે દરબાર સામંતસિંહજી શ્રીહરિની પાસે આવ્યા. તેઓ એક સારા વેદાંતના અભ્યાસી હતા. તેમને આંખોથી દેખાતું નહિ, છતાં આંખો હોય તેના કરતાં પણ તેમને જ્ઞાન વધારે હતું. ૮. ગીતા અને ભાગવતમાં તે પ્રવીણ હતા. વેદાંતના ગ્રંથ કંઠે કર્યા હતા. તેમજ યોગવાસિષ્ઠનો સાર, અખેગીતા, સુંદર વિલાસ, શતપ્રશ્રી, મણિરત્નમાળા વગેરે શબ્દજાળ પણ તેને ઘણી કંઠે હતી. વેદાંતના શબ્દોનું તેનું જ્ઞાન ઘણું ગાઢ-ગંભીર હતું. શ્રીહરિ સિવાય તેને કોઈ પહોંચી શકે તેમ ન હતું. ૯-૧૦. રહેણીકરણીની દૃષ્ટિએ તેનામાં લેશમાત્ર પણ ધર્મ ન હતો. ધર્મની બાબતમાં તે દરબાર બંધાઈ જતા હતા.

તેઓ ધર્મવાળાના વચન લગાર પણ લોપતા નહિ એટલી એમાં ઝીણી બુદ્ધિ હતી. ૧૧. સામેની વ્યક્તિમાં જેટલો ધર્મ દેખાતો, તેટલું તેમને નિષ્કપટતાથી માનતા હતા. ધર્માચરણ વગરના લોકોના તો તે ગુરુ થઈ બેસતા, કોઈને આગળ બોલવા જ દેતા નહિ. ૧૨. તેણે શ્રીહરિનાં ચરણ દબાવ્યા, તે પછી હાથ, પીઠ અને મસ્તક પણ દાબ્યું. ૧૩. શરીરને દબાવતાં દબાવતાં તેમણે શ્રીહરિને પરમેશ્વર જાણી લીધા. તેણે જે જે પ્રશ્ન પૂછ્યા તેના પ્રત્યુત્તર શ્રીહરિએ તરત જ આપ્યા. ૧૪. જમપુરી અને તેના દુઃખોની બધી વાત શ્રીહરિએ કરી. તે પછી ભગવાનનાં ભજનથી સુખી થવાય છે એવી વાત પણ કહી. ૧૫.

જન્મ, મરણ અને લખચોરાશીની વાત પણ શ્રીહરિએ કહી. જે દરબાર બીજી કોઈ બાબતથી ડરતા નહિ, પણ શ્રીહરિનાં મુખની વાત સાંભળીને તેઓ ડરી ગયા. ૧૬. પછી તે દરબારે શ્રીહરિને કહ્યું, મહારાજ ! હવે હું આપને જાવા નહિ દઉં. જેવા ખોળતો હતો તેવા આપ ગુરુ મળી ગયા છો. આપ જેમ કહેશો, તેમ હું કરીશ. આપની આજ્ઞા પાળવામાં હું પાછો પગ નહિ રાખું. ૧૭. આપ મારા જીવનો ઉદ્ધાર કરો. મને આપનાં વચનરૂપી અમૃતનું પાન કરાવો. આપના સિવાય મારો ઉદ્ધાર કોણ કરશે ? એટલે હવે આપ મારા ઉપર અપાર દયા કરો. ૧૮. આપનું નામ પતિતપાવન છે. આપ પ્રભુ તે નામનો વિચાર કરો. જ્યારે પરીક્ષિતને શુકદેવજી ગુરુ મળ્યા હતા ત્યારે તેનો મોક્ષ કરીને જ તેઓ ગયા હતા. ૧૯. આપ તો શુકદેવજીના પણ ગુરુ છો. મારાં ધન્યભાગ્ય છે કે, આપ અહીં સુધી ચાલીને આવ્યા. આપ જેવી કહો તેવી જગ્યા (મઠ-મંદિર કે આશ્રમ) બંધાવી દઉં. હવે હું આપનાથી વધારે મહત્ત્વનું કાંઈ નહિ રાખું. ૨૦.

આપના આધાર સિવાય અમારાથી ક્યારેય ધર્મ પાળી શકાશે નહિ. અમે આપના ડરથી જ ધર્મને રાખી શકશું. આપ જેવા કહેશો તેવા આપને માટે બાગ-બગીચા વગેરે હમણાં જ કરાવવા લાગું. ૨૧. મારું ગામ-ગરાસ અને ધન જે કાંઈ છે આજથી આપનું જ છે, એમ મનમાં જાણો. અને જેવી આપની રુચિ હોય તેવી નિત્ય નવી ભારે રસોઈ હું કરાવીશ. ૨૨. આપને મનમાન્યા વસ્ત્ર ધારણ કરાવું. તેમજ રોજ કેસરયુક્ત ચંદનથી હું પૂજા કરીશ. મનમાન્યા ફૂલહાર પહેરાવીશ. પછી આપ હિંડોળા ખાટ ઉપર ઝૂલતા

રહો. ૨૩. મને આપ અહીંયાં રહેવાનો કોલ(વચન) આપો એટલે હું જઈને શાંતિથી સૂઈ રહું. આપના કોલ(ખાતરી બંધ વચન) આપ્યા સિવાય મને રાતે ઊંઘ નહિ આવે. આપ તો વહેલા ઊઠીને ચાલ્યા જાઓ, ૨૪. ત્યારે તમારી પાછળ હું ક્યાં દોડુ ? મને આપ પરમ-સર્વોચ્ચ નિધિ મળી ગયા છો, તે હું આપને હવે કેમ છોડું ? કરોડોનું ધન આપીએ તોપણ ચિંતામણિ કોઈને ગોત્યો પણ મળે નહિ. ૨૫. **ત્યારે શ્રીહરિએ કહ્યું, અમે તો નિર્બંધન છીએ. કોઈના બંધનમાં ન આવીએ, જેની જેટલી ભક્તિ હોય, તેટલા અમે ત્યાં બંધાઈએ છીએ.** ૨૬. અમને અમારા દેહનો પણ વિશ્વાસ નથી. તો સ્થિર જગ્યા ક્યાં બાંધીએ ? અમે તો નિવાસને અસ્થિર દેખીએ છીએ. ૨૭.

❋ શ્રીહરિ કોને વશ થાય ? :

सोरठा : अनंतकोटि ब्रह्मांड, ब्रह्मादिक के भोग लग;
चलत ताकु छांड, मकाम अचल तिहाँ टकत हम...२८

અનંત કોટિ બ્રહ્માંડોમાં બ્રહ્માદિકના ભોગ સુધ્ધાંને અમે તજીને ચાલતા થયા છીએ. જ્યાં અચળ-શાશ્વત મુકામ હોય ત્યાં અમે ટકીએ છીએ. ૨૮.

चोपाई :

जो जो क्रिया हम करत जेती, अचल ठाम पर रहीके तेती;
अचल ठाम को करत न त्यागा, निश दिन ता पर रखत हे रागा...२९
अचल ठाम विन कहावत जेतो, त्याग करत तत्काल हि तेतो;
पिंड ब्रह्मांड के सुख हि तामें, हम न बंधावे कबहु यामें...३०

અમે જે જે ક્રિયા કરીએ છીએ તે અવિચળ સ્થાન પર રહીને જ કરીએ છીએ. અમે તે અવિચળ-શાશ્વત સ્થાનનો ક્યારેય ત્યાગ કરતા નથી. અમે અહોનિશ તે સ્થાન ઉપર જ પ્રેમ રાખીએ છીએ. ૨૯. જે કોઈ પણ સ્થાન અવિચળ-શાશ્વત ન હોય તેનો અમે તત્કાળ જ ત્યાગ કરી દઈએ છીએ. પિંડ અને બ્રહ્માંડના જે સુખ છે તેમાં અમે ક્યારેય બંધાતા નથી. ૩૦.

हम संग हेत करत हे जेते, त्यागी ग्रही कहावत तेते;
हमारी रुचि हे जेहि प्रकारा, ताकु चलवत तेहि अनुसारा...३१

विश्वास हमारो रखत ताकु, मोक्ष करने कोल देवत वाकू;
हमारो जाकु नहि विश्वासा, ताकि हम न रखत हे आशा...३२

અમારી સાથે હેત રાખનારા જે ત્યાગી અને ગૃહસ્થો છે તેમને અમે અમારી જેવી રુચિ હોય તે પ્રમાણે ચલાવીએ છીએ. ૩૧. અને જે અમારો વિશ્વાસ રાખે છે તેને અમે મોક્ષ કરવાનો કોલ આપીએ છીએ. જેને અમારો વિશ્વાસ નથી, અમે તેની આશા રાખતા નથી. ૩૨.

જે આશાવાળો હોય તે લલચાય, અમે ન લલચાઈએ. અને જે અમને લલચાવવાનો પ્રયત્ન કરે છે તે અમને ગમતું નથી. તેમજ જ્યાં લાલચ અપાતી હોય છે ત્યાં અમે એક રાત પણ રોકાતા નથી; આવી અમારી પ્રકૃતિ છે. ૩૩. જેને પિંડ અને બ્રહ્માંડનો અભાવ હોય તથા જેણે ભગવાનના ચરણોમાં વાસ કર્યો છે એવો ભક્ત જો અમારો અનાદર કરે, તોએ અમે તેને ક્યારેય છોડીએ નહિ. ૩૪. અમારું કુટુંબ અને પરિવાર તો આવા ભગવદ્‌ભક્તો છે. તેમનાથી એક પળવાર પણ છૂટા રહેતા નથી. એવા જ જે સંતો, વર્ણી અને પાર્ષદ હોય છે, ૩૫. અને એવા જે ગૃહસ્થ નરનારી ભક્તો હોય છે, એવા જે ભગવદ્‌ભક્ત મોટા રાજા હોય, એવા જે મોટા ગામ, ગરાસ, ધન, માલ-સંપત્તિ હોય અને એવા જે પિંડ તથા બ્રહ્માંડ હોય, (તેનાથી અમે પળવાર છેટા રહેતા નથી.) ૩૬.

જે જીવને ભગવાનના ચરણારવિંદમાં જોડી દે છે, તે કોઈને અમે બંધનરૂપ માનતા નથી. ભગવાનના ચરણારવિંદથી જીવને જે વિમુખ કરે છે, તે જ બંધનકારી છે; એમ અમે માનીએ છીએ. ૩૭. જાગ્રત અવસ્થામાં જેવો અભ્યાસ રહે છે તેવો જ સ્વપ્નાવસ્થામાં પણ રહે છે. તેથી મુમુક્ષુએ આવું જાણીને હરિવિમુખથી ડરતા રહેવું. ૩૮. ત્યારે દરબારે હાથ જોડીને કહ્યું, આપ રસોઈ જમીને નીકળજો. આપે તો બંધન તોડી નાખ્યાં છે, પણ અમે બંધનથી બંધાયા છીએ. ૩૯. જ્યારે રાતનો પાછલો પહોર એક બાકી રહ્યો ત્યારે દરબાર જઈને સૂતા અને ધર્મકિશોર શ્રીહરિ ઊઠ્યા. બધા અશ્વોને તૈયાર કરાવ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'સાપર ગામના દરબારને ત્યાં રાત રહ્યા સત્સંગની વાતો કરી સવારે તૈયાર થયા' એ નામે પંચાશીમો તરંગ સમાપ્ત ॥૮૫॥



પૂર બારમું : તરંગ - ૮૬

આધોઈ થઈને ધમડકા આવ્યા અને ત્યાં ભુજના ભક્તો મળ્યા

સાપર ગામના દરબાર સામંતસિંહજીએ પોતાના દરબારગઢના દરવાજે તાળું દેવડાવીને ત્યાં એક ચોકીદાર માણસને સુવાડ્યો અને તેને કહ્યું કે, સ્વામિનારાયણ મારી જાણ બહાર જતા રહે નહિ. ૧. બીજી બાજું શ્રીહરિએ દરબાર રાયધણજીને બોલાવીને કહ્યું, તમે ચોકીદારને ઉઠાડીને દરવાજો ખોલાવો. ૨. તેની પાસે જઈને ક્યારેય અમારું નામ લેશો નહિ. પણ ધીરે રહીને કહેજો કે, અમારા ગુરુ અહીંયાં રોકાયા છે. ૩. અમે બીજા બધા અત્યારે અમારે ગામ જઈએ છીએ. અમે જતાં રહીએ પછી સુખેથી તાળું બંધ કરી દેજો. ૪.

ત્યારે રાયધણજીએ ચોકીદારને ઉઠાડ્યો અને એ પ્રમાણે વાત કહી. તેની આંખોમાં ઊંઘ ભરાયેલી હતી. તેણે તરત દરવાજો ખોલી દીધો. ત્યાં સહુ દરવાજાની બહાર નીકળી ગયા. ૫. જ્યારે બધા બહાર નીકળી ગયા ત્યારે ચોકીદારે તાળું બંધ કરી દીધું અને શ્રીહરિ તત્કાળ અશ્વ ઉપર બેસીને ચાલતા થયા. **આધોઈ** ગામ આવીને રહ્યા. પછી શ્રીહરિ બોલ્યા, હવે અમારો બધો ઉદ્વેગ ગયો. ૬. એક પહોર દિવસ ચઢ્યો ત્યારે દરબાર ઊંઘમાંથી ઊઠ્યા. પછી દાતણ-પાણી કરીને જ્યારે શ્રીહરિની ખબર લેવા આવ્યા. ૭. ત્યારે ઉતારામાં જોયું, તો ત્યાં શ્રીહરિ દેખાયા નહિ. ચોકીદાર દરવાણીને બોલાવીને કહ્યું, સ્વામિનારાયણને અમારી રસોઈ જમ્યા વિના જવા જ કેમ દીધા ? ૮. મારો મનોરથ પૂરો ન કર્યો. તેનું મારા દિલમાં ભારે દુઃખ થયું છે. હવે ઘોડેસવારો જાઓ અને તેમને પાછા લઈ આવો. તેમની સાથે લગારેય જોરજુલમ કરવો નહિ. ૯. તેમને ખૂબ પ્રાર્થના કરવી અને મારા તરફથી અતિ વિનંતી કરીને

કહેવું; એમ કહી પાંચ ઘોડેસવારોને તૈયાર કર્યા અને પછી તેઓ ઘોડા દોડાવતાં આધોઈ ગામ આવ્યા. ૧૦. શ્રીહરિ તો આધોઈ આવીને પોઢી ગયા હતા. કારણ કે, આખી રાતનું જાગરણ કર્યું હતું. જ્યારે રસોઈ તૈયાર થઈ ત્યારે જાગ્યા. તે પાંચે સવારો આવ્યા અને પગે લાગ્યા. ૧૧.

દરબાર સામંતસિંહે જે પત્ર લખી મોકલ્યો હતો તે શ્રીહરિના હાથમાં આપ્યો. પત્ર વાંચ્યો અને બોલ્યા, દરબારે ઘણી વિનંતી લખી છે. ૧૨. દરબારે ઘોડેસવારો સાથે જ મૌખિક વાત કહી હતી, તે બધી સવારોએ વિનયથી કહી. પછી શ્રીહરિએ પણ પ્રેમથી પત્ર લખીને તેની ભાવનાને અનુરૂપ બધો ઉત્તર આપ્યો. ૧૩. દૂર રહીએ તો હેત રહે છે તેટલું પાસે રહેવાથી રહેતું નથી. જે રીતે પ્રેમ ટકી રહે તેમ અમે કરીએ છીએ. ૧૪. દરબાર, તમને અમારા ઉપર આટલો પ્રેમ થયો છે, તેથી આ દુનિયાને તો તમે જીતી ગયા છો. અને તેથી માનો, અમે તમારી અનંત રસોઈઓને જમ્યા છીએ. ૧૫. અમે જે જે વાત કહી તેને તમે કાનથી સાક્ષાત્ સાંભળી છે. તેથી વાતરૂપે અમે તમારી પાસે સાક્ષાત્ રહ્યા છીએ. ૧૬.

જો અમારી પાસે કોઈ રહે, તો એટલી પ્રીત રહે નહિ. તેથી તે પ્રીત કરી તે ન કરી થઈ જાય. પાસે ન રહેતા હોવા છતાં જે અમને પાસે માને છે, તેને જ અમે ખરો ભગવાનનો ભક્ત માનીએ છીએ. ૧૭. સાથે રહે ત્યારે હેત રાખે, અને દૂર જાય ત્યારે હેત ટળી જાય, એવા હેત-પ્રેમને અમે ક્યારેય માનતા નથી; અમારી પ્રકૃતિ જ એવી છે. ૧૮. પત્રમાં એવી વાત લખી કે માનો, શ્રીહરિ આવીને પાસે જ રહ્યા ન હોય ? પછી તે પત્ર સવારના હાથમાં આપ્યો. પ્રવીણ શ્રીહરિ ત્યારબાદ થાળ જમ્યા. ૧૯. સાપરથી જે સવારો આવ્યા હતા તેમને જમાડ્યા અને પછી તેમને વળાવી દીધા. શ્રીહરિ આધોઈમાં એક દિવસ રોકાયા અને હરિભક્તોને ઘણો જ આનંદ આપ્યો. ૨૦. હરિભક્તોએ શ્રીહરિની સેવાપૂજા કરી. તે ભક્તોને તેવો અલૌકિક લાભ દીધો. એવો લાભ તો બ્રહ્માદિક દેવોએ કે બીજા કોઈએ પણ લીધો ન હતો. ૨૧.

પ્યારા શ્રીહરિ આધોઈ ગામથી ચાલ્યા, તે **ધમડકા** ગામ આવ્યા. ત્યાંના દરબાર રાયધણજી સાથે જ હતા. એટલે તેના દરબારમાં ઉતારો કર્યો. ૨૨.

ભવનની મેડી ઉપર આરામદાયક પલંગ બિછાવ્યો હતો. તેના ઉપર સુખદાયક ઘનશ્યામ શ્રીહરિ બેઠા. બધા હરિભક્તો આવ્યા. શ્રીહરિના સહુએ દર્શન કર્યાં. શ્રીહરિના સ્વરૂપમાં ભક્તોને પ્રેમ છવાઈ ગયો હતો. ૨૩. શ્રીહરિ જેમ પ્રસન્ન થાય તે પ્રમાણે બધા હરિભક્તો પ્રેમભરી વાણી બોલતા હતા. ત્યાંના હરિભક્તો શ્રીહરિને પ્રસન્ન રાખવાની જેટલી રીત હોય તેને બરાબર જાણતા હતા. ૨૪. તેઓ ચાહે તેવું બોલે, પણ તેમને બોલતા એવું આવડતું કે, ક્યારેક શ્રીહરિ અતિશય ઉદાસી હોય તોપણ ઘણા પ્રસન્ન થઈ જાતા હતા. ૨૫. આપણા સત્સંગમાં એવા હરિભક્તો બહુ થોડા હતા. ગણતરી કરીએ તો દસ-વીસ થાય, તેવા ભક્તો ઠેકઠેકાણે ન હોય. ૨૬.

શ્રીહરિનો સ્વભાવ પણ એવો હતો કે, દસ-વીસ દિવસમાં એકાદવાર સહેજ રમૂજ કરતાં કરતાં પણ અત્યંત ઉદાસ થઈ જાય. ૨૭. ભગવાન સ્વામિનારાયણ દસે અવતારોની રીત વારાફરતી પોતાની મૂર્તિમાં દેખાડતા હતા. તેને મર્મજ્ઞ એકાંતિક ભક્તો જાણતા હતા. ૨૮. **દસ અવતાર સિવાયના બીજા કેટલાય અવતારો ભગવાન સ્વામિનારાયણ ભરતખંડમાં ધારે છે. તે અવતારોની રીતને શ્રીહરિ જ્યારે પોતાની મૂર્તિમાં દેખાડતા ત્યારે તે કોઈને દેખ્યામાં-સમજવામાં આવતું નહિ. ૨૯. ભગવાન સ્વામિનારાયણ જેને જેટલું દેખાડતા-જણાવતા તે ભક્તો તેટલું જાણતા. તેમનાં જણાવ્યા સિવાય કોઈને ખબર પડતી નહિ. અને તે રીતને જે ભક્તો જાણતા હતા, તે ભક્તોને શ્રીહરિની ઉદાસીનતાના સમયે રાજી કરતા આવડતું હતું. ૩૦.**

ધમડકામાં એવા એક કરણીબા હતા. જે રાયધણજીના ભાભી થાતા હતા. તેઓ શ્રીહરિની આગળ ચાહે તેવી વાણી બોલે, પણ તેનાથી શ્રીહરિનું ઉદાસીનપણું મટી જાતું હતું. ૩૧. તેમણે પૂર્વે કોઈ એવું તપ કર્યું હશે કે, તેઓ જે વચન બોલે તે શ્રીહરિને ગમી જતું.શ્રીહરિ પણ પૂર્વદેશમાં પ્રકટ થઈને એવા ભક્તજનોને માટે જ આ પશ્ચિમ ભારતમાં આવ્યા. ૩૨. એવા જ એક, દરબાર દાદાખાચરના ફુઈ સોમાબાઈ નામે હતા, તેઓ ગઢપુરમાં જ તેમના ઘેર રહેતા હતા. તેમની વાણી સાંભળીને પણ શ્રીહરિ ઉદાસ હોય, તોપણ રીઝી જાતા હતા. ૩૩.

એક જીવાખાચર પણ એવા હતા. ઉદાસ થયેલા શ્રીહરિને પ્રેમથી રાજી કરી દેતા. સંતોમાં ભાઈ રામદાસજીસ્વામી એવા હતા. તેઓ આત્માનંદસ્વામીના સમયના હતા. ૩૪. તેઓ પણ શ્રીહરિ ગમે તેવા ઉદાસ હોય, તોપણ એક પલકવારમાં જ શ્રીહરિને રાજી કરી દેતા. જેતલપુરમાં નાગર જ્ઞાતિના ગંગાબાઈ પણ એવા હતા. ૩૫. તે શ્રીહરિ ઉદાસ થયા હોય, તોપણ તેમને રાજી કરી દેતા હતા. પર્વતભાઈ સોરઠ દેશના પટેલ હતા. તેઓ તો મેરુના જેવા મહાન હતા. એવા બીજા પણ કેટલાક હરિભક્તો હતા. ૩૬. મુક્તાનંદસ્વામી અને બ્રહ્માનંદસ્વામી, બંને ધમડકા આવ્યા. શ્રીહરિનાં દર્શન કરીને ઘણા રાજી થયા. ૩૭. કચ્છ દેશના - ભુજના મોટા મોટા જે પ્રેમી હરિભક્તો હતા તે બધા ભીમ એકાદશીને દિવસ ધમડકા આવ્યા. ૩૮. **જે જે હરિભક્તો આવતા તે શ્રીહરિને પગે લાગતા. શ્રીહરિનાં દર્શન કરવાથી કેટલાય મૂર્તિમાં ડૂબી ગયા, સમાધિ થઈ ગઈ. ૩૯.** જેમને સમાધિ થઈ હતી તે બધાને શ્રીહરિએ પછી ઉઠાડ્યા. તેમને પાસે બેસાડીને તેમનાં દેશકાળ વગેરેના કુશળ સમાચાર પૂછ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાદશ પૂરમાં 'શ્રીહરિ સાપરથી આધોઈ થઈને ધમડકા આવ્યા અને ત્યાં ભુજના ભક્તો મળ્યા' એ નામે છ્યાસીમો તરંગ સમાપ્ત ॥૮૬॥



ઇતિ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથે દ્વાદશ પૂર સંપૂર્ણ ॥૧૨॥



શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્

મહામુક્ત સ્વામી શ્રીસિદ્ધાનંદમુનિકૃત

શ્રીહરિચરિત્રામૃતસાગર પૂર - ૧૩

હિંદીનું ગુજરાતી ભાષાંતર

પૂર તેરમું : તરંગ - ૧

મંગલાચરણ અને શ્રીહરિએ ભેખધારી મહંતને પત્ર લખ્યો

✵ શ્રીહરિનો મહિમા :

दोहा : श्रीसहजानंद स्वामी के, पद पंकज सुखकंद;
वार वार वंदन करूँ, हरन सब हि भवफंद...०१

सुखकरन दुःख हरन सबे, स्वामी सहजानंद;
अनंत जन उद्धार हित, प्रगटे आनंदकंद...०२

સર્વ સુખનાં મૂળરૂપ, શ્રીસહજાનંદસ્વામીનાં ચરણકમળને હું વારંવાર વંદન કરું છું કે, જે ભવફંદ - સંસારનાં બધાં બંધનોનો નાશ કરનારા છે. ૧. સમગ્ર આનંદના કંદ-મૂળભૂત એવા જે શ્રીસહજાનંદસ્વામી સહુને સુખી કરવા, સહુના દુઃખોને હરવા અને અનંત જીવોનો ઉદ્ધાર કરવા માટે પ્રકટ્યા છે. ૨.

दोहा : सुखकरन अशरनशरन, शरनागत सुखखान;
कल्पतरु चिंतामनी, समर्थ श्रीभगवान...०३
आई बसो मम अंतरे, दियो बुद्धि प्रकाश;
अज्ञान मोहतम विकट हि, करहु क्रपा कर नाश...०४

ભગવાન સ્વામિનારાયણ અશરણનાં શરણ-નિરાધારના આધાર છે. શરણાગતને માટે સુખની ખાણ છે. તેઓ કલ્પવૃક્ષ અને ચિંતામણિ કરતાં પણ વિશેષપણે અભિલાષાઓને પૂર્ણ કરનારા મહાસમર્થ ભગવાન છે. ૩. તે મહાપ્રભુ મારા અંતઃકરણમાં વિશેષપણે આવીને નિવાસ કરો અને મારી બુદ્ધિમાં પ્રકાશ પ્રેરો. અને અજ્ઞાન તથા મોહના મહાન ભયંકર અંધકારનો આપ કૃપા કરીને વિનાશ કરો. ૪. જેનું કોઈ કારણ(મૂળ) નથી. (અમૂલ) એવા આપ સર્વ મંગળનું મૂળ છો. આપની માધુર્યપૂર્ણ મૂર્તિ મંગળમય છે. આપનાં ચરિત્રો પણ મંગળમય છે. માટે આપ સદા સર્વદા સર્વ મંગળોનો વિસ્તાર કરો. ૫. આપના સમગ્ર સંતો, વર્ણીઓ, હરિભક્તો અને સર્વ ધર્મ પરિવાર મંગળમય છે, તો આ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથમાં સંભાવ્યમાન સમસ્ત વિઘ્નોનો નિર્મૂળપણે વિનાશ કરો. ૬.

હે ધર્મકુમાર શ્રીહરિ ! આપ અક્ષરાધિપતિ પરબ્રહ્મ છો. ગોલોકના આધાર છો અને વૈકુંઠ તથા શ્વેતદ્વીપના પણ અધિપતિ છો. ૭. ભવ, બ્રહ્મા, ઈંદ્રાદિ દેવો, શેષ, શારદા, નારદ અને શુકદેવજી વગેરે નિત્ય આપના ચરણારવિંદની સેવા કરે છે. તેઓ આપના ગુણોને ગાતા તૃપ્ત થાતા નથી. ૮. હવે હું શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથના તેરમા પૂરનો આરંભ કરું છું. આ તેરમું પૂર અત્યંત ભક્તિરસપૂર્ણ એવા શ્રીહરિચરિત્રોથી ભરપૂર છે. ૯. તે ચરિત્રોને હું ઘણા જ હેતથી લખું છું. હેત વિના તે ક્યારેય લખી શકાય નહિ. હેત વિના ચિત્ત ચોંટે નહિ અને ચિત્ત ચોંટ્યા સિવાય કોઈ પણ પ્રવૃત્તિ થાતી નથી. ૧૦.

જે કામમાં લાભ જણાય તેમાં મન દઢતાથી ચોંટી જાય છે. પછી તેમાં કાંઈ વિઘ્ન આવે કે કોઈ અટકાવે, તોપણ ક્યારેય પાછું વળવાનું મન થાય

નહીં. ૧૧. જ્યાં સુધી લાભ દેખાતો હોય છે ત્યાં સુધી તેમાં કોઈ કરોડો વિઘ્ન કરે, તોપણ ગેરલાભ મનાતો નથી. ૧૨. જ્યારે અન્ય બાબતમાં લાભ દેખાય છે ત્યારે જે રીતે તેમાં ચિત્ત ચોંટી જાય છે, તે જ રીતે શ્રીહરિનાં ચરિત્રોમાં જેણે પોતાનું ચિત્ત ચોંટાડી દીધું હોય, ૧૩. તેને અંતરમાં દિનપ્રતિદિન અપરંપાર આનંદ વધતો જ રહે છે.

હવે આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ મુક્તાનંદસ્વામીને હરિચરિત્ર અંગે પૂછે છે. ૧૪. હે મુક્તમુનિ ! શ્રીહરિનાં ચરિત્ર કહેવામાં જે બાકી રહ્યા હોય, તેને આપે જે જે દેખ્યા હોય તે યાદ કરી અત્યારે કૃપા કરીને મને કહો. ૧૫. સંતો, વર્ણી, હરિભક્તો અને પાર્ષદો, તે સહુએ શ્રીહરિનાં ચરિત્ર દેખ્યાં છે. તેને તેઓ કહે છે, તો ખરા. ૧૬. પણ તે ચરિત્રોને આપ જે રીતે કહો છો, તેવું બીજા કોઈને કહેતા આવડતું નથી. અમારી સમજણમાં જેવું આવે છે એવું અમે તમને કહીએ છીએ. ૧૭. આપની છટા બીજા કોઈમાં આવતી નથી, તે શ્રીહરિએ જ શ્રીમુખથી કહ્યું છે. આપ જ્યારે તે ચરિત્રોને કહો છો ત્યારે શ્રીહરિ ત્યાં સાક્ષાત્ આવીને સાંભળે છે. ૧૮. **આ ભૂમિ ઉપર શ્રીહરિના જેટલા અવતાર થયા છે, તે બધા શ્રીહરિનાં ચરિત્રોને સાંભળવાં આવે છે. તેમજ મોટા મોટા મુક્તો, મોટા ઋષિઓ, મોટા સિદ્ધો પણ આવે છે. ૧૯. ભવ-બ્રહ્માદિક જેવા દેવો પણ ચરિત્રોને સાંભળવા આવે છે. તો પછી બીજાની તો વાત જ શી કહેવી ? અને ચરિત્રોને સાંભળતાં તે સહુ તૃપ્તિ પામતાં નથી.** ૨૦.

આપનાં મુખની વાત જ એવી હોય છે કે, બીજા કોઈને તેવી વાત કહેતા જરાય આવડે નહિ. નારદમુનિ તો ભગવાનનું મન કહેવાય છે. છતાં તેઓ હવે હરિચરિત્રરસ તો આપના મુખનો જ પીવે છે. ૨૧. ભગવાન શ્રીહરિના પુત્ર અયોધ્યાપ્રસાદજીનું વચન તો અમૂલ્ય છે. તેને તુલ્ય બીજું કોઈ આવે નહિ. તેમના વચનમાં વેદ અને પુરાણ વગેરે પવિત્ર સદ્‌ગ્રંથ પણ જેનાં વચનોમાં રહ્યા હોય છે. ૨૨. હરિચરિત્ર સાંભળનારાઓમાં શ્રીહરિના પુત્રને સમાન અન્ય કોઈ પાત્ર કહેવાય નહિ; એવું વિચારીને હવે સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામી શ્રીહરિનાં ચરિત્રોને કહે છે. ૨૩.

ધમડકા ગામના દરબારનો ભક્તિભાવ દેખીને શ્રીહરિ ત્યાં આખો અષાઢ માસ રહ્યા. અને પછી ત્યાંથી ચાલતા થયા. ૨૪. કચ્છ દેશમાં જેટલા હરિભક્તોના ગામ છે ત્યાં બધે ઘનશ્યામ શ્રીહરિ ગયા અને હરિભક્તોને દર્શન વગેરેનું સુખ આપ્યું. ૨૫. **ભક્તોને પોતાના શરણાગત જાણીને તેમના મનમાં જેવો પ્રેમભાવ હતો, તેને તે પ્રમાણે પૂરો કરીને રાજી કર્યા.** ૨૬. જન્માષ્ટમી **ભુજ**માં કરી. તે પછી **માનકૂવા** ગામ જઈને રહ્યા. શ્રીનગર(અમદાવાદ) માં ભેખધારીઓમાં જે મોટા મહંત કહેવાતા હતા, ૨૭. તેમના ઉપર બહુ પ્રકારના ભાવવાળો એક પત્ર લખ્યો.

તમે શ્રીવૈષ્ણવ સંત છો, છતાં તમે શસ્ત્ર બાંધીને અમે જ્યાં રહ્યા હતાં ત્યાં તમે આવ્યા હતા. ૨૮. ક્ષત્રિયો અને ઠાકોરો ઘણા સ્નેહભાવથી અને આનંદોલ્લાસથી અમારાં દર્શન કરવા આવ્યા હતા. તેઓ અમારી પાસે હતા. તમે લોકોએ તેમને ઘણી જ ગાળો દીધી. છતાં તેઓ લગારેય બોલ્યા નહિ. ૨૯. તેમણે જ્યારે અપાર ક્ષમા રાખી ત્યારે તમે વધારે બળ કર્યું. તેમણે કાંઈ અપરાધ કર્યો ન હતો, છતાં ક્ષત્રિયના ઉપર તમે તલવાર ચલાવી. ૩૦. તમે તમારો ધર્મ છોડ્યો. ત્યારે ક્ષત્રિયોને તેનું ઘણું જ દુઃખ લાગ્યું. 'અરે, આ સંત નથી, સત્સંગ ઉપર દ્વેષ કરવા માટે માત્ર આ લોકોએ તો સંતોનો વેષ જ લીધો છે. ૩૧. સંતોને અને હરિભક્તોને જે પીડે છે, તેઓ તો આ કળિયુગના અસુર કહેવાય છે. ૩૨. સંતનો વેષ(બહાનું) ધરી રહ્યા છે, એમ માનીને હરિભક્ત ક્ષત્રિયો તો પગે લાગતા જ રહ્યા. નમતા રહેવા છતાં પણ જ્યારે તમે ભેખધારીઓ તેમને મારવા લાગ્યા ત્યારે તેમનાથી તે સહન થયું નહિ. ૩૩.

❋ સંતસેવાની મહત્તા :

चोपाई :

संत की सेव करन हि काजा, छोड दीने हम घर समाजा;
संत की सेव करत न जेहू, घोर नर्क में परत सो तेहू...३४
तन धन संत अर्थ न आया, निष्फल हम जानत रहाया;
अपराध करत संत को कोई, जन्म जन्म तेहि दुखी होई...३५

फेर नहि मनुष्य तन पावे, द्विपि व्याघ्र के तन धरावे;
हरि के धाम सम श्रेष्ठ न कोउ, जज्ञ जाग्य से न पावत सोऊ...३६

સંતોની સેવા કરવા માટે તો અમે ઘર અને કુટુંબનો ત્યાગ કર્યો છે. જે મનુષ્ય સંતોની સેવા નથી કરતો, તે તો ઘોર નરકમાં પડે છે. ૩૪. જે શરીર અને ધન સંતોની સેવામાં ઉપયોગી ન થાય, તેને તો અમે નિષ્ફળ માનીએ છીએ. જે કોઈ મનુષ્ય સંતનો અપરાધ કરે છે, તે જન્મોજન્મ દુઃખી થાય છે. ૩૫. તેને ફરીવાર મનુષ્યજન્મ મળતો નથી. પણ તે દીપડાનાં અથવા વાઘનાં જન્મને પામે છે. ભગવાનનાં ધામને સમાન શ્રેષ્ઠ કોઈ નથી. તે ધામ યજ્ઞ-યાગાદિ કરીને પામી શકાતું નથી. ૩૬.

दोहा : जप तप से न मिलत सो, तिर्थ व्रत न मिलात;
देवलोक पावत तेहि, कहा भूप हो जात...३७
कहा होत धनाढ महा, कहा द्विज हि होय;
संत से मिले सत्संग हि, हरिधाम मिले सोय...३८

તે ધામ જપ, તપ, તીર્થ કે વ્રતોથી મળતું નથી, જપ વગેરેથી તો દેવલોક મળે છે અથવા તો કોઈ રાજા થાય છે. ૩૭. કાં તો તે મોટો ધનાઢ્ય થાય છે અને કાં તો કોઈ સારો દ્વિજ થાય છે. પરંતુ સંત મળવાથી સત્સંગ પ્રાપ્ત થાય છે અને પછી દુર્લભ એવું ભગવાનનું ધામ મળે છે. ૩૮.

सोरठा : हरिधाम के द्वार, संत विन न अवर कोउ;
वेद पुरान अढार, कहत हे वेर वेर तेहि...३९
मनुष्य नृप देव, द्विज जो जो कहात तेहु;
संत की करे सो सेव, धाम निवासि नमत सदा...४०

માટે ભગવાનનાં ધામનું દ્વાર સંતોનાં સિવાય બીજું કોઈ નથી; એમ વેદો અને અઢારે પુરાણ વારંવાર કહે છે. ૩૯. તેની મનુષ્યોમાં રાજા, દ્વિજ-બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય, તેમજ દેવો પણ સંતોની સેવા કરે છે અને ધામોના નિવાસી મુક્તો પણ સંતોને નમસ્કાર કરતા હોય છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોદશ પૂરમાં 'મંગલાચરણ અને શ્રીહરિએ ભેખધારી મહંતને પત્ર લખ્યો' એ નામે પહેલો તરંગ સમાપ્ત ॥૦૧॥



પૂર તેરમું : તરંગ - ૨

શ્રીહરિએ શ્રીનગરના વેરાગીઓને પત્ર લખ્યો

❋ સંત મહિમા :

दोहा : बडे से बडे संत हे, पूज्य में पूज्य हे संत;
हरि कु सेवत संत हि, पाप जन के हरंत...०१
हरि पूज हे संत कु, संत हित वारमवार;
अवतार धारत हे भोमि पर, संत की करत रखवार...०२

સંતો મોટાથી પણ મોટા અને પૂજ્યમાં પણ પૂજ્ય છે. કેમ જે, સંતો ભગવાનને સેવે છે અને લોકોના પાપોનો નાશ પણ સંતો કરે છે. ૧. ભગવાન સંતોને પૂજે છે. ભગવાન સંતોને માટે જ ભૂમિ ઉપર વારંવાર અવતાર ધારણ કરે છે અને સંતોનું રક્ષણ કરે છે. ૨.

सोरठा : संत को करत अपमान, जिस विध यह लोक माहिं;
तेसे घटत तेहि मान, देव भूप मनुष्य लग...०३
संत कु पूजत जेह, ताकु पूजत देव सब;
भूप हि पूजत तेह, मनुष्य पूजत रहत तेहि...०४

આ લોકમાં મનુષ્ય, રાજા કે દેવ સુધી કોઈ પણ સંતોનું જે રીતે અપમાન કરે છે, તેનું તે રીતે માન ઘટી જાય છે. ૩. જે સંતોને પૂજે છે તેને બધા દેવો પૂજે છે અને રાજા તથા બધાં મનુષ્ય પણ તેને પૂજે છે. ૪. આ બ્રહ્માંડમાં જે દેવો, મનુષ્યો અને દૈત્યો છે તે બધાં ધન અને સ્ત્રીમાં જ અત્યંત રચ્યા પચ્યા રહે છે. કેમ જે, તે બધાય તે બેમાં જ બધું સુખ માને છે. ૫. તેમને ધન અને સ્ત્રી, એ બેથી અધિક કોઈ સુખ દેખાતું જ નથી.

તેથી તે બંને માટે જ બધો ઉદ્યમ કરે છે, તે બંને માટે જ દેશ-પરદેશ જાય છે અને તેને માટે જ કરોડો ઉપાય-સાધન કરતાં રહે છે. ૬.

❋ સંતનાં લક્ષણો :

માનો, તેમને ધન તથા સ્ત્રી ક્યારેય મળ્યા જ ન હોય, તેમ બધા લોકો ઉદ્યમમાં લાગી ગયા હોય છે. **જ્યાં સુધી ધનમાં બંધાયા હોય છે ત્યાં સુધી તે સંત કહેવાતા નથી. ૭. સંત થઈને પણ જે ધનને રાખે છે કે બીજા પાસે રખાવે છે, તે આખી દુનિયાનો મળ કહેવાય છે. જેટલા ધનને માટે જ સંત થયા હોય છે, તેઓ સાચા સંતને દેખીને બળી મરે છે. ૮.**

સાચા સંતોની એવી રીત હોય છે કે, તેઓ ધન અને સ્ત્રીમાં પ્રીતિ કરતા નથી. તેઓ ધનને અને સ્ત્રીને નરકનું દ્વાર દેખે છે. અને તેથી જ તેને નઠારા ગણીને તેનો ત્યાગ કરી દે છે. ૯. એવા સંતો સંસારરૂપી સાગરને તરવા માટે નૌકાના સમાન છે. તેવા સંત દેવો અને મનુષ્યો કરતાં પણ અધિક - શ્રેષ્ઠ છે. જે સાચા અને પાકા સંત હોય છે તે જગતના તમામ ફેલ તથા કેફ, વ્યસન વગેરેનો દૂરથી જ ત્યાગ કરી દે છે; આવા સંતોનાં લક્ષણ ઉપરથી સાચા સંત ઓળખાય છે. ૧૦-૧૧.

અગ્નિના તાપથી અને કસોટીથી સોનાની પરીક્ષા થાય છે. જે ઉપરથી સંત અને અંદરથી અસંત હોય, તે તેનું વર્તન છૂપાવી રાખતું નથી. ૧૨. બળદ(ધોરી) કેટલી કિંમતનો છે, તેતો તેની કાંધ ઉપર ધૂંસરુ મૂકવામાં આવે ત્યારે ખબર પડે છે. તેમ **વર્તનમાં જેટલું સંતપણું(સાધુતા) હોય તે દેખાય છે. વર્તન સાધુતા પરખાવી દે છે.** ૧૩. **સંતો ગુણોને ગ્રહણ કરી લે છે અને અવગુણોનો ત્યાગ કરી દે છે. અને અભાગિયા અસંત તો ગુણોનો ત્યાગ કરીને અવગુણોને જ લઈને રાખે છે.** ૧૪.

જેટલા શસ્ત્રને રાખે છે, ધન તથા નારીને રાખે છે, ઠાકોરજીની ઓથે જગ્યા (મઠ-મંદિર) વગેરેને બાંધે છે તે બધા અસંત છે. ૧૫. નારદ, શુકદેવજી, સનકાદિકો અને દત્તાત્રેય ઈત્યાદિ સંતોએ કેવળ પોતાના અર્થે પોતાની જગ્યા બાંધી નથી. ૧૬. તેમણે લાકડી કે કોઈ હથિયાર રાખ્યાં નથી.

સ્ત્રી અને ધનમાં હેત રાખ્યું નથી. વ્યસન અને ફેલનો ત્યાગ રાખ્યો હતો અને ભગવાનનાં ચરણકમળમાં જ સ્નેહ - પ્રેમ રાખ્યો હતો. ૧૭. તેઓ મુખથી ક્યારેય ગાળ બોલ્યા નથી, જગતનું બધું જ અપમાન સહન કર્યું છે. **'અપમાન સહન કરવું' તે જ સંતનું મુખ્ય લક્ષણ છે.** ૧૮. સંત થઈને જે ગાળો બોલે, તે તો બ્રહ્માથી જન્મેલા અદેવ-દૈત્ય, દાનવ, રાક્ષસ વગેરે છે. સંત થઈને જે હથિયાર રાખે છે, તે તો સંતના માર્ગને ખુવાર કરે છે. ૧૯. જે સંત થઈને પોતાને માટે બાગ-બગીચાને કરાવે છે, ગાડી અને અશ્વ આદિ પોતાને માટે રાખે- રખાવે, પોતાને માટે સારાં ભારે ભારે ભોજન કરીને કે સેવક પાસે બનાવડાવીને ખાય છે, તથા **જે કાંઈ ખાવાની શ્રેષ્ઠ વસ્તુ મળી હોય તેને, પોતે મોટો હોવા છતાં જે એકલો જ ખાય છે, તેની અપાર અપકીર્તિ થાય છે અને તે જગતમાં અધમ તથા નકારો-નઠારો કહેવાય છે.** ૨૦-૨૧.

કોઈ સંત રોગાદિકે કરીને શરીરથી દુઃખી હોય, તે પોતાને ભાવે એવો સ્વાસ્થ્યને અનુકૂળ ખોરાક ખાતા હોય, તેના ઉપર જે ઈર્ષ્યા કરે છે તે તો અસુરોમાં પણ અધમ અસુર થઈ જાય છે. ૨૨. સંતો જે કાંઈ ક્રિયા કરે છે તે બધી ભગવાનની નિકટ રહીને કરે છે અર્થાત્ તે બધી ભગવાન સંબંધી જ હોય છે. સંતો અંતરથી એવી રીતે વર્તે છે કે, તેઓ એક ભગવાનની મૂર્તિથી અધિક બીજું કાંઈ રાખતા નથી. ૨૩. સંતોની આવી વાતો તો અપાર છે. પણ તેમાંથી થોડી તમને પત્રમાં લખી છે. ઉપર જે કહ્યા તેવા સાચા સંતોને માટે તો અમે વારંવાર અપાર યજ્ઞ કરીએ છીએ. ૨૪. ખોખરા-મહેમદાવાદમાં અમે યજ્ઞ કરવા આવ્યા હતા. તેની જાણ પહેલાથી તમને કરી ન હતી. હવે અમે લખીને યજ્ઞની જાણ તમને કરીએ છીએ. ૨૫. ચરોતર પ્રદેશના ડભાણ ગામમાં હવે અમારે યજ્ઞ કરવો છે, તો તમે ત્યાં આવજો. ૨૬.

ખોખરા-મહેમદાવાદમાં યજ્ઞમાં તમે વિઘ્ન કર્યું હતું. તમે બધી મર્યાદાનો ત્યાગ કરીને નૃસિંહના જેવું ભયંકરરૂપ ધરીને આવ્યા હતા. ૨૭. નૃસિંહ સંત બને, એવું તો અમે ક્યારેય સાંભળ્યું ન હતું. અમે સંતોને તો બહુ જોયા છે, પણ તમારા જેવા કોઈને દેખ્યા નથી. ૨૮. અમારા સાંભળવામાં

એવું આવ્યું છે કે, અમને યજ્ઞ કરતા તમે દેખ્યા નથી, એટલે તમને સહુને તે દેખાડવાને માટે જ વિવિધ પ્રકારનો સમાજ લાવીને અમે યજ્ઞ કરી રહ્યા છીએ. ૨૯. તમારી નજરમાં જેમ આવે તેમ બધા ભેખધારીઓ મળીને આવજો. જેને જેવો ભાવ હશે તે પ્રમાણે ત્યાં તમારું સન્માન કરશું. ૩૦.

જ્યાં સુધી તમારું તેવું સન્માન નથી થયું ત્યાં સુધી માનો અમે કાંઈ જ કર્યું નથી. જેનું અપાર ભાગ્ય ઉદય થયું હશે તેઓ તમારું અપાર ભાવથી પૂજન કરશે. ૩૧. જેમ કોઈ માણસ ખાધેલાં અન્નની ઊલટી કરી નાખે છે, તેમ તમે ધન અને સ્ત્રીનો ત્યાગ કરી દીધો છે. ઊલટી કરી નાખ્યા પછી પણ જે ઊલટીનું અન્ન ફરીવાર ખાય છે તેને તમે શ્વાન(કૂતરાં)ની જાતિ તરીકે જાણો જ છો. ૩૨. જે ભેખધારી થઈને હથિયારને ધારણ કરે છે, તો તમે તેને પંક્તિથી બહાર કરી દો છો. અને જે મુખથી જેટલી ગાળ બોલે છે, તેટલા દિવસ તેને પણ પંક્તિથી બહાર કરો છો. ૩૩. જે કોઈ ભેખધારી નારીને કે ધનને રાખે છે કે બીજા પાસે રખાવે છે, તો તેને તમે 'સંજોગી' એવા નામથી કહો છો. જે ભેખધારી નારીની સાથે બોલતો નથી કે નારીને અડતો નથી તેને તમે પૂરો જોગી છે; એમ જાણો છો. ૩૪. જે જોગી ભૂલથી પણ નારીની સાથે એકવાર પણ બોલે છે કે તેને અડે છે, તો જે ભગવાનનો સાચો દાસ હોય તે એક ઉપવાસ કરે છે. ૩૫.

શ્રીરામ અને શ્રીકૃષ્ણની મૂર્તિને તમે સાકાર માનો છો. અને તેને નિરાકાર અને નિરંજન માનવામાં ક્યારેય શાંતિ પામતા નથી. ૩૬. સાચો સંત રસ્તામાં નારીથી પાંચ હાથ દૂર ચાલે. અને જે સ્થળે સ્ત્રીઓ સ્નાનાદિ ક્રિયા કરતી હોય, ત્યાં શૂરો સંત તે સ્નાનાદિક ક્રિયા કરવા નથી જતો. ૩૭. તમે તો એવા ધીરપુરુષ છો કે, મદ્ય, માંસનો ત્યાગ કર્યો છે અને ગાળ્યા વિનાનું દૂધ કે પાણી પણ તમે ક્યારેય ખાતાં-પીતાં નથી. ૩૮. યજ્ઞમાં તમે જે જે પુરના વૈરાગીઓ આવવાના હો, તે પત્રમાં લખજો. પણ ત્યાં ગાંજો અને તમાકુ તમને મળશે નહિ.' ૩૯. ઉપર પ્રમાણેનો પત્ર શ્રીહરિએ શ્રીનગરના વેરાગીઓ ઉપર લખ્યો. તે પત્ર પહોંચ્યો ત્યારે બધા વેરાગીઓએ ભેળામળીને તેને વાંચ્યો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોદશ પૂરમાં 'શ્રીહરિએ શ્રીનગરના વેરાગીઓ ઉપર પત્ર લખ્યો' એ નામે બીજો તરંગ સમાપ્ત ॥૦૨॥



પૂર તેરમું : તરંગ - ૩

વેરાગીઓએ શ્રીહરિનો પત્ર વાંચ્યો અને દેવીદાસની વાત કહી

શ્રીહરિનું જેટલું ચાતુર્ય હતું તેને બુદ્ધિમાન મહંતે પત્ર વાંચીને જ પારખી લીધું. ૧. તે આખો પત્ર વાંચીને તેનું બુદ્ધિથી મૂલ્યાંકન કર્યું. પત્રમાં લખેલી બધી જ વાતને તેણે અનુપમ દેખી. ૨. ચારે ધામમાં જે જે મોટા મોટા સિદ્ધો રહે છે તેઓ યોગ સાધતા રહે છે, પણ આ સ્વામિનારાયણ જેવા સિદ્ધ તો બીજા કોઈ થયા નથી; એમ તેણે માન્યું. ૩. વળી, મુખ્ય ચાર સંપ્રદાય અને પૃથ્વી ઉપરના બીજા પણ અનેક સંપ્રદાય થયા છે, તેમાં સત્ય-અસત્યનો વિવેક રહ્યો નથી. પ્રાયઃ નારી અને ધનમાં ડૂબી ગયા છે. ૪. ચૌદ લોકવાળા અનંત બ્રહ્માંડો છે, તે બધા નારી અને ધનમાં બૂડી ગયા છે. જેટલા ફેલ અને વ્યસન છે તે બધા નારી અને ધનની અંદર વસીને રહ્યા છે. ૫.

હવે તેમાં જેને આ સ્વામિનારાયણના સત્સંગનો જોગ થયો છે તે બધા એ સત્સંગના પ્રતાપથી જે વ્યસન અને ફેલ કહેવાય છે તેનો ત્યાગ કર્યો છે, એવું દેખાય છે. ૬. શુકદેવજી, સનકાદિકો, નારદજી, કપિલદેવજી, ભરત, દત્તાત્રેય, બદરિકાશ્રમના ઋષિઓ અને શ્વેતદ્વીપના નિરન્નમુક્તો, ૭. એ બધાને ધન અને સ્ત્રીનો પ્રસંગ નથી; એવું પ્રત્યક્ષ રીતે દેખ્યામાં આવે છે. પણ અત્યારે તો આ ઘોર કળિયુગ ચાલી રહ્યો છે. તેમાં આ સ્વામિનારાયણ પ્રકટ્યા છે. ૮. તેમણે શાસ્ત્રોમાં જોઈને ત્યાગીઓના સનાતન ધર્મની મર્યાદા જેવી હતી તેવી બરાબર બાંધી છે અને હરિભક્તોની પણ પુનિત સનાતન રીતને શાસ્ત્રોમાં દેખીને બાંધી છે. ૯. સત્સંગમાં જે ત્યાગી અને ગૃહસ્થ છે, તેમનાં અલગ અલગ ધર્મ-નીતિ વ્રતમાન-નિયમોને બાંધ્યા છે. સત્સંગ સિવાયના બીજા જે ચાર વર્ણ અને ચાર આશ્રમના લોકો છે, ૧૦.

તેમણે માનો પોતપોતાના ધર્મનો ત્યાગ કરીને અધર્મમાં ચાલવા માટે અનુરાગ કર્યો છે. જ્યારે સત્સંગનો પ્રતાપ વધ્યો ત્યારે તો તે વર્ણાશ્રમીઓમાં રહેલો અધર્મ સહુને દેખાયો છે. ૧૧.

સ્વામિનારાયણ ભારે સમર્થ છે. તેનું વર્તન અમે નિહાળીને જોયું છે. કોઈ સમર્થ પુરુષ વિના જે ઉત્તમ ધર્મ કહેવાય છે તેની મર્યાદા બાંધી શકાતી નથી. ૧૨. જેટલો ઉત્તમ ધર્મ છે તે સમર્થને રુચે છે, ગમે છે. અને તેઓ ઉત્તમ ધર્મે કરીને અધર્મનો ઉચ્છેદ કરી નાખે છે. ૧૩. **જે સમર્થ હોય તે કોપ કરે તો તેમને કોણ રોકનાર છે ? પરંતુ સમર્થ પુરુષની એક ખાસિયત-રીત છે કે તેઓ કોઈના ઉપર કોપ કરતા નથી.** ૧૪. **જેટલા જે વધારે સમર્થ હોય છે તેમાં તેટલી અધિક ક્ષમા રહી હોય છે, તે સમર્થનું મુખ્ય લક્ષણ છે. પણ જે અસમર્થ હોય છે તે ક્ષમાને તુચ્છ કહે છે.** ૧૫.

સાગર જો દુનિયા ઉપર કોપ કરે, તો કયો એવો રાજા છે કે, જે સાગરના કોપને અટકાવે. રાજા કદાચ કરોડો તોપો ચલાવે, તોપણ સાગર તેનાથી લેશમાત્ર ડરતો નથી. ૧૬. **જે સમર્થ (પરમેશ્વર) છે, તેમના નિયંત્રણમાં અનંતકોટિ બ્રહ્માંડો પણ રહે છે. જ્યાં બ્રહ્મા જેવાની પણ ગણતી નથી, ત્યાં કોઈ રાજા કે મતના તો શા લેખા ?** ૧૭. **સમર્થ (પરમેશ્વર)ના હાથમાં પ્રાણીમાત્રની જીવનદોરી છે. જેઓ તેમની સાથે વિરોધ કરે છે, તેઓ પોતે જ પોતાનું ગળું કાપે છે.** ૧૮. મહંતે સહુને કહ્યું, આ પત્ર વાંચવાથી મને જે દેખાયું છે તેવું મેં તમને સહુને કહ્યું. ત્યારે બીજા વેરાગીઓ બોલ્યા, આ પત્ર સહુને વંચાવવો નહિ. ૧૯. આ પત્રમાં સ્વામિનારાયણનો કોઈ જાદુ રહ્યો છે. માનો, તેણે કોઈ વશીકરણ વિદ્યા જ આપણા ઉપર મોકલી છે. તેમની જેટલી ક્રિયાઓ છે. તેમાં એક પણ ક્રિયા જાદુ વગરની હોતી નથી. ૨૦.

એક દેવીદાસ(મગનીરામ) નામે સાધુ હતા. તેણે દેવીને વશ કરી હતી. તે સાધુ પોતાના મનમાં જેવો સંકલ્પ કરતા, તે રીતે દેવી તરત જ કરી આપતી હતી. ૨૧. બધા જ દેશના સિદ્ધોએ તે દેવીદાસની સિદ્ધાઈ દેખી હતી. તેઓ ફરતાં ફરતાં જ્યારે સોરઠમાં ગયા, ત્યારે માંગરોળ બંદરમાં આવ્યા. ૨૨. ત્યાંના લોકોએ દેવીદાસ સિદ્ધને કહ્યું, તમારા કરતાં પણ એક મોટા

સિદ્ધ અહીંયાં રહે છે. તેમની આગળ તમારા શા લેખા ? એવા સિદ્ધ અમે કોઈ નજરે જોયા નથી. ૨૩. ત્યારે દેવીદાસ સિદ્ધે કહ્યું, ચાર ધામમાં સિદ્ધોને દેખતાં દેખતાં અને મોટા મોટા બધા પહાડો અને વનોને જોતાં જોતાં અત્યારે હું અહીં આવ્યો છું. ૨૪. તે મોટા સિદ્ધ ક્યાં રહે છે ? તે ગામનો મને માર્ગ બતાવો, એવા સિદ્ધનાં દર્શન કરવા માટે તો હું ઠેકઠેકાણે ફર્યા કરું છું. ૨૫.

લોકોએ કહ્યું, તે સિદ્ધ તો લોજ ગામમાં છે. એટલે દેવીદાસ ત્યાં જવા નીકળ્યો. જ્યારે તે લોજના સીમાડામાં આવ્યો ત્યારે દેવીએ હાથ જોડીને કહ્યું, હું તારી સાથે નહિ આવું, જો આવું, તો હું ભસ્મ થઈ જાઉં. ત્યારે તે દેવીદાસ સિદ્ધનું અભિમાનરૂપ અંગ તૂટી ગયું અને દેવીને કહેવા લાગ્યો, તમારાથી વધારે સમર્થ કોણ છે ? ચારે ધામમાં મેં બધાને જોઈ લીધા. તમારી સિવાય બીજાને તો મેં ન્યૂન દેખ્યા છે, તો અહીંયાં તમારાથી પણ વધારે સમર્થ કોણ છે ? ૨૬-૨૮. મોટા મોટા પર્વતો અને વન, બધું જ જોયું, મોટા મોટા અખંડ સિદ્ધોને પણ દેખ્યા. તે બધાની આગળ આની શી ગણતી ? આ તો મને અહીંયાં આશ્ચર્યકારી વાત દેખાણી. ૨૯.

સિદ્ધ દેવીદાસે દેવીની સહાયતા માટે બધા વીરોનો સમાજ બોલાવ્યો. કાળભૈરવ, બટુભૈરવ, ડાકણ-શાકણ વગેરેના સમુદાયને પણ બોલાવ્યો. ૩૦. અસુરોનું જેટલું લશ્કર હતું તે બધું દેવીની સહાય કરવા આવ્યું, છતાં દેવી તે સિદ્ધની સાથે ચાલી નહિ. સિદ્ધ દેવીદાસે દેવીની બહુ પ્રકારે પ્રાર્થના કરી. ૩૧. દેવીને લીધે તે સિદ્ધ ઘણીવાર આગમાં બેઠો હતો. વારંવાર પાણી ઉપર પણ ચાલ્યો હતો. પણ તે સમયે દેવીના વિના તે સિદ્ધની સિદ્ધાઈ તેમાં લેશમાત્ર પણ રહી નહિ. ૩૨. પછી તે સિદ્ધે બે હાથ જોડીને દેવીને કહ્યું, હું આજ સુધી આપની જ મોટાઈને (મહત્ત્વને) દેખતો હતો. પણ આજે એવું દેખાય છે કે, અહીંયાં તમારાથી પણ કોઈ મોટા રહ્યા છે. અને તેથી જ તમે તેનાથી ડર પામો છો. ૩૩.

❋ દેવીએ શ્રીહરિનો મહિમા કહ્યો :

ચોપાઈ :

देवी कहे हम जेसी अनंता, इनकी दासी की दासी रहंता;
कालभेरव बटुभेरव जेहू, वीर सरिखे कोटिक हि तेहू...३४

इनके दास के दास रहाये, एसे सो यह सिद्ध कहाये;
सिद्ध सिद्धि ब्रह्मांड में जेती, याकि सेव से पाये हे तेती...३५

राम कृष्ण भये बडे अवतारा, आपसे रखत इन पर प्यारा;
कपिल दत्त सनकादिक जेसे, ता पर प्यार रखत हे तेसे...३६

ત્યારે દેવીએ તે સિદ્ધને કહ્યું, અમારા જેવી તો અનંત તેમની દાસીઓની પણ દાસી થઈને રહીએ છીએ. કાળભૈરવ, બટુભૈરવ અને વીરોના જેવા કરોડો એના દાસના પણ દાસ થઈને રહે છે; એવા આ મોટા સિદ્ધ કહેવાય છે. આ બ્રહ્માંડમાં સિદ્ધોની જેટલી સિદ્ધિઓ છે તે બધી એમની સેવા કરીને જ પ્રાપ્ત કરેલી છે. ૩૪-૩૫.

રામ અને શ્રીકૃષ્ણ ઘણા મોટા અવતાર થયા છે, તેઓ પોતા કરતાં આમના ઉપર ઘણો પ્યાર રાખે છે. તે જ રીતે કપિલ, દત્તાત્રેય અને સનકાદિકો જેવા પણ તેમના ઉપર પ્રેમ રાખે છે. ૩૬. **આ સિદ્ધોના પણ સિદ્ધ છે, ઋષભદેવ પણ આમના ઉપર પ્યાર રાખે છે અને દેવી ઉમા તથા લક્ષ્મીજી અને રાધિકાજી પણ એમના સતત ગુણ ગાયા કરે છે.'** ૩૭. દેવીનાં એવાં વચન સાંભળીને દેવીદાસે દેવીને ત્યાં લોજના સીમાડામાં છોડી દીધી અને સિદ્ધની પાસે લોજમાં આવ્યો. ૩૮.

ત્યાં રહેલા શ્રીસહજાનંદસ્વામી તો શરીરમાં એકદમ દુબળા હતા. છતાં બ્રહ્મા આદિકને માટે પણ તેઓ વંદ્ય હતા. આવીને તે સિદ્ધે તેમનાં દર્શન કર્યાં. ૩૯. દર્શન કરતાની સાથે તેણે અપાર પ્રતાપ દેખ્યો. પછી લગાર પણ વિલંબ કર્યા વિના તેમને શરણે થઈ ગયા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોદશ પૂરમાં 'વૈરાગીઓએ શ્રીહરિનો પત્ર વાંચ્યો અને દેવીદાસની વાત કહી' એ નામે ત્રીજો તરંગ સમાપ્ત ॥૦૩॥



પૂર તેરમું : તરંગ - ૪

સત્સંગનું મહત્ત્વ તથા આદિ યુગની સ્થિતિ

વેરાગીઓ પરસ્પર જેવું બોલ્યા, તે વિગતનો પત્ર શ્રીનગરના વિપ્ર નથુ ભટ્ટે શ્રીહરિના ઉપર લખ્યો. ૧. તે પત્રને લઈને પ્રાંતીજ ગામના વિપ્રે શ્રીહરિ જ્યાં કચ્છ પ્રદેશમાં હતા ત્યાં પહોંચાડ્યો. ૨. તે ગોવિંદરામ નામે વિપ્ર સારા સમાધિનિષ્ઠ હતા. તેઓ પત્ર લઈને **તેરા** ગામ આવ્યા. ૩. તે વખતે શ્રીહરિ હરિભક્તોને દર્શન અને સત્સંગનું સુખ દેવા માટે તેરા ગામમાં રહ્યા હતા. કારણ કે, ત્યાંનું રાજ્ય કોઈપણ પ્રકારના ઉપદ્રવ વિનાનું હતું. તે સિવાય બધા દેશમાં ઘણો ઉપદ્રવ થયા કરતો હતો. ૪. ગોવિંદરામ વિપ્ર જે પત્ર લાવ્યા તે શ્રીહરિના હાથમાં આપ્યો. અને તેઓ ચરણોમાં પ્રણામ કરીને પાસે જ બેઠા. શ્રીહરિએ તે પત્રને ઉત્સાહભેર વાંચ્યો. ૫. પત્રમાં દેશકાળની જે વાત લખી હતી તે બધી શ્રીહરિએ વાંચીને જાણી લીધી. છતાં તે વિપ્રને બધું પૂછ્યું. ત્યારે વિપ્ર જેટલું જાણતા હતા, તે બધું તેણે કહ્યું. ૬.

ત્યારે શ્રીહરિ બોલ્યા, જેટલા ધર્મવાળા વેરાગીઓ છે તેમણે અમારો અને સત્સંગનો અત્યંત પ્રતાપ દેખીને, તે સહુએ મનમાં એવો નિશ્ચય કર્યો છે કે, આપણા સત્સંગના સમાન બીજા બધા મત ક્યારેય થઈ શકે તેમ નથી. કરોડો તારાગણવાળી રાત ક્યારેય દિવસના જેવી થઈ શકે નહિ. ૭-૮. જે સત્ત્વગુણી વેરાગી હતા તેઓ એમ બોલ્યા કે, સ્વામિનારાયણનો સત્સંગ દિવસના જેવો શોભે છે અને સત્સંગ સિવાયના જે બીજા મતો છે તે તો અજવાળી અને અંધારી રાત જેવા છે. ૯. બુદ્ધિમાન લોકોએ સત્સંગનું અને બીજાનું વર્તન જોઈને પારખી લીધું છે. તેમનાં અંતરમાં અમારો અને સંતો-હરિભક્તોનો ચોક્કસ ગુણ આવ્યો છે. ૧૦.

ચાર વર્ણ અને ચાર આશ્રમ તથા અન્ય મતવાળા, જેને જેને અમારો અને સત્સંગનો ગુણ આવ્યો છે, તેઓના જન્મ-મરણ, જમપુરી અને લખચોરાશીના દુઃખનો નાશ થઈ ગયો છે. ૧૧. શ્રીહરિએ સ્વમુખથી સત્સંગ મહિમાની ઘણી વાતો કહી છે, તેને અનંતવાર સાંભળી છે. આજના સત્સંગનો

પ્રતાપ એવો છે કે, જેને સત્સંગ થયો છે તેના મહાન ભાગ્ય છે. ૧૨. પૂર્વે ભગવાનના ભક્ત રાજાઓ અને બીજા ઘણા થઈ ગયા છે. જેમ કે, સ્વાયંભુવ મનુ, પ્રિયવ્રત, ઉત્તાનપાદ, ધ્રુવ, પ્રહ્લાદ, બલિ, હરિશ્ચંદ્ર, મુચુકુંદ રાજા, ૧૩. બીજા પણ રાજાઓ ઘણા સમર્થ હતા. ભરતજી અને વિભીષણ આદિક પણ મોક્ષને માર્ગે ચાલ્યા હતા. ૧૪. પાંડવો, ઉદ્ધવજી, અક્રૂર, વિદુર અને બીજા રાજવંશીઓ પણ મોક્ષને માર્ગે ચાલ્યા હતા. ગોપીઓ અને ગોવાળો તો અપાર હતા. ૧૫.

તે સિવાયના મોક્ષને માર્ગે ચાલેલામાં પિંગલા, શબરી તથા અજામિલ જેવાં અધમો, ગજેન્દ્ર અને જટાયુ જેવાં પશુ-પક્ષીઓને પણ લખ્યાં છે. ૧૬. કાકભુશુંડિ, જાંબવાન, વૃક્ષ, વેલી પર્યંતને લખ્યાં છે. ઋષિ પત્નીઓ અને કુબ્જા સુધીના નામ લખ્યા છે કે, જેને પ્રકટ ભગવાનનો જોગ થયો હતો. ૧૭. અસુરો, દૈત્યો સુધીની વાત લખી છે. કાલીયનાગ, સરોવર, નદીઓ, પર્વત અને વન, તેમજ ગાયો, વાછરું, નાના ગોપ બાળકો તે બધાંને પણ લખ્યાં છે. ૧૮. જે જે ભગવાનના સાક્ષાત્ સંબંધને પામ્યા હતા તેને વ્યાસજીએ લખ્યા વિના છોડ્યા નથી. વાલ્મીકિઋષિ આદિ પણ ગ્રંથોમાં લખતા ગયા છે. ૧૯. ગ્રંથો દ્વારા અત્યારે તે બધું દેખાઈ આવે છે. ગ્રંથોને લીધે તે ભક્તોની ઘણી મોટાઈ જણાય છે. **મોટાના સાક્ષાત્ સંબંધની વાતો પણ મોટી હોય છે. તેને તુચ્છ માણસો સમજી શકતા નથી.** ૨૦.

※ પ્રગટનો મહિમા :

चोपाई :

आज की बात जानत हे जेहू, मुख कहे नहीं आवत तेहू;
अब की बात में ओर बात जेता, पासंग में आवत न तेता...२१
काम क्रोध लोभ मछर न जाही, ईर्ष्या अभिमान डंभ न रहाही;
अधर्म को सर्ग कहावत जेतो, जामें प्रवेश न करे तेतो...२२

આજની વાત જે જાણે છે, તોપણ તેના મુખથી કહી શકાતી નથી. આજ અમારા પ્રકટસંબંધના મહિમાની વાતો સમક્ષ બીજી બધી વાતો તો

તેના પાસંગ(ધડો)માં પણ આવતી નથી. ૨૧. કામ, ક્રોધ, લોભ, મત્સર, ઈર્ષ્યા, અભિમાન અને દંભ, એ બધા અધર્મનો વંશ કહેવાય છે, તે જેમાં પ્રવેશ કરી શકે નહિ, ૨૨. તેવા જે મુમુક્ષુ સત્સંગી છે તેમને સત્સંગની જેટલી વાતો છે તે બધી ઘણી અગાધ અગાધ જણાતી જાય છે. શુદ્ધ સાત્ત્વિક માણસોને સત્સંગને જોઈને તરત જ તેનો રંગ ચઢી જાય છે. ૨૩. આગળ જે જે મોટી મોટી વાતો સાંભળી હોય છે, તે સત્સંગની વાતો જોઈને અપાર ફિક્કી લાગવા મંડે છે. પછી એક સત્સંગ જ પ્રિય જણાય છે, એક સત્સંગ જ સારરૂપ દેખાય છે. ૨૪. **સત્સંગના વ્રતમાન-નિયમ જેને જે રીતે કહ્યા હોય તે પ્રમાણે જે વર્તે છે તેને સત્સંગમાં પ્રેમ વધે છે.** ૨૫.

સત્સંગના જે વ્રતમાન-નિયમ કહ્યા હોય, તેને છોડી દઈને જે સ્વચ્છંદીપણે વર્તે છે તેનો અંત સમયે જમપુરીમાં નિવાસ થાય છે. ૨૬. **બધા જીવો પોતાનાં મનનાં ધાર્યા પ્રમાણે જ વર્તે છે. પરંતુ મનના ધાર્યા પ્રમાણે જીવવાથી જો ઉદ્ધાર થતો હોત તો શાસ્ત્ર, સત્પુરુષ અને ગુરુનું શું પ્રયોજન ? ૨૭. તીર્થ અને વ્રતો કરવાનું પણ શું પ્રયોજન ? તેમજ ભગવાનનાં અવતારોનું પણ કાંઈ પ્રયોજન રહેતું નથી. તેથી હરિભક્ત પોતાનાં મનમાં વિચારીને ચાલે છે અને કુબુદ્ધિ મનુષ્ય આંખો બંધ કરીને અર્થાત્ વગર વિચારે ચાલે છે.** ૨૮. શાસ્ત્ર, સંત, ગુરુ અને તીર્થો, એટલાના ઉપર જે વિશ્વાસ નથી રાખતા, તેને દંડ કરવા માટે રાજા માત્રને નિમ્યા છે અને તેમને અધિકાર આપ્યો છે. ૨૯. ચાર વર્ણ અને ચાર આશ્રમને ઉચિત, વિપ્રથી લઈને ચંડાળ પર્યંતનાં મનુષ્યોનાં જે પ્રકારે નિયમ કહ્યાં છે તે બધાં વેદાદિ શાસ્ત્રોમાં લખ્યાં છે. ૩૦.

નિયમ, કાયદો અને હદ(મર્યાદા), ત્રણેનો એકસરખો જ અર્થ છે, અને તેનું ચોથું નામ ધર્મ છે. જેને જે નામ ગમે તેનો વ્યવહારમાં ઉપયોગ કરે. ૩૧. પ્રથમ (આદિયુગમાં) તો બધા જ વર્ણ એક હતા. પછી જ્યારે તેમાં દોષ જણાયા ત્યારે વ્યાસજીના સમાન જે મોટા ઋષિમુનિઓ થયા, તેમણે ચાર વર્ણ અને ચાર આશ્રમના નિયમો બાંધી દીધા કે જેને લીધે સહુ પોતપોતાને સન્માર્ગે ચાલે, તેથી તેમાં કોઈ ભ્રષ્ટ થાય નહીં. અને કોઈ આડાઅવળું વર્તે તો ઋષિમુનિઓ તેને વર્ણાશ્રમથી બહાર કરી નાખતા. કારણ કે, પૂર્વે એક

સમય એવો આવ્યો હતો કે, કોઈ દેવો કે મનુષ્યોમાં પશુના જેવો વ્યવહાર દેખાયો. કોઈએ મા અને બહેનની વિગત જોઈ નહિ. જેને જેમ પસંદ પડે તેમ સ્ત્રીઓ અને પુરુષો ભોગ ભોગવવા લાગ્યા. તેમાં કોઈ ગોત્ર કે પરિવારનો નિર્ધાર કરી જોયું નહિ. ૩૨-૩૫.

કોણ કોની પત્ની કહેવાય ? કોણ કોનો પતિ કહેવાય ? એવો મેળ રહ્યો નહિ. કોણ કોની માતા કહેવાય ? કોણ કોની બહેન ? ૩૬. આવા અમર્યાદિત વ્યવહારમાં કાકી, માતા, અપરમાતા, માસી કે મામી, આવા સંબંધનો વિવેક કે ગમ કોઈને રહી નહિ. ૩૭. કોણ ગોત્ર અને કોણ પરગોત્ર, તેની વિગત પણ ન રહી, ત્યારે પશુ, પક્ષી અને અન્ય પ્રાણીઓના જેવો મનુષ્યનો ધર્મ પણ થઈ ગયો હતો. ૩૮. જ્યારે આ ભૂખંડનું નામ ભરતખંડ થયું ત્યારે પુણ્ય અને પાપ, એવા કર્મના અને તેના ફળની વ્યવસ્થા બાંધવામાં આવી. ૩૯. જેવું જે કર્મ કરે, તેવું ફળ તેને તરત જ મળે, એવી ધર્મમર્યાદા બાંધી. તેથી સહુ ધર્મ અનુસારે ચાલવા લાગ્યા. ૪૦. ત્યારે ગોત્રની વ્યવસ્થા અને પરિવારનું બંધારણ થયું. શાખા પ્રશાખાઓ ઘણી થઈ. મમતાએ યુક્ત થઈને પરસ્પર એકબીજામાં પ્રેમ કરવા લાગ્યા. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોદશ પૂરમાં 'સત્સંગનું મહત્ત્વ તથા આદિયુગની સ્થિતિ કહી' એ નામે ચોથો તરંગ સમાપ્ત ॥૦૪॥



પૂર તેરમું : તરંગ - ૫

કાળાતળાવમાં શ્રીહરિએ ભિક્ષાવૃત્તિનો ઉદ્દેશ કહ્યો

વર્ણાશ્રમના ધર્મો તો ખુદ પરમેશ્વરે બાંધ્યા છે. તે ધર્મનો જે ભંગ કરે, તેની તરત જ દુર્દશા થાય છે. ૧. શ્રીહરિ જે રીતે બોલ્યા હતા તે રીતે જ તેનો સાર સાર ગ્રહણ કરીને આ ગ્રંથમાં લખ્યું છે. ૨. શરીરમાંથી જીવ નીકળે છે, તે કોઈને દેખાતું નથી. તેમ જ શરીરનાં નિર્માણ સમયે શરીરમાં જીવનો જે પ્રથમ પ્રવેશ થાય છે, તેની પણ કોઈને ક્યારેય ખબર પડતી

નથી. ૩. **પરમેશ્વર જીવને જેટલું જ્ઞાન આપે છે તેટલું જ તે જાણી શકે છે. જો ભગવાન જ્ઞાન ન પ્રકાશે તો તે વિના તો અપાર અંધતમ અજ્ઞાન જ રહે છે. ૪. જે મનુષ્ય પરમેશ્વરથી જેટલો ડરતો રહીને વર્તે છે, પરમેશ્વર તેટલા તેના ઉપર પ્રસન્ન રહે છે અને જે મનુષ્ય પરમેશ્વરનો ડર નથી રાખતો, તો પરમેશ્વર તેના ઉપર કોપ કરે છે.** ૫.

જે મનુષ્ય જેવો અપરાધ કરે છે તેને પરમેશ્વર તેવો દુઃખી કરે છે. **અનંત બ્રહ્માંડોમાં રહેલા જીવો જેવું પુણ્ય અને પાપ કરે છે, તે બાબતને પરમેશ્વર એક તલ તલ જેટલી વિગતે સહિત જાણે છે. તેમનાંથી એકપણ બાબત છાની રહેતી નથી.** સૂર્યપુત્ર યમરાજ જમપુરીમાં કાયમ અચળપણે રહ્યા છે. ૬-૭. ચૌદ કરોડ જેટલા જમદૂતો યમરાજાના સેવક થઈને રહ્યા છે. જે મનુષ્ય જેવું પાપ કરે છે, તેને તેવાં રૂપમાં જમદૂતો ભય દેખાડે છે. ૮. યમરાજાને પાપીના ઉપર દયા આવતી નથી અને પુણ્યશાળીને તો યમરાજ સૌમ્ય દેખાય છે. પાપી જીવને પાપને અનુસારે દંડ દેવામાં તેઓ લગારેય દયા કરતા નથી. ૯. ધર્મકુમાર શ્રીહરિએ **તેરા** ગામમાં આવી રીતની અપાર વાતો કરી હતી. શ્રીહરિએ જળઝીલણી એકાદશી તેરા ગામમાં કરી. ૧૦.

પછી વામન દ્વાદશી પણ ત્યાં જ કરી. અને તે પછી હરખભેર **કાળાતળાવ** ગામ આવ્યા. ત્યાંના ભીમજી સુતાર નામના ભક્તને ઘેર શ્રીહરિએ પોતાનો ઉતારો કર્યો. ૧૧. તે સમયે શ્રીહરિની સાથે પાર્ષદ ડુંગરજી, બીજા નિષ્કામી ભક્ત વેરાભાઈ, નાથભક્ત, ઉમાભાઈ, એક કાળો વાળંદ અને મુકુંદાનંદવર્ણી હતા. વર્ણી શ્રીહરિને દેવોના પણ દેવ જાણીને રોજ તેમની સેવા કરતા. શ્રીહરિને માટે નિત્ય રસોઈ પણ તેઓ જ બનાવતા. ૧૨-૧૩. વિપ્ર પ્રાગજી દવે, જે શ્રીહરિના પુરાણી હતા. તેમણે ભાગવતની કથા વાંચીને કાળાતળાવમાં તે ભાગવત પૂરું કર્યું હતું. ૧૪. શ્રીહરિએ પુરાણી વિપ્રની પ્રથમ પૂજા કરી અને ઘણી જ પહેરામણી તેમને આપી. ભગવાન સ્વામિનારાયણનો આવો અપાર લાભ બીજા કયા પુરાણીએ લીધો હશે ! ૧૫.

કેટલાક સંતો ત્યાં કાળાતળાવમાં શ્રીહરિના દર્શન કરવા આવ્યા હતા. જે જે પાછળ રહ્યા તેઓ પસ્તાવો કરતા હતા. ૧૬. શ્રીહરિએ પરીક્ષા લેવા

માટે સંતોને એકડમલ કરવાની ઈચ્છાથી કહ્યું, 'જેટલા અમારા સંતો કહેવાઓ છો, તેમાં જે જે મોટા છો, તે સહુનાં નામ અમે લખી રાખ્યા છે. તમારે સહુએ એક એક થઈને ગામડાઓમાં ફરવું અર્થાત્ એકડમલ થાવું. ૧૭. **તમારે અમારાં વચનરૂપી કિલ્લામાં નિર્ભય થઈને રહેવું. તે કિલ્લામાં માયા પ્રવેશ કરતી નથી, તેથી તમને લેશમાત્ર પણ બંધન નહિ થાય.** ૧૮. તમારે આખો દિવસ ગામની સમીપે રહેવું. જ્યારે મધ્યાહ્ન(બપોર) થાય ત્યારે ગામમાં માધુકરી ભિક્ષા લેવા જાવું. ૧૯. બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યનાં પવિત્ર ઘર પૂછીને, જેટલું પેટને જોઈએ તેટલાં અન્નની તેટલાં ઘેર ભિક્ષા માગવી. ૨૦.

ઝોળીમાં ભગવાનની ઈચ્છાથી જેટલું અન્ન આવે અને સૂકું, લૂખું, વાસી તથા ઊતરેલું, જેવું આવે તેને અમૃત જેવું સરસ જાણવું. ૨૧. પાંદડાં, કંદ-મૂળ, ફળ-ફૂલ, એ બધો ત્યાગીને માટેનો અમૂલ્ય આહાર કહ્યો છે, પણ તેની જગ્યાએ અન્ન પણ ખાવું, એટલી અમે છૂટ આપીએ છીએ. ૨૨. હે સંતો ! તમે જેનું જેનું અન્ન-જળ જમશો તેને એકેક કણે યજ્ઞ કર્યાનું ફળ થાશે. અમે અત્યારે અનંત જીવોનો ઉદ્ધાર કરવાનું તપાસીને જોયું, ત્યારે આ એક દ્વાર દેખાણું છે. ૨૩. ભલે કોઈ જીવ મુમુક્ષુ હોય કે ન હોય, પણ આ ઉપાય દ્વારા અંતે બધાનો ઉદ્ધાર થશે. હે સંતો ! તમારી વાતો થોડા માણસોને રુચે છે. તેથી તમારા જેવા સંતો પ્રકટ્યા હોવા છતાં ઘણા જીવો લાભથી વંચિત રહી જાય છે. ૨૪. કાંઈ સાધન કર્યા વિના નર-નારીથી પશુ સુધ્ધાં કોઈ જીવનો ઉદ્ધાર થાય નહિ, માટે ભિક્ષારૂપી ઉદ્ધારનું દ્વાર કર્યું છે. આ તમારી ભિક્ષાવૃત્તિ દ્વારા અમારે અનંત જીવોનો ઉદ્ધાર કરવો છે. ૨૫.

મત મતાંતરના લોકો હોય કે વિપ્રો હોય, સહુનું ગુજરાન સમાજમાંથી જ થાય છે. એટલે તેમને રોષ ન થાય તે રીતે તમે ભિક્ષાવૃત્તિ રાખશો, તો કોઈને તમારા ઉપર રોષ થશે નહિ. ૨૬. જે પરસ્પર ગુરુ-શિષ્ય થાય છે, તેમાં શિષ્યોના દ્વારા જ ગુરુનું ગુજરાન ચાલતું હોય છે. ૨૭. ચારે વર્ણના મનુષ્યોમાં પણ સહુ ઉદ્યમ કરીને જ પોતાનો નિર્વાહ-ગુજરાન કરે છે. જેને જે કરવા યોગ્ય હોય, તેવો ઉદ્યમ સહુ કરે છે. ૨૮. જેટલા રાજા(ગરાસદાર દરબારો) માત્ર કહેવાય છે, તેઓ પ્રજા પાસે પોતાની જમીનમાં ખેતી

કરાવે છે. પ્રજાની પણ ઘણી રક્ષા કરે છે અને સહુ પોતપોતાનું ગુજરાન કરે છે. ૨૯. તેમાં જે રાજાઓ (દરબારો વગેરે) ફેલ કરે છે તેઓ પોતે તેટલા દુ:ખી થાય છે અને તે રાજાઓ જ્યારે રૈયત - પ્રજાને પીલે છે - પીડે છે, ત્યારે પ્રજા પણ ઉત્સાહથી ઉદ્યમ - કામ ક્યાંથી કરે ? ૩૦. સાગર જેવું મોટું સરોવર પાણીથી ભર્યું હોય, પણ તેની પાળી જો તૂટી જાય, તો તેમાં પાણી ક્યાંથી રહે ? જે માણસમાં જેટલા ફેલ રહ્યા હોય, તેટલા તેમાં છિદ્ર પડ્યા છે એમ જાણવું. ૩૧.

❋ વ્યવહારનો વિવેક :

ચોપાઈ :

कुन भूप कुन रैत तेहा, सबकी बात हम कहत एहा;
अन्न जेंये द्रव्य खुटे न केहा, फेल करे लेश रहे न एहा...३२

રાજા હોય તોએ શું ? અને પ્રજા હોય તોએ શું ? અમે તો બધાની વાત કરીએ છીએ. ખાવા માત્રથી કોઈને ધન ખૂટતું નથી. અને જે ફેલ કરે છે તેને લેશમાત્ર પણ ધન રહેતું નથી. ૩૨. ફેલમાં તો મોટા મોટા રાજાઓ પણ ડૂબી જાય છે. તેને માથે તો કરોડોના ખાતાં લખાતાં હોય છે. જેટલા કરજદાર હોય છે તે બધા ધીરધાર કરનારાના ઘરને ધનથી ભરી દે છે. ૩૩. બુદ્ધિશાળી મનુષ્ય વિચારીને જુએ છે કે, ફેલ કર્યા વિના ક્યારેય દેણું - કરજ થાતું નથી. જે માણસ વગર વિચારે પગલું ભરે છે, તેને ક્યારેક તો મુશ્કેલી(વિઘ્ન) આવે જ છે. ૩૪.

देनो शिर रहत ज्यां लगहि, संपति जेति घर में त्यां लगहि;
परकी सो देखत बुद्धिमाना, गमे तेतने करे अभिमाना...३५
रणरूप पिंजरे हे अगाधा, जब न करे जो जाकु बाधा;
श्रेष्ठ में श्रेष्ठ बुद्धि सो वंता, ता विन बुद्धि डोल देखंता...३६

જ્યાં સુધી માથે દેણું હોય ત્યાં સુધી ઘરમાં જેટલી સંપત્તિ હોય તે પારકી જ છે એવું બુદ્ધિશાળી દેખે છે. ભલેને તે પછી ગમે તેટલું અભિમાન કરીને ફરતો હોય ! ૩૫. ઋણ - કરજનું પાંજરું ઘણું ઊંડું હોય છે. જ્યાં સુધી

માણસને તે કરજ પીડતું નથી ત્યાં સુધી તેને શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ બુદ્ધિવાળો જાણવો. પણ જો કરજ થઈ જાય તો તેની બુદ્ધિ ડોલતી-અસ્થિર દેખાય છે. ૩૬.

બ્રહ્માંડમાં જેટલી બાબત છે તેટલી પિંડમાં પણ છે; એવું જ્ઞાનીજનો જાણે છે. એવી જ્ઞાનની વાતો તો કેટલીય છે. ૩૭. જ્ઞાનીને જ્ઞાને કરીને અનંત લોચન હોય છે. જે જે વસ્તુ બંધનકારી છે તેમાં જ્ઞાની ક્યારેય મોહ પામતો નથી. ૩૮. કેટલાક ટોપીવાળા ભણી ભણીને ખૂબ આગળ વધી જાય છે. અને પોતાના બાદશાહને તે પોતાના ભણતરથી પ્રસન્ન કરી દે છે. ૩૯. પછી તે પ્રસન્ન થયેલ બાદશાહ તે સારું ભણેલાને જેવી બુદ્ધિ હોય તે પ્રમાણે તેને ઈસ્ટ ઈંડિયા કંપનીનું કામ સોંપે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોદશ પૂરમાં 'કાળાતળાવમાં સંતોને ભિક્ષાવૃત્તિનો ઉદ્દેશ કહ્યો' એ નામે પાંચમો તરંગ સમાપ્ત ॥૦૫॥



પૂર તેરમું : તરંગ - ૬

શ્રીહરિએ સંતોની આગળ જ્ઞાની તથા વિષયીની વાત કહી

કાળાતળાવમાં શ્રીહરિ સંતોને વાત કરે છે કે, તે ટોપીવાળામાં થોડો એવોએ પ્રમાદ કે આળસ હોતી નથી. તે લેશમાત્ર પણ પક્ષપાત કરતા નથી. તેઓ હંમેશાં પોતાના બધા જ કામને વ્યવસ્થિત રીતે કરવા ચાહે છે. ૧. જે જે વસ્તુનો તોલ કરવા તેને કાંટે ચઢાવવામાં આવે છે ત્યારે કાંટો કોઈની લગારેય લાજ-શરમ રાખતો નથી. ૨. હીરા અને મોતીની કિંમત સોના કરતાં પણ વધારે હોય છે. છતાં શ્રીહરિ કહે છે કે, હીરા-મોતીનું તે મૂલ્ય-કિંમત કાયમ માટે એકસરખું ટકતું નથી. ૩. જેમ જેમ વરસો વીતતા જાય છે તેમ તેમ તેની કિંમત ઘટતી જાય છે, છેવટે તેનું મૂલ્ય પાણી જેટલું થઈ જાય છે, કારણ કે તેનું મૂળ-કારણ તો પાણી જ રહ્યું છે ને ? ૪. જે શુદ્ધ સોનું હોય છે તે ક્યારેય તલભાર પણ ઘટતું નથી. ભલે ગમે ત્યારે વેચવામાં આવે, તોપણ જેટલું તેનું મૂલ્ય હોય છે તેટલું તો આવે જ છે. ૫.

જે બુદ્ધિમાન લોકો છે તેઓ હીરા અને મોતીનો સંઘરો કરતા નથી, પણ તેઓ સોનામહોરોનો સંઘરો કરે છે. કારણ કે, સોનાનાં મૂલ્યમાં ક્યારેય ફરક પડતો નથી. ૬. (પાંચમાં તરંગના અંતમાં અને છઠ્ઠા તરંગના આરંભમાં શ્રીહરિએ ટોપીવાળા અંગ્રેજની જે ખાસિયત કહી છે અને તે પછી હીરામોતી અને સોનાનાં મૂલ્યની કહી છે, તે જ્ઞાની મનુષ્યની જ્ઞાનદષ્ટિની અનંતતા અને વિશેષતા બતાવવા માટે પ્રસંગોપાત વિષય છે એટલે હવે પછી જ્ઞાનની જ વાત આગળ કહે છે.) પિંડ એટલે આપણું શરીર છે. તેમાં રહેલો જીવ છે તે પિંડરૂપી બ્રહ્માંડનો રાજા છે. મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર, એ ચાર અંતઃકરણ જીવરૂપી રાજાના કારભારી-સચિવો છે. ૭. શ્રોત્ર, ત્વક્, ચક્ષુ, રસના અને ઘ્રાણ એ પાંચ જ્ઞાનેન્દ્રિયો જીવની પત્નીઓ છે તથા વાક્, પાદ, પાણિ, પાયુ, ઉપસ્થ એ પાંચ કર્મેન્દ્રિયો પણ જીવની પત્નીઓ છે, જે સુખસ્વરૂપ જીવને ખુવાર કરી નાખે છે. ૮. જ્ઞાનેન્દ્રિયોના પાંચ દેશ છે, તેમાં આ જીવને તે કાયમ રોકી રાખે છે. તે પાંચે દેશોના ભોગ પાંચ પ્રકારના એટલે કે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ છે. તે પંચવિષયરૂપ ભોગો જીવને ઘણા જ પ્યારા લાગે છે. ૯. તે પ્રત્યેક ભોગમાં અપાર રસ રહ્યા છે. તે રસભર્યા ભોગોને ભોગવતા જીવને તેનો પાર આવતો નથી. જીવને જેટલા સંકલ્પ અને વિકલ્પ થાય છે, તે બધી તેની પ્રજા ગણાય છે. ૧૦.

સત્ત્વ, રજ અને તમરૂપ જે પ્રજા કહેવાય છે તેની ઉત્પત્તિ તો નિરંતર ચાલુ જ રહે છે. તેમજ હર્ષ અને શોકરૂપ પ્રજાથી તો દેહરૂપી બ્રહ્માંડ આખું ભર્યું રહે છે. ૧૧. તેમાં જેની જેવી રુચિ હોય છે તેવો તે ઉદ્યમ કરતા રહે છે. અને તે બધી પ્રજા સુખ અને દુઃખરૂપ ફળ જીવને સમર્પિત કરે છે. ૧૨. વળી કર્મેન્દ્રિયો - વાક્, પાણિ, પાદ, પાયુ અને ઉપસ્થ - જે કર્મ કરે છે, તેનું સુખ-દુઃખરૂપ ફળ પણ જીવને જ તે સમર્પિત કરે છે. ૧૩. અને ચાર પ્રકારનું અંતઃકરણ પણ જે કર્મ કરે છે, તેનું ફળ પણ તે જીવને જ અર્પણ કરે છે. અને જીવ તે બધી જાતના ફળોને ગ્રહણ કરે છે. ૧૪. જેનો જે માલ રાખે તેનો તેને બધો ભય રહે છે પણ બીજાને ભય નથી રહેતો. કેમ જે, જ્યાં માલ રહે છે ત્યાં ભય રહે છે. ૧૫.

જીવને જેમાં માલ મનાય છે, તેને તે છોડી શકતો નથી. પછી જીવ તુચ્છ વિષયસુખમાં બંધાઈને લખચોરાશીના દુઃખોને સહન કરે છે. ૧૬. **ભગવાનનાં સ્વરૂપમાં અપાર, અનંત અને અવિચળ સુખ રહ્યું છે તે જણાય છે. ત્રિલોકીના કેટલાક મોટા મોટા રાજાઓએ પણ ભગવાનને રાજી કરવા માટે, રાજ્યની સમૃદ્ધિને અને અપાર સુખને પણ નરક કરતાંએ નઠારા જાણ્યા હતા. દેહે સહિત બધા સુખનો ત્યાગ કરીને એક પ્રભુનાં ચરણોમાં જ તેમણે અનુરાગ કર્યો હતો. ૧૭-૧૮.** ચૌદે લોકનાં જે સુખ છે તે બધા તેમને મળ જેવા દેખાયા અને એક ભગવાનમાં જ અગાધ સુખ જણાયું. જ્યારે આવી દૃઢ સમજણ થઈ, ત્યારે તેઓ વન અને પર્વત ઉપર જઈને રહ્યા. કોઈ એક પણ સેવકને સાથે રાખ્યો નહિ. ભૂમિની ઉપર જ સૂઈ રહેતા અને પૃથ્વીના રાજ્યનો અને સર્વ વિકારોનો તેમણે ત્યાગ કરી દીધો હતો. ૧૯-૨૦.

તેમણે ખુલ્લા આકાશને મહેલ માન્યો, વૃક્ષોને સેવક ગણ્યા. અણઈચ્છાએ મળેલા કૌપીન, કંથા અને જળગળણું, એટલાને રાખ્યા. ૨૧. કંથા પણ ફાટેલી-તૂટેલી રાખી કે જેમાં ચોરને પણ ક્યારેય લોભ થાય નહિ. જેનાથી ભય થાય, એવી વસ્તુને નઠારી જાણીને તજી દીધી. ૨૨. **અનંત ગ્રંથોમાં જે મોક્ષની વાત અને ત્યાગની વાત કહેવાય છે, તે એવા સંતોના વર્તનમાં બધી આવી જાય છે. ૨૩. શાસ્ત્રોમાં જે જે વચન કહ્યાં હોય છે તે એવા સંતોમાં સાક્ષાત્ વર્તતા હોય છે.** અને જે કેવળ લોકોનું રંજન કરવા માટે જ સંત થયા હોય છે, તેમનું વર્તન તો કાંઈક જુદા જ પ્રકારનું હોય છે. ૨૪. તેઓ તો મોટા મોટા ગ્રંથોને રાખે, રામમહોલ અને કૃષ્ણમહોલ એવા નામો રાખે તથા મોટા મોટા મંદિર આદિ બનાવે અને પછી તેમાં રહે છે. ૨૫.

તાલ, મૃદંગ આદિક વાજિંત્રોને રાખે અને ગળું તાણીને લાંબે રાગે ગાય, મોટા લાંબા તિલક તાણે અને પછી નિત્ય શીરો તથા પૂરી કરીને ખાય છે. જે લોકોને જ રીઝવવા સાધુ થયા હોય તેની આ વાત છે. ૨૬. અને વળી, તે ગાંજો તથા તમાકુને ખાય-પીવે છે અને હોકામાં તેની બધી સિદ્ધાઈ દેખાડવા માટે ચલમમાં ભડકો કરે છે. ૨૭. મોટા રાજાઓ પણ લલચાઈ જાય એવું સારું વાહન રાખે. બીજા લોકોને તો તેમાં કાંઈ ગમ જ પડતી નથી. રોજ

આવીને સ્ત્રીઓ તેમની સેવા કરતી હોય છે. ૨૮. જગતમાં જેટલી વિધવા સ્ત્રીઓ છે તે બધી સેવા કરવાને બહાને તેમની પાસે જાય છે. જે એકમાત્ર પેટ ભરવાને ખાતર જ જોગી, જતિ, સંન્યાસી અને પરમહંસ થયા હોય છે, ૨૯. તેમની પાસે આવીને વિધવાઓ તરત જ પ્રેમ દેખાડવા લાગે છે. સેવા કરવામાં તે પ્રીત છુપાઈને રહેતી નથી. અને તે જોગી પણ વિધવાનો જેવો ભાવ હોય, તેવો સેવાને મિષે સાધી લે છે. ૩૦.

જોગીને ભ્રષ્ટ કરવા માટેનું દ્વાર શોધતા વિધવાને કાંઈ વાર લાગતી નથી. ઋષ્યશૃંગઋષિ પિતાની સાથે વનમાં રહેતા હતા. ૩૧. તેણે ક્યારેય કાનથી નારીનો અવાજ પણ સાંભળ્યો ન હતો. જન્મથી જ તેને નારીનું ભાન ન હતું. નારી બાબતનો સંકલ્પ કેવો હોય ? તેવી તેમને લેશમાત્ર પણ ગમ ન હતી. ૩૨. ક્યારેય વિષયનો અંકુર પણ ઊગે નહિ એવા તે સર્વાંગ શુદ્ધ હતા. છતાં એવા ઋષ્યશૃંગને નારીએ છેતરી લીધા. સૌભરિ અને ચ્યવનને પણ નારીએ જ ભ્રષ્ટ કર્યા હતા. ૩૩. કળિયુગમાં જોગીને ભ્રષ્ટ કરતા તો તેમને કાંઈ વાર લાગતી જ નથી. માટે જોગી જેટલો નારીનો ડર રાખે છે તેટલું તેમાં જોગીપણું રહે છે. ૩૪. **જે ત્યાગી નારીનો વિશ્વાસ કરે છે તેની આશા છોડી દેવી જોઈએ. ઝેરને પીધા પછી પણ જો તે જીવે છે તો તે એકાદ ઘડીમાં ચોક્કસ મરશે.** ૩૫.

સમર્થ ગુરુનાં વચન પ્રમાણે વર્તે તો નારી ક્યારેય દિલમાં પ્રવેશ કરે નહિ અને ખુવારી થાય નહિ. તમને અમારાં વચન ગમે કે ન ગમે, અમે તો આ વચન હિતકારી માનીને કહ્યાં છે. ૩૬. કામને પેસવાના જે જે દ્વાર છે, તેની તમને પૂરી ગમ નથી. જ્યારથી આ બ્રહ્માંડ થયું છે ત્યારથી અમે બધું જાણીએ છીએ. ૩૭. ત્યારે સંતોએ હાથ જોડીને કહ્યું, ‘આપ અમારી નૌકા છો. આ નૌકાનો અમને વિશ્વાસ છે. તે અમે હાર્દિકભાવથી કહીએ છીએ. ૩૮. હે નાથ ! હવે તો અમે અમારા તન, મન આદિ જે કાંઈ છે તે આપને જ દઈ દીધા છે. અને જે દિવસથી અમે અમારાં તન, મન આપને અર્પણ કર્યાં છે ત્યારથી આપ મનમાં ચાહો તેમ કરો, અમને ઈચ્છા આવે એમ વર્તાવો.’ ૩૯. આવું સાંભળીને શ્રીહરિએ તે વખતે મુનિઓના વચનમાં

અપાર શ્રદ્ધા દેખી. તેથી તેમના ઉપર ખૂબ જ રાજી થયા અને સહુને હેતથી બાથમાં લઈને ભેટ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોદશ પૂરમાં 'શ્રીહરિએ સંતોની આગળ જ્ઞાની અને વિષયીની વાત કહી' એ નામે છઠ્ઠો તરંગ સમાપ્ત ॥૦૬॥



પૂર તેરમું : તરંગ - ૭

સંતોની આગળ શ્રીહરિએ અંગ્રેજી પ્રશાસનની વિશેષતા કહી

કાળાતળાવમાં જ્યારે શ્રીહરિ સહુ સંતોને મળી રહ્યા ત્યારે ફરીને જે બોલ્યા, તે હવે હું કહું છું. ૧.

दोहा : संत कु कहे द्वार तुम, केतो करन हे काम;
कल्पव्रक्ष हमारे तुम, पारस चिंतामनि ठाम...०२

સંતોને કહ્યું, તમારા દ્વારા મારે કેટલાએ કામ કરવા છે. તમે તો અમારા કલ્પવૃક્ષ, પારસમણિ અને ચિંતામણિઓ છો. ૨.

सोरठा : रिद्धि सिद्धि हमार, कामधेनु हमार तुम;
कुल कुटुंब परिवार, तुमसे न अधिक हे कोउ...०३
हमकु प्रिय जो बात, प्रिय तुमकु जानकर;
कहत सो साक्षात, बडी होव हि कीर्ति तव...०४

હે સંતો ! અમારી રિદ્ધિ-સિદ્ધિ અને કામધેનુ પણ તમે છો. અમારું કુળ, કુટુંબ કહેતાં, ધર્મકુળ તે કોઈ તમારાથી અધિક નથી. ૩. અમને જે બાબત ગમે છે તે તમને મારા પ્રિય જાણીને હું ચોક્કસ કહું છું કે, તમારી કીર્તિ ઘણી જ વધશે. ૪. જેટલા દેહધારી છે તે બધાને એકવાર તો મરવાનું છે જ. પણ કીર્તિ સંપાદન કરીને જે મરવું, તેને શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ મરવું કહેવાય છે. ૫. જગતમાં જે શૂરવીર પુરુષ છે અને જે વીર સતી નારી છે. તે જ્યારે મરવાનો યોગ્ય સમય આવે છે ત્યારે પોતે ટુક ટુક થઈ જાય છે. ૬.

યુદ્ધના મેદાનમાં શૂરવીર પુરુષ મરવાના દુઃખનો વિચાર લેશમાત્ર પણ કરતો નથી. તે સમયને પોતાનું ધન્યભાગ્ય માનીને મરણને સ્વીકારે છે, પણ પાછી પાની કરતો નથી. ૭. પતંગિયાં જેમ આગમાં બળી મરે છે તેમ સાચી સતી પતિની ચિતા ઉપર સળગીને મરે છે. **દુનિયાના લોકો તો તુચ્છ કહેવાય છે અને તેની કીર્તિ પણ તુચ્છ જ રહે છે.** ૮. હરિશ્ચંદ્ર, મયૂરધ્વજ અને શિબિ જેવા રાજાની વાત ગ્રંથોમાં લખાણી છે. જે મનુષ્ય જેટલું વધારે કષ્ટ સહન કરે છે તેટલી તેની કીર્તિ પણ અધિક વધે છે. ૯. ગોરા અંગ્રેજોનો દેશ કેટલો દૂર છે, તેઓ કીર્તિ વધારવા માટે જ આ દેશમાં આવ્યા છે. ક્યારેય કોઈ રાજા ન થયા હોય તેવું તેમને અત્યારે થાવું છે; એમ તેમણે ધાર્યું છે. ૧૦.

જે કોઈપણ માણસ તે અંગ્રેજોની સાથે વાત કરે છે, તો વાત કરનારાને ઘણી જાતનું આશ્ચર્ય દેખાય છે. કોઈ અન્ય રાજાનું રાજ્ય લઈ લેવું, તે તો સૌથી અધિક કઠણ કામ છે. ૧૧. તે અંગ્રેજ જેનું રાજ્ય લેવા ધારે છે, તેને છેવટે તે લઈને જ રહે છે અને તેની બુદ્ધિ ચાલે ત્યાં સુધી તો તે પ્રજાની રક્ષા કરે છે. ૧૨. તે ખંડિયા બનાવી દીધેલા રાજાને અને પ્રજાને ક્યારેય લગારેય સંકટ ન આવે, તે રીતે શુભ વિચાર રાખીને રાજ્ય કરે છે. ૧૩. પ્રજામાં પણ પરસ્પર કોઈને કોઈ હેરાન કરે, તેને તે તલભાર પણ સહી શકતા નથી. જે બીજાને દુઃખ દે છે તેને પકડીને તે સમયે જ કેદ કરે છે. ૧૪. કોણ રાજા કે પ્રજા, કયો વર્ણ કે આશ્રમ, જે લોકો વ્યવસ્થિત - સારી રીતે રહે છે, તે અંગ્રેજને ગમે છે. ૧૫.

ઉપલક સાધુતા બતાવે અને અંદર કુટિલતા રાખતા હોય, એવા જે જે હોય તેને તે તરત જ ઓળખી લે છે. ૧૬. જો કોઈ વગર અપરાધે મનુષ્યની હત્યા કરે, તો તે હત્યારો કોઈ રાજા હોય, કોઈ નર હોય કે પશુ, તેને માર્યા વિના રહે નહિ. ૧૭. પોતાના પુત્ર સુધીનો કોઈ નજીકનો સગો જો કોઈ બીજા માણસને મારે તો તે હત્યારાનું મુખ પણ જોતો નથી. તમારી સંતોની રક્ષા કરવા માટે એવો મોટો ભારે રાજા આવ્યો છે. ૧૮. જ્યાં ક્યાંય અનીતિ થતી હોય, એવું દેખાય તો તે ત્યાં તરત જ દોડીને જાય છે. બધી રીતે તેની તપાસ કરે છે અને પછી ત્યાં સુખ-સગવડતાભર્યો બંદોબસ્ત કરે છે. ૧૯. ક્યાંક ઢોંગ-પાખંડ કે ફેલને લગારેય દેખે તો તરત જ તેનું માન ઉતારી નાખે છે.

કોઈ રાજા કે ગુરુના પ્રતાપને તો તે વર્તન ઉપરથી જ જાણી લે છે. ૨૦. જે કોઈપણ મનુષ્ય પોતાના દુરાચારને છુપાવી રાખતો હોય, તો તે અંગ્રેજ પોતાને તેની ખબર પડે એટલે તેને જાહેર કરી દે છે. જે કોઈપણ બાબત જેવી હોય તેને લેખિત રીતે ચોક્કસ ચકાસે છે. ૨૧. લોકોને જેમાં ભય લાગતો હોય તેવા જંગલના માર્ગ, ચોર, પહાડ, નાના નાના નદી-નાળા, એ બધાં ભયના સ્થાનોને તે નિર્ભય કર્યા વગર રહેતા નથી. ૨૨. પ્રજાને સુખી કરવા માટે તેણે ઘણા દુઃખોને સહ્યા છે. તે એવી રીતે ચાલે છે કે, આવો કોઈ રાજા થયો નથી. ૨૩. **કોઈ સર્વ સમર્થ પરમેશ્વરની કૃપાથી આ વખતે સત્સંગની રક્ષા કરવા માટે આવો અતિ સમર્થ રાજા થયો છે. ૨૪. જે રાજા તમારું જેવું સન્માન કરશે, તે રાજાનું તેવું સન્માન બધે થાશે; એવું હું વચન ઉચ્ચારું છું. ૨૫.**

અમારાં જે વચન છે તે તમારું હિત કરનારાં છે; એવું વિચારીને તમારે સહુ સંતોએ એકાકી રહેવું. ૨૬. અમે અદશ્યપણે સદા તમારી પાસે જ રહેશું. અને તમારા બધા ભયનો નાશ કરશું. માટે નિર્ભય થઈને વિચરણ કરજો. ૨૭. જે જગ્યાએ સ્ત્રીનો શબ્દ કાને સાંભળી શકાય નહિ, એટલે દૂર વનમાં જઈને રાતે પ્રસન્નતાથી રહેવું. ૨૮. આસન લગાવીને ધ્યાન કરવું. જરાએ દેહમાં વૃત્તિ રાખવી નહિ. જીવ ત્રણ દેહ - સ્થૂળ, સૂક્ષ્મ અને કારણથી જુદો છે. તે રીતે ત્રણ અવસ્થા - જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિથી પણ જુદો છે. ૨૯. **દસ ઈંદ્રિયો, ચાર અંતઃકરણ અને તે બંનેના ચૌદ દેવતા, એ બધાંથી પણ જીવ અત્યંત ભિન્ન છે. છતાં જ્યાં સુધી જીવ તે બધા સાથે એક થઈને રહે છે, ત્યાં સુધી દેહાધ્યાસ કહેવાય છે.** ૩૦.

✻ શ્રીહરિએ ધ્યાનનો મહિમા કહ્યો :

चोपाई :

जीय के संगी संत भगवाना, सत्संगी हरिजन रहाना;
दिव्य धाम भगवान के जेता, सदा रहे संग सो तेता...३१

दिव्य धाम कहावत जेते, अक्षरधाम में रहे हे तेते;
तेहि कर अपार अक्षरधामा, अपार अपार सुख के ठामा...३२

एसी समझ विन समझ जाकी, रुचि अनुसार जानना ताकी;
संत हरिजन की रुचि जेसे, भगवान दरश देखावत तेसे...३३

જીવના સાચા સંગી તો ભગવાન, સંતો અને સત્સંગી હરિભક્તો છે, તેમજ જેટલા ભગવાનનાં દિવ્ય ધામો છે, તે પણ સદાય જીવની સાથે જ રહ્યા છે. ૩૧. જે દિવ્યધામ કહેવાય છે, તે બધા અક્ષરધામમાં રહ્યા છે. તેથી જ અક્ષરધામ અપાર છે, અને તે અપાર અક્ષરધામ અપાર અપાર સુખનું ઠેકાણું છે. ૩૨. આવી સમજણ વગરની જેની સમજણ હોય તેની સમજણ તો તેની રુચિ પ્રમાણેની જાણવી. સંતો અને હરિભક્તોની જેવી રુચિ હોય, તેવાં દર્શન ભગવાન તેને આપે છે. ૩૩. ધ્યાનનો અભ્યાસ કરતાં કરતાં જ્યારે દેહની સ્મૃતિ રહેતી નથી ત્યારે તેવી સ્થિતિમાં જો દેહ ભૂમિ ઉપર પડી જાય, તોપણ જીવને તેનો ખ્યાલ રહેતો નથી. ૩૪. વળી ધ્યાન કરનારાને જ્યારે દેહનું ભાન થઈ જાય, ત્યારે વળી ફરીને ધ્યાનમાં તેણે બેસી જાવું. કદાચ લઘુશંકા કરવા ઊઠવું પડે, તો ફરીને તેની તે જગ્યાએ ધ્યાન માટે બેસવું નહિ. ૩૫.

વિચક્ષણ ધ્યાતા ધ્યાન કરતી વેળાએ દેહ અને કુટુંબીઓનો જેમ અનાદર કરે છે, તેની સંભાળ લેતો નથી, તેમ જ્યાં બેઠા હોઈએ તે આસનનો મમત્ત્વ પણ તજી દેવો જોઈએ. ૩૬. શ્રીહરિ, સંતો અને હરિભક્તોએ જ્યાં જ્યાં ઉત્સવો કર્યા હોય, તેને ગ્રંથ દ્વારા સાંભળીને રાત-દિવસ સંભારવા. ૩૭.

सोरठा : कीर्तन कथा बात, ध्यान स्मरण श्रवण जेहि;
द्वार एते साक्षात, तामें रुचे करना तेहि...३८

કથા, વાર્તા, કીર્તન, શ્રવણ, ધ્યાન અને સ્મરણ, એટલા સાક્ષાત્કારના દ્વાર છે. તેમાં જેની રુચિ થાય તે સતત કરતા રહેવું. ૩૮. ઉપર કહેલા કથા-વાર્તા વગેરેમાં જે રુચે તે વધારે કરવા; એમ જે સમજવું તે શુદ્ધ સમજણ છે. તે વિનાનું બીજું બધું તો શુદ્ધ સમજણનું વિરોધી છે. ૩૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોદશ પૂરમાં 'સંતોની આગળ શ્રીહરિએ અંગ્રેજી શાસનની વિશેષતા કહી' એ નામે સાતમો તરંગ સમાપ્ત ॥૦૭॥



પૂર તેરમું : તરંગ - ૮

સંતોનાં કઠિન વ્રતમાન અને શ્રીહરિનું કાઠિયાવાડમાં આવવું

સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામી, ગઢપુરમાં આચાર્ય મહારાજ, સંતો અને હરિભક્તોની સભામાં સહુને કહે છે કે, ભગવાન શ્રીસહજાનંદસ્વામીએ જે જે વાત કહી, અને મેં જેવી સાક્ષાત્ સાંભળી તેને હવે હું કહું છું. ૧. આ વાત ભવ અને બ્રહ્માદિકને પણ દુર્લભ છે, પણ જેઓ પશુના જેવા પામર હોય તેમને આવી દુર્લભ વાતનું પણ કાંઈ મહત્ત્વ હોતું નથી. ૨. શ્રીહરિની આજ્ઞાથી સંતો ત્રણ વરસ સુધી દિવસે ગામની સમીપે રહેતા અને રાતે દૂર વનમાં રહેતા હતા. ૩. કોઈ દિવસ વિચક્ષણ બે, ત્રણ, ચાર સંતો દિવસે ભેળા થઈ જાતા, પણ રાતે તો પ્રત્યેક સંત એકલા જ રહેતા હતા. ૪. રાતમાં કોઈ સંતને ક્યારેક કાનમાં કોઈ નારીના શબ્દ સંભળાઈ જાય, તો વળતે દિવસ તેઓ એક ઉપવાસનું પ્રાયશ્ચિત્ત કરીને શુદ્ધ થાતા હતા. ૫. કોઈ આપત્કાળ પડ્યા વિના બે સાધુ રાતે ભેળા રહ્યા હોય તો તે બંને એકેક ઉપવાસ પ્રાયશ્ચિત્તના રૂપમાં કરીને દોષરહિત થતા. ૬.

જ્યારે કોઈ સંત બીમારીથી દુઃખી થઈ જાય તો તે રાતે ગામને સમીપે રહેતા અને તે બીમાર સંતની અનુકૂળતા માટે કોઈ હરિભક્ત પ્રેમથી ગામને નજીક પર્ણકુટિ બનાવી દેતા. પછી તે દુઃખી સંત આવીને તે ઝૂંપડીમાં રહેતા. તે બીમાર સંત જેમાં રહેતા હોય તે પર્ણકુટિ પણ હરિભક્તની જ જગ્યા કહેવાય, સંતની નહીં. તેથી બીમાર સંતો તેમાં રહેતા. ૭-૮. બીમાર સંતની સેવા હરિભક્ત કરતા. જો સેવામાં કોઈ હરિભક્ત ન હોય, તો કોઈ સંત તે માંદા સાધુની સેવા કરતા. ગમે તેવી ટાઢ પડે, તોય કોઈ સાધુ-સંત અગ્નિથી તાપતા નહિ. ૯. કોઈપણ જાતનું ધાતુનું પાત્ર સંતો રાખતા નહિ અને બીજા પાસે રખાવતા પણ નહિ. લોઢા સુધ્ધાં ધાતુને સંતો હાથ અડાડતા નહિ. જે સંતને ગ્રંથ લખવાનો હોય, તે જરૂરી ચાકુ અને કાતર રાખતા. ૧૦.

ક્યારેક ગોદડીને સીવવી-સાંધવી હોય તો કોઈની પાસેથી સોય અને દોરો માગી લેતા. તે ગોદડીને સાંધ્યા પછી સોય અને દોરો પાછો આપી

દેતા, પણ પોતાની પાસે રાખી મૂકતા નહિ. ૧૧. ચાકુ, કાતર અને સોયને જેટલી વાર અડવામાં આવે તેટલીવાર સાત સાત વખત માટી અને પાણીથી હાથ ધોઈ નાખવા; એમ શ્રીહરિએ કહ્યું હતું. કેમ જે, શ્રીહરિએ થોડો સમય આવું પ્રકરણ ચલવ્યું હતું. કાયમી નહીં. ૧૨. સંતો આત્મા તથા પરમાત્મા સિવાય બધાના સંગનો ત્યાગ કરીને રહેતા. નાની એવી એક પોથી સાથે રાખતા અને ભાગ્યશાળી સંત તેને વાંચતા. ૧૩. જ્યારે વરસાદ આવવા લાગે ત્યારે સંતો ઝાડની નીચે જઈને બેસતા અને પોથીને તુંબડામાં રાખીને તેની એ રીતે જાળવણી કરતા. ૧૪.

❋ સંતોની સમજણ :

કૂવામાંથી પાણી સીંચવા માટે દોરી સાથે રાખતા. પ્રકટ ભગવાન સ્વામિનારાયણ મળ્યા છે, એવા કેફમાં બધા સંતો આનંદમાં રહેતા હતા. ૧૫. બધા જ સંતોને, એક ભગવાનને રીઝવવાનું જ તાન રહેતું. એવું એક અદ્‌ભુત ગીત સાથે રાખતા અર્થાત્ પ્રગટની પ્રાપ્તિના કેફનું મનમાં સતત અનુસંધાન રાખતા કે, તેનાથી મનમાં ક્યારેય કોઈ પણ પ્રકારનો ક્ષોભ થાતો નહિ. ૧૬.

चोपाई :

ब्रह्मांड के पदारथ जेता, जीय कु खुते चित्त में तेता;
अनंत जन्म धरे जा दिन से, चितवत आवत हे ता दिन से...१७
तेहि करी ब्रह्मांड में जितना, देह धरत संकल्प हि तितना;
ब्रह्मांड में सुख दुःख जितनो, सहन करत देह धरत तितनो...१८

બ્રહ્માંડના જેટલા પદાર્થ છે તે બધા જીવનાં ચિત્તમાં ખૂંતી ગયા છે. જીવે આવા તો અનંત જન્મ ધર્યા છે અને તે દિવસથી તેનું ચિંતવન કરતો જ આવે છે. ૧૭. અને તેને લીધે જીવ જેટલા પોતાના સંકલ્પો છે એટલા દેહ બ્રહ્માંડમાં ધારતો રહે છે. તેમજ બ્રહ્માંડમાં જેટલા સુખ-દુઃખ કહેવાય છે, તે બધાને જીવ દેહ ધરી ધરીને સહન કરતો રહે છે. ૧૮.

मायिक देह को ज्यां लग संगा, सुख दुःख त्यां लग रहत अभंगा;
सुख अल्प दुःख को नहि पारा, संतजन सो एसे करत विचारा...१९

संत विचार करत जिस रीता, जग में कोउ नाहीं करीता;
जग के जन के मनोर्थ एसे, जग को फेर बंधन होय तेसे...२०

જીવને જ્યાં સુધી માયિક દેહનો સંબંધ છે ત્યાં સુધી સુખ-દુઃખનો પ્રસંગ અખંડ રહ્યા કરે છે. તેમાં સુખ થોડું છે અને દુઃખનો તો કોઈ પાર જ નથી. સંતો આવો વિચાર કરતા હોય છે. ૧૯. સંતો જેવો વિચાર કરે છે, તેવું દુનિયામાં કોઈ કરતું નથી. જગતના મનુષ્યો તો એવા મનોરથો કરે છે કે, જેનાથી તેને સંસારનું ફરી બંધન થાતું હોય છે. ૨૦.

જીવ જેવું શરીર પામે છે તેવા શરીરમાં તે રસબસ થઈ લીન થઈ જાય છે. જીવ પોતાને દેહની સાથે એકરૂપ માનીને દેહમાં હેત રાખીને તેને માટે જ પ્રયત્ન-પ્રવૃત્તિ કરતો રહે છે. ૨૧. મનુષ્યના દેહ સિવાયના બીજા જે દેહ - પશુ, પંખી, વૃક્ષ કે ઘાસ-તૃણ, તે તમોગુણપ્રધાન ઘોર દેહ કહેવાય છે. તે દેહથી જીવ પોતાનો મોક્ષ સાધી શકતો નથી. ૨૨. **બીજી અનંત યોનિઓમાં જન્મ ધરી ધરીને ભલે મૃત્યુ પામે, પણ મનુષ્યદેહ વિના જીવનો મોક્ષ થાતો નથી.** આપણા સત્સંગમાં મોક્ષનું સ્વરૂપ જાણનારા જે સંતો છે, તે આવા વિચારો નિત્ય કરતા રહે છે. ૨૩. **સત્સંગ કરવાથી મોક્ષ થાય છે, તેવી વાતો સંતો લોકો આગળ કરતાં હતાં. તેમજ પૂર્વે સત્સંગે કરીને જે મુમુક્ષુઓ સંસાર સાગરને તરી ગયા હતા, તેની વાતો પણ કહેતા. ૨૪. વળી તે સંતો, જેના સમાગમથી જીવનો મોક્ષ થાય છે. એવા જે જે સંતો થયા છે તેમની વાતો પણ અહોનિશ કરતા હતા.** ૨૫.

જેટલા મુમુક્ષુ લોકો હતા તેઓ સંતોના મુખની વાત સાંભળીને તરત જ સત્સંગી થતા હતા. કેમ જે, તેમને તેમાં સાક્ષાત્ મોક્ષ દેખાતો હતો. અર્થાત્ મોક્ષનો વિશ્વાસ આવતો હતો. ૨૬. તે સંતો અત્યંત ઘોર વનમાં જઈને રાતે એકલા રહેતા હતા. ત્યાં સિંહ કે દિપડાથી પણ ડરતા નહિ. ૨૭. ક્યારેક તો કોઈ ભયાનક જંતુઓ સંતોની પાસે પણ આવી જાતા, ક્યારેક તો કેટલાક ભૂત-પ્રેત આદિ પણ તે સંતોને ઘેરી લેતા હતા, ૨૮. છતાં સંતો તેનાથી લેશમાત્ર પણ ડરતા નહિ. હંમેશને માટે નિધડક થઈને રહેતા હતા. શ્રીહરિએ તે વખતે દિવાળી અને અન્નકોટ ભુજમાં કર્યો. ૨૯.

પછી ભુજથી ચાલ્યા તે **માંડવી** આવ્યા અને ત્યાંથી **હાલાર** પ્રદેશમાં આવ્યા. તે પ્રદેશના બધાં હરિભક્તોને દર્શન દઈને તૃપ્ત કર્યા. ૩૦. શ્રીહરિ જ્યારે ત્યાંથી ચાલ્યા તે **સોરઠ** પ્રદેશમાં આવ્યા. શ્રીહરિએ પ્રબોધિની એકાદશી **અગત્રાઈ** ગામમાં કરી. ૩૧. ભગવાન સ્વામિનારાયણે ત્યાં તે પ્રસંગે કેટલાક બ્રાહ્મણના બાળકોને જનોઈ અપાવી અને કેટલાક કન્યાદાન પણ કરાવ્યાં. પછી ત્યાંથી શ્રીહરિ **કાલવાણી** થઈને **માંગરોળ** ગામ આવ્યા અને બધાં હરિભક્તોને દર્શન દઈને તૃપ્ત કર્યા. ૩૨. ત્યાંથી પછી **લોજ**માં આવીને રહ્યા. ત્યાંથી ચાલ્યા તે **માણાવદર** ગામ આવ્યા. પછી ત્યાંથી નીકળીને **પીપલાણા** તથા **આખા** ગામમાં પણ રહ્યા. ત્યાંથી પછી શ્યામસુંદર શ્રીહરિ **ભાડેર** ગામ આવ્યા. ૩૩. ત્યાંથી **ધોરાજી** થઈને **ગિરનાર** આવ્યા અને ત્યાં થોડા દિવસ રોકાયા. પછી ત્યાંથી **જેતપુર** આવ્યા અને ત્યાં પણ ભગવાન સ્વામિનારાયણ કેટલાક દિવસ રહ્યા. ૩૪. પછી ત્યાંથી **ગોંડળ** શહેરમાં આવ્યા અને ત્યાંથી **બંધિયા** ગામ આવ્યા. ત્યાં કેટલાક દિવસ રહ્યા. ત્યાંથી હરિવર **સરધાર** આવ્યા અને પછી **કોટડા** ગામ આવ્યા. ૩૫.

શ્રીહરિ ત્યાંથી **રાયપર** ગામ આવ્યા. ત્યાં અરજણ, ત્રિકમ અને લક્ષ્મણ, એ નામે ત્રણ ભાઈ રાજગર સત્સંગી હતા. ૩૬. તે ત્રણે ભાઈનો પરિવાર - બાઈ ભાઈ બધાં જ સત્સંગી હતાં. તેમના નામ લખે પાર આવે તેમ નથી. ૩૭. કોટડા ગામના વાળા અટકના જે દરબાર, તેમના ગોર હોવાથી તેઓ રાજગર કહેવાતા હતા. ૩૮. પછી શ્રીહરિ રાયપર ગામથી ચાલ્યા. તે **કરિયાણા** ગામ આવ્યા. ત્યાં દસ-બાર દિવસ રોકાયા અને પછી ત્યાંથી ચાલી નીકળ્યા. ૩૯. **ગઢપુર**ધામ આવ્યા. ત્યાં પણ દસ-બાર દિવસ સુધી રહ્યા. અને પછી ત્યાંથી ઘનશ્યામ શ્રીહરિ ચાલ્યા તે **ઝીંઝાવદર** ગામ આવ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોદશ પૂરમાં 'મુક્તમુનિએ સંતોના કઠિન વ્રતમાનની વાત કહી અને શ્રીહરિ કચ્છમાંથી હાલાર સોરઠ થઈને કાઠિયાવાડ આવ્યા' એ નામે આઠમો તરંગ સમાપ્ત ॥૦૮॥



પૂર તેરમું : તરંગ - ૯

ડભાણમાં આવીને શ્રીહરિએ યજ્ઞની બધી તૈયારી કરાવી

શ્રીહરિ ઝીંઝાવદરથી **કારિયાણી** ગામ આવ્યા. તે પછી ભક્તવત્સલ સુખધામ શ્રીઘનશામ **કુંડળ** ગામ આવ્યા. ૧. ત્યાંથી પછી **સારંગપુર** થઈને **બોટાદ** આવ્યા. ત્યાંથી **નાગડકા** ગામ આવ્યા અને ત્યાં કેટલાક દિવસ રહ્યા. ૨. ત્યાંથી શ્રીહરિ ચાલ્યા તે **શિયાણી** ગામ આવ્યા. તે પછી ત્યાંથી ચાલીને શ્રીહરિ **મેથાણ** ગામ આવ્યા. ૩. તે પછી આનંદના મૂળકંદ ઘનશ્યામ શ્રીહરિ **રામગ્રી** ગામ આવ્યા અને ત્યાંથી પછી **કુંડાળ** ગામ આવ્યા. પછી ત્યાંથી **મેઉ** થઈને **વીજાપુર** ગામ આવ્યા. ૪. ત્યાંથી **ઉનાવા** થઈને **ઊંઝા** ગામ આવ્યા ત્યાંથી નીકળીને **વિસનગર** આવ્યા. ત્યાં કેટલાક દિવસ રોકાયા. ત્યાંથી અવિનાશી શ્રીહરિ **વડનગર** આવ્યા. ત્યાંથી નીકળીને સુખરાશિ શ્રીહરિ **પ્રાંતીજ**માં રહ્યા. ૫.

ત્યાંથી **માણસા** થઈને **કરજીસણ** આવ્યા. ત્યાંથી **ડાંગરવા** થઈને **વડુ** ગામમાં રહ્યા. ત્યાંથી **ઓલા** થઈને **સલકી** આવ્યા અને પછી ત્યાંથી **વહેલાલ** ગામમાં જઈને રહ્યા, તેના પછી **શ્રીનગર**માં આવ્યા. ૬. ત્યાંથી સર્વાન્તર્યામી પ્રભુ શ્રીસહજાનંદસ્વામી **જેતલપુર** આવ્યા. ત્યાંથી **ગામડી** થઈને **કણભા** ગામ આવ્યા. ૭. ત્યાંથી નીકળીને **ડભાણ** ગામ આવ્યા. ત્યાં જેટલા પાટીદાર હતા તે બધા હરિભક્ત થયા હતા. ૮. વિષ્ણુદાસ, બે રઘુનાથદાસ, અને અત્યંત ઉમંગી રાયજીભાઈ પટેલ હતા. તેને ઘેર આવીને શ્રીહરિ ઊતર્યા. તેઓ શ્રીહરિની મનભાવતી ઘણી જ સેવા કરતા હતા. ૯. જેટલા મુખી પટેલ હતા તે બધા શ્રીહરિની પાસે આવ્યા. અને બે હાથ જોડીને સહુ બોલ્યા, પ્રભુ ! આપ અમારી વિનંતીને સાંભળો. ૧૦.

હે મહારાજ ! આપે જેતલપુરમાં જેવો યજ્ઞ કર્યો હતો, તેવો યજ્ઞ અહીંયાં ડભાણમાં કરો. અહીં (અંગ્રેજી) રાજ્ય સારું જામી ગયું છે અને જે બધા ઉન્મત્ત-ઉદ્ધત હતા તે હવે ક્ષીણ થઈ ગયા છે. ૧૧. જે ઉદ્ધત ભેખધારીઓ છે તે અહીંના રાજ્યમાં ટકી શકતા નથી. જે મર્યાદા રહિત અને ઉન્મત્ત હતા, તેના નિયમન માટે તો હવે તેનું રાજ્ય સારું થયું છે. ૧૨. આપ જેવો સંકલ્પ

કરો છો તેવું બધું થાય છે, અમે મનમાં આવો નિશ્ચય કર્યો છે, તેમાં કાંઈ સંદેહ નથી. ૧૩. અનંત બ્રહ્માંડોમાં બધું આપનું જ ધાર્યું થાય છે, પણ જે વિમુખ લોકો છે, તે ક્યારેય આ બાબતને માનતા નથી. ૧૪.

સોરઠા : सबके कारण होइ, वर्तत हो प्राक्रत जन जिमि;
आश्चर्य बात हे सोइ, इनसे नहि आश्चर्य कोउ...१५

આપ સહુનું કારણ હોવા છતાં સામાન્ય પ્રાકૃત મનુષ્યની જેમ વર્તો છો. તે જ ખરેખર આશ્ચર્યની વાત છે. આનાથી વધારે આશ્ચર્ય બીજું કાંઈ કહેવાય નહીં. ૧૫. ડભાણ ગામના પાટીદારો જ્યારે આવું બોલ્યા, ત્યારે ધર્મકુમાર શ્રીહરિ તેમનો અપાર નિર્દોષભાવ જોઈને બોલ્યા. ૧૬. અમે જો યજ્ઞ કરીએ તો અહીં અપાર લોકો આવે. તેમાં જે હરિભક્તો હોય, તેઓ તો ક્યારેય ભૂલથી પણ અમારી આજ્ઞાને લોપે નહિ, પણ હરિભક્ત સિવાયના વિપ્ર અને બીજા વર્ણના લોકો આવે તેઓ કોઈ અમારું વચન માને નહિ. તેઓ તો મનફાવે તેમ વર્તે, કોઈની સાથે મારામારી કરે, કાંઈ વસ્તુની ચોરી કરે, ત્યારે ત્યાં આપણે શું ઉપાય કરવો ? માટે જો તમે બધાં અમારો અને સંત હરિભક્તોનો ક્યારેય અભાવ ન લો, તો અમે અહીંયાં યજ્ઞ કરીએ. અમે અહીંના રાજાને ઘણા બળવાન કર્યા છે. અમને હરિભક્તોનો વિશ્વાસ છે, તેઓ ક્યારેય અમારું વચન લગારેય લોપે નહિ. ૧૭-૨૦.

જો હરિભક્ત થઈને અમારું વચન ન માને, તો અમે તરત જ તેને સત્સંગથી બહાર કરી દઈએ છીએ. અમારી જે રીત છે તેને તમારી આગળ સ્પષ્ટ રીતે કહી છે. ૨૧. ત્યારે તે પાટીદારોએ કહ્યું, આ યજ્ઞમાં આવીને કોઈ કુસંગી કાંઈ તોફાન કરે તો તરત જ સરકાર તેને પકડી લે, એવી તેની પદ્ધતિ છે. ૨૨. તીર્થસ્થાનોમાં લાખો લોકો ભેળા થાય છે. પણ જ્યાં અંગ્રેજ સરકારનું રાજ્ય હોય છે ત્યાં તેની તે સંભાળ રાખે છે. ૨૩. કોઈની મર્યાદા કોઈ લોપતા નથી. ઠેકઠેકાણે તેઓ બરાબર રીતે તજવીજ રાખે છે. પ્રજાને બધી રીતે ખૂબ સુખી કરે તેવું, આના જેવું કોઈ રાજ્ય થયું જ નથી. ૨૪. આપ જ્યારે અહીંયાં યજ્ઞ કરશો ત્યારે બધી વાત આપને દેખાશે તેમાં કોઈ સંદેહ રહેશે નહીં. ૨૫.

ખોખરા-મહેમદાવાદમાં જે બન્યું હતું તેવું અહીંયાં ક્યારેય નહિ થાય. તે અંગે અમે તો આપને હાથ જોડીને વિશ્વાસપૂર્વક કહીએ છીએ. ૨૬. ત્યારે પાટીદારો આગળ શ્રીહરિ બોલ્યા, 'તો હવે અમે અહીંયાં જરૂર યજ્ઞ કરશું. તમે જેટલી તેમાં સેવા કરશો તેટલી તમારી ઉજ્જ્વળ કીર્તિ વધશે. ૨૭. તળાવ પાણીથી ભરપૂર છે. તેને નજીક ઉત્તર તરફના ભાગમાં કોઠાર કરીએ. ત્યાં બધી રસોઈ તૈયાર થાશે.' ૨૮. ગામના દરવાજા પૂર્વમાં અને પશ્ચિમમાં છે. બીજી બધી દિશાઓ તો કબજાબંધ છે. ગામના પશ્ચિમ દરવાજાને નજીક જગ્યા ઘણી સ્વચ્છ હતી. ૨૯. ત્યાં એક શિવાલય હતું. શ્રીહરિ ચાલીને ત્યાં આવ્યા. મંદિરની ચારે તરફની જગ્યા પણ ઘણી રમણીય હતી. ૩૦.

મંદિરની આગળના ભાગમાં બહુ મોટો અને વિશાળ વડ હતો. તેની વિશાળ છાયા ઘણી સુખરૂપ હતી. સર્વાન્તર્યામી પ્રભુ સહજાનંદસ્વામી ત્યાં છાયામાં સભા કરીને બેઠા. ૩૧. તે સમયે શ્રીહરિની સાથે ભાઈ રામદાસજીસ્વામી વગેરે સંતો હતા અને મયારામ ભટ્ટ આદિ હરિભક્તો પણ હતા. ૩૨. સભા અપરંપાર વિશાળ થઈ. બાઈ-ભાઈનો કોઈ પાર ન રહ્યો. ગામના હરિભક્તો ઘણા પ્રેમી હતા. કેટલાક દોડીને ગામમાં ગયા અને ઉપાડીને પલંગ લઈ આવ્યા. ૩૩. છાયામાં વડની ડાળે પલંગનો હિંડોળો બાંધ્યો અને પછી તેના ઉપર ધર્મકિશોર શ્રીહરિ બેઠા. બધાં હરિભક્તો કીર્તન ગાવા લાગ્યા અને ગામના ઢોલી આવીને ઢોલ વગાડવા લાગ્યા. ૩૪. તેમાં વચ્ચે ડુગડુગી વાગતી હતી અને તેમાં જે ઘડિયાળો વાગતી હતી, તેનો ખરો રસ જામતો હતો. ત્યાં ઘણા જ ફૂલહાર આવતા હતા. તેને ગણવાથી પણ કોઈ પાર પામી શકતા નહિ. ૩૫.

શ્રીહરિની નખશિખ સંપૂર્ણ મૂર્તિ અપાર ફૂલહારોથી ઢંકાઈ ગઈ હતી. પછી શિવાલયથી પશ્ચિમ બાજુના ભાગમાં યજ્ઞ માટેની જગ્યા દેખીને નક્કી કરી. ૩૬. તે સમયે તરત જ હંસ ઉપર બેસીને બ્રહ્માજી ત્યાં આવ્યા. અને તેમની સાથે વિશ્વકર્મા પણ અમૂલ્ય મંડપની રચના કરવા માટે આવ્યા. ૩૭. યજ્ઞકુંડ અને મંડપ નિર્માણને કહેનારા ગ્રંથોમાંથી જે સર્વોત્તમ ગ્રંથ લાવ્યા હતા, તેને બરાબર રીતે જોઈને તેમાં કહ્યા પ્રમાણે યજ્ઞકુંડ બનાવ્યો. ૩૮.

વ્યાસ આદિક મોટા મોટા ઋષિઓ ત્યાં વરણીમાં આવ્યા. સનકાદિકો, નારદજી, શુકદેવજી, વગેરે આવ્યા તે પ્રમાણે જ દેવગુરુ બૃહસ્પતિ અને ઋષિ શુક્રાચાર્ય પણ યજ્ઞમાં આવ્યા. યજ્ઞમાં ઉપયોગી બધા પાત્રોને લાવ્યા. વળી માર્કંડેયઋષિ પણ યજ્ઞમાં આવ્યા હતા. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોદશ પૂરમાં 'ડભાણમાં આવેલા શ્રીહરિએ યજ્ઞની બધી તૈયારી કરી' એ નામે નવમો તરંગ સમાપ્ત ॥૦૯॥



પૂર તેરમું : તરંગ - ૧૦

ડભાણમાં યજ્ઞ શરૂ કરાવીને શ્રીહરિ દરબાર જાલમસિંહજીને મળ્યા

ડભાણના યજ્ઞની વરણીમાં જેટલા ઋષિઓનું વરણ કર્યું, તેમની પૂજા કેસરચંદનથી ખુદ શ્રીહરિએ કરી. ૧. પ્રથમ વ્યાસની પૂજા કરી, તે પછી બ્રહ્માની, તેના પછી ગણપતિની અને છેવટે ઉદાર એવા માર્કંડેયની પૂજા કરી. ૨. જેટલા ઋષિઓ આવ્યા હતા તે સહુની પૂજા શ્રીહરિએ ઘણા હેતથી અનુક્રમે કરી. દર્શન કરનારા બધાં લોકોએ 'જય જય' 'જય જય' એમ બોલીને હર્ષનાદ કર્યો. ૩. યજ્ઞમાં ઉમા અને મહેશ બધાં પરિવારની સાથે અત્યંત હેતથી આવ્યા. તેમજ બધા ઈંદ્ર આદિ દેવો પણ આવ્યા. ૪. પૃથ્વી ઉપર યજ્ઞો તો અપાર થયા છે. પણ ક્યારેય આવો યજ્ઞ થયો હોય, તેવું સાંભળ્યું નથી. યજ્ઞનો આરંભ એવો થયો કે, તેનાથી પૃથ્વી, જળ અને તેજ, ત્રણેય તત્ત્વ પ્રસન્ન થયા. ૫. વાયુ અને આકાશ તત્ત્વ પણ ખૂબ પ્રસન્ન થયા. પાંચે મહાભૂતો પોતપોતાના ગુણથી સંપન્ન રહ્યા હતા. જે સમયે જે સામાનની જરૂર પડી તે તે સામાન તેમણે બહાર હાજર જ રાખ્યો હતો. ૬.

એકદમ તૈયાર બધો સામાન ક્યાંથી આવે છે ? તે કોઈને લગારેય ખબર પડતી ન હતી. ઘી અને ગોળના કોઠાર તો એક જ દિવસમાં ભરાઈ ગયા. ૭. ઘઉંના લોટનો કોઠાર, ચોખાનો કોઠાર, દાળનો અને મસાલાનો કોઠાર, એ બધા જ કોઠાર તે તે સામાનોથી અત્યંત છલકાતા ભરાઈ ગયા હતા. ૮.

ભટ્ટમેવાડા વિપ્ર નાનાભાઈને બધા જ કોઠારોની જવાબદારી શ્રીહરિએ સોંપી હતી. પીત્તળનાં, ત્રાંબાનાં અને લોઢાનાં નાનાં મોટાં ઠામ-વાસણોનો પણ એક કોઠાર કર્યો હતો. ૯. તે રીતે માટીનાં ઠામ-વાસણોનો પણ એક કોઠાર કર્યો હતો. રસોઈ બનાવવા માટેના લાકડાંનો એક પર્વત જેવો ઢગલો એક જ દિવસમાં કરી દીધો હતો. ૧૦. પડિયા અને પત્રાવળીનો પણ એક મોટો કોઠાર કર્યો હતો. મનમાન્યા ઘાસનો ઢગલો મોટા પર્વત જેવો કરાવ્યો હતો. તે ઘોડા અને બળદોને ખવડાવ્યે ખૂટે તેમ ન હતો. ૧૧.

યજ્ઞ થાય છે એવું યજ્ઞનું નામ સાંભળીને દેશેદેશના બ્રાહ્મણો આવવા લાગ્યા. પોષ સુદિ પડવાને દિવસ યજ્ઞનો આરંભ કર્યો. ૧૨. દેશેદેશમાં જેટલા સંતો અને હરિભક્તો હતા તેમને ગામે ગામ પત્ર લખ્યા અને યજ્ઞ ઉપર સહુને બોલાવ્યા. ૧૩. વડોદરા, નડિયાદ, મહેમદાવાદ, શ્રીનગર અને વિરમગામથી મોટા શાસ્ત્રીઓને બોલાવ્યા. ૧૪. 'મોટો યજ્ઞ થાય છે' એવું સાંભળીને ઉજ્જૈન, દ્વારકાધામ, સુરત અને સિદ્ધપુર સુધીના સારા વિપ્રો ત્યાં આવ્યા. ૧૫. તળાવથી ઉત્તર તરફ એક સારું મેદાન રાખ્યું હતું. એટલે તેમાં ગામની ચારેબાજુ અરધા અરધા કોશ સુધી વિપ્રો બધા ઊતર્યા હતા. ૧૬.

મોટા રસોડામાં એક હજાર જેટલા બ્રાહ્મણો તો રોજ લાડુ બનાવવામાં રહેતા હતા. તેઓ બધા એક હજાર મણ લોટના તળીને લાડુ બનાવતા હતા. ૧૭. તેમાં જાણી જોઈને ચારગણું ઘી નાખતા હતા. તેમનાં મનમાં સીધું સામાન ખુટવાડવાનો ભાવ રહેતો હતો. ત્યારે શ્રીહરિ કહેતા, જેટલું ભાવે તેટલું ઘી પંગતમાં બેસીને પેટ ભરીને પીઓ. ૧૮. કદાચ તળાવમાં પાણી ખૂટશે પણ અમારા કોઠારમાં ઘી ખૂટશે નહિ. જે કોઈ જાણીને ઘીની ચોરી કરતા પકડાશે, તો તેને અમે સભા વચ્ચે ચોરના રૂપમાં ઊભો રાખશું. ૧૯. અમારા જે હરિભક્ત વિપ્ર છે તે પંગતમાં ઘી પીરસશે અને હરિભક્ત વિપ્રો જ પંગતમાં લાડુને પીરસશે. ૨૦.

શ્રીહરિ જેવો પ્રબંધ કરતા હતા તેને તે બધા વિપ્રો તેવા રૂપમાં જ સ્વીકારીને તે પ્રમાણે કરતા હતા. જ્યારે બે ઘડી(૪૮ મિનિટ) દિવસ બાકી રહેતો ત્યારે વિપ્રોની પંગત થાતી હતી. ૨૧. શેર શેરના લાડુ બનાવાતા

હતા. મોટાને બબ્બે લાડુ અને નાનાને એક એક લાડુ, એમ પીરસાતું. પછી જોઈએ તે પ્રમાણે સહુને પીરસતા. ૨૨. હાથથી ખેંચાય એવી એકસો નાની ગાડીઓ કરાવી હતી. તેમાં દસ મણ જેટલા લાડુ ભરતા. બે વિપ્ર તે ગાડીને ખેંચતા અને બે પીરસતા રહેતા. ૨૩. રોજ ગાયોનું ઘી, પચીશ મણ જેટલું યજ્ઞમાં વારંવાર હોમતા રહેતા. સોનાના પરનાળા કરાવ્યા હતા. તેમાંથી ઘીની ધારા વહેતી રહેતી. ૨૪. યજ્ઞકુંડની ચારે દિશામાં એક એક, એમ ચાર પરનાળામાં ઘી સમાય નહિ એટલું વહેતું હતું.

શ્રીહરિ સવારમાં રોજ દર્શન દેવા યજ્ઞમંડપમાં જાતા હતા. ૨૫. ઋષિઓ નિત્ય કેસરચંદનની અર્ચા કરીને શ્રીહરિની પૂજા કરતા. ફૂલના હાર પહેરાવતા હતા. તેની શોભા કહી શકાતી નથી. ૨૬. પહેલા બે દિવસ શ્રીહરિ આ રીતે ત્યાં રહ્યા. ત્રીજને દિવસ ત્યાંથી નીકળીને **ઘોડાસર** ગામ આવ્યા. તે પછી **હાથનોલી(હાથરોલી)** ગામમાં આવ્યા. ૨૭. સંતોનું એક મંડળ ત્યાં આવ્યું હતું. બીજા અનેક સંતો ડભાણ ગામની બહાર આવીને રહ્યા હતા. ૨૮. ઘોડાસર ગામ (તા.મહેમદાવાદ) ના રાજા જાલમસિંહજી નામે હતા. તેમણે જ્યારે શ્રીજીમહારાજના સમાચાર સાંભળ્યા એટલે તેઓ તરત જ ત્યાં આવ્યા. ૨૯. આવીને શ્રીહરિના ચરણોમાં નમી પડ્યા અને બે હાથ જોડીને વિનંતી કરી, હે બહુનામી સ્વામી ! આપ કૃપા કરીને અમારે ઘેર આવ્યા પણ અમે તો આપને સામાન્ય સાધુના રૂપમાં માન્યા હતા. ૩૦.

આપ અમારી પ્રત્યે જે વચન બોલ્યા, તેવું સાધુને બોલતા આવડે નહિ. હે નાથ ! અમે બોલવા ઉપરથી ઓળખી શક્યા નહિ. મહારાજ ! હવે અમે હાથ જોડીને કહીએ છીએ. ૩૧. સુખકારી આપ આ દાસના ઉપર ઘણી મોટી કૃપા કરીને અમારા ગામમાં પધારો. ત્યારપછી તેમનો ઘણો ભક્તિભાવ જોઈને શ્રીહરિ હાથરોલીથી ઘોડાસર ગામમાં જવા માટે તૈયાર થયા. ૩૨. શ્રીહરિને સુખપાલમાં બેસાડ્યા અને પછી **ઘોડાસર** ગામમાં ફરીથી આવ્યા. રાજદરબારમાં ઉતારો કરાવ્યો અને ઘણી જાતના ભોજન તૈયાર કરાવીને શ્રીહરિને જમાડ્યા. ૩૩. કેસરચંદન ચરચી ફૂલહાર પહેરાવ્યા. આમ પૂજા કરીને આરતી ઉતારી. અમૂલ્ય વસ્ત્રો અને આભૂષણો પહેરાવ્યા. અને અનુપમ

રીતે ઘણી સેવા કરી. ૩૪. તે પછી રાજાના જે જે મુખી હતા તેમને દરેકને ઘેર પણ પધરામણી કરી. શ્રીહરિ ત્યાં એક રાત રહ્યા અને રાજા જાલમસિંહજીને બધી પરિસ્થિતિ કહી સંભળાવી. ૩૫.

ત્યારે જાલમસિંહજીએ કહ્યું, મહારાજ ! આ વખતે જો કોઈ પણ આવીને આપના યજ્ઞમાં વિઘ્ન કરે, તો હું તરત જ તેને કબજે કરી લઈશ. હું બધા સરબંદી(લશ્કર)ને લઈને આવું છું. ૩૬. એક, બે, ત્રણ લાખ જેટલા તીર-કમાનવાળા અમારા ભીલ તૈયાર જ હોય છે. જરૂર પડશે એટલે તરત જ ત્યાં આવીને ખડા થઈ જાશે. ૩૭. અત્યારે આપ કહો તેટલા ભીલોને લઈને આપની સાથે હું આવું. હું હાથ જોડીને કહું છું કે, હું આપની સેવા કરવા માટે તૈયાર છું. ૩૮. ત્યારે શ્રીહરિએ તેને કહ્યું, તમે થોડા ભીલોને લઈને અમારી સાથે આવો. મારાં વચન સહુનાં હિત માટેનાં હોય છે. વધારે કામ પડશે, તો અમે કહીશું. ૩૯. શ્રીહરિ રાજા જાલમસિંહજીની સાથે આટલી વાત કરીને ત્યાં પલંગ ઉપર પોઢી રહ્યા. સવાર થયું ત્યારે ઊઠ્યા અને પછી તૈયાર થઈને ચાલતા થયા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોદશ પૂરમાં 'ડભાણમાં યજ્ઞ શરૂ કરાવીને શ્રીહરિ રાજા જાલમસિંહજીને મળ્યા' એ નામે દસમો તરંગ સમાપ્ત ॥૧૦॥



પૂર તેરમું : તરંગ - ૧૧

ઘોડાસરથી નીકળેલા શ્રીહરિ કુણામાં રાત રહ્યા પછી સવારે ચાલ્યા

શ્રીહરિ ડભાણથી જ્યારે ઘોડાસર આવ્યા હતા ત્યારે સુરતના હરિભક્તોનો એક મોટો સંઘ ડભાણમાં આવીને રહ્યો હતો. ૧. વળતે દિવસ તે સંઘ ડભાણથી નીકળીને શ્રીહરિનાં દર્શન કરવા માટે ઘોડાસર આવ્યો. સહુએ શ્રીજીમહારાજનાં દર્શન કર્યા અને તેથી મનમાં અત્યંત આનંદ ઊભરાયો. ૨. સુરતના હરિભક્તો વિવિધ પ્રકારનો જરિયાની પોશાક લાવ્યા હતા. તે શ્રીહરિની આગળ ધર્યો અને પછી બધા બે હાથ જોડીને બોલ્યા, ૩.

सोरठा : तुम हो पूरणकाम, भक्त कु प्रसन्न करन हित;
अलौकिक अक्षरधाम, तिहाँ से इहाँ आये अब...०४

હે મહારાજ ! આપ તો પૂર્ણકામ છો. ભક્તોને સ્વસ્વરૂપનું સુખ આપીને રાજી કરવા માટે આપ અત્યારે દિવ્ય અક્ષરધામથી આવીને આલોકમાં પ્રકટ થયા છો. ૪.

चोपाई :

हरिजन के मनोरथ जेते, पुरण करन आये हो तेते;
तेहि जानी हम हरिजन जेता, पूजा लाये हे तुम हित तेता...०५

હરિભક્તોના જે જે મનોરથ હોય, તેને આપ પૂર્ણ કરવા માટે આવ્યા છો. એમ જાણીને અમે બધા હરિભક્તો આપને માટે પૂજા લાવ્યા છીએ. ૫. અત્યારે આપની જેવી મરજી હોય તેને અનુસારે અમે બધા આપની પૂજા કરીએ. તે સમયે રાજા જાલમસિંહજી શ્રીહરિની પાસે જ બેઠા હતા. તેઓ ઘણા જ ઉમંગથી શ્રીહરિની આગળ બોલ્યા, ૬.

'આ હરિભક્તો પૂજા કેવી લાવ્યા છે ? આવી પૂજા અમારા દેખ્યામાં ક્યારેય નથી આવી. માટે હે કૃપાળુ ! આપ હરિભક્તોની પૂજા અંગો ઉપર ધારણ કરીને અમને સહુને દર્શન આપી કૃતાર્થ કરો. ૭. આપ અમને પણ હરિભક્તોના જેવા જ માનો. હવે આપ કોઈનો પણ ડર રાખશો નહિ.' આવી રીતનાં તે જાલમસિંહજીનાં વચન સાંભળીને તે સમયે શ્રીહરિએ સુરતના ભક્તો જે પોશાક લાવ્યા હતા તેને પોતાના અંગ ઉપર ધારણ કર્યો. ૮. શરીર ઉપર જે વસ્ત્ર અને ઘરેણાં પહેર્યાં તે બધાં જ સોનાનાં હતાં. અશ્વનો બધો સામાન પણ સોનાનો જ લાવ્યાં હતાં. ૯. એક અબદાગીરી અને બે ચામર લાવ્યાં હતાં, તે પણ સુશોભિત અને સોનાનાં હતાં. દસ અવતારનાં જરીનાં ચિત્રવાળું છત્ર લાવ્યાં હતાં, તે શ્રીહરિનાં મસ્તક ઉપર ધાર્યું. ૧૦.

વિવિધ પ્રકારના મેવા મીઠાઈના અપાર થાળ ભરીને લાવ્યા. સુગંધી કેસરયુક્ત ચંદન શ્રીહરિનાં લલાટમાં તે વેળાએ ચરચ્યું. ૧૧. વચ્ચે કુંકુમનો ચાંદલો કર્યો. ફૂલહાર પહેરાવ્યા. મોતીના તોરા અને ભારે કલગી પાઘ ઉપર

ધારણ કરાવી. ૧૨. તે વખતે અમૂલ્ય એવી મોતીની છડી હાથમાં આપી. ચરણકમલ ઉપર પણ ચંદન ચરચીને પછી આરતી ઉતારી. ૧૩. તે સમયે શ્રીજીમહારાજની મૂર્તિ અપાર તેજસ્વી બની. શોભાનો તો કોઈ પાર ન હતો. દર્શન કરનારાને તૃપ્તિ જ થતી ન હતી. ૧૪. રાજા જાલમસિંહજી શ્રીહરિની મૂર્તિની શોભાને દેખીને અનુપમ વચન બોલ્યા, 'આપ સાક્ષાત્ ભગવાન છો તેમાં કોઈ ફેર નથી. ૧૫.

આપ ક્યારેય સારાં વસ્ત્ર અને આભૂષણોને મનમાં ચાહતા નથી. બહુ પ્રકારનાં ખાવાં-પીવાનાં પદાર્થો પણ આપની પાસે અણઈચ્છ્યા ઘણાં આવ્યા કરે છે. ૧૬. કેમ જે, ભગવાન હોય ત્યાં શું ન હોય ? આ મૂર્તિમાં જ તે બધી બાબત રહી છે. આપે પહેલા જેવા અમને સાધુનાં રૂપમાં દર્શન આપ્યાં હતાં એના એ જ આપ અત્યારે કેવા બની ગયા છો ? ૧૭. ગઈ કાલે આપ અહીંયાં એકલા જ આવ્યા, અમને કાંઈ જ પ્રતાપ જણાવ્યો નહિ. આજે તો બધા હરિભક્તોની સાથે કેવા સુશોભિત, અલૌકિક અને અદ્‌ભુત બની ગયા છો ? ૧૮. કેટલાક સંતોના મંડળ પણ આવ્યાં છે. શોભાનો તો કોઈ પાર રહ્યો નથી. હરિભક્તો પણ કેટલાં બધાં સુંદર કીર્તન ગાય છે ? આવાં કીર્તન તો અમે ક્યારેય સાંભળ્યા નથી.' ૧૯.

તે સમયે પછી શ્રીહરિ બોલ્યા, રાજન્ ! તમે તો ઘણા ધન્ય ભાગ્યશાળી છો. **આવા સંતોમાં જે પ્રેમ કરે છે તે તો સહેજે જ જગતને જીતી જાય છે.** ૨૦. **જેને આવા સંતો મળ્યા નથી તેમને તો કાળ, કર્મ, માયા, જમદૂત, જન્મ, મરણ અને લખચોરાશી વારંવાર દુઃખ દીધા જ કરે છે.** ૨૧. ગામ અને ગરાસ બહુવાર મળે છે. કોઈકવાર ઈંદ્રનાં જેવું સુખ પણ મળે છે. અપાર લોકો ચક્રવર્તી રાજા થઈ ગયા છે. પણ એ બધી બાબતો લગારેય દુર્લભ નથી. ૨૨.

चोपाई :

दुल्लभ में दुल्लभ बात हे एहू, एसे संत मिले जेहि तेहू;
भगवान के धाम को सुख जेतो, एसे संत में रहे हे तेतो...२३

गरीब जेसे देखावत एही, भगवान की मरजी में वर्तत तेही;
त्रिलोकी के भूप जेहि होई, भगवान की मरजी लोपत सोई...२४

જેને આવા સંતો મળે એ જ દુર્લભમાં દુર્લભ વાત છે. ભગવાનનાં ધામનું જે સુખ છે, તે પણ આવા સંતોમાં રહ્યું છે. ૨૩. છતાં આ સંતો ગરીબના જેવા દેખાય છે અને તેઓ ભગવાનની મરજી પ્રમાણે જ રહે છે. જો કોઈ ત્રિલોકીનો રાજા થઈને ભગવાનની મરજીનો લોપ કરે છે, તો તેનો ક્યારેય સુયશ થતો નથી. ભલે અનેક પ્રકારના હુન્નર કર્યા કરે, પણ તેનાથી લખચોરાશીનાં દુઃખ લગારેય છૂટતા નથી. ૨૪-૨૫. કાળ, માયા, કર્મ, જમપુરી અને જન્મ-મરણનાં દુઃખ તેને ક્યારેય છૂટતાં નથી અને ક્યારેય સુખ પણ મળતું નથી. ૨૬.

શ્રીહરિએ આટલી વાત કરી ત્યારે બપોર થઈ ગયા હતા. હરિભક્તો કીર્તન ગાતા હતા. તે પછી શ્રીહરિએ ચાલવાની તૈયારી કરી. ૨૭. જાલમસિંહજી પણ સાથે ચાલ્યા. તેમણે પોતાના સરબંદીને સાથે લીધા હતા. નવરંગ (મોહક) ડંકા, નિશાન અને ચોપદાર પણ સાથે આવ્યા. ૨૮. ડંકા, નોબત, રણશીંગી, તુરાઈ, ભેરી અને પડઘમ જેવા વાજિંત્રો વાગતા હતા. રાજાએ સોનેરી સુખપાલ લાવીને તેમાં શ્રીહરિને હરખભેર બેસાડ્યા. ૨૯. રાજાએ સુખપાલ ઉપાડી. કૃપાળુ શ્રીહરિ તેને 'ના' 'ના' એમ કહેતા રહ્યા, તોપણ તેણે પા કોશ સુધી સુખપાલ ઉપાડી. બધા વાજિંત્રોનો તીવ્ર ઘોષ થઈ રહ્યો હતો. ૩૦.

શ્રીહરિ ગામ વચ્ચે રાજમાર્ગ ઉપર ચાલ્યા. હજારો ગામ લોકો દર્શન કરતા હતા. ગામની બધી ભાવિક સ્ત્રીઓ થાળમાં મોતી ભરી લાવીને તેનાથી શ્રીહરિને વધાવતી હતી. ૩૧. લોકો ફૂલહાર લાવીને પહેરાવતા. સૌને શ્રીહરિ ઉપર અપાર હેત વધતું હતું. ગામના કેટલાક ભાવિક લોકો ફૂલોની વૃષ્ટિ કરવા લાગ્યા. ૩૨. તે સમયે પચરંગી ફૂલો જેમાં ખીલ્યા હોય એવા ફૂલબાગ જેવો રાજમાર્ગ સુશોભિત દેખાતો હતો. ચારેબાજુ સુગંધ સુગંધ છવાઈ ગયો હતો. શ્રીહરિ આવ્યા ત્યારે આવી શોભા બની હતી. ૩૩. ગામના લોકો દૂર સુધી વળાવવા આવ્યા ત્યારે શ્રીહરિ કહે, હવે અમે નિશ્ચિંત રીતે ચાલશું. ત્યારે રાજા જાલમસિંહજીએ કહ્યું, મહારાજ ! હું ઘોડા ઉપર બેસું છું અને આપ સુખપાલમાં જ બેસી રહો. ૩૪. પછી રાજા તરત જ ઘોડે સવાર થયા. તે

જોઈને પરમ અનુપમ શોભા સંપન્ન શ્રીહરિ ઘણું રાજી થયા. આગળ વનમાં ઘાટી છાંયાવાળા આંબાના વૃક્ષ ઘણા આવ્યા. ૩૫.

તે જોઈને શ્રીહરિ બોલ્યા, આ વન તો વૃંદાવન કરતાંએ ઘણું સુખકારી છે અને અમને બહુ ગમે છે. મોટા મોટા શહેરો પણ આટલાં સુંદર લાગતાં નથી. મોટી મહેલાતો અને હવેલીઓ પણ આની તુલનામાં અમને લેશમાત્ર પણ ગમતી નથી. ૩૬. અમે મોટા મોટા બાગબગીચાઓ ઘણા જોયા છે. પણ તે બધા વન, પર્વત, નદીઓ અને મોટા સરોવરના જેવા અમને ગમતા નથી. ૩૭. રાજા શ્રીહરિની નજીક ચાલતા હતા. શ્રીહરિ જ્યારે રાજાની સાથે વાત કરતા હોય ત્યારે તેઓ જી, જી, એમ મુખથી બોલતાં બોલતાં માર્ગમાં ચાલતા હતા. ૩૮. આગળ ચાલતા **કુણા** (તા.મહેમદાવાદ) ગામ આવ્યું. ત્યાં મુકામ કર્યો. ગામમાં વસ્તાભાઈ નામે એક હરિભક્ત રહેતા હતા. ૩૯. તેનું ઘર નદીને કાંઠે હતું. એક મોટું આંબાનું ઝાડ હતું, તેની નીચે રાત રહ્યા. સવારે ઊઠ્યા અને નદી ઊતરીને ઉતાવળા ઉતાવળા ચાલતા થયા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોદશ પૂરમાં 'ઘોડાસરથી નીકળેલા શ્રીહરિ કુણામાં રાત રહ્યા અને સવારે ચાલતા થયા' એ નામે અગિયારમો તરંગ સમાપ્ત ॥૧૧॥



પૂર તેરમું : તરંગ - ૧૨

સુરતના ભક્તોની પૂજા અને ભક્તોને શ્રીહરિનાં દર્શન

જ્યારે શ્રીહરિ કુણા ગામની નદીને કિનારેથી ચાલતા થયા, ત્યારે અરધો કોશ જેટલું ચાલ્યા હશે ત્યારે ભાઈ રામદાસજીસ્વામીએ મોકલેલા, બે ચતુર સંતો સૂર્યોદય થતાં જ શ્રીહરિની પાસે આવ્યા. એ આનંદાનંદસ્વામી આદિ બંને સંતો ત્યાં આવીને ઘણા જ ઉમંગથી શ્રીહરિના ચરણોમાં પડ્યા. ૧-૨. પછી હાથ જોડીને બોલ્યા, 'મહારાજ ! મોટા મોટા બધા કાઠી દરબારો આપની સન્મુખ દોડ્યા આવે છે. એટલે ભાઈ સ્વામીએ તેના સમાચાર આપવા અમને મોકલ્યા છે.' ૩. પછી શ્રીહરિએ જાલમસિંહજીને બોલાવીને

કહ્યું, મોટા મોટા કાઠી દરબારો જે હરિભક્ત થયા છે, તેઓ આપણી સામે આવી રહ્યા છે. ૪. સ્વામી કહેવડાવે છે કે, તે દરબારો એકસો જેટલા છે. ઘોડે સવાર થઈને આવ્યા છે. સહુએ સોનેરી કવચ પહેર્યા છે અને સહુ સાથે ચાલે છે એટલે ઘણા સુશોભિત દેખાય છે. ૫.

સોનાની ઢાલ અને તલવાર કમરે બાંધીને મતવાલા થયેલા તે દરબારોએ હાથમાં એકએક સોનેરી ભાલો લીધો છે અને તેથી તેઓ ઘણા રૂપાળા લાગે છે. ૬. બીજી બાજુ રાજા જાલમસિંહજી આપની સાથે આવે છે, એટલે તેમના સરબંદીઓ પણ છે, તેઓ પણ વિવિધ પ્રકારના ધનુષ્ય ને બાણથી સજ્જ છે અને તેઓ પણ મસ્તીખોર(અટારા) જણાય છે. ૭. આ બાજુથી હરિભક્ત કાઠીઓ સામે આવી રહ્યા છે. તેથી સરબંદીઓમાં અને કાઠીઓમાં વિવાદ કરવા દેશો નહીં. કાઠી અને કોળીઓનો સહજ એવો સ્વભાવ હોય છે કે, તેઓ વિવાદ કર્યા વિના છાના રહેતા નથી. ૮. આમને સામને દારૂ ભેળો થાય અને તેમાં એક રતીભાર પણ આગનો તણખો પડે, તો કોઈપણ ઉપાય કરીએ છતાં ભડકો થયા વિના રહે જ નહિ. માટે જે ચતુર હોય તે દારૂમાં તણખો ન પડે, તેની સાવધાની રાખે છે. ૯. વિચક્ષણ ગારુડી સાપને કરંડિયામાં રાખે છે, છતાં તે ક્યારેય તેનો વિશ્વાસ કરતો નથી. જો વિશ્વાસ રાખે તો સાપ ગારુડીનો નાશ કરે છે. ૧૦.

સિંહ, સર્પ અને વીંછીના જેવા સ્વભાવવાળા મનુષ્યોની સાથેનો પ્રસંગ તો, આગ અને ઝેરની વચ્ચે સૂવા જેવો જોખમી દેખાય છે. ૧૧. ભાઈ રામદાસજીસ્વામીએ જે વાત કહેવડાવી હતી, તે સંતોએ શ્રીહરિને એકાંતમાં કહી. ત્યારે શ્રીહરિ કહે, આ વાત તો એવી જ છે. આ વાત અમારા અંતરમાં પેસી ગઈ છે. ૧૨. અત્યારે જે વાત થઈ, તે ભલે થઈ. પણ આપણા ગુરુ બહુનામી રામાનંદસ્વામી ઘણા સમર્થ છે. તેઓ આવીને આપણને સહાય કરશે. ૧૩. ભાઈ સ્વામી સાચું કહે છે. તેઓ વૃદ્ધ છે અને બુદ્ધિમાન છે. હવે આપણે તે બાબત ધ્યાનમાં રાખશું. ભૂલ થવા નહિ દઈએ. ૧૪. તેની સંભાળ ખૂબ રાખશું; એમ કહીને ચાલતા થયા. મનમાં ખૂબ જ રાજી થયા. આગળ એક કોશ જેટલું ચાલ્યા હશે. ૧૫.

શ્રીજીમહારાજ પધારે છે એવી ખબર ડભાણમાં સહુને થઈ. સુખપાલમાં બેઠેલા ભગવાન સ્વામિનારાયણ ખૂબ જ સોહામણા લાગે છે. ૧૬. ડંકા, નિશાન, નોબત, રણશિંગી અને તુરાઈ આદિ વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગતાં હતાં અને તેનાથી બધું આકાશ ગાજતું હતું. ૧૭. ચોપદાર 'જય જય' 'જય જય' બોલીને જયઘોષ કરતા હતા. તે સમયની શોભા એટલી અદ્‌ભુત હતી કે, તે કહી શકાતી નથી. આગળ અબદાગીરી હતી અને શ્રીહરિનાં મસ્તક ઉપર છત્ર ધારણ કરેલું હતું. ૧૮. સુરતના હરિભક્તો - શેઠ ભાઈચંદભાઈ, ગોવિંદભાઈ, લક્ષ્મીચંદ, ભિખારીદાસ અને ઘણા જ ઉત્સાહીભક્ત ગિરધરભાઈ ૧૯. એ બધા મળીને શ્રીહરિને માટે સારા જરિયાની વસ્ત્ર લાવ્યા છે અને વિવિધ પ્રકારનાં સોનાનાં ઘરેણાં લાવ્યા છે. હીરાના અને મોતીના હાર લાવ્યા છે. તે બધાં વસ્ત્રાલંકારાદિ શ્રીહરિએ પહેર્યાં છે. ૨૦. **ભગવાન સ્વામિનારાયણની મૂર્તિ બધાં શણગારોને પ્રકાશી-શોભાડી રહી છે. મૂર્તિ તો રૂપ રૂપનો ભંડાર બની છે.'**

આવી વાત જ્યારે સહુ હરિભક્તોએ ડભાણમાં સાંભળી ત્યારે તે દર્શન કરવાના તાનવાળા બધા ભક્તો સન્મુખ દોડ્યા. ૨૧. રસોઈ બનાવનારા રસોઈ બનાવવાનું પડ્યું મૂકીને શ્રીહરિનાં દર્શન કરવા માટે અનુરાગી થયા. અરધા કોશ જેટલા વિશાળ ભૂભાગમાં નરનારી બધાં ભક્તો દર્શન કરવાં દોડ્યાં જાતાં હતાં. ૨૨. પુરુષોના સમૂહમાં પુરુષો અને સ્ત્રીઓના સમુદાયમાં સ્ત્રીઓ, પોતાનો ધર્મ વિચારીને દોડ્યાં જાતાં હતાં. સમુદ્રની વેળ જેમ ચઢે તેવી તે જન સમુદાયની શોભા બની હતી. ૨૩. સહુએ હાથમાં ફૂલહાર લીધાં હતાં. એટલે આખો વનપ્રદેશ માનો, ફૂલોનો બાગ હોય, તેવો દેખાતો હતો. વયોવૃદ્ધ ભાઈ રામદાસજીસ્વામી સહુ સંતોને લઈને સન્મુખ ચાલ્યા. ૨૪. યજ્ઞના કામમાં જે જ્યાં જોડાયેલા હતા તેઓ સમય જોઈને પોતાના કામમાં તત્પર રહ્યાં. ૨૫. છતાં પણ ભાઈસ્વામીએ સહુને સાવધાન કરી ચેતવી દીધા હતા.

કાઠી દરબારો પોતાના અશ્વોને સજ્જ કરી દોડાવીને શ્રીહરિની સન્મુખ ચાલ્યા. ૨૬. કમાનમાંથી જેમ તીર છૂટે તેમ અત્યંત વેગથી તે દરબારો

ઘણા આનંદથી ભરપૂર રહીને એક એકથી આગળ નીકળી જતા હતા. ૨૭. શ્રીહરિની નજીક જ્યારે આવી ગયા ત્યારે બંદૂકોના અવાજ કર્યા. બધા દરબારો અશ્વ ઉપરથી ઊતરી ગયા અને સહુ દંડવત્ પ્રણામ કરવા લાગ્યા. ૨૮. સહુ આવીને શ્રીહરિનાં ચરણોમાં પડ્યા. પ્રેમના આવેગથી ગળું ભરાઈ આવ્યું અને સહુ ગદ્ગદ કંઠ થઈ ગયા. બધાનો આત્મા શ્રીહરિની મૂર્તિમાં લીન થઈ ગયો હોય તેમ દેખાતું હતું. ૨૯. ભક્તો જે ફૂલહાર લાવ્યા હતા તે શ્રીહરિને પહેરાવી દીધા. મૂર્તિ આખી ફૂલથી ઢંકાઈ-ભરાઈ ગઈ. તેનાથી આખા બ્રહ્માંડની શોભાને મૂર્તિએ દબાવી દીધી. ૩૦.

તે સમયે શોભા એટલી સરસ બની કે, તેના પહેલા આવી શોભા ક્યારેય કોઈએ દેખી ન હતી. શ્રીહરિની મૂર્તિની શોભાની આગળ અન્ય બ્રહ્માંડોની શોભા તો અત્યંત ઘાટા અંધારા જેવી જણાતી હતી. તે સમયે ત્યાં રહેલા રાજા જાલમસિંહજી કાઠીઓનું હેત જોઈને, શ્રીહરિ આગળ હાથ જોડીને બોલ્યા, બધાની દોરી એક આપના હાથમાં જ છે. આ બધા કાઠીઓ ભીંતે આળેખેલા ચિત્ર જેવા થઈ ગયા દેખાય છે. ૩૧-૩૩. તે રીતે તેમના બધા અશ્વો પણ ચિત્રામણ જેવા થઈ ગયા છે. બધા અશ્વોના નેત્રો આપની મૂર્તિમાં કેવા ચોંટી ગયા છે ? અશ્વને કોઈએ પકડ્યા નથી. તરત છૂટા મૂકી દીધેલા છે. ૩૪. આમાં બધી જ ઘોડીઓ છે અને ઘોડો તો માત્ર એક જ છે. મને અલૌકિક બાબત તો તે એક જ દેખાય છે કે, આ એક ઘોડો છે તે કોઈ ઘોડીની સામે દેખતો પણ નથી. ૩૫.

અહીંયાં બધી સ્ત્રીઓ દૂર રહીને પગે લાગે છે. કોઈપણ પુરુષને પોતાનું મુખ દેખાડતી નથી. અમે જ્યારે અમુક તીર્થધામમાં દર્શન કરવા જાઈએ છીએ, ત્યારે ત્યાં અમને ઘણો જ અધર્મ થતો હોય, તેવું દેખાય છે. ૩૬. ત્યાં સ્ત્રી અને પુરુષોનો અલગ કોઈ વિભાગ જ હોતો નથી. બધું એકાકાર થઈ ગયું હોય છે. મૂર્તિનાં દર્શન થાય છે, તેને જ એક લાભ માને છે. ૩૭. જે જે તીર્થો છે, ત્યાં બધે સ્ત્રી-પુરુષનો કોઈ વિભાગ રહેતો નથી. બધા ભેળા થઈ જાય છે ત્યારે તેમાં મન કઈ રીતે શુદ્ધ રહે ? ૩૮. **લોકો પાપોથી છૂટવા અને મનોવાંછિત ફળ મેળવવા માટે પ્રેમથી તીર્થયાત્રા કરતા**

હોય છે. પણ તીર્થમાં અનીતિ થતી હોય તેની કોઈને ખબર પડતી નથી. ૩૯. તીર્થમાં આવીને જે પ્રકારે પાપ કરે છે તે કઈ રીતે માફ થાય ? તીર્થોમાં કરેલું પાપ તો કરોડગણું થાય છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોદશ પૂરમાં 'સુરતના ભક્તોએ શ્રીહરિની પૂજા કરી અને ભક્તો દર્શન કરવા દોડ્યા' એ નામે બારમો તરંગ સમાપ્ત ॥૧૨॥



પૂર તેરમું : તરંગ - ૧૩

જાલમસિંહજી અને સંઘની સાથે શ્રીહરિ ડભાણ આવ્યા

શ્રીજીમહારાજે રાજા જાલમસિંહજીની વાત સાંભળી. પછી ઘણા ઘણા ગુણોના ભરેલા જહાજ જેવા શ્રીહરિ તરત જ બોલ્યા, **તીર્થ અને ભગવાનની મૂર્તિમાં જેને જેવો શુદ્ધભાવ હોય તેટલું તેને ફળ તીર્થ અને મૂર્તિ આપે જ છે, એવી રીત છે. ૧-૨. પોતાનો ધર્મ પાળીને જે તીર્થને અને મૂર્તિને સેવે છે તેને તેનું અલભ્ય ફળ તત્કાળ મળે જ છે.** ૩. અને જે પોતાના ધર્મનો ત્યાગ કરીને તીર્થને અને મૂર્તિને સેવે છે, તો તેની અતિશય ભયંકર દુર્ગતિ નિશ્ચિતરૂપમાં થાય છે. ૪. ધર્મમાં જેટલું ફળ રહ્યું છે તે ધર્મ પાલન કરનારાને મળે છે. અને અધર્મ કરવાનું જે પાપરૂપ ફળ હોય છે તે અધર્મ કરનારાને અવશ્ય મળે છે. ૫.

❋ તીર્થયાત્રાની સફળતા વિશે :

चोपाई :

तीर्थ मूर्ति फल देवत दोऊ, भावे तेसे जन लेवत सोऊ;
तीर्थ मूर्ति कहावत जेहा, सतपुरुष विन फलत न तेहा...०६

धर्म अधर्म तीर्थ में जाई, जेसो जो जन करत ताई;
ताको फल वज्रलेप होई, मिलत हे जेसो करत सोई...०७

यामें जूठ नहीं हे लगारा, वेद पुराण कहत वारवारा;
धर्म छोरी करे जेते उपाया, घोर नर्क तेहि फल रहाया...०८

તીર્થ અને મૂર્તિ, તે બંને ચોક્કસ ફળ આપે છે. પણ જેને જેવો ભાવ હોય તેવું પાપરૂપ કે પુણ્યરૂપ ફળ મળે છે. તીર્થ અને મૂર્તિ, એ બે સત્પુરુષ વિના ફળતા નથી. ૬. તીર્થમાં જઈને જે મનુષ્ય જેવું ધર્મરૂપ કે અધર્મરૂપ કર્મ કરે છે, તેને તેવું ફળ વજ્રલેપ થઈને મળે છે, એમાં જરાયે મિથ્યા નથી. વેદો અને પુરાણો વારંવાર તે કહે છે. ધર્મનો ત્યાગ કરીને બીજા જેટલા ઉપાય કરે છે, તેનું ફળ તો ઘોર નરક રહ્યું છે. ૭-૮. જે લોકો વેદને અને પુરાણોને માને છે, તે જ મનુષ્ય જાતિના કહેવાય છે. કારણ કે, જે ધર્મ અને અધર્મ કહેવાય છે તે બધા વેદ અને પુરાણોમાં જ કહ્યા છે. ૯. તે શાસ્ત્ર ભાગ્યશાળી પુરુષને અધર્મનો ત્યાગ કરવાનું અને ધર્મનું પાલન કરવાનું કહે છે. માનવ શરીરમાં બે મોટા દ્વાર છે. તેમાં એક ઉત્તમ દ્વાર છે અને બીજું અધમ-નીચ છે. ૧૦.

તેમાં જે ઉત્તમ દ્વાર છે તે જગતમાં રહેલા બધા ઉત્તમ રસોને ગ્રહણ કરે છે, અને તે ઉત્તમ રસનો જેટલો મળ હોય છે તેને અધમ મળદ્વાર તજી દે છે. ૧૧. અને તેમ મળનો ત્યાગ થાય ત્યારે જ શરીરમાં ઘણું સુખ રહે છે. જો મળત્યાગ બંધ થાય તો અપાર દુઃખ થાય છે. પરમેશ્વરે જે જે નિર્માણ કર્યું છે, તે બધું ઘણું જ આશ્ચર્યજનક દેખાય છે. ૧૨. ઉત્તમ દ્વાર છે તે હિતને માટે છે અને અધમ છે તે પણ હિતને માટે જ છે. જો તે બરાબર રીતે સમજાય નહિ તો વિપરીત જણાય છે. ૧૩. જ્યાં જેવું યોગ્ય હોય ત્યાં તેવી વાત કરાય, પણ જ્યાં બુદ્ધિ પહોંચે નહિ ત્યાં શું કરવું ? ફાવે તેવી વાત કરે પણ તે નિષ્ફળ જાય. ૧૪. પરમેશ્વરે જે કાંઈ નિર્માણ કર્યું છે, તે બધું જોઈ વિચારીને જ કર્યું છે, પણ તે મનુષ્યની બુદ્ધિમાં આવતું નથી. ક્યાં જીવ અને ક્યાં પરમેશ્વર ? જીવ ક્યાંથી સમજે ? ૧૫.

શ્રીહરિએ રાજા જાલમસિંહની આગળ આટલી વાત કહી. તે વખતે ઘણા લોકોને સમાધિ થયેલી જોઈ તેઓ અત્યંત દીન થઈ ગયા. પછી હાથ જોડીને તે બોલ્યા, મહારાજ ! આપ આ કાઠી દરબારોને દેહમાં લાવો. જાગ્રત કરો. આપ તો મહાન સમર્થ અને અંતર્યામી છો. તે રાજાનાં વચન સાંભળીને દયાળુ, શ્રીહરિએ તત્કાળ કાઠી દરબારોને દેહમાં લાવી જાગ્રત કર્યા. ૧૬-૧૭.

ભાઈ રામદાસજીસ્વામી વગેરે સંતો આવ્યા, તેમણે શ્રીહરિનાં ચરણોમાં મસ્તક નમાવ્યા અને પગે લાગ્યા. દરબાર અલૈયા ખાચર આવ્યા હતા. તેઓ ઘણા જ હેતથી રૂપની ખાણ હોય તેવો એક અશ્વ લાવ્યા હતા. ૧૮. સુરતથી આવેલો જે જરિયાની સાજ હતો તે નવા આવેલ અશ્વ ઉપર મૂકીને તેને શણગાર્યો. તેનાથી તે અશ્વ સોનામય અને મોતીમય બની ગયો. તેના માથા ઉપર સુંદર કલગી ધરાવી. ૧૯. અશ્વની શોભા અપાર થઈ. ત્રિલોકીમાં તેના જેવો બીજો કોઈ અશ્વ ન હતો. બધા ઇંદ્રાદિ દેવો અને રાજાઓ તેને દેખીને આશ્ચર્યચકિત થઈ ગયા. ૨૦.

વાહનમાત્ર જે કહેવાય છે, તે બધાં શ્રીહરિના અશ્વમાં જાણે લીન થઈ ગયા હોય, એવું લાગતું હતું. રૂપનાં મહાન મણિ જેવો તે મહાન અશ્વ શ્રીહરિને સમર્પણ કર્યો. ૨૧. સર્વ સુખોનું મૂળ એવા ધર્મનંદન શ્રીહરિ સુખપાલમાંથી ઊતરીને તે અશ્વ ઉપર બેઠા. બધા લોકો 'જય જય' 'જય જય' એમ જયનાદ કરતા હતા, ત્યારે શ્રીહરિ તે અશ્વને પ્રેમથી ફેરવવા લાગ્યા. ૨૨. શ્રીહરિની મૂર્તિ ઉપર જેટલા ફૂલ ધારેલા હતા, તે બધાં ખરીને ચારેબાજુ એકધારા વરસવા લાગ્યા. જેટલી ભૂમિ ઉપર અશ્વ ફેરવ્યો તેટલામાં બધા ફૂલ પથરાઈ ગયા. ૨૩. શ્રીહરિએ જ્યારે તે અમૂલ્ય અશ્વને કુંડાળે ફેરવ્યો ત્યારે તેની શોભા અજોડ બની હતી. જેમ સળગતું ઊંબાડિયું વેગથી ફેરવે ત્યારે જેવું એકતાર કુંડાળું થઈ જાય છે, તેમ ચક્રાકારે અશ્વ ઉપર ગોળ ગોળ ફરતા શ્રીહરિ ચક્રાકારે લાગતા હતા. તે અશ્વની સાથે એકતાર થયેલી મૂર્તિને ભક્તોએ અંતરમાં ધારી લીધી. ૨૪-૨૫.

શ્રીહરિએ અશ્વને કુંડાળે ફેરવ્યો તે જોઈને જાલમસિંહજી ઘણું વિસ્મિત થઈ ગયા. તેણે પોતાની આંખોથી આવો કોઈ બીજો ઘોડેસવાર ક્યારેય દેખ્યો ન હતો. ૨૬. તેઓ વિચારતા હતા કે, મને શ્રીહરિએ સાથે લાવીને બહુ કૃતાર્થ કર્યો છે. શ્રીહરિનાં અલૌકિક ચરિત્રોને દેખીને મનમાં રંગ-ઉત્સાહ ઘણો જ વધી ગયો. ૨૭. ભક્ત તુલસીદાસ આવીને જ્યારે સત્સંગની વાતો કહેતા ત્યારે તે પૂરું મનાતું નહિ. પણ આજે તે વાતો પાકી થઈ છે. ૨૮. તેઓ બોલ્યા કે, હવે જે સંતો અમારી પાસે આવીને આપની અને

સત્સંગની જે વાતો કહેશે, તે ક્યારેય ખોટી નહિ લાગે. ૨૯. હવે તો કોઈ પણ હરિભક્ત સત્સંગની વાત કરશે તેને અમે આદરભાવ સાથે સાંભળશું. તેમાં આપની વાત તો સહુથી ઉપરની છે અર્થાત્ સર્વોપરી છે અને તે અમે પાકું ધારી લીધું છે. ૩૦.

પછી શ્રીહરિ ત્યાંથી ચાલતા થયા અને **ડભાણ** ગામની નજીકમાં આવ્યા. જેમ ભાથામાં દાબી દાબીને તીર ભર્યાં હોય છે, તેમ બધાં નર-નારીઓ ભીડામાં ઊભા જણાતાં હતાં. ૩૧. લોકોનાં નેત્રરૂપી ચકોર શ્રીહરિનાં મુખરૂપી ચંદ્રમા એ રીતે ચોંટીને એક તાન થઈ ગયા હતા કે, કોઈને પોતાનાં શરીરનું ભાન રહ્યું ન હતું. ૩૨. ત્યાં શ્રીહરિને બેસવા માટે નિષ્કુળાનંદસ્વામીએ બે સિંહાસન બનાવ્યાં હતાં. ઉત્તર અને દક્ષિણ તરફ બે ખેતર હતાં અને તેની વચ્ચે ઘણો પહોળો માર્ગ રાખ્યો હતો. ૩૩.

સુખદાયક શ્યામસુંદર શ્રીહરિએ પહેલા તો તે બે સિંહાસન દેખ્યા અને ઘણું રાજી થયા. આ બંને બેઠકો સારી કરી છે અને અમને નજરમાં આવી ગઈ - ગમી ગઈ છે. ૩૪. આટલું બોલીને ભક્તોના મનોરથોને પૂર્ણ કરનારા સુખરાશિ અને અવિનાશી શ્રીહરિ આગળ ચાલતા થયા. જાલમસિંહજીના સરબંદી એક લાખ કોળી હતા. ૩૫. તેમને જ્યાં બધા સંઘ ઊતર્યા હતા તેનાથી દૂર ઊતાર્યા. ફરતા ગામમાં રહેતા જે લોકો હતા, તેઓ બહુ સરબંદી કોળીઓ આવ્યા છે, તે વાત સાંભળીને તેમને જોવા આવ્યા. ૩૬.

ફરતા ગામના લોકોએ પોતાની સારી સારી વસ્તુઓને સંતાડી દીધી. ચોક્કસ આ સરબંદીઓ ગામને લૂંટશે, એમ તેઓ મનમાં ધારી બેઠા હતા. ૩૭. ધર્મકુમાર શ્રીહરિએ રસોડામાં બધા પાક અને રસોઈ દેખી. યજ્ઞ પણ દેખ્યો અને પછી ગામમાં આવ્યા. ૩૮. જે વેપારીઓએ સંઘની વચ્ચે દુકાનો કરી હતી તેઓ પણ સરબંદી કોળીઓને દેખીને ઘણા જ ડરી ગયા. ૩૯. પછી તે બધા વેપારીઓ પરસ્પર મળીને શ્રીહરિની પાસે આવ્યા અને સહુ પોકાર કરીને કહેવા લાગ્યા કે, અહીંયાં તો આ કોળી બહુ આવ્યા છે, તે અમારી દુકાનો ચોક્કસ લૂંટી લેશે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોદશ પૂરમાં 'જાલમસિંહજી અને સંઘની સાથે શ્રીહરિ ડભાણ આવ્યા અને બધું નિરીક્ષણ કર્યું' એ નામે તેરમો તરંગ સમાપ્ત ॥૧૩॥



પૂર તેરમું : તરંગ - ૧૪

ડભાણ યજ્ઞમાં ભવ્ય વ્યવસ્થા અને દિવ્ય મહોત્સવ

શ્રીહરિએ પછી તે વેપારીઓને પ્રેમથી સમજાવ્યા. અહીં આવેલા કોળીઓને અમે તરત જમાડીને પછી અત્યારે જ રજા આપશું. ૧. તમે કોઈ મનમાં ડર રાખશો નહિ. તેના રાજા જાલમસિંહજીની સાથે કોળીઓ તો સહજભાવે આવ્યા છે. તમે મનમાં ઉમંગ રાખો, ડરશો નહિ. ૨. તમને કોઈ લૂંટશે નહિ, તમે નિધડક વેપાર કરો. અમે હમણાં જ તેમની પાસે જઈએ છીએ; એમ શ્રીહરિએ વેપારીઓને ધીરજ બંધાવી. ૩. શ્રીહરિએ રોટલી અને કંસાર મનમાન્યો કરાવ્યો. તેમાં ઘી પુષ્કળ નાખ્યું. અને રાજા જાલમસિંહને બોલાવ્યા. ૪. પછી તેમણે ઘણા હેતભાવથી કહ્યું, જેટલા કોળી અહીં આવ્યા છે, તેઓ જમી રહે એટલે અહીંથી તેમને તમે વળાવી દેજો. અમે સહુનાં હિતની વાત કહીએ છીએ. ૫.

આસપાસના જેટલા ગામ છે તે તમારી ફોજને દેખીને ડરવા લાગ્યા છે. પોતાના ઘરમાં જેટલી સારી વસ્તુઓ હોય તે બધી લોકોએ સંતાડી દીધી છે. ૬. ફરતા ગામના લોકોએ જઈને ખેડામાં ફરિયાદ કરી છે. તેથી હમણાં જ અંગ્રેજોની એક પલટણ આવશે. એટલા માટે જ મેં આ વાત તમને સંભળાવી છે. ૭. જ્યારે પલટણ આવીને અહીંથી જવાનું કહે ત્યારે તમે શું ઉપાય કરશો ? અને જો લોકો એમ કહેશે કે, અમે સહજાનંદસ્વામીએ બધા સરબંદી કોળીઓને અહીં રહેવાની રજા આપી છે, તો પછી વાત હાથમાં રહેશે નહિ. ૮. મોટા રાજાનો જેવો હુકમ થાય તે પ્રમાણે સહુએ કરવું પડે છે. ત્યારે જાલમસિંહજીએ કહ્યું, અત્યારે તો અમારે આપની મરજી પ્રમાણે કરવાનું છે. ૯. શ્રીહરિ ત્યારે ઘણું રાજી થયા. પછી તે સમયે બધા કોળીઓને

જમાડીને રજા આપી. જેટલું જોઈએ તેટલું તેમને કંસાર અને રોટલીનું ભાતું બંધાવ્યું. ૧૦.

તે બધા કોળી રાજી થઈને તત્કાળ જ ચાલતા થયા. તેઓ એવું બોલ્યા કે, આ શ્રીહરિના જેવા દયાળુ અમે ક્યાંય દેખ્યા નથી. સ્વામિનારાયણના જે સાધુઓ અને જે હરિભક્તો છે, તે બધાં હવે પછી અમારે ક્યારેય લૂંટવા યોગ્ય રહ્યા નથી. ૧૧. **જેનું અન્ન અને પાણી ખાધું-પીધું હોય તેનો હવે એટલો તો પક્ષ રાખવો જોઈએ. ત્યારે શ્રીહરિએ કહ્યું, આ સંત-હરિભક્તોનો એટલો પક્ષ જેઓ મન, કર્મ અને વચનથી રાખશે, તેનો અમારે મોક્ષ કરવાનો છે, તેમાં લગારેય ખોટું અમે કહેતા નથી.** પછી શ્રીહરિએ એકલા જાલમસિંહજી રાજાને જ પોતાની સમીપે રાખ્યા. ૧૨-૧૩. તેમજ જાલમસિંહરાજાની સાથે નિરંતર રહેનાર મોટા મોટા જે સરદારો હતા, તેમાંથી મુખ્ય એકસો જેટલાને શ્રીહરિએ પોતાની પાસે રખાવ્યા. ૧૪. કાઠી સિવાયના આવા જે ઘોડે સવારો રોકાયા હતા, તે બધાને શ્રીહરિ રોજ ઘણા જ ભાવથી જમાડતા હતા. ૧૫.

કોળીની સરબંદી ટુકડીઓ જમીને નીકળી ગઈ, તે જ વખતે ખેડાથી અંગ્રેજોએ મોકલેલી પલટણ આવી. તેમાં એક હજાર રક્ષકો હતા. પડઘમ(એક પ્રકારનું ઢોલ જેવું વાદ્ય) લઈને તેઓ ઉતાવળા આવ્યા હતા. ૧૬. પડઘમ નામના તરેહ તરેહના વાજિંત્ર વાગવા લાગ્યા, ત્યારે તરત જ શ્રીહરિ ત્યાં આવ્યા. ૧૭. તે પલટનમાં જે મુખ્ય સરદાર હતા તે શ્રીહરિનાં ચરણોમાં પ્રેમથી પગે લાગ્યા. સરકારે આપને એવું કહેવરાવ્યું છે કે, આપ જ્યાં કહો ત્યાં અમે ઉતારો કરીને રહીએ. ૧૮. અમે આ બધા સંઘની ચોકી કરવા ચાહીને મિત્રભાવે આવ્યા છીએ. કારણ કે, આ ડભાણને ફરતા મેવાસી કોળીઓ બહુ રહે છે. (મેવાસી - મહીના કોતરમાં રહેનારી લૂંટારૂ કોળીની જાતિ) ૧૯. તે લૂંટારાઓ જ્યારે સંઘ ઉપર ત્રાટકે ત્યારે બિચારી પ્રજા શું કરે ? લૂંટીને ભાગે પછી તેમને પકડવા ક્યાં જાવું ? અને તે ચોરપ્રજા ક્યારેય ચોરી કબૂલે નહિ. ૨૦. અગાઉથી જ જો ધ્યાન રાખવામાં આવે, તો કોઈ જાતની ચોરી થઈ શકે નહિ. આપ અમને ખાવાનું આપો કે ન આપો, અમારે ચોકી તો કરવાની જ છે. ૨૧.

ત્યારે શ્રીહરિએ કહ્યું, તમે અહીં જેટલા આવ્યા છો તે એક રાત રહીને પાછા જાઓ. અમારા માણસો ચોકી કરે છે. તમે પોતાના પાંચ માણસોને અહીંયાં મૂકતા જાઓ. ૨૨. જ્યારે વધારે માણસોની જરૂર પડશે ત્યારે અમે તમને તરત ખબર મોકલાવશું. અહીંથી તમે પાંચ કોશ જ દૂર છો. અમે અહીંયાં પાસે જ રહ્યા છીએ, તે બધું જાણીએ જ છીએ. ૨૩. શ્રીહરિએ જેમ કહ્યું તેમ તે પલટનના મોવડીએ કર્યું. વધારાની જે પલટન આવી હતી, તે બધી તરત જ પાછી ખેડા ગઈ. પછી રંગભીના શ્રીહરિ તો નિત્ય નવાં-નવાં ઉત્સવ કરતાં હતાં. ૨૪. બહુનામી શ્રીહરિ દિવસ ઊગતા ઊઠી જાતા. બધા જરિયાની વસ્ત્ર પહેરતા. જે કાઠી હરિભક્તો આવ્યા હતા, તે બધા ઘોડેસવાર થઈને તરત જ શ્રીહરિની પાસે આવતા. ૨૫.

સેવક નાન ખાચર શ્રીહરિના અશ્વને બધાં જ સોનેરી સાજથી શણગારીને શ્રીહરિવરની પાસે રોજ લાવતા. ૨૬. પછી શ્રીહરિ આવીને જ્યારે અશ્વ ઉપર સવારી કરતા ત્યારે અદ્‌ભુત શોભા થાતી હતી, અને અપાર વાજિંત્રો વાગતાં હતાં. ૨૭. ભગવાનજી અને બહેચરજી નામે બે છડીદાર તરત આવી જાતા. તેઓ 'જય જય' 'જય જય' એમ ઊંચેથી બોલીને વારંવાર જયધ્વનિ કરતા હતા. ૨૮. અજિત એવા ભગવાન સ્વામિનારાયણ ભક્તોને ધ્યાન કરવા માટે નિત્ય નવાં નવાં સોનેરી શણગાર પોતાનાં અંગ ઉપર ધારણ કરતા હતા. ૨૯. અશ્વના ઉપરનો બધો સોનેરી સાજ રોજ રોજ નવો ધરાવતા હતા. ક્યારેક સોનેરી સજતા, તો ક્યારેક રૂપેરી સજતા, વળી ક્યારેક સોનેરી અને રૂપેરી મિશ્ર કરેલો શણગાર સજતા હતા. ૩૦. ક્યારેક રેશમી, પીળાં, લીલા, લાલ અને કેસરી રંગના રૂપાળા શણગાર સજાવતા હતા. ક્યારેક દાડમના ફૂલ જેવા તો, ક્યારેક પાકા જાંબુફળ જેવા રંગના સાજથી અશ્વને શણગારતા હતા. ૩૧.

શ્રીહરિના હરેક વસ્ત્ર તરેહ તરેહના સોનેરી બુટ્ટાદાર હતાં. પંદર દિવસમાં પંદર પ્રકારનાં ભિન્ન ભિન્ન જાતિના વસ્ત્ર અને અલંકારો ધરાવ્યા હતા. ૩૨. તે બધાં વસ્ત્રો અને અલંકારો સુરતના ભક્તો ભાવથી પહેરાવતા. શહેરના મનુષ્યોના જેવા બીજા કોઈ ભક્તો રસિક ન હોય, અને તેમાંએ

સુરતના ભક્તો તો સહુથી વિશેષ રસિક અને ભાવનાશીલ હતા. ૩૩. **તે દિવસોમાં તેઓને કમાણી ખૂબ સારી હતી. તેથી અનેકવાર અનેક પ્રકારની રસોઈઓ કરાવતા. તે હરિભક્તો જેટલી કમાણી કરતાં હતા, તેમાંથી અરધી કમાણી તો પોતાના મોક્ષ માટેના કાર્યમાં વાપરતા હતા. ૩૪. જે ભક્તોને સત્સંગનો જેવો રંગ રહેતો હતો, તે પ્રમાણે તેઓ અન્ન, ધન અને વસ્ત્ર સમર્પિત કરતા હતા. કેટલાક ઉદાર ડાહ્યા ભક્તોએ તો સર્વસ્વ અર્પણ કરીને પ્રકટ ભગવાન સ્વામિનારાયણને પ્રસન્ન કર્યા હતા. ૩૫.**

હરિભક્તોએ શ્રીહરિને જેટલું આપ્યું હતું તેથી વધારે અખૂટ તો શ્રીહરિએ તેમને પાછું આપ્યું હતું. માયિક ધન વગેરેની સેવાના યોગથી તેમને દિવ્ય અને અખંડ શાશ્વત સુખ-સંપત્તિ મળતી હતી. ૩૬. ભક્તો શ્રીહરિને જે જે માયિક વસ્તુ અર્પણ કરતા, ત્યારે શ્રીહરિ તે ભક્તોને અમાયિક કરીને પાછું આપતા, તેનું દિવ્ય ફળ આપતા. ભગવાન સ્વામિનારાયણને જે હરિભક્તોએ એકાદ માયિક વસ્તુ આપી હોય, તો પ્રભુ તેના બદલામાં અનેક દિવ્ય પદાર્થ આપતા હતા. ૩૭.

શ્રીહરિ જ્યારે સવારી સાથે બજારે નીકળતા ત્યારે તેમની આગળ નિશાન, ડંકા અને બીજા અપાર વાજિંત્રો વાગતાં રહેતાં. ૩૮. બીજા વાજિંત્રો શ્રીહરિની આગળ ખૂબ સારા વાગતાં હતાં. તેની અપાર શોભા થઈ હતી. ૩૯. ડભાણ ગામના જે નર-નારી મહાન હરિભક્તો હતા, તેઓ બધાં આવીને પ્રેમથી શ્રીહરિનાં દર્શન કરતાં હતાં. ૪૦. હરેક ઘરને દરવાજે ઊભેલી પ્રેમાતુર મનવાળી ભક્ત સ્ત્રીઓ ધર્મનંદન શ્રીહરિને મોતીના થાળ ભરીભરીને વધાવતી હતી. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોદશ પૂરમાં 'ડભાણના યજ્ઞમાં સુરક્ષાની વ્યવસ્થા અને ભવ્ય મહોત્સવની વિગત કહી' એ નામે ચૌદમો તરંગ સમાપ્ત ॥૧૪॥



પૂર તેરમું : તરંગ - ૧૫

યજ્ઞભૂમિમાં શ્રીહરિનું ફરવું અને સંતોની સેવા તથા તેમનો ત્યાગ

ધર્મકુમાર શ્રીહરિ રોજ સવારમાં સવારીની સાથે મનના ઘણા જ પ્રેમથી યજ્ઞમંડપે આવતા હતા. ૧. શ્રીહરિ આવે છે એમ જાણીને યજ્ઞમાં બેઠેલા વિપ્રો ઊંચે સ્વરે વેદના મંત્રોને બોલતા હતા. ૨. શ્રીહરિ અશ્વ ઉપરથી ઊતરીને યજ્ઞમંડપમાં વિપ્રોની વચ્ચે જે શ્રેષ્ઠ આસન રાખેલ હતું, તેના ઉપર બેસતા. અત્યંત તેજસ્વી મૂર્તિ સોહામણી લાગતી. ૩. ત્યાં પ્રત્યેક વિપ્રને એકેક ફૂલહાર લઈને પોતે પહેરાવતા. તેનાથી તે અનેક વિપ્રો ખૂબ પ્રસન્ન થાતા હતા. ૪. શ્રીહરિની સાથે ભાઈ રામદાસજીસ્વામી વગેરે જે જે સંતો હતા, તેમણે યજ્ઞમંડપની ચારેબાજુ ઘણા વૃક્ષો હતા તેની નીચે ઉતારો કર્યો હતો. ૫.

જેવું મોટું વૃક્ષ હોય તે પ્રમાણે તેટલા સંતો ત્યાં ધ્યાન લગાવીને બેઠા રહેતા. તે બધા પરમહંસો માનસરોવરમાં હંસોની જેમ સોહામણા લાગતા હતા. ૬. છ છ માસ પહેરેલાં જૂનાં વસ્ત્રોનાં ટુકડાંઓની કંથા કરી હોય, તે પ્રત્યેક સંત પાસે એકેક રહેતી. તે કંથાથી લપેટાયેલા સંતો અત્યંત પ્રકાશમાન-તેજસ્વી દેખાતા હતા. ૭. તે દરેક વૃક્ષે ફરીને શ્રીહરિ પ્રસન્ન મનથી સંતોને દર્શન દેતા. કોઈ ધ્યાનમાંથી બહાર આવ્યા દેખાય તો તેમની પાસે બેસતા. ૮. અને તેમને એવી વાતો કરતા કે, તેમને દેહમાં ક્યારેય પ્રીત જ ન રહે. અનંત બ્રહ્માંડનાં ભોગ સુખોને નાશવંત દેખાડતા. ૯. **અક્ષરધામના સુખ સિવાયના જે જે સુખ સાંભળવામાં આવતા હોય, તેને શ્રીહરિ અતિશય દુઃખમય દેખાડતા, અને અમૃત કરતાં પણ અધિક સુખદાયી વાતો કહેતા.** ૧૦.

❋ સંતસેવાની મહત્તા :

દયાળુ શ્રીહરિ સંતોને ખૂબ જ ધીરજ અને હિંમત દેતા. સંતો કૃપાળુ શ્રીહરિને ધીરજ અને હિંમત દેવારૂપ સેવા કરવા દેતા. જે સંતોની સેવા કરે તેને શ્રીહરિ અતિશય ભાગ્યશાળી કહેતા. ૧૧. કોઈ સંત બીમાર હોય અને તેની કોઈ બીજા સંત જો સેવા કરે, તો તે સેવા કરનારાને કદાચ

કરોડો પંચ મહાપાપ લાગ્યા હોય, તો તેનો પણ નાશ થઈ જાય છે અને તેને ઘણી મોટી પ્રાપ્તિ થાય છે. ૧૨.

જેને કોઈ પણ વસ્તુની લાલચ ન હોય અને કેવળ સેવા કરવાની જ એક આશા હોય, એવો બીમાર સાધુની સેવા કરનારો ભગવાનનાં ધામને પામે છે અને ભગવાન તેને પોતાની પાસે જ રાખે છે. ૧૩. કોઈ વસ્તુની લાલચ રાખીને કે કેવળ વસ્તુને માટે જ જે સેવા કરે છે, તો તેને ભગવાનનાં ધામની પ્રાપ્તિ થાતી નથી, પણ તે તો ભવમાં ભટકતો રહે છે. ૧૪. શ્રીહરિ કોઈ સાધુ બીમાર કે દુઃખી હોય, તો તેને દેખીને ઉપર કહ્યું તેવી વાતો કહેતા. આવી વાતો મોટા ભાગ્યશાળીને મનાતી પણ અભાગિયાને મનાતી નહિ. ૧૫. **કોઈ વારંવાર ધ્યાન કરીને મૂર્તિનો સાક્ષાત્કાર કરી લે, તોપણ તે બીમાર કે દુઃખી સંતની સેવા કરનારની સમાન ન થાય.** ૧૬.

ચોપાઈ :

दुःखी संत की सेवा जेहा, हरि कहे हमकु जोग्य हे तेहा;
दुःखी संत की सेवा जेहू, लक्ष्मी राधा कु दुल्लभ तेहू...१७
ओर जन की कहा अब बाता, एसे हरि कहेउ साक्षाता;
दुःखी संत कु देखी जेही, करे उपेक्षा सेव की तेही...१८

શ્રીહરિ કહેતા, અમે પણ અમને બીમાર કે દુઃખી સંતની સેવા કરવાને યોગ્ય માનીએ છીએ. બીમાર સંતની સેવા તો રાધા-લક્ષ્મીને પણ દુર્લભ છે. ૧૭. તો હવે બીજા કોઈ માણસની શી વાત કહેવી ? એમ શ્રીહરિ સ્પષ્ટપણે કહેતા. જે સેવા કરી શકે તેવો હોય તે સંતને દુઃખી(બીમાર) દેખ, છતાં તેની સેવાની ઉપેક્ષા કરે, તો તે ચંડાળોમાં પણ ઊતરતો ચંડાળ કહેવાય. જે દુઃખી ઉપર દયા ન લાવે, તે વારંવાર કરોડો પ્રકારનું જ્ઞાન કથે છતાં અંત્યે ઘણો જ દુઃખી થાય છે. ૧૮-૧૯. સંતો તથા હરિભક્તો ઉપર જેને વેર કરવાની મતિ રહેતી હોય, એવા સંતો અને હરિભક્તો તો અત્યંત ભયંકર દુર્ગતિને પામે છે. ૨૦.

વેરભાવના રાખનારો ચાહે તેટલો મોટો કહેવાતો હોય, તોપણ અમે તેને ક્યારેય સહાય કરતા નથી. ગમે તેવી મોટપ હોય તોયે શું ? દયા

વિના તે મોટપ લેશમાત્ર પણ શોભતી નથી. ૨૧. શ્રીહરિ સંતો આગળ ક્યારેક આવી વાતો કરતા અને તે વિચક્ષણ સંતો પણ પરસ્પર આવી વાતો કરતા હતા. તે સમયમાં સંતો કાંઈ ગળ્યું ચીકણું ખાતા નહિ. ૨૨. સંતો ભિક્ષા માગવા જાતા. તેમાં ભગવાનની ઈચ્છાથી જે અન્ન મળે તેને જોળીમાં ભેળું કરીને પાણી નાખતા. પછી તેના ગોળા વાળતા હતા. ૨૩. તે ગોળા એકેક શેર વજનના કરતા. પછી એકએક ગોળો હાથમાં આપતા અને બીજા હાથથી સંતો તેને જમતા. સંતો હાથ સિવાય બીજું પાત્ર રાખતા નહિ. એવો અતિશય બળવાન ત્યાગ તેઓ રાખતા હતા. ૨૪. જે દિવસોમાં વિપ્રો નિત્ય પુષ્કળ ઘીના લાડુ જમતા હતા, તે દિવસોમાં સંતો પાણી નાખીને તૈયાર કરેલા ગોળા જમતા હતા. ૨૫.

સંતો રોજ મધ્યાહ્નને એકવાર જ જમતા. ગોળા વિના બીજું કાંઈ ખાતા નહિ અને અન્ય કોઈ વસ્તુ-પદાર્થ રાખતા પણ નહિ. ૨૬. ગોળાની સાથે ફળ, ફૂલ, કંદ, મૂળ વગેરે જેટલું આવતું, તે જે જે અનુકૂળ હોય તેને ગોળાની સાથે ખાતા. ૨૭. સંતો ગોળાને જમી રહ્યા હોય અને તે પછી ખાવાની કોઈપણ વિવિધ પ્રકારની સારી ચીજ આવે, તોપણ તેને ક્યારેય સંતો લેતા નહિ. ૨૮. બધા સંતો 'બીજી વખત ક્યારેય જમવું નહિ' એવી દૃઢ ટેક રાખતા હતા. સંતો જમીન ઉપર જ સૂતા-બેસતા હતા. કોઈ પણ પ્રકારનું આસન પાથરતા નહિ. ૨૯. પગમાં પગરખાં પહેરતા નહિ. બુદ્ધિમાન તે સંતો અગ્નિને અડતા નહિ. સૂંઠ, મરી, મીઠું કે કોઈ પણ જાતના મસાલા વગેરેને કોઈ એક પણ સંત રાખતા નહિ. ૩૦.

જૂનાં કપડાંના ચીંથરાં બજારમાં કે ક્યાંય રસ્તામાં પડ્યા હોય તો તે ટુકડાને સંતો લઈ લેતા. પછી તેને પાણીથી ધોઈને રંગતા અને તેને કંથામાં લગાવતા હતા. ૩૧. એવી કંથાને જ્યારે શ્રીહરિ દેખતા ત્યારે તે માગી લઈને તેને ક્યારેક પોતે ઓઢતા હતા. એવી રીતે થોડીવાર સંતોને દર્શન દઈને પછી અશ્વ ઉપર પ્રેમથી બેસતા. ૩૨. શ્રીહરિ જ્યારે ઘોડે સવાર થતા તે વખતે અબદાગીરી આગળ રહેતી તેમજ સુંદર સોનેરી જરી ભરેલું, ભારે કસબવાળું મોટું છત્ર હતું તે શ્રીહરિનાં મસ્તક ઉપર ધારણ કરાતું હતું. ૩૩.

તે અબદાગીરી અને છત્રના ઉપર સોનાના કળશ મૂકેલા હતા. તે કળશ એવા રમણીય હતા કે, તેની શોભા જોઈને દેખનારાને કોઈ રીતે તૃપ્તિ થાતી જ ન હતી. ૩૪. સોનાની છડીમાં મોતી જડેલા હતા. તેને શ્રીહરિ ડાબા હાથમાં રાખતા હતા. સોનાની દાંડીવાળા અને વિચિત્ર પ્રકારના બે ચામર ખૂબ જ ગમી જતા હતા. ૩૫.

સુરતના હરિભક્ત ભાઈચંદ શેઠ અને લક્ષ્મીચંદ શેઠ, બંને જણ શ્રીહરિને ચામર કરતા હતા. અને બીજા એક હરિભક્ત જે ગોવિંદભાઈ કહેવાતા હતા, તે રોજ શ્રીહરિના ઉપર છત્ર ધારી રાખતા હતા. ૩૬. અને ગિરધરભાઈ જે હતા તે અબદાગીરીને ધારી રહેતા હતા. એ બધા હરિભક્તો સુરતના હતા અને ઘણા જ પ્રેમી હતા. ૩૭. ભક્તોના મનોરથોને પૂર્ણ કરનારા પૂર્ણકામ એવા ઘનશ્યામ શ્રીહરિ સવારી લઈને ગામથી ઉત્તર તરફ ચાલ્યા, ત્યારે આગળના ભાગમાં વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગતા હતા. ૩૮. જ્યાં રસોઈ તૈયાર થતી હતી ત્યાં ધર્મકિશોર શ્રીહરિ આવ્યા. પોતાની પાસે નાનાભાઈ ભટ્ટ હતા. તેમને શ્રીહરિએ કહ્યું, ૩૯. જે સીધું-સામાન જોઈએ તે તમે અમને અગાઉ આવીને કહેજો. તમે તો બુદ્ધિમાન છો માટે ખૂટ્યા પછી કહો તેનો અર્થ શું ? ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોદશ પૂરમાં 'યજ્ઞભૂમિમાં શ્રીહરિનું વિચરણ અને સંતોની સેવા તથા ત્યાગનું કથન' એ નામે પંદરમો તરંગ સમાપ્ત ॥૧૫॥



પૂર તેરમું : તરંગ - ૧૬

ડભાણના યજ્ઞમાં શ્રીહરિનો પ્રતાપ

શ્રીહરિની વાત સાંભળી નાનાભાઈ ભટ્ટે બે હાથ જોડીને શ્રીહરિને કહ્યું, હે ધર્મકુમાર ! આપ સાંભળો. ૧. **અનંત કોટિ બ્રહ્માંડમાં જેટલા જીવ રહ્યા છે, તે બધાનું આપ જ ભરણપોષણ કરો છો; એવા આપના કામમાં સીધું-સામાન કેમ ખૂટે ? ૨. બ્રાહ્મણોનાં મનમાં તો એમ છે કે, ગમે તે રીતે**

ઘી ખૂટવાડવું છે. આપ તેનાં અંતરની વાતને તો જાણો જ છો. ૩. આકાશમાં પાણીનું એક ટીપું પણ દેખાતું નથી. છતાં તમે તે આકાશમાંથી જ વરસાદ કરો છો; આપ એવા મહાન સમર્થ છો. ૪. છતાં અત્યારે આપે મનુષ્યદેહ ધારણ કર્યો છે. એટલે આપે સાચી વાત જ કહી છે. સીધું-સામાન ખૂટે એમ તો નથી. જો ખૂટે એવું દેખાશે, તો તુરત આવીને હું જણાવીશ. ૫.

શ્રીહરિ આ રીતે સીધાં-સામાનની સંભાળ લેતા અને પછી જ્યાં સંઘ ઊતર્યા હોય ત્યાં પણ સંભાળ લેવા ફરતા હતા. 'આ સંઘ કયા ગામનો છે?' એમ પ્રસન્ન મનથી શ્રીહરિ પૂછતા. ૬. અને કહેતા કે, જેની પાસે ભાતું ન હોય કે ખર્ચી ખૂટી ગઈ હોય, એવા હરિભક્ત જે કોઈ બાઈ-ભાઈ હોય તેમણે અમારે મોદીખાનેથી સીધું-સામાન લઈ લેવું. ૭. જે જોઈએ તે ખર્ચી પણ ત્યાંથી લઈ લેવી. કોઈ શરમમાં રહેતા નહિ. ૮. મહેમાન હરિભક્તો જે જમશે તેને અમે કરોડો યજ્ઞના સમાન માનીએ છીએ. અમે યજ્ઞ કરવાનું ફળ એટલું જ માનીએ છીએ કે, મહેમાન હરિભક્તો યજ્ઞમાં જમે. ૯. ત્યારે હરિભક્તોએ કહ્યું, અમે ભાતું લઈને આવ્યા છીએ અને ખર્ચી વિના અમે કોઈ આવ્યા નથી. એમ હોવા છતાં પણ જેને ભાતું અને ખર્ચી ખૂટવા લાગશે, ૧૦. તેઓ ભાતું અને ખર્ચી જરૂર લેશે. અમે કાંઈ ખોટી વાત કહેતા નથી.

અને વળી, ઊંચા વર્ણના હરિભક્તોના જે ચોકા હતા, તેમાં જેઓ ક્રિયા કરવાની બાબતમાં શુદ્ધ રહેનારા વિપ્રો પાકા હરિભક્ત હતા, તે શુદ્ધ રસોઈ બનાવતા હતા. જે હરિભક્તો તે વિપ્રો પાસે થાળ તૈયાર કરાવતા ત્યારે દીનદયાળુ શ્રીહરિ ત્યાં થાળ જમવા માટે પધારતા. ૧૧-૧૨. ગૃહસ્થ હરિભક્ત જેવા હોય તે રીતનો હરખથી થાળ કરાવતા. ઘણીવાર તો હરિભક્તો દિવસમાં એક, બે કે ત્રણ વાર એમ ઘણા થાળ કરાવતા. ૧૩. ભક્તિધર્મના લાલ શ્રીહરિ હરિભક્તોને હેત વધારવા માટે સવારથી સાંજ સુધી થાળ જમ્યા કરતાં હતાં. ૧૪. શ્રીહરિની સાથે જે કાઠી દરબારો અને પાર્ષદો હતા, તેમને સંભારીને શ્રીહરિ થાળની પ્રસાદી આપતા હતા. ૧૫.

શ્રીહરિ થાળ જમી રહે તે પછી હરિભક્તો ઘણા જ ભાવથી વસ્ત્રો અને અલંકારો લાવીને તરત જ પૂજા કરતા હતા. ૧૬. લલાટમાં કુંકુમનો

ચાંદલો કરતા. ટોળે ટોળા મળીને ફૂલહાર પહેરાવતા અને પછી પ્રેમપૂર્વક આરતી ઉતારતા હતા. ૧૭. ડભાણ ગામની બહાર અને ગામમાં પણ રોજ રોજ એવી લીલા થાતી હતી. હરિભક્તો તેનો લાભ ખૂબ જ લેતા હતા. એવો લાભ તો કોઈ દિવસ સાંભળ્યો પણ ન હતો. ૧૮. આ વખતે શ્રીહરિની સેવા-પૂજા અને દર્શન વગેરેનો હરિભક્તોએ જે લાભ લીધો હતો, તે બધું તો લખી શકાય તેમ નથી. તેથી અહીં કિંચિત્‌માત્ર લખ્યું છે. ૧૯.

❋ ગ્રંથમહિમા વિશે :

શ્રોતાનો જેવો ભાવ દેખાય છે, તેવો ગ્રંથ લખવામાં ભાવ થાય છે. આ ગ્રંથ અમૂલ્ય હીરારૂપ છે. ઘેર ઘેર મૂલ્યવાળા હીરાનો વેપાર થતો હોય તેમાં અમૂલ્ય હીરાને લેનારા કોણ હોય ? જેના ઘરમાં હીરો ન હોય, એવો વ્યક્તિ જો હીરો લેવાનો ચાહક હોય, તો જેવું પોતાનું સામર્થ્ય હોય તે પ્રમાણે મૂલ્ય ચૂકવીને હીરો લેવા ચાહે છે. પણ અમૂલ્ય હીરો કોણ લઈ શકે ? ૨૦-૨૧. કેમ જે, અમૂલ્ય હીરો ઘેર ઘેર નથી હોતો. ધન દેવા છતાં તે મળતો નથી. તેથી જ અમૂલ્ય કહેવાય છે. આ પ્રમાણે જે વિચારીને જોવે તો જે તેનો સહજ ભાવિક હોય તેને તે મળે છે, એવો અર્થ થાય. માટે આ ગ્રંથ અમૂલ્ય હીરા સમાન છે. (તે તેના ખરા ચાહકને જ શ્રીહરિ આપે છે.) ૨૨.

चोपाई :

अमूल हिरा सम ग्रंथ हे एही, अपार भाग्य होय सुनहि तेही;
अल्प हि होवे भाग्य हि जाकु, अल्प ग्रंथ प्रिय लाग हि ताकु...२३
जेसा घर में सामृथ जाही, तेसा मेवा सो खावहि ताही;
कवि अधिकारी जेसे रहावा, तेसे ग्रंथ सो कविने बनावा...२४
अल्प आयुष बुद्धि रहे तेसी, ग्रंथ सुनवे रुचि होवत एसी;
खड धन के अधिकारी जेते, घावु घृत कहाँसे पावे तेते...२५

આ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથ અમૂલ્ય હીરો છે. જેનું અપાર મહાભાગ્ય હશે, તે આ ગ્રંથને સાંભળી શકશે. જેનું ભાગ્ય થોડું હોય, તેને અલ્પ ગ્રંથ પ્રિય લાગે છે. ૨૩. જેનાં ઘરની જેવી સદ્ધરતા હોય તેવા તે મેવા ખાય છે.

કાવ્યના જેવા અધિકારી દેખાય છે તેવા ગ્રંથને કવિ રચે છે. ૨૪. આયુષ્ય અલ્પ હોય અને બુદ્ધિ પણ અલ્પ હોય, તો ગ્રંથ સાંભળવાની રુચિ પણ તેવી અલ્પ જ થાય. જે ખડધાન્યને લાયક હોય તેને ઘઉં અને ઘી ક્યાંથી મળે ? ૨૫.

આવી તો અપાર વાતો છે. તેમાંથી મેં થોડી બતાવી દીધી છે. જેના વિચારો શુદ્ધ હોય એવા સદ્‌બુદ્ધિમાન લોકો જ તે વાત જાણી શકશે. ૨૬. હવે મને જેટલી આવડે છે તે શ્રીહરિની વાત લખું છું. કરોડો યુગ જાય તોપણ બધી વાતો તો લખી શકાય તેમ નથી. ૨૭. પાછલો દિવસ જ્યારે ચાર ઘડી બાકી રહે ત્યારે બધા વિપ્રોની જમવા માટેની પંગત થાતી હતી. ૨૮. વિપ્ર જાતિની સ્ત્રીઓની જમવાની પંગત જુદી થાતી, સ્ત્રીઓમાં પીરસવા માટે જરૂર પ્રમાણે સ્ત્રીઓ જ રહેતી અને તે લાડુ પીરસતી રહેતી. ૨૯. વિપ્ર પુરુષોની પંગતમાં પીરસનારા વિપ્ર પુરુષો હતા અને 'લાડુ લો' 'લાડુ લો' એમ બોલીને ફરતા હતા. જ્યાં સુધી લાડુ પીરસાતા ત્યાં સુધી બધા વિપ્રો પણ પંગતમાં બેસી રહેતા. ૩૦.

પીરસાતું હોય ત્યારે બધા જ વિપ્રો 'સ્વામિનારાયણ' એવા નામની ધૂન મુખથી બોલતા રહેતા. એટલે 'સ્વામિનારાયણ' આવા નામથી બધું આકાશ ભર્યું રહેતું, ગુંજતું રહેતું. ૩૧. ડભાણની ચારેબાજુના ગામોના અને શહેરોના જે મોટા પાટીદારો હતા. તેમાં કેટલાક અમીનો પણ હતા. તેઓ અશ્વ ઉપર બેસીને અથવા મ્યાનામાં બેસીને ત્યાં આવતા હતા. ૩૨. શ્રીહરિજી મહારાજ જે યજ્ઞ કરે છે તે ઘણો મહાન છે, એમ જાણીને તેઓ બધા દર્શન કરવા માટે આવતા હતા. યજ્ઞની રચના-ગોઠવણ અને બધી વ્યવસ્થાને દેખીને તેઓ વારંવાર મુખથી તેની વાતો અને પ્રશંસા કરતા હતા. ૩૩. તેઓ બોલતા કે, 'સ્વામિનારાયણ અત્યારે એવો મોટો યજ્ઞ કરે છે કે તેવો યજ્ઞ તો કોઈ મોટો રાજા પણ કરી શકે નહિ. તેમને કાંઈ ગામ, ગરાસ નથી, કોઈ રાજાએ પણ ધન આપ્યું નથી, તો આ પરમ ચતુર સ્વામિનારાયણ યજ્ઞ કઈ રીતે કરતા હશે ? ૩૪. કેટલાક વિપ્ર બટુઓને જનોઈ અપાવે છે. અપાર કન્યાદાન પણ કરાવે છે. કેટલાક ગામોમાં ચોરાશી કરાવે છે, છતાં તેઓ ક્યાંય ધન માગતા નથી. ૩૫.

જ્યારે જેટલું ધન ખર્ચે છે ત્યારે તેટલું ધન તેને તરત મળી જ રહે છે. કોઈ સિદ્ધિ વશ થયા સિવાય ક્યારેય આટલો મોટો ખર્ચ થઈ શકે નહિ. ૩૬. એક દિવસમાં લાખ રૂપિયાનો ખર્ચો કરી નાંખે છે. તેમની અકળ વાત કળ્યામાં આવતી નથી. સ્વામિનારાયણના રોજના ભોજન જેવું કોઈ મોટા રાજાને પણ ભોજન કોઈ દિવસ મળતું નથી. ૩૭. સ્વામિનારાયણને વસ્ત્ર, ઘરેણાં અને વાહન વગેરે જે જે પદાર્થ મળે છે તે અણઈચ્છે સહજપણે મળે છે. ૩૮. જેની નજરમાં જેવું આવે તેવી વાત લોકો કરતા હતા. શ્રીહરિ વિપ્રો જમતા હતા ત્યાં આવ્યા ત્યારે તેમને પણ અપાર પ્રતાપ દેખાયો. ૩૯. તે વિપ્રો કહેતા હતા કે, મોટા મોટા જે દેવો કહેવાય છે. તેમનાથી પણ આવું થાય નહિ. અમારે તો માત્ર એટલું દેખવામાં આવે છે કે, આ સહજાનંદસ્વામી કોઈ અજ્ઞેય તત્ત્વ પ્રગટ થયા છે. ૪૦. વિપ્રોની જ્યાં પંગત થતી ત્યાં શ્રીહરિની બેઠક બનાવી હતી. જ્યારે વિપ્રો જમતા ત્યારે ધર્મકિશોર શ્રીહરિ તે બેઠકે બેસતા હતા. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોદશ પૂરમાં 'ડભાણના યજ્ઞમાં શ્રીહરિનો પ્રતાપ કહ્યો' એ નામે સોળમો તરંગ સમાપ્ત ॥૧૬॥

પૂર તેરમું : તરંગ - ૧૭

પંગતમાં બેઠેલા અસુરાવિષ્ટ વિપ્રોને શ્રીહરિએ ડરાવ્યા

દેવો, મનુષ્યો અને મુનિઓના શિરતાજ મહારાજાધિરાજ શ્રીહરિ મોટા સિંહાસન ઉપર જરિયાની વસ્ત્ર પહેરીને બેસતા હતા. ૧. સુંદર અને છટાદાર સોનાનાં ઘરેણાં શ્રીહરિ ધારણ કરતા. જ્યારે લોકો દર્શન કરવા આવે ત્યારે તે બધું દેખીને, તે વેળાએ વિસ્મિત થઈ જાતા હતા. ૨. જેટલા વિપ્રો ત્યાં આવીને જ્યારે જમવા બેસતા ત્યારે તેઓ શરીરનાં ભાનને પણ ભૂલી જઈને ખૂબ જ લાડુ જમતા હતા. ૩. જમતાં જમતાં તે લાડુ કંઠ સુધી આવી જાય અને મોઢામાંથી ઘી બહાર નીકળવા માંડે ત્યાં સુધી જમતા. ૪.

જ્યારે વિપ્રો વધારે લાડુ જમતા ત્યારે શ્રીહરિ અત્યંત રાજી થાતા હતા. આમ વિપ્રો તો અપાર લાડુ ખાતા હતા, છતાં ઘી લગારેય ખૂટ્યું નહિ. ૫.

શ્રીહરિએ કહ્યું, જ્યારે ઘી ખૂટી જાય ત્યારે અમારે વિપ્રોને રજા આપવી છે. તમે વિપ્રોએ ઘી ખૂટવાડવાની પ્રતિજ્ઞા કરી છે, તે વાત અમને કોઈએ કહી દીધી છે. ૬. ત્યારે સામેથી વિપ્રો બોલ્યા, દુનિયાભરના વિપ્રો જમે, તોપણ આપનું ઘી ખૂટે તેમ નથી. આવો શ્રીહરિનો અપાર પ્રતાપ દેખીને તે વખતે કેટલાક અસુરો સળગી ઊઠ્યા. ૭. તે અસુરોએ શક્તિપંથી વિપ્રોમાં પ્રવેશ કર્યો. પછી તેઓ એક સંગઠન કરીને પરસ્પર બોલવા લાગ્યા. ૮. જે વિપ્રો હરિભક્ત છે તે રોજ પંગતમાં લાડુ પીરસે છે. તેને લીધે જ ઘી ખૂટતું નથી. આજ પંગતમાં હરિભક્ત વિપ્રો પીરસવા આવે, ત્યારે તેમના હાથના લાડુ લેવા નહિ. અને જો લાડુ પીરસે તો તેને ફેંકી દેવા. તેમાં જો કોઈ કાંઈ બોલે, તો તેને લાકડી લઈને મારવા. ૯-૧૦.

તેમણે એકમત થઈને એવું નક્કી કર્યું કે, રાજા પણ આપણને શું કરશે ? બ્રાહ્મણનું કોઈ નામ ન લે. બધા જ લોકો બ્રાહ્મણથી ડરતા રહે છે. ૧૧. ઘીના જે ટાંકાં ભર્યાં છે, તેને એક જ પળવારમાં ફોડી નાખવા. સાકર છે તે બધી લૂંટીને લઈ જવી. બ્રાહ્મણને તો ભગવાન પણ શું કરશે ? ૧૨. બ્રાહ્મણોની આગળ તો ભગવાન પણ દીન આધીન થઈ વર્તે છે. અને તેને લીધે જ મનુષ્યમાત્ર બ્રાહ્મણોથી કાયમ ડરતા રહે છે. ૧૩. બ્રાહ્મણ કરોડો ગુના કરે તોએ કોઈ તેનું નામ લે નહિ. બધો સામાન બ્રાહ્મણોનો જ છે. તે લૂંટી લેવામાં કાંઈ જ બાધ દેખાતો નથી. ૧૪. સહસ્રાર્જુન રાજાએ જ્યારે બ્રાહ્મણનો દ્રોહ કર્યો ત્યારે તેનું મોત થયું હતું. બ્રાહ્મણોએ તેનું તેજ હરી લીધું હતું. ૧૫.

જે જે રાજાઓએ બ્રાહ્મણનો દ્રોહ કર્યો હતો, તે બધાનો પરાજય થઈ ગયો હતો. તે પરાજયમાં બ્રાહ્મણોનો દ્રોહ જ પ્રબળ કારણ હતું. ૧૬. સંગઠિત બ્રાહ્મણોએ જે જે વિચાર કર્યા હતા, તેને ધર્મકુમાર શ્રીહરિએ જાણી લીધા. પછી ભગવાન સ્વામિનારાયણે યજ્ઞનો જ્યાં જે જે સામાન હતો ત્યાં કડક ચોકી-પહેરો બેસાડી દીધો. ૧૭. શ્રીહરિએ કહ્યું, હરિભક્ત સિવાયના

શક્તિપંથી વિપ્રો આવે તેનો ક્યારેય વિશ્વાસ કરશો નહિ. તેમનાં દિલમાં પાપ છવાઈ ગયું છે. ૧૮. આટલા દિવસ આપણા યજ્ઞનું અન્ન તેમણે ખાધું છે અને હવે તેઓ યજ્ઞમાં વિઘ્ન કરવાનું ધારે છે. કોઈ રીતે જ્યારે ઘી ન ખૂટ્યું ત્યારે તેમણે દિલમાં વિઘ્ન કરવાનું ધાર્યું છે. ૧૯. શ્રીહરિએ હરિભક્તોને એવું કહ્યું, હવે આનો કાંઈક ઉપાય કરીએ. ઉપાય કર્યા વિના આ વિરોધીઓ ડરશે નહિ. જો તેમને ભય નહિ હોય, તો તેઓ મનફાવે તેમ કરશે. ૨૦.

યજ્ઞમાં જો વિઘ્ન થાય તો યજ્ઞની શોભા શું રહે ? સિંહ ઘણો બળવાન ગણાય છે, પણ તે આગથી ડરે છે. ૨૧. સાપ કેટલો બધો ક્રોધી હોય છે ? પણ જો તે સાણસામાં સપડાય, તો રાંક થઈ જાય છે. એટલે જ્યારે તે વિપ્રો જમવા બેસે ત્યારે ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર, બધાએ, ૨૨. બંદૂક, ધનુષ્ય અને લાકડીઓ લઈને તરત જ આવવું, તેમાં કોઈએ વિલંબ ન કરવો. જે કાઠીઓ દર્શન કરવા આવ્યા છે, તેઓ આજે જ કામમાં લાગશે. ૨૩. શરીરરક્ષક જાકિટ તથા બખતર પહેરી અને ભેટ કસીને ઘોડા ઉપર સવાર થઈ જ્યારે બ્રાહ્મણો જમવા બેસે ત્યારે સહુએ ત્યાં આવવું; આમ ભગવાન શ્રીહરિ બોલ્યા. ૨૪. વળી, અમારા જે સંતો છે તેમણે પણ હાથમાં ધોકા લઈને તે જગ્યાએ આવવું. મનમાં કાંઈ શંકા રાખવી નહિ. ૨૫. આપણે કોઈને મારવા નથી. વિપ્રોને જમાડવા છે એ આપણો સિદ્ધાંત છે. પણ જમાડવા છતાં કોઈ ઉત્પાત કરવાનું ધારતા હોય, તો આ બધી તૈયારી દેખીને તેઓ ડરથી શાંત રહે. ૨૬.

પછી બધા વિપ્રો જમવા આવ્યા. પંગત કરીને બધા બેઠા. છાની રીતે ધોકા લાવ્યા હતા. બધા તેને પાસે લઈને બેઠા હતા. ૨૭. તેટલીવારમાં તો ચોતરફથી સંતો અને હરિભક્તો ધોકા અને શસ્ત્રો લઈને આવી પહોંચ્યા. જમતાં વિપ્રોને ચારેબાજુ કોટની જેમ ઘેરી લીધા. તેને દેખીને બધા વિપ્રો મનમાં ડરી ગયા. ૨૮. ત્યાં વચ્ચે શ્રીહરિને માટે અદ્‌ભુત બેઠક બનાવી હતી. પ્રભુ તેના ઉપર આવીને બેઠા ત્યારે તલવાર અને ઢાલ પાસે જ લીધા હતા. શ્રીહરિએ ઊજળાં જરિયાની વસ્ત્ર પહેર્યાં હતાં. ૨૯.

શ્રીહરિએ તાળી પાડી અને લોકોને બોલતા બંધ કર્યા. સુખકારી શ્રીહરિ ઊભા રહીને ઊંચે અવાજે વિપ્રોને પોકારીને બોલ્યા, 'અત્યારે જે

વિપ્રો જમવા બેઠા છે તે કરતાં પણ વધારે બીજા વિપ્રો આવીને અહીં જમે તેમાં અમે ખૂબ જ રાજી છીએ. વરસોવરસ બધા વિપ્રોને જમાડવાનું અમે ધારી રાખ્યું છે. ૩૦-૩૧. વિપ્રોનું જેવું ભાગ્ય હશે તે પ્રમાણે તેઓ સંપીને જમશે. ભાગ્ય વિના ક્યારેય સંપ રાખી શકાય નહિ. તે અમને આજે જોવામાં આવ્યું છે. ૩૨. અમે દેવતાઓ કરતાં પણ વિપ્રને અતિ અધિકપણે માનીએ છીએ. છતાં પણ અમને અપયશ દેવા માટે બધા શક્તિપંથીઓએ મનમાં હીન વિચારો કર્યા છે. ૩૩. અમારા હરિભક્ત વિપ્રો પંગતમાં સહુને લાડુ પીરસવા માટે આવશે. તેમની સાથે જે લડાઈ કરવાના હોય તેમણે જમનારાની પંગતમાં બેસવું નહિ. ૩૪. આ બધા વિપ્રોથી તેમણે પંગત અલગ કરવી અને રસોઈ પણ અલગ જ કરીને જમવું. જેણે દારૂનો પ્રસંગ કર્યો હોય એવાને અમે દેખશું, તો તેમને અમે જમાડશું નહિ. ૩૫. દારૂપાન ન કરનારા વિપ્રોને જમાડ્યાનું જે પુણ્ય મળતું હોય તેટલું જ અમારે લેવું છે. ઉત્તમ વર્ણના થઈને જે દારૂ અને માંસને ખાય પીવે છે, તેઓના તો અનંત પુણ્યનો નાશ થાય છે. ૩૬.

દારૂ, માંસ, ચોરી અને વ્યભિચાર, એ ચાર પ્રકારના પાપોને જે ન કરે તે જ ઉત્તમ વર્ણના મનુષ્ય ગણાય છે. ૩૭. વળી દારૂ, માંસ, ચોરી અને વ્યભિચાર, એ ચાર પાપ કહેવાય છે. એ ચારમાંથી જે માણસ જેટલા પાપ કરે, તે તેટલો પાપી કહેવાય છે. ૩૮. વેદાદિ શાસ્ત્રોના નિયમ બહાર જેનું જેટલું વર્તન હોય, તેટલો તે પશુની પંગતનો કહેવાય છે. તે તો પશુ બનતા બનતા મનુષ્ય થઈ ગયો છે.' ૩૯. તે વખતે પંગતમાં જે શુદ્ધ મનનાં અને શુદ્ધ આચરણના વિપ્રો હતા તેઓએ શ્રીહરિને કહ્યું, હરિભક્ત વિપ્રો જે રોજ લાડુ પીરસે છે, તે સુખેથી પંગતમાં પીરસે અને ફરે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોદશ પૂરમાં 'પંગતમાં બેઠેલા અસુરાવિષ્ટ વિપ્રોને શ્રીહરિએ ડરાવ્યા' એ નામે સત્તરમો તરંગ સમાપ્ત ॥૧૭॥



પૂર તેરમું : તરંગ - ૧૮

સજ્જડ બંદોબસ્ત વચ્ચે વિપ્રોનું ભોજન અને શ્રીહરિનું મંતવ્ય કથન

જે જે ગામના જેટલા હરિભક્ત વિપ્રો પંગતમાં લાડુ પીરસવાના હતા, તેઓ પહેલા હાથથી ખેંચી શકાય તેવી નાની ગાડીમાં લાડુ ભરીને પીરસવા આવ્યા. ૧. પીતાંબર પહેરેલા બબ્બે વિપ્રો એકેક ગાડીને ખેંચતા હતા. તેની શોભા તો અતિ અદ્‌ભુત બની હતી. ૨. પ્રત્યેક ગાડીએ બબ્બે હરિભક્ત વિપ્ર લાડુ પીરસતા હતા અને પાંચ પાંચ હરિભક્ત વિપ્રો હાથમાં લાકડી લઈને ગાડી સાથે ચાલતા હતા. ૩. શક્તિમાર્ગી વિપ્રોએ જડબેસલાક બંદોબસ્ત દેખ્યો. અને પંગતની બહાર, ચોતરફ અસંખ્ય હરિભક્તોને દેખ્યા તેથી કોઈ કાંઈ બોલી શક્યા નહિ. ૪. જ્યાં સુધી પંગતમાં વિપ્રો દ્વારા પીરસવાનું ચાલું હતું ત્યાં સુધી શ્રીહરિ તો એમ બોલતા જ હતા કે, અમે તદ્દન સત્ય વાત કહીએ છીએ કે, અમારે માટે વિપ્રો કરતાં કોઈ અન્ય અધિક પૂજ્ય નથી. ૫.

અમે વિપ્રોના હિત માટે જ યજ્ઞ કરીએ છીએ. તમે બધા વિપ્ર તે બાબતને જાણતા નથી. અમે અમારી પોતાની મોટપ વધારવા માટે યજ્ઞ કરતા નથી. ૬. દારૂ, માંસ, ચોરી અને વ્યભિચાર, એ ચાર તો ઘણા મોટા અતિપાપ કહેવાય છે. તે ચારેનો ત્યાગ જ્યારે વિપ્રો કરશે, ત્યારે મોટા મોટા રાજાઓ પણ તે અતિ પાપોનો ત્યાગ કરશે. ૭. અમારા દિલમાં તો આ કહ્યું એટલી જ વાતનું તાન છે. તે બાબતનું પ્રતિપાદન - પ્રચાર તમારે વિપ્રોએ કરવો જોઈએ. જો તમે તેવો પ્રચાર કરશો તો આ દુનિયા એકાકાર નહિ થાય. ૮. સમુદ્ર જો મર્યાદાને તજી દેશે તો દુનિયાને સુખ કેવું રહેશે ? એકાકારમાં તો બધું એવું થાશે કે, વિપ્ર મનુષ્ય પણ ચાંડાળ જેવા આચરણ સુધી પહોંચી જશે. ૯. વિપ્રની કન્યાને ચંડાળ પરણશે. અને તે પછી તેઓ કૂતરાંના માંસને પણ ખાવા લાગશે. જે શક્તિપંથીઓ કહેવાય છે તેઓ તો ચંડાળીને પણ શક્તિ માનીને પૂજે છે. ૧૦.

વિપ્રની રીતે જો વર્તે તો નિયમ-ધર્મયુક્ત વિપ્રના સમાન જગતમાં કોઈ ઉત્તમ નથી. પોતાનો દેહ જાય તો ભલે જાય પણ પોતાનો ધર્મ જવા ન દે, તે

જ ઉત્તમ વિપ્ર કહેવાય છે. ૧૧. દારૂ, માંસ, ચોરી અને વ્યભિચાર, એ ચાર પાપો અપાર પાપ કહેવાય છે. એ ચાર પાપોને જે ન કરે, તેને અમે હિંદુ દેખીએ છીએ. ૧૨. દારૂ, માંસ, ચોરી અને વ્યભિચાર, એ ચાર પાપોને જે કરે છે તેને તો અમે મ્લેચ્છ કહીએ છીએ અને તે ચાર દુરાચાર તો અધમ મનુષ્યનો ધર્મ છે. ૧૩. જેટલા રાજાઓ ક્યારેક દારૂ,માંસને ખાતા-પીતા હોય તેમની આંધળી દેખાદેખીથી બીજા ક્ષત્રિયો પણ તેમ કરતા થઈ ગયા છે. ૧૪. રાજા કોઈ બાબતમાં અપાર અધર્મ કરતા હોય, તોપણ વિપ્રો તેને 'આ ક્ષત્રિયનો ધર્મ છે' એવી માન્યતા આપી દે છે. ૧૫.

કાશીમાં ભણેલા મોટા મોટા પ્રસિદ્ધ વિદ્વાનોને રાજાઓ રાજપંડિતના રૂપમાં રાખે છે. ૧૬. મોટા રાજાઓ તેમને મનમાન્યું વર્ષાસન કરી આપે છે. તે સિવાયના વિવિધ પ્રકારનાં અપાર દાન પણ રોજ આપતા હોય છે. ૧૭. નિત્ય પાકાં સીધાં આપે અને 'જોઈએ તે કહેજો' એમ પણ કહેતા રહે છે. તેને ગામ, ગરાસ કે વતન પણ ક્યારેક અતિ હરખથી કરી આપે છે. ૧૮. પણ રાજાના આશ્રિત જે વિદ્વાન હોય છે તે રાજાના ગમે તેવા આચરણને પ્રમાણરૂપ કરી દે છે. જે વર્તનને વિદ્વાન પ્રમાણિત કરે, તેનો વિરોધ કોણ કરે ? અને ઉત્થાપન કોણ કરે ? ૧૯. આ જગતમાં જે મોક્ષભાગી જીવ છે તેને મોક્ષની વાત દિલમાં ગમે છે. અને મોક્ષમાં ધર્મ તથા અર્થ, એ બે તો અનાયાસે આવી જ જાય છે. ૨૦.

જેમ કોઈ મોટા સમુદ્રી જહાજમાં બેઠો હોય, તે અનાયાસે સમુદ્રને તરી જાય છે. તેમ મોક્ષને માર્ગે ચાલવામાં બીજા પુરુષાર્થો તથા સાધનો અનાયાસે આવીને વાસ કરીને રહે છે. ૨૧. વિપ્રોને તૃપ્ત કરવા માટે અમે વારંવાર યજ્ઞ કરીએ છીએ. તેમાં વિપ્રોને અમે જમાડીએ છીએ, છતાં કોઈ વિપ્ર તે યજ્ઞમાં જો ક્યારેય વિઘ્ન કરે, તો તે વિઘ્ન કરનારાનું કદાચ કોઈ તલવારથી માથું કાપી નાખે, તો તેને લેશમાત્ર પણ પાપ લાગે નહીં. અમારા સંતો તથા હરિભક્તો તો બ્રહ્મવેત્તા છે અને અપાર શુદ્ધ છે. ૨૨-૨૩. સત્સંગના જોગથી તેઓ નિર્ભય થઈને સર્વ પ્રકારે તંદુરસ્ત રહે છે. સ્વરૂપથી તો તેઓ બધાં કાળના પણ કાળ છે, છતાં તેઓ તમને સામાન્ય મનુષ્ય જેવા દેખાય

છે. ૨૪. અત્યારે અમારા સત્સંગમાં જેટલી પ્રથા છે તેને કોઈ બુદ્ધિશાળી રાજા દેખીને તે પ્રમાણે પોતાના રાજ્યમાં ચલાવશે. ૨૫.

તેમાં એવી બુદ્ધિ છે કે, તે જગતમાં જે જે સારરૂપ વસ્તુ કે વર્તન હશે તેને સ્વીકારીને આખી ભૂમિ ઉપર તેને પ્રવર્તાવશે. ૨૬. **સત્સંગના ધનને કોઈ યુક્તિ-પ્રયુક્તિથી હરી લે, તો તેને તેનાથી કરોડગણું વધારે વિઘ્ન-નુકશાન થાશે. ૨૭. વળી, એવાને અસાધ્ય દીર્ઘ રોગ વગેરે થાશે. અને એવું વિઘ્ન આવશે કે, તેના બધાં ભોગ-સુખો વિષરૂપ કરી નાંખશે. ૨૮.** જે સ્વાર્થી રાજાઓ હશે તેમને પણ કરોડોવાર વિઘ્ન આવશે. પણ જેના વિચારો સ્વાર્થપરાયણ જ હોય છે તે રાજાઓને તલભાર પણ તે વિઘ્નોનો ભય લાગતો નથી. ૨૯. જે લોકો સત્સંગની અપકીર્તિ કરીને ધન લેવા ચાહશે, તો તેની પોતાની જ ઘણી અપકીર્તિ થાશે. અને કીર્તિ કરે એવા ધનને જે લેશે તેમની જગતમાં કીર્તિ ઘણી વધશે. ૩૦.

દેવો અને દૈત્યોથી માંડીને પૂર્વે અપાર રાજાઓ થઈ ગયા છે. તેમાંથી જે જેટલા નીતિ પ્રમાણે વર્ત્યા તેમની તે સમયમાં ઘણી જ કીર્તિ વધી હતી. અને જે જેટલી નીતિનો ત્યાગ કરીને વર્ત્યા હતા તેની તેટલી અપકીર્તિ પણ થઈ હતી. તે બધાની વાત શાસ્ત્રોમાં લખાયેલી છે. તે જો શાસ્ત્રોને વાંચે તો તેમાં જણાય આવે છે. ૩૧-૩૨. જેમાં જેટલા ગુણ અને દોષ રહ્યા હોય છે તે બધાં શાસ્ત્રોના દ્વારા દેખાય આવે છે. જેમાં જેટલું વજન હોય છે તેને કાંટો બતાવી દે છે, તે છુપાવતો નથી. ૩૩. સંઘેડો, ચાકડો, સૂતરની દોરી અને રંધો, એ બધાં સમું-સીધું-સરખું કરવાના સાધન હોય છે. તે જેને ઠીક કરવાનું હોય છે તે લાકડાં વગેરેની સીધાઈ કે વાંકાઈને બતાવી દે છે. તે કોઈની મહોબત રાખતા નથી. જેવું હોય તેવું જણાવી દે છે. એ રીતે જ સચ્છાસ્ત્રની રીત છે અને સાચા સંતપુરુષની પણ એવી જ રીત કહી છે. ૩૪-૩૫.

સાચા વિપ્રોની પણ એવી જ રીત હોય છે કે, તેઓ મુખથી સત્ય વચનને જ બોલે. સત્ય બોલવામાં કોઈ પણ પ્રકારનાં લોભથી દબાય નહિ. સાચા વિપ્ર સત્ય વચન બોલે અને સદા નિર્લોભી રહે. ૩૬. **અત્યારે પણ જે સાચા વિપ્ર છે તે ભૂમિનાં ચક્રવર્તી રાજ્યને કે ત્રિલોકીનાં રાજ્યને પણ**

સત્યની સમાન માનતા નથી, તુચ્છ ગણે છે. ૩૭. શ્રીનગરમાં નરભેરામ શાસ્ત્રી છે. તેમને અન્ન-ધનાદિનો લોભ નથી. તેઓ એક સત્યની ટેક રાખે છે. ૩૮. મોટા મોટા રાજાઓ પણ તેમને વર્ષાસન આપવા ચાહે છે. અન્ન, વસ્ત્ર અને વાહન આપવાનું પણ કહે છે. ૩૯. મોટા શાહુકારો પણ તેમને રોજ સીધું લઈ જાવાનું કહે છે. છતાં તેઓએ દેહપર્યંત નિર્ધાર કરીને અયાચકવૃત્તિ રાખી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોદશ પૂરમાં 'સજ્જડ બંદોબસ્ત વચ્ચે વિપ્રોને જમાડતી વેળાએ શ્રીહરિએ પોતાનું મંતવ્ય કહ્યું' એ નામે અઢારમો તરંગ સમાપ્ત ॥૧૮॥

પૂર તેરમું : તરંગ - ૧૯

યજ્ઞની સમાપ્તિ અને શ્રીહરિ તથા સત્સંગ બાબતે લોકવાર્તા

જ્યારે પીરસનારા વિપ્રોએ લાડુ પીરસી દીધા ત્યારે 'વાસુદેવ હરે' એમ બોલ્યા અને કહ્યું, હવે સહુ જમો, જમવામાં જરાય વાર ન લગાડશો. ૧. વિપ્રો જ્યારે જમવા લાગ્યા ત્યારે ઢોલ, ત્રાસા અને નોબત વગેરે વાજિંત્રો વાગવા લાગ્યા અને 'જય જય' 'જય જય' નો ઊંચેથી જયઘોષ થવા લાગ્યો. ૨. બંદૂકો તો અપાર હતી. તે એક સાથે બધી ફૂટી, બધું આકાશ ગાજવા લાગ્યું, સહુને એમ લાગ્યું કે, જાણે કોઈ મોટી તોપ ફૂટી. ૩. જે કુફેલ કરનારા વિપ્ર હતા તેમનાં મનમાં ઘણો ત્રાસ થવા લાગ્યો. માનો, હમણાં જ પ્રલયનો સમય આવી ગયો. એમ સહુ થર થર ધ્રૂજવા લાગ્યા. ૪. જેનાં મનમાં લેશમાત્ર પણ કુટિલતા ન હતી, એવા સરલ વિપ્રો તો અત્યંત આનંદ માનવા લાગ્યા. આવો આનંદ તેમણે ક્યારેય દેખ્યો ન હોય એટલો આનંદ ત્યારે થઈ ગયો. ૫.

જેઓ કુટિલ-કપટી હતા, તેઓના બધા અંગ તૂટી ગયા હોય, તેવા થઈ ગયા. મનમાં રતીભાર પણ ઉમંગ ન રહ્યો. જેટલી બંદૂકો ફૂટતી હતી તે માનો તેમના હૃદયને વીંધતી હતી. ૬. કેટલાકને તો તે વધારે પડતા ભયને

લીધે પહેરેલા પીતાંબર પણ બગડી રહ્યા. કેટલાકને તો પેશાબ છૂટી ગયો. તે વખતે બધા ગુપચુપ થઈ ગયા. ૭. મનમાં જે જે ધારી રાખ્યું હતું તે બધું ભુલાઈ ગયું, અને દિલમાં અશાંતિ થઈ ગઈ. લાડુ જમતી વખતે કંઠ રુંધાઈ ગયો, કશું જમ્યા ન જમ્યા જેવું થયું. ૮. બંદૂકોના અતિ ભયંકર અવાજથી જે કુબુદ્ધિ વિપ્રો હતા તેઓ તો ડરી ગયા. તેમજ દાળ ભરેલી મોટી મોટી માટીની કોઠીઓ હતી તે પણ કેટલીક અવાજના થડકાથી ફૂટી ગઈ. ૯. જ્યાં સુધી તે વિપ્રો જમતા રહ્યા ત્યાં સુધી બંદૂકો ફૂટતી રહી. કાઠી દરબારો ચારેતરફ ઘોડા દોડાવતા હતા. એટલે કુબુદ્ધિવાળા તે વિપ્રો તો તેનાથી વધારે ડરી ગયા. ૧૦.

કુબુદ્ધિ લોકોના જેટલા હીન વિચારો હતા તે બધા મનમાં જ દબાઈ રહ્યા, તેમનું ધાર્યુ કાંઈ થયું નહિ. યજ્ઞમાં બધા 'ભલે' 'ભલે' એ રીતે મનુષ્યમાત્ર પ્રસન્નતાથી બોલતા હતા અને સાંગોપાંગ યજ્ઞ પૂરો થયો. ૧૧. વળી યજ્ઞદર્શનાર્થીઓ એમ કહેતા કે, દક્ષ પ્રજાપતિ મહાન સમર્થ હતા. તેમણે સારો યજ્ઞ કરવાની શરૂઆત કરી. ભવ, બ્રહ્મા અને ઈંદ્રાદિક અપાર દેવો તેમાં હાજર રહ્યા. ૧૨. તેમણે સર્વોપરી યજ્ઞ કરવો છે એવું મનમાં ધાર્યું હતું. પણ તેમાં એક શિવનું અપમાન કર્યું, તેથી દક્ષ પ્રજાપતિનો ઘણો જ અપયશ થયો. ૧૩. તત્કાળ યજ્ઞકુંડમાં સતી પડીને બળી ગયા. અતિ હાહાકાર થઈ ગયો. તેમજ ઘણું મોટું યુદ્ધ થયું. ૧૪. પછી ત્યાં વીરભદ્ર આવ્યા. દક્ષના પક્ષમાં જે મોટામોટા દેવો હતા, તે બધાને વિરૂપ કરી નાખ્યા. ૧૫.

કેટલાક દેવોનાં મસ્તક કાપીને યજ્ઞકુંડમાં હોમીને વીરભદ્ર ખુશી થયા. દક્ષપક્ષના બ્રાહ્મણોને નંદિકેશ્વરે શાપ દીધો. ૧૬. દક્ષના પક્ષના જે ઋષિઓ હતા તેમણે શિવના પક્ષવાળાને પણ તે રીતે જ શાપ દીધો. શિવજીના અપરાધને લગારેય ગણ્યો નહીં. ૧૭. જે દિવસે ભૃગુ અને નંદિકેશ્વરે પરસ્પર શાપ દીધા તે દિવસથી દારૂ અને માંસની પ્રવૃત્તિ થઈ. તેમજ પૃથુ મહારાજે નવાણું યજ્ઞ પૂરા કર્યા અને એક યજ્ઞ બાકી રહ્યો હતો. ૧૮. તેની શરૂઆત ઘણી સારી કરી. પણ તેને દેખીને ઈંદ્ર કોપ્યા. પછી તે યજ્ઞના અશ્વને છાની રીતે વારાફરતી છત્રીશવાર લઈ ગયા. ૧૯. તેણે છત્રીશવાર પાખંડી વેષ

બનાવ્યા. તે પછી તે બધા જ પાખંડના વેષ આ ભૂમિ ઉપર પ્રવર્ત્યા. તે સિવાયના પણ બીજા પાખંડ ઘણા હતા. તેને સ્વામિનારાયણે દેખી-ઓળખીને, યજ્ઞો કરીને તે પાખંડોનો ઉચ્છેદ-વિનાશ કર્યો. સ્વામિનારાયણને પાખંડનો ઉચ્છેદ કરવાની ઘણી ઉમેદ રહે છે. સત્પુરુષ વિના જેટલા પાખંડ છે તેનો ઉચ્છેદ ક્યારેય થઈ શકે નહિ. ૨૦-૨૧.

આવા યજ્ઞ કરે તેને તો ખરેખર ધન્યવાદ ઘટે છે. આવા યજ્ઞ કરનારાની કીર્તિ યુગો સુધી રહે છે. તે સિવાયની જે બીજી મોટાઈ છે તેને તો લોકો ઠેકઠેકાણે કરે છે. ૨૨. મનુષ્ય કોઈનો કાગળ - પત્ર ન આવ્યો હોય, તોપણ એક ઘડીવારમાં જ દૂરદેશમાં બનેલી ઘટનાને અહીંયાં (ટેલીગ્રામથી) બતાવી દે છે. રેલ્વે જેવા બળદ વગરના કેટલાક એવા વાહનો કર્યા છે કે, જેમાં એક હજાર માણસને બેસાડી શકાય છે. ૨૩. એક જ કલાકમાં સો કોશ જેટલે દૂર પહોંચાડી દે. બેસનારાને પણ કાંઈ પરિશ્રમ પડે નહિ અને અથાગ પાણી ભરેલા નદી, સમુદ્રના પાણીમાં પણ પુલ બનાવી શકાય છે. તે યંત્રવિદ્યા જાણનારા વૈજ્ઞાનિકને તે અંગે બધું જ્ઞાન હોય છે. ૨૪. જે યંત્રવિદ્યાનો જાણનાર વૈજ્ઞાનિક હોય તેને એવી કોઈ બાબતો અગમ્ય નથી. તે વૈજ્ઞાનિકો અનેક હોય છે. તેનો ગણાવ્યે પાર આવે નહિ. (પરંતુ સ્વામિનારાયણ જેવા સમર્થ તો તે એક જ છે. કેમ જે, વૈજ્ઞાનિકોથી ઉપરોક્ત બધું થઈ શકે છે. પણ તેનાથી પાખંડ ધર્મનો ઉચ્છેદ કરી શકાતો નથી.) ૨૫.

આ ભૂમિ ઉપર જેટલા પાખંડ છે તેને જોઈ જોઈને તેનો વિનાશ કરવો તે આ જગતમાં ઘણું કઠિન કામ છે. ૨૬. અત્યારે તો પાખંડનો વિનાશ કરનાર સ્વામિનારાયણ સિવાય બીજો કોઈ દેખ્યામાં આવતો નથી. સ્વામિનારાયણ તો પોતાના બુદ્ધિ અને બળથી જ પ્રતાપને દેખાડે છે. ૨૭. આ ભૂમિ ઉપર ઠેકઠેકાણે અપાર વિદ્યાઓ ભરી પડી છે. અપાર લોકો તેને ભણે છે, પણ બ્રહ્મવિદ્યાને ભણનારો દુર્લભ છે. (સ્વામિનારાયણ ભગવાન તે બ્રહ્મવિદ્યાના નિષ્ણાંત છે અને અનેકને તે વિદ્યા ભણાવે છે.) ૨૮. વળી, અમુક લોકો આવો ઉત્તમ યજ્ઞ જોઈને એવું બોલતા હતા કે, ચૌદ લોકની રચના એક એકથી અધિક ઉત્તમ છે. તેવી જ રીતે તેમાં ભોગ-સુખ પણ ઘણા ઉત્તમ છે.

પરંતુ છેવટે તો તે બધા ભોગ નકારા-નઠારા થઈ જાય છે. ૨૯. **ભગવાનનું ધામ જ એક સનાતન કહેવાય છે અને તેના ભોગ-સુખ પણ સનાતન છે. તે ભોગ-સુખ સર્વોપરી છે, તેનો નાશ કોઈ દિવસ થાતો નથી.** ૩૦.

જેટલો ધર્મસર્ગ કહેવાય છે, તે જેનાં અંતઃકરણમાં જેટલો નિવાસ કરીને રહેતો હોય, તેટલો તે ધર્મસર્ગવાળો મનુષ્ય ભગવાનનાં સનાતનધામને પામે છે. પણ અધર્મસર્ગ જેનાં અંતઃકરણમાં રહ્યો હોય છે તે સનાતનધામને પામતો નથી. ૩૧. જેટલા અધર્મસર્ગવાળા હોય છે તે જમપુરીમાં જાય છે. ત્યાં જેટલા નરકનાં કુંડ છે, તેમાં તે દુઃખોને પામે છે, જે કહ્યું કહી શકાતું નથી. ૩૨. લખચોરાશીમાં જેટલી યોનિઓ-જાતિઓ છે તેમાં તે જીવ વારંવાર જન્મોને ધારણ કરે છે. તે જન્મને અને મરણને વારંવાર ભોગવે છે અને તેમાં અપાર દુઃખોને પામે છે. ૩૩.

❋ હરિભક્ત થવાથી ફાયદો :

चोपाई :

हरिजन अब होवत जन जेते, दुःखमय तनकु छोरीके तेते;
दुःख रोग नहीं जामें लेशा, एसे तनकु पावत वरेशा...३४
हरिजन जन होत न ज्यां लगही, अनंत दुःख सहत त्यां लगही;
रोग अनंत सहत वेर वेरी, सुख न पावत कबहु एरी...३५
हरि के धाम विन जेतो सुखा, मानत तिहाँ लग रहत विमुखा;
भूत प्रेत तिहाँ लग हि होवे, भगवान कबु सन्मुख न जोवे...३६

અત્યારે જેટલા લોકો હરિભક્ત થાય છે તે દુઃખમય શરીરને છોડીને જેમાં લેશમાત્ર પણ દુઃખ કે રોગ નથી, એવા સર્વોત્તમ દિવ્ય દેહને પામે છે. ૩૪. મનુષ્ય જ્યાં સુધી હરિભક્ત થાતો નથી ત્યાં સુધી તેને અનંત દુઃખો સહન કરવા પડે છે, અને વારંવાર તેને અનંત રોગો સહન કરવા પડે છે, પણ તેને ક્યારેય સુખ તો મળતું જ નથી. ૩૫. જીવ જ્યાં સુધી ભગવાનનાં ધામ સિવાય અન્ય જેટલી વસ્તુઓમાં સુખ માને છે ત્યાં સુધી તે વિમુખ રહે છે, અને જ્યાં સુધી હરિવિમુખ રહે છે ત્યાં સુધી તે ભૂત-પ્રેત આદિનાં જન્મને

પામે છે, અને ક્યારેય ભગવાન તેની સન્મુખ કૃપાદૃષ્ટિ કરતા નથી. ૩૬. જેટલા સંતો અને હરિભક્તો હતા, તેઓ નિત્ય આવી વાતો કરતા હતા અને તે પંચવિષયને ઝેર જેવા દેખાડતા. પરંતુ બીજા મત તો વિષયખંડન કરવાને બદલે લોકોને ફોસલાવતા. ૩૭. જે મતમાં લોકોને ફોસલાવાતા હોય તે મત તેવા વિષયી લોકોને ગમે છે. તેના શિષ્ય પણ ઘણા થાય છે. પણ મર્યા પછી તે વિષયી જીવો જમપુરીમાં જાય છે. ૩૮. યજ્ઞનાં દર્શન કરવા આવેલા લોકો આવી વાતો કરતા હતા. તેમાંથી કેટલાકને જ્યારે ફરીથી સંતોનો જોગ થયો ત્યારે સત્સંગ રાખ્યો હતો. ૩૯. **જે લોકો ભાવનાથી સમૈયામાં આવતા હતા, તેઓ સત્સંગી થાતા અને અંતે ભગવાનનાં ધામને પામતા હતા. ૪૦.**

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોદશ પૂરમાં 'યજ્ઞની સમાપ્તિ અને શ્રીહરિ તથા સત્સંગ બાબતે લોકવાર્તા કહી' એ નામે ઓગણીશમો તરંગ સમાપ્ત ॥૧૯॥

પૂર તેરમું : તરંગ - ૨૦

રાત્રિ સભા અને ચોકીદારને અભાવે શ્રીહરિની નારાજગી

સાંજે વિપ્રો જ્યારે જમી લેતા ત્યારે ખૂબ મશાલો થતી. સંતો, વર્ણીઓ અને સંન્યાસીઓની ઘણી મોટી સભા થાતી હતી. ૧. તે રીતે જ હરિભક્તોની સભા પણ ઘણી મોટી થાતી હતી, જેનો ગણ્યે પાર આવતો નહિ. પુરુષોના સમુદાયમાં પુરુષ બેસતા અને સ્ત્રીઓના સમુદાયમાં સ્ત્રીઓ બેસતી; એમ ત્રણ પ્રકારે સભા થાતી. ૨. શ્રીહરિ જ્યાં બેસતા હતા ત્યાંથી તે ત્રણે સભાઓ ગોળાકારે દૂર સુધી બેસતી. તે સભા અલૌકિક જણાતી. દુનિયામાં ક્યાંય આવી સભા થાતી નહિ. ૩. જે હરિભક્તો હતા, તેઓ તો શ્રીહરિનાં શુભ યશની વાતો કરતાં. જેવાં દર્શન થાતાં હોય તેવી મૂર્તિનું ચિંતવન કરતાં. ૪. સહુ હરિભક્તો આવીને શ્રીહરિની પૂજા કરતા. વિવિધ પ્રકારના વસ્ત્ર અને ઘરેણાં લાવતાં હતાં. ઠેકઠેકાણે ફૂલના હાર, બાજુબંધ, તોરા વગેરે શ્રીહરિને ધરાવતાં હતાં. ૫.

હરિભક્તો શ્રીહરિની પૂજા કર્યા પછી ઘણા જ હરખથી સંતોની પૂજા કરતા હતા. તે પ્રમાણે જ વર્ણીઓની પૂજા પણ કરતા. ૬. સહુ સંતો, વર્ણીઓ અને હરિભક્તો બધા ભગવાનનાં કીર્તન ગાતા. જ્યારે સંધ્યા સમય થાય ત્યારે રોજ પહેલા ધૂન થાતી. ૭. 'નારાયણ ધૂન' કરતા ત્યારે શ્રીહરિ ઊભા થઈને ધૂન બોલાવતા. બંને હાથે એવી ઝડપથી તાળીઓ પાડતા કે, બીજા કોઈ તેવી તાળી પાડી શકતા નહિ, તેવી તાળી પાડતા કોઈને આવડતું નહિ. ૮. ધૂન કરતી મૂર્તિ અત્યંત શોભતી. તે મૂર્તિ સૌનાં મનને લોભાવતી હતી. ધૂનમાં મૂર્તિનાં લટકા કોઈ એવા અલૌકિક ભાતનાં થાતા હતાં કે, તે મૂર્તિ ભક્તોના ચિત્તમાં ચોંટી જાતી હતી. ૯. શ્રીહરિ ધૂનમાં લટકા કેવાં કરતા હતા ? મને તેનું વર્ણન કરતા આવડતું નથી. **કોઈ નટને પણ તેવા લટકાં કરતાં ન આવડે, એવાં શ્રીહરિનાં લટકાં રહેતાં હતાં.** ૧૦.

સ્વામિનારાયણ મહાપ્રભુની મૂર્તિ સહજ સ્વભાવે લટકીલી હતી. બોલતાં-ચાલતાં પણ તેમાં લટકાં રહેતા હતા. જે જે અને જેવી ક્રીડા-ક્રિયા કરતા, તે એક પણ લટકાં વગરની રહેતી નહિ. ૧૧. **જેટલી મોહકતા - વશીકરણ કહેવાય છે તે બધું શ્રીહરિએ પોતાના લટકામાં રાખ્યું હતું. શ્રીહરિનાં લટકાંને દેખીને મોહ કોણ ન પામે ? તે લટકાંથી મુગ્ધ બનીને બધા મોટા રાજાઓ પણ મસ્તક ઝુકાવતા હતા. ૧૨.**

दोहा : हिंदु जवन सब देव तेही, लटक हरि की देख;
मान रहत नहीं लेश हि, नमत आई अलेख...१३

હિંદુઓ, મુસલમાનો અને તેમના બધા દેવતાઓ એ બધાને શ્રીહરિનાં લટકાં દેખીને લેશમાત્ર પણ માન રહેતું નહિ. તેઓ બધા આવીને શ્રીહરિને અમાપરૂપમાં નમતા હતા. ૧૩. આ યજ્ઞનિમિત્તની શ્રીહરિની જેટલી કીર્તિ થઈ તેને કાનોકાન સાંભળીને જે દૈવી લોકો હતા, તેઓ બધાં ભેળામળીને શ્રીહરિની પાસે આવીને શ્રીહરિને મળ્યા. ૧૪. વિલાયત(ઇંગ્લેંડ) સુધીના જે જે મોટા મોટા અધિકારી ગોરાઓ હતા, તેઓ પણ શ્રીહરિની કીર્તિને કાનથી સાંભળીને આવતા અને અત્યંત ભાવથી દર્શન કરતા હતા. ૧૫.

ઘણા કિંમતી ઉપચારોથી શ્રીહરિની પૂજા કરતા અને શ્રીહરિને યોગેશ્વર તથા મહાન ત્યાગી જાણતા. તેમણે નિર્દંભ અને નિર્માની થઈને શ્રીહરિને સહુના સારરૂપ અર્થાત્ સર્વશ્રેષ્ઠના રૂપમાં પારખ્યા - ઓળખ્યા હતા. ૧૬. ચાર ઘડી(૧.૩૬ કલાક) રાત જાય ત્યાં સુધી શ્રીહરિ ધૂન કરાવતા. જ્યારે ધૂન કરી રહેતા ત્યાર પછી પોતે પોતાના આસન ઉપર બેસતા. ૧૭. સહુ ભક્તો 'જય સ્વામિનારાયણ' આવું નામ ઉચ્ચારીને ઠેકઠેકાણે પરસ્પર વંદન કરતા હતા. તે પછી શ્રીહરિ સત્સંગની વાતો કરતા. તે સાંભળીને બધા ભક્તોને સુખ તથા શાંતિ થાતી હતી. ૧૮. શ્રીહરિ જ્યારે સંતોને વાતો કરતા ત્યારે સંતો અતિ રાજી થતા, અને વર્ણીને વાતો કરતા ત્યારે વર્ણીઓ ખૂબ જ રાજી થતા. ૧૯. જ્યારે સંન્યાસીને વાતો કરતા ત્યારે સંન્યાસી મનમાં પ્રસન્ન થતા. તેમજ જ્યારે પાર્ષદોની વાત કહેતા ત્યારે તે તેમનાં મનને હરી લેતી હતી. ૨૦.

જ્યારે વિપ્રોના ગુણોની વાત કહેતા ત્યારે વિપ્રો ખુશ થઈ જતા, અને જ્યારે રાજાઓની વાત કહેતા ત્યારે તેમને જણાતું કે, આવી વાત તો ક્યારેય સાંભળી નથી. ૨૧. વૈશ્યોની એવી રીતે વાતો કરતા કે તે સાંભળીને વૈશ્યો અતિ રાજી થઈ જાતા, અને શૂદ્રોની વાત એવી અદ્‌ભુત રીતે કહેતા કે તે વાત બધા જ શૂદ્રોને સોહામણી લાગતી હતી. ૨૨. તે સિવાયની બીજી જેટલી વાતો શ્રીહરિ કહેતા તે બધી વાતોમાં પણ અતિશય રસ ભરેલો રહેતો. શ્રીહરિએ કહેલી એક પણ વાત લૂખી ન હતી. તેમાં અનેક પ્રકારના વિવિધ રસ ભરેલા રહેતા. ૨૩. જ્યાં સુધી શ્રીહરિ વાત કહેતા હોય, ત્યાં સુધી સહુ તેને સાંભળવા હરખથી બેસી રહેતા હતા. આમ સહેજે જ અધરાત થઈ જાતી. પછી ત્યાંને ત્યાં જ લોકો સૂઈ જાતા. ૨૪. ટાઢ તો બહુ પડતી હતી, પણ શ્રીહરિનાં સુખને લીધે કોઈપણ દુઃખી થતા નહિ. શ્રીહરિનો તે અત્યંત પ્રતાપ દેખાતો હતો. ૨૫.

કોઈ એક દિવસ મધ્યરાત્રિ થઈ ગઈ હતી. શ્રીહરિએ સારાં વસ્ત્ર અને ઘરેણાં પહેર્યાં હતાં. પોઢવાનો સમય થયો એટલે જગદાધાર શ્રીહરિ મંચ ઉપર જ પોઢી ગયા. ૨૬. સુરતના એક કણબી નારાયણદાસ નામે પ્રેમી ભક્ત

હતા. તે રાતે મંચ ઉપર ચઢી ગયા. ૨૭. 'કોઈ પાર્ષદ નથી' એમ જોયું. એટલે તે શ્રીહરિની પાસે જ સૂઈ ગયા. તેવામાં શ્રીહરિ જાગી ગયા, ચોરની શંકાથી તેને બે હાથે પકડી લીધા. ૨૮. સહુ 'ચોર' 'ચોર' એમ બોલવા લાગ્યા. ત્યારે બધા પાર્ષદ જાગી ગયા. મશાલ લાવીને તેનું મોઢું જોયું ત્યારે ખબર પડી કે, આ તો પાકા હરિભક્ત છે. ૨૯. તેને પૂછ્યું, શા માટે અહીં મંચ ઉપર આવ્યા ? પાર્ષદોની ચોકીનો તમને ભય લાગ્યો નહિ ? ત્યારે તે નારાયણદાસે કહ્યું, હું જ્યારે આપની પાસે આવ્યો, ત્યારે બધા પાર્ષદો સૂઈ ગયેલા હતા. એટલે હું મંચ ઉપર ચઢી આવ્યો. મહારાજ ! આપની સાથે સૂવાનો મને સંકલ્પ રહેતો હતો, તે આજ પૂરો કર્યો. ૩૦-૩૧. હવે આપ મને બાંધો કે મારો, પ્રભુ આપ હૃદયની બધી વાતને તો જાણો જ છો. પછી શ્રીહરિએ તેને અતિ પાકો સત્સંગી જાણીને તેના ઉપર દયા કરીને તેને છોડી મૂક્યો. ૩૨.

શ્રીહરિએ કહ્યું, આને મારશો નહિ. પાર્ષદને ચોકી ઉપરથી રજા આપી દો. ત્યારે પાર્ષદે કહ્યું, હે નાથ ! જેનો ચોકી-પહેરાનો વારો હોય, તેને રજા આપો. ૩૩. આ વાંક તો ચોકીના વારાવાળાનો છે. પછી તેને બોલાવીને ચોકી-પહેરામાંથી રજા આપી. શ્રીહરિ બોલ્યા, તમે અમારી નજર સામે રહેતા નહિ. હવે તમારી ચોકી પૂરી થઈ. ૩૪. આટલું બોલીને શ્રીહરિએ પહેરેલા કિંમતી વસ્ત્ર અને બધા ઘરેણાંને તત્કાળ ઉતારી નાખ્યા અને કિંમતી વસ્ત્રાલંકારને અનંત ભયથી ભર્યા જાણીને દૂર જમીન ઉપર ફેંકી દીધા. ૩૫.

શ્રીહરિ બોલ્યા, જેમાં અતિશય ભય રહેતો હોય, તેના ઉપર અમને પ્રેમ થાતો નથી. ભક્તિભાવવાળા હરિભક્તો વસ્ત્રાલંકારોને સુખદાયક માનીને અમને પરાણે પહેરાવે છે. ૩૬. તે વસ્ત્રોને અને અલંકારોને અમે પ્રેમભાવથી ન પહેરીએ તો તે હરિભક્તને દુઃખ લાગે. પછી તે ફરીને ક્યારેય સમૈયો કરવા આવે નહિ. અને તરત તે સત્સંગથી વિમુખ થઈ જાય. ૩૭. તે હરિભક્ત સત્સંગથી વિમુખ ન થઈ જાય એટલા માટે જ અમે સારાં વસ્ત્રોને અને ઘરેણાંઓને અંગીકાર કરીને પહેરીએ છીએ. સારાં વસ્ત્રાલંકારોને પહેરવામાં અમારો બીજો કોઈ મતલબ નથી. ૩૮. **જેમાં ભય રહેલો હોય**

તેમાં અમને કાંઈ શોભા દેખાતી નથી. જેમાં કોઈ ભય ન રહ્યો હોય, તેને અમે સહુથી વધારે શોભારૂપ માનીએ છીએ. ૩૯. જેનાથી શરીરની હાનિ થાય, તેને અમે શોભા કહેતા નથી. કારણ કે, સોનાએ તો કરોડો શરીરોનો નાશ કરાવ્યો છે. પણ લોકો તે બાબતને માનતા નથી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોદશ પૂરમાં 'રાત્રિસભા અને ચોકીદારની લાપરવાહીથી શ્રીહરિની નારાજગી' એ નામે વીશમો તરંગ સમાપ્ત ॥૨૦॥



પૂર તેરમું : તરંગ - ૨૧

ભાઈ રામદાસજીના વઢવાથી શ્રીહરિની ઉદાસીનતા ટળી

શ્રીહરિએ પોતાના શરીર ઉપર એક જ વસ્ત્ર પહેરેલું રહેવા દીધું હતું. બીજાં બધાં વસ્ત્ર ઉતારીને ફેંકી દીધાં હતાં અને બધો ઉમંગ પણ તજી દીધો હતો. ૧. બધાં વસ્ત્ર ભાઈ રામદાસજીસ્વામી પાસે ફેંક્યા હતાં અને બધાં ઘરેણાં જીવુબા તરફ ફેંક્યાં હતાં. ૨. ત્યાં બેઠેલા પર્વતભાઈએ શ્રીહરિની ચતુરતા દેખીને મર્મભર્યા શબ્દો કહ્યા. કારણ કે, તેઓ શ્રીહરિના અત્યંત સુહૃદ હતા. ૩. જુઓ તો ખરા, શ્રીહરિની રીસ કેવી છે ? રીસમાંએ ઘણું ડહાપણ ભર્યું છે. એક રીસને બહાને કેટલાએ કામ કરી રહ્યા છે. ૪. પર્વતભાઈએ આ બધા શબ્દ ભાઈ રામદાસસ્વામીને જ્યારે કહ્યા, અને શ્રીહરિએ જ્યારે બધાં વસ્ત્ર ફેંકી દીધાં તે વખતે ઠંડો પવન ફૂંકાવા લાગ્યો. ૫.

તે વખતે કોઈ ભક્ત શ્રીહરિને વસ્ત્ર ઓઢાડવા જતા, ત્યારે તરત જ શ્રીહરિ તે વસ્ત્રને દૂર ફેંકી દેતા હતા. મુનીશ્વર શ્રીહરિએ એવું રૂપ ધાર્યું કે માનો, તેમને કોઈ વસ્તુ કે વ્યક્તિ લેશમાત્ર પણ ન ગમતી હોય ! ૬. કોઈથી એક વેણ પણ ન બોલી શકાય, એવું સુખદાયક શ્રીહરિએ રૂપ કર્યું હતું. સહુ એકબીજાની સામે જોઈ રહ્યા હતા. અસંખ્ય સંતો અને હરિભક્તો બેઠા હતા. ૭. જ્યારે કોઈનો કોઈ ઉપાય ચાલ્યો નહિ, ત્યારે સહુ ભક્તોએ પોતાનાં શરીર ઉપરનાં વસ્ત્ર ઉતારી નાખ્યાં. પછી એકેક વસ્ત્ર પહેરી રાખ્યું

અને બધાં કડકડતી ટાઢમાં બેસી રહ્યાં. ૮. ઠંડા પાણીથી ભરેલું તળાવ પાસે જ ભર્યું હતું. તેથી ટાઢ વાવાથી વૃદ્ધો ધ્રૂજવા લાગ્યા. તોય દયાળુએ દિલમાં દયા લાવી નહીં. કોઈથી કાંઈ ઉપાય ચાલ્યો નહિ. ૯. ત્યારે ગુજરાતની હરિભક્ત સ્ત્રીઓ કીર્તન ગાવા લાગી.

રાગ : રામગ્રી

પૂછોની અબોલડા શેં લીધા ? કંઈ કામણગારીએ હરિને કામણ કીધા ? ટેક

પાવલે પડી પડી મારી નિલવટ ધાઠી, કાલાવાલા કોડ કર્યા રે;
હૃદિયાનો રોષ ન મેલે મારો વહાલો, નયણાં નીરભર્યા રે...પૂછો૦ ૧

સેજે સૂતો વહાલો પાસું ન ફેરે, ક્ષણું એક સમો નવ થાય;
દીન જાણી વહાલાને દયા ન આવે, કહો રે રજની કેમ જાય ?...પૂછો૦ ૨

આલિંગન લેતા કઠિણ કુચ ખૂંત્યા, એ અપરાધ અમારો;
નરસૈંયાના સ્વામીને મનાવો, મારી બાઈ ! એટલો પાડ તમારો...પૂછો૦ ૩

અમારાં જીવનરૂપ પ્રભુ રૂઠ્યા છે, જો કોઈ તેમને મનાવે, તો અમે અમારા પ્રાણ તેને આપી દઈએ. ૧૦. તે પ્રભુ અમારા પ્રાણોથી પણ પ્યારા છે, પણ તેઓ અત્યારે અત્યંત રૂઠીને બેઠા છે. આ શ્રીહરિ છે તે અમારો વહાલામાં વહાલો ખજાનો છે. ૧૧. અમે તેમનાથી અધિક કોઈને વહાલા રાખ્યા નથી. તેઓ અત્યારે રિસાઈને બેઠા છે. અમે તો અબળા-નારી છીએ, તે અમે જઈને કોને પોકારીને કહીએ ? ૧૨. મરદો તો નામરદ થઈ ગયા છે. અમે મરદ થઈ નથી. જો અમે મરદ હોત તો શ્યામસુંદરને ઠીક કરી દેત !' ૧૩. સ્ત્રી ભક્તોના આવા શબ્દોને સાંભળીને શ્રીહરિ ઉઠ્યા ને ધીમું ધીમું થોડું હસવા લાગ્યા. ત્યારે ભાઈ રામદાસજીસ્વામી ઊઠીને શ્રીહરિ પાસે જઈને પગે લાગ્યા. ૧૪. શ્રીહરિની મરજી પારખીને હેતભર્યાં વેણથી તેઓ શ્રીહરિને વઢવા લાગ્યા.

'અત્યારે તો આપ મોક્ષના સિંહાસન ઉપર બેઠા છો માટે આવા ફેલ ન કરવા જોઈએ. ૧૫. નાના બાળકની જેમ ક્ષણ ક્ષણ વારમાં આપ રિસાઈ જાઓ છો અને તેવું વર્તન કરો છો. મોટાની આ રીત નથી. ૧૬.

જ્યારે કોઈની મર્યાદા રાખશો ત્યારે જ સત્સંગમાં મોટા રહી શકશો. જે સત્સંગ છોડીને જાય છે તેની આવી મોટપ રહેતી નથી. ૧૭. સત્સંગમાં અત્યારે જેવી સમજણ છે તેવી તો કોઈ લોકમાં નથી. આવી તો આપ જ રોજ સભામાં વાત કરો છો, અને તે આપે જ કરેલી વાતને આપ જ તરત ભૂલી જાઓ છો ? ૧૮. જો આવું જ કરવું હતું તો યજ્ઞ કરવાનું કામ જ શું હતું ? આપને કોણે કાગળ લખ્યો હતો કે યજ્ઞ કરો ? એટલે હવે આ વસ્ત્ર અને ઘરેણાં બધાં પહેરી લો.' ૧૯. રામદાસભાઈ ઘણા વૃદ્ધ સંત હતા. તેમનાં વચન શ્રીહરિએ અંતરમાં ધારી-માની લીધાં અને બોલ્યાં, 'હવે અમે અમારો દેહ સત્સંગને અર્પણ કરીએ છીએ.' ૨૦.

✻ દુ:ખ પડે છતાં સત્સંગમાં રહેવું :

चोपाई :

सत्संग में रहत हि तामें, गमे तेसे दुःख आवो यामें;
सहन करी सो जिवत प्रजंता, रेहेना हे हम सत्य कहंता...२१

ચાહે તેવું દુ:ખ પડે, તોએ અમે તે સત્સંગમાં જ રહેશું. સત્સંગ મધ્યે રહેવામાં ગમે તેટલું દુ:ખ આવે તેને સહન કરીને અમારે જીવનભર આ સત્સંગમાં જ રહેવું છે. તે અમે ખરેખર સત્ય કહીએ છીએ. ૨૧. પણ અમારો જીવ અપાર ત્યાગી છે અને અમને ત્યાગમાં અપાર રુચિ રહે છે. જ્યારે અમને ત્યાગનો એક પ્રકારનો આવેગ આવી ભરાય છે ત્યારે તે રોક્યો રોકાતો નથી. ૨૨. જ્યારે તે આવેગ ઊતરી જાય છે, ત્યારે પાછો બુદ્ધિમાં વિવેક આવે છે. અમારી આવી પ્રકૃતિ જન્મથી જ છે, તેથી ક્યારેક ત્યાગનો ઘણો ભારે છક-આવેગ આવી જાય છે. ૨૩. અમને જ્યારે તે છક વધારે પડતો આવી જાય છે, ત્યારે અમને શરીરની પણ સંભાળ રહેતી નથી. આ સંસારમાં જે જે રસભર્યા સુખ છે, તે બધાં અમને ત્યાગની આગળ અત્યંત લૂખા જણાય છે. ૨૪. **જે ત્યાગનો કેફ છે તે સંસારના બધા જ કેફથી વધારે બળિયો છે, અને તે કેફને લીધે જ અનંત બ્રહ્માંડોનાં સુખ પણ અત્યંત તુચ્છ લાગે છે.** ૨૫.

ભગવાન સંબંધી જેટલાં સુખ કહેવાય છે તે બધાં ત્યાગરૂપી મહાન નિધિથી અંતરમાં દેખાય છે. ૨૬. ચિંતામણિ, પારસમણિ અને કલ્પવૃક્ષ, એ બધાં કરતાંએ ત્યાગરૂપ મહારસ છે તે ઘણો વધારે છે, અને તેથી જ અમે ત્યાગને સર્વોપરી જાણીએ છીએ. ૨૭. અનંત કોટિ બ્રહ્માંડો તે બધા કદાચ કાંચનમય હોય, તોપણ અમે ત્યાગનિધિના બળને આધારે તેને છોડી દઈએ. ૨૮. ત્યારે રામદાસભાઈએ હાથ જોડ્યા અને ફરીવાર શ્રીહરિના પ્રત્યે અપાર હેતથી કહ્યું, 'હે હરે ! અત્યારે આપે જે ત્યાગરૂપી નિધિ કહ્યો તે આપ જ છો, એમ અમે જાણીએ છીએ. ૨૯. ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાન, તે રૂપ જે બધા નિધિ કહેવાય છે તે અમે સર્વ પ્રકારે આપને જ જાણીએ છીએ. અને આપના સિવાયનું બધું નકારું છે - નઠારું છે એમ સમજીએ છીએ. ૩૦.

જેમાં આપનો સંબંધ લેશ પણ ન હોય તેને અમે કલેશરૂપ જાણીએ છીએ.' આવી ભાઈ રામદાસજીસ્વામીની નિષ્કપટ વાણી સાંભળી ત્યારે સારંગપાણિ શ્રીહરિ પ્રસન્ન થયા. ૩૧. તેથી ઉદાસપણાની બધી વાત ભૂલી ગયા અને બધાં વસ્ત્રો અને આભૂષણો પહેરી લીધા. તે બધું રામદાસભાઈએ ધરાવ્યું હતું. પછી બધા ભક્તોએ 'જય જય' 'જય જય'નો હર્ષનાદ કર્યો. ૩૨. શ્રીહરિની અતિશય વિઘ્નરૂપ ઉદાસીનતા દૂર થઈ એટલે હરિભક્તોએ સભામાં સાકર વહેંચી. હરિભક્તો, સંતો, વર્ણી અને પાર્ષદો, ૩૩. એ બધાંને ખૂબ જ આનંદ થયો. તે વખતે નોબત વાગવા લાગી. બંદૂકોને ફૂટવાના અવાજ પણ ઘણા થયા અને બધું આકાશ ગાજવા લાગ્યું. ૩૪.

પછી શ્રીહરિએ રસોઈ બનાવનારા વિપ્રોને તત્કાળ બોલાવ્યા અને કહ્યું, તમે રસોઈ કરવા કેમ ગયા નથી ? જેવું હોય તેવું અમને કહો. ૩૫. ત્યારે મુખ્ય રસોયો બોલ્યો, આપ બધા વિપ્રોની વાત તો જાણો જ છો. આપને અપાર વિપ્રોને જમાડવાના હોય છે, તેનો કોઈ નિર્ધાર રહેતો નથી. ૩૬. તે સિવાય સેવા કરનારા જે હરિભક્તો હોય છે, તે બધાને પણ જમાડવાના હોય છે. એટલે થાકી ગયેલા વિપ્રો સૂઈ ગયા છે. ૩૭. બહુ રસોઈ કરી છે અને તેથી થાક પણ ઘણો જ લાગ્યો છે. એટલે વિપ્રો સંતાઈને સૂઈ ગયા છે. હવે તેને કોણ જગાડે ? ૩૮. ત્યારે શ્રીહરિએ કહ્યું, 'હું જઈને જેટલા

સંતાઈને સૂતા છે તે બધા વિપ્રોને બોલાવી લાવું છું. તમે જેટલા જાગો છો તે નાહવા જાઓ.' ૩૯. આમ કહીને શ્રીહરિ અશ્વ ઉપર બેસીને ચાલ્યા. પાર્ષદોને સાથે લીધા અને બે મશાલીને પણ સાથે લીધા અને ચાલ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોદશ પૂરમાં 'રામદાસભાઈના વઢવાથી શ્રીહરિની ઉદાસીનતા ટળી' એ નામે એકવીશમો તરંગ સમાપ્ત ॥૨૧॥



પૂર તેરમું : તરંગ - ૨૨

શ્રીહરિએ રસોઈ બનાવનારાને નિમિત્તે નિયમોની વિશેષતા કહી

શ્રીહરિએ ડભાણ ગામમાં ઘેર ઘેર જઈને તપાસ કરી. જેટલા વિપ્રો સંતાઈને સૂતા હતા, તે બધાને ઊઠાડ્યા. ૧. સૂતા હોય તેને જગાડે ત્યારે કેટલાક બોલતા 'હું તો ભાટ છું.' કેટલાક બોલતા 'હું લોહાણો છું.' ત્યારે શ્રીહરિ કહેતા, 'તમે ખોટું બોલો છો. અમે તમને જગાડ્યા વિના છોડશું નહિ.' ૨. કેટલાકે જનોઇ ઉતારીને કમર ઉપર બાંધી દીધી અને મુખથી પોકારીને કહે, 'જોઈ લ્યો..! હું તો વૈશ્ય છું.' ૩. ત્યારે શ્રીહરિ કહેતા, 'તમે ચાલો, આજ તો વૈશ્યનું કામ પડ્યું છે. વિપ્રોએ લાડુની ધૂમ મચાવી છે, તમે આવીને દેખો તો ખરા..!' ૪. કેટલાક તો કહે 'હું ક્ષત્રિય છું.' કોઈ કહે 'હું ક્ષુદ્ર છું.' છતાં શ્રીહરિએ તેમને છોડ્યા નહિ. ત્યારે તેઓ ઊભા થઈને ચાલ્યા, પછી સહુએ જનોઈ પહેરી લીધી અને પોતાને ક્ષત્રિય કે ક્ષુદ્ર કહેતા હતા તે બંધ થયા. ૫.

વિપ્રોની સામે જોઈને શ્રીહરિ હસવા લાગ્યા અને કહ્યું, 'છોડ્યા નહિ, એટલે જનોઈ પહેરી લીધી.' શ્રીહરિ કહે, 'હવે યજ્ઞ પૂરો કરવો છે. કેમ જે, તમને યજ્ઞમાં જરૂરી શ્રદ્ધા રહી નથી. ૬. રસોઈ બનાવવામાં દુઃખ પામ્યા એટલે તમે વિપ્ર હોવા છતાં હાથે કરીને ક્ષુદ્ર થયા. હવે કોઈ યજ્ઞ કરીને તમને જમાડશે નહિ. કારણ કે, તમને જમવામાં ભાવ રહ્યો નથી. ૭. મનમાન્યા ઘી અને સાકર આપીએ છીએ, તોએ તમે રિસાયેલા જ રહો છો. અમે તેનું

કારણ જાણતા નથી. જે કારણ હોય તે હવે તમે જ કહો.' ૮. ત્યારે એક વિપ્રે આવીને શ્રીહરિને કહ્યું, સાંભળો. હું તે કારણ સમજાવીને કહું છું. 'જે હરિભક્ત વિપ્રો છે તેમની આગળ આ લોકોનું એક લેશમાત્ર પણ ઊપજતું નથી. ૯. હરિભક્ત વિપ્રોમાં અને તે સિવાયના વિમુખ વિપ્રોમાં બહુ પ્રકારે ફરક વર્તે છે. જેટલો જમીન અને આકાશમાં ફરક, તેટલો વિમુખ અને હરિભક્ત વિપ્રોમાં ફરક રહ્યો છે. ૧૦.

આકાશ જેટલો શુદ્ધ હોય છે તેવી હરિભક્ત વિપ્રોની ક્રિયા શુદ્ધ હોય છે. સત્સંગથી વિમુખ વિપ્રોની જે ક્રિયાઓ હોય છે તે બધી લોકોને દેખાડવા પૂરતી જ હોય છે. ૧૧. આટલી ઠંડીમાં પણ હરિભક્ત વિપ્રો સારી રીતે સ્નાન કરે છે. વિમુખ વિપ્રો જુદી રીતે નહાય છે. તેઓ કપડું ભીનું કરીને શરીરે ફેરવી દે છે. ૧૨. હરિભક્તો પાણીને ગાળ્યા વિના રસોઈ બનાવતા નથી. બધા અનાજને પણ સાફ કરે છે. તેમાં લસણ નાખતા નથી. ૧૩. હિંગને પણ વાપરતા નથી, તેમજ માંસ અને દારૂનો પણ ત્યાગ કરે છે. ઘણા ભાગ્યશાળી ભક્તોએ ચોરી અને અવેરી(વ્યભિચાર) પણ તજી દીધી છે, તેમજ વ્યસનોનો પણ ત્યાગ કર્યો છે. ૧૪. હરિભક્ત સિવાયના વિપ્રો અણગળ પાણીથી રસોઈ કરે છે અનાજને લગારેય સાફ કરતા નથી અને હિંગ તથા લસણ તેમાં મુખ્ય હોય છે. ૧૫.

દારૂ, માંસ અને વ્યસનોને કોઈ છોડતા નથી. તેમજ ચોરી તથા અવેરીનો કોઈને નિયમ જ હોતો નથી. ૧૬. હરિભક્તો અને બિનહરિભક્ત વિપ્રો, તેમને રસોઈમાં મેળ આવતો નથી. અને તેથી જ વિપ્રો રસોઈ બનાવવામાંથી વારેવારે ઉદાસ થાય છે. ક્યારેય છાની રીતે પણ કોઈથી બીડી પીવાતી નથી.' ૧૭. ત્યારે શ્રીહરિએ વિપ્રોને કહ્યું, 'અમારા સત્સંગની કેટલી રીતો તમને વિપરીત લાગે છે ? તમને જેટલી વિપરીત રીત દેખાતી હોય તે બતાવો, અમે તે બધી રીતને તજી દઈશું. ૧૮. અમારા ગુરુ બહુનામી રામાનંદસ્વામીએ આ રીત અમને બતાવી છે. જેને પોતાના જીવનો મોક્ષ કરવો હોય, તેને તો આ બધી રીત અતિ પ્રિય લાગે છે. ૧૯. આ નિયમ સંપન્ન રીતમાં જે ચાલે છે તે જ ખરો મનુષ્ય કહેવાય છે. જે જેટલો નિયમ

વિના કે નિયમ વિરુદ્ધ ચાલે છે, તેનામાં તેટલા પશુના ધર્મ અમને દેખાય છે. ૨૦. ધર્મના નિયમોને છોડીને જે તેથી અત્યંત વિરુદ્ધ વર્તે છે તેને તો રાજા પણ દંડ કરે છે. રાજા અને ભગવાનનાં ગુનામાં ન આવે એવી જે રીત હોય તે અમને ગમે છે. ૨૧. જેટલા રાજાના કાયદા-નિયમો હોય તે બધાનું પણ ક્યારેય ઉલ્લંઘન કરવું ન જોઈએ. બુદ્ધિમાને વિચારવું જોઈએ કે, જે નિયમો અને કાયદા પ્રમાણે વર્તે છે તેના ઉપર ક્યારેય રાજાનો પણ કોપ થાતો નથી. ૨૨.

જે લોકો જેટલા વગર વિચારે ચાલે છે તેઓ તેટલા વારેવારે દંડાય છે. જેઓ કાયદા બહાર વર્તતા હોય છે તેઓને વારંવાર કેદમાં પણ જાવું પડે છે. ૨૩. જેટલા શુદ્ધ શાસ્ત્રો છે તેમાં કેટલાક ભગવાનનાં કાયદા કહ્યાં છે. તે ભગવાનનાં કાયદા એવાં છે કે, જે શાસ્ત્રોથી શુદ્ધ છે, જે મોક્ષભાગી જીવ હોય છે, તે ક્યારેય લોપતા નથી. તેથી જગતમાં તેમની ઘણી મોટપ થાય છે. ૨૪.

આ મનુષ્યનો દેહ ધર્યાનો એટલો લાભ છે કે, જેણે આ મનુષ્યજન્મ આપ્યો છે તેના ગુનેગાર ન થાવું. ૨૫. **ભગવાનનાં કાયદાને સારી રીતે સહુને બતાવવા-પ્રવર્તાવવા, અમે વરસો વરસ અને વારંવાર યજ્ઞ તથા સમૈયા કરીએ છીએ.** ૨૬. અમે બરાબર જોઈ વિચારીને જેટલી સાધુની રીત છે તે પ્રમાણે ચાલીએ છીએ. અમે તેનાથી વિપરીત ચાલતા નથી અને ભગવાનનો ડર રાખીએ છીએ. ૨૭. જે ભગવાનનો ડર રાખે છે તેને કોઈ દુઃખ દેતું નથી. ભગવાનનો ડર રાખનાર પ્રહ્લાદજીની જેમ સર્વોત્તમ થાય છે. ૨૮.

❋ સાધુતાનો મહિમા :

चोपाई :

जो साधुता रखत हे जेती, अंतरजामी जानत हे तेती;
अंतरजामी हरि हे जेहा, कोई जन से दूर नहि तेहा...२९
जेसे वर्तत जेहि प्रकारा, तेसे जानत तेहि प्रकारा;
तेसो फल तेहि देवत ताई, जेसो जो वर्तत हे जाई...३०

જે મનુષ્ય જેટલી સાધુતાને રાખે છે, તેને અંતર્યામી પરમેશ્વર જાણે છે. જે અંતર્યામી પરમેશ્વર છે તે કોઈથી દૂર નથી રહ્યા. ૨૯. જેનું જે પ્રકારનું વર્તન હોય તેને તે રીતે પરમેશ્વર જાણે છે અને માણસનું જેવું વર્તન હોય છે તેને પરમેશ્વર તેવું ફળ આપે જ છે. ૩૦. **આ સંસારમાં મોટપ અનંત પ્રકારની છે, તેમાં સાધુતાના સમાન બીજી કોઈ મોટપ નથી. જગતમાં રાજાના સમાન કોઈ મોટા ન કહેવાય, છતાં તે રાજા પણ સાધુ પુરુષને નમે છે.** ૩૧. હીરા, મોતી તથા સોનું, તેની ઘણી મહત્તા કહેવાય છે. ગામ, ગરાસ, હાથી અને અશ્વની પણ અત્યંત મહત્તા કહેવાય છે. ૩૨. મ્યાના, બગી અને રથની પણ અતિશય મોટાઈ કહેવાય છે. સોનાની મહેલાતની પણ ઘણી મહત્તા મનાય છે. ૩૩.

જાતજાતનાં વસ્ત્ર અને આભૂષણો તેમજ અનેક જાતનાં ખાન-પાન, કેટલીક સુગંધી વસ્તુઓ, કેટલીએ જાતનાં રૂપ સૌંદર્ય, જગતમાં મનાતા હોય છે. ૩૪. કેટલીએ જાતના શબ્દ કહેવાય છે તેનું, વર્ણન કર્યે કોઈ પાર આવતો નથી. પણ તે હરેકમાં કેટલીએ જાતનો કલેશ-કજિયો રહ્યો હોય છે. તે જે બુદ્ધિશાળી હોય છે તેને જાણ્યામાં આવે છે. ૩૫. **જે જે ઊંચામાં ઊંચી કે સારામાં સારી વસ્તુઓ કહેવાતી હોય, તેમાં સાધુતાના જેવી કોઈ પણ વસ્તુ ઊંચી કે સારી નથી. ચૌદ લોકના ઉચ્ચ પ્રકારના જે સુખ છે, તે પણ સાધુતાની આગળ કાંઈ જ નથી.** ૩૬. અમારી સમજણ જે રીતે અમારા જીવમાં નિવાસ કરીને રહી છે, તે રીતે અમે સહુની આગળ પ્રકટરૂપમાં વાત કહીએ છીએ. ૩૭.

અમને જે જે સારી સારી વાતો દેખ્યામાં આવે છે, તેને અમે તરત જ સહુની આગળ કહીએ છીએ. તેમાં કાંઈ વિલંબ કરતા નથી. ૩૮. **સારી સારી વાતોની લહેર(મોજું) જો એકવાર આવીને જતી રહે, તો તે ક્યારેય ફરીવાર આવે નહીં. માટે સારા વિચારોના તરંગ જે વખતે ઊપજે છે, તે વખતે જ અમે તરત તે કહી દઈએ છીએ. ૩૯. સારી વાત કર્યા સિવાય આ ભૂમિ ઉપર બીજું કાંઈ સ્થિર રહેતું નથી. જેવું જે આવે છે, તેવું જ તે જતું રહે છે. પરંતુ વાતો ટકી રહે છે, વાતો સિવાય બીજું કાંઈ રહેતું નથી. ૪૦.**

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોદશ પૂરમાં 'શ્રીહરિએ રસોઈ બનાવનારાને નિમિત્તે નિયમોની વિશેષતા બતાવી' એ નામે બાવીશમો તરંગ સમાપ્ત ॥૨૨॥



પૂર તેરમું : તરંગ - ૨૩

યજ્ઞની સમાપ્તિ અને ચોરોને સત્સંગ કરાવ્યો

ડભાણ ગામમાં ઘેરઘેર સંતાયેલા વિપ્રોને શ્રીહરિ હાથ પકડીને લઈ આવ્યા. પછી તેમણે લાડુ બનાવ્યા. તેથી શ્રીહરિ તેમના ઉપર ઘણા રાજી થયા. ૧. જ્યારે પંગતનો સમય થયો ત્યારે અનંત વિપ્રો આવ્યા. તે બધાને ઘણા જ સદ્‌ભાવથી પુષ્કળ લાડુ જમાડ્યા. ૨. જે પંગતમાં પીરસવા ફરતા હતા તેઓ 'લાડુ લો.. લાડુ લો.. કોઈ આડો હાથ રાખશો નહિ.' એમ બોલતા અને કહેતા હતા કે, 'જમીને અહીં જ સૂઈ રહો.' ૩. જમતાં જમતાં લાડુ ગળે આવી જાય, ત્યાં સુધી વિપ્રો જમ્યા. જે વિપ્રો ઊઠ્યા ઊઠી શક્યા નહિ, તેઓ તો ત્યાંના ત્યાં જ સૂઈ રહ્યા. ૪. પોષ સુદિ પુનમ સુધી તે યજ્ઞમાં વિપ્રો સારી રીતે જમ્યા. જ્યારે યજ્ઞની પૂર્ણાહુતિ કરી ત્યારે બધા વિપ્રો ખૂબ જ ખુશ થયા. ૫.

આ યજ્ઞને દેખીને તો સ્વર્ગના દેવો અત્યંત આશ્ચર્ય પામ્યા હતા. જ્યારે યજ્ઞની પૂર્ણાહુતિ થઈ ત્યારે તેઓ અપાર વિમાનોને લઈને આવ્યા. ૬. કેસરયુક્ત ચંદનનો વરસાદ કર્યો. શુકનરૂપ શ્રીફળોને પણ વરસાવ્યા અને તે દેવોના જ વિવિધ પ્રકારનાં વાજિંત્રો હતાં તે વાગવાં લાગ્યાં. ૭. અપાર પુષ્પોની વૃષ્ટિ કરી. અપ્સરાઓ ઘણા ઉત્સાહ (પ્રેમ)થી નાચી. દેવોએ વારે વારે જય જય...જય જય...નો જયઘોષ કર્યો અને તેઓ બધા ખૂબ ખૂબ રીઝ્યા. ૮. ભૂમિ ઉપર જેટલી જાતના વાજિંત્ર કહેવાતાં હતાં, તે બધાં એક સામટાં વાગતાં હતાં. બધી સ્ત્રીઓ મંગળમય ગીતોને ગાતી હતી. તે વખતે કોઈના હૃદયમાં આનંદ સમાતો ન હતો. ૯. મૂર્તિમાન પ્રકટીને યજ્ઞનારાયણે કેટલાકને તો દર્શન પણ દીધાં. શ્રીહરિના ઉપર પણ યજ્ઞનારાયણ ભારે પ્રસન્ન

થયા હતા, એવા કોઈવાર પ્રસન્ન થયા ન હતા. ૧૦. દેવો રાજી થઈને પોતાના ધામમાં ગયા. યજ્ઞ નિર્વિઘ્નપણે પૂર્ણ થયો. કોઈ પણ રીતે તેમાં અપૂર્ણતા ન રહી, તેથી ઘનશ્યામ શ્રીહરિ અત્યંત આનંદિત થયા. ૧૧.

જેણે વિઘ્ન કરવાનું ધાર્યું હતું, તે બધા શ્રીહરિનો પ્રતાપ દેખીને સંતાઈ ગયા. એક સમયે દસ-બાર ચોર ભેળા થયા. મનમાં ઘણી જ હિંમત-જોર રાખીને યજ્ઞભૂમિના ઉતારાઓમાં આવ્યા. ૧૨. આ બાજુ શ્રીહરિ બધાં સંઘને વારંવાર ચેતવણી આપતાં હતાં કે, કોઈ પણ અજાણ્યો માણસ આવે તો તેનો કોઈ રીતે વિશ્વાસ કરવો નહિ. ૧૩. ચોર લોકોએ સંઘના જેટલા ઉતારા હતા તે બધા ચોરી કરવા વારંવાર તપાસી જોયા. ચોરી કરવા ધાર્યું પણ કાંઈ જ હાથમાં આવ્યું નહિ. ચોરીમાં નિષ્ફળ જવાથી તેઓ મનમાં ખીજાયા. ૧૪. તેમની નજર કાઠી દરબારોના અશ્વ ઉપર ગઈ. તે દરેક અશ્વ ઘણા જ અમૂલ્ય હતા. તેને લઈ લેવાનું મનમાં ધાર્યું. તેના માટે ત્રણ દિવસ અને ત્રણ રાત સુધી કોશિશ કરી. ૧૫. પણ જ્યારે જ્યારે ઘોડાને લેવા જાય ત્યારે રોજેરોજ એકેક ઘોડા પાસે એકેક માણસ હાથમાં ઢાલ અને તલવાર લઈને ઊભો હોય તેમ દેખાય. ૧૬.

મહારાજાધિરાજ શ્રીહરિનો પ્રતાપ દેખીને ચોરોને અંતરમાં ઘણો જ સંતાપ થયો. બધા આવીને શ્રીહરિનાં ચરણોમાં પડ્યા અને તેમણે કહ્યું, 'આપ સુખદાયક સાક્ષાત્ પ્રભુ છો. અમને સત્સંગી કરો.' ૧૭. આમ બોલ્યા પછી તેમણે ફરીને હાથ જોડીને કહ્યું,'હવે અમે બધા પાપ છોડી દઈએ છીએ. અમે અપાર પાપો કર્યાં છે. આપના સિવાય બીજાથી અમારો ઉદ્ધાર થાય તેમ નથી. ૧૮. દારૂ, માંસ, ચોરી અને વ્યભિચાર, આદિ પાપ કરવામાં અમે કસર રાખી નથી. ઘણા પ્રવાસીઓને લૂંટ્યા છે અને ઘણી માનવહત્યા પણ કરી છે. ૧૯. અમે બધા ભેળામળીને ચોરી કરવા જતા, ત્યારે રાતે જાહેરમાં મશાલ કરીને શ્રીમંતના મોટા મકાનોના મજબૂત બારણાંઓને કુહાડાથી ચીરી નાખતા. અમે કોઈનો ભય લગારેય રાખતા નહિ. અમારું જે કોઈ નામ સાંભળતા તે ફરી અમારી વિરુદ્ધ બોલી શકતા નહિ. ૨૦-૨૧.

મોટા મોટા હાકેમો પણ અમારો માન મરતબો ખૂબ જાળવતા હતા અને તેનાથી જ અમારો નિભાવ થાતો હતો, પણ અત્યારે અમે આપને શરણે આવ્યા છીએ. ૨૨. આપ જે કહેશો તે અમે કરશું. જો આપનું કહ્યું ન કરીએ તો અમે આપના ગુનેગાર કહેવાઈએ. અમને આપના ઉપર એવો પ્રેમ થયો છે, વિશ્વાસ આવ્યો છે કે, અમારે હોકાનો અને અફીણના વ્યસનનો પણ ત્યાગ કરવો છે.' ૨૩. ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું, 'તમે જે જે કરો છો તે બધાનો તો અમે ત્યાગ કરાવીએ છીએ. આ કાઠી દરબારો તમારા જેવા જ હતા. તેમના બધા કુફેલનો અમે ત્યાગ કરાવ્યો છે. ૨૪. આ અલૈયા ખાચર છે, તે તમારી આગળ વાત કરશે. તેને તમે સાંભળો. જો તમને તે વાતમાં પ્રેમ થાય, વિશ્વાસ આવે, તો પછી અમે તમને નિયમ-વ્રતમાન ધરાવીએ.' ૨૫.

પછી અલૈયા ખાચરે તેમની આગળ પ્રેમથી વાતો કરી. જે જે વસ્તુનો ત્યાગ કરવાનો હતો, તે બધું સારી રીતે સમજાવ્યું. ૨૬. દારૂ, માંસ, ચોરી અને અવેરીને પહેલાં છોડી દેવા, અને ગાળ્યા વિનાનું પાણી તથા દૂધ પીવા નહિ, પણ ગાળીને પીવા. ૨૭. લસણ, ડુંગળી, હિંગ અને અફીણ વગેરે કેફી વસ્તુઓનો ત્યાગ સિંહના જેવા શૂરવીર થઈને કરવો, પણ ફોશીથી ત્યાગ થઈ શકે નહિ. ૨૮.

❊ સત્સંગનો મહિમા :

સત્સંગના વ્રતમાન-નિયમને જે ધારે છે તે જ હરિભક્ત કહેવાય છે, પણ વ્રતમાન-નિયમને ધારણ કર્યા સિવાયનો મનુષ્ય ક્યારેય હરિભક્ત કહેવાતો નથી. ૨૯. સત્સંગ સિવાયની અન્ય જેટલી વિદ્યાઓ છે તેને ભણીને કંઠે કરે, વારેવારે અનેક જન્મ ધરી ધરીને નિરર્થક ગુમાવે, તોપણ સત્સંગ કર્યા વિના મોક્ષ થાતો નથી. ૩૦. સત્સંગ કર્યા વિના ભલેને મોટા પુરાણી કે પંડિત કહેવાતા હોય, તેમને આ લોકના ખાન-પાન વગેરે સુખ ભોગવવા મળે છે, પણ જન્મ-મરણ અને લખચોરાશી ટળતા નથી. ૩૧. કોઈ મોટો ચક્રવર્તી રાજા જેવો હોય, તોપણ ક્રૂર કાળ તેને ક્યારેય છોડતો નથી અને કોઈ તીવ્ર વૈરાગ્યવાળો ત્યાગી હોય, તે પોતાના શરીરને બીલ્વ-રાફડા જેવું

કરી નાખે, ૩૨. બધી જ ઇંદ્રિયોના આહારનો ત્યાગ કરી દે, મનના બધા સંકલ્પોનો પણ ત્યાગ કરી દે, આવો કોઈ ત્યાગી થાય. કેમ જે, પાપી-નિષ્પાપી બધાં જીવો જેટલી વાર સુષુપ્તિમાં જાય છે, તેટલી વાર તેના મનનાં બધાં જ સંકલ્પ બંધ થઈ જાય છે. ૩૩-૩૪. અંતર્યામીની ઇચ્છાથી જીવ પાછો સ્વપ્નમાં અને જાગ્રતમાં આવે છે. ત્યારે પાછો સંકલ્પોનો પ્રવાહ ચાલુ થઈ જાય છે. તેમાં યોગ્ય અયોગ્યનો કાંઈ મેળ રહેતો નથી. ૩૫.

चोपाई :

जेसे गुन के होत हे जोगा, तेसे संकल्प के सो भोगा;
भोगवत हे जन त्रप्ति न होवे, ता कर अनंत जन्म सो खोवे...३६

સત્ત્વ આદિ જેવા ગુણનો યોગ થાય છે તેવા સંકલ્પોને તે જીવ ભોગવે છે. ભોગોને ભોગવવા છતાં જીવને તૃપ્તિ થાતી નથી અને તેને લીધે તે અનંત જન્મોને ખુએ છે. ૩૬.

दोहा : जन्म धरत जिहाँ लग ही, तिहाँ लग सुधरत नाहिं;
सत्संग करत हे जब हि, तब हि सुधरत ताहि...३७

જ્યાં સુધી જન્મ-મરણ થયા કરે છે ત્યાં સુધી તે સુધરતો નથી. જ્યારે સત્સંગ કરે છે ત્યારે જ તે સુધરે છે. ૩૭. શ્રીહરિએ પ્રેરણા કરી અને અલૈયા ખાચરના મુખે વાત કહેવડાવી. તે ચોરોને એ વાત બહુ જ ગમી ગઈ, જે મુખથી કહી શકાતી નથી. ૩૮. પછી તે બધા શ્રીહરિની પાસે આવીને બેઠા અને મનના ઘણા જ ઉમંગથી તેમણે તત્કાળ સત્સંગના વ્રતમાન-નિયમ ધારણ કર્યા. ૩૯. શ્રીહરિએ કહ્યું, **તમે સત્સંગના જે નિયમ ધારણ કર્યા છે તેને ક્યારેય છોડી દેશો નહિ, તો અમે તમારો મોક્ષ કરશું.** ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોદશ પૂરમાં 'યજ્ઞની નિર્વિઘ્ન સમાપ્તિ અને ચોરોને સત્સંગ કરાવ્યો' એ નામે ત્રેવીશમો તરંગ સમાપ્ત ॥૨૩॥



પૂર તેરમું : તરંગ - ૨૪

વિપ્રો અને સંઘને વળાવ્યા પછી સંતો શ્રીહરિની પૂજા કરવા આવ્યા

યજ્ઞમાં જે વિપ્રો આવ્યા હતા. તેની એક મોટી સભા શ્રીહરિએ કરી. ચંદન, પુષ્પ આદિથી તેમની પૂજા કરીને તેમને ઘણું દાન આપ્યું. ૧. જેવી જેની વિદ્યા હતી તે પ્રમાણે તેમને દાન આપ્યું. તેથી તે બધા વિપ્રો 'જય જય' 'જય જય' એમ જયનાદ કરવા લાગ્યા. ૨. **સત્સંગ, સંતો અને હરિભક્તોની અતિ પુનિત રીતને દેખીને તે વિપ્રો તેમને સર્વોપરી છે, એમ કહેવા લાગ્યા. ૩. સમગ્ર શાસ્ત્રમાત્રનો સાર ભગવદ્‌ગીતા અને ભાગવત છે. તે બધાનો સાર આ સત્સંગ છે, એમ તે બધા વિપ્રો કહેતા હતા. ૪.** જેવો પ્રતાપી રાજા હોય તે તેના વ્યવહાર-વર્તનમાં દેખાઈ આવે છે. તેમ વિવિધ અવતારો અને વિવિધ મતપંથોનો જેવો પ્રતાપ હોય છે તે વર્તનમાં દેખાય આવે છે. ૫.

જેવો જેનો પ્રતાપ હોય તે દેખાય આવે છે. ક્યારેય છૂપાવ્યો છૂપો રહેતો નથી. જેમ કે, આ ભૂમિ ઉપર લસણ, ડુંગળી અને હિંગ જેવી અપાર વસ્તુઓ છે, જે છાની રહેતી નથી. ૬. તેમ સત્સંગ વિનાના લોકો અને સારા રાજા વિના અન્ય રાજાઓ જાહેરમાં દેખાય આવે છે. કેસર, કસ્તૂરી અને કપૂર જેવી સારી વસ્તુ દુર્લભ છે. ૭. અને તે સારી વસ્તુઓને લેનારા પણ દુર્લભ છે. તે રીતે સારો સત્સંગ અને સારો રાજા પણ દુર્લભ છે. તે દુર્લભ વસ્તુ ઝાઝા દિવસ રહેતી નથી. ૮. કપિલા છઠ જેવું પર્વ દરેક વરસમાં ન આવે. (ભાદરવા વદિ છઠ-હસ્ત નક્ષત્ર અને વ્યતિપાત સાથે મંગળવાર આવે એવો દિવસ, આવો યોગ સામાન્ય રીતે બાર વર્ષે આવે.) તે રીતે જ સત્સંગનો યોગ તથા સારા રાજાનો યોગ પણ કાયમને માટે રહેતો નથી. ૯. જેને એક સત્ય વાત જ રુચતી હોય તેને અમે વિપ્રો સારો રાજા કહીએ છીએ. આ લોકની બધી પ્રજાને પણ જે સન્માર્ગે ચલાવે તે રાજા સારો કહેવાય છે. ૧૦.

જેને સત્ય વાત ઉપર દ્વેષ ન હોય, તેને અમે સત્ય રાજા કહીએ છીએ અને જેને અસત્ય વાત ઉપર તાન હોય તેને અમે અસત્ય રાજા કહીએ છીએ. ૧૧. જેમાં કોઈ પણ બાબતનો નિયમ ન હોય એવામાં મોક્ષની વાત માનીને

રહેવું, તે તો જીવ નીકળી ગયા પછીના મડદાને માન્યા જેવું કહેવાય. મડદાંથી કોઈ પ્રયોજન સિદ્ધ થાતું નથી તેમ નિયમ વિના પણ મોક્ષ સાધી શકાતો નથી. ૧૨. તે વિપ્રો આવી ઘણી વાતો કહેતા હતા. પણ બધી વાતો ગ્રંથમાં ન લખી શકાય. જો ગ્રંથમાં બધી વાત લખવામાં આવે તો તે ગ્રંથ એટલો મોટો થાય કે, ગાડીમાં પણ તેને ફેરવી શકાય નહિ. ૧૩. એક ગ્રંથ એક ગાડીમાં ફેરવાય, એવો ગ્રંથ લખવાનું તાન રાખીને આ ગ્રંથ સંકોચ રાખીને સંક્ષેપમાં લખું છું; એમ બુદ્ધિમાન સજ્જનોએ જાણવું. ૧૪.

આમ વિપ્રો દાન લઈ લઈને પોતપોતાને ઘેર ગયા. શ્રીહરિના યશના નિશાન ફરકવા લાગ્યા, જે ત્રણેય લોકમાં જણાતા હતા. ૧૫. યજ્ઞ પ્રસંગના લાડુ અપાર વધ્યા. શ્રીહરિએ તે અપાર લોકોને અપાવ્યા, છતાં ખૂટ્યા નહિ, પછી બધાને ભાતામાં પણ બંધાવી આપ્યાં. ૧૬. ગોળ, ઘી અને સાકર ઘણા વધ્યા. લોટ અને દાળનો પણ પાર ન હતો. કમોદ જાતના ભારે માંહેલા ચોખા પણ પુષ્કળ વધ્યા. કોઠારના કોઠાર ભર્યા હતા. ૧૭. તે બધું જોઈને બધા ભક્તોને આશ્ચર્ય થયું. શ્રીહરિની કોઈ વાત કળી શકાઈ નહિ. ભાતું આપતા પણ લાડુ વધ્યા ત્યારે શ્રીહરિએ આવીને તેને દેખ્યા. ૧૮. ગામમાં ઘેર ઘેર મનમાન્યા લાડુ આપ્યા. સહુ ભક્તો ઘણા દિવસ સુધી તેને જમતા રહ્યા. ભક્તોમાં આપતા પણ લાડુ બચ્યા એટલે તળાવમાં રહેલા માછલાઓને ખવડાવ્યા. ૧૯.

પછી શ્રીહરિજી મહારાજે સંતોને દેશદેશમાં ફરવા માટે આજ્ઞા કરી. અંતર્યામી પ્રભુ શ્રીસહજાનંદસ્વામી તે સંતોને બાથમાં લઈને વારંવાર મળ્યા. ૨૦. અત્યંત ઉદાર સ્વભાવના આનંદાનંદસ્વામીએ સુગંધી કેસરચંદન અને ફૂલહાર પુષ્કળ મગાવ્યા અને સહુ સંતોને મનમાન્યા આપ્યા. ૨૧. ભાઈ રામદાસજીસ્વામી મોટા સંત હતા. તેઓ હસતા હસતા શ્રીહરિની પૂજા કરવા આવ્યા. મધ્યાહ્‌ન સમય થવા આવ્યો ત્યારે બધા સંતો પૂજા કરવા આવ્યા. ૨૨. નિપુણ સંતો પડિયામાં ચંદન લઈને ભાઈસ્વામીની પાછળ ઊભા હતા. તે વખતે પોષ માસના ઠંડીના દિવસો ચાલતા હતા. શ્રીહરિ સહુની સામે જોઈને બોલ્યા. ૨૩. સમય વિચારીને પૂજા કરવી જોઈએ. પોતાની ક્રિયાથી

બીજાને દુઃખ થતું હોય, તો તેનાથી ડરવું. ડરતા રહીને ક્રિયા કરવી. તેને અમે પૂજા કરી છે એમ માનીએ છીએ. ૨૪. **અવિવેકથી ડર્યા વિના જે સેવા કરે છે તેને અમે સેવા માનતા નથી. એવી અપાર સેવા કરે, તોપણ અમે રાજી થાતા નથી. ૨૫.**

અમારો, સંતોનો અને હરિભક્તોનો જેને જેટલો ડર-ભાર હોય તેટલી અમે તેની સેવા માનીએ છીએ. જેને ડર ન હોય તેને અમે મનફરેલ માનીએ છીએ. ૨૬. જેને કોઈનો જરાય ડર ન હોય, જેને કોઈનો લેશમાત્ર પણ ભાર ન હોય, તે ભલે સત્સંગમાં મોટો ગણાતો હોય, તોપણ તે સત્સંગથી બહાર છે. ૨૭. **જેને જેટલો અમારો અને સંતો-ભક્તોનો ડર હોય, જે જેટલી મર્યાદા રાખતા હોય, તે તેટલો મોટો છે અને તે સત્સંગનું ભૂષણ છે.** ૨૮. અમારી, સંતોની અને હરિભક્તોનો જે ડર અને મર્યાદા રાખતા હોય, તેઓ ચાહે તે રીતે અમારી પૂજા કરો. ૨૯. જેટલા ડર અને અદબ રાખતા નથી અને સ્વતંત્ર થઈને વર્તતા હોય તેટલા અમારી પાસે આવીને પૂજા કરે, તોપણ અમને તેની કરેલી પૂજા ગમતી નથી, તે તો આગના જેવી લાગે છે. ૩૦.

જેટલા મોટા સંતો અને મોટા હરિભક્તો હોય તે સભા વચ્ચે જેનું પ્રમાણ કરે તેને અમે પરિપૂર્ણ સંત જાણીએ છીએ. પ્રમાણિત થયા વગરનાને અમે પૂરા કહેતા નથી. ૩૧. સંતોની સાથે સરળ સ્વભાવે વર્તવું, કોઈ સંતની સાથે પિત્રાઈદાવો ન બાંધવો. સંતોમાં કોઈ સંત પોતાના કરતા એક જ દિવસ વહેલા આવેલ હોય, તોપણ તેમની તેટલી મર્યાદા રાખવી જોઈએ. તેમની સાથે વિવાદ ન કરવો જોઈએ. અમારી પાસે રહેનારા અમારા સેવક બ્રહ્મચારીઓને અને પાર્ષદોને પણ અમે તે જ કહીએ છીએ. કેમ જે, આ વાત હે સંતો ! તમને સુખ કરનારી છે. ૩૨-૩૩. જ્યારે તમે પરસ્પર અદબ નહિ રાખો ત્યારે તમે જગતના ભેખધારી જેવા પણ નહિ રહો. જે જેટલો ભય અને અદબ રાખશે, તેની તેટલી મોટપ રહેશે. કેમ જે, પરસ્પર મર્યાદા રાખનારનું સહુને વજન પડે છે. ૩૪. **પરસ્પર ડર અને અદબમાં મોટપ રહી છે, તે સહુને દેખ્યામાં આવે છે. જે સાધુ બીજા સાધુને જેટલા દબાવે છે, તો તે તેટલો પ્રતિષ્ઠાહીન થઈ જાય છે.** ૩૫.

વર્ણી અને પાર્ષદોની પણ આ જ રીત છે. એમ અમે ઘણા પ્રેમથી કહીએ છીએ. જેને સત્સંગમાં મોટપ જોઈતી હોય, તેણે ખૂબ જ ડર અને અદબ રાખવી. ૩૬. ખાવું, પીવું, આસને બેસવું, નાહવું અને ધોવું, વગેરે જે જે ક્રિયાઓ કરાતી હોય તેમાં પરસ્પર મર્યાદાનો ત્યાગ ક્યારેય કરવો નહિ. ૩૭. જે જેટલી અદબ અને ડર રાખે તે તેટલું તેના માટે ઘરેણાંરૂપ છે, અને જેને અદબ અને ડર ન હોય તો તે અલંકાર વગરનો છે. ૩૮. હવે એક એક સંત ક્રમથી આવીને અમારી પૂજા કરો. તમારી મોટાઈને દેખીને કોઈએ ધક્કાધક્કી કરવી નહિ. ૩૯. પછી જેમ આનંદમુનિ નામ બોલતા રહ્યા તેમ એક એક સંત ઊઠતા હતા. સહુએ ઘણા જ ભક્તિભાવથી પૂજા કરી. પૂજા કરનારા બધા સંતો ઘણા જ શોભતા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોદશ પૂરમાં 'શ્રીહરિએ વિપ્રોને તથા સંઘને વળાવ્યા અને સંતો પૂજા કરવા આવ્યા' એ નામે ચોવીશમો તરંગ સમાપ્ત ॥૨૪॥



પૂર તેરમું : તરંગ - ૨૫

સૌને વળાવ્યા પછી શ્રીહરિ જેતલપુર થઈને પશ્ચિમ તરફ આવ્યા

મહારાજાધિરાજ શ્રીહરિની પૂજા ભાઈ રામદાસજીસ્વામીએ જે રીતે કરી, તે રીતે જ બીજા સહુ સંતોએ પણ કરી. ૧. કેસરયુક્ત ચંદન, કપૂર, કપૂરકાચલી અને ગુલાબનું અત્તર, એ બધું જેમાં મેળવ્યું હોય તેવું ચંદન પડિયામાં લીધું. ૨. સહુ પહેલા શ્રીહરિનાં વિશાળ લલાટમાં તે ચંદનની અર્ચા કરી. ઢળતી બંને ભુજાઓ અને બધાં અંગો ઉપર ચંદન ચરચ્યું. ૩. પછી પ્રત્યેક સંતે ફૂલહાર પહેરાવ્યા. ફૂલોની પાઘ ધરાવી અને બંને કાન ઉપર ફૂલના ગુચ્છ પણ ધરાવ્યા. ૪. કપૂરથી આરતી ઉતારીને સહુએ મુખથી 'જય જય' 'જય જય' એવા શબ્દો ઉચ્ચાર્યા. તે સંતો શ્રીહરિનો જેવો મહિમા સમજતા હતા તે પ્રમાણે તેમણે સહુએ સ્તુતિ કરી. ૫. પછી મનમાં ખૂબ જ પ્રસન્ન થઈને સહુએ ઘણા ઘણા સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા. ચરણકમળ

ઉપર ચંદન ચરચ્યું, પછી તે ચરણકમળોને હરખભેર પોતાની છાતી ઉપર દબાવ્યા. ૬. જે સંતને જ્યાં જવાની આજ્ઞા કરી, તે સંત ત્યાં ચાલતા થયા. જે જે દેશના સંઘ આવ્યા હતા તેમને પણ ઘેર જવાની આજ્ઞા કરી. ૭. ક્ષેમ કુશળતાથી સહુ જેમ આવ્યા હતા તે પ્રમાણે જ ક્ષેમ કુશળતાથી પાછા ચાલ્યા. 'હરિભક્તોએ પોતપોતાનાં વ્રતમાન-નિયમોને દૃઢ કરીને પાળવા'. ૮. એમ શ્રીહરિ તે હરિભક્તોને કહેતા અને તે ભક્તો પણ શ્રીહરિની આજ્ઞાને મસ્તકે ધારણ કરીને જતા હતા. ભક્તો રસ્તામાં ચાલતાં ચાલતાં શ્રીહરિએ જે રીતે યજ્ઞ કર્યો, તેને સંભારતા હતા. ૯. હરિભક્તોએ શ્રીહરિની જે રીતે પૂજા કરી હોય, તેને પણ પરસ્પર કહેતા હતા. પંદર દિવસ સુધી શ્રીહરિનાં દર્શન કર્યાં હોય, તેને સંભારતાં સંભારતાં કોઈ પાર પામતા નહિ. ૧૦.

❋ હરિચરિત્ર મહિમા :

શ્રીહરિનાં એક દિવસનાં ચરિત્ર કહેવા હોય, તો એક વરસ જેટલો સમય લાગે, એટલાં બધાં શ્રીહરિનાં ચરિત્રો હતા. તે ચરિત્રોને પરસ્પર કહેનારા ભક્તો ધન્ય ભાગી કહેવાય. ૧૧. જે ભક્તો હેતથી શ્રીહરિનાં ચરિત્રોને સાંભળતા હતા, તેઓ આ જગતમાં અત્યંત ધન્ય થયા હતા. ચરિત્ર સાંભળનારાને જન્મ, મરણ અને લખચોરાશીના ફેરા બિલ્કુલ રહેતા નથી. ૧૨. **જમપુરીનું દુઃખ તો જીવને માટે અત્યંત વિકટ ગણાય છે. પણ જે મનુષ્ય શ્રીહરિનાં ચરિત્રોને સાંભળે છે તેને ક્યારેય તે દુઃખ થાતું નથી. ૧૩. શાસ્ત્રોમાં કહેલાં જે તીર્થ, વ્રત અને તપ છે તેને એક હજાર કલ્પ સુધી જીવ કરતો રહે, તોપણ તેનો ઉદ્ધાર થાતો નથી. ૧૪.** શ્રીહરિનાં ચરિત્રોનાં શ્રવણ કીર્તનમાં સહેજે જ ઉદ્ધાર રહ્યો છે. તે સિવાય કાળ અને માયાના ભયે રહિત એવા ઈચ્છિત સુખ પણ હરિચરિત્રમાં રહ્યા છે. ૧૫. આવું સમજીને સંતો અને હરિભક્તો શ્રીહરિનાં ચરિત્રોને કહે છે અને કલ્યાણના બધાં જ સાધનોને ચરિત્રની અંદર જ આવી ગયેલા જાણે છે. ૧૬.

चोपाई :

हरिचरित्र महिं साधन जेता, सुनवेमें फल मिलत हे तेता;
सुनीके करत असुया जेहा, रुरु नर्क में परत हे तेहा...१७

શ્રીહરિ ચરિત્રોને સાંભળવાથી કલ્યાણકારી બધાં જ સાધનોનું ફળ મળી જાય છે. પણ સાંભળ્યા પછી જો તેમાં અસૂયા-દોષબુદ્ધિ કરે છે તો તે રૌરવ નામના નરકમાં પડે છે. ૧૭. **ફરીને તેને મનુષ્યનો દેહ મળતો નથી અને તે કરોડો કલ્પ સુધી નરકમાં રહે છે. જ્યારે ફરીને ભગવાનનાં ચરિત્રોને તે સાંભળે છે ત્યારે તેને મનુષ્યદેહ પ્રાપ્ત થાય છે. ૧૮.** ભગવાનનાં ચરિત્ર શ્રવણનાં જેવું બીજું કોઈ સાધન નથી, એમ વ્યાસમુનિ અને શુકજી કહે છે. જે ભગવાનના એકાંતિક ભક્ત હોય છે, તેઓ હરિચરિત્રનાં તરસ્યા હોય છે. ૧૯. પ્રહ્લાદજી, ઉદ્ધવજી અને ગોપીઓના જેવા ભગવાનના ભક્તો હોય છે, તેઓ હરિચરિત્રોને અનુપમ અમૃતમય રસનો કૂપ સમજીને તેનું પાન કરે છે. ૨૦.

જે જીવો શ્રીહરિચરિત્રોના લોભી છે, તેઓ મનુષ્યના દેહને પામે છે અને બ્રહ્માંડની અંદર જે રાજ્ય સમૃદ્ધિ છે તેને સહજભાવે તેઓ પામે છે. ૨૧. શ્રીહરિનાં ચરિત્રોમાં એકલો ખૂબ લાભ જ છે, તેને સાંભળવામાં ક્યારેય કાંઈ નુકશાન થાતું નથી. જો હરિચરિત્રોને સાંભળવામાં ન આવે તો મનુષ્યદેહ જે મળ્યો તે ન મળ્યા બરાબર છે. ૨૨. જે ભગવાનનાં ચરિત્રોને સાંભળતા નથી તે કદાચ બ્રહ્માંડના મોટા ભૂપ થયા હોય, તોએ શું ? કારણ કે, ત્રિલોકીના રાજ્યને પ્રાપ્ત કરીને જેણે ભગવાનનાં ચરિત્રો સાંભળ્યા નથી, એવા પ્રસિદ્ધ રાક્ષસોની અને દૈત્યોની વાત શાસ્ત્રોમાં લખાઈ છે. હિરણ્યકશિપુ અને રાવણ, મોટા દૈત્ય અને રાક્ષસ લખાયા છે. ૨૩-૨૪. **જે શ્રીહરિના ઉપર અને સંત-હરિભક્તોના ઉપર જ્યાં સુધી દ્વેષ રાખે છે ત્યાં સુધી તે દૈત્ય રહે છે. અને તેનાં હૃદયમાં લવલેશ દયા નથી રહેતી. ૨૫.**

જ્યારે શ્રીહરિ, સંતો અને હરિભક્તોના ઉપરથી દ્વેષ તજી દે છે, ત્યારે દૈત્યગુણનો ત્યાગ કરીને મહાભાગ્યશાળી એવા ભગવદ્‌ભક્ત થાય છે. ૨૬. જય તથા વિજય ભગવાનનાં ધામમાં રહેલા અને બળવાન ભક્ત હતા, તોપણ તેમણે જ્યારે ભગવાનના ભક્ત સનકાદિકોને પોતાનું બળ બતાવ્યું તો તેનાથી તેઓ અતિ બળવાન દૈત્ય હિરણ્યકશિપુ વગેરે થયા હતા. ૨૭. પ્રહ્લાદ, બળિરાજા અને વૃત્રાસુર મહાદૈત્ય હતા, તોપણ તેમણે ભગવાનનો

ગુણ લીધો, તો તેઓ સહુથી મોટા ગુણવાન બન્યા હતા. ૨૮. **અતિ પ્રબળ ભગવદ્‌ભક્ત હોવા છતાં જે ભગવાન અને સંતો-હરિભક્તો ઉપર જેટલો મનમાં દ્વેષ રાખે છે તેટલો તેમાં દૈત્યનો ગુણ રહે છે. ૨૯. પછી તે ભક્ત જ્યારે દ્વેષને તજી દે અને પોતામાં અપાર અવગુણ દેખે અને ભગવાન, સંતો અને હરિભક્તોનો વારંવાર ગુણ ગ્રહણ કરે, ૩૦. વળી, એ બાબતમાં તે જો કપટ ન રાખે, તો તેના બધા જ દોષ મટી જાય છે. પછી તે જ્યાં સુધી દ્વેષ નથી કરતો, ત્યાં સુધી સુખપૂર્વક ભગવાનનાં ધામમાં રહે છે. (અને જો રાધાજી અને શ્રીદામાની જેમ ગોલોક જેવા ધામમાં પણ દ્વેષ થાય તો ત્યાંથી પણ પડી જવાય છે.) ૩૧.**

चोपाई :

संत हरिजन के द्वेष करे जबही, अक्षरधाम से परत हे तबही;
अक्षर से संत हरिजन ताकी, बडाई हे अतिशे जो वाकी...३२

સંતોનો અને હરિભક્તોનો જો કોઈ દ્વેષ કરે છે, તો તે અક્ષરધામમાં જવાનો હોય તોપણ જઈ શકતો નથી. માટે સંતો અને હરિભક્તોની મોટાઈ અક્ષરથી પણ અતિશય વધારે છે. ૩૨. હરિભક્તોના સંઘ જ્યારે ડભાણથી ચાલ્યા ગયા ત્યારે શ્રીહરિ પણ ત્યાંથી ચાલી નીકળ્યા. તે **જેતલપુર** ગામ આવ્યા. ત્યાંના બધા હરિભક્તો શ્રીહરિની સન્મુખ આવ્યા. ૩૩. ઘણાં જ પ્રેમથી શ્રીહરિનાં ચરણોમાં પડ્યા અને મનમાં ઘણાં જ રાજી થયાં. ખૂબ જ ભક્તિભાવથી ગામમાં લઈ આવ્યા અને સુંદર જગ્યામાં ઉતારો કરાવ્યો. ૩૪. ગઢપુરના બધાં હરિભક્તો શ્રીહરિની સાથે હતાં તેમજ શ્રીનગરના હરિભક્ત બાઈ-ભાઈ, ૩૫. તેમજ પાટણ અને સિદ્ધપુર સુધીના હરિભક્તોના સંઘ પણ સાથે હતા. તેમને યથાયોગ્ય રીતે ઉતારો કરાવ્યો અને સહુને સીધું પણ અપાવ્યું. ૩૬.

ગંગાબાઈ નામે હરિભક્ત નાગર બાઈ હતા. તે શ્રીહરિને માટે રસોઈ બનાવતા, વિવિધ પ્રકારનાં પાકોને પણ બનાવતા, તે શ્રીહરિ પ્રસન્નપણે જમતા હતા. ૩૭. શ્રીહરિની સાથે જે કાઠી દરબારો હતા તેમને ભલી ભાતે જમાડ્યા. તેમજ બધા પાર્ષદોને પણ જમાડ્યા. તેનો ઉત્સવ છવાઈ ગયો હતો. ૩૮. ઉત્તર દિશા તરફના જે હરિભક્તો હતા તેમને પોતાના દેશ તરફ

વળાવ્યા. પછી કાઠી દરબારોને સાથે લઈને શ્રીહરિ પશ્ચિમ દેશ કાઠિયાવાડ તરફ ચાલ્યા. ૩૯. શ્રીહરિની સાથે ઘોડેસવારો ઘણા હતા. પોતે પણ અશ્વની ઉપર બેઠા હતા. શ્રીહરિએ સોનાના અને મોતીના હાર પહેર્યા હતા. તેમજ બીજો બધો પોશાક પણ સોનાનો જ પહેર્યો હતો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોદશ પૂરમાં 'સૌને વળાવ્યા પછી શ્રીહરિ જેતલપુર થઈને પશ્ચિમ દેશ તરફ ચાલ્યા' એ નામે પચ્ચીશમો તરંગ સમાપ્ત ॥૨૫॥



પૂર તેરમું : તરંગ - ૨૬

ગુજરાતથી કાઠિયાવાડમાં આવેલા શ્રીહરિએ સારી વછેરીની ઈચ્છા દર્શાવી

શ્રીહરિ ચાલતા ચાલતા સાબરમતી નદીએ આવ્યા. અશ્વને પાણી પાયું. પછી પોતે અશ્વ ઉપરથી નીચે ઊતર્યા. ૧. અત્યંત નિર્મળ પાણીને દેખીને તેમાં નાહ્યા. પછી ત્યાંથી ચાલતા થયા, તે **વિરાટનગર કહેતાં ધોળકા** આવ્યા. ૨. ધોળકામાં જે હરિભક્તો રહેતા હતા, તેઓ બધાં શ્રીહરિની સન્મુખ ફૂલના હાર લઈ લઈને આવ્યા. ૩. સહુએ શ્રીહરિના કંઠમાં હાર પહેરાવ્યા અને અતિશય ભક્તિભાવથી ચરણોમાં પડ્યા. તેમનાં હૃદયમાં હેત સમાતું ન હતું. સહુ એમ બોલ્યા, અમને બહુ લાભ આપ્યો. ૪. ધોળકા ગામમાં જેટલા વાજિંત્ર હતા, તે બધાને શ્રીહરિની સન્મુખ લાવ્યા હતા. ડંકા અને વિવિધ પ્રકારના નિશાન પણ આવ્યા. તે સમયની શોભા કહી શકાતી નથી. ૫.

શ્રીહરિ ગામના દરવાજાની પાસે આવ્યા. બધાં હરિભક્તો ઉમંગથી કીર્તન ગાતાં હતાં. વિવિધ પ્રકારના વાજિંત્ર વાગતાં હતાં અને ચોપદાર 'જય' 'જય'નો ઊંચેથી ઉચ્ચાર કરતા હતા. ૬. ચોતરફ વિવિધ પ્રકારના બાગ બગીચાઓ હતા. તેમાં રહેલા સુંદર નાના મોટા ઝાડ ફૂલથી અને ફળોથી નીચા ઝૂકી ગયા હતા. ગામને ફરતી તેની ઘણી શોભા દેખાતી હતી અને તેનો સરસ સુગંધ ચારેબાજુ અતિશય ફેલાઈ ગયો હતો. ૭.

જ્યારે વિરાટ રાજા થયા હતા, તે સમયમાં આ નગરનું નિર્માણ થયું હતું. પાંચ પાંડવો આ નગરમાં ગુપ્તવાસ કરીને રહ્યા હતા. કોઈ લોકો તેમને ઓળખી શક્યા નહોતા. ૮. એક વરસ સુધી તેઓ આ નગરમાં રહ્યા હતા; એવું પ્રતાપી આ નગર છે. અક્ષરાધિપતિ ભગવાન પુરુષોત્તમ નગરની આ પ્રાચીનતાને સમજીને આવ્યા હતા. ૯. જ્યારે સૂર્ય અસ્ત થઈ રહ્યો હતો ત્યારે પુરમાં પ્રવેશ કર્યો. તે વેળાએ અપાર મશાલો થઈ. અપાર પુરજનો બજારમાં ઊભા હતા. ૧૦.

શ્રીહરિ પધાર્યા છે એમ જાણીને બજારની ભારે શોભા કરી હતી. કેટલાએ કેળના સ્તંભ રોપાવ્યા હતા અને હરેક દુકાન સુશોભિત બનાવી દીધી. ૧૧. સુંદર એવા અપાર બિલોરી કાચના ઝાડ પ્રકટાવ્યા હતા. પુરની બધી સ્ત્રીઓ મકાનની બારીઓમાં અને અગાસી ઉપર ચઢી ગઈ હતી. ૧૨. સ્ત્રીઓએ વિવિધ પ્રકારનાં વસ્ત્રો અને ઘરેણાં પહેર્યાં હતાં. હૃદયમાં ઘણો જ આનંદ અને ઉમંગ ભર્યો હતો. મોતીથી ભરેલા થાળ સહુએ લીધા હતા. ૧૩. શ્રીહરિ અશ્વ ઉપર બેઠા હતા. સોનાનાં વસ્ત્રો અને ઘરેણાંમાં ગરકાવ થયેલા હતા. તે વસ્ત્ર અને અલંકારો મશાલના પ્રકાશમાં ઝગમગી રહ્યાં હતાં. અદ્‌ભુત શોભા બની હતી. ૧૪. શ્રીહરિની મૂર્તિ નટવરના સમાન બની હતી. અંગો ઉપર અનંત બ્રહ્માંડોની શોભાને ધારણ કરી હતી. દર્શન કરનારાનાં નેત્ર તૃપ્ત થાતાં ન હતાં. ૧૫ .

ભાવિક લોકો ફૂલહાર લઈને ઊભાં હતાં. બધાં પ્રેમથી આવીને ફૂલહાર શ્રીહરિવરને પહેરાવતાં હતાં. ૧૬. હાથ જોડીને શ્રીહરિનાં ચરણકમળોને ઘણા નમસ્કાર કરતાં હતાં. કેટલાક લોકો શ્રીફળ અને મેવા હરખથી લાવીને અર્પણ કરતાં હતાં. ૧૭. પાકાં કેળાં અને સફેદ રસાળ શેરડી લાવીને તે સમયે શ્રીહરિને અર્પણ કરતાં હતાં. વિવિધ પ્રકારની કેટલીએ સુગંધી મીઠાઈ લાવીને અર્પણ કરતાં હતાં. ૧૮. જેને જે પ્રિય લાગતું, તેને તે લઈને સમર્પણ કરતા હતા. મોતીના થાળ ભરીને ઊભેલી સ્ત્રીઓ ઘનશ્યામ શ્રીહરિને મોતીથી વધાવતી હતી. ૧૯. જેનાં દિલમાં જેવો ભાવ હતો, તેમણે તે સંપૂર્ણ કર્યો. આ રીતે શ્રીહરિ પુરની બહાર નીકળ્યા. ભક્તજનો મુખથી 'જય જય' 'જય

જય' એમ બોલતાં હતાં. ૨૦. ધર્મકુમાર શ્રીહરિએ નિર્મળ નીરના સરોવરની પાસે સ્વચ્છ જગ્યા દેખી. એટલે ત્યાં આવીને મુકામ કર્યો. તે સમય ઉજ્જ્વળ ચંદ્રોદય થઈ રહ્યો હતો. ૨૧. રંગભીના શ્રીહરિએ મશાલીને રજા આપી અને ત્યાં મૂકેલા ગાડા ઉપર બેઠા. ધોળકા પુરના હરિભક્ત વિપ્રો એકદમ પાતળી રોટલી બનાવીને લાવ્યા. ૨૨. સાકર અને ઘી ઘણું લાવ્યા. સાથે અપાર કેળાં પણ લાવ્યા. તે બધું શ્રીહરિ જમ્યા અને પછી સંઘને પણ જમાડ્યો. ૨૩. ત્યાં રાત રહીને સવારે ચાલ્યા. તે **કોઠ** ગામ આવ્યા. ત્યાંથી બહુનામી શ્રીહરિ ચાલ્યા, તે **અરણેજ** ગામ થઈને **જવારજ** ગામ આવ્યા. ૨૪. ત્યાં આધાર નામે બારોટ હરિભક્ત રહેતા હતા. તેને દર્શન દઈને **ગુંદી** ગામ આવ્યા. ૨૫.

પછી ત્યાંથી **બળોલ** ગામ આવ્યા. ત્યાં કેટલાક નાડોદા રાજપૂત હરિભક્ત વીરાભાઈ, કહળાભાઈ અને જાદવભાઈ વગેરે સિંધવ અટકના હતા. ૨૬. ત્યાં શ્રીહરિ ગામની બહાર તળાવને કાંઠે રાત રોકાયા. ગામના બધાં હરિભક્તોએ ભલી ભાતે શ્રીહરિની સેવા કરી. ૨૭. રસોઈમાં પુષ્કળ ઘી નાખીને કંસાર બનાવ્યો. ધર્મકુમાર શ્રીહરિ તે જમ્યા અને બધા સંઘને પણ જમાડ્યો. ૨૮. સવારે શ્રીહરિ ત્યાંથી ચાલતા થયા. તે **ખસતા** ગામ આવ્યા. વચ્ચે સાત કોશ લાંબુ રણ આવ્યું, પણ શ્રીહરિ સાથે હતા એટલે કોઈને કાંઈ જણાયું નહિ, અગવડ પડી નહિ. ૨૯. ખસતા ગામથી ચાલ્યા, તે **રોજકા** ગામ આવ્યા. પછી ત્યાંથી **ઝીંઝર** ગામ આવ્યા અને ત્યાંથી **ભીમનાથ** તીર્થધામમાં આવ્યા. ૩૦.

ત્યાં ભીમનાથ મહાદેવનાં દર્શન કર્યાં અને ત્યાંથી ચાલતા થયા. **કુંડળ** ગામ આવ્યા. હરિભક્તોને દર્શન દીધાં અને ત્યાં રાત રોકાયા. ૩૧. સુખદાયક શ્યામસુંદર ગિરિધારી શ્રીહરિ કુંડળથી ચાલ્યા, તે **સારંગપુર** આવ્યા. ત્યાં જીવાખાચરના દરબારમાં આવીને બે દિવસ રહ્યા. ૩૨. પછી શ્રીહરિ ત્યાંથી ચાલ્યા, તે **કારિયાણી** ગામ આવ્યા. ત્યાં જે હરિભક્તો રહેતા હતા તે સહુએ આવીને શ્રીહરિનાં દર્શન કર્યાં. ૩૩. ત્યાં રાત રોકાઈને સવારે ચાલતા થયા. શ્રીહરિ અશ્વની ઉપર બેઠા હતા. તેમણે અશ્વના વખાણ બહુ જ કર્યા. અત્યાર સુધી આવો કોઈ અશ્વ આપણી પાસે રહ્યો નથી. ૩૪.

ઘણી ઘોડીઓની સાથે રહે છે, પણ ક્યારેય રંચમાત્ર પણ તોફાન કરતો નથી. તેને જલેબી, મધ અને મેંદો બહુ ખવડાવીએ છીએ, તોપણ તે ક્યારેય તોફાન કરવાનું નામેય લેતો નથી. ૩૫.

જ્યાં સુધી આ અશ્વ તોફાને ન ચઢે ત્યાં સુધી અમે આ અશ્વ ઉપર ચઢશું. આ અશ્વ ઊંચી જાતનો છે અને સારા શીલ-સ્વભાવનો છે. આવી કોઈ ઘોડી હોય તો તે અમને ગમે. ૩૬. વાળા, ખુમાણ અને ખાચર, એ દરબારોમાં ક્યાંય સારી વછેરી હોય તો સહુ દેખતા રહેજો. થાન અને મૂળી સુધી તેમજ ધ્રાંગધ્રા તથા મોરબી સુધી તપાસ કરતાં રહેવું. ૩૭. વઢવાણ, લીંબડી, સાયલા, ચૂડા, મિણાપર, નાગનેસ, વાગડ, વાંકાનેર, ૩૮. જે કોઈ ઠેકાણે સારી વછેરી છે એવું સંભળાય તો અમને વાત કહેજો. હું સહુને સંભળાવી દઉં છું કે, તે વછેરીની કિંમત મોઢે માગી આપશું. ૩૯. ત્યારે કોઈ કાઠીએ એમ કહ્યું કે, અમરેલીના દીવાનને સારી વછેરી લેવાનું બહુ તાન છે. ૪૦. રૂપિયા ઘણા આપે છે પણ સારી વછેરી મળતી નથી. સારામાં સારી વછેરી તો તો જ મળે, જો કોઈ પરસ્પર હેત પ્રીતવાળા આપે. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોદશ પૂરમાં 'ગુજરાતથી કાઠિયાવાડમાં આવેલા શ્રીહરિએ સારી વછેરીની ઈચ્છા કરી' એ નામે છવીશમો તરંગ સમાપ્ત ॥૨૬॥



પૂર તેરમું : તરંગ - ૨૭

શ્રીહરિ ગઢપુરથી કરિયાણા આવ્યા અને ઘોડી લેવાનું નક્કી કર્યું

જ્યારે મહારાજાધિરાજ શ્રીહરિજી જ્યારે ઘોડાની વાત કરતા ત્યારે તે કાઠીઓને ઘણી ગમતી હતી. તેઓ એમ બોલ્યા, આજ શ્રીહરિ ઘણા ખુશ છે. ૧. **ઝીંઝાવદર** ગામ પહોંચ્યા ત્યાં સુધી વાતો કરતા રહ્યા. તેનાથી કાઠી દરબારોને રાજી કર્યા. ઝીંઝાવદરમાં દરબાર અલૈયા ખાચરના દરબારમાં રહ્યા. ૨. ગઢપુરના દરબાર જીવા ખાચર ત્યાં આવ્યા અને શ્રીહરિનાં ચરણોમાં પડ્યા. શ્રીહરિએ તેને પોતાની પાસે બેસાડ્યા. ૩. તેમણે ડભાણમાં જે યજ્ઞ

થયો તેની વાત પૂછી અને શ્રીહરિએ બધી વાત કહી. તે સાંભળીને ખુશી થયેલા જીવા ખાચરે હાથ જોડ્યા અને કહેવા લાગ્યા. ૪.

યજ્ઞનાં દર્શન કરીને જે હરિભક્તો ગઢપુર આવ્યા તેમણે વાત કહી છે કે, યજ્ઞ વખતે હરિભક્તો ઘોડા માટેનો બધો જ સાજ-સામાન સોનેરી કરાવીને લાવ્યા હતા. ૫. આપ મારા ઉપર કૃપા કરીને તે બધો સોનેરી સાજ-સામાન ઘોડા ઉપર મૂકીને બતાવો તો મને ખબર પડે કે, તે સામાન કેવો સારો અને અનુપમ છે. ૬. આપ પણ તે વખતના સોનેરી વસ્ત્ર અને ઘરેણાંને પહેરો અને અમને દર્શન આપો. પછી શ્રીહરિએ પણ દરબારે કહ્યું, તે પ્રમાણે ઘોડાની ઉપર બધો સાજ-સામાન મુકાવ્યો. ૭. અને પોતે પણ બધાં વસ્ત્ર અને અલંકારો પહેર્યા. પ્રેમભાવથી તેમને દર્શન દીધાં. દરબાર દર્શન કરીને બોલ્યા, હરિભક્તોનો ભક્તિભાવ અતોલ-અમાપ છે. ૮.

❋ શ્રીહરિથી જ બધી શોભા છે :

મોટા રાજાઓ કેટલાએ પ્રયત્ન કરીને મરે છે, પણ ભાવ વિના આવી શોભા આવતી નથી. મોટા મોટા શક્તિશાળી રાજાઓ છે, પણ આવી શોભા ક્યાંય નથી. ૯. તેઓ ઘણા રૂપિયા ખર્ચે છે, તોએ આવી શોભા થાતી નથી. જ્યાં ભગવાન હોય ત્યાં બધું હોય, બીજા બધા તો નિરર્થક જન્મને ગુમાવે છે. ૧૦.

જેટલી શોભામાત્ર કહેવાય છે, તે ભગવાનની પાસે જ રહે છે. જ્યાં ભગવાનનો નિવાસ નથી હોતો ત્યાં અશોભા વાસ કરીને રહે છે. ૧૧. હીરા જડિત કાંચનના મહેલ બનાવ્યા હોય, તોપણ તેમાં ભૂત, પ્રેત આવીને રહેતા હોય છે. જ્યાં આપનું નામ ઉચ્ચારાતું નથી ત્યાંની બધી શોભા નકામી દેખાય છે. ૧૨. હે પ્રભુ ! કોઈ જે તે રીતે આપનું ચિંતવન કરે, તો તે ચિંતવન બધી જ રીતે તેને તારનારું થાય છે; એવું હું જાણું છું. ૧૩. ઝીંઝાવદરમાં શ્રીહરિ બે દિવસ રહ્યા. અલૈયા ખાચરનો પ્રેમ જોઈને શ્રીહરિએ તેને એક સારો જરિયાની પોશાક પ્રેમથી આપ્યો. ૧૪. શ્રીહરિ ત્યાંથી ચાલી નીકળ્યા. તે **ગઢપુર** આવ્યા. ત્યાંના અપાર હરિભક્તો મળીને બધાં સન્મુખ આવ્યા. ૧૫.

એભલ ખાચર શ્રીહરિની સમીપ આવીને ચરણોમાં પડ્યા. પછી ઘણા જ ભક્તિભાવથી બોલ્યા, આજ અમારા બધા શુભ શુકન સફળ થયા છે. ૧૬. હું આજ સવારે જ્યારે ઊઠ્યો ત્યારે મારી જમણી ભુજા ફરકી હતી અને તે પછી જમણી આંખ પણ વારંવાર ફરકતી રહી હતી. ૧૭. દાતણના બંને ચીરિયા વગર કલ્પ્યે છતાં-સવળા પડ્યા અને દિવસ ઊગતાં જ કાગડો ઘણા ઉમંગથી બોલતો હતો. ૧૮. આટલાં બધાં શુકન એક સામટા ભેળાં થયા ત્યારે આપ ભગવાન અમને આવીને મળ્યા છો. પુરમાં જેટલાં વાજિંત્ર હતાં તે બધાં આવીને વાગવાં લાગ્યાં. ૧૯. આજે શ્રીહરિની મૂર્તિ સોનાથી ભરપૂર હતી. ક્યારેય આવાં દર્શન થયાં ન હતાં. તે રીતે જ શ્રીહરિનો અશ્વ પણ બધો સુવર્ણમય બન્યો હતો. ૨૦.

મસ્તક ઉપર સોનાનું છત્ર શોભતું હતું અને તે રીતે જ સોનાની સૂર્યમુખી પણ વિરાજતી હતી. બંને પડખે સોનાની દાંડીવાળા ઘણાં ઊજળાં ચામર ઢળી રહ્યા હતા. ૨૧. જે કોઈ ભક્તજન આવીને મૂર્તિનાં દર્શન કરતાં હતાં, તેઓ મૂર્તિમાં થંભી જાતા હતા. આમ ભક્તોને દર્શન દેતાં કૃપાળુ શ્રીહરિ ગઢપુર ગામમાં પ્રવેશ્યા. ૨૨. શ્રીહરિ જ્યારે પુરના રાજમાર્ગ ઉપર જાતા હતા ત્યારે હજારો લોકો માર્ગમાં ઊભા રહીને દર્શન કરતાં હતાં. પુરની બધી સ્ત્રીઓ મોતીના થાળ ભરીને લાવી હતી, તેઓ શ્રીહરિને મોતીથી વધાવતી હતી. ૨૩. દરબાર એભલ ખાચરના દરબારગઢમાં શ્રીહરિ આવ્યા અને ત્યાં બે-ત્રણ દિવસ રોકાયા. પછી ત્યાંથી શ્રીઘનશ્યામ પ્રભુ ચાલતા થયા ત્યારે દરબાર જીવા ખાચર તેમને લેવા માટે સામે આવ્યા. ૨૪. રાજમાર્ગની વચ્ચે જ જીવા ખાચર અને શ્રીજીમહારાજ ભેળા થયા. સાથે બધા ભક્તોનો સમાજ હતો ત્યારે જીવા ખાચરે હાથ જોડીને વિનંતી કરી. ૨૫.

મહારાજ ! આપ હવે એકદમ તૈયાર કેમ થઈ ગયા ? આપ વધારે કેમ રોકાયા નહિ ? અમે તો એમ નક્કી કર્યું છે કે, આ વખતે શ્રીહરિને વધારે દિવસ રોકી રાખવા છે. ૨૬. હે શ્રીહરિ ! દરબાર એભલ ખાચરના ભવનમાં અથવા અમારા ભવનમાં આપ રહો. આપની જેમ ખુશી હોય તેમ કરો. ૨૭. પ્રભુ ! તો હવે આપ અમારા દરબારમાં આવો. અમે આપના

દાસ છીએ. અમે આપને પરાણે રોકશું નહિ. આપની ઈચ્છા થાય ત્યારે ત્યાંથી નીકળી જજો. ૨૮. દરબાર જીવા ખાચરનાં વચન સાંભળીને શ્રીહરિ ચાલ્યા અને તેમના દરબારમાં ગયા. એક સુંદર ભવનમાં ઉતારો આપ્યો અને રૂપાળો પલંગ બિછાવી દીધો. ૨૯. શ્રીહરિ આવીને તેના ઉપર બેઠા. તરત જ ઉત્તમ પ્રકારની રસોઈ બનાવડાવી. જ્યારે મુકુંદાનંદવર્ણીએ રસોઈ તૈયાર કરી. ત્યારે ત્યાં આવીને જમ્યા. ૩૦.

બીજા જે કાઠી દરબારો અને પાર્ષદો હતા, તેઓ બધા પણ ત્યાં જમ્યા. પછી શ્રીહરિ જ્યારે આવીને પલંગ ઉપર બેઠા ત્યારે દરબાર જીવા ખાચર પાસે આવીને બેઠા. ૩૧. તેમણે હાથ જોડીને શ્રીહરિને કહ્યું, 'પ્રભુ ! આપ મારી એક વિનંતી છે તેને સાંભળો. જ્યારે ઘોડો અતિ જોરમાં આવે ત્યારે તે ક્યારેય આપથી કાબુમાં રાખી શકાશે નહિ. ૩૨. જો જાતવાન ઘોડી હોય તો ઘોડીના જેવી બીજી કોઈ સવારી નહિ. કેટલીક ઘોડી તો એવી હોય છે કે, સવારની મરજી પ્રમાણે તે ચાલે. ૩૩. જ્યારે અમે મેલિકાર(ધાડ પાડવા) માટે ફરતા ત્યારે ઘણું દૂર સુધી નીકળી જાતા. પાવાગઢ સુધી જઈને ફરતા. રાતે રસ્તો ભૂલાઈ જાતો હતો. ૩૪. ત્યારે ઠાણ દીધેલી(તાજી વિયાયેલી) ઘોડીને અમે છૂટી મૂકી દઈએ. પછી તે મેલીકાર(ધાડા)ની આગળ ચાલે. તે ઘોડી ક્યારેય રસ્તો ભૂલે નહિ. ૩૫.

ઘોડાની સારી જાતમાં એવો ગુણ હોય છે. માટે આપને તેવી ઘોડી હોવી જોઈએ.' ત્યારે શ્રીહરિ બોલ્યા, એટલા માટે તો અમે તમને કહીએ છીએ. ૩૬. જે જાતની દૃષ્ટિએ સર્વોપરી હોય અને રૂપાળી પણ ઘણી હોય, એવી ઘોડી અમારે માટે ચોક્કસ લેવી છે. ૩૭. તમે જેટલી કહેશો તેટલી કિંમત તમને અપાવશું. અમે તે બાબત જરૂરાજરૂર તમને કહીએ છીએ કે, કિંમતી ઘોડી લેવાનું તમે ભૂલશો નહિ. ૩૮. ત્યારે દરબાર જીવા ખાચર બોલ્યા, 'મોટા મોટા રાજાઓ પણ જોઈને તેને વખાણે એવી અજોડ ઘોડી જ્યારે મળે ત્યારે આપણે ઘોડી લઈશું.' ૩૯. શ્રીહરિ બે-ત્રણ દિવસ ત્યાં જીવા ખાચરના દરબારમાં રહ્યા. પછી શ્રીહરિ ત્યાંથી ચાલ્યા. પાછળથી કાઠી દરબારોને પણ સાથે લીધા અને **કરિયાણા** ગામ આવ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોદશ પૂરમાં 'ગઢપુરમાં શ્રીહરિ થોડા દિવસ રહીને કરિયાણા આવ્યા અને સારી ઘોડી લેવી એમ નક્કી કર્યું' એ નામે સત્યાવીશમો તરંગ સમાપ્ત ॥૨૭॥

પૂર તેરમું : તરંગ - ૨૮

અશ્વના ગુણ-દોષ કહ્યાં અને કરિયાણામાં વસંતોત્સવ કરવા રહ્યા

શ્રીહરિ જ્યારે કરિયાણા આવ્યા ત્યારે ત્યાં જેટલા ખાચર દરબારો હતા, તે બધાં હરિભક્ત હતા. તેઓ શ્રીહરિને સન્મુખ આવ્યા. ૧. સહુ કાળુભાર નદીને ઊતરીને આવ્યા. તેમાં કેટલાક હરિભક્ત વણિક પણ હતા, તે બધા શ્રીહરિનાં ચરણમાં પડ્યા. ૨. સહુ શ્રીફળ અને ફૂલના હાર લાવ્યા હતા. ફૂલહાર શ્રીહરિને પહેરાવ્યા અને શ્રીફળ ચરણોમાં મૂક્યાં. ૩. શ્રીહરિને હરિભક્તોના ઉપર ઘણો પ્રેમભાવ હતો, તેથી સહુને હેતથી બોલાવ્યા-કુશળ પૂછ્યા. પછી સહુની સાથે ચાલ્યા. આવીને નદી ઊતર્યા. ૪. ગામમાં જેટલા વાજિંત્રોવાળા હતાં તે બધા આગળ આવીને ઊભા રહ્યાં. શ્રીહરિ જ્યારે નજીક આવ્યા, ત્યારે તે બધા પરમ ઉલ્લાસથી વાજિંત્ર વગાડવાં લાગ્યાં. ૫.

શ્રીહરિએ તે વેળાએ બધા અંગો ઉપર સુંદર સોનાના આભૂષણો અને સોનેરી વસ્ત્ર પહેર્યાં હતાં. કેટલાક મોતીના હાર પહેર્યા હતા. હજારો લોકો આવીને શ્રીહરિનાં દર્શન કરતાં હતાં. ૬. આગળના ભાગમાં અબદાગીરી અને મસ્તકે છત્ર વિરાજતું હતું. તે બધો સાજ સોનાનો શોભતો હતો. આટલી સુંદર શોભા ગામના ભક્તોએ ક્યારેય નજરે નિહાળી ન હતી. ૭. ગામના રાજમાર્ગ ઉપર ગામની બધી સ્ત્રીઓ ઊભી હતી. મોતીથી ભરેલા થાળ હાથમાં લીધા હતા. પછી તે બધી સ્ત્રીઓએ શ્રીહરિને મોતીથી વધાવ્યા. ૮. તે સ્ત્રીઓ મુખથી મંગળમય ધોળના કીર્તન પ્રેમથી ગાતી હતી અને એકીટસે શ્રીહરિનાં મુખની સામે દેખી રહી હતી. શ્રીહરિને દરબારગઢમાં પધરાવ્યા અને એક ભવ્ય ભવનમાં ઉતારો કરાવ્યો. ૯. એક નવરંગ-મોહક પલંગ

બિછાવી દીધો. શ્રીહરિ આવીને તેના ઉપર બેઠા. જે શ્રીહરિનો ઘોડો હતો તે સોનેરી સાજ-સામાનથી અતિ શોભતો હતો. ૧૦.

કોઈ આવીને કાંઈ વિઘ્ન કરે નહિ, એવી ઘણી સારી જગ્યા જોઈને ત્યાં અશ્વને બંધાવ્યો. જેટલા કાઠી અશ્વને દેખતા, તે બધા તેનાં ખૂબ વખાણ કરતાં હતાં. ૧૧. કાઠીઓ બધા ટોળે ટોળા મળીને અશ્વને જોવા આવતા હતા. પહેલા જઈને અશ્વને દેખે અને શ્રીહરિની પાસે તો પછી આવીને બેસતા હતા. ૧૨. કાઠીને ઘોડાઓ બહુ વહાલા હોય છે એટલે બધા કાઠી ઘોડાનાં વખાણ કરતાં હતાં. તેમણે પૂછ્યું, ઘોડાનો વેગ કેવો છે ? ત્યારે શ્રીહરિએ કહ્યું, ૧૩. ઘોડાનો વેગ તો ઘણો છે. માનો સૂતરની આંટી હોય ! સીધો દોડવામાં અને કુંડાળે પાડવામાં પણ અતિ સરલ છે. કોઈ પણ અંગમાં ખોડ-ખામી નથી. ૧૪. જેટલી ચાલ ચલાવવામાં આવે, તેટલી ચાલ તરત જ ચાલવા લાગે છે. જ્યારે ઊભો રાખવામાં આવે ત્યારે તેને તે સ્થળે ઊભો રહે છે. ૧૫.

જ્યારે પાર્ષદો નજીક ઊભા રહીને બંદૂકનો અવાજ કરે છે, ત્યારે તે ઘણો જાતવાન હોવાથી તે અવાજથી તેનું એક રૂંવાડુંએ થડકતું નથી. ૧૬. ઘોડાના લક્ષણોમાં જે ખામી-ખોટ કહેવામાં આવે છે, તે આમાં એક પણ નથી. ત્યારે કાઠી એમ કહેતા, 'પુષ્કળ રૂપિયા - મૂલ્ય આપવામાં આવે, તોપણ આવો ઘોડો ક્યાંય મળે નહિ. ૧૭. અત્યારે સો સો કોશ ભૂમિ ઉપર આવો અશ્વ ક્યાંય નથી. જો રોજ રોજ ઘોડાને ફેરવવામાં ચલાવવામાં આવે, તો ઘોડો બગડી જતો નથી. ૧૮. એક દિવસ પણ ઘોડો ફેરવ્યા વગરનો રહે, તો તે કાંઈક અપલખણ શીખી જાય છે. એકવાર પણ કાંઈ અપલખણ જો પડી જાય, તો તે પછી તેને ક્યારેય લગારેય છોડતો નથી. ૧૯. ઘોડો લગામ-ચોકડાને દાંતમાં લેવાનું શીખી જાય, પછી તે કૂવાને કે ખાડાને પણ ગણકારતો નથી. એકવાર પણ તે અટકવાનું શીખે નહિ, તે ખ્યાલમાં રાખવું જોઈએ. જો અટકે-હઠે તો તેને ઘણી ચાબુક મારીને પણ ચલાવવો પડે. ૨૦.

ઘોડો જો ઝાડ થઈ ઊભા થવાનું શીખી જાય, પછી જો સંતુલન રહે નહિ, તો સવાર અને ઘોડો બંને ઊલટા પડી જાય છે. જ્યાં સુધી ઘોડાને

કોઈપણ જાતની કુટેવ ન પડે ત્યાં સુધી તેના ઉપર સવારી કરવાનું સુખ રહે છે. ૨૧. ઘોડા ભેળો ઘોડો શોભે-ઠીક રહે. ઘોડીઓની ભેળો ઘોડો ક્યારેક બહેકી જાય, ઉશ્કેરાટમાં આવી જાય છે. પછી કાબૂમાં ન રહે. ઘોડાને ઘોડીની પાસે ક્યારેય બાંધવો નહિ. ન બાંધે ત્યાં સુધી તે નિયમમાં રહે છે. ૨૨. જ્યારે માર્ગે ચાલવાનું થાય ત્યારે પણ ઘણું ધ્યાન રાખવું પડે. બધી ઘોડીઓ કરતાં ઘોડાને આગળ ચલાવવામાં આવે તો તેમાં કોઈ કુલક્ષણ આવે નહિ.' ૨૩. ત્યારે શ્રીહરિએ કહ્યું, જેમ તમે કહો છો, તેમ અમે તેની ખૂબ જ સંભાળ રાખીએ છીએ. આ અશ્વ અલૈયા ખાચરે ઘણા ભાવથી અમને ચઢવા આપ્યો છે. ૨૪. **તેનો ભાવ જોઈને અમે ઘોડા ઉપર ચઢીએ છીએ. જેની સાથે હેત બંધાય છે, તેની સાથે તરત મહોબત તૂટતી નથી. ૨૫. જ્યાં સુધી કોઈ અમારી ઉપર સ્નેહભાવ રાખે છે, ત્યાં સુધી તો અમે તેવો સ્નેહભાવ રાખીએ છીએ. અને જ્યાં લગારેય ભાવ ન દેખાય ત્યાં અમે જાતા નથી. ૨૬.**

તે પછી કરિયાણાના દરબારોએ શ્રીહરિ આગળ હાથ જોડીને કહ્યું, મહારાજ ! આપ અમારાં હિતને માટે અહીંયાં વસંતપંચમીનો અજોડ ઉત્સવ કરો. ૨૭. ધર્મપુત્ર શ્રીહરિ તે દરબારોના વચન સાંભળીને રાજી થયા અને ત્યાં કરિયાણામાં વસંતોત્સવ કરવા રોકાઈ ગયા. ૨૮. કેટલાક ગામના હરિભક્તો કરિયાણામાં શ્રીહરિનાં દર્શન કરવા માટે આવ્યા હતા. રોજ સૂર્યોદય થતામાં શ્રીહરિ જેટલો ભારે માંઘ્યલો પોશાક હતો તેને હરખથી અંગોઅંગ ધારણ કરતા હતા. એક પણ વસ્ત્ર કે અલંકાર સોના વગરના ધારણ ન કરતા. અને ઘોડાનો સાજ-સામાન પણ જે સોનાનો હતો, તે બધો ઘોડા ઉપર મૂકતા અથવા ઘોડાને પહેરાવતા હતા. ૨૯-૩૦.

જે બુરજ સરખો કરાવ્યો હતો ત્યાં અશ્વ ઉપર બેસીને જાતા હતા. કાઠી દરબારો અને અપાર હરિભક્તો શ્રીહરિની સાથે બહાર નીકળતા હતા. ૩૧. કિલ્લાનો બુરજ અને કાળુભાર નદી, એ બેની વચ્ચે મેદાન હતું. ત્યાં ઘોડાને ફેરવતા રહેતા. ઢોલ, નગારાં આદિ વાજિંત્રો વાગતા હતા. તેનાથી આકાશ, વન અને પર્વત ગાજી ઊઠતા હતા. ૩૨. વનમાં જે મોર રહેતા હતા તે બહાર આવીને શ્રીહરિની સન્મુખ બધી કળા ચઢાવીને નાચતા હતા

અને મધુર સ્વરથી માનો, ગાન કરતા હતા. ૩૩. જ્યાં સુધી શ્રીહરિ ઘોડાને ફેરવતા ત્યાં સુધી આગળ મોર નૃત્ય કરતા રહેતા. ગામના નર-નારીઓ બધાં ઘરનું કામકાજ છોડી દઈને ત્યાં આવતાં હતાં. ૩૪. શ્રીહરિ આ રીતે ત્યાં કરિયાણામાં પંદર દિવસ રહ્યા અને ત્યાં નિત્ય નવાં નવાં ચરિત્ર કર્યાં. એક દિવસનાં ચરિત્રોને એક વરસ દિવસ સુધી લખતા રહીએ, તોપણ તેનો પાર આવે નહિ. એટલા શ્રીહરિનાં ચરિત્ર હતાં. અહીં તો એક લવનો પણ લેશમાત્ર જ લખું છું. તે બધાં ચરિત્રો તો લખી શકાતા નથી. ૩૫-૩૬.

એક દિવસ કોઈ રાજાનું લશ્કર ત્યાં આવ્યું અને તેણે નદીને કાંઠે મુકામ કર્યો અને તે ત્યાં તો માત્ર એક રાત જ રહ્યું હતું. ૩૭. લશ્કરમાં એક નાગર અધિકારી મુખી હતા. તે ચાર ઘડી દિવસ બાકી હતો ત્યારે શ્રીહરિની પાસે આવ્યા. ૩૮. તે આવીને શ્રીહરિને પગે લાગ્યા. શ્રીહરિ પલંગ ઉપર બેઠા હતા. પછી તે આવેલા નાગર અધિકારી શ્રીહરિની સન્મુખ બેઠા. ૩૯. શ્રીહરિએ તેનો સત્કાર કર્યો. તેને સારું લાગે તેવા શબ્દોમાં બધા સમાચાર પૂછ્યા કે, તમે અત્યારે ક્યાંથી આવો છો ? અને ક્યાં જવાના છો ? ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોદશ પૂરમાં 'અશ્વના ગુણ-દોષ કહ્યા અને કરિયાણામાં વસંતોત્સવ કરવા રહ્યા' એ નામે અઠ્યાવીશમો તરંગ સમાપ્ત ॥૨૮॥



પૂર તેરમું : તરંગ - ૨૯

કરિયાણામાં નાગર અને શ્રીહરિને થયેલી વાત

નાગરે શ્રીહરિને હાથ જોડીને કહ્યું, 'અમે રાજાના દાસ છીએ. રાજા જ્યાં કહે ત્યાં અમે જાઈએ છીએ અને ત્યાંથી પાછા તે રાજાની પાસે આવીએ છીએ. ૧. ભાવનગર સુધી અમે જઈ આવ્યા અને હવે જામનગર જાઈએ છીએ. તેમાં વચ્ચે આપનાં દર્શન થયા છે. તેટલું અમારું સદ્‌ભાગ્ય કહેવાય. ૨. આપના સાઠ જેટલા સંતો જામનગરમાં આવ્યા હતા. ત્યારે અમે તે સંતોને અત્યંત ત્યાગી દેખ્યા હતા. પણ આપની રીત તો કોઈ રાજાના જેવી છે. ૩.

આપની રીત અલગ છે અને આપના સંતોની રીત અલગ છે. આપની એક પણ રીત મળતી આવતી નથી. આ બાબત મને સમજાતી નથી. ૪.

આપની રીતથી હું પૂરો માહિતગાર નથી. એટલે બાળબુદ્ધિવાળો હું આપને પૂછું છું. બાળક ગમે તેવું બોલે, તેનો પિતા બાળકનો દોષ માનતો નથી. ૫. બાળક વિવેકહીન-અજ્ઞાની હોય છે, તે ચાહે તેમ મળ-મૂત્ર કરે છે. પણ તેના માતા-પિતા તેના ઉપર રોષ કરતા નથી. બગડેલા બાળકને તેના માતા-પિતા પાણીથી ધોઈને શુદ્ધ કરે છે, અને તે બાળકમાં રહેલી અજ્ઞાનતાને જોતા રહે છે. ૬. જ્યાં સુધી બાળકમાં અજ્ઞાન રહ્યું છે ત્યાં સુધી તે અશુદ્ધ રહે છે. તે રીતે જ જ્ઞાની મહાપુરુષોની આગળ બધાં સંસારી મનુષ્ય તો બાળબુદ્ધિ જ કહેવાય છે. ૭. **જ્યાં સુધી સંસારીબુદ્ધિ રહે છે ત્યાં સુધી બાળબુદ્ધિ રહે છે. જ્યારે તે જ્ઞાનીની બુદ્ધિને પામે છે ત્યારે તેને દિવ્ય ચક્ષુ મળી જાય છે.** ૮. જ્યારે જ્ઞાનનો ઉજાસ થાય ત્યાર પછી તેના મનમાં ભ્રાંતિ લેશમાત્ર પણ રહેતી નથી.'. ત્યારે શ્રીહરિએ તે નાગર અધિકારીને કહ્યું, 'જેનાં હૃદયમાં મોક્ષનો અંકુર હોય, ૯.

❋ મોક્ષના ખપવાળાને સત્સંગ અલૌકિક લાગે :

चोपाई :

ज्ञान को ताकु होत प्रकाशा, अज्ञान तम होवत सब नाशा;
हमारी रीत रु संत की रीता, अलोकिक तेहि आत देखीता...१०
मोक्ष के अंकुर जेते रहीता, अज्ञान तम रहे तेते भरीता;
ताकु अलोकिक रीत जेती, मायिक सम समझत सब तेती...११
अनादी जेही तम अज्ञाना, तरत न होवे ताकु ज्ञाना;
बहुत दिन जब करे सत्संगा, अज्ञान तम तब होवे भंगा...१२

તેને જ્ઞાનનો પ્રકાશ થાય છે અને બધા જ અજ્ઞાનનાં અંધારાનો નાશ થાય છે. અમારી રીત અને સંતોની રીત તે મોક્ષના અંકુરવાળાને અલૌકિક દેખાય છે. ૧૦. જેટલા મોક્ષના અંકુરથી રહિત લોકો છે તેમાં અજ્ઞાનરૂપી અંધારું ભરાઈ રહે છે, અને તેને લીધે જ તે જેટલી અલૌકિક રીત હોય તે

બધી માયિકના જેવી સમજે છે. ૧૧. જે જીવમાં અનાદિ કાળથી અજ્ઞાનનું અંધારું હોય, તેને તરત જ્ઞાન થાતું નથી. તે જ્યારે ઘણા દિવસ સુધી સત્સંગ કરે ત્યારે તેનું અજ્ઞાનનું અંધારું તૂટે છે. ૧૨. **જેટલી અલૌકિક વાતો હોય છે તે તરત સમજાતી નથી. બીજા પથ્થરો અને ચુંબક બંને એકસરખા જ દેખાય છે, પણ જે ચુંબક છે તે લોઢાને ખેંચી લે છે.** ૧૩. સાધારણ પથ્થર અને ચિંતામણિ દેખાવમાં સમાન દેખાય છે, પણ જેને ચિંતામણિનું જ્ઞાન હોય તેને તે ચિંતામણિ અલૌકિક જણાય છે.' ૧૪.

શ્રીહરિની વાત સાંભળીને તે નાગર ઘણું ખુશી થયા. પછી તેણે મનમાં હરખાઈને કહ્યું, આપે કહ્યું તે બધું સાચું છે. ૧૫. તે નાગરે શ્રીહરિના ચરણકમળ જોયા. માણસમાં ક્યાંય ન હોય એવી ઊર્ધ્વરેખા સ્પષ્ટ દેખી. ૧૬. તે સિવાયના બીજા બે-ચાર શુભ ચિહ્ન પણ તેના દેખવામાં આવ્યા. તેથી તેનાં મનમાં નિશ્ચય થયો કે, આ કોઈ ભારે સમર્થ છે. અને તેને લીધે જ અનેક નર-નારીઓ આમને માને છે. ૧૭. આ સ્વામિનારાયણ રાજા ન હોવા છતાં સહજ અનુપમ રીતે રાજાઓના પણ મહારાજા બનીને રહ્યા છે. આ બ્રહ્માંડની જેટલી સમૃદ્ધિ છે તે બધી આ ચરણોમાં સહજભાવે રહી છે. ૧૮. છતાં આ સ્વામિનારાયણ તેનું લેશમાત્ર પણ માન રાખતા નથી, અને પોતાનું બધું સામર્થ્ય હંમેશાં છુપાવીને રાખે છે. તે નાગર મનમાં આવું વિચારી રહ્યા. પણ તેણે કોઈની આગળ કાંઈ કહ્યું નહિ. ૧૯.

પછી તેણે સાકરનો ભર્યો મોટો થાળ મગાવીને હરખથી શ્રીહરિ આગળ મૂક્યો. પછી તે નાગરનો ભાવ દેખીને શ્રીહરિએ સાકરને પ્રસાદીની કરી. ૨૦. થાળમાં ભરેલી સાકરનો ચોથો ભાગ તેને પાછો આપ્યો. નાગરે ભાવથી તે સાકર લીધી. પહેલા શ્રીહરિએ સાકર ખાધી અને પછી સહુ હરિભક્તોમાં વહેંચાવી દીધી. ૨૧. વહેંચાતી સાકરમાંથી નાગરે પ્રસાદી લીધી અને તરત જ તે સાકર મુખમાં મૂકી દીધી. ત્યારે મુખ આડો રૂમાલ રાખીને શ્રીહરિ હસ્યા અને નાગરનો વિશાળ-મહાન ભાવ જોયો. ૨૨. પછી શ્રીહરિવરે તેને કહ્યું, સાકર ખાતાં તમારાં મનમાં કોઈ જાતનો ડર કેમ ન લાગ્યો ? બધા ભેખધારીઓએ અને વિપ્રોએ જગતમાં અમારી એવી વાત ચલાવી છે કે, જે

જે માણસ સ્વામિનારાયણના હાથની પ્રસાદી લે છે, તો તેની બુદ્ધિ તરત જ ફરી જાય છે અને જે કોઈ નર-નારી પ્રસાદી ખાય છે, તે સંસારનો ત્યાગ કરી દે છે. પછી ઘરને છોડીને ચાલ્યા જાય છે. મા-બાપના પણ રહેતા નથી. એવા કેટલાય દેખ્યામાં આવે છે.' ૨૩-૨૫.

ત્યારે નાગરે કહ્યું, મને સત્સંગમાં કોઈ દોષ દેખાતો નથી. જે પોતે દોષયુક્ત પાપી હોય તે મિથ્યા આવું બોલતા હોય છે. ૨૬. દોષથી ભરપૂર ભરેલા ભેખધારીઓ અને વિપ્રો મુખથી ખોટું બોલતા હોય છે અને તે મિથ્યા બોલ્યાનું ફળ પણ તેમને મળે છે. ૨૭. જે જે ભેખધારી અને વિપ્રો ખોટું બોલે છે તેઓ જ કોઈના ઘરની સ્ત્રીને ચોરીને ઊઠાવી જાય છે. ૨૮. પોતે ઉત્તમ વર્ણના હોવા છતાં માંસ, મદિરા, ચોરી અને વ્યભિચારને કરે છે, અને નિર્દોષ સંતોને તથા હરિભક્તોને દેખીને તેઓ સહેજે જ બળી મરે છે. ૨૯. પછી તેઓ જે કોઈ સંત કે હરિભક્ત હોય તેની મુખથી હાંસી મશ્કરી કરે છે. મુખથી તેવા અયોગ્ય શબ્દોને બોલીને પોતાના માતા-પિતામાં જે કાંઈ ફેર હોય છે તેને દેખાડે છે. ૩૦.

સત્સંગ તો અગ્નિના સમાન અત્યંત શુદ્ધ છે. તેનું જે જે અપમાન કરે છે, તેનો આગને ઓલવવા જનારા પતંગિયાની જેમ સહેજે જ નાશ થઈ જવાનો છે. ૩૧. પાપીઓનો તો તેવી રીતે વિનાશ થઈ જશે અને સત્સંગ તો સદાને માટે અવિનાશી રહેવાનો છે. નાગર તો જેવું દેખાય તેવું બોલતા હતા. કેમ જે, તેને જરાય કોઈની પરવા ન હતી. ૩૨. તેણે શ્રીહરિને કહ્યું, અમે અતિ પાપી છીએ, પણ ક્યારેય આપની નિંદા કરતા નથી. અમે તો રાજાના ચાકર થયા છીએ એટલે રાજા જેમ કહે, તેમ અમારે કરવું પડે છે. ૩૩. જ્યાં મનમાન્યું ધન મળતું હોય ત્યાં અમે ચાકર થઈને રહીએ છીએ. અમને ધનનાં ઉપર તાન હોય છે, અને તેમાં હુકમ તો સહેજે રહ્યો જ હોય છે. ૩૪. હુકમ અને ધન વિના જેટલું જીવવું તેને તો અમે બંધીખાના જેવું માનીએ છીએ. અમે આપને રાજી કરીને વારંવાર હુકમ અને ધનને માગીએ છીએ. ૩૫.

જેને નીલકંઠ શિવ કહેવાય છે તે અમને આપમાં પ્રત્યક્ષ દેખાય છે. જો તેમ ન હોય તો આપમાં આટલો પ્રતાપ હોય નહિ, એવો અમે દૃઢ નિશ્ચય

કર્યો છે. ૩૬. અમે જેટલા નાગર છીએ તે બધા શિવના ભક્ત છીએ. તેમાં ભુક્તિ - બધી જાતના ભોગ શિવજીએ રાખ્યા છે અને મુક્તિ - મોક્ષ શ્રીકૃષ્ણ ભગવાને રાખેલ છે. ૩૭. જગતની ઉત્પત્તિ કરવાનું કાર્ય બ્રહ્માએ રાખ્યું છે અને સંસારનું પોષણ-રક્ષણ કરવાનું કાર્ય વિષ્ણુએ રાખ્યું છે અને જે સંકર્ષણ છે તેમણે સંસારનો પ્રલય કરવાનું કામ રાખ્યું છે. ૩૮. જેને જેવી ભાવના હોય અર્થાત્ જેને જે જોઈતું હોય તે તેવા દેવને ભજે છે. જ્યારે મનુષ્ય શાસ્ત્રોમાં આવું સાંભળે છે, ત્યાર પછી તેને તે તે દેવોમાં તેવો ભાવ થાય છે. ૩૯. તે સાંભળ્યા પછી શ્રીજીમહારાજે નાગરને હિતકારી વચન કહ્યું, તમે મોક્ષ કરતાં રાજ્યને વધારે માનો છો, પણ ક્યાં ચિંતામણિ ? અને ક્યાં કાચનો ટુકડો ? ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોદશ પૂરમાં 'કરિયાણામાં નાગર અધિકારી અને શ્રીહરિની વાત' એ નામે ઓગણત્રીશમો તરંગ સમાપ્ત ॥૨૯॥



પૂર તેરમું : તરંગ - ૩૦

ધામ, સત્સંગ અને વર્તનની મહત્તા કહી

✵ ભગવાનના ધામનો મહિમા :

શ્રીહરિએ નાગર આગળ જે મોક્ષદાયક વાત ફરીને કહી, તે હવે હું કહું છું. ૧.

दोहा : हरि के धाम को सुख हि, चिंतामणी अनंत;
धाम के एक हि रोमहु, आवत नहीं गनंत...०२

ભગવાનનાં ધામનું સુખ મહાન છે. તે ધામનાં સુખની તુલનામાં અનંત ચિંતામણિઓ તે ધામનાં એક રૂંવાડા જેટલા પણ ગણાતા નથી. ૨.

सोरठा : भव ब्रह्मा के सूख, हरि के धाम आगे तेहू;
अति लगत हे लूख, सकर कहाँ लवन कहाँ...०३

बालक जेते रहाय, बोर देखी लोभात सो;
चिंतामणि कु न चाय, जिहाँ लग रहे बाल बुद्धि...०४

ભગવાનનાં ધામનાં સુખની આગળ ભવ અને બ્રહ્મા વગેરેનાં સુખ અત્યંત લૂખાં લાગે છે. ક્યાં સાકર ? અને ક્યાં મીઠું ? ૩. જે બાળક હોય છે તે બોરને દેખીને તેમાં લલચાય છે. જ્યાં સુધી તેમાં બાળબુદ્ધિ છે ત્યાં સુધી તે ચિંતામણિને ચાહતો નથી. ૪. પૂર્વે કેટલાક ત્રિલોકીના રાજા ભગવાનનાં ધામના લોભી બન્યા હતા. પ્રહ્લાદજી, બલિ, સ્વાયંભુવ મનુ, પ્રિયવ્રત, ધ્રુવ, ભરત અને પૃથુ વગેરે તથા, ૫. તે સિવાયના કેટલાક ચક્રવર્તી રાજાઓ ભગવાનના પરમ અનુપમ ભક્ત થયા હતા. જ્યારે તેમને સાચો સત્સંગ મળ્યો ત્યારે તેઓ ઘણા મોટા ભક્ત થયા હતા. ૬.

चोपाई :

भक्त सम नहीं मोटप केहा, सत्संग से जाने परत तेहा;
माया में मोटप जानत ज्यां लगही, बालबुद्धि कहात त्यां लगही...०७
राज समृद्धि में बडता माने, बालबुद्धि त्यां लगही रहाने;
हाथी घोडे अपार हि तामें, बडता माने ज्यां लग यामें...०८

ભક્તપણા જેવી બીજી કોઈ મોટપ નથી, તે સત્સંગ કરવાથી સમજાય છે. જ્યાં સુધી માયામાં મોટપ માને છે ત્યાં સુધી તે બાળબુદ્ધિ કહેવાય છે. ૭. વળી, અપાર હાથી, ઘોડા વગેરે તથા રાજ્યસમૃદ્ધિમાં જ્યાં સુધી મોટાઈ મનાય છે ત્યાં સુધી તેમાં પણ બાળબુદ્ધિ જ રહી છે. એ બધું સત્સંગ વિના સમજાતું નથી. ૮-૯. **ભગવાનનાં ધામનાં સુખ કરતાં વધારે સુખકારી બ્રહ્માંડનાં સુખો લાગે, એવી બાળબુદ્ધિ જ્યાં સુધી રહે છે ત્યાં સુધી જીવ લખચોરાશીમાં ભટકતો રહે છે.** ૧૦.

અનંત બ્રહ્માંડોનાં જેટલા સુખો એક એકથી અધિક કહેવાય છે, તે બધાં સુખ ભગવાનનાં ધામનાં સુખની સમક્ષ જ્યારે અત્યંત તુચ્છ લાગે, ત્યારે તે મનુષ્ય લખચોરાશીના ભટકણથી છૂટે છે; આવી સમજણવાળાને ક્યારેય જમપુરીનું દુઃખ વેઠવું પડતું નથી. તેને જન્મ-મરણનું દુઃખ ટળી જાય છે,

અને તે ધામનાં અવિનાશી સુખને પામે છે. ૧૧-૧૨. જીવાત્મા સદા એકરૂપ - એક જ સરખો રહે છે, તેને ચિદ્ગ્રંથિ કહેવાય છે. તે વિવિધ દેહને ધરે છે, તે દેહ પણ તેવા જ કહેવાય છે. ૧૩. ચિદ્ અને અચિદ્ એ બે ગ્રંથિ પરમેશ્વરની માયા છે. તે એકબીજાના યોગથી દેહ ધારણ કરે છે. ૧૪. **જીવ જેવા શરીરને પામીને જેવા કર્મ કરે છે, તેને કર્મફલપ્રદાતા પરમેશ્વર તેવાં શરીર ધરાવે છે. ૧૫.**

તે કર્મ પ્રારબ્ધ, સંચિત અને ક્રિયમાણ એવા ત્રણ પ્રકારના છે. તેમાં પણ ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ; ૧૬. એવા અપાર ભેદો રહ્યા છે, અને તે કર્મોનો વિનાશ તો સત્સંગ કરવાથી થાય છે.ત્યારે તે નાગરે કહ્યું, 'સહજાનંદસ્વામી ! આપ બધું સાચું કહો છો. ૧૭. આપ જે જે વચન બોલો છો તે બધાં વેદ અને શાસ્ત્રોનાં રહસ્યરૂપ છે. જેટલું વેદ તથા શાસ્ત્રોનું રહસ્ય છે તે બધું આપમાં જ ભર્યું છે. ૧૮. બીજા પણ સર્વોત્તમ જે રહસ્ય છે તે બધા આપમાં જ ભર્યા છે. **જ્યારે જ્યારે જે જે અવતારો થાય છે તે બધાનું આપ નિશ્ચય મૂળ કારણ છો.** ૧૯. આપ જ્યારે વચન બોલો છો ત્યારે તેમાં આપનો પ્રતાપ જણાઈ આવે છે. સંત, વર્ણી અને હરિભક્તો, એ જે બધાં આપના આશ્રિતો છે, તેમનાં વર્તનને જ્યારે હું દેખું છું, ૨૦. ત્યારે તેમાં પણ આપનો જેટલો પ્રતાપ હોય તે બધો દેખાય આવે છે.

જેટલા લૌકિક ગુરુઓ છે તેમની રીત આ સત્સંગને લીધે દેખ્યામાં આવે છે. ૨૧. જેટલા લૌકિક ગુરુઓ છે અને જે તેમના શિષ્યો છે, કોઈનામાં એક પણ નિયમ રહ્યો નથી, તેઓ બધા દિવાલ વગરના મકાન જેવા છે. ૨૨. **લૌકિક ગુરુ અને શિષ્યોની રીત તો લક્ષણો ઉપરથી દેખાય આવે છે. યથાર્થ સત્ અને અસત્‌ને દ્વેષ ત્યાગીને જોવા જોઈએ. ૨૩. જેની દૃષ્ટિમાં વિવેક રહ્યો હોય, તેને જ યથાર્થ સત્ય દેખાય છે. તેમાં પણ હૃદયમાં જ્યારે સત્ત્વગુણ વર્તતો હોય ત્યારે જ યથાર્થ દેખ્યામાં આવે છે. ૨૪. અને જ્યારે હૃદયમાં રજોગુણ તથા તમોગુણ વર્તતો હોય ત્યારે જેટલું પ્રમાણ કરવામાં આવે તે ક્યારેય યથાર્થ નથી હોતું. તેમાં રજોગુણ અને તમોગુણ મળેલા હોય છે. ૨૫.**

હૃદયમાં જે ગુણ વર્તતો હોય છે તે સમજણને પલટી નાખે છે. શિયાળો, ઉનાળો અને ચોમાસું, જેમ પોતાના ગુણોને જણાવે છે, તેમ તે ગુણનો પ્રભાવ રહે છે. ૨૬. જેમ શિયાળો, ઉનાળો અને ચોમાસાનો ગુણ ચાર ચાર મહિના રહે છે, તેમ સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણની અસર ચાર ચાર ઘડી સુધી રહેતી હોય છે. ૨૭. ઈડા, પિંગળા અને સુષુમ્ણા એ ત્રણ નાડીના યોગથી ત્રણ ગુણોની પ્રવૃત્તિ રોજ રહેતી હોય છે. તેને જે સ્વસ્થયોગી હોય છે, તે જ દેખી શકે છે. બીજા કોઈને તો તેના ભેદની પણ ખબર પડતી નથી. ૨૮. નિષ્કામવ્રતને દૃઢતાથી ધારી રહેનારા આપના સમાન મહાન યોગી હોય છે, તેઓને જ ગુણોની પ્રવૃત્તિ યથાર્થ રીતે દેખ્યામાં આવે છે. અમારા જેવાને તો મોત થાય ત્યાં સુધીમાં પણ કાંઈ ખબર પડતી નથી. ૨૯.

ઈડા, પિંગલા અને સુષુમ્ણા એ ત્રણ નાડીઓનું જ્ઞાન યથાર્થ હોવું જોઈએ. ભૂત, વર્તમાન અને ભવિષ્યની વાતોને નાડી કહી દે છે. ૩૦. જેનું વર્તન બરાબર ન હોય તેને તે જ્ઞાન યથાર્થરૂપમાં ફલીભૂત થાતું નથી.' ત્યારે શ્રીહરિએ કહ્યું, 'યોગની બાબતમાં તો અનંત પ્રકારનાં આશ્ચર્ય રહ્યાં છે. ૩૧. જ્યારે સાધકને સાચા સિદ્ધ યોગી મળે છે, ત્યારે જ તેને યોગની સિદ્ધિ થાય છે. વસ્તુતઃ જેટલી યોગકળાઓ કહેવાય છે તે બધી પૂર્ણતઃ એક ભગવાનમાં જ સહજપણે રહેતી હોય છે. ૩૨.

તે કળાઓ બીજા યોગીઓમાં તો આવતી-જાતી રહે છે, પણ ભગવાનમાં તો તે અખંડ રહે છે. આવા જે અનંત બ્રહ્માંડો છે તેને ભગવાન પોતાની યોગકળાઓ દ્વારા વારંવાર ઉપજાવે છે અને ફરી ફરીને તે બ્રહ્માંડોનો પ્રલય કરે છે. તે પ્રલય આદિ ક્રિયાને નિમિત્તે ભગવાનને કોઈ પુણ્ય કે પાપનો લેશ પણ ક્યારેય સ્પર્શ કરતો નથી. ૩૩-૩૪. અનંત બ્રહ્માંડોમાં જે જીવ છે તે ભયના માર્યા ભગવાનને આધીન રહે છે. સ્થાવર અને જંગમ જે કાંઈ સૃષ્ટિ છે તે બધી એક ભગવાનને જ આધીન વર્તે છે. ૩૫.

દેવો, દાનવો, મનુષ્યો અને નાગો, એ બધાં ભગવાનની આગળ પરાધીન વર્તે છે. જીવો અનંત પ્રકારનાં દેહોને ધારણ કરે છે, તેની જાતિની સંખ્યા ગણી શકાતી નથી. ૩૬. **જીવનું સ્વરૂપ ક્યારેય બદલાતું નથી. તે**

એકરૂપ જ રહે છે. અજર, અમર, અછેદ્ય અને અભેદ્ય એવા જીવના ગુણો કહેવાય છે. ૩૭. જીવ સદાને માટે ચિદ્‌ઘન કહેવાય છે. તે ક્યારેય અચિદ્ થાતો નથી. તે અચિદ્‌માં એકરસ થઈને રહે છે. તેનાથી તે જુદો પડતો નથી. ૩૮. જ્યાં સુધી જીવ અચિદ્‌માં અપાર સુખ જાણે છે ત્યાં સુધી તેનો આકાર અચિદ્ રહે છે. તે સત્સંગ વિના શુદ્ધ થાતો નથી.' ૩૯. નાગરે શ્રીહરિની આશ્ચર્યરૂપ વાત સાંભળી તેથી તે વિસ્મિત થયા. જે મુખથી કહી શકાતું નથી. પછી તે હાથ જોડીને બોલ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોદશ પૂરમાં 'શ્રીહરિએ ધામ, સત્સંગ અને વર્તનની મહત્તા કહી' એ નામે ત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૦॥



પૂર તેરમું : તરંગ - ૩૧

ભક્તરૂપી હંસ ચરિત્રરૂપી ચારો ચરે છે

નાગરે શ્રીહરિનાં ચરણકમળમાં અત્યંત ભાવથી મસ્તકને વારંવાર નમાવ્યું અને તે બોલ્યા કે, પ્રભુ ! મારા ઉપર કૃપા રાખજો. ૧. અમારા જેટલા નાગરો રાજાઓના હોય છે તેમાં બુદ્ધિ ઘણી અપાર રહી હોય છે, જે મુખથી કહી શકાતી નથી. ૨. ગંગાનું નીર બિલોરીકાચના શીશામાં ભર્યું હોય તો તે ઘણું શુદ્ધ દેખાય છે, પણ જો તેમાં દારૂ ભેળવવામાં આવે તો તે અત્યંત અશુદ્ધ થઈ જાય છે. ૩. સત્તા, ધન અને જાતિ, એ ત્રણેયનો મદ હોય છે તેમાં ચોથો મદ છે, જાત જાતની કાયદાની કલમ ભણ્યાનો અર્થાત્ વિદ્યાનો-ભણતરનો, એવા મદવાળા માણસને સત્સંગ ઘણો જ દુર્લભ રહે છે, પણ જ્યારે એવાને સત્સંગ થાય છે ત્યારે માથું જાય તોપણ છોડે નહિ. ૪-૫.

નાગર નરસિંહ મહેતા જૂનાગઢમાં એક ઉત્તમ ભક્ત થઈ ગયા. તેમને ભગવાનનું ભજન કરવામાં લાભ દેખાયો. પણ નાગરોએ તેને હેરાન કર્યા અને નાત બહાર કર્યા. ૬. તેણે નાતને છોડી પણ ભગવાનને છોડ્યા નહિ. રાજાએ તેને કેદ કરી બંદીખાનામાં નાખ્યા. નાગરોએ તેમને બહુ દુઃખ દીધું.

જ્યાં નજીકમાં રહેતા હતા ત્યાંથી દૂર કાઢ્યા. ૭. તેમને માથે કેટલાએ અપવાદો નાખ્યા. તેમની સાથે કેટલાય કૂડ કપટ રચ્યા. જેમ જેમ નાગરોએ તેમને દુ:ખ દીધું તેમ તેમ તેઓ તેમાં સુખ માનતા રહ્યા. ૮. આખી નાત નરસિંહ મહેતાને દુ:ખ દેતા હારી ગઈ અને નરસિંહ મહેતાએ પોતાનું ધાર્યું પ્રભુભજન કર્યું. ભગવાને તેનાં હૃદયમાં પ્રવેશ કર્યો, તેથી તેઓ જીવ્યા ત્યાં સુધી ભગવદ્‌ભજનમાં દૃઢતા રાખીને રહ્યા. ૯. તે પછી હવે બધી નાત નરસિંહ મહેતાની કેટલીય મહત્તા માને છે. નરસિંહ મહેતાનું એક ભવન બનાવ્યું છે. ચોકની વચ્ચે તેની બેઠક પણ કરી છે. ૧૦.

નિત્ય બેઠકે જઈને દર્શન કરે છે. કેટલાકે તો દર્શન કરવાનું હરખથી નિયમ રાખ્યું છે. જ્યારે કોઈ જૂનાગઢનો નાગર દૂર દેશમાં જાય, ત્યારે કોઈ પૂછે. ૧૧. તમે કેવા નાગર છો ? તે કહો. તો અમને ખબર પડે. ત્યારે તે જૂનાગઢનો નાગર બોલે કે, હું તો નરસિંહ મહેતાની નાતનો નાગર છું. ૧૨. આમ, ભક્ત નરસિંહ મહેતાનાં નામથી નાગરો સન્માન પામે છે. ભક્ત સિવાયના કેટલાએ નાગર દીવાન થઈ ચૂક્યા છે, પણ તેનું કોઈ ઠામ-ઠેકાણું જાણતું નથી. ૧૩. શ્રેષ્ઠ મોટપ તો ભક્તમાં રહી છે. પણ તેવી મોટપ દીવાનમાં હોતી નથી. દીવાન તો રાજાના શરણમાં રહેતો હોય છે. તેથી તેની મોટપ કેવી હોય ? ૧૪. **જે કોઈ પણ મનુષ્ય ભગવાનને શરણે આવીને રહે છે, તો તેનું નામ બ્રહ્માંડનો પ્રલય થાય, તોએ જાતું - ભુલાતું નથી. ૧૫. ભગવાનનાં શરણ વિનાના લોકો કરોડો પ્રકારના હુન્નર-ઉદ્યમ કરે, પણ જ્યારે ભૂમિનો પ્રલય થાય છે ત્યારે તેનું નામ રહેતું નથી.' ૧૬.**

ત્યારે શ્રીહરિ બોલ્યા, જે મનુષ્ય જેવું કર્મ કરે છે તેવું ફળ તેને મળે છે. ભગવાનના સંબંધ વગરની જેટલી મોટાઈ હોય, તેને કોઈ અતિશય લખે, છતાં તે મોટપ તો કાકતીર્થ(પાયખાનું) કહેવાય છે. તે કાકતીર્થ તો કાગડા હોય તેને જ ગમે છે. જેમાં લગારેય ભગવાનનો સંબંધ ન હોય એવી તરેહ તરેહની અપાર વાતો હોય, છતાં તે વાતો તો મડદાં તુલ્ય કહેવાય છે. તેને હરિભક્ત ક્યારેય સાંભળતા નથી. પશુ અને પંખીઓમાં જે અત્યંત ઊતરતા હોય છે, તેઓ જ મડદાંને ચૂંથતા હોય છે. ૧૭-૧૯.

મડદામાં તો હાડકાં અને માંસ જ રહ્યા હોય છે. તે બધુ તો નીચને જ ગમે છે. હંસના જેવા પંખી તો તે મડદાંની પાસેય જાતા નથી. ૨૦. અને તેને આંખોથી દેખતાએ નથી. મોતી અને દૂધ વિના બીજી કોઈ વસ્તુને તે ગ્રહણ કરતા જ નથી. તેમ જે ભગવાનના ભક્ત કહેવાતા હોય છે, તેઓ પણ હંસોની જેમ જ રહેતા હોય છે. ૨૧.

✵ હરિચરિત્ર મહિમા :

ભગવાનનાં ચરિત્ર મોતી અને દૂધનાં જેવાં છે. ભક્તજન તેને પ્રેમમગન થઈને સેવે છે. ભગવાનનાં જે જે ચરિત્રો કહેવાય છે તે તો અમૃતના કરતાં પણ અનંતગણા અમૃતમય ગુણયુક્ત હોય છે. ૨૨. ભગવાનનાં એક એક ચરિત્ર એટલાં મહાન છે કે, તેની લેશ પણ કોઈ ઉપમા જડતી નથી. આ બ્રહ્માંડમાં જે જે પદાર્થો રહ્યા છે ૨૩. તેને કોઈ કંચનમય કરી દે એવા કોઈ મોટા સમર્થ હોય, પરંતુ તે પુરુષ ભક્તિહીન હોય તો મર્યા પછી જમપુરીમાં જાય છે અથવા ભૂત-પ્રેતાદિકની યોનિને પામે છે. ૨૪. પરમ મોક્ષ - આત્યંતિક મોક્ષરૂપ ફળ તેને ક્યારેય મળે નહિ. પણ **કોઈ મનુષ્ય એક જ શ્રીહરિનાં ચરિત્રને સાંભળે, તો તેના જન્મ-મરણ ટળી જાય છે.** ૨૫.

दोहा : कलि में हरि प्रगट के, नाम चरित्र हि जेह;
कीर्तन करे प्रेमरस हि, मोक्ष हि होवे तेह...२६

કળિયુગમાં પ્રકટ પુરુષોત્તમ શ્રીહરિનાં નામનું અને ચરિત્રોનું પ્રેમરસથી જે કીર્તન કરે છે, તેનો મોક્ષ અવશ્ય થાય છે. ૨૬.

सोरठा : हरि के चरित्र हि नाम, परम मोक्ष हि कहत तेहि;
अक्षर कहत जो धाम, चरित्र नाम ता महिं रहेउ...२७

શ્રીહરિનાં ચરિત્રોને અને નામને પરમ મોક્ષ કહેવાય છે. જે અક્ષરધામ કહેવાય છે, તે હરિચરિત્ર અને નામમાં રહે છે. ૨૭. આંબાના બીજ(ગોટલી) માં આંબાના પાંદડા, મોર કે ફળ, કાંઈ જ દેખાતું નથી. અને તેનો રસ પણ દેખાતો નથી. ૨૮. છતાં આંબાના પાંદડાં, મોર, ફળ-કેરી અને તેનો રસ, એ બધાં આંબાની ગોટલીમાં રહ્યાં છે, તે તેના યોગ્ય સમયે દેખાય આવે છે. ૨૯.

શ્રીહરિનાં ચરિત્રોમાં અક્ષરધામરૂપ ફળ રહ્યું છે. તેમાં લેશમાત્ર પણ ફેરફાર નથી. જે જ્ઞાની છે તે આ વાત સમજે છે. તેને તેમાં કાંઈ સંશય થાતો નથી. તેને જ્ઞાનરૂપી ચક્ષુ દ્વારા બધું દેખાય છે. ૩૦.

જેટલી દિવ્ય વાત કહેવાય છે તે દિવ્ય દૃષ્ટિથી જ દેખાય છે. ભલે મનુષ્ય યોનિમાં કરોડવાર જન્મ ધારણ કરે, પણ દિવ્ય બાબત માયિક ચક્ષુથી ક્યારેય દેખાતી નથી. ૩૧. સુખ, શાંતિ, આનંદ અને નિર્ભય હર્ષ, એ બધા જ્ઞાનસાગરમાં ભરપૂર ભર્યા છે. તેમાં એક રંચમાત્ર પણ ખોટું નથી. ૩૨. **જીવ જ્યાં સુધી ભગવાનનાં સંબંધ વિનાના જે કોઈ પણ વસ્તુ-પદાર્થ કે વિષયાદિમાં મોહ પામે છે, ત્યાં સુધી તે અપાર લખચોરાશીના ભ્રમણમાં વારંવાર ભટક્યા કરે છે.** ૩૩.

❋ સત્સંગ મહિમા :

हरि से सार न जान हि जबहू, भव भटकन जीय छुट हि तबहू;
मोक्षदाइक ग्रंथ ही जेता, सब ही के सिद्धांत हे तेता...३४

मोक्ष के सिद्धांत हि जेते, सत्संग में रहे सब तेते;
सत्संग विन नहि कोउ ठोरा, ओर ठोर भल हि करे दोरा...३५

જ્યારે જીવ ભગવાન સિવાય કોઈ વસ્તુમાં સાર નથી એવું જાણશે, ત્યારે તે જીવ સંસારના ભટકણથી છૂટશે. જીવનો મોક્ષ કરનારા જે જે ગ્રંથ છે તે બધાનો આ એક જ સિદ્ધાંત છે. ૩૪. અને મોક્ષના જેટલા સિદ્ધાંત છે તે બધા અત્યારે સત્સંગમાં રહ્યા છે. સત્સંગ વિના બીજે ક્યાંય તે મોક્ષના સિદ્ધાંત નથી. ભલેને જીવ બીજા સ્થળોએ દોડતો ફરે ! ૩૫.

મૃગતૃષ્ણા અને સાચું પાણી જુદા હોય છે. બીજે જ્યાં દોડે છે ત્યાં તો ઝાંઝવાનું પાણી છે, આ હું સત્ય વાત બતાવું છું, સંભળાવું છું. સત્સંગમાં સાચું પાણી રહ્યું છે, જે તેને પીવે છે તેને તરત શાંતિ મળે છે. ૩૬. **આ સત્સંગમાં રહેવા છતાં જેને શાંતિ અનુભવાતી નથી, તો ચોક્કસ તે કોઈ સંતનો શાપિત જીવ હશે અથવા સંતનો દ્રોહી હશે. આ વાત અમે ચોક્કસ કહીએ છીએ.** ૩૭. **જેનાં અનંત જન્મનાં નિષ્પાપ-વિશુદ્ધ પુણ્ય એક સામટાં**

ઉદય થાય છે તેને જ સત્સંગ થાય છે.' ૩૮. ત્યારે તે નાગરે હાથ જોડીને શ્રીહરિને કહ્યું, 'આપ જે કહો છો તે ખરેખર ઘણું જ સુવ્યવસ્થિત છે. પણ જેનાં દુર્ભાગ્ય હોય તેવા કુબુદ્ધિ લોકો તેને અવ્યવસ્થિત માને છે. ૩૯. હવે આપ જે કહો તે વચનને હું મન, કર્મ, વચનથી મારા જીવમાં દૃઢ કરીને રાખીશ, તો આપ કૃપા કરીને આજ્ઞાવચન કહો. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોદશ પૂરમાં 'ભક્તરૂપી હંસ ચરિત્રરૂપી ચારો કરે છે એમ શ્રીહરિએ કહ્યું' એ નામે એકત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૧॥



પૂર તેરમું : તરંગ - ૩૨

સત્સંગના અનેક ગામોમાં વિચરણ કરતા શ્રીહરિ કાળાવડથી ચાલ્યા

તે નાગરનાં વચન સાંભળીને મહારાજાધિરાજ શ્રીહરિ બોલ્યા, હું તમને જે વચન કહું છું તેને તમે સાંભળો. તેનાથી તમારાં કલ્યાણરૂપી બધા જ કાર્ય સિદ્ધ થઈ જાશે. ૧. કેટલાક લોકો અમારો, સંતોનો અને હરિભક્તોનો દ્રોહ કરતા હોય છે, તે દ્રોહીઓનું વિરુદ્ધ વચન તમારે સાંભળવું નહિ, તે અમારું પહેલું વચન છે. ૨. જો કે તમે દારૂ, માંસ, ચોરી અને વ્યભિચાર કરતા નથી, છતાં પણ તે બાબતનું નિયમ લો. તેનાથી જન્માંતરના પાપ બળી જાશે. ૩. તમે અમારા સત્સંગને સિદ્ધ-પાકો કરજો, પણ દુનિયામાં તેને બહુ પ્રસિદ્ધ કરશો નહિ. કારણ કે, તમારી જ્ઞાતિ ઘણી ખળ છે. અમે આટલાં વચન ખાસ પાળવાના કહીએ છીએ. ૪.

❋ માળા ફેરવવા વિશે તથા મોક્ષની બુદ્ધિ વિશે :

चोपाई :

स्वामिनारायण मंत्र हि जेहा, कलि में आज हे तारन तेहा;
माला ताके नाम की जोऊ, संत हरिजन फेरत हे सोऊ...०५

'સ્વામિનારાયણ' મંત્ર છે તે કળિયુગમાં આજ જીવને તારનારો છે. સંતો અને હરિભક્તો સહુ 'સ્વામિનારાયણ' નામની માળા ફેરવે છે. ૫.

તમને જેટલી શ્રદ્ધા હોય તેટલી માળા નિત્ય ફેરવજો, પરંતુ ક્યારેય પાંચ માળાથી ઓછી માળા ફેરવવી નહિ. પાંચ તો ફેરવવી જ. ૬.

अधिक में अधिक हे लाभा, अधिक में कबु हे न अलाभा;
जीयकु साचे लाभ हे यामें, बुद्धि बिन नहि मानत तामें...०७
मोक्ष करनकी बुद्धि जेहू, सत्संग से पावत जन तेहू;
मोक्ष की बुद्धि सब पर रहावे, एहिकर जन परम पद पावे...०८

અધિક માળા ફરે તો તેનો અધિક લાભ છે. વધારે માળા ફરે તો તેમાં ક્યારેય નુકશાન નથી. જીવને ખરો લાભ તો માળા ફેરવવામાં જ છે. બુદ્ધિહીન મનુષ્ય તેમાં માનતા નથી. ૭. જે મોક્ષકારક બુદ્ધિ છે તે તો મનુષ્યને સત્સંગથી જ મળે છે. મોક્ષની બુદ્ધિ સર્વોપરી છે. અને તે સર્વોપરી બુદ્ધિથી જ પરમપદ મળે છે. ૮. **મોક્ષપરક બુદ્ધિથી કોઈ શ્રેષ્ઠ બુદ્ધિ નથી. તે એકમાં બધી જ બુદ્ધિ આવી જાય છે. જ્યાં સુધી મોક્ષની બુદ્ધિ નથી આવતી, ત્યાં સુધીનાં બધાં જન્મ નિષ્ફળ કહેવાય છે.'** ૯.

ત્યારે તે નાગરે કહ્યું, 'આપના આ સત્સંગ સિવાયના જે મતમતાંતર ભૂમિ ઉપર રહ્યા છે, તેમાં મોક્ષની બુદ્ધિ આવે, એવી તો કોઈ વાત જ કરતા નથી. ૧૦. જેનાથી અપાર ધન મળે, પારાવાર ખાન-પાન મળે, સારાં સારાં વસ્ત્ર અને અલંકાર મળે, તેમજ નવી યુવતી સ્ત્રી મળે. ૧૧. જેમાં હાથી, ઘોડા, રથ અને મ્યાના જેવા મનમાન્યા વાહન મળે, ઘણા દાસ દાસીઓ મળે અને જ્યાં શિષ્યોનો તો કોઈ પાર જ ન હોય, ૧૨.

વિવિધ પ્રકારના મંદિર અને મહેલાતો મળે. જ્યાં ગામનો તથા ગરાસનો કોઈ પાર ન હોય, એવા જે મતો છે તેને ઠેકઠેકાણે નર-નારીઓ માનતા હોય છે. ૧૩. ગામ, ગરાસ, હાથી તથા ઘોડા વગેરે સંપત્તિને જ ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાન માનતા હોય, ૧૪. મંદિર, મહેલાત, વિવિધ બાગ-બગીચા, સારાં ખાન-પાન અને ઘણી જાતનાં વસ્ત્ર-ભૂષણાદિકને જ, મોક્ષપદ માનતા હોય એવા મતને બહુ લોકો માને છે. સત્સંગ વગરનું આખું જગત આવું રહ્યું છે. ૧૫-૧૬.

સત્સંગ સિવાયના જેટલા ગુરુ તથા શિષ્યો છે તે બધા ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાનથી હીન છે. તે બધા જમપુરીમાં જ જાય છે. જેને સત્સંગ થાય છે તેને આ બધું દેખાય છે. ૧૭. સત્સંગ વગરના લોકો ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાનની ઓથે છાની રીતે દારૂ, માંસ, ચોરી અને વ્યભિચાર, એ બધા કુકર્મને કરે છે અને લગારેય તેનું પાપ માનતા નથી. ૧૮. એવા જેટલા ગુરુઓ છે અને શિષ્યો છે તે બધા ઘોર નરકમાં પડે છે. મેં જ્યારે સત્સંગ કર્યો ત્યારે આ બધું દેખ્યામાં આવ્યું છે. ૧૯. સત્સંગ વગરના ચાહે તેવા ચતુર મનુષ્ય હોય, તોપણ તે મોક્ષમાર્ગમાં અંધ રહે છે. તે ચતુરજનો આ લોકમાં અધર્મ કરી કરીને જેટલા ભોગોને ભોગવે છે, તેનાથી કરોડોગણું વધારે દુઃખ તે ગુરુને અને શિષ્યોને ભોગવવું પડે છે. તેમાં એક રંચમાત્ર પણ મિથ્યા નથી; એવું મને અત્યારે ચોક્કસ દેખવામાં આવ્યું છે. ૨૦-૨૧.

હે બહુનામી સહજાનંદસ્વામી ! હવે હું મારે મુકામે જાઉં છું. અધરાત થયે અમે અહીંથી ચાલશું. અમે તો કરોડો અપરાધો કર્યા છે. તેને આપ માફ કરજો. કેમ જે, આપ તો બહુ મોટા સમર્થ છો. ૨૨. આમ કહીને તે નાગર પોતાને મુકામે આવ્યા અને પછીથી મધરાતે ચાલતા થયા. પછી વસંતપંચમી આવી. તે દિવસે કરિયાણામાં ઘણા સંતો અને હરિભક્તોની સાથે મળીને ભક્તપતિ શ્રીહરિએ રંગ ઉડાડ્યો. રંગક્રીડા કરી. ૨૩. કેસરી રંગ અને અપાર ગુલાલ લઈને ઘણા જ પ્રેમથી તે ખૂબ ઉડાડ્યો. ત્યાં દરબારગઢનાં બધા જ મકાનોને અપાર રંગથી રંગી દીધાં. ૨૪. કરિયાણાના દરબારોને ખૂબ જ રાજી કરીને ત્યાંથી નટવર ધર્મકુમાર શ્રીહરિ ચાલ્યા, તે **રાયપુર** ગામ આવ્યા. ૨૫.

ત્યાં રાજગર હરિભક્તને ઘેર શ્રીહરિ રાત રહ્યા. તેણે ઘણી સેવા કરી. તેનો લખવાથી પાર આવે તેમ નથી. ૨૬. પછી શ્રીહરિ રાયપરથી ચાલ્યા તે **કોટડા** ગામ આવ્યા અને ત્યાં રાજદરબારમાં આવીને ઊતર્યા. ૨૭. કોટડાના દરબારે શ્રીહરિની અપાર સેવા કરી. ઘણા જ પ્રેમ ભાવથી થાળ કરાવીને ખૂબ જ જમાડ્યા. પછી કોટડાથી ચાલ્યા તે **બાંધિયા** ગામ આવ્યા. ત્યાં ડોસાભાઈ નામે વણિક હરિભક્ત હતા. ૨૮. શ્રીહરિ તેને ઘેર ઊતર્યા. ડોસા શેઠ વારંવાર સેવા કરતા હતા. બાંધિયાના ક્ષત્રિય દરબાર જાડેજા ઘણા

સારા હરિભક્ત હતા. ૨૯. તેણે થાળ કરાવીને શ્રીહરિને જમાડ્યા. પછી પૂજા કરીને કોઈએ ન લીધો હોય તેવો અલૌકિક લાભ લીધો. પછી શ્રીહરિ ત્યાંથી જ્યારે ચાલ્યા, તે **ગોંડળ** શહેરમાં આવ્યા. ૩૦.

ગોંડળના જે હરિભક્તો હતા તેમણે ઘણી સેવા કરી. ગોંડળના રાજાએ પણ જમાડીને પૂજા કરી સેવાનો લાભ લીધો. ૩૧. ગોંડળથી ચાલેલા શ્રીહરિ **જેતપુર** ગામ આવ્યા. ત્યાંના બધાં હરિભક્તોએ શ્રીહરિની ઘણી જ સેવા કરી. ૩૨. શ્રીહરિ જેટલી વાર જેતપુર આવ્યા હતા તેટલી વાર ત્યાંના દરબારે શ્રીહરિની પૂજા કરી હતી. જ્યારે પ્રભુ જેતપુરથી ચાલ્યા, તે **ધોરાજી** ગામ આવ્યા. ૩૩. ધોરાજીના હરિભક્તોએ ઘણા જ ભક્તિભાવથી શ્રીહરિની સેવા કરી. તેમના જેવો સેવાનો લાભ કોઈએ લીધો નહિ હોય. શ્રીહરિ ધોરાજીથી ચાલ્યા તે **જમનાવડ** આવ્યા અને ત્યાં એક રાત રોકાયા. ૩૪. ત્યાંથી નીકળીને ઘનશ્યામ શ્રીહરિ **ભાડેર** ગામ આવ્યા અને ત્યાંથી આગળ ન ગયા પણ પાછા વળ્યા. ત્યાંથી **દૂધીવદર** ગામ આવ્યા. ત્યાં તો હરિભક્તોને માત્ર દર્શન દેવા જ આવ્યા હતા. ૩૫.

પછી ત્યાંથી શ્રીહરિ **કંડોરડા** ગામ આવ્યા. ત્યાંના હરિભક્તોને દર્શન દીધાં. પછી ત્યાંથી **કાલાવડ** ગામ આવ્યા. ત્યાં ભક્તોને દર્શન દઈને પાવન કર્યા. ૩૬. કાળાવડમાં એક રાત રોકાયા. પછી જે કાઠી દરબારો પોતાની સાથે આવ્યા હતા તે બધાને પોતપોતાને ઘેર જવા માટે ત્યાંથી રજા આપી. ૩૭. પોતાની જેટલી મરજી હતી તે પ્રમાણે પાર્ષદોને સાથે રાખ્યા. વધારે હતા, તેમને પણ રજા આપી. સાથે એક પણ અશ્વ રાખ્યો નહિ. ૩૮. શ્રીહરિ અમુક પાર્ષદો અને એક વર્ણીને સાથે લઈને ચાલ્યા. બધા દેશકાળ આદિને જોઈને શ્રીહરિ ઘણો વિવેક રાખતા હતા. ૩૯.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોદશ પૂરમાં 'સત્સંગમાં અનેક ગામોમાં વિચરણ કરતા શ્રીહરિ કાળાવડથી ચાલ્યા' એ નામે બત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૨॥



પૂર તેરમું : તરંગ - ૩૩

ભુજમાં ફૂલદોલ કરીને શ્રીહરિએ તેરામાં રામનવમી કરી

શ્રીહરિ કાળાવડથી **મોડા** ગામ આવ્યા. ત્યાં રણમલજી નામે ક્ષત્રિય હરિભક્ત હતા. તેને ઘેર ઉતારો કર્યો. ૧. તેણે શ્રીહરિની ઘણી સેવા કરી. ઘણું હેત કરીને જમાડ્યા. ઘણા સુકોમળ ચિત્તવાળા તે ભક્તે અત્યંત પ્રેમરસથી પૂજા કરી. ૨. પછી ત્યાંથી ચાલેલા શ્રીહરિ **અલૈયા** ગામ આવ્યા. ત્યાં નારાયણજી નામે સુતાર હરિભક્ત હતા. ૩. તેને ઘેર ઊતર્યા. તેણે સેવા પૂજા ઘણી કરી. તેને ઘેર શ્રીહરિ એટલી બધી વાર આવેલા કે, તેને ગણતા પાર પામી શકાય તેમ નથી. ૪.

ત્યાંથી ચાલેલા ઘનશ્યામ શ્રીહરિ **ભાદરા** ગામ આવ્યા. ત્યાં હરિભક્તો અપાર હતા. વિપ્ર, કણબી અને સુતાર મુખ્ય હતા. ૫. ત્યાં હરિભક્તને ઘેર ઊતર્યા. ભક્તોએ એટલી બધી સેવા કરી કે, જે કહી શકાતી નથી. વારંવાર જમાડ્યા અને અત્યંત પ્રેમભાવથી પૂજા કરી હતી. ૬. પછી શ્રીહરિ ભાદરા ગામથી ચાલ્યા, તે **જોડિયા** બંદર આવ્યા. સમુદ્રની ખાડી પાસે રોકાયા અને ત્યાંથી વહાણમાં બેસીને ઘણું જ ખુશી થયા. ૭. ખાડી પાર કરીને **અંજાર** ગામ આવ્યા અને ત્યાં રાત રોકાયા. ત્યાં સુતાર હરિભક્ત હતા. તેણે ઘણા ભાવથી શ્રીહરિને જમાડ્યા. પૂજા કરી અને ઘણી જ સેવા કરી. ૮. ત્યાંથી **ધમડકા** ગામ આવ્યા અને દરબાર રામસિંહજીને ઘેર ઊતર્યા. તેના પિતા લાધાજી ત્યાંના રાજા હતા. તે બહુ ભારે સત્સંગી હતા. તેણે પણ શ્રીહરિની અપાર સેવા કરી. ૯. શ્રીહરિ ત્યાં પણ ઘણા જ ભાવથી બહુ વાર આવીને રહ્યા છે. હરિભક્તોની સાથે બહુ રમૂજ કરી છે અને નિત્ય નવરંગો સ્નેહભાવ દેખાડ્યો છે. ૧૦. ત્યાં રહીને હરિભક્તોએ જેમ કહ્યું તેમ શ્રીહરિએ વસંતપંચમીનો ઉત્સવ કર્યો હતો, અને અક્ષરને પણ અત્યંત દુર્લભ એવું સ્વસ્વરૂપનું સુખ ભક્તોને આપ્યું હતું. ૧૧.

કચ્છ પ્રદેશમાં હરિભક્તોના જેટલા ગામ છે ત્યાં બધે શ્રીહરિ ગયા છે. અરે ! કોઈ ગામમાં એક જ હરિભક્ત રહેતો હોય, તોપણ તેને ઘેર

ગયા છે. ૧૨. **ભક્તોએ જેવા મનોરથ કર્યા હોય, તે રીતે તેમને સુખ આપ્યું છે. ભક્તોને જે રીતે સુખ આપ્યું છે તે કહેતા તો મારી મતિ પણ લીન થઈ જાય છે. ૧૩.** આમ ભક્તોને દર્શન દેતા શ્રીહરિ **ભુજ**માં આવ્યા. ત્યાં હીરજીભાઈ અને સુંદરજીભાઈને ઘેર આવીને રહ્યા. ૧૪. હુતાશની, ફુલદોલનો ઉત્સવ અત્યંત અનુપમ કર્યો. કેસર અને પતંગ આદિના રંગની તો છોળ્યું ઉડાડી. ૧૫.

તે ઉત્સવમાં કેસરનો રંગ અને ગુલાલ વગેરે શ્રીહરિનાં અંગો અંગમાં છવાઈ ગયા હતા. વિશાળ લલાટ સુંદર શોભતું હતું. ફૂલના હાર પણ ઘણા અદ્‌ભુત દેખાતા હતા. ૧૬. ઉત્સવમાં જેટલા હરિભક્તો આવ્યા હતા. તે સહુને રંગમાં રસબસ-તરબોળ કરી દીધા હતા. ભુજના જેટલા હરિભક્તો હતા તે પ્રત્યેકને ઘેર શ્રીહરિ ગયા હતા. ૧૭. અને ત્યાં તેમના ઘરના આંગણામાં કેસરિયો રંગ અને ગુલાલ પુષ્કળ પ્રમાણમાં ઉડાડ્યો હતો. ત્યાંના જેટલા મલ્લ જાતિના હરિભક્તો હતા તે બધાને ઘેર જઈને શ્રીહરિએ રંગ ઉડાડ્યો હતો. ૧૮. હરિભક્તોએ ઘેર ઘેર શ્રીહરિને પધરાવીને જમાડ્યા. અંગ ઉપર કેસરચંદન ચરચીને ફૂલની ટોપી, હાર, ગુચ્છ, તોરા અને તરેહ તરેહના બાજુબંધ વગેરે ધરાવ્યા હતા. ૧૯. આ રીતે શ્રીહરિની પૂજા કરીને પ્રેમથી કપૂરની આરતી ઉતારીને વિવિધ પ્રકારનાં મેવા મીઠાઈ તથા ફળ, મૂળ વગેરે અર્પણ કર્યાં હતાં. ૨૦.

વિવિધ પ્રકારનાં વસ્ત્રાભૂષણો વગેરે જેને જે ગમ્યું તે પ્રેમથી શ્રીહરિને ધરાવીને ઘણો જ લાભ લીધો અને પોતાના આત્માને કૃતકૃત્ય કર્યો હતો. ૨૧. **પોતાનું ઘર, કુટુંબ, તન, ધન, વાહન અને પશુ વગેરે જે કાંઈ હોય તેનો સેવામાં ઉપયોગ કરીને તેને કૃતાર્થ કર્યા. આટલો સરસ અવસર પહેલા ક્યારેય આવ્યો ન હતો. ૨૨.** બહુનામી શ્રીહરિએ આ રીતે ભુજમાં ફૂલદોલનો ઉત્સવ કર્યો અને તે પછી **માનકૂવા** ગામ આવ્યા. તે ગામમાં જે ક્ષત્રિય, કણબી અને સુતાર વગેરે હરિભક્તો રહેતા હતા. ૨૩. જેનું દયાસિંધુ નામ છે એવા શ્રીહરિએ કૃપા કરીને, તે બધા જ હરિભક્તોને પોતાના દર્શન દીધાં. તે હરિભક્તોએ શ્રીહરિની બહુ સેવા કરી, છતાં તેમની શ્રદ્ધા તો ધારદાર

જ રહી હતી. ૨૪. મહાસુખધામ ઘનશ્યામ શ્રીહરિ માનકૂવાથી **તેરા** ગામ આવ્યા અને ત્યાં સુતાર હરિભક્તને ઘેર રહ્યા. ૨૫.

બધા સંતોને દર્શન દેવા માટે તેરા ગામ બોલાવ્યા. સંતોને ત્યાં અપાર સુખ આપ્યું. તેરામાં ત્રણ દિવસ રોકાયા. ૨૬. બધા સંતોને સાથે લીધા. સંતોને સુખી કરવામાં પ્રવીણ એવા શ્રીહરિ તેરાથી ચાલ્યા, **કાળાતળાવ** ગામ આવ્યા. ત્યાં હરિભક્તને ઘેર આવીને રહ્યા. ૨૭. કાળાતળાવ એટલે મુસલમાનની વધારે વસ્તીવાળું ગામ. ત્યાં ભીમજીભાઈ સુતાર નામે એક હરિભક્ત હતા. ઘનશ્યામ શ્રીહરિ તેને ઘેર રહ્યા. ૨૮. ગામની બહાર સારાં ઝાડ હતાં. તેની છાયામાં બીજા બધા સંતો ઊતર્યા અને ત્યાં બે-ચાર દિવસ રોકાયા. પછી ત્યાંથી ફરીવાર **તેરા** ગામમાં મુકામ કર્યો. ૨૯. જે નાગજી, સિંગજી ગોસાઈ (ગર) હતા તેને ઘેર શ્રીહરિ ઊતર્યા અને બધા સંતો જઈને બગીચામાં ઊતર્યા. તેઓ માનસરોવરના સુંદર હંસના જેવા શોભતા હતા. ૩૦.

શ્રીહરિએ તેરા ગામમાં રામનવમીનો ઉત્સવ કર્યો. કચ્છ દેશમાં જેટલા હરિભક્તો હતા તે બધાં ઉત્સવ કરવા આવ્યા. ૩૧. જ્યારે દસ ઘડી રાત ગઈ ત્યારે શ્રીહરિના પ્રાદુર્ભાવનો ઉત્સવ કર્યો. વિવિધ પ્રકારના વાજિંત્ર વગાડ્યાં અને પ્રાદુર્ભાવ લીલાનાં સારાં કીર્તન બોલાયાં. ૩૨. જે રીતે શ્રીહરિનો છપૈયામાં પ્રાદુર્ભાવ થયો અને તે સમયે જેવો ઉત્સવ થયો હતો. તેવો જ ઉત્સવ અહીં તેરા ગામમાં કર્યો અને હરિભક્તોએ અલૌકિક લાભ લીધો. ૩૩. જે પાત્રમાં ભગવાન વિષ્ણુને પધરાવીને પંચામૃતથી સ્નાન કરાવ્યું હતું, તે પંચામૃતના પાત્ર ભરાવ્યા અને નૈવેદ્યમાં પંજરી ધરાવી હતી તેના પણ પાત્ર ભર્યાં. જન્મનો બધો જ વિધિ કર્યો. ૩૪. બાલમુકુંદને સારા શણગાર કરીને પારણામાં પધરાવ્યા. ધૂપ, દીપ વગેરે કરીને પછી આરતી કરી અને તે વખતે બંદૂકોના અવાજ પણ કર્યા. ૩૫.

ગામમાં જેટલા નર-નારી સહુ હરિભક્તો રહેતાં હતાં, તેઓ બધાં ત્યાં દર્શન કરવા માટે આવ્યા. સહુએ બાળમુકુંદ ભગવાનનાં દર્શન કર્યાં. ભગવાનનાં અદ્‌ભુત રૂપને નિહાળીને તો સહુ વિસ્મિત થઈ ગયા. ૩૬. કેટલાએ વિપ્ર અને વેરાગીઓ બાલમુકુંદની પૂજા કરે છે, પણ ક્યાંય આટલી

સુંદર શોભા લાગતી નથી. ત્યાં તો જાણે નેત્ર બંધ કરી દીધાં હોય, તેવાં દર્શન થાતા હોય છે. ૩૭. ગામના લોકો બાલમુકુંદના દર્શન કરીને એમ બોલતા હતા. સહુએ ભાવથી દર્શન કરીને પોતાનો જન્મ સફળ કરી લીધો. ૩૮. જેઓ અયોધ્યામાં જન્મ્યા, જેઓ ગોકુળમાં પ્રકટ્યા, તે જ આ બાળમુકુંદ છે, એમ ગામના લોકોએ જાણ્યું. ૩૯. જે હરિભક્તો હતાં તેમને તો પ્રકટ ભગવાન મળ્યા છે, તે પ્રકટ શ્રીહરિનું જ સ્વરૂપ આ બાલમુકુંદ છે; એવું નિશ્ચયાત્મકરૂપમાં તેમણે જાણ્યું. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોદશ પૂરમાં 'ભુજમાં ફૂલદોલ કરીને શ્રીહરિએ તેરામાં રામનવમી કરી' એ નામે તેત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૩॥



પૂર તેરમું : તરંગ - ૩૪

શ્રીહરિએ સંતોની આગળ મનની શેતાનિયત કહી

સુખદાયક શ્રીહરિએ ચૈત્ર સુદી દશમ અને એકાદશી તેરા ગામમાં જ કરી અને બારશને દિવસે બધા સંતોને જમાડ્યા. ૧. તેરાના બધાં હરિભક્તોએ અત્યંત પ્રેમભાવથી ઘણી સારી રસોઈ કરાવી અને શ્રીહરિને જમાડ્યા હતા. ૨. પહેલા શ્રીહરિને જમાડ્યા. પછી કેસરચંદન લઈને તે બધાં અંગોમાં ચરચ્યું અને ઘણાં ફૂલનાં હાર પહેરાવ્યાં. ૩. કપૂરથી આરતી ઉતારી અને તે પછી ઘણી ઘણી પ્રાર્થના કરી. અલૌકિક લાભ લીધો. પછી તે રીતે જ સંતોની પૂજા કરી. ૪.

તે વેળાએ શ્રીહરિએ સંતોને કહ્યું, અમને સંતોના ઉપર અપાર હેત છે. હવે તમે તૈયાર થઈને ચાલો, અમે પણ તમારી સાથે આવીએ છીએ. ૫. સહુ તુંબડામાં પાણી ભરી લેજો. આગળ માર્ગમાં ક્યાંય પાણી નહિ મળે, એટલે તમને કહી દઉં છું. સંતોને શ્રીહરિનું વચન સુખકારી લાગ્યું. સહુએ હરખાઈને તુંબડામાં પાણી ભરી લીધું. ૬. પછી સહુ સંતો માર્ગમાં ચાલ્યા. શ્રીહરિ પણ તેમની સાથે હરખભર્યા ચાલ્યા. જ્યારે ગામની બહાર આવ્યા

ત્યારે તેઓ સહુ સંતોને ભેટીને મળ્યા. ૭. સંતોને જવા માટે અંજારનો માર્ગ બતાવ્યો અને પોતે માંડવીને માર્ગે ચાલ્યા. શ્રીહરિએ સહુ સંતોને કહ્યું, 'બધા મનમાં પ્રસન્ન રહેજો. જો કોઈનું મન મૂંઝાય તો અમને વાત કરજો. ૮.

અનાદિકાળથી મન આ જીવને લખચોરાશીના ફેરામાં ફેરવ્યા કરે છે. વારંવાર અને ફરી ફરીને મન જીવને જન્મ તથા મરણ કરાવે છે. ૯. મન માયાનું દાસ છે અને તે માયામાં નિવાસ કરીને રહે છે. જીવ સિવાયના જે દેહ, ઇંદ્રિયો અને અંતઃકરણ કહેવાય છે, તે બધું માયા જ કહેવાય છે અને તેની બ્રહ્માંડની સાથે એકતા છે. જે બ્રહ્માંડ કહેવાય છે તેની એકતા પ્રધાનની સાથે છે. ૧૦-૧૧. અને પ્રધાનપુરુષની એકતા પ્રકૃતિની સાથે છે. તેમજ જે પ્રકૃતિપુરુષ કહેવાય છે તેની એકતા અક્ષરની સાથે છે. ૧૨. તે અક્ષરનાં મહાતેજમાં માયા લીન થઈ જાય છે. તેને દૃષ્ટાંતથી સમજાવું છું. તે સહુ કુશળ સંતો સાંભળજો. ૧૩.

જેટલું તારામંડળ છે તે બધું રાતે અલગ અલગ દેખાય છે. પણ જ્યારે સૂર્યોદય થાય છે ત્યારે તે બધા તારાઓ સૂર્યના તેજમાં લીન થઈ જાય છે. ૧૪. તેનાથી એમ નથી સમજવાનું કે, તારાઓનો નાશ થઈ ગયો છે પણ તે બધાં સૂર્યના તેજમાં લીન થઈ જાય છે. તે રીતે જ માયા અક્ષરમાં નિવાસ કરીને રહી છે તેમ સમજવું. ૧૫. **જીવ જ્યાં સુધી માયાની સાથે સંબંધ રાખે છે ત્યાં સુધી તે માયારૂપ જ થઈ જાય છે, માયામાં લીન થઈને રહે છે. ૧૬.**

ચોપાઈ :

माया को सबंध जीय जेसे, कर रहे एकरस होई तेसे;
तेसो सबंध जो रखे हरि केरा, छूट जावे चोरासी फेरा...१७
प्रगट हरि के चरित्र हि जेता, जन्म से जो लेकर तेता;
गान करे दिवस अरु राती, प्रेमरस गद गद भरे छाती...१८

જીવ માયાની સાથે એકરસ થઈને જેવો સંબંધ રાખે છે તેવો સંબંધ, એકરસ થઈને જો પરમાત્માની સાથે રાખે, તો જીવને લખચોરાશીના ફેરા બધા ટળી જાય છે. ૧૭. પ્રગટ ભગવાનનાં જન્મથી આરંભીને આજ સુધીના

જેટલા ચરિત્રો હોય તેને જે ભક્ત રાત-દિવસ નિરંતર ગાયા કરતો હોય, જેની છાતી પ્રેમરસથી પરિપૂર્ણ થઈ વારંવાર ગદ્‌ગદ થઈ ભરાઈ જાતી હોય, ૧૮. તો તે જીવને મન આદિકનાં રૂપમાં રહેલી જેટલી માયા છે તે વિઘ્ન કરતી નથી. જો કે માયાનો વેગ તો અપાર છે. ભવ અને બ્રહ્મા આદિક પણ તેના અંતને પામી શકતા નથી. ૧૯. માયાએ નારદનું મુખ માકડાનું કર્યું. પરાશરઋષિ, સૌભરિ, ચ્યવન, ઋષ્યશૃંગ, એવા મોટા મોટા ઋષિઓના મનને પણ માયાએ હરી લીધા હતા. ૨૦. ઇંદ્ર અને ચંદ્રમાને કલંક લગાડ્યા. બ્રહ્માજીને ઘરમાં જ ભૂલા પાડ્યા. શિવજીને દિગંબર દશામાં નચાવ્યા. આમ માયાને લીધે જેમાં તેમાં મન લોભાઈ જાય છે. ૨૧.

❋ મનના છળકપટ વિશે :

મન ક્યારેય જાત-કજાતનો વિચાર કરતું નથી. ઊંચ-નીચને પણ લગારેય દેખતું નથી. જે અઘોરી માણસ હોય છે તે મળ-મૂત્રને પણ સેવે છે. ૨૨. મા, બહેન, દીકરી, કાકી અને મામી સુધી માણસની બુદ્ધિ ભ્રમી જાય છે. લોકાલોક પર્વત જેવો ઊંચો કોટ હોય, તોપણ મન તેને ઉલ્લંઘી જાય છે. ૨૩. મન આગમાં પણ પેસી જાય છે. ભૂમિ અને પાણીની આડશ મનને જરાય રોકતી નથી. મન જ નાક-કાનને કપાવે છે અને માથાને વઢાવે છે. ૨૪. કોઈ લડાયક સેનાપતિ તોપના ગોળાથી હજારો હજાર લોકોને ઉડાવી દે છે, એવા યોદ્ધા સેનાપતિને મનનું કહ્યું કરવામાં લગારેય શરમ આવતી નથી. ૨૫.

દારૂ અને અગ્નિ જ્યાં સુધી જુદાં જુદાં હોય છે ત્યાં સુધી ભડકો થતો નથી, તેમ શરીર અને મન જુદાં હોય ત્યાં સુધી કોઈ પણ પ્રકારનો અનર્થ સર્જાતો નથી. ૨૬. જે સમાજની અને વડીલોની લાજ-મર્યાદાને ખૂબ જ ધ્યાન દઈને રાખતો હોય અને જે અપકીર્તિથી ખૂબ જ ડરતો હોય, તેનું મન તેને ક્યારેય લોપતું નથી, છેતરતું નથી. ૨૭. મોટા મોટા રાજાઓ તેનું મન ચાહે તેમ ન કરવાને યોગ્ય અનર્થભર્યું કામ કરે છે. બિચારી પ્રજા તો ચુપ બેસી રહે છે. રાજાને કોણ કહે કે, તમે અનીતિ કરો છો ? ૨૮.

તેવા રાજાઓને માટે તો મોટા સમર્થ પુરુષોએ ધર્મશાસ્ત્ર આદિ શુભગ્રંથોની રચના કરી છે, અને ગ્રંથોના વચનોને અનુસરીને જે રાજાઓ જીવનમાં વર્તે છે, તે જ ખરા અર્થમાં અનુપમ રાજા કહેવાય છે. ૨૯.

જે રાજા હરેક પ્રકારે પ્રજાની રક્ષા કરે. ખૂની સિવાયના મનુષ્યને ક્યારેય દેહાંત દંડ ન દે, મનુષ્યની હિંસા થાય એવું હોય ત્યાં તો બહુ વિચાર કરે. ૩૦. આવા રાજા ભૂમિ ઉપર હોય છે, તો તેની શુભ કીર્તિ દિનપ્રતિદિન વધતી રહે છે. તેનું રાજ્ય પણ ઉત્તરોત્તર વધતું જાય છે. તેની પ્રગતિને કોઈ રોકી શકતું નથી. ૩૧. મનુષ્યની રક્ષા કરવાનું જેને તાન હોય, તેવા રાજાને અમે દેવ કરતાં પણ વધારે શ્રેષ્ઠ માનીએ છીએ. વગર વિચારે મનુષ્યને જે મારવો, તેનું પાપ સહુથી વધારે છે. ૩૨. કોઈ પણ મનુષ્ય સહજ સ્વભાવે રસ્તામાં ચાલ્યો જાતો હોય, ત્યારે ધન, વસ્ત્ર કે ઘરેણાં માટે થઈને નિર્દયપણે જે મનુષ્યને મારી નાખે છે, એવા અપરાધીને પણ જે રાજા મારતો નથી, તો તે રાજા પણ ચોરના સમાન છે, એમ અમે સમજીએ છીએ. અને તેનું જેટલું રાજ્ય કહેવાતું હોય તે બધું પાપમય જ છે, એમ અમે માનીએ છીએ. ૩૩-૩૪. મનુષ્યની હત્યા કરનારા જેટલા હોય તેને પકડીને રાજા જો તેને દેહાંત દંડ દે છે, તો તે દંડને ધર્મસંમત કહેવાય છે. ૩૫.

તમે જેટલા સંત થયા છો, તે તમારાં શરીરમાં જે જીવાત્મા રહ્યો છે તેને તમારે રાજા માનવો, તેનું નામ યોગકળા છે. ૩૬. અમે જે રીતે યોગકળાને શીખ્યા છીએ, તે તમને સહુને કહીએ છીએ.' આવું શ્રીહરિએ સંતોને કહ્યું. ૩૭. દેહ, ઇંદ્રિયો અને અંતઃકરણ જે છે તે જીવાત્માની પ્રજા છે. અને તેનો નિયંતા જીવ રાજા થઈને રહ્યો છે. ૩૮. જગતમાં જેટલા અજ્ઞાની જીવો છે તે દેહાદિકને રાજા માને છે. પણ સાચો રાજા જીવાત્મા છે છતાં તે પ્રજારૂપ થઈને વર્તે છે. ૩૯. જીવ જ્યારે સત્સંગ કરીને યોગકળાને શીખે છે ત્યારે તે જીવને રાજા જાણે છે અને દેહાદિકને પ્રજાના રૂપમાં જાણે છે. ૪૦.

જે જીવાત્માને પરમ વિવેક પ્રાપ્ત થયો હોય, તે દેહાદિકરૂપ પ્રજાને તેના અધિકાર પ્રમાણે રાખે છે. તે એકેયને કાયદા બહાર વર્તવા દેતો નથી. ૪૧. જે રાજા કાયદા પ્રમાણે રાજ્ય કરે છે તેને બીજો કોઈ જીતી શકતો નથી.

ચાહે તેવો તેજસ્વી કે બળશાળી કોઈ માણસ હોય, પણ જો તે રાજનીતિ ભણે નહીં તો તેની બુદ્ધિમાં પ્રકાશ થાય નહીં. ૪૨. ભણવા છતાં જેની બુદ્ધિમાં પ્રકાશ ન થાય, તો માનવું કે તેની બુદ્ધિનો નાશ થયો છે. **મોક્ષના સમાન સર્વશ્રેષ્ઠ કોઈ પ્રાપ્તિ નથી અને તે મોક્ષની પ્રાપ્તિ બુદ્ધિહીનને થાતી નથી. ૪૩. જીવ ન હોય તો દેહ, ઈંદ્રિયો અને અંતઃકરણ કોઈ સંકલ્પ પણ કરી શકતા નથી, અમને તો આવું દેખાય છે.** ૪૪. જીવ જો દેહ, ઈંદ્રિયો અને અંતઃકરણનું અયોગ્ય કહ્યું માનવા લાગે, તો તે જીવ સત્સંગમાં અપાર સુખ રહ્યું હોવા છતાં એક પલકવારમાં તેનાથી છૂટો પડી જાય છે. ૪૫.

આ સત્સંગ તો મોક્ષરૂપ છે. તે સત્સંગને જે માણસ છોડી દે છે, તેના જેવો બીજો કોઈ દુર્ભાગિયો નથી. એમ મોક્ષભાગી સજ્જનો જાણે છે. ૪૬. તમે જેટલા ઋષિવરો, મુનિવર્યો છો તે બધા આ સમયે અનેક જીવોનો ઉદ્ધાર કરવા માટે આવ્યા છો. માટે મનને ઝેર કરજો અર્થાત્ પોતાનો શત્રુ માનજો. ૪૭. **મન કાફરોમાં કાફર અને શેતાનોમાં શેતાન છે. તે જીવનો મિત્ર બનીને તેને હેરાન કરે છે.** ૪૮. જીવને કુમાર્ગે ચઢાવીને મન તેને ફજેત કરે છે અને પોતે શાહુકાર થઈને રહે છે. જો કે તમે સંતો મનનાં તેવા સ્વભાવ - રીતને જાણો છો, છતાં પણ હું તમને કહું છું. ૪૯.

सोरठा : मनको कबु विश्वास, संतजन जेते चतुर तेहि;
लगत देत नहीं पास, संसार कु जीती जात तेहु...५०

જેટલા વિચક્ષણ સંતો હોય છે, તે ક્યારેય મનનો વિશ્વાસ કરતા નથી અને તેઓ મનનો પાસ લાગવા દેતા નથી. તેથી તેઓ સંસારને જીતી જાય છે. ૫૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોદશ પૂરમાં 'શ્રીહરિએ સંતોની આગળ મનની શેતાનિયતની વાત કહી' એ નામે ચોત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૪॥



પૂર તેરમું : તરંગ - ૩૫

શ્રીહરિ કચ્છથી સોરઠ આવ્યા અને વિપ્રબટુની સાથે અગત્રાઇમાં ફુલેકે ફર્યા

શ્રીહરિએ સંતોની આગળ મનનાં સ્વભાવની વાત કહી. પછી તરત જ ચાલતા થયા અને સંતો તો શ્રીહરિને દેખતાં જ રહ્યા. ૧. શ્રીહરિ **માંડવી** આવ્યા અને ત્યાં રાત રોકાયા. બધા સંતો અંજાર ગયા. તેઓ સહુ ભેળા રહ્યા. ૨. પછી શ્રીહરિ માંડવીથી વહાણમાં બેઠા અને **જોડિયા** બંદરે ઊતર્યા. ત્યાંથી ભગવાન સ્વામિનારાયણ જ્યાં ઘણા હરિભક્તો હતા તે **ભાદરા** ગામ આવ્યા. ૩. ભાદરામાં હરિભક્તોને દર્શન અને સત્સંગનું સુખ આપવા માટે શ્રીહરિ દસ દિવસ રહ્યા. તે પછી તરત ત્યાંથી ચાલ્યા, તે **અલૈયા** ગામ આવીને રહ્યા. ૪. પછી ઘનશ્યામ શ્રીહરિ ત્યાંથી ચાલ્યા, તે **મોડા** ગામ આવ્યા અને ત્યાંથી આગળ ચાલતા **કંડોરણા** ગામ આવ્યા. ૫.

ત્યાં ઘણી મોટી ચોરાશી કરી અને અપાર વિપ્રોને જમાડ્યા. તેમજ વિપ્રોને મોઢે માગ્યાં દાન આપ્યાં. સહુએ શ્રીહરિનો ‘જય જયકાર’ બોલાવ્યો. ૬. અવિનાશી શ્રીહરિ ત્યાંથી **ધોરાજી** પધાર્યા. જ્યાં પોતાના સર્વશ્રેષ્ઠ હરિભક્તો રહ્યાં હતાં. તે સહુને દર્શન દઈને ત્યાંથી ચાલ્યા, તે **ભાડેર** ગામ આવ્યા. ૭. ભાડેરમાં એક રાત રહ્યા. પછી ત્યાંથી **પીપલાણા** ગામ આવ્યા અને તે પછી **આખા** ગામ આવ્યા. ૮. આખા ગામમાં ભીમ એકાદશી કરી. તેની આસપાસના ગામના હરિભક્તો સહુ દર્શન કરવા માટે આવ્યા. ૯. ત્યાં હરિભક્તો પાકી અને સુગંધી સારી કેરી ઘણી જ લાવતા હતા. ભક્તો કેરી લાવીને સમર્પણ કરતા હતા ત્યારે શ્રીહરિ હરખથી કેરી જમતા હતા. ૧૦.

ત્યાંની નદીને ઓજતગંગા કહેવાય છે. શ્રીહરિ હરિભક્તોની સાથે નિત્ય તે ઓજત નદીમાં નાહવા માટે જાતા હતા. ઓજત ગંગામાં સ્નાન કરતા એક માસ વીતી ગયો. શ્રીહરિ આ ‘આખા’ ગામમાં ફરી ફરીને આવતા અને રહેતા હતા. ૧૧. સમાધિ, ધ્યાન અને ધારણા, એ તો મોટા યોગીઓને પણ દુર્લભ હોય છે, છતાં બહુનામી સહજાનંદસ્વામી હરિભક્તોને ઘણા

હેતથી રોજ તે શીખવતા હતા. ૧૨. તેમાં વિપ્ર મયારામ ભટ્ટે હાથ જોડીને શ્રીહરિને કહ્યું, મહારાજ ! અત્યારે ગૃહસ્થ નર-નારી સહુને ઘણી જોરદાર સમાધિ થાય છે. ૧૩. આપની ઈચ્છાથી તેમાં ઘણો જ પ્રતાપ દેખાય છે. મને તો એવું જણાય છે કે, તે સમાધિમાં હરિભક્તોનું કાંઈ સામર્થ્ય નથી. ૧૪. ત્યારે શ્રીહરિ બોલ્યા, સુજ્ઞ વિપ્ર ! તમે સાંભળો. જે અમને દેખાય છે, તે ચોક્કસ વાત હું તમને કહું છું. ૧૫.

આપણા સદ્‌ગુરુ શ્રીરામાનંદસ્વામી જેવી ઈચ્છા કરે છે, તે રીતે હરિભક્તોનાં ટોળે ટોળાને સમાધિ થઈ રહી છે. ૧૬. ત્યારે વિપ્ર મયારામ ભટ્ટે શ્રીહરિને કહ્યું, સદ્‌ગુરુ રામાનંદસ્વામીને મેં જોયા છે. તેમણે આવો પ્રતાપ જણાવ્યો નથી. ૧૭. આત્માનંદસ્વામી અને રામાનંદસ્વામી, એ બંને બહુનામી સંતો ઘણા સમર્થ હતા. પણ આપના એક દિવસનો જે પ્રતાપ છે, તેના જેટલો પ્રતાપ તેમણે ભૂમિ ઉપર રહ્યા ત્યાં સુધીમાં જણાવ્યો છે. ૧૮. અત્યાર સુધીમાં જેટલા અવતારો થઈ ગયા છે તેમણે અપાર સામર્થ્ય દેખાડ્યું હતું. જે કોઈ પણ લોકો તે સામર્થ્યને સાંભળે છે ત્યારે તેમને ઘણું જ આશ્ચર્ય થાય છે. ૧૯. જગતમાં જે અસુર લોકો છે તે અવતારોનું સામર્થ્ય સાંભળીને અવતારોમાં જેટલા ગુણો હોય તેને દોષરૂપ કરીને દેખાડી દે છે. ૨૦. જગતમાં અવતારોના ચરિત્રોમાં જે દોષ દેખાડે છે, તેને અસુર કહેવાય છે અને કોઈ પણના ગુણોમાં જે દોષ દેખાડતા હોય છે તે પણ અસુરોનાં વંશજ હોય છે. ૨૧.

❋ મહારાજના સામર્થ્ય વિશે :

અસુરોને કોઈ વર્ણ કે આશ્રમ, કાંઈ હોતું નથી. તેઓ તો ગુણોમાં દોષ જ દેખતા હોય છે, તે વિચારવું જોઈએ. મહારાજ ! આજે અમે આપનાં ચરિત્રોમાં જે એક દિવસનું સામર્થ્ય જોઈએ છીએ, ૨૨.

चोपाई :

सब अवतार से अधिक रहावा, हमारे देखे में एसे आवा;
ओर जन जानो न जानो जोऊ, हमारे तिनसे काम न कोऊ...२३

शरण तुमारे लेवत जन जेता, मन कर्म वचन करीके जो तेता;
अपार प्रताप तुमारो जोऊ, सामर्थ अति पावत हे सोऊ...२४

તે સામર્થ્ય બધા અવતારોના બધાં સામર્થ્ય કરતાં વધારે છે, એમ અમને જણાય છે. બીજા લોકોને તેમ જણાતું હોય કે ન જણાતું હોય, અમારે તેની સાથે કોઈ મતલબ નથી. ૨૩. જે મનુષ્ય મન, કર્મ, વચને કરીને આપનું શરણ સ્વીકારે છે, તો તે આપના અપાર પ્રતાપથી અત્યંત સામર્થ્યને પામે છે. ૨૪. આપના શરણાગત ભક્તો આ મનુષ્યદેહમાં હોય, તોપણ પોતાને 'અમે મુક્ત છીએ' એમ માનતા થઈ ગયા છે. એ પણ લોકોને દેખાડવાને માટે નહીં પણ તેઓ નિશ્ચિતપણે એવું સમજે છે. ૨૫.

પછી મહાન સુખના નિધિ અને સુખધામ એવા ભક્તવત્સલ શ્રીહરિ તે આખા ગામથી નીકળીને **અગત્રાઈ** ગામ આવ્યા. ૨૬. ત્યાં કણબી જ્ઞાતિના પર્વતભાઈ અતિ શ્રેષ્ઠ હરિભક્ત હતા. તેને ઘેર આવીને શ્રીહરિ રહ્યા. ૨૭. શ્રીહરિ ત્યાં ઘણા દિવસ રહ્યા. દેશદેશથી સંતોને અને હરિભક્તોને ત્યાં બોલાવ્યા હતા. તેથી સહુ સંત-હરિભક્તો ત્યાં આવ્યા. ૨૮. ત્યાં પર્વતભાઈએ એક મોટો ચિત્રવિચિત્ર મંડપ કરાવ્યો. મંડપની વચ્ચે એક સારો મંચ કરાવ્યો. તેને ઘણો શોભાડ્યો હતો, તેની શોભાનું વર્ણન કરી શકાતું નથી. ૨૯. તેના ઉપર એક સારો પલંગ મૂક્યો અને તેના ઉપર ગાદી તકિયા મૂકીને સરસ રીતે બિછાવ્યા. શ્રીહરિ આવીને તે પલંગ ઉપર બેસતા. મસ્તક ઉપર કચ્છી ટોપી પહેરતા હતા. ૩૦.

પીળા, લાલ અને લીલા રંગના કિનખાબની જરિયાની એવી જાતજાતની તે ટોપીઓ જુદી જુદી ઘણા પ્રકારની હતી, તે સવારે જુદી અને સાંજે વળી તેથી જુદી એમ ચિત્તાકર્ષક ટોપી શ્રીહરિ મસ્તકે પહેરતા. અને કસુંબી રંગનો જરિયાની કોરવાળો અદ્‌ભુત મરોડદાર રેંટો તે ટોપીના ઉપર બાંધતા હતા. ૩૧-૩૨. તે ક્યારેક માથે પહેરતા અને ક્યારેક ન પહેરતા, એમ તે કચ્છી ટોપી સંવત અઢારસોને સિત્તેરના વર્ષ સુધી પહેરતા હતા. ૩૩. તે મંડપમાં રોજ સવારે અને સાંજે સુંદર સભા થાતી. તેમાં સંતો, વર્ણી, સંન્યાસીઓ અને ગૃહસ્થ બાઈ-ભાઈ, બધાં હરિભક્તો આવીને બેસતાં હતાં. ૩૪.

શ્રીહરિમાં અધિક હેત થાય એવા ધોળ અને ગરબી રાગના કીર્તન સંતો તથા હરિભક્તો હેતથી બોલતાં હતાં, તેથી સભાની અદ્‌ભુત શોભા થતી હતી. ૩૫.

શ્રીહરિની અનુપમ સુંદર મૂર્તિ અંગોઅંગમાં અદ્‌ભુત રૂપાળી બની હતી. તે મૂર્તિમાં નેત્રોને ઠેરાવીને ભક્તો પોતાનાં હૃદયમાં ઉતારીને સ્થિર કરતાં હતાં. ૩૬. **તે ધર્મકુમારનાં દર્શન કરવાથી અપાર હરિભક્તો, સંતો અને વર્ણીઓને સમાધિ થાતી હતી. ૩૭. જેટલી હરિભક્ત બાઈઓ નિર્મળ અંતઃકરણવાળી હતી, તે પોતાનાં નેત્રમાં મૂર્તિને સ્થિર કરતી ત્યારે તેમને પણ સમાધિ થાતી હતી.** ૩૮. અપાર આનંદના સાગર એવા શ્રીસહજાનંદસ્વામી શ્રીહરિ ત્યાં અગત્રાઈમાં સંત-હરિભક્તોને રોજરોજ અધિક અધિક આનંદ આપતાં હતાં. ૩૯. ત્યાં એક નિર્ધન બ્રાહ્મણને જોઈને તેના પુત્રને બોલાવી યજ્ઞોપવીત સંસ્કાર કરાવ્યો. શ્રીહરિ તેની સાથે ગામમાં ફુલેકે ફર્યા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોદશ પૂરમાં 'શ્રીહરિ કચ્છથી હાલાર થઈને સોરઠમાં આવ્યા અને અગત્રાઈમાં વિપ્ર બટુની સાથે ફુલેકે ફર્યા' એ નામે પાંત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૫॥



પૂર તેરમું : તરંગ - ૩૬

શ્રીહરિનું જૂનાગઢમાં આગમન અને દ્વેષીઓને નવાબનો જવાબ

શ્રીહરિ અગત્રાઈમાં હતા, ત્યારે શ્રાવણ વદિ આઠમ - જન્માષ્ટમી આવી. હરિભક્તો પુષ્કળ ગુલાલ લઈ આવ્યા. ૧. ગુલાલની ઝોળીઓ ભરી ભરીને શ્રીહરિ ઘણા જ ઉમંગથી હરિભક્તોના ઉપર ગુલાલ ઉડાડતા હતા. તેથી શ્રીહરિની મૂર્તિ પણ ગુલાલના રંગથી ભરાઈ રહી હતી. ૨. જન્માષ્ટમીના ઉત્સવમાં શ્રીહરિ, સંતો, વર્ણી, પાર્ષદો અને હરિભક્તો જે જે આવ્યા હતા, તે બધાં રંગમય થઈ ગયા હતાં. ૩. શ્રીહરિ રોજ હરિભક્તોને સાથે લઈને ઓજતગંગાએ જાતા હતા. નદીમાં નિર્મળ જળ હતું. રોજ તેમાં નહાતા હતા. ૪. સંતો અને વર્ણી વગેરે પણ સાથે લેતા. શ્રીહરિ ઘણા જ

ઉમંગથી સ્નાન કરતા. સૌની સાથે અલૌકિક જળક્રીડા કરતા. તે સમયે દર્શન કરનારાના મન ખેંચાઈ જતા હતા. ૫.

સંતો, વર્ણી અને હરિભક્તોની સાથેની શ્રીહરિની જળક્રીડા જોઈને દેખનારા લોકોના મનમાં બધાં જ મલિન ઘાટ બંધ થઈ જાતા હતા. ૬. આવો અલૌકિક પ્રતાપ શ્રીહરિનાં સ્વરૂપમાં સહેજે જ રહ્યો હતો. પણ જે લોકો મૂઢમતિના વિમુખ હતા અને લોકોને ઠગીને ગુજરાન કરવાનો જેનો ધંધો હતો, એવા અજ્ઞાની લોકો શ્રીહરિના આવા પ્રતાપને દેખીને એમ બોલતા હતા કે, ‘સ્વામિનારાયણ ઈંદ્રજાળ વિદ્યા ભણ્યા છે.’ ૭-૮. એવા વિપ્રો અને ભેખધારીઓ ઘેર ઘેર જઈને પોકારીને ઉપર કહ્યું તેવું કહેતા અર્થાત્ શ્રીહરિ તથા સત્સંગની નિંદા કરતા. પણ જેટલા મુમુક્ષુ દૈવીજીવ કહેવાય છે, તેઓ તે લોકોને ઠગનારાની વાતોને ક્યારેય માનતા નહિ. તેઓ તો હરખભેર સત્સંગ કરતા-સત્સંગી થાતા અને તેવા ઠગ લોકોને ઓળખી રાખતા હતા. ૯-૧૦.

જે લોકો પૂરા ઠગ હતા તેઓ મિથ્યાજ્ઞાનની ઓથ લેતા અને તેઓ લોકોને ઠગવા માટે મિથ્યા ભક્તિ અને મિથ્યા સેવા વગેરે કરતા હતા. ૧૧. પણ તેઓના અંતરમાં ખરેખર વૈરાગ્ય અને ધર્મનો લેશ પણ હોય નહિ. હંમેશાં વિષયમાં જ તેઓ લોલુપ રહેતા. વારંવાર વિષયભોગ કરવો, તેને ભગવાન કરતાં પણ સાર કહેતા હતા. ૧૨. **જેને પંચવિષયમાં પ્રીતિ હોય, તેઓ તો મળ કરતાં પણ વધારે મળરૂપ છે. દેહાંતે તેઓ જમપુરીમાં જાય છે, અને ત્યાંના દુઃખથી તેઓ અત્યંત ભયભીત થાય છે. ૧૩. સાચા સંતો અને હરિભક્તોના જે દ્રોહી હોય છે, તેમને તો જમ ઘણું જ દુઃખ દે છે અને પછી તેઓ રાત-દિવસ રડ્યા કરે છે. ૧૪. સાચા સંતો અને હરિભક્તો ઉપર જે પ્રેમભાવ કે પૂજ્યભાવ રાખે છે અને અમૃત જેવાં વચન બોલે છે, તે ક્યારેય જમપુરીમાં જતા નથી. ૧૫.**

શ્રીહરિ સંતોના અને હરિભક્તોના હિત માટે જ નિત્ય નવાં નવાં ચરિત્ર કરે છે. જે મનુષ્ય તે ચરિત્રોને ચિત્તમાં ચિંતવે છે તે અક્ષરધામને પામે છે. ૧૬. સુખકારી શ્યામસુંદર શ્રીહરિએ અગત્રાઈમાં જન્માષ્ટમીનો ઉત્સવ ઘણો ભારે કર્યો. તેનું યથાર્થ વર્ણન તો થઈ શકતું નથી, પણ જેણે તે દર્શન

કર્યા હોય તેના ધન્ય ભાગ્ય કહેવાય. ૧૭. ખુદ બ્રહ્મા પણ એમ કહે છે કે, તેમના જેવા ધન્ય ભાગ્યશાળી તો અમારા જેવા કોઈ દેવ પણ નથી ! આ વેળાએ જેણે શ્રીહરિની પૂજા કરી હોય, જેણે વારંવાર થાળ જમાડ્યો હોય, ૧૮. દર્શન કરીને વારંવાર બાથમાં લઈને ભેટ્યા હોય, હજારો વાર છાતીમાં ચરણ ચાંપ્યા હોય, શ્રીહરિના પ્રસાદીરૂપ ફૂલહાર જેને મળ્યા હોય, જેને થોડું એવું પણ પ્રસાદીનું વસ્ત્ર આપ્યું હોય, ૧૯. એવા ભક્તોનાં સદ્‌ભાગ્યનું વર્ણન કરતાં કરતાં કરોડો બ્રહ્માઓ પણ થાકી જાય છે.

નિપુણ શ્રીહરિએ બધા સંતોને અને હરિભક્તોને સાથે લીધા અને અગત્રાઈથી નીકળ્યા. ૨૦. પછી અવિનાશી **જૂનાગઢ** આવ્યા. દરબાર ઝીણાભાઈ, દાદાભાઈ અને કેટલાક નાગર હરિભક્તો, સહુ ખૂબ રાજી થયા. ૨૧. બધા હરિભક્તો, જ્યાં શહેર બહાર શ્રીહરિ ઊભા હતા, ત્યાં દોડીને આવ્યા. ફૂલહાર અપાર લાવ્યા હતા તે ત્યારે શ્રીહરિને પહેરાવ્યા. ૨૨. સહુ ઘણા જ ભક્તિભાવથી ચરણોમાં નમી પડ્યા. મનમાં ઘણો જ ઉત્સાહ પામ્યા. જૂનાગઢ શહેરમાં જે આસુરી બુદ્ધિના લોકો હતા, તેમણે શ્રીહરિ આવ્યા છે તેવા સમાચાર જાણ્યા. ૨૩. એટલે તેઓ તરત જ દિલમાં બળી ઊઠ્યા. બધા મળીને નવાબની પાસે ગયા અને તેમને કહ્યું, ‘આ જૂનાગઢમાં આપનું રાજ્ય છે, તેને આ ધુતારા સ્વામિનારાયણ કબજે કરવા આવ્યા છે. ૨૪. સ્વામિનારાયણની સાથે કાઠીઓ અપાર છે. એટલે તેમને શહેર બહાર ઉતારો કરવાનું કહો. એટલે રાજ્યને લગારેય વિઘ્ન થાય નહિ.’ ૨૫.

ત્યારે નવાબે અસુરોને કહ્યું, ‘સ્વામિનારાયણના જેવા જોગી અત્યારે કોણ છે ? એવા એક જોગી તો બતાવો ? ૨૬. માણાવદરમાં ગજુમિયા નામે નવાબ અમારા ભાઈ છે. તેઓ સ્વામિનારાયણને સારી રીતે ઓળખે છે. ૨૭. સ્વામિનારાયણ નીતિને અદલ રાખે છે અને બીજાની પાસે રખાવે પણ છે. અને તેઓ અનીતિને દેખીને તરત જ તેનો ત્યાગ કરી દે છે અને કરાવી દે છે. ૨૮. આ જગતમાં જેટલા અધર્મી ગુરુ અને જોગી કહેવાય છે, જે અધર્મી આચાર્ય કહેવાય છે, તે બધાએ નીતિનો ત્યાગ કર્યો છે અને સહુને ધન અને સ્ત્રીમાં રાગ છે. ૨૯. આજે ધન તથા સ્ત્રીને હરવા માટે જ

પાખંડી ગુરુ તથા જોગી થઈ બેઠા છે. રાત-દિવસ રસના ઇંદ્રિયને જ પોષે છે અને એક પણ ધર્મ-નિયમને રાખતા નથી. ૩૦.

જે મતમાં સ્ત્રી અને પુરુષ એકાકાર થઈને વર્તે છે, એવી રીતવાળા મતને માનનારા જમપુરીના જ અધિકારી થાય છે. ૩૧. તમે બધા જેવા અધિકારી છો, તમારા બધાના ગુરુ પણ તેવા જ છે. છતાં તમે તેમના વખાણ કરો છો. તમે કેવા બુદ્ધિમાન છો, તે અમને દેખાઈ આવ્યું છે. ૩૨. નવાબે કહ્યું, અમે સ્વામિનારાયણને અમારું રાજ્ય આપીએ ને, તોપણ તેમને તે ખપતું નથી. તેઓ તો મોટા ચક્રવર્તીના રાજ્યને પણ જમપુરી જેવું માને છે. ૩૩. ઇંદ્ર અને બ્રહ્માદિકના રાજ્યના સમાજને પણ તેઓ નરક સમાન માને છે. આવા અનંત કોટિ બ્રહ્માંડો અને તેના સમગ્ર સામ્રાજ્યને પણ, તેઓ અત્યંત દુઃખરૂપ દેખે છે; આ સ્વામિનારાયણ એવા સમર્થ જોગી છે. તેમના જેટલા સંતો છે તેમને કરોડો સોનામહોરો આપો, છતાં તેઓ તેની સામે કોઈ દેખે પણ નહિ; તેમના બધા સંતો પણ આવા મહાસમર્થ છે. તમને તેની કાંઈ ગમ જ નથી અને તમે તેમને પાખંડી અને ધુતારા ઠેરાવી દો છો ? ૩૪-૩૬.

તમે તો બહુ મોટી અક્કલવાળા છો. અત્યારે જ તે બધું દેખ્યામાં આવ્યું. તમે પોતે પરસ્ત્રીના યાર થઈને સાચા સાધુને ધુતારા ઠેરાવો છો. ૩૭. જે અસલ ફકીર હોય, સાચા સાધુ હોય, તેની જે નીતિ કહેવાય છે, તેના કરતાં પણ સ્વામીના સાધુઓ અધિક નિયમ ધર્મને અત્યારે પાળે છે. ૩૮. સહજાનંદસ્વામીના જે પાકા શિષ્ય હરિભક્તો છે, તેઓ રસ્તામાં કોઈનું ધન પડ્યું હોય તેને દેખે, છતાં તેઓ તેને અડતા નથી. ૩૯. તે હરિભક્તોને ભૂલથી પણ પરસ્ત્રીના વસ્ત્રનો છેડો અડી જાય, તો તેઓ અન્ન ખાતા નથી પણ એક દિવસનો ઉપવાસ કરે છે. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોદશ પૂરમાં 'શ્રીહરિ અગત્રાઈથી જૂનાગઢ આવ્યા અને સત્સંગના દ્વેષીઓને નવાબે આપેલો જવાબ' એ નામે છત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૬॥



પૂર તેરમું : તરંગ - ૩૭

જૂનાગઢમાં શ્રીહરિનું સન્માન, દ્વેષીઓને સંતાપ અને દંભીઓની સ્થિતિ

નવાબના શબ્દો સાંભળીને અસુરોનું મન ભાંગી ગયું. મોઢા ઉપર મેશ લગાવી હોય તેવા થઈ ગયા અને બધો રંગ ઊતરી ગયો. ૧. એવા જોગીનું આપેલું રાજ્ય જ અમે ભોગવીએ છીએ; એવું જ્યારે નવાબે કહ્યું ત્યારે સભા અને અસુરોનો સમાજ વિસ્મિત થઈ ગયો. ૨. નવાબે પ્રસન્ન મનથી રજા આપી કે, 'સ્વામિનારાયણ શહેરમાં ભલે સુખેથી આવે. અને જે કોઈ પણ સાથે હોય તેમને પણ ભલે લઈને આવે.' ૩. પછી નવાબે ડંકા નિશાન વગેરેની સાથે બધી સવારીને સત્વરે તૈયાર કરીને શ્રીહરિની સન્મુખ મોકલી દીધી. ૪. ઢોલ અને ત્રાંસા ઈત્યાદિ જે વાજિંત્રો હતાં તે પણ શ્રીહરિની સન્મુખ આવ્યાં. શહેરમાં જે હરિભક્તો રહેતાં હતાં, તેઓ બધા ફૂલના હાર લઈને સન્મુખ આવ્યા. ૫.

અપરંપાર ફૂલહાર શ્રીહરિને પહેરાવ્યા. તે રીતે જ સંતોને પણ ફૂલહાર પહેરાવ્યા. વર્ણીઓ અને પાર્ષદો વગેરે સહુને ફૂલહાર પહેરાવ્યા. તેની જે શોભા થઈ તે વર્ણવી શકાતી નથી. ૬. ક્ષત્રિય રાજપૂત દરબારો અને કાઠી દરબારો વગેરે બધા જે હરિભક્તો હતા, તેઓ ઘોડે સવાર થઈને આવ્યા હતા. શ્રીહરિએ તે સહુને પણ ફૂલહાર આપ્યા. તેથી શોભાનો કોઈ પાર રહ્યો નહિ. ૭. બધા સોનેરી સાજથી શણગારેલા અશ્વ ઉપર ધર્મના દુલારા શ્રીહરિ બેઠા. જ્યારે સંધ્યા સમય થયો ત્યારે અપાર મશાલો પ્રકટાવી. ૮. જ્યારે સહુ શહેરના દરવાજામાં આવ્યા ત્યારે શોભાનો કોઈ પાર ન રહ્યો. બધી બજારોને સારી રીતે શણગારી હતી. હજારોની સંખ્યામાં નાગરિકો બજારમાં ઊભા હતા. ૯. બિલોરી ઝાડ બજારની બંને બાજુએ સુંદર રીતે શોભતા હતા. બજારમાં બંને બાજુએ દુકાનો હતી અને તેમાં વિવિધ પ્રકારની ચીજવસ્તુઓ ગોઠવી હતી. ૧૦.

શહેરના જે ભાવિક લોકો હતા તેઓ ફૂલહાર લઈને ઊભા હતા. અતિ હરખભેર શ્રીહરિની પાસે આવીને તે પહેરાવતા હતા અને બંને હાથ જોડીને

પગે લાગતા હતા. ૧૧. શહેરની બધી ભાવિક સન્નારીઓ મોતીના થાળ ભરીને ઊભી હતી. તે શ્રીહરિને ઘણા ભક્તિભાવથી વધાવતી હતી. કારણ કે, તે શ્રીહરિને સર્વોપરી જાણતી હતી. ૧૨. શ્રીહરિ, સંતો, વર્ણીઓ, પાર્ષદો અને સાથે રહેલા બધા કાઠી દરબારો ફૂલોથી ઢંકાઈ ગયા હતા. ૧૩. આખી બજાર ખીલેલી ફૂલવાડી કરતાં પણ વધારે શોભતી હતી. બધા ગ્રામજનો 'જય જય' 'જય જય' એમ બોલતા હતા. અને તે ધ્વનિ એકતાર સંભળાતો હતો. ૧૪. હરિભક્તો થાળ ભરીને ગુલાલ લાવ્યા હતા. તેને બધા ઉડાડતા હતા તેથી બધી સવારી લાલ થઈ ગઈ. સંતો અને વર્ણી વગેરે પણ લાલ થઈ ગયા. ૧૫.

જૂનાગઢ શહેરના બધાં લોકો આવી અલૌકિક શોભા જોઈને બોલતા હતા કે, આવી શોભા તો ક્યારેય થઈ નથી. ૧૬. જેનું જેવું સામર્થ્ય હોય તે પ્રમાણે તેઓ સમય ઉપર શોભા કરતા હતા. બીજા મતપંથીઓ પણ ઘણી શોભા કરે છે અને શોભા માટે ઘણો જ ધનનો ખર્ચ પણ કરે છે, પરંતુ શ્રીહરિની આ નગર પ્રવેશ યાત્રાની શોભા સમક્ષ બીજી શોભા શું લેખામાં? સૂર્યની આગળ અણું સરખા પતંગિયાના શું લેખા ? બીજાની શોભા તો તેના જેવી દેખાતી હતી. ૧૭-૧૮. શહેરનાં જે નર-નારીઓ હતા તેઓ શ્રીહરિવરને દેખીને તેમને જે સાક્ષાત્ નજરે દેખાતું હતું તેની પરસ્પર શુભ વાતો કરતા હતા. ૧૯. અસુરોએ જ્યારે શ્રીહરિનો આવો પ્રતાપ જોયો ત્યારે તેમનાં મનમાં અત્યંત સંતાપ થવા લાગ્યો. તેમણે શ્રીહરિના વિરોધમાં બહુ બહુ ઉપાય કર્યા, પણ જ્યારે કાંઈ ચાલ્યું નહિ ત્યારે ચુપ બેસી રહ્યા. ૨૦.

કોઈ દ્વેષીઓ લોકોની આગળ ઘસાતું બોલતા, પણ તે દૂરને દૂર ભાગતા જ રહેતા હતા. કારણ કે, જે અધર્મીઓ હતા તેમને શ્રીહરિનો ઘણો ભારે તાપ લાગતો હતો. ૨૧. જે આચારનો અધર્મમય જાણીને શાસ્ત્રમાં નિષેધ કર્યો હોય, છતાં તે શાસ્ત્રની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને જે વર્તવું તેને અધર્મ કહેવાય છે. ૨૨. **જે પૂર્વે સમર્થ સત્પુરુષો થયા છે તેમણે શાસ્ત્રમાં દ્વાર મૂક્યા છે. જે લોકો તે દ્વારને જોઈને ત્યાંથી ચાલે છે તો તેને શુદ્ધધર્મ કહેવાય છે. ૨૩.** તે ધર્મ તથા અધર્મને દેખાડવા માટે જ શ્રીહરિ સત્સંગમાં વિચરણ કરે છે.

સંતો, વર્ણીઓ અને હરિભક્તો છે, તેઓ તો વિવિધ પ્રકારના નિયમોનું પાલન કરે જ છે. ૨૪. શ્રીહરિ ધર્મ અને અધર્મને દેખાડવા માટે વિવિધ નિયમોને રખાવે છે. જે લોકો નિયમોનું પાલન કરે છે તે ધર્મવાળા કહેવાય છે. ૨૫.

⁂ આજ્ઞા પાળવાનો મહિમા :

दोहा : हरि प्रगट हि ताहिके, वचन करीके जोउ;
नियम रखत जेहि दृढकर, तेहि सम लाभ न कोउ...२६

જ્યારે પ્રકટ ભગવાન વિરાજમાન હોય, ત્યારે પ્રગટ પ્રભુનાં વચને કરીને દૃઢતાપૂર્વક નિયમોને રાખવા, તેના સમાન બીજો કોઈ લાભ નથી. ૨૬.

सोरठा : जेते संत हरिजन, प्रगट श्रीहरि वचन महीं;
सुख दुःख करी सहन, वर्तत सो धन्य धन्य भये...२७
अक्षरधाम के मांहिं, सबसे कहत सुख अधिक;
हरिवचन में रहाहि, चलना सुख तिनसे अधिक...२८

જે સંતો અને હરિભક્તો પ્રકટ શ્રીહરિનાં આજ્ઞાવચનમાં સુખ-દુઃખોને સહન કરીને પણ વર્તે છે, ખરેખર તેઓ ધન્ય ધન્ય ભાગ્યશાળી છે. ૨૭. અક્ષરધામમાં સહુથી વધારે અધિક સુખ કહેવાય છે, પણ શ્રીહરિનાં વચનમાં રહીને વર્તવું, તેમાં અક્ષરધામ કરતાં પણ વધારે સુખ છે. ૨૮. હવે કેટલાક વધારે પડતો મિથ્યા ત્યાગ રાખનારા લોકો, જે મનમુખી થઈને શ્રીહરિની આજ્ઞા કરતાં પણ અધિક નિયમોને રાખે છે તેનું જોરદાર ખંડન કરે છે. ત્યાગ ઉપર અધિક અનુરાગ રાખીને અન્ન તથા જળ આદિ બધાનો પણ ત્યાગ કરી દે છે, તેઓ ત્યાગ સિવાયની શ્રીહરિનાં ચરિત્ર વગેરેની બાબતમાં પણ ત્યાગના જેવી રુચિ રાખતા નથી. કેવળ એક ત્યાગમાં જ રુચિ રાખે છે. ૨૯-૩૦.

જૂનાં અને મેલાં વસ્ત્ર રાખે અને મનમાં તેનું માન સમાય નહીં, બીજા જે સંત-હરિભક્તો શ્રીહરિની આજ્ઞા પાળતા હોય, તેનો મનમાં કાંઈ ભાર-ગુણ રાખે નહિ, ઉપર ઉપરથી ઉપશમ સ્થિતિ થઈ હોય એવો વેશ રાખે, ધ્યાનની ઓથે લોકોને ઠગે એવો ત્યાગ દેખાય તેમાં ગૃહસ્થો અતિ મોહ પામે છે. ૩૧-૩૨. તેથી ગૃહસ્થ પોતાના ઘરમાં જે કાંઈ સારી વસ્તુ હોય

તે એવાને બધું સમર્પણ કરે છે. જ્યારે તે દંભીને આપે છે ત્યારે દંભી, તે વસ્તુને ફેંકી દે, પણ ગૃહસ્થ તેને જોરાઈએ તે વસ્તુ આપે છે. એવા કેટલાક ગૃહસ્થ હોય છે. ૩૩. અને જે સાધુ સરલ સ્વભાવે રહેતા હોય એવા સંતને ગૃહસ્થ માનતા નથી. સરલ સંત કાંઈ દાવો રાખતા નથી, પણ સહુને તેનું વર્તન આગળ દેખાઈ આવે છે. ૩૪. દંભી સાધુ તેનું અપમાન કરે, છતાં તે ગૃહસ્થ તેને છોડતો નથી. લાજ-શરમથી ગૃહસ્થ તેની સાથે બંધાયેલો રહે છે. જ્યારે દંભી સાધુ સત્સંગથી બહાર નીકળી જાય છે, છતાંએ તેમાં તેને અપાર સ્નેહ રહે છે. ૩૫. સત્સંગમાં જે લોકો જેવું વર્તન રાખતા હોય છે તે તરત જ દેખાય આવે છે. જે દંભી હોય તે છેવટે ખુવાર થાય છે અને સત્સંગના ભીડામાંથી બહાર નીકળી જાય છે. ૩૬.

दोहा : संत वर्णी हरिजन जो, निरदंभ जेते रहाय;
दिन प्रतिदिन सत्संग में, बढत रहे सो ताय...३७
सत्संग में रहे जितने, शिष्य रु गुरु प्रजंत;
परस्पर करे वंदन नित, निरदंभ ताहि कहंत...३८

જે સંતો, વર્ણીઓ અને હરિભક્તો નિર્દંભપણે રહેતા હોય છે, તેઓ રોજબરોજ સત્સંગમાં આગળ વધતા જ રહે છે. ૩૭. શિષ્ય અને ગુરુ પર્યંત જે કોઈ સત્સંગમાં રહેતા હોય, તેઓ નિત્ય પરસ્પર વંદન કરતા રહે તેને નિર્દંભી કહેવાય. ૩૮. **બંને હાથ જોડીને જે નિત્ય મસ્તકને નમાવી વંદન કરતો રહે તેને નિર્દંભ જોવો. જે દંભી હોય છે તે નિત્ય વંદન કરી શકતો નથી. ૩૯. જેટલા સત્સંગમાં રહ્યા છે તે બધાં વંદન કરવાને યોગ્ય છે; આવું સમજીને નિર્દંભી હોય છે તે સહુને નમતો રહે છે. ૪૦.**

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોદશ પૂરમાં 'જૂનાગઢમાં શ્રીહરિનું સન્માન, દ્વેષીઓનો સંતાપ અને દંભીઓની સ્થિતિ' કહી એ નામે સાડત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૭॥



પૂર તેરમું : તરંગ - ૩૮

નવાબને દર્શન દઈને શ્રીહરિ નાગરવાસમાં આવ્યા

શ્રીહરિએ જે વાત કહી હોય, તે વાત જ્યારે યાદ આવે ત્યારે તેને ચરિત્રોમાં ઉમેરીને લખું છું. ૧. જેને આ બાબતની ગમ નથી, એવા મનુષ્યો તો આ વાતને સાંભળીને હસવા લાગશે, પણ જે સમજુ હશે, તે તેની પ્રશંસા કરશે. ૨. કરુણાના ધામ શ્રીહરિ લોકોને દર્શન દેતા અને આનંદની ઝડીને વરસાવતા થકા જૂનાગઢમાં નવાબના રાજમહેલને સમીપે આવ્યા. ૩. નવાબનો મહેલ માનો, બજાર ઉપર ઝૂકી રહ્યો હતો. નવાબ શ્રીહરિનાં દર્શન કરવા માટે ઝરૂખામાં બેસી રહ્યા હતા. ૪. શ્રીહરિની સાથે જે સંતો, વર્ણીઓ અને પાર્ષદો હતા. તેમજ કાઠી દરબારો અને બીજા બધાં હરિભક્તો ફૂલહારોથી ઢંકાઈ ગયેલા હતા. ૫.

રસ્તામાં અપાર ગુલાલ ઉડાડતા આવતા હતા. હરિભક્તો ધોળના કીર્તન બોલતા હતા. વાજિંત્રોના સમૂહમાં વાજિંત્ર વાગતા હતા અને નિશાનો ભેળા નિશાન હતા. ૬. ગૃહસ્થ પુરુષો તેમના સમાજમાં હતા અને ત્યાગીઓ ત્યાગીના ભેળા શોભતા હતા. પાર્ષદો પાર્ષદોની સાથે હતા. અને છડીદારો તેમની સાથે રહ્યા હતા. ૭. તેમની પાછળ શ્રીહરિ અશ્વ ઉપર બેસીને આવતા હતા. અશ્વ બધા સોનેરી સાજથી ભર્યો હતો, આવી શોભા તો ક્યારેય દેખી ન હતી. ૮. નવાબે જ્યારે એ બધી શોભાને દેખી ત્યારે તેઓ બોલ્યા, ‘આ જોગી તો ભારે સમર્થ છે. આ જોગી અપાર સામર્થ્યને ધારી રહ્યા છે. ૯. આમાં અપાર સામર્થ્ય રહ્યું છે તે લોકોના તર્કમાં-કલ્પ્યામાં ક્યાંથી આવે ? આ જોગીના સમાચાર સાંભળીને નગરના જેટલા નર-નારી છે, તેઓ કોઈ ઘરમાં રહ્યા નથી. બધા જ લોકો આવીને બજારમાં દર્શન કરવા ઊભા છે. આ તો જોગીનો જ ચમત્કાર છે. મેં અત્યારે આ પારખી લીધું છે. ૧૦-૧૧.

કેટલાક અસુર લોકોએ મારી પાસે આવીને આ જોગીની બાબતમાં કહ્યું કે, તેને શહેરની બહાર ઉતારો અપાવડાવો. કારણ કે, જૂનાગઢ શહેરનો કબજો લઈ લે, એવું તેમનું સામર્થ્ય છે. ૧૨. ત્યારે અમે તે અસુરોને કહ્યું,

આ શહેર અમારું છે. તેઓ શહેરમાં આવીને ભલે શહેરને કબજે કરી લે. કેમ જે, આ શહેર તો તે જોગીનું જ છે. ૧૩. અસુરો ધૂળ ફાંકતા રહ્યા અને જોગી તો શહેરમાં આવી ગયા છે. આ જોગીનો જ પ્રતાપ છે. અમે આ સત્ય કહીએ છીએ. ૧૪. જેને સત્ય કહેવાય છે, જેટલી નીતિ છે, તે બધું અમે આ જોગીમાં રહ્યું છે એમ દેખ્યું છે. મોઢેથી વાત કેટલીક કહેવી. બજારમાં ચાલ્યા આવતા ત્યારે જ મેં તેમને પારખી લીધા છે.' ૧૫.

ધર્મકુમાર શ્રીહરિ નવાબના રાજમહેલની સમીપે આવ્યા, ત્યારે નવાબ ઝરૂખામાં ઊભા થઈ ગયા. ૧૬. તેણે બંને હાથ જોડીને વંદન કર્યાં. દર્શન કરીને તેમણે પરમ સુખનો લહાવો લીધો. તે મહેલના ગોખને સુંદર રીતે શણગાર્યો હતો, તેની શોભા કહી શકાતી નથી. ૧૭. તે ગોખમાં ઊભેલા નવાબે શ્રીહરિને સાનથી નજીક બોલાવી લીધા. પછી નવાબે શ્રીહરિને કહ્યું, 'આપ આ શહેરમાં ભલે પધાર્યા. ૧૮. આજ મને આપનાં શુભ દર્શન થયા, અમારું બધું રાજ્ય આજ સુફળ થયું છે. જે લોકો મનનાં પવિત્ર ભાવથી અત્યારે આપનાં દર્શન કરે છે, તે નર-નારી બધાં મનુષ્યોને ધન્ય છે ! ધન્ય છે ! તેમને ક્યારેય ફરીને આ સંસારમાં ફેરો નહિ રહે. આપનું દર્શન, આપના ચરિત્રો તથા આપ પ્રકટ થઈને જે વિચરણ કરો છો, તેને જે પ્રાણી અલૌકિક ભાવ ઉરમાં લાવી સંભારશે, તે પુરુષો તથા સ્ત્રીઓ ચોક્કસ મહાઅલૌકિક આપનાં ધામને પામશે. ૧૯-૨૧.

આપનો જન્મ અને ચરિત્રો જે છે તે બધા સંસારના બંધનનો નાશ કરનારાં છે. તેમાં જે જેવી ભાવના રાખશે તેમને તેવું ફળ મળશે. ૨૨. આપના આવવાની વાત મેં જ્યારે કાને સાંભળી ત્યારે મને એટલો બધો આનંદ થયો કે, મારાં અનંત જન્મોમાં ક્યારેય આવો આનંદ નહિ થયો હોય. ૨૩. હે સ્વામી ! હું ખરેખર સાચી વાત કહું છું. બહુનામી આપ મારા દિલદાર(પ્રાણપ્રિય) છો. તે આપની આગળ હું શી વાત છુપાવું ? આપે મને આજે ખરેખર પાવન કરી દીધો છે.' ૨૪. નવાબે શ્રીહરિનો જે સત્કાર કર્યો તે બધો લખી શકાય તેમ નથી. તે અંગે થોડું થોડું લખું છું. છતાં ગ્રંથ વધી જાય છે. ૨૫.

શ્રીહરિના ભક્ત જે ત્યાગી-ગૃહી છે, તેઓ નાના ગ્રંથમાં રુચિ કરે છે. મોટો ગ્રંથ તેમને ગમતો નથી. ૨૬. શ્રીહરિ અને હરિભક્તોની સાંગોપાંગ વાત ક્યારેય કહી શકાતી નથી. માટે થોડું થોડું કહું છું, છતાં આ ગ્રંથ તો ઘણો વધી રહ્યો છે. ૨૭. કોઈ પણ બાબતમાં હરેક મનુષ્યની રુચિ એકસરખી મળતી આવતી નથી. જે રુચે નહિ, તેમાં અરુચિ થાય જ. આ રીત કાયમની ચાલી આવે છે. ૨૮. ગ્રંથમાં રુચિ કરે કે અરુચિ કરે, તેનો લાભ કે ગેરલાભ તો તેને જ થવાનો છે. જે માણસને જેમાં જેટલો લાભ મનાય, તેટલો તેમાં તે લાભ લેવા દોડે છે. ૨૯. વાનર તો પશુ જાતિના કહેવાય. તોપણ તેઓ શ્રીરામચંદ્રજીના ભક્ત થયા. લાખ યોજનના વિશાળ સાગરને તે વાનરે એક પળવારમાં જ પાર કર્યો હતો. ૩૦.

તેણે શ્રીરામના અત્યંત પ્રતાપને દિલમાં ધારીને સંપૂર્ણ લંકાને સળગાવી મૂકી હતી. જેનાં હૃદયમાં ભગવાનનો પ્રતાપ પ્રકટ થાય છે. તેને અગાધ કામ પણ સુગમ થઈ જાય છે. ૩૧. **જે સંતો અને હરિભક્તો છે તેમણે શ્રીહરિ રીઝે તેમ કરવું જોઈએ. 'શ્રીહરિનાં વચનને અનુસારે ચાલવું' આટલી વાત અપાર છે અને અગાધ છે.** ૩૨. આવી અગાધ વાત બીજી કોઈ નથી. તે વાત અત્યારે સત્સંગમાં સહજપણે વર્તે છે. સત્યલોક સુધીમાં પણ આવી કોઈ વાત સાંભળવામાં આવતી નથી. ૩૩.

चोपाई :

पाताल लग नहि एसी बाता, संत हरिजन नित करत रहाता;
जाके भाग्य उदे होत भारी, सत्संग तेहि करत नर नारी...३४
अलोकिक भाग्य उदे विन कबहू, सत्संग होवत नहि हे सबहू;
सत्संग करत न जन ज्यां लगहू, भव भटकन रहत त्यां लगहू...३५

પાતાળ સુધીમાં પણ આવી વાત ક્યાંય નથી. પણ સહુ સંતો અને હરિભક્તો તે વાત નિત્ય કરતા રહે છે. જેના ભારે સદ્‌ભાગ્ય ઉદય પામ્યા હોય, તે નર-નારીઓ જ સત્સંગ કરી શકે છે. ૩૪. અલૌકિક ભાગ્ય ઉદય થયા વિના ક્યારેય કોઈને સત્સંગ થાતો નથી. માણસ જ્યાં સુધી સત્સંગ

નથી કરતો ત્યાં સુધી તેને સંસારમાં ભટકવાનું રહે છે. ૩૫. જન્મ-મરણ, લખચોરાશીના ફેરામાં તથા જમપુરીમાં જીવને ઘણું દુઃખ વેઠવું પડે છે. તેનું વર્ણન કરતાં કોઈ પાર આવતો નથી; શ્રીહરિ આવી વાત કહેતા હતા. ૩૬.

જૂનાગઢ શહેરના ભક્તોને દર્શન દેતાં દેતાં શ્રીહરિ નાગરવાડાની વચ્ચે પહોંચી ગયા. સહુએ ઘણું આશ્ચર્ય માન્યું. ૩૭. અમુક નાગરોને બુદ્ધિ ઘણી હતી. પણ તેમનો બુદ્ધિનો અપાર ડોડ જરાય કામ લાગ્યો નહિ. જ્યાં સુધી તેમણે સત્સંગ ન કર્યો ત્યાં સુધી તેમને અંતરમાં કલેશ રહ્યો, શાંતિ ન હતી. ૩૮. શ્રીહરિ જૂનાગઢમાં વારંવાર આવ્યા હતા, તોપણ તેની બુદ્ધિ કામ ન લાગી. તેઓ બુદ્ધિમાન તો હતા, પણ તેમની બુદ્ધિ મથુરાના વિદ્વાન વિપ્રોનાં જેવી હતી. ૩૯. ભગવાન કૃપા કરીને તે વિપ્રોને કરોડો યજ્ઞનું ફળ દેવા માટે આવ્યા પણ તેમણે ઓળખ્યા નહિ. પરંતુ તે ઋષિઓની પત્નીઓએ ભગવાનને ઓળખી - પારખી લીધા અને વિવિધ પ્રકારનાં ભોજન જમાડ્યા હતાં. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોદશ પૂરમાં 'નવાબને દર્શન દઈને શ્રીહરિ નાગરવાસમાં આવ્યા' એ નામે આડત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૮॥



પૂર તેરમું : તરંગ - ૩૯

જૂનાગઢમાં શ્રીહરિ રાત રહ્યા અને સવારે સ્નાન કરવા તૈયાર થયા

નાગરની પત્નીઓ આવીને શ્રીહરિને પગે લાગી. મનમાં જેવો શ્રદ્ધાભાવ હતો તે પ્રમાણે પ્રેમથી પૂજા કરી. ૧. ભોજન અને પૂજન કરવામાં નાગરના સમાન કોઈ થઈ શકે નહિ. શ્રીહરિને જેવું ગમે તેવું તેઓ કરી જાણતા હતા. ૨. નાગરો નવાં નવાં ભોજન અને તે જ રીતે નવો નવો પૂજનવિધિ જાણતા હતા. જેથી એક વરસ સુધી તે કરતા રહે, તોએ નવાં ને નવાં રહેતા. ૩. નાગર સિવાય બીજી જ્ઞાતિના જે હરિભક્તો હતા, તેઓ પણ બહુ ભાતે પૂજા કરતા હતા, તોપણ તેમાં નાગરની જેવી છટા આવતી નહિ. ૪.

ક્ષત્રિય હરિભક્ત દરબાર દાદાભાઈ ઘણા અનુપમ અને ગૂઢ હતા. તેમનું દીવાનખાનું શ્રીહરિને ગમે તેવું અત્યંત સુંદર હતું. ૫. તે રીતે ત્યાં પાસે જ સરસ ફૂલવાડી હતી. તેમાં શ્રીહરિનો ઉતારો કરાવ્યો. બધા સંઘની સાથે આવીને શ્રીહરિ તેમાં ઊતર્યા. તે જગ્યા દેખીને રાજી થયા. ૬. નજીકમાં જ ગિરનાર પર્વત હતો તેને દેખીને તો ઘનશ્યામ શ્રીહરિ ખૂબ જ પ્રસન્ન થયા. સંતો, વર્ણીઓ અને હરિભક્તો એ બધાની સભા શ્રીહરિની પાસે થઈ. ૭. જ્યાં આસોપાલવના વૃક્ષ હતાં ત્યાં સુંદર સભા કરી. પાટના ઉપર ગાદી તકિયા બિછાવ્યા. તેના ઉપર શ્રીહરિ મનમાં ગમે તેમ બેઠા. ૮. તે વખતની શોભા અલૌકિક હતી. તેનાં દર્શન કરવા માટે બધા દેવો આવ્યા. ભવ, બ્રહ્મા અને ઈંદ્રાદિક દેવો અને તેટલા જ ઋષિવર્યો, દર્શન કરવા ત્યાં આવ્યા. ૯. તે ગિરનાર પર્વત જ દેવગિરિ - દેવોની જગ્યા કહેવાય છે, એવો પ્રતાપી બીજો કોઈ પર્વત નથી. અનેક પ્રકારના વૃક્ષોથી પર્વત ભર્યો રહે છે. જાતજાતની વેલોનો અને ફૂલોનો તેમાં કોઈ પાર નથી. ૧૦.

સુંદર નિર્મળ પાણીનાં અપાર ઝરણાંઓ દરેક શિખરમાંથી ખૂબ જ વહેતા હોય છે. ફળ, મૂળ અને કંદથી પર્વત ભર્યો છે. ૧૧. શ્રીહરિ પર્વતની શોભાને દેખીને મુખથી હસ્યા અને બોલ્યા, આવા પર્વતને જોઈને અમારું દિલ ખૂબ ખૂબ પ્રસન્ન થાય છે. ૧૨. આ ભૂમિ ઉપર મોટા મોટા અપાર શહેરો છે. તે બધા એક એકથી અધિક શોભા ધરી રહ્યા હોય છે, પણ તેની શોભા દેખીને અમારું મન અતિશય ઉદાસ થઈ જાય છે. તેમાં રહેલા અપાર ખાન-પાનાદિક વિઘ્નરૂપ દેખાય છે. ૧૩-૧૪. **જે ધનાઢ્ય લોકો હોય છે તેનાં અંતરમાં અપાર પીડા હોય છે, છતાં તેઓ પંચવિષયનાં સુખોથી પોતાને મનમાં સુખી માને છે. ૧૫.**

તે વિમુખ લોકો પંચવિષયનાં સુખોને ભગવાનનાં ધામનાં સુખ કરતાં પણ અધિક માને છે અને તેથી તેઓ સંતોની ઠઠ્ઠા-મશ્કરી કરે છે. ૧૬. સાચા સંતોની લેશમાત્ર પણ સેવા કરવાથી સેવા કરનારને મહાસુખ મળે છે. આ વેળાએ સંતોની જે અધિક સેવા કરે છે, તેને એના કરતાં ઘણું વધારે સુખ

પ્રાપ્ત થાય છે. ૧૭. સંતોની અધિક સેવા કરવાથી અધિક લાભ મળે છે. સંતોની સેવા કરવાથી કોઈ ગેરલાભ થાતો નથી. પણ જે માયામાં અંધધંધ રહ્યા હોય તેને સાચા સંત ક્યાંથી મળે ? ૧૮. માયાનાં સુખના વારંવાર વખાણ કરનારા લોકો અપાર મળે છે, પણ ભગવાનનાં ધામનાં સુખની આગળ બીજા માયાનાં સુખો તો અત્યંત ફિક્કા લાગે છે. ૧૯. એવી સાચા સંતોની અને હરિભક્તોની સમજણ હોય છે. મહાભારતનાં શાંતિ પર્વાન્તર્ગત મોક્ષધર્મ પર્વમાં એવી વાત લખી છે. ૨૦. ધામમાં રહેનારા ભગવાનના ભક્ત બાઈ-ભાઈ ધામનાં અમાપ સુખોને દેખીને મુખથી અમૂલ્ય વચન કહે છે કે, ૨૧.

चोपाई :

धाम के सुख के आगे सुख ओरा, अनंत ब्रह्मांड के करे एक ठोरा;
धाम के एक हि रोम समाना, नाहीं होवत कबहु प्रमाना...२२
भूप के ईहाँ भुवन आगे, सेतखाना जेसे निक हि लागे;
तेसे अनंत ब्रह्मांड के देवा, ताके सुख हे सादृश तेवा...२३

અનંત બ્રહ્માંડોમાં રહેલા અપાર સુખોને એકબાજુ રાખે અને તેની સામે ધામનાં સુખનો એક રૂંવાડા જેવો કિંચિત્ ભાગ રાખે, તો તે બ્રહ્માંડોનું અપાર સુખ ધામનાં કિંચિત્ સુખની બરાબરી ક્યારેય કરી શકતું નથી. ૨૨. વિશાળ રાજમહેલની આગળ પાયખાનું કેવું સારું લાગે ? તેમ ધામનાં સુખ આગળ અનંત બ્રહ્માંડોનાં દેવોનાં સુખ દેખાય છે. ૨૩. તો પછી આ જગતના રાજાઓ અને શ્રીમંતોના સુખ ધામનાં સુખની તુલનામાં કેવા લાગે ? જે સાચા સંતો-હરિભક્તો હોય છે તેમને આવી સમજણ ઉદય થયેલી હોય છે. ૨૪.

આવી સમજણની દિશાને જે ક્યારેય ભૂલે નહિ, એવા જે સંત-હરિભક્તો છે તેમના સદ્‌ગુણોનો તો કોઈ પાર નથી. ૨૫. એવા સંતો અને હરિભક્તો જગતના તુચ્છ પદાર્થોને માટે ક્યારેય પરસ્પર કલેશ કરતા નથી. તેઓ તો પરસ્પર હેત-પ્રીત રાખે છે. ૨૬. આ જગતમાં જેટલા ભગવાનના અવતાર આવે છે, મોટા સંતો અને હરિભક્તો અવતરે છે. તેમનું જેવું વર્તન થયું હોય તેને ગ્રંથ દેખાડી દે છે. ૨૭. **આ જગતની બધી રીત તો ચાકડાના**

ફેરા જેવી છે, અર્થાત્ વિકારી છે. તેથી આ લોકમાં દૃઢ પરમમિત્ર હોય તોપણ ક્યારેક ચિત્ત ફરી જાય છે તેમ ભક્તના ચિત્તમાં પણ ક્યારેક ફેર પડી જાય છે. ૨૮. જ્યાં જેનું અતિશળ પ્રબળપણું હોય તેના ગુણોની અસર ક્યારેક થોડી ઘણી વર્તનમાં દેખાઈ આવે છે. અને જેને અસર થઈ હોય તેના નામ પણ શાસ્ત્રમાં લખાયા છે. ૨૯.

※ દિવ્યભાવ રાખે તેનો નિ:શંક મોક્ષ થાય :

मनुष्य भाव दिव्यभाव हि जेता, लिखे विन न रहे तिल तेता;
चरित्र श्रीहरि हरिजन केरे, मुमुक्षु जानत रहेउ तेरे...३०
हरि हरिजन के मनुष्यभावा, मुमुक्षु देखी न लेत अभावा;
मोक्ष होत ताके न संदेहा, श्रीहरि बात कही सो तेहा...३१

શાસ્ત્રમાં મનુષ્યભાવ અને દિવ્યભાવ એક તલભાર પણ લખ્યા વિનાનો નથી. ભગવાન અને તેમના ભક્તોના ચરિત્રોને મુમુક્ષુ ભક્ત જાણતા રહે છે. ૩૦. ભગવાન અને ભગવાનના ભક્તોમાં મનુષ્યભાવ દેખીને મુમુક્ષુ જીવ અભાવ લેતા નથી. એટલે તેમનો મોક્ષ નિ:સંદેહ થાય છે.' એમ શ્રીહરિએ વાત કહી. ૩૧. સંતો તથા હરિભક્તો શ્રીહરિની આવી વાત સાંભળીને મનમાં ખૂબ જ રાજી થયા. જે કહી શકાતું નથી. જ્યારે કંસારનો થાળ તૈયાર થયો ત્યારે ધર્મકુમાર શ્રીહરિ જમવા માટે ચાલ્યા. ૩૨. વર્ણીએ રસોઈ ઘણી સુંદર બનાવી હતી. શ્રીહરિ તે ઘણા ભાવથી જમ્યા. સંતો, પાર્ષદો અને કાઠી દરબારોને શ્રીહરિએ કંસાર પીરસીને જમાડ્યા. ૩૩. જે વિપ્રો હતા તેઓ વર્ણીની સાથે હરખાઈને જમ્યા. તે પછી જે હરિભક્તો બાકી રહ્યા હતા તેઓ પણ અતિ પ્રસન્ન મનથી જમ્યા. ૩૪.

બાઈ ભાઈ, બધા જ ભક્તજનો જ્યારે જમી રહ્યા ત્યારે અધરાત થઈ ગઈ હતી. પછી શ્રીહરિ પોઢી ગયા અને બધા સંતો શ્રીહરિનું ધ્યાન કરવા લાગી ગયા. ૩૫. તે વખતે સંતોના પ્રાણ ધ્યાનમાં લીન થઈ ગયા, તેને શ્રીહરિએ છાની રીતે આવીને જોયું. પછી તો અવિનાશી શ્રીહરિ ખૂબ ખડખડાટ હસી પડ્યા અને પછી બોલ્યા. ૩૬. શ્રીહરિનો ગંભીર, ઘેરો અને

મધુર શબ્દ જ્યારે સાંભળ્યો ત્યારે નિર્વિકલ્પ સ્થિતિને પામેલા સંતો ધ્યાનમાંથી બહાર આવ્યા. ૩૭. શ્રીહરિએ સંતોને કહ્યું, હવે રાત કાંઈ બાકી રહી નથી. સવાર થવા આવ્યું છે 'નારાયણ ધૂન' બોલો. પછી સંતો ધૂન બોલવા લાગ્યા. ૩૮. જ્યારે સંતો ધૂન કરી રહ્યા ત્યારે શ્રીહરિ તૈયાર થયા. જે કાઠી દરબારો હતા તેઓ બધા ઘોડે સવાર થઈને આવી ગયા. ૩૯. સંતો, વર્ણીઓ અને જે હરિભક્તો હતા, તે બધા તૈયાર થયા અને તે સમયે વિવિધ પ્રકારના વાજિંત્રો વાગવાં લાગ્યાં. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોદશ પૂરમાં 'જૂનાગઢમાં શ્રીહરિ રહ્યા અને સવારે સ્નાન કરવા તૈયાર થયા' એ નામે ઓગણચાળીશમો તરંગ સમાપ્ત ॥૩૯॥



પૂર તેરમું : તરંગ - ૪૦

સત્ય-અસત્ય માર્ગની રીત સ્પષ્ટતાથી કહી

જૂનાગઢમાં સવારે શ્રીહરિ દામોદર કુંડે સ્નાન કરવા નીકળ્યા. ધર્મકુમાર શ્રીહરિ સોનેરી સાજથી શણગારેલા અશ્વ ઉપર સવાર થયા હતા. ૧. છડીદાર હાથમાં સોનાની છડી લઈને 'જય જય' 'જય જય' 'જય જય' એમ મુખેથી ઊંચે સ્વરે બોલતા હતા. ૨. શ્રીહરિની સાથે જે સંતો, વર્ણીઓ અને હરિભક્તો હતા, તે બધા પ્રેમરસથી ભરપૂર થઈ ધોળ રાગના કીર્તન ગાતા હતા. ૩. તેનાથી આનંદનો કોઈ પાર રહ્યો નહિ, આનંદનું પૂર એટલું ઊભરાયું કે હૃદયમાંથી બહાર ચાલતું થયું. કીર્તનોનાં શબ્દ એવા સારભૂત નીકળતા હતા કે, તેમાં વેદ અને પુરાણોનું રહસ્ય લીન થઈ જાતું હતું. ૪. સંતો, વર્ણીઓ અને હરિભક્તોનાં અત્યંત પ્રેમરસભર્યા શબ્દ સાંભળીને પશુ, પંખી અને નગરજનો, ૫. બધાં જ શ્રીહરિનાં સ્વરૂપમાં લીન થઈ ગયા.

મનોહર મૂર્તિ અત્યંત સુખદાયક બની હતી. ઉમાભાઈ અને નાથજીભાઈ, એ બંને પાર્ષદો શ્રીહરિની બંને બાજુએ હતા. ૬. એકના હાથમાં છત્ર લીધેલું હતું અને બીજાના હાથમાં સૂર્યમૂખી લીધેલી હતી. તે

બંનેને શ્રીહરિનાં મસ્તક ઉપર ધાર્યા હતા. માનો તેમાં સૂર્યના કિરણ ભળીને એકરૂપ થયા ન હોય ? એવા લાગતા હતા. ૭. બંને સોનેરી જરીથી ભરેલા હતા. તેમાં એટલી વિવિધ ભાતો હતી કે, જે કહી શકાતી નથી. શ્રીહરિએ ફૂલહાર ઘણા પહેર્યા હતા. એટલે તેની શોભા પણ અપાર થઈ હતી. ૮. આગળ અને પાછળ અપાર લોકો હતા. ગુલાલ ઊડતો હતો. સહુ લાલ લાલ થઈ ગયા હતા. શ્રીહરિનાં પરમ રસાળ ગુણોને મતવાલા થઈને હરિભક્તો ગાતા હતા. ૯. નર-નારી બધાં જ ભક્તજનો એક શ્રીહરિના મુખ સિવાય અન્ય કાંઈ જોતા જ નહિ. સ્ત્રીઓના સમુદાયમાં સ્ત્રીઓ અને પુરુષોના સમુદાયમાં પુરુષો ચાલતા હતા. ૧૦.

હરિભક્ત માત્ર જગતના કોઈ પણ કેફ તથા વ્યસનને કરતા નહિ. મુખથી ક્યારેય એલફેલ બોલતા નહિ. આખા જગતથી તેઓ અલગ રીતે જ વર્તતા હતા. ૧૧. બધા હરિભક્તો બીજા બધાં મત કરતાં શુદ્ધ રીતે વર્તતા હતા. ધર્મમર્યાદાથી વિરુદ્ધ ચાલવાનું બંધ કરી દીધું હતું. કારણ કે, તેઓ ધર્મવિરુદ્ધ ચાલવામાં દોષ દેખતા હતા અને તેમને શુદ્ધ રીતે ચાલવામાં સંતોષ રહેતો હતો. ૧૨. **મનુષ્ય, રાજા કે દેવો સુધીના જે કોઈ સંતોષરહિત હોય તેમને ક્યારેય શાંતિ મળતી નથી. અને ક્યારેય તૃપ્તિ પણ થાતી નથી. ૧૩. અનંત લોકો મરી ગયા છે. અપાર લોકો અત્યારે ભૂમિ ઉપર છે અને અપાર લોકો થાશે, પણ તેઓ બધાં પાર ન પમાય તેટલા દુઃખી રહે છે. ૧૪. અપાર સમૃદ્ધિ હોય પણ જ્યારે દેહમાં દુઃખ થાય છે ત્યારે તે સમૃદ્ધિ જરાય કામ લાગતી નથી. ભલેને ત્યારે કરોડો વૈદ્યને બોલાવે, તોપણ દુઃખ ટળતું નથી. ૧૫.**

નર-નારી હરિભક્તોએ આવું વિચારીને કુસંગનો ત્યાગ કર્યો હતો અને સર્વોપરી તથા સારમાં સાર એવો સત્સંગ કરતા હતા. ૧૬. શરીર અને ઘર વગેરે પદાર્થો અસત્ય છે, નાશવંત છે અને દેહના બધાં સંબંધી માતા-પિતા વગેરે કુટુંબ પણ અસત્ય અને નાશવંત છે. ૧૭. સત્સંગ કરવામાં વિઘ્ન કરનાર પિંડ અને બ્રહ્માંડાદિક કુસંગ છે. તથા જ્યાં સુધી માયાનો સંબંધ રહે છે ત્યાં સુધી ઇંદ્રિયો, અંતઃકરણ વગેરે પણ કુસંગ છે. ૧૮. એ રીતે જે જે

અસત્ છે તે બધાને મોક્ષભાગી જીવ કુસંગ કહે છે. મોક્ષપરક શાસ્ત્રોનાં જેટલા વચનો છે તે વચનો પણ અસત્‌ને કુસંગ જ કહે છે. ૧૯.

चोपाई :

आत्मा परमात्मा हरिजन जितने, साचे संत सत वरणि तितने;
हरि के धाम जेते कहावा, निवास करी हरि जामें रहावा...२०
सत धर्म सत भक्ति जो जेहा, सत वैराग्य सत ज्ञान तेहा;
जिहाँ लग वरतत जेहि ठोरा, तिहाँ लग हरि रहत तेहि कोरा...२१

જીવાત્મા, પરમેશ્વર, તેમના સાચા હરિભક્તો, સાચા સંતો, સાચા વર્ણીઓ તથા જેમાં ભગવાન નિવાસ કરીને રહ્યા હોય એવા ભગવાનનાં બધા ધામો એ બધા સત્ય છે. ૨૦. સત્ય ધર્મ, સત્ય ભક્તિ, સત્ય વૈરાગ્ય અને સત્ય જ્ઞાન, એ ચાર જે ઠેકાણે જ્યાં સુધી રહે છે, ત્યાં સુધી ભગવાન તેની કોર - તેની તરફ રહે છે. ૨૧. લોભથી અસત્ય પ્રવેશ કરે છે. આ જગતની રીત જ એવી છે કે, જ્યાં લોભ પેસે છે ત્યાં જેટલી સત્ય વાત હોય, તે પણ ભિન્ન ભિન્નરૂપમાં કહેવાતી હોય છે. ૨૨.

ત્યાર પછી સત્ય તો આભાસમાત્ર જ રહે છે. અને જ્યારે એવું આભાસમાત્ર જ હોય ત્યાં ભગવાન પ્રકટ થઈને કઈ રીતે આવે ? તે વેળાએ તો સાચી સાચી રીતોને સદ્‌ગ્રંથોમાંથી જોઈને આશ્રિત ભક્તોને તે પ્રમાણે અંતઃપ્રેરણાથી ચલાવે છે. ૨૩. વળી, જે જે બાબત અસત્ય હોય છે તેને દેખીને તેનો ત્યાગ કરાવે છે. જ્યાં લોભનો લેશમાત્ર પણ ન દેખાય ત્યાં આ રીતે પ્રકટ ભગવાન નક્કી રહે છે. ૨૪. જેના અંતરમાં કુટિલતા ભરી હોય એવા કેટલાએ મતવાદીઓ જેમાં પોતાની રુચિ હોય તેવી વાતો બનાવીને કરતા હોય છે. તે વાતોમાં એકેય વાતની સ્થિરતા હોતી નથી. ૨૫.

સારો હોય કે ખરાબ પણ પોતપોતાના મત-સંપ્રદાયમાં તેનો ગુરુ જ સરદાર રહે છે. લોકો જે મત-સંપ્રદાયમાં બંધાઈ જાય, પછી બીજામાં કાંઈ સાર દેખતા નથી. ૨૬. સૂતર અર્થાત્ કાપડ વણવા માટેના દોરામાં કોઈ દોષ હોતો નથી, તે દેખવાથી ખબર પડે છે. તેથી જ તે સૂતરમાંથી કારીગર

પોતે જેવું ધાર્યું હોય તે પ્રમાણે વસ્ત્ર આદિને બનાવી લે છે. તેમ ગુરુ જો નિર્દોષ હોય તો તેથી જીવના કલ્યાણ થાય છે. અને જીવના કલ્યાણ થાય એવું જ એનાથી વાણી અને વર્તન થાય છે. ૨૭. જેમ કે, તે સૂતરમાંથી વિવિધ પ્રકારનાં અમૂલ્ય વસ્ત્ર બનાવાય છે અને જેને જે અનુકૂળ હોય તેને તે લે છે. ૨૮. જેટલા દેહધારી કહેવાય છે તેમાં મનુષ્ય સહુથી શ્રેષ્ઠ છે. તે મનુષ્યને પણ વસ્ત્ર જ શોભાડે છે. વસ્ત્ર વગરનો માણસ શોભતો નથી. ૨૯. હાથી, ઘોડા અને બીજા વાહન પણ વસ્ત્રથી શોભે છે. તંબુ અને નિશાન વગેરે પણ વસ્ત્રમાંથી જ થાય છે. અરે, પાણી ગાળવાનું ગળણું પણ વસ્ત્રનું જ થાય છે. તેમ સાચા ગુરુથી જ સહુનું ભલું થાય છે. ૩૦.

વસ્ત્રે કરીને તો કેટલાક પ્રકારે જીવનું રૂડું થાય છે, ઉદ્ધાર થાય છે. પાણીમાં સૂક્ષ્મ જંતુ અપાર હોય છે. તેથી પાણીને વસ્ત્રના ગળણાથી ગાળીને પીવું જોઈએ. એક માછીમાર છ માસ સુધી જાળથી માછલાં મારે, તેને જે પાપ થાય, તેટલું પાપ તો માણસને એકવાર અણગળ પાણી પીવાથી લાગે છે. તે પાપ વસ્ત્ર દ્વારા ટાળી શકાય છે. અને વળી, વિવિધ પ્રકારના જેટલા પદાર્થો છે તે બધા મનુષ્યને માટે જ બનાવ્યા છે, પણ તેનો દુરુપયોગ કરવામાં આવે તો નુકશાનકારક થાય છે. ૩૧-૩૨. જેમ કે, તે પદાર્થોનો જીવના હિતનો નાશ કરવા માટે કેટલાક પ્રકારના પાશ રચવામાં ઉપયોગ કરવામાં આવે છે. ગુરુની જેવી રુચિ હોય તેવા શબ્દોનો પાશ રચે છે. ૩૩.

જો ગુરુ પવિત્ર રુચિવાળા હોય, તો સારસાર રૂપ શબ્દ લઈને જે રીતે જીવનો સદ્ય મોક્ષ થાય એવા અલૌકિક પાશની રચના કરે છે. ૩૪. પણ જે ગોળ અને ખોળને એક જ જાણતા હોય, એવા કેટલાક લોકો હોય છે. તેઓને માટે સારા-મોળા બધા પાશ એકસરખા જ હોય છે. કેમ જે, તેનો તેના અંતરમાં વિવેક હોતો નથી. ૩૫. જેના અંતરમાં શુદ્ધ મોક્ષનો અંકુર વિદ્યમાન હોય એવા વિવેકીજનો નિયમ-ધર્મ વિનાના જેટલા ગુરુ દેખ્યામાં આવે ત્યારે તેને માછીમારના સમાન દેખે છે. ૩૬. અને જે નિયમ-ધર્મથી યુક્ત હોય, જેને પ્રકટ ભગવાન ઉપર તાન હોય તથા જે ભગવાનના સાકાર સ્વરૂપની ઉપાસના કરતા હોય, એવા જે ગુરુ છે તે મોક્ષની ખાણરૂપ છે. ૩૭.

પ્રહ્લાદથી આરંભીને પૂર્વે જે જે ભક્તો થયા છે તે બધાની આદિ, મધ્યે અને અંતે એક જ સમાન રીત રહી છે. ૩૮. સનકાદિકો, શુકદેવજી અને જડભરતની રીતે જે વર્તે છે તે પરમ પુનિત રીત છે અને તેમ વર્તે તેને અસલ સંત જાણવા. ૩૯. જેના જે જે ઈષ્ટદેવ હોય તેને પોતાની મૂર્તિમાં લીન કરી બતાવે અને અતિ બલિષ્ઠ દિવ્યભાવ દેખાડે તેને (સર્વોપરી પ્રગટ) ભગવાન કહેવાય છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોદશ પૂરમાં 'સત્ય-અસત્ય માર્ગની રીત સ્પષ્ટપણે કહી' એ નામે ચાળીશમો તરંગ સમાપ્ત ॥૪૦॥



પૂર તેરમું : તરંગ - ૪૧

દામોદરકુંડમાં સ્નાન અને દામોદર ભગવાનનાં દર્શન

અને વળી, જેના જે જે ઈષ્ટદેવ હોય તે તેના ભક્તના અંતરમાં પ્રકટ થઈને તેને એમ કહે, 'અત્યારે ભગવાનનો અવતાર થયો છે.' ત્યારે તે સાંભળનારો મનુષ્ય ભગવાનના તે અવતારને માને છે, પણ તે વિના કોઈ માને નહીં. ૧. અને ભગવાન પણ જ્યારે જે સ્થાનમાં પ્રકટ થાય છે ત્યાં અગાઉથી પોતાનો અપાર પ્રતાપ દેખાડતા હોય છે. ૨. ભગવાન જે રીતે પોતાનું અવતારકાર્ય કરવાનું શરૂ કરે છે, તે બધું અગાઉથી કેટલાક લોકોને દેખાતું હોય છે. ૩. આ કળિયુગમાં દેશેદેશમાં અસુર લોકો પોતાનું પેટ ભરવા માટે અવતારનો વેશ લઈને માનો, અવતાર જ હોય તેમ ફરતા હોય છે. ૪. જગતમાં પશુના જેવું જીવન જીવતા નર-નારીઓ, કેટલાક પેટભરા ભટ-પંડિતો અને પેટ ભરવા થયેલા ભેખધારીઓ અને વેશધારીઓને પ્રભુ માને છે. ૫.

તે વેશધારીઓ જે મતમાં અન્ન, વસ્ત્ર, ધન અને સ્ત્રી વગેરે ભોગ પુષ્કળ પ્રમાણમાં મળે તો ત્યાં તેઓ ભગવાનની પ્રતિમાને મંદિર બનાવીને તેમાં પધરાવી દે છે. ૬. પ્રકટ અને સાચા ભગવાન જ્યાં વિચર્યા હોય તે

સ્થાનને તજી દઈને તે કૃત્રિમ વેશધારીના સ્થાનમાં દોડવા લાગે છે. સારું થયું કે, પ્રગટ ભગવાનના પ્રાસાદિક સ્થાનરૂપ ઘરમાંથી તે અધર્મરૂપ મનુષ્યો સર્વે ચાલ્યા ગયા. અને તેઓ તીર્થના બહાને જ્યાં વેશધારીએ હરિમંદિર કરી મૂર્તિ સ્થાપી હોય ત્યાં જઈને અધર્મ ચલાવે છે. તેવા પાપીના અંત સમયે જમદૂત આવે છે અને તેને જમપુરીમાં લઈ જાય છે. ૭-૮. ત્યાં તેને જમદૂતો પુષ્કળ માર મારે છે અને તેનો ક્યારેય છેડો આવતો નથી. તેને કોઈ મદદ પણ કરતું નથી. કારણ કે, તેનું પાપ વજ્રલેપ થઈ ગયું હોય છે. ૯. તે સિવાય જે ભગવાનનો કૃત્રિમ વેશ લે છે, તેનું જ્યારે મૃત્યુ થાય છે ત્યારે તેને લેવા માટે કેટલાક જમદૂત આવે છે. તેઓ મહાભયંકર રૂપ લઈને ઘણી મોટી સંખ્યામાં આવે છે. ૧૦.

યમદૂતો તે પાપી જીવને 'મારો' 'મારો' એમ કહીને તેની ચોતરફ આમ તેમ દોડધામ કરતા હોય છે. અને હાથમાં લોઢાની ગદા લઈને મતવાલા થયેલા કેટલાક ભયંકર જમદૂતો ચારેકોર ઊભા રહે છે. ૧૧. તે પાપી જીવને જમપુરીમાં લઈ જઈને ત્યાં લોઢાના કોલુમાં પીલે છે. બ્રહ્માંડનો પ્રલય થાય ત્યાં સુધી તેને વારંવાર કોલુમાં પીલે છે. ૧૨. તે પછી વારંવાર શૂળી ઉપર ચઢાવીને તેને વીંધે છે. બ્રહ્માંડ રહે ત્યાં સુધી જેનો પાર ન આવે, એવો માર સહન કરે છે. ૧૩. મોટા મોટા સિંહોની પાસે તેના શરીરને ખવડાવે છે. પોતે ભગવાન થઈને, તેણે લોકોને ખૂબ જ ઠગ્યા હોય છે તેનો મનમાં પરિતાપ કરતો રહે છે. ૧૪.

પછી તે દુઃખી જીવ જમની આગળ હાથ જોડીને અને મનથી નિષ્કપટ થઈને બોલે છે. હવે હું કુમાર્ગે નહિ ચાલું. હું તો પેટને ખાતર કુમાર્ગે ચાલ્યો હતો. ૧૫. હું પેટ ભરવા માટે નિર્ભય થઈને કુમાર્ગે ચાલ્યો હતો. હવે હું સન્માર્ગે ચાલીશ. ભગવાનનો દાસ થઈને હવે હું ભગવાનને ભજીશ. ૧૬. હવે પછી જો હું પાખંડમત ચલાવું તો મને ક્યારેય મનુષ્યનો દેહ આપશો નહિ. પણ મને પથ્થર અથવા લોઢાનો દેહ આપજો. હું હાથ જોડીને આપને કહું છું. ૧૭. આમ ઘણા યુગ સુધી તે જીવ જ્યારે પ્રાર્થના કરે છે ત્યારે ધર્મરાજ તેને કહે છે કે, જે ભગવાનનો વેશ ધારે છે તે જીવો તો અતિશય

પામર કહેવાય છે. ૧૮. કરોડો કલ્પ સુધી પ્રાર્થના કરે તોય અમે તેને ક્યારેય છોડીએ નહિ. તેને તો અમે જમપુરીનો નરકકુંડ કરીએ છીએ, પણ મનુષ્યદેહ તેને આપતા નથી. ૧૯. પછી જેને ઠગીને શિષ્ય કર્યા હોય, તે શિષ્યોને તે કુંડમાં કલ્પપર્યંત નાખવામાં આવે છે. ૨૦.

પછી તે વેશધારીના નરકકુંડમાં પડેલા તેના માર્ગે ચાલેલા શિષ્ય જીવો દિવસો ગણે છે. એક કલ્પ પર્યંત વેશધારીના કુંડમાં પડીને દુઃખ ભોગવે છે. ૨૧. યમરાજ તો નિર્દય થઈને તેને તેવા કુંડમાં નાખે છે. તેના ઉપર કોઈને દયા આવતી નથી. વેશધારી પાપી જીવ તો મનમાં પશ્ચાત્તાપ કરતો રહે છે કે, અત્યારે અહીં કોણ મદદ કરે ? ૨૨. **જીવોને સહાય કરે એવા ભગવાન શ્રીહરિ અત્યારે ધર્મને ઘેર પ્રકટ થયા છે. અત્યારે જે જીવ તેમની પ્રાર્થના કરે છે તેના કરોડો ગુના-અપરાધોને તે ભગવાન સ્વામિનારાયણ માફ કરે છે. ૨૩. અવતારો તો અનંત થયા છે, પણ સમર્થ વિના જીવોના અપરાધોને માફ કોણ કરે ? અત્યારે સમર્થ ભગવાન સ્વામિનારાયણ સિવાય ક્યારેય માફ ન થઈ શકે એવા અમાપ પાપો માફ કરવા કોણ સમર્થ છે ? ૨૪. સંતો હરિભક્તોની આગળ કહે છે કે, તમારા ભાગ્ય અપાર છે. કારણ કે, આ સમયે સહુથી વધારે સમર્થ એવા શ્રીહરિ તમને સહુને મળ્યા છે. ૨૫.**

શ્રીહરિ બધા સંઘને લઈને દામોદર કુંડે આવ્યા. સંતો અને હરિભક્તોની સાથે ત્યાં નાહ્યા. તે વેળાએ સુંદર શોભા બની હતી. ૨૬. શહેરમાં ચારે વર્ણના મનુષ્યોનું જ્યારે મરણ થાતું, તેને અહીં લાવીને તેનો અગ્નિસંસ્કાર કરાતો હતો. તે બધા જીવાત્માઓને શ્રીહરિએ દેવગતિ આપી. ૨૭. તે પુણ્યાત્માઓ તેજોમય વિમાનમાં બેસી બેસીને સદ્‌ગતિ પામીને ગયા. તેને પ્રકટ પ્રમાણના રૂપમાં કેટલાય લોકોએ દેખ્યા. ૨૮. **શ્રીહરિની આ તો એક દિવસની વાત છે. આવાં તો અનંત આશ્ચર્યો થતા રહેતા. તે બધાંને નથી લખતો, છુપાવીને રાખુ છું. કારણ કે, લોકો તેટલા અધિકારી હોતા નથી. ૨૯. જેટલી વાત માણસના હૃદયમાં સમાઈ શકે તેટલી વાતને હું ડરતાં ડરતાં લખું છું.** અનાજ છે તે પ્રાણીમાત્રની જીવનદોરી છે. ૩૦.

જેટલું રુચે-પચે તેટલું ખાય તો ક્યારેય રોગ થાય નહિ. સારાં પકવાનને કોઈ ગળા સુધી ભરીને ખાય તો તરત જ પ્રાણ ગુમાવે. ૩૧.

બધી જ ઇંદ્રિયોના ભોગને માટે **युक्ताहारविहारस्य'** *(गी.६/१७)* એમ ગીતામાં ભગવાને કહ્યું છે. અર્જુનના સમાન કોઈ ભક્ત કહેવાય નહિ. તેઓ ઘણા સમર્થ ભક્ત હતા. ૩૨. તેઓ મનમાં ધારે તે કરી શકે તેમ હતા. તેમાં રંચપણ સંશય ન હતો, આવું ધારીને કૃપાળુ શ્રીકૃષ્ણ ભગવાને તેને વિશ્વરૂપ બતાવ્યું. ૩૩. તેમાં તેને અપરંપાર તેજ દેખાયું. છતાં તેમાં તેને લગારેય સુખ થયું નહિ. મનુષ્યાકાર સ્વરૂપમાં જેવું સુખ રહેતું હતું તેવું તેજોમય વિશ્વરૂપમાં સુખ ન થયું. ૩૪. તેમજ યશોદાજીને ઘણીવાર-વારંવાર આશ્ચર્ય બતાવ્યા. નંદજીને પણ કેટલીએવાર તે આશ્ચર્ય દેખાડ્યું, છતાં તેઓ એક પલકવારમાં ભૂલી જાતા હતા. ૩૫.

મનુષ્યની બુદ્ધિ થોડી હોય છે. તેથી તેમાં આશ્ચર્યકારી બાબત ઠેરાતી નથી. ઉદ્ધવજી, પર્વતભાઈ, મોટા આત્માનંદસ્વામી, ૩૬. શતાનંદસ્વામી, હનુમાનજી અને પ્રહ્લાદજી, એમના જેવા જે સમર્થ હોય છે, તેઓ આશ્ચર્યકારી ઘટનાઓને પાત્ર છે. તેઓ તેને સહન કરી શકે છે. ૩૭. જેટલાં આશ્ચર્યમાત્ર કહેવાય છે તે બધાં, જેને શ્રીહરિ આવીને મળ્યા હોય તેમાં સહજ સ્વભાવે પુષ્કળ પ્રમાણમાં દેખાય આવે છે. ૩૮. શ્રીહરિ દામોદર કુંડમાં સ્નાન કરીને જ્યારે બહાર નીકળ્યા ત્યારે એક વિપ્રે શ્રીહરિનાં લલાટમાં કેસરી ચંદન લઈને તેની અર્ચા કરી. ૩૯. ફૂલહાર પહેરાવીને તે વિપ્ર શ્રીહરિનાં ચરણોમાં પગે લાગ્યો. પછી ઘનશ્યામ શ્રીહરિએ દામોદર ભગવાનનાં મંદિરમાં જઈને દર્શન કર્યાં. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોદશ પૂરમાં 'દામોદરકુંડમાં સ્નાન અને દામોદર ભગવાનનાં દર્શન' એ નામે એકતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૧॥



પૂર તેરમું : તરંગ - ૪૨

શ્રીહરિ જૂનાગઢમાં નવાબને મળીને ચાલતા થયા

શ્રીહરિ દામોદર ભગવાનના મંદિરમાં ગયા ત્યારે દામોદર ભગવાન પ્રસન્ન થઈ વિપ્રમાં પ્રવેશ કરી તે દ્વારા શ્રીહરિની સાથે વાતો કરવા લાગ્યા કે, અહીં હરિભક્ત સિવાયના લોકો આવે છે, તે બહુ ઉત્પાત કરે છે. ૧. હરિભક્ત સિવાયના લોકો અહીંયાં ફેલ કરવા માટે જ આવે છે. તેનો જેવો ભાવ હોય, તેવું ફળ અમે તેને આપીએ છીએ. તે બધું વિગત પાડીને કેટલુંક કહેવું ? ૨. અહીંયાં લોકો શિવરાત્રી ઉપર તો બહુ જ આવતા રહે છે. પણ કોઈ મર્યાદા રાખતા નથી. મુખથી નિરર્થક બહુ બોલતા હોય છે. ૩. નારીને દેખીને પુરુષ મનફાવ્યું જેમ તેમ બોલે છે. તે રીતે સ્ત્રીઓ પણ લાજ મર્યાદા છોડી દઈને બેફામ બોલતી હોય છે. ૪. તેને લાજ-શરમ તો કપડાં પહેરવા જેટલી જ હોય છે. બોલવામાં તો એકેય કપડું પહેરતા નથી. જીભ, કાન અને આંખોથી તો તેઓની પરસ્પર નિર્લજ્જ ક્રિયાઓ ધકાધક થાતી હોય છે. ૫.

એકબીજાનાં મોઢા સામે દેખવું તેમાં જ તેઓ મોક્ષનું ફળ માને છે. અત્યારે ચારે ધામ અને જેટલાં તીર્થો છે તેમાં સત્સંગી સિવાયના અધર્મી અને ફેલી લોકો પુષ્કળ પ્રમાણમાં ભેળા થાય છે અને તીર્થોમાં મન ચાહી ક્રિયાઓને કરે છે. અને તેમનાં મનમાં લેશમાત્ર પણ કોઈનો ભય હોતો નથી. ૬-૭. આપના સત્સંગ સિવાયના બીજા જે ભટ-પંડિતો, ગુરુ તથા શિષ્યો છે તે મન ચાહ્યો ફેલ કરીને તેમાં સહુનો ઉદ્ધાર માને છે. ૮. જન્મ-મરણ, લખચોરાશી અને જમપુરીનાં જે અત્યંત દુઃખ છે, તેમજ લોકો મરે છે તે નજરે દેખાય છે. છતાં તેનો કોઈને મનમાં ત્રાસ નથી થાતો ૯. કેટલાક લોકો શરીરથી અપાર દુઃખી થાય છે. તેનાં દુઃખોને કહેતા પાર આવતો નથી. એકએકથી દુઃખ વધારે કહેવાય છે, છતાં કોઈને વૈરાગ્ય તો થાતો જ નથી. ૧૦.

આપના સંતો જે કોઈને મળે છે અથવા હરિભક્તો કોઈને મળે છે, ત્યારે જે છળ અને કપટનો ત્યાગ કરીને તે સંત-હરિભક્તોની વાતને સાંભળે છે, ત્યારે તેને ઘણો સારો સત્સંગ થાય છે. પછી તેઓ બધા ફેલ અને કેફનો

ત્યાગ કરી દે છે. તે સંતો અને હરિભક્તોમાં જેટલો પ્રતાપ છે, તે બધો આપનો જ છે; એમ હું જાણું છું. ૧૧-૧૨. ભગવાનની મૂર્તિ વિપ્ર દ્વારા આવી વાતો બોલી. પછી શ્રીહરિવરે પ્રસન્ન મનથી તે વિપ્રને સારું એવું દાન આપ્યું. ૧૩. પછી ત્યાંથી શ્રીહરિ શહેરમાં આવ્યા. જૂનાગઢમાં ત્રણ દિવસ સુધી રહ્યા. શહેરના હરિભક્તોએ વિવિધ પ્રકારની રસોઈ આપી હતી. ૧૪. દરબાર ઝીણાભાઈ અને દરબાર દાદાભાઈ એ બંને પિત્રાઈ ભાઈ હતા. તે બંનેએ શ્રીહરિની સેવા બહુ કરી. ૧૫.

બે ચાર નાગર સત્સંગી હતા. એક ભાટિયા આદર ભાવવાળા અને દૃઢ ભક્ત હતા. એક લુહાર અને એક વાળંદ પણ સત્સંગી હતા. ૧૬. વાળંદ અને લુહારના ઘર એક એક જ હતા, પણ તે દૃઢ ટેકવાળા હરિભક્ત હતા. જન્મ, મરણ, લખચોરાશી અને જમપુરીનું ભયંકર જે દુઃખ, તેને તેઓ સાચું માનતા હતા. અને ધર્મ પાળવામાં ઘણો લાભ માનતા હતા. એવા નાગરોમાં જેટલા હતા તેઓ પણ સત્સંગ ઉપર સદ્ભાવ રાખતા હતા. ૧૭-૧૮. તે સિવાયના બીજા લોકો પણ જે એવી સમજણવાળા હતા અને જે સત્સંગ ઉપર અપાર ભાવ રાખતા હતા. તે બધાના સત્સંગ ઉપરના ભાવને શ્રીહરિ તો જાણતા જ હતા. ૧૯. **જેને સત્સંગ ઉપર જેવો ભાવ રહેતો હતો, શ્રીહરિ પણ તેમના ઉપર તેવો ભાવ રાખતા હતા. તેને લીધે ભાવિક લોકોને અંત સમયે શ્રીહરિ જમપુરીમાં જવા દેતા ન હતા. ૨૦.**

તેને જન્મ, મરણ અને લખચોરાશીનું દુઃખ થવા દેતા નહિ, પણ તેને અતિ સુખી કરી દેતા હતા. આ તો ગુણબુદ્ધિવાળા ભાવિક લોકોની વાત કહી છે. હરિભક્તોની વાત તો મુખથી કહી શકાતી નથી. ૨૧. આવા શ્રીહરિ આ વેળાએ પ્રકટ થયા છે. તેમણે અનંત નર-નારીઓનો ઉદ્ધાર કર્યો છે. શ્રીહરિએ આવો અનંત પ્રતાપ પ્રકટ કર્યો છે. તે સાક્ષાત્ દેખી શકાય છે. ૨૨.

चोपाई :

सत्संग किये ताके धन्य भागा, एसे कोउ दिन आये न लागा;
एसो समय मोक्ष को जोऊ, कोउ दिन नहीं आये सोऊ...२३

सत्संग करे विन रहे जाही, अधम से अधम लेखना ताही;
नर नारी मनुष्य तन पाई, सत्संग से जेते दूर रहाई...२४

જેણે સત્સંગ કર્યો - સ્વીકાર્યો તેના ધન્ય ભાગ્ય છે. આવો લાગ કોઈ દિવસ આવ્યો નથી. આવો મોક્ષનો સમય ક્યારેય આવ્યો નથી. ૨૩. આવા સમયમાં જે સત્સંગ કર્યા વગરના રહી ગયા અને મનુષ્ય શરીર મળ્યા પછી પણ જેટલા નર-નારી સત્સંગથી દૂર રહ્યાં, તેમને તો અધમમાં પણ અધમ જાણવા. ૨૪. **કોટાનકોટી ધન મળે, ભૂમિનું ચક્રવર્તી રાજ્ય મળે કે સ્વર્ગનું રાજ્ય મળે, એટલું બધું મળે તોપણ શું ? અત્યંત દુર્લભ એવા સત્સંગ વિના તો બધું નિષ્ફળ જ છે. ૨૫. વેદ અને પુરાણ આદિ સમગ્ર શાસ્ત્રોનો અને મોક્ષભાગી પુણ્યાત્માઓનો એ જ સિદ્ધાંત છે કે, સત્સંગ સર્વોપરી છે, તેને સુમતિ લોકો જાણે છે. ૨૬.**

શ્રીહરિ બધી સવારી સાથે લઈને શહેરની વચ્ચે ચાલ્યા આવે છે. મનમાં ઘણો જ ઉમંગ છે અને પોતે સુશોભિત અશ્વ ઉપર બેઠા છે. ૨૭. શહેરના ભાવિક લોકોના મનમાં તો એમ લાગતું હતું કે, શ્રીહરિ હજી એક દિવસ પણ પૂરા રહ્યા નથી. રસ્તામાં વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગી રહ્યાં હતાં. ૨૮. તત્કાળ નવાબને ખબર મળી કે, શ્રીહરિ જવા તૈયાર થયા છે. ત્યારે તેઓ તરત જ બજાર ઉપર આવ્યા. પોતાના રાજદરબારમાં શ્રીહરિની પધરામણી કરી. મોટા સિંહાસન ઉપર બેસાડ્યા. ૨૯. તેમણે હાથ જોડીને શ્રીહરિને કહ્યું, ‘હે મહાસમર્થ પ્રભુ ! આપ મારી વિનંતી સાંભળો. આપની દુઆથી હું આ જૂનાગઢનું રાજ્ય કરી રહ્યો છું. ૩૦.

આવીને આવી સદાને માટે અમને દુઆ આપતા રહેજો. આવા શરીર તો ઘણીવાર ઘણા ધાર્યા છે. શરીર બદલાય છે પણ જીવ બદલાતો નથી. ૩૧. હિંદુ અને મુસલમાન, એવા શરીરો વારેવારે બદલી જાય છે. તેમાં સુખ અને દુઃખ તો જીવની સાથે જ રહ્યા હોય છે અને તે શરીર દ્વારા જ અનુભવાય છે. ૩૨. **જીવ જ્યાં સુધી આત્મસત્તારૂપે રહે છે ત્યાં સુધી તે સુખમય રહે છે. સુખના સાગરમાં ભરપૂર રહે છે, તેના દિલમાં દુઃખ લેશમાત્ર પણ રહેતું નથી.** ૩૩. **શરીરને આગમાં બાળી દે છે, તેનું જીવને લેશ પણ દુઃખ થાતું**

નથી. કારણ કે, જીવ તેનાથી જુદો છે. હવે અમને એવું શરીર આપો કે, જે શરીરમાં દુઃખનો લેશ પણ રહે નહિ. ૩૪. કેમ જે, એવો ઈલમ-સામર્થ્ય આપમાં રહ્યું છે. એટલે મને રાજી થઈ આશીર્વાદ આપો.'

ત્યારે શ્રીહરિએ તેને કહ્યું, જેવો તમારો ભાવ હશે તેવું ફળ તમને મળશે. તેમાં કોઈ સંદેહ નથી. ૩૫. આ બ્રહ્માંડમાં જેટલા શરીર મળે છે તે બધાં સુખ-દુઃખમય જ છે. પણ આ બ્રહ્માંડથી પરે જે ધામમાં દિવ્ય શરીર મળે છે, તેમાં દુઃખનો લેશપણ નથી. ૩૬. ત્યારે નવાબે કહ્યું, 'પ્રભુ ! જીવમાત્રની નાડી આપના હાથમાં છે. હવે તો આપને ઠીક લાગે તે કરો. અમે તો આપને માથું નમાવીએ છીએ.' ૩૭. નવાબે આમ કહીને શ્રીહરિને પહેરામણી ઘણી કરી. તે પછી ખૂબ જ રાજી થઈને શ્રીહરિને ચાલવા માટે રજા આપી. ૩૮. સર્વેશ્વર જગદીશ્વર શ્રીહરિ ઘણા જ આનંદની સાથે સહુ પુરજનોને દર્શન દેતાં દેતાં આગળ ચાલ્યા. ૩૯. ત્યારે નરસિંહ મહેતાને ચોરે આવ્યા. પછી જ્યારે ચાર ઘડી દિવસ બાકી રહ્યો ત્યારે ત્યાંથી ચાલતા થયા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોદશ પૂરમાં 'શ્રીહરિ જૂનાગઢમાં નવાબને મળીને ચાલતા થયા' એ નામે બેતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૨॥

પૂર તેરમું : તરંગ - ૪૩

કાઠીની વશ કરવાની કળા અને ગઢપુરમાં અન્નકોટનો ઉત્સવ

શ્રીહરિ જૂનાગઢ શહેરથી બહાર નીકળ્યા. બધા હરિભક્તો તથા સંતો સાથે હતા. સહુના દિલમાં ઉમંગ ભર્યો હતો. ૧. ત્યાંથી ચાલીને શ્રીહરિ **ફરેણી** ગામ આવ્યા. ત્યાં બે દિવસ રહ્યા. પછી ત્યાંથી સંતોને અને હરિભક્તોને વળાવ્યા. કેવળ કાઠી દરબારોને સાથે રાખ્યા. ૨. પાર્ષદોને પણ સાથે રાખ્યા હતા. ત્યાંથી **ગોંડળ** આવ્યા. ત્યાં એક રાત રહ્યા. પછી ત્યાંથી ચાલ્યા તે **બંધિયા** ગામ આવ્યા. ૩. પછી ત્યાંથી **સરધાર** આવ્યા. ત્યાં બધા શ્રાદ્ધના સોળ દિવસ રહ્યા. ત્યાંના હરિભક્તોએ ઘણા જ હેતથી શ્રીહરિની

બહુ સેવા કરી. ૪. ત્યાંથી નીકળીને **કોટડા** ગામ આવ્યા. ત્યાંના રાજાના દરબારગઢમાં એક રાત રોકાયા. ત્યાંથી પછી **રાયપર** ગામ થઈને ઘનશ્યામ શ્રીહરિ **કરિયાણા** ગામ આવ્યા. ૫. ત્યાં કરિયાણામાં કાળા મકવાણાને ઘેર રહીને દયાળુ પ્રભુએ દશેરા કર્યા. પછી ત્યાંથી ચાલીને **ગઢપુર** આવ્યા અને એભલ ખાચરના દરબારમાં રહ્યા. ૬.

✵ એભલખાચરના ગુણ :

દરબાર એભલખાચર સત્સંગ સિવાયના પોતાની નાતના કે પરનાતના કોઈ પણ હોય, તેમની સાથે ક્યારેય તલભાર પણ પ્રેમ રાખતા નહિ. પણ સંતોને તથા હરિભક્તોને દેખીને તો તેમના દાસ થઈને રહેતા હતા. ૭. જે કોઈ મનુષ્ય માંસ અને દારૂને ખાતા-પીતા હોય, હોકો કે અફીણ પીતા હોય, તેમની સાથે તેઓ ક્યારેય સ્નેહ સંબંધ રાખતા નહિ. અને ફેલી લોકો તો બધા તેમનાથી દૂર ભાગતા હતા. ૮. તેઓ ભાંડ, ભવાઈ કે તમાશાને ક્યારેય આંખે દેખતા નહિ ફેલ કરનારી જે બધી માગણ જાતિઓ હતી તે બધી તેમને દેખીને છેટી જ રહેતી હતી. ૯. હરિભક્ત સિવાયના કોઈ લોકો તેમની નજીક આવતા જ નહિ. તેઓ હરિભક્તોને માટે અને સંતોને માટે તો પોતાના પ્રાણ અર્પણ કરી દેતા. કોઈ માણસ જો હરિભક્તની નિંદા કરે, તો તેને તેઓ માર્યા વિના છોડતા નહિ. ૧૦.

શ્રીહરિ, સંતો અને હરિભક્તોને માટે તો તેમણે પોતાના ગામ અને ગરાસ પણ અર્પણ કરી દીધા હતા. મોટા રાજાઓએ પણ તેમની ભક્તિ જોઈને તેમની સાથે ઈર્ષ્યા મૂકી દીધી હતી. ૧૧. કાઠીઓએ તેમનો ગરાસ જે દબાવ્યો હતો, તે પણ તેમની ભક્તિ દેખીને ખુલ્લો કરી દીધો. કાઠીની જ્ઞાતિ ઘણી ઉન્મત્ત હોય છે. તેને જો ભય દેખાય તો જ તે હારીને પાછી રહે. ૧૨. સિંહ ને સર્પ જેવા જે જે ભયાનક જીવો છે તે જ્યાં સુધી ભયથી દબાયેલા રહે છે ત્યાં સુધી કરડતા નથી. ૧૩. સર્પના જેવા જે જીવ હોય છે તેની સો વરસ સુધી સેવા કરી હોય, તોપણ જો તે ખીજાય, તો તે ક્યારેય કરડ્યા વિના રહે જ નહિ. ૧૪. ગારુડી(સાપનો મંત્ર જાણનાર) સિવાયનો બીજો કોઈપણ સર્પને ક્યારેય છંછેડી શકે નહીં. કેમ જે, સર્પ ખીજાય તો તે

તરત કરડે. પણ ગારુડી તો તેને ખેલાવે છે. ૧૫.

સિંહનો ઇલમી(વિદ્યા જાણનારો કાબેલ) સિંહની વચ્ચે સૂઈ રહે છે. રીંછનો ઇલમી રીંછને ઘેર ઘેર ફેરવીને નચાવે છે. ૧૬. **જે જે માણસ જેનો ઇલમી હોય છે તેની કળા તેને આવડે છે. ઇલમી વિનાના બીજા જો એ કામ કરવા જાય, તો તેનાથી એકપણ કામ સરે નહીં. ૧૭. ઇલમી વગર સુધરેલું કામ પણ બધું બગડી જાય છે અને પછી પરમેશ્વરનો વાંક કાઢે છે. દુનિયામાં બધા લોકો એવા બુદ્ધિમાન હોય છે કે, તેઓ ક્યારેય પોતાની ભૂલને દેખતા નથી. ૧૮.** અનંત કોટિ બ્રહ્માંડના સ્વામી જગદીશ્વર પણ ભક્તિરૂપી ઈલમથી વશ રહે છે. ઈલમથી પૃથક બીજી કોઈ વાત નથી, તે બધાને દેખાતું નથી. ૧૯. ઇલમ ચિંતામણિના સમાન કહેવાય છે. જેવી બાબત હોય તેવો ઇલમ હોય છે.

અવિચળ, અખંડ અને અવિનાશી એવા દિવ્ય ધામની પ્રાપ્તિનો ઇલમ શ્રીહરિ જાણતા હતા. મોક્ષને માટે જ લોકો તેમને માનતા હતા. જીવના મોક્ષ કરતા કોઈ મોટી બાબત નથી; એમ દરબાર એભલ ખાચર સમજતા હતા. ૨૦-૨૧. જીવા ખાચર પણ તેવું જાણતા હતા, પણ તેઓએ એભલ ખાચરની જેમ લોકલાજને છોડી નહિ. તેઓ હરિભક્તોનો ક્યારેય જોગ રાખતા નહિ. તેઓ સહુ કોઈનું સન્માન કરતા રહેતા. ૨૨. તેમને સત્સંગ કરતા લોકવ્યવહાર મુખ્ય હતો. સંતો ઉપર કાંઈક ભાવ રાખતા. સંતોની સેવામાં પણ થોડોક ભાવ રહેતો. દિવસમાં બેવાર કામકાજ પૂછતા રહેતા. ૨૩. **સંતોનાં દર્શન કરવા બેવાર આવતા. સંતસેવામાં લેશમાત્ર પણ લોભ દેખાડતા નહિ. શ્રીહરિની વાતોના બહુ વ્યસની ન હતા. તેઓ નિયમોની કસોટીને સહન કરી શકતા નહિ. ૨૪.** તેઓ દારૂ, માંસ, ચોરી અને વ્યભિચાર એ ચારના ત્યાગનો નિયમ દૃઢપણે ધારી રાખતા. મોક્ષના લોભનું કામ રહેતું, તેથી નિત્ય 'સ્વામિનારાયણ' નામનું રટણ કરતા હતા. ૨૫.

તેઓ ઘણા બુદ્ધિશાળી હતા. તેમને લોકની લાજ રહેતી. ભગવાનના અતિ પ્રતાપને આશરે તેમનું કામ સુધર્યું હતું. ૨૬. દરબાર એભલખાચર ભક્તોમાં અતિ બળવાન ભક્ત હતા, જ્યારે દરબાર જીવા ખાચર તેવી જ

રીતે લોકની રીતે ચાલવામાં બળવાન હતા. ૨૭. **તેઓ લોકવ્યવહારની બધી રીતમાં વધારે રસ માનતા હતા. પોતાનો ગામ ગરાસ બીજાને ખવડાવીને પણ તેણે લોકોને પોતાના મિત્ર રાખ્યા હતા. ૨૮. તેઓ પોતાના ગામ ઉપર વારંવાર અપાર દેણું કરતા. તેથી લોકો તેમની ઉદારતાની પ્રશંસા કરતા. તે પ્રશંસાના શબ્દો સાંભળીને તેઓ આનંદમાં રહેતા. ૨૯.** શ્રીહરિ, સંતો અને હરિભક્તો એ બધાં તેમના પર પ્રેમ રાખતા. દરબાર જીવા ખાચર જેવો પ્રેમ રાખતા તે રીતે શ્રીહરિ તેમને બોલાવતા. ૩૦.

દરબાર જીવા ખાચર જેવું શ્રીહરિની સાથે વર્તન રાખતા હતા. શ્રીહરિ પણ તેમની સાથે તેવું જ વર્તન રાખતા હતા. તેઓ શ્રીહરિની પાસે દિવસમાં એકવાર આવતા અને હેત બહુ દેખાડતા હતા. ૩૧. બીજા કોઈ હરિભક્તને આવડે નહિ એવું તે સરસ બોલી દેખાડતા હતા. કદાચ કોઈનું દિલ પથ્થરનાં જેવું હોય કે લોઢાંના જેવું હોય, તોપણ દરબાર જીવા ખાચરનાં મુખની વાત સાંભળે તો તે દિલ માખણ જેવું કૂણું થઈ જાતું હતું. તેમનાં વચન એવાં સહેજે જ અસરકારક હતાં. દેશકાળ જોઈને એવાં વચન બોલતા કે, જે પ્રતિકૂળ વ્યક્તિ હોય તેનાં મૂળ ઊખેડી નાખતા હતા. ૩૨-૩૩. પોતાના પ્રતિકૂળ વ્યક્તિને તો ખબર પણ ન પડે, એવું વાતનું દ્વાર જોતા રહેતા. પછી તેને કોઈકના દ્વારા ઉડાવે અને પોતે તો તેવાને તેવા અતિ શાહુકાર બનીને રહે. ૩૪. એવા તેમનાં અંતરને દેખીને શ્રીહરિ ક્યારેક તેમને મોઢે કહી દેતા. શ્રીહરિ જેટલા વચન કહેતા તેને જીવા ખાચર યાદ રાખતા, ભૂલતા નહિ. ૩૫. પછી યોગ્ય સમય આવે ત્યારે તે વાતનો દાવ વાળતા અને સમય ન હોય ત્યારે ચૂપ બેસી રહેતા, એક પણ શબ્દ બોલતા નહિ.

એટલામાં દિવાળીના દિવસ નજીક આવવા લાગ્યા. ત્યારે તેઓ શ્રીહરિની પાસે આવ્યા અને બોલ્યા, ૩૬. દિવાળી અને અન્નકોટનો ઉત્સવ અહીંયાં ગઢપુરમાં કરો. અંતર્યામી આપ બધા સંતોને અને હરિભક્તોને અહીંયાં બોલાવો. બધા માટે અનાજ હું આપીશ. ૩૭. મહારાજ ! અમને અનાજ તો આપ જ આપો છો. તેમાં મારું બળ જરાય નથી. એમ હું કાયમને માટે આપને ચોક્કસ અન્નદાતા માનું જ છું. ૩૮. તે સાંભળીને શ્રીહરિ ઘણું

જ રાજી થયા. સંતોને અને બધા હરિભક્તોને બોલાવ્યા અને ઘણા દિવસ સહુને રોકીને સારો ઉત્સવ કર્યો. ૩૯. દિવાળી પહેલા બારશને દિવસ સહુ સંતો અને હરિભક્તો આવ્યા. આવીને સહુએ શ્રીહરિના દર્શન કર્યા અને તેમને ઘટે તે રીતે ઉતારા આપ્યા. ૪૦. જેટલા સંતો આવ્યા હતા તે બધાએ ઉન્મત્તગંગા નદીને કાંઠે નીલકંઠ મહાદેવનું જે શિવાલય છે ત્યાં જઈને ઉતારો કર્યો. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોદશ પૂરમાં 'કાઠીની વશ કરવાની કળા અને અન્નકૂટનો ઉત્સવ કહ્યા' એ નામે ત્રેતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૩॥

પૂર તેરમું : તરંગ - ૪૪

શ્રાવક વણિક અને શ્રીહરિએ પરસ્પર શાસ્ત્રીય ચર્ચા કરી

પ્રબોધિની એકાદશી સુધી દરબારે સંતોને ગઢપુરમાં ઘણા જ પ્રેમભાવથી રાખ્યા. શ્રીહરિ રોજ સભા કરતા. ૧. રોજ રોજ દર્શન દેતા. હંમેશાં કીર્તન ગવડાવતા. વિવિધ પ્રકારનાં વાજિંત્રો નિત્ય વાગતાં પણ જે દુર્બુદ્ધિ મનુષ્ય હતા તેના દિલમાં કલેશ થાતો હતો. ૨. દરબારગઢનાં ચોક વચ્ચે રોજ સભા થાતી. ચોકમાં ઘણો પવિત્ર મંડપ બંધાવ્યો હતો. ચારેબાજુના ભવનોથી શોભા ઘણી સારી થઈ હતી. ૩. દરબાર જીવા ખાચરના ભાઈનું નામ મૂળુ ખાચર હતું. મૂળુ ખાચરને એક રામ ખાચર પુત્ર હતો. જીવા ખાચરને બે પુત્ર - ભોકા ખાચર ને અને દેહા ખાચર હતા. તેઓ બધા સેવામાં તત્પર રહેતા હતા. ૪. ગઢપુરમાં જેટલા મુખ્ય જૈન વણિકો હતા, તેમાં કોઈ સત્સંગી થયા ન હતા. તેઓ શ્રીહરિને કે સંતોને પગે લાગતા નહિ. સંતોનો અને હરિભક્તોનો અવગુણ-અભાવ કહેતા હતા. ૫.

તેમાં કેટલાક વણિક દરબાર જીવા ખાચરના કામદાર-કારભારી હતા. તેમાં દરબાર જીવા ખાચરે એક દિવસ સંતોની સેવા કરવા માટે તે શ્રાવકો-જૈનોને બોલાવ્યા અને પ્રેરણા કરી. ૬. તે બધા જૈન વણિકો તત્પર થઈને

જેની નિંદા કરતા હતા તેની સેવા કરવા લાગ્યા. તેમને સેવા કરતા જોઈને શ્રીહરિ ઘણું રાજી થયા. પછી તેમને શ્રીહરિએ પોતાની પાસે બોલાવ્યા. ૭. શ્રીહરિએ તે જૈન વણિકોને કહ્યું, તમારા જૈન સાધુઓ અને અમારા સાધુઓમાં કેટલું ન્યૂનાધિકપણું રહ્યું છે ? તે તમે મનમાં સમજતા હોવ, તેમ આ સભામાં કહો. ૮. ત્યારે તે વણિક બોલ્યા, બંને સાધુ સારા છે. પણ સહુને પોતપોતાના હોય તે પ્યારા લાગે છે. જે પોતાના કહેવાતા હોય છે તેને બધા સહુથી અધિક માનતા હોય છે. ૯. તેની જો કોઈ નિંદા કરે, તો તે નિંદા કરનારની બીજા બધા અનુયાયી નિંદા કરતા હોય છે. અમારી વણિકની જ્ઞાતિ ઘણી મોટી છે. બધા દુકાનમાં બેસીને વેપાર કરે છે. ૧૦.

જેની જેવી બુદ્ધિ અને સંપત્તિ હોય, તે પ્રમાણે તે પોતાની કીર્તિ વધારે છે. કોટિધ્વજ શાહુકાર સુધી પોતાની બુદ્ધિ અને સંપત્તિ પ્રમાણે એક એકથી અધિક રહ્યા હોય છે. ૧૧. શ્રાવક-જૈનોમાં જે ધન રહ્યું છે તેટલું મિશ્રી (કદાચ વર્ણસંકર જાતિ ?)માં રહ્યું નથી. અને મિશ્રિમાં જે ધન રહ્યું છે તે વૈષ્ણવોમાં નથી; એવું જણાય છે. ૧૨. જ્યાં અપાર લક્ષ્મી રહેતી હોય છે ત્યાં તેના સ્વામી રહે છે. જે જેવા હોય તેને લક્ષ્મી બતાવી દે છે. ૧૩. જેની પાસે જેટલા પ્રમાણમાં લક્ષ્મી હોય તેટલું તેનામાં સામર્થ્ય હોય છે. સાધુઓમાં જેટલું તપ હોય તે તેનું ધન કહેવાય છે. જેમાં જેટલું તપોધન હોય છે તેટલો તે સામર્થ્યવાન હોય છે. ૧૪. ત્યારે શ્રીહરિએ તેને પૂછ્યું, તમે તપ કોને કહો છો ? આ બાબત ઘણી મહત્ત્વની છે. જેવું તમે સમજતા હોવ તે પ્રમાણે કહો. ૧૫.

ત્યારે તે જૈન વણિકે કહ્યું, ‘અમારા જે સાધુ છે તે અપાર સામર્થ્યવાળા છે. તેમનાથી અધિક કોઈનું તપ કહેવાતું નથી. ૧૬. જેટલાં તીર્થો અને વ્રતો કહેવાય છે અને જે અનંત અવતારો થાય છે, તે તીર્થો અને અવતારો, જ્યાં તપ હોય છે ત્યાં નિવાસ કરીને રહે છે. તપ વિના તે દેખ્યામાં આવતા નથી. ૧૭. કોઈ પણ જંતુની હિંસા ન કરવી. અસત્ય ભાષણથી ડરતા રહેવું. જંતુમાત્રનો જે રીતે ઉદ્ધાર થાય, તેમનું હિત થાય, તેવું આચરણ-વર્તન રાખવું. ૧૮. જેટલું મિથ્યા વચન બોલાય તેટલું તેનું બધું જ તપ બળી જાય છે. જે

જે દેવ કહેવાય છે તે બધા તપમાં આવી જાય છે. ૧૯. યજ્ઞ યાગાદિ બધા સાધનો તપમાં આવી જાય છે. તપથી કોઈ બહાર નથી. જેટલાં કર્મકાંડ કહેવાય છે, તે પણ તપથી બહાર એકેય દેખાતાં નથી. ૨૦.

તપ અનંત સાધનોનું મૂળ છે. કોઈ તપની બરોબરી કરી શકતું નથી. વેદ અને પુરાણો જે છે, તે બધાં તપની અંદર આવી જાય છે. ૨૧. જે અનંત બ્રહ્માંડ કહેવાય છે, તે મહાજળમાં તરી રહ્યા છે. શેષજી અત્યારે તપને આધારે તે બધાંને મસ્તક ઉપર ધારી રહ્યા છે. ૨૨. આપ અને આપના સંતો તપે કરીને જ પૂજાઓ છો. દેવ અને મનુષ્ય વગેરે જ્યાં સુધી તપ રાખે છે, ત્યાં સુધી તેમને અપાર પૂજા અને પ્રતિષ્ઠા મળતી રહે છે. તેમજ ધનનો પણ કોઈ પાર રહેતો નથી. ૨૩. તપને લીધે જ મોટા મંદિર, મનમાની મહેલાતો, કેટલાએ હાથી અને ઘોડાઓ રહે છે, વિવિધ પ્રકારનાં વિમાનો મળે છે અને ખાન-પાનનો તો કોઈ પાર જ રહેતો નથી. ૨૪. અમારા જૈન મતની જેટલી વાતને અમે જાણીએ છીએ તેને આપે સભામાં પૂછી તેથી અમે તે તત્ત્વ કહ્યું. ૨૫. બીજી વાતો તો ઘણી છે, તેનો કહ્યે પાર આવતો નથી. જેને જે મત રુચતો હોય તે તેને માટે તે સિરદાર અને સ્વીકાર્ય બને છે.' ૨૬.

જ્યારે શ્રીહરિએ આ બધી વાત સાંભળી ત્યારે તે જૈન વણિકોને કહ્યું, 'જેમાં વધારે લાભ દેખાય તે કામને બુદ્ધિશાળી માણસ કરે છે. ૨૭. જેઓ શરીરને મલિન રાખે. જે શરીર ઉપરના વસ્ત્રોને પણ મેલા રાખે, મુખથી જે ભગવાનનું નામ રટણ કરતા નથી, તેમણે તો મોક્ષનું મુખ્ય દ્વાર જ બંધ કરી દીધું કહેવાય. ૨૮.

❋ શરણાગતિથી જ મોક્ષ :

ભગવાનને શરણે ગયા સિવાય કરેલું બધું તપ તો જીવને બંધનકારી થાય છે. જેનાથી ભગવાન પ્રસન્ન થાય અને જેનાથી જન્મ અને મરણ કાયમી ટળી જાય, એવું જે તપ તે જ સાચું તપ છે. ભગવાનની પ્રસન્નતા વિનાનું બધું તપ કાચું કહેવાય છે. ભગવાનની શરણાગતિ સ્વીકારવા સિવાયના જેટલા મત છે તે બધાં કાળનું ચવાણું કહેવાય છે. ૨૯-૩૦.

ભગવાનનાં શરણ વિના જે તપ કરે છે, તે બધાં કાળના મુખમાં જ પડ્યા છે. નાક તથા કાનને કાપીને સોનાથી અને મોતીથી શરીરને શણગાર્યા જેવું તે કહેવાય છે. ૩૧. નાક, કાન કાપેલાંની જેવી શોભા થાય છે તેવી ભગવાનના શરણ સ્વીકાર્યાં વિનાનાં અન્ય મતોની થાય છે. ભવસાગરનું દુઃખ અપાર છે, તેની આગળ તપનું જરાય ચાલતું નથી. ૩૨. બ્રહ્મા, વિષ્ણુ અને શંકર જે તપ કરે છે તેની સમજણ જીવના જેવી નથી. અમે જેને શ્રીહરિ કહીએ છીએ, જેને શ્રીકૃષ્ણ કહીએ છીએ, તે તો કાળ અને કર્મોથી પર રહ્યા છે. ૩૩.

જેનાથી પર અને અધિક કોઈ ન હોય એવા સર્વોપરી જે હોય તેને અમે શ્રીકૃષ્ણ કહીએ છીએ. શ્રીકૃષ્ણ અને શ્રીકૃષ્ણનાં ધામ જે છે તેઓ તો અનાદિ છે અને પૂર્ણકામ છે. ૩૪. તેમનો કોઈ કાળે વિનાશ થાતો નથી. ભક્તજનપ્રતિપાલક શ્રીકૃષ્ણ મહાસમર્થ છે. ૩૫. શ્રીકૃષ્ણની તુલનામાં કોઈ થઈ શકે તેમ નથી. જે જીવ, માયા, ઈશ્વર અને બ્રહ્મ છે, તે શ્રીકૃષ્ણની જેમ જ અનાદિ રહ્યા છે અને તેનો ક્યારેય વિનાશ કહેવાતો નથી. ૩૬.

અનંત કોટિ બ્રહ્માંડોનાં તે ઉપકરણ છે. અને તેમને મૂળ બીજ કહેવાય છે. તેનો ક્યારેય વિનાશ થાતો નથી. ૩૭. તે ભગવાનની ચિત્ અને અચિત્ એવે નામે બે શક્તિઓ છે. તે બેને વ્યક્ત અને અવ્યક્ત પણ કહેવાય છે. તેમાં જે અવ્યક્ત છે તે દેખ્યામાં આવતી નથી અને જે વ્યક્ત છે તે દેખ્યામાં આવે છે. ૩૮. અવ્યક્તને ચિત્ કહેવાય છે અને વ્યક્તને અચિત્ કહેવાય છે. તે બંને વૃક્ષ અને બીજની જેમ અનાદિ રહી છે. ૩૯. તે શ્રીકૃષ્ણ ભગવાનની શક્તિ જે યોગમાયા છે, તેને સંપૂર્ણપણે યથાર્થરૂપમાં તો શેષજી જેવા પણ કહી શકતા નથી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોદશ પૂરમાં 'શ્રાવક વણિક અને શ્રીહરિએ પરસ્પર શાસ્ત્રીય ચર્ચા કરી' એ નામે ચુંમાળીશમો તરંગ સમાપ્ત ||૪૪||



પૂર તેરમું : તરંગ - ૪૫

શ્રીહરિએ ઋષભદેવ ભગવાનની વાત કહી

શ્રીહરિએ શ્રાવક વણિકને કહ્યું, શ્રીકૃષ્ણ ભગવાનનો આશ્રય છોડીને જે મોક્ષ માને છે તેઓ તો નાસ્તિક કહેવાય છે. ૧. ઋષભદેવજી તો ભગવાન હતા. તેમને સો પુત્ર થયા. તે બધા જ્ઞાન અને વૈરાગ્યથી યુક્ત ભગવાનના ભક્તો થયા. ૨. ઋષભદેવ ભગવાને પોતાના પુત્રોને પરમ પ્રેમરસથી પૂર્ણ ધર્મ અને ભક્તિની બધી રીત કહી હતી. અને શ્રીકૃષ્ણની સેવાને અધિક કહી હતી. ૩. તેમના મોટા પુત્ર ભરત હતા. તેને રાજગાદીએ બેસાડ્યા. પછી રાજ્ય અને સમૃદ્ધિને મળના સમાન માનીને તજી દીધાં. પછી તરત વનમાં ચાલ્યા ગયા. ૪. **પિંડ અને બ્રહ્માંડની જેટલી સ્મૃતિ હતી તેને સંકેલી લઈને એક કરી દીધી, અને જેને અખંડ, સનાતન, અજર, અનુપમ, અરૂપ, અવિનાશી, સદા સિદ્ધસ્વરૂપ, દિવ્ય સુખરૂપ અને સદા અમર કહે છે, જેમાં દુઃખનો લેશ પણ રહ્યો નથી; એવા આત્મસ્વરૂપમાં બધી વૃત્તિ લીન કરી દીધી. પોતે વિચક્ષણ સત્તારૂપ સ્વતંત્રપણે રહ્યા. ૫-૬.**

વાસ્તવમાં તો પોતે કૃષ્ણનું જ રૂપ હતા. તેથી તે સ્વરૂપમાં વૃત્તિ એક કરી દીધી. અને મનુષ્ય શરીરનો જેટલો ભાવ હતો તે બધો ભૂલવાડી દીધો. ૭. કશી જ સ્મૃતિ નહિ હોવાથી શરીર એમનું એમ ભમતું રહ્યું. ખાવા-પીવાનું ભાન પણ રહ્યું નહિ. શરીર ઉપર એક પણ કપડું ન રહ્યું. ચાલવા અને બેસવાનો વિવેક પણ ન રહ્યો. ૮. અણધાર્યાં મળ-મૂત્ર થઈ જતાં અને તેનાથી આખું શરીર ખરડાઈ ગયું હતું. તેમને કોઈ મનુષ્ય પણ આદરભાવ કરીને બોલાવતા નહિ. તેમને જોઈને લોકો તિરસ્કાર કરતા હતા. ૯. તેનો લેશમાત્ર પણ હરખ-શોક કરતા નહિ. સહુથી પરે સર્વેશ્વરરૂપમાં અલમસ્ત થઈને ફરતા હતા. શરીરમાં જે મળ ખરડાયો હતો, તેમાંથી સુગંધ છૂટવા લાગ્યો. જે બધી દિશાઓમાં વ્યાપી ગયો હતો. ૧૦.

તે મહાસુગંધ ૧૦ યોજન (૧ યોજન = ૧૨ કિ.મિ.) વિસ્તૃત ભૂભાગમાં પ્રસરી ગયો હતો. જેણે તે સુગંધને સદ્‌ભાવનાથી સૂંઘ્યો, તેનાં

અંતર અત્યંત નિર્મળ થઈ ગયાં હતાં. ૧૧. અંતરનો બધો નાસ્તિક ભાવ અને અનંત જન્મોનો જે પાશ હતો, તે બધાનો તત્કાળ નાશ થયો અને સત્સંગ ઉપર વિશાળ ભાવ થયો. ૧૨.

दोहा : सत्संग के जोग करी, भक्ति धर्म ज्ञान जेह;
वैराग विवेक मोक्ष हि, उदे भये सो तेह...१३
सब के भये मोक्ष हि, समर्थ की एसे बात;
भाग्य उदे होय जाहिके, सत्संग ताहि मनात...१४

તે પછી સત્સંગના યોગથી ભક્તિ, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, વિવેક અને મોક્ષ સુધીના સુફળ ઉદય પામ્યા. ૧૩. અને તેનાથી સહુનો મોક્ષ થયો. આ તો સમર્થની વાત છે. જેના ઉજ્જ્વળ ભાગ્ય ઉદય થયા હોય તેને જ સત્સંગ મનાય છે. ૧૪. વાંસનાં ઘાટાં વનમાં ઋષભદેવનો દેહ ચાલ્યો ગયો હતો, ત્યારે ત્યાં અપાર પવન વાવા લાગ્યો. ૧૫. તેથી પરસ્પર સૂકાં વાંસ ઘસાયા અને તેમાંથી મહાન ભયંકર પ્રલયકાળના જેવી આગ ઊપજી. વન બળીને ખાખ થઈ ગયું. તેની સાથે ઋષભદેવનું શરીર પણ તરત ભસ્મીભૂત થઈ ગયું. જેટલી મોટી મોટી સિદ્ધિઓ કહેવાય છે, તે બધી સિદ્ધિઓ સેવા કરવા આવી હતી. ૧૬-૧૭. મોટા મોટા સિદ્ધો અને દેવો જે સિદ્ધિઓને મેળવવા તપ કરે છે, છતાં તેમને જે સિદ્ધિઓ મળતી નથી.

એવી સિદ્ધિઓ ઋષભદેવની પાસે આવી. ૧૮. પણ ઋષભદેવજીએ તે સિદ્ધિઓનો ત્યાગ કરી દીધો. તે સિદ્ધિઓમાં રંચમાત્ર પણ અનુરાગ થયો નહિ. તેઓ તો સિદ્ધોના પણ સિદ્ધ હતા. સિદ્ધિઓમાં પણ સામર્થ્ય તેમને લઈને આવ્યું હતું. આ બ્રહ્માંડમાં જે સામર્થ્ય છે, તે પણ ભગવાન ઋષભદેવમાંથી જ આવ્યું છે અને આ લોકમાં તથા પરલોકમાં જેટલું સામર્થ્ય દેખાય છે, અને જે જે આશ્ચર્યકારી વાત થાય છે તે બધી ઋષભદેવથી જ પ્રવર્તી છે. તેમાં ઋષભદેવજીને કોઈ પણ બાબતનું આશ્ચર્ય ન હતું. તેઓ તો ભક્તે કરેલી સેવાને ગ્રહણ કરે છે. ૧૯-૨૧. મોટામોટા જે ભક્તો થઈ ગયા છે તેઓ ભગવાનની સેવા કરતા રહ્યા છે. ભગવાનની તે સેવામાં બીજા બધાં જ સાધન લીન થઈ જાય છે. ૨૨. **જે ગમાર(અજ્ઞાની) લોકો એમ માને છે કે, બધાં**

સાધન સેવામાં લીન થાતા નથી, તો તેને સાધનના અધિકારી ગણીને, જાણી જોઈને તેને માટે જ શ્રીહરિએ અન્ય સાધન કર્યાં છે. ૨૩. સાધનના માર્ગ પણ અનંત છે. જેને જેવી રુચિ હોય તેણે તેવા માર્ગ ચલાવ્યા છે. જે જેવે માર્ગે ચડી જાય છે તે તેવું ફળ પામે છે. ૨૪. જન્મ-મરણ, લખચોરાશી અને જમપુરી વગેરે તથા અનંત બ્રહ્માંડોની રચના, તેમાં કરેલા વિવિધ પ્રકારના વિભાગો ભગવાને જ કર્યા છે. ૨૫.

એક એક બ્રહ્માંડમાં ચૌદ ચૌદ વિભાગ કર્યા છે અને તે ચૌદેય લોકમાં પણ પ્રત્યેકમાં અવાંતર વિભાગ કર્યા છે. તે રીતે સાધનો અનુસારે સ્થાનો રચ્યા છે. ૨૬. જેટલા વર્ણ અને આશ્રમ રહ્યા છે તથા જે વર્ણાશ્રમથી બહાર રહ્યા છે તે બધાનાં સુખ-દુઃખની રચના પણ તે અનુસારે ભગવાને કરી છે. ૨૭. આ જગતમાં જેટલા મનુષ્ય પાપથી ડરે છે અને જેટલા પાપથી નથી ડરતા, તે સહુના સ્થાનો પણ રહ્યા છે, પરંતુ તે સહુ ઉપર ભગવાનનું જ ચલણ ચાલે છે. ૨૮. **જે મનુષ્ય ભગવાનથી ડરીને ચાલે છે અર્થાત્ તેમની આજ્ઞામાં રહે છે તેને તેટલું વધારે સુખ મળે છે અને જે ભગવાનનો ડર રાખતા નથી તેને તેટલું દુઃખ થાય છે.** ૨૯. જે આંખો ખોલીને-અર્થાત્ ભગવાનની આજ્ઞાને વિચારીને ચાલે છે તે માણસ સુખી થાય છે અને જે આંખો બંધ કરીને અર્થાત્ ભગવદાજ્ઞાનો ભંગ કરીને ચાલે છે, તે આ લોકમાં પણ દુઃખી થાય છે. ૩૦.

આ દેહ અને આ લોકના જે સુખ-દુઃખ છે તે તો અલ્પ રહ્યા છે, છતાં જીવ અહીંના તુચ્છ સુખોને માટે પણ અપાર ઉદ્યમ કરતા રહે છે. ૩૧. આ દુનિયામાં સ્ત્રી અને પુરુષ, બધા જ ઉદ્યમ કરવામાં તત્પર રહે છે. આ દુનિયાનું સુખ તો સૂકાં હાડકાનાં સુખ જેવું છે. ૩૨. **જેને યથાર્થ સત્સંગ થાય છે તેનામાં અલૌકિક સમજણ આવે છે. ચાહે તેવો પંડિત હોય, તોપણ સત્સંગ સિવાય તેને સાચી સમજણ આવતી નથી.** ૩૩. જે વેદ અને પુરાણો કહેવાય છે, તેમાં મોક્ષપરક વચન રહ્યા છે. તેનું પોષણ સત્સંગથી જ થાય છે. પંડિતોને પણ તેની પૂરી ખબર પડતી નથી. ૩૪. વેદ અને પુરાણોમાં ધર્મ, અર્થ અને કામપરક જે વચનો છે, તેમાંથી પંડિતો પોતાના દેહ નિર્વાહના ઉપાયો જેમાં હોય તેટલી પ્રવૃત્તિ લોકમાં પ્રર્વતાવે છે. ૩૫.

મિથ્યા ગુરુ અને પંડિતોએ મોક્ષનું દ્વાર અટકાવી દીધું છે. અને તેથી જ તેમના બધા શિષ્યોને પણ ધર્મ, અર્થ અને કામને માર્ગે જ ચલાવે છે. ૩૬. તે ગુરુ અને પંડિતોએ ધર્મ, અર્થ અને કામને જ મોક્ષદાયી માની લીધા. તેથી નર-નારીના બધા સમુદાયને તે ત્રણ ઉપર જ ચલાવ્યા. કારણ કે, તે કોઈને મોક્ષનો ખપ ન હતો. ૩૭. અલ્પ મોક્ષના કીચડમાં આખું જગત ખૂંતી ગયું છે. આત્યંતિક પરમમોક્ષનો ખપ નહિ હોવાથી લોકો પરિવાર-કુટુંબે સહિત તેમાં ડૂબી રહ્યાં છે. ૩૮.

सोरठा : अल्प हि सुख के हीत, डुबत जाने जग सब;
महा परम कर प्रीत, एसे संत यह आये अब...३९
जान अजान में जोउ, याकि करहि जो सेव जन;
परम मोक्ष ही सोउ, पाव हि न संदेह रंच...४०

થોડા એવા સુખને માટે માનો, આખું જગત ડૂબી રહ્યું છે. તેથી સહુના ઉપર અપાર સર્વોત્તમ પ્રેમભાવથી આવા બધા સંતો અત્યારે જગતનો ઉદ્ધાર કરવા માટે આવ્યા છે. ૩૯. કોઈ જાણીને કે અજાણે આવા સંતોની સેવા કરશે, તો તેઓ આત્યંતિક મોક્ષને પામશે. તેમાં રંચમાત્ર પણ સંદેહ નથી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોદશ પૂરમાં 'શ્રીહરિએ ઋષભદેવ ભગવાનની વાત કહી' એ નામે પિસ્તાળીશમો તરંગ સમાપ્ત ॥૪૫॥



પૂર તેરમું : તરંગ - ૪૬

વેનના દૃષ્ટાંતથી શ્રીહરિએ ભોગવાદી નાસ્તિકોની વાત કહી

શ્રીહરિએ કહેલી વાત સાંભળીને તે શ્રાવક વણિક હાથ જોડીને બોલ્યા, જેના જેવા કર્મ હોય તે પ્રમાણે તે બધી દોડાદોડી કરે છે. ૧. સહુ રાજા થવાનું જ ચાહે છે. રાંક રહેવું કોઈને ગમતું નથી. ઉદ્યમ તો અપાર કરે છે, પણ જેવાં કર્મ હોય તેવું ફળ તેને મળે છે. ૨. ત્યારે શ્રીહરિએ ફરીને તે વણિકને કહ્યું, કર્મ પ્રમાણે જ બધું મળવાનું હોય, તો દેહના નિર્વાહ માટે

પણ કોઈએ ઉદ્યમ ન કરવો જોઈએ. ૩. જેટલા જીવ છે તેમાં કર્મ સંસ્કાર વગરનો જીવ કોઈ જ નથી, છતાં જેને જેવી રુચિ અને સંગ હોય તે પ્રમાણે સહુ ઉદ્યમ કરે છે. ૪.

ઉદ્યમ કરવામાં અને ન કરવામાં (૧) સંસ્કાર, (૨) કર્મ, (૩) ભાગ્ય, અને (૪) દૈવાધીનતા. એ ચાર દ્વાર કારણભૂત છે, એમ કેટલાક કહે છે. ૫. એ ચારે પ્રકારનાં મતમાં નરનારી-આખું જગત બંધાઈ ગયું છે. જેને જન્મ પછી જેવો જોગ થયો, તેવું તે બોલવાનું શીખી લે છે. ૬. જ્યારે જન્મ થાય છે ત્યારે તે જન્મેલા બાળકને પોતાની જાતિનું જ્ઞાન કે ભાન કાંઈ હોતું નથી. માતા, પિતા, ભાઈ અને બહેન વગેરે જે જે સંબંધીઓ કહેવાય છે, ૭. તેનું જ્ઞાન પણ લેશમાત્ર હોતું નથી. તે બાળક કાળને આધીન અવરાઈ ગયેલું હોય છે. જીવને જ્યાં સુધી ભગવાનનાં સ્વરૂપનું જ્ઞાન થાતું નથી, ત્યાં સુધી તે ગુરુ કે પંડિત, ચાહે તેવા બુદ્ધિમાન હોય, તોપણ તે તાજા જન્મેલા બાળકના જેવા જ છે. ભલે તેમની વ્યાવહારિક બુદ્ધિ કરોડોનું ધન ભેગું કરે એવી હોય. ૮-૯. જ્યાં સુધી દેહમાં જીવ હોય છે ત્યાં સુધી બધું જગત તેને મોટા કહે છે અને જ્યારે દેહનો ત્યાગ કરી દેશે પછી પણ બે દિવસ સહુ લોકો તેની વાતો કરશે. ૧૦.

જીવ જ્યારે આ દેહનો ત્યાગ કરે છે ત્યારે બધી સમૃદ્ધિ, પરિવાર અને પોતાના ધાર્યા પ્રમાણે ચાલતો હુકમ વગેરેનો પણ તરત જ ત્યાગ થઈ જાય છે. ૧૧. આવું સુંદર મનુષ્યનું શરીર પામીને જીવ જેટલો અધર્મ કરે છે, તેનું ફળ ભોગવવા તે પાપી જીવને જમપુરીમાં જાવું પડે છે, અને ત્યાં જમદૂતો તેના શરીરને કાપી કાપીને ખાય છે. ૧૨. મનુષ્ય જન્મમાં જીવે જેટલા પશુ, પંખી કે બીજા જંતુઓને જે માર્યા હોય છે, તે બધાં હાથમાં છરાઓને લઈને ત્યાં વેર વાળવા માટે આવે છે. ૧૩. જીવે જેને જે રીતે માર્યો હોય તે પ્રાણીઓ તે જીવને તેવા રૂપમાં મારે છે. જમપુરીમાં પડેલો જીવ ચાહે તેટલું ત્યાં રડે, પણ તેને ત્યાં સહાયતા કોણ કરે ? ૧૪. જેનાં જેટલાં રૂંવાડાં હોય તે એકેકને ગણીગણીને તે જીવને વારંવાર મારે છે. હજારો વર્ષ સુધી મારે છે. ૧૫.

જે મનુષ્યે અન્નના કરતાં માંસમાં વધારે સ્વાદ માનીને માંસ ખાધું હોય, અને જે દારૂ પીતો હોય, તેના ઉપર તો જમદૂત અપાર કોપ કરે છે. ૧૬. જેણે ચોરી કરી હોય, પરસ્ત્રીને ભોગવી હોય, દૂધ અને પાણીને ગાળ્યા વિના પીધાં હોય, જંતુઓને જોયા વિના જ જેણે રસોઈ બનાવી હોય અને તે સિવાયની જે અભક્ષ્ય વસ્તુઓને ખાધી હોય, તે બધાનું દુઃખરૂપ ફળ જીવને જમપુરીમાં ભોગવવું પડે છે. ૧૭. સત્પુરુષોએ જે બાબતનો નિષેધ કર્યો હોય, તેને જે કરવું, તે અધર્મ કહેવાય છે. તેને જે મોક્ષભાગી જીવ હોય તે સમજે છે. ૧૮. પણ જે જીવ મોક્ષભાગી ન હોય તેઓ તો દેહ તથા ઇંદ્રિયોના યોગથી અને મલિન અંતઃકરણના યોગથી ફરી ફરી નવા ને નવા ભોગોને ચાહે છે. ૧૯. પછી તેઓ એવું પણ બોલે છે કે, આ શરીર નવા નવા ભોગ ભોગવવા માટે જ આપ્યું છે, અને ભોગો પણ દેહના સુખ માટે જ કર્યા છે. વળી, જીવ તો નિર્લેપ છે માટે તેને કોઈ દોષ લાગતો નથી. ૨૦.

જેને અંદર અને બહાર અજ્ઞાન ભર્યું હોય, એવા લોકો પોતે સમજું હોય તેમ આવું બોલે છે. રાજા બધા ઉપર જે રીતે હૂકમ ચલાવે તે રીતે સહુ લોકો તેને પ્રમાણ કરે છે, બધી પ્રજા તેને સ્વીકારે છે. ૨૧. અને જેટલા તેને પ્રમાણ ન કરે, તો તેને કોઈ પણ રીતે હેરાન કરે છે, ત્યારે અધર્મી રાજા આગળ સંતોનું લેશમાત્ર ચાલતું નથી. એટલે સંતો તો જેવો સમય હોય તેવો ઉપદેશ કરે છે. ૨૨. **ભગવાન અંતર્યામી છે, તેઓ સહુના અંતરને જાણે છે. જે સમજુ મુમુક્ષુઓ મન, કર્મ, વચને સત્પુરુષ ઉપર તાન રાખે છે, હેત રાખે છે, એવા લોકોનો મોક્ષ ભગવાન જરૂર કરે છે. તેમાં કાંઈ જ ખોટું નથી.** ક્યારેક પુષ્કળ વરસાદ વરસવાથી જે નદીમાં પુષ્કળ પ્રમાણમાં પૂર આવ્યું હોય, તે સહુને ડુબાડી દે છે અને તાણી જાય છે. તે સત્પુરુષના મહિમાને ગણતી નથી. પૂરમાં જે કોઈ પણ પડે, તે કોઈને તાણ્યા વિના છોડે નહિ. ૨૩-૨૫.

જ્યારે કોઈ મોટી આગ લાગે અને તે વખતે જોરદાર પવન ચાલતો હોય, પછી ત્યાં ઠેકઠેકાણેથી અપાર પાણીના બંબા લાવીને પાણી નાખે, તોપણ તે આગ ઓલવાતી નથી. ૨૬. વાંસનું જંગલ હોય, તેમાં જ્યારે કોઈ મોટી આગ લાગે ત્યારે તે અપાર મેઘવૃષ્ટિ સિવાય ક્યારેય ઓલવાય નહિ. ૨૭.

જેટલા સત્પુરુષો છે તે પાણીના બંબા જેવા કહેવાય છે અને ભગવાનના અવતારને મેઘવૃષ્ટિ જેવા કહેવાય છે. ૨૮. જે વર્ણ અને આશ્રમના ધર્મ કહેવાય છે તે વેદો અને પુરાણો દ્વારા પ્રવર્ત્યા છે. તેનો જે રાજા લોપ કરે તેને વનના દાવાનળ જેવો કહેવાય છે.

પૂર્વે અંગ રાજાનો પુત્ર વેન મહાન વડવાનળના જેવો થયો હતો. તે બચપણથી જ અત્યંત અધર્મ કરનારો હતો. ૨૯-૩૦. પછી અંગરાજાએ પુત્ર વેનને ઘણા નીતિના વચનો કહી કહીને ખૂબ જ સમજાવ્યો હતો. છતાં પણ વેન વધારે ને વધારે અધર્મ કરવા લાગ્યો. અંગરાજાનું તેણે રંચમાત્ર પણ કહ્યું માન્યું નહિ. ૩૧. પછી રાજાએ તેને ઘણો મોટો અધર્મી માનીને રાજ્ય છોડી દીધું અને તેઓ વનમાં ચાલ્યા ગયા. ત્યાં ભગવાનનાં સ્વરૂપમાં મનની વૃત્તિ જોડીને તત્કાળ દેહત્યાગ કરી દીધો. ૩૨. રાજા અંગ તો ભગવાનનાં ધામમાં પહોંચ્યા. અહીંયાં પ્રજા રાત-દિવસ દુઃખી રહેવા લાગી. ચોરોનું બળ અપાર વધ્યું. લોકોના દુઃખનો કોઈ પાર ન રહ્યો. ૩૩. જ્યારે જંગલમાં ચારેબાજુથી દાવાનળ લાગે ત્યારે તે વનમાં ભરાયેલા જંગલી જાનવરો ભાગીને ક્યાં જાય ? ભાગીને જ્યાં જાય ત્યાં આગળ આગ જ લાગેલી હોય. ૩૪. અહીંયાં અંગ રાજાની પ્રજાની પણ એવી જ સ્થિતિ થઈ. પછી વેનની માતાએ અને મંત્રીઓએ મળીને ઋષિઓને બોલાવ્યા. તેઓએ પ્રજાની રક્ષા કરવા માટે વેનને રાજા તરીકે સ્થાપ્યો. ૩૫.

પછી વેનને રાજા કર્યો છે એમ જાણીને તેના ડરથી બધા ચોર તો છુપાઈ ગયા. બિલાડીને અને સર્પને દેખીને જેમ ઉંદર સંતાઈ જાય, તેવું અહીં થયું. ૩૬. જેમ કોઈ માંકડાને રાજગાદીએ બેસાડ્યું હોય, પછી તે કોઈ ફળ-ફૂલને દેખીને કૂદવા લાગે તેવી સ્થિતિ વેનની થઈ. ૩૭. તેનું જ્યાં રાજ્ય હતું ત્યાં બધે ભેરી બજાવીને લોકોને કહી દીધું કે, બધી પ્રજાનો પરમેશ્વર હું છું. બીજો કોઈ હોય તો બતાવો ? ૩૮. તેણે ઋષિઓને બોલાવીને કહ્યું, પોતાના પતિને તજીને સ્ત્રી બીજા પુરુષને સેવે તો તે કુલટા કહેવાય. ૩૯. માટે તમે સહુ હવે પછીથી મને છોડીને બીજા કોઈને યજ્ઞયાગાદિ દ્વારા સેવશો તો હું તમને વેશ્યા જેવા જ કહીશ. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોદશ પૂરમાં 'વેનના દૃષ્ટાંતથી શ્રીહરિએ ભોગવાદી નાસ્તિકોની વાત કહી' એ નામે છેતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૬॥



પૂર તેરમું : તરંગ - ૪૭

ઋષભદેવનો પ્રતાપ, અરિહંતકૃત અનર્થ

સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામીએ અયોધ્યાપ્રસાદજીને અતિ બુદ્ધિમાન શ્રોતા જાણીને પછી શ્રીહરિએ ગઢપુરમાં શ્રાવક વણિક આગળ જે અદ્‌ભુત વાત કહી હતી તે સંભારીને કહેવાની શરૂઆત કરી. શ્રીહરિની એકેએક વાતમાં અલક્ષ્ય વાતો હોય છે. બધી વાતો કહી શકાતી નથી. ક્યાં મહાસાગર ? અને ક્યાં એક બિંદુ ? વણિકને ઉદ્દેશીને શ્રીહરિ જે વાત કરતા હતા તે કહું છું. બીજી બધી વાતો તો જ્યારે જ્યારે યાદ આવે છે ત્યારે ત્યારે કરતો રહું છું. અંગિરા અને દુર્વાસાના જેવા વચનસિદ્ધ ઋષિઓની આગળ વેનરાજા ઘણો ઉન્મત્ત થઈ ગયો. ત્યારે તેણે ઋષિઓનો ઘણો જ તિરસ્કાર કર્યો. ઋષિઓએ તે બધું સહન કર્યું. કોઈ મુનિ કાંઈ બોલ્યા નહિ. કારણ કે, તે ક્ષમાશીલ મુનિઓ બળવાન હતા. ૧-૫.

વેનરાજા વારંવાર મુનિઓનું અપમાન કરવા લાગ્યો, છતાં તેઓ લગારેય બોલ્યા નહિ. ઈતિહાસના અને નીતિના ઘણાં વચનો કહીને વેનરાજાને વિવેક સમજાવવાનો પ્રયત્ન કર્યો. ૬. તોએ તેણે ઋષિઓનું અપમાન કર્યું. ઋષિઓ અતિશય ક્ષમાને ધારી રહ્યા. તેમણે સામ, દામ, ભેદ અને દંડ એ નીતિ વાપરીને હાથ જોડીને ઘણું સમજાવ્યો. ૭. રાજા વેને ઋષિઓનાં વચનોને કાને ધાર્યાં નહિ. અભિમાનથી ભરેલા વેને ઋષિઓની સામે પણ જોયું નહિ અને તે બોલ્યો કે, અહીંયાં આવેલા તમે બધા તો હજી બાળક છો. ૮. ઋષિઓએ જોયું, આ વેનનો નાશ કર્યા વિના પ્રજાને ત્રાસ ક્યારેય મટશે નહિ. ભગવાનની ઈચ્છા જ એવી થઈ છે. હવે આમાં કોઈને લેશમાત્ર પણ પાપ લાગશે નહિ. ૯. આ જાણી જોઈને મોત માગે છે. હવે

તેમાં જરાય વિલંબ કરવો નહિ. મૃત્યુ સમીપ આવ્યા સિવાય આવી બુદ્ધિ થાય નહિ. ઋષિઓએ પરસ્પર એકબીજાની સામે જોયું. ૧૦.

ઋષિઓએ તેનો મૃત્યુયોગ જાણીને તે વખતે કઠોર હાકોટો ઉચ્ચાર્યો. તે હાકોટારૂપ કઠોર વાક્‌બાણથી વેનરાજાના તરત જ પ્રાણ છોડાવી દીધા. ૧૧. ઋષિઓએ તત્કાળ જ વેનનાં સાથળમાંથી દયાળુ પૃથુને પ્રકટ કર્યા. પૃથુ બહુ ભારે સમર્થ થયા. તે વેળાએ તરત જ તેમને રાજગાદીએ બેસાડી દીધા. ૧૨. વેને પ્રજાને જેટલું દુઃખ દીધું હતું તે જોઈને તેનાથી કરોડગણું વધારે સુખ પૃથુએ આપ્યું. એટલા બધા અદ્‌ભુત ગુણ પૃથુમાં ભર્યા હતા. ૧૩. આ ભૂમિ પ્રસન્ન થઈ, બધા વૃક્ષો પ્રફુલ્લિત થયા અને ફૂલ, વેલ વગેરે બધી જાતોએ માનો નવું શરીર ધારણ ન કર્યું હોય ! એવી લાગતી હતી. ૧૪. મેઘ પણ જે જે સમયે જેટલું વરસવું જોઈએ તે પ્રમાણે પ્રસન્ન મનથી વૃષ્ટિ કરતા હતા. ૧૫.

જ્યારે ઋષભદેવજી પ્રકટ થયા હતા ત્યારે લાગલગાટ સો વર્ષ પર્યંત ક્યારેય વરસાદ વરસ્યો જ નહિ. ૧૬. ઋષભદેવનો અપાર પ્રતાપ દેખીને ઈર્ષ્યાથી ઈંદ્રદેવ કોપ્યો હતો. તે બાબતને ઋષભદેવે જાણી લીધી. પછી દયાળુ એવા પોતે જ વૃષ્ટિ કરવા લાગ્યા. ૧૭. તે અવતાર આવો સમર્થ થયો હતો. તેણે ઈંદ્રનો બધો જ ગર્વ ઉતાર્યો હતો. અને તે પછી અર્થાત્ સો વર્ષ બાદ ઈંદ્ર વરસાદ કરવા લાગ્યો. સમર્થોની આવી બધી વાત હોય છે. ૧૮. **સમર્થમાં અપાર પ્રતાપ હોય છે. જેટલા ગમાર લોકો હોય છે તે તેને સહન કરી શકતા નથી.** આ દુનિયામાં જે ગમાર લોકો છે તે મોટા પુરુષોના પ્રતાપને દેખીને, ૧૯. મોટા પુરુષોથી અધિક દેશી કરવા લાગે છે. ગમાર લોકોને તો ગમાર જ ગમે છે. વેદથી વિરુદ્ધ જેટલું વર્તન હોય તેને વેદો પાખંડ કહે છે. ૨૦.

જે લોકો કર્મથી જ મોક્ષ માને છે, પણ ભગવાન હરિનું નામ લગારેય લેતા નથી. એમ જે કેવળ કર્મને માર્ગે ચાલે છે, તેઓ તો પોતાને બેસવાની ડાળીને જ કાપે છે. ૨૧. ભગવાનના અવતાર અપાર થયા છે અને તેમનાં ચરિત્રોનો પણ કોઈ પાર લઈ શકે નહીં. જે ભગવાનનાં ચરિત્ર કહેવાય છે તે

બધાં જ મોક્ષદાયક રહ્યા છે. ૨૨. જે મોક્ષભાગી જીવ છે તેઓ ભગવાનનાં ચરિત્રોમાં પોતાના મનને પરોવે છે. અને ભગવાનને શરણે જે પ્રાણી થયા ન હોય, તેઓ તો ઉદ્‌ભિજ્જ, જરાયુજ, અંડજ અને સ્વેદજ, એ ચાર ખાણોમાં ચોરાશી લાખ જાતના દેહોને ધારે છે અને તેમાં ભટકે છે. ૨૩. મગધ દેશમાં એક અરિહંત નામે રાજા થયો હતો. જગતમાં જેટલા અત્યંત ઘોર મલિન કર્મ કહેવાય છે, તેનો તે અવતાર હતો. તેણે મનમાં દૃઢ નિર્ધાર કર્યો કે, કર્મે કરીને જ અપાર સુખ પામી શકાય છે. ૨૪-૨૫.

તેણે માગધી ભાષામાં તેનો ગ્રંથ લખ્યો. તેમાં તેણે કર્મને જ પ્રધાનપણે કહ્યા કે, કર્મ વિના કાંઈ વાત જ નથી. એવો કર્મપ્રધાન ગ્રંથ લખ્યો. ૨૬. ભગવાન ઋષભદેવજી અત્યંત પ્રતાપી થયા હતા, એવી વાત તેણે કાને સાંભળી. પછી તે અરિહંતે તેમની દેશી લીધી. ૨૭. ક્યાં ભગવાન ઋષભદેવ ? અને ક્યાં કર્મરત અરિહંત ? ભૂચર પ્રાણી આકાશના ભેદને ક્યાંથી સમજી શકે ? ૨૮. એક ભગવાન સિવાયના અનંત બ્રહ્માંડોમાં રહેલા જે કોઈ મુક્ત, દેવ, રાજા અને મનુષ્ય તથા કાળ, કર્મ અને માયા વગેરે બધાના તપના પ્રતાપને એકઠો કરે, ત્યારે તે અક્ષરના એક રોમ જેટલો પણ ન થાય. જેટલા શુદ્ધ છે તે આવું દેખે છે. ૨૯-૩૦.

તે અક્ષર જેવા અનંત ભેળા થઈને તપ કરે, પછી તેમના તપનો પ્રતાપ એકઠો કરવામાં આવે, તો તે પ્રતાપ ભગવાનનાં એક રુંવાડા જેટલો પણ ન થાય. ભગવાન એવા મહાન સમર્થ છે. ૩૧. જે લોકો ઘોર નરકના અધિકારી છે તેઓએ ભગવાનના આવા ભારે પ્રતાપને દેખીને તે પ્રતાપને ઢાંકી દેવા માટે કેટલાક એવા નવા ગ્રંથ બનાવ્યા છે. તે એટલા બધા કર્યા છે કે, તેને કહેતા પાર આવે નહિ. ૩૨. જેણે જેણે પોતાનો મત ચલાવ્યો છે તેણે વ્યાસમુનિનું નામ લઈને, વેદોમાં અને પુરાણોમાં ઠેક ઠેકાણે નવા ક્ષેપકો લખી દીધાં છે. ૩૩. તેને કેટલાક વરસ વીતી ગયા. પછી હવે તેની પરીક્ષા કોણ કરે છે ? સોનામાં કે ચાંદીમાં જે ભેગ ભેળવ્યો હોય, તેને સુજ્ઞ-ચતુર સોની હોય તે દેખી શકે છે, પણ બીજા દેખે નહીં. ૩૪. ચતુર સોનીને પણ જ્યારે પૂરી ખબર ન પડે ત્યારે કસોટી અથવા અગ્નિથી તેની પરીક્ષા

કરી શકાય છે. કસોટી અને અગ્નિ, પરીક્ષામાં એક તલભાર પણ પક્ષપાત રાખતા નથી. ૩૫.

સમુદ્રના પાણીમાં વિવિધ પ્રકારનાં જળચર પ્રાણીઓમાં કેટલાક મોટા પર્વત જેવા હોય છે. તેની ઉપરથી કાંઈ ખબર પડતી નથી. તેવા જ ગ્રંથો પણ અપાર છે. ઉપરથી કાંઈ ખબર પડે નહિ, ઊંડા ઊતરે તો ખબર પડે. ૩૬. ભૂમિ ઉપરના જેટલા નગર છે તેને બરાબર નિહાળીને દેખો. જેને જ્યાં જેવી જરૂર હોય ત્યાં તે તેવા નગરમાં રહે છે. ૩૭. વેદો અને પુરાણ ગ્રંથોની રીત પણ એવી જ છે. જેને જેવી જરૂર હોય તે બાબત પ્રસંગે કરીને મળી રહે છે. ૩૮. આ બ્રહ્માંડમાં જેટલા વિવિધ પ્રકારનાં પદાર્થો દેખાય છે, તે બધાં પદાર્થો એક વાતથી સિદ્ધ કરી શકાતા નથી. ૩૯. એવી જ ગ્રંથોની વાત છે. મૂઢ માણસને તેની ખબર પડતી નથી. જ્યારે પૂરું સમજાય નહિ, ત્યારે સ્થાપન ઉત્થાપન કર્યા કરે છે. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોદશ પૂરમાં 'ઋષભદેવનો પ્રતાપ, અરિહંતકૃત અનર્થ કહ્યો' એ નામે સુડતાળીશમો તરંગ સમાપ્ત ||૪૭||



પૂર તેરમું : તરંગ - ૪૮

સત્સંગમાં અને અંગ્રેજોમાં વિવેકભર્યો મહિમા અને તત્પરતાનું મહત્ત્વ

શ્રીહરિ જેવી વાત કહેતા, તેવી વાત બ્રહ્માંડમાં રહેલા અનંત મુક્તો, દેવો તથા મનુષ્યો, તે કોઈને કહેતા આવડે નહિ. ૧. આકાશમાં ચંદ્રમા અને તારાઓ હોય છે તે કોઈ તેજ વગરના નથી હોતા, છતાં જ્યારે સૂર્યોદય થાય છે ત્યારે તે ચંદ્રમા કે તારાઓ કોઈ દેખાતા નથી. ૨. આગળ કહ્યા પ્રમાણે શ્રીહરિએ ઋષભદેવના ચરિત્રની જે વાત કહી છે તે તો સૂર્યના સમાન છે. જે સુમતિ જન હોય તેને તે દેખાય છે. ૩. સૂર્યનો જે પ્રકાશ છે તે બધા જ જીવજગતને માટે સુખ કરે છે, પરંતુ તે પ્રકાશ ઘુવડને દેખાતો નથી. સૂર્યનો પ્રકાશ ઘુવડને તો અપાર દુઃખ કરે છે. ૪. ઘુવડને માટે દુઃખકારી એવો તે

સૂર્ય ઊગ્યા વિના ક્યારેય રહેતો નથી. સૂર્યોદય થયા વિના તો રાત કહેવાય. અધર્મી લોકોનાં મનમાં તો રાત જ સારી લાગે છે. ૫.

મુનિવર મુક્તાનંદસ્વામી અયોધ્યાપ્રસાદજી મહારાજને પ્રસન્ન મનથી જેવાં શ્રીહરિનાં ચરિત્ર સાક્ષાત્ દેખ્યાં હતાં તેવા કહે છે. ૬. શ્રીહરિ પ્રકટ થયા છે, એમ જાણીને શ્રીનરનારાયણ ભગવાને ઘણા જ હેતથી જે અંગદના વંશજ હતા અને જેઓ બુદ્ધિના સાગર જેવા હતા, તેમને ઉત્તર દેશમાં પ્રકટ કર્યા. તે બધાનાં શરીર શ્વેતદ્વીપવાસી શ્વેતમુક્તોના જેવા હતાં. શ્વેત વસ્ત્ર ઉપર તેઓ રુચિ રાખતા. તેઓ કોઈ પણ મલીન વસ્તુને રાખતા નહિ. ૭-૮. શરીર ઉપર સોનું કે રૂપું પહેરતા નહિ. તેમજ સોના, રૂપા ઉપર તેઓ એટલો બધો પ્રેમ પણ રાખતા નહિ. શરીર ઉપર બે જ વસ્ત્ર રાખતા અને વસ્ત્ર પણ શરીરની સાથે લપેટેલા રાખતા. ૯. માથા ઉપર સુશોભિત વાળ રાખતા. સહુ પોતાને યોગ્ય હોય તેવી ટોપી પહેરતા. કેટલાક પોતાની સાથે એક રૂમાલ પણ રાખતા. ક્યારેય વધારે વસ્ત્ર રાખતા નહિ. ૧૦.

પકડ વિનાની વાત એક પણ કરતા નહિ. તે વિવેકી સર્વે એવી રીતે વર્તતા હતા. જ્યાં જેવો દેશ, કાળ દેખે ત્યાં તે પ્રમાણે એકમત થઈને વર્તતા. ૧૧. તેમનાં મન પરસ્પર જુદા પડવા દેતા નહિ. એકબીજાની મર્યાદાને જાળવતા હતા. નીતિમાં જે જેટલા નિપુણ હોય તે તેટલા સહુથી અધિક ગણાતા. ૧૨. તેમનામાં તે જેવી નીતિ ભણ્યા હોય અને જેની જેવી બુદ્ધિ હોય, તેને તેવો અધિકાર મળતો હતો. આવી બધી તેમની રીત હતી. ૧૩. તેમના દેશની જેટલી વાત હોય તે એક પણ વાત આશ્ચર્યરહિત ન હતી. ક્યારેય જોયું ન હોય અને કાને સાંભળ્યું ન હોય એવું તેઓ કરતા હતા. ૧૪. તેઓ જે કામ કરવા મનમાં ધારતા, તે રાજાને મળીને નકલ (પ્લાન) કરીને દેખાડતા. પછી ચોક્કસ કરીને કામની શરૂઆત કરતા. ૧૫.

ધનનો લોભ જરાય રાખતા નહિ. પણ પોતાનો રૂઆબ જમાવવા હંમેશાં એક એકથી અધિક તત્પર રહેતા. ૧૬. ભારત દેશના રાજા સુધીના બધા મનુષ્યો એકપણ લૌકિક બાબતે તેમના સમાન થઈ શકે નહીં. ભલેને તેમાં અનંત લોકો આયુષ્ય ખોવે. ૧૭. પરંતુ ભારતમાં જેટલા અધિક મોક્ષમાર્ગે

ચાલનારા લોકો છે તેટલા બીજા દેશોમાં નથી. અને જ્યાં સુધી મોક્ષના માર્ગમાં જીવ ચાલે નહીં ત્યાં સુધી ભલે આકાશમાં ઊડે, તોપણ તેનાથી શું થાય ? તે મોક્ષમાર્ગે ચાલનારાની આગળ કંઈ કહેવાય નહીં. ૧૮. કોઈથી ન થઈ શકે એવી જેટલી આશ્ચર્યકારી બાબતો કહેવાય છે, તે અપાર બાબતો શ્રીહરિમાં રહી છે. તોપણ મોટું આશ્ચર્ય એ છે કે, શ્રીહરિને તેનો લગારેય ગર્વ નથી. ૧૯. જ્યાં સુધી શ્રીહરિનો પ્રતાપ જોયો નથી ત્યાં સુધી બીજી બધી વાત નકામી છે.

શ્રીહરિની અલૌકિક વાતને દેખાડવા માટે મેં અહીં આ લૌકિક માણસોની આશ્ચર્યકારી વાત ક્યાં કરી ? ૨૦. કેમ જે, લૌકિક મનુષ્યને અલૌકિક વાત તો વગર કહે મનાઈ જાય છે. પણ લૌકિક વાત તે માટે કહેવામાં આવે છે કે તેથી બુદ્ધિહીન મનુષ્ય તેમાં દોષ ઠેરાવે નહીં. ૨૧.

चोपाई :

अलोकीक अलोकीक जेहू, हरि की बात कहन हित तेहू;
बात के जेते तान हि जाने, बुद्धिवंत ताकु हम हि माने...२२
बुद्धिवंत कहावत जेही, समझ बिन मुख न बोलत तेही;
बुद्धि हि जाकि रहे जो जेसी, बोले तरत देखावे तेसी...२३

શ્રીહરિની અલૌકિક અલૌકિક વાતને કહેવા માટેનું અમારું તાન જે જાણે છે, તેને અમે બુદ્ધિશાળી માનીએ છીએ. ૨૨. જે મનુષ્ય બુદ્ધિમાન કહેવાય છે, તે વગર સમજે મુખથી કાંઈ બોલતો નથી. જેની બુદ્ધિ જે પ્રકારની હોય છે, તે બોલવા ઉપરથી તરત જણાઈ આવે છે. ૨૩. ચાલતાં, ઊઠતાં, બેસતાં, લેતાં, દેતાં અને સહવાસ કરવાથી પણ જેની જેવી બુદ્ધિ હોય છે તે દેખાઈ આવે છે. ૨૪. કોઈના ઉપર કોઈ એક પત્ર લખે, તેમાં પણ લખનારાની બુદ્ધિ બુદ્ધિમાન વાંચનારાને દેખાઈ આવે છે. એક તલભાર પણ છુપાતી નથી. ૨૫. જેમાં જેટલી બુદ્ધિ દેખાય છે, તેટલું તેની સાથે દિનપ્રતિદિન અધિક હેત થાય છે. ૨૬.

सोरठा : जेसो संग जाही, होवत हे प्रबल जेही;
तेसी बुद्धि ताही, होवत हे सो पलटकर...२७

सोरठा : सत्संग मिलत जेह, सत्संग की बुद्धि होत तब;
कुसंग मिलत जब तेह, तब बुद्धि हो जात तिमि...२८

જેને જેનો સંગ પ્રબળપણે થાય છે તેની બુદ્ધિ પણ પલટાઈને તેના જેવી થઈ જાય છે. ૨૭. જેને સત્સંગ મળે છે તેની બુદ્ધિ સત્સંગ બાબતની થઈ જાય છે, અને જો કુસંગ મળ્યો હોય તો બુદ્ધિમાં કુસંગ આવી જાય છે. ૨૮. સોનું જેવું શુદ્ધ હોય તેવું તેનું મૂલ્ય થાય છે. શુદ્ધની સંગતથી શુદ્ધ થવાય છે અને અશુદ્ધની સંગતથી અશુદ્ધ થવાય છે. ૨૯.

સત્સંગનું જેટલું વર્તન છે તે બધું શુદ્ધ અને નિર્મળ છે. ચાહે તેવો કુસંગવાળો હોય તેને સત્સંગનું વર્તન સત્સંગી કરી દે છે. ૩૦. પરંતુ સત્સંગ મળ્યા પછી જો મનુષ્ય કુસંગ કરતો રહે છે, તો તે કુસંગી થઈ જાય છે. તેમાં લેશમાત્ર પણ સત્સંગ રહેતો નથી. અને તેમાં માયા પ્રવેશ કરે છે. ૩૧. તે કુસંગી થઈ ગયા પછી, તેણે સત્સંગ કર્યો હોય તેનાથી પણ વધારે સત્સંગનો અત્યંત દ્રોહ કરવા લાગે છે. પછી તે સત્સંગનો દ્રોહ કરનારાને દિનપ્રતિદિન કરોડો બ્રહ્મહત્યા અને ગૌહત્યાનું પાપ લાગે છે. તે સિવાય કરોડો ગુરુપત્નીનો સંગ કર્યાનું પાપ તથા કરોડો બ્રહ્માંડમાં થતું પાપ તે સત્સંગના દ્રોહીને રોજબરોજ લાગે છે. ૩૨-૩૩.

❋ ખપવાળા મુમુક્ષુનાં લક્ષણ :

અને વળી, **કોઈક જો કુસંગના જોગથી સત્સંગથી બહાર નીકળી ગયો હોય, પણ પોતાનો જ અવગુણ બોલતો હોય અને તેનો બધા સંતો તિરસ્કાર કરે, અને જેટલા કોઈ હરિભક્ત કહેવાય છે તેપણ સર્વે તિરસ્કાર કરે, તોપણ તેને સહન કરે અને નિત્ય તેમના ગુણ જ ગાયા કરે, અને તેને ક્યારેય મનમાં હરિભક્તોનો અવગુણ આવે નહીં. ૩૪-૩૫. અને વળી, તે કુસંગીઓની આગળ એવી વાતો કરે કે, હું સત્સંગના નિયમોને રાખી-પાળી શકતો ન હતો, તેથી જ સત્સંગ છોડીને આવ્યો છું. પણ જે આ હરિભક્તો છે તેઓ તો અત્યંત ભાગ્યશાળી છે. તેમનો તો તત્કાળ મોક્ષ થઈ જાશે.** ૩૬. તેમાં કોઈ સંદેહ નથી. આ બાબત નિશ્ચિત છે. આવો આ સત્સંગ સંસારસાગર તરવા માટેનું સાક્ષાત્ નાવ છે. ૩૭.

આવો સત્સંગ સહુને ફરી ફરીને મળતો નથી. અત્યાર સુધી મળ્યો નથી અને હવે પછી પણ મળશે નહિ. આ સત્સંગ તો સહુથી ઊંચો છે. ૩૮. આ રીતે જે સત્સંગ છોડીને કુસંગમાં ભળ્યા પછી પણ ત્યાં આ રીતે સત્સંગનો પક્ષ રાખે છે, તેને સંતો અને હરિભક્તો 'કુસંગીઓની વચ્ચે રહેલો વિચક્ષણ-દક્ષ છે' તેમ કહે છે. ૩૯. અને તે દક્ષ પુરુષ એક મનુષ્યને મારવા સિવાયનું કુસંગીઓના જોગે કરીને અમાપ પાપ કરે, તોપણ તેને ભગવાન માફ કરે છે. ૪૦. તેને શ્રીહરિ માફ કરે છે તેનું કારણ એ છે જે, 'તે પોતાને અધમ માને છે અને સત્સંગને અતિ ઉત્તમ સમજે છે.' તે છે. તેને આવી જે સમજણ છે તે જ તેને માટે શ્રેષ્ઠ સાધન છે, અને તે માટે તેનાથી જ તેનો મોક્ષ થાય છે. ૪૧. મારી નજરે દેખેલી આવી વાતો તો હજીએ અનંત છે. પણ આ વાત તો મેં કુસંગની કહી છે. તે કાંઈ હરિભક્તના તુલ્ય હોઈ શકે નહિ. ૪૨.

ઉપર જે વાત કહી, તેને કાનથી સાંભળીને કોઈ કુસંગ કરવા લાગી જાશો નહિ. આ તો સત્સંગનો રંગ ચઢાવવા માટે સત્સંગનો પ્રતાપ કહ્યો છે. ૪૩. આ ગ્રંથમાં હું વારંવાર જેટલી વાત કહું છું, તે પણ સત્સંગનો રંગ વધારે ચઢાવવા માટે કહું છું, તેને રૂડી બુદ્ધિવાળાએ પાછા ફરીને વિચારી લેવું. ૪૪. રજોગુણ અને તમોગુણના યોગે કરીને બધી વાત સવળી સમજાતી નથી. ભલે ને, તે સારા હરિભક્ત હોય, તોપણ માયાના ગુણો વચ્ચે અંતરાય-વિઘ્ન કરે છે. ૪૫. આ ગ્રંથ તો સાકરનાં નાળિયેરની જેમ શ્રીહરિની વાતોથી ભર્યો છે. નાળિયેરને તોડવા માટે કાંઈ ઉપકરણ-સાધન જોઈએ, સાધન વિના નાળિયેરનો સ્વાદ લઈ શકાય નહિ, તેમ આ ગ્રંથનું તત્ત્વ સમજવા માટે પણ વિવેક સાથેનો મહિમા હોવો આવશ્યક છે. ૪૬.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોદશ પૂરમાં 'સત્સંગમાં અને અંગ્રેજી શાસનમાં વિવેકભર્યો મહિમા અને તત્પરતાનું મહત્ત્વ કહ્યું' એ નામે અડતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૮॥



પૂર તેરમું : તરંગ - ૪૯

સાધન-સાધ્ય આદિની વિવિધ વાત શ્રીહરિએ કહી

જે કોઈ પણ પદાર્થ અને વાત ઉપકરણ - સાધન વિના થાય નહિ. ઉપકરણ અને વાત (તત્ત્વની સમજ) અલગ છે. તે સમજાઈ જાય તો બહુ આનંદ થાય છે. ૧. ઉપકરણના માર્ગને ગણીએ તો તે અનેક છે અને તત્ત્વનો માર્ગ એક છે. અને તેનો પાર તત્કાળ આવે છે. ૨. તત્ત્વને અને ઉપકરણને એક કરીને ગ્રંથમાં કહ્યા હોય છે તેથી સમજાતું નથી. પ્રકટ ભગવાનના અવતાર વિના તેને અલગ અલગ કહેવાનું કોઈને આવડતું નથી. ૩. દહીં અને ઘી દૂધમાંથી જ થાય છે. પણ દૂધમાં પહેલા દહીં કે ઘી દેખાતાં નથી. જ્યારે દહીંને વલોવે ત્યારે તત્ત્વ થઈને માખણ નીકળી આવે છે. ૪. અગ્નિમાં ઊકાળ્યા સિવાય માખણનું ઘી ક્યારેય થાતું નથી. ખારો, ખાટો, મીઠો, એ બધા રસ છે. તેનો ગણવાથી પાર આવતો નથી. ૫.

સારા-નરસા બધા રસની પરીક્ષા જીભ સિવાય બીજા દ્વારા થતી નથી. સુગંધ તથા દુર્ગંધ વગેરેની પરીક્ષા નાસિકાથી થાય છે. ૬. રૂપ, કુરૂપ અને વિગતવાર ઓળખાણ આંખોથી જ થાય છે. સારા નરસા શબ્દના ભેદ કાનથી જ સમજાય છે. ૭. ઠંડો અને ગરમ સ્પર્શ ત્વચા દ્વારા ઓળખાય છે. પાંચે વિષયનું જ્ઞાન પાંચ જ્ઞાનેન્દ્રિયો દ્વારા અલગ અલગ થાય છે, એમ કહ્યું છે. ૮. પાંચ જ્ઞાનેન્દ્રિયોના દેવ પણ પાંચ છે. તે દેવ વિના વિષયનો ભેદ સમજાતો નથી. જો અંતઃકરણ ન હોય તો જીવ પથ્થર અને લોઢાના જેવો રહે છે. ૯. ચુંબકના પથ્થરમાં તેટલું જ્ઞાન છે કે તે લોઢાને પોતાની તરફ ખેંચે છે. તેમ જીવ દેહ, ઈન્દ્રિયાદિક ઉપકરણ વિના પણ જ્ઞાનવાન અને જ્ઞાનરૂપ રહે છે. ૧૦. અને વળી, અજર, અમર, અચ્છેદ્ય, અભેદ્ય અને આશ્ચર્યરૂપ રહે છે.

કેટલાક મોટા મોટા દેવો, ઋષિઓ, મુનિવરો, જોગીઓ, અનાદિ ઈશ્વરો, ૧૧. અને જે સિદ્ધો હોય તે યોગમાત્રની સંપૂર્ણ કળાઓને જાણતા હોય છે. અને તેઓને (દેહ, અંતઃકરણાદિક ઉપકરણ વિના પણ) દિવ્ય ચક્ષુ દ્વારા જીવનું અનુપમ રૂપ યથાર્થ રીતે દેખાય છે. ૧૨.

જે જે મોક્ષ સંબંધી જ્ઞાન હોય છે તે જ્ઞાનની યથાર્થ સમજણ આવ્યા વિના કેવળ મુખસ્વાદની વાતોથી પ્રાપ્ત કરી શકાતું નથી. ૧૩. જ્યાં જેવું જ્ઞાન કહેવામાં આવે ત્યાં તે આકારે જ્યારે વૃત્તિ કરે ત્યારે યથાર્થ જ્ઞાન પ્રાપ્ત થાય છે. તે સિવાય કેવળ સાંભળવાથી પણ ક્યારેય જ્ઞાન પમાય નહીં. ૧૪. કરોડોવાર જ્ઞાનનો વારે વારે અભ્યાસ કરવામાં આવે, તોપણ જ્યાં સુધી દેહાભિમાન આવરણ કરીને રહે છે ત્યાં સુધી લેશમાત્ર જ્ઞાનનો પાશ લાગતો નથી. અર્થાત્ જ્ઞાન સિદ્ધ થાતું નથી. ૧૫.

※ જે સાચા સંતો હોય તે કેવા હોય છે ? :

દેહ, દેહના ગુણ ઈંદ્રિયો અને પંચવિષય વગેરેના દંભ, કપટ અને છળ આદિ જે ગુણો છે તેનો જે અવગુણ લેતો રહે. ૧૬. કારણ કે, બ્રહ્માંડે બ્રહ્માંડના જેટલા કાંઈ આશ્ચર્યમય ગુણો કહેવાય છે, તે પણ સર્વે પ્રલયકાળમાં નાશ થઈ જાય છે. તો દેહના ગુણો નાશ થઈ જ જાય ને ! માટે તેનો અવગુણ-અભાવ રાખ્યા કરે. ૧૭.

ચોપાઈ :

पिंड ब्रह्मांड में वृत्ति जेती, चोट रही हे एकरस तेती;
ज्ञान कुठार करीके जेहा, वृत्ति के मूल कु छेदे तेहा...१८
देह में जिहाँ लग रेवे प्राना, संत के आगे रहे निरमाना;
आप में वर्ते ज्ञान अपारा, संत में देख न परे लगारा...१९
तोहु संत के गुलाम रहावे, वाद विवाद न कबहु करावे;
हरि के वचन जेते कहावे, हरि सम जानी तेते रखावे...२०

અને જીવની જેટલી વૃત્તિ પિંડ-બ્રહ્માંડમાં એકરસ થઈને ચોંટી રહી છે, તે વૃત્તિના મૂળને જ્ઞાનના કુહાડાથી છેદતો રહે, ૧૮. જ્યાં સુધી દેહમાં પ્રાણ રહે ત્યાં સુધી સંતની આગળ નિર્માની થઈને રહે, પોતામાં જ્ઞાન અપાર વર્તતું હોય અને સંતમાં જરાય જ્ઞાન દેખાતું ન હોય, ૧૯. તોપણ સંતોનો ગુલામ થઈને રહે અને ક્યારેય સંતની સાથે વાદવિવાદ ન કરે, અને વળી ભગવાનનાં જે જે વચન છે તેને ભગવાન સમાન જાણીને વર્તનમાં રાખે, ૨૦.

ક્યારેય સંતો તરફની અરુચિનું વચન બોલે નહિ, જે સાચા સંત હોય તે બધા આવા હોય છે. અને પોતાનાં શરીરમાં વિપરીત બીમારી આવે ત્યારે કોઈ સંત તેની સામું પણ જુએ નહીં, ૨૧. તોપણ તે ભગવાન અને સંતોના ગુણો જ ગાય અને સંતોનો અને હરિભક્તોનો અવગુણ તો ક્યારેય ન જ બોલે, તે સંતના તુલ્ય બીજા કોઈ સંત કહેવાય નહિ. ૨૨.

❋ ત્યારે તે ખરેખર ઉદ્ધવ સંપ્રદાયના છે :

જ્યારે ઉદ્ધવજી વ્રજમાં આવ્યા ત્યારે તેમણે વ્રજની બધી ગોપીઓનાં વચન સાંભળ્યાં. તેથી ઉદ્ધવજીની આંખોમાં આંસુ આવી ગયા, અને તેમણે ગોપીઓને પોતાના કરતાં ઘણી અધિક માની. ૨૩. અને તેઓ બોલ્યા કે, નારીના સમાન કોઈ અધમ નથી. એમ વેદ અને પુરાણો કહે છે. પણ શ્રીકૃષ્ણ ભગવાનના પ્રસંગથી તે ગોપીઓ મારા કરતાં પણ ઘણી પૂજ્ય બની ગઈ છે. ૨૪. ગોપીઓનાં ચરણની રજ હવે મારાં મસ્તક ઉપર પડે; આવું ક્યારે થાશે ? મારી મતિ ગોપીઓના જેવી ભગવાનમાં સ્થિર ક્યારે થાશે ?' ૨૫. આમ, આવી રીતે સંતો-હરિભક્તો બીજા સંતો-હરિભક્તો ઉપર જ્યારે ઉદ્ધવજીના જેવો ભાવ રાખે ત્યારે તે ખરેખર ઉદ્ધવ સંપ્રદાયના છે. ૨૬.

જે સંતો અને હરિભક્તો ઉદ્ધવ મતના હોવા છતાં પોતપોતાની રુચિ પ્રમાણે વર્તતા હોય, તો તે કાળનેમિ અને રાહુના જેવા છે. ૨૭. **દિનપ્રતિદિન વધારે ને વધારે સંતોમાં અને હરિભક્તોમાં જે રીતે ભાવ વધે તેમ સંતો-હરિભક્તોએ કરવું, તે ઉદ્ધવનો મત-સંપ્રદાય છે.** ૨૮. **અને ઉદ્ધવ સંપ્રદાયનો કોણ નથી ?** તો, જે ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યને રાખે તથા ત્યાગ તો બીજા સંતો કરતા વધારે રાખે, રાત-દિવસ કથા-વાર્તા અને ધ્યાનનું તાન વધારે રાખે, ૨૯. પણ સંતો જો પરસ્પર લેશમાત્ર ભાર ન રાખે, મર્યાદા ન રાખે, હરિભક્તો પણ પરસ્પર કલેશ કરે, એકબીજાનું ચાહે તેમ ઘસાતું કુસંગીની જેમ બોલે, ૩૦. તે તો હાથીના ગંગાસ્નાન જેવું છે. જેમ હાથી ઘણો તાપ હોય ત્યારે ગંગામાં જઈને વારે વારે નહાય, પછી જ્યારે ગંગામાંથી બહાર નીકળે, ત્યારે તે નાહેલો હાથી પોતે જ પોતાનાં શરીર ઉપર ધૂળ ઉડાડીને નાખે છે. ૩૧. તેમ **પરસ્પર એકબીજા સંતનું ઘસાતું બોલીને કરાયેલું ધ્યાન,**

કથા-વાર્તા વગેરે ગજના ગંગાસ્નાન જેવું છે. માટે એવું જે કરતા હોય તે ઉદ્ધવ મતના નથી. કેમ જે, ઉદ્ધવ મત તો સૂર્યના જેવો છે અને બીજા મત તો તારા જેવા છે. ૩૨.

ઉદ્ધવ મતનો આશ્રિત થઈને પણ જે પરસ્પર હેત ન રાખે, તો તે ઉદ્ધવ મતમાં લાંછનરૂપ છે. નાક વગરના ચહેરા જેવું તે કુરૂપ છે. તે શોભે નહિ. ૩૩. જે સંતોમાંથી પ્રેમ તોડાવી નાંખે તેને તો હડકાયા શ્વાન જાણવા. શુક્લ પક્ષના ચંદ્રમાની કળા જેમ દિનપ્રતિદિન વધતી રહે છે, તેમ સંતોમાં હેત-પ્રીત અધિક અધિક વધવા જોઈએ. ૩૪.

ચોપાઈ :

तेसे संत रु हरिजन जेते, उद्धव मत के जानना तेते;
एसे के कथा बार्ता जेता, ध्यान कीर्तन भक्ति तेता...३५
धर्म ज्ञान वैराग हि जेतो, सबकु हे सुखदाईक तेतो;
एसे संत रु हरिजन जितना, आकाश सम एकांति तितना...३६

તેમ જેને પ્રેમ વધતો હોય તેવા નિર્દોષ-નિર્મળ પ્રેમવાળા સંતો-ભક્તોને ઉદ્ધવ સંપ્રદાયના જાણવા. અને એવા પ્રેમવાળાના જ કથા, વાર્તા, ધ્યાન, કીર્તન, ભક્તિ, ૩૫. ધર્મ, જ્ઞાન અને વૈરાગ્ય આદિ સદ્‌ગુણ સહુને સુખદાયક થાય છે. અને એવા જે સંતો તથા હરિભક્તો છે તે આકાશના સમાન નિર્લેપ અને એકાંતિક કહેવાય છે. ૩૬.

જેટલા શસ્ત્ર બાંધે તે બધા કાંઈ શૂરવીર નથી હોતા. અંગ્રેજ સાહેબ હાથમાં છરી પણ રાખતા નથી, તોપણ તેણે આ આખો દેશ લઈ લીધો છે. ૩૭. દેશી રાજાઓના શસ્ત્ર અને તેમનો અન્યાય બધું બળજબરીથી કબજે કર્યું છે. ક્યાંય સત્યની આગળ અસત્યનું બળ ચાલ્યું નથી. ૩૮. જે સદ્‌બુદ્ધિવાળા રાજાઓ હતા તેમણે ઉદ્ધવ મતની રીત પ્રેમથી અપનાવી, તો તેઓ સુખેથી રાજ્ય કરે છે. ૩૯. તે સિવાયના ઘણા મોટા રાજાઓએ પણ પોતાની કુબુદ્ધિને છોડી નહિ. તો પરિણામ શું આવ્યું ? અને તેમને ક્યાં પહોંચાડ્યા ? શ્રીહરિએ આવી તો ઘણી વાત કરી છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોદશ પૂરમાં 'સાધન-સાધ્ય આદિની વાત શ્રીહરિએ કહી' એ નામે ઓગણપચાસમો તરંગ સમાપ્ત ||૪૯||



પૂર તેરમું : તરંગ - ૫૦

સત્સંગની અને સારા રાજ્યની પ્રજા માટે સુખદ સમાન રીતિ

ઉદ્ધવ સંપ્રદાય અને સત્સંગ બંને એક જ કહેવાય છે. જેને ગમ ન હોય તેઓ બંનેને અલગ જાણે છે. ૧. જગતમાં જે સુમતિ-સમજણા લોકો છે તેઓ પ્રસિદ્ધ વાતને કહે છે. પ્રજાને સુખી કરવી, એવો સાહેબનો મત છે. ૨. પ્રજાને સુખી કરવા માટે જ તે રાત-દિવસ અનેક પ્રકારના ઉદ્યમ કરે છે. જો સુમતિ સદ્‌બુદ્ધિવાળો મનુષ્ય હોય તો તે તેને વશ થઈ જાય છે. પણ કોઈ કુબુદ્ધિ મનુષ્ય હોય તો તેને કેદ કરી લે છે. ૩. જે કુબુદ્ધિવાળા નાના માણસો હતા. તેમને તેણે પ્રથમ જ કેદ કરી લીધા હતા. પણ જે ઘણા બળવાન છે તેને વશ કરવા માટે વારંવાર મળતા રહે છે. ૪. જે પ્રજાને જેવી રીતે દુઃખી કરતા હતા તેને પકડીને પછી તેને પણ તે રીતે જ દુઃખ દે છે. જે લોકો ન્યાયથી રહેતા હતા તેની સાથે ન્યાયનો વ્યવહાર કરતા, અને જેઓ અન્યાયથી વર્તતા હતા તેની સાથે તેવો વિરુદ્ધ વ્યવહાર કરે છે. ૫.

ક્યારેય કોઈનો પક્ષપાત રાખતા નથી, તેમજ કોઈનું ધન લેતા નથી. જે લોકો ન્યાયથી રહેતા હતા તેમની સાથે મહોબત-પ્રેમ ઘણો રાખે છે. ૬. જેમાં જેટલો ન્યાય દેખાય તેનો તેટલો પક્ષ રાખે. જેટલી ન્યાયયુક્ત બાબતો હોય તેને તેઓ સિદ્ધ કરતા હતા. ૭. તેઓ માનવહત્યાને પાપ ગણતા હતા. તેમને માટે બધા વર્ણ અને આશ્રમ એક સમાન હતા. પણ તેમાં જે ન્યાયથી રહેતા હતા તેમનું તેઓ માન જાળવતા. ૮. સાધુ, બ્રાહ્મણ અને અંત્યજ, બધાને માટે એકસમાન જ ધારો હતો. જેનામાં જેવી બુદ્ધિ હોય તેનો તેવો વિશ્વાસ કરતા. આદિયુગનો મનુષ્ય જાતિનો જેવો ધર્મ હતો, તે રીતે ચલાવવાનો તેમના અંતરમાં ભારે ઉમંગ હતો. કાયદેસર વિનાની વાત કોઈ

ચલાવતા નહીં. તેથી તે કોઈપણ બાબત ચલાવતા તે લોકોને તરત મનાઈ જાતી હતી. ૯-૧૦.

જેટલા બુદ્ધિમાનો હતા, તેઓ બુદ્ધિથી તેમની વાત અંતરમાં ઊતારી લેતા. તેમના શાસનમાં ઠેકઠેકાણે નાના બાળકોને ભણાવવાને માટે નિશાળો ખોલી દીધી છે, એવું કોઈએ કર્યું ન હતું. આમના જેવી નાના બાળકોની ઘણી સંભાળ કોઈ લેતું નથી. તેઓ બાળકોની ઉન્નતિ માટે અતિ બરદાસ રાખે છે. તે બાળકો જે વિદ્યાને ભણતા હોય, તેની પરીક્ષા પણ કરાવે છે. ૧૧-૧૨. તેઓ ગામે ગામ ફરીને જે બાળક જેવું ભણે તે પ્રમાણે તેને ઘણી ભાવનાથી ઈનામ પણ આપે છે. ૧૩. સત્સંગનાં જે નિયમ છે તેને ભૂષણનાં પણ ભૂષણ માનીને તે નિયમોને છપાવીને બાળકોને ભણાવે છે, અને શિક્ષણના કાર્યને ભૂષણરૂપ માને છે. ૧૪. તેમનો કોઈ અધિકારી જો વ્યસની, ફેલી, કામી, કેફી, લાંચિયો, પ્રમાદી અને હરામી, એટલા માણસોની સંગ-સોબત રાખે, તો તેને અધિકારના પદ ઉપરથી ઊતારી દે છે. ૧૫.

અને તેવા જે વ્યસની ઈત્યાદિની તો માનો બુદ્ધિ ફાટી ગઈ હોય અને ભાગ્ય ફૂટી ગયા હોય તેમ તેઓ માને છે. પછી તેને ક્યારેય બોલાવતા નથી અને તેનો મળની માફક ત્યાગ કરી દે છે. ૧૬. તેથી તેનું રાજ્ય દિનપ્રતિદિન સહેજે સહેજે વધતું જાય છે. કારણ કે, તેમાં નીતિ રહી છે. કેમ જે, બ્રહ્માંડના જે ઈશ્વર છે તે નીતિમાં નિવાસ કરીને રહે છે. ૧૭. ફૂલમાં સુગંધ દૂરથી દેખાતી નથી, પણ નાસિકા સુગંધની પરીક્ષા કરે છે. નાસિકા અને નેત્ર જેવા જ્ઞાની લોકો જ્યાં અદલ ન્યાય-નીતિ રહે છે ત્યાં રહે છે. ૧૮. તેઓ નીતિને ઈશ્વરનું પ્રગટરૂપ દેખે છે. પરંતુ કુમતિ નીતિને ઈશ્વરનું રૂપ કહેતા નથી. જ્ઞાની અને અજ્ઞાનીની સમજણ મળતી આવતી નથી. કુમતિઓને પોતાના જેવા કુમતિ ઉપર તાન હોય છે. ૧૯. કુમતિનું ફળ કુમતિવાળાને મળે જ છે. અને સન્મતિનું ફળ સન્મતિવાળાને મળે જ છે. વિલાયતમાં એક સદ્બુદ્ધિ વાળી રાણી રહે છે. તે સુમતિના રાહને દેખતી રહે છે, અર્થાત્ સદ્રસ્તાને ખોળતી રહે છે, તેમજ ચાલે-ચલાવે છે. ૨૦.

નરનારાયણ ભગવાન જેવો સંકલ્પ કરે છે તેવું તેની બુદ્ધિમાં વર્તે છે. નારાયણની ઈચ્છાથી જ તે રાણી આટલી બુદ્ધિમાન થઈ છે. ૨૧. શ્રીહરિએ કહ્યું, આ વાત અમે ગુપ્ત રાખીએ છીએ. કેમ જે, આ વાત કોઈને મનાય નહિ. સુમતિ લોકોમાં રહીને ઈશ્વર એવું બોલે છે કે, ઉદ્ધવ મતની રીત જેવી જ તેમની રીત છે. ૨૨. એકબીજાની વાત મળતી આવે છે. જેવી પરમેશ્વરની ઈચ્છા હોય તેમ બધું થતું રહે છે. બધી બાબત ઈશ્વરાધીન છે; આવું લોકો ક્યારેક ગુપ્તપણે વાતો કરતા હોય છે. ૨૩. બોલનારાના મોઢા કોણ બંધ કરે ? સત્સંગ અને તેના રાજ્યનો ધારો એકસમાન જણાય છે. જેટલા સિંહ કહેવાય છે તે બધા સાહેબ લોકોને દેખીને, અત્યંત ગરીબ જેવા થઈ જાય છે. કેમ જે, સાહેબ તો ગોળી ચલાવીને સિંહને મારી નાખે છે અને તેમાં કાંઈ પાપ માનતા નથી. પણ તેને સત્કર્મ માને છે. ૨૪-૨૫. જો કોઈ રાજા સાહેબની સામે બાથ ભીડે, તો તેની સાથે તેવું વર્તે છે અને જે રાજા નમી જાય છે, તો તે પણ તેને નમી જાય છે. આ બુદ્ધિ સાહેબને પરમેશ્વરે આપી છે. ૨૬.

सोरठा : अल्प करे मेरु तुल्य, मेरु करे अल्प अति;
ईश्वर कि बात अतुल्य, माप में कहे न आत कोउ...२७
सत्संग करत जाइ, अल्प जन अंतज सम;
बडता पावत ताइ, लोकालोक गिरि से अति...२८

પરમેશ્વર અલ્પને મેરુ તુલ્ય કરે છે અને મેરુના સમાન હોય તેને સ્વલ્પ કરી દે છે. પરમેશ્વરની વાત અમાપ છે. તેને કોઈ માપથી કહી શકાતી નથી. ૨૭. અત્યંત નાનો માણસ અંત્યજ જેવો હોય તે પણ જો સત્સંગ કરે છે, તો તે લોકાલોક પર્વત કરતાંએ વધારે મોટપને-ઊંચાઈને પામે છે. ૨૮. અને આ મનુષ્યની એવી અપાર વાતો છે. પણ જેને પરમેશ્વરનો જોગ થયો હતો, એવા મ્લેચ્છ અને પ્રાણીઓમાં પશુ-પંખી વગેરે પણ સંસારને તરી ગયા હતા, તો મનુષ્ય તર્યા હોય એમાં શું કહેવું ? પરમેશ્વરના યોગને પામેલા પર્વત, વૃક્ષ, સરોવર, નદી, ઈત્યાદિ દેવતાઓને માટે પણ પૂજ્ય બની ગયા છે. અને એમની વાતો ઠેકઠેકાણે લખી છે. **અનેક બ્રહ્માંડોનાં જે સુખ છે, તે સત્સંગનાં સુખ આગળ લૂખાં લાગે છે.** ૨૯-૩૦.

સત્સંગનો પ્રતાપ અપાર છે. શેષ, ભવ અને બ્રહ્મા પણ તેનો પાર પામી શકતા નથી. પૂર્વે પણ ત્રિલોકીમાં બહુ મોટા અને અજોડ પરાક્રમી રાજાઓ થઈ ગયા છે. ૩૧. તેમાં જેણે સત્સંગનો પક્ષ રાખ્યો હતો, તેઓ અવિચળ-શાશ્વત પદને પામ્યા છે. અને તે બધાં જેને ભય અને દુઃખ કહેવાય છે, તેને સહુને પાર કરી ગયા હતા. ૩૨. ત્રિલોકીના મહાભૂપ થઈને દેવોને અને મોટા રાજાઓને જીતી લે, એવા ઘણા મોટા પરાક્રમી થાય તોએ શું ? ૩૩. તેમજ ત્રિલોકીના બધા ભોગ, વૈભવોને પોતાને આધીન કરી લે, તોપણ જ્યાં સુધી સત્સંગ ઉપર પ્રેમ ન થાય ત્યાં સુધી તેના માથે કાળનો ભય તો ઝઝૂમતો જ રહે છે. ૩૪. જેનાં માથા ઉપર જમપુરી અને લખચોરાશીનું મોટું દુઃખ હોય, તે ક્યારેય નિર્ભય થઈને સુખ માણી શકતો નથી. આ અંગે અમે જે વચન કહ્યાં છે, તેમાં એક રતીભાર પણ ખોટું કહ્યું નથી. ૩૫.

શ્રીહરિએ આવી વાતો તો બહુ કહી હતી. તે વાતો તો સાગર જેટલી છે. તેમાંથી અર્ધા કે પા ટીપાં જેટલી વાત મેં જેવી આવડી તેવી લખી છે ૩૬. જ્યારે શ્રીહરિ પ્રસન્ન મનથી વાતો કરવા લાગતા, ત્યારે ભવ અને બ્રહ્માદિક દેવો પણ સહુ તેને સાંભળવાને માટે આવતા હતા. ૩૭. શ્રીહરિની વાતમાં બહુ રસ જામતો. તેના જેવો બીજો કોઈ રસ નથી. તે વાતોની તુલનામાં બીજી વાતો તો સૂર્ય આગળ તારાના જેવી થઈ જાય. ૩૮. શ્રીહરિ જ્યારે વાતો કરતા હોય, ત્યારે તે વાતોની આગળ બીજી વાતો તો વિલાયતની રાણીની આગળ બીજા રાજાઓની જેમ સારરહિત લાગતી હતી. ૩૯. શ્રીહરિની વાતોમાં બંધન અને મોક્ષની વાત અવશ્ય નિવાસ કરીને રહેતી હતી. અને વ્યવહારમાત્રની વાત પણ તેમાં આવી જાતી હતી. કોઈ વાત અલગ કરવાની રહેતી નહિ. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોદશ પૂરમાં 'સત્સંગ અને સારા રાજ્યની પ્રજા માટે સુખદ સમાન રીત' એ નામે પચાસમો તરંગ સમાપ્ત ॥૫૦॥



પૂર તેરમું : તરંગ - ૫૧

શ્રીહરિ ગજ, અશ્વની સવારી સાથે ઉન્મત્તગંગાએ પધાર્યા

ગઢપુરમાં જગદાધાર શ્રીહરિ દિવાળીને દિવસ ઘણા જ પ્રસન્ન હતા. તેથી એક સોનેરી પલંગ ઉપર આવીને બેઠા. ૧. તે દિવસે વિવિધ પ્રકારના શ્રેષ્ઠ વિલાયતી વાજિંત્ર ઘણા જ આનંદ ઉલ્લાસથી શ્રીહરિની આગળ વાગતા હતા. ૨. જે સંતો હાજર હતા તેઓ બધા આવીને સભામાં બેઠા અને અનંત હરિભક્તો પણ ઘણી સંકડાશમાં બેઠા. ૩. જેણે સાગર જોયો હોય, તેને કૂવો શું લેખામાં ? તેમ શ્રીહરિની આ સભા દેખવામાં સાગરના જેવી લાગતી હતી. ૪.

દરબાર જીવા ખાચર અને દરબાર એભલ ખાચર શ્રીહરિની આગળ બેઠા હતા. બીજા પણ કાઠી દરબારો બેઠા હતા. જેમ કે - અલૈયા ખાચર, માંચા ખાચર, સોમલા ખાચર, ૫. સુરા ખાચર, કાલા ખાચર, માણસિયા ખાચર, નાથા ખાચર, રાણા ખાચર, ડોસા ખાચર, જીવા ખાચર, શૂરવીર અમરા ખાચર, વાઘા ખાચર, મામૈયા પટગીર, રામ પટગીર, ૬. વસ્તા ખાચર, વેલા ખાચર, માતરા ધાધલ, વિસામણ ખાચર, જેઠસૂર ખાચર, મૂળુ ખાચર, રામ ખાચર, ભોકા ખાચર (ગઢડા), દેહા ખાચર, દાદા ખાચર, મોકા ખાચર (વાંકિયા), ૭. ઓઢા ખુમાણ, ઉનડ ખુમાણ, રાણા ખાચર (બીજા), મૂળુભાઈ, હમીર ખાચર, દાહા ખાચર, ઈત્યાદિ અપાર કાઠી દરબારો હતા. તેઓ શ્રીહરિની આગળ બધા સોહામણા લાગતા હતા. ૮. તે સમયે શ્રીહરિએ દરબાર જીવા ખાચર અને એભલ ખાચરની સામે જોયું. અને તેમને કહ્યું, આજે જે દરબારો અહીં આવ્યા છે તે બધાને કહો, સહુ પોતપોતાના અશ્વોને તૈયાર કરે. ૯. બધા સોનેરી સાજથી અશ્વોને શણગારે. આજ અનુપમ દિવાળીનો દિવસ છે. આવો દિવસ ફરી ક્યારે આવે ? તે કાંઈ નક્કી કહી શકાય નહિ. ૧૦.

શ્રીહરિએ વાત કરી ત્યાં દરબારો બધા ઊઠ્યા. બધા હરખભર્યા હાથી અને અશ્વોને લઈ આવ્યા. સવારીમાં આવશ્યક એવા ડંકા અને નિશાન વગેરેને પણ ઉમંગભેર લાવ્યા. ૧૧. પછી શ્રીહરિએ સહુ સાંભળે તેમ તેવો

સાદ પડાવ્યો અને કહ્યું, આપણે મુખ્ય રાજમાર્ગે થઈને ઘેલાનદીએ જવાનું છે. પછી શ્રીહરિ હાથી ઉપર બેઠા. ૧૨. ગઢપુરના વણિકોએ એકબીજા પાસેથી વાત સાંભળીને પોતપોતાની દુકાનોને વિવિધ રીતે શણગારી દીધી. ૧૩. બજારમાં પાણી છંટાવીને કેળના સ્તંભ રોપાવી દીધા. તેમજ નાળિયેરના રોપા પણ રોપાવીને પાંચ પલ્લવના તોરણો બંધાવી દીધા. ૧૪. હરેક દુકાને બિલોરીના ઝાડ લટકાવી દીધાં. માનો, દિવાળી મૂર્તિમાન આવી હોય, તેમ જણાતું હતું. દુકાનોની આગળના ભાગમાં દીપમાળાઓ પૂરી હતી. તે રીતે જ પ્રત્યેક ભવનની આગળ પણ દીપમાળાઓ પૂરી હતી. ૧૫-૧૬.

બધા ભવનો અને ભવનનાં સ્તંભોને પણ ચિત્રવિચિત્ર રીતે રંગ્યા હતા. કેટલાક સ્તંભોને તો સોનાનો વરખ લગાડ્યો હતો. સહુ કહેતા, આવો ઉત્સવનો દિવસ ક્યારે આવે ? ૧૭. ગઢપુરના બંને દરબારગઢને ગામના ભવનો કરતાં વિશેષ રૂપમાં સજાવ્યા-શણગાર્યા હતા. તેમાં એવી અદ્‌ભુત શોભા કરી હતી કે, દેવોની નગરી પણ તે શોભા દેખીને શરમાઈ જાતી હતી. ૧૮. અનંત બ્રહ્માંડોમાં જેટલી શોભા કહેવાય છે તે બધી બંને દરબારગઢમાં વસીને રહી હતી. કારણ કે, તે જાણે છે કે અવિનાશી શ્રીહરિ અત્યારે અહીંયાં રહ્યા છે. ૧૯.

चोपाई :

शोभा सुख आनंद जेता, श्रीहरिवर तिहाँ रहत तेता;
हरि विन ओर जेतो देखावे, माया त्यां लग ताकु ठगावे...२०

जो अधिक जिहाँ जाने जेतो, हरि सबंध विन देखे न तेतो;
भू पर हरि विचरत ज्यां लगही, अधिक शोभा रहत त्यां लगही...२१

हरि के रहे संत ज्यां लगहू, हरि मूर्ति रहे थाप त्यां लगहू;
शोभा आनंद कछु रहावे, ताके विन दुःख देख आवे...२२

જે કાંઈ શોભા, સુખ અને આનંદ છે તે જ્યાં શ્રીહરિવર હોય ત્યાં રહે છે. જ્યાં સુધી શ્રીહરિ સિવાય બીજે જેટલી શોભા, સુખ અને આનંદ દેખાય છે, ત્યાં સુધી તેને માયા ઠગે છે. ૨૦. જ્યાં જે જે અધિક શોભા, સુખ વગેરે

જણાતું હોય છે તે બધું ક્યારેય ભગવાનના સંબંધ વિનાનું હોતું નથી. ભૂમિ ઉપર જ્યાં સુધી શ્રીહરિનું વિચરણ હોય છે, ત્યાં સુધી અધિક શોભા અને સંપત્તિ રહે છે. ૨૧. જ્યાં સુધી ભગવાનના સંત છે અને હરિમૂર્તિઓની જ્યાં સુધી સ્થાપના રહેશે, ત્યાં સુધી શોભા અને આનંદ કાંઈક રહેશે. તેના વિના તો બધે દુઃખ જ દેખાય છે. ૨૨. આવી રીત તો સનાતન છે. જે બુદ્ધિમાન હોય છે તે જોઈ શકે છે. ગબડગંડને તો બધું એકસરખું જ દેખાય છે અને દુનિયામાં એવા ગબડગંડ અસંખ્ય છે. ૨૩. આ વાત ગબડગંડને માટે નથી કહી. બુદ્ધિમાન મનુષ્યે તે પારખવું જોઈએ. ગબડગંડને તો ન્યાય તથા અન્યાય, સત્ય તથા અસત્ય વગેરે ઓળખાતું નથી. ૨૪.

✵ ગબડગંડની રીત :

જે ગબડગંડ લોકો હોય છે તે સત્સંગ કરતા નથી. તેને મનમાં જે વધારે રુચતું હોય તેને જ તે સત્સંગ માને છે. ૨૫. **આ બ્રહ્માંડમાં જે કાંઈ સુખ કે દુઃખ છે તે તો અનાયાસે-સહેજે જ સહુને મળે છે. પણ સત્સંગ મળવો તે ઘણો દુર્લભ છે.** ૨૬. જેણે યથાર્થરૂપમાં સત્સંગ કર્યો હોય, તેણે શાસ્ત્રમાં કહેલાં અપાર સાધનોનો સહજપણે પાર લઈ લીધો છે, એમ સમજવું. ૨૭.

सोरठाः <u>नाव विन जो अपार, सिंधु तरे न जात कोउ;</u>
<u>सत्संग हि अति सार, नाव साधन सिंधु तरत...२८</u>

વહાણ વિના અપાર સાગરને કોઈથી તરી શકાય નહિ. સાધનોરૂપી સાગરને તરવા માટેનું અતિ શ્રેષ્ઠ વહાણ સત્સંગ છે. ૨૮. હવે શ્રીહરિની વાત કહું છું. પછી શ્રીહરિ હાથી ઉપર બેસીને ચાલ્યા. આગળના ભાગમાં વાજિંત્રો વાગતાં હતાં. તેની શોભાનો તો કોઈ પાર જ ન હતો. ૨૯. ગઢપુરના બધા ભક્તજનો શ્રીહરિનાં દર્શન કરવા આવી ગયા હતા. સહુએ વસ્ત્રો અને અલંકાર સોનાનાં પહેર્યાં હતાં. જે કાંઈ ઘરનું કામકાજ હતું તે બધું છોડી દીધું હતું. ૩૦. વૃદ્ધો કે બાળકો, કોઈ ઘરમાં રહ્યા નહિ. સહુએ પોતાનું ચિત્ત એક શ્રીહરિમાં જ પરોવી દીધું. શ્રીહરિની મૂર્તિનાં દર્શન કરવા માટે સહુએ પોતાનાં નેત્રો ચકોર પક્ષી જેવાં કરી દીધાં હતાં. ૩૧.

કોઈ પોતાની આંખોને આમતેમ-આઘાપાછી ડોલવા દેતા નહિ. અને શ્રીહરિની મૂર્તિનાં દર્શન કરતા કોઈને તૃપ્તિ થાતી ન હતી. સહુ હાથમાં ફૂલહાર લઈને આવ્યા હતા. શ્રીહરિના ઉપર ફૂલહારની તો માનો ઝડી મચાવી દીધી હતી. ૩૨. મૂર્તિ ફૂલોથી ભરાઈ ગઈ હતી. બંને બાજુ બંને દરબારો ચામર કરવા બેઠા હતા. સોનાની અંબાડી એવી રંગબેરંગી ભાતથી બનાવેલી હતી કે, જેનું વર્ણન મુખથી કરી શકાતું નથી. ૩૩. અંબાડીના ઉપર ભાતિદાર અને સુશોભિત સોનાના કળશ હતા. વાજિંત્ર બધાની આગળ હતાં અને તેમાં ડંકા તથા નિશાન સોહામણાં લાગતાં હતાં. ૩૪.

જે જે દેશના હરિભક્ત પુરુષો આવ્યા હતા તે બધા વાજિંત્રોની પાછળ ચાલતા હતા. તેઓ રસ્તામાં ક્યાંય સમાતા ન હતા. ૩૫. તે હરિભક્તોની પાછળના ભાગમાં પ્રબળ, તેજસ્વી અને સોહામણા સંતો ચાલતા હતા. જાણે તેઓએ અનંત મતપંથીઓના તેજને પોતાના વિશુદ્ધ વર્તનથી ખેંચી લીધાં હતાં. ૩૬. સંન્યાસી અને વર્ણીઓ તો સંતોની સાથે જ ચાલતા હતા. અને તેમના પછી પાર્ષદો ચાલતા હતા. તેઓ બંદૂકોને ફોડતા હતા. ૩૭. તે બંદૂકોનો અવાજ તોપના જેવો થાતો હતો અને તેનાથી આકાશ ગાજી ઊઠતું હતું. તે શબ્દ સાંભળીને સ્વર્ગના દેવો પણ દોડી આવ્યા. ૩૮. દેવો શ્રીહરિનાં દર્શન કરવા વિમાનમાં બેસીને આવ્યા હતા. દર્શન કરીને ખૂબ જ ખુશી થયેલા દેવોએ શ્રીહરિના ઉપર દિવ્ય પુષ્પોની ઝડી વરસાવી. ૩૯. કેસરયુક્ત ચંદન પણ લાવ્યા હતા. તેમણે હરખના આવેગથી ચંદનની વૃષ્ટિ કરી. આમ શ્રીહરિ બજારે ચાલ્યા જતા હતા, તે વખતની શોભા વર્ણવી શકાતી નથી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોદશ પૂરમાં 'શ્રીહરિ ગજ, અશ્વની સવારી સાથે ઉન્મત્તગંગાએ પધાર્યા' એ નામે એકાવનમો તરંગ સમાપ્ત ॥૫૧॥



પૂર તેરમું : તરંગ - ૫૨

શ્રીહરિ ઉન્મત્તગંગામાં સ્નાન કરીને પાછા પુરમાં આવ્યા

જેટલા છડીદાર હતા, તે બધા હાથમાં છડી લઈને શ્રીહરિની આગળ રહીને ઊંચે અવાજે છડી પોકારતા હતા. ૧. ભક્તજન રક્ષક તથા ભક્તજન પ્રતિપાલક શ્રીહરિ લાલ રેશમી કોરનો રૂમાલ મુખ આગળ રાખીને મુખથી મરક મરક હસતા હતા. ૨. શ્રીહરિનાં બંને નેત્રો અમૃતથી ભરેલા હતા. શ્રીહરિ જ્યારે ભક્તો ઉપર નજર કરીને જોતા ત્યારે ભક્તોના અનંત જન્મોના તાપ-સંતાપ હરીને સુખ દેતા હતા. ૩. હાથીની અંબાડીમાં બેઠેલા શ્રીહરિ બજારે ચાલ્યા આવતા હતા ત્યારે મનમાં એવો વિચાર કરતા હતા કે, આ ગઢપુરવાસી લોકોએ સહુથી વધારે સાધન કર્યાં છે. ૪. વધારે સાધનો કર્યાં વિના ભક્તજનોને અમારો આવો જોગ ક્યારેય મળતો નથી. **આ બ્રહ્માંડ રચ્યું ત્યારથી આરંભીને આજ દિવસ સુધી આવો અમારો જોગ કોઈને મળ્યો નથી.** ૫.

આવો વિચાર કરતાં કરતાં શ્રીહરિ પ્રેમથી ઘેલા નદીએ આવી પહોંચ્યા. તે નદીમાં જે એક મોટો પાણીનો ધરો હતો, ત્યાં આવ્યા અને હાથી ઉપરથી નીચે ઊતર્યા. ૬. શ્રીહરિની સાથે જે સવારી હતી, તે પણ બધી ઉન્મત્તગંગા- ઘેલા નદીમાં આવી. તે ગંગાને બંને કિનારે અપાર સવારી ઊભી હતી. ૭. હાથીની સાથે હાથી ઊભા અને બધાં અશ્વોની સાથે અશ્વ ઊભા રહ્યાં. ઊંટની સાથે બધાં ઊંટ અને રથની ભેળા આવેલા બધાં રથ રાખ્યા. ૮. રાજદરબારમાં રહેતી જે સત્સંગી બાઈઓ હતી તે શ્રીહરિની સવારી સિવાયના બીજા કોઈ તમાશા દેખતી ન હતી. તે રથમાં બેસીને ઘેલા નદીએ આવી. ૯. તે હરિભક્ત બાઈઓ એવા નિયમવાળી હતી કે, 'તેઓ કોઈ પુરુષનું મુખ પોતે ન જુએ અને પોતાનું મુખ અન્ય પુરુષને ન દેખાડે.' કારણ કે, આપણા સત્સંગની એવી રીત હતી. ૧૦.

સત્સંગ સિવાયના જે બીજા અધર્મી મતો છે તેમાં તો કોઈ સ્થાન વ્યભિચાર વગરનું નથી. અને તે વ્યભિચારનું પાપ ઘોર નરકમાં જવાનું

દ્વાર છે. ૧૧. સત્સંગ સિવાયના જે અમુક પાખંડી ગુરુઓ છે તેઓ કૃષ્ણલીલાનું અનુકરણ કરીને નિર્મર્યાદ ચાલ્યા છે. શ્રીકૃષ્ણ ભગવાનની રીત તો અલૌકિક છે. તેઓ અગિયાર વરસના થયા ત્યાં સુધી ગોકુળમાં રહ્યા હતા. ૧૨. અગિયાર વરસના બાળકમાં કામનો વિકાર હોય જ નહિ. શ્રીકૃષ્ણની એ એક જ વાત નથી. તેમણે કેવા મોટા કામ કર્યાં ? ૧૩. પૂતના, તૃણાવર્ત તથા શકટાસુરને પછાડ્યા. એક જ હાથે ગોવર્ધન પર્વતને સાત દિવસ સુધી ધારી રાખ્યો. ૧૪. જ્યારે ઢીંચણભર ચાલતા હતા ત્યારે યમલાર્જુનના બે ઝાડ ઉખાડી નાખ્યાં. કાલીય નાગનાં મસ્તક ઉપર નૃત્ય કરીને, તેને જીતી લીધો. ૧૫. બે વાર મુખથી દાવાનળનું પાન કર્યું. માતા યશોદાને મુખમાં વારેવારે આખું બ્રહ્માંડ દેખાડ્યું. ૧૬.

આવો અલૌકિક અને અપરંપાર પ્રતાપ ગણીએ તો પાર ન આવે. તેઓ ભૂમિ ઉપર રહ્યા ત્યાં સુધી એવો પ્રતાપ દેખાડ્યો. અને છેવટ સુધી નિષ્કલંક રહ્યા. ૧૭. તે રીતે જ જે શ્રીકૃષ્ણ ભગવાનના ભક્તો ઉદ્ધવજી, પાંડવો અને ગોવાળો થયા, તેમણે જીવનભર ધર્મમાં દઢપણે રહીને શરીર છોડ્યું હતું. ત્યારે તેઓ દુનિયામાં અત્યંત ભાગ્યશાળી કહેવાયા. ૧૮. દારૂ અને માંસાહાર વગેરે તો રાજસ અને તામસ આહાર છે. હિંસાથી રહિત જે આહાર કહેવાય છે, તે બધો સાત્વિક લોકોનો આહાર છે. ૧૯. આ ભૂમિ ઉપર જેટલા સાત્વિક લોકો છે તેમનું વર્તન તો દેવો કરતાં પણ વધારે સારું હોય છે. ચોરી અને વ્યભિચાર એ બે પાપ તો મનુષ્ય જાતિને બંધનકર્તા છે. ૨૦.

જે કોઈ પણ પુરુષ અથવા સ્ત્રી ચોરી અને વ્યભિચારના નિયમોનું ઉલ્લંઘન કરે છે, તેઓ તો રાજાના પણ દંડને લાયક બને છે. શાસ્ત્રવિહિત ભોગ સિવાયના ભોગોનો જે ભોગ કરે છે, તે પણ દંડને પાત્ર થાય છે. ૨૧. જે ઘટિત-યોગ્ય ન હોય તેને અવિહિત કહેવાય છે. ગુરુ થઈને તથા રાજા થઈને જો ચોરી અને વ્યભિચાર કરાવે છે, તો તે ગુરુનું દૈવત અને રાજાનું રાજ્ય, તેના સમાજે સહિત છિન્ન-ભિન્ન થઈ જાય છે. ૨૨. ગુરુ થઈને કે રાજા થઈને જો અનીતિમાં ચાલે છે, તો તેમને અહીંયાં તો કોઈ દંડ કરી

શકતું નથી. ગુરુ જો રાજાને ધન આપે, તો પછી ગુરુનું નામ કોઈ લે નહિ. ૨૩. આવી રીતના ગુરુને અને રાજાને યમરાજા દંડ દે છે. ગુરુઓના અને રાજાઓના બધાં પાપોને જેવા હોય તેવા રૂપમાં સ્વયં યમરાજા દેખે છે. ૨૪. યમરાજાની આગળ કોઈ અધર્મીનું જોર ચાલતું નથી. જેનું જેવું પાપ હોય, તેને તેવાં રૂપમાં યમરાજા દેખાડે છે. ૨૫.

જેવું પાપ કર્યું હોય, તે પાપીને મુખે જ કબૂલ કરાવે છે. પછી તે પાપને અનુસારે તે જીવને યમરાજા દુઃખ દે છે. પાપીને પાપનું ફળ આપ્યાં વિના તેમને સુખ-ચેન પડતું નથી. ૨૬. જે હરિભક્તો છે, તે બધી સત્ય વાતને જાણે છે. તેઓ પાપથી ડરે છે. એટલે ક્યારેય ધર્મનો લોપ કરતા નથી. ૨૭. શ્રીહરિનાં જેટલાં વચન છે તેને હરિભક્તો નિત્ય યાદ કરીને રાખે છે. એટલે તે ભક્તોનું મન સ્વચ્છ કાચના જેવું શુદ્ધ રહે છે. ૨૮. સત્સંગમાં જેટલા સંતો અને હરિભક્તો છે તે બધાંનાં અંતઃકરણ સ્વચ્છ રહે છે. પછી શ્રીહરિએ તે સહુ સંત-હરિભક્તોને કહ્યું, ‘સહુ પહેલા અમે પ્રેમથી ઉન્મત્તગંગાનાં જળમાં સ્નાન કરી લઈએ. ૨૯. તે પછી સંતો, સંન્યાસી અને વર્ણીઓ સ્નાન કરી લે. કોઈએ ઘેલામાં નહાતી વખતે ભીડ કરવી નહિ. તે પછી જે બધા હરિભક્તો આવ્યા છે તેમણે નહાવું. કોઈએ ધક્કાધક્કી કરવી નહિ. ૩૦.

જેઓ નહાતા નહાતા ધક્કાધક્કી કરે તે હરિભક્ત નહિ ગણાય.’ આમ કહીને શ્રીહરિ નાહ્યા. પછી સંતો અને હરિભક્તોએ તો જેમ શ્રીહરિએ કહ્યું હતું તેમ કર્યું. ૩૧. આ રીતે કરવાથી સહુ અપાર સુખી થયા. કોઈને લગારેય ભીડ જણાઈ નહિ. શ્રીહરિ જ્યારે નાહીને પાણીથી બહાર નીકળ્યા ત્યારે બધા સંતો નાહવા લાગ્યા. ૩૨. જ્યારે સંતો નાહીને તે જળમાંથી બહાર આવ્યા. તે પછી બધા હરિભક્તોએ સ્નાન કર્યું. અને બધા હરિભક્તો જ્યારે નાહીને પરવાર્યા. ત્યારે તૈયાર થઈને શ્રીહરિ ચાલતા થયા. ૩૩. જ્યારે શ્રીહરિ ઉન્મતગંગામાં આવ્યા ત્યારે ઉન્મત્તગંગાની શોભા અપાર અને અદ્ભુત બની હતી. બધા સુવર્ણમય બની ગયા હતા. ગંગાના બંને કિનારાઓ માનો, ચિત્ર જેવા બની ગયા હતા. પછી શ્રીહરિ હાથી ઉપર બેસીને ચાલ્યા.અને ગઢપુર ગામમાં પ્રવેશ કર્યો અને ગંગામાં કોઈપણ પુરુષ

જ્યારે ન રહ્યા, ત્યારે હરિભક્ત બધી બાઈઓએ તે ઉન્મત્તગંગામાં સ્નાન કર્યું. સ્નાન કરનાર બાઈઓ અપરંપાર હતી. તે બધી જ મુખથી શ્રીહરિનું 'સ્વામિનારાયણ' આવું નામ ઉચ્ચારતી હતી. ૩૪-૩૬.

શ્રીહરિ જ્યારે ગામમાં રાજમાર્ગ ઉપર આવી ગયા ત્યારે બધા સંતો અને હરિભક્તો શ્રીહરિના સદ્‌ગુણોનાં કીર્તન મુખથી ગાતા હતા. ૩૭. ગઢપુરમાં દરબારોનો રાવળ નગાજણ(નાગાર્જુન) હતો અને તેના જે સંબંધીઓ હતા તે બધા રોજબરોજ આવતા અને વાજિંત્રોને વગાડીને શ્રીહરિનાં ગુણોને ગાતાં હતાં. ૩૮. વાજિંત્ર વગાડતા જતા અને કોઈ ભાતનું નૃત્ય પણ કરતા હતા. મુખથી 'પરજ' 'કાલિરે' રાગ ગાતા. ૩૯. કચ્છી જાડેજી ભાષાના પદ બોલીને રંગ જમાવતા. તેથી શ્રીહરિ તેના ઉપર રીઝીને ક્યારેક તેને મોજ આપતા. ૪૦. કોઈ વાર અશ્વ આપ્યો હતો. ઘણીવાર વસ્ત્ર-ભૂષણ આદિક પણ આપતા. તેને હરિભક્ત સમજીને શ્રીહરિ વારંવાર ફૂલહાર આપતા. ૪૧. શ્રીહરિ અનંત કળાઓને પારખનારા ચતુર હતા. અને યોગ્ય સમયે અત્યંત ઉદાર પણ હતા. તેથી તે રાવળ જ્યારે પાસે આવતા ત્યારે તેને મેવા તથા મીઠાઈ પણ આપતા હતા. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોદશ પૂરમાં 'શ્રીહરિ ઉન્મત્તગંગામાં સ્નાન કરીને પાછા પુરમાં આવ્યા' એ નામે બાવનમો તરંગ સમાપ્ત ॥૫૨॥

પૂર તેરમું : તરંગ - ૫૩

જીવુબાનો ત્યાગ તથા ભક્તિમય જીવન અને મતપંથીઓની ફરિયાદ

ગઢપુરના દરબાર એભલ ખાચરે શ્રીહરિને બધી સવારીએ સહિત પોતાના દરબારગઢમાં પધરાવ્યા. ૧. પોતાનાં બધાં જ ભવનોને શણગારીને સુંદર કર્યાં હતાં. તેમાં અત્યંત ભક્તિભાવથી શ્રીહરિને પધરાવીને પલંગ ઉપર બેસાડ્યા ૨. સોનેરી પલંગ હતો તેના ઉપર શ્રીહરિ બેઠા. દરબાર એભલ ખાચરના દિલમાં ઘણો જ ઉમંગ ભર્યો હતો. તેઓ વિવિધ પ્રકારની પૂજા

લાવ્યા. ૩. જે સંતો હતા તે બધા આવીને સભા ભરીને બેઠા હતા. હરિભક્તો પણ આવીને બેઠા. બધો ચોક ભરાઈ ગયો. ૪. બધા હરિભક્તોને દર્શન થાય તે રીતે શ્રીહરિ આવીને બેઠા હતા. તે સમયે દરબાર એભલ ખાચરે અનુપમ સોનેરી વસ્ત્ર અને સોનાનાં બધાં ઘરેણાં શ્રીહરિને ધરાવ્યાં. ૫.

ઘનશ્યામ સ્વરૂપથી સુખકારી, નાની એવી શ્રીહરિની મૂર્તિ ભક્તોને બહુ જ પ્યારી લાગતી હતી. લલાટમાં કેસરયુક્ત ચંદન ચરચ્યું અને તેની વચ્ચે કુંકુમનો લાલ ચાંદલો કર્યો. ૬. ચરણકમળ ઉપર ચંદન ચરચ્યું અને પછી તે ચરણોને હરખભર્યા હૈયા ઉપર ધારણ કર્યા. એભલ ખાચરના પુત્ર ઉત્તમ નૃપ હતા. તેમણે શ્રીહરિની પૂજા કરી. આવો લહાવો કોઈએ લીધો ન હતો. ૭. એભલ ખાચરને ચાર પુત્રીઓ (૧-જીવુબા-મોટીબા-જયા, ૨-લલિતા-લાડુબા, ૩-પાંચુબા અને ૪-નાનબાઈબા) હતી. તેમાં મોટી બે પુત્રીઓએ પરણ્યા પછી પતિનો ત્યાગ કર્યો હતો. ૮. શ્રીહરિએ તેમને કહ્યું, પતિનો ત્યાગ કરવો નહિ. બ્રહ્મચર્ય-ધર્મ રાખવો તે અત્યંત કઠણ છે. જગતમાં એવી ઘણી સ્ત્રીઓ છે કે, જે પહેલા ત્યાગી થાય અને પછી ફરીને સંસાર કરે. ૯. ઘરમાં બીજી જે સ્ત્રીઓ હોય તે ત્યાગી સ્ત્રીની હાંસી-મશ્કરી કરે છે. આજે તો ઘોર કળિકાળ ચાલે છે. કોઈ જગ્યાએ બાઈઓ ત્યાગી હોતી નથી. ૧૦.

અમે તમને સાચું કહીએ છીએ કે, ક્યાંય ન હોય, તેવી નવી રીત તમે અપનાવો નહિ. સ્ત્રી પરણ્યા પછી - સધવા થઈને જો પતિનો ત્યાગ કરે, તો દુનિયા તેનો ઘણો ઉપહાસ કરે છે. તેથી મનમાં ત્યાગનો ઉમંગ રહેતો નથી. જાણીજોઈને દુઃખ માગી લેવું નહિ. જે વાત સત્ય છે તે અમે કહી છે. ૧૧-૧૨. જીવુબા તો અત્યંત સમર્થ હતા. તેમનામાં યોગકળાઓ રહી હતી. તેમને સત્સંગ થયો તે દિવસથી તેમણે પતિનો ત્યાગ કર્યો હતો. ૧૩. તેમના સાસુ કુંડળના 'રાઈબા' હતા. તે પણ મહાન સમર્થ હતા. તેઓ રામાનંદસ્વામીના ઉદાર હરિભક્ત શિષ્યા હતા. ૧૪. જીવુબાના પતિ કુંડળના રાઈબામાના મોટા દિકરા હાથિયા પટગીર નામે હતા. તેઓ પણ ઘણા ઉત્તમ હરિભક્ત હતા. તેમના મનમાં સંસાર તરફથી ઘણો ત્રાસ થયો. ૧૫.

હાથિયા પટગીરે વિચાર્યું, હું હરિભક્ત છું, મારી પત્ની પણ ઉચ્ચકોટીની હરિભક્ત છે. દુનિયામાં તેમના જેવા ભક્ત કોઈ નહિ હોય. તે તેમનું વર્તન દેખાડી દે છે. ૧૬. પછી તો હરિઈચ્છાથી એકબીજાના મનમાં પરસ્પર ભાઈ-બહેનની ભાવના નિશ્ચય સાથે અત્યંત દૃઢ થઈ. ૧૭. પછી તેમણે એકબીજાનો ત્યાગ કર્યો. પરસ્પર કોઈ પણ પ્રકારનો તેમણે રાગ રાખ્યો નહિ. જીવુબા તો સમાધિમાં ભગવાનનાં અક્ષરધામમાં જાતા હતા. ૧૮. લક્ષ્મીજી અને રાધિકાજીના જેવા તેઓ ઘણા મોટા હરિભક્ત થયા હતા. તેઓ પ્રેમરસથી ભરપૂર નવધા ભક્તિ કરતા હતા. ૧૯. **જીવુબા મનમાં જેવો સંકલ્પ કરતા તેવું સુખ શ્રીહરિ તેમને ધામમાં આપતા હતા. ધામમાં લક્ષ્મીજી અને રાધિકાજીના કરતાં પણ વધારે સુખ જીવુબા નિત્ય લેતા હતા.** ૨૦.

चोपाई :

धर्म में वरतत जेसे जेहू, अधिक सेवा देत हरि तेहू;
धर्म में सिथल वरतत जेता, अधिक सुख न लेवत हे तेता...२१
धर्म हरि कु लगत अति प्यारे, धर्म विन जन लगत हि नकारे;
धर्म विन जेते देखेमें आवे, तरत ताके त्याग करावे...२२

જે ભક્તમાં જેવું વર્તન હોય, તે પ્રમાણે શ્રીહરિ તેને પોતાની સેવાનું સુખ અધિક આપે છે અને જે ભક્ત ધર્મ પાળવામાં ઢીલો હોય, તો તે સેવાનું અધિક સુખ લઈ શકતો નથી. ૨૧. કારણ કે, શ્રીહરિને ધર્મ અત્યંત પ્યારો છે અને ધર્મ વિનાનો માણસ શ્રીહરિને નકારો-નઠારો લાગે છે. જેટલા ધર્મ વગરના દેખાય તેનો શ્રીહરિ તરત જ ત્યાગ કરી દે છે. ૨૨. તેને સત્સંગમાંથી તરત બહાર કરે છે અને પછી ફરીને તેનો ક્યારેય વિશ્વાસ કરતા નથી. માટે **જીવુબા શ્રીહરિને જે રીતે વધારે ગમે તે રીતે ધર્મનું પાલન કરતા હતા.** ૨૩. જીવુબાનો સર્વોત્તમ અને અપાર ધર્મ દેખીને કેટલીએ સ્ત્રીઓએ પોતાના ઘરબારનો ત્યાગ કર્યો હતો. તે બાબતની ફરિયાદ રાજા આગળ જ્યારે ગઈ ત્યારે તે સાંભળીને રાજાને પણ ઘણું આશ્ચર્ય થયું. ૨૪. અમુક એવા મતપંથો છે ત્યાં ઠેકઠેકાણે પરસ્પર નર-નારીઓ વ્યભિચાર કરતાં હોય છે. ૨૫.

રાજાએ કહ્યું, જે ઘરમાં વિધવા નારી હોય છે તે લગભગ વ્યભિચાર કરતી હોય છે. તે છુપાવ્યું રહેતું નથી. ૨૬. કેટલીક વિધવા નારી તો અંત્યજનાં ઘરમાં બેસી જાય છે. તે રોકી રોકાતી નથી. તે લોક અને શાસ્ત્રની મર્યાદાઓને પણ તોડી નાખે છે. ૨૭. વિધવા સ્ત્રી વિપ્ર હોવા છતાં જ્યારે ઘરમાં રહી શકતી નથી, ત્યારે ઘરબારનો ત્યાગ કરીને તીર્થ કરવાને બહાને ફરતી રહે છે. ૨૮. પછી મનમાન્યા ભેખધારીને મળીને તેની સાથે રહે છે. વણિકની વિધવા સ્ત્રી જ્યારે ઘરમાં રહી શકે નહિ ત્યારે તે, શ્રાવક સ્ત્રી આર્યા - જૈન સાધ્વી થાય છે અને પછી મન ચાહે તેમ રહીને જિંદગીને બરબાદ કરે છે અને વૈષ્ણવ વણિક વિધવા સ્ત્રી સમર્પણ સ્વીકારે છે. ૨૯-૩૦. પછી જેને ગુરુ કરીને માન્યા હોય તેની કાયમ સેવા કરે છે.

સ્વામિનારાયણનો જે મત - સંપ્રદાય છે, તેને બીજા મતપંથીઓ નવો મત કહે છે. ૩૧. રાજા કહે છે કે, તે વાત અમને સમજ્યામાં નથી આવતી, નવા મતની શું રીત હોય છે ? તમે જે અન્ય મતના પંડિતો છો તે નવા મતની રીત કહો. ૩૨. સ્વામિનારાયણ નીતિમાં વર્તે છે અને બીજાને નીતિમાં વર્તાવે છે. તો તમે તેમને કઈ બાબતમાં નવા કહો છો ? ખાખી, અતીત, જતિ, ઢૂંઢિયા, શૈવ અને વૈષ્ણવ, એવા કેટલાએ મત છે. ૩૩. તેમાં નવો મત કયો છે ? તે મને બતાવો. અને તમે જે નવો મત જાણતા હોવ તે પણ બતાવો. નવો અને પુરાણો માર્ગ તો નીતિ છે. જે નીતિમાં ન ચાલે તે મત અનીતિ કહેવાય. ૩૪. જે લોકો નીતિમાં ચાલે છે. તેને માનવ સમાજ મોટાનાં રૂપમાં માને છે. જેઓ ધન અને સ્ત્રીઓનો ત્યાગ રાખે છે, જેને કોઈપણ જાતનાં વ્યસનમાં આસક્તિ નથી. ૩૫.

જેઓ સ્ત્રી અને ધનનો ત્યાગ મળની જેમ કરી દે છે, આ અસલ મતની રીત છે. તે સિવાયના જે છે તેને તો અમે પાખંડી અને નવા મત કહીએ છીએ. આ અંગે અમે જે જાણીએ છીએ તે તમને કહ્યું. ૩૬. જ્યારે રાજાએ ફરિયાદીઓને આવું કહ્યું, ત્યારે બધા પાખંડી મતવાદીઓ એકમત થઈને બોલ્યા, જુઓ, અમે જે અસલ - સનાતની મત છે તે કહીએ છીએ. ૩૭. સ્ત્રી અને ધનના ત્યાગનો જે મત છે તે અસલ નથી. ગ્રંથોમાં જેટલી

વાત કહેવાય છે, તેમાં સ્ત્રી અને ધન આદિ મુખ્ય કહેવાય છે. ૩૮. જે જે કાર્ય કરવું હોય તે સ્ત્રી અને ધનના વિના સિદ્ધ થતા નથી. ત્યાગનો જે મત છે તે તો ધન અને સ્ત્રીને ગૌણ કહે છે. ૩૯. અપાર ગોવાળો અને ગોપીઓએ ધન અને સ્ત્રીનો ત્યાગ કર્યો નથી. છતાં તેમનો ઉદ્ધાર થયો છે અને પ્રહ્લાદજી ત્યાગ વિના પણ ત્યાગી કરતાં ઘણા સારા થયા છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોદશ પૂરમાં 'જીવુબાનો ત્યાગ તથા ભક્તિમય જીવન અને મતપંથીઓની ફરિયાદ' એ નામે ત્રેપનમો તરંગ સમાપ્ત ॥૫૩॥



પૂર તેરમું : તરંગ - ૫૪

મતપંથીઓ આગળ રાજાએ સત્સંગનો પ્રતાપ કહ્યો

મતપંથીઓએ રાજાને ફરી કહ્યું, આપ અમારી વાતને સાંભળો. અમે નારદજી અને પ્રિયવ્રત રાજાની વાત સાક્ષાત્ કહીએ છીએ. ૧. સ્વાયંભુવ મનુના પુત્રનું નામ પ્રિયવ્રત હતું. તેઓ નારદના શિષ્ય થયા હતા અને તેણે સ્ત્રી અને ધનનો ત્યાગ કર્યો હતો. ૨. તેણે રાજ્યની બધી સમૃદ્ધિનો મળની જેમ ત્યાગ કરી દીધો હતો. અને પોતાનાં મનની વૃત્તિને ભગવાનના ધ્યાનમાં જોડી દીધી હતી. ૩. પુત્ર પ્રિયવ્રતને ત્યાગી થયેલો જોઈને સ્વાયંભુવ મનુ ઉદાસ થઈ ગયા અને પોતાના રાજ્યથી પણ નિરાશ થઈ ગયા. ત્યારે બ્રહ્માજી ત્યાં તરત આવ્યા. ૪. બ્રહ્મા પ્રિયવ્રતની પાસે ગયા. ત્યારે તે બ્રહ્માને પગે લાગ્યા. અને નારદજી પણ પગે લાગીને પાસે બેઠા. તેઓ પણ મનમાં ઉદાસ થઈ ગયા. ૫.

નારદ પણ બ્રહ્માના પુત્ર છે. પિતાનું વચન પાછું કેમ ઠેલવું ? નારદજીએ મનમાં વિચાર્યું કે, હવે તો પિતા કહે તેમ જ નક્કી થાશે. ૬. પછી નારદને દુઃખ ન લાગે તે રીતે બ્રહ્મા બોલ્યા. સામ, દામ, ભેદ અને દંડથી યુક્ત ઉત્તમ નીતિના વચનો કહીને, જે રીતે પ્રિયવ્રત અને નારદ બંનેને અતિ પ્રિય લાગે એવું વચન બ્રહ્મા બોલ્યા. તેથી પ્રિયવ્રત તરત જ પિતાના રાજ્યમાં આવ્યા અને સ્વાયંભુવ મનુનો આનંદ વધાર્યો. ૭-૮.

જ્યારે રાજાએ મતપંથીઓને કહ્યું, અમે જે કહેતા હતા, તે જ તમે કહ્યું છે. આમાં કાંઈ વિશેષ વાત આવી નથી. ૯. તમે ગોપીઓ તથા ગોવાળોની વાત કહી તેમજ પ્રહ્લાદજી વગેરેની વાત કહી. તેઓ જ્યારે નીતિમાં વર્ત્યા ત્યારે મોટપ પામ્યા છે, અને ત્યારે જ શાસ્ત્રમાં તેમની મહત્તા લખાણી છે. ૧૦.

મોટા રાજા થઈને પણ જેણે અનીતિ કરી, તો તેઓ મોટા રાજાના પદથી પણ પડી ગયા હતા. આજે કળિયુગમાં પણ એવી ને એવી જ વાતો છે. કોઈપણ મનુષ્ય નીતિના વિના સ્થિર થઈ શકતો નથી. ૧૧. નીતિ કોઈનો પક્ષપાત રાખે નહિ. અને જ્યાં પક્ષપાત હોય ત્યાં અનીતિની વાત કહેવાય છે. તમે જેને નવો મત કહો છો તે તથા અત્યારનો નવો રાજા, એ બંને નીતિને તજીને ક્યારેય ચાલતા નથી. ૧૨. તે બંનેને હઠાવી જે અનીતિને કરવા આવશે, તેઓ આકડાના તૂલની જેમ ઊડી જાશે; એવો અમે નિશ્ચય કર્યો છે. ૧૩. જે રાજા નીતિ પ્રમાણે ચાલશે, જે મત નીતિને અનુસરશે, તેમનું દુનિયામાં બીજ રહેશે. નીતિ વિના તેમનાં બીજનો પણ નાશ થાશે. ૧૪. નીતિ વગરના કદાચ તે રાજા, ગુરુ અને શિષ્ય રહે, તો પણ શું રહ્યા કહેવાય ? જેમ નકટા નિર્લજ્જ થઈને રહે તેમ તેઓ ભૂંડી દશામાં રહે. ૧૫.

જે મત કે સમાજમાં નીતિ હોય તે જ ઘરેણાંનું પણ ઘરેણું છે. અને જે નીતિમાન છે તે જ ઉત્તમ મત છે. જો નીતિ ન હોય, તો ત્યાં વર્ણાશ્રમ શું કામના ? તે નિષ્પ્રયોજન છે. ૧૬. જ્યાં જેમાં જેટલી નીતિ રહી હોય છે, ત્યાં તેમાં તેટલો પરમેશ્વરનો નિવાસ હોય છે; એમ બુદ્ધિમાન પુરુષોને દેખાય છે. અને જેને બુદ્ધિ ન હોય તેમને તે દેખાતું નથી. ૧૭. મનુષ્યને જ્યાં સુધી બુદ્ધિરૂપી નેત્ર પ્રાપ્ત થયાં ન હોય, ત્યાં સુધી તેને કોઈ પુરુષાર્થ નિશ્ચિતરૂપમાં સિદ્ધ થાતો નથી. ૧૮.

✵ શ્રીહરિનો પ્રતાપ :

चोपाई :

मोक्ष के अर्थ तब कहाँ से पावे, नीति की बुद्धि ज्यां लग न आवे;
स्वामिनारायण जो रहाये, ईश्वर निश्चे आत देखाये...१९

वरतन में तेहि आत देखाई, आप कबु ईश्वर कहत न ताई;
स्वामिनारायण प्रगटे जबहू, प्रताप अति देखाये तबहू...२०

જ્યાં સુધી તેને નીતિની બુદ્ધિ નહિ આવે, ત્યાં સુધી તે મોક્ષરૂપી પુરુષાર્થને ક્યાંથી પામે ? જે સ્વામિનારાયણ કહેવાય છે તે ચોક્કસ પરમેશ્વર જ આવ્યા હોય તેમ દેખાય છે. ૧૯. જો કે પોતે સ્વામિનારાયણ પોતાને પરમેશ્વર કહેતા નથી. છતાં તેમનાં વર્તનમાં પરમેશ્વરપણું દેખાય છે. જ્યારથી સ્વામિનારાયણ પ્રકટ્યા છે ત્યારથી તેમણે અતિશય પ્રતાપ દેખાડ્યો છે. ૨૦. સ્વામિનારાયણની આંખો સાથે કોઈની આંખ જ્યારે ભેળી થાય છે, ત્યારે તેવા અનેક લોકોને તરત જ સમાધિ થઈ જાય છે. નેત્રમાં દીવાની જ્યોતના જેવો ઉજળો જીવાત્માનો પ્રકાશ હોય છે. ૨૧.

સ્વામિનારાયણ પોતાના નેત્રની વૃત્તિથી સામાન્ય માણસની નેત્રવૃત્તિને પણ અલૌકિક કરી દે છે. જ્યારે તેઓ મુખથી વાત કરતા હોય છે, ત્યારે કોઈ શ્રોતા વાતમાં વૃત્તિને પરોવે, તો તરત જ શરીરનું ભાન ભુલાઈ જાય છે. તેમની વાતમાં પણ આટલું દૈવત રહ્યું છે. તેઓ જે કાંઈ વસ્ત્ર કે ઘરેણાં વગેરેને પહેરે છે, ફૂલહાર, બાજુબંધ, તેમની ચાલ, બોલી, કટાક્ષથી જોવું, એ બધું માણસની ચિત્તવૃત્તિને ખેંચી લે છે. લોઢાને ચુંબક જેમ ખેંચી લે છે, તેમ તે સ્વામિનારાયણ જીવની ચિત્તવૃત્તિને ખેંચી લે છે. ૨૨-૨૪.

❋ સત્સંગની અલૌકિક રીત :

જે સ્ત્રીઓ સત્સંગી થાય છે, તેમને સત્સંગની વાત સાંભળીને મનમાં જે વિષયનો ભાવ હોય તે ટળી જાય છે અને તેમાં અત્યંત અભાવ આવી જાય છે. ૨૫. પછી તે સ્ત્રી પુરુષસંબંધી બધું સુખ ઝેરના જેવું માને છે. આવી અલૌકિક રીત તો સ્વામિનારાયણના સત્સંગ સિવાય બીજે ક્યાંય નથી. ૨૬. પુરુષો સત્સંગમાં બેસીને સત્સંગની વાત જ્યારે સાંભળે છે, ત્યારે તેમનું અંગ પલટાઈ જાય છે, અને સ્ત્રી સંબંધી સુખ તેમને ઝેરના જેવું લાગે છે. ૨૭. સ્ત્રીના હૃદયમાં પુરુષ સંબંધી સુખનો ભાવ એવો જડાઈને રહ્યો છે કે, તે જે જે યોનિમાં જાય છે, ત્યાં ત્યાં તે પુરુષ સંબંધી સુખને ચાહે છે. ૨૮. તેવી ને તેવી જ પુરુષની વાત પણ છે. વિષયસુખ તરફ જ સહુને દોડ રહે છે.

આ જગતની સૃષ્ટિ થઈ ત્યારથી, અને બ્રહ્માના લોકથી લઈને પાતાળ સુધી સહુ વિષય તરફ જ દોડાદોડ કરે છે. ૨૯. વિષય પાંચ પ્રકારના છે. એક એક વિષય આકાશના જેવા અસીમ છે. તે વિષયોમાં આખું બ્રહ્માંડ બૂડી રહ્યું છે. અને લખચોરાશીના દુઃખને ભોગવે છે. ૩૦.

જન્મ-મરણ અને જમપુરીના અપાર દુઃખોને વિષયી જીવ વારંવાર પામે છે. વિષયનાં સુખથી તો અપાર દુઃખ જ થાય છે, તેનો કહેતાએ પાર આવતો નથી. ૩૧. છતાં જીવાત્માને વૈરાગ્ય નથી થતો. દુનિયામાં અનેક મત-પંથો છે. તેમાં આ વેળાએ જે મનુષ્ય સત્સંગ કરે છે, તેના દિલમાં વિષયોનો અભાવ થઈ જાય છે. ૩૨. અત્યારે સત્સંગના સમાન કોણ કહેવાય ? બુદ્ધિમાન મનુષ્યને તો તે દેખાય જ છે. સત્સંગની જેટલી રીત છે તે બધી ઘણી આશ્ચર્યકારી છે. ૩૩. જે બુદ્ધિમાન છે, તેને તે જોઈને આશ્ચર્ય થાય છે અને બુદ્ધિહીન લોકો તો સત્સંગની નિંદા કરે છે. જેનાથી તરી શકાતું હોય તેને ડૂબાડનારું માને છે, અને જે ડૂબાડી દે તેવું હોય તેને તારનારું જાણે છે. ૩૪. **જે પંચવિષય કહેવાય છે તે ઝેરના કરતાં પણ કોટી ગણા વધારે ઝેરીલા હાનિકારક છે. વિષયમાં ચોખ્ખું ઝેર દેખાય છે, તોપણ તેને અમૃત કરતાં પણ વધારે સારું દેખીને, જીવમાત્ર પતંગિયા જેવા થઈને ઝીણા કીડાથી લઈને બ્રહ્મા સુધીના જીવો વિષયરૂપી દીવા ઉપર પડીને બળી મરે છે. ૩૫-૩૬.**

અનંતવાર વિષય માટે મરે છે, તોપણ વિષયોને જીવ અપાર ને અપાર દુર્લભ માને છે; એવો આ સંસાર છે. ૩૭. તીર્થ, વ્રત, યોગ, યજ્ઞ, દાન અને પુણ્ય આદિ બધાં જ સાધનોને કરનારા જીવનું મન પણ વિષયભોગમાં આસક્ત દેખાય છે. ૩૮.

सोरठा : धाम के सुख के आग, विषय के सुख हे नर्क सम;
गींगे कु निके लाग, सत्संग विन रहे जो...३९

ભગવાનના ધામનાં સુખની આગળ વિષયનું સુખ તો નરકના જેવું છે. છતાં ગીંગાને વિષ્ઠા જ ગમે છે, તેમ સત્સંગ વગરના વિષયી જીવને તો વિષયનાં સુખ જ સારાં લાગે છે.’ ૩૯. મતપંથીઓને રાજાએ આવું

કહ્યું. પછી આ વાત જ્યારે શ્રીહરિએ સાંભળી ત્યારે તેઓ બોલ્યા કે, જે પરમેશ્વરે તે રાજાને ભૂમિ અને સંપત્તિ આપી છે, તેણે તેને બુદ્ધિમાં વિવેક પણ આપ્યો છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોદશ પૂરમાં 'મતપંથીઓની આગળ રાજાએ સત્સંગનો પ્રભાવ કહ્યો' એ નામે ચોપનમો તરંગ સમાપ્ત ॥૫૪॥



પૂર તેરમું : તરંગ - ૫૫

આત્માનંદમુનિ અને રામાનંદસ્વામીના જીવનની વાત

નીતિ પ્રમાણે ચાલતાં ચાલતાં જેમ નીતિમાન રાજાએ આ ભૂમિ ઉપર પોતાનું રાજ્ય જમાવી દીધું તેમ ભૂમિ ઉપર અનુપમ સત્સંગ પણ જામી ગયો. ૧. થોડે થોડે જામતા જામતા સત્સંગના મૂળ વજ્ર જેવા કઠોર થઈને ભૂમિ ઉપર જામી ગયા. પરમેશ્વરને તે જમાવતા આવડે. તેમાં જીવના કાંઈ ઉપાયો ચાલે નહિ. ૨. પ્રથમ આત્માનંદસ્વામીએ ઉદ્ધવમતના આશ્રિત થઈને સત્સંગનું બીજ જમાવ્યું - રોપ્યું હતું. ૩. સંવત્ સત્તરસો પછીના સમયમાં સિદ્ધાચળ (પાલીતાણા પાસેનો શેત્રુંજો પર્વત)ની સમીપે તે આત્માનંદસ્વામી અતિ સમર્થ યોગી થયા હતા. તેઓ યોગકળાના આધાર સ્થાન હતા. ૪. મૂલાધારથી લઈને ભ્રૂકુટિ સુધીના જે ષટ્ચક્ર કહેવાય છે, તેમાં જ તેઓ રાત-દિવસ ક્રીડા કરતા રહેતા અને શરણાગતોની સંસારપીડાને હરતા હતા. ૫.

તેઓ ગોપનાથ મહાદેવનાં દર્શન કરતા હતા ત્યારે તેમને જે લક્ષ થયો હતો, તેવો લક્ષ તેઓ જે શરણે આવે તેને સહેજે જ કરાવતા હતા. ૬. તેઓ દારૂ, માંસ, ચોરી અને વ્યભિચાર, ઈત્યાદિ પાપોનો ત્યાગ પહેલા જ કરાવી દેતા. પછી શિષ્યના નેત્રની વૃત્તિને નાસિકાના અગ્રભાગ ઉપર ઠેરાવતા હતા. ૭. પહેલા શિષ્યને પદ્માસને બેસાડે. આંખોને મટકું માર્યા વિના(નિર્નિમેષ) સ્થિર રખાવે. જ્યારે નેત્રની વૃત્તિ નાસિકાના અગ્રભાગે ઠેરાય ત્યારે હૃદયમાં વૃત્તિને સ્થિર કરાવતા. ૮. અને તેમાં 'નારાયણ...નારાયણ' આવું રટણ

રાત-દિવસ કરાવતા. જીવનું જેવું તેજ છે તે કેટલાક લોકોને દેખ્યામાં આવતું હતું. ૯. તે આત્માનંદમુનિ જેવું બોલતા તેવું ફળીભૂત થાતું હતું. તેમણે પોતાના શરીરને સવાસો વર્ષ સુધી રાખ્યું અને તે પછી અદૃશ્ય કરી દીધું. ૧૦.

સદ્‌ગુરુ રામાનંદસ્વામી તે આત્માનંદમુનિની સાથે રહ્યા. એટલે તેમની યોગકળાઓ સહેજે જ રામાનંદસ્વામીને મળી હતી. તેઓ અયોધ્યાપુરીમાં સંવત્ અઢારસોની આસપાસ (વિ.સં. ૧૭૯૫, શ્રાવણ વદિ-૮) પ્રકટ્યા હતા. ૧૧. આત્માનંદમુનિ મોઢ ચતુર્વેદી જ્ઞાતિના વિપ્ર (વિશ્વંભર ભટ્ટ) હતા. અને રામાનંદમુનિ સરયૂપારીણ વિપ્ર પિતા અજય અને માતા સુમતિના પુત્ર હતા. ૧૨. તેઓ સત્સંગના અંકુરરૂપ અને ઘણા જ સમર્થ હતા. તેઓ રામાનુજાચાર્યના ગ્રંથો ભણ્યા હતા. તે ગ્રંથોનું મંથન કરીને તત્ત્વજ્ઞાન મેળવ્યું હતું. ૧૩. તેઓ ‘શ્રીમન્નારાયણ’ નામ અને ‘સ્વામિનારાયણ’ નામનું ભજન શિષ્યો પાસે કરાવતા. તેમજ દિવ્ય ધામનાં દર્શન કરાવતા. ૧૪. આત્માનંદમુનિના ત્યાગી શિષ્ય ચાર હતા. જે સ્ત્રી તથા ધનના ત્યાગી અને મહાન ધ્યાનનિષ્ઠ અને સમાધિનિષ્ઠ હતા. ૧૫.

તેમાં જુક્તાનંદ અને મુક્તાનંદ, એ બે તો આત્માનંદમુનિની સાથે જ મર્ત્યલોકનો ત્યાગ કરીને ધ્યાન દ્વારા મુક્ત થયા અને મહાઆનંદમય ગતિને પામ્યા હતા. ૧૬. રામાનંદસ્વામી અને રામદાસસ્વામી, એ બંને દયાએ કરીને લોકોનો ઉદ્ધાર કરવા માટે આ ભૂમિ ઉપર અત્યંત ઉમંગથી રહ્યા. તે બેમાં રામદાસજીસ્વામી, ૧૭. રામાનંદસ્વામીને પોતાના પરમ ગુરુ માનતા હતા. આત્માનંદસ્વામીના શિષ્ય બાઈ-ભાઈ ગૃહસ્થ, ૧૮. ચારે વર્ણમાં પાંચસોથી છસો જેટલા હતા. તેઓ બધાં આત્માનંદસ્વામીને પરમેશ્વરનાં રૂપમાં માનતા હતા. ૧૯. તેઓ બધાં રામાનંદસ્વામીને પણ અધિક પ્રતાપી જાણીને માનતા હતા. એક હરબાઈ અને વાલબાઈ નામે બે બાઈઓ ત્યાગી થઈ હતી. ૨૦.

રામાનંદસ્વામી આત્માનંદમુનિથી અધિક શુભ ધર્મની વાતો કરતા. તેને લીધે તે બંને ત્યાગી બાઈઓએ રામાનંદસ્વામીનો ઘણો અભાવ લીધો હતો. અને તે કારણને લીધે જ તે બંને જીવનભર વિમુખ રહી હતી. ૨૧. આત્માનંદસ્વામીની સાથે ઘણો સમય શિષ્યાના ભાવથી સન્મુખ રહેલી તે બંને

બાઈઓ પછીથી તો સત્સંગથી બહાર વિમુખ રહી અને તેવી સ્થિતિમાં તેમણે શરીર ત્યાગ કર્યા હતા. ૨૨. રામાનંદસ્વામીના શિષ્યો તો હજારો થયા હતા. પૂર્વ દેશના - અયોધ્યા અને તેથી પૂર્વ પ્રદેશના જે સાધુઓ દ્વારકા દર્શન કરવા આવતા, ૨૩. તેઓએ રામાનંદસ્વામીની પાસે ભણવા માટે નિવાસ કર્યો હતો. તે બધાની આગળ સ્વામી સત્સંગની સારી વાતો કરીને તેમને સત્સંગમાં રાખતા હતા. ૨૪.તેમને રામાનંદસ્વામી એમ કહેતા કે, તમે અમારી સાથે સત્સંગમાં રહો અમે તમને પ્રકટ ભગવાનનો મેળાપ કરાવી દઈશું. ૨૫. કેટલાકને તો આવો કોલ દઈને સત્સંગમાં સાથે રાખ્યા હતા. કેટલાકના ઉપર તો અપરંપાર હેત રાખીને રાખ્યા હતા, અને કેટલાકને તો ભણાવીને રાખ્યા હતા. ૨૬.

જેઓ અનાદિ મુક્તો હતા તેઓ સત્સંગમાં સ્વામી સાથે રહ્યા. જેઓ ઘણા પ્રેમથી સાથે રહ્યા, તેઓ ઘણી મોટપને પામ્યા. ૨૭. રામાનંદસ્વામીના શિષ્ય સંતો ચાળીશ જેટલા હતા, તેઓ વ્યસનમાત્રને તજી દઈને પરસ્પર અનંત અને અપાર પ્રેમભાવ રાખતા હતા. ૨૮. દેશનાં કેટલાક ગામોમાં રામાનંદસ્વામીએ તીર્થયાત્રા કરવા નીકળેલા સાધુ સંતોને માટે સદાવ્રત બંધાવી દીધા હતા. ૨૯. જેટલા તીર્થવાસીઓના માર્ગ હતા તેને જોઈ-વિચારીને માર્ગનાં ગામોમાં સદાવ્રત બંધાવ્યાં. તેમાં જેને ભણવાની ઈચ્છા હોય એવા તીર્થવાસી સંતો, પહેલા તો ત્યાં ભણવા માટે રહી જતા. પણ પછીથી ધીરે ધીરે જે મુમુક્ષુ હતા તેમને સત્સંગનો પાશ લાગતો. ૩૦-૩૧.

તેઓ અપાર ગરજુ થઈને રામાનંદસ્વામીની સાથે મનના પ્રેમથી રોકાઈ જતા હતા. પણ જેમાં મુમુક્ષુભાવની બુદ્ધિ ન હોય એવા કેટલાક ભણીને ચાલ્યા જતા હતા. ૩૨. ત્રણ-ચાર જણને ભણવા રાખ્યા હોય, તેમાંથી ક્યારેક કોઈ એકાદ જણ કાયમ માટે રહી જતા હતા. કારણ કે, સંતોની વચ્ચે રહ્યા પછી તેમને ક્યારેય ધન કે સ્ત્રીનો જોગ દેખાતો ન હતો. ૩૩. જીવનભર ભોજન મેળવીને, તેમાં પાણી નાખીને ખાવું પડતું. શરીરે કાંઈ માંદગી આવે ત્યારે અન્ન મેળવીને ખાવાનો નિયમ ન હતો. ૩૪. વળી, સંતોની સાથે કાયમ રહેવાનું હોવાથી ક્યારેય પોતાનું મનગમતું થઈ શકતું નહિ. અને જે કાંઈ વ્યસનમાત્ર કહેવાય છે તેનો જિંદગીભર ત્યાગ રાખવાનો હતો. ૩૫.

ભાંડ-ભવાઈ કે કોઈ પણ જાતના તમાશા ક્યારેય જોવા મળતા નહિ. અને વળી, તે રામાનંદસ્વામીના સંતોએ જે વિધિ અને નિષેધરૂપ સદાચારના નિયમો કહેવાય છે, તેનો લખીને ગ્રંથ બનાવ્યો છે. ૩૬. ત્યાગી અને ગૃહસ્થ જેટલા ધર્મવંશી હોય - સદાચારમય ધર્મને જે પાળતા હોય, તેમનાં જે પાળવાના નિયમો તેને પણ ગ્રંથમાં લખ્યા. ૩૭. કેમ જે, લખ્યા વગરના જે નિયમ હોય, તેનો બેકાબૂ હોય તે લોપ કરી દે છે. પછી જ્યારે પોતાની રુચિ પ્રમાણે મનમાન્યું રહેવા માંડે ત્યારે તેના ઉપર કાળનો કોપ થાય છે. ૩૮. પછી તો જ્યારે કાળ કોપે છે ત્યારે તો લખેલા નિયમો પણ રહેતા નથી. અને તે તત્કાળ પરાધીન થઈ જાય છે, જેમ નહિ ચાહતા હોવા છતાં મોત થાય છે તેમ બને છે. ૩૯. **જ્યારે દેશકાળ શુભ હોય ત્યારે મોક્ષભાગી જીવોને લખેલા નિયમો અતિ સહાય કરે છે. ૪૦.**

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોદશ પૂરમાં 'આત્માનંદમુનિ અને રામાનંદસ્વામીના જીવનની વાત કહી' એ નામે પંચાવનમો તરંગ સમાપ્ત ॥૫૫॥

પૂર તેરમું : તરંગ - ૫૬

શ્રીરામાનંદસ્વામી અને નીલકંઠવર્ણીનો ધર્મ અંગે વાર્તાલાપ

શ્રીસહજાનંદસ્વામી અયોધ્યાપુરીની પાસેના છપૈયા ગામમાં શ્રેષ્ઠ વિપ્રને ઘેર પ્રકટ થયા. ૧. તે વિપ્ર શ્રેષ્ઠ સરવરિયા(સરયૂપારીણ) ઈટ્ટાર પાંડે(પાંડેય) કહેવાતા. તેઓ અગિયાર વરસ સુધી ઘરમાં રહ્યા અને સહુને ખૂબ જ આનંદ કરાવ્યો. ૨. ભગવાને તે સરવરિયા વિપ્રના ઘરને અત્યંત શ્રેષ્ઠ માન્યું અને ત્યાં વિચર્યા. પછી તીર્થ કરવાનું નિમિત્ત લઈને ઘરથી ચાલી નીકળ્યા. ૩. ઉત્તર દિશામાં હિમાલય સુધીમાં જેટલા તીર્થો છે, ત્યાં એકાકી જ ફર્યા, કોઈપણ સાથે ન હતું. ૪. તે પછી મહારાજાધિરાજ શ્રીહરિ પૂર્વ દિશામાં ગિરિ, વન અને તીર્થોને પવિત્ર કરવારૂપ કાર્ય કરવા માટે વિચર્યા. અનંત જીવોનો ઉદ્ધાર કરવા માટે જગન્નાથપુરી સુધી ફર્યા. ૫.

જ્યાં જ્યાં જોરદાર અસુરો રહેતા હતા તે સ્થળોએ ચાહીને ગયા. ભૂમિ ઉપર અસુરોનો ભાર દેખાયો ત્યારે તે અસુરોમાં પરસ્પર વૈર કરાવ્યું. ૬. તે બધા પરસ્પર લડીને કપાઈ મર્યા. ભૂમિનો ભાર ઊતર્યો, તે જોઈને રાજી થયા. વનમાં ફરતા હતા ત્યારે મુક્તનાથ પણ ગયા હતા. પછીથી શ્રીહરિ દક્ષિણ ભારતમાં તીર્થોમાં પણ ગયા. ૭. તે દક્ષિણનાં તીર્થ કરીને પશ્ચિમ ભારતમાં આવ્યા. દેવો અને મુનિઓના પરમેશ્વર શ્રીહરિ પશ્ચિમમાં ભાવનગર પાસેના નકલંગ અને ગોપનાથ તીર્થમાં આવ્યા. ૮. ભાવનગરથી જ સાગર કિનારે ચાલેલા શ્રીહરિ (ગોપનાથ મહાદેવ થઈને) વરાહ તીર્થ થઈને ગુપ્તપ્રયાગમાં આવીને રહ્યા. ૯. પ્રાચી પાટણ (સોમનાથ-વેરાવળ) થઈને ચાલેલા તે માંગરોળ બંદર આવ્યા. પછી ત્યાંથી જ્યાં નિષ્કામી સંતો રહેતા હતા તે લોજપુરમાં આવ્યા. ૧૦.

ઉદ્ધવાવતાર સદ્‌ગુરુ શ્રીરામાનંદસ્વામીના બધા સંતો ત્યાં રહેતા હતા. જેઓ સ્ત્રી અને ધનનો ત્યાગ રાખતા હતા. ૧૧. કોઈ પણ જાતનું વ્યસન અને જેને કેફ કહેવાય છે, તે બધાનો તેઓ ત્યાગ રાખતા હતા, અને ભગવાનને જેટલી વાતો ગમતી હતી તેને આ સંતો જીવનમાં રાખતા હતા. ૧૨. ત્યાંના સંતોની શુભ રીતને દેખીને શ્રીહરિ ત્યાં રહ્યા. વર્ણીના સમાન વેષ રાખ્યો હતો અને નાની ઉંમરના હતા. ૧૩. ગિરનાર પર્વતને નજીક પીપલાણા નામે ગામ છે ત્યાં સુખધામ એવા રામાનંદસ્વામી આવ્યા. ૧૪. આવેલા વર્ણી લોજમાં છે એમ જાણીને તેમણે તેમને તરત જ પીપલાણા બોલાવ્યા. સર્વોત્તમ અને મહાન શ્રેષ્ઠ સુખને આપનારા તેઓ બંને હરખથી પરસ્પર મળ્યા. ૧૫.

સદ્‌ગુરુ રામાનંદસ્વામીએ શ્રીહરિને જોયા. તેથી તેમનાં અંતઃકરણમાં શાંતિ થઈ. પછી વર્ણીને મહાદીક્ષા આપી. ૧૬. જે મુમુક્ષુ શરણે આવે તેની પાસે શુદ્ધ ધર્મ પળાવીને જીવમાં અનાદિ બીજરૂપ લખચોરાશીના બંધનને દેખીને તેનું છેદન કરવું, તેનું નામ 'ભાગવતી મહાદીક્ષા' કહેવાય છે. ૧૭-૧૮. રાત-દિવસ ભગવાનની સેવામાં મને કરીને શરીરને રાખવું. બધા માયિક સંકલ્પ બંધ કરીને શરીરને નવધા ભક્તિમાં રાખવું. ૧૯.

મોક્ષ માટેની આવી બધી વાતો ઉપર મનથી પ્રેમ રાખવો. મોક્ષ સિવાયની અન્ય જે વાતો છે તેને હળાહળ ઝેર જેવી જાણવી. ૨૦. જે ભાગવતી દીક્ષાને પામ્યો હોય તેને ભાગવતજન કહેવાય છે અને તે ભાગવતજનને જ એકાંતિક ભક્ત કહેવાય છે. સદ્‌ગુરુ રામાનંદસ્વામી વર્ણીની સાથે સાક્ષાત્ આવી વાતો કરતા હતા. ૨૧.

પછી વર્ણીએ હાથ જોડીને કહ્યું, મારાં મનની વૃત્તિ હવે અહીંયાં ઠરી છે - સ્થિર થઈ છે. દ્વારકા સર્વશ્રેષ્ઠ ધામ છે એવું બીજું કોઈ ધામ નથી. ૨૨. ભૂમિ ઉપરનાં જેટલાં ધામ છે, તે બધાં અત્યારે દ્વારકામાં આવીને વસ્યાં છે. અને દ્વારકાનું જે દૈવત છે તે ધર્માદિક કહેવાય છે. ૨૩. તે ધર્માદિક રૂપ દૈવત અત્યારે સત્સંગમાં રહ્યું છે. તેમાં હું લગારેય ખોટું કહેતો નથી. **જે ધામમાં જેટલું કાંઈ દૈવત હોય ત્યાં તેટલા ધર્માદિ રહેતા હોય છે. ૨૪. આખી દુનિયામાં જે લોકો છે તે કોઈ ધર્મને દેખતા નથી. જ્યાં ભગવાન રહ્યા હોય તે સ્થાનને સહુ કોઈ દેખે છે. ૨૫. શ્રીમદ્ ભાગવત જેવા ગ્રંથમાં ભગવાન જ્યાં રહ્યા, જ્યાં જેટલું વધારે રહ્યા, તે બધું તેમાં કહ્યું છે. ૨૬.**

વળી, જેટલો પ્રતાપ કહેવાય છે તે તો ભાગવત્ ધર્મમાં નિવાસ કરીને રહ્યો છે. 'ધર્મો ભાગવતે સ્થિતઃ' તે પણ કહ્યું છે. પણ તે વાતને તો સહુ છુપાવી રાખે છે. ૨૭. કોઈ માણસ રાજાની મરજી લોપીને તેની ખૂબ સેવા કરે, તો રાજાને તેના ઉપર કોપ ન થાય ? એવું ક્યાંય દેખ્યામાં આવતું નથી. ૨૮. કોઈ માણસ રાજાની મરજીનો લોપ કરીને રાજાના જ પુરમાં વસીને રહે, તેમજ કાયમ રાજાની પાસે રહે, તોપણ એવા માણસને દેખીને રાજા ક્યારેય ખુશ થાય નહિ. ૨૯. પરમેશ્વરને પ્રસન્ન કરવાને માટે મનુષ્યમાત્ર અનેક ઉપાય કરે છે. (પણ પરમેશ્વર રાજી શેમાં છે ? એવો કોઈ વિચાર કરતા નથી.) કેટલાક હિમાલયમાં દૂર સુધી જઈને શરીરને ગાળી નાખે છે (થિજાવી નાખે છે), કોઈ ભૈરવ જપ ખાય છે. (ગિરનારની ઝૂલતી ખડક ઉપરથી ઊંડી ખીણમાં પડીને મરવું.) ૩૦.

કોઈક ગંગાના પુષ્કળ જળપ્રવાહ સાથે વહી જાય છે. કેટલાક પત્ની સાથે કાયમ તીર્થમાં વસી જાય છે. કોઈ તો અન્નનો આહાર તજી દઈને ફળ-

ફૂલથી ગુજરાન કરે છે. ૩૧. કેટલાક લોકો પંચાગ્નિ તાપે છે, કેટલાક પંચકેશ રાખે છે, કોઈક તો વર્ષાઋતુમાં ખુલ્લી જગ્યામાં રહીને વરસાદની ધારાને માથે ધારીને સહન કરે છે. ૩૨. કોઈક શિયાળામાં ઠંડા પાણીમાં જઈને બેસે છે. કોઈ તો હાથને ઊંચા રાખીને શરીરને સૂકવી નાખે છે. અને કેટલાક તો મૌનવ્રત રાખે છે. ૩૩. કેટલાક ધનાઢ્ય લોકો વેદમાં કહેલા જે યજ્ઞ છે તેને કરે છે, અને કેટલાક રાજાઓ રોજ લાખો અને કરોડો ગાયોનું દાન કરે છે. ૩૪. કેટલાક રોજ સવા ભાર (૧ ભાર = ૨૪ મણ કપાસનું માપ તેમ ભાર માપના ઘણા પ્રમાણો છે.) સોનું ગુપ્ત રીતે વિપ્રને દાનમાં આપતા. તે બધા સાધનોને કહેતા પાર આવતો નથી. તે સાધનો અલગ અલગ ગ્રંથોમાં અપાર લખ્યા છે. ૩૫.

માણસ મનનું ધાર્યું તો હોંશથી કરે છે, પણ પરમેશ્વરની મરજી શું છે ? તેની તપાસ કરતા નથી. જ્યાં શુભ નીતિ વધારે દેખાય ત્યાં પરમેશ્વરની મરજી હોય છે. ૩૬. જ્યાં સર્વોત્તમ શુભ અને મહાનીતિ પ્રસિદ્ધપણે વર્તે છે, ત્યાં જ બધા તીર્થ અને સાધનમાત્ર સાક્ષાત્ નિવાસ કરીને રહે છે. ૩૭. જેટલા પાખંડ મતો છે તે પોતાના મતમાં જ મોક્ષ કહે છે, બતાવે છે. પણ મોક્ષ નહિ થાય એવું તો કોઈ કહેતા જ નથી. સ્વયં અંધ હોવા છતાં બીજા આંધળાઓની દોરવણી કરે છે. ૩૮. વાસ્તવિક તપાસ કરીને કોઈ દેખતા નથી. લોકો જ્યાં ત્યાં વેગથી નિરર્થક દોડતા રહે છે. જગતમાં આવું બધું દેખાય છે. ૩૯. મોક્ષભાગી જીવોની રીત એવી નથી હોતી. તેમની રીત તો અલૌકિક હોય છે. જે શુભ મતિવાળા છે તેમને તે દેખાય છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોદશ પૂરમાં 'શ્રીરામાનંદસ્વામી અને નીલકંઠવર્ણીનો ધર્મ અંગે વાર્તાલાપ' એ નામે છપ્પનમો તરંગ સમાપ્ત ॥૫૬॥



પૂર તેરમું : તરંગ - ૫૭

ધ્યાન કોનું અને કેમ કરવું ? એવો પ્રશ્ન

સદ્‌ગુરુ શ્રીરામાનંદસ્વામીએ વર્ણીનાં જે નામ પાડ્યા હતા હવે તે હું તમને કહું છું, જે નામ આ સંસારથી તારનારા છે, ઉદ્ધાર કરનારાં છે. ૧. ૧. સહજાનંદસ્વામી, ૨. નારાયણમુનિ અને સ્વામિનારાયણ (?) એ શ્રેષ્ઠ સુખનાં ધામરૂપ નામ ધરાવ્યાં. ૨. રામાનંદસ્વામીએ વર્ણીને પોતાની પાસે દોઢ વરસ રાખ્યા. તે સમયે વર્ણીનો અપાર પ્રતાપ જોઈને મનમાં ખૂબ જ પ્રસન્ન થયા. પછી તેમણે વર્ણીને પોતાની ગાદી ઉપર બેસાડી દીધા. ૩. ત્યાગીઓમાં સંતો, વર્ણીઓ અને સંન્યાસીઓ તથા બધા જ ગૃહસ્થ સત્સંગીઓ, એ બધાને રામાનંદસ્વામીએ શ્રીહરિને અર્પણ કરી દીધા. ૪. જેતપુરમાં આ રીતે શ્રીહરિને ગાદીએ બેસાડીને પછી સુખદાયક સ્વામી ફરેણીમાં આવ્યા. પછી ત્યાં જ રામાનંદસ્વામીએ દેહત્યાગ કર્યો અને દિવ્ય ધામમાં અનુરાગ કર્યો અર્થાત્ ધામમાં સીધાવ્યા. ૫.

સ્વામીએ સં.૧૭૯૫, શ્રાવણ વદ-૮ પ્રગટ થઈ ચાલીશ વરસ સત્સંગમાં શરીર રાખ્યું. (આઠ વર્ષ ઘરે, સોળ વર્ષ પર્યટન, ચાલીસ વર્ષ સત્સંગમાં. કુલ ચોસઠ વર્ષ પૃથ્વી પર રહ્યા. ત્યારપછી સં.૧૮૫૮ માગસર સુદ-૧૩) સ્વામી અક્ષરધામમાં ગયા. જે સંતો, વર્ણીઓ અને સંન્યાસી તથા દેશદેશના હરિભક્તો હતા, તે બધારામાનંદસ્વામીનાં આજ્ઞાવચનથી હરખભર્યા શ્રીહરિને શરણે થયા. રામાનંદસ્વામીએ જેમ કહ્યું હતું, તેમ સહુએ કર્યું. છતાં પણ સહુને રામાનંદસ્વામીમાં અત્યંત ગાઢ પ્રીતિ હતી. સહુ સ્વામીનું જ ધ્યાન કરતા. સ્વામીથી કોઈને અધિક ક્યારેય માનતા નહિ. ૬-૮. આવી સહુની રીતને દેખીને રામાનંદસ્વામી રાજી થયા નહિ. તેથી જ્યારે બધા રામાનંદસ્વામીનું ધ્યાન કરતા, ત્યારે રામાનંદસ્વામી ધ્યાનમાં આવીને દર્શન દેવા લાગ્યા. ૯. શ્રીહરિની મૂર્તિમાં રામાનંદસ્વામી તત્કાળ લીન થઈ જતા હતા. ત્યારે સહુ ભક્તો ઘણું જ આશ્ચર્ય માનતા. ૧૦.

ભક્તો જ્યારે રામાનંદસ્વામીનું ધ્યાન ધરે ત્યારે રામાનંદસ્વામી દેખાતા નહિ, પણ શ્રીહરિ દેખાતા. જ્યારે કેટલાક દિવસ આમ ચાલ્યું ત્યારે તે સહુ

ભક્તોએ મનમાં વિચાર કર્યો. ૧૧. સ્વામી જે રીતે રાજી થાય તે રીતે આપણે મન, કર્મ, વચનથી રહેવું. મોટાની મરજી મોટા હોય તે જ યથાર્થપણે જાણે છે. ૧૨. આપણે પતિવ્રતાનું અંગ ગુરુના પ્રત્યે રાખવા જઈએ છીએ. પણ **સ્વામીની મરજી પ્રમાણે વર્તવું એ જ પતિવ્રતાપણું કહેવાય.** ૧૩. જેટલી પતિવ્રતા સ્ત્રીઓ હોય છે તે પોતાના સ્વામીની મરજી રાખે છે. જ્યારે પતિની મરજીનો લોપ કરે ત્યારે તે કુલટા કહેવાય છે. ૧૪. સંતો-હરિભક્તો સહુ એકમન કરીને કહેવા લાગ્યા, હવે તો આપણે પ્રકટ શ્રીહરિનું ધ્યાન કરવું. ૧૫.

બધા સંતો અને હરિભક્તો સાથેમળીને શ્રીહરિની પાસે આવ્યા. ચરણોમાં મસ્તક નમાવ્યું અને પૂછ્યું, હવે અમે ધ્યાન કઈ રીતે કરીએ ? ૧૬. આટલા સમય સુધી અમે રાત-દિવસ રામાનંદસ્વામીનું ધ્યાન કરતા હતા. હવે આપ કહો તે પ્રમાણે ધ્યાન કરીએ. અમારું ચિત્ત વિભ્રાંત થઈ ગયું છે 'શું કરવું ?' તે સૂઝતું નથી. ૧૭. ત્યારે શ્રીહરિ હસીને બોલ્યા, ક્યારેય ચિત્તને વિભ્રાંત થવા દેવું નહિ. ચિત્તનો સ્વભાવ તો પાણીના જેવો છે. જેવો સમય હોય તેવું તે થઈ જાય છે. ૧૮. જડનો સ્વભાવ એકસમાન જ રહે છે. પરંતુ જે કસબી-શિલ્પી હોય છે તે જડને સુધારે છે. અત્યંત જોરદાર વરસાદની ઝડી જ્યારે આવે છે ત્યારે નદી અને સરોવરનું સ્વચ્છ નિર્મળ પાણી પણ, ૧૯. વરસાદનું પાણી ભળવાથી વરસાદના જેવું ડોળુ થઈ જાય છે અને સમુદ્રની ખાડીનું પાણી પણ કાંપને લીધે ડોળાયેલું રહે છે. ૨૦. પણ જે સમુદ્રનું દૂરનું પાણી હોય છે તે ક્યારેય ડોળાતું નથી. કારણ કે, તેનું તળિયું અગાધ હોય છે. તેથી તેનું પાણી કાયમ નિર્મળ દેખાય છે. ૨૧.

❋ જેવી સમજણ તેવું ચિત્ત :

चोपाई :

संत अरु हरिजन रहे ताका, समझ के तल जेसे वाका;
समझ तेसो चित्त होई जावे, चित्त को एसो रुप दरशावे...२२

તેમ જે સંતો અને હરિભક્તોની સમજણનું તળિયું જેવું હોય તેવું તેમનું ચિત્ત તેમની સમજણ પ્રમાણે થઈ જાય છે. આવું ચિત્તનું સ્વરૂપ દેખાય છે. ૨૨. જો અત્યારે અહીંયાં સંગીતના ગાન-તાન થાય, તો તેમાં બધા લોકો

ચિત્ત પરોવે. ચિત્તનો સહેજે જ એવો સ્વભાવ છે કે, તે એકસરખું રહેતું નથી. ૨૩. કાચ અને ચિત્ત, બેયનો સ્વભાવ એકસમાન પારદર્શક હોય છે. તેને જે અધિક વિવેકી હોય તે જાણે છે. ચિત્ત સિવાયના પણ મન, બુદ્ધિ અને અહંકાર જીવનાં અંતઃકરણ છે. ૨૪. તેમાં ચિત્ત સહુના નેત્ર સમાન છે. ચિત્તના વિના બીજા બધા આંધળા છે. નેત્રના વિના જેવો આ દેહ જણાય, તેવા ચિત્તના વિના બીજા અંતઃકરણ જણાય છે. ૨૫.

જીવને જે સમયે જેવો દેહ મળે છે, તે સમયે તેનું અંતઃકરણ પણ તેવું તત્કાળ થઈ જાય છે. ૨૬. જીવ જે યોનિમાં જાય છે ત્યાં તેનું તેવું નામ પડે છે. તે જીવ તેમાં દેખાતો નથી. જેવો દેહ મળે છે તેવો જીવ દેહાકારે દેખાય છે. ૨૭. જીવનું રૂપ આવું આશ્ચર્યકારી છે. જીવોએ ધારેલા એ બધા આકારો ભિન્ન ભિન્ન છે. પણ ચૈતન્યરૂપે સર્વે જીવો એકરૂપ અને અત્યંત પરમ અનુપમ છે. ૨૮. **જેટલા જીવ કહેવાય છે તે બધા સ્વસ્વરૂપને દેખી શકે છે. જેમ બાહ્ય નેત્રોથી પોતાનો દેહ દેખાય છે તેમ જ્ઞાનદૃષ્ટિએ કરીને જીવનું સ્વરૂપ પણ જાણી શકાય છે. ૨૯. જીવમાં જ્ઞાનશક્તિ જેવી રહે છે, તેવી જ તેની નેત્રશક્તિ હોય છે. જ્યારે તેનો બહુ અભ્યાસ કરવામાં આવે છે ત્યારે અજ્ઞાનરૂપ અંધારાનો નાશ થઈ જાય છે. ૩૦.**

અજ્ઞાનરૂપી અંધારાથી જીવ જ્યાં સુધી ઢંકાઈ(અવરાઈ) ગયો હોય છે, ત્યાં સુધી જીવ દેખ્યામાં આવતો નથી. જ્ઞાનની વાત જેટલી કહેવાય છે, તેટલી જ મોક્ષની વાત રહી છે. ૩૧. સત્સંગ સિવાય બીજે-ત્રીજે જ્ઞાનની વાત થાતી હોય એવું દેખાતું નથી. સત્સંગ સિવાય જ્ઞાનની વાત કોઈ કરતા હોય છે, તોપણ તે આંધળો રસ્તામાં ચાલતો હોય તેવું જણાય છે. ૩૨. નિયમ પાળ્યા વિનાનું બધું જ્ઞાન તો હાથમાં દીવો લઈને કૂવામાં પડ્યા જેવું છે. **ગુરુનાં ધર્મયુક્ત જે વચન હોય તેને ગુરુરૂપ સમજવા જોઈએ.** ૩૩. ગુરુરૂપી સૂર્ય વિનાનું જ્ઞાન તો અંધારામાં દર્પણ લઈને બેસે તેના જેવું છે. આંક અને કક્કો લખેલા હોય, તે બંને આંખોથી દેખાતા પણ હોય, પણ શીખવનારા ગુરુ વિના તેને શું કહેવું ? ભલેને આંખો હોય અને દિવસ પણ હોય ! પણ ગુરુ વિના જ્ઞાન થાય નહીં. જ્ઞાન સમજવા માટેનું જ્ઞાન અપાર છે. તેનાં દ્વાર અલગ

અલગ હોય છે. ૩૪-૩૫. જેટલી માયિક વસ્તુઓ કહેવાય છે તેને અનેક દ્વારથી સમજી શકાય છે. વિલાયતમાં જેટલી વસ્તુઓ હોય છે તે ભારતને માટે આશ્ચર્યકારી કહેવાય છે. ૩૬. દેહનું આચરણ અલગ છે અને બુદ્ધિનું આચરણ પણ અલગ છે. તે બંનેમાં તફાવત ઘણો છે પણ તે કોઈની સમજમાં આવતું નથી. ૩૭. આ બ્રહ્માંડના સ્રષ્ટાની બુદ્ધિ તો અપાર છે. તે જેને જેવા ઘટે - યોગ્ય હોય તેવા જ શરીર આપે છે. ૩૮. **પરમેશ્વરની આગળ તો ભવ, બ્રહ્માદિ દેવો પણ તુચ્છ છે. તો પછી સામાન્ય દેહધારીના તો શા લેખા ગણાય ? ૩૯. જે જે બાબતો ઘણી મોટી કહેવાતી હોય છે તે પરમેશ્વરના હાથમાં રહે છે. તેથી તે પરમેશ્વર કરે છે તેમ જ આ બધું થાય છે. ૪૦.**

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોદશ પૂરમાં 'ધ્યાન કેમ અને કોનું કરવું ? એવો પ્રશ્ન' એ નામે સત્તાવનમો તરંગ સમાપ્ત ॥૫૭॥



પૂર તેરમું : તરંગ - ૫૮

સદ્‌ગુરુની દેશી કરનારાને શ્રીહરિએ પૌંડ્રકના જેવા કહ્યા

સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામી કહે છે કે, શ્રીસહજાનંદસ્વામી શ્રીહરિએ જે વાત કહી હતી તે હું હવે તમને કહું છું, તો તમે ધ્યાન દઈને સાંભળો. ૧. ચિત્તને લગાવ્યા વિનાનું - એકાગ્ર કર્યા વિનાનું જે સાંભળવું, તે તો ફૂટેલા વાસણના જેવું છે. ફૂટેલા વાસણમાં ક્યારેય પાણી ભરાય નહિ. ૨.

सोरठा : भराये विन हि नीर, अर्थ न आवत लेश तेहि;
सुनना एक चित्त थीर, नट चढत हे दोर जिमि...०३
जन सुँ कहत हरि बात, एक बात में अनेक विध;
अर्थ भरे जो रहात, चिंतामनि कल्पतरु तिमि...०४

અને પાણી ભરાયા વિના તે જરાય ઉપયોગમાં આવતું નથી. માટે એકચિત્તે - સ્થિર ચિત્તે સાંભળવું. નટ જેમ દોર ઉપર ચઢે છે તેમ એકચિત્ત થાવું. ૩. શ્રીહરિ ભક્તજનોને એક વાતમાં અનેક પ્રકારની વાત કહેતા હતા.

જેમ ચિંતામણિ અને કલ્પવૃક્ષ એક એક હોય, છતાં તેમાં અનેક પદાર્થો રહ્યા છે, તેમ શ્રીહરિની એક વાતમાં અનેક અર્થ ભર્યા હોય છે. ૪.

चोपाई :

हरि के चरित्र बात हि जेता, मूर्तिमान मोक्ष हे तेता;
मन क्रम मोक्ष मानी के जेहा, सुनत एक चित्त होई तेहा...०५

શ્રીહરિનાં ચરિત્રની જેટલી વાત છે તે મૂર્તિમાન મોક્ષરૂપ જ છે. માટે મન, કર્મથી તેને મોક્ષરૂપ માનીને એકચિત્તે તે શ્રીહરિચરિત્રને સાંભળવા જોઈએ. ૫. જે સંતો અને હરિભક્તો શ્રીહરિની વાતમાં પોતાની વાત મેળવતા નથી, તે મોટા થાય છે. ભગવાનની વાતમાં બીજી લોકવાર્તા તો સાક્ષાત્ ઝેર જેવી થઈ જાય છે. ૬. બ્રહ્માદિકને પણ આશ્ચર્ય થાય એવો શ્રીહરિની વાતમાં રસ રહ્યો છે. શ્રીહરિની વાતમાં મનુષ્યને આશ્ચર્ય થાય, તે કાંઈ અધિક બાબત નથી. ૭. લોકો વાત કહીને તેમાં પોતપોતાનો સ્વાર્થ સાધી લે છે. જે વાતમાં જીવનું હિત રહ્યું હોય, તે વાતને અધિક મુખ્યપણે માનવી જોઈએ. ૮. **જે બુદ્ધિમાન હોય છે, તે પ્રત્યેક વાતને પહેલા પારખે છે. પારખ્યા વિના કોઈ વાતને તે ગ્રહણ કરતો નથી. અને બુદ્ધિહીનને માટે તો બધી જ વાત એકસરખી જ લાગે છે. જે સ્વાર્થી ગુરુ છે તે બુદ્ધિમાન શિષ્ય કરતાં બુદ્ધિહીન શિષ્યને અધિક માને છે. કાં જે, બુદ્ધિહીન શિષ્યમાંથી સ્વાર્થની જે ઈચ્છા હોય તે સર્વે પ્રાપ્ત થાય છે. ૯. જે ગુરુ વધારે સ્વાર્થી હોય છે તે બુદ્ધિમાન શિષ્યનો ત્યાગ કરે છે. વધારે પડતા સ્વાર્થને લીધે ઉત્તમ સંપ્રદાય હોય, તે પણ દિનપ્રતિદિન ઘટી જાય છે. ૧૦.**

લાજ-મર્યાદા કે ધર્મ વગરના જે મત-સંપ્રદાય છે, તે તો જીવ વિનાના દેહ જેવા છે. શ્રીહરિ આવી તો ઘણી વાતો કહેતા. તે બધી વાત કહી શકાતી નથી. ૧૧. અહીંયાં અમે વાતની દિશા દેખાડી દીધી છે. એટલે જે બુદ્ધિમાન છે તે તો બધું સમજી લેશે. રૂડી બુદ્ધિવાળા માટેનો આ ગ્રંથ છે. બુદ્ધિહીનને ક્યારેય સમજાશે નહિ. ૧૨. જેમાં અતિ સ્વાર્થ અને લોભ કાયમ રહેતો હોય, તેમાં તેટલો વધારે તમોગુણ રહે છે. પણ તે તેને દેખાતું નથી. ૧૩. સ્વાર્થ રોજબરોજ અપાર લોભ કરાવે છે. વધારે પડતી ભારે

જ્ઞાનની વાતો કરીને તો માનો તે સ્વાર્થી જ્ઞાનનો કીચડ કરી દેતો હોય છે, પણ તે ગમાર સ્વાર્થી માણસને તેની કાંઈ ખબર પડતી નથી. ૧૪. હંસના નીરક્ષીરની રીતને જાણનારા જે બુદ્ધિમાન હોય છે તેઓ તો વધારે પડતા સ્વાર્થથી ભરેલી લોભની વાતને તરત જ ઓળખી જાય છે. ૧૫.

શ્રીહરિએ પોતાની પાસે આવેલા તે સહુને કહ્યું, તમે બધા સંતો અને હરિભક્તો તો બુદ્ધિના સાગર છો. અત્યારે કોઈ રામાનંદસ્વામીથી અધિક - વધારે મહાન નથી. ૧૬. તમે જેટલા બુદ્ધિશાળી સંતો અને હરિભક્તો છો, તે જ્યારે રામાનંદસ્વામીનાં આજ્ઞાવચનને સ્વામી કરતાં પણ વધારે મહત્ત્વપૂર્ણ માનશો, ત્યારે તમારાં અંતઃકરણમાં અત્યંત સુખ, શાંતિ થાશે. ૧૭. જે બુદ્ધિહીન સંતો અને હરિભક્તો છે તે સ્વામીની દેશી લેશે. સ્વામીનો આવેશ મારામાં છે એમ નિશ્ચય કરીને માનશે. ૧૮. એવો ભાવ કેટલાકે (રઘુનાથદાસ જેવાએ) મનમાં દૃઢ કરી રાખ્યો છે. પણ રામાનંદસ્વામીના જેવા તો એક રામાનંદસ્વામી જ રહેશે. તે સિવાયના બીજા જે કોઈ છે તે બધા માયાના જીવ કહેવાશે. ૧૯. જો એમ ઘેર ઘેર સ્વામી થાશે, તો કોઈને પોતાના મોક્ષનો ખપ જ નહીં રહે. ભૂમિ ઉપર ભગવાનના કેટલાય અવતાર થયા છે, તેનો કોઈ પાર નથી. ૨૦.

તે પ્રત્યેક અવતારના જે જે ભક્તો થયા છે તે બધા ભગવાનના દાસ થઈને રહ્યા છે. જે ભક્તો છે તે ક્યાંય સ્વામી બની બેઠા નથી. ૨૧. ક્યાંય ભક્ત હોય તે ભગવાન બન્યો હોય એવું એક તો બતાવો ? જો હોય તો પછી એવી રીત ચલાવો. આવી રીત વિના કોઈ માનશે નહીં. હું તે વાત સત્ય કહું છું. ૨૨. આ સનાતન મોક્ષની ગાદી તો એક જ ચાલી આવે છે. કરોડોવાર નક્કી કરીને પછી અમને તે ગાદી ઉપર બેસાડ્યા છે. તે બધું તો તમે જાણો જ છો. ૨૩. 'અમે સ્વામી થઈ જઈએ' એવો અમારાં મનમાં લેશમાત્ર પણ ઈરાદો નથી. અને હોય તો બતાવો. જે માયાના જીવ હોય તે ક્યારેય સ્વામી થઈને બેસી શકે નહીં. ૨૪. જેટલા માયાના જીવ હોવા છતાં સ્વામી બની બેઠા હોય તો તેમને કરોડો ગૌહત્યાનું પાપ લાગે છે. ૨૫.

જગતમાં જેટલા જીવ છે તે બધા ક્યારેય રાજા થતા નથી. રાજા ન હોવા છતાં પણ જો રાજા બની બેસે, તેમને માટે તો દુઃખનો ભરેલો મોટો કૂવો થાય. ૨૬. આ જગતમાં કેટલાક લોકો પેટ ભરવા માટે થઈને અત્યંત મલિન છે ચિત્ત જેનું એવા કિરાત(ભીલ) સુધ્ધાં ભગવાન થઈ બેસે છે. ૨૭. જે સાધારણ મનુષ્ય ભગવાન થઈ જાય છે. તે તો અધમોમાં પણ અત્યંત અધમ, પાપીઓમાં પણ ઘોર પ્રબળ પાપી અને નીચોમાં પણ નીચ થાય છે. ૨૮. પાપીઓમાં પણ પાપી એક પૌંડ્રક નામે રાજા દુઃખરૂપ મિથ્યા વાસુદેવ થયો હતો. મિથ્યા ચતુર્ભુજ બન્યો હતો અને કાષ્ઠનો મિથ્યા ગરુડ પણ કર્યો હતો. ૨૯. તે કરૂષ દેશનો રાજા હતો અને કાશી નગરીમાં મિત્રને ત્યાં આવ્યો હતો. તેણે એક દૂત શ્રીકૃષ્ણ ભગવાન પાસે દ્વારકા મોકલ્યો અને તેમને બોલાવ્યા. ૩૦.

જ્યારે શ્રીકૃષ્ણ કાશીપુરીમાં આવ્યા. ત્યારે તે પૌંડ્રકને પોતાની સન્મુખ બોલાવ્યો. તે સૈન્ય લઈને સન્મુખ આવ્યો. તેમને પરસ્પર બોલાચાલી થઈ. ૩૧. પૌંડ્રકે શ્રીકૃષ્ણ ભગવાનને કહ્યું, અસલ વાસુદેવ હું છું. તમે વાસુદેવ ક્યાંથી થઈ આવ્યા ? મારા જે ચિહ્નો છે, તેનો તત્કાળ ત્યાગ કરી દો. ૩૨. જો તમે જીવવા ચાહતા હોવ, તો એ બાબતમાં એક ઘડીવાર પણ વિલંબ કરવો નહિ. જો મારા ચિહ્ન નહિ છોડો, તો હું અત્યારે જ છોડાવું છું, તેમાં કાંઈ વાર નહિ લાગે. ૩૩. આમ કહીને તે યુદ્ધ કરવા તૈયાર થયો. પણ તે વખતે શ્રીકૃષ્ણ કાંઈ બોલ્યા નહિ. યુદ્ધનાં વાજાં વાગવા લાગ્યાં. શ્રીકૃષ્ણ એકીટશે દેખી રહ્યા. ૩૪. જેમ કોઈ નટવો નૃત્ય કરતો હોય તેવા પૌંડ્રકને દેખતા રહ્યા. આમને સામને સેના તૈયાર થઈ. કોઈને કોઈ લગારેય પણ નમે તેમ નહતું. ૩૫.

તે સમયે કાશી નરેશ મિથ્યા વાસુદેવ પૌંડ્રક, જે પોતાનો મિત્ર હતો, તેના પક્ષમાં સહાય કરવા ઉત્સાહથી આવ્યો. તેના દિલમાં ઘણો જ ઉમંગ હતો. ૩૬. કાશીના બધા લોકો આ તમાશો જોવા આવ્યા. બધાએ પૌંડ્રકને અધર્મીના રૂપમાં દેખ્યો. ૩૭. સત્ય વાસુદેવ તો શ્રીકૃષ્ણ છે અને પૌંડ્રક તો વેષધારી છે. તેનું તો મોત પાસે આવ્યું લાગે છે, એમ સહુ કહેતા હતા. ૩૮. જેને મોત નજીક આવે તે મિથ્યા દુરાગ્રહ કરે. તે સત્યને ઉખેડવા જાય છે, જે રોકે છે તેને તે પોતાનો શત્રુ માને છે. ૩૯. જ્યારે પતંગિયા ભડકે બળતા અગ્નિ ઉપર

વેગથી ઉમંગભર્યા આવે છે, ત્યારે તે સહેજે જ બળી મરે છે. ૪૦. તે રીતે જ પૌંડ્રક વેગથી દોડીને શ્રીકૃષ્ણ તરફ ધસી આવ્યો. પણ શ્રીકૃષ્ણનાં સુદર્શન ચક્રે તેનો શિરચ્છેદ કરી દીધો. ૪૧. પૌંડ્રક કાશીરાજનો અત્યંત મિત્ર હતો, તેણે પોતાના મિત્રને મરેલો જોયો એટલે તરત જ દોડીને પાછળ આવ્યો. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોદશ પૂરમાં 'સદ્‌ગુરુની દેશી કરનારાને પૌંડ્રકના જેવા કહ્યા' એ નામે અઠ્ઠાવનમો તરંગ સમાપ્ત ॥૫૮॥



પૂર તેરમું : તરંગ - ૫૯

દુનિયામાં મિથ્યા ભગવાન દુઃખી થાય છે. જેમ કે - પૌંડ્રક

સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામીએ સભામાં કહ્યું, શ્રીહરિએ કાશીના રાજાની જે વાત કહી હતી તે હું કહું છું, તમે તે વાતને સાક્ષાત્ સાંભળો. ૧. કાશીના રાજાને શ્રીકૃષ્ણે ઘણું સમજાવીને કહ્યું, જે પાપી હતો, તે તો મરાયો, હવે તમે શા માટે મરો છો ? ૨. ત્યારે તે કાશી નરેશે રોષ ભર્યે અવાજે કહ્યું, હું મરવાના વિચારથી જ આવ્યો છું. મારો મિત્ર તો મરાઈ ગયો, હવે મારું શું રહ્યું ? ૩. ત્યારે શ્રીકૃષ્ણે તેને સમજાવ્યો. પણ તે કોઈ રીતે સમજ્યો નહિ. અને દોડીને યુદ્ધ કરવા સામે આવ્યો. ત્યારે ચક્રથી તેનો શિરચ્છેદ કર્યો. ૪. તેનું માથું કુંડળ સાથે આકાશમાં ઊડ્યું અને કાશીમાં જઈને પડ્યું. તેને દેખીને નગરજનો દુઃખી થઈ ગયા. અને તેનો પુત્ર પણ ઘણો દુઃખી થઈ ગયો. ૫.

કાશી નરેશના પુત્રનું નામ સુદક્ષિણ હતું. તે સ્થળે તે રડવા લાગ્યો. તે વખતે તેણે પોતાના પિતા એવા તે રાજાનો વિધિ પ્રમાણે અગ્નિ સંસ્કાર કર્યો. ૬. આ બાજુ શ્રીકૃષ્ણ ભગવાન દ્વારકા આવ્યા. બધા લોકો 'જય જય દેવ' 'જય જય દેવ' એમ જયઘોષ કરવા લાગ્યા. અનેક પ્રકારના દુંદુભિ આદિ વાજિંત્રો વાગવાં લાગ્યાં. ૭. પૌંડ્રક વિજયની વાત સાંભળીને લોકો પ્રસન્ન થયા. ઘેર ઘેર મંગળ ગીતો ગવાયા. પછી કાશી નરેશનો પુત્ર સુદક્ષિણ પિતાની ઉત્તરક્રિયા કરીને શિવની પાસે હરખભર્યો આવ્યો. ૮. અવિમુક્ત નામના શિવની સ્તુતિ

તેણે બહુ જ કરી. ત્યારે તત્કાળ જ શિવજી પ્રસન્ન થયા. પછી તે દયાળુએ પૂછ્યું, ૯. 'તારી જે ઈચ્છા હોય તે અત્યારે જ માગ, તેમાં વિલંબ બિલકુલ કરીશ નહિ.' ત્યારે સુદક્ષિણે કહ્યું, 'મારા પિતાને જે મારનાર છે, તેને હું જઈને મારું, આવો મારો સંકલ્પ છે. ૧૦. તો તેનો ઉપાય આપ બતાવો.

ત્યારે શિવજી બોલ્યા, 'ઋત્વિક વિપ્રની પાસે ઉત્સાહથી હોમ માટેનો કુંડ કરાવ. ૧૧. દક્ષિણાનલ નામે જે અગ્નિ છે તે તારા સંકલ્પને સિદ્ધ કરશે.' જે રીતે શિવજીએ વાત કહી તે પ્રમાણે સુદક્ષિણે સાક્ષાત્ કર્યું. ૧૨. હોમના મંત્રોથી દક્ષિણાનલ મૂર્તિમાન તરત જ પ્રકટ થયો. તેનું સ્વરૂપ અત્યંત ભયાનક હતું. ૧૩. તેના પગ તો તાડના જેવા ઊંચા-લાંબા હતા. મુખ ઘણું ભયંકર હતું. તેનાં રૂંવાડાં બધાં તાંબાના જેવા લાલ હતાં. આંખો અંગારા જેવી લાલ હતી. ૧૪. દાવાનળના જેવું ભયાનક રૂપ તેણે ધાર્યું હતું. આખી ધરણીને પગથી 'ધમ ધમ' કરીને કંપાવી રહ્યો હતો. ૧૫.

વન, વૃક્ષો અને માનવ આદિ જીવસૃષ્ટિને બાળી મૂક્તો તે દક્ષિણાનલ ચાલ્યો. ભૂત અને પ્રેત આદિ સાથે હતા. તે દ્વારકા આવી પહોંચ્યો. ૧૬. દ્વારકાવાસી બધા લોકો દક્ષિણાનલને જોતાની સાથે જ અત્યંત ડરી ગયા. જ્યાં સભામાં શ્રીકૃષ્ણ બેઠા હતા ત્યાં બધા ભયભીત લોકો આવ્યા. ૧૭. સહુએ આવીને ભયનું કારણ કહ્યું. શ્રીકૃષ્ણે તેમને ધીરજ આપી. ભક્તોના નિવાસરૂપ શ્રીકૃષ્ણે પોતાની પાસે રહેલું જે સુદર્શન ચક્ર હતું તેને આજ્ઞા કરી. ૧૮. જુઓ અત્યારે આ કૃત્યાનલ આગના રૂપમાં દેખાઈ રહ્યો છે. તમે જઈને તેનો નાશ કરો. તમારા સિવાય તેનો પરાભવ નહિ થાય. ૧૯. તે સમયે કરોડો સૂર્યના સમાન પ્રકાશવાળું સુદર્શન ચક્ર દક્ષિણાનલ તરફ ગયું. તેને દેખીને જ દક્ષિણાનલ ડરી ગયો. પ્રાણ લઈને કાશી તરફ દોડ્યો. ભૂત-પ્રેતોનું કાંઈ ઠેકાણું રહ્યું નહિ. ૨૦.

દક્ષિણાનલ સુદક્ષિણની પાસે આવ્યો. પ્રથમ તેને બાળી મૂક્યો. જે ઋત્વિજ વિપ્રો હતા, તે બધાને પણ બાળીને ભસ્મ કરી દીધા. ૨૧. સંપૂર્ણ વારાણસીનગરીને પણ તેના નિવાસીઓની સાથે તે વખતે બાળી દીધી અને સુદર્શન ચક્રે છેવટે દક્ષિણાનલને પણ બાળી દીધો. ૨૨. સુદર્શન પાછું દ્વારકા

આવ્યું. શ્રીકૃષ્ણ ભગવાન અપાર પ્રસન્ન થયા. આ દુનિયામાં ભગવાન સિવાયના બીજા જેટલા લોકો ભગવાન થઈને પૂજાય છે. ૨૩. જેમ પૌંડ્રક બેહાલ થઈ ગયો તેમ છેવટે તે લોકોની પણ તેવી જ સ્થિતિ થાય છે. નારકી જીવ કરતાં પણ તેની દશા અત્યંત આખી જીંદગી દુઃખભરી થાય છે. ૨૪.

⁕ કોઈ ભગવાન થતું જ નથી :

અક્ષર પર્યંતના બધા કઠિનમાં પણ કઠિન સાધન કરી કરીને મરી જાય. છતાં કોઈ ભગવાન થઈ શકતું નથી. ૨૫. જેને ભગવાન કહેવાય છે, જે સદા ભૂમિ ઉપર રહે છે, તે અખંડ અને અવિનાશી જેનું નામ છે, તે ભગવાનનો ક્યારેય નાશ થતો નથી. ૨૬. જીવનો નાશ થાતો નથી તેમ જ બ્રહ્માંડનો નાશ પણ ક્યારેય થાતો નથી. (માત્ર લય થાય છે.) તે કાયમ રહે છે. આ રીતે દેખાય છે અને નથી પણ દેખાતું. ૨૭. કોઈ જાદુગર-બાજીગર ઘણો તુચ્છ હોય છે અને તેનો જાદુ પણ અત્યંત તુચ્છ હોય છે, છતાં તેની વિદ્યા કોઈના તર્કમાં કળ્યામાં આવતી નથી. તો પછી ભગવાન કોઈના કળ્યામાં ક્યાંથી આવે ? ૨૮. જે સૂર્ય છે તે રોજ દેખાય છે, સંભવ છે ક્યારેક ન પણ દેખાય. દિવસે દેખાય અને રાતે ન દેખાય, એવી તેમાં કળા રહી છે. ૨૯. તે સૂર્ય દેખાય કે ન દેખાય, છતાં તે અખંડ સદાય રહ્યો છે. તે અકળ-અજ્ઞેય વાતને તે અકળ-યથાવત્ અજ્ઞેય એક પરમેશ્વર જ જાણે છે તે સિવાય ભવ અને બ્રહ્મા પણ તેને જાણી શકતા નથી. ૩૦. જે કોઈપણ વાત, નાની હોય કે મોટી, જ્યાં સુધી તે અકળ રહે છે ત્યાં સુધી તે અજોડ કહેવાય છે અને જો તે વાતનો મર્મ કળી જવાય તો તેની તુલના જરૂર થઈ શકે છે. ૩૧.

⁕ ભવગદ્‌મહિમા :

चोपाई :

तिलभर पीछे ताके तेहू, महदता कछु न रहत एहू;
भगवान के एक रोम हि जाके, अक्षर में प्रताप हे ताके...३२

એક તલભાર પણ જેનાથી જે ઓછું હોય તેની આગળ તેની મહત્તા રહેતી નથી. જેમ કે - ભગવાનનાં એક રોમ જેટલો પ્રતાપ અક્ષરમાં છે. ૩૨. **અક્ષરના એક રોમ જેટલો પ્રતાપ મૂળપુરુષમાં છે અને મૂળપુરુષના**

એક રોમ જેટલો પ્રતાપ પ્રધાનમાં છે. ૩૩. પ્રધાનના એક રોમ જેટલો પ્રતાપ અહંકારમાં છે અને અહંકારના એક રોમ જેટલો પ્રતાપ મહત્તત્ત્વમાં છે. (પ્રાયઃ પ્રકૃતિ, મહત્તત્ત્વ અને ત્રિવિધ અહંકાર, આવો ક્રમ હોય છે) ૩૪. મહત્તત્ત્વનાં એક રોમ જેટલો પ્રતાપ બ્રહ્માંડમાં છે અને બ્રહ્માંડના એક રોમ જેટલો પ્રતાપ બ્રહ્મા આદિકમાં છે. ૩૫.

બ્રહ્માદિકનાં એક રોમ જેટલો પ્રતાપ મરીચ્યાદિ પ્રજાપતિઓમાં છે અને મરીચિઆદિનાં રોમ જેટલો પ્રતાપ કશ્યપ આદિમાં છે. ૩૬. અને કશ્યપ આદિનાં રોમ જેટલો પ્રતાપ દેવો અને દૈત્યોમાં આવ્યો છે. અને તે પ્રતાપ તેજોમય રહ્યો છે. ૩૭. દેવ અને દૈત્યોના એક રોમ જેટલો પ્રતાપ સહુથી મોટા રાજામાં આવ્યો દેખાય છે. ૩૮. **ઉપર જે કહેવાયું તે રીતે એક એકથી ન્યૂન-અધિક ભાવ દેખી શકાય છે. આવો પુનિત ભાવ સ્થાવર જંગમોમાં સર્વત્ર જોવા મળે છે. ૩૯. પ્રત્યેક જીવમાં જે એક જ્ઞાનમયી શક્તિ અવ્યક્ત રૂપમાં રહી છે, તેને જ કર્મફલપ્રદાત્રી કહેવાય છે. ૪૦**

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોદશ પૂરમાં 'દુનિયામાં મિથ્યા ભગવાન દુઃખી થાય છે. જેમ કે પૌંડ્રક' એ નામે ઓગણસાઠમો તરંગ સમાપ્ત ॥૫૯॥

પૂર તેરમું : તરંગ - ૬૦

મિથ્યાજ્ઞાનનું ખંડન અને બ્રહ્મભાવે પરબ્રહ્મની ઉપાસના

ભગવાન સહજાનંદસ્વામીનો અવતાર ઘણો મોટો થયો. ભૂમિ ઉપર જે અવતારો થયા તે સહુએ પોતાને માથે ગુરુ કરી રાખ્યા હતા. ૧. જે પાખંડી લોકો છે તે ખરેખર માયાના ગુલામ હોય છે, તેઓ બ્રહ્મની એક લેશ પણ રીત જાણતા નથી. એવા બ્રહ્મ ઠામોઠામ થઈ પડ્યા હોય છે. ૨.

✹ માયાના ગુલામ :

જેઓ માયાના ગુલામ છે, તેઓ પોતાને બ્રહ્મ માનીને ચાહે તેમ વર્તે છે અને શાસ્ત્રોએ કહેલા વિધિ-નિષેધને છોડી દે છે. ૩. સ્ત્રી-ધનરૂપ માયાને

મેળવવા માટે 'હું બ્રહ્મ છું, **अहं ब्रह्माऽस्मि**' એવી મુખથી વાતો કરીને આ કલિયુગમાં સ્ત્રી-પુરુષો ઘણા જ રસથી પ્રેમ કરે છે. ૪. આ કળિયુગમાં કેટલાક સ્ત્રી-પુરુષ એવા છે કે તે 'પોતે એક બ્રહ્મરૂપ થઈને બેઠા છે' વળી ભગવાનના જે અવતારો છે અને તેમનાં જે ચરિત્ર છે તેને બ્રહ્મજ્ઞાનના કુહાડાથી કાપી નાખે છે. ૫. જે લોકો પોતાને મિથ્યા બ્રહ્મ માની બેઠેલા હોય છે તેઓ એક કોડી જેટલા ધનલાભને માટે ગુરુની અને વિપ્રની હત્યા કરે છે અને તેમાં પાપ માનતા નથી. ૬. ભગવાનના અવતારની આઠ પ્રકારની મૂર્તિઓ છે તે ભગવાનનાં વચનોને આધારે સેવા કરવા યોગ્ય છે. ૭. વિષ્ણુ, ગણપતિ, મહાદેવજી, પાર્વતીજી, મહાવીર હનુમાનજી અને જે બ્રહ્માંડનું અંધારું ટાળે છે તે સદા વિરાજમાન સૂર્યનારાયણ, ૮. એ દેવોની જે સદા પૂજા કરે છે તેઓ પાપ કરતા ડરે છે. વધારેમાં વધારે પાપ તો તે છે કે, જે વેદ અને શાસ્ત્રોનું ખંડન કરે છે. ૯.

चोपाई :

मन क्रम वचन कोउ प्रकारा, प्राणि की घात न करना सारा;
प्राणी घात सम पाप न कोई, ब्रह्म से बात अधिक हे सोई...१०

મન, કર્મ અને વચનથી કોઈ પણ પ્રાણીની હિંસા ક્યારેય કરવી નહિ. પ્રાણીના ઘાતના જેવું બીજું કોઈ ઘોર પાપ નથી. આ વાત તો બ્રહ્મજ્ઞાન કરતાં પણ અધિક મહત્ત્વની છે. ૧૦. કોઈપણ જાતનાં પાપથી લેશમાત્ર પણ ડરવું નહિ, એવો કાંઈ બ્રહ્મોપદેશ નથી. ભૂમિ ઉપર ભગવાનના અવતારો અપાર થયા છે. ૧૧.

❋ અવતારો પરબ્રહ્મરૂપ છે એમ માનીને દાસના દાસ થવું :

जीय कु ब्रह्मरूप मानी, अवतार कु परब्रह्म जानी;
अवतार के दास के दासा, ताके दास रेना हुलासा...१२

જીવને બ્રહ્મરૂપ માનવો અને તે અવતારોને પરબ્રહ્મરૂપ જાણવા. અને તે અવતારોના જે દાસ રહ્યા હોય, તેના પણ દાસના દાસ ઉત્સાહથી થવું જોઈએ. ૧૨. શાસ્ત્રોમાં જે વિધિ અને નિષેધ કહ્યા હોય તેનું લેશમાત્ર પણ

ઉલ્લંઘન કરે નહિ એ જ ખરો બ્રહ્મરૂપ છે. તે વિના કપટી છે. ૧૩. જે લોકો પાપથી ડરે છે અને ભગવાનના અવતારોને પરબ્રહ્મના રૂપમાં જે માને છે, ખરેખર તે જ સાચો બ્રહ્મરૂપ થયો છે. ૧૪.

❋ સાચા બ્રહ્મરૂપ-બ્રહ્મજ્ઞાન-ગુરુવચન :

सोरठा : ब्रह्म होइके जेते, भगवान की करत सेव हि;
साचे ब्रह्म हे तेते, ता विन जो पाखंड सब...१५
असत जेति जो बात, तामें धरत न पाव कब;
साचे ब्रह्म कहात, परब्रह्म कु भज ही नित...१६

તેવા બ્રહ્મરૂપ થઈને જે ભગવાનની સેવા કરે છે, તે જ સાચા બ્રહ્મરૂપ છે. તે સિવાયના બીજા બધા તો પાખંડરૂપ છે. ૧૫. જે અસત્ય બાબત હોય તેમાં ક્યારેય પગ મૂકે નહિ અને રોજ પરબ્રહ્મનું ભજન કરે, તે જ સાચો બ્રહ્મરૂપ થયો છે. ૧૬. **પરબ્રહ્મના ઉપાસક ભગવદ્ ભક્તોને જે બ્રહ્મરૂપ માને, અને ગુરુએ કહેલા ધર્મનાં વચનોને જે માથે ચઢાવે, ક્યારેય શાસ્ત્રનાં આજ્ઞાવચનથી બહાર વર્તે નહિ, સંતો બધા સંતોની રીતમાં રહે અને ગૃહસ્થોની રીતે ગૃહસ્થો રહે, તેના મોક્ષ માર્ગમાં માયા ક્યારેય વિઘ્ન કરતી નથી. ૧૭-૧૮.**

આજ્ઞા-વચનથી જે અધિક વર્તે, તેમાં માયાનો પ્રવેશ થયો જાણવો. તેમજ આજ્ઞા-વચનથી જે ન્યૂન વર્તે, તેમાં પણ માયાએ પ્રવેશ કર્યો છે એમ સમજવું. ૧૯. માયા તો ભગવાનનાં વચનને આધીન છે માટે દીનભાવે ભગવાનનાં આજ્ઞા-વચનમાં રહેવું. તેથી તેને માયા ક્યારેય મોક્ષમાર્ગમાં વિઘ્ન કરતી નથી. તે વચન ખપ વિના મનાતા નથી. ૨૦.

मन के कहे में वरतत जेहा, दिन दिन माया गलत हि तेहा;
संत वा हरिजन जो ताको, अभाव ले वहि निश्चे वाको...२१
सत्संग में पीछे पाव न टकही, विमुख होई चोरासी भटकही;
संत अरु हरिजन नकी होई, हमारो वा संत को कोई...२२

જે મનુષ્ય મનનાં કહ્યામાં રહે છે તેને દિનપ્રતિદિન માયા વળગે છે. સંતોનો અથવા હરિભક્તોનો જે અભાવ-અવગુણ લે છે, તો નિશ્ચય તેનો

પગ સત્સંગમાં ટકશે નહિ, તે વિમુખ થઈ જાશે અને લખચોરાશીમાં ભટકતો ફરશે. જે કોઈ પાકો સંત હોય કે પાકો હરિભક્ત હોય પણ અમારો અથવા તો કોઈ સંતનો, અને કોઈ હરિભક્તોનો રતીભાર પણ અભાવ-અવગુણ લેશે તો તેનો સત્સંગ દિનપ્રતિદિન ઘટી જાશે. જેમ કોઈ ક્ષયનો રોગી ઘટી જાય છે તેમ, તે પણ ઘટી જાશે. ૨૧-૨૩. સદ્‌ગુરુ રામાનંદસ્વામી સત્સંગમાં જરૂર રહ્યા છે. તે કાંઈ ખોટું નથી. આ વાત હું ફરી ફરીને કહું છું માટે તમારે સહુએ તે બાબતને દૃઢતાથી સમજવી. ૨૪. અમે તો પરદેશી સાધુ છીએ. તીર્થ કરવા માટે આવ્યા છીએ. સદ્‌ગુરુ રામાનંદસ્વામીની વાત સાંભળીને જ સત્સંગમાં ટક્યા છીએ. ૨૫. રામાનંદસ્વામીના બધા સંતો મોટા છે. તેઓ સત્સંગ માટે જ અહીં રહ્યા છે. જો તેમને ખપ ન હોય તો તેઓ અવશ્ય ખસી જાય. ૨૬.

सोरठा : खप विन जेते संत, खप विन हरिजन जेही;
सत्संग में न रहंत, टिकवे को मुख्य खप यह...२७
बात में होवत खप, बात में खप उड जात सब;
सत्संग में हि अलप, टिक जावत खप जो रहत...२८

જેને ખપ ન હોય એવા સંતો તથા હરિભક્તો, તે આ સત્સંગમાં રહે નહિ, સત્સંગમાં ટકવાનું મુખ્ય પ્રયોજન તો ખપ જ છે. ૨૭. સત્સંગની મોક્ષકારક ખરી વાત જો સમજાય તો ખપ પેદા થાય છે. અને જો તેવી ખરી વાત ન સમજાય તો બધો જ ખપ ઊડી જાય છે. સત્સંગમાં થોડોએ જો મોક્ષનો ખપ હોય તો તે ટકી જાય છે. ૨૮. જગતમાં એવા અપાર રાજાઓ છે કે, જેમને પ્રજાની ઉપર ઘણો વધારે પ્રેમ હોય, અને તેથી જ તે પ્રજાપ્રેમી રાજાને બધો દેશ દિનપ્રતિદિન સહેજે જ વશ થઈ જાય છે. ૨૯. રાજા પ્રજાના હિતનો જેટલો ખપ રાખે છે, પ્રજા તેટલો જ તે રાજાને ચાહે છે. પરસ્પર હિતનો ખપ રહે, તે તો યોગ્ય છે પણ એક તરફથી ખપ રખાતો હોવા છતાં સામા પક્ષ તરફથી જો ખપ ન રાખે, તો તેવો ખપ માનવસમાજમાં રહ્યો હોય તેવું ક્યાંય દેખાતું નથી. ૩૦. જે કોઈપણ વસ્તુ કહેવાય છે તે બધી પ્રથમ તો ઘાટઘૂટ વગરની જ હોય છે. પછી તેમાં જેવી જરૂર જણાય તેવા ઘાટ ઘડાય છે. ૩૧.

જગતમાં વસ્તુઓ તો અપાર છે. આવશ્યકતા વિના તેમાં કાંઈ ઘાટ લગારેય બનતા નથી. રાજા અને ગુરુની રીત એવી છે કે, ખપ વિના રાજા પાસે પ્રજા રહેતી નથી અને ખપ વિના ગુરુ પાસે શિષ્ય રહેતો નથી. ૩૨. તેમાં રાજા અને ગુરુ, જો પ્રજાને અને શિષ્યને દુઃખ દે, તો પ્રજા અને શિષ્યને ખપ હોય, તોપણ તે ઉદાસ થયા વિના રહે જ નહિ. ૩૩. એટલા માટે પ્રજા અને શિષ્ય ક્યારેય ઉદાસ ન થાય, તેવી તપાસ રાજાએ અને ગુરુએ રાખવી જોઈએ. જો રાજા અને ગુરુ તે અંગે તપાસ ન રાખે તો પ્રજા અને શિષ્ય અમર્યાદ થઈને ચાલે છે. ૩૪. આજે એવો આભાસ થાય છે કે, ટોપીવાળા પ્રજાની સાર-સંભાળ ખૂબ જ રાખે છે. પ્રજાને વધારે સુખી કરવાને માટે તે લોકો અનેક ઉપાયો કરે છે. ૩૫. અમે વિચારી જોયું છે કે, પ્રજાને સુખી કરવારૂપ એક મેરુ જેવો મોટો ગુણ તેમાં છે. તે મોટા ગુણ સિવાય તેમાં તલભાર દોષ હોય તે થોડું થોડું દુઃખ દે છે. ૩૬.

❋ નમ્રતા દોષને ઢાંકે છે :

દોહા : नम्रता जामें जेति हि, बडे गुन ताकु पाय;
कीर्ति ताकि बढत हे अति, दोष जात ढंकाय...३७

કેમ જે, મોટા ગુણોને પામ્યા પછી પણ જેનામાં જેટલી નમ્રતા હોય છે તેની કીર્તિ અતિશય વધે છે અને તેના અન્ય દોષો ઢંકાઈ જાય છે. ૩૭. ભૂમિ કરતાં પાણી વધારે છે અને પાણીના કરતાંએ અગ્નિ વધારે છે. તે રીતે અધિક અધિક ગુણ સહજ રહ્યા હોય છે. ૩૮. તે સમયે ત્યાં જે સંતો અને હરિભક્તો બેઠા હતા, તે સહુએ શ્રીહરિની કહેલી વાત સાંભળી. પછી સહુએ શ્રીહરિને સદ્‌ગુરુ રામાનંદસ્વામી કરતાં હરેક બાબતમાં મહાન દેખ્યા. ૩૯. જેમાં જે પ્રતાપ હોય છે તે આપોઆપ દેખાઈ જ આવે છે. જ્યારે સ્વયં સૂર્યનો ઉદય થાય છે ત્યારે ચંદ્રમા અને તારાઓનું તેજ રહેતું નથી. અર્થાત્ ઝાંખું થઈ જાય છે. ૪૦. શ્રીહરિ જ્યારે વાત કરતા હોય ત્યારે સાંભળનારા ભક્તોની ચિત્તવૃત્તિ પોતાના દેહ અને જીવ કરતાંએ વધારે વેગથી શ્રીહરિની વાતમાં ખૂંતી જતી હતી. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોદશ પૂરમાં 'મિથ્યાજ્ઞાનનું ખંડન અને બ્રહ્મરૂપે પરબ્રહ્મની ઉપાસના' એ નામે સાઠમો તરંગ સમાપ્ત ॥૬૦॥



પૂર તેરમું : તરંગ - ૬૧

જીવા ખાચરે શ્રીહરિ અને સંતો વગેરેને જમાડ્યા અને પૂજ્યા

શ્રીહરિએ એભલ ખાચરના દરબારમાં આ ઉપર કહી તે બધી વાત કહી. જ્યારે રસોઈ તૈયાર થઈ ત્યારે ત્યાંથી ચાલતા થયા. ૧. વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગતા હતા. શ્રીહરિ હાથી ઉપર બેઠા. પછી રાજમાર્ગ ઉપર ચાલતા થયા. તે વખતની શોભા કહી શકાતી નથી. ૨. મેઘ જેમ ઝડી મચાવી દે, તેમ સહુને દર્શન દેતા શ્રીહરિ સંતો અને હરિભક્તોની સાથે સવારીમાં ચાલ્યા. જે સવારી અવર્ણનીય હતી. ૩. દરબાર જીવા ખાચરના રાજદ્વારમાં શ્રીહરિ આવ્યા. ત્યાં અનુપમ રસોઈ તૈયાર કરી હતી. શ્રીહરિ તે ઘણા જ હેતભાવથી જમ્યા. ૪. શ્રીહરિએ બધા સંતોને અને પાર્ષદોને ઘણા ભાવથી જમાડ્યા.

તે પછી દરબાર જીવા ખાચરે શ્રીહરિની પૂજા કરી. ઘણી હોંશિયારીથી કેસરચંદન લાવ્યા. ૫. સારા અમૂલ્ય વસ્ત્રો અને આભૂષણો લાવીને હરખથી શ્રીહરિને તે પહેરાવ્યા. દરબારને જેવો વિશુદ્ધ ભાવ હતો તેવી પૂજા કરીને લહાવો લીધો. ૬. દરબારનો જે બધો પરિવાર હતો તેમણે પણ શ્રીહરિની ઘણી પૂજા કરી. પ્રેમથી કપૂરની આરતી પ્રકટાવી અને ઘણા જ રસ-ભાવથી આરતી ઉતારી. ૭. બંને હાથ જોડીને સ્તુતિ પણ કરી. પછી પ્રાર્થના કરતા બોલ્યા કે, 'અમને ક્યારેય આપનો વિયોગ થાય નહિ. કાયમ ભેળા રહેતા હોઈએ, તેમાં અનેક પ્રકારનાં માયિક વ્યવહાર પ્રસંગે ક્યારેક બાળબુદ્ધિથી થોડોક અહં-મમત્વ થઈ જાય, કુસંગના જોગથી અને લોભના રોગથી ક્યારેક અમારી મતિ ફરી જાય, બ્રહ્મા, ઈંદ્ર અને અક્રૂર જેવા સમર્થ પુરુષોની મતિ ફરી ગઈ હતી, તેમ ક્યારેક જો અમારી મતિ ફરી જાય, તો તે વખતે આપ અમારા ઉપર દયા કરીને અમારી રક્ષા કરજો. ૮-૧૦.

અમે વારંવાર એ એક જ વર માગીએ છીએ. તો આપ પ્રસન્ન થઈને તે વર આપો. દરબાર જીવા ખાચરે જ્યારે આવાં વરદાન માગ્યાં હતાં. ત્યારે શ્યામસુજાણ શ્રીહરિએ તેમને તે વરદાન આપ્યાં હતાં. ૧૧. **શરણાગત પ્રતિપાલક અને ભક્તવત્સલ શ્રીહરિ મહાસાગરના જેવા છે. ચાહે તેવો કોઈ મલિન મનુષ્ય શરણે આવીને પ્રાર્થના કરે, તો તરત જ તેને નિર્મળ કરી દેતા હતા. ૧૨.** દરબારે આવી પ્રાર્થના કરી. તે પછી કેસરી ચંદન શ્રીહરિનાં ચરણોમાં લગાવીને તેને પોતાને મસ્તકે મૂક્યા, તેમજ છાતીએ ચાંપ્યા. ૧૩. દરબાર જીવા ખાચરના પરિવારના જે હતા તે સહુએ પણ તે રીતે જ પૂજા કરી. સહુને આનંદ ઉત્સવ થયો જે કહી શકાતો નથી. ૧૪. જ્યારે પૂજા કરી તે સમયે વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગતાં હતાં. જે સંતો હતા, તેમની પણ પૂજા સહુએ કરી. ૧૫. બધા વર્ણી અને પાર્ષદોની પણ પૂજા કરી. સહુને એક એક વસ્ત્ર આપ્યું. જે સંત બીમાર હતા, તેમની પૂજા તેમને ઉતારે પહોંચતી કરી. ૧૬.

વસ્ત્રોની ગાંસડીઓ હતી તે બધી શ્રીહરિની પાસે મુકાવી. દરબારે હાથ જોડીને શ્રીહરિને કહ્યું, આપને હાથે આ વસ્ત્ર સહુને આપો. ૧૭. સંતો, વર્ણી અને પાર્ષદોને એક એક વસ્ત્ર આપો. પછી શ્રીહરિએ પોતાના દુપટ્ટાને જનોઈની જેમ ખભેથી કમરે કસીને બાંધ્યો. ૧૮. શ્રીહરિ સુંદર નટવર છેલ છબિલા બન્યા. એકેક વસ્ત્ર પોતાના હાથમાં લીધું અને એકેક સંતની સામે જોઈને પ્રસન્ન મનથી તેમના તરફ ફેંકવા લાગ્યા. ૧૯. સંતોને કહ્યું સહુએ વસ્ત્ર ખભા ઉપર રાખવું, કોઈએ એક વસ્ત્રથી વધારે રાખવું નહિ. વર્ણી અને પાર્ષદ જેટલા હતા, તેમને પણ તેટલાં વસ્ત્ર આપ્યાં. ૨૦. આ પ્રમાણે દરબારે સહુને વસ્ત્ર ઓઢાડ્યાં. આટલી વાત કહ્યા વિનાની છૂટી જાતી હતી. કહેલી વાત જો ગ્રંથમાં લખાઈ જાય તો તે કાયમ પ્રકટ અને સ્થાયી રહે. ૨૧.

✵ વાતોનું માહાત્મ્ય :

चोपाई :

हरि हरिजन की जेति जो बाता, महात्म सहित हि सुनत रहाता;
महात्म सहित यह कहत जेहा, भव भटकन न आवहि तेहा...२२

हरि हरिजन की बात जो तामें, सर्वोपरि महात्म हे यामें;
यामें रंच नहि कुर लगारा, इन करी अनेक भये भव पारा...२३

શ્રીહરિ અને હરિભક્તોની વાતોને માહાત્મ્યે સહિત સાંભળવી જોઈએ અને જે માહાત્મ્યે સહિત તે વાતોને કહે છે, તો તે સંસારના ભટકણથી છૂટી જાય છે. ૨૨. ભગવાન અને ભગવાનના ભક્તોની વાતમાં સર્વોપરી માહાત્મ્ય રહ્યું છે, એમાં રંચમાત્ર પણ ખોટું નથી. તેનાથી તો અનેક જીવો સંસારને પાર કરી ગયા છે. ૨૩. જેટલા સંસાર સાગરના પારને પામી ગયા છે તે મુખથી કહ્યા તેવા બધા હરિભક્તો દિવાળીનો દિવસ હતો, અને આ સર્વોપરી ઉત્સવ હતો, તે જાણીને દેશદેશના હરિભક્તો આવ્યા હતા. તે બધા વિવિધ પ્રકારની પૂજા-સામગ્રી લઈને ત્યાં આવ્યા અને ઊભા રહ્યા. ૨૪-૨૫. સોનેરી વસ્ત્ર, સોનાનાં ઘરેણાં અને બધા મેવાઓ, મીઠાઈઓ વગેરેના થાળ ભરીને સહુ લાવ્યા હતા. તેની શોભા વર્ણવી શકાતી નથી. ૨૬.

વિવિધ પ્રકારનાં બધાં તેજાનાં લાવ્યાં હતાં. ઉત્તમોત્તમ ફળોને પણ અપાર લાવ્યાં હતાં. ૨૭. શ્રીહરિએ કહ્યું, એક એક જણ આવીને એમ બધા અમારી પૂજા કરો. એક જણ પૂજા કરીને ખસે ત્યારે બીજાએ અને તે પછી ત્રીજાએ એમ સહુએ આવવું. ૨૮. શ્રીહરિ જેમ વચન કહે, તેમ હરિભક્તો પૂજા કરતા હતા. તેઓ સંભારીને વર્ણી, સંતો અને પાર્ષદોની પૂજા પણ કરતા હતા. ૨૯. જ્યારે સંધ્યા સમય થયો ત્યારે દીપમાલાઓ પ્રકટાવી. વિવિધ પ્રકારનાં બિલોરી ઝાડ પણ પ્રકટાવ્યા, તેની શોભા કહી શકાતી નથી. ૩૦.

સુશોભિત બિલોરી હાંડીઓ મંડપમાં અપાર પ્રકટાવી દીધી. દરબારના જેટલા ભવન હતા, તે બધામાં દીપમાલાઓ કરી દીધી. ૩૧. જે વૈકુંઠપુરી કહેવાય છે તે અહીં મૂર્તિમાન પ્રકટ થઈ હતી. અહીંની શોભા તો વૈકુંઠપુરી કરતાં વધારે હતી, પણ તેને કહેતા કવિને સંકોચ થાય છે. ૩૨. જે સાધારણ માયિક મનુષ્ય હતા તેની બુદ્ધિમાં તો તે સમાય એમ ન હતું. અને તેવા લોકોની માયિક બુદ્ધિમાં સમાય તેટલું જ શ્રીહરિ, હરિભક્તો, સંતો, વર્ણી, પાર્ષદોનું માહાત્મ્ય અને શોભા હું લખું છું.

❋ ભગવાનના સંબંધે વસ્તુને અમાયિક માનવી :

પ્રગટ શ્રીહરિને જે બાઈ-ભાઈ મળ્યા હોય તે સર્વે, ૩૩-૩૪. અને **ભૂમિ ઉપરની બધી જ વસ્તુઓ, જેને પ્રકટ શ્રીહરિનો સંબંધ થયો હોય, તે બધી વસ્તુ અમાયિક કહેવાય. તેને ક્યારેય માયિક કહેવાય નહિ. ૩૫.** આવી સમજણ થયા વિના શ્રીહરિની વાતો માયિક મનુષ્યને મનાય નહિ. માયિક મનુષ્યને અમાયિક વાતો તો ભયંકર ઝેર જેવી લાગે છે. ૩૬. પ્રજાપતિના જે પશુ હોય છે(કુંભારના ગધેડા), તે કૂચો ખાઈને પેટ ભરે છે. પણ તે જો સાકર ખાય તો મરી જાય છે. ૩૭. મનુષ્યને માટે ઘીનો ખોરાક અમૃતના સમાન છે, પણ તે જ ઘી કીડાની જાતિને માટે તો ઝેર ગણાય છે. ૩૮. તેમ જેટલી વાત અમાયિક હોય છે તે તેને યોગ્ય પાત્ર વિના ક્યાંય માતી-સમાતી નથી. તે બાબતે બધું સ્પષ્ટ દેખાય છે. એટલા માટે માપ દેખીને - પાત્રને જોઈ વિચારીને વાત કહું છું. ૩૯. રાજાના રાજમહેલ પાસે મોટા મોટા હાથી ઝૂલતા હોય છે. પણ તેને ક્યારેય કુંભારના આંગણામાં ઝૂલતા દેખ્યા નથી. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોદશ પૂરમાં 'દરબાર જીવા ખાચરે શ્રીહરિ અને સંતો વગેરેને જમાડ્યા અને પૂજ્યા' એ નામે એકસઠમો તરંગ સમાપ્ત ॥૬૧॥



પૂર તેરમું : તરંગ - ૬૨

વાતમાં બધું રહ્યું છે તથા વાત ચિંતામણિ છે, એમ શ્રીહરિએ કહ્યું

દરબાર એભલ ખાચરના રાજદરબારમાં પણ ઘણી દીપમાળાઓ કરી હતી. તેથી શ્રીહરિવર અને સહુ સંતોને ત્યાં બોલાવી લીધા. ૧. તેમના દરબારમાં સભા કરી. તેમાં ઊંચે સિંહાસને શ્રીહરિ બેઠા. પછી સંતો દિવાળીના સુંદર પદ બોલ્યા. ૨. સંતો ચાર પદ બોલ્યા, ત્યાં સુધી તો શ્રીહરિ ત્યાં બેસી રહ્યા. તે સમયે દરબાર એભલ ખાચરે વિવિધ પ્રકારનાં ફૂલહાર શ્રીહરિને પહેરાવ્યા. ૩. બીજા પણ જે હાર હતા તે સંભારીને બધા સંતોને, વર્ણી અને પાર્ષદોને પણ પહેરાવ્યા. ૪. માનો, કોઈ સુંદર ખીલેલો ફૂલબાગ હોય તેવી

બધી સભા શોભતી હતી. અને માનસરોવરમાં હંસ શોભે, તેમ આ સંતોની સભા શોભતી હતી. ૫.

સભામાં બધા હરિભક્તો માનસરોવર સમાન હતા. ધર્મભક્તિ આદિ ગુણ તેમાં ભરેલું જળ હતું, દરબારગઢ હિમાલય જેવો હતો, માનસરોવરના મોતી તો ધર્મકુમાર શ્રીહરિ વિરાજતા હતા. ૬. દરબાર એભલ ખાચરનો બધો જ પરિવાર, તેમના પુત્ર અને પુત્રીઓ બધા બાલકુંવારા હતા. તે સહુના દિલમાં જેવો ભાવ હતો તે પ્રમાણે તે સહુએ શ્રીહરિની પૂજા કરી. ૭. જ્યારે પૂજા સમાપ્ત થઈ ત્યારે અવિનાશી શ્રીહરિ ત્યાંથી ઊઠ્યા. અને રાજમાર્ગ ઉપર ચાલતા થયા. આગળનાં ભાગમાં અત્યંત ઉત્સાહવર્ધક વાજિંત્રો વાગતાં હતાં. ૮. હાથમાં સોનાની છડી લઈને ચોપદાર આગળના ભાગમાં 'જય જય' 'જય જય' એમ ઊંચેથી જયઘોષ કરતો હતો. બધા જ રાજમાર્ગ ઉપર દીપમાળાઓ પ્રકટાવી હતી. ૯. દરબાર જીવા ખાચર અત્યંત ઉમંગથી શ્રીહરિની સાથે હતા. અને દરબાર એભલ ખાચર પણ શ્રીહરિની સાથે સોહામણા લાગતા હતા. બંને બાજુએ તે બંને દરબારો ચાલતા હતા. ૧૦.

બજારમાં જે લોકો ઊભા હતાં તેઓ બધાં ભાવથી શ્રીહરિનાં દર્શન કરતાં હતાં. દર્શન દેતાં શ્રીહરિ જીવા ખાચરના દરબારગઢમાં આવ્યા. ૧૧. તેમના ઊંચી ઊભણીવાળા ભવનની ઓસરીમાં એક સુંદર પલંગ બિછાવી રાખ્યો હતો. શ્રીહરિ આવીને તે પલંગ ઉપર બેઠા. અત્યંત શોભામય મૂર્તિ સહુનાં દિલમાં છવાઈ - ગમી ગઈ હતી. ૧૨. પછી શ્રીહરિએ કહ્યું, સંતો અને હરિભક્તો, સહુ સાંભળો. વાતોમાં જ આપણો બધો સત્સંગ સ્પષ્ટ દેખાઈ આવે છે. ૧૩. **કીર્તન, કથા, નિયમો, ધ્યાન અને સ્મરણ વગેરે જેટલું છે એટલું વારંવાર વાત કરીએ તેમાં ભેળું રહ્યું છે. કેમ જે, એ સર્વે વાતમાં રહ્યું છે. ૧૪.**

सोरठा : मन में धारत जेतो, तरत होत हे तब तेहि;
बात हे कारन तेतो, बात करन जो बने तब...१५
बात में हे अमृत, विष रहे अति बात महिं;
बहु विध जन जो मरत, बहु विध मरत उगारी लेत...१६

જો વાત કરતા આવડે તો વાત જ બધાનું કારણ છે. વાત કરતા આવડે તો મનમાં જે ધારીએ, તે તરત જ થાય છે. ૧૫. વાતમાં અમૃત ભર્યું હોય છે અને હળાહળ ઝેર પણ વાતમાં જ રહ્યું હોય છે. વાતથી ઘણા પ્રકારે માણસો મરી જાય છે અને વાત જ મરવા તૈયાર થયેલા લોકોને ઉગારી લે છે. ૧૬. લોકોને જે જે વાત કહેવી હોય તેના ઉપર પૂરો ખ્યાલ રાખવો જોઈએ. જ્યારે નટ ખેલ કરવા દોર ઉપર ચઢે છે ત્યારે તે દોર ઉપર પૂરું ધ્યાન રાખે છે. ૧૭. ખેલ કરનારા નટને તત્પરતા, કલાની સ્મૃતિ, શરીર અને દોર, એ ચારેનું એક જ ક્રિયામાં સંકલન હોય, તો તે મનમાં ધારે તેવો ખેલ કરીને સફળ ખેલાડીના રૂપમાં નીચે ઊતરે છે. ૧૮. જમીન ઉપર બેસીને જે ખેલ જોનારા રાજા, પ્રજા તે બધાં નટનાં ઉપર રીઝે છે અને તેનાં વખાણ કરે છે, અને જો દોર ઉપરથી તે નીચો પડે તો જોનારા લોકો તેનું અપમાન કરે છે. ૧૯. જેવી સાવધાનીથી નટ ખેલ કરે છે તેવી સાવધાનીથી દરેકે બોલવું જોઈએ. વિવાહમાં, ભાંડ-ભવાઈમાં અને હોળીમાં કોઈ ગાળ બોલે તો તે ડાઘ કોઈને પડતો નથી. ૨૦.

આવી તો અનેક પ્રકારની વાતો છે તેનો કહ્યે પાર આવતો નથી. જેમાં જેવી બુદ્ધિ હોય તે પ્રમાણે વાત જ તેને વાત કે કુવાત શીખવાડે છે. ૨૧. જે વ્યવહાર જેવો હોય, તેને શીખવનારા ગુરુ પણ ભિન્ન ભિન્ન પ્રકારના તેવા હોય છે. જેવો વ્યવહાર, તેવા ગુરુ જોઈએ. તેવા ગુરુ સિવાય તે કામ બીજાથી લેશમાત્ર પણ થાય નહિ. ૨૨. જેવા ગુરુ હોય, તેવું તેનું કદ-વ્યક્તિત્વ હોય છે કે, જેને મોટા રાજા જેવા પણ ઉલ્લંઘે નહિ. વ્યાવહારિક જગતમાં માણસને જેવો ખપ હોય છે તેવો ખપ મોક્ષમાર્ગમાં હોતો નથી. ૨૩. અગમ્ય-અપ્રાપ્ય એવા પરમેશ્વરની બાબતનો જેને ખપ હોય તે તેવા ગુરુને ખોળીને તેને શરણે જાય છે, તે ગુરુને ખોળવામાં જેને જેવો વિવેક હોય, તે તેવા ગુરુ કરે છે. ૨૪. વિવેક વિવેકમાં બહુ ફરક રહે છે. એટલે જે ગુરુ પાસેથી જે ગુણ શીખવો હોય તેમાં વિચાર રાખવો. ૨૫. અનેક વાતની આ એક વાત મેં કહી દીધી છે. આ એક વાતમાં અનેક વાતો રહી છે. તેથી આ વાતરૂપી મેં તમને ચિંતામણિ આપ્યો છે. ૨૬.

सोरठा : भाग्य उदे होय जेह, सो रख ही बात सब यह;
चलत कहे त्युं तेह, लोक परलोक सुखि होत...२७
अति समर्थ भगवान, जाको कर्यो होत सब;
तोहु सहत अपमान, सहन बढात मोटप अति...२८

જેનાં ભાગ્ય ઉદય થયા હોય તે કહેલી બધી વાતને યાદ રાખે છે. અને કહ્યું હોય તેમ જો કરે છે - ચાલે છે તો લોકમાં અને પરલોકમાં તે સુખી થાય છે. ૨૭. ભગવાન તો અત્યંત સમર્થ છે. જેનું કર્યું બધું થાય છે. છતાં તેઓ અપમાનને સહન કરે છે. કારણ કે, સહનશીલતા અતિ મોટપને વધારે છે. ૨૮.

चोपाई :

जितनो जेहि करत अपमाना, ताको तितनो घटत हे माना;
तरत बात सो देखे में न आवे, अंते घटे विन यह न रहावे...२९

કોઈ માણસ કોઈનું જેટલું અપમાન કરે છે તે અપમાન કરનારાનું તેટલું માન ઘટે છે. તે વાતની તરત ખબર પડતી નથી, પણ છેવટે અપમાન કરનારાનું માન ઘટ્યા વિના રહેતું નથી. ૨૯. ભાદરવા મહિનાનો ભીંડો વડના અંકુરને દબાવી દે છે. પરંતુ આસો માસ આવતા તો તે ભીંડો સહેજે જ ઊડી-સૂકાઈને ઊખડી જાય છે. ૩૦.

કેટલાક ઝીણાં બીજમાં પણ મહત્તા ઘણી રહી હોય છે. તેની મોટપ તરત કાંઈ દેખાતી નથી. પણ તે મોટપ દિવસે દિવસે વધતી જાય છે. ૩૧. કેટલાક વડ તો એટલાં બધાં વધ્યાં હોય છે કે તેનો ઘેરાવો દસ વીઘા જમીનમાં પણ સમાતો ન હોય. જે સત્ય વાત કહેવાતી હોય છે, તેને વડનાં અંકુર જેવી જાણવી. ૩૨. અને જે અસત્ય-ખોટી વાત કહેવાતી હોય છે તેને ભીંડાના છોડ જેવી સમજવી. અને જે સત્ય વાત કહેવાય છે તે બધી પરમેશ્વરને આધીન હોય છે. અને જે વાત અસત્ય-ખોટી કહેવાય છે તે બધી કાળને આધીન રહે છે. સત્ય વાતનાં મૂળ સાચાં છે, દૃઢ છે અને અસત્ય-ખોટી વાતનાં મૂળ કાચાં છે. ૩૩-૩૪.

धीरज में रहे सुख अपारा, धीरज विन दुःख को वार न पारा;
धीरजता रखि धारत जेसो, काम सिद्ध होवत हे तेसो...३५

ધીરજમાં અપાર સુખ રહ્યું છે. ધીરજ વગરનાને દુઃખનો કોઈ પાર નથી. ધીરજ રાખીને જે કામ કરવા ધાર્યું હોય તે કામ ચોક્કસ સફળ થાય છે. ૩૫. આલોકની જેવી વાત છે તેવી જ પરલોકની વાત છે. જે કાંઈ ઉદ્યમ દ્વારા થતી કાર્યસિદ્ધિ કરવામાં આવે છે, પહેલા તેમાં ઘણો જ શ્રમ કરવો પડે છે. ૩૬. તીર્થયાત્રા અને વ્રત કરે, તો તેમાં અપાર કષ્ટ પડતું દેખાય છે. તે રીતે જ યજ્ઞ કરે, તેમાં પણ ઘણું જ કષ્ટ થાતું હોય છે. ૩૭.

શરીરથી જ્યારે મહેનત કરીને કષ્ટ સહન કરે છે, ત્યારે જ ધન ભેળું થાય છે. કમાયેલું ધન જો વિપ્રોને જમાડવામાં ખર્ચી નાખે, તો તેનું ફળ તરત દેખાતું નથી. ૩૮. પણ તેનું ફળ તો મળે જ છે. અને તે મળે છે તેથી જ લોકો ધનનો ખર્ચ કરે છે. તે ક્યારેય ભૂમિમાં વાવેલા અનાજની જેમ નિષ્ફળ જાતું નથી. ૩૯. જે કોઈપણ બાબત હોય, શરૂઆતમાં તેમાં કષ્ટ રહે છે, પણ તેનું ફળ પછીથી મળે છે. તે રીતે જ મોક્ષરૂપ ફળ પણ પછીથી મળે જ છે. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોદશ પૂરમાં 'વાતમાં બધું રહ્યું છે તથા વાત ચિંતામણિ છે, એમ શ્રીહરિએ કહ્યું' એ નામે બાસઠમો તરંગ સમાપ્ત ॥૬૨॥

પૂર તેરમું : તરંગ - ૬૩

કામાદિ દોષો અજેય છે પણ સત્સંગના દૃઢ આશ્રિતને માટે અજેય નથી

અન્નકોટનો દિવસ હતો. શ્રીહરિએ સંતોને અને હરિભક્તોને સાથે લીધા. ઉમંગથી ઉન્મત્તગંગાએ સ્નાન કરવા ચાલ્યા. ૧. આગળ વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગતાં હતાં. ગંગામાં નાહવા ઊતર્યા. સંતો બધા ચારેબાજુ રહ્યા. શ્રીહરિ સહુની વચ્ચે જળમાં રહ્યા. ૨. સંતોની ચોતરફ બધા હરિભક્તો નાહવા લાગ્યા. જયજયનો શોરબકોર થાતો હતો અને

બધે આનંદ છવાઈ ગયો હતો. ૩. શ્રીહરિ નાહીને જળથી બહાર નીકળ્યા. રૂમાલથી અંગ કોરું કર્યું. પછી જરીમય બુટ્ટાદાર સુરવાળ અને ડગલી પહેર્યાં. ૪. ધર્મકુમાર શ્રીહરિએ દેદીપ્યમાન અને જરિયાની રેંટો મસ્તક ઉપર બાંધ્યો. પાઘમાં છોગું કોઈ ભાતનું સુંદર લાગતું હતું. જેનાં દર્શન કરવાથી હૃદયમાં શાંતિ થાતી હતી. ૫.

એક રેંટો કમર ઉપર બાંધ્યો હતો અને તેવો બીજો રેંટો ખભા ઉપર રાખ્યો હતો. પછી સોનાના વિવિધ સાજથી શણગારેલો અશ્વ શ્રીહરિને બેસવા માટે લાવ્યા. ૬. જ્યારે બધા હરિભક્તો નાહીને બહાર નીકળ્યા ત્યારે શ્રીહરિ ઘોડેસવાર થયા. શ્રીહરિએ પોતાના અંગ ઉપર વિવિધ પ્રકારનાં અપાર સોનાનાં આભૂષણ ધાર્યાં હતાં. ૭. હરિભક્તો વિવિધ પ્રકારનાં ફૂલહાર લાવ્યાં હતાં, તે શ્રીહરિને પહેરાવ્યા. અજબ મરોડદાર પાઘમાં છોગા, કલગી અને તોરા પણ ફૂલના ધરાવ્યા. ૮. કેટલાક ફૂલહાર પાઘમાં લટકતા મૂક્યા. કાન ઉપર ફૂલના ગુચ્છ ધરાવ્યા. લલાટમાં કુંકુમનો ચાંદલો કર્યો. ૯. ફૂલના બાજુ ભુજાઓ ઉપર બાંધ્યા. સુશોભિત ગજરા ધરાવ્યા. હાથમાં ફૂલની છડી લીધી. અને મસ્તક ઉપર છત્ર ધારણ કર્યું. ૧૦. બંને બાજુ બે ચામર ઢળતા હતા. આવી શોભાથી ભક્તોનું ચિત્ત ચોરતા શ્રીહરિ રાજમાર્ગ ઉપર ચાલ્યા, ત્યારે ત્યાં ઊભા રહેલા હજારો લોકોએ શ્રીહરિનાં દર્શન કર્યાં. ૧૧.

બહુ પ્રકારનાં વાજિંત્રો વાગતાં હતાં, તેનાથી આકાશમંડળ ગાજી રહ્યું હતું. જરિયાની નિશાન અને નેજા ફરકતાં હતાં. આગળના ભાગમાં ડંકા વાગતા હતા. ૧૨. સંતો અને હરિભક્તો કીર્તન ગાતા હતા. ત્યારે જીવા ખાચર ગુલાલ લઈ આવ્યા. તેને ઊભી બજારે ખૂબ ઉડાડવા લાગ્યા. ૧૩. બીજા ફૂલહાર પણ ઘણા લાવ્યા. તે સંતોને પહેરાવી દીધા. વર્ણીઓ તથા પાર્ષદોને પણ ફૂલહાર નિપુણતાથી પહેરાવ્યા. ૧૪. જેટલી હરિભક્ત બાઈઓ હતી તેઓ પણ આવો અલૌકિક અવસર જોઈને મોતીના થાળ ભરી લાવી અને શ્રીહરિને તેનાથી વધાવવા લાગી. ૧૫.

સત્સંગી સ્ત્રીઓ ભેળી જ બધી સ્ત્રીઓ રહેતી. કોઈ પુરુષ તેમને નજીક જાતો નહિ. બાઈ-ભાઈ એક ન થઈ જાય એવી સત્સંગની રીત છે. ૧૬.

હરિભક્ત પુરુષો સ્ત્રીઓના મુખ સામે દેખતા નહિ અને તે રીતે જ હરિભક્ત સ્ત્રીઓ કોઈ પુરુષના મુખ સામે દેખતી નહિ. ૧૭. કામ કેસરીસિંહ કરતાં પણ બળવાન હોય છે, તે આંખોમાં અને મુખમાં છુપાઈને છાનો રહે છે. તે રોજ અનંતરૂપ ધરીને આવતો. શ્રીહરિ રોજ તે કામના રૂપને દેખતા. ૧૮. તેથી વારંવાર પત્ર લખીને ભક્તોને એવી ચેતવણી આપતા, જેનાથી કામને ક્યાંય પ્રવેશવાનો અવકાશ મળે નહિ. કળિયુગમાં કામનું બળ ઘણું ભારે રહે છે. સત્સંગ સિવાયના કેટલાક સ્ત્રી-પુરુષો બીજા મતપંથમાં હોય છે ત્યાં કામનો મુખ્ય પ્રવેશ થતો દેખાય છે. કથા-વાર્તા અને જ્ઞાન, એ બધું કામના પોષણ માટે કરતા હોય છે. ૧૯-૨૦.

તેઓ ઉત્સવ તથા સમૈયામાં અપાર ભક્તિ દેખાડે છે. પણ છાની રીતે પરસ્પર હેત રાખતા હોય છે. પછી તેમને નિયમ અને ધર્મનું કાંઈ ઠેકાણું રહેતું નથી. ૨૧. તે પ્રસંગોમાં જ્યારે સ્ત્રી-પુરુષો ભેળા થાય છે, ત્યારે આખી રાત સૂતા જ નથી. સત્સંગના નિયમોને તોડવા માટે તો બહુ પ્રકારના સમાજો-સંગઠનો રચાય છે. ૨૨. જ્યારે કામને અવકાશ મળી જાય છે ત્યારે મનુષ્ય મા કે બહેનને પણ વિચારીને જોતો નથી. પુત્રી હોય કે પુત્રવધૂ હોય, તેની સાથે પણ ઉમંગથી કામભોગ કરવા લાગી જાય છે. ૨૩. જ્યારે કામ ભૂખ્યો થાય છે, ત્યારે સત્સંગ સિવાયના જે નર-નારીઓ હોય છે તેમને ખાઈ જાય છે. ૨૪. સંતો, વર્ણી, પાર્ષદો અને હરિભક્તો તેઓ ઉપરથી તો નિયમ પાળે જ છે, પણ જો કામ વ્યાપે તો તેમને વિમુખ કરી દે છે. ૨૫.

કામ, ક્રોધ, લોભ, સ્નેહ, રસાસ્વાદ અને માન, એ બધા ક્ષોભ કરનારા છે અર્થાત્ ધર્મભંગ કરાવનારા છે. અને તે દોષો કુસંગમાં મુખ્ય રહ્યા છે. ૨૬. તે દોષો સંતોમાં અને હરિભક્તોમાં ક્યાંય છિદ્ર-વર્તનમાં કમજોરી હોય તો તેને નિત્ય ખોળતા રહે છે, માટે તે દોષોનો વિશ્વાસ કરવો નહિ. કારણ કે, તે દોષો વિઘ્ન કરવા માટે ફરતા જ રહે છે. ૨૭. તેઓ પરમ મિત્ર થવા આવે, તેમાં કળાઓ પણ ઘણી જાતની હોય છે. જ્યારે તે દોષો મિત્ર થઈને જ આવે ત્યારે તેનો પક્ષ લીધા સિવાય કોઈ રહે જ નહિ. ૨૮. મોટા દેવો અને મહાન સિદ્ધો, એ બધાનું રૂપ પણ તે કામાદિ દોષોએ જોઈ લીધું છે,

તેમને છોડ્યા નથી. તે બધી વાતો શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. તેથી તેમનું રૂપ સ્પષ્ટ દેખાઈ આવે છે. ૨૯. કામને કોઈ વ્યક્તિમાં પ્રવેશ કરવો હોય તો તેને માટે તેણે એવું દ્વાર કરી રાખ્યું હોય છે કે, તેની કોઈને ખબર પડતી નથી. તે રીતે જ ક્રોધ અને લોભે પણ પ્રવેશ કરવા માટે દ્વાર કરી રાખ્યા હોય છે, કે જે બીજા કોઈના કળ્યામાં આવે નહિ. ૩૦. સ્નેહ, માન અને રસાસ્વાદે પણ પોતાના તેવા જ અનેક દ્વાર કરી રાખ્યા હોય છે. જે અકળ રીતે આવા અનંત બ્રહ્માંડોનું ભક્ષણ કરી જાય છે. ૩૧.

તેમને પોતાના વિષયોથી ક્યારેય તૃપ્તિ થાતી જ નથી; એવા આ બધા બળવાન દોષોને એક નાનો માણસ પણ જીતી લે, તે મોટામાં મોટું આશ્ચર્ય કહેવાય છે. ૩૨. અનંત પ્રકારની વાતોને ઘડી કાઢનારા એ કામાદિકનું સત્સંગમાં કાંઈ ચાલતું નથી. સત્સંગમાં તો એક મોક્ષની વાત જ્યાં સુધી નક્કી ન થાય, તો માનવાનું કે બીજી કોઈ વાત સફળ થઈ જ નથી. ૩૩. આ સંપૂર્ણ પૃથ્વીને એક જ ડગલામાં માપી લેનારાને પણ કામાદિકે કચડી નાખ્યા હોય, ત્યાં બીજાનું શું ગજું ? એટલે કામાદિકને જીતવા તે કામ ઘણું કઠિન કામ છે. ૩૪. છતાંએ **જે સત્સંગ કરે છે, તેઓ કામાદિક દોષોને સહેજે જ જીતી લે છે. પ્રગટ શ્રીહરિનાં વચનોને લીધે કામાદિક અંતઃશત્રુઓ ડરીને દૂર રહે છે. ૩૫.** બીજા જે કોઈ કહેવાય છે તે ભગવાનને તુલ્ય નથી. આવી જે દૃઢ સમજણ છે તેનાથી તે અંતઃશત્રુઓ ડરે છે. ૩૬. ભગવાનનાં ધામનું સુખ અપાર છે. તે મુખથી કહી શકાતું નથી. તે સુખને આ સમયે હરિભક્તો પામે છે. ૩૭.

✻ નિયમ પાળે તે ધામને પામે :

ધામમાં જવાનો જેને ખપ હોય છે તેવા જ તે નિયમોને પાળે છે. પછી તે હરિભક્ત ચાહે તેવો હોય, પણ ધામનાં સુખને તો તે પામે જ છે. ૩૮. દારૂ, માંસ, ચોરી અને વ્યભિચાર એ ચાર દોષોનો ત્યાગ અત્યંત દૃઢતાથી કરે અને પ્રકટ શ્રીહરિનાં સ્વરૂપનું જેને જ્ઞાન હોય છે તે ધામનાં સુખને પામે જ છે. ૩૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોદશ પૂરમાં 'કામાદિ દોષો અજેય છે છતાં સત્સંગના દૃઢ આશ્રિતને માટે તે અજેય નથી' એ નામે ત્રેસઠમો તરંગ સમાપ્ત ॥૬૩॥



પૂર તેરમું : તરંગ - ૬૪

જીવા ખાચરના દરબારમાં અન્નકોટ અને મૂળુ ખાચરને ઉપદેશ

શ્રીહરિ દરબાર એભલ ખાચરના રાજદ્વારમાં થઈને દરબાર જીવા ખાચરને ભવન ગયા. ૧. તેમણે અપાર અન્નકોટ તૈયાર કરાવી રાખ્યો હતો. તેમાં પકવાનો વિવિધ પ્રકારનાં હતાં. તેનો કહ્યે પાર આવે તેમ ન હતું. ૨. શ્રીહરિ તે ભોજનોને ભાવથી જમવા આવ્યા. ભોજનો ખૂબ જ સરસ હતા. કોઈ પકવાન સાકર વગરનું ન હતું. ૩. મોટા મોટા જે રાજાઓ તથા મોટા મોટા જે દેવો, તેમને ત્યાં જે ભોજન બન્યા હોય, તે કરતાં અહીંયાં બધાં ભોજન ઘણાં અનુપમ થયા હતાં. ૪. શાકભાજી તો બહુ પ્રકારનાં હતાં અને દાળ તો ઘણી જ સુંદર બની હતી. તે રીતે જ રાયતાં અનેક પ્રકારનાં હતાં તેમજ મઠો પણ ઘણી જાતનો કર્યો હતો. ૫.

કેટલીએ જાતનો શિખંડ બનાવ્યો હતો. વિવિધ રીતે ભાત કર્યો હતો. દૂધપાક, બિરંજ અને હરીસો પણ સરસ જાતજાતનો કર્યો હતો. ૬. વડાં, ભજિયાં અને પાપડ પણ બહુ ભાતનાં કર્યાં હતાં. વડી અને કઢી પણ બહુ ભાતની હતી. અથાણાં પણ ઘણા ઉત્તમ પ્રકારનાં કર્યાં હતાં. ૭. મંડપની વચ્ચે રંગોળી પૂરી હતી. તેમાં વાસણ મૂકી ભોજન પીરસ્યાં હતાં. તે બધાને મોટી પાટ ઉપર મૂક્યા અને તે પાટ ઉપર શ્રીહરિ જમવા લાગ્યા. ૮. મુકુંદાનંદ તથા જયાનંદ, એ બે વર્ણી અને મયારામ ભટ્ટ તથા વિપ્ર નાનાભાઈ મેવાડા, એ બધા તે સમયે શ્રીહરિની પાસે બેઠા. ૯. જેટલાં ભોજન અને વ્યંજન, જે કાંઈ કર્યું હતું, તેમાંથી એક એક ગ્રાસ ભોજન શ્રીહરિ ઘણા ભાવથી જમ્યા. અને જમ્યા પછી હાથ તથા મુખ ધોયા. ૧૦. દરબાર જીવા ખાચર અને મૂળુ ખાચર, બંને ભાઈએ મુખવાસ તૈયાર કરી રાખ્યો. શ્રીહરિ જમીને અલગ પાટ

ઉપર આવ્યા. ત્યારે બંનેએ મુખવાસ આપ્યો. ૧૧. અન્નકોટ બંનેનો હતો. દરબાર મૂળુભાઈ વિવિધ પ્રકારની પૂજા લાવ્યા. સોનેરી વસ્ત્ર અને સોનાનાં અલંકાર, શ્રીહરિનાં હરેક અંગમાં ધરાવ્યાં. ૧૨. સુંદર સુગંધી કેસરચંદનની લલાટમાં અર્ચા કરી અને તેની વચ્ચે કુંકુમનો લાલ ચાંદલો કર્યો. ૧૩. તે બંને બુદ્ધિશાળી હતા. તેમણે ફૂલના તોરા પાઘમાં ધર્યા, કાન ઉપર ગુલાબના ગુચ્છ ધરાવ્યા અને બંને ભુજાઓ ઉપર ફૂલના બાજુ બાંધ્યા. ૧૪. મૂળુભાઈએ વિવિધ પ્રકારનાં ફૂલહાર પહેરાવ્યા. આરતી ઉતારી અને પછી સ્તુતિ કરી. ૧૫.

મહારાજ ! અમે હાથ જોડીને એ માગીએ છીએ કે, જીવને માયા વારંવાર વિઘ્ન કરે છે, તો આપ તેનાથી અમને ઉગારી લેજો. ૧૬. આપ આવીને જેને જેને મળ્યા છો તેમને બધાને આપે ઉગારી લીધા છે. દેહ અને દેહના સંબંધીઓ તો હકીકતમાં દરેક બ્રહ્માંડમાં રહ્યા છે. ૧૭. માયાથી કોઈ અલગ નથી. માયા એકરસ થઈને સહુમાં રહી છે. આપનાં શરણ સિવાયનું જે કાંઈ છે તે બધું માયામય જ દેખાય છે. ૧૮. આપનું શરણ અને સત્સંગને અમે એકરૂપ દેખીએ છીએ. આપનાં જે સંતો અને હરિભક્તો છે, તેઓ સત્સંગમાં દઢપણે રહ્યા છે. ૧૯. અને તેઓ માયાને તરી ગયા હોય તેમ દેખાય છે. આપના સિવાયની રુચિ તેમણે ફેંકી દીધી છે અમારી બુદ્ધિ તો થોડી છે, એટલે અમે તેમના જેવી રુચિ માગીએ છીએ. ૨૦.

ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું, આ જગતમાં એવા કેટલાએ લોકો છે કે, જે વગર વાંકે સંતોનો અને હરિભક્તોનો દ્રોહ કરે છે. તમને તેવા દ્રોહીનો સંગ રહે છે તે અમને દેખ્યામાં આવે છે. ૨૧. તેવા દ્રોહીના મનનો ભાવ જેવો હોય તે દેખાયા વિના રહે જ નહિ. એવાની સાથે જે મહોબત(સ્નેહ-સંબંધ) રાખે, તેઓ કઈ રીતે માયાને તરી શકે ? ૨૨.

※ દ્રોહીનો ત્યાગ કરો તો તરો :

જ્યારે તે દ્રોહીઓનો ત્યાગ કરો, ત્યારે તમે માયાને તરત જ તરી શકો. ભાંગલા વહાણમાં બેસીને કોઈ સાગરને તર્યો હોય એવો અમે દેખ્યો નથી. ૨૩. કોઈ રોજ કરોડો ગાયોનું દાન કરે, તોપણ ભાંગેલા વહાણમાં બેઠેલો

ક્યારેય તરે જ નહિ. સંતોનો અને હરિભક્તોનો દ્રોહી તો ભાંગેલા વહાણમાં બેઠેલો છે. ૨૪. તે ભાંગેલું વહાણ ડૂબ્યા વિના રહે જ નહિ. તે વાત ચોક્કસ છે અને તે મનુષ્યમાત્રને જાહેરમાં દેખાય છે. ૨૫. **સંતોને અને હરિભક્તોને દેખીને જેની છાતી ઠરતી નથી, તેને તો કુસંગી અને દ્રોહી કહેવાય છે, તેની આંખોમાંથી તો ઝેર વરસતું હોય છે. ૨૬.**

सोरठा : संत हरिजन कु देख, छाति नेन जो ठरत जेही;
एसे हे जन सो अलेख, दैवि जन देखना तेहि...२७
कोटि कोटि तेहि पाप, संत हरिजन के गुन कर;
हरि करत हे माप, गरुड को वाहन किये...२८

સંતોને અને હરિભક્તોને દેખીને જેની છાતી અને આંખો ઠરતા હોય, એવા મનુષ્યને તો અદ્‌ભુત અને દૈવીજન માનવા જોઈએ. ૨૭. સંતોનો અને હરિભક્તોનો જેને ગુણ આવ્યો હોય તેવા માણસના કરોડો પાપ હોય, તોપણ ગરુડગામી ભગવાન તેને માફ કરે છે. ૨૮.

શ્રીહરિએ કહેલાં શબ્દોને સાંભળીને દરબાર મૂળુભાઈ ગદ્‌ગદ થઈ ગયા તેનું ગળું ભરાઈ આવ્યું અને બોલ્યા, પ્રભુ ! જે વાત સત્ય હોય છે, તેને આપ પ્રસન્ન મનથી કહો છો. ૨૯. હે પ્રભુ ! ભગવાન વૈકુંઠનાથ પોતાના ભક્તોની આગળ વારંવાર એવી વાતો અત્યંત હેતથી કરે છે. જેનાથી ભક્તોમાં ક્યારેય દ્રોહબુદ્ધિ થાય જ નહિ. ૩૦. **જે દિવસ જય અને વિજયનું વૈકુંઠથી પતન થયું તે દિવસે વૈકુંઠનાથે કહ્યું હતું કે, જે મનુષ્ય ગદ્‌ગદ કંઠ થઈને ભાવનાથી મારી સેવા કરતો હોય, અને બીજી બાજુથી મારા ભક્તોનો દ્રોહ કરતો હોય, તે જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને ધર્મને ધારણ કરનારો, માનો, મારા ચરણોને પૂજે છે અને મસ્તકને કાપે છે; એમ હું માનું છું. તે મને ભજે છે તોયે નરકમાં જાય છે, પણ તે ક્યારેય વૈકુંઠના સુખને પામતો નથી.** ૩૧-૩૨. આવી વાતને જીવ સમજે છે છતાં કુસંગ તેનું માથું ફેરવી નાખે છે. તેવી બાબતમાં હે મહારાજ ! તમે જ્યારે જીવનો દોષ ગણતા નથી ત્યારે જ જીવ તમારી પાસે બેસી શકે છે. આવી સ્તુતિ દરબાર મૂળુભાઈએ કરી. ૩૩.

દરબાર મૂળુભાઈને એક જ દીકરો હતો. તે બધા સારાં નરસાંના વિવેકને સમજતો હતો. તે સત્સંગના દ્રોહીઓની સાથે મનમેળ રાખતો નહિ. ૩૪. તેનું નામ રામખાચર હતું. તેણે આવીને શ્રીહરિની પૂજા કરી. કેસરયુક્ત ચંદન ચરણો ઉપર લગાવ્યું. પછી તેને પોતાની છાતી ઉપર ચાંપ્યા. ૩૫. મૂળુભાઈનો બીજો જે પરિવાર હતો, તે બધાએ આવીને શ્રીહરિની પૂજા કરી. તેઓ બધા શિર સાટે સત્સંગનો પક્ષ રાખતા હતા. ૩૬.

તે પછી તેમણે સંતો, વર્ણીઓ અને પાર્ષદોને કેસરચંદનથી પૂજ્યા અને ફૂલના હાર પહેરાવીને સારાં વસ્ત્ર ઓઢાડ્યાં. ૩૭. તે પછી સંતોની અને પાર્ષદોની પંગત થઈ. સહુ એકતાર થઈને 'નારાયણ ધૂન' કરવા લાગ્યા. ૩૮. જે જુવાન સંતો હતા તે બધા પકવાનોનાં થાળ ભરી ભરીને લાવવા લાગ્યા અને શ્રીહરિ સહુને પીરસવા લાગ્યા. ૩૯. તે સિવાયના જે હરિભક્ત કાઠી દરબારો હતા, તેમની પણ જમવા માટેની અનુપમ પંગત થઈ. પછી શ્રીહરિ તેમને સહુને પણ પીરસવા લાગ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોદશપૂરમાં 'જીવા ખાચરના દરબારમાં અન્નકોટ અને શ્રીહરિ તથા સહુને જમાડ્યા' એ નામે ચોસઠમો તરંગ સમાપ્ત ॥૬૪॥



પૂર તેરમું : તરંગ - ૬૫

અન્નકોટની ઉત્તમતા કહીને શ્રીહરિએ લોભીને હીન કહ્યો

પકવાન સિવાયનાં જે ભોજન હતાં તેને સંતો પીરસતા હતા. જ્યારે બધાય ભોજન પીરસાઈ રહ્યા ત્યારે શ્રીહરિ બોલ્યા તે કહું છું. ૧. શાલગ્રામ વિષ્ણુ અને બાલમુકુંદ ભગવાનને અન્નકોટ જમાડીને પછી જેટલા ભોજન છે તેને આપણે જમીએ છીએ. ૨. તમે સહુ અમારે વચને બધું ભોજન મેળવીને જમો છો, અને તેમાં પાણી નાખો છો. પણ આજ સહુ તે ભોજન-અન્નને જુદું રાખીને જમો. ૩. કોઈ ભોજનમાં પાણી નાખશો નહિ. સહુ ભગવાનને સંભારીને જમો. 'વાસુદેવ હરે જય' આવું બોલીને સહુ સંતો

જમવા લાગ્યા. ૪. સંતો જમવા માટે તો અપાર બેઠા હતા. ચોક, ભવનો, બધી ઓસરીઓ, શ્રીહરિને રહેવા માટે ઉજાસવાળા અનુપમ ભવન કર્યાં હતાં. ૫. તેમાં બધે સંતો બેઠા. કેટલાકને તો બેસવા પૂરતી જગ્યા પણ ન મળી. જ્યાં ત્યાં જઈને સંતો બેઠા. શ્રીહરિ પણ ત્યાં ત્યાં પીરસવા માટે ફર્યા. ૬.

સંતો જ્યાં સુધી જમ્યા ત્યાં સુધી પંગતમાં ફર્યા. પીરસવા ફરવામાં એક પળવાર પણ આળસ કરતા નહિ. શ્રીહરિ જ્યારે જ્યારે પ્રેમથી પીરસતા ત્યારે ત્યારે ઘણા જ ઉત્સાહથી પીરસતા હતા. ૭. સંતોને જમાડવા માટે જે રસોઈ બનાવી હતી તેને પીરસતા પીરસતા પણ વારે વારે જોવા જાતા હતા કે, હવે રસોઈ કેટલી છે. સંતોના હિતમાં ક્યારેય આળસ કરતા નહિ. ૮.

❋ સંતોની સેવા કરે તેમાં સદ્‌ગુણ આવે :

चोपाई :

सेवा में रखे आलस जेहू, ता पर हरि न रिझत दिन केहू;
आलस न ताकु देवत हारा, वखान करत ताके अपारा...०९
संत की सेवा करने जेसी, दिन दिन जेही अधीक तेसी;
श्रद्धा रखत शुभ गुन ताकु, आवत हे प्रसन्न होई वाकु...१०

જે ભક્તો સેવામાં આળસ રાખે તેના ઉપર શ્રીહરિ ક્યારેય રીઝતા નહિ. જે આળસ ન કરે તેને પ્રસાદીનો હાર આપતા અને તેનાં ઘણાં વખાણ કરતાં. ૯. સંતોની સેવા કરવામાં જેટલી વધારે શ્રદ્ધા રાખે છે, તેમાં દિનપ્રતિદિન સારા સદ્‌ગુણ પ્રસન્ન થઈને આવે છે. ૧૦. **જે જે વાત કરવી તેમાં પણ શુભ વિવેક રાખવો જોઈએ. શુભ વિવેક વગરનાં જે ગુણ છે તે તો બધાને ઝેર જેવાં લાગે છે. ૧૧. શુકદેવજી અને સનકાદિકોના જેવા મોટા હોય, તોપણ જો તેમાં વિવેક ન હોય, તો નાના-મોટા સહુ તેનું વગોણું કરે છે અને નાના મોટા સહુ જ્યારે વખાણ કરવા લાગે ત્યારે જાણવું કે, તેમાં ઘણો વિવેક હશે. ૧૨.** સંતોના મંડળમાં જે મોટેરા સંતો જ્યાં એક પંગતમાં બેઠા હતા, ત્યાં આવીને આવી વાત કરી. ૧૩. જ્યારે બધા જ સંતો જમી રહ્યા ત્યારે ધર્મકુમાર શ્રીહરિવરે ચરણકમળ અને હાથ ધોયા. પછી આવીને થોડીવાર પોઢી ગયા. ૧૪.

સાંજે મશાલ થઈ ત્યાં સુધી દરબારે સહુને જમાડ્યા, બહુ લોકોને જમાડ્યા. કાંઈ ભેદભાવ રાખ્યો નહિ, જે આવતા તેને જમાડી દેતા. ૧૫. દરબારગઢની બહાર બજારમાં સહુને જમવા બેસાડ્યા હતા. જ્યારે શ્રીહરિ ઊઠ્યા ત્યારે બધી જગ્યા સાફ કરાવી. ૧૬. બધા સંતો સ્નાન કરીને આવ્યા. ત્યારે જ્યાં કાયમ સભા થાતી હતી ત્યાં સભા કરાવી. ત્યારે ભક્તજન સુખદાયક શ્રીહરિ પણ નહાઈને સભામાં આવ્યા અને પલંગ ઉપર બેઠા. ૧૭. શ્રીહરિએ કહ્યું, આજ અન્નકોટનો ઉત્સવ ઘણો ભારે સારો થયો. દરબારના મનમાં જેવો ભાવ હતો તે પ્રમાણે ઉત્સવ સારો થયો. ૧૮.

જે કરોડપતિ જેવા ધનવાન હોય, ગામ ગરાસનો કોઈ પાર ન હોય, પણ જીવ જો લોભી હોય તો તે ક્યારેય ધન ખરચી શકે નહિ. ૧૯. ઘરમાં દીવો કરવો હોય, તોએ રોજ તેમાં કરકસર કરે, મા-બાપની સાથે કાંઈ સંબંધ કે મહોબત રાખે નહિ. ૨૦. જે લોભી માણસ છે તે પોતાના પુત્ર, ભાઈ, ભાઈના પુત્ર, તેની પત્ની, એ બધાના વસ્ત્ર કે ઘરેણાં અને ખાવા-પીવામાં પણ રોજ સંકોચ કરતો રહે છે. ૨૧. લોભી માણસ હંમેશાં વ્યવહારમાં સંકોચ જ રાખે છે. એમ કરતાંએ જો કોઈ મોટો ખર્ચ કરવાનું થાય, તો તે દિવસ તેને ઊંઘ પણ આવે નહિ. ૨૨. તેને ખાવા-પીવાનું પણ ઝેર જેવું લાગે. અત્યંત સંકોચમાં જે ખર્ચ કરતો હોય તેને જો વધારે ધનનો ખર્ચ થાય, તો માથું કાપે તેટલું દુઃખ થાય છે. ૨૩. એવા મહાપાપી અને કૃપણનું ધન સંતો અને વિપ્રોને જમવામાં ક્યારેય વપરાય નહિ. પ્રાણ જાય તો ભલે, પણ હાથમાંથી ધન છૂટે નહિ. ૨૪.

નંદ નામે રાજા થયો હતો. ભૂમિ ઉપર જેટલું ધન હતું તે તેણે ભેળું કર્યું અને ઘણું જતન કરીને તેને સમુદ્રની વચ્ચે સંઘર્યું. ૨૫. તે રાજાએ દાન કે પુણ્ય લેશમાત્ર પણ કર્યું નહિ. છેવટે સમુદ્રે તે ધન લઈ લીધું. તેને ચુપચાપ દેખતો રહ્યો. ૨૬. જેટલું જે ધન દાન કે પુણ્ય કાર્યમાં ઉપયોગી થાતું નથી, તે પાપના પુંજ જેવું ધન પાપના દ્વારા જ વપરાય છે. ૨૭. અતિકૃપણ માણસ ભાગવત એકાદશ સ્કંધના અધ્યાય-૨૩માં કહેવાયેલ કદર્ય બ્રાહ્મણની વાત સાંભળે, તોપણ તેની કૃપણતા રંચમાત્ર પણ જાતી નથી. અતિ લોભી માણસ તો મરીને મોટો સાપ થાય છે. ૨૮. લોભી માણસના વખાણ તો તેના જેવો

જે લોભી હોય તે કરે છે. જે અતિશય કૃપણ કહેવાય છે તે પોતાના ધનને જ જોયા કરે છે. ૨૯. ધનને લીધે પોતાની મોટાઈ કુબેર કરતાંએ વધારે માને છે, ધનમાં જ અનંત સુખ રહ્યું છે, એમ માને છે અને રાત-દિવસ ધનનું જ ધ્યાન કરતો રહે છે. તેમજ ધન ભેળું કરવામાં જ પ્રાણોને ખુએ છે. ૩૦.

ધનિક વ્યક્તિના પ્રાણ ગયા પછી તે ધન તેના રંચમાત્ર પણ ઉપયોગમાં આવતું નથી. મોક્ષરૂપી પુરુષાર્થ માટે જેટલું ધન વાપર્યું હોય, માનો મર્યા પછી તેટલું ધન તેણે સાથે લીધું ગણાય. ૩૧. કોઈ હરિભક્ત જ્યારે અમારી પૂજા કરવા આવે છે ત્યારે તે પૂજામાં જે ધન કે ઘરેણાં આપે છે તે મયારામ ભટ્ટ જેવા નિઃસ્પૃહી વિપ્ર રાખી મૂકે છે. ૩૨. તેની પ્રકૃતિ તો એવી છે કે, તેને ક્યાંક ધન દેખાય તોય તેમાં તે લલચાય નહિ અને કોઈ રૂપાળી સ્ત્રી હોય તો તેને તેઓ કાળી નાગણી જેવી સમજે છે. ૩૩. પોતે તો હજી વીશ જ વરસના હતા અને પત્ની મરી ગઈ. ત્યારે તેઓ મનમાં ઘણું રાજી થયા. સારું થયું સ્ત્રી મરી ગઈ, હવે આપણે નિર્બંધ થયા. ૩૪.

❋ સ્ત્રી, ધનનો ત્યાગ કરે તે છતે દેહે મુક્ત :

તેઓ નારી અને ધન, એ બેને નરકનાં દ્વાર સમજે છે. જ્યાં સુધી નારી અને ધનમાં મન લાગ્યું રહેતું હોય ત્યાં સુધી માનવું કે, હજી આપણે નરકમાં પડ્યા છીએ. ૩૫. સ્ત્રી અને ધનને લીધે વારંવાર જન્મ અને મરણ થયા કરે છે. લખચોરાશીના ફેરા ફરવા અને અત્યંત દુઃખ જે ભોગવવું તે બધું ધન અને સ્ત્રીની આસક્તિને લીધે છે. ૩૬.

दोहा : जो जो दुःख कहात जो, धन नारी में रहाय;
धन नारी करे त्याग जेही, ब्रह्मादि वंदत ताय...३७
धन नारी को त्याग जेहि, देह को जेहि अभाव;
भगवान संत ताहिकु, प्रसन्न करन मन भाव...३८
सोरठा : एसे हि जेते जन, त्यागी अरु हरिजन जेहि;
मुक्त मनुष्य रहे तन, मायिक जन न होय अस...३९

જે જે દુઃખ કહેવાય છે તે બધું ધન અને નારીમાં જ રહ્યું છે. જે માણસ ધન અને નારીનો ત્યાગ કરી દે છે તેને બ્રહ્મા આદિ દેવો પણ વંદન

કરે છે. ૩૭. જે મનુષ્ય ધન અને નારીનો ત્યાગ કરે છે, અને જેને દેહમાં આસક્તિ ન હોય પણ દેહનો અભાવ હોય, અને જેનાં મનમાં ભગવાનને અને સંતોને રાજી કરવાની ભાવના રહેતી હોય; આવા જે કોઈ ત્યાગી અથવા હરિભક્ત હોય, તેઓ છતે દેહે મુક્ત છે. માયિક મનુષ્ય ક્યાંય આવો ન હોય. ૩૮-૩૯. આવા ભક્તોને લીધે તો સત્સંગ સહુથી અધિક થયો છે. બ્રહ્માંડમાં એવું કોઈ નથી, માટે બ્રહ્માંડ કરતાં પણ સત્સંગ વધારે ઉત્તમ છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોદશ પૂરમાં 'અન્નકોટની ઉત્તમતા કહીને શ્રીહરિએ લોભીને હીન કહ્યો' એ નામે પાંસઠમો તરંગ સમાપ્ત ॥૬૫॥



પૂર તેરમું : તરંગ - ૬૬

સત્સંગની સર્વશ્રેષ્ઠતા અને કાઠીઓની યજ્ઞ માટે વિનંતી

જીવને અનંત અને અપાર જન્મોથી માયાનું બંધન છે, જે સત્સંગ કરે છે તેને તે માયાનું બંધન ટળી જાય છે. ૧. કોઈ અપાર યજ્ઞો કરે, કોઈ અપાર દાન આપે, તેનાથી માયિક સુખ મળે છે પણ તે સુખને પામીને ચોક્કસ દુઃખ ભોગવવાનું તો રહે જ છે. ૨.

❋ સત્સંગની સર્વોપરીતા :

અત્યંત નિષ્કામ ભાવથી અપાર યજ્ઞ કરે, અનેક પ્રકારનાં દાન-પુણ્ય કરે, તેમજ અનેક તીર્થો યાત્રા કરે, તો એવા નિર્દોષ મનુષ્યને કોઈક દિવસ સત્સંગ થઈ શકે છે, પણ જો તેને કુસંગ રહેતો હોય તો ત્યાં સુધી સત્સંગ મળે નહિ કે સત્સંગનો રંગ લાગે નહિ. ૩-૪. બાઈ-ભાઈ કોઈપણ હોય, તેને જ્યાં સુધી સત્સંગ થાતો નથી ત્યાં સુધી તેણે કરેલા અપાર યજ્ઞ વગેરે તથા અપાર તીર્થ, વ્રતાદિક અથવા દાન પુણ્યાદિ સત્કર્મ ઘણાં હોવાં છતાં તે, સત્સંગી એવાં નામથી કહેવાતો નથી. એટલા માટે સત્સંગ સર્વશિર્ષસ્થ છે, સર્વોપરી છે. સત્સંગના સમાન કોઈ અમીર કહેતાં, મોક્ષમાર્ગનો શિરોમણિ સરદાર નથી. ૫-૬.

જ્યાં સુધી સંસારને અપાર સુખરૂપ માનવામાં આવે છે, ત્યાં સુધી તેને જેવો યથાર્થરૂપમાં સત્સંગ છે તેવો ક્યારેય દેખવા-સમજવામાં આવતો નથી. ૭. સર્વે વેદો અને પુરાણોને કંઠસ્થ કરે, પણ તેમાંથી પોતાની રીતે કોઈ સાર હાથ આવે નહિ. નખથી શિખાપર્યંત સંપૂર્ણ શરીરમાં જીવ રહ્યો છે, તે રૂંવાડે રૂંવાડે કઈ રીતે વ્યાપીને રહેતો હશે ! ૮. રૂંવાડું કાપવાથી જીવ કપાતો નથી. નખ કાપવાથી પણ જીવ કપાતો નથી, દેહને કાપવાથી પણ જીવ કપાતો નથી. છતાં જીવ જ્યાં સુધી દેહમાં રહ્યો છે ત્યાં સુધી સુખ-દુઃખાદિનો અનુભવ થાય છે. ૯. દેહમાં રહેલો જીવ જ્યાં સુધી બીજાના દેહને કાપે છે ત્યાં સુધી તેને પાપ લાગે છે. તે બધી બાબતનો અનેક પ્રકારનો વિવેક, જે જાતના દેહ હોય તેને વિચારીને શાસ્ત્રોમાં કહ્યો છે. ૧૦. દેવ, મનુષ્ય, પશુ, પક્ષી, સ્થાવર, જંગમ વગેરે જેવી જાતિને મારનારો જે જીવ હોય, તેના તેવા પાપ લખ્યા છે. સામાન્ય મનુષ્ય જાણે કે ન જાણે તેનો વિચાર કર્યો નથી. પરંતુ મોટા સિદ્ધ ઋષિઓએ, પુણ્ય અને પાપરૂપી કર્મનું ફળ લખ્યું છે. ૧૧.

ચોપાઈ :

देह के नेत्र को चलन जेतो, देखाई देत विवेक तेतो;
अंतर के नेत्र में सामृथ जितना, देखाई सो देवत तितना...१२

મનુષ્યની આંખ ચાલતી-ફરકતી હોય છે, તે તેની અંદર વિવેક કેટલો છે તેને બતાવી દે છે. તેની અંદરના નેત્રમાં અર્થાત્ તેની બુદ્ધિમાં જે સામર્થ્ય-સમજણ છે, તે પણ બહારની આંખમાં દેખાઈ આવે છે. ૧૨.(અહીં નેત્ર શબ્દ વાપર્યો છે. નેત્ર એટલે વસ્તુનાં સ્વરૂપ સુધી બુદ્ધિ-ચેતનાને જે પહોંચાડે તે, નેત્ર = લઈ જનારને નેત્ર કહેવાય છે.) જેને જે જાતનું જ્ઞાન હોય તેને તે જાતના નેત્ર કહી શકાય છે. દીપક તે એક બાહ્ય વસ્તુનાં સ્વરૂપને આંખથી જોવામાં સહકારી છે. દીવા સિવાય અંધારામાં પદાર્થ દેખાય નહિ. માટે પદાર્થને દેખાડનારો દીવો પણ એક પ્રકારનું નેત્ર જ છે અને તે પવનથી બુઝાઈ ન જાય, એટલા માટે તેના સહકારી કાચને પણ અહીં નેત્ર જેવું સ્થાન આપ્યું છે. ૧૩. સૂર્ય અને ચંદ્ર પણ પ્રકાશ દ્વારાએ વસ્તુ-પદાર્થનાં જ્ઞાનમાં સહકારી હોવાથી તેને પણ નેત્ર કહી શકાય છે. તે રીતે જ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને

ગંધ તે તે વિષયનાં જ્ઞાનથી ભરેલી તે તે વિદ્યાઓ પણ નેત્ર છે. વિદ્યાઓની વિવિધતાથી તે નેત્રોને પણ અનંત કહ્યાં છે. શિલ્પ ઇત્યાદિક કલાઓ પણ તે તે પદાર્થનાં નિર્માણમાં ઉપયોગી એક પ્રકારનું નેત્ર જ છે. ૧૪. જ્યાં જેવો પદાર્થ હોય, ત્યાં તેના જ્ઞાન વિષયક નેત્ર પણ તેવાં જ હોય છે. અને તેવા જ્ઞાનરૂપી નેત્ર ન હોય તો કોઈ નાનું એવું કામ પણ સિદ્ધ થઈ શકતું નથી. ૧૫. સાધારણ માણસને અને પશુ વગેરેને માત્ર બાહ્ય બે નેત્રનું જ જ્ઞાન હોય છે. તેને તે સિવાયનું બીજું કાંઈ જ્ઞાન હોતું નથી. અને તેથીએ વધારે જેને જ્ઞાન હોય છે એવા તો કોઈક ત્રિકાળ જ્ઞાનવાળા સિદ્ધપુરુષ હોય છે. ૧૬.

જેને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ જેવા વિષયનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે જે સાધનની જરૂર હોય છે તે તે ઇંદ્રિય તે તે જ્ઞાનને માટે નેત્ર કહેવાય છે. માટે જેટલાં ઉપયોગી સાધન(ઇંદ્રિય) તેટલાં પ્રકારનાં જ્ઞાન કહેવાય. આવાં જ્ઞાનરૂપ નેત્રથી થાતું જ્ઞાન છે તે પ્રત્યક્ષ છે અને તે સિવાયનું જે જ્ઞાન છે તે પ્રત્યક્ષને આધારે થાય છે. કાંઈક અંશે કલ્પના કરવી પડતી હોય છે, માટે તેને અનુમાન કહેવાય છે. ૧૭.

અનુમાનથી જે જ્ઞાનને નિશ્ચિત કરવામાં આવ્યું હોય, તેના વિરુદ્ધ તર્ક આપીને તે અનુમાનજન્ય જ્ઞાનને કોઈ સુજ્ઞ જ્ઞાતા તોડી પણ શકે છે. એટલા માટે જ એવા અનુભવી જ્ઞાનીને શ્રીકૃષ્ણ ભગવાને ગીતામાં ૭/૧૮માં જ્ઞાનીત્વાત્મા મે મતઃ પોતાનો આત્મા કહ્યો છે. ૧૮. જે જે નિંદિતમાર્ગ કહેવાય છે તેમાં જે ક્યારેય પગ મૂકે જ નહિ તેવા જે હોય તે જ સાચા જ્ઞાની કહેવાય છે. તે વિના બીજા મિથ્યાજ્ઞાની કહેવાય. ૧૯. મિથ્યા જ્ઞાનીનું બધું જ્ઞાન પણ મિથ્યા જ રહેવાનું. જેઓ મિથ્યા જ્ઞાન સાથે બંધાઈ ગયા છે, તેનાં જ્ઞાનના સાધન પણ મિથ્યા જ રહેશે. ૨૦. મિથ્યા જ્ઞાનની બધી પ્રાપ્તિ પણ કલ્પિત ગંધર્વનગરની પ્રાપ્તિ જેવી જ મિથ્યા હોય છે. ઝાંઝવાના જળ જેવા તે મિથ્યા જ્ઞાનીનું જ્ઞાન પણ મિથ્યા જ રહે છે. ૨૧. કોષ કે ઘંટ - ઘાણીનો બળદ સાંજ સુધી દોડતો રહે, પણ જ્યારે તે ધોંસરીએથી છૂટે છે ત્યારે ત્યાંનો ત્યાં જ છે. તે રીતે જ મિથ્યાજ્ઞાની ગમે તેટલું જ્ઞાન કથે છતાં કોરો જ રહે છે. ૨૨.

❋ સત્સંગમાં હેત થાય તેને લખચોરાસી ટળે :

उदे होत जेहि भाग्य अपारा, तेहि करत सत्संग पर प्यारा;
सत्संग पर प्यार करत जबहु, चोरासी दुःख छुट जात तबहू...२३
जमपुरि के दुःख वार न पारा, छुट जात न रहत लगारा;
संत हरिजन पर करत प्रीति, जानीके अलोकीक रीति...२४

જેનાં અપાર ભાગ્ય ઉદય થયા હોય તેને જ સત્સંગ ઉપર પ્યાર થાય છે. અને જ્યારે જીવ સત્સંગ ઉપર પ્યાર કરે છે, ત્યારે તેનાં લખચોરાશીનાં બધાં દુઃખ છૂટી જાય છે. ૨૩. જમપરીનું દુઃખ પણ અપરંપાર હોય છે, તે પણ સત્સંગ થાય તેના છૂટી જાય છે. લગારેય રહેતું નથી. માટે સત્સંગની અલૌકિક રીત સમજીને સંતો અને હરિભક્તોના ઉપર પ્રેમ રાખવો. ૨૪. **આ સમયે ભગવાન પ્રકટ થઈને સત્સંગમાં નિવાસ કરીને રહ્યા છે. અને અનેક લોકોનો ઉદ્ધાર કર્યો છે. એમ સમજીને સત્સંગના જ્ઞાનનો અભ્યાસ કરવો, મનન ચિંતન કરવું. ૨૫.** આ જગતમાં જે મિથ્યાજ્ઞાની (શુષ્કવેદાંતી) ગુરુ થઈને રહ્યા હતા તેમની વાસ્તવિક ઓળખાણ પણ સત્સંગ દ્વારા સહુને થઈ છે. ૨૬. સત્સંગનો યોગ થવાથી જે જે સાંસારિક વસ્તુ છે તેમાં જ્યારે ઝેર દેખાય છે ત્યારે તેનો ત્યાગ થાય છે. અને અમૃત સ્વરૂપ ભગવાનમાં પ્રેમ જાગે છે. ૨૭. ઝેર જેવા પંચવિષયને જાણ્યા પછી પણ જેઓ તેમાં બંધાઈ રહ્યા, તેમના જેવા બીજા કોઈ મૂઢ નથી, એમ અમૃતભોગી મુમુક્ષુ દેખે છે. ૨૮.

આ ઉત્સવમાં દેશમાંથી બાઈ ભાઈ - હરિભક્તો બહુ આવ્યા હતા. તેમાં જે કાઠી દરબારો અને સત્સંગી હતા, તેમણે સહુએ શ્રીહરિને કહ્યું. ૨૯. મહારાજ ! એક બહુ મોટો ભારે યજ્ઞ આપ આ તરફ કાઠિયાવાડમાં કરો. આપે જેતલપુર અને ડભાણમાં બે યજ્ઞ ઘણાં સારા કર્યા હતા, પણ અમે કોઈ તે યજ્ઞમાં આવી શક્યા ન હતા. ૩૦. જે બીજા હરિભક્તો તે યજ્ઞમાં આવ્યા હતા તેઓ વારંવાર તે યજ્ઞનાં વખાણ કરે છે. તો અમે હાથ જોડીને આપને વિનંતી કરીએ છીએ કે, આપ અમને તેવા યજ્ઞનાં એકવાર દર્શન કરાવો. ૩૧. ત્યારે શ્રીહરિએ કહ્યું આ ભૂમિ ઉપર ઘણા મોટા ચક્રવર્તી રાજાઓ થઈ ગયા છે. તેમને માટે વેદોમાં બહુ જાતના યજ્ઞ કહ્યા છે. ૩૨. વળી, યજ્ઞાદિ, તીર્થ,

વ્રત, દાન અને પુણ્ય કહેવાય છે. તથા વેદ, ધર્મ, શાસ્ત્ર અને પુરાણો વગેરે સદ્ગ્રંથો અને વર્ણ - આશ્રમની રીતિ કહેવાય છે, તે અને ૩૩. જે ભગવાનના અવતારો થાય છે તે એકમાત્ર ભારતવર્ષમાં જ દેખાય છે. મૂર્તિ પૂજાનું સારી રીતે પ્રતિપાદન પણ કેવળ ભારતખંડમાં જ થયું હોય એવું દેખાય છે. ૩૪.

આ ભારતવર્ષમાં જે મનુષ્યો છે તેમાં પણ બે વિભાગ થઈ ગયા છે. તે બંનેની રીત અત્યંત ભિન્ન ભિન્ન છે. ક્યારેય બંનેની રીત એકસમાન થઈ જ નથી. ૩૫. તે બંને વિભાગના મનુષ્યો પોત પોતાની રીતને અતિશય સારી માને છે. દિવસ અને રાતમાં જેટલો ફરક છે તેટલો ફરક તે બંનેની જીવનશૈલીમાં છે. ૩૬. એક વિભાગ પૂર્વ-ઉત્તર દિશાને શ્રેષ્ઠ માનીને તે તરફ ચાલ્યો છે અર્થાત્ તે મોક્ષમાર્ગે ચાલે છે. અને બીજો વિભાગ પશ્ચિમ-દક્ષિણ દિશાને ઉત્તમ માનીને તે તરફ ચાલ્યો છે. અર્થાત્ તે યમપુરીના માર્ગે ચાલે છે. ૩૭. દેવ, મનુષ્ય, દાનવ અને ઋષિઓ વગેરે જે કોઈ કહ્યા છે તે કોઈ પણ બ્રહ્માથી અધિક નથી. ૩૮. બ્રહ્માની સૃષ્ટિમાં સહુ પહેલા અદેવો(દૈત્ય, દાનવ, રાક્ષસ વગેરે) પાર ન આવે એટલા બધા થયા. તે બધા અધર્મ સર્ગમાં ગણાયા અને તેની નારીઓ પણ અધર્મી જ થઈ. ૩૯. તે બધા અદેવો અધર્મમય યજ્ઞ કરનારા થયા. તેથી આજ સુધી અધર્મમય યજ્ઞની તેમની રીત ચાલી આવે છે. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોદશ પૂરમાં 'સત્સંગની સર્વશ્રેષ્ઠતા અને કાઠીઓની યજ્ઞ માટે વિનંતી' એ નામે છાસઠમો તરંગ સમાપ્ત ॥૬૬॥



પૂર તેરમું : તરંગ - ૬૭

જેતલપુરમાં યજ્ઞ કરવો, એવી સંતોની સલાહ

શ્રીસહજાનંદસ્વામી શ્રીહરિએ જે વાત કહી તેમાંથી સદ્ગુરુ મુક્તાનંદસ્વામી તો લેશમાત્ર જ વાત કહે છે. ૧. શ્રીહરિની એક લવમાત્ર વાત પણ ક્યાંય મળે નહિ. તે સિવાયની અન્ય વાતો તો ઠેકઠેકાણે હોય. ૨. ધર્મપુત્ર શ્રીહરિના આશ્રિત એવા જે સંતો અને હરિભક્તો છે તેમને માટે

આ વાત અધિક મહત્ત્વની છે. ૩. શ્રીહરિએ કહ્યું, 'જે વેદ અને પુરાણો છે તે જ વર્ણાશ્રમની વ્યવસ્થાને રાખી રહ્યા છે. તે વેદ અને પુરાણો સિવાયના જે પુસ્તકોની વાતો છે તે તો અંત્યજ-ચાંડાલ સુધી બધાને એકરસ કરી રહ્યા છે. ૪. આપણું આ શરીર એક છે. અને તેમાં બધાં અંગો ભિન્ન ભિન્ન છે. સહુની કાર્યશક્તિ કે પદ્ધતિ જુદી જુદી છે. ક્યાંય એક રીત મળતી નથી. ૫.

આંખનું કામ કાન કરી શકે નહિ અને કાનનું કામ આંખોથી થઈ શકે નહિ. મુખનું કામ નાકથી ક્યારેય થઈ શકતું નથી. ૬. વિવિધ પ્રકારના જે રસ છે, તેનું જ્ઞાન એક જીભ સિવાય અન્ય કોઈ ઇંદ્રિય જાણી શકે નહિ અને દાંતનું કામ તો દાંતોથી જ થાય છે. સ્પર્શનું કાર્ય ત્વચાથી લેવાય છે. ૭. હાથનું કામ હાથથી થાય છે. એમ જ્ઞાની મનુષ્ય વિવેક દૃષ્ટિથી જુએ છે. પણ અજ્ઞાનીને આવી વાત ક્યારેય સમજમાં આવતી નથી. ૮. સમજાયા સિવાય વાતમાં રસ પડતો નથી અને રસ પડ્યા વિના તેમાં ક્યારેય રુચિ ઊપજતી નથી. પરમેશ્વરે જીવ માટે જે મર્યાદા-શક્તિ બાંધી છે તેને કોઈ ઉલટાવી શકતું નથી. ૯. વિશ્વામિત્ર બહુ ભારે સમર્થ થયા હતા. તેણે સૃષ્ટિની જુદી જ રીત કરી. ત્યારે બ્રહ્માએ આવીને તેમને રોક્યા. વિચક્ષણ વિશ્વામિત્રે તેમનું વચન માન્યું. ૧૦. ભગવાનનાં આજ્ઞા-વચનથી બ્રહ્માએ મરીચિ આદિ પ્રજાપતિઓને જ્યારે જન્મ આપ્યો અને મરીચિ આદિક ઋષિઓએ તે રીતે જ કશ્યપ પ્રજાપતિ આદિને જન્મ આપ્યો. ૧૧. કશ્યપ આદિક પ્રજાપતિઓએ તેમના એક એક પૂર્વજોની આજ્ઞા પ્રમાણે પ્રજાની ઉત્પત્તિ કરી અને જેઓ એક એક પૂર્વજોના આજ્ઞા-વચન સિવાય જો કોઈ વધારે કે વિરુદ્ધ પ્રજાને ઉપજાવવા પ્રયત્ન કરતા હતા ત્યારે, ૧૨.

✵ નિયમ ભંગ કરે તેને દુઃખ આવે :

ભગવાનની ઈચ્છા જાણીને બ્રહ્મા તેને રોકી દેતા હતા. સહુ બ્રહ્માએ કહેલા નિયમ પ્રમાણે ચાલવાનો સંબંધ રાખતા હતા. ૧૩. પૂર્વાપર નજર કરીને જુઓ તો બ્રહ્માંડમાં સ્થાવર, જંગમ સર્વે સૃષ્ટિ એકેએક નિયમ વિનાની નથી. ૧૪. **નિયમોનું ઉલ્લંઘન કરીને જે જેટલો વધારે આગળ ચાલે છે તે તેમાં તેટલો દુઃખ પામે છે. એ બાબતમાં ક્યારેય એક તલભાર પણ ખોટું**

નથી. ૧૫. તેમાં કેટલીક વાત તરત દેખાય છે અને કેટલીક તરત દેખવામાં આવતી નથી. આ ચોક્કસ વાત છે. પણ બુદ્ધિ વિના તે દેખાતું નથી. ૧૬.

અહિંસામય યજ્ઞોને અમે સર્વોપરી માનીએ છીએ. પણ જેમને હિંસામાં રુચિ હોય તેવા વિપ્રો અને રાજાઓ પણ છે. ૧૭. તેમને એવા અહિંસામય યજ્ઞ રુચતા નથી. એટલે તેઓ જે અહિંસામય યજ્ઞ કરે છે તેનો દ્રોહ કરે છે. જે દેવીના ઉપાસકો છે તેમણે દેવી ભાગવત બનાવ્યું છે. ૧૮. સનાતન વ્યાસ ભગવાને શ્રીમદ્‌ભાગવત કર્યું નથી; એવું તેઓ બોલે છે. ઉપબોપ (બોપદેવ) નામે જે બ્રાહ્મણ હતા તેણે વ્યાસના નામથી આ ભાગવત કર્યું છે. ૧૯. જે દેવીના ભક્તો છે તેઓ આવી વાતો કરે છે. જેમને સત્યની ખબર નથી એવાં ઘણાં નર-નારીઓ હોય છે. ૨૦. તેવા લોકોને તે પાપી શક્તિપંથીઓ કુમાર્ગે ચઢાવી દે છે અને સન્માર્ગને તોડી નાખે છે.' એટલી વાત શ્રીહરિએ કરી.

ત્યારે બધા હરિભક્તોએ શ્રીહરિને કહ્યું, કોઈ પણ માણસ પરમેશ્વર કરતાં વધારે સમર્થ નથી. ૨૧. પરમેશ્વરે ધારેલા માર્ગનો જે લોપ કરે છે, તેમનો વિનાશ તરત જ થઈ જાય છે. હિરણ્યકશિપુ બહુ મોટો રાજા થયો હતો. તે ઈંદ્ર કરતાં પણ વધારે બળવાન અને અજોડ હતો. ૨૨. તેણે ભક્ત પ્રહ્લાદનો દ્રોહ કર્યો, તો તેના પરિણામે તેનું અચાનક મૃત્યુ થયું. તેના ભાઈ હિરણ્યાક્ષે ભૂમિનું અપહરણ કર્યું હતું તો તરત જ તેના પ્રાણ નીકળી ગયા. ૨૩. રાવણ અને કુંભકર્ણ જેવા અત્યારે કોઈ રાજા નથી. જો રાવણે સીતાનું અપહરણ કર્યું, તો તે બધાનો વિનાશ થયો. કાંઈ વાર લાગી નહિ. ૨૪.

પૂતના, તૃણાવર્ત અને શક્ટાસુર વગેરે અપાર અસુરોએ શ્રીકૃષ્ણ ભગવાનનો દ્રોહ કર્યો, તો તેઓ બધા જ મરી ગયા. કાંઈ વાર લાગી નહિ. ૨૫. રાજા કંસ, શિશુપાળ, દંતવક્ર, શાલ્વ, બાણાસુર અને જરાસંધ, એ બધા અસુરોને શ્રીકૃષ્ણે એક લવમાત્રમાં મારી નાખ્યા હતા. ૨૬. ભગવાન પરશુરામે મહાન બળવાન રાજા સહસ્રાર્જુનને તત્કાળ જ મારી નાખ્યો હતો. ૨૭. ત્યારે શ્રીહરિએ તે બધા કાઠી દરબારોને કહ્યું, 'અમે તો સાધુનો માર્ગ લીધો છે. કોઈપણ મનુષ્યનો ઉદ્ધાર થાય એવો જ વિચાર અમે કરતા હોઈએ છીએ. ૨૮.

❋ સાધુતાને નજરમાં રાખીએ છીએ :

चोपाई :

ग्रंथ में शुभ गुन लिखे अपारा, जाकी रुचि ग्रहत कर प्यारा;
साधुता में गुन देखत सबहू, इनसे अधिक देखत न कबहू...२९
साधुता विन गुन अपारा, देखे में हमकु आत नकारा;
जो जो काम करत हम जेतो, साधुता जो रखीके तेतो...३०

શાસ્ત્રમાં તો અપાર શુભ ગુણ લખ્યા હોય છે. તેમાં જેની જેવી રુચિ હોય તે પ્રમાણે તેઓ તેવા ગુણોનું પ્રેમથી ગ્રહણ કરે છે, સાધુતામાં બધા જ ગુણ દેખાય છે. સાધુતાથી વધારે અમે કોઈ ગુણને ક્યારેય દેખતા નથી. ૨૯. સાધુતા સિવાયના બીજા ઘણા ગુણો છે તે બધા અમને નઠારા દેખાય છે. અમે જે જે કામ કરીએ છીએ તે બધું સાધુતા રાખીને જ કરીએ છીએ. ૩૦.

જે વિપ્રો અને મોટા રાજાઓ કહેવાય છે, તે બધાને હિંસા પ્રિય છે, હવે તેઓ રાજી થાય કે ન થાય, અમે એક યજ્ઞ અવશ્ય કરશું. ૩૧. જ્યાં આ સંતો કહે ત્યાં યજ્ઞ કરીએ. તમને જે રુચતું હોય તે ગામ કહો.' ત્યારે સંતોએ કહ્યું, જેતલપુરનાં જેવું કોઈ ગામ દેખાતું નથી. ૩૨. મહેલનો વિશાળ કિલ્લો છે ત્યાં ક્યારેય ઉદ્વેગ થાય નહિ. આપે પહેલો જે યજ્ઞ કર્યો હતો તે કેટલો સરસ નિર્વિઘ્ન પૂરો થયો હતો. ૩૩. ડભાણના યજ્ઞમાં થોડો ઉદ્વેગ થયો હતો, પણ આપે તરત જ તે ઉદ્વેગને ટાળી દીધો હતો. આપે તેમાં અપાર સામર્થ્ય બતાવ્યું હતું અને તે યજ્ઞને નિર્વિઘ્નપણે પૂરો કર્યો હતો. ૩૪. **આખા બ્રહ્માંડના જીવોની જીવનદોરી આપના હાથમાં છે. જે કોઈ આપનું ધાર્યું ઉત્થાપે, તો તે તેના અધિકાર ઉપરથી ફેંકાઈ જાય છે. ૩૫.**

બ્રહ્મા, ભવ અને ઇંદ્રાદિક દેવો પણ આપના ધારેલાં કામમાં આવીને કાંઈક તર્ક-ડખલ કરે, તો તેમને પણ લાંછન લાગે છે, આવી નાના માણસો પણ વાતો કરે છે. ૩૬. આપનાથી વધારે સમર્થ કોણ છે ? અમને એક તો કોઈ બતાવો ? આપ તો જાણીને ક્ષમા રાખો છો અને સાધુભાવ જણાવો છો. ૩૭. આપ જ્યારે સાધુરૂપે પ્રકટ થાઓ છો ત્યારે પૃથ્વી આદિ પંચભૂતોના ક્ષમા આદિ ગુણોને સ્વીકારો છો. તે બાબત પણ ઘણી આશ્ચર્યકારી છે. ૩૮.

અપાર સમર્થ થઈને અપાર જરણા રાખવી, તે સામાન્ય જીવથી થઈ શકે નહિ. જેમ કીડી સામાન્ય જંતુ જ છે. પણ જો તેને છંછેડવામાં આવે, તો તે પણ કરડે જ છે. ૩૯. સ્વયં અંતર્યામી હોવા છતાં સમાજમાં અજાણ્યા થઈને રહેવું, આવું બીજું કોઈ સામર્થ્ય નથી. આ અંગે તો બ્રહ્મા જેવા પણ આંધળા થઈ જાય છે. શું કરવું ? તે તેમને પણ સૂઝતું નથી. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોદશ પૂરમાં 'યજ્ઞ જેતલપુરમાં કરવો એવી સંતોની સલાહ' એ નામે સડસઠમો તરંગ સમાપ્ત ॥૬૭॥



પૂર તેરમું : તરંગ - ૬૮

શ્રીહરિએ જેતલપુરમાં યજ્ઞ કરવાનું ઠરાવ્યું

શ્રીહરિ કાઠિયાવાડમાં યજ્ઞ કરવો હોય, તો કયા ગામમાં કરવો ? આવો વિચાર આવવાથી ઘણા જ સ્નેહપૂર્ણ ભાવથી તે ગામોને સંભારવા લાગ્યા. તે હવે હું કહું છું. ૧. ગઢપુર કાઠિયાવાડમાં મુખ્ય છે. તે સિવાય, કરિયાણા, સરધાર, ખંભાળા, સુખપુર, બોટાદ, નાગડકા, સારીંગપુર, કુંડળ, કારિયાણી, ઝીંઝાવદર, એ બધા ગામ અહીંયાં આસપાસ છે. ૨-૩. વળી, શ્રીહરિને વાળાકાઠીઓનું મુખ્ય સ્થાન જેતપુર ગામ યાદ આવ્યું, સોરઠ પ્રદેશમાં જૂનાગઢ ઘણું સારું છે; એવું સાંભર્યું. ૪. આખા, પીપલાણા, અગત્રાઈ, માણાવદર, એ ગામોને સંભાર્યા પછી હાલાર પ્રદેશનાં ગામોને યાદ કર્યા. જેમ કે, બંધિયા, ગોંડળ, રાજકોટ, મોડા, અલૈયા, ભાદરા, એ પ્રદેશના આ મુખ્ય ગામ ગણાય. ૫-૬.

કચ્છ પ્રદેશનાં ગામોમાં બધાનાં નામ સંભાર્યા. માંડવી, તેરા, અંજાર, માનકૂવા, ભૂજ, આધોઈ અને ધમડકાં વગેરે ગામોને ઘનશ્યામ શ્રીહરિએ યાદ કર્યા. તે પછી ઝાલાવાડમાં હળવદ અને વઢવાણ એ બેને સંભાર્યા. ૭-૮. નળકાંઠા પ્રદેશમાં મખિયાવ(મછિયાવ) ગામને સંભાર્યું, તે પછી દંઢાવ્ય પ્રદેશમાં સત્સંગીઓના ગામોને યાદ કર્યા. તેમાં વિસનગર, વડનગર, ઉનાવા, ઊંઝા અને સિદ્ધપુર વગેરે બધા ગામોને સંભાર્યા. પછી શ્રીહરિ બોલ્યા, બધા

દેશોમાં ચરોતર જેવો કોઈ બીજો દેશ નથી. ૯-૧૦. ચરોતરમાં કેટલાક અમીન પાટીદારો ઘણા જ ઉદાર છે. જે રિદ્ધિ સિદ્ધિ કહેવાય છે, તે બધી ચરોતર દેશમાં સહેજે જ રહી છે. ૧૧. ફળ, ફૂલ બધું જ ગામમાં હોય, જ્યારે જોઈએ ત્યારે તે તરત જ મળે. જાંબુ, રાયણ, આંબા, સીતાફળ, એ બધાં ફળાઉ ઝાડ ચરોતરમાં અપાર હોય છે. ૧૨. ગામે ગામમાં ચંદન અને આસોપાલવના ઝાડ હોય છે. જે જે જાતિના વૃક્ષ હોય તે બધાં સઘન-ઘાટાં જંગલ જેવા હોય છે. ૧૩. ત્યાં વિવિધ જાતિના પંખીઓ હોય છે. તેમ જ વાનર તો ઠેકઠેકાણે હોય જ છે. તે પ્રદેશમાં ક્યાંય ઉદાસીનતા દેખાતી નથી. લોકો બધા કિલ્લોલ કરતા હોય છે. ૧૪.

જેતલપુરવાળો પ્રદેશ ગુજરાતમાં મુખ્ય કહેવાય છે. ભૂમિ બધી રસાળ છે. ફળ, ફૂલ કાયમ પુષ્કળ રહેતા હોય છે. ૧૫. તે પ્રદેશમાં જાત જાતની ડાંગર સારી થાય છે. તે પ્રદેશ અનાજનો બાદશાહ કહેવાય છે. મોટા મોટા રાજાઓ પણ આ ભૂમિને ચાહે છે. બીજો કોઈ પ્રદેશ આના જેવો નથી. ૧૬. જે ધોળકા કહેવાય છે. તેનાથી પૂર્વમાં અને ઉત્તરમાં પાંચ દસ કોશ જેટલો ભૂમિ ભાગ પણ ઘણો જ રસાળ છે. ૧૭. ત્યાં તો ચોતરફ જાત જાતના કેળનાં બાગ હોય છે. તેમાં વિવિધ પ્રકારનાં બીજાં પણ ફળ થાતા હોય છે. સફેદ શેરડીના ખેતરના ખેતર ભર્યા હોય છે. તે તો એટલા બધાં છે કે, તે કેટલાક કહેવા. ૧૮. આ પ્રદેશમાં સાબરમતી નદી વહે છે જેને કિનારે સોહામણું શ્રીપુર શહેર રહ્યું છે. યજ્ઞ કરવા માટે તો તે ગુજરાત અને ચરોતર બંને દેશ વધારે સારા છે. ૧૯. સારા સુશોભિત દેશ વિના યજ્ઞ સોહામણો લાગે નહિ. કરોડો રૂપિયાનો ખર્ચ કરે, પણ જો શોભા ન કરી હોય તો તે ન કર્યા બરાબર છે. શોભામાં જ બધી વાત રહી છે. ૨૦.

આવી વાતો વિચારાતી હતી. બરાબર તે જ વખતે જેતલપુરના પાટીદાર આશજીભાઈ અને જીવનદાસ એ બંને ત્યાં દર્શન કરવા માટે આવ્યા. ત્યારે શ્રીહરિએ તરત જ તેમને પોતાની પાસે બોલાવ્યા. ૨૧. જો તમારા મનમાં ભાવ હોય તો બોલો. અમે જેતલપુરમાં યજ્ઞ કરવાનું નક્કી કરીએ. તમારા ગામમાં મોટો કોટ છે. તેમાં બધો સામાન સારી રીતે સચવાય. ૨૨.

સરોવરને કિનારે મોટો કિલ્લો છે તે માનો, યજ્ઞનો સામાન સાચવવા માટે બનાવ્યો હોય, તેવો છે. સરોવરને કાંઠે મહોલ છે તે સંતોને રહેવા કામ લાગે તેવો છે. ૨૩. ઝાઝા સંતો હોય તો તે બાગમાં ઉતારો કરીને પણ પાછા ત્યાં આવી શકે છે. અને હરિભક્તોના જે સંઘ આવે તે મહોલથી ઉત્તર અને દક્ષિણ તરફ રહી શકે તેમ છે. ૨૪. મહામાસમાં બધા સંતો અને હરિભક્તો આવશે. યજ્ઞની બધી વ્યવસ્થા કરવા માટે અમે થોડા વહેલા આવશું. ૨૫.

આનંદાનંદસ્વામી સુરત થઈને તત્કાળ જેતલપુર આવશે. તેઓ વિશાળ બુદ્ધિવાળા સંત છે. તેઓ જરૂર ત્યાં આવશે. ૨૬. હવે તમે તમારે ગામ જાઓ. તમે જેટલા પાટીદાર છો, તેમાં યજ્ઞમાં જે સતત હાજર રહી શકે તેમ હોય તેમના નામ લખજો. ૨૭. ગામમાં જે અમારી જગ્યા (મઠ-મંદિર જેવું સ્થાન) છે તેમાં અનાજ દળવા માટેનો એક સારો ઘંટ કરાવજો, જે સતત ફરતો રહે અર્થાત્ તેનાથી અનાજ દળાયા કરે. ૨૮. પછી શ્રીહરિએ વિપ્ર નાનાભાઈ ભટ્ટ મેવાડા અને જયાનંદવર્ણી, એ બંનેને બોલાવીને આજ્ઞા કરી, તમે બંને કાર્યકુશળ છો માટે અગાઉ જેતલપુર જાઓ. ૨૯. પછી શ્રીહરિએ કહ્યું, ગોવિંદાનંદસ્વામી પણ તમારી સાથે આવે છે. પછી સહુના નાથ શ્રીહરિએ ગોવિંદાનંદસ્વામીને તેમના કહ્યા પ્રમાણે સાધુઓ આપ્યા. ૩૦.

યજ્ઞમાં જેટલો સામાન જોઈએ તેટલો તમે સુખેથી મગાવજો. હવે ફરીવાર આવો યજ્ઞ કરવો નથી આ છેલ્લો યજ્ઞ છે. ૩૧. અન્નકોટને બીજે દિવસે જ શ્રીહરિએ સંતોને ફરવા જવા માટે રજા આપી. બધાં હરિભક્તોને પણ ઘેર જવાની રજા આપી અને જેતલપુર યજ્ઞમાં આવવાનું નક્કી કર્યું. ૩૨. બધા સંતોને મંડળબાંધી જુદા જુદા દેશોમાં ફરવા જવાનું કહ્યું અને તેમણે ભલામણ કરી કે, હરિભક્તોને જેતલપુરમાં યજ્ઞ થવાનો છે, તેમ વાત કહેજો. ૩૩. **વાત કર્યા વિના કોઈને ખબર પડે નહિ અને સાધુનાં વચનને સહુ વધારે માને. વાત એવી રીતે કરવી કે, સહુને શ્રદ્ધા અપાર વધે. ૩૪. શ્રદ્ધા વિના કોઈ વાત થાતી નથી; એવું જગતમાં દેખાય છે. જ્યારે ઘેર દીકરાના વિવાહ હોય ત્યારે શ્રદ્ધા કેવી હોય છે ? ૩૫.**

બધાં હરિભક્તો વિવાહ કરતાં યજ્ઞને અધિક માને ત્યારે જ ઘી આદિ બધી વસ્તુઓ આપે અને શ્રદ્ધાથી આપે, તે કઠણ ન પડે. ૩૬. 'જેટલા રૂપિયાનું ઘી હરિભક્ત આપશે, તેને તે એક એક રૂપિયે એક એક યજ્ઞનું ફળ મળશે.' આવી વાત કહેવી. ૩૭. હવે ફરી ફરીને યજ્ઞનો આરંભ નહિ કરીએ. જે ધનને અલેખે ખર્ચતા હોય, દુર્વ્યય કરતા હોય તેનો સદ્‌વ્યય કરાવવા કહેવું, તેમાં કઠિન શું છે ? ૩૮. જે પાકા હરિભક્ત હોય તેમને આ ઘીની વાત કહેવી. પણ જે કાચા હોય તેમની આગળ ક્યારેય ઘી બાબતની વાત કહેવી નહી. ૩૯. શ્રીહરિનાં આવા આજ્ઞા-વચનોને માથે ચઢાવીને સંતો દેશેદેશમાં ફરવા ગયા અને બધા હરિભક્તો મનમાં ખૂબ જ પ્રસન્ન હતા તેઓ પોતપોતાને ઘેર ગયા. ૪૦. આ રીતે ગઢપુરમાં અન્નકોટનો ઉત્સવ ઘણો જ અલૌકિક અને મહાન થયો. આ વાતને જે ભાવથી સાંભળશે, તે સંસાર સાગરના પારને પામશે. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોદશ પૂરમાં 'શ્રીહરિએ જેતલપુરમાં યજ્ઞ કરવાનું ઠરાવ્યું' એ નામે અડસઠમો તરંગ સમાપ્ત ॥૬૮॥



॥ संवत् १९१८ ताके वर्षे मागशिर मासे कृष्पपक्षे चतुर्थी शनिवारे श्रीहरिचरित्रामृतसागरे तेरह पूर श्रीवरताल मध्ये संपूर्ण समाप्त भये ॥

(સંવત્ ૧૯૧૮ ના વરસમાં માગશર વદિ ચોથને દિવસ શનિવારે વડતાલમાં આ તેરમું પૂર પૂરું થયું છે.)

ઇતિ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથે ત્રયોદશ પૂર સંપૂર્ણ ॥૧૩॥



શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્

મહામુક્ત સ્વામી શ્રીસિદ્ધાનંદમુનિકૃત

શ્રીહરિચરિત્રામૃતસાગર પૂર - ૧૪

હિંદીનું ગુજરાતી ભાષાંતર

પૂર ચૌદમું : તરંગ - ૧

કવિકૃત મંગલાચરણ અને સીધાં-સામાનની વાત

✵ મંગલાચરણ :

दोहा : श्रीहरिकृष्ण स्वामी के, चरण कमल सुखरूप;
निशदिन धरत हि अंतरे, तेजोमय अनूप...०१

શ્રીહરિકૃષ્ણ શ્રીસહજાનંદસ્વામીના તેજસ્વી, અનુપમ અને સુખરૂપ ચરણકમળને હું રાતદિવસ મારા હૃદયમાં ધારું છું, તેનું ધ્યાન કરું છું. ૧. કેસરયુક્ત ચંદન અને અત્તર, અંગો ઉપર ચરચ્યું છે. ફૂલના હાર બહુ પહેર્યા છે અને પાઘમાં તોરા લટકી રહ્યા છે. ૨. સુખધામ ઘનશ્યામ શ્રીહરિએ કાનોમાં ફૂલના બે ગુચ્છ ધાર્યા છે અને ફૂલના બાજુબંધ ભુજા ઉપર છે તથા ગજરા પણ ધાર્યા છે. ૩. ધર્મકુમારે હાથમાં ફૂલની છડી લીધી છે અને ફૂલના ફૂદડાવાળા ફૂલનાં છોગાં પાઘમાં ધારણ કર્યાં છે. ૪. શ્રીહરિની મૂર્તિ કેસરચંદન અને ફૂલોની શોભામાં ગરકાવ થઈ છે. જે ભક્તજનો દર્શન કરે

છે તેના હૃદયમાં ખૂબ જ પ્રેમભાવ વધી જાય છે. ૫. સમગ્ર બ્રહ્માંડની શોભા મૂર્તિમાં દેખાઈ રહી છે. તેમનું સામર્થ્ય મુખથી કહી શકાતું નથી. તેને કહેતા તો શારદા પણ લજ્જાઈ જાય છે. ૬.

❋ સર્વાવતારીપણાંનું નિરૂપણ :

सोरठा : अवतार भये अपार, अपार चरित्र किन तेहि;
होवहि अब नहि पार, चरित्र करही अपार कर...०७
एसे न चरित्र कीन, करही न चरित्र अस कोउ;
यामें भये सब लीन, एसे भये अवतार यह...०८

અત્યાર સુધીમાં અવતાર ઘણા થઈ ગયા છે, તેમણે ચરિત્રો પણ અપાર કર્યાં છે. હવે પછી પણ અવતાર અપાર થાશે અને તેઓ પણ ચરિત્ર અપાર કરશે; પણ પૂર્વે થયેલા કોઈ અવતારે આવાં ચરિત્ર કર્યાં નથી અને હવે પછી થનારા કોઈ અવતારો આવાં ચરિત્રો કરશે નહીં. કેમ જે, શ્રીહરિનો આ અવતાર એવો થયો છે કે, તેમનાં ચરિત્રોમાં બીજા બધા જ અવતારનાં ચરિત્રો લીન થઈ ગયાં છે. ૭-૮.

હવે હું ચૌદમા પૂરનો આરંભ કરું છું. તે શ્રીહરિ કૃપા કરીને પૂર્ણ કરાવશે. પણ મનમાં વિઘ્નોનો ડર રહ્યા કરે છે. ૯. માટે હે સંતો-હરિભક્તો ! આપ અતિ પ્રબળ સામર્થ્ય-સંપન્ન છો. તેથી હું આપ સહુની પાસે વારંવાર માગતો રહું છું કે, આપ બધાં વિઘ્નોનો તરત જ નાશ કરતા રહેજો. ૧૦. હજી લખ્યા વગરનાં શ્રીહરિનાં જે અપરંપાર ચરિત્ર રહી ગયાં છે, તે બધાં જો કોઈ વિઘ્ન આવશે, તો એક પણ ચરિત્ર લખી શકાશે નહીં. ૧૧. શ્રીગણપતિજી અને શ્રીહનુમાનજીની પણ વિઘ્નોને શાંત કરવા માટે હું પ્રાર્થના કરું છું. એ બેથી અધિક બળવાન કોઈ અન્ય દેવ નથી. વળી તેમને શ્રીહરિચરિત્રોના ઉપર ઘણો પ્રેમભાવ પણ છે. ૧૨.

સંતો, હરિભક્તો અને દેવોની સહાયતાથી ઘણું બળવાન વિઘ્ન પણ દૂર થઈ જાય છે. આપ સહુની સહાયતા વિના ગ્રંથરચનારૂપ મહાન સાગરનો પાર હું ક્યારેય પામી શકું નહીં. ૧૩. આચાર્યો તો મહાભારે સમર્થ છે.

તેઓ જે ધારે તે તરત જ થાય. તેઓ ધારે નહિ ત્યાં સુધી વિઘ્નો બળ કરે. હું તો નિર્બળ છું, એટલે મારું બળ ક્યાં સુધી ચાલે ? ૧૪. નિર્બળ જેને શરણે જાય છે તે બળવાન તેની સહાયતા કરે જ છે. આ જગતમાં નિર્બળનો બધો વ્યવહાર સબળ ચલાવતા હોય છે. ૧૫. સબળ-સમર્થની લેશમાત્ર સહાયતા સિવાય ગ્રંથ થઈ શકે એમ દેખાતું નથી. તે હું આપને બતાવું છું. ગ્રંથ લખવાનું કામ ઘણું મોટું છે, તેને કોઈક જ સુજ્ઞ પુરુષો સમજી શકે છે. ૧૬.

❋ સત્સંગનો પ્રતાપ :

આવાં જેટલાં બ્રહ્માંડો કહેવાય છે તેમાં કોઈ નિર્વિઘ્ન દેખાતું નથી. સમુદ્રમાંથી જે મોતી લાવે છે તેમાં પણ પહેલાં ઘણાં વિઘ્ન તો રહ્યાં જ છે. ૧૭. સ્થાવર કે જંગમ, જે કોઈ પણ દેવતાઓ સુધીનાં શરીર છે, તેમાં કોઈ પણ નિર્વિઘ્ન નથી. એક જીવાત્મા સિવાયના જેટલા નામમાત્ર કહેવાય છે, તે બધા કાળનું ચવાણું જ છે. ૧૮.

ચોપાઈ :

भगवान के भक्त होवत जेहा, सत्संग के प्रताप से एहा;
मायिक तन को करीके त्यागा, अमायिक तन पावत बडभागा...१९

अमायिक वस्तु जेती कहावे, तामें विघ्न कोन बल चलावे;
काल माया जेते बलवाना, अमायिक से अति डरत रहाना...२०

જે ભગવાનના ભક્ત હોય છે, તેઓ સત્સંગના પ્રતાપથી ભાગ્યશાળી થઈને માયિક શરીરનો ત્યાગ કરે છે અને દિવ્ય ભાગવતી તનુને પામે છે. ૧૯. જેટલી અમાયિક એવી દિવ્ય વસ્તુ કહેવાય છે તેમાં વિઘ્ન શું બળ ચલાવે ? કાળ અને માયા બળવાન છે, પણ તે તો દિવ્ય વસ્તુથી તો ઘણાં ડરતાં રહે છે. ૨૦. ભગવાન શ્રીહરિનાં જે ચરિત્ર છે તે બધાં અમાયિક-દિવ્ય છે. તેમાં જે કોઈ વિઘ્ન કરવા આવે, તો તે તત્કાળ જ ભસ્મ થઈ જાય છે. ૨૧. પ્રહ્લાદજીના જેવા જે ભગવાનના દાસ હોય છે તેઓ કોઈ વિઘ્નનો ભય રાખતા નથી. કારણ કે, તેઓ પોતાના આત્મામાં શ્રીહરિની મૂર્તિનો અખંડ નિવાસ રાખે છે. ૨૨.

જે ભક્ત સ્વસ્વરૂપને અવિનાશી માને છે, તેની પાસે કોઈ પણ વિઘ્ન આવતું નથી. એટલે સંતો અને હરિભક્તોની વિશેષ સહાયથી હું હરખભર્યો રાતદિવસ શ્રીહરિચરિત્રોને લખતો રહું છું. ૨૩. આમ સહુની સહાય રહે છે તેથી હું લખ્યા કરું છું. તે લખવા છતાં પણ મને તૃપ્તિ થાતી નથી. હંમેશાં શ્રદ્ધા નવી ને નવી જ રહે છે. તે એક દિવસ પણ જરાય લૂખી પડતી નથી. ૨૪. નાના માણસને મદદ ન મળે તો ક્યારેય શ્રદ્ધા રહે નહીં. તે આવી અલૌકિક સમજણથી ભાવના નવી ને નવી રહે છે. ૨૫. લૌકિક સમજણથી શ્રીહરિનાં અલૌકિક ચરિત્રનો ગ્રંથ થઈ શકે નહીં. ૨૬. એટલા માટે શ્રીહરિનાં ચરિત્રોમાં મને દિન-પ્રતિદિન અધિક અધિક ભાવ જે રીતે રહે, એવું હું વારંવાર માગું છું. ૨૭.

આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજ ઘણા જ સમર્થ છે. તેમનામાં મોક્ષની બુદ્ધિ ઘણી રહી છે. ૨૮. તેમણે સદ્‌ગુરુ શ્રીમુક્તાનંદસ્વામીને ઘણા જ શ્રદ્ધાભાવથી શ્રીહરિનાં ચરિત્ર અંગે પૂછ્યું, શ્રીહરિએ જેતલપુરમાં આવીને મોટો યજ્ઞ કઈ રીતે કર્યો ? ૨૯. શ્રીહરિએ જે રીતે યજ્ઞ કર્યો હતો તે સરસ રીતે વર્ણન કરીને મને કહો. જેને આળસ કે પ્રમાદ રહેતા હોય તેને વર્ણન કરતાં આવડતું નથી. ૩૦. શ્રીહરિનાં ચરિત્રોની વાતમાં જેવો રસ હોય છે તેવો બીજી વાતમાં રસ હોતો નથી. **શ્રીહરિના સંબંધ વિનાની જેટલી વાતો હોય તેમાં હળાહળ ઝેર ભર્યું હોય છે. એમ મોટા મુનિઓ કહે છે.** ૩૧.

❋ ચરિત્ર મહિમા :

कलेश दुःख अपार ही जेता, अवर बात में रहेउ तेता;
अपार अपार ही सुख ही जेतो, हरि के चरित्र में रहे हे तेतो...३२
हरि के चरित्र विन अंतरमांहीं, शांति जियकु कबु होत नाहीं;
साचे संत हरिजन जितना, एसी रीत से वरतत तितना...३३

બીજી બધી વાતોમાં તો અપાર કલેશ અને દુઃખ રહ્યાં છે અને શ્રીહરિનાં ચરિત્રોમાં તો ઘણું ઘણું અપાર સુખ રહ્યું છે. ૩૨. શ્રીહરિનાં ચરિત્રો સિવાય ક્યારેય જીવને શાંતિ થાતી નથી. એટલે જે સાચા સંત અને

હરિભક્તો છે, તેઓ એવી રીતે ચરિત્ર શ્રવણપરાયણ રહે છે. ૩૩. એવા સંતો અને હરિભક્તો સદા શ્રીહરિની નજીક જ છે. હે મુનિવર ! આપની આવી રીત બધા જ ભક્તોને અતિ પ્રિય લાગે છે. ૩૪. શ્રીહરિના આ અવતારનાં જે ચરિત્રો છે તે અમને કૃપા કરીને કહો. શ્રીહરિનાં જેટલાં ચરિત્ર છે, તે બધાં અમે દેખ્યાં સાંભળ્યાં નથી. ૩૫. સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામીને શ્રીહરિના દત્તપુત્ર ઉપર દાદા ખાચરના કરતાં પણ વધારે પ્રેમ હતો, તેથી તેઓ તેમને શ્રીહરિનાં ચરિત્ર કહેવા લાગ્યા. ૩૬.

ગઢપુરમાં સહુ સંતોને શ્રીહરિએ જે વાત કહી, તે વાત મુક્તાનંદસ્વામી કરે છે. તે હવે હું તમને સાક્ષાત્ કહું છું. ૩૭. વિપ્ર નાનાભાઈ જેતલપુર આવ્યા અને ગોવિંદસ્વામીને મળ્યા. તેમણે બધી વાત ગોવિંદસ્વામીને કહી કે, ૩૮. સ્વામી, હવે તમે જલ્દી દસ હજાર મણ ઘઉં મગાવી લો. તેમાં વિલંબ ન કરશો અને તેને હિસાબે ઘી પણ મંગાવો. ૩૯. તે પ્રમાણે જ ગોળ મંગાવો. સારા ચોખા અને સરસ દાળ પણ મંગાવી લો. જરૂર પૂરતાં વાસણ, બળતણનાં લાકડાં અને ઘાસના મોટા ઢગલા કરાવી દો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'કવિકૃત મંગલાચરણ અને સીધાં-સામાનની વાત' એ નામે પહેલો તરંગ સમાપ્ત ।।૧।।



પૂર ચૌદમું : તરંગ - ૨

જેતલપુરના યજ્ઞમાં વિપ્રો ચોતરફથી આવ્યા

વિપ્ર નાનાભાઈ ભટ્ટની આવી અદ્‌ભુત વાત સાંભળીને ગોવિંદાનંદસ્વામી હસવા લાગ્યા, ધન અને કામ કરનારા માણસ વિના યજ્ઞ કેમ કરવો ? ૧. અમે જેટલા સત્સંગમાં સંતો છીએ, તેઓ ધનથી તો અત્યંત દૂર રહીએ છીએ, એટલે યજ્ઞની વાત કેમ થાય ? ૨.

ત્યારે વિપ્ર નાનાભાઈએ ગોવિંદાનંદસ્વામીને કહ્યું, અમે જે હરિભક્ત છીએ તે બધા ધન આપવા તો બંધાયેલા જ છીએ. ૩. યજ્ઞ કરવામાં જેટલો

ધનનો ખર્ચ થાશે, અમે બધા હરિભક્તો તેટલું ધન શ્રદ્ધાભાવથી આપશું. ૪. તમે સંતો જ્યાં સુધી ધન નહિ રાખો અને સ્ત્રીથી જ્યાં સુધી દૂર રહેશો ત્યાં સુધી અમે ગૃહસ્થ હરિભક્તો બધા આપ સંતોના ઉપર અત્યંત ભાવના રાખીએ છીએ. ૫. ત્યાગી સંતોના ઉપર જેવો ભાવ રહે છે, તેવો બીજા સંત ઉપર ભાવ રહેતો નથી. પ્રકટ શ્રીહરિનો જેને જોગ ન હોય એવા ગમે તેવા ત્યાગી હોય, ૬.

✳ સત્સંગમાં શ્રીહરિ પ્રગટ :

તેના ઉપર સત્સંગના હરિભક્તો ભાવ રાખતા નથી. જેમને શ્રીહરિના ઉપર પ્રેમભાવ છે, જે સાચા ત્યાગી સંત છે, એવા બીજા કોઈ ત્યાગી સમર્થ કહેવાતા નથી. ૭. **સાચા સંત મનમાં જેટલા સંકલ્પ કરે છે તેને વિશ્વંભર પરમાત્મા પૂર્ણ કરી દે છે. વિશ્વંભર પરમાત્માને તે પૂરું કરવામાં જરાય પ્રયાસ પડતો નથી. તે પરમાત્માનો સંકલ્પ નાશ પામતો નથી. ૮.**

ચોપાઈ :

हरि को संकल्प करे नाश हि जेहा, समर्थ अति घटि जात हि तेहा;
भव ब्रह्मा सम समर्थ जेही, हरिदास होई वरतत तेही...०९
हरिसम समर्थ कोउ न कहावे, सत्संग में सो आज रहावे;
सो कहे तिमि अपने करना, अपनो डापण सब परहरना...१०

ભગવાનના સંકલ્પનો જે ભંગ કરે છે તે ચાહે તેવો મોટો હોય, તોપણ તે અતિશય ઘટી જાય છે. ભવ અને બ્રહ્મા જેવા સમર્થ દેવો પણ ભગવાનની આગળ તો દાસ થઈને રહે છે. ૯. ભગવાન શ્રીહરિના સમાન અન્ય કોઈ સમર્થ કહેવાતા નથી. તે ભગવાન આજે સત્સંગમાં પ્રત્યક્ષ રહ્યા છે. તેઓ જેમ કહે તેમ આપણે કરવાનું છે અને પોતાનું બધું ડહાપણ છોડી દેવાનું છે. ૧૦. વિપ્રવર નાનાભાઈની વાત સાંભળીને ગોવિંદાનંદસ્વામીના દિલમાં અત્યંત સુખ-શાંતિ થઈ. પછી આસપાસનાં ગામોમાં જે સંતો હતા તેમને તથા અત્યંત શ્રદ્ધાવાળા જે હરિભક્તો હતા તેમને જેતલપુર બોલાવ્યા. બીજી બાજુ શ્રીહરિ સોરઠમાં ફરતા હતા. તે ત્યાંથી જેતલપુર આવ્યા અને

પોતાની સાથે જે હરિભક્ત કાઠી દરબારો હતા તે બધાને પણ સાથે લેતા આવ્યા. ૧૧-૧૨. શ્રીહરિના ઉપર અતિશય ભક્તિભાવવાળા જેતલપુરના જે પાટીદારો હતા તે બધા શ્રીહરિની સન્મુખ આવ્યા. ૧૩. સહુ શ્રીહરિનાં ચરણોમાં પડ્યા. બે હાથ જોડીને બોલ્યા, કૃપાનાથ ! આપ દયા કરીને અહીં ભલે પધાર્યા. ૧૪. ત્યારે શ્રીહરિ બોલ્યા, તમારો સહુનો ભાવ દેખીને અમે અહીંયાં યજ્ઞ કરવા આવ્યા છીએ. તે યજ્ઞ ભાવના વિના ક્યારેય થાય નહીં. ૧૫. ત્યારે બધા પાટીદારો હાથ જોડીને બોલ્યા, અમને બધાને આપના ઉપર ખૂબ જ પ્રેમભાવ છે. ૧૬.

આવું સહુએ કહ્યું. તે પછી વિવિધ પ્રકારનાં વાજિંત્રો વગડાવીને ઘણા જ હેતથી શ્રીહરિને જેતલપુર ગામમાં પધરાવ્યા અને બધા શ્રીહરિની સેવામાં હજૂર રહ્યા. ૧૭. શ્રીહરિ પોતાના મંદિરમાં (જગ્યામાં) ઊતર્યા અને બધા સંતોને મહોલમાં અને બગીચામાં ઉતાર્યા. જેટલી કોટની જગ્યા હતી તે બધી શ્રીહરિએ સાફ કરાવી. ૧૮. યજ્ઞનો જે સામાન આવતો, તે બધો ત્યાં ઉતરાવતા હતા. જે સંતો, વર્ણીઓ, પાર્ષદો અને હરિભક્તો તે સમયે ત્યાં આવ્યા હતા, ૧૯. તે બધાને શ્રીહરિએ જે જે કામ કરવાનું હતું તે સોંપી દીધું. અને તે બધા પણ તે તે કામને તત્પરતાથી કરવા લાગ્યા. કારણ કે તે એકે એકને તે કામમાં ઘણું મમત્વ હતું. ૨૦. શ્રીહરિ સહુને પ્રેમથી બોલાવતા અને પ્રસાદીના ફૂલહાર આપતા હતા. મયારામ ભટ્ટની પાસે નામું લખનારા કેટલાક સેવકો રાખ્યા હતા. ૨૧. નામું લખનારામાં મૂળજી શેઠ મુખ્ય હતા. જે વસ્તુમાં જેટલા ધનનો ખર્ચ થયો હોય તે બધું નામાના ચોપડે લખતા હતા. ૨૨.

વિક્રમ સંવત્ અઢારસો ને સડસઠ ૧૮૬૭ નું વરસ હતું. પોષ માસ કૃષ્ણપક્ષ અને પાંચમની તિથિએ યજ્ઞનો આરંભ કરાવ્યો હતો. ૨૩. બાદશાહી મહોલ અને જેતલપુર ગામ, એ બેની વચ્ચે વડની છાંયાવાળો ચોક હતો. સારી રીતે વિચાર કરીને તે વડની પાસે જ એક સારો અદ્‌ભુત યજ્ઞમંડપ કરાવ્યો. ૨૪. મંડપમાં અપાર શોભા કરી. વેદમાં કહેલા વિધિ પ્રમાણે અપાર વિપ્રોને બોલાવ્યા. તે કહેતા તેનો પાર આવતો નથી. ૨૫. યજ્ઞની ક્રિયામાં જે કુશળ વિપ્રો હતા. તે બધાને ગણી ગણીને યજ્ઞમાં રાખ્યા. ૨૬.

ઉમરેઠ ગામના હરિભાઈ શુક્લ નામે ખેડાવાળ વિપ્ર ઘણા સારા સત્સંગી હતા. ૨૭. એક વિષ્ણુદત્ત શુક્લ અને બીજા કૃપારામ શુક્લ, એ બેને પણ યજ્ઞ કરવા માટે બેસાડ્યા. ૨૮. હળવદ ગામમાં અપાર વિપ્રો હતા, તેમાં જે હરિભક્તો હતા તે બધા આવ્યા હતા. તેમાંથી કેટલાક હરિભક્ત વિપ્રો યજ્ઞની ક્રિયામાં કુશળ હતા. ૨૯. તેમનાં નામ હવે કહું છું. શિવા જાની અને શંભુરામ શુક્લ, અને શ્રીનગર-અમદાવાદના વેદિયા વિપ્ર હિંમતરામ નાગર હતા. ૩૦. બે હરિભાઈ નાગર હતા અને સોમનાથ નામે કાછિયા હતા. ૩૧. અંબારામ અને મોટા નથુભાઈ અને નાનાભાઈ ભટ્ટ યજમાન થયા હતા. પીપલાણા, આખા, અગત્રાઈ અને માણાવદરના વિપ્ર આવ્યા હતા. ૩૨. તેમાં ગોવિંદરામજી નાગર મુખ્ય હતા. એ બધા હરિભક્ત વિપ્ર યજ્ઞને સમયે આવ્યા. વળી આમોદ ગામના વિપ્ર લક્ષ્મીનાથ અને દીનાનાથ, એ બે ભાઈ સારા હરિભક્ત હતા. તેઓ પણ આવીને યજ્ઞમાં બેઠા. ડભાણ ગામના વિપ્ર મયારામભાઈ આદિક હતા. ૩૩-૩૪.

વડનગરના વિપ્રો અને વીસનગરના વિપ્રો યજ્ઞમાં આવ્યા. તે રીતે જ સિદ્ધપુરના સારા વિદ્વાન વિપ્રો પણ યજ્ઞમાં આવ્યા. ૩૫. વીરમગામના મોટા વિદ્વાન આશારામ શાસ્ત્રી તથા શ્રીનગર(અમદાવાદ)ના ઘણા સારા વિદ્વાન નરભેરામ શાસ્ત્રી પણ યજ્ઞમાં આવીને બેઠા. ૩૬. બીજા પણ શાસ્ત્રીઓ પુરુષોત્તમ ભટ્ટ આદિ અને ભુજના પ્રાગજી દવે તથા તેમના ભાઈ વગેરે યજ્ઞમાં આવ્યા. ૩૭. વઢવાણના તુલસી દવે, બહેચરજી, દેવકૃષ્ણભાઈ, લાધારામ ઠાકર વગેરે વિપ્રો આવ્યા. ૩૮. બીજા પણ ગામોના અને શહેરોના અનંત વિપ્રો આવ્યા, જે બધાનાં નામ ઠામ વગેરે લખી શકાતું નથી. એટલે કહું છું કે અપાર વિપ્રો આવ્યા હતા. ૩૯. સવા લાખ જેટલા વિપ્રો રોજ લાડુ બનાવીને જમતા હતા. આ શ્રીહરિના યજ્ઞની અત્યંત આશ્ચર્યકારી વાત સહુએ નજર સમક્ષ દેખી હતી. ૪૦. સરોવરમાં જેટલું પાણી હતું તેટલું તો શ્રીહરિએ ઘી મગાવ્યું હતું. તે સાંભળીને મોટા રાજાને પણ ધીરજ ન રહી. પણ શ્રીહરિએ ઘણા જ આદરભાવથી બધા વિપ્રોને જમાડ્યા હતા. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'જેતલપુરના યજ્ઞમાં ચોતરફથી વિપ્રો આવ્યા' એ નામે બીજો તરંગ સમાપ્ત ॥૨॥

પૂર ચૌદમું : તરંગ - ૩

યજ્ઞનો ભંગ કરવા આસુરી સૈન્ય તૈયાર થયું

યજ્ઞમાં ઘી હોમવા માટે તાંબાનાં પરનાળાં કરાવ્યાં. તેને ચાર દિશાઓમાં ગોઠવ્યાં અને તેની અખંડ મતવાલી ધારાઓ ચાલુ રહેતી હતી. ૧. યજ્ઞમંડપની ઉપર સુવર્ણનો કળશ ચઢાવ્યો હતો. યજ્ઞનો નવીન પ્રકારનો ધ્વજ પણ ઊંચે આકાશમાં શોભી રહ્યો હતો. ૨. બ્રહ્મા, ભવ, દેવરાજ ઇંદ્ર વગેરે દેવોનો જે સમાજ અને વ્યાસમુનિ ઈત્યાદિ ઋષિઓનો સમાજ યજ્ઞમાં આવ્યો હતો. ૩. પ્રહ્લાદજી અને બલિરાજા આવ્યા. બધા લોકપાળો પણ આવ્યા. આકાશમાં વિમાનો ક્યાંય સમાતાં નહીં. અનેક પ્રકારનાં વાજિંત્રો વાગતાં હતાં. ૪. ચારે વર્ણના જે હરિભક્તો હતા, તેઓ બાઈ ભાઈ બધાં જ રથમાં અને અશ્વ ઉપર બેસીને આવ્યાં. તેનો ગણતા ક્યાંય પાર આવતો નહીં. ૫.

શ્રીહરિનાં ચરિત્ર અમૃત કરતાયે રસાળ હતાં. તે વિશાળ ચરિત્રોને ભક્તજનો રાત-દિવસ ગાતા રહેતા. જેટલો સુખ અને રસ કહેવાય છે તે બધો શ્રીહરિના ચરિત્રગાનમાં જ સહુ માનતા હતા. ૬. હરિભક્તો શ્રીહરિની સેવા કરવામાં જ પરમ લાભ માનતા. જેને સેવાનો જેવો અધિકાર હતો તે પ્રમાણે સહુ ઘણા જ પ્રેમથી સેવા કરતા હતા. ૭. ગૃહસ્થોને વિવાહના પ્રસંગોમાં જેવો ઘણો ઉત્સાહ હોય તેના કરતાં પણ શ્રીહરિની સેવામાં ઉત્સાહ વધારે હતો. તે હરિભક્તો એક એકથી અધિક સેવા કરતા હતા. ૮. **એક એકથી સેવા અધિક કરતાં પણ કોઈ કોઈનો વાદ લેતા નહીં.** શ્રીહરિ તે હરિભક્તોના ભક્તિભાવને દેખતા હતા અને તે જોઈને રોજબરોજ ઘણા પ્રસન્ન રહેતા હતા. ૯. જે બાઈ ભાઈ હરિભક્તો સેવામાં જોડાયેલાં હતાં, તેમને શ્રીહરિ નિત્ય સંભારીને પ્રેમથી જમાડતા. ૧૦.

❋ શ્રીહરિ પરસ્પર હેત વધારતા :

શ્રીહરિ ભક્તોની આગળ નિત્ય એવી વાત કહેતા કે જેથી હરિભક્તોને પરસ્પર હેત વધે. એકેએક ગામના હરિભક્તોમાં ક્યાંય પરસ્પર વૈર-અણબનાવ ન થાય તેવી વાતો કરતા. અને સહેજે ક્યાંય અણબનાવ જેવું થવાની શક્યતા હોય તે પહેલાં જ તે વૈરના મૂળને ઉખેડી નાખતા હતા. ૧૧. શ્રીહરિ વરસ દિવસમાં વારંવાર ઉત્સવ કરતા. તેમાં હરિભક્તો આવતા પણ તેમાં તે ભક્તોને ક્યારેય પરસ્પર કલેશ-કંકાસ થાય નહીં તેનું ખાસ ધ્યાન રાખતા. ૧૨.

दोहा : सत्संग करत करत ही, हरिजन कु जेहि वार;
परस्पर होत कुहेत ही, हरि दूर होत ते वार...१३
हरि जब दूर होत जेहि, कुसंग तेहि सुहात;
कुहेत से एसे होत हे, हरिजन डरत रहात...१४

સત્સંગ કરતા કરતા પણ હરિભક્તોમાં જ્યારે પરસ્પર કાંઈ અણબનાવ (કુહેત) જેવું થઈ જાય ત્યારે ભગવાન તો ત્યાંથી દૂર થઈ જાય છે. ૧૩. અને જ્યારે ભગવાન દૂર થઈ જાય ત્યારે તે વ્યક્તિને કુસંગ ગમવા લાગે છે. કુહેતથી આવું થઈ જાય છે, એટલે કુહેત ન થઈ જાય, એમ હરિભક્તો ડરતા રહેતા હતા. ૧૪.

सोरठा : जिनसे होय कुहेत, एसी जो जो बात जेहि;
आगेसुँ देख लेत, संत हरिजन सो अधिक...१५
संत रु हरिजन होइ, कुहेत एसी जो बात करत;
कुसंग अति हे सोइ, अंधजन कु न देख परत...१६

જેને લીધે કુહેત થાય એવી જે જે બાબતો હોય તેને પહેલેથી જ જે સંતો અને હરિભક્તો જાણી લે, તે સંતો-ભક્તોમાં શ્રેષ્ઠ છે. ૧૫. સંત અને હરિભક્ત થઈને કુહેત થાય એવી વાત કરે તે અતિશય કુસંગ છે; પણ તે કુસંગ જે અંધ હોય તેને દેખાય નહીં. ૧૬. જેમ સમાજમાં જેટલા માણસ હોય છે તે બધા નાડી ચિકિત્સક વૈદ્ય નથી હોતા અને ઝવેરી પણ કોઈક જ હોય છે. જેટલા

માણસ હોય તે બધા ઝવેરાતને પારખી શકે નહિ, તેમ બધા અરસપરસ કુહેત થાય તેવું બોલવારૂપ મહાકુસંગને પણ ઓળખી શકતા નથી. ૧૭. માનવ શરીર પણ પરાધીન છે. તે કાયમ એક સરખું રહેતું નથી. તેમાં અનેક પ્રકારનાં વિઘ્ન આવતાં હોય છે. શરીર તો વિવિધ પ્રકારનાં દુઃખોનો ભરેલો કૂવો છે. ૧૮.

❋ શ્રીહરિનું તાન :

તેમાં જે સત્સંગ રાખે છે તે બધા ખરેખર ધન્ય ભાગ્યશાળી છે. એમ **મુશ્કેલીમાં પણ જે સત્સંગ રાખે છે, ભગવાન તેની નજીક રહે છે.** એમ શ્રીહરિ વાતો કરતા હતા. ૧૯. શ્રીહરિના યજ્ઞમાં જે કોઈ આવતા, તે બધાનો મોક્ષ શ્રીહરિ કરતા હતા. આવો યજ્ઞ કરવામાં પણ 'સહુનો મોક્ષ કરવો.' આ એક જ તાન શ્રીહરિને રહેતું હતું. ૨૦. જે માયાના જીવ હોય તે શ્રીહરિની વાતના મર્મને સમજતા નહીં. જેની જેવી બુદ્ધિ હોય તેવું તેઓ સમજતા. જે મોટા મોટા રાજા કહેવાતા હતા તથા જેને રાજાનું રક્ષણ હતું, ૨૧. તેમને આ યજ્ઞમાં પધારવા આમંત્રણ આપ્યું, ત્યારે તેમના સંગીઓએ તેમને ઊલટું સમજાવ્યું. તેથી તેમણે સત્સંગનો દ્રોહ કરવાનું ધાર્યું, છતાં શ્રીહરિએ ઘણી ક્ષમા રાખી. ૨૨.

શ્રીહરિ તે બાબતે શોક કરવા લાગ્યા કે, તેમને અતિશય દુઃખ આવવાનું છે. પાસે રહેલા દેશનો જે રાજા હતો (અમદાવાદનો સૂબા) તેમાં દૈત્યે પ્રવેશ કર્યો. ૨૩. સર્વાન્તર્યામી શ્રીહરિએ તે બાબતે જાણી લીધું. તેથી સુખદાયક પ્રભુએ યજ્ઞ સમાપ્ત કરી દીધો. પોષ વદિ પાંચમનો દિવસ હતો બધા જ વિપ્રોને તે વખતે દાન દેવડાવ્યાં. ૨૪. જે વિપ્રો આવ્યા હતા તેમણે જયજયકાર બોલાવ્યો. શ્રીહરિએ અદ્‌ભુત યજ્ઞ કર્યો અને દેવતાઓએ પણ તેની પ્રશંસા કરી. ૨૫. યજ્ઞનો ઘણો જ જોરદાર જે આરંભ થયો, તેને દેખીને અસુરો રોષે ભરાયા અને અવળું બોલવા લાગ્યા. ૨૬.

તે વખતે ત્યાં એક બચ્ચા જમાદાર નામે મુસલમાન હતો. તેમાં તત્કાળ દેવતાઓએ પ્રવેશ કર્યો. ૨૭. દેશના અધિપતિ સૂબામાં જ્યારે અસુરોએ પ્રવેશ કર્યો ત્યારે તે સૂબા બોલ્યા, જાઓ, અત્યારે જ યજ્ઞને બંધ કરાવો.

યજ્ઞનો ભંગ કરો. ૨૮. આસુરી સૂબાના જે સાથીદારો હતા તેઓ તે સાંભળીને ઘણું પ્રસન્ન થયા. તેમણે સૂબાને કહ્યું, અમે અત્યારે જ જઈએ છીએ અને યજ્ઞમાં ભંગાણ પાડીએ છીએ. ૨૯. અમે સ્વામિનારાયણને તમારી પાસે લઈ આવશું. તેનાં બધાં તોફાનો બંધ થઈ જાશે. તે દારૂ, માંસ, ચોરી અને વ્યભિચારને છોડાવે છે. ૩૦.

કળિયુગમાં ધર્મનું સ્થાપન કરવા લાગ્યા છે. તેના જેવું બીજું કોઈ મોટું પાપ નથી. તે અહીંયાં આવે ત્યારે તમે તેને શિક્ષા કરજો. તે ઉન્મત્ત થઈને ચાલે તો તેનાથી ડરશો નહીં. ૩૧. તમને પૂછ્યા વિના જે યજ્ઞ કરે તેને અમે ઉન્મત્ત કહીએ છીએ. તેણે જ્યારે જ્યારે યજ્ઞ કર્યા છે ત્યારે ત્યારે ઘણા મોટા મોટાઓનું મૃત્યુ થયું છે. ૩૨. આ વખતે યજ્ઞ પૂરો થાશે તો તમારું જ મોત છે. અમે તમને કહી દીધું. હવે અમારો દોષ નહીં. ત્યારે ત્યાં ઊભેલો બુદ્ધિમાન બચ્ચા જમાદાર સૂબાની આગળ બોલ્યો. ૩૩. જે સ્વામિનારાયણ કહેવાય છે, તેઓ અહીંયાં આવ્યા હતા ત્યારે મેં તેમને જોયા છે. હું તેમને સારી રીતે ઓળખું છું, એટલે અત્યારે તમારી આગળ કહું છું. ૩૪.

અમે ક્યારેય હિંદુને માનીએ નહીં, એવી અમારી બધી જાતિ છે, પણ સ્વામિનારાયણના જેવા પ્રતાપી બીજા કોઈને મેં હિંદુઓમાં ક્યારેય જોયા નથી. ૩૫. બીજા મતપંથોમાં આવા કોઈ નથી. અત્યારે આ સ્વામિનારાયણ જ સર્વોપરી થયા છે. તેમના પ્રતાપની જેને ગમ નથી, તે બધા અબૂજ લોકો તેમની નિંદા કરે છે. ૩૬. લોકો તેમને જેવા જાણે છે તેવું ફળ તેમને મળે છે. તેમની મૂર્તિ તો કલ્પવૃક્ષ છે. કુબુદ્ધિ લોકો તેને દેખી-સમજી શકતા નથી. ૩૭. જેનાં સદ્ભાગ્ય ઉદય પામે છે, તે લોકો તેમનો સત્કાર કરે છે અને અભાગિયા લોકો હોય તે તેમનો તિરસ્કાર કરે છે. ૩૮.

જેનું જેવું ભાગ્ય હોય તેને તેવું સૂઝે છે. અભાગિયા ક્યારેય કોઈનું માનતા નથી. તેઓ મિત્રને શત્રુ સમ ગણે છે. ૩૯. બચ્ચા જમાદારે આટલું સ્પષ્ટ કહ્યું, છતાં તે સૂબાને તેની વાત મનાણી નહીં. તેના મનનો રોષ શાંત થતો ન હતો, એટલે તેણે બધી આસુરી સેના તૈયાર કરી. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'યજ્ઞનો ભંગ કરવા આસુરી સૈન્ય તૈયાર થયું' એ નામે ત્રીજો તરંગ સમાપ્ત ॥૩॥



પૂર ચૌદમું : તરંગ - ૪

યજ્ઞ છોડીને શ્રીહરિ ચલોડા આવ્યા

જ્યારે તે આસુરી લોકો અશ્વ ઉપર બેઠા, તત્કાળ તેમને ઘણાં અપશુકન થયાં. જેનો ગણ્યે પાર આવતો નથી. ૧. તેમનાં ડાબાં અંગ ફરકવા લાગ્યાં. કૂતરાઓ સામે આવીને રોવા લાગ્યા, ચાલતા થયા ત્યારે પહેલી જ વિધવા સામે મળી, છતાં તેઓએ તપાસીને જોયું નહીં. ૨. શરીરનો પડછાયો સહુને માથા વગરનો દેખાયો. તેમના અશ્વો પરસ્પર લાતંલાત આવ્યા. ૩. હાથમાં ઘણાં લાંબાં ભાલાં લીધાં. મતવાલા થઈને તેમણે કવચ પહેર્યાં અને ઢાલ તથા તલવાર ભેટે બાંધ્યાં. ૪. કેટલાકે તો હાથમાં બંદૂકો લીધી હતી. આગળ ડંકા, તુરાઈ અને રણશિંગું વાગતાં હતાં, ત્યારે સન્મુખ શબ આવતાં હતાં. ૫.

નગરના દરવાજાની બહાર નીકળતાં જ સામેથી ભૂંકતાં ગધેડાનું ટોળું આવ્યું. ઘોડાએ કૂદાકૂદ કરીને ડંકાને નીચે પછાડ્યો. ૬. થોડા આગળ ચાલ્યા ત્યારે હાથમાં પકડેલું નિશાન સહજ ભાવે નીચે પડી ગયું. શ્રીહરિ જેતલપુર આવ્યા તેની પાંચમી રાત હતી. ત્યારે પોતે સ્વેચ્છાથી બેઠા થયા. ૭. અધરાત થઈ પછી એકદમ તૈયાર થઈ ગયા. તે બાબત આશ્ચર્યજનક હતી, પણ કોઈને કાંઈ ખબર પડી નહીં. ગામના મુખી પાટીદારને બોલાવ્યા. તેમને દર્શન આપ્યાં અને કહ્યું, વિપ્રોને જમાડતા સીધું-સામાન ઘણો વધ્યો છે. સહુ હરિભક્તોને તેનાથી જમાડજો અને જેતલપુરની આસપાસના ગામના લોકોને પણ બોલાવીને જમાડજો. એવી તેમને આજ્ઞા કરી. ૮-૯.

આનંદાનંદસ્વામી અને ગોવિંદાનંદસ્વામી, એ બંને સંતોને પણ તેમ જ આજ્ઞા કરી. સરકારી માણસ સિવાયના બીજા લોકો જો જોરાવરી સામાન લૂંટવા આવે તો તેને શિક્ષા કરવા માટે તો સરબંદી બોલાવી

રાખ્યા છે. કોઈ સરકારી માણસ આવીને ગાળ દઈને કોઈને બોલાવે, તો અમારા વચનથી તમારે તે સહન કરવું. તેમાં છેવટે તમારો જ વિજય છે. તેઓ જો સામાન લૂંટે તો લૂંટવા દેજો, પણ મુખમાંથી ક્યારેય કડવું વેણ બોલશો નહીં. ૧૦-૧૨.

જેટલાને અમારી આજ્ઞા પાળવાનું તાન હોય એવા તેટલા જ સરબંદી અહીંયાં રહો. આવું કહીને શ્રીહરિ ત્યાંથી ચાલી નીકળ્યા. ૧૩. પછી ફૂલવાડીમાં જે સંતો રહ્યા હતા, જ્યાં બોરસલ્લીનું ઝાડ હતું ત્યાં જઈને શ્રીહરિએ સંતોને દર્શન દીધાં. ૧૪. એકસો જેટલા ઘોડેસવાર કાઠી શ્રીહરિની સાથે હતા. જે કોઈથી ડરે તેવા ન હતા, એવા કાઠીઓને શ્રીહરિએ સાથે લીધા હતા. ૧૫. બધાએ શરીર ઉપર બખતર પહેર્યાં હતાં. સહુએ ઢાલ, તલવાર અને ભાલાઓ લીધા હતા. બધાના ચહેરા ઉપર શૌર્યનો રંગ ચઢેલો હતો. તે બધા ફૂલવાડીને દરવાજે ઊભા રહ્યા. ૧૬. શ્રીહરિ સંતોને કહેવા લાગ્યા, હે પરમહંસો ! હવે તમને તો લેશમાત્ર ભય રહ્યો નથી. તમને ડર લાગે એવી જેટલી બાબત હતી તેનો અમે તમારી પાસે ત્યાગ કરાવી દીધો છે. ૧૭. જેટલી નિર્ભય વસ્તુ છે એટલી જ તમારી પાસે રખાવી છે. અમને તમારા ઉપર અપાર હેત છે. આવા તમારી જેવા સંતો અમે ક્યારેય જોયા-સાંભળ્યા નથી. ૧૮.

✵ શ્રીહરિ અને સંતો દિવ્ય છે :

અમારી આંખોથી આજ તમે એવા દેખાઓ છો કે તે કહેવા માટે મને કોઈ ઉપમા પણ જડતી નથી. તમારી આગળ તો અક્ષરધામ પણ શું ? કલ્પતરુ તો માયિક જગતનું છે. ૧૯. તમારું સંતોનું સ્વરૂપ તો એવું છે કે તેને આબેહૂબ કહી શકાય તેવી કોઈ ઉપમા પણ નથી. તમારું સ્વરૂપ તો માયિક શરીરથી ઢંકાઈ રહ્યું છે, એટલે તમે એકબીજાનું વાસ્તવિક સ્વરૂપ દેખી શકતા નથી. ૨૦. જ્યારે આ માયિક શરીર છૂટશે ત્યારે તમારા સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થાશે. વૃક્ષમાં ફળ તો અપાર રહ્યાં છે પણ ઋતુ સિવાય લગારેય દેખાતાં નથી. ૨૧.

चोपाई :

जेसो बीज जाको रहावे, तेसो तन ताको बन आवे;
हरि भजवे को बीज हे एसो, एसो प्रताप न कोई में तेसो...२२

अब तुम देखत हो नहीं नेना, ज्ञान चक्षु कर दृढ कर लेना;
श्रवन मनन करना दिन राती, अभ्यास करना बहु भाँती...२३
अभ्यास करेमें आलस जेतो, ज्ञान की वृद्धि होत न तेतो;
सो वर्ष होवे तोउ जबहू, शिखे विन विद्या न आत कबहू...२४

જેનું જેવું બીજ હોય તેને અનુરૂપ તેનું શરીર થાય છે. હરિભજનનું બીજ જ કોઈ એવું છે કે તેના જેવો પ્રતાપ અન્ય કોઈમાં રહેતો નથી. ૨૨. અત્યારે તમે માયિક ચક્ષુથી જે નથી જોઈ શકતા, તેને જ્ઞાનચક્ષુથી દૃઢ કરી લેજો. અર્થાત્ નથી દેખાતું છતાં વિશ્વાસથી દૃઢ માની લેજો. તેને માટે રાત અને દિવસ તેનું જ શ્રવણ, મનન કરજો અને અનેક રીતે તેનો અભ્યાસ કરજો. ૨૩. અભ્યાસ કરવામાં જેટલી આળસ રહેશે તેટલી જ્ઞાનની વૃદ્ધિ થતી નથી. સો વરસ ખાલી વીતી જાય, પણ શીખ્યા વિના વિદ્યા ક્યારેય આવડે જ નહીં. ૨૪.

⁕ બ્રહ્મવિદ્યાની દુર્લભતા :

दोहा : विद्या अपरमपार हे, पार न कोउ लहंत;
दुल्लभ में दुल्लभ जो, ब्रह्मविद्या कहंत...२५
चिंतामनि से अधिक हे, ब्रह्म ही विद्या जोउ;
ता विन शांति न होत ही, तुमकु सो कहत सोउ...२६

વિદ્યાઓ અપરંપાર છે, તેનો કોઈ પાર પામતું નથી. દુર્લભમાં પણ દુર્લભ વિદ્યા બ્રહ્મવિદ્યા કહેવાય છે. ૨૫. બ્રહ્મવિદ્યા ચિંતામણિ કરતાં પણ અધિક છે, એટલે હું તમને કહું છું કે બ્રહ્મવિદ્યા વિના શાંતિ થાતી જ નથી. ૨૬.

सोरठा : प्रत्यक्ष जेहि भगवान, ताके चरित्र जेते जोउ;
सुनना तेही कान, विषेईकु विषे में तान जिमि...२७
ब्रह्मविद्या तेहि नाम, चरित्र हरि के जेते जेहि;
सुख होवन यह ठाम, ओरमें दुःख अपार कर...२८

જે તમને પ્રત્યક્ષ ભગવાન મળ્યા છે, તેમનાં જે ચરિત્ર છે, તેને વિષયી માણસને વિષયોમાં જેવું તાન હોય છે તેવા તાનથી કાન દ્વારા સાંભળવાં. ૨૭.

ભગવાનનાં જેટલાં ચરિત્રો છે, તેને જ બ્રહ્મવિદ્યા કહેવાય છે. આ ચરિત્રો સુખ મેળવવાનું ઠામ-ઠેકાણું છે. તે સિવાય બીજામાં તો અપાર દુઃખ ભર્યું છે. ૨૮. સુખદાયક ઘનશ્યામ શ્રીહરિએ સંતોની સાથે આટલી વાતો કરી. પછી અશ્વ ઉપર બેઠા. પછી મુખથી સહુને 'જય સચ્ચિદાનંદ' એમ કહ્યું. ૨૯. પશ્ચિમ દિશા તરફ ચાલતા થયા. આગળ જાતા સાબરમતી નદીને ઊતર્યા ત્યારે રાત બે ઘડી (૪૮ મિનિટ) બાકી રહી હતી. પછી સાબરમતીમાં જઈને સ્નાન કર્યું. ૩૦.

પછી મહાસુખધામ શ્રીહરિ દિવસ ઊગતામાં તો **ચલોડા** ગામ પહોંચ્યા. ગામના પાટીદાર હરિભક્તોને ખબર મળ્યા એટલે સહુ સન્મુખ આવ્યા. ૩૧. સહુએ હાથમાં શ્રીફળ અને ફૂલહાર લીધા હતા. હૃદયમાં અપાર આનંદ ઊભરાતો હતો. સહુએ પહેલાં તો દંડવત્ પ્રણામ કર્યા. શ્રીફળ લાવ્યા હતા તે શ્રીહરિના હાથમાં આપ્યાં. ૩૨. અને પછી ફૂલહાર પહેરાવ્યા. ભુજાઓ ઉપર બાજુબંધ બાંધ્યા. પાઘમાં બંને બાજુએ તોરા લટકાવ્યા. તે સિવાય કાન ઉપર ગુચ્છ ધરાવ્યા. ૩૩. હાથમાં એક ફૂલનો ગુચ્છ આપીને અલૌકિક લાભ લીધો. ઢોલ અને ત્રાંસાં વગેરે વાજિંત્ર વગડાવીને મહારાજાધિરાજ શ્રીહરિને ગામમાં પધરાવ્યા. ૩૪. ગામના બધા જ લોકો આવીને બજારમાં ઊભા રહ્યા. બંને હાથ જોડીને ચરણોમાં પડતા અને ઘણી જ નિર્મળ ભાવનાથી મસ્તક નમાવતા હતા. ૩૫. શ્રીહરિએ અંગ ઉપર જરિયાની વસ્ત્ર પહેર્યાં હતાં અને છાતી ઉપર તથા હાથ ઉપર સોનાનાં બધાં ઘરેણાં ભર્યાં હતાં. હાથમાં મોતીની છડી ધારી હતી અને પરમ ચતુર શ્રીહરિ અશ્વ ઉપર બેઠા હતા. ૩૬.

ગામના લોકો દર્શન કરતાં કરતાં તૃપ્ત થાતા ન હતા. પછી ગામમાં હરિભક્તોનાં જ્યાં મોટાં ઘર હતાં ત્યાં ઊતર્યા. ૩૭. ભક્તોનાં ઘર માળવાળાં, કઠોડાદાર અને છજાવાળાં હતાં. શોભાના નિધિ ધર્મકુમાર શ્રીહરિ આવીને ત્યાં બેઠા. ૩૮. હરિભક્તોના હૃદયમાં હેત સમાતું ન હતું, એટલે તેઓ જાતજાતનાં કેળાં અને સફેદ શેરડી લઈ આવ્યા. ઘણા પ્રેમથી શ્રીહરિ આગળ ધરાવી. ૩૯. શ્રીહરિની સાથે કાઠી દરબારો તથા પાર્ષદો હતા. પછી શ્રીહરિએ ઘણા જ ઉમંગથી તે કેળાં અને શેરડી તે સહુને આપી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'યજ્ઞ છોડીને શ્રીહરિ ચલોડા આવ્યા' એ નામે ચોથો તરંગ સમાપ્ત ॥૪॥

પૂર ચૌદમું : તરંગ - ૫

આસુરી સેના યજ્ઞ સ્થળ વગેરેમાં આંટો મારીને પાછી ગઈ

મુકુંદાનંદવર્ણી શ્રીહરિની સાથે હતા. તેણે સાકરનો શીરો અને મેંદાની પૂરી બનાવી. ૧. સૂરણ અને રતાળુને તળીને તેનું શાક બનાવ્યું. ઘણા ચતુર એવા તે મુકુંદવર્ણીએ દહીંવડાં બનાવ્યાં. ૨. આદુ પીસીને કેળાનાં ઘણાં અનુપમ ભજિયાં કર્યાં. તે સિવાય દાળ અને ભાત પણ બનાવ્યાં હતાં. પછી ઘણા જ ભાવથી શ્રીહરિને જમાડ્યા. ૩. શ્રીહરિ જમી રહ્યા. તે પછી કાઠી દરબારોને શ્રીહરિએ ઘણા જ પ્રેમભાવથી જમાડ્યા. દૂધ, ભાત અને સાકર પણ પંગતમાં ફરીને પીરસ્યાં. ૪. જેતલપુરમાં જે વાત થઈ તે હવે હું સાક્ષાત્ કહું છું. જે દિવસ શ્રીહરિ ચલોડા આવ્યા તે દિવસે સવારના નવ વાગ્યાનો સમય થયો હતો, ત્યારે આસુરી સેના જે મહાન ભયંકર અને કદરૂપા જમરાજના જેવી હતી તે જેતલપુર આવી પહોંચી. ૫-૬.

તેની ધૂળની ડમરીથી બધું આકાશ ભરાઈ ગયું હતું. પ્રથમ તો યજ્ઞમંડપમાં ઘણા આવ્યા, કેટલાકે ગામને અને કોટને ઘેરી લીધો. અને કેટલાક તો ગામની અંદર પેઠા. ૭. ગામના મુખી જે પાટીદાર હતા તેને પોતાની પાસે બોલાવ્યા. ક્રોધ કરીને તેને કહ્યું, અમને 'સ્વામિનારાયણ' દેખાડો. ૮. સરકારની રજા લીધા સિવાય તે અહીંયાં યજ્ઞ કેમ કરે છે ? તે સરકારની પાસે આવે, તેમની રજા મેળવીને પછી યજ્ઞ કરે. ૯. હવે રજા લીધા વિના જો તેઓ અહીંયાં યજ્ઞ કરશે, તો તેનો દંડ તમારે મુખીને ભરવાનો રહેશે. ત્યારે મુખીએ કહ્યું, હવે સ્વામિનારાયણ અહીંયાં યજ્ઞ કરશે જ નહીં. ૧૦.

સ્વામિનારાયણ તો આજ રાતે ચાલ્યા ગયા છે. અને તેને બધા લોકો જાણે છે. તેઓ ક્યાંય છાના સંતાઈને રહ્યા નથી. તેમજ તેમણે કોઈની

ચોરી પણ કરી નથી. ૧૧. સરકારનો અપરાધ થાય, એવા ખૂન-ખરાબીને માર્ગે તેઓ ચાલતા જ નથી. તેઓ અપરંપાર બ્રાહ્મણોને જમાડે છે અને યજ્ઞ દ્વારા દેવોને તૃપ્ત કરે છે. ૧૨. બ્રાહ્મણો અને દેવોને તૃપ્ત કરવાનો તેમણે અપરાધ કર્યો છે, તો તે અપરાધને સરકાર માફ કરે. હવે તેઓ યજ્ઞ કરશે નહીં. સરકારે તો યજ્ઞનો ભંગ કર્યો છે. ૧૩. અમે તો એવું સાંભળ્યું છે કે જે યજ્ઞની સ્થાપના કરે છે તેની સ્થાપના થાય છે. (અર્થાત્ જે યજ્ઞોને સ્થિર-ચાલુ રાખે છે તેની રાજ્યસ્થિતિ સ્થિર રહે છે) હવે આનું ફળ શું આવે છે ? તે જોઈએ. ૧૪.

જે અસુરો આવ્યા હતા તેઓ તો મુખીને ડરાવીને તરત ચાલતા થયા. પછી તેઓ ફૂલવાડીએ આવ્યા. ૧૫. આખી ફૂલવાડીમાં સંતો ધ્યાનમાં બેઠા હતા. કેટલાક સંતો ભાગવત અને ગીતાનો પાઠ કરવામાં રત હતા. ૧૬. તે અસુરો સંતોની પાસે આવ્યા. આવીને તેમણે હોકો અને તેમાં પીવાની તમાકુ માગી. ત્યારે મોટેરા સંત સ્વરૂપાનંદસ્વામીએ અસુરોને કહ્યું, ૧૭. અમે જે સંતો સ્વામિનારાયણના કહેવાઈએ છીએ. તેમણે તો જે વ્યસન અને કેફ કહેવાય છે તે બધાનો ત્યાગ કર્યો છે. ૧૮. અમે તો એક ભગવાનને ભજવાનું વ્યસન રાખીએ છીએ, પણ તેના ઉપર તમને કાંઈ ભાવ નથી. અમે સ્ત્રી અને ધનનો ત્યાગ રાખીએ છીએ, જેમાં સંસારી લોકોને અનુરાગ રહે છે. ૧૯. **ત્યાગી થઈને ધન અને સ્ત્રીમાં જ્યાં સુધી પ્રેમ રાખે છે ત્યાં સુધી તે સંસારી રહે છે. અને તેનો તે ભેખ લાંછનરૂપ કહેવાય છે. ૨૦.**

એવા સ્ત્રી-ધનના અનુરાગી ભલે ગમે તેવા બુદ્ધિમાન હોય, વિદ્વાન હોય કે ગુણવાન હોય, તોપણ અમારા સંતોમાં રહી શકે નહીં. ૨૧. અમારા સંતોનું વર્તન જગતના ભેખધારી કરતાં જુદું જ અલૌકિક છે. દુનિયાના જે ભેખધારીઓ છે તેઓ દુનિયાને માર્ગે ચાલે છે. ૨૨. બહારનો વેષ અને નામ જગતથી જુદાં રાખે છે, પણ વર્તનમાં તો બધા જગતના જેવા એકસરખા જ દેખાય છે. જેટલા મતપંથીઓ છે તેઓ જોવામાં તો વ્યાવહારિક જણાતા હોય છે, પણ તેની વ્યાવહારિકતામાં જીવનો મોક્ષ ક્યારેય લેશમાત્ર રહ્યો નથી. આ અમારા સંતોનું જે વર્તન છે તે બધું અલૌકિક છે. ૨૩-૨૪.

⁂ મોટાનો કોપ અને કૃપાનું ફળ :

આવા સંતોને માટે થઈને જ દુનિયામાં ઈંદ્ર વરસાદ કરે છે, પણ જગતમાં તેની કોઈને ગમ નથી અને કોઈને તે અંગે દેખાતું જ નથી. ૨૫. જગતના જેટલા રાજાઓ છે તે બધા સંતોના ભાગ્યની પાછળ પાછળ જ ઈચ્છિત ભોગોને ભોગવે છે. તેમાં કોઈ સંદેહ નથી. ૨૬.

सोरठा : भगवान ताके संत, आधार नहि भगवान विन;
एसेकु जब अतंत, दुःख देवत हे भूप जोउ...२७
ताके प्रताप ही जेतो, दिन दिन घटी जात सब;
उछेद वंश होय तेतो, रावन कंस के वंश जिमि...२८

ભગવાનના સંતોને તો એક ભગવાન સિવાય બીજા કોઈનો આધાર નથી. છતાં એવા સંતોને એ રાજાઓ અત્યંત દુઃખ દે છે, હેરાન કરે છે. ૨૭. તે સંતોને પીડવાના કારણથી તે રાજાઓનો બધો પ્રતાપ રોજબરોજ ઘટતો જાય છે. કંસ અને રાવણની જેમ તેના વંશનો પણ વિનાશ થઈ જાય છે. ૨૮.

चोपाई :

ततकाल बडे को अपमाना, ताके फल नहि आवत जाना;
क्षय के रोग कहावत जेसे, बडे के अपमान देख आवत तेसे...२९
बडे को सत्कार करत जेहा, चंडाल से अति निच ही तेहा;
भूप के भूप होई जावत तेहू, रंच न कुर कहत हम एहू...३०

મોટાના અપમાનનું-અપરાધનું ફળ તરત દેખાતું નથી. મોટાનું જે અપમાન કરે છે તે તો ક્ષય રોગના જેવું છે. તે ધીરે ધીરે વિનાશ કરે છે. ૨૯. કોઈ મનુષ્ય ચંડાળ કરતાંયે અતિ નીચ હોય, પણ તે જો મોટાનું સન્માન કરે છે તો તેના અનુગ્રહથી તે મોટા રાજાઓનો પણ રાજા બની જાય છે. તેમાં અમે રંચમાત્ર પણ ખોટું કહેતા નથી. ૩૦.

સ્વરૂપાનંદસ્વામીએ જ્યારે આટલી વાત કરી ત્યારે તે અદેવો-અસુરો તેમના પગમાં પડીને ચાલતા થયા. પછી તેઓ મહોલમાં ગયા. ઘોડાઓને

તે જગ્યાથી બહાર રાખ્યા. ૩૧. ત્યાં સીતારામ અને રાધાકૃષ્ણની મૂર્તિઓ પધરાવેલી હતી. તેમણે ત્યાં આવીને તે મૂર્તિઓનાં દર્શન કર્યાં અને તેની અદ્‌ભુત શોભા દેખી. ૩૨. તેમણે ભાવનાથી દર્શન કર્યાં તેથી તેમનાં મન શુદ્ધ થઈ ગયાં. પછી ત્યાંથી ચાલી નીકળ્યા અને રાજાની પાસે ગયા. તેમને જોઈને સૂબા ઉદાસ થઈ ગયા. ૩૩. સૂબાએ પૂછ્યું, તમે ત્યાં જઈને શું કરી આવ્યા ? મને બધી વાત કહો. સ્વામિનારાયણ ક્યાં જતા રહ્યા ? યજ્ઞનો આરંભ તો ઘણો મોટો કર્યો છે. ૩૪. આટલું બધું ધન તે ક્યાંથી લાવ્યા ? તેમની પાસે કાંઈ ભેળું કરેલું ધન તો નથી ! અને તેમના જે સંતો છે તેઓ પણ ધનને રાખતા નથી અને અડતા પણ નથી. ૩૫. તેમના શિષ્યોમાં પણ કોઈ તેટલા બધા ધનાઢ્ય નથી. તેમજ તેમની પાસે મોટાં ગામ કે ગરાસ પણ નથી. ચોક્કસ તેમની પાસે કોઈ સિદ્ધિ હોવી જોઈએ કે જે તેને પુષ્કળ ધન લાવીને આપે છે. ૩૬.

તેમની પાસે કોઈ ઈન્દ્રજાળનો ગોટકો છે. તેઓ તે કોઈને દેખાડતા નથી, પણ બીજા ભેખધારીઓ તેમ કહે છે. ૩૭. અમે કાંઈ દેખ્યું નથી. માત્ર વાત જ સાંભળી છે કે તેમની પાસે કોઈ સિદ્ધિ છે. તે અંગે કાંઈ ચોક્કસ થાતું નથી અને અમારો સંદેહ ટળતો નથી. ૩૮. આપણી ગુપ્તયોજનાને પણ તે અગાઉથી જાણી લે છે, એટલે કોઈના કળ્યામાં ન આવે એવી કોઈ વિદ્યા તેમની પાસે છે. ૩૯. જેના ઉપર તેમની નજર પડે છે તેની બુદ્ધિને તેઓ ફેરવી નાખે છે. મતિ ફરી ગયા પછી તે માણસ ઘરમાં રહેતો નથી અને તે પોતાનું બધું ધન લઈને તેમને અર્પણ કરી દે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'આસુરી સેના યજ્ઞસ્થળ વગેરેમાં આંટો મારીને પાછી ગઈ' એ નામે પાંચમો તરંગ સમાપ્ત ॥૫॥



પૂર ચૌદમું : તરંગ - ૬

શક્તિપંથીઓનું મંતવ્ય અને શ્રીહરિ ફરીને રાતે જેતલપુર આવ્યા

આસુરી સેનાના નાયકોએ સૂબાને કહ્યું, અમે તો યજ્ઞ બંધ કરાવીને આવ્યા છીએ. તેઓ અમારી સામે લગારેય બોલ્યા નથી. ૧. જે લોકો કાંઈ સામે બોલે જ નહિ, તેમના ઉપર જુલમ કેમ કરવો ? તેમણે તો અમને લાડુ જમાડવા માટે બહુ જ આગ્રહ કર્યો હતો. ૨. અમે તો તેમના ઉપર જુલમ કરવા ગયા હતા. હવે અમે જો ત્યાં લાડુ જમવા બેસીએ તો કેવા લાગીએ ? જો ખાઈએ તો અમે તો શ્વાન જેવા લાગીએ ને ! ૩. જો અમે જમવા બેસીએ તો અમારાં મોઢાં કેવાં લાગે ? અમે નકટા કહેવાઈએ. આવું સમજીને અમે ત્યાં જમ્યા નહીં. ૪. ત્યાં તો ઘણા લોકો અન્ન જમતા હતા. લાડુના તો મોટા પર્વત-ઢગલા પડ્યા હતા અને ભૂખ્યા-દુઃખ્યા (મઉ) એટલા બધા મનુષ્ય જમતા હતા કે તેનો ગણ્યે પણ પાર આવે તેમ ન હતો. ૫. તળાવને કિનારે જે કોટ છે તે બધો ઘી, ગોળ અને લોટથી ભર્યો હતો. ચોખા અને દાળના પણ કોઠાર એટલા બધા ભર્યા છે કે, એટલા ખાનારા માણસો પણ કોઈ નહિ હોય. ૬.

હવે ત્યાં યજ્ઞનું નામ પણ નહિ કહેવાય, એટલું કામ આપણું થયું. હવે આપણને પણ કોઈ પણ જાતનો ભય નથી. બધી જાતનાં વિઘ્ન ટળી ગયાં છે. ૭. તે વેળાએ બચ્ચા જમાદાર પણ ત્યાં હતા. તેણે જે વાત થઈ તે બધી સાંભળી. પછી તેણે સૂબાને હાથ જોડીને કહ્યું, આપની આગળ અમારી બુદ્ધિ ટૂંકી પડે. ૮. આપ સૂબા-રાજા કહેવાઓ અને અમે તો તમારા નોકર કહેવાઈએ. અમારે બોલવાનો પણ અધિકાર નથી, પણ આપની ભલાઈથી અમારી સહુની ભલાઈ છે અને આપની બૂરાઈથી અમારી સહુની પણ બૂરાઈ તો છે જ. ૯. આપ જીવ છો અને અમે દેહ છીએ. એમ સમજીને હું કહું છું. મોટાની રીત એવી હોય કે, જેનાથી તેમની મોટાઈ દેખાય. ૧૦.

પોતાનું મહત્ત્વ જે રીતે વધે તેવું નિત્ય આચરણ કરવું જોઈએ અને પોતાની મહત્તા વધારે તેવો એકાદો તો (ચિમનરાવ જેવો) મિત્ર કરવો જોઈએ. ૧૧. તમે તે બધી બાબતોથી માહિતગાર છો છતાં હું તમને તે અંગે વાત

કહું છું. સત્પુરુષનું જેટલું સન્માન કરીએ તેટલી પોતાની કીર્તિ રોજબરોજ વધતી રહે છે. ૧૨. કલ્પતરુ એવી શુભ વસ્તુ છે કે તે સહુનું હિત જ કરે છે, પણ જેની જેવી ભાવના હોય તેવું તેને ફળીભૂત થાય છે. કલ્પતરુ તો હંમેશાં નિર્દોષ જ છે. ૧૩. જે કલ્પતરુ જેવા હોય તેનું અપમાન કરવું ન જોઈએ. તેમનું અપમાન કોઈ કરે તોપણ તે કલ્પતરુને ક્યારેય રતીભાર પણ નુકશાન થાતું જ નથી. ૧૪. કલ્પતરુ જ્યાં જાય છે ત્યાં તેનું સન્માન વધતું જાય છે અને વાદળોની છાંયાથી ક્યારેય સૂર્ય ઢંકાતો નથી. ૧૫.

ત્યારે સૂબાએ કહ્યું, દેવીના સમાન કોઈનો પ્રતાપ કહેવાય નહીં. અમે તો દેવીનાં બાળક છીએ. અમારે માટે કલ્પતરુ પણ દેવી જ છે. ૧૬. જે લોકો દેવીનો યજ્ઞ કરે છે અમે તેને માનીએ છીએ. દેવીના પ્રતાપે જ અમારું રાજ્ય ચાલે છે. અમને દેવી સિવાય કોઈનો ભાર નથી. ૧૭. જ્યાં સુધી અમે ભાવથી દેવી પૂજતા રહેશું ત્યાં સુધી દેવી અમારી રક્ષા કરતાં રહેશે. દેવીએ જન્મ લઈને શ્રીકૃષ્ણની સહાય પણ કરી હતી. ૧૮. જ્યારે શ્રીકૃષ્ણને જાંબુવાનની સાથે ઘણા દિવસ સુધી યુદ્ધ થયું ત્યારે વસુદેવજીએ જ્યારે દેવીની આરાધના કરી, ૧૯. તે વખતે દેવીએ શ્રીકૃષ્ણની રક્ષા કરી હતી. તે જોતા એમ નક્કી થાય છે કે દેવી શ્રીકૃષ્ણ કરતાં પણ વધારે સમર્થ છે. જેટલા સમર્થ અવતારો પ્રકટ્યા છે તે બધામાં એક પણ અવતાર શક્તિ વગરના ન કહેવાય. ૨૦.

જેટલા વૈષ્ણવો કહેવાય છે તે બધા શક્તિને જ સામર્થ્ય કહે છે. ચોખા અને ચાવલમાં શો ફરક છે ? કાંઈ જ નહીં, તેમ શક્તિ અને સામર્થ્યમાં પણ કાંઈ ફરક-તફાવત નથી. ૨૧. ત્યારે બચ્ચા જમાદારે કહ્યું, તેમાં ક્યારેય ફરક રહેતો નથી, પણ બોલી, વર્તન અને સમજણમાં શક્તિપંથીઓ અને વૈષ્ણવોમાં ઘણા મોટા વિભાગ (તફાવત) થઈ ગયા છે. ૨૨. જે જે શક્તિના ભક્ત છે તેઓ બધા દારૂ અને માંસ ખાવાપીવા લાગી ગયા છે. વૈષ્ણવો ક્યારેય દારૂ કે માંસને ખાય-પીવે નહીં. વૈષ્ણવો તો જીવહિંસા કરતા પણ ડરે છે. ૨૩. જેઓ દારૂ અને માંસને વાપરે છે તેઓ વૈષ્ણવોની નિંદા કરે છે. દારૂ અને માંસમાં જ શક્તિ રહી છે. તેના વિના શક્તિ કહેવાતી નથી. ૨૪.

પશુજાતિની દૃષ્ટિએ બધા સમાન હોવા છતાં બધાં પશુ ચારો કરવામાં સમાન નથી. જે પશુઓ માંસાહારી છે તેઓ બીજાં પશુઓને ખાઈ જાય છે. ૨૫. સિંહ પોતાના જેવા સિંહને મારતો નથી. તેના સિવાયના પશુને તે મારે છે. ભૂખ્યો સિંહ ઘાસ ખાનારા પશુને મારીને ખાય છે. ૨૬. તે ગામમાં ક્યારેય આવે નહિ, એટલો તેને ડર રહે છે. તે સમર્થ ઘણો દેખાય છે અને માણસ પણ બળવાન થવા માટે જ માંસાહાર કરે છે. ૨૭. જે સત્પુરુષો છે તેઓ દારૂ અને માંસને ક્યારેય ખાતાપીતા નથી અને તેથી જ તેઓ મનુષ્ય કહેવાય છે. દારૂ, માંસને જે ખાતાપીતા હોય તેમને મુખથી મનુષ્ય કહેવાય નહીં. ૨૮.

જે દેવો પણ દારૂ અને માંસને ખાતાપીતા હોય તો તેમને દેવ ન કહેવાય. દારૂ અને માંસમાં એવા જ ગુણ રહ્યા છે કે જે રાતદિવસ હિંસા જ કરાવતા રહે. ૨૯. **મનુષ્ય દેહથી જેટલાં પાપ કરે છે, તે પાપનો ભાર તેને માથે ખડકાય છે. તેથી જે મોક્ષભાગી જીવ હોય છે તેઓ ક્યારેય પાપને માર્ગે ચાલતા નથી. ૩૦. જે મોક્ષભાગી રાજા હોય તે મોક્ષભાગી જીવની જેટલી સહાયતા કરે છે તેટલો તે રાજાનો છેવટે મોક્ષ થાય છે. પવિત્ર મનુષ્યની રક્ષા કર્યા વિના રાજાના પાપ ક્યારેય ટળતા નથી. ૩૧.** ત્યારે તે સૂબાએ કહ્યું, અમારે કાંઈ મોક્ષનો ખપ નથી. આ શરીરે કરીને જેટલું રાજ્ય કરીએ તેને જ અમે મોક્ષનો સાજ માનીએ છીએ. ૩૨. જે લોકો મોક્ષભાગી કહેવાય છે તેઓ તો અમારાથી રાત અને દિવસ ડરતા જ રહે છે. વળી, જેઓ રાતદિવસ પાપથી ડરતા હોય તેઓ બીજાનો મોક્ષ ક્યાંથી કરે ? ૩૩. જે પાપથી મનમાં પણ ડરે નહિ, મોક્ષ તો એવાની પાસે રહે છે. અને અમારા ગુરુ પણ એવા જ છે. જે અમે કહીએ, તે વખતે તેમ કરી દે છે. ૩૪.

આ લોકમાં જ જેઓ ખાન-પાન પુષ્કળ આપે એવા અમારા ભગવાન છે. મર્યા પછી જે દિવ્યલોકનું રાજ્ય આપવાની વાતો કરે છે, તેવાને તો અમે પાખંડ કહીએ છીએ. તેઓ જો અમને મળી જાય તો અમે તેને દંડ કરીએ. જે બાળબુદ્ધિ હોય તે મર્યા પછી મોક્ષને ઇચ્છે છે. ૩૫-૩૬. સૂબાની સમજણ જોઈને જમાદાર તો ચૂપ રહ્યા. વારેવારે તેને બોલાવીને તેનું રૂપ જમાદારે

જોઈ લીધું. ૩૭. પછી પ્રવીણ શ્રીહરિ ચલોડા ગામથી ચાલતા થયા અને તેના તે જ દિવસે રાત્રે **જેતલપુર** આવ્યા. ૩૮. જેમાં ગોળ ભરાતો હોય એવી એક સો જેટલી કડાઓને ઉઠાવી લાવ્યા. રાત એક પહોર (ત્રણ કલાક) ગઈ હતી ત્યારે આવ્યા હતા. ૩૯. શ્રીહરિની સાથે જે પાર્ષદો હતા તેમણે સહુએ એક સાથે બંદૂકો ફોડી. તેનો અવાજ સાંભળીને સહુ ભક્તોને આનંદોત્સાહ વધ્યો અને બધા દોડીને શ્રીહરિની સન્મુખ આવ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'શક્તિપંથીઓનું મંતવ્ય અને શ્રીહરિ ફરીને રાતે જેતલપુર આવ્યા' એ નામે છઠ્ઠો તરંગ સમાપ્ત ॥૬॥



પૂર ચૌદમું : તરંગ - ૭

શ્રીહરિ ચલોડાથી જેતલપુર થઈને ખેડા આવ્યા

સહુ સંતો શ્રીહરિની સન્મુખ આવ્યા. શ્રીહરિનાં ચરણોમાં પડ્યા. સંતોના ચહેરા ઉદાસ થઈ ગયા હતા અને મનનો ઉત્સાહ ઘટી ગયો હતો. ૧. શ્રીહરિએ સંતોને જોયા અને પછી તેમને કહ્યું, તમારાં બધાનાં મુખ ઉપર ઉદાસીનતા શાથી છે ? તમને દુઃખ કોણે દીધું છે ? ૨. તમને અમે નિર્ભય કર્યા છે. તમારો બધો જ ભયમાત્ર અમે ટાળી નાખીને દૂર કરી દીધો છે; તોપણ હવે ઉદાસ થઈ જવાનું કારણ શું છે ? ૩. ગામના પાટીદારોએ શ્રીહરિને કહ્યું, દેશની સરકારે યજ્ઞ કરવા ન દીધો, તેથી સહુ ઉદાસ છે. ૪.

ત્યારે શ્રીહરિએ કહ્યું, રાજાનો કાંઈ દોષ નથી. અસુરો(અદેવો)ને યજ્ઞ ઉપર બહુ રોષ છે. તે અસુરોએ રાજા દ્વારા યજ્ઞને અટકાવ્યો છે. ૫. અમે મનમાં વિચાર્યું હતું કે વરસોવરસ એક યજ્ઞ કરવો છે અને તેમાં વિપ્રોને છ-છ માસ સુધી જમાડવા; એમ ઘણા યજ્ઞ કરવાનું ધાર્યું હતું. ૬. વિપ્રોને જમાડવા હતા તે અટકાવ્યું છે, એટલે તેનું સંકટ કેવું આવશે ? અમને તો તે બાબતનો જ શોક થાય છે કે તેમનું આ લોકમાં ઘણું ખરાબ થયું છે. ૭.

અને તેમનો પરલોક પણ બગડ્યો છે, તેનો કહ્યે પાર આવતો નથી. સંતો, બધા હરિભક્તો અને અહીંયાં આવેલા બધા વિપ્રો, ૮.

એ બધાનાં મન અતિ ઉદાસ થઈ ગયાં છે. તેમને મનમાં જે દુ:ખ થયું, પરિણામે આમાં તો કેટલાયે લોકોનો નાશ થાશે. આનું જે ખરાબ પરિણામ આવશે તે તો એક વરસ પછી સહુને દેખવામાં આવશે. ૯. હવે અમે આ રાત અહીંયાં રહેશું અને સવારે પાર્ષદોની સાથે ચાલ્યા જાશું. આવું કહીને શ્રીહરિ ગામમાં જે પોતાની જગ્યા હતી ત્યાં પોતે જમ્યા અને સાથેના કાઠીઓને પણ જમાડ્યા. ૧૦. શ્રીહરિએ જેતલપુરના મુખી પાટીદાર, આનંદાનંદસ્વામી, ગોવિંદાનંદસ્વામી અને વિપ્ર નાનાભાઈ, એ બધાને પોતાની પાસે બોલાવ્યા. ૧૧. તેમને કહ્યું, તમારે આ યજ્ઞના વિઘ્ન બાબતનો શોક કરવો નહીં. હવે હું જેમ કહું છું તેમ બધા કરો. તાંબા, પિત્તળ અને લોઢાનાં જે મોટાં વાસણ જેનાં લાવ્યા છો, ૧૨.

તેમને બોલાવીને તે બધાં સોંપી દો. બીજું, ગોળ, ઘી, લોટ, દાળ અને ચોખા, જે હોય તેનાં ગાડાં ભરાવો. ૧૩. અને તે બધું ડભાણ પહોંચાડો. જે વિપ્ર હરિભક્તો છે તે બધાને ભાવથી જમાડશે. અહીંયાં કોઈ રોકશે નહીં. ૧૪. અમે ખેડા જઈએ છીએ. ટોપીવાળા અધિકારીને પૂછશું. તેમની જેવી મરજી હશે તે પ્રમાણે અમે અહીં પત્ર લખશું. ૧૫. જે બાબત હશે તે પત્રમાં વિગતવાર લખશું. પછી તમે તે રીતે કરજો. જે સંતો અહીંયાં છે, તેમાંથી અરધા ડભાણ ચાલો. ૧૬. આનંદાનંદસ્વામી અને ગોવિંદાનંદસ્વામી, એ બે સિવાયના જે સંત ચાલીશ વરસની અંદરના હોય તે બધા અહીં રહે અને બીજા બધા મહંતો ડભાણ આવે. ૧૭. જે સંતમંડળ છે તેમાંથી બબ્બે મૂર્તિ અહીંયાં રહે, જોઈએ તે સામાન રાખવો. બીજો બધો અહીં વધેલો સામાન ડભાણ પહોંચાડવો. ૧૮.

અહીંનો જરૂરી સામાન ગામમાં આપણી જગ્યામાં મૂકવો. જે લાડુ છે તે બધાને જમાડીને જ ચાલવું. જાડું કાપડ મગાવી, તેની એક એક ચાદરો કરીને, ૧૯. બાળકોથી લઈને ભૂખ્યા, દુ:ખ્યા (મઉ) જે લોકો હોય તેમને પ્રેમથી આપજો. હવે બધા યજ્ઞ પૂરા થઈ ગયા છે. હે શૂરવીર સંતો ! હવે

તમે જ્ઞાનયજ્ઞ કરો, એ જ કરવાનું છે. ૨૦. ભગવદ્‌ગીતામાં જે રીતના યજ્ઞો કહ્યા છે, તે રીતે હવે તમે રાતદિવસ યજ્ઞ કરતા રહો. બધા જ યજ્ઞોમાં યોગયજ્ઞ અને તપયજ્ઞ સહુથી મોટા શ્રેષ્ઠ યજ્ઞ કહ્યા છે. ૨૧. વર્ણીઓ અને બધાં બાઈભાઈ હરિભક્તોને અમે આજ્ઞા કરી છે કે જે યજ્ઞરહિત હોય - યજ્ઞ કરતા ન હોય તેનો ક્યારેય મોક્ષ થાતો નથી. ૨૨.

જ્ઞાનયજ્ઞ, યોગયજ્ઞ અને તપોયજ્ઞ વગેરે જે યજ્ઞ કહેવાય છે, તેમની વિગતવાળો એક પત્ર પણ લખીને પછી આપશું. ૨૩. સંતો અને હરિભક્તોનું જે વર્તન છે તેને અમે યજ્ઞના રાહ ઉપર લઈ જઈએ છીએ. યજ્ઞના જ્ઞાન સિવાય તે કહી શકાય નહીં. અને જો યજ્ઞનું જ્ઞાન થાય તો તેનાથી આનંદ થાય. ૨૪. શ્રીહરિએ આટલી વાત સહુને કહી. પછી પલંગ ઉપર પોઢી રહ્યા. સંતો પોતપોતાને આસને ગયા અને હરિભક્તો પણ પોતપોતાને ઘેર ગયા. ૨૫. જ્યારે રાત બે ઘડી(૪૮ મિનિટ) બાકી રહી ત્યારે ધર્મકુમાર શ્રીહરિ તૈયાર થઈ ગયા. તેમણે બધાં વસ્ત્ર અને ઘરેણાં સોનાનાં પહેર્યાં હતાં. ૨૬. શ્રીહરિના એક અશ્વને સોનેરી સાજથી શણગારીને સુવર્ણમય કરી દીધો હતો. તેની શોભા અદ્‌ભુત બની હતી, તેને કોઈ ઉપમા આપી શકાતી નથી. ૨૭. કાઠી દરબારોના અશ્વ પણ બધા તૈયાર થઈને આવી ગયા. વળી જે કાંઈ હથિયાર હતાં તે શ્રીહરિએ પાર્ષદોને અપાવ્યાં. ૨૮.

શ્રીહરિએ પાર્ષદોને કહ્યું કે, જ્યારે ગાડાં આવે ત્યારે તમે તેમની સાથે ચાલજો. હરિભક્ત બાઈઓની ગાડીઓની સાથે જીવુબાઈ અને રાજબાઈ આદિકને, પણ કહેવું કે સહુએ ગાડાં સાથે ચાલવું. ગાડાંઓથી ક્યારેય જુદા પડવું નહીં. ચરોતરના હરિભક્તોનાં ગાડાં તો અહીંયાં ઘણાં જ છે. ૨૯-૩૦. સુરતની ગાડીઓ તો પાર વગરની છે. એટલે ગાડીઓની મુશ્કેલી પડશે નહીં. હું ડભાણ જાઉં છું અને ત્યાંથી સમાચાર મોકલું, ત્યારે તમારે અહીંથી નીકળવું. ૩૧. આટલું કહીને શ્રીહરિ ચાલતા થયા.

પછી જેતલપુર ગામની બહાર આવ્યા. તે સમયે બીજા સંતોને ખબર પડી તેથી સહુ દર્શન કરવા આવ્યા. ૩૨. આગળ જ્યાં ફકીરની જગ્યા છે ત્યાં સુધી સહુ સંતો શ્રીહરિની સાથે આવ્યા. તે પછી સહુ શ્રીહરિને પગે

લાગ્યા અને ત્યાં ઊભા રહી ગયા. ૩૩. ત્યાં રહેનારા ફકીરને શ્રીહરિના ઉપર આદરભાવ હતો. તેણે નજીક આવીને દર્શન કર્યાં. બધા સંતોનું અને હરિભક્તોનું વર્તન દેખીને તે ફકીર શ્રીહરિના ઉપર વિશેષ પ્રેમ રાખતા હતા. ૩૪. બીજા બધા જે મતો હતા તેમને તે સત્સંગના સમાન ગણતા નહીં. તે શ્રીહરિને સાહેબના રૂપમાં જાણીને સ્તુતિના કલમા બોલતા હતા. ૩૫. શ્રીહરિ ખેડાને રસ્તે ચાલતા થયા. તે જ્યાં સુધી બધી સવારી દેખાણી ત્યાં સુધી બધા સંતો તેને દેખતા ત્યાં ઊભા રહ્યા. દેખાતા બંધ થયા ત્યારે સંતો પાછા વળીને ચાલ્યા. શ્રીહરિ આગળ ચાલતા **ખેડા** પાસે ખેડી નદીએ પહોંચ્યા. ૩૬.

નદીનું નિર્મળ જળ દેખીને તેમાં શ્રીહરિએ સ્નાન કર્યું. પછી પરમ નિપુણ શ્રીહરિએ જે સાથે લાવ્યા હતા તે પેંડાનું ટીમણ કર્યું. ૩૭. બધા કાઠીઓને જમાડ્યા અને પોતે પણ જમ્યા. પછી ચોપદાર ભગવાનસિંહજીને બોલાવીને તેને કહ્યું કે, તમે જે ટોપીવાળા મોટા સાહેબ છે તેમની પાસે જાઓ, અમે અહીં આવ્યા છીએ, તે તેમને ખબર આપો. તેઓ અમને નામથી ઓળખે છે. ૩૮-૩૯. જેણે ડભાણમાં મોટો યજ્ઞ કર્યો હતો, જેણે તમને આશીર્વાદ આપ્યા હતા, તે સ્વામિનારાયણ અહીં આવ્યા છે. તેઓ તમે જ્યારે કહો ત્યારે તમને મળવા ચાહે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'શ્રીહરિ ચલોડાથી જેતલપુર થઈને ખેડા આવ્યા' એ નામે સાતમો તરંગ સમાપ્ત ।।૭।।



પૂર ચૌદમું : તરંગ - ૮

ખેડામાં શ્રીહરિ અંગ્રેજ અધિકારીઓને મળ્યા

ભગવાનસિંહ નામે જે ચોપદાર હતા તેણે શ્રીહરિની આજ્ઞા માથે ચઢાવી અને જલ્દી ચાલ્યા. ૧. અશ્વ ઉપર બેઠા. અશ્વને દોડાવીને એરણ સાહેબ નામે અંગ્રેજ અધિકારીને જઈને પહેલાં મળ્યા. ૨. જઈને પહેલાં તો સલામ કરી. તેણે પૂછ્યું, ક્યાંથી આવો છો ? ત્યારે તેણે કહ્યું, મને 'સ્વામિનારાયણે'

મોકલ્યો છે. ૩. તેઓ અહીંયાં ખેડા આવ્યા છે અને ડભાણ જાય છે. તેઓ તમને મળવા ચાહે છે. તમે કહો, તે રીતે હું તેમને કહું. ૪. ટોપીવાળા અધિકારી ચાર જણ ભેળા થયા. પછી તેમણે કહ્યું, સ્વામિનારાયણની સાથે કેટલાક ઘોડેસવાર છે ? જેટલા હોય તેમાંથી સ્વામિનારાયણની સાથે પાંચ ઘોડેસવાર સુધીના ભલે આવે. ગામની બજાર સાંકડી છે, એટલા માટે બીજા અશ્વોને ગામની બહાર જ રાખે. ૫-૬.

જે સાથે આવે તે માણસો હથિયાર વગર આવે. અહીંયાં હથિયારનું કામ નથી. દસ વાગે આવે. અમે કચેરીમાં (અદાલતમાં) મળશું. ૭. આજે બીજી કોઈ સભા (મિટિંગ) નહિ કરીએ. સ્વામિનારાયણના ઉપર અમને અપાર પ્રેમ છે. તેમને મળવા માટે તો અમે ચાહતા હતા. આજે તેઓ સ્વેચ્છાથી જ આવ્યા છે. ૮. અમારા મનમાં ઘણા દિવસથી ભાવના હતી. આજે તે પૂરી થાશે. અમે લાભ લઈશું. સ્વામિનારાયણની નીતિ જેને ગમે છે. એવા જે લોકો છે, તેઓ તેમનાં ઘણાં વખાણ કરે છે અને જે નીતિભ્રષ્ટ લોકો હોય તે તેમને અપ્રામાણિક કહે છે. તેમની નિંદા કરે છે પણ તે નિંદાથી સ્વામિનારાયણનું અપમાન થાતું નથી. અપમાન તો તેમનું વાંકું બોલનારાનું થાય છે. ૯-૧૦. આટલું કહીને જ્યારે દસ વાગ્યા ત્યારે ભગવાનજી ચોપદારને ‘શ્રીહરિ અહીં આવીને ભલે મળે’ એવી અનુમતિ આપી.

પછી ટોપીવાળા અધિકારીએ પોતાનો છડીદાર માણસ તેની સાથે શ્રીહરિને બોલાવવા માટે મોકલ્યો. ૧૧. શ્રીહરિ ખેડા ગામને દરવાજે આવ્યા હતા. સાહેબનો છડીદાર માણસ ત્યાં આવીને મળ્યો. તે આવીને શ્રીહરિના ચરણોમાં પડ્યો, પછી હાથ જોડીને બોલ્યો. ૧૨. પાંચ ઘોડેસવારોને સાથે લો. બીજા સવારો આ સ્થળે ઊભા રહે. કોઈ આવીને પૂછે, તો કહેવું કે અમે તો અહીંના નિવાસી છીએ. ૧૩. કોઈની પાસે હથિયાર નથી, તે સારી વાત છે. ટોપીવાળાને તે ગમે છે. અને તેવા લોકોના ઉપર તેઓ રાજી રહે છે. ૧૪. શ્રીહરિ ખેડા ગામમાં આવ્યા ત્યારે વિલાયતી (ઇંગ્લેંડના) જે વાજિંત્ર પડઘમ આદિ હતાં, તેને વગાડતા વગાડતા સન્મુખ આવ્યા. ૧૫. ખેડાની બજારોમાં પાણી છંટાવી દીધું. પુરજનો બધા આવીને ઊભા હતા. મુખથી

જય ધ્વનિ કરીને તે સમયે ફૂલના હાર પહેરાવતા હતા. ૧૬. શ્રીહરિ તેમની કચેરી(અદાલત)ને નજીક જ્યારે પહોંચ્યા ત્યારે મૂર્તિ બધી ફૂલોથી છવાઈ ગઈ હતી. 'એરણ સાહેબ' (એ.કે.હેરણ) 'રોલ સાહેબ' (રોબર્ટ) 'વોકર સાહેબ' (કર્નલ વોકર) અને 'ડગલી સાહેબ' (ડગ્લાસ) એ ચાર અંગ્રેજ અધિકારી સામે આવ્યા. તેમણે માથા ઉપરથી ટોપી ઉતારી. તે વેળાએ શ્રીહરિ અશ્વ ઉપરથી નીચે ઊતર્યા. ઘણા આદર ભર્યા મનોભાવથી તે અધિકારીઓ શ્રીહરિને ભેટ્યા. તેઓ શ્રીહરિને મોટા સમર્થ પુરુષ માનતા હતા. ૧૭-૧૮. તેઓ શ્રીહરિને ક્યારેય મળ્યા ન હતા. છતાં કોઈ પહેલાનો સ્નેહી હોય તેમ ભેટ્યા. તે જોઈને ઘણા મોટા માણસોના મનમાં પણ અતિ આશ્ચર્ય થયું. ૧૯. અંગ્રેજ અધિકારીઓ આ દેશના કોઈ મોટા રાજાને પણ આ રીતે મળતા નહીં. તેમણે શ્રીહરિના ઉપર આટલો સ્નેહભાવ હતો. લોકો અન્યોન્ય એમ બોલતા કે, આ વાત શી છે ? આમાં કાંઈ કળાતું-સમજાતું નથી. ૨૦.

બંગલાની અંદર સભા(મિટિંગ) કરવાના વિશાળ કક્ષ(હોલ)માં ઘનશ્યામ શ્રીહરિને પધરાવ્યા. સુંદર ખુરશી મગાવી અને તેના ઉપર શ્રીહરિની બેઠક કરાવી. ૨૧. તે ચારે સાહેબો શ્રીહરિની સન્મુખ બેઠા. શ્રીહરિની છબીને નિહાળીને જોવા લાગ્યા. શ્રીહરિએ જે સોનેરી વસ્ત્ર અને અલંકારો પહેર્યાં હતાં તે ફૂલહારને કારણે દેખાતાં ન હતાં. ૨૨. ફૂલના હારોથી બધું ઢંકાઈ ગયું હતું. બધાં અંગો ઉપર ફૂલ છવાઈ ગયાં હતાં. તેને દેખીને સાહેબોએ પરસ્પર પોતાની ભાષામાં કહ્યું. ૨૩. આ સ્વામીએ સોનાનાં ઘરેણાં અને વસ્ત્રો ઘણાં ભારે અને પુષ્કળ પહેર્યાં છે, પણ તેઓ તે સોનાને પણ ફૂલના જેવા માનતા નથી. આમને તો સોનું કે ફૂલ, કાંઈ બંધન કરે એવું દેખાતું નથી. ૨૪. જેને જેટલું બંધન હોય છે તે આંખોથી અછતું (છૂપું) રહેતું નથી. આ સ્વામી તો આકાશના જેવા નિર્લેપ દેખાય છે. ૨૫. **જે સોનામાં બંધાયો હોય તે સ્ત્રીમાં પણ બંધાય જ. સોનું અને સ્ત્રી લગભગ એક સમાન-તુલ્ય છે.** તે જાહેરમાં દેખાય છે. ૨૬.

વર્તન (આચરણ) વ્યક્તિનું દર્પણ છે. હજી આમની નાની (જુવાન) ઉંમર છે, પણ આમનો સ્વભાવ જ એવો છે કે તેને સોનું કે સ્ત્રી કોઈ બંધન

કરી શકે તેમ નથી. ૨૭. લોકો આમને સાહેબ (ઈશ્વર) કરતાં પણ વિશેષ માને છે. વાસ્તવમાં તે ખોટું નથી. આ તો આપણે તેમને મળ્યા, ત્યારે ખબર પડી છે. ૨૮. દુનિયાનાં ભોગ-સુખોમાં આ આસક્ત દેખાતા નથી. આવી પરસ્પર વાતો કરીને તે અંગ્રેજો ખુશ થયા. પછી ખુશી પ્રકટ કરતા તેઓએ શ્રીહરિને ધીરે રહીને કહ્યું. ૨૯. અમારા જેવું જે કાંઈ કામ હોય તે અમને કહેજો. જે કાઠી અને કોળી કહેવાય છે તે બધા અનીતિને માર્ગે ચાલે છે. ૩૦.

चोपाई :

सत्संग किये तुमारे जेहा, अनीति छोर दीने सो तेहा;
अनीति ताकु छोरावे जेहू, साचे गुरु हम कहत तेहू...३१
तुम विन गुरु शिष्य हि जेता, अनीति में जो बुड रहे तेता;
चारु धाम हम देखे जाई, नीति में तुमकु देखे रहाई...३२

પણ જે લોકોએ આપનો સત્સંગ સ્વીકાર્યો છે. જે સત્સંગી થયા છે તેમણે તે અનીતિ તજી દીધી છે. જે અનીતિને છોડાવે, તે જ સાચા ધર્મગુરુ છે, એમ અમે કહીએ છીએ. ૩૧. આપના સિવાયના જે ગુરુ અને શિષ્યો છે, તે બધા અનીતિમાં બૂડી ગયા છે. અમે ચારે ધામ દેખ્યાં છે. નીતિમાં તો આપને એકને જ અમે દેખ્યા છે. ૩૨. જે સાહેબોના પણ સાહેબ (પરમેશ્વર) છે તેઓ નીતિવાળા ઉપર પ્રસન્ન રહે છે. હવે તો જે મતપંથીઓ છે તેઓ પણ આપની રીતને ચલાવે છે. ૩૩. જે ગુરુ અને શિષ્યો, આપની નીતિ-રીતિ પ્રમાણે નહિ ચાલે ત્યારે અમે તેમના ગુરુ થઈને તેમને સીધા કરીને નીતિમાં ચલાવશું. ૩૪.

અમારી આગળ તે લોકોનું કાંઈ ચાલશે નહીં. અમે તેમના બધા દંભને જાણીએ છીએ. અમારું રાજ્ય જ્યારે જામશે, સ્થિર થાશે, ત્યારે અમે બધી નીતિને પ્રવર્તાવશું. ૩૫. અને રાજા સિવાય ક્યારેય નીતિ ચલાવી-પ્રવર્તાવી શકાતી નથી. અથવા નીતિ વિના રાજ ચાલતું નથી. નીતિમાં ચાલવું તે તો સહુને કઠણ પડે છે. નીતિને તજી દઈને જે ખાવું-પીવું વગેરે વ્યવહાર-ક્રિયાઓ છે તેમાં લોકો ઘણા જ દુઃખિયા થાય છે. ૩૬.

જે લોકો નીતિમાં ચાલે છે તેમને આ લોકમાં પણ મનોવાંછિત ભોગસુખ મળે છે અને તેમને કોઈ પણ જાતનું દુઃખ થાતું નથી. ૩૭. જે માનવ જાતિના છે તેમણે અમુક પ્રકારનું વર્તન, વ્યવહાર વગેરે કરવું જોઈએ નહીં. એવી કેટલીક બાબત મોટા પુરુષોએ નક્કી કરી હોય છે, તે શીખવી જોઈએ. ૩૮. જેમ મનુષ્ય ઝેર ખાતો નથી, કારણ કે તે નુકશાન કરે છે, પ્રાણ હરે છે, એટલે તેને તજી દે છે તે રીતે જ કેટલીક બાબત ન કરવાની હોય તેનો ત્યાગ કરી દેવો જોઈએ અને તે છોડે ત્યારે જ માણસ સુખી થાય છે. ૩૯. જેટલી બાબત કરવાની હોય તેને જે મનુષ્ય કરતો નથી તે ઘણો જ દુઃખી થાય છે. છતાં મૂઢ માણસ તે દેખતો-વિચારતો નથી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'ખેડામાં શ્રીહરિ અંગ્રેજ અધિકારીઓને મળ્યા' એ નામે આઠમો તરંગ સમાપ્ત ॥૮॥

પૂર ચૌદમું : તરંગ - ૯

શ્રીહરિએ ખેડામાં અંગ્રેજ અધિકારીઓ સાથે વાતચીત કરી

પછી શ્રીહરિએ અંગ્રેજ સાહેબોને કહ્યું, અમારી જેવી રીત છે તે હવે હું તમને કહું છું. તેને તમે એકચિત્ત-સાવધાન થઈને સાંભળો. ૧. **આ જગતનાં જે સુખ અને દુઃખ છે તેના ઉપર અમારે તાન-આગ્રહ નથી. અમે ઘણું દેખી-વિચારીને નક્કી કર્યું છે કે તે સુખ કે દુઃખ કોઈ ઝાઝા દિવસ એકસરખું રહેતું નથી.** ૨. આ બ્રહ્માંડનું નામ વૈરાજપુરુષ કહેવાય છે. તે જ્યારે પ્રાકૃત પ્રલય થાય છે ત્યારે તે વૈરાજનું પણ કાંઈ ઠેકાણું રહેતું નથી. ૩. તે વૈરાજના એક દિવસમાં ચૌદ ઈન્દ્ર જન્મી, તેનો કાર્યકાળ ભોગવીને છેવટે મરી જાય છે. એક ઈન્દ્ર એકોતેર ચોકડી (સત્ય, ત્રેતા, દ્વાપર, અને કળિયુગ એ ચારેને ભેળા ગણીએ ત્યારે એક ચોકડી કહેવાય ત્યાં) સુધી રાજ્ય કરે છે. ૪. એક ઈન્દ્રના રાજ્યકાળમાં કેટલાયે ચક્રવર્તી રાજાઓ મરી જાય છે. એટલે **આ જગતનું જે કાંઈ સુખ-દુઃખ છે તે બધું ક્ષણભંગુર દેખાય છે.** ૫.

જે બુદ્ધિમાન રાજા થયા છે તેમણે ક્ષણભંગુર સુખને માટે યત્ન કર્યો નથી, પણ જેને પરલોક બાબતનું જ્ઞાન નથી, તે લોકો આ લોકનાં ભોગ-સુખ માટે પરદેશમાં જઈને ત્યાં જેટલું બુદ્ધિબળ હોય, તેવો ઉદ્યમ કરે છે. પરંતુ હું તેને વધારે બુદ્ધિમાન નથી કહેતો. કેમ જે, તે બુદ્ધિ તો અલ્પ-થોડી કહેવાય. ૬-૭. દર્પણમાં જેવું મોઢું દેખાય છે તેવું જ વર્તન-વ્યવહારમાં પણ દેખાય છે. **અહીંનાં ભોગસુખ માટે જે ઉદ્યમ કરે છે, તે ઘાણીએ ચાલતો ઘાંચીનો બળદ ચાલી ચાલીને ત્યાંનો ત્યાં જ રહે છે, તેમ તે અહીંનું અહીંયાં જ રહેવાનું છે.** એવાની બુદ્ધિ તો ગમે તેવી ચોજાળી દેખાતી હોય તોપણ ઘાંચીના બળદની જેવી કહેવાય. અમારા ગુરુના ગુરુ જે થયા હતા તેમણે આવો અમને ઉપદેશ આપેલો છે. ૮-૯.

રાજ્ય માટેનો પણ એવો નીતિવાળો ઉદ્યમ કરો કે તેથી તેનો યશ ક્યારેય નાશ ન થાય. તે ઉદ્યમ નિષ્ફળ ન જાય. જે લોકો નીતિમાર્ગે ચાલતા હોય તેમણે પણ આવું તપાસીને જોવું જોઈએ કે, તેવા નીતિપ્રધાનનો ક્યારેય દ્રોહ ન થઈ જાય અને એવી રીતે જે વર્તે છે તેનો યુગો સુધી યશ રહે છે. હવે હું અમારી વાત કહું છું. અમે જેતલપુરમાં જઈને યજ્ઞનો આરંભ કર્યો. ૧૦-૧૧. ગોળ, ઘી, ઘઉંનો લોટ વગેરે ઘણો સામાન ભેળો કર્યો. કેટલાયે બ્રાહ્મણો આવેલા તે જમતા હતા. અમે રાજાનું કાંઈ બગાડ્યું ન હતું. ૧૨. છતાં બ્રાહ્મણોને જમતાં રોક્યા અને યજ્ઞ પણ બંધ કરાવ્યો. હવે અમે ડભાણ જઈએ છીએ. તે માત્ર તમને જાણ કરી છે. ૧૩. ત્યારે તે અંગ્રેજ અધિકારીએ કહ્યું, હવે આપ અમારા રાજ્યમાં આવીને યજ્ઞ કરો. અહીં તમારે કાંઈ ચિંતા કરવાની નથી. ૧૪. જેનો હૂકમ ચાલતો હોય એવા રાજાના રાજ્યમાં જે કાંઈ કરવું હોય તે જઈને તેને પૂછવું જોઈએ. ૧૫. દુનિયાની આવી જે રીત છે તેને આપ તો યોગી છો, એટલે તે અંગે ખ્યાલ ન હોય. આપ મોક્ષનું જ્ઞાન આપો છો, પણ વ્યવહાર વિચારવો જોઈએ. તે આપ તમારા દિલમાં જ તપાસી જુઓ. ૧૬.

આપના તાબામાં રહેનારા લોકો આપને પૂછ્યા વિના જ બધું કામ કરે, તો પછી આપને સહેજે જ જરાય તેના ઉપર પ્રસન્નતા રહે નહીં. ૧૭.

રાજાનો અને ગુરુનો વ્યવહાર તો આવો છે. તે અમારી સમજણ પ્રમાણે આપને કહ્યું. આજ તે અમદાવાદના સુબાનું ચલણ જ એવું છે કે તે અમારા હુકમને ન માને. ૧૮. આપનો દ્રોહ કરીને તેણે શુભ કાર્યને અટકાવ્યું છે તો તેનું ફળ તેને તરત જ મળશે. આપનો જે બધો સામાન હોય તેને ડભાણ પહોંચાડો. ૧૯. ડભાણ તો આપનું (આપના શિષ્યોનું જ) ગામ છે એટલે આપ ત્યાં સુખેથી યજ્ઞ કરો. આટલું કહીને તેમણે જે ફૂલહાર મગાવ્યા હતા તે શ્રીહરિને પહેરાવ્યા. ૨૦.

પછી શ્રીહરિની સાથે જે કાઠી દરબારો હતા, શ્રેષ્ઠ અને સર્વોત્તમ માંચા ખાચર, અલૈયા ખાચર, સોમલા ખાચર, સૂરા ખાચર, વગેરે દરબારોને પાનબીડાં અપાવ્યાં. ૨૧. તેમનાં કપડાં ઉપર અત્તર અને ગુલાબજળ છંટાવ્યું. શ્રીહરિને ભારે કિંમતી શાલજોટો લઈને તે ચારે સાહેબોએ ઓઢાડ્યો. ૨૨. શ્રીહરિની સાથેના બધા જ દરબારોને કાપડનો એક એક તાકો આપ્યો. શ્રીહરિની આગળ વિવિધ પ્રકારના કેટલાયે મેવા મૂક્યા. ૨૩. તેમણે હાથ જોડીને ઘણી વિનંતી કરી. તે સમયે ત્યાં કેટલાક પાટીદાર હતા તેઓ બોલ્યા, આ લોકોમાં જે મૂછો મુંડાવેલા છે તેઓએ પોતાની પત્નીનો પણ ત્યાગ કર્યો હોય છે. ૨૪. વળી આમના સત્સંગની કેટલીક સ્ત્રીઓએ પણ પોતાના પતિનો ત્યાગ કરી દીધો છે. એટલે આ સ્વામિનારાયણ લોકોનાં ઘર ભંગાવે છે. આમ બરાબર લાગ જોઈને આવું કહ્યું. ૨૫.

પછી વળી આગળ કહ્યું કે, સ્વામિનારાયણના પગ ઉપર લોકો તુલસી ચઢાવે છે, એટલે તેની નિંદા બહુ થાય છે, તો આપે તે અંગે તેમને નસીહત-શિખામણ આપવી જોઈએ. બીજી ઝાઝી વાત તો અમારે શું કહેવી ? ૨૬. ટોપીવાળા આ દેશની પ્રજાનું કાંઈ કામ હોય તે પાટીદારોને પૂછીને કરતા. ૨૭. પાટીદારોને સારો પગાર આપતા. આવે ત્યારે ખુરશી આપતા. પાટીદારોની એવી મોટાઈ સાચવતા, એટલે તે સાહેબ બોલ્યા, ૨૮. તુલસી શું કહેવાય છે ? અમને તેની જરાય ખબર નથી. ત્યારે પાટીદારે કહ્યું, તુલસી એક શ્રેષ્ઠ વૃક્ષ છે. ૨૯. તેનાં પાંદડાં વિષ્ણુ સિવાય કોઈને ચઢે નહીં. અમારામાં એવી મર્યાદા છે. તે સમયે શ્રીહરિ ચૂપ રહ્યા એક શબ્દ

પણ બોલ્યા નહીં. જ્યારે પાટીદાર બોલતા બંધ થયા ત્યારે તે ટોપીવાળા હોશિયારીથી બોલ્યા. ૩૦.

તુલસી વૃક્ષની જાતિ છે. તમારી જાતિ તો નથી ને ? વૃક્ષની જાતિ જ્યારે આવીને કહેશે, ત્યારે અમે તેમને તે અંગે કહેશું. ૩૧. તુલસી કાંઈ તમારા ઘરનું વૃક્ષ નથી, અહીં જે બોલો છો, તે તો ઈર્ષ્યાથી બોલતા હો, એવું અમને જણાય છે. મોટા પાટીદાર થઈને તમારે આવું ક્યારેય ન બોલવું જોઈએ. ૩૨. તમારામાં બુદ્ધિ વધારે છે અને સ્વામિનારાયણમાં બુદ્ધિ શું લગારેય નથી ? જેટલી સ્ત્રીમાત્ર છે તે મારે માટે મા-બહેન છે. એવું બોલો, તો હું તમને ખરા મરદ ગણું. મુખથી ક્યારેય મિથ્યા બોલવું જોઈએ નહીં. સ્ત્રીનો ત્યાગ કરવો, તે કાંઈ હાંસી-મજાકનો ખેલ નથી. ૩૩-૩૪.

પરસ્ત્રી મા અને બેન સમાન છે. એવો નિયમ બીજા કોઈના મતમાં નથી. જ્યારે કોઈ સમર્થ ગુરુ મળે ત્યારે જ તે શિષ્યની પાસે પરસ્ત્રીનો ત્યાગ કરાવે છે. ૩૫. કેટલાક ગુરુ ત્યાગી હોવા છતાં સ્ત્રીઓને ભોગવે છે. અને ગુરુ ગૃહસ્થ હોય તોપણ પરસ્ત્રીનો ભોગ કરતા હોય છે. ૩૬. અરે, સ્ત્રીઓનો ભોગ કરવો તે જ મોક્ષ છે, એવું કહેનારા પણ તમારામાં ગુરુઓ છે, એમ હું જાણું છું. ૩૭. તમારા જે ગુરુ હોય તેને મારી પાસે લાવો, અને તે જો પરસ્ત્રી અમારે મા તુલ્ય છે, એવું બોલે તો હું તેને ખરા મરદ કહું. ૩૮. આ સ્વામિનારાયણના સાધુ હજાર હશે, તે સહુએ સ્ત્રીમાત્રને મા કરી દીધી છે. ૩૯. તેમના ગૃહસ્થ શિષ્યોએ પરસ્ત્રીને માતા સમાન કરી છે. હવે તમે તમારે મોઢે જ બોલો, તે કહેવાતા તમારા ગુરુઓ મોટા છે કે સ્વામિનારાયણ ? વિચાર કરો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'ખેડામાં શ્રીહરિએ અંગ્રેજ અધિકારીઓની સાથે વાતચીત કરી' એ નામે નવમો તરંગ સમાપ્ત ॥૯॥



પૂર ચૌદમું : તરંગ - ૧૦

સાહેબ સાથે નીતિપૂર્ણ વાત કરીને શ્રીહરિ ચાલતા થયા

ટોપીવાળાએ પાટીદારોને ફરીથી જે કહ્યું, તે હું કહું છું. ૧. તે સાંભળ્યા પછી પાટીદારો તો ચૂપ થઈ ગયા. મોઢા ઉપર શાહી ઢોળાઈ હોય તેવા ઝાંખા થઈ ગયા. હવે તો જમીન માગ આપે તો સારું એવી સ્થિતિ સર્જાઈ. ૨. સાહેબે કહ્યું, જે લોકો સ્ત્રીઓના ગુલામ છે, ભલે તે ગુરુ હોય કે ગુરુના શિષ્ય હોય, પણ તે સ્ત્રીઓને સુખનું ધામ માનતા હોય છે. અને એવા લોકો જ સ્વામિનારાયણની નિંદા કરે છે. ૩. ખરા મરદ તો સ્વામિનારાયણ છે. એવા બીજા કોઈ મરદ દેખાતા નથી. તેમણે આવા ઘોર કળિયુગમાં પણ સદ્ધર્મ ચલાવ્યો છે. ૪. બધા મતપંથીઓએ જ્યારે ધર્મ છોડી દીધો અને તેઓ જ્યારે રંડીબાજ થઈ ગયા, ત્યારે સ્વામિનારાયણે આપ બળે ઉજ્જવળ ધર્મ ચલાવ્યો છે. ૫.

સ્વામિનારાયણ અને તેમના શિષ્યોના વર્તનરૂપી સૂર્ય અત્યારે શોભી રહ્યો છે, ત્યારે ઘુવડ જેવા જે આંધળા હોય છે તેમને તેમનો પ્રતાપ દેખાતો નથી. ૬. સ્વામિનારાયણના શુદ્ધ ધર્મને જોઈને વિવેકી લોકોને એક તલ તલ જેટલોયે મતપંથીઓમાં જે છાનો અધર્મ રહ્યો હતો તે દેખાય આવ્યો. ૭. તેથી જે લોકો ખરા વિવેકી હતા, તેઓ બધા તો સ્વામિનારાયણના મતમાં આવી ગયા; પણ જે પરસ્ત્રીલંપટ હતા, તેટલા જ મતપંથમાં બંધાઈ રહ્યા છે. ૮. જેટલું સ્વામિનારાયણનું શુદ્ધ વર્તન છે તે વગર કહ્યે દેખાય આવે છે. છતાં વ્યભિચારી લોકો તેને સહન નથી કરી શકતા. તેથી પાછળથી તેમની નિંદા કરતા રહે છે. ૯.

चोपाई :

सतपुरुष की निंद्या जेती, सतपुरुष कु बढावत तेती;
असत जन निंद्या करत जेऊ, दिन दिन घटी जावत तेऊ...१०

सत जन काल के मुख न आता, असत जन कु काल चवाता;
सतजन की कीर्ति जुग जुग ही, दिन प्रतिदिन ही अधिक पूगही...११

सतपुरुष के जेते जन जाही, सतकार करे कीर्ति ताही;
अधम में अधम होवे अपारा, कीर्ति बढे तेहि वार न पारा...१२

સત્પુરુષની જેટલી નિંદા લોકો કરે છે, તેટલા તે સત્પુરુષ આગળ વધી જાય છે અને જે અસત્‌જન સત્પુરુષની નિંદા કરે છે તે દિન-પ્રતિદિન ઘટી જાય છે. ૧૦. સજ્જન મનુષ્ય કાળના મુખમાં પડતો નથી અને દુર્જન તો કાળનું ચવાણું થઈ જાય છે. સજ્જન પુરુષનો સુયશ યુગો સુધી દિન-પ્રતિદિન વધતો જ રહે છે. ૧૧. જેટલા લોકો સત્પુરુષનો સત્કાર કરે છે તેઓ અધમમાં પણ અધમ હોય, તોપણ તેમની અપરંપાર કીર્તિ વધે છે. ૧૨. રામચંદ્ર ભગવાનનો જેટલો સત્કાર વાનરોએ કર્યો, તેટલી તે વાનરોની કીર્તિ વધી છે. ૧૩. હનુમાનજી વાનર જ હતા. તે પશુજાતિમાં ગણાય. તેમણે શ્રીરામચંદ્રજીની સેવા કરી, તો તે હનુમાનજીને આજે મનુષ્યો પણ પૂજે છે. ૧૪.

રાવણ પુલસ્ત્ય ઋષિનો પુત્ર હતો. તેણે શ્રીરામચંદ્રજીનું ઘણું અપમાન કર્યું. ૧૫. રાવણને દસ તો મસ્તક હતાં. શ્રીરામનું અપમાન કરવાથી તે બધાં મસ્તક કપાઈ ગયાં. તે ઘણો જ શૂરવીર હતો, છતાં શ્રીરામનું અપમાન કરવાથી તેનાં બધાં મસ્તક કપાઈ ગયાં. અને તેનો વંશે સહિત ઉચ્છેદ થઈ ગયો. ૧૬. **વિષયોમાંથી જીવોને ઉખેડી નાખવા એ જ સમર્થ પુરુષોની સામર્થી છે.** સ્ત્રીનું મન પુરુષમાં આસક્ત હોય છે અને પુરુષનું મન સ્ત્રીમાં આસક્ત હોય છે. તે સ્ત્રી અને પુરુષ પરસ્પર વિષયની વાસનાને લીધે પોતાના ઊંચકુળની લાજ-શરમ પણ મૂકી દે છે. ૧૭-૧૮.

❋ ભગવાનની વાતથી વિષય ઝેર જેવા થઈ જાય છે :

અમુક લોકો મુસલમાન અને ચંડાળનું ઘર માંડતા હોય એવું ગામોગામ દેખાય છે. અત્યારે આવો સમય ચાલી રહ્યો છે, છતાં તમે તેમની નિંદા નથી કરતા (અને સ્વામિનારાયણની નિંદા કરો છો. તેથી અમને આશ્ચર્ય થાય છે.) ૧૯. જે લોકો સ્વામિનારાયણના મુખની વાતને કાને સાંભળે છે તેમને વિષય ઝેર સમાન થઈ જાય છે. વિષયોને ઝેર જેવા દેખાડવા-મનાવવા, તે બાબત સમર્થ પુરુષ સિવાય બની શકે નહીં. ૨૦. **પાતાળથી લઈને બ્રહ્મા સુધી બધા**

જ વિષયના કીચડમાં ખૂંત્યા છે. વિષયોનું એવું બળ છે કે સ્થાવર-જંગમ સહુ તેમાં ખરડાયેલા છે. ૨૧. સમર્થ પુરુષ સિવાય કોઈ વિષયોના મૂળને કાપી શકે તેમ નથી. જે લોકો વિષયોમાં જ પરમ આનંદ માણે છે, માને છે તેઓ જ સ્વામિનારાયણની નિંદા કરતા હોય છે. ૨૨.

હરિવિમુખ લોકો વિષયનું ફળ તો જન્મ, મરણ, જમપુરી અને લખચોરાશીનાં દુઃખ છે, તેને જ ચાહે છે. એવા લોકો સ્વામિનારાયણનો સત્કાર કરશે નહિ અને તેવા મોટાના ચરણોમાં ક્યારેય મસ્તક અર્પણ કરશે નહીં. ૨૩. સ્ત્રીનું ચિત્ત પુરુષમાં મશગૂલ રહે છે અને પુરુષનું ચિત્ત પણ સ્ત્રીમાં ગુલતાન રહે છે. ૨૪. વિષય તો મોટા ઠગ છે. દુનિયામાં એવો બીજો કોઈ ઠગ નથી. વિષય છે તે ઝેરને પણ અમૃતના જેવું દેખાડે છે. જે સમર્થ પુરુષ હોય છે તે જ તેને ઓળખી શકે છે. ૨૫. જ્યારથી બ્રહ્માંડની રચના થઈ છે ત્યારથી આરંભીને જીવના ચિત્તમાં બીજના રૂપમાં વિષય ભરાયેલા જ છે. ૨૬. બ્રહ્માંડના રચયિતા પરમેશ્વરે મનમાં વિચાર કરીને જગતની અભિવૃદ્ધિને માટે વિષયને એવું સામર્થ્ય આપ્યું છે. ૨૭. મોટાના નક્કી વિચારો અલ્પ હોય, તોપણ તે મોટા સિવાય હઠે નહીં. જે સ્વયં નાનો માણસ છે તે આવા મર્મને સમજી શકતો નથી. ૨૮.

અમે કાંઈ સ્વામિનારાયણના શિષ્ય થયા નથી, છતાં અમારી બુદ્ધિ-સમજણ આવી છે. જે ગુરુઓ રંડીબાજ છે, તમારા ગુરુ પણ તેવા જ હશે. ૨૯. જે લોકો સ્વયં રંડીબાજ હોય છે, તેઓ રંડીબાજ ગુરુમાં ઈશ્વરભાવ રાખીને તેમનું અત્યંત સન્માન કરતા હોય છે. ૩૦. જેમ કોઈ આકડામાં આંબાની ભાવના કરીને જીવનભર તેને સાચવે, સંભવ છે તેમાં આંબાનાં ફળ જેવાં ફળ દેખાય પણ તે આકડાના ફળમાંથી કેરીનો રસ નીકળે નહીં. ૩૧. અમારી જેવી સમજણ છે, તેવી વાત તમને સંભળાવી છે. અરે, તમારી પોતાની જ નારી તમને પગના જોડા સમાન માને છે. ૩૨. તમારી મોટપ તો આવી છે, છતાં સ્વામિનારાયણનું તમે ઘસાતું બોલો છો.

પછી તે અંગ્રેજ સાહેબે શ્રીહરિ સન્મુખ જોઈને પ્યારથી કહ્યું, જે અમારા મોટા સાહેબ છે, અમે તો તેમના નોકર છીએ, એટલે અમે જેવો નીતિમાર્ગને

સમજીએ છીએ તેના કરતાં વધારે તો તે સાહેબ સમજે છે. ૩૩-૩૪. અમારા ઉપર નજર રાખજો, કૃપાદૃષ્ટિ રાખજો. આપની કૃપાથી અમે નીતિમાં રહી શકશું. અમે નીતિને પરમેશ્વર માનીએ છીએ અને તે નીતિરૂપ તો આપે અવતાર ધાર્યો છે. ૩૫. અમારું બધું ખાવું પીવું ઈત્યાદિ જે છે તે તો અમારા દેશને અનુરૂપ છે. મનુષ્યનાં શરીર સિવાયના જેટલાં શરીર છે તે તો ઘોર પાપરૂપ જ દેખાય છે. ૩૬. માણસની હત્યા કરવી તે મહાન ઘોર પાપ છે. માનવહત્યા જેવું બીજું કોઈ પાપ નથી, છતાં કોઈ માણસ જ્યારે અતિશય કુમાર્ગે ચાલે છે ત્યારે અમે તેને દેહાંત દંડ દઈએ છીએ. ૩૭.

કોઈ માણસ વધારે પડતો કુમાર્ગે ચાલે અને તે બહુ જ પાપી હોય, તો અમે તેને ઝાડ કે ઘાસના જેવા તેના શરીરનો નાશ કરીએ છીએ અને તેમાં કાંઈ પાપ માનતા નથી. ૩૮. કોઈએ વધારે પડતી માનવહત્યાઓ કરી હોય, તોપણ અમે તેને તરત જ મારી નાખતા નથી. પાંચ-દસ જણ મળીને તેની તપાસ કરીએ છીએ. ૩૯. પુરુષ કે સ્ત્રીની કોઈએ હત્યા કરી હોય, તેની પૂરી તપાસ કર્યા પછી ગુનેગારને અમે દંડ-સજા કરીએ છીએ. ૪૦. સહુનું કારણ પરમેશ્વર છે. તેમનું શરીર નીતિરૂપ છે. માણસમાં જેવી નીતિ દેખાય છે, તેને તેવું શરીર પરમેશ્વર આપે છે. ૪૧.

હંમેશાં નીતિ નિર્દોષ કહેવાય છે. જીવ જેવી રીતે ચાલે તેને તેવું શરીર આપે છે. એટલે જેને મનુષ્યનું શરીર મળ્યું હોય તેણે જોઈ વિચારીને નીતિને માર્ગે ચાલવું જોઈએ. ૪૨. મનુષ્યના દેહમાં આ નીતિનો માર્ગ એવી વસ્તુ છે કે તેને લીધે જીવનો યશ યુગો સુધી ટકી રહે છે. જેટલાં સ્થાવર કે જંગમ શરીરો છે તેના માર્ગો મનુષ્યશરીરમાં રહે છે અર્થાત્ મનુષ્યશરીર દ્વારા જેવાં કર્મ કરવામાં આવે તેવાં શરીર પ્રાપ્ત થાય છે. ૪૩. માણસની જેવી રુચિ હોય તે પ્રમાણેના માર્ગે તે ચાલે છે. જીવ જેવા માર્ગે ચાલ્યો હોય તેવું શરીર તેને મળે છે અને તે શરીર પણ તરત છૂટી જાતું નથી. ૪૪. જે શરીરથી જેવા ભોગ ભોગવી શકાતા હોય છે તેવા ભોગોનો યોગ તે શરીરમાં થાય છે. એ પ્રમાણે અનંત શરીર વારંવાર ધારણ કર્યા પછી મનુષ્યશરીરનો જોગ તો ક્યારેક જ થાય છે. ૪૫. **દુર્લભમાં પણ અતિશય દુર્લભ તો આ મનુષ્યનું**

શરીર કહેવાય છે. અને તે મનુષ્યશરીરમાં પણ દુર્લભ વાત એટલી છે કે જેને આપ બતાવો છો અર્થાત્ જેને આપ સત્સંગ કહો છો. ૪૬.

ત્યારે શ્રીહરિએ તે અંગ્રેજ સાહેબને કહ્યું, જે બાબતનું જેવું જ્ઞાન હોવું જોઈએ તેને તમે બરાબર સમજો છો. એ દૃષ્ટિએ તમે ઘણા ભાગ્યશાળી છો. તમારા જેવી બુદ્ધિવાળા બીજા કોઈ દેખાતા નથી. ૪૭. હવે તમે અમારા સત્સંગની સંભાળ રાખજો. તેમ કરવાથી તમે ઘોર પાપના પાશથી છૂટી જાશો. કેમ જે, તમે અમારા ધામમાં અવાય એવી વાત જાણો છો. ૪૮. અમારાં ધામો અનંત છે. તેમાં આ સંસારરૂપ રોગ નથી. તે ધામ વિના તો બધી જાતના રોગ બધે રહ્યા છે. કોઈ પણ સંસારના રોગ વિનાના નિરોગી નથી. ૪૯. **એક વાત ચોક્કસ છે કે જ્યાં સુધી આવું માયામય શરીર હશે ત્યાં સુધી જીવને દુઃખો રહેશે જ.** ૫૦.

આટલી વાત કર્યા પછી શ્રીહરિ ચાલતા થયા. ત્યારે સાહેબ પણ શ્રીહરિને વળાવવા ઊભા થયા. શ્રીહરિ બહાર આવીને અશ્વ ઉપર બેઠા. ૫૧. તે સમયે જેટલાં વાજિંત્ર હતાં તે બધાં વાગવા લાગ્યાં. અપાર લોકો શ્રીહરિનાં દર્શન કરવા ભેળા થઈ ગયા. તે જોઈને સાહેબ પણ ઘણા ખુશ થઈ ગયા. ૫૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'સાહેબ સાથે નીતિપૂર્ણ વાત કહીને શ્રીહરિ ચાલતા થયા' એ નામે દસમો તરંગ સમાપ્ત ॥૧૦॥



પૂર ચૌદમું : તરંગ - ૧૧

કેંપમાંથી નીકળેલા શ્રીહરિએ અંગ્રેજોની નિયમિતતા કહી

શ્રીહરિ જ્યારે ખેડા ગામના રાજમાર્ગ ઉપર ચાલતા થયા ત્યારે તે અંગ્રેજ સાહેબો ધર્મકુમાર શ્રીહરિને દેખતા રહ્યા. ૧. જ્યારે શ્રીહરિ દેખાતા બંધ થયા ત્યારે સાહેબો પાછા વળ્યા. બપોરના ત્રણ વાગ્યા ત્યાં સુધી તેઓ શ્રીહરિ સાથે કચેરીમાં બેઠા હતા. ૨. ખેડામાં ધનેશ્વર નામે એક ધનાઢ્ય

વિપ્ર સત્સંગી હતા. તેમણે પોતાને ઘેર રસોઈ કરાવી હતી, તેથી શ્રીહરિને ઘેર તેડી ગયા. ૩. એક સારી પાટ બિછાવી દીધી. શ્રીહરિ તેના ઉપર બેઠા. પછી ત્યાં બધાં પહેરેલાં વસ્ત્ર બદલ્યાં અને તત્કાળ સ્નાન કર્યું. ૪.

ગામ બહાર જે કાઠી દરબારો હતા તે બધાને ઘેર બોલાવ્યા. બધા અશ્વોને ગામ બહાર જ રાખ્યા હતા. અશ્વોને માટે પણ બધો ઘાસચારો મોકલાવ્યો. ૫. થાળમાં દૂધપાક, પૂરી કર્યાં હતાં. ભજિયાં, વડાં અને તળ્યાં શાક હતાં. પાપડ અને ગોળચા કેરીનું અથાણું વગેરે થાળમાં ધરાવ્યું. ૬. શ્રીહરિ આવીને એક સારા બાજોઠ (ચોકી) ઉપર બેઠા. પીતાંબર પહેર્યું હતું. વિવિધ પ્રકારનાં ભોજનોનો ભરેલો થાળ હતો. ૭. તે લાવીને શ્રીહરિની આગળ ધરાવ્યો. પછી શ્રીહરિ તે જમવા લાગ્યા. સાથે જે કાઠી દરબારો હતા તેમને પણ જમવા માટે બેસાડી દીધા. ૮.

જ્યારે શ્રીહરિ જમી રહ્યા ત્યારે જળથી હાથ અને મુખ ધોયાં. મુખવાસ લીધો. પછી બાકીનાં બધાં વસ્ત્ર પહેર્યાં. ત્યારે વિપ્રે આવીને પૂજા કરી. ૯. તેના મનમાં જે મનોરથ હતા, તે બધા પૂરા કર્યા. લલાટમાં કેસરી ચંદન ચરચ્યું. તેની વચ્ચે લાલ ચાંદલો કર્યો. ૧૦. ફૂલના હાર અને તોરા ધરાવ્યા. ફૂલના ગુચ્છ કાન ઉપર ઠેરાવ્યા. ફૂલના બાજુબંધ બાંધ્યા અને કપૂરથી આરતી કરી. ૧૧. બંને હાથ જોડીને ચરણોમાં માથું મેલ્યું. તેઓ ગામમાં મોટા અમીર હતા. પછી તરત જ પરમદયાળુ શ્રીહરિ ઊઠ્યા અને અશ્વ ઉપર બેઠા. ૧૨.

રાજબજારે થઈને પુરની બહાર આવ્યા. બધા કાઠીઓ પણ અશ્વો ઉપર બેઠા અને ધર્મકુમાર શ્રીહરિ ત્યાંથી ચાલતા થયા. ૧૩. ખેડી નદીના ઉપર નવો પુલ બાંધ્યો હતો. ત્યાં ગારદ (લશ્કરી ટુકડી) ની ચોકી હતી. ત્યાંથી નિપુણ શ્રીહરિએ ચાલવાની રજા લીધી. ૧૪. શ્રીહરિ સિવાયના જે હતા તે બધા અશ્વ ઉપરથી નીચે ઊતરી ગયા. બધાએ અશ્વોને દોરીને લીધા. પુલ ઊતર્યા પછી તેના ઉપર બેઠા. ૧૫. ત્યાં નવા કેંપ બંધાતા હતા. બધા કાઠી દરબારો તેને દેખતા આવતા હતા. અનેક પ્રકારની તેમાં રચનાઓ હતી. ૧૬.

ઠેકઠેકાણે લશ્કરની ટૂકડીઓ શસ્ત્ર સજ્જ રહી હતી. ચોકિયાત લશ્કરી ટૂકડીઓનો તે કેંપ ત્રણ કોશ જેટલા લાંબા વિસ્તારમાં છવાયેલો હતો. ૧૭. તે લશ્કરી ટૂકડીઓ (ગારદ) અલગ અલગ પાંચ પ્રકારના રંગવાળી પલટનના રૂપમાં ઊભી હતી. સહુના હાથમાં બંદૂક લીધેલી હતી અને તે ઘણી જ ભયાનક લાગતી હતી. ૧૮. સજાવેલી તલવાર જેમ હાથમાં રાખી હતી તેમજ તેવી તૈયાર કરેલી બધી બંદૂકો પણ લાગતી હતી અને સામે વાજિંત્ર જેમ વાગે તેમ બધા પરેડમાં કવાયત કરતા હતા. ૧૯. યુદ્ધના સમયની સાવધાની અને યુદ્ધના બધી જાતના પેચ લશ્કરમાં બધા નિરંતર શીખતા હતા. ૨૦. ચાલવામાં જેવી ચાતુરી જોઈએ તે પણ બધા શીખતા હતા. જેનો જે સમય હોય તે પ્રમાણે સહુ કામમાં તત્પર રહેતા, લગાર પણ કોઈ આળસ રાખતા નહીં. ૨૧. એક એક પહોર(૩ કલાક)નો સમય સહુને બાંધી દીધો હોય, તે સમયમાં કોઈ બેસી પણ શકે નહીં. પરસ્પર કોઈ સાથે વાત પણ કરાય નહીં. ૨૨.

શ્રીહરિએ અલૈયા ખાચરને કહ્યું, પેટને ખાતર લોકોને કેવું કરવું પડે છે ? આ જે બધા લશ્કરમાં જુવાનો (ગારદ) છે તે બધા અમારા પૂરબિયા (સરયૂપારીણ) છે. ૨૩. કેટલાક સરયૂપારીણ અને કનોજિયા બ્રાહ્મણ છે. ઉજ્જૈનથી લઈને જગન્નાથપુરી સુધીના અને બદરિનાથથી લઈને મુક્તનાથ સુધીના બધા પૂરબિયા વિપ્રો નોકરી કરે છે. ૨૪-૨૫. દક્ષિણ ભારતના અમુક લોકો પણ આ લશ્કરમાં ભરતી થયેલા હોય છે. તેમાં પૂરબિયા તો કાળા નાગ જેવા ક્રોધી અને વાઘ જેવા હોય છે. ૨૬. છતાં કેવળ ધન માટે જ તે બધા ઈંગ્લેન્ડના અંગ્રેજોના નોકર થઈને પ્રેમથી રહે છે અને તેઓ જેમ કહે તેમ કરે છે. ૨૭. માત્ર ધનના લોભથી જ મસ્તક અને બધું શરીર તેમને કબૂલી - સમર્પિત કરી દીધું હોય છે અને તેમાં તેમને ક્યારેય ક્ષોભ થાતો નથી. કેટલાક તો લડાઈમાં મરી પણ જાય છે. ૨૮.

ટોપીવાળા-મોટા મોટા અંગ્રેજ અધિકારીઓને ધનનો લોભ લેશમાત્ર પણ હોતો નથી. તેઓ ધનને તો ધૂળના સમાન માને છે અને સોનાને શરીર ઉપર ધારવાનું તાન રાખતા નથી. ૨૯. સોનામાં જેટલા અવગુણ રહ્યા છે તેમને તેઓ બરાબર સમજે છે. તેઓ સોનાને તો મળ સમાન માને છે.

સોનાની ચળકાટીથી તેઓ ક્યારેય અંજાઈ જાતા નથી. ૩૦. રૂપ, રસ, શબ્દ અને ગંધ જેવા વિષયોમાં તેઓ ક્યારેય મન (જીવ)ને ચોંટાડતા નથી અને પરાધીન થઈ જવાય એટલો તેઓ કેફ(નશો) પણ ક્યારેય કરતા નથી. ૩૧. તેઓ જે કામ કરતા હોય છે તે પણ કલાકોના નિયમ પ્રમાણે જ હોય છે. જેનાથી શરીરમાં પ્રમાદ વધે તેવી બાબતમાં તેઓ ક્યારેય મન(ચિત્ત)ને લોભાવતા નથી. ૩૨.

તેમના જે ઘોડા હોય છે તેમને પણ નિયમમાં જ રાખે છે. જે નિયમનો ભંગ કરે, તે કદાચ પોતાનો પરમ સ્નેહી મિત્ર હોય, તોપણ તેની સાથે મિત્રતાને તરત જ તોડી નાખે છે. પછી ફરીવાર તેની સાથે મનને જોડે નહીં. અર્થાત્ મિત્રતા કરે નહીં. અને આવી નિયમિતતાથી જ તેઓ અહીંયાં પરદેશમાં આવીને રાજ કરે છે. ૩૩-૩૪. આ દેશના જ જે રાજાઓ છે, તેઓ દેશને પોતાનું રાજ્ય માનીને ઘણા જ પ્રમાદી થઈ ગયા, તો તેને લીધે તેમણે પોતાનાં બધાં રાજ્ય ખોયાં છે. ૩૫.

રાજ્ય કોઈનું હોય અને તેના ઉપર રાજસત્તા અત્યારે કોઈ બીજાની હોય, એ બધાનું કારણ એક પ્રમાદ જ છે. આવું શ્રીહરિએ કહ્યું. ૩૬. જ્યાં થોડો-ઘણો પણ પ્રમાદ હોય છે ત્યાં પ્રમાદીના ધનથી ચોરોનું પેટ ભરાય છે, પણ જે સાવધાન હોય છે ત્યાં ચોરોનું જોર ચાલતું નથી. ૩૭. આ પ્રસંગે શ્રીહરિએ પ્રમાદની કેટલીએ વાત કહી. જો પ્રમાદ પેસી જાય છે તો કરેલો સત્સંગ પણ છેવટે જાતો રહે છે. ૩૮. એટલા માટે તો અમે જુદાં જુદાં પ્રકરણો ફેરવી વારંવાર વર્તનમાં ફેરફાર કરીએ છીએ. ક્યાંક સત્સંગમાં પ્રવેશીને પ્રમાદ આપણા વર્તનને ફેરવી દે નહીં ! ૩૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'ખેડાના કેંપમાં થઈને નીકળેલા શ્રીહરિએ અંગ્રેજોની સાવધાની કહી' એ નામે અગિયારમો તરંગ સમાપ્ત ॥૧૧॥



પૂર ચૌદમું : તરંગ - ૧૨

જેતલપુરથી બધા સંઘને ડભાણ પહોંચાડવાની વ્યવસ્થા કરી

ખેડાના કેંપની જે રચના હતી તે બધી શ્રીહરિએ કાઠી દરબારોને બતાવી અને પછી ડભાણને માર્ગે આવીને અશ્વોને ઝડપથી ચલાવ્યા. ૧. જ્યારે સૂર્યાસ્ત થયો ત્યારે શ્રીહરિ **ડભાણ**ની પાસે પહોંચી ગયા હતા. ગામમાં રહેલા બધા હરિભક્તોને શ્રીહરિ પધાર્યા છે એવા સમાચાર સાંભળીને ઘણો આનંદ થયો. ૨. એક 'મસ્તી' નામનો (બોટાદનો મુસલમાન) હરિભક્ત ઘોડા ઉપર બેઠો હતો તેના હાથમાં બંદૂક હતી. તે બંદૂકોના અવાજ કરતો હતો. ૩. ભૂંગળ, ઢોલ, ત્રાંસાં તથા પાંચ રંગનાં નિશાન લઈને ઘણા જ ઉત્સાહ યુક્ત મનથી સહુ હરિભક્તો શ્રીહરિની સન્મુખ આવ્યા. ૪. કેટલીયે પ્રકટાવેલી મશાલો સાથે લીધી. બધા ગામથી બહાર નીકળ્યા. જ્યાં ખેડા અને મહેમદાવાદનો માર્ગ ભેળો થાય છે, ત્યાં શ્રીહરિની સવારી આવી. સાથે રહેલા ચોપદાર ઊંચે અવાજે છડી પોકારતા હતા. ત્યારે હરિભક્તોએ પાસે જઈને દંડવત્ પ્રણામ કર્યા. સહુએ હાથમાં ફૂલહાર લીધા હતા. તે ઘણા જ હેતથી શ્રીહરિને પહેરાવ્યા. પછી શ્રીહરિએ તે હરિભક્તોને નામ લઈ લઈને કુશળ પૂછ્યું અને કહ્યું, અમે તમારે ગામ આવ્યા છીએ. ૫-૭.

હવે વસંતપંચમીનો ઉત્સવ કરવા માટે અમો અહીં ડભાણમાં આવ્યા છીએ. અત્યારે જેતલપુરમાં જે હરિભક્તો છે તેમને અમે અહીં ડભાણ આવવાનું કહ્યું છે. ૮. અમે અહીંયાંથી જ્યારે પત્ર લખશું ત્યારે તરત તેઓ બધા જેતલપુરથી અહીં આવશે. ગામમાં જઈને અમે પત્ર લખાવીએ. તો ચાલો હવે અમે ગામમાં આવીએ. ૯. આમ કહીને શ્રીહરિ ડભાણ ગામમાં આવ્યા. બધાં વાજિંત્રો વાગવાં લાગ્યાં. તે વેળાએ ગામના બધા રાજમાર્ગો ઉપર અનંત દીવાઓ પ્રકટાવ્યા. ૧૦.

ગામમાં જે લોકો હતા તેઓ બધા બજારમાં આવીને ઊભા રહ્યા. બધા હેતથી શ્રીહરિનાં દર્શન કરતા હતા અને ફૂલહાર પહેરાવતા હતા. ૧૧. પુરની સ્ત્રીઓ મોતીના થાળ ભરીભરીને લાવી હતી. તે બધી મોતીથી

શ્રીહરિને વધાવતી-પૂજતી હતી. અને લોકો મુખથી 'જયજયકાર'ની વાણી બોલતા હતા. તે સમયની શોભા મુખથી કહી શકાતી નથી. ૧૨. ડભાણના પાટીદાર રાઈજીભાઈને ઘેર આવીને શ્રીહરિએ પોતાનો ઉતારો કર્યો. ૧૩. બીજા જે કાઠી ઘોડેસવાર દરબારો હતા તેઓ પણ બધા પાટીદારોને ઘેર ઊતર્યા હતા. ૧૪. પાટીદાર હરિભક્તોએ હરિભક્ત બ્રાહ્મણોની પાસે કંસારની સુંદર રસોઈ કરાવી. તે શ્રીહરિ જમ્યા. ૧૫. તે પછી કાઠી દરબારને પણ જમાડ્યા. અને શ્રીહરિ પલંગ ઉપર બેઠા હતા ત્યારે જેતલપુરથી લખેલો એક પત્ર આવ્યો. ૧૬.

બે સંતો તે પત્ર લઈને આવ્યા હતા. શ્રીહરિએ તે પત્ર વાંચ્યો. તેમાં જે વાત લખી હતી તે વાંચીને જાણી. ૧૭. અને સંતોને જે વાત મૌખિક કહી હતી તે પણ સંતોએ કહી. તે બધી જ વાતનો જવાબ શ્રીહરિએ પત્રમાં લખાવ્યો. ૧૮. શ્રીહરિની સાથે જે મૂળજી શેઠ હતા તેની પાસે પત્ર લખાવ્યો. મૂળજી શેઠે જ્યારે પત્ર લખી લીધો. પછી તેમણે શ્રીહરિને વાંચી સંભળાવ્યો. ૧૯. શ્રીહરિએ જેટલી વાત લખવાની કહી હતી તે બધી તેમણે લખી હતી. એક પણ બાબત ભૂલ્યા ન હતા. એક જ રાતમાં જેતલપુર પત્ર પહોંચાડે તેવા પગીને પાટીદારો ખોળી લાવ્યા. ૨૦. તે પત્ર પગીના હાથમાં આપ્યો, એટલે તરત જ તે ચાલતો થયો. જેતલપુરમાં દેશદેશના હરિભક્તો આવ્યા હતા. ૨૧. તેમના ઉતારા ક્યાં કરાવવા, એની ચિંતા શ્રીહરિ પોતાના મનમાં કરવા લાગ્યા. પહેલાં તો ગઢપુરના હરિભક્તો જે બાઈભાઈ બધાં આવ્યાં છે તેનો વિચાર આવ્યો. ૨૨.

બંને દરબારગઢની બાઈઓ આવી છે જે બધી સાંખ્યયોગી છે. તેમના સહુના ધર્મ સચવાય, તેવા ઉતારા શ્રીહરિએ નક્કી કર્યા. ૨૩. તે પછી કચ્છના હરિભક્તોના ઉતારા નક્કી કર્યા. પછી જે સોરઠ દેશના પાકા હરિભક્તો આવવાના હતા તેમના પણ ઉતારા ચોક્કસ ઠેરાવ્યા. ૨૪. તે પછી હાલારના હરિભક્તો આવવાના હતા તેમને માટેના ઉતારા પણ અગાઉથી ચોક્કસ કરી દીધા. ૨૫. વળી વાગડ દેશના જે હરિભક્તો આવવાના હતા તેમને માટે પણ ઉતારાની વ્યવસ્થા કરી લીધી. આવી ઉતારાની રીત શ્રીહરિ

જાણતા હતા. ૨૬. મચ્છુકાંઠાના હરિભક્તો જે આ ઉત્સવ ઉપર આવવાના હતા તેમને માટેના ઉતારાની ગોઠવણ પણ કરી રાખી હતી. ૨૭. ઝાલાવાડ પ્રદેશના જે હરિભક્તો આવવાના હતા તેને માટે પણ સારી જગ્યા જોઈને ઉતારા ઠેરવી રાખ્યા હતા. ૨૮.

ચુંવાળ, વઢિયાર, મારવાડ, ઈડર પ્રદેશ, દંઢાવ્ય પ્રદેશ અને સિદ્ધપુર સુધીના બધા હરિભક્તોના ઉતારાની વ્યવસ્થા નક્કી કરી લીધી. ૨૯. ગુજરાત (અમદાવાદની આસપાસનો ભાગ) અને ચરોતરના હરિભક્તો તો ઘણા હતા. તેમજ વાકળ પ્રદેશના અને કાનમ દેશના હરિભક્તો આવે તેના ઉતારા માટે પણ વિચારી રાખ્યું. ૩૦. તે સિવાય રાજપીપળાનો પ્રદેશ, ભરૂચ પ્રદેશ, હાંસોટ દેશ, ગણદેવી પ્રદેશ, સુરત અને મુંબઈ તરફનો પ્રદેશ, ગ્વાલિયર અને દક્ષિણ ભારત તરફના હરિભક્તો જે આવે તેમના માટેના ઉતારાઓ વિચારી લીધા. ૩૧-૩૨.

ખાનદેશ, નિમાડદેશ, ઉજ્જૈન પ્રદેશ, ડુંગરપુર પ્રદેશ, ભાલપ્રદેશ, બારા વિભાગ, ગોહિલવાડ, વાળાક પ્રદેશ, દિવ સુધીના ગામના હરિભક્તો અને નાઘેરના હરિભક્તો જે આવે તેના ઉતારા વિચારી લીધા. ૩૩-૩૪. દ્વારકા સુધીના અને કાઠિયાવાડના હરિભક્તોનો તો કોઈ પાર જ ન હતો. તે સહુને માટે અલગ અલગ ઉતારાની ગોઠવણ ધર્મકુમાર શ્રીહરિએ નક્કી કરી રાખી હતી. ૩૫. એ બધા ઉતારાને યાદ કરીને એક પત્રમાં તે બધું લખાવી લીધું. પછી શ્રીહરિ જઈને પોઢી ગયા. જેતલપુર જે પત્ર લખી મોકલ્યો હતો તે રાત બે ઘડી(૪૮ મિનિટ) બાકી હતી ત્યારે ત્યાં પહોંચ્યો. ૩૬.

ત્યાં ગોવિંદાનંદસ્વામીના હાથમાં તે પત્ર આપ્યો. પત્રમાં જે વિગત લખી હતી. તે બધી સ્વામીએ વાંચી. ૩૭. આનંદાનંદસ્વામી અને નાનાભાઈ ભટ્ટ, તે બંનેને પત્ર સંભળાવ્યો. તેથી તેમના મનમાં પણ આનંદ થયો. ૩૮. પછી શ્રીહરિના જે પાર્ષદો હતા, તેમને કહ્યું કે તમે બધા સંઘની સાથે ચાલીને ડભાણ જાઓ. ૩૯. રતુ ખાંટ અને દયાળજી પગી, એ બંને પોતાના માણસોને સાથે લઈને ડભાણ સુધી સાથે રહીને બધા સંઘોની ચોકી રાખશે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'જેતલપુરથી બધા સંઘને ડભાણ આવવાની વ્યવસ્થા કરી' એ નામે બારનો તરંગ સમાપ્ત ॥૧૨॥



પૂર ચૌદમું : તરંગ - ૧૩

મહોલ ઉપર શિવની સ્થાપના અને ગોસાઈઓએ નિશાન ફરકાવ્યું

બધો સંઘ ડભાણ જવા માટે તૈયાર થયો ત્યારે ગોવિંદાનંદસ્વામી ત્યાં આવ્યા. જેટલા હરિભક્તો હતા, તે બધાને જેને જેટલા જોઈએ તેટલા લાડુ અપાવ્યા. ૧. **બ્રાહ્મણ સિવાયના બધાને બબ્બે લાડુ વ્યક્તિ દીઠ આપ્યા. હરેક લાડુ બશેરનો હતો. પાછળ કોઈ રહ્યું ન હતું. ૨.** ગોળ, ઘી અને લોટ જે હતાં તે બધાં વિપ્રોને આપી દીધાં. તે લઈને સહુ ચાલતા થયા. અંદાજે ત્રણ લાખ મનુષ્યો હશે. ૩. જેતલપુરથી લઈને ડભાણ સુધી સતત મનુષ્યો એકતાર ચાલ્યાં જાતાં હતાં. ત્રણ દિવસ સુધી બધાય રસ્તામાં ચાલતાં રહ્યાં હતાં. ૪. ત્રણ દિવસ સુધી બધાં ચાલતાં રહ્યાં ત્યારે જેતલપુર ખાલી થયું. ડભાણથી ઉત્તર તરફના ભાગમાં મેદાન જેવી જગ્યા હતી. ૫. નડિયાદના અને ખેડાના વેપારીઓએ ત્યાં મોટી ચાર બજારો બનાવી દીધી. જેને જે કાંઈ વસ્તુ જોઈએ તે તે બજારમાંથી લઈ લેતા હતા. ૬.

બધા હરિભક્તોને ઉતારા પણ ગામથી બહાર જ આપ્યા હતા. ગઢપુરથી જે મોટી બાઈઓ આવ્યાં હતાં તેમને ઉતારા ગામમાં આપ્યા હતા. ૭. સુરતના જે મોટા હરિભક્તો હતા તેમને પણ ગામમાં ઉતારા આપ્યા હતા. તે સિવાયના બધા હરિભક્તો ગામની બહાર ઊતર્યા હતા. આવનારા ભક્તોનો કોઈ પાર રહ્યો ન હતો. ૮. સહુએ પોતપોતાના ડેરા-તંબૂ ઊભા કર્યા હતા. કેટલાકે તો પાલ (નાના તંબૂ) ઊભા કરી દીધા હતા અને પોતપોતાનાં ગાડાંઓમાં સીધું-સામાન ભરી રાખ્યાં હતાં. ૯. ગામની ફરતે અરધા કોશ સુધી હરિભક્તો સિવાય કોઈનો પગ ન હતો. તે સમયે એક હજાર જેટલા શૈવ ગોસાઈ જેતલપુરમાં યજ્ઞ છે એમ જાણીને ભાવથી ત્યાં આવ્યા. ઉત્તર

તરફ જ્યાં સરોવર પાણી વગરનું કોરું હતું ત્યાં આવીને તેમણે ઉતારો કર્યો. ૧૦-૧૧. તેમની પાસે પાંચસો તો ઊંટ અને ઘોડાં હતાં. માનો કોઈ લશ્કર ઊતરી આવ્યું હોય તેમ તેઓ દેખાતા હતા. તેમને ત્રણ દિવસ સુધી ઘણા આદરભાવથી લાડુ જમાડ્યા. ૧૨.

પછી ત્યાં શ્રીહરિની આજ્ઞાથી મહોલની ઉપરની છત્રીમાં પંચમુખી શિવજીને પધરાવ્યા. ૧૩. ગોવિંદાનંદસ્વામી, આનંદાનંદસ્વામી અને ભટ્ટ નાના ભાઈ, એ ત્રણેએ વિધિપુરઃસર શિવજીને પધરાવ્યા. તે સમયે કેટલાક હરિભક્તો પણ હતા. ૧૪. દિવસ એક પહોર ચઢ્યો ત્યારે શિવજીને પધરાવ્યા. તે સમયે વિવિધ પ્રકારનાં અપાર વાજિંત્રો વાગતાં હતાં. ૧૫. હરિભક્ત વિપ્રો અપાર હતા. તેમણે તે ગોસાઈઓને બધાને જમાડ્યા. અરે ! ગણ્યે પાર આવે નહિ એટલા બધા લોકોને જમાડ્યા. ૧૬.

બે ઘડી દિવસ જ્યારે બાકી હતો ત્યારે તે ગોસાઈઓએ વિચિત્ર રૂપ ધારણ કર્યું. તેમણે હાથમાં ખુલ્લા ખાંડા લીધા, માર્ગમાં જ પટો ખેલવા લાગ્યા. ૧૭. તેમના મનમાં શિવજીનાં દર્શન કરવાનો ભાવ હતો. અગાઉથી તેમણે વાત જણાવી દીધી હતી. બબ્બેની જોડી થઈને કેટલાએ ઊંટના ઉપર બેઠા હતા. ૧૮. બંદૂકો અને મોટી જંજાળો હાથમાં લીધી હતી. થોડી થોડી વારે તેના અવાજ કરતા હતા. તુરાઈ અને રણશિંગીને બજાવતા હતા અને પગપાળા ઉમંગથી નાચતા-ખેલતા હતા. ૧૯. વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગતાં હતાં. ઊંટના ઉપર નોબત ચડાવેલી તે ગાજતી હતી. જે મુખ્ય મહંત કહેવાતા હતા તેના હાથમાં જરિયાની નિશાન હતું. ૨૦.

ઘણા ઉત્સાહી એવા તેઓ બધા પટો ખેલતા મહોલની પાસે આવ્યા. મહોલને ત્રણ બાજુ તો કોટ હતો અને ઉત્તર તરફ તો મોટું તળાવ ભર્યું હતું. ૨૧. મહોલનાં દ્વાર તો પૂર્વ અને પશ્ચિમ તરફ હતાં. તેટલો સમય પૂર્વ દ્વાર બંધ રાખ્યું હતું, એટલે કોટને ફરીને પશ્ચિમ દ્વારે આવ્યા. ૨૨. પછી મહંત અશ્વ ઉપરથી ઊતર્યા. એક શિષ્ય સાથે લીધો. બીજા બધા અતીતોને બહાર રાખ્યા અને તે વખતે મહંત દ્વારની અંદર આવ્યા. ૨૩. મહંતે પછીથી દ્વાર બંધ કરાવ્યું અને શિવજીનાં દર્શન કરવા માટે આવ્યા. મહોલ ઉપર જઈને

દર્શન કર્યાં અને હાથમાં જે નિશાન હતું તેને ત્યાં ચઢાવી દીધું. ૨૪. પછી તેણે ગોવિંદાનંદસ્વામી અને આનંદાનંદસ્વામી, એ બે મોટા સંતો હતા. તેમની પાસે આવીને મહંતે પરિચય સાધ્યો - કર્યો. તેઓ મનમાં ખૂબ જ ખુશી થયા. ૨૫.

સાધુઓના ધર્મ-નિયમ સાંભળીને તેના મનમાં ઘણો જ આનંદ થયો. જે પુરના મહંત હતા તે બોલ્યા, અહીં અમદાવાદમાં પેશ્વા વિપ્રનું રાજ્ય છે અને ગાયકવાડનું પણ છે. એટલે તે બે મોટા રાજાઓ અહીં રાજ્ય કરે છે, પણ પેશ્વા અને ગાયકવાડના મૂકેલા બે નોકર સૂબા પ્રભુ જ્ઞાતિના છે તેઓ અહીંનો વહીવટ સંભાળે છે. (પ્રભુ - મહારાષ્ટ્ર પ્રદેશની એક કાયસ્થની જાતિ) તેઓ શૈવ સંપ્રદાયને માને છે. ૨૬-૨૮.

પરમહંસ, સંન્યાસી, બ્રહ્મચારી અને જે વિપ્ર, રુદ્રાક્ષ અને ભસ્મને ધારણ કરતા હોય, તેને તેઓ શંકરના તુલ્ય માને છે. ૨૯. જે શૈવ મતને માનનારા હોય છે તેને તેઓ ગુરુ કરીને માને છે. ૩૦. તેમને શૈવોનો પક્ષ રહે છે. વૈષ્ણવોનો પક્ષ થોડો રાખે છે. શૈવ અને વૈષ્ણવ, બંને મતમાં આદરભાવવાળા તમારા જેવા કોઈ ત્યાગી સાધુ નથી. ૩૧. તે બંને મતના સનાતન ધર્મ-આચારો આજે તમારામાં વર્તે છે. અત્યારના હળાહળ કળિયુગમાં પણ તમે શુદ્ધ ધર્મને પાળો છો. ૩૨. વર્તન ઉપરથી અમને દેખાય છે કે તમારા ગુરુ ઘણા જ સમર્થ છે. જે મતમાં પ્રતાપી ગુરુ હોય છે તેનો પ્રતાપ વર્તનમાં દેખાઈ આવે છે. ૩૩. જે લોકો ફેલી છે તેઓ તમારું વિપરીત-ઘસાતું બોલે છે. અમે તમને મળ્યા ત્યારે અમે બધું જોયું. જે લોકો ફેલી છે તેમને ધર્મ પાળવો તે તો શત્રુના સમાન લાગે છે. ૩૪. અધર્મ કરવામાં જે તત્પર હોય તેમને અમે ફેલી કહીએ છીએ. જેટલી ન કરવા જેવી વાતો હોય કે વર્તન હોય તે બધું ફેલી લોકો કરતા હોય છે. ૩૫.

दोहा : फेल करना नहि कठिन हे, जीय कु रुचत रहाय;
मनुष्य तन में करत जो, वज्रलेप होत ताय...३६
मनुष्य तन में फेल करत, जितने जन तेहि जेह
ताके फल तिल तिल हि जो, भुक्तत रहत हि तेह...३७

ફેલ કરવા તે કાંઈ કઠણ નથી. ફેલ તો જીવને ગમે છે, પણ મનુષ્યના શરીરમાં રહીને જીવ જે દુષ્કર્મ કરે છે તે તો વજ્લેપ થઈ જાય છે. ૩૬. મનુષ્યના શરીરને પામીને જીવ જેટલા ફેલ કરે છે, તેનું તલ તલ જેટલું ફળ જીવ ભોગવતો રહે છે. વગર ભોગવ્યે છૂટશે નહીં. ૩૭. **ફેલનું ફળ એ છે કે વારંવાર દેહ ધારણ કરવા પડે છે. અને તે દેહે કરીને ઊંચ-નીચ પ્રકારનાં દુઃખ જીવને ભોગવવાં જ પડે છે. જે દુઃખનું વર્ણન કરી શકાતું નથી.** ૩૮. જો કે મનુષ્ય આવું બધું સમજે છે છતાં પણ તે ફેલ કર્યા વિના રહેતો નથી. અને સમર્થથી દૂર રહે છે તેનું મુખ્ય કારણ તે ફેલ જ છે. ૩૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'મહોલ ઉપર શિવજીની સ્થાપના અને ગોસાઈઓએ નિશાન ફરકાવ્યું' એ નામે તેરમો તરંગ સમાપ્ત ॥૧૩॥

પૂર ચૌદમું : તરંગ - ૧૪

ગોસાઈ શ્રીહરિનાં દર્શન કરવા જેતલપુરથી ડભાણ આવ્યા

તે ગોસાઈના મહંતે આનંદાનંદસ્વામીને ફરીવાર કહ્યું, હવે તમે સુખેથી યજ્ઞ કરો. અમે તમારી મદદમાં છીએ. ૧. પેશ્વા અને ગાયકવાડનું રાજ્ય એટલે અમારું રાજ્ય છે. તેઓ અમને વિશેષ માને છે અને તેઓ અમારી એટલી લાજ-શરમ રાખે છે. ૨. ત્યારે આનંદાનંદસ્વામીએ કહ્યું, એ બાબતમાં મને કાંઈ વિશેષ ખબર નથી. જે અમારા ગુરુ છે તે બધું જાણે છે અને તેઓ અત્યારે ડભાણ ગામમાં છે. ૩. તમારા મનમાં જો વધારે ભાવ હોય તો તમે જઈને તેમને પૂછો. ફરીવાર યજ્ઞ અમારે જો કરવો હોય તો તકલીફ પડે. અત્યારે તો અહીંયાં કાંઈ સામાન રહ્યો જ નથી. ૪. આટલું બોલીને મુનિવર આનંદાનંદસ્વામી મહંતને લઈને ઉપરથી નીચે ઊતર્યા અને મહોલમાં રામ અને શ્રીકૃષ્ણ જે પધરાવ્યા હતા, પછી તેમનાં દર્શન કરાવ્યા. ૫. સ્વામીએ ત્યાં સંધ્યા આરતી અને ધૂન કરી. મુખથી રાધાકૃષ્ણાષ્ટક બોલ્યા. તેમજ 'સહજાનંદ ગુરું ભજે સદા' એ ગુરુભજન અષ્ટક પણ બોલ્યા.૬.

અતીતોના મહંત સ્તુતિ પ્રાર્થનાદિ બધું સાંભળીને મુખથી પ્રશંસા કરતા બોલ્યા કે, જ્યાં આવી શુદ્ધ રીત હોય ત્યાં ગુરુરૂપી શંકર પ્રકટ રહ્યા હોય છે. ૭. દત્તાત્રેય અને કપિલ મુનિના જેવા મહાન સમર્થ તમારા ગુરુ જણાય છે. આવા કળિયુગમાં સમર્થ ગુરુના સિવાય શુદ્ધ ધર્મ ક્યારેય પ્રગટે નહીં. ૮. ગુજરાતની ભૂમિનાં મહાન્ ભાગ્ય છે, તેનું વર્ણન કર્યે પાર આવતો નથી. આવા સમર્થ જે ગુરુ હોય છે, તેઓ તો પોતે જ યજ્ઞ પુરુષ છે. ૯.

चोपाई :

ताके करें हम दरश जबही, अंतर में होवें शांति तबही;
भेख धरनेको फल हे एतो, दरश करे विन धुर सब तेतो...१०

હવે તો અમે જ્યારે તેમનાં દર્શન કરશું ત્યારે જ અમારા અંતરમાં શાંતિ થાશે. આવા મોટા સત્પુરુષનાં દર્શન કરવાં, તે જ ભેખ ધર્યાનું ખરું ફળ છે, તેમનાં દર્શન સિવાયનું બીજું બધું તો ધૂળના સમાન છે. ૧૦. **તીર્થ કરવાનું ફળ પણ એટલું જ છે કે ક્યાંય કોઈ સમર્થ પુરુષ મળી જાય.** હવે બધી જમાતને અહીં છોડી દઉં અને સવારમાં જ હું ડભાણ જાઉં. ૧૧. તેઓ જો ડભાણથી ક્યાંઈ દૂર ગયા હશે, તોપણ હું તેમની પાસે જરૂર જઈશ. જ્યારે આવા સત્પુરુષનાં દર્શન હું આંખોથી કરીશ ત્યારે જ મારા મનમાં શાંતિ થાશે. ૧૨. દર્શન કર્યાં વિના તો મને આજની રાતે ઊંઘ પણ નહિ આવે. દર્શન કરવાનું મારા મનમાં એવું અતિ તાન લાગ્યું છે કે તે મારા મુખથી કહી શકાતું નથી. ૧૩. તમે મને એક નાનો એવો પત્ર લખી આપો. કારણ કે પત્રની વાત કાંઈક જુદી હોય છે. પત્ર વિના કાંઈ જુદું મનાઈ જાય. ૧૪. પત્ર ન હોય તો વાતનું ક્યારેય પ્રમાણ થાય નહીં. આવું બધું જણાય છે. પત્ર વાતને પ્રમાણભૂત કરે છે. ૧૫.

પછી આનંદાનંદસ્વામીએ શ્રીહરિના ઉપર એક પત્ર લખી દીધો અને તરત તે ગોસાઈના હાથમાં આપ્યો. ૧૬. મહંત રજા લઈને તરત ઊઠ્યા. આનંદાનંદસ્વામીએ પેંડાનો ભરેલો થાળ તેમને આપ્યો. તુરાઈ, રણશિંગી અને નગારું વગેરે પણ તે વખતે મહંતને આપ્યાં. ૧૭. પછી તેઓ મશાલને

અજવાળે ઉતારે ગયા. રાત રહીને ચાલતા થયા. ચાર ઊંટ લઈને ચાલ્યા. એક ઊંટ ઉપર બબ્બે જણ બેઠા હતા. ૧૮. પાછલી રાતે ચાલ્યા હતા. દિવસ ઊગતામાં તો ડભાણ પહોંચી ગયા. ગામની બહાર સંતોની જગ્યા હતી, ત્યાં આવીને ઉતારો કર્યો. ૧૯. ગામના પશ્ચિમ દરવાજા તરફના ભાગમાં યજ્ઞનું સ્થળ હતું. ત્યાં શ્રીહરિ સવારીની સાથે ગામ બહાર નીકળ્યા. ૨૦.

રંગભીના-ઘનશ્યામ શ્રીહરિ રોજ સવારના પહોરમાં સંતો અને હરિભક્તોને દર્શન દેવા માટે આવતા હતા. અશ્વને પણ બધાં સોનેરી સાજથી શણગાર્યો હતો. ૨૧. શ્રીહરિએ પણ પોતાનાં અંગ ઉપર ભારે માંહેલાં અપાર સોનેરી વસ્ત્ર અને અલંકારો ધારણ કર્યાં હતાં. દસ અવતારોના ચિત્રવાળું છત્ર માથે ધારણ કર્યું હતું અને સોનેરી અબદાગીરી પણ આગળ ધારી હતી. ૨૨. શ્રીહરિના મસ્તકની બંને બાજુએ સોનાનાં બે ચામરો પણ વીંઝાતાં હતાં. સુંદર છટાદાર મોતીની છડી શ્રીહરિએ હાથમાં રાખી હતી. ૨૩. અઢાર સેરવાળો જરિયાની રેટો ધર્મકુમાર શ્રીહરિએ મસ્તક ઉપર બાંધ્યો હતો. પાઘ ઉપર શિરપેચ બાંધ્યો હતો અને તેના ઉપર નંગ જડિત કલગી ઝૂકી રહી હતી. ૨૪. અશ્વના મસ્તકની ઉપર સોનાનો મોર હતો અને તે મોરના માથા ઉપર પણ કલગી હતી, તેની શોભા કહી શકાતી નથી. ૨૫. ઘનશ્યામ શ્રીહરિની જે શોભા હતી, તે મુખથી કહી શકાતી નથી. શેષ જેવા પણ તે શોભાના પારને પામતા નથી. તેને દેખીને તો કરોડો કામ પણ લજ્જિત થઈ જાય છે. ૨૬.

શ્રીહરિ સંતોની જગ્યામાં આવીને અશ્વ ઉપરથી નીચે ઊતર્યા. સહુ સંતોને દર્શન દીધાં અને પછી યજ્ઞ મંડપમાં આવ્યા. ૨૭. ત્યાં શ્રીહરિ આવીને યજ્ઞની વેદી ઉપર બેઠા. ત્યારે ચારે બાજુ સંતોની સભા થઈ. ૨૮. તારાઓના મધ્યમાં જેમ ચંદ્રમા શોભે છે તેમ જગદ્વંદ્ય શ્રીહરિ સંતોના મધ્યમાં શોભતા હતા. તે સમયે જેતલપુરથી નીકળેલા ગોસાઈઓ આવ્યા. સહુના હાથમાં શ્રીફળ હતાં. ૨૯. આવીને શ્રીફળ શ્રીહરિની આગળ ધર્યાં અને જે પત્ર લાવ્યા હતા, તે શ્રીહરિના હાથમાં આપ્યો. જ્યારે શ્રીહરિએ તે પત્ર વાંચી લીધો ત્યારે તે ગોસાઈની સાથે શ્રીહરિએ વાત કરી. ૩૦.

યજ્ઞમાં મદદ કરવાની પ્રેરણા તમને ભગવાન નારાયણે કરી છે. અમારે અને તમારે ક્યારેય હેત-પ્રીત હતાં નહીં, છતાં તમે અત્યારે અમને મદદ-સહાય કરવા માટે આવ્યા છો. ૩૧. તમારાં સિવાય ઘણા મોટા મોટા કોઈ રાજાઓ પણ અમને મદદ કરવા આવ્યા નથી. ભગવાન નારાયણમુનિએ તમને પ્રેરણા કરી છે એમ અમારાં મનમાં જણાયું છે. ૩૨. અમારાં દર્શન કરવા માટે તમે અહીંયાં સુધી આવ્યા છો, તે ભાવના વિના થાય નહીં. તમારા ઉપર અમે રાજી થયા છીએ. તમે મુખે જે માગશો તે અમે આપશું. ૩૩. ત્યારે ગોસાઈએ હાથ જોડીને કહ્યું, અમે આપના જેવા બીજા કોઈને દેખ્યા નથી. જે લોકો દુરાચારી હોય છે તે આપની નિંદા કરે છે. ૩૪. આપના સંતો જેતલપુરમાં રહે છે. અમને તેમનો સમાગમ ઘણો સારો થયો. સાધુઓનું જે શુદ્ધ વર્તન હોવું જોઈએ તે બધું અત્યારે તમારામાં દેખાઈ આવે છે. ૩૫.

વર્તમાન કળિયુગમાં તો આપે જ ભેખધારીઓની લાજ-આબરૂ રાખી છે. આપના સામર્થ્યની વાત તો હું શું કહું ! લોકોના ફેલમાત્ર આપે નષ્ટ કરી દીધા છે. ૩૬. જે જે ફેલ કહેવાય છે તે બધા આપના સિવાયના જે ભેખધારીઓ છે તેમાં જ ભરપૂર ભરાઈને રહ્યા છે; તેમાં કાંઈ શંકા નથી. ૩૭. જેણે મોક્ષને માટે ભેખ ન લીધો હોય તેને કોઈની શંકા રહેતી નથી. જે ફેલ કરવા માટે ભેખધારી થયા હોય તેમનો કોઈ દિવસ મોક્ષ થતો નથી. ૩૮. જેણે જેણે ખરો ભેખ લીધો છે તેમનો મોક્ષ થઈ ગયો છે, એમ અત્યારે બધા ભેખધારીઓ વાત કરે છે. ૩૯. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું, જે સંતોનો મોક્ષ થયો હોય તેમણે પોતાનું મોક્ષરૂપી કાર્ય કઈ રીતે સુધાર્યું ? તે રીતે અમે જોઈ, વિચારીને ચાલીએ છીએ. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'ગોસાઈ શ્રીહરિનાં દર્શન કરવા જેતલપુરથી ડભાણ આવ્યા' એ નામે ચૌદમો તરંગ સમાપ્ત ॥૧૪॥



પૂર ચૌદમું : તરંગ - ૧૫

ગોસાઈ આગળ ખપ, મોક્ષ અને સત્સંગના મહત્ત્વની વાત કહી

તે પછી ફરી વાર શ્રીજીમહારાજ બોલ્યા, તે વાતને હું કહું છું, તેને જે ભક્તજન કાનથી સાંભળે છે તેને મનોવાંછિત સુખ મળે છે. ૧. **જેને થોડો-ઘણો પણ મોક્ષનો ખપ હોય તેને મનુષ્ય કહેવાય છે, પણ જેને મોક્ષનો ખપ નથી હોતો તેઓ તો પશુના જેવા છે. ૨.**

सोरठा : हरि को खप नहि लेश, ओर बात में तान अति;
रहत हे तेहि कलेश, तान में दुःख न देख परत...०३
हरि विन ज्यां लग तान, ओर में जन रखत तेहि;
त्यां लग होत हेरान, देखत तोउ न त्रास होत..०४

જેને ભગવાનનો લેશમાત્ર પણ ખપ ન હોય, અને બીજી બાબતમાં જ ઘણું તાન રહેતું હોય તેને ક્લેશ રહે છે; પણ તેને તે તાનમાં દુઃખ દેખાતું નથી. ૩. જ્યાં સુધી માણસ ભગવાન સિવાય અન્ય બાબતનું તાન રાખે છે ત્યાં સુધી તે સંસારમાં હેરાન થાય છે. તે હેરાનગતિને દેખે છે છતાં તેનાં દિલમાં કાંઈ ત્રાસ થાતો નથી. ૪.

मनुष्य के तन पाई जन जेता, हरि विन ओर में तान हि तेता;
बंधन ताकु होवत अपारा, ताकी गम नहि ताकु लगारा...०५

જીવને મનુષ્યશરીર મળ્યા પછી ભગવાન સિવાયના બીજા વિષયોમાં જેટલું તાન રહે છે તેટલું તેને અપાર બંધન થાય છે, પણ તેની તેને લગારેય ગમ નથી હોતી. ૫. ખપ વગરનાને જેટલી વાત કહેવામાં આવે, તેને તે ઝેર કરતાં પણ વધારે વિષરૂપ માને છે; છતાં ભગવાનના જે સાચા સંત છે તે મનુષ્યમાત્રનું હિત કરતા રહે છે. ૬. જીવને જેમ ભગવાનમાં તાન-લગની થાય તેવી જ વાત સંતો કરે છે. અને ભગવાનમાં તાન-લગની વિનાની જે વાત કરવામાં આવે છે તે તો ઝાંઝવાનાં પાણી જેવી મિથ્યા હોય છે. ૭. **જીવ બીજી બાબતોમાં જેવું તાન રાખે છે તેવું જે દિવસથી ભગવાનમાં તાન કરશે ત્યારે તેનાં લખચોરાશીનાં દુઃખો મટી જશે અને અત્યંત સુખી થાશે. ૮.**

ચોપાઈ :

हरि के सुख आगे सुख ओरा, जो जो देखे में आवत जोरा;
तिहाँ लग जन की बुद्धि जेहा, पशु से अति तुछ रहे तेहा...०९
विधि के सम होय बुद्धि जोउ, हरि में तान नहि ज्यां लग सोउ;
वैराट के सम आयुष्य पावा, तिन करी लेश न मोटप रहावा...१०

જ્યાં સુધી ભગવાનના સુખની તુલનામાં બીજાં સુખો વધારે સારાં લાગે છે ત્યાં સુધી તે મનુષ્યની બુદ્ધિ પશુના કરતાં પણ અતિશય તુચ્છ રહે છે. ૯. બ્રહ્માના જેવી બુદ્ધિ હોય અને વૈરાજપુરુષનાં જેટલું આયુષ્ય હોય, છતાં પણ જ્યાં સુધી ભગવાનનાં સ્વરૂપમાં લગની ન લાગે ત્યાં સુધી તેણે કરીને તેની લેશ મોટપ કહેવાતી નથી. ૧૦.

જ્યાં સુધી ભગવાનમાં તાન-લગની ન હોય ત્યાં સુધી તો તે પશુઓમાં પણ અતિ હીન અને જડ છે. **ભગવાન સિવાય અન્ય વિષયનું જે તાન છે તેટલી પશુબુદ્ધિ કહેવાય છે.** ૧૧. જે જે વિદ્યા કહેવાય છે તે ભણીને તેને સિદ્ધ કરી હોય, બધા મનુષ્યો અને દેવો આવીને તેને પ્રણામ કરે, એવા બુદ્ધિમાન થયા હોય, ૧૨. જેટલાં બ્રહ્માંડ કહેવાય છે તે બધાને સુવર્ણમય કરે, તે તે બ્રહ્માંડવાસી બધા જ લોકોને મિષ્ટાન્ન જમાડી શકે તેવો શક્તિશાળી કોઈ થાય, ૧૩. પણ જ્યાં સુધી જન્મ-મરણ, જમપુરી અને લખચોરાશી માથા ઉપર હોય છે ત્યાં સુધી તે બધું કુનોર-ઢંગધડા વગરનું કહેવાય. ૧૪.

✵ ભગવાનનું જ તાન રાખવું :

સંત વિના ક્યારેય કોઈ સુનોર બતાવતા નથી. બધા કુનોરમાં ચાલતા રહે છે, તેમને આ સંતો જ સુનોર દેખાડે છે. ૧૫. જે કાંઈ પણ કરે તેમાં જેને એક ભગવાન ઉપર જ તાન હોય, તેને મનુષ્યનો દેહ મળ્યો તે સાર્થક છે. મનુષ્યદેહ ધરવાનું ફળ તેણે લીધું કહેવાય. ૧૬.

हरि में तान न होत ज्यां लगहु, अनंत तन धरत ही त्यां लगहु;
चक्रवर्ती भूप होवे जोउ, जन्म मरण दुःख छूटे न तोउ...१७
एसी बात के रहे जिहाँ ताना, मोक्ष रहे तिहाँ मूर्तिमाना;
मूर्तिमान तिहा रहे सत्संगा, सत्संग तिहाँ भगवान अभंगा...१८

જ્યાં સુધી એક ભગવાનમાં તાન ન લાગે ત્યાં સુધી અનંત શરીરોને ધારણ કરે, કોઈ ચક્રવર્તી રાજા પણ થાય, છતાં તેનું જન્મ-મરણનું દુઃખ છૂટતું નથી. ૧૭. ઉપર કહ્યું તેવી વાતનું જ્યાં તાન રહે છે ત્યાં મૂર્તિમાન મોક્ષ રહે છે અને જ્યાં મૂર્તિમાન મોક્ષ રહે છે ત્યાં સત્સંગ રહે છે અને જ્યાં સત્સંગ રહે છે ત્યાં ભગવાન રહે છે. ૧૮. **જે વાતમાં જેટલું દૈવત રહ્યું હોય તે ખપવાળાને દેખાય છે અને જેને સત્સંગનો ખપ હોય છે તે આખા બ્રહ્માંડના સુખમાં પણ લોભાતો નથી. ૧૯. સત્સંગના સુખની આગળ બ્રહ્માંડનાં બધાં જ સુખ જ્યારે કાકવિષ્ઠા જેવાં સમજે ત્યારે જાણવું જે તેનો સત્સંગ સાચો છે. ૨૦.**

સાચો સત્સંગી કોઈને પણ ભગવાનથી અધિક-વિશેષ જાણે નહીં. કદાચ કોઈ મનની વાતને જાણી જાતા હોય, કોઈ આકાશમાં ઊડી બતાવતા હોય, કોઈ વધારે પડતી ધન-સંપત્તિને બતાવતા હોય, ૨૧. કોઈ દીકરો આપે, રોગ મટાડે, છતાં પણ સાચો સત્સંગી ભગવાન સિવાય બીજામાં ક્યારેય લોભાય નહીં. ક્યારેક શરીરમાં કોઈ અસાધ્ય રોગ થાય, રૂંવાડે રૂંવાડે કરોડો વીંછીની વેદના થાય, ૨૨. છતાં ક્યારેય ભગવાનનો અભાવ આવે નહીં. અને ભગવાનને સર્વોપરી જ માનતો રહે. અને ત્યારે જ તેનું ભગવાનમાં સાચું તાન કહેવાય. તે પછી ભગવાન પણ તેના ઉપર રીઝે છે. ૨૩. **જ્યારે ભગવાન રીઝે છે ત્યારે તેના ઉપર બધા જ રીઝે છે. સત્સંગ વિના આવું ક્યારેય સમજાતું નથી.** રણું ગામના જે પ્રભાતગીરી અતીત છે, તે જગતમાં સિદ્ધ કહેવાય છે. ૨૪. (અખંડાનંદસ્વામીનો યોગ થવાથી) તેમણે સત્સંગના સંતોની રીત દેખી. પછી તેઓ પાકા સત્સંગી થયા અને અહીંયાં આવ્યા છે. ૨૫.

બે શિષ્યો સાથે આવ્યા હતા. તેમને મસ્તકે વર્ષોથી જટાઓ હતી. હવે તે જટા ઉતરાવી નાખી છે. ૨૬. તમે તેની પાસે જાઓ અને આજ તેમની વાત સાંભળો. તમારા દોષ નાશ થઈ જાય એવો તમે ઉપાય કર્યો છે. ૨૭. તમને ભગવાન નારાયણે સદ્‌બુદ્ધિ આપી છે. બધા દોષોનો નાશ કરી દીધો છે. હવે તે નારાયણનું રટણ કરો. ૨૮. અમે મહારુદ્ર અને અતિરુદ્ર બે

યજ્ઞ કરાવ્યા. કેટલાક વિષ્ણુયાગ પણ કરાવ્યા. તેમાં આવું કોઈ વિઘ્ન થયું નથી. ૨૯. અમારે એક યજ્ઞ ખોખરા મહેમદાવાદમાં કરાવવાનો જે વિચાર છે તે હજી બાકી રહી ગયો છે. તે યજ્ઞ કરવાનો જ્યારે નિર્ધાર કરશું, ૩૦. ત્યારે તમને જરૂર બોલાવશું. હવે અમને તમારા ઉપર સંપૂર્ણ રીતે હેત થયું છે.

ત્યારે તે ગોસાઈએ કહ્યું, પ્રભુ, અમે આપની પાસે એટલું માગીએ છીએ કે, જ્યારે અમારો અંત સમય આવે ત્યારે આપ આવા ને આવા આવીને દર્શન દેજો, આટલું વરદાન આપ જ્યારે આપો ત્યારે અમારા દિલમાં પાકો વિશ્વાસ આવે. ૩૧-૩૨. ત્યારે શ્રીહરિએ તેને કહ્યું, તમે અમને જેવા જાણશો તેવાં દર્શન તમને થાશે. એટલું કહીને શ્રીહરિ ત્યાંથી ચાલતા થયા અને આવીને તે વખતે અશ્વ ઉપર બેઠા. ૩૩. જેટલી જગ્યામાં બધા હરિભક્તો આવીને ઊતર્યા હતા ત્યાં બધે ફરીને સહુને દર્શન દીધાં. અત્યંત ભાવનાવાળા કેટલાક હરિભક્તોએ તો પૂજા પણ તૈયાર કરી રાખી હતી. ૩૪. બરફી અને પેંડાનો થાળ શ્રીહરિને પ્રથમ જમાડીને પછી પૂજા કરી. જેને જે રીતનો ભાવ હોય તે રીતે તે હરિભક્તો થાળ કરાવતા હતા. ૩૫.

જે હરિભક્તો બ્રાહ્મણ ન હોય, તેઓ કોઈ બ્રાહ્મણ હરિભક્તને બોલાવીને તેની પાસે વિવિધ પ્રકારના થાળ કરાવતા અને શ્રીહરિને પોતાને ઉતારે બોલાવીને જમાડતા હતા. તે થાળની શોભા કહી શકાતી નથી. ૩૬. હરિભક્તોની જેવી ભાવના હોય તે પ્રમાણે શ્યામસુંદર શ્રીહરિ થાળ જમતા હતા. ભક્તોની સર્વ કામનાઓને પૂર્ણ કરનારા એવા શ્રીહરિએ આ રીતે ભક્તોને અપાર સુખ આપ્યું હતું. ૩૭. ભક્તોને જેવી ભાવના હોય તેવા વિવિધ પ્રકારનાં વસ્ત્ર અને આભૂષણ ઘનશ્યામ શ્રીહરિને પહેરાવતા હતા. ૩૮. હરિભક્તોને સુખ આપવા માટે શ્રીહરિ મધ્યાહ્ન સુધી આ પ્રમાણે થાળ જમતા હતા. શ્રીહરિની આવી લીલાઓ તો ભક્તોને ધ્યાન કરવા માટેની છે. ૩૯. ઉતારે થાળ જમવાની તો આ એક ચરિત્રલીલા ભક્તોને સુખી કરવા માટેની છે. આવી તો અનેક લીલાઓ શ્રીહરિ રોજ કરતા. એ લીલા એક એકથી અધિક મહત્ત્વપૂર્ણ હતી. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'ગોસાઈ આગળ ખપ, મોક્ષ અને સત્સંગના મહત્ત્વની વાત કહી' એ નામે પંદરનો તરંગ સમાપ્ત ॥૧૫॥



પૂર ચૌદમું : તરંગ - ૧૬

સંતોની ભિક્ષા અને શ્રીહરિચરિત્રોની દિવ્યતા

જ્યારે મધ્યાહ્ન સમય થાતો ત્યારે શ્રીહરિ પોતાને ઉતારે આવતા. ત્યારે એક સુંદર પલંગ ઉપર સુખેથી પોઢી જાતા હતા. ૧. ત્યાં સંતોનાં જે મંડળ હતાં તેમાં પ્રત્યેક મંડળના બબ્બે સંતો ભિક્ષા-ઝોળી માગવા જાતા હતા. ૨. ફરતાં જે ગામ છે ત્યાં મધ્યાહ્ન સમયે સંતો જાતા અને 'નારાયણ હરે ! સચ્ચિદાનંદ પ્રભો ! એવું બોલતા હતા. ૩. બ્રાહ્મણ, વાણિયા અને પાટીદારોનાં ઘેર ભિક્ષા માગવા કાયમ જાતા. ૪.

જેના મનમાં જેવો ભાવ હોય તે પ્રમાણે સહુ ભિક્ષા આપતા. ઘરમાં જેવું અન્ન સહુ ખાતા હોય તેવું ઝોળીમાં તેઓ નાખતા. ૫. બાઈભાઈ, ઘરમાં જે હાજર હોય તે ભિક્ષા આપતાં. કોઈ સ્ત્રી અજાણમાં ક્યારેક ઝોળીને અડી જાય, તો તેનો તલભાર પણ દોષ ગણતા નહીં. ૬. જે સંત ઝોળી માગવા જાય તે ઘરની બહારના ભાગમાં ઊભા રહેતા. ભૂલથી પણ ક્યારેય ઘરમાં પેસતા નહિ, આવો દૃઢ નિયમ સહુ રાખતા હતા. ૭. એક સંત બીજા સંતને ન દેખે, એમ ક્યારેય ઊભા રહેતા નહીં. કોઈ સ્ત્રી અજાણતા બોલાવે તો તેની સામે ક્યારેય બોલતા નહીં. ૮.

મુનિવર સંતો ક્યારેય ભૂલથી પણ નારીનું મુખ દેખતા નહીં. ઝોળીમાં જેવું અન્ન કોઈ નાખે તો મુનિવર તેને જોઈને લેતા. ૯. કોઈ દુર્ગંધવાળી અથવા અપવિત્ર વસ્તુ હોય તો તેને જોઈને મુનિ લેતા નહીં. કેટલાક લોકો રોટલી-રોટલો આપતા અને અજાણ્યા લોકો લોટ આપતા. ૧૦. કોઈક કાચા અનાજના દાણા લાવીને આપતા, તો કોઈ કાચી ભાજી અને ફળ પણ આપતા. કેટલાક અજાણ્યા લોકો શાકભાજીની કાચી ફળીઓને આપતા. ૧૧.

દાળ, ભાત અને શાક જે કાંઈ કોઈ આપે તેને સંતો ઝોળીમાં લઈ લેતા. કોઈ અથાણું કે પાપડ આપતા, ત્યારે સમય પ્રમાણે તેને પણ લેતા. ૧૨. જ્યારે ભિક્ષા પૂરી થઈ જાય ત્યારે સંતો પોતાને મુકામે આવતા. ત્યાં અન્નને શુદ્ધ કરીને ભાંગી નાખતા અને બધું ભેળું કરી દેતા. ૧૩. ઝોળીમાં ખાવાની જે જે વસ્તુઓ આવતી, તેમાંથી એક શેરડી જેવી વસ્તુને બાદ કરતા, બધું મેળવી દેતા - ભેળું કરી નાખતા. ૧૪. બધું અન્ન ભેળું કર્યા પછી ગોળા વાળી શકાય તેટલું તેમાં પાણી નાખતા. અને અંદાજે એક શેર (આશરે ૫૦૦ ગ્રામ) જેટલા વજનના ગોળા કરતા. ૧૫.

પછી સંતોની પંગત કરતા. તેમાં સંતો તે ગોળા પીરસતા. ડાબા એક હાથમાં એક ગોળો રાખતા. કરપાત્રી થઈને - હાથને જ પાત્ર કરીને સંતો જમતા. ૧૬. પાછલા દિવસમાં જ્યારે ચાર ઘડી દિવસ (૧.૩૬ કલાક) બાકી રહે ત્યારે શ્રીહરિ હરિભક્તોનું કલ્યાણ કરવા માટે સારાં વસ્ત્ર અને આભૂષણોને અંગ ઉપર ધારણ કરતા હતા. શ્રીહરિને હરિભક્તોના ઉપર ઘણો જ પ્રેમ રહેતો હતો. ૧૭. સ્વયં શ્રીહરિ અતિ અસંગી થઈને રહેતા અને બધા જ આવરણોને ઉલ્લંઘીને પરપણે વર્તતા. જે કાંઈ પણ ચરિત્ર કરતા તે બધાં આવરણોથી પર રહીને કરતા. ૧૮. ધર્મના દુલારા શ્રીહરિ ત્રણ ગુણ, ત્રણ અવસ્થા, ત્રણ શરીર અને ઈન્દ્રિયો તથા અંતઃકરણથી ન્યારા રહીને જ વિચરણ કરતા હતા. ૧૯.

પૃથ્વી, જળ, તેજ અને વાયુ એ ચાર ભૂતોથી આકાશ હંમેશાં અસંગી રહે છે, પણ ચાર ભૂતોના કાર્યરૂપ જે જે વસ્તુ હોય છે, તે એક પણ વસ્તુ આકાશ વિનાની હોતી નથી; છતાં આકાશ સહુથી પૃથક રહે છે. તેમ શ્રીહરિ પણ અસંગી રહીને સત્સંગમાં વિચરણ કરતા, પરંતુ માયિક લોકો તો તેમને પોતાના જેવા દેખતા. ૨૦-૨૧. હરિભક્તોને શ્રીહરિમાં સુખ દેખાતું, પણ વિમુખોને તો શ્રીહરિ જુદી જ રીતે દેખાતા. કારણ કે, વિમુખ લોકોની સમજણ તો માયિક આકારને દેખનારી છે. ૨૨. **હરિભક્તો શ્રીહરિના સંબંધે કરીને આનંદમય અને અલૌકિક થઈ ગયા હતા. અને શ્રીહરિના સંબંધ વિના તો બ્રહ્મા જેવાને પણ અલૌકિક સમજણ પ્રાપ્ત થતી નથી.** ૨૩.

વેદ અને શાસ્ત્રોને જાણનારા વિદ્વાન, ભટ્ટ, પંડિત કહેવાય છે. કેટલાક કવિઓ કહેવાય છે. જગતમાં કેટલાક મતવાદીઓ અને મોટા મોટા યોગીશ્વરો કહેવાય છે. તેઓ પણ શ્રીહરિના સંબંધ વિના અલૌકિક સમજણ પામતા નથી. ૨૪. જેઓ એક એક કરતાં વધારે બુદ્ધિમાન દેખાય છે અને તે બુદ્ધિથી મોટા રાજ્યના વહીવટોને સંભાળતા હોય છે અને તેની કેટલીક તેવી વાતોને કરતા હોય છે. ૨૫. તે બધી માયિક બાબતોમાં પણ કેટલીક અમાપ હોય છે. જે અમાપ બાબત હોય તેનું બુદ્ધિથી ક્યારેય માપ થઈ શકતું નથી. (તો પરમાત્માનું તો કઈ રીતે થઈ શકે ?) ૨૬.

કોઈ જાદુગર હોય તો તેની વિદ્યા પણ ઘણી તુચ્છ અને માયિક હોય છે; છતાં તે મોટા પંડિતના તર્કમાં પણ આવતી નથી. ૨૭. કેટલાક ટોપીવાળા માયિક બાબત ઉપર એટલા દોટ મૂકીને દોડે છે કે તેનું કાંઈ માપ થઈ શકતું નથી. (તો ભગવાનનું તો ક્યાંથી થાય ?) ૨૮. વેદજ્ઞ વિદ્વાન, યોગીઓ, રાજ્યનો વહીવટ કરનારાઓ, જાદુગર અને અંગ્રેજો, જે ઉપર કહ્યા તે બધાનો વિષય માયિક છે અને શ્રીહરિનું સમગ્ર વિચરણ તો દિવ્ય છે. અને તે **શ્રીહરિનો જેને સંબંધ છે એવી કોઈ પણ વસ્તુઓને સંતો કે હરિભક્તો હોય, તે બધા અમાયિક-દિવ્ય દેખે છે અને જે વિમુખ જીવો છે, તેઓ તેને માયિક ભાવથી દેખે છે.** ૨૯-૩૦.

શ્રીહરિ સંતો તથા હરિભક્તોને દર્શન થાય એવા આશયથી કેટલીક શોભા કરતા હતા. શ્રીહરિની પોતાની શોભા તો આકાશ જેટલી ભરાઈને રહી છે. તેમાંથી કેટલુંક કહું ! ૩૧. શ્રીહરિ તો બધી જ શોભાના ભરપૂર સાગર છે. તે બધું ક્યારેય કહી શકાતું નથી. જેમ ગરુડ જેવા ઊડીને અમાપ આકાશનો પાર લઈ શકતા નથી, તેમ શ્રીહરિની શોભાનો પાર લઈ શકાય નહીં. ૩૨. જેમાં જેટલું બુદ્ધિબળ હોય તેટલાં તે શ્રીહરિનાં ચરિત્રોને લખી શકે છે. તે લખે છે, છતાં ચરિત્રો અપાર રહે છે. તે અપાર ચરિત્રોના પારને કોઈ પામતું નથી. ૩૩. શ્રીહરિનો જે અશ્વ હતો તેને શણગારીને બધો જ સોનેરી કરી દીધો હતો. શ્રીહરિ તે અશ્વ ઉપર બેઠા. ભક્તો 'જયજય' 'જયજય' એવો જયધ્વનિ કરતા હતા. ૩૪. ચોપદાર ઊંચેથી જયધ્વનિનો

પડકાર કરતા હતા. વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગતાં હતાં. 'ધાં' 'ધાં' આવા અવાજથી આગળના ભાગમાં ડંકા ગાજતા હતા અને જરિયાની નિશાન ભવ્ય લાગતાં હતાં. ૩૫.

શ્રીહરિના જે પાર્ષદો હતા તેઓ વારંવાર બંદૂકોના અવાજ કરતા હતા. સ્ત્રીઓના સમુદાયમાં રહેલી સ્ત્રીઓ હેતથી મંગળમય ધોળ બોલતી હતી. ૩૬. પુરુષોના સમુદાયમાં પુરુષો પ્રેમયુક્ત પ્રસન્ન મુખથી મંગળમય ધોળનાં કીર્તન બોલતા હતા. તેની શોભા અદ્‌ભુત થઈ હતી. ૩૭. શોભાથી ભરપૂર આનંદનો સાગર ઉભરાઈ રહ્યો હતો. તેમાં જે હરિભક્તો હતા તે આનંદના તરંગોમાં ઝૂલતા હતા; જે અવર્ણનીય હતું. ૩૮. શ્રીહરિ જયારે ભક્તોને દર્શન દેવા માટે ગામથી બહાર નીકળતા હતા ત્યારે વિમાનમાં બેસીને આવેલા અપાર દેવો પણ શ્રીહરિનાં દર્શન કરતા હતા. ૩૯. તે દેવો કેસરચંદન અને ફૂલોનો વરસાદ કરતા. વિવિધ પ્રકારનાં વાજિંત્રો વગાડતા અને મુખથી "જયજય જયજય"નો જયઘોષ કરતા હતા. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'સંતોની ભિક્ષા અને શ્રીહરિચરિત્રોની દિવ્યતા કહી' એ નામે સોળમો તરંગ સમાપ્ત ॥૧૬॥

પૂર ચૌદમું : તરંગ - ૧૭

શ્રીહરિની સભા અને ધર્મ તથા અધર્મના વંશની સ્પષ્ટતા

ડભાણ ગામના જે હરિભક્તો હતા તેઓ ગામના રાજમાર્ગને રોજ અદ્‌ભુત છટાદાર નવીન રીતે શોભાડતા-શણગારતા હતા. ૧. વિવિધ પ્રકારનાં ફૂલઝાડોથી જેમ સારો બગીચો શોભે અને લૂમોથી જેમ કેળનું વન શોભે તેમ ડભાણ ગામની બજાર શોભતી હતી. ૨. બધી જ બજારોને સાફ કરાવીને તેમાં પાણી છંટાવતા અને જે બજારે શ્રીહરિ આવતા-જાતા હતા તેમાં ભાવનાથી મોતી પાથરી દેતા હતા. ૩. શ્રીહરિ જયારે બજારે નીકળતા ત્યારે ગામના અપાર લોકો દર્શન કરવા માટે બજારમાં ઊભા રહેતા હતા.

ચંદ્રને જેમ ચકોર પક્ષી દેખે તેમ શ્રીહરિનાં દર્શન સહુ કરતા હતા. ૪. જેમ કોઈ નટ છટાદાર નૃત્ય કરે તેમ શ્રીહરિનો અશ્વ પણ નૃત્ય કરતો જયારે બજારે નીકળતો ત્યારે તેવો શોભતો હતો. તેને બજારે ઊભેલા અપાર લોકો દેખતા હતા. ૫.

ભૂમિ ઉપરના જેટલા નટ હતા તે બધાના મનને શ્રીહરિનો અશ્વ હરિ લેતો હતો. જે જે નૃત્ય કરનારા લોકો જગતમાં હતા તેઓ બધા શ્રીહરિના અશ્વની અત્યંત ચાતુર્યપૂર્ણ અને નૃત્યભરી ગતિ જોવા અને તે નૃત્યને શીખવા માટે આવતા હતા. અને તે અશ્વ પણ ગામની બજારે ધીમે ધીમે નાચતો ચાલતો હતો. ૬-૭. શ્રીહરિ સાંજના સમયે પૂર્વ તરફના દરવાજેથી રોજ ગામથી બહાર આવતા હતા. ગામથી ઉત્તર તરફ સભા કરવા માટેની જગ્યા રાખી હતી. ૮. ત્યાં આંબલીનું મોટું ઝાડ હતું. તેની ડાળીએ સુંદર હિંડોળો બાંધ્યો હતો. સુખધામ ઘનશ્યામ શ્રીહરિ સરોવરને ફરીને નિત્ય ત્યાં આવતા અને તે હિંડોળા ઉપર બેસતા હતા. ૯. સંતો, સંન્યાસીઓ અને બ્રહ્મચારીઓની મોટી સભા રોજ ત્યાં થાતી હતી. ચારે વર્ણના હરિભક્તોની પણ સભા થાતી હતી. ૧૦.

તે સભાથી જુદી સ્ત્રીઓની સભા થાતી હતી. જ્યારે શ્રીહરિ આવીને તે હિંડોળા ઉપર બેઠા ત્યારે ત્યાં આગળ સંતોની સભા થઈ. ૧૧. દરેક સંતો એક કૌપીન અને તેના ઉપર પહેરવાનું વસ્ત્ર જેને બહિર્વસ્ત્ર કહેવાતું અને એક બીજું વસ્ત્ર સહુ પાસે રાખતા. એક એક કંથા સહુ રાખતા. તે કંથા તો આસને મૂકીને આવ્યા હતા. ૧૨. જે સંન્યાસીઓ હતા તેઓ પોતપોતામાં સભા કરીને સહુ બેઠા હતા. હરેકના હાથમાં દંડ હતો. ૧૩. મુકુંદાનંદસ્વામી વગેરે જે બ્રહ્મચારી હતા, તેમણે પોતાનાં માથાં ઉપર બનાતની ટોપી પહેરી હતી. ૧૪.

શ્રીહરિ જયારે હિંડોળા ઉપર પૂર્વમુખે બેસતા, ત્યારે બધા સંતો તેમની સન્મુખ બેસતા અને નિત્ય તેમની સભા થાતી હતી. ૧૫. શ્રીહરિથી ઉત્તર દિશામાં સાથે આવેલા કાઠી દરબારોની સભા થાતી. અને બીજા હરિભક્તો તેમની પાછળ બેસતા. ૧૬. શ્રીહરિથી દક્ષિણ દિશામાં અપાર મોટા મોટા

અમીન પાટીદારો આવીને બેસતા. તેમની સભા પણ મોટી થાતી અને પછી ચોતરફ બીજા અપાર હરિભક્તો બેસતા હતા. ૧૭. જે હરિભક્ત વિપ્રો હતા તેઓ વૈશ્ય સત્સંગીની આગળ બેસતા અને સત્સંગી બાઈઓ સભાની પાછળ થોડી દૂર બેસતી હતી. ૧૮.

✵ સત્સંગ સભાની અલૌકિક્તા :

चोपाई :

शोभा सभा की लगत ललिता, कोउ लोक में न एसी शोभीता;
अनंत कोटि ब्रह्मांड के देवा, सभा देखन नित आवत एवा...१९
सभा कोउ ठोर हि जो एसी, देखे में नहि आवत तेसी;
धर्मभक्ति के जेते परिवारा, यह सभा से रहत नहि न्यारा...२०

શ્રીહરિની આ સત્સંગ સભા ઘણી જ સુંદર લાગતી હતી. કોઈ લોકમાં આટલી સુશોભિત સભા થાતી નહીં. અનેક કોટિ બ્રહ્માંડના દેવો આ સભાનાં દર્શન કરવા રોજ આવતા હતા. ૧૯. બીજે કોઈ સ્થળે આવી સભા જોવામાં આવતી નહીં. ધર્મ અને ભક્તિનો પરિવાર (ધર્મસર્ગ) આ સભાથી અલગ રહેતો નહીં. ૨૦.

બીજો જે અધર્મનો પરિવાર (અધર્મ સર્ગ) હતો તે જેમ ગુનેગાર હોય તેમ આ સભાને દેખીને તેનાથી દૂર જ રહેતો. અધર્મ સર્ગને આ સભાથી આગના જેવો શરીરમાં તાપ લાગતો હતો. ૨૧. શ્રીહરિ સંતો અને હરિભક્તો, રાતદિવસ અધર્મના પરિવારના મૂળને સત્સંગની કથા અને વાતોથી કાપતા રહેતા હતા. ૨૨. કથા અને કીર્તન નિત્ય કરતા, તેમાં અધર્મનાં મૂળ કાપી નાખતા અને જેટલો ધર્મવંશ (ધર્મસર્ગ) કહેવાય છે તેનું નિત્ય સ્થાપન કરતા હતા. ૨૩. ધર્મવંશની સ્થાપના કરવા માટે જ શ્રીહરિ અને સંતો સત્સંગમાં વિચરતા હતા. તેમજ સત્સંગના જે જે નિયમો છે તે બધા ધર્મવંશની સ્થાપના માટે જ છે. ૨૪. જેટલા વિસ્તારમાં સત્સંગ નિવાસ કરતો હતો - વિસ્તર્યો હતો ત્યાં અવિનાશી શ્રીહરિએ નિયમરૂપી બેલાથી (ઘડેલા પથ્થરથી) કિલ્લો કર્યો હતો. ૨૫. શ્રીજીમહારાજે સત્સંગમાં જેટલા નિયમો કહ્યા છે તે બધો શુભ ધર્મનો પરિવારરૂપ વંશ (ધર્મસર્ગ) છે. ૨૬.

નિયમો વિનાનો જે છે તે બધો અધર્મવંશ છે, અધર્મ પરિવાર છે (અધર્મ સર્ગ છે) તેને માટે કોઈ કિલ્લો નથી. તે વર્તન ઉપરથી જ દેખાઈ આવે છે. ૨૭. જે લોકો અધર્મવંશનો સંગ કરે છે તેને જ કુસંગ કહેવાય છે અને તે બધો અધર્મનો માર્ગ દુઃખદ છે. ૨૮. અધર્મને લીધે જીવને જન્મ-મરણ, લખચોરાશી અને જમપુરીનાં દુઃખ ભોગવવાં પડે છે. અધર્મને લીધે રાજા દંડ કરે છે, કેદ કરે છે, વારંવાર બહુ કોરડા મારે છે. ૨૯. અધર્મને લીધે કેટલાક લોકોનાં નાક અને કાન કાપી નાખ્યાં હોય, તેવું દેખાય છે. કેટલાકનો શિરચ્છેદ કર્યો હોય છે. એમ જીવ અધર્મથી અનંત પીડાને પામે છે. ૩૦. જે લોકો અધર્મને માર્ગે જેટલું ચાલે છે તેનું તેટલું દુઃખરૂપ ફળ તેમને મળે છે. વર્તમાન સમય અને લોકમાં જે સુખ દેખાય છે અને પરલોકનું જે સુખ કહેવાય છે. ૩૧. તે બધું ધર્મમાર્ગમાં ચાલવાનું શુભ ફળ છે. જ્યારે સંતોના મુખથી આવી વાત સંભળાય છે ત્યારે તે બધું સવળું દેખ્યામાં આવે છે. ૩૨.

સંતો જ્યારે અધર્મમાર્ગને દેખાડે, ત્યારે તે અધર્મનો મનમાં દોષ (અભાવ) આવે છે. તેનો દોષ (અભાવ-અવગુણ) સૂઝ્યા વિના તે અધર્મનો ત્યાગ એક તલભાર પણ માણસ કરતો નથી. ૩૩. **સંતો જીવને હેતે કરીને અધર્મમાં દોષ દેખાડે છે. જ્યારે જીવને અધર્મવંશમાં દોષ દેખાય છે ત્યારે કોઈ ચાહે તેટલો હિતકારી માન્યો હોય, તોપણ તેનો તત્કાળ જ ત્યાગ કરી દે છે. પછી ફરીને ક્યારેય તે અધર્મ માર્ગે ચાલતો નથી.** કોઈ સર્વોત્તમ પ્રિય ભોજન ખાધું હોય અને પછી કોઈ કારણથી તેની ઊલટી થઈ જાય, ૩૪-૩૫. પછી તે ઊલટી થયેલા અન્ન ઉપરથી મન ઊતરી જાય છે અને તેનો ઘણો જ અભાવ આવી જાય છે, તેમ માયિક પંચવિષય પણ જ્યારે ઊલટી કરેલાં અન્ન જેવા થઈ જાય, ૩૬. ત્યારે તે મનુષ્ય અધર્મના કોઈ પણ માર્ગ ઉપર ચાલતો નથી, પણ જ્યાં સુધી ઊલટીના અન્નની જેમ અભાવ ન આવે ત્યાં સુધી તે અધર્મને માર્ગે ચાલતો રહે છે. ૩૭.

दोहा : धर्म मग करने प्रीत दृढ, श्रीहरि वेर हि वेर;
उछव समैया करत रहत, बात करत बहु फेर...३८

ધર્મમાર્ગમાં ગાઢ પ્રેમ કરાવવાને માટે શ્રીહરિ વારંવાર ઉત્સવ અને સમૈયા કરતા રહે છે અને ઘણીવાર ધર્મવંશ-ધર્મમાર્ગની વાત કરતા રહે છે. ૩૮.

सोरठा : वेर वेर ही जोउ, परकन फेरत रहत हरि;
दिन प्रतिदिन ही सोउ, सत्संग करत बढत तब...३९
एक दिन सत्संग, हरिजन होई न करे जोउ;
तितनो तेहि कुसंग, प्रवेश होत हरि कहत यह...४०

વળી શ્રીહરિ વારંવાર વ્રતમાનમાં પ્રકરણ ફેરવતા રહે છે. જે દિન-પ્રતિદિન સત્સંગ કરે છે તે વધતો રહે છે. ૩૯. શ્રીહરિ એવું કહેતા કે જો હરિભક્ત થઈને એક દિવસ પણ સત્સંગ ન કરે, તો તરત જ તેમાં તેટલો કુસંગનો પ્રવેશ થાય છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'શ્રીહરિની સભા અને ધર્મ તથા અધર્મના વંશની સ્પષ્ટતા કરી' એ નામે સત્તરમો તરંગ સમાપ્ત ॥૧૭॥



પૂર ચૌદમું : તરંગ - ૧૮

વસ્ત્રાભૂષણોથી મૂર્તિની છટા અને મલ્લક્રીડા

❋ શ્રીહરિની પાઘની દિવ્યતા :

શ્રીહરિએ મસ્તક ઉપર જામનગરનો ઘણો ભારે અમૂલ્ય રેટો બાંધ્યો હતો. તેની શોભા ઘણી અવર્ણનીય હતી. ૧. પાઘમાં વચ્ચે અનુપમ છોગાં મૂક્યાં હતાં. તેની શોભા મુકુટ કરતાં પણ અધિક હતી. તેની સુંદરતા કહી શકાતી નથી. ૨. સભામાં જે કોઈ બેઠા હતા. તેઓ બધા અનુપમ છોગાંઓને દેખીને તેની સુંદરતામાં લીન થઈ ગયા અને શ્રીહરિનું સ્વરૂપ સૌંદર્ય સહુના હૃદયમાં ખૂંતી ગયું. ૩. શ્રીહરિએ છોગું એવું ધાર્યું હતું કે આ બ્રહ્માંડની જે શોભા છે તે બધી જ તે છોગામાં લીન થઈ ગઈ હતી. ૪.

તે પાઘમાં મોતીના અનુપમ તોરા ધારણ કર્યા હતા. તે બંને તોરા બંને કાનના ઉપર કોઈ ભાતે ઝૂકી રહ્યા હતા. ૫. આકાશમાં જેટલા તારાઓ

હતા તે બધા પાઘના તોરાને દેખીને ઝાંખા પડી ગયા હતા. વળી નંગ જડિત શિરપેચ પાઘની ઉપર આગળના ભાગમાં બાંધ્યો હતો. ૬. તેના ઉપરની કલગી કોઈ ભાતે ઝગમગ ઝગમગ તેજ કરતી-ચમકતી હતી. તેનાથી સૂર્ય અને ચંદ્ર એ બંનેનું તેજ ઝાંખું પડી ગયું હતું. ૭. કાનમાં પહેરેલાં કુંડળ નંગ જડિત હતાં. તે વીજળીની જેમ ઝબકતાં હતાં. ધર્મના દુલારાની છાતી ઉપર મોટા મોટા મોતીના હાર પહેરેલા હતા. ૮.

સૂર્યકાંત અને ચંદ્રકાંત મણિના હાર પણ છાતી ઉપર ધાર્યા હતા. પ્રત્યેક બ્રહ્માંડના બધા દેવો આવીને શ્રીહરિની ભારે પૂજા કેટલીય વાર વારેવારે કરતા હતા. ઉત્સવ ઉપર આવેલા બધા હરિભક્તો પણ અનેક પ્રકારની પૂજા લાવીને ઘણી ઘણી પૂજા કરતા રહેતા હતા. ૯-૧૦. ભાથામાં દબાવીને ભરેલા તીરની જેમ સભા સ્થળમાં આવેલા ભક્તોની ઘણી ભારે ભીડ થાતી હતી. ભક્તો વિવિધ પ્રકારના ફૂલહાર ખૂબ જ ઝાઝા લાવતા હતા. ૧૧. શ્રીહરિને ભક્તોના ઉપર ઘણો જ પ્યાર છે, એટલે અનંત હાથ કરીને તે હારોને આદરથી-પ્રેમથી લઈ લેતા હતા. ૧૨.

दोहा : हार लेवेकी लटक ही, अलोकिक जो रहाय;
लटक जन देखेउ जेहि, भव में फेर न आय...१३
कर में लटक सहज ही, करीके रहे निवास;
मुख नेत्र भरे लटक ही, लटक हि भरेउ हास...१४

શ્રીહરિની ફૂલહાર લેવાની લટક(છટા) અલૌકિક હતી. જેણે તે લટકને એક વાર પણ દેખી હોય તેને સંસારમાં ભટકવાનું મટી જાય છે. ૧૩. શ્રીહરિના હાથમાં તો લટક સહજભાવે વસીને રહી હતી. મુખ, નેત્ર, અને હાસ્ય પણ લટક ભર્યું - છટાદાર હતું. ૧૪. શ્રીહરિના અંગેઅંગમાં લટક રહી છે. તેને દેખતા ભક્તજનોને તૃપ્તિ થાતી નથી. તે લટકનો-છટાનો રંગ રોજબરોજ વધતો જ રહે છે. ૧૫. શ્રીહરિનાં અંગ ઉપર ધારણ કરેલાં વસ્ત્ર અને આભૂષણો લટકમય હોય છે અને હાથમાં લીધેલી છડી પણ લટક ભરી રાખે છે. ૧૬. હિંડોળામાં અપાર લટક ભરી છે. તેનાથી તે છટાદાર અને સોહામણો લાગે છે. હિંડોળામાં વિવિધ પ્રકારના મણિ જડેલા હતા તેથી તે

દેવોનાં ભવન જેવો તેજોમય લાગતો હતો. ૧૭. તેમાં વિવિધ પ્રકારનાં ચિત્રો કર્યાં હતાં, તેથી તેની શોભાનો તો કોઈ પાર જ ન હતો. તેમાં અત્યંત વિમાનની છટા હતી. ભૂમિ ઉપર એવી છટા ક્યાંય દેખાતી નથી. ૧૮.

શ્રીહરિનાં દર્શન કરવા માટે દેવો જ્યારે પ્રેમથી આવતા ત્યારે શ્રીહરિનાં હિંડોળાને જોઈને, તેઓના બધા ભવન અને વિમાનો, માનો તેમાં લીન થઈ ગયેલા જણાતા હતા.૧૯. શ્રીહરિનો તે હિંડોળો એવો હતો કે તેનું વર્ણન થઈ શકતું જ નથી. વર્ણન કરવાની જે બુદ્ધિ છે, તેના કરતાં શોભા તો ઘણી અપાર રહી છે. ૨૦. સભામાં જે સંતો અને હરિભક્તો હતા તેઓ બધા મંગળમય ધોળ રાગનાં કીર્તન ગાતા હતા. સભામાં આનંદમય ઉત્સવ છવાયેલો રહેતો હતો. કેમ જે, સાક્ષાત્ અક્ષરધામ-બ્રહ્મપુર આ સભામાં આવીને રહ્યું હોય, તેમ જણાતું હતું. ૨૧. ગોલોક અને વૈકુંઠ વગેરે જે ધામ છે, તે પણ અહીંના ઉત્સવનાં દર્શન કરવા આવતાં હતાં. શ્રીહરિ જ્યાં સુધી આ ભૂમિ ઉપર વિચર્યા ત્યાં સુધી ઉત્સવ અને સમૈયા કરતા રહ્યા હતા. ૨૨.

चोपाई :

हरि के जेते रहेउ धामा, छोटे बडेउ जितने नामा;
ताके मुक्त सहित ही तेहा, आवत भयेउ अति कर नेहा...२३
श्रीहरि उछव करत हे जबहू, धीरज धर सकत नहीं तबहू;
सुख में सुख सो मानत इतनो, हरि के सबंध रहत तितनो...२४

ભગવાનનાં નાનાં મોટાં જેટલાં ધામ છે તે બધાં ત્યાંના મુક્તોની સાથે ઘણા હેતથી અહીં આવતાં હતાં. ૨૩. શ્રીહરિ જ્યારે ઉત્સવ કરતા હતા ત્યારે કોઈ ધીરજ ધરી શકતા નહીં. તેઓ વધારેમાં વધારે સુખ તે જ માનતા હતા કે જેટલો શ્રીહરિનો સંબંધ વધારે રહે. ૨૪.

दोहा : श्रीहरि के सबंध विन ही, अपरमित सुख जोउ;
ताकु मानत हे दुःख अति, धाम मुक्त यह सोउ...२५
हरि विन ओर बात में, जेते जानत सूख;
एसी समज हे जाहिकी, तितनो तेहि विमूख...२६

શ્રીહરિના સંબંધ વગરનું અમાપ સુખ હોય, તોપણ તેને તે બધા ધામ અને મુક્તો અત્યંત દુઃખરૂપ જાણતા હતા. ૨૫. ભગવાન સિવાયની બીજી બાબતમાં જેટલું સુખ જણાય છે, અને એવી જેની સમજણ છે, એટલો તે હરિવિમુખ છે એમ સમજવું. ૨૬. ભગવાનનાં જે ધામ છે અને તેમાં રહેતા જે મુક્તો છે તેની સમજણ ઉપર કહી તેવી છે અને બધા હરિભક્તો પણ અત્યારે તે માર્ગે જ ચાલે છે. ૨૭. ભુજમાં ઘણા મલ્લ સત્સંગીઓ રહેતા હતા. તેમાંથી ગંગારામ આદિ મલ્લ આ ઉત્સવમાં દર્શન કરવા આવ્યા હતા. ૨૮. જ્યારે દિવસ બે ઘડી (૪૮ મિનિટ) બાકી રહ્યો ત્યારે તે મલ્લોએ શ્રીહરિને કહ્યું, અમે બધા મલ્લ અંદરોઅંદર મલ્લકુસ્તી કરવા આવ્યા છીએ. ૨૯. અમે જે કળા શીખ્યા છીએ તેને આપ દેખો તો અમારી તે કળા-વિદ્યા સફળ થાય.

ત્યારે શ્રીહરિએ કહ્યું, અમે કહીએ તે રીતે તમે મલ્લક્રીડા કરો. ૩૦. મલ્લકુસ્તી કરતાં કોઈનાં અંગ ક્યારેય ભાંગવા-તૂટવા ન જોઈએ. જો એવી રમત તમે રમતા હોવ, તો અમે તમારા ઉપર ઘણા જ રાજી થાશું. ૩૧. શ્રીહરિએ જ્યારે આમ કહ્યું ત્યારે તે બધા મલ્લો તૈયારી કરી નટના જેવા થઈને સભા વચ્ચે આવ્યા. તેઓ વાઘ અને સિંહના જેવી શરીરની છટા કરીને આવ્યા હતા. ૩૨.

જ્યાં પાટીદારો બેઠા હતા ત્યાં જગ્યા કરી આપી. જેવો સમય હોય તે પ્રમાણે કામ કરવાની ટેવવાળા તે બધા પાટીદારો હતા. ૩૩. મલ્લોને કુસ્તી કરવાનો જેવો અખાડો હોય તેવી જમીન ત્યાં કરાવી દીધી. ત્યાં રેતી લાવીને પાથરી દીધી. કઠણ જમીનને પોચી કરી દીધી. ૩૪. તે સમયે રણશિંગુ, તુરાઈ, ભેરી અને ઢોલ જેવાં વાજિંત્રો વાગવા લાગ્યાં. અને ત્રાંસાં જે વાગતાં હતાં તે ઉત્સાહવર્ધક જિંઝારું ગતિથી વાગતાં હતાં. ૩૫. બબ્બે મલ્લની જોડીઓ થઈ, સહુમાં ગંગારામ મલ્લ મુખ્ય હતા. પહેલાં પોતાની ભુજાઓ ઉપર તાલ ઠોક્યા, તેના પડછંદા આકાશમાં ઘણીવાર સુધી પડતા રહ્યા. ૩૬.

બધા જ મલ્લો દાવ, પેચ અને છળમાં ઘણા નિપુણ હતા. તેઓ સામ સામે લડતા જ રહ્યા. કોઈ ન્યૂન થયા-હાર્યા નહીં. ૩૭. હાથીની સામે હાથી લડત આપતો હોય કે સિંહની સામે સિંહ લડતો હોય, તેમ તે મલ્લો નિર્ભયપણે

શ્રીહરિને રિઝવવા માટે લડતા રહ્યા. ૩૮. એકબીજા આમને સામને બળ કરવા છતાં કોઈ જ્યારે પડ્યા નહિ ત્યારે શ્રીહરિએ તત્કાળ જે કુસ્તી કરતા હતા તેમને રોકી દીધા. ૩૯. જે મલ્લ જેટલી મલ્લવિદ્યા શીખ્યા હતા, તે બધી વિદ્યા તેમણે શ્રીહરિને બતાવી દીધી. ત્યારે શ્રીહરિ તેમના ઉપર રીઝ્યા અને તેમને મોજ દીધી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'વસ્ત્રાભૂષણોથી મૂર્તિની છટા અને મલ્લકુસ્તી કહી' એ નામે અઢારમો તરંગ સમાપ્ત ॥૧૮॥



પૂર ચૌદમું : તરંગ - ૧૯

શ્રીહરિએ નારાયણ-ધૂન કરી અને તેમાં જ ખરો રસ કહ્યો

હરિભક્ત મલ્લોના ઉપર શ્રીહરિ અપાર રીઝ્યા. બે કાનમાં પહેરેલાં કુંડળ અને હાથનાં કડાંઓ તેમને આપી દીધાં. ૧. જેટલાં સોનાનાં ઘરેણાં હતાં તે અને કેટલાંક સોનેરી વસ્ત્ર, તે ઉતારીને ઘણા જ ઉદાર ભાવથી મુખ્ય આઠ મલ્લોને શ્રીહરિએ અતિ ભાવથી આપ્યાં. ૨. જેટલા દિવસ મલ્લ ડભાણમાં રહ્યા તેટલા દિવસ શ્રીહરિએ તેમને પાકાં સીધાં અપાવ્યાં અને તેઓ પોતાના દેશમાં ઘેર પહોંચે ત્યાં સુધીની ખાધા-ખરચી પણ આપી. ૩. જ્યારે ત્યાં મલ્લો રમી રહ્યા ત્યારે અપાર મશાલો પ્રકટી હતી. પછી તે સમયે શ્રીહરિએ ઊભા થઈને પોતે ધૂન બોલાવી. ૪. ત્યાં જે સંતો અને હરિભક્તો હતા તેમણે સહુએ ઊભા રહીને ધૂન કરી. તે વખતે શ્રીહરિએ માથે પીળા રંગની રેશમી સુશોભિત કચ્છી ટોપી પહેરી હતી. ૫. તે ટોપીની બે આંગળ પહોળી કોર લીલા રેશમની હતી.

શ્રીહરિ પહેલાં ધૂન બોલતા હતા અને પછીથી બીજા બધા હરિભક્તો વગેરે બોલતા હતા. ૬. નજર પહોંચે નહિ તેટલે દૂર સુધી બધા હરિભક્તો ઊભા હતા. તે સમયે શ્રીહરિની ધૂનનો શબ્દ એવો હતો કે સભામાં સહુને તે સંભળાતો હતો. ૭. શ્રીહરિની મૂર્તિ ઘનશ્યામ હતી. મુખકમળ તો સૌંદર્યનું

ઘર અને સુખધામ હતું. **લગભગ એકત્રીશ વરસની ઉંમર થઈ હતી. ત્યાં સુધી તો સ્વરૂપ ઘનશ્યામ રાખ્યું હતું.** ૮. હરિભક્તો મનમાં જેવો સંકલ્પ કરે, શ્રીહરિ તેમને તેવાં દર્શન આપતા. **શ્રીહરિ હિંડોળા ઉપર ઊભા રહી, તાળીઓ પાડીને ધૂન બોલાવતા હતા. ૯.** ધૂન કરતાં કરતાં પણ ચારે બાજુ મુખ ફેરવીને ચિત્તચોર શ્રીહરિ સહુને દર્શન આપતા હતા. એક ઘડીવાર પૂર્વ તરફ મુખ રાખીને દયાએ કરીને ઘણાં દર્શન આપતા હતા. ૧૦.

વળી એક ઘડીવાર દક્ષિણ દિશા તરફ મુખ કરીને હરિભક્તોને દર્શન દેતા હતા, તો પછીની ઘડીએ પશ્ચિમ તરફ મુખ રાખીને અનેક ભક્તોને દર્શન આપતા હતા. ૧૧. પાછા ઉત્તર તરફ મુખ ફેરવીને તે તરફના ભક્તોને એક ઘડી સુધી દર્શન દેતા. એમ ચાર ઘડી સુધી ધૂન કરતા. તે પણ વચ્ચે વચ્ચે ઉતાવળે બોલાતી ધૂનને ધીમી કરવા માટે સમાપ્ત કરીને ફરી ફરી બોલાવતા. ૧૨.

આ રીતે શ્રીહરિ રોજ ઘણા હેતથી ધૂન કરતા-કરાવતા હતા અને આ ધૂનને રાસમાં પણ જે (ગોલોકનો મહારાસ જેવો) ઉત્તમ રાસ હોય એવી દેખાડતા હતા. ૧૩. રાસ રમવામાં જેવો રસ જામતો હોય છે તેના કરતાં પણ અપાર રસ તો ધર્મકુમાર શ્રીહરિની ધૂનમાં જામતો હતો. ૧૪. જેને ઉત્તમમાં પણ ઉત્તમ રસ કહે છે, જેને સમાન બીજો કોઈ રસ નથી, એટલો અત્યંત સરસ રસ શ્રીહરિ ભક્તોને ધૂનમાં આપતા હતા. ૧૫. જે હરિભક્તો રસિક હતા તેઓ નિત્ય રસનું પાન કરતા હતા. જેમને રસનો ખરો સ્વાદ લાગી ગયો હોય તેઓ રસનું પાન કરવાથી ક્યારેય તૃપ્ત થાતા નહીં. ૧૬.

❋ સત્સંગનો પ્રતાપ :

જેમાં મનુષ્યને અપાર રસ અનુભવાય છે તેમાં તેને લગારેય આળસ થતી નથી. તે રસમાં જેટલા કોઈ આવીને વિઘ્ન કરે, તો તે વિઘ્ન કરનારો ચાહે તેવો પરમ મિત્ર હોય, તોપણ તેનો તરત જ ત્યાગ કરી દે છે. પછી ફરીવાર તેની સાથે ક્યારેય તે મિત્રતા કરતો નથી. જેને સત્સંગમાં સર્વોત્તમ રસ જણાય છે, ૧૭-૧૮.

ચોપાઈ :

त्रिलोक को सुख तुच्छ ही देखी, त्याग किये मलवत ही लेखी;
शूकर कूकर सम जन जेते, मल में सुख मानत भये तेते...१९
सत्संग भये हे जिनकु जोउ, तेहि सम बडभागी नहि कोउ;
जग देहाकार समझ हे जेहि, सत्संग में रस न आवत तेहि...२०

તે ત્રિલોકીના સુખને પણ તુચ્છ દેખે અને તે સુખને મળના જેવા માનીને તત્કાળ તજી દે. અને જે લોકો ભૂંડ અને કૂતરાંના જેવા હોય છે, તેઓ તો મળમાં પણ સુખ માને છે. ૧૯. જેને અત્યારે સત્સંગ થયો છે તેના જેવો કોઈ બીજો ભાગ્યશાળી નથી. જેની સમજણ જગત અને દેહને આકારે જ છે તેને સત્સંગમાં રસ આવતો નથી. ૨૦. વિષ્ઠાના કીડા ગીંગાએ જ્યારે સંપૂર્ણપણે મળનો ત્યાગ કર્યો ત્યારે તેને કમળમાં રસ પડ્યો અને તે તેમાં તલ્લીન થયો. કમળના કરતાં કરોડોગણો વધારે સુગંધવાળો સત્સંગ છે. ૨૧. જ્યારે આવી સમજણ આવે છે ત્યારે દિનપ્રતિદિન સત્સંગની વૃદ્ધિ થાય છે; પણ **જે દંભે કરીને સત્સંગ કરે છે તે છેવટે ઘટ્યા વિના રહેતો નથી.** ૨૨. જે નિર્દંભી સંતો-હરિભક્તો હોય છે તેઓ એવું માને છે કે, પોતામાં જે મોટાઈ છે તે સંતો-હરિભક્તોને લીધે રહી છે. આ સત્સંગનો પ્રતાપ જ એવો છે કે, અલ્પ જીવમાં પણ મોટા ગુણ આવી જાય છે. ૨૩.

લોઢું સામાન્ય અને ગુણોથી તુચ્છ છે, છતાં તેને પારસ(સ્પર્શ)મણિનો જોગ થાય તો તે લોઢું કુંદન(સુવર્ણ)ને સમાન થઈ જાય છે. તેમ બધા જીવ લોઢાને તુલ્ય છે, તેને માટે સત્સંગ તો પારસમણિના જેવો છે. ૨૪. જેટલા ઉત્તમ ઉત્તમ ગુણ છે તે બધા સત્સંગમાં આવીને અચળપણે રહ્યા છે. તે સદ્‌ગુણો બીજે ક્યાંય રહ્યા નથી. ૨૫. મનુષ્ય સંતોના અને હરિભક્તોના જોગમાં જો રહે છે તો જેટલા ઉત્તમ ગુણ છે તે બધા તેને જોવામાં આવે છે અને એટલા માટે જ તેઓ સત્સંગ કરતા હોય છે. ૨૬. **સત્સંગ કરતાં કરતાં ઉત્તમ સંતોનો અને ઉત્તમ હરિભક્તોનો જ્યારે અવગુણ આવે છે ત્યારે તે ઘટતાં ઘટતાં એકદમ ઘટી જાય છે.** ૨૭. દીવાનો પ્રકાશ દિવેલથી જ શોભતો હોય છે, પણ જો દિવેલ ઘટી જાય તો દીવાનો બધો પ્રકાશ એક પળવારમાં જ શમી જાય છે. ૨૮.

सत्संग करत करत जन केते, बुद्धि बल आपमें देखत जेते;
संत हरिजन में गुन रहे जेहा, तिनसे आपके गुन हि तेहा...२९
अधिक गुन ताके करी माना, उत्तम संत के करत अपमाना;
तेहि दोषकर बुद्धि गुन ताके, दीपक सम घटि जावत वाके...३०

સત્સંગ કરતા કરતા કેટલાક લોકો જ્યારે પોતામાં બુદ્ધિબળ માનવા લાગે છે ત્યારે તે બીજા સંતો અને હરિભક્તો કરતાં પોતાના ગુણોને અધિક માનવા લાગે છે. અને તે પછી તે સારા મોટા સંતોનું અપમાન પણ કરવા લાગે છે. પછી તે દોષને લીધે તેની બુદ્ધિ અને સદ્‌ગુણ દીવાના પ્રકાશની જેમ ઘટી જાય છે. ૨૯-૩૦. પછી તેને સત્સંગ ઉપર જેટલું હેત હોય તે બીજે સહિત બળી જાય છે. જય અને વિજય નામે ભગવાનના બે પાર્ષદ ઘણા સમર્થ હતા. ૩૧. તેમણે મહાન સમર્થ સંત સનકાદિકોનું જ્યારે અપમાન કર્યું ત્યારે અવિનાશી એવા વૈકુંઠલોકમાંથી પણ તેઓ તત્કાળ પડી ગયા. ૩૨.

રાધિકાજીના સમાન કોઈ સમર્થ કહેવાય નહીં. તે તો શ્રીકૃષ્ણ ભગવાનના પટરાણી કહેવાય. અનંત કોટિ બ્રહ્માંડના દેવો જેનું ભજન કરે, એવા એ મોટાં હતાં. ૩૩. પરંતુ ભગવાનના પાર્ષદ જે શ્રીદામા કહેવાય છે તેમનું અપમાન રાધિકાજીએ કર્યું, ત્યારે ગોલોકધામ તો સનાતન કહેવાય છે, છતાં ત્યાંથી રાધિકાજી પડી ગયાં. ૩૪. તેઓએ એકબીજાને શાપ દીધા અને તત્કાળ ધામમાંથી પડી ગયા. રાધિકાજી વ્રજમાં આહીર(વૃષભાનુ)ના પુત્રી થયાં અને મહાન શ્રીદામા રાક્ષસ થયા. ૩૫. શ્રીદામા શંખચૂડ નામે રાક્ષસ થયા તેને આખું જગત જાણે છે. તે બધી રીત જોઈ વિચારીને કોઈ સંતો-હરિભક્તો પરસ્પર દ્રોહ કરતા નથી. ૩૬.

✵ દાસ થઈને રહે તેને મોટપ મળે :

दोहा : दास के दास होईके, संत रु हरिजन जेह;
वरतत जेहि सत्संग में, धाम में पोचत तेह...३७
संत हरिजन ताहिके, दास रहत हे जेते;
सत्संग में बडे होत तेहि, दास विन छोटे हे तेते...३८

જે સંતો અને હરિભક્તોના દાસના પણ દાસ થઈને સત્સંગમાં રહે છે તેઓ ધામમાં પહોંચે છે. ૩૭. જે સત્સંગમાં સંતોના અને હરિભક્તોના દાસ થઈને રહે છે તેને સત્સંગમાં મોટપ મળે છે. દાસભાવ વગરના જે હોય તે નાના રહે છે. પાછા પડતા રહે છે. ૩૮. **પોતે પોતાના મનમાં સહુથી મોટા માનીને તો બધા ચાલે છે પણ જે જેટલું સહન કરે છે, તેને જ બીજા મોટો માને છે.** ૩૯. જેમાં જેટલી મોટાઈ હોય છે તે વગર કહ્યે દેખાય આવે છે. પોતાના ગુણોને લીધે તે મોટાઈ એક તલભાર પણ છુપાતી નથી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'શ્રીહરિએ ધૂન કરાવી અને તેમાં વાસ્તવિક રસ કહ્યો' એ નામે ઓગણીશમો તરંગ સમાપ્ત ॥૧૯॥



પૂર ચૌદમું : તરંગ - ૨૦

વસંતોત્સવમાં સહુને રોક્યા અને શ્રીહરિએ સત્સંગનું મહત્ત્વ કહ્યું

શ્રીહરિ જ્યારે ધૂન કરી રહ્યા ત્યારે ધૂનમાં બોલાતા ભગવાનના નામની સાથે "જયજય, જયજય" એવો શબ્દ તે સમયે બોલાયો. ૧. પછી શ્રીજીમહારાજે સભાને શાંત કરી અને બોલ્યા, અમે એક વાત કહીએ છીએ તો તમે સહુ સત્સંગસમાજ સાંભળો. ૨. વસંતપંચમી આવી રહી છે. વચ્ચે ત્રણ દિવસ બાકી રહ્યા છે. વસંતપંચમીએ રંગે રમીને બીજે દિવસ અમે અહીંથી નક્કી ચાલશું. ૩.

જે જે હરિભક્ત અહીંયાં દર્શન કરવા આવ્યા હોય અને ખર્ચી ન રહી હોય, તો મનમાં ઉદાસ થાવું નહીં. અમે તેને ખરચી અપાવશું. ૪. જેને સીધું ખૂટી ગયું હોય તેમણે સીધું લેવું, અમને આવીને તરત કહેજો, પણ સમૈયો કર્યા વિના ચાલ્યા જાશો નહીં. કારણ કે, સંતોનો સમાગમ કરવો, સત્સંગ કરવો તે દુર્લભ વાત છે. ૫. તમે સહુ હેતથી સંતોની વાત સાંભળો. ઘર કરતાં અહીંયાં નિવૃત્તિ રહી છે. આપણે તો સત્સંગ કરી લીધો છે, એમ જે સમજે છે તે સત્સંગથી પડી જાય છે. ૬. ત્યારે જે મોટા મોટા હરિભક્તો

હતા તેઓ મુખથી વચન બોલ્યા, ભવ અને બ્રહ્મા જેવા દેવો પણ નિત્ય પ્રત્યે સત્સંગને માંગે છે. ૭.

⁕ સંતો-ભક્તોની સ્મૃતિ એટલો સત્સંગ :

જે ભક્તો નિત્ય નિત્ય સત્સંગ નથી કરતા તેઓ સત્સંગમાં ઘટી જાય છે. અંદરથી અને બહારથી સંતોનો સમાગમ જેટલો રાખે છે, તેટલો તેનો સત્સંગ દૃઢ રહે છે. **જે સંતસમાગમ નથી કરતો તે સત્સંગમાં ઘટી જાય છે.** પછી તો ઊંઘમાં કે સ્વપ્નમાં પણ તેને સત્સંગનો લેશ રહેતો નથી. ૮-૯.

चोपाई :

संत हरिजन सुप्न में जेहू, जेति वेर देखावे तेहू;
तितनी वेर सत्संग कहावे, ता विन सत्संग नहि दिखावे...१०
सत्संग की स्मृति जो जाही, जाग्रत में जेति वर्तत रहाही;
सत्संग तितनो तेहि प्रमाना, ता विन कबु न होत प्रमाना...११
स्मृति रखत नहीं रहे जेती, आप में नुनता मानत तेती;
संत हरिजन कहावत जितना, छोटे बडे रहे जो तितना...१२

સ્વપ્નમાં પણ જેટલી વાર સંતો અને હરિભક્તો દેખાય તેટલી વાર તેને સત્સંગ રહ્યો કહેવાય. જો સ્વપ્નમાં સંત હરિભક્તોનાં દર્શન ન થાય તેટલો સમય સત્સંગ ન કહેવાય. ૧૦. જાગ્રત અવસ્થામાં પણ જેટલી સત્સંગની સ્મૃતિ રહે છે તેટલો તેનો સત્સંગ પ્રમાણભૂત કહેવાય છે. તે વિના ક્યારેય સત્સંગ પ્રમાણભૂત થાય નહીં. ૧૧. નાના-મોટા જે કોઈ સંતો-હરિભક્તો કહેવાય છે, તેઓ જેટલી સ્મૃતિ રાખવા પ્રયત્ન કરે છે તેમ છતાં ન રહે તેટલી પોતામાં ન્યૂનતા માને છે. ૧૨. નાનામોટા સંતોને નાનામોટા હરિભક્તો મનમાં પોતાના કરતાં અત્યંત અધિક કરીને માને છે. ૧૩. સત્સંગથી જેટલું મન ઉથડક રહે છે, તેટલો તેમાં રોગ છે, એવું પ્રત્યક્ષ દેખાય છે. ૧૪. જેનું મન જેટલું ઉથડક જણાય, તો તેની સાથે મિત્રતા કરીને તેને વાત કરવી જોઈએ. ૧૫. પણ તેને ફજેત કરીને, ચાહે તેવી યુક્તિઓથી વાત કરવામાં આવે, તો તે વાત તેને ક્યારેય મનાય નહીં. ઉલટાની તે વાત તેને ઝેર જેવી લાગે છે. ૧૬.

સાધુતાને તજીને પછી કોઈ બુદ્ધિમાન મોટી મોટી મેરુના જેવી વાત કરે, તોપણ સાધુતા વિના તે વાત પ્રિય લાગે નહીં. ૧૭. પોતામાં સાધુતા રાખીને કોઈ જેટલી વાત કરે, ભલેને પછી તે વાત અલ્પ એવી જ હોય, તોપણ તે પ્રિય લાગે છે. જ્યારે જે વાતમાં લગારેય સ્વાર્થ ન દેખાય ત્યારે નાની એવી વાત પણ મેરુ કરતાંયે અપાર મનાય છે. ૧૮. કોઈ વિવિધ પ્રકારનાં અલંકારોવાળી ભાષામાં બ્રહ્માંડ જેટલી વાતો કરે, પણ તેમાં લેશમાત્ર પણ સ્વાર્થની યુક્તિ દેખાય તો તે બધી વાત ઝેર જેવી થઈ જાય છે. ૧૯. ભગવાનનાં ચરિત્રોના જેવી બીજી કોઈ વાત નથી. વધારેમાં વધારે મોટી વાત તો હરિનાં ચરિત્રોની જ છે. મોટા ભાગના લોકો વાતને ફેરવતા ફેરવતા પોતાના સ્વાર્થ ઉપર જ તાન તોડે છે. ૨૦.

યુક્તિપૂર્વક જે વાત કરવામાં આવે છે તેનાથી કોઈ સમાસ (પ્રગતિ) થાતો નથી, ઉલ્ટાનો અસમાસ થાય છે. અને સત્સંગ કરતા જે અભાવ આવે તેનું પાપ તો વજ્રલેપ થઈ જાય છે. ૨૧. પંડિત થયા પછી કોઈ જો ભૂત થાય, તો તે બ્રહ્મરાક્ષસ થાય છે. કાશીમાં જે પંડિતો મરે છે તેમાં ઘણાય બ્રહ્મરાક્ષસ થાય છે. ૨૨. તે સમયે તે સભામાં બેઠેલો એક દયારામ નામે વિપ્ર હતો, તે વચ્ચે બોલ્યો. તેણે હાથ જોડીને શ્રીહરિને કહ્યું, પ્રભુ, આપ મારી એક વાત સાંભળો, ૨૩. હે હરે ! આપે સાચી જ વાત કહી છે. તેમાં કાંઈ જ ફેરફાર નથી. હું કાશીમાં ભણવા માટે બે વરસ રહ્યો છું. હું ત્યાં વ્યાકરણશાસ્ત્ર ભણતો હતો. ૨૪. એક દિવસ અધરાતે જાગીને હું મુખથી બોલીને (ઘોષ કરીને) શાસ્ત્ર તૈયાર કરતો હતો.

તે સમયે ત્યાં એક બ્રહ્મરાક્ષસ પંડિતના વેષમાં આવ્યો. ૨૫. 'તું અશુદ્ધ કેમ બોલે છે ? જો હું શુદ્ધ ઉચ્ચારણ કરું છું. મારી જેમ તું પણ ઉચ્ચારણ કર.' આમ આવીને તેણે કહ્યું. ૨૬. મેં મનમાં જાણ્યું કે આ કોઈ પંડિત આવીને શીખવે છે, તેથી મને તેનો કાંઈ ડર લાગતો નહીં. તેઓ તો નિત્ય અધરાતે આવીને મને બોલતા શીખવતા હતા. ૨૭. ત્યાં એક બ્રહ્મચારી રહેતા હતા. તેણે પાંચ દિવસ પછી મને કહ્યું, તને અધરાતે કોણ ભણાવે છે ? ૨૮. ત્યારે મેં તેમને કહ્યું, કોઈ એક પંડિત આવે છે. મને શુદ્ધ ઉચ્ચાર

શીખવીને તેઓ જતા રહે છે. તેમનું ઉચ્ચારણ એટલું શુદ્ધ છે કે બીજા કોઈ પંડિતનું પણ તેમના જેવું ઉચ્ચારણ નથી. ૨૯. તેઓ દિવસે તો ક્યાંય દેખાતા જ નથી. આ વાત પણ આશ્ચર્યકારી જણાય છે. પછી તે બ્રહ્મચારી બોલ્યા, તમને શીખવવા આવે છે તે બ્રહ્મરાક્ષસ છે. ૩૦.

કોટને દરવાજે તો હું તાળું લગાવું છું, એટલે પંડિત ક્યાંથી ચાલીને આવે ? તું તારી બુદ્ધિથી વિચાર કર. હું મશ્કરી નથી કરતો. ૩૧. કાશીમાં જેટલા પંડિત મરે છે તે બધા બ્રહ્મરાક્ષસ થાય છે. તેઓ પંડિત થઈને અનીતિ(અધર્મ) કરે છે. પ્રેમથી વામમાર્ગે ચાલે છે. ૩૨. પંડિત થઈને પણ જેટલા માંસ અને મદિરાને ખાય-પીવે છે તેને કાશીવિશ્વનાથ બ્રહ્મરાક્ષસનો દેહ આપે છે. ૩૩. વામમાર્ગીઓનો જે અનાચાર છે તે શિવજીને રુચતો નથી. કાશીનું બીજું નામ શિવપુરી છે, એટલે તેમાં અનંત ભૂતો રહે છે. ૩૪. અને તેથી જ શિવજીનું એક નામ ભૂતનાથ પણ કહેવાય છે અને જે ભૂતયોનિ કહેવાય છે તે બધી શિવજીને જ માને છે. ૩૫. બ્રહ્મચારીએ જ્યારે મને આવું કહ્યું ત્યારે મેં ભણવાનું છોડી દીધું. પછી અહીંયાં આવીને સંતોની સાથે હું રહું છું. અને અહીં વિદ્યાભ્યાસ કરું છું. ૩૬. ત્યારે શ્રીહરિએ સહુની આગળ કહ્યું, સત્સંગ સિવાયની જેટલી વિદ્યાઓ છે, તે બધી કાંઈ ફળ આપતી નથી **"कृष्णे भक्तिश्च सत्संगोऽन्यथा यान्ति विदोऽप्यधः"** ૩૭. જેટલી વિદ્યાઓ છે તે બધી સત્સંગમાં નિવાસ કરીને રહી છે. માટે આવા સત્સંગનો ક્યારેય ઉપહાસ (મશ્કરી) કરવો નહીં. ૩૮. ઉપહાસ-મશ્કરી કરતાં કરતાં તેમાંથી ઘણું આગળ વધી જવાય છે. ક્યારેક મોટાનો ઉપહાસ થઈ જાય તો તેનાથી તરત વિનાશ સર્જાય છે. અમે એવા કેટલાયને નજરે દેખ્યા છે. ૩૯. કલ્પવૃક્ષોનું વન તો સહુને માટે એક સમાન સુખદ છે, તેની દષ્ટિમાં કોઈ અધિક કે ન્યૂન નથી; છતાં કલ્પવૃક્ષ તો જેવું પાત્ર હોય તેવું ફળ દે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'શ્રીહરિએ સહુને વસંતોત્સવ માટે રોક્યા અને સત્સંગનું મહત્ત્વ કહ્યું' એ નામે વીશમો તરંગ સમાપ્ત ॥૨૦॥



પૂર ચૌદમું : તરંગ - ૨૧

હરિચરિત્રના ગૌરવથી ત્રિવિધ નરકના દ્વારને બંધ કર્યાં

શ્રીહરિ એક જ વાતમાં અનંત વાતોને કહી નાખે છે. જેમ એક જ બીજમાંથી થયેલું વૃક્ષ અનેક રૂપમાં જણાય છે. ૧. વૃક્ષ એક હોવા છતાં તેની ડાળીઓ, પાંદડાં, ફૂલ અને ફળ અનેક પ્રકારના વિવિધરૂપમાં દેખાય છે. ૨.

ફળોનું ફળ - પ્રયોજન રસ છે. જેમાં રસ ન હોય તે બધું નીરસ-શુષ્ક, કોરું લાગે છે. સારી વાતોમાં પણ સરસ વાત તે છે કે જેમાં બરાબરનો રસ જામતો હોય છે. ૩. શ્રીહરિ કેટલીક વાત સાકરના નાળિયેરની રીતે કરતા. જેમ સાકરના નાળિયેરમાં ત્યાગ-ભાગનો કોઈ અવકાશ જ નથી હોતો. તેવી રીતે શ્રીહરિની વાતને જે કોઈ સાંભળે તેને પ્રેમ થાતો. અને તે વાતમાંથી કોઈ વસ્તુનો તેઓ રતિભાર પણ ત્યાગ કરતા નહીં. ૪.

શ્રીહરિની એક પણ વાત નિરર્થક નથી હોતી. જે પરમ વિવેકી ભક્તો હોય છે તે આ બાબત જાણે છે. પોતાના ભક્તજનોને સુખ આપનારા શ્રીહરિ જેવો સમય હોય તેવી વાતો કહેતા હતા. ૫. વળી, જેવો સમય હોય ત્યાં તેવું વર્તન રખાવતા. વર્તનનું પ્રકરણ ફેરવતા વાર ન લગાડતા. પ્રત્યેક વરસમાં બે-ચાર વખત વર્તનનાં પ્રકરણ વારંવાર ફેરવતા હતા. ૬. હવે શ્રીહરિનાં તેવાં ચરિત્રોને સંભારીને કહું છું. બહુનામી શ્રીસહજાનંદસ્વામી જ્યારથી સત્સંગમાં આવીને રહ્યા, ત્યારથી વારંવાર વર્તન ઉપર વર્તન ફેરવતા જ રહેતા. જેટલાં વર્તન છે તે શ્રીહરિનાં ચરિત્ર કહેવાય છે. તેને જે સંભારે છે તે જીવ મુક્તિને પામે છે. ૭-૮.

એ બધાને કહેવાનું પ્રયોજન એટલું જ છે કે, તેને લીધે શ્રીહરિની સ્મૃતિ બની રહે. શ્રીહરિએ સત્સંગમાં આવીને તલ તલ જેટલાં સૂક્ષ્મ ચરિત્ર કર્યાં છે. ૯. રાતે કે દિવસે જે કાંઈ કર્યું તે બધાં જ ચરિત્રો કહેવાય છે. કૃપાળુ શ્રીહરિ જે નિમિત્તે અક્ષરધામથી આ ભૂમિ ઉપર પધાર્યા છે તે બધી જ વાત તેમનાં ચરિત્ર જ જાણવાં જોઈએ. જન્મ લીધો ત્યારથી આરંભીને ઘરમાં માતાપિતા આદિ કુટુંબીઓની સાથે હરખભેર રહ્યા. ૧૦-૧૧.

શ્રીહરિ ઘરમાં અગિયાર વરસ બે માસ અને એક દિવસ જેટલું જે રહ્યા, તે બધું પણ ચરિત્રો જ કહેવાય. તેને જે સાંભળે છે તે મોક્ષને પામે છે. ૧૨.

તે બધાં ચરિત્રોને જે હરખભેર બીજાને સંભળાવે છે, તે પણ અક્ષરધામને પામે છે એમ નિશ્ચય જાણવું. ૧૩. પરમ સુખનું મૂળ શ્રીહરિ આઠ વરસ વનમાં વિચર્યા. (સાત વરસ એકમાસ અને અગિયાર દિવસ) તપ કર્યું અને ઘણાં તીર્થ કર્યાં. તે બધાં શ્રીહરિનાં ચરિત્ર જ છે. ૧૪. શ્રીહરિ સંતોને બહુ બહુ મળ્યા. હેતથી સંતોને જમાડ્યા, વારંવાર ચરણારવિંદ ચાંપ્યાં અને દેશેદેશમાં સત્સંગ કરાવવા માટે મોકલતા રહ્યા. ૧૫.

શ્રીહરિએ ભક્તોને ફૂલહાર, બાજુબંધ, તોરા, વારંવાર આપ્યા અને વારંવાર મેવા પણ આપ્યા, એવાં ચરિત્ર કર્યાં. ૧૬. ડભાણ યજ્ઞમાં ત્રણ દિવસ સુધી રોજ શ્રીહરિ સભામાં આવતા. જે પૂજા કર્યા વગર રહી ગયા હતા તે હરિભક્તો રોજ આવીને પૂજા કરતા હતા. ૧૭. હરખભેર પહેલાં શ્રીહરિની પૂજા કરતા અને પછીથી સંતોની પૂજા કરતા. શ્રીહરિના જે વર્ણીઓ હતા તેમની પણ પૂજા ત્યારે કરતા હતા. ૧૮. પૂજાની ભીડ લગાતાર રહેતી. અને તે ભીડની શોભા પણ ઘણી સુંદર થાતી હતી. બાઈભાઈ જે કોઈ હરિભક્તો ત્યાં ભેળા થયા હતા, ૧૯. તેઓ બધા શ્રીહરિનાં જેવાં ચરિત્રોને દેખતા હતા, તેને પરસ્પર ગાતા-સાંભળતા હતા. તે પુરુષોમાં પુરુષો અને સ્ત્રીઓમાં સ્ત્રીઓ, એમ વ્યવસ્થિત ગાતા હતા. ૨૦.

❋ શ્રીહરિનું સામર્થ્ય :

चोपाई :

ब्रह्म कलोल कहावत जेहू, हरि तिहाँ होवत भये तेहू;
काम के द्वार कहावत जेता, श्रीहरि बंध सो कर दिये तेता...२१
रती भर द्वार न रखे ताके, परबंध दृढ करी बाँधे वाके;
अनु भर द्वार देखे में आये, तितने द्वार सो बंध कराये...२२

જેને બ્રહ્મકલ્લોલ કહેવાય છે તે શ્રીહરિ જ્યાં રહેતા ત્યાં નિરંતર થાતો હતો. અને જે કામનાં દ્વાર કહેવાતાં હતાં તેને શ્રીહરિએ બંધ કરી દીધાં હતાં. ૨૧. કામને પ્રવેશવા માટેનું દ્વાર તો એક રતીભાર પણ રહેવા દીધું

નહીં. તે માટેનો દૃઢ પ્રબંધ બાંધીને કામનાં દ્વાર બંધ કરી દીધાં. એક અણુ જેટલો પણ તેમાં અવકાશ દેખાય તો તેને પણ બંધ કરાવી દેતા હતા. ૨૨. નિષ્કામીપણાને દરવાજે જે તાળાં મારી દીધાં હતાં તેને શ્રીહરિએ ભાંગી નાખ્યાં. ધર્મના લાલ શ્રીહરિ એવા સમર્થ થયા છે. આટલા દિવસ સુધી બધા મતપંથી સંપ્રદાયોએ, ૨૩. નિષ્કામવ્રતના દ્વારને બંધ કરીને તાળાં મારી દીધાં હતાં અને કામનાં દ્વારોનું પ્રતિપાલન-રક્ષણ કર્યું હતું. તેથી જે લોકો કામ તરફ દોડી રહ્યા હતા, તે બધા સહજભાવે તેમના શિષ્ય થઈ ગયા. ૨૪. મોક્ષના કરતાં સહુ લોકોને કામના ઉપર રાગ વધારે હોય છે, એટલે ગુરુ અને શિષ્યો બંનેને એક રાગ-વિષય મળી ગયો. ૨૫.

કામની અંદર જ ક્રોધ અને લોભ એ બે મોટા અધર્મીઓ રહ્યા છે. તેઓ બધા ગુરુને અને શિષ્યને, બંનેને નરકમાં ડુબાડી દે છે. ૨૬. તે ત્રણે દોષો જન્મ અને મરણ કરાવે છે. અપાર જમપુરીનું દુઃખ આપે છે અને લખચોરાશીમાં ભમાવે છે; છતાં તે ત્રણના ઉપર તલભાર પણ દોષ આવતો નથી. ૨૭. તે ત્રણે દોષ જીવના મોટામાં મોટા શત્રુ છે, છતાં તેઓ જીવના મિત્ર હોય તેવા થઈને રહ્યા છે. અજ્ઞાનરૂપી ઘોર અંધારાને લીધે એ ત્રણેનો લગારેય અભાવ આવતો નથી. ૨૮. કામ, ક્રોધ અને લોભ એ ત્રણ અત્યંત વેગીલા પ્રવાહો છે, ભવ, બ્રહ્મા અને ઈન્દ્રાદિક દેવોને પણ તેમણે ઘણી વાર ગડથોલિયાં ખવડાવી દીધાં છે. ૨૯. નારદ અને પર્વત એ બંને દેવર્ષિઓ કહેવાય છે; છતાં કામે તેમનાં મુખ માંકડાંનાં કર્યાં હતાં. સૌભરિ, પરાશર અને ચ્યવનને પણ કામે કંઈક વાર જીતી લીધા હતા. ૩૦.

ઋષ્યશૃંગને કામે જીતી લીધા અને આખા જગતને પોતાને વશ કર્યું. હિરણ્યાક્ષ લોભને વશ થઈને એક પલક વારમાં મરણ પામ્યો. ૩૧. સહસ્રાર્જુનનું મરણ પણ લોભે કરીને જ થયું હતું. કૌરવોનો વંશ ઘણો જ બળવાન હતો, છતાં તે બધાનું લોભથી મોત થયું હતું. ૩૨. રાવણને દસ મસ્તક હતાં, પણ તેનો વિનાશ કામને વશ થવાથી થયો હતો. હિરણ્યકશિપુ અને કંસનું મોત ક્રોધને લીધે થયું હતું. ૩૩. તે સિવાયના જે મોટા મોટા રાજાઓ હતા તેઓ બધા રાજ્યના લોભથી મોત પામ્યા હતા. એવા તો અપાર

લોકો મરી ગયા છે, છતાં તે કામ, ક્રોધ અને લોભનો લગારેય ડર મનમાં લાગતો નથી. ૩૪. તે લોકોમાં અપાર અજ્ઞાન ભર્યું હોવાથી દિન-પ્રતિદિન વધારે ઉત્સાહિત રહે છે; પણ કામ, ક્રોધ અને લોભ, તેમને કાયમનું અવિચળ સુખ રહેવા દેતા નથી. ૩૫. **સત્સંગ અને સંત મળ્યા વિના બ્રહ્માંડનું સુખ ક્ષણભંગુર જણાતું નથી અને ક્યારેય મોક્ષની બુદ્ધિ તેને થાતી નથી. ૩૬.**

દુર્લભમાં દુર્લભ એક વાત છે. એવું બીજું કાંઈ દુર્લભ નથી. તે દુર્લભ છે સંત. સંતો વિના પરમ સુખના માર્ગને કોઈ દેખાડી શકતું નથી. ૩૭. મોક્ષની બુદ્ધિ આવ્યા વિના કદાચ તે ચક્રવર્તી રાજા થાય અથવા કોઈ દેવ થાય તોયે શું ? બધું વૃથા છે. ૩૮. સંતો વિના મોક્ષભાગી જીવને મોક્ષની વાત કોઈ કરતું નથી. બધા માયિક પંચવિષયમાં જ ખૂંતી ગયા છે અને તેમાં જ રાતદિવસ રચ્યા પચ્યા રહે છે. ૩૯. પોતાનું પેટ ભરવાને માટે લોકો રાતદિવસ અપાર પાપ કરતા રહે છે. તેઓ કોઈનો જરાય ડર રાખતા નથી. તેમની આગળ જાતા શી ગતિ થાશે ? ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'હરિચરિત્રના ગૌરવથી ત્રિવિધ નરકદ્વારને બંધ કર્યાં' એ નામે એકવીસમો તરંગ સમાપ્ત ॥૨૧॥



પૂર ચૌદમું : તરંગ - ૨૨

ડભાણમાં વસંતપંચમીએ રંગોત્સવ

વસંતપંચમીને દિવસ શ્રીહરિએ રંગ બનાવડાવ્યો. બધાં શ્વેતવસ્ત્ર પહેર્યાં. પછી અશ્વ ઉપર બેઠા. ૧. જે કાઠી દરબારો હતા તેઓ પણ અશ્વ ઉપર બેઠા. જ્યારે દિવસ ચાર ઘડી(૧.૩૬ કલાક) ચઢ્યો ત્યારે વાજિંત્રો વાગવા લાગ્યાં. ૨. ગામ વચ્ચેના રાજમાર્ગે ચાલ્યા. આગળ વિવિધ પ્રકારનાં નિશાન ફરકી રહ્યાં હતાં. ચોપદાર "જય જય, જય જય" એવું બોલીને જયઘોષ કરી રહ્યા હતા. ૩. ઝાંઝ અને મૃદંગ જેવાં વાજિંત્રો વગાડીને હરિભક્તો અત્યંત પ્રેમભર્યા ભાવથી વસંતનાં પદોને ગાતા હતા. અને બીજા હરિભક્તો

તો અપાર હાજર હતા. ૪. હરિભક્તો શ્વેત ફૂલોના હાર અપાર લાવતા. તે શ્રીહરિને પહેરાવતા. તેનાથી મૂર્તિ આખી ફૂલોથી ઢંકાઈ ગઈ હતી. ૫.

શ્રીહરિના મસ્તક ઉપર છત્ર ધાર્યું હતું. આગળ સૂર્યમુખી હતી. દર્શન કરવા માટે હજારો લોકો ઊભા હતા અને શ્રીહરિ રાજબજારે ચાલ્યા આવતા હતા. ૬. ગામના પશ્ચિમ દરવાજાની આગળ વિશાળ ચોક હતો. તે ચોકની વચ્ચે મોટો ભારે એક વડ હતો. ત્યાં સુખેથી બેસાય એવો હિંડોળો બાંધ્યો હતો. ૭. અવિનાશી શ્રીહરિ તેના ઉપર આવીને બેઠા. તેમની ચારે તરફ ભક્તજનોની સભા થઈ. અને બધા સંતોની સભા પણ થઈ. સંતો વસંતનાં પદ ગાવા લાગ્યા. ૮. માનો મૂર્તિમાન વસંત આવ્યો હોય એવી શ્રીહરિની સુંદર મૂર્તિ શોભતી હતી. વસંત પૂજા માટે શણગારેલો કળશ લાવ્યા અને તેને શ્રીહરિની પાસે જ સ્થાપન કર્યો. ૯. જ્યારે વસંતપૂજાનો કળશ વિધિ પૂરો થયો ત્યારે શ્રીહરિએ કસીને કમર બાંધી. કેસરી રંગના કેટલાંક મોટાં માટલાં ભર્યાં હતાં, તેમજ પતંગનો રંગ પણ કેટલોક બનાવ્યો હતો. ૧૦.

કેસુડાનો રંગ બનાવ્યો હતો, તેમજ એક ગાડી ભરીને તો ગુલાલ મગાવ્યો હતો. તે વખતે ભાઈ રામદાસજીસ્વામીએ પણ કસીને કમર બાંધી લીધી હતી. ૧૧. તેમણે કેસરી રંગનો કટોરો ભરીને શ્રીહરિના મસ્તક ઉપર ઢોળ્યો. તેનાથી પરમ ચતુર રંગભીના શ્રીહરિ કેસરિયા રંગથી રંગાયેલા અત્યંત શોભતા હતા. ૧૨. તે પછી જેટલા સંતો હતા તે સહુએ કેસરી રંગનો ભરેલો એકએક કટોરો શ્રીહરિ ઉપર નાખ્યો. ૧૩. પતંગનો અને કેસુડાનો રંગ પણ થોડો થોડો લઈને શ્રીહરિનાં વસ્ત્રો ઉપર છાંટ્યો અને તે રંગ બધો પ્રસાદીરૂપ કર્યો. ૧૪. સુરતના એક હરિભક્ત, જેનું ગંગાદાસ નામ હતું, તેઓ સરાણિયાનું કામ જાણતા હતા. તેઓ ગુલાલ બનાવીને લાવ્યા હતા. ૧૫. ગુલાલ કોઈ ભાતનો બનાવેલો હતો. એક સુરતમાં જ આવો ગુલાલ બનતો. તે સિવાય બીજે ક્યાંય આવો ગુલાલ દેખાતો નહીં. તે ગુલાલ સંતોને એકેક પોશ ભરીને આપ્યો. ૧૬.

સંતોએ આવીને તે ગુલાલ લીધો અને તે શ્રીહરિનાં વસ્ત્ર ઉપર નાખ્યો. રંગથી અને ગુલાલથી મૂર્તિ ઘણી મનોહર બની હતી. ૧૭. કરોડો વસંત અને

કરોડો કામ, તે સ્થળે મૂર્તિમાં લીન થઈ ગયા હતા. અનંત કોટિ બ્રહ્માંડની જે શોભા - સુષમા કહેવાય છે, ૧૮. તે બધી આવીને મૂર્તિમાં સ્થિર થઈ ગઈ હતી. અને શ્રીહરિ જ્યારે પૂરા રંગથી ભરાઈ ગયા હતા ત્યારે સંતો, વર્ણીઓ, પાર્ષદો, ૧૯. કાઠી દરબારો, જે શ્રીહરિની સાથે રહેતા હતા, તે બધા જ્યારે કેસરગુલાલ અને રંગ લઈને શ્રીહરિની પૂજા કરી રહ્યા, ત્યારે શ્રીહરિએ સહુને નીચે બેસાડી દીધા. ૨૦.

સંતોની અને હરિભક્તોની જે સભા હતી તે જ્યારે નીચે બેસી ગઈ ત્યારે અત્યંત શોભતી હતી. ત્રાંસાં, ઢોલ, પડઘમ, ભેરી, રણશિંગી અને તુરાઈ વગેરે ૨૧. વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગવા લાગ્યાં. બધું આકાશ ઘણું ગાજી રહ્યું હતું, ત્યારે શ્રીહરિ રંગને ઉડાડવા લાગ્યા. તે વેળાની મૂર્તિની છટા કહી શકાતી નથી. ૨૨. નટની છટા કરતાં પણ તે છટા ભારે હતી. અપાર રંગ ઉડાડતા હતા. બહુનામી શ્રીસહજાનંદસ્વામીએ સોનાના કળશ ભરી ભરીને રંગની ઝડી મચાવી દીધી. ૨૩. સહુ પહેલાં શ્રીહરિ સંતોની સભા તરફ આવ્યા. રંગની રેલમછેલ મચાવી રંગનો કીચડ કરી દીધો. કમલ, કસુંબો અને ગુલાબના વનની જેમ સંતોની સભાને શોભાડી દીધી. ૨૪. તે પછી જ્યાં કાઠી દરબારો બેઠા હતા. તે સભામાં શ્રીહરિ આવ્યા અને રંગ એટલો બધો ઉડાડ્યો કે તેની શોભા કહી જાતી નથી. ૨૫. વિપ્રો, વણિક, પાટીદારો વગેરે વિવિધ પ્રકારના વૈશ્ય, જે ગણ્યે પાર આવે તેમ નથી, ૨૬.

જાત જાતના ક્ષત્રિયો અને અનેક પ્રકારના શૂદ્રો, એ બધાની સભા શ્રીહરિના જોગથી અત્યંત સોહામણી લાગતી હતી. ૨૭. પછી શ્રીહરિ તે સભામાં આવ્યા. રંગના કળશ ભરીને તે સહુના ઉપર નાખ્યા અને રંગની ધૂમ મચાવી દીધી. તે સમયે સંતો વસંતનાં પદ ગાતા હતા. ૨૮. જ્યારે કેસર, પતંગ અને કેસુડાનો રંગ ઉડાડી રહ્યા, ત્યારે ઉડાડવા માટેનો ગુલાલ ભરવા રૂમાલની ઝોળી બનાવી લીધી હતી. ૨૯. બંને રૂમાલની ઝોળી બનાવી ને જે ગુલાલ ભર્યો હતો તેને રંગભીના શ્રીહરિ ઉડાડવા લાગ્યા. તે ગુલાલ ઉડાડવામાં પણ તેમનું ઘણું ચાતુર્ય દેખાતું હતું. ૩૦.

चोपाई :

हरि की चातुरता देखत जेहा, मूर्ति चित्त चोटि जावत तेहा;
चातुरता विन बात न कोई, चातुरता की मूर्ति रहे सोई...३१

જે ભક્તો શ્રીહરિની તે ચતુરતાને દેખતા હતા તેના ચિત્તમાં મૂર્તિ ચોંટી જાતી હતી. તેમાં ચાતુર્ય સિવાય બીજી કોઈ વાત જ ન હતી. કારણ કે શ્રીહરિ સ્વયં ચતુરતાની મૂર્તિ જ હતા. ૩૧. જ્યારે ગુલાલ ઉડાડી રહ્યા તે સમયે હરિભક્તો ફગવા લાવ્યા હતા. જેને જેવી શ્રદ્ધા હોય તે પ્રમાણે ફગવા લાવતા. ૩૨. ફગવાના મોટા ઢગલા તો પર્વત જેવા થયા હતા. ખારેક અને શ્રીફળ લાવ્યા હતા, તે જ પ્રમાણે ખજૂરના તો પર્વત બનાવી દીધા હતા. શ્રીહરિ તે બધામાંથી થોડું જમતા હતા. ૩૩. શ્રીહરિએ પહેલા જે સંતો અને વર્ણીઓ હતા, તેમને ફગવા આપ્યા. તે પછી પાર્ષદોને અને કાઠી દરબારોને ફગવા આપ્યા. ૩૪. તે પછી જે હરિભક્તો હતા તે સહુને પણ શ્રીહરિએ ફગવા આપ્યા. પહેલા રંગનો ઉત્સવ કર્યો અને તે પછી ફગવાનો ઉત્સવ કર્યો. ૩૫.

તે પછી સુખદાયક શ્યામસુંદર શ્રીહરિ અશ્વ ઉપર બેસીને ગામમાં આવ્યા. તે પછી ઉતારે આવીને નાહ્યા. સુંદર પાણીને ગરમ કરાવ્યું હતું. ૩૬. મુકુંદાનંદ વર્ણીએ શ્રીહરિને અંગ ચોળીને નવડાવ્યા. તે સમયે એક પાટ ઉપર બેસાડ્યા હતા. ૩૭. **વીશથી પચ્ચીશ ઘડા જેટલા પાણીથી શ્રીહરિ નાહ્યા. પછી ઊભા થયા અને કોરા વસ્ત્રથી અંગ લૂછ્યું. ૩૮.** પછી સુંદર કોરવાળું પીતાંબર પહેર્યું અને બીજું પીતાંબર ઓઢી લીધું. ચરણોમાં ચાખડીઓ પહેરી લીધી. ૩૯. તે પછી કેટલાક વિપ્ર હરિભક્તોએ વિવિધ પ્રકારનાં ભોજન તૈયાર કરી રાખ્યાં હતાં. એટલે જ્યાં ભોજન બનાવ્યાં હતાં ત્યાં જઈને શ્રીહરિ તે થાળ જમ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'શ્રીહરિએ ડભાણમાં વસંતપંચમીએ રંગોત્સવ કર્યો' એ નામે બાવીશમો તરંગ સમાપ્ત ॥૨૨॥



પૂર ચૌદમું : તરંગ - ૨૩

વસંતોત્સવ પછી અપરાહ્‌ણકાળે સભા કરી

શ્રીહરિને હરિભક્તો ઉપર હેત હતું, એટલા માટે તેમને રાજી કરવા વિવિધ પ્રકારનાં વસ્ત્ર અને આભૂષણ ધારણ કર્યાં અને અશ્વ ઉપર બેઠા. ૧. દસ અવતારવાળું છત્ર શિર ઉપર ધાર્યું. તેમજ સૂર્યમુખી પણ મસ્તકે ધારણ કરી અને હાથમાં સુંદર છડી રાખી હતી. ૨. છડીમાં વિવિધ પ્રકારનાં મોતી જડ્યાં હતાં. તે છડી ઘણી શોભાદાર હતી. બધા ભક્તજનો ભાવથી તેને દેખતા હતા. ૩. ગામનો જે પશ્ચિમ તરફનો દરવાજો છે ત્યાં વિપ્રોનાં ઘર રહ્યાં છે. ધર્મકુમાર શ્રીહરિ ત્યાં હરખભર્યા આવ્યા. ૪. વિપ્રોનાં ત્યાં જે ઘર હતાં તે ઊગમણા બારનાં હતાં. તે મકાનોમાં કેટલાક હરિભક્તો ઊતર્યા હતા. તેમણે ત્યાં શ્રીહરિને જમાડવા થાળ કરાવ્યા હતા. ૫.

નિજજનોને રાજી કરનારા અને પરમ દયાળુ એવા શ્રીહરિ તે ઘરમાં જઈને થાળ જમ્યા. જ્યારે જમી રહ્યા ત્યારે તે હરિભક્તોએ પ્રેમથી શ્રીહરિની પૂજા કરી. ૬. તે ઘરની ઓસરીમાં એક પલંગ બિછાવ્યો હતો. શ્રીહરિ ત્યાં આવીને પલંગ ઉપર બેઠા. શ્રીહરિ ત્યાં પૂર્વમુખે બેઠા હતા અને બધા હરિભક્તો દર્શન કરતા હતા. ૭. તેમાં એક મૂળજી શેઠ નામે વણિક હરિભક્ત હતા. તે શ્રીહરિની સન્મુખ ઊભા હતા. તેની પાસે એક મોટી ભુજમાં બનાવેલી ભારે રોઝી ઢાલ હતી. તેમાં અદ્‌ભુત શોભાદાર સોનેરી કૂબા હતા અને ૮. બિલોરી કાચના જેવી તે તેજ હતી. તેની કિંમત લગભગ સો કોરી (આશરે ૧/૩ રૂપિયાની કિંમતનું એક કચ્છી રૂપાનાણું) જેટલી હતી. શ્રીહરિએ તે ઢાલ હાથમાં લીધી અને તેને જોવા લાગ્યા અને તેની પરીક્ષા કરી રહ્યા હતા. ૯. ધર્મકિશોર શ્રીહરિએ તે પલંગને અડતી પૂર્વ તરફ ઢાલ મૂકી. પોતાની છડીની અંદર એક અમૂલ્ય ગુપ્તી હતી. તેને બહાર કાઢી. તેનું રૂપ અજોડ હતું. ૧૦.

બહુનામી શ્રીહરિ ઘૂંટણિયાભર બેઠા. ડાબા હાથમાં ગુપ્તી લીધી અને ઢાલની કોરની ઉપર ઘા કર્યો. ત્યારે તેમાં એક આંગળ ગુપ્તી ઊતરી ગઈ. નિજદાસોને રાજી કરવા રમૂજ કરતા શ્રીહરિએ તે ઘાની પાસે બીજો ઘા કર્યો.

ત્યારે ગુપ્તી તેમાં ચાર આંગળ ઊતરી ગઈ. પછી રંગભીના શ્રીહરિએ મૂળજી શેઠને ઢાલ આપી દીધી. ૧૧-૧૨. ત્યારે તે મૂળજી ભક્તે બંને હાથ જોડીને કહ્યું, મહારાજ, હવે અમારી ઢાલ દર્શન કરવા લાયક થઈ છે. ૧૩. હે હરિ, આપે વારંવાર અનંત અવતારો ધાર્યા છે. અનંત દૈત્યોને માર્યા છે, પણ તે મેં ક્યારેય દેખ્યું નથી. ૧૪. તે દૈત્યોને કેમ માર્યા હશે ? એમ હું ચિંતવન કરતો હતો, પણ આ વખતે આપે તે રીત દેખાડી અને મારો મનોરથ પૂરો કર્યો છે. ૧૫. જે જે હરિભક્તોએ ભાવનાથી થાળ કરાવ્યો હતો ત્યાં જઈને શ્રીહરિ તે તે થાળને જમતા હતા. ૧૬.

મધ્યાહ્‌ન સમય થયો ત્યાં સુધી શ્રીહરિ થાળ જમતા રહ્યા. પછી પોતાને ઉતારે આવ્યા અને ત્યાં પલંગ ઉપર આવીને પોઢી ગયા. ૧૭. પાછલો એક પહોર (૩ કલાક) દિવસ બાકી રહ્યો ત્યારે સહુ હરિભક્તોને દર્શન દીધાં. અંતર્યામી શ્રીહરિ ગામની બહાર આવ્યા અને ત્યાં સભા કરી. ૧૮. ત્યાં આંબલીના ઝાડની ડાળીએ હિંડોળો બાંધ્યો હતો. ત્યાં ભક્તોનું ચિત્ત ચોરનારા શ્રીહરિ હિંડોળે બેઠા. સંતો અને વર્ણીઓ પણ ત્યાં સભા કરીને બેઠા. ૧૯. કેટલાક શ્રીમંત હરિભક્તો ત્યાં આવતા-જતા રહેતા. તે આવીને શ્રીહરિની પૂજા કરીને અલૌકિક લાભ લેતા હતા. ૨૦.

શ્રીહરિની પૂજાના જેવો બીજો કોઈ લહાવો નથી, એવું હરિભક્તો સમજતા હતા. અને શ્રીહરિ જે જે કાર્ય કરતા તેનો ખર્ચ જોઈ વિચારીને, હરેક ઉત્સવમાં શ્રદ્ધાવાળા ભક્તો તે ખર્ચ પૂરો કરી દેતા. શ્રીહરિ ચાહીને કોઈને પ્રેરણા કરતા નહિ, છતાં હરિભક્તો અતિ હેતથી બધું આપતા હતા. ૨૧-૨૨. શ્રીહરિ જેમ સભામાં ત્યાગની વાત કહેતા અને ધનમાં ઘણો દોષ દેખાડતા રહેતા, તેમ હરિભક્તોને પણ ખર્ચમાં ધન આપવાની અપાર શ્રદ્ધા રહેતી હતી. ૨૩. સંતો જેમ જેમ ત્યાગી દેખાતા તેમ તેમ હરિભક્તોને શ્રદ્ધા વધારે રહેતી હતી. સંતોમાં જેટલો ત્યાગ વધારે દેખાય, હરિભક્તોમાં તેટલું વધારે બળ રહેતું હતું. ૨૪. સંતોમાં કામ, ક્રોધ અને લોભનો જેટલો ત્યાગ દેખાતો તેટલો હરિભક્તો સત્સંગમાં વધારે પ્રેમ કરતા હતા. ૨૫.

સંતોનું અને હરિભક્તોનું ઉત્તમ શુદ્ધ વર્તન દેખીને દુનિયામાં જે સન્મતિવાળા લોકો હતા તેઓ ઘણી મોટી સંખ્યામાં હરિભક્ત થાતા હતા. ૨૬. જે ગ્રંથમાં કે દેશમાં જ્યાં ઉત્તમ વર્તન દેખાય, તેને શ્રીહરિ સત્સંગમાં પ્રવર્તાવતા હતા. ૨૭. પોતે શ્રીહરિ રસના પણ ઉત્તમ રસ છે, છતાં જ્યાં જે જે ઉત્તમ રસ હતો તેને જોઈ જોઈને શ્રીહરિએ તે રસ ખેંચી લીધો. ૨૮. જે જે મતપંથીઓ ધર્મરહિત ભક્તિ કરે છે, તેઓ ધર્મ વિના પણ અપાર હિત દેખાડે છે. તેથી ભાવિક લોકો પોતાનાં ઘરબાર સુધ્ધાં બધું જ તેમને અર્પણ કરી દે છે. ૨૯. કદાચ કોઈ મતપંથીઓ ત્રિલોકીનું રાજ્ય આપે તોપણ અસત્ મતવાળાને ઓળખી લે અને ધર્મરહિત મતમાં બંધાઈ ન રહે તેવા લોકોને સુબુદ્ધિવાળા જાણવા. ૩૦. દુનિયા તો એવી છે કે, જેની રુચિમાં જેવું આવે તેને બધા ધર્મ માની બેઠા છે. વેશ્યાની રુચિમાં જેવું આવે તેને તે ધર્મ માને છે. તેમ રુચતા વર્તનને ધર્મ માનીને મત ચલાવે છે. ૩૧.

चोपाई :

सत्संग विन ओर धर्म जेता, वेशा के धर्म सम हे तेता;
एक दिन में तेहि देख न आवे, साचे कहत वैर होई जावे...३२
जेहि बात करत वैर ही होवे, तपास कर सुज्ञ जन जोवे;
जेते जो सुज्ञ जन कहावे, निरवैर तेहि बात करावे...३३

સત્સંગ સિવાયના જેટલા મત છે તે બધા વેશ્યાના ધર્મ જેવા છે, એક દિવસમાં તેની ખબર પડે નહીં. બહુ સાચું કહેવા જઈએ, તો કોઈની સાથે વેર બંધાઈ જાય. ૩૨. જે વાત કરવાથી વેર થાતું હોય તો તે અંગે સુજ્ઞ માણસે વિચાર કરવો જોઈએ. તેથી જે સુજ્ઞ પુરુષો હોય છે તે નિર્વૈરભાવે જ વાત કહેતા હોય છે. ૩૩. જે મત જેવો હોય, તેને તેવો કહે અને તેના દોષોને પણ સમજાવીને બતાવી દે; તોપણ હેત એમનું એમ જળવાઈ રહે એ રીતે જે હિતકારી વાત કહેતા હોય તેવા સંતને તુલ્ય બીજું કોઈ આવે નહીં. ૩૪. પુષ્ટિમાર્ગીય જે વૈષ્ણવ મત કહેવાય છે, તેમાં ભગવાનની સેવાની રીત ઘણી સારી છે. તેઓ શ્રીકૃષ્ણ ભગવાનના બધા ઉત્સવ પણ સમય પ્રમાણે વારંવાર કરે છે. ૩૫.

શ્રીકૃષ્ણ જ્યાં સુધી ગોકુળમાં - વ્રજમાં રહ્યા. ત્યાં રહીને જે જે ચરિત્ર કર્યાં તે સમય અગિયાર વરસ અને બાવન દિવસનો છે. તે સમય સુધીની જ મૂર્તિને તે વૈષ્ણવો માને છે. ૩૬. તેના તે જ મૂર્તિરૂપ શ્રીકૃષ્ણભગવાને પછીનાં જે અપાર ચરિત્ર કર્યાં તેને તેઓ માનતા નથી. ૩૭. મૂર્તિ તો એકની એક જ છે, પણ તેમણે તેમનાં ચરિત્રોમાં વિભાગ કર્યા. શ્રીવલ્લભાચાર્યની તે સમજણનો કોઈ ત્યાગ કરતા નથી. ૩૮. અમુક વૈષ્ણવો તો તે બાલસ્વરૂપ શ્રીકૃષ્ણની ઉપાસનાની ઓથમાં બીજા કેટલાક અધર્મ કરે અને તેનાથી તેઓ કંઈ નાનપ કે નુકશાન માનતા નથી. તેઓએ પોતાના મનથી જ એવું માની લીધું છે. ૩૯. તે શ્રીવલ્લભાચાર્યના પુત્ર વિઠ્ઠલનાથજી નામે થયા. તેમને તેઓ શ્રીકૃષ્ણ માને છે, જેમને સાત પુત્રો થયા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'વસંતોત્સવ પછી અપરાહ્નકાળે સભા કરી' એ નામે ત્રેવીશમો તરંગ સમાપ્ત ॥૨૩॥

પૂર ચૌદમું : તરંગ - ૨૪

મતપંથોની વાતો, સંતોને મળ્યા અને સહુને જવાની રજા આપી

શ્રીહરિ જ્યારે રમૂજ કરતા હોય ત્યારે સત્સંગ સિવાયના જે બીજા મતો કહેવાય છે તેમની વાતોને યથાર્થરૂપમાં કહેતા. ૧. ભિન્ન ભિન્ન મતની વાતો શ્રીજીમહારાજે ક્યારેક કહી હતી. તે વાતોને મુમુક્ષુઓના હિતને માટે અત્યારે હું કહું છું. ૨. જે મત-સંપ્રદાયમાં ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય યથાર્થરૂપમાં હોય, તે મત શ્રેષ્ઠ છે અને તે બધા પૂજ્ય છે. ૩. જે મતમાં ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય ન્યૂન-ઓછાં (અધૂરાં) હોય તે મતને બધા બુદ્ધિમાન લોકો ન્યૂન-અપૂર્ણ કહે છે. ૪. જે વેપારી પ્રામાણિક વેપાર ન કરતો હોય, તે વેપારની ઘણી મોટી મોટી વાતને વધારીને કહેતો હોય છે. પતિવ્રતા સ્ત્રી કરતાં જે વેશ્યા હોય છે તે પોતાના શરીરને વધારે સુંદર દેખાડે છે. ૫. વેશ્યા પોતાનાં વસ્ત્ર, આભૂષણ, ખાન, પાન અને ઘરને વધારે સારી રીતે

સજાવેલું રાખે છે. રૂપ, રંગ અને રાગથી ભરપૂર રહે છે. વેશ્યા જગતના શોકને દૂર કરે છે. ૬.

જેટલી લાજ તેટલો શોક. જેને લાજ-શરમ ન હોય તેને લોકો શું કહે ? જો વેશ્યાને કોઈ વેશ્યા કહે તો તે અંગે વેશ્યા શોક કરતી નથી. ૭. વેશ્યાને જો કોઈ પતિવ્રતા કહે તો તે તેને મશ્કરી માને છે. અને પતિવ્રતાને કોઈ વેશ્યા કહે તો તેનાં મનમાં શાંતિ ન રહે, દુઃખ થાય છે. ૮. કેટલાક મત તો એવા હોય છે કે જેઓ વ્યભિચારને પણ ધર્મ કરીને માને છે. કેટલાક મતમાં તો દારૂ અને માંસને પણ ધર્મ માને છે. ૯. અમુક મતોમાં જેટલી અભક્ષ્ય વસ્તુઓ છે તેને તેઓ ખાય છે. કેટલાક મતમાં કેફ(નશો) અને વ્યસન જેને કહેવાય છે, તેને કરતા હોય છે. ૧૦.

કેટલાક મતમાં તો પાણી અને દૂધ પણ ગાળ્યા વિનાનું પીવે છે. અને કેટલાક મતમાં વટલવું કે વટલાવવું, તેને દોષ માનતા નથી. ૧૧. કેટલાક લોકો તો જે અધર્મવંશ છે તેને જ ધર્મવંશના રૂપમાં માને છે. આવા કેટલાએ મત આ ભૂમિ ઉપર છે, તેને સમર્થ પુરુષ સિવાયના બીજા દેખી શકતા નથી. ૧૨. પ્રાકૃત (સામાન્ય) મનુષ્યને તો અધર્મ દેખાતો જ નથી. તેઓ તો અધર્મને ધર્મ કરીને માને છે અને છેવટે ઘોર નરકમાં પડે છે. ૧૩. જે મત પ્રાકૃત હોય છે, શાસ્ત્ર બાહ્ય છે તેમાં પ્રાકૃત માણસ બંધાઈ જાય છે. તેવાને અપ્રાકૃત મત ક્યારેય ગમતો નથી. ૧૪. જેટલા પ્રાકૃત માણસો અપ્રાકૃત-શાસ્ત્ર સંમત મતમાં આવી જાય છે તેઓ છેવટ સુધી તેમાં ટકતા નથી. અંતે તેઓ વિમુખ થઈ જાય છે. ૧૫.

જે ધર્મવંશ - પરિવાર છે, ધર્મસર્ગ છે, તે મોક્ષનું દ્વાર કહેવાય છે અને ધર્મસર્ગ હોય ત્યાં સત્સંગ રહે છે. ૧૬. જે અધર્મવંશ - પરિવાર, અધર્મ સર્ગ છે, તે જમપુરીનું દ્વાર છે. તે જન્મ-મરણનું દ્વાર છે અને લખચોરાશીમાં ભટકાવે છે. ૧૭. જે જે દુઃખ કહેવાય છે તે બધાનું દ્વાર અધર્મવંશ છે. જે અપ્રાકૃત મનુષ્ય છે તે અધર્મવંશને સેવતો નથી. ૧૮. ચારે ધામની અંદરની ભૂમિને કર્મભૂમિ કહેવાય છે. તેમાં ચાર વર્ણ અને ચાર આશ્રમની રીત અલગ અલગ કહી છે. ૧૯. મનુષ્ય જેવાં પાપ કે પુણ્ય-કર્મ કરે છે, તેવું તેનું ફળ

જીવને ભોગવવું પડે છે. ચાર વેદ અને પુરાણોમાં તે પુણ્ય-પાપરૂપ કર્મોનાં ફળ લખ્યાં જ છે. ૨૦.

જેવો યુગ હોય તેવાં કર્મફળ લખ્યાં હોય છે. તેમાં લેશમાત્ર પણ ફરક રાખ્યો નથી. જે અમાયિક ગુરુ હોય, અમાયિક રાજા હોય કે અવતાર હોય, તે તેવા અમાયિક ધર્મને પ્રવર્તાવે છે. ૨૧. જે મનુષ્ય અમાયિક-અપ્રાકૃત (શુદ્ધ) ધર્મને રાખે - પાળે છે. તે અપ્રાકૃત દિવ્યધામને પામે છે. અને તેમાં તે અપ્રાકૃત-દિવ્ય દેહને પામે છે, તેમાં કોઈ પણ પ્રકારનો સંદેહ નથી. ૨૨. અપ્રાકૃત ધર્મ રાખવાથી જીવને જન્મ-મરણ અને લખચોરાશીનાં તથા જમપુરીનાં અપાર દુઃખો વગેરે બધાં જ દુઃખ ટળી જાય છે. ૨૩.

શ્રીહરિ આવી વાતો અપાર કરતા હતા. તે સાંભળીને ભક્તોને સુખ અને શાંતિ થાતી હતી. સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામીએ રઘુવીરજી મહારાજની આગળ જે વાતો કહી, તે જેમ જેમ યાદ આવતી જાય છે તેમ તેમ કહું છું. જે વાતોમાં ઘણો જ ચમત્કાર રહ્યો હોય એવી વાતો તો ઘણી છે. ૨૪-૨૫. સંધ્યા સમય થયો ત્યાં સુધી તે બધા હરિભક્તો શ્રીહરિની પૂજા કરતા રહ્યા હતા. કેટલાક તો આરતી પણ કરતા હતા. ૨૬.

❋ ધૂનની અલૌકિકતા :

અપાર મશાલો થઈ. લોકો બધા જયજયકારનો ધ્વનિ કરતા હતા. અપાર વાજિંત્રો વાગવા લાગ્યાં અને શ્રીહરિ ધૂન કરવા લાગ્યા. ૨૭. શ્રીહરિ અત્યંત આનંદિત થઈને 'નારાયણ-ધૂન' કરતા હતા. પોતે પહેલા બોલતા, (પાછળથી ભક્તો ઝીલતા.) પરંતુ શ્રીહરિનો શબ્દ આખી સભામાં વ્યાપી જાતો હતો. ૨૮.

चोपाई :

अनंत कोटि ब्रह्मांड यामें, शब्द हरि को छाव रहे तामें;
केतेक जन के जीय मांही, शब्द प्रवेश करीके रहाहि...२९

शब्द सुनत जीय हो गये लिना, तन के रहे न तिलभर चिना;
परमानंद सिंधु में तेहा, मगन भये कहा कहिये एहा...३०

શ્રીહરિએ ઉચ્ચારેલી 'નારાયણ-ધૂન'નો ધ્વનિ અનંત કોટિ બ્રહ્માંડોમાં વ્યાપી જાતો હતો અને સાંભળનારા કેટલાકના જીવમાં પણ તે ધ્વનિ ઊતરી જાતો હતો. ૨૯. ધૂનનો શબ્દ સાંભળતા તેનો જીવાત્મા લીન થઈ જાતો અને તેને શરીરનો એક તલભાર પણ ખ્યાલ રહેતો નહીં. તેનો આત્મા પરમાનંદ સાગરમાં મગન-લીન થઈ જાતો હતો, હવે તે અંગે વધારે શું કહેવું ? ૩૦.

જ્યારે શ્રીહરિ 'નારાયણ-ધૂન' કરી રહ્યા ત્યારે રાત બે ઘડી(૪૮ મિનિટ) થઈ હતી. તે સમયે પોતે આપઈચ્છાએ સંતોને અને વર્ણીઓને હરખથી બાથમાં ભીડીને મળ્યા. ૩૧. **વરસમાં જેટલા સમૈયા થાય તેટલી વાર શ્રીહરિ સંતો વગેરેને મળતા. જ્યારે સંતો આવે ત્યારે મળતા અને પછી જ્યારે સંતોને વિદાય આપે ત્યારે પણ બાથમાં લઈને મળતા હતા. ૩૨.** શ્રીહરિની આ એક સહજ-સ્વાભાવિક રીત હતી. કેમ જે, **શ્રીહરિ સંતો ઉપર પરમ વિશુદ્ધ પ્રેમ રાખતા હતા. સંતો સ્ત્રી અને ધનનો ત્યાગ રાખતા અને શ્રીહરિમાં અત્યંત પ્રેમ રાખતા હતા.** ૩૩. આ દુનિયાનો જેટલો માયિક સંબંધ ગણાય છે, તેને જોઈ વિચારીને સંતોએ તજી દીધો હતો. દેહ અને દૈહિક પદાર્થોનો સંબંધ અનાદિ કાળનો છે, તેને તુચ્છ જાણીને તજી દીધો હતો. ૩૪. પિંડ-બ્રહ્માંડની આસક્તિ છોડી અને એક શ્રીહરિમાં જ પ્રેમ કર્યો હતો. **જેને ભગવાન સિવાય કોઈ વસ્તુ સારરૂપ નથી, તેના ઉપર શ્રીહરિ પ્રેમ રાખે છે.** ૩૫.

અંતર્યામી શ્રીહરિએ સંતોને મળીને પછી કહ્યું, સહુ સંતો અને હરિભક્તો સાંભળો, અમે સવારે અહીંથી ચાલી નીકળશું. ૩૬. હરિભક્તો તમે જે જે દેશના આવ્યા છો તે બધા ભેળા મળીને ચાલજો. કારણ કે રસ્તામાં લૂંટારા વગેરેનો ભય રહે છે. ૩૭. ધર્મના લાલ એવું બોલ્યા કે, જ્યારે દેશમાં ટોપીવાળાનું રાજ્ય જામી જાશે ત્યારે કોઈને લેશમાત્ર પણ ભય નહિ રહે. ૩૮. અરે, ટોપીવાળાને પણ ચોર લોકો ક્યારેક લૂંટી લે છે. બીજા રાજાઓ લોભને લીધે તે ચોરોને પકડતા નથી. કારણ કે તે ચોરીમાં તેમનો પણ ભાગ હોય છે. ૩૯. ટોપીવાળા મોટા મોટા જે સરદારો હોય છે તેઓ ક્યારેય કામ, ક્રોધ, લોભ અને મદમાં લોભાતા નથી. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'શ્રીહરિએ મતપંથોની વાતો કહીને સહુને ઘેર જવાની રજા આપી' એ નામે ચોવીશમો તરંગ સમાપ્ત ॥૨૪॥



પૂર ચૌદમું : તરંગ - ૨૫

ડભાણના પાટીદારો સાથે પીજને સીમાડે શ્રીહરિએ વાતો કરી

શ્રીહરિએ સંતોને કહ્યું, તમો સહુ હરિભક્તોનાં ગામોમાં જઈને ફરો. તમારે કોઈ એક સ્થળે રહેવું નહીં. ૧. તમારે હરિભક્તોને ત્યાં જઈને તમારા ધર્મ અને નિયમની વાત કહેવી. તેમજ સર્વ હરિભક્ત બાઈભાઈના ધર્મની પણ સાક્ષાત્ વાત કહેવી. ૨. જે ચાર વર્ણ છે અને ચાર આશ્રમ છે, તેમના ધર્મ-નિયમોની વાત પણ કહેવી. ૩. લોકો આગળ જન્મ-મરણના દુઃખની વાત કહેવી. જમપુરીના દુઃખની અને લખચોરાશીના દુઃખની પણ વાત તેમના ભવિષ્યનાં સુખ માટે કહેવી. ૪. જે હેતુ માટે આ વખતનો ભગવાનનો અવતાર થયો છે તે વાત સરસ રીતે કહેવી. જેને સાંભળીને મનુષ્યમાત્રના મનમાં પ્રેમ ઉત્પન્ન થાય. ૫.

પ્રેમ વિના સત્સંગ થાય નહિ અને સત્સંગ થયા વિના પાપોનો નાશ થાય નહીં. આટલી વાત કહીને શ્રીહરિ ચાલતા થયા. અમૂલ્ય અશ્વ ઉપર બેઠા. ૬. કાઠી દરબારોના અપાર અશ્વ શ્રીહરિની સાથે શોભતા હતા. તે સમયે બધી સવારીની શોભા અતિ ભારે જણાતી હતી. આવી શોભા ક્યારેય દેખી ન હતી. ૭. અદ્ભુત ઉપમા લખી શકાતી નથી, પણ વર્ણન કરવાનો ભાવ રહ્યા કરે છે. મનમાં જેટલો ચરિત્રોનો જેવો પ્રકાશ થાય છે તેવું તેટલું વર્ણન કરી શકાય છે. ૮. **વારંવાર શ્રીહરિનાં સ્વરૂપ અને ચરિત્રોનું હરખથી વર્ણન કરવું, તે જ મનુષ્યદેહ મળ્યાનો લાભ છે.** તે સિવાય મનુષ્ય દેહનો બીજો કોઈ લાભ નથી. ૯. હરિભક્ત સિવાયના મનુષ્યને તેની કાંઈ ગમ પડે નહીં, એવી શ્રીહરિની વાત છે. **ભગવાન સિવાયની અન્ય વાતમાં જેટલો લાભ મનાય છે, તેટલું જ મોટું નુકશાન થાય છે.** ૧૦.

⁕ સાચા ભક્તની સમજણ :

चोपाई :

एसी समझ सो समझ कहावे, ता विन समझ सब भूल रहावे;
विधि सम कोउ बुद्धि कु पावे, अति आश्चर्य न तेहि कहावे...११
हरि सन्मुख न भए जिहाँ लगहू, भुले परे हे जन तिहाँ लगहू;
नकी हरिजन की समझ हे जेसी, देखाई दीन प्रगट कर तेसी...१२

આવી જે સમજણ તે જ ખરી સમજણ કહેવાય છે. તે વિનાની બીજી બધી સમજણ તો મોટી ભૂલ કહેવાય છે. કદાચ કોઈને બ્રહ્માની સમાન બુદ્ધિ મળે તો તે કાંઈ મોટું આશ્ચર્ય ન કહેવાય. ૧૧. મનુષ્ય જ્યાં સુધી ભગવાનને સન્મુખ નથી થાતો ત્યાં સુધી તે ભૂલો પડેલો જ છે. પાકા હરિભક્તની જેવી સમજણ હોય તે પ્રકટ દેખાઈ આવે છે. ૧૨. પ્રહ્લાદ અને પ્રિયવ્રત આદિ અપાર હરિભક્ત થઈ ગયા છે, તેવા ત્રિલોકીના મોટા રાજાઓનો ગણવાથી પણ પાર આવતો નથી. ૧૩. તેઓ ભગવાનના સંબંધ વગરની જેટલી સંપત્તિ કહેવાય છે તે બધી ઝેર કરતાં પણ વધારે ઘાતક માનતા હતા. ૧૪. સમજણે કરીને જેનો આત્મા અત્યંત શુદ્ધ થયો હોય, તે દિન પ્રતિદિન અધિકપણે અભ્યાસ કરે છે. ૧૫. **ભગવાનના સંબંધ સિવાયનાં જે પંચવિષયનાં સુખ કહેવાય છે તેને પાકો હરિભક્ત જે હોય છે તે તો કાળના કોળિયારૂપ કહે છે.** ૧૬.

શ્રીહરિ જ્યારે ડભાણથી નીકળ્યા તે ત્યાંથી સીધા **પીજ** ગામ આવ્યા. ત્યાં વિપ્રો અને પાટીદાર જે હરિભક્તો હતા, ૧૭. તે બધા દોડીને શ્રીહરિની સન્મુખ આવ્યા. હાથમાં શ્રીફળ અને ફૂલહાર લીધા હતા. હાર પહેરાવીને શ્રીફળ ભેટ મૂક્યાં. પછી મનના ઘણા જ હરખથી તેઓ શ્રીહરિનાં ચરણોમાં પડ્યા. ૧૮. વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગતાં હતાં. તે વખતની શોભા કહી શકાતી નથી. ડભાણ ગામના પાટીદાર હરિભક્તો જે શ્રીહરિને વળાવવા આવ્યા હતા. તેમને જ્યારે ગામનો સીમાડો આવ્યો ત્યારે શ્રીહરિએ રોક્યા. અને કહ્યું કે તમે અહીંયાં રોકાઈ જાઓ, હવે આગળ ચાલશો નહીં. ૧૯-૨૦.

શ્રીહરિએ સહુ પાટીદારોને ફૂલહાર પહેરાવ્યા. 'તમે અમારી સેવા બહુ કરી છે.' એમ કહીને વિવિધ પ્રકારનાં અમૃતભર્યાં વચન એવાં બોલ્યા કે, એવું બોલતા બીજા કોઈને આવડે નહીં. ૨૧. કોઈનું હૃદય પથ્થર જેવું હોય, પણ તે જો શ્રીહરિના મુખની વાત સાંભળે તો તેનું હૃદય મીણના જેવું કૂંણું થઈ જાય. જે શ્રીહરિના વચનને કાનથી સાંભળે તે તેમને વશ થઈ જાતા હતા. એવી શ્રીહરિની વાણી હતી. ૨૨. જેનું અંતઃકરણ અતિશય મેલું હોય તેને શ્રીહરિની વાણી ગમતી નથી. મલિન મનુષ્યને શ્રીહરિની જેટલી ક્રિયાઓ છે તે બધી વજ્ર જેવી અને શૂળી જેવી લાગે છે. ૨૩. વરસાદનું પાણી બધી જ વનસ્પતિને જીવનના પ્રાણરૂપ છે, પણ તે પાણીથી જવાસો તો સમૂળગો સૂકાઈ જાય છે. ૨૪. **હરિભક્તને ભગવાનની મૂર્તિ પોતાના જીવ કરતાં પણ વધારે પ્રિય હોય છે. જો તે મૂર્તિ દૂર થાય તો ભક્ત દુઃખી થઈ જાય છે, જે દુઃખ કહી શકાતું નથી. ૨૫. જે હરિના ભક્ત હોય તે તો ભગવાનના વચનરૂપી દેહમાં રાતદિવસ રહેતા હોય છે. અને તેમાં જ તે ભક્ત પરમ સુખ માને છે. ૨૬.**

જે હરિભક્તો ભગવાનના આજ્ઞા-વચનમાં રહે છે, તેઓ તો મોટા ભાગ્યશાળી છે. તેને તો દેવતાઓ પણ પૂજ્ય કરીને માને છે. ૨૭. **જે ભક્ત જ્યાં સુધી ભગવાનના આજ્ઞાવચનમાં વર્તતો હોય છે ત્યાં સુધી તે મોટો થતો જાય છે; પણ જો આજ્ઞાવચનને તજી દે, તો તે ઘટી જાય છે.** ૨૮. ડભાણ ગામના તે બધા પાટીદારો શ્રીહરિનાં વચનોને માથે ચઢાવીને ત્યાં ઊભા રહ્યા. શ્રીહરિનાં ચરણોને મસ્તકે ધાર્યાં અને પછી હાથ જોડીને બોલ્યા, હે અવિનાશી હરે ! અમે આપના દાસ છીએ, તેથી આપ અમારી વિનંતી સાંભળો. જ્યારે આપને યજ્ઞ કરવાની ઈચ્છા થાય ત્યારે જરૂર ડભાણ આવજો. ૨૯-૩૦.

ડભાણ ગામ યજ્ઞ કરવા માટે યોગ્ય છે. અહીં કાંઈ ઉપાધિનો રોગ થાતો નથી. જ્યાં ટોપીવાળાનું (અંગ્રેજોનું) રાજ્ય થયું હોય છે ત્યાં લોકો સુખેથી ઘરનું કામકાજ કરી શકે છે. ૩૧. જે ચોર અને પાખંડીઓ હતા તેને અંગ્રેજોએ પકડીને બધાને કેદમાં પૂર્યા છે. તેનાથી જે મર્યાદાથી વિરુદ્ધ ચાલતા હતા તે બધા પરહેજ - નિયમિત થઈ ગયા છે. ૩૨. તેઓમાં લાંચ

લેવાની રીત નથી. નીતિ પ્રમાણે અદલ રહેવામાં આવે તો તેઓ ખુશ રહે છે. સત્સંગનાં જેવાં વ્રતમાન-નિયમ છે, તેવી જ તેમની બધી અદલ વાતો હોય છે. ૩૩. તેમની સમજણ (મતિ) જ એવી છે કે, આ દુનિયામાં કોઈ દુઃખી ન થાય. તેઓ માનવ-હિંસાને પાપ માને છે, પણ તે સિવાયની હિંસા તો અમાપ કરે છે. ૩૪. ચારે વર્ણના વટાળમાં તેઓ કાંઈ દોષ માનતા નથી.

ત્યારે શ્રીહરિએ કહ્યું, ચારે ધામની અંદરના આ દેશમાં ચાર વર્ણનો જે ધર્મ રહ્યો છે, ૩૫. આ ભરતખંડમાં જે હિંદુઓ કહેવાય છે, તેમાં પણ ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ એમ કેટલાએ વિભાગ રહ્યા છે. ૩૬. એક એક વર્ણમાં અનંત અને અપાર ભેદો છે. તે રીતે જ આશ્રમોમાં પણ અપાર ભેદો છે. ૩૭. ચાર ધામની બહાર યવનો હિંદુઓના કરતાં ઘણા વધારે છે અને તેઓ વેદના આચાર-વિચારોથી પણ બહાર છે. તેઓ એકાકાર થઈને વર્તે છે. ૩૮. ચાર ધામની અંદર પણ યવનો કેટલાએ રહે છે. આ ભારતમાં હિંદુઓ ત્રણ ભાગ છે. ચોથો ભાગ યવનો છે. ૩૯. અત્યારે જેને સત્સંગ થયો છે તે ભાગ્યશાળી છે. કળિયુગનું બળ ઘણું વધ્યું છે. ફરીને આવો લાગ મળવાનો નથી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'શ્રીહરિએ ડભાણના પાટીદારો સાથે પીજને સીમાડે વાત કરી' એ નામે પચ્ચીશમો તરંગ સમાપ્ત ॥૨૫॥



પૂર ચૌદમું : તરંગ - ૨૬

શ્રીહરિ ચરોતર, બારા અને ભાલમાં થઈને કાઠિયાવાડમાં કરિયાણા આવ્યા

વળી શ્રીહરિ ડભાણના પાટીદાર હરિભક્તો સાથે વાત કરવા લાગ્યા કે, જેમ માણસ પોતાની જાતનું - શરીરનું રક્ષણ કરે છે તેમ સહુએ સત્સંગને દઢ કરી રાખવો, સત્સંગનું દઢતાથી રક્ષણ કરવું. ૧. જે કોઈ પણ બાબત હોય તે સત્સંગ કરતાં અધિક નથી, દુર્લભ નથી. દુર્લભમાં પણ દુર્લભ સત્સંગ છે. તે સહેજે મળતો નથી. ૨. સત્સંગ તો એવો છે કે, જે બાળબુદ્ધિ રાખે છે તેનો

સત્સંગ તરત જ નાશ પામે છે; એટલે ખૂબ જ સત્સંગ અંગે કાળજી રાખવી. ૩. સત્સંગી સિવાયનો જે કોઈ પણ માણસ, મુસલમાન હોય કે હિંદુ હોય, પોતપોતાના મતને મનમાં અધિક સારો માનતો હોય છે. ૪.

✵ ભગવાને બાંધેલી મર્યાદામાં રહેવું :

ચોપાઈ :

नकी हरिजन होई के जेहू, बात सुने विमुख की जो तेहू;
निश्चे बुद्धि पलट तेहि जावे, यामें फरक न रंच रहावे...०५

કોઈ પાકો હરિભક્ત હોય, પણ તે જો વિમુખ મનુષ્યના મુખની વાતને સાંભળે તો ચોક્કસ તેની બુદ્ધિ બદલાઈ જાય છે. તેમાં રંચમાત્ર ફરક નથી. ૫. જે હરિભક્ત હોય તેણે ખાસ કરીને ધ્યાન રાખવું, અત્યારે સમય ઘણો જ કઠણ ચાલી રહ્યો છે, તેને પારખવો જોઈએ. સત્સંગી સિવાયના જે કોઈ પણ મનુષ્ય હોય છે, તેઓ વર્ણનો અને આશ્રમનો ધર્મ ઉપરથી તો પાળતા હોય તેવું બતાવે છે, પણ અંદરથી એકાંતમાં તો બધું એકાકારે વર્તતા હોય છે. એક વર્ણની જેમ જે વર્તવું તે તો પશુ-પંખીનો ધર્મ છે. ૬-૭. મોટા મોટા સમર્થ ઋષિ-મુનિઓ થઈ ગયા છે. તેમણે જીવના મોક્ષને માટે વર્ણ અને આશ્રમના ધર્મની મર્યાદા બાંધી છે. તેમના મર્મને જેઓ જાણતા નથી. ૮.

તેઓ બધા મનુષ્યોને એક વર્ણના કરી દે છે. ઘણા બુદ્ધિશાળી હોવા છતાં તેઓ પરમેશ્વરની બાંધેલી મર્યાદાનો લોપ કરી નાખે છે. ૯. જે **પરમેશ્વરે બાંધેલી મર્યાદાને તોડે છે તેઓ બ્રહ્મા જેવા સમર્થ હોય તોપણ પોતાના અધિકાર ઉપરથી પડી જાય છે. અને જે મનુષ્ય પરમેશ્વરની અદબ (મર્યાદા) રાખે છે તે દિનપ્રતિદિન આગળ વધતો જાય છે.** ૧૦.

संकल्प अपने करना सारा, होवत हे ईश्वर को धारा;
ईश्वर सम समर्थ नहि कोई, खचित बात जो रखना सोई...११

આપણે સારા સંકલ્પો કરવા. ધાર્યું તો બધું પરમેશ્વરનું જ થાય છે. એક વાત ચોક્કસ કરી રાખવી કે પરમેશ્વર સમાન બીજું કોઈ સમર્થ નથી. ૧૧. આટલું બોલીને શ્રીહરિ જ્યારે ચાલ્યા, ત્યારે **પીજ** ગામ આવ્યા. ગામના

હરિભક્તોને દર્શન દઈને ત્યાંથી ચાલ્યા. ૧૨. **ચાંગા** ગામ આવ્યા. ત્યાંથી **પીપળાવ** થઈને **બુધેજ** ગામ આવ્યા. હરિભક્તો શ્રીહરિને જોઈને રાજી થયા. ૧૩. ત્યાંના હરિભક્ત હઠીભાઈને ઘેર રાત રહ્યા. પછી ત્યાંથી **પચ્છમ** ગામ આવ્યા. બહુનામી પ્રભુ ત્યાં રોકાયા. ૧૪. ત્યાં ઉદ્ધવજી નામે એક વિપ્ર અને જેરાજ તથા દેવજી નામે કણબી, એ સહુ હરિભક્તો હતા. ૧૫ આનંદકંદ શ્રીહરિ તેમને ઘેર એક રાત રહ્યા. ગામમાં જે હરિભક્તો હતા તેમને સહુને દર્શન, સમાગમ વગેરેનું સુખ આપ્યું, જે કહી શકાતું નથી. ૧૬.

કોઈ કવિ કહે, તોએ તે માપમાં આવતું નથી, એટલું સુખ શ્રીહરિએ આપ્યું. હરિભક્તની જેવી રુચિ હોય તે પ્રમાણે શ્રીહરિ રાજીપે સુખ આપતા હતા. ૧૭. વાતનો પ્રસંગ લાવીને હું માત્ર સંકેત જ કરું છું, તોએ ગ્રંથ મોટો થઈ રહ્યો છે. લોકોની શ્રદ્ધા થોડી હોય છે, એમ વિચારીને તેમની રુચિ પ્રમાણે વાત કહું છું. ૧૮. શ્રીહરિ પચ્છમથી **ઝીંઝર** ગામ આવ્યા. જેઠા મેર પોતાની સાથે હતા. તેનું શરીર ઘણું વૃદ્ધ થઈ ગયું હતું. તેને જોઈને શ્રીહરિ તેના ઉપર રાજી થઈ ગયા. ૧૯. પોતાના સોનેરી વસ્ત્ર-અલંકાર વગેરે જે હતાં તે બધાં તે ભક્તને પહેરાવી દીધાં. તળાવને કાંઠે રાત રહીને ચાલતા થયા. પછી શ્રીહરિ **ભીમનાથ** આવ્યા. ૨૦.

તે પછી **પોલારપર** ગામ આવ્યા. ગામના ભક્તોને દર્શન દીધાં. સુખસાગર નાથ શ્રીહરિ **રોજીદ** થઈને **કુંડળ** આવ્યા. ૨૧. ત્યાં મામૈયા પટગીર અને રામ પટગીર નામે બે મોટા ભક્ત હતા. તેમને ઘેર બે પહોર (૬ કલાક) રોકાઈને **સારંગપુર** આવ્યા. આ વેળાએ ધર્મના દુલારા ત્યાં ત્રણ દિવસ રોકાયા હતા. ૨૨. ત્યાંથી પછી **નાગડકા** ગામ આવ્યા. કાઠી હરિભક્તો સાથે હતા. નાગડકામાં સુરાખાચર નામે સારા હરિભક્ત હતા. તેઓ ખૂબ જ રમૂજી અને રંગીલા સત્સંગી હતા. ૨૩. તેમને ઘેર ચાર દિવસ રહ્યા. તેમને દર્શનાદિકનું અપાર સુખ આપ્યું. તેમણે વિવિધ પ્રકારનાં પકવાન કરાવીને ઘણા જ હેતથી શ્રીહરિને જમાડ્યાં હતાં. ૨૪. શ્રીહરિ જે જે ગામ આવતા અને જ્યાં રાત રહેતા, ત્યાં હરિભક્તો ઘણા જ હેતથી જમાડતા હતા. જે લખવામાં આવી શકતું નથી. ૨૫.

અલૌકિક મૂર્તિનાં દર્શન કરીને હરિભક્તોને હેત ઘણું થાતું હતું. તેથી તેઓ તન, મન અને ધનથી સેવા કરતા હતા, જે સામાન્ય મનુષ્યને સમજાતું નહીં. ૨૬. સુરા ખાચરે પોતાના નાથ-સ્વામી શ્રીહરિને હાથ જોડીને કહ્યું, યજ્ઞના પ્રસંગમાં હરિભક્તો જે સોનેરી વસ્ત્ર તથા અલંકાર લાવ્યા હતા, ૨૭. તેને હે નાથ ! આપ અહીં એક વાર દયા કરીને પહેરો અને મારા બધા કુટુંબને તેવાં દર્શન આપો. ૨૮. હરિભક્તનો અપાર ભાવ જોઈને શ્રીહરિ રાજી થયા અને તે વેળાએ બધા સોનેરી શણગારને અંગેઅંગમાં પ્રેમથી ધારણ કર્યા. ૨૯. ઘણી અદ્‌ભુત મૂર્તિનાં દર્શન કરીને કેટલાએ નવા સત્સંગી થયા. પછી શ્રીહરિ ત્યાંથી ચાલ્યા, તે **પીપરડી** ગામ આવ્યા. ૩૦.

ત્યાં પીઠા ભક્ત નામે એક સત્સંગી હતા તેને ઘેર રહ્યા. પછી ઘનશ્યામ શ્રીહરિ ત્યાંથી ચાલ્યા, તે માતરા ભક્તને ગામ (બોટાદ) આવ્યા. ૩૧. ત્યાંથી પછી જગદીશ ઘનશ્યામ **ભોંયરા** ગામમાં નાજા જોગિયા ભક્તને ઘેર આવ્યા. ત્યાંથી ચાલ્યા તે સર્વેશ્વર શ્રીહરિ **ગોખલાણા** ગામ આવ્યા. ૩૨. ત્યાં એક જીવાભાઈ નામે ભક્ત રહેતા હતા તેને ઘેર આવ્યા. ત્યાંથી પૂર્ણકામ એવા દીનાનાથ **કરિયાણા** ગામ આવ્યા. ૩૩. સુખદાયક શ્રીહરિ ત્યાં પ્રસન્નપણે ઘણા દિવસ રહ્યા. ગામના રાજા મીણબાના દિયર દેહા ખાચર કાઠી દરબાર હતા. તેઓ પાકા હરિભક્ત હતા. ૩૪. પરમ ઉત્સાહી એવા અવિનાશી શ્રીહરિ તે દરબારને ઘેર ઘણા હેતથી રહ્યા. અને દિનપ્રતિદિન નવાં નવાં ચરિત્ર પ્રેમથી કરતા હતા. ૩૫. તે પછીના દિવસ હુતાશનીના આવતા હતા. ચોતરફનું વાતાવરણ ઘણું સુશોભિત હતું, જે કહી શકાતું નથી. દેશદેશના હરિભક્તો ત્યાં દર્શન કરવા માટે આવતા હતા. ૩૬.

દેશેદેશમાં સત્સંગ કરાવવા માટે જે સંતો વિચરતા હતા તેમને બધાને હરિભક્તોએ શ્રીહરિને કહીને ત્યાં બોલાવ્યા. ૩૭. શ્રીહરિ રોજ સોનેરી સાજથી શણગારેલા અશ્વ ઉપર બેસીને કાળુભાર નદીએ જાતા હતા અને ત્યાં સ્નાન કરીને પાછા ઉતારે આવતા હતા. ૩૮. જેટલા સંતો અને હરિભક્તો ત્યાં હતા તેઓ બધા શ્રીહરિની સાથે સ્નાન કરવા માટે જાતા હતા. જતા અને આવતા શ્રીહરિના પવિત્ર યશનાં કીર્તન ગાતા હતા અને તેવો અલૌકિક

રંગ સતત બન્યો રહેતો હતો. ૩૯. જ્યારે શ્રીહરિ કાળુભાર નદીમાં સ્નાન કરી લેતા, તે પછી અશ્વ ઉપર બેસતા. અને નદીને કિનારે પ્રસન્ન મનથી તે અશ્વને વર્તુળાકારે (કુંડાળે) ખૂબ જ ફેરવતા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'શ્રીહરિ ચરોતર, બારા અને ભાલમાં થઈને કાઠિયાવાડમાં કરિયાણા આવ્યા' એ નામે છવ્વીશમો તરંગ સમાપ્ત ॥૨૬॥



પૂર ચૌદમું : તરંગ - ૨૭

અડગ નિશ્ચય અને દૃઢ ધર્માચરણની વાત કહી

સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામી ફરીને શ્રીહરિની વાતો કહેવા લાગ્યા. તે વાતો હરિભક્તોને માટે તો જીવનરૂપ છે, પણ કહ્યા વિના ક્યારેય ખબર પડતી નથી. ૧. તે વાતો અપાર છે તેને યથાર્થરૂપમાં પૂરેપૂરી કહી શકાતી નથી, એટલે ઝાઝીમાંથી થોડી કહું છું; છતાં તે કહેતા પાર આવતો નથી. ૨. થોડી થોડી વાતો કહું છું છતાં પણ તેનો પાર આવતો નથી. શ્રીહરિએ જે ચરિત્ર કર્યાં છે તેનો કોઈ પાર લઈ શકતું નથી. ૩. જે શ્રદ્ધાવાળા સંત હરિભક્તો છે, તેમને માટે શ્રીહરિચરિત્ર કહું છું. શ્રદ્ધાવાળા સાંભળે તો તેમને એક વરસ ક્ષણવાર જેવું લાગે છે અને શ્રદ્ધા ન હોય તેને એક ક્ષણ સમય કલ્પ જેવો લાગે છે. ૪.

चोपाई :

अनंत कोटि ब्रह्मांड की जोऊ, जितनी रहे समृद्धि सोऊ;
एक रस चित्त हो रहे तामें, जन्म मरण जीय भोगवत यामें...०५

कितनो दुःख सहत हे तोहू, आसक्ति न तोरत हे जोहू;
आसक्ति श्रीहरि विन हि जेती, जीय कु भूल हे सब हि तेती...०६

અનંત કોટિ બ્રહ્માંડની સમસ્ત સુખ-સમૃદ્ધિમાં જીવનું ચિત્ત એકરસ થઈને રહ્યું છે, તેથી જન્મ-મરણનાં દુઃખોને ભોગવે છે. ૫. તેમાં કેટલાએ દુઃખોને જીવ સહન કરે છે, છતાં તે આસક્તિ તોડતો નથી. ભગવાન સિવાય બીજી જે જે આસક્તિ રહે છે તે બધી જીવની ઘણી મોટી ભૂલ છે. ૬.

सो भुल कु छोरावन हिता, चरित्र हरि विविध करीता;
विविध धरत अवतार यह काजा, जीय की भुल देखात माराजा...०७
प्रगट हरि के उपासक संता, जीय कु भूल देखात रहंता;
जीय में भुल हे वार न पारा, तोहु कबहु न देखत लगारा...०८

જીવની તે ભૂલોને છોડાવવાને માટે ભગવાન વિવિધ પ્રકારનાં ચરિત્ર કરે છે અને તેને માટે મહારાજાધિરાજ ભગવાન વિવિધ અવતારોને ધારણ કરી જીવને ભૂલ ઓળખાવે છે. ૭. પ્રકટ શ્રીહરિની ઉપાસના કરનારા સંતો જીવને ભૂલ દેખાડતા જ રહે છે. જીવમાં ભૂલો તો પારાવાર રહી છે, તોએ તે ક્યારેય ભૂલોને જરાય દેખતો નથી. ૮. **જીવમાં જ્યાં સુધી ભૂલો રહેશે ત્યાં સુધી તેને બહુ બહુ દુઃખ ભોગવવા પડશે. માટે હરિભક્ત થયા વિના દુઃખ જવાનાં નથી. આ વાત નિર્ણીત છે. ૯. જે પાકો હરિભક્ત હોય તે ભગવાનના સ્વરૂપમાં ચિત્ત જોડે છે, પણ બીજે ક્યાંય ચિત્તને જવા દેતો નથી. તેમને માટે જ આ શ્રીહરિનાં ચરિત્ર રાતદિવસ કહું છું. તેને સાંભળનારા ભક્તો એક લવ કે નિમિષમાત્ર પણ તૃપ્તિ અનુભવતા નથી. ૧૦.**

સહુમાં સારરૂપ તો શ્રીહરિનાં ચરિત્રો છે, જે સાક્ષાત્ દેખી શકાય છે. જેનું અંતઃકરણ ફૂટી ગયું હોય, તેમાં ચરિત્રોની વાત ટકતી નથી. ૧૧. જેને ભગવાનની વાત રુચે નહિ, તેને અત્યંત દુર્ભાગિયો માણસ જાણવો. જ્યારે શ્રીહરિ અશ્વને કુંડાળે ફેરવતા ત્યારે ઘણાં વાજિંત્રો વાગતાં રહ્યાં. ૧૨. લગભગ એક કલાક સુધી શ્રીહરિ અશ્વને ફેરવતા. તે સમયે સોનેરી વસ્ત્રો અને આભૂષણો અંગ ઉપર ધારણ કરેલાં રહેતાં હતાં. ૧૩. નદી અને કિલ્લાના બુરજની વચ્ચેના ભાગમાં જ્યારે અશ્વને ફેરવતા, ત્યારે ભવ અને બ્રહ્મા વગેરે દેવો પણ શ્રીહરિનાં દર્શન કરવા માટે આવતા હતા. ૧૪. ફૂલોની ઝડી વરસાવીને દેવતાઓ "જય જય" એવો ઉચ્ચાર કરતા હતા. અને તે જ સમયે બંદૂકધારી પાર્ષદો સમય પ્રમાણે બંદૂકોના અવાજ કરતા હતા. ૧૫.

હુતાશનીને દિવસ રાજદરબારમાં શ્રીહરિવરે સભા કરી. તે વખતે હરિભક્તોનો કોઈ પાર ન હતો. ૧૬. વસંત, હોરી અને ધુમારનાં પદોને

વાજિંત્રો સાથે મુક્તાનંદસ્વામી અને બ્રહ્માનંદસ્વામી ગાતા હતા. ૧૭. મૃંદગ અને ઝાંઝ વગેરે વાજિંત્રો વાગતાં હતાં તેની સાથે પદ ગાતા હતા. ત્યારે આકાશ ગાજતું હતું. પછી 'નારાયણ-ધૂન'નો સમય થયો ત્યારે, પહેલા આરતી બોલીને પછી ધૂન કરી. ૧૮. સંતો ધૂન બોલી રહ્યા પછી સ્તુતિ કરી અને તે પછી સંતો અને હરિભક્તોના જે નિયમ હતા તે બધા બોલ્યા. ૧૯. તે પછી બધાએ ભેળા મળીને "જય જય"નો ધ્વનિ-ઘોષ કર્યો. જ્યારે બધા સ્વસ્થ થઈને સભામાં બેઠા ત્યારે શ્રીહરિ સહુની આગળ વાત કરવા લાગ્યા. ૨૦.

ભગવાનના સ્વરૂપનો નિશ્ચય ક્યારેય ડગે નહિ, એની વાત પહેલા કરી અને તે પછી તેના ઉપર પ્રહ્લાદની વાત કહી. તે વાત જાણે મૂર્તિમાન દેખાતી હોય તેવી કરી. ૨૧. પછી શ્રીહરિએ સંતોના અને હરિભક્તોના ધર્મની વાત કહી. આગળના સમયમાં જેમણે ધર્મ રાખ્યો હતો એવા જે સંતો અને હરિભક્તો થઈ ગયા હતા, ૨૨. તેમની વાત બધી મૂર્તિમાન હોય તેવી કરી. જે ધર્મ ક્યારેય જાણી શકાતો નથી તે ધર્મની વાત કહી. ભગવાનને નારદથી વધારે કોઈ પ્રિય ન હતા, છતાં તેમણે જો લગાર પણ ધર્મનો લોપ કર્યો, તો તરત જ તેનું મુખ માંકડાંનું થયું. ભગવાનને ધર્મ એવો પ્રિય છે. ઋષ્યશૃંગ, સૌભરિ અને ચ્યવન વગેરે ઘણા મોટા મુનિવરો હતા, જો તેમણે ધર્મનો લોપ કર્યો તો તરત જ તેમને ઘરબારી થાવું પડ્યું હતું. માટે પંચવિષય દ્વારા આપણું પતન ન થાય, એવું વિચારીને દૃઢ નિયમો રાખવા. ૨૩-૨૫.

પંચવિષયનાં દ્વારોને જો નિયમમાં રાખવામાં ન આવ્યાં, તો ભવ, બ્રહ્મા, ઈંદ્ર અને ચંદ્ર જેવાને પણ કલંક લાગ્યાં છે. ૨૬. જે માણસ દેહાભિમાની હોય અને તે મોટાની દેખાદેખીએ ચાલવા માંડે તો તેના વર્તનમાં ધર્મ રહે નહીં. ૨૭. તેના વર્તનમાં ધર્મ તો ન રહે, પણ તેમાં આવીને અધર્મ વસી જાય છે. આમ ને આમ સમય વીતતા ધર્મવિહીન દશામાં તેના મનુષ્યદેહનો વિનાશ થઈ જાય છે. ૨૮. **ચાર ધામની વચ્ચેની ભૂમિમાં જે મનુષ્ય દેહને પામ્યો હોય, અરે પશુ, પંખી કે વૃક્ષના જન્મને પણ પામ્યો હોય, તો તેમનો મોક્ષ સહજ ભાવે થાય છે. ૨૯. જ્ઞાનના ચક્ષુથી તે દેખાય આવે છે અને તે**

સમજણરૂપી નેત્ર મનુષ્યને સંતો આપે છે. સંત અને ગુરુ એક જ કહેવાય છે. તેમનાં વચનથી પરમપદની પ્રાપ્તિ થાય છે. ૩૦.

વારંવાર ભગવાનના જે અવતારો થાય છે તે ચાર ધામની અંતર્ગત કોઈ પણ ભૂભાગમાં થાય છે. આપણો આ ભરતખંડ કર્મભૂમિ કહેવાય છે. ૩૧. આ ભૂભાગમાં જે શુભ-અશુભ કર્મને જીવ કરે છે તેનું ફળ તેને મળે છે. બીજા ખંડમાં જે શુભ કે અશુભ કર્મ જીવ કરે તો તેને તેનું ફળ મળતું નથી. ૩૨. વર્ણ અને આશ્રમના જે ધર્મ છે તે ભારતભૂમિમાં રાખવાના છે. જે જે ધર્મ નિયમો જેટલા કહ્યા છે તે બધા ભરતખંડવાસી મનુષ્યને માટે કહ્યા છે. ૩૩. ભારતમાં જે મુસલમાનો રહે છે, કુંડાપંથી અને શક્તિપંથીઓ પણ છે. તેઓ બીજા ખંડની રીતમાં ચાલે છે. એવાને એવા બીજા પણ કેટલાક મત હોય છે. ૩૪. સત્સંગ સિવાય ક્યાંય ધર્મ રહેતો નથી. બીજા મતના લોકો ઉપરથી દેખાવમાત્રનો ધર્મ રાખે છે. કયો ધર્મ સાચો છે ? અને કયો ધર્મ ખોટો છે ? તેની પરીક્ષા કરી લેવી જોઈએ. ૩૫. પરીક્ષા કરે એવા રાજાનું રાજ્ય ધીરેધીરે જામી જાય છે. જ્યાં સુધી રાજાની મતિ નીતિ ઉપર રહેતી હોય છે ત્યાં સુધી તે રાજાનું રાજ્ય જામતું રહે છે. ૩૬.

પરમેશ્વરની મરજી થાય તો એક પળવારમાં જ બધા દેશકાળ આદિ ફરી જાય છે. પરમેશ્વરની મરજીની વાત તો અતર્ક્ય છે. ૩૭. આજે જેટલા લોકો અનીતિ કરી રહ્યા છે અને હાથમાં શસ્ત્રોને લઈને ફરતા હોય છે પણ તેમાં જો પરમેશ્વરની મરજી બદલાશે તો તે બધા શસ્ત્ર હાથમાંથી નીકળી જાશે અને વગર શસ્ત્રે ફરવું પડશે. ૩૮.

જેટલા ફેલ કરે છે તે બધાનો અતિ સંકોચ થઈ જશે. પરમેશ્વરની મરજી પ્રમાણે અમે કહીએ છીએ. ૩૯. **જેટલી શુભ બાબત હોય છે તેમાં પરમેશ્વરની મરજી (રાજીપો) હોય છે અને જે અશુભ બાબત હોય છે તેમાં પરમેશ્વરનો કોપ રહ્યો હોય છે.** ૪૦. શુભ અને અશુભ રીતિ શાસ્ત્રમાં સ્પષ્ટપણે લખી છે. તેમાં જેને જેવી પ્રીતિ હોય તેવા માર્ગ ઉપર તે ચાલે છે. ૪૧. શુભ રીતિનું ફળ શુભ હોય છે અને અશુભનું ફળ અશુભ હોય છે. જે અશુભ માર્ગ ઉપર ચાલે છે તેની સારા લોકો ક્યારેય સરાહના કરતા નથી. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'અડગ નિશ્ચય અને દૃઢ ધર્માચરણની વાત કહી' એ નામે સત્તાવીશમો તરંગ સમાપ્ત ॥૨૭॥



પૂર ચૌદમું : તરંગ - ૨૮

શ્રીહરિ હુતાશની પૂજનમાં ગયા અને ફૂલદોલ નિમિત્તે રંગે રમ્યા

કરિયાણા ગામના દરબાર સારા સત્સંગી હતા. તેઓ હુતાશનીના પૂજનની આજ્ઞા લેવા માટે પ્રેમથી બોલ્યા, આપ આજ્ઞા આપો તો અમે હુતાશનીનું પૂજન કરવા માટે જઈએ. આપની આજ્ઞા લીધા વિના મનમાં હરખ રહેતો નથી. ૧-૨. આખા દેશમાં હુતાશની પૂજનની રીત ચાલી આવે છે. તે જાણીને અમે તે કરીએ છીએ. તે પૂજન યોગ્ય ન હોય, તો તેવી વાત આપ અમને કહો. ૩. ત્યારે શ્રીહરિએ તે દરબારને કહ્યું, જે હરિભક્ત થઈને મુખથી ફાગ (અપશબ્દ-ગાળો) બોલે, તે હરિભક્તની રીત કહેવાય નહીં. ૪. વિમુખ જીવ અને ભગવાનના ભક્તની રીત તો વર્તન ઉપરથી દેખાઈ આવે છે. રાત અને દિવસમાં જેટલો ફરક છે તેટલો ફરક વિમુખ જીવ અને ભગવાનના ભક્તના વર્તનમાં છે. ૫.

વિવાહ પ્રસંગમાં, ફાગના દિવસોમાં, જ્યાં ભાંડ-ભવાઈ થાતી હોય કે તેના જેવા બીજા તમાશા જ્યાં થાતા હોય, ચોપાટ કે ગંજીફા વગેરેની રમતમાં, ૬. હરિભક્ત સિવાયના જે કોઈ પણ લોકો હોય, તે બધા પશુ જેવા થઈ જાય છે. દારૂ, લિલાગર ભાંગ, ગાંજો, ધતૂરો અને અફીણ વગેરેને, ૭. માણસ જ્યારે પીવે છે ત્યારે તે પરાધીન જેવો થઈ જાય છે. તેને શરીરનું ભાન પણ રહેતું નથી. તમારા જેવા ગામધણી દરબાર જ્યાં હોય ત્યાં બધી રીત અનુપમ અને સારી રહેતી હોય છે. ૮. શ્રીહરિએ કહ્યું, ચાલો, અમે પણ તે જોવા આવીએ. તમારી રીતને અમે દેખીએ. સાધુ, વર્ણી અને સંન્યાસી, એ કોઈએ અમારી સાથે આવવું નહીં. ૯. હરિભક્તો અને પાર્ષદો અમારી સાથે આવે અને તેઓએ વસંત અને હોરીનાં પદ ગાવાં, તેનાથી ભગવાન સહુને સાંભરે. ૧૦.

❋ સારી વાણી ભક્તની શોભા છે :

चोपाई :

भगवान सांभरे जिन करी जेई, दुर्लभ में दुर्लभ बात हे तेई;
पूतना जेसी होलिका रहाई, प्रह्लाद कु दुःख दिये बहु ताई...११
तिन करी छोरे देवत गारी, हरिजन न उचरना कोउ वारी;
विमुख पशु की हे एक रीता, विमुख के मुख गारी शोभीता...१२

દુર્લભમાં દુર્લભ વાત તો તે છે કે જેણે કરીને ભગવાન સાંભરે. પૂતનાના જેવી જ હોલિકા હતી. તેણે પ્રહ્લાદને બહુ દુઃખ દીધું હતું. ૧૧. તેને લીધે છોકરાઓ હોલિકાને ગાળો ભાંડે છે, પણ હરિભક્તોએ ક્યારેય ગાળ બોલવી નહીં. હરિવિમુખ અને પશુની રીત એકસરખી દેખાય છે. અને ગાળ તો વિમુખના મોઢામાં જ શોભે. ૧૨.

दोहा : हरिजन के मुख ताहिमें, हरि के पद रसरूप;
शोभा लहत अपार हि, शोभीत मुख अनूप...१३

હરિભક્તોના મુખમાં તો ભક્તિરસ-પ્રેમરસથી નીતરતા ભગવાનનાં પદ જ ઘણાં શોભે છે. અને તે પદોથી તેમનાં મુખ પણ અનુપમ રીતે શોભતાં હોય છે. ૧૩. આવું કહીને શ્રીહરિ તે દરબારની સાથે ત્યારે ચાલતા થયા. શ્રીહરિનો હૂતાશની પૂજનમાં હરિભક્તોને સંભારણું રહે એ સિવાય બીજો કોઈ હેતુ ન હતો. ૧૪. જ્યારે શ્રીહરિ ચાલ્યા ત્યારે તેમની આગળ ઢોલ, ત્રાંસાં અને શરણાઈ વગેરે વાગવા લાગ્યાં. તે વખતે ધર્મકુંવર શ્રીહરિએ અંગ ઉપર કેસરિયાં વસ્ત્ર પહેર્યાં હતાં. ૧૫. સોનેરી સાજથી શણગારેલા અશ્વ ઉપર શ્રીહરિ બેઠા. મશાલનું અજવાળું ઘણું હતું, તેથી શોભાનો કોઈ પાર રહ્યો ન હતો. ૧૬.

વસંતનાં અને હોરીનાં જે સારાં સરસ સરસ પદ હતાં તેને હરિભક્તો બોલતા હતા અને અનુપમ રીતે ગુલાલ ઉડાડતા હતા. ૧૭. વિવિધ પ્રકારના મોતીથી જડાવ સોનાની છડી શ્રીહરિએ હાથમાં લીધી હતી. ધર્મના લાલ શ્રીહરિના હાથમાં રેશમી રૂમાલ હતો અને બજારે ચાલ્યા આવતા હતા. ૧૮. ધર્મના દુલારા શ્રીહરિના અંગેઅંગમાં વિવિધ પ્રકારનાં સોનાનાં આભૂષણ પહેર્યાં હતાં. સર્વ જગતમાં વંદ્ય એવા પ્રભુએ લલાટમાં કુંકુમનો ચાંદલો કર્યો

હતો. ૧૯. ગામના લોકો શ્રીહરિવરનાં દર્શન કરીને મનમાં રાજી થયા અને પ્રસન્ન મનથી બોલ્યા કે, આજે અમારો જન્મ સફળ કર્યો. ૨૦.

જ્યાં સુધી શ્રીહરિનાં દર્શન થયાં ન હોય ત્યાં સુધીના બધા જન્મ વૃથા ગયા કહેવાય. આ ગામના ભાગ્યને ખરેખર વારંવાર ધન્યવાદ ઘટે છે કે, જ્યાં અક્ષરપતિ શ્રીહરિ વિચરી રહ્યા **છે. ૨૧.** આ ગામનો યથાર્થ મહિમા તો મોટા સંતો અને ઋષિમુનિઓ જ જાણે છે. લોકો જ્યારે આવી વાતો પરસ્પર કહેતા હતા, ત્યારે શ્રીહરિ તેને સાંભળતા હતા. ૨૨. જ્યાં હુતાશની ગોઠવી હતી ત્યાં ભક્તોના ચિત્તને ખેંચતા શ્રીહરિ આવી પહોંચ્યા. હુતાશની પૂજનનો જે વિધિ હતો તેને કોઈ સુજ્ઞ વિપ્રે કરી લીધો. ૨૩. તે પછી હુતાશનીને પ્રકટાવી. શ્રીહરિએ હાથમાં શ્રીફળ લીધું અને હુતાશનીને પ્રદક્ષિણા કરી. પછી બહુનામી અને સર્વના સ્વામી શ્રીહરિએ તેમાં શ્રીફળ હોમી દીધું. ૨૪. તે વખતે પાર્ષદોએ બંદૂકોના અવાજ કર્યા અને શ્રીહરિ ગામમાં આવ્યા. શ્રીહરિએ ત્યાં આવું ચરિત્ર કર્યું હતું. ૨૫.

ફૂલદોલને દિવસે જાત જાતનો રંગ બનાવ્યો. પછી સંતોની અને હરિભક્તોની સભા બોલાવી. ૨૬. જે રંગ બનાવ્યો હતો તેને મોટાં મોટાં માટલાંમાં ભરાવ્યો હતો. અને તે શ્રીહરિએ પોતાની પાસે મગાવ્યો. પછી તેને તાંસળીમાં ભરીભરીને સહુ ભક્તોના ઉપર છાંટ્યો. ૨૭. ઢોલ, ત્રાંસાં, શરણાઈ અને નોબત, એ બધાં વાજિંત્ર વાંગવા લાગ્યાં હતાં. ત્યારે શ્રીહરિ રંગથી જે ભીંજાઈ ગયા હતા તે શોભા કહી જાતી નથી. ૨૮. કેટલાક સંતો અને હરિભક્તોએ શ્રીહરિ ઉપર રંગ છાંટ્યો. તેનાથી મૂર્તિ રંગરંગ થઈ ગઈ અને શોભા એવી થઈ કે જે કહી શકાતી નથી. ૨૯. કેસુડા અને કેસરનો રંગ કર્યો હતો. પતંગના રંગનો તો કોઈ પાર જ ન હતો. જ્યારે શ્રીહરિ રંગ ઉડાડી રહ્યા તે પછી ગુલાલને ઉડાડવા લાગ્યા. ૩૦.

અપાર રંગ અને ગુલાલ ઉડાડ્યો. ભક્તજનો 'જય જય, જય જય'નો પોકાર કરતા હતા. દિવસ દોઢ પહોર (૪.૩૦ કલાક) ચઢ્યો ત્યાં સુધી શ્રીહરિ રંગ ઉડાડતા રહ્યા. ૩૧. દરબારગઢના જેટલાં મકાન હતાં તે બધાં રંગ રંગ થઈ ગયાં. જમીન ઉપર પણ રંગનો કીચડ થઈ ગયો. આટલું ક્યારેય રંગે

રમ્યા ન હતા. ૩૨. **જ્યારે શ્રીહરિ રંગે રમે, ત્યારે બ્રહ્માંડોના દેવો વિમાનમાં બેસીને આવતા અને બધા શ્રીહરિની સાથે રંગે રમતા હતા. ૩૩. ધામેધામના મુક્તો જેટલા હોય તે બધા રંગક્રીડા કરવા આવતા. ત્યારે રંગક્રીડા એવી કોઈ ભાતની થતી હતી કે, તેની શોભા મુખથી કહી શકાતી નથી. ૩૪.**

જેના ઉપર શ્રીહરિની અતિ કૃપા હોય તેમને આ દેવો અને મુક્તોની રંગક્રીડા પ્રકટ દેખાય છે. રંગે રમીને શ્રીહરિ નદીએ આવ્યા. અને ત્યાં નદીના પુષ્કળ પાણીમાં નહાયા. ૩૫. નદીનું પાણી પણ રંગરંગ થઈ ગયું. તે પ્રસાદીના જળમાં દૂર રહીને દેવાંગનાઓ નહાતી હતી. જળક્રીડા કર્યા પછી શ્રીહરિ પાણીથી બહાર આવ્યા. અંગ ઉપર સોનેરી વસ્ત્ર ધારણ કર્યાં. ૩૬. શ્રીહરિએ પોતાનાં અંગ ઉપર બધાં જ સોનાનાં આભૂષણ ધારણ કર્યાં. અને અશ્વને પણ સોનેરી સાજથી શણગાર્યો હતો. તેના ઉપર શ્રીહરિ બેઠા. ૩૭. વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગતાં હતાં અને શ્રીહરિ ગામમાં આવ્યા. તે સમયે જાતજાતનાં ભોજન વર્ણીએ બનાવી રાખ્યાં હતાં. ૩૮. ગામધણી દરબારે તે રસોઈ કરાવી હતી. તે શ્રીહરિ જમ્યા અને તે પછી બધા સંતો જમ્યા. ૩૯. તે પછી પાર્ષદોને જમાડ્યા અને તે પછી કેટલાક હરિભક્તોને પણ જમાડ્યા. તે પછી ગામધણી દરબારે આવીને શ્રીહરિની પૂજા કરી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'શ્રીહરિ હુતાશની પૂજનમાં ગયા અને ફૂલદોલ નિમિત્તે રંગે રમ્યા' એ નામે અઠ્યાવીશમો તરંગ સમાપ્ત ॥૨૮॥



પૂર ચૌદમું : તરંગ - ૨૯

શ્રીહરિનું સત્સંગ વિચરણ અને સત્સંગની વાતોનું સ્વરૂપ

ફૂલદોલ ઉપર જે હરિભક્તો આવ્યા હતા, તેમણે શ્રીહરિની પૂજા કરી અને પછી સર્વ સંતોની પણ પૂજા કરીને અલૌકિક લાભ લીધો. ૧. શ્રીહરિએ પોતાનો સોનેરી સંપૂર્ણ શિરપાવ લઈને અલૈયા ખાચરને પોતાની પાસે બોલાવ્યા અને તેમને આપ્યો. ૨. પછી તેમને વાળાક પ્રદેશમાં ફરીને

સત્સંગ કરાવવાની આજ્ઞા કરી. તેમણે તે આજ્ઞાને મસ્તકે ચઢાવી. ૩. અલૈયા ખાચર શ્રીહરિની મૂર્તિને હૃદયમાં ધારીને જ્યારે વાતો કરવા લાગે ત્યારે ગમે તેવા મનુષ્યો હોય, તેઓ સત્સંગને સ્વીકારીને વ્રતમાન-નિયમોને ધારણ કરતા હતા. ૪. શ્રીહરિએ તેમને કહ્યું, તમે જ્યાં સુધી વાળાક પ્રદેશમાં ફરો ત્યાં સુધી આનો આ વેશ રાખજો. અમારા વચનથી તમને કોઈ બાધ નહિ લાગે. ૫.

चोपाई :

हमारे वचन कर बाध हि जेता, निरबाध होई जावत तेता;
बाध होवे जा मांहिं जाकू, एसे वचन हम कहे न ताकू...०६

જે કાંઈ બાધ ગણાતો હશે તે અમારા વચનથી નિર્બાધ થઈ જશે. જેમાં જેને કાંઈ બાધ આવે તેમ હોય, તેવું વચન અમે તેને કહીએ જ નહીં. ૬. જીવનું બંધન છોડાવવું તે તો અમારો મત છે. આ વેળાએ અમે કેટલાયનાં બંધન છોડાવી દીધાં છે. **જે લોકો અમારા વચનમાં પણ બંધનને દેખે છે. ૭. તેના અંતઃકરણમાં ક્યારેય શાંતિ નહિ રહે, આ વાત અમે ચોક્કસ કહીએ છીએ.** પછી જેટલા હરિભક્તો આવ્યા તેમણે શ્રીહરિની પૂજા કરી. ૮. તે પછી સંતોની પણ તેમણે પૂજા કરીને અલૌકિક લાભ લીધો હતો. પછી શ્રીહરિએ સંતોને અને હરિભક્તોને ત્યાંથી જવાની રજા આપી અને પોતે પણ તે કરિયાણા ગામથી ચાલી નીકળ્યા. ૯. જેઓ જ્યાંથી આવ્યા હતા, તેઓ પાછા ત્યાં ગયા. શ્રીહરિનાં ચરિત્રોનાં જેવાં દર્શન કર્યાં હતાં તેવી વાતો કરતા હતા. જે હરિભક્તો આવી શક્યા નહિ અને ઘેર રહી ગયા હતા, તેઓ શ્રીહરિની લીલા સાંભળીને પરિતાપ કરવા લાગ્યા. ૧૦.

શ્રીહરિ ત્યાંથી **રાયપર** થઈને **કોટડા** ગયા. ત્યાંના ગામધણી દરબાર હરિભક્ત હતા. તેઓ સવારી લઈને શ્રીહરિની સન્મુખ આવ્યા. ૧૧. તે ગામમાં બીજા જે હરિભક્તો હતા, તેઓ પણ સન્મુખ આવ્યા હતા. વિવિધ પ્રકારનાં વાજિંત્રો વગડાવીને હરખભેર શ્રીહરિને ગામમાં પધરાવ્યા. ૧૨. જેટલાં હરિભક્તોનાં ઘર હતાં ત્યાં પધરામણી કરાવી. ચંદન અને પુષ્પોથી ઘણા જ ભાવથી શ્રીહરિની સહુએ પૂજા કરી. ૧૩. શ્રીહરિ રાજદરબારમાં આવીને રાત રોકાયા. દરબારે ઘણા જ ભાવથી

જમાડીને પોતાનું શ્રેયરૂપ કામ સાધી લીધું. ૧૪. દરબારે પણ ચંદન અને પુષ્પોથી શ્રીહરિની પૂજા ઘણા જ પ્રેમથી કરી. શ્રીહરિ ત્યાં એક જ રાત રોકાયા. પછી કોટડાથી ચાલી નીકળ્યા. ૧૫.

શ્રીહરિ **નડાલા** ગામ આવ્યા. ત્યાં ગંગારામ અને લખમણ, એ બે ભક્તોએ શ્રીહરિને ગામમાં પધરાવ્યા અને પોતાને ઘેર લઈ ગયા. ૧૬. ત્યાં શ્રીહરિ પ્રેમભાવથી રાત રોકાયા અને લખમણે રસોઈ કરાવીને શ્રીહરિને જમાડ્યા. પછી જે હરિભક્તો હતા તેમણે શ્રીહરિની પૂજા કરી અને સહેજે ઘેર બેઠા અલૌકિક લાભ લીધો. ૧૭. પછી શ્રીહરિ ત્યાંથી **બંધિયા** ગામ આવ્યા. ગામના બધા હરિભક્તો સન્મુખ આવ્યા અને શ્રીહરિને ગામમાં પધરાવ્યા. ૧૮. તે ભક્તોએ શ્રીહરિની ઘેર ઘેર પધરામણી કરી. તે ભક્તોએ ઘણા જ હરખથી શ્રીહરિની પૂજા ચંદન અને પુષ્પોથી કરી. ૧૯. ત્યાં જૂઠા શેઠ નામે હરિભક્ત હતા, તેને ઘેર એક રાત રોકાયા. તેણે રસોઈ કરાવીને શ્રીહરિને જમાડ્યા. પછી શ્રીહરિ ત્યાંથી ચાલી નીકળ્યા. ૨૦.

પછી **ગોંડલ** શહેરમાં આવીને રાત રોકાયા. હરિભક્તોને દર્શન દીધાં. શ્રીહરિ જ્યાં જઈને રાત રોકાતા હતા ત્યાં સત્સંગની વાતો કરતા હતા. ૨૧. શ્રીહરિ વાતો કરીને ભક્તોના સત્સંગનું પોષણ કરતા હતા. સંતોનું અને હરિભક્તોનું જેવી રીતનું વર્તન હોવું જોઈએ તેવી તેની દઢતાની વાત કહેતા હતા. ૨૨. મોટા સિદ્ધ જે આત્માનંદસ્વામી થઈ ગયા હતા, તેમની વાત પણ કોઈ વખતે કહેતા હતા. સ્વામી ષટ્ચક્રોને ભેદવાના જે પ્રકારો હતા, તેને સહજપણે જાણતા હતા. ૨૩. બ્રહ્માંડને ભેદવાની રીતને પણ તેઓ જાણતા હતા. એટલે તેની વાત પણ પ્રેમથી કહેતા હતા. તેમની જે કોઈ પણ વાત હોય, તે ચમત્કાર વગરની એક પણ ન હતી. ૨૪. પોતાના આશ્રિત ભક્તને વારંવાર અંતર્વૃત્તિ કરાવીને તેમને આત્માનો પ્રકાશ દેખાડતા. અને તેનાથી તે ભક્તને બીજી બધી વાત તુચ્છ થઈ જતી. ૨૫.

✷ પરમ સુખ અનુભવવાની રીતિ :

दोहा : पिंड ब्रह्मांड जितनो, ताके सुख हि जेतो;
जीय के सुख हि आगे सब, फिके देखत तेतो...२६

આ પિંડ અને બ્રહ્માંડ જેટલું છે, તેનું જે સુખ છે તે બધું આત્મદર્શનના સુખની આગળ ફિક્કું લાગતું હતું. ૨૬.

सोरठा : जेसो करत अभ्यास, तेसो होवत जीय यह;
अंतर में होत उजास, तब यह सूख जान परत...२७

જેવો અભ્યાસ કરે તેવો આત્મા થાય છે. જ્યારે અંતરમાં અજવાળું થાય ત્યારે તે આત્મદર્શનનું સુખ અનુભવાય છે. ૨૭. **આત્મદર્શનના સુખનો અનુભવ થયા સિવાય લૌકિક સુખ ક્યારેય તુચ્છ થાતું નથી. જ્યાં સુધી જીવ તુચ્છ સુખમાં લીન રહેતો હોય છે ત્યાં સુધી પરમ સુખનું દર્શન થાતું નથી.** ૨૮. આત્માનંદસ્વામીની જેટલી વાતો હતી તે બધી આવી જ હતી. કોઈના અંતઃકરણમાં ઉદ્વેગ ન થાય એવી કથા અને કીર્તન કરાવતા હતા. ૨૯. તેઓ વાત કરીને આત્મામાં બ્રહ્મ, પરબ્રહ્મનો સાક્ષાત્કાર કરાવતા હતા. અને સદ્‌ગુરુ રામાનંદસ્વામીની વાતોને તો પોતે શ્રીહરિ જેટલી જાણતા હતા, તે મનમાં અપાર હેત લાવીને કોઈ વાર કહેતા હતા. મનુષ્યદેહથી થઈ શકે તેવાં જપ, તપ અને તીર્થોની વાતોને પણ કહેતા હતા. ૩૦-૩૧.

जप तप तीर्थ के फल हे इतना, प्रगट हरि वा संत मिले तितना;
सो बचन कहे जो जिस रीता, हरिजन कु चलना तिस रीता...३२
हरि हरिजन संत जो ताकी, सेवा करना मन क्रम वाकी;
आत्मा से अधिक जानना ताही, यामें डंभ के न माग रहाही...३३

જપ, તપ અને તીર્થોનું ખરું ફળ એટલું જ છે કે પ્રકટ ભગવાન અથવા કોઈ મોટા સંત મળે. પછી તેઓ જે વચન કહે તે પ્રમાણે હરિભક્તોએ ચાલવું જોઈએ. ૩૨. ભગવાન અને તેમના સંતો-ભક્તોને પોતાના આત્મા કરતાં પણ અધિક સમજીને મન, કર્મ, વચનથી તેમની સેવા કરવી, તેમાં દંભને કોઈ અવકાશ રહેતો નથી. ૩૩. સેવા સિવાયની આત્મસુખની જે વાતો છે, તે તો નીરસ છે અને તે વાતો તો તેવા મોટા સિદ્ધો આત્માનંદસ્વામી જેવા હતા ત્યાં સુધી રહી હતી. ૩૪. અને તે મોટા સિદ્ધો જ્યારે મોક્ષ પામે છે તે પછી તો એકલો દંભ જ રહે છે. અને તે દંભથી ક્યારેય મોક્ષ થાતો નથી, તે બધી વાત ચોક્કસ જાણવી જોઈએ. ૩૫. **સાચી વાતમાં જ મોક્ષ રહ્યો છે.**

તે પ્રકટની વાત બતાવે છે. જ્યાં સત્ય હોય ત્યાં જ મોક્ષની વાત હોય છે અને ત્યાં જ કોઈ દંભ ચાલતો નથી. ૩૬.

જ્યાં સત્ય વાત હોય ત્યાં જેટલો દંભ હોય તે દેખાઈ આવે છે. દિવસે ચોર દેખાઈ જાય છે એટલે ચોરી કરી શકતો નથી. ૩૭. જ્યાં સાવધાની-સચેતતા હોય ત્યાં ચોરોનું કાંઈ ચાલે નહીં. તેમ સત્ય હોય ત્યાં દંભનું ચાલે નહીં. ૩૮. ઇન્દ્રિયો અને અંતઃકરણ ચોરના પણ મોટા ચોર કહેવાય છે. જ્યાં સત્ય વાત ન હોય ત્યાં તેમનું બળ ચાલે છે. ૩૯. જ્યાં ઇન્દ્રિયોને અને અંતઃકરણને નિયમમાં રખાય, બધાં વ્યસન અને ફેલનો જ્યાં ત્યાગ કરાવાતો હોય, ૪૦. જ્યાં અન્ય કોઈને ભગવાનના જેવા કહેવાતા ન હોય, પણ બધા જ ભગવાનના દાસ કહેવાતા હોય, ત્યાં મોક્ષ નિવાસ કરીને રહે છે. ૪૧. સદ્‌ગુરુ રામાનંદસ્વામી ઉપર કહી તેવી વાતો કહેતા હતા. તેઓ લોકોના અંતર્યામી હતા અને અમારા ગુરુ હતા. ૪૨. તેઓ ઉદ્ધવનો અવતાર હતા. (ભગવાનની આજ્ઞાથી) કળિયુગમાં પ્રકટ થયા હતા. તેમણે ધર્મની મર્યાદા(સેતુ)ને બાંધીને અપાર લોકોનો મોક્ષ કર્યો હતો. ૪૩.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'શ્રીહરિનું સત્સંગ વિચરણ અને સત્સંગની વાતોનો વિષય કહ્યો' એ નામે ઓગણત્રીશમો તરંગ સમાપ્ત ॥૨૯॥



પૂર ચૌદમું : તરંગ - ૩૦

શ્રીહરિ ગોંડળથી હાલાર અને કચ્છ ગયા ત્યાંથી પાછા આવીને સોરઠમાં ગયા

ગોંડલ શહેરના હરિભક્તોએ શ્રીહરિની પૂજા ઘણા ભક્તિભાવથી કરી અને કેટલાકે થાળ કરાવીને જમાડ્યા. ૧. ઘનશ્યામ શ્રીહરિએ રામનવમી ગોંડલમાં કરી, પછી ત્યાંથી ચાલ્યા. બધી શોભાના આશ્રયભૂત શ્રીહરિ છે, માટે તેમની સવારી અત્યંત શોભતી હતી. ૨. શ્રીહરિ **વડગામ** આવ્યા. બધા હરિભક્તો સન્મુખ આવ્યા. વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગતાં હતાં અને

શ્રીહરિને ગામમાં પધરાવ્યા. ૩. ભક્તોએ શ્રીહરિની ઘેરઘેર પધરામણી કરી. ચંદન અને પુષ્પો વગેરેથી પૂજા કરી અને ઘણા જ ભક્તિભાવથી જમાડ્યા. ૪. બહુનામી સ્વામી શ્રીહરિ ત્યાં એક રાત રહીને ચાલતા થયા. પહેલા **મોડા** અને પછી **અલૈયા** ગામ ગયા ત્યાંના બધા હરિભક્તોને દર્શન દીધાં. ૫.

પછી ત્યાંથી **ભાદરા** ગામ આવ્યા. બધા હરિભક્તો સામે આવ્યા. ઘણા હેતથી ચરણોમાં પડ્યા. વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગવાં લાગ્યાં. ૬. હાથ જોડી પગે લાગીને શ્રીહરિને ગામમાં લઈ ચાલ્યા. ભક્તોને હેત ઘણું હતું, જે કહી શકાતું નથી. ઘેર ઘેર પધરામણી કરી અને ઘણા જ ભક્તિભાવથી પૂજા કરી. ૭. જ્યારે હરિભક્તો ઘણા જ પ્રેમભાવથી જમાડતા હતા ત્યારે શ્રીહરિ તેવા જ વાત્સલ્ય ભાવથી જમતા હતા. શ્રીહરિ ત્યાં વશરામ સુતારને ઘેર જઈને રાત રોકાયા. ૮. શ્રીહરિ જ્યારે ભાદરાથી ચાલ્યા, તે **પીપળિયા** ગામ આવ્યા. ત્યાંના હરિભક્તો બધા સામે આવ્યા. તેમને શ્રીહરિ ઉપર અપાર હેત હતું. ૯. બધા શ્રીહરિનાં ચરણકમળોમાં પડ્યા. દર્શન કર્યાં અને પછી બોલ્યા, આપ અમને દર્શન દેવા માટે અહીં આવ્યા, તે તો ન કહી શકાય તેવી આશ્ચર્યભરી વાત કહેવાય. ૧૦.

આમ કહીને શ્રીહરિને ગામમાં પધરાવ્યા. આગળ વાજિંત્રો વાગતાં હતાં. ગણેશભક્ત નામે એક કણબી હરિભક્તને ઘેર તે વખતે આવ્યા. ૧૧. અનેક પ્રકારનાં ભોજન કરાવીને ત્યાં શ્રીહરિને જમાડ્યા. પછી ઘણા આનંદોત્સવ સાથે ચંદન અને પુષ્પોથી પૂજા કરી. ૧૨. તે ગણેશભક્તની બહેન માનબાઈ નામે હતી, તે સાંખ્યયોગી હતી. ૧૩. સત્સંગના યોગથી તેને ધ્યાનમાં શ્રીકૃષ્ણ ભગવાનનાં સાક્ષાત્ દર્શન રોજ થાતાં હતાં. એવાં તે સમર્થ નિષ્ઠાવાળાં સ્ત્રીભક્ત હતાં. ૧૪. ત્યાંથી શ્રીહરિ ચાલ્યા. રણ પાર કરીને વાગડ દેશમાં આવ્યા. ત્યાં આગળ **ધમડકા** ગામમાં આવ્યા. ૧૫.

ત્યાંના હરિભક્ત દરબાર જાડેજા હતા. તેઓ પોતાની બધી સવારી લઈને શ્રીહરિની સન્મુખ આવ્યા. ૧૬. તેઓ આવીને શ્રીહરિનાં ચરણોમાં પડ્યા. દર્શન કરીને મનમાં ઘણા રાજી થયા. અને બોલ્યા, મહારાજ ! આપ ભલે પધાર્યા, અમને ઘેર બેઠા દર્શન દઈને આપે કૃતાર્થ કર્યા છે. ૧૭.

જે મુમુક્ષુઓ સત્સંગી થયા છે, આપ તેની સંભાળ લેતા રહો છો. સુખદાયક આપ વરસમાં એક-બે વાર પધારીને દર્શન આપો છો. ૧૮. જ્યારે આપનાં દર્શન થાય છે ત્યારે અમારા હૃદયમાં અત્યંત શાંતિ થાય છે. તે ભક્તોએ આવાં ઘણાં વિનયભર્યાં વચન કહ્યાં અને પ્રેમથી ગામમાં પધરાવ્યા. ૧૯. આગળ જાતજાતનાં વાજિંત્રો વાગતાં હતાં અને રાજમાર્ગ ઉપર ચાલ્યા આવતા હતા. ગામના બધા જ લોકો દર્શન કરવા માર્ગમાં ઊભા હતા. ૨૦.

પછી શ્રીહરિ રાજદરબારમાં આવ્યા. તરત અશ્વ ઉપરથી નીચે ઊતર્યા. દરબારે ઘણું સારું ભવન જોઈને શ્રીહરિને તેમાં ઉતારો આપ્યો. ૨૧. વિવિધ પ્રકારની રસોઈ કરાવીને ધર્મકુમાર શ્રીહરિને જમાડ્યા. પછી ન કહી શકાય તેવી ભારે પૂજા કરી. શ્રીહરિ ધમડકામાં ચાર દિવસ રહ્યા. પછી ત્યાંથી ચાલતા થયા. ૨૨. પછી દયાળુ **ભુજ** પધાર્યા. સમાચાર સાંભળીને તત્કાળ જ સહુ હરિભક્તો ઉમંગથી શ્રીહરિની સન્મુખ આવ્યા. સહુના હૃદયમાં ઘણો જ ઉત્સાહ ભર્યો હતો. ૨૩. સહુએ ઘણા જ પ્રેમથી વિવિધ પ્રકારના ફૂલહાર લાવીને શ્રીહરિને પહેરાવ્યા. ફૂલોના બાજુબંધ અને પહોંચીઓ શ્રીહરિને હાથે યોગ્ય રીતે બાંધી દીધી. ૨૪. અત્યંત રૂપાળી મૂર્તિના સુશોભિત અને વિશાળ લલાટમાં કુંકુમનો સુંદર ચાંદલો કર્યો. ૨૫.

જ્યારે શ્રીહરિની આવી પૂજા કરી રહ્યા. તે પછી બધા હરિભક્તો ચરણકમળમાં પડ્યા અને તેમને મનમાં ઘણો જ આનંદ થયો. ૨૬. સુંદરજીભાઈ સુતાર અને ગંગારામ મલ્લ વગેરે અપાર હરિભક્તોને શ્રીહરિના સ્વરૂપમાં અપાર હેત હતું, ૨૭. તે ભક્તોએ શ્રીહરિને શહેરમાં પધરાવ્યા. ઘણી જાતનાં અપાર વાજિંત્રો વગડાવ્યાં અને ઘણા જ હેતથી રાજમાર્ગ ઉપર થઈને ચાલ્યા. ૨૮. ગામના બધા લોકો રાજમાર્ગની બંને બાજુએ ઊભા રહ્યા. બધા ઘણા હેતથી દર્શન કરતા હતા, છતાં તેમના હૃદયમાં તૃપ્તિ થતી ન હતી. ૨૯. કેટલાક લોકો ફૂલહાર પહેરાવતા અને 'જય જય, જય જય' એવો મુખથી હર્ષધ્વનિ કરતા હતા. શ્રીહરિ નગરમાં આવીને સુંદરજીભાઈને ઘેર ઊતર્યા. ૩૦.

શ્રીહરિએ ભીમ એકાદશી ભુજમાં કરી. આખા કચ્છ દેશના બધા જ હરિભક્તો દર્શન કરવા માટે ભુજ આવ્યા. ૩૧. હરિભક્તો અત્યંત ભક્તિભાવથી શ્રીહરિની પૂજા કરીને મહાન અલૌકિક લાભ લેતા હતા. મોટા મોટા દેવોને પણ જે દુર્લભ હોય છે તે શ્રીહરિના સ્વરૂપનું સુખ ભક્તો સહજભાવે લેતા હતા. ૩૨. શહેરના જે હરિભક્તો હતા તેમણે બધાએ શ્રીહરિની ઘેર ઘેર પધરામણી કરીને ઘણા જ પ્યારથી પૂજા કરી. કારણ કે તે ભક્તોને શ્રીહરિ ઉપર અપાર હેત હતું. ૩૩. પછી ધર્મકુમાર શ્રીહરિ ભુજથી ચાલ્યા તે **માંડવી** આવ્યા. ભુજના સુંદરજીભાઈ સુતારને શ્રીહરિ ઉપર ઘણું જ હેત હતું. ૩૪. શ્રીહરિના વિયોગથી તેના શરીરમાં ઘણો તાવ આવ્યો. વૈદ્ય તેને દવા ઘણી આપતા હતા, પણ તેનાથી તેમને એક તલભાર પણ ફેર પડતો નહીં. ૩૫.

શ્રીહરિને જ્યારે તે સમાચાર મળ્યા ત્યારે તેઓ બોલ્યા, હવે સુંદરજીભાઈ કાંઈ જીવશે નહીં. સુંદરજીભાઈના શરીરનાં બધા ચિહ્ન જે છે તે તેઓ સાજા થાય તેવા નથી. ૩૬. માંડવી ગામના હરિભક્તોએ શ્રીહરિને પોતાને ઘેર પધરાવ્યા. પૂજા કરી અને થાળ કરીને જમાડ્યા અને સેવાનો ઘણો જ લાભ લીધો. ૩૭. પછી શ્રીહરિ માંડવીથી વહાણમાં બેઠા અને **જોડિયા** બંદર આવ્યા. ત્યાંથી હાલારના કેટલાક ગામમાં જ્યાં હરિભક્તો હતા ત્યાં ગયા. ૩૮. હાલારના હરિભક્તોને ઘણા જ હેતથી દર્શન દેતા દેતા શ્રીહરિ ઘણા પ્રસન્નતાથી સોરઠ દેશમાં પધાર્યા. ૩૯. **જૂનાગઢ** શહેરમાં આવ્યા. ત્યાં એક રાત રહ્યા, પણ કોઈને સમાચાર નહિ કહેવડાવવાથી કોઈને ખબર પડી નહીં. પછી અશરણજનશરણ શ્રીહરિ **પીપલાણા** ગામ આવ્યા. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'શ્રીહરિ ગોંડળથી હાલાર થઈને કચ્છમાં ગયા અને ત્યાંથી પાછા આવીને સોરઠમાં ગયા' એ નામે ત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૦॥



પૂર ચૌદમું : તરંગ - ૩૧

સત્સંગ ચિંતામણિ અને હરિભક્તો કલ્પવૃક્ષ

પીપલાણા ગામમાં હરિભક્તો વિપ્ર હતા. તેઓ સન્મુખ આવ્યા અને શ્રીહરિનાં ચરણોમાં પડ્યા. ૧. તેમણે શ્રીહરિને વારંવાર વિનંતિ કરી. પછી વિવિધ પ્રકારનાં વાજિંત્ર વગડાવીને તેમને ગામમાં પધરાવ્યા અને સારો ઉતારો આપ્યો. ૨. તેમણે શ્રીહરિને ઘેર ઘેર પધરાવ્યા અને સહુ હરિભક્તોએ પૂજા કરી. વિવિધ પ્રકારનાં ભોજન જમાડીને અપાર લાભ લીધો. ૩. તે પ્રમાણે **આખા** ગામમાં પણ હરિભક્તો વિપ્ર હતા, તેમણે પણ પોતાના ગામમાં શ્રીહરિની પ્રેમભાવથી પધરામણી કરી. ૪. જેટલા હરિભક્તોનાં ઘર હતાં, ત્યાં બધાએ ભક્તિભાવથી શ્રીહરિને પધરાવ્યા. સારી રસોઈ કરાવીને શ્રીહરિને જમાડતા અને કોઈ પાર ન આવે તેટલી વાર દહીં જમાડતા હતા. ૫.

શ્રીહરિ એમ બોલતા કે, ક્યાંય આખા ગામ જેવું દહીં થાય નહીં. જે કોઈ પણ જગ્યાએ શ્રીહરિ જ્યારે દહીં જમતા ત્યારે આખા ગામના દહીંને યાદ કરતા હતા. ૬. શ્રીહરિ કહે, વડગામ અને પાનડ ગામના જેવું ક્યાંય ઘી ન થાય. ત્યાંના દૂધમાં સહેજે જ ગળપણ રહ્યું હોય છે. એમ સહેજે શ્રીહરિ તેનાં વખાણ કરતા. ૭. હરિભક્તોને રાજી રાખવા માટે શ્રીહરિ ત્યાં એવું પ્રેમથી બોલતા. શ્રીહરિ હરિભક્તોની ભાવનાના જેવો બીજો કોઈ રસ દેખતા નહીં. ૮. શબ્દ, રૂપ કે ગંધ ઇત્યાદિમાં પણ ભાવનાને સમાન બીજું કાંઈ દેખતા નહીં. શ્રીહરિ હરિભક્તોના ભાવને જોઈને જ સત્સંગમાં ફરતા રહેતા હતા. ૯. જે દુર્જન લોકો હોય તે તો મન ફાવે તેવું બોલે, તેમને તો અજ્ઞાની તથા અધર્મી જાણીને તેના બોલ્યા સામે શ્રીહરિ ક્યારેય દેખતા નહિ, ગણતા નહીં. ૧૦.

❋ ભાવના ભૂખ્યા ભગવાન :

હરિભક્તોને જ્યાં સુધી અલૌકિક ભાવ રહે, ત્યાં સુધી શ્રીહરિ કહે અમે સત્સંગમાં વિચરણ કરતા રહીએ છીએ. જ્યાં ભાવના ન દેખાય ત્યાંથી અમે ચાલી નીકળીએ છીએ. ૧૧. અમારી તો પ્રકૃતિ જ એવી છે કે અમે ભાવ વિના લેશમાત્ર ક્યારેય ટકીએ નહીં. ત્યારે હરિભક્તોએ હાથ જોડીને કહ્યું કે, મહારાજ ! અમારી બુદ્ધિ તો થોડી છે. ૧૨. ભાવ કે અભાવની અમને પૂરી

ખબર જ નથી. ભાવ અને કુભાવ કોને કહેવાય ? તે હે પ્રભુ ! આપ કહો કે જેથી અમારા મનમાં કુભાવ થાય નહીં. ૧૩. ચિંતામણિ અને પથ્થર એ બંને બાળકને માટે તો સમાન જ છે. ચિંતામણિની પરખ(પરીક્ષા) કેમ થાય ? તે આપ જ અમને કહો. ૧૪. ત્યારે આખા ગામના ભક્તોને શ્રીહરિએ કહ્યું, સાંભળો, તેની પરખ હું બતાવું છું. તમે જેવો સંકલ્પ કરો તેવું ફળ જેનાથી મળે, એવા પથ્થરને ચિંતામણિ કહેવાય છે. અને જેનાથી સંકલ્પ સિદ્ધ ન થાય તેને નક્કી પથ્થર સમજવો. ૧૫-૧૬.

※ નિર્દોષ બુધ્દિ જ મોક્ષનું વ્દાર છે :

चोपाई :

यह सत्संग कहावत जेता, चिंतामनि हम देखत तेता;
हरिजन जो कहावत हि जेते, कल्पवृक्ष हम देखत हि तेते...१७
परस्पर हरिजन जो जितना, मनुष्यभाव देखत हे तितना;
मनुष्यभाव करीके कबहू, एक एक के द्रोह होवे तबहू...१८

શ્રીહરિ કહે, આ સત્સંગ છે તે ચિંતામણિના જેવો છે, એમ અમને દેખાય છે. અને જે હરિભક્તો છે તે અમને કલ્પવૃક્ષ દેખાય છે. ૧૭. હરિભક્તોમાં પરસ્પર જ્યારે જેટલો મનુષ્યભાવ દેખે છે ત્યારે તેટલો મનુષ્યભાવ આવવાને કારણે ક્યારેક એકબીજાનો દ્રોહ થઈ જાય છે. ૧૮.

द्रोह से बुद्धि आसुरी होवे, माहात्म रूप भाव हि खोवे;
जिनसे माने मोक्ष को भावा, ताके बोलत पीछे अभावा...१९
मनुष्यभाव नहीं जिहाँ लगहु, परम भाव वर्तत तिहाँ लगहु;
परम भाव हे मोक्ष को द्वारा, मनुष्य भाव तमद्वार नकारा...२०

દ્રોહ કરવાથી બુદ્ધિ આસુરી થઈ જાય છે અને પરસ્પરની માહાત્મ્યરૂપ ભાવનાનો નાશ થઈ જાય છે. પછી જેમની પાસેથી મોક્ષની અપેક્ષા રખાતી હોય છે, પાછળથી તેમનો જ અભાવ-અવગુણ બોલતા રહે છે. ૧૯. જ્યાં સુધી મનુષ્યભાવ નથી હોતો ત્યાં સુધી તેમાં શ્રેષ્ઠ મહિમાનો ભાવ રહે છે. મહિમાનો જે પરમભાવ છે તે મોક્ષનું દ્વાર છે અને માનવભાવ છે તે તમોગુણનું દ્વાર છે. તે નઠારું અંધકારનું દ્વાર છે. ૨૦.

तम में निवास हम करे न कबही, हरिजन सुरत रखना सबही;
सुहृद तितनो हमारे हे प्राना, अरुचि डंभ शत्रु हम माना...२१
सर्वोपरी हरिजन जो ताकी, सुरीत यह सो कहत हे वाकी;
हरिजन संत भगवान तामें, सबसे भाव अधिक रहे यामें...२२
जाके नियम कहे हे जेसे, ततपर तामें वरते तेसे;
तिहाँ लग ताके अभाव न लेना, नियम भंग ताकु भाव न देना...२३
हरिजन कहे वरते ज्यां लगही, नभाव ताहि करना त्यां लगही;
त्यां लग ताके होत कल्याना, नियम भंग के नाहि ठीकाना...२४

અમે ક્યારેય તમોગુણમાં-અંધકારમાં રહેતા નથી. માટે સહુ હરિભક્તો તે બાબતનું ધ્યાન રાખજો. જેટલો સુહૃદભાવ છે તે અમારો પ્રાણ છે. અરુચિ, કપટ અને દંભ, એમને અમે શત્રુ માનીએ છીએ. ૨૧. હરિભક્તોની સર્વોપરી આ સુરીતને હું કહું છું. જેને ભગવાન, સંત અને હરિભક્તમાં સહુથી અધિક ભાવ રહે, ૨૨. અને જેનાં વ્રતમાન-નિયમ જેવાં કહ્યાં હોય તેમાં જે તત્પરતાથી રહેતો હોય, તેને સુરીત કહેવાય છે અને જ્યાં સુધી સુરીતમાં હોય ત્યાં સુધી તેનો અવગુણ લેવો નહીં. અને જે નિયમોનો ભંગ કરે, તેમાં ભાવ રાખવો નહીં. ૨૩. **સંતો-હરિભક્તો કહે તેમ જ્યાં સુધી વર્તે ત્યાં સુધી તેનો સત્સંગમાં નિભાવ કરવો જોઈએ.** અને નિયંત્રણમાં રહે ત્યાં સુધી તેનું કલ્યાણ થાય છે અને જે નિયમ ભંગ કરીને મનમુખી વર્તે તેનું કાંઈ ઠેકાણું રહેતું નથી. ૨૪.

જેટલો નિયમોનો ભંગ કરે તેટલો તે દ્રોહી છે. સાચા સંત અને હરિભક્તોની સાથે જ કુમેળ-અણબનાવ, તે જ તેનો દ્રોહ છે. ૨૫. સાચા સંત અને હરિભક્તોની આગળ જેટલું ચિત્ત ચોરાય છે તેટલી તેમાં ભ્રષ્ટતા છે અને તે જાહેર દેખાઈ આવે છે. ૨૬.

☼ સંત, ગુરુ, હરિભક્તનો અવગુણ લે તે દ્રોહી :

सोरठा : साचे संत हरिजन, तिनसे जितने सरल रहत
शुद्ध हि जानना मन, सत्संग में मोज करत...२७

हरिजन अरु गुरु संत, मोक्ष के हे जो द्वार यह;
अवगुन ताके कहंत, एसे कु द्रोही कहत हम...२८

સાચા સંત અને હરિભક્તોની આગળ જે જેટલો સરળ રહે છે, તેટલો તેને શુદ્ધ મનવાળો જાણવો. અને તેવો મનુષ્ય સત્સંગમાં સુખી થાય છે, મોજ કરે છે. ૨૭. હરિભક્તો, ગુરુ અને સંતો, એ મોક્ષનું દ્વાર છે. તેમનો જે અવગુણ લે કે બોલે તેને અમે દ્રોહી કહીએ છીએ. ૨૮. એવા દ્રોહી તો કેટલાય લોકો થાય છે. કહેતા કહેતા તેમનો પાર આવતો નથી. એવા જે દ્રોહી છે તે વ્રતમાન-નિયમને બરાબર પાળે અને તપ કરે, ત્યારે તે શુદ્ધ થાય છે. ૨૯. **બદરિકાશ્રમ અને શ્વેતદ્વીપમાં તપ કરીને શુદ્ધ થયા પછી હરિભક્તો સંતો અને ગુરુના નાના એવા ગુણને પણ જે મેરુના જેવા મહાન ગણીને તેના ગુણ જ્યારે ગાય છે ત્યારે ભગવાન તેને શુદ્ધ થયો, એમ માને છે; પણ જ્યાં સુધી તેમાં કપટ અને કુટિલતા રહ્યાં હશે ત્યાં સુધી તો ભગવાન તેની પાસે તપ કરાવતા રહે છે. ૩૦-૩૧.**

(**કેવી સમજણ રાખે તો દ્રોહ ન થાય ?** તો,) નિયમોમાં જેટલી કચાશ રહે તેટલી પોતાની ખોટ છે એમ માને; હરિભક્ત, સંત અને ગુરુનો દાસાનુદાસ થઈને રહે; તે ત્રણેના અલ્પ એવા ગુણને મેરુ કરતાં પણ વધારે મહાન સમજી વારંવાર મુખથી કહેતો રહે; તપ કરતાં પણ એ ત્રણેના ગુણોનું બળ અપાર છે એમ જાણે તે ક્યારેય તે ત્રણેનો દ્રોહ કરતો નથી. ૩૨-૩૩. **જે મુમુક્ષુ સરળ થઈને સત્સંગ કરે છે તે સંસારસાગરને સહેજે જ તરી જાય છે.** જ્યારે હરિભક્તોએ શ્રીહરિના મુખથી આવી વાત સાંભળી, ત્યારે તત્કાળ જ તે બધા ખૂબ ખૂબ પ્રસન્ન થઈ ગયા. ૩૪.

પછી સહુએ શ્રીહરિની પૂજા કરી. તે પછી શ્રીહરિ ત્યાંથી ચાલતા થયા. અને રંગછેલા અને અલબેલા એવા શ્રીહરિ **અગત્રાઈ** ગામ આવ્યા. ત્યાંના ભક્તોને દર્શન દેવા માટે રહ્યા. ૩૫. તે ગામમાં કણબી પર્વતભાઈ સારા હરિભક્ત હતા. તે સિવાયના બીજા કણબી હરિભક્તો પણ ઘણા જ હતા. ૩૬. તે ભક્તોએ શ્રીહરિને ઘણા જ પ્રેમભાવથી જમાડ્યા. પછી ઘેરઘેર પધરાવીને પૂજા કરી. ૩૭. તે પછી અગત્રાઈથી નીકળીને **પંચાળા** ગયા.

ઘનશ્યામ શ્રીહરિ ત્યાં દરબાર ઝીણાભાઈને ઘેર રહ્યા. ૩૮. તેના ભાઈ ગગાભાઈ નામે હતા. બંને એક એકથી વધારે સારા નિયમ અને નિષ્ઠાવાળા હરિભક્ત હતા. ૩૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'સત્સંગ ચિંતામણિ છે અને હરિભક્તો કલ્પવૃક્ષ છે એમ કહ્યું' એ નામે એકત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૧॥



પૂર ચૌદમું : તરંગ - ૩૨

પંચાળાથી સત્સંગમાં વિચરણ કરતા શ્રીહરિ કરિયાણા આવ્યા

દરબાર ઝીણાભાઈ સારા ધીરજવાળા અને શૂરવીર હરિભક્ત હતા. તેમણે ઘણા જ પ્રેમભાવથી શ્રીહરિને જમાડ્યા. ૧. અર્ચનભક્તિમાં કુશળ એવા ઝીણાભાઈએ ચંદન અને પુષ્પોથી પૂજા કરી. ધૂપ અને દીવો વગેરે કરીને છેવટે આરતી કરી. ૨. નિત્ય નિશ્ચિત કરેલા સમય પ્રમાણે વિવિધ પ્રકારનાં વાજિંત્ર વાગતાં હતાં. તેમણે સેવાનો અપાર લાભ લીધો. એવો લાભ બીજા કોઈએ લીધો ન હતો. ૩. તેમને કેટલાક શત્રુઓ નિત્ય આવીને દુઃખ દેતા હતા. તેઓ હેરાનગતિથી બચવા ફરતા રહેતા, પણ શ્રીહરિ શત્રુથી ઝીણાભાઈને બચાવી લેતા હતા. ૪. એમ શ્રીહરિએ કેટલીએ વાર શત્રુથી તેમને બચાવી લીધા હતા. કારણ કે, ઝીણાભાઈ હરિભક્ત બહુ સારા હતા. એક સત્સંગના સંબંધને લીધે જ તેમના જેવા સરસ હરિભક્તોની શ્રીહરિ ઘણી સહાય કરે છે. પ્રહ્લાદજી અને પાંડવોની ભગવાને જેવી રીતે સહાયતા કરી હતી, ૫-૬.

✵ અંતકાળે તો એક શ્રીહરિ જ સહાય કરે છે :

चोपाई :

तेसे करत श्रीहरि सहाया, यामें रंच न कुर जो रहाया;
अंत समय विकट हे भारी, तिहाँ जीय के जितने हितकारी...०७

श्रीहरि वीन सहाय न करही, एसे समर्थ हे हरिवर ही;
ब्रह्मांड अनंत हि जो तामें, श्रीहरि के एके चलत यामें...०८

हरि विन ओर की ज्यां लगही, जीय आश रखत त्यां लगही;
जन्म मरण चोराशी ताको, दुःख कबहु न जावत हे वाको...०९

તેવી જ સહાયતા શ્રીહરિ વર્તમાન સમયમાં પણ કરે છે, તેમાં રંચમાત્ર પણ ખોટું નથી. સહુથી વિકટ સમય તો અંતકાળનો છે. તે સમયે ભગવાન સિવાય જીવના જેટલા હિતેચ્છુ કહેવાતા હોય છે, તેઓ ૭. કોઈ સહાય કરી શકતા નથી. અને તે વેળાએ સહાય કરી શકે એવા તો ભગવાન જ છે. એવા ભગવાન સ્વામિનારાયણ સર્વ સમર્થ છે. અનંત બ્રહ્માંડોમાં એક શ્રીહરિનું જ ધાર્યું ચાલે છે. ૮. એક ભગવાન સિવાય જ્યાં સુધી જીવ બીજાની આશા રાખે છે, ત્યાં સુધી જન્મ-મરણ અને લખચોરાશીનું દુઃખ ક્યારેય ટળવાનું નથી. ૯. આવો વિચાર કરીને કેટલાક ત્રિલોકીના મોટા મોટા રાજાઓ અજોડ હતા, જેનું આયુષ્ય પણ અબજો વરસનું હતું, ૧૦.

તેમણે પોતાની તે બધી રાજ્ય-સમૃદ્ધિને તુચ્છ દેખીને ભગવાનનું ભજન કર્યું હતું. એટલે દરબાર ઝીણાભાઈ પણ એવી સમજણવાળા હતા. ૧૧. બીજા પણ કેટલાક એવા હરિભક્તો હતા, પણ ઝીણાભાઈના જેવી સમજણ નહિ હોવાથી તેઓ ભગવાનનું ભજન કરી શકતા નહીં. અને આવી સમજણ વગરના જે હરિભક્ત હોય તોપણ તેને બાળબુદ્ધિ કહેવાય છે. ૧૨. સંતો તેમને જ્ઞાન આપીને તેમની બાળબુદ્ધિને ટાળે છે, તેમને ભગવાનનો મહિમા સમજાવે છે અને અગાધ જ્ઞાન આપે છે. ૧૩. અગાધ જ્ઞાન થયા વિના ચિત્તમાં સ્થિરતા આવતી નથી. અને ચિત્તની સ્થિરતા થયા સિવાય સંસારની પીડા મટતી નથી. ૧૪. ભગવાન સિવાયના જે કોઈ પણ છે તે બધા માયિક પંચવિષયમાં લપટાઈ ગયા છે. તે સહુનું મન વિષયોની વાસનાવાળું રહે છે. ૧૫. જ્યારે માયાથી ઘેરાયેલું મન અમાયિક થાય ત્યારે તેની બુદ્ધિ પર કહેવાય છે અને તેવી સ્થિતિ તો સંતો દ્વારા પ્રાપ્ત થાય છે. ૧૬.

※ સાચા સંતનાં લક્ષણ :

साचे संत कहावत जेता, हरि बिन ओर में नहि चित्त तेता;
सहज हि पदार्थ मीले जेसा, तिनसे करे गुदारे तेसा...१७

रमणीक पदार्थ जेतो जेहा, निज के मानत बंधन तेहा;
बंधन में कबु न आवे जबहु, साचे संत सो कहावत तबहु...१८

જે સાચા સંત કહેવાતા હોય છે, તેમનું ચિત્ત ભગવાન સિવાય બીજે ક્યાંય ચોંટતું નથી. સાચા સંતો અનાયાસે જે પદાર્થ મળે તેનાથી ગુજરાન કરે છે. ૧૭. સારા રમણીય પદાર્થમાત્રને તેઓ પોતાને બંધનકારી માનતા હોય છે. જે રમણીય પંચવિષયોના બંધનમાં ક્યારેય ન આવે તેને સાચા સંત કહેવાય છે. ૧૮. **જે અંદર અને બહાર નિર્બાધ રહેતા હોય એવા અગાધ સંતને દેખીને જે વિવેકી હરિભક્ત હોય છે, તે એવા સંતને સેવે છે. ૧૯. વિવેકી મુમુક્ષુ હરિભક્ત વિવેકી સંતને દેખે ત્યારે તેને તેમાં ઘણું બળવાન હેત થાય છે. અને સાધારણ ભક્તને સાધારણ સંત મળે છે ત્યારે તેને તેમાં હેત થાય છે. ૨૦.**

દિન-પ્રતિદિન તેમાં રુચિ થતી જાય છે. તેમાં રંચમાત્ર પણ ખોટું નથી. એવા વિવેકી અને સાધારણ બંને પ્રકારના હરિભક્તો પંચાળા ગામમાં હતા. ૨૧. તેમણે શ્રીહરિની સેવા-પૂજા કરી. પછી શ્રીહરિ પંચાળા ગામથી ચાલ્યા અને **માણાવદર** ગામ આવ્યા. જ્યાં મયારામ વિપ્ર રહેતા હતા. ૨૨. ગોવિંદરામ નામે તેમના ભાઈ હતા. બંને પાકા હરિભક્ત હતા. શ્રીહરિ તેમને ઘેર ઊતર્યા. તે બંને ભાઈઓએ ઘણા જ ભાવથી શ્રીહરિની સેવા કરી. ૨૩. ઘણી જાતનાં ભોજન કરીને જમાડ્યાં. મનમાની શ્રીહરિની પૂજા કરી. ગામમાં કણબી હરિભક્તો હતા, તેમણે પણ શ્રીહરિની પૂજા કરી. ૨૪. ઘેરઘેર પધરામણી કરીને સહુએ અપાર લાભ લીધો. આંબાભાઈ, વાઘજીભાઈ અને વસ્તાભાઈ વગેરે અપાર ભક્તો હતા. ૨૫. માણાવદરના નવાબ પણ ઘણા ભક્તિભાવવાળા હતા. તેણે શ્રીહરિનું બહુ સન્માન કર્યું. વિવિધ પ્રકારનાં વાજિંત્ર વગડાવીને શ્રીહરિને રાજી રાજી કરી દીધા હતા. ૨૬.

ઘનશ્યામ શ્રીહરિ માણાવદરથી નીકળીને **ભાડેર** ગામ આવ્યા. ત્યાંના દરબાર હરિભક્ત હતા. ૨૭. તેણે વિવિધ પ્રકારનાં ભોજન કરાવીને ઘણા જ સ્નેહભાવથી શ્રીહરિને જમાડ્યા. અપાર હેતથી પૂજા કરી. તે પછી શ્રીહરિ ત્યાંથી ચાલી નીકળ્યા. ૨૮. શ્રીહરિ **ધોરાજી** ગામ આવ્યા. હરિભક્તોને દર્શન

દીધાં. હરિભક્તોએ શ્રીહરિને જમાડ્યા અને સહુએ પૂજા કરી. ૨૯. પછી ધોરાજીથી ચાલ્યા તે **જાળિયા** ગામ આવ્યા. ત્યાં હીરાભાઈ નામે લોહાણા સત્સંગી રહેતા હતા. ૩૦. તેમણે રંગભીના શ્રીહરિને થાળ જમાડીને પૂજા કરી. ત્યાં એક રાત રોકાયા. પછી ત્યાંથી ચાલ્યા, તે **ઉપલેટા** ગામ આવ્યા. ૩૧. ઉપલેટામાં કણબી અને ખવાસ હરિભક્તો હતા. તેમણે ઘણી સરસ રસોઈ કરાવી અને ખૂબ જ પ્રેમથી શ્રીહરિને જમાડ્યા. ૩૨.

પછી સહુએ પૂજા કરી. પછી શ્રીહરિ ત્યાંથી ચાલી નીકળ્યા. **બંધિયા** ગામ આવ્યા અને ત્યાં એક રાત રોકાયા. પછી ત્યાંથી ચાલેલા શ્રીહરિ **પીપળિયા** ગામ આવ્યા. ૩૩. ત્યાં લોહાણા હરિભક્ત હતા. તેમણે શ્રીહરિની સેવા બહુ કરી. સારી રસોઈ કરાવીને જમાડ્યા. પ્રેમથી પૂજા કરી અને મનમાં ચિંતવેલો બધો લ્હાવો લીધો. ૩૪. પછી મહાન સુખના ધામરૂપ શ્રીહરિ પીપળિયાથી ચાલ્યા તે **સરધાર** ગામ આવ્યા. ત્યાં દરબારો હરિભક્ત હતા. તેમણે ધામધૂમથી શ્રીહરિને ગામમાં પધરાવ્યા. ૩૫. ઘણી સારી રસોઈ કરાવીને શ્રીહરિને પ્રેમથી જમાડ્યા. પછી ઘણા જ ભાવથી પૂજા કરી. શ્રીહરિનાં ચરણોમાં પોતાનાં મસ્તક મૂકી દીધાં. સુખદાયક શ્રીહરિ ત્યાં એક અષાઢ માસ આખો રહ્યા. શ્રાવણ માસ બેઠો એટલે સરધારથી ચાલી નીકળ્યા. ૩૬.

શ્રીહરિ **કોટડા** ગામ આવ્યા. ત્યાંથી ચાલીને **રાયપુર** ગામ આવ્યા. રાયપુરમાં જે હરિભક્તો હતા ૩૭. તેઓ રાજગર જ્ઞાતિના હતા. તેમને ઘેર રોકાયા. તેમણે સારો થાળ કરીને શ્રીહરિને જમાડ્યા અને ઘણા જ હેતથી પૂજા કરી. ૩૮. પછી શ્રીહરિ રાયપુર ગામથી ચાલી નીકળ્યા અને **કરિયાણા** ગામ આવ્યા. ત્યાંના બધા હરિભક્તો દોડીને શ્રીહરિની સન્મુખ આવ્યા. ૩૯. વિવિધ પ્રકારનાં વાજિંત્રો વગડાવીને ઘણા જ હેતથી શ્રીહરિને તે ભક્તોએ ગામમાં પધરાવ્યા. ગામ શણગારેલું હોવાથી તેની શોભા ઘણી સુંદર થઈ હતી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'શ્રીહરિ પંચાળાથી ભક્તોના ગામોમાં ફરતાં ફરતાં કરિયાણા આવ્યા' એ નામે બત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૨॥



પૂર ચૌદમું : તરંગ - ૩૩

કરિયાણામાં સિદ્ધ સંતદાસજીએ શ્રીહરિનો મહિમા કહ્યો

કરિયાણામાં દરબાર કાળા મકવાણા નામે કાઠી હરિભક્ત હતા. તેણે શ્રીહરિનું સન્માન કરીને પોતાને ઘેર પધરાવ્યા હતા. ૧. એક સંતદાસ નામે જે સાધુ હતા, તે હરિઈચ્છાથી બદરિકાશ્રમ જઈને ત્યાંથી કરિયાણા આવ્યા. ૨. તેમનો દેહ સિદ્ધગતિને પામેલો હતો. શ્રીહરિનાં દર્શન કરવા માટે જ તેઓ આવ્યા હતા. શ્રીહરિ તેની સામે ચાલ્યા અને તેમને બાથમાં લઈને મળ્યા. ૩. પોતાના હાથથી તેમનો હાથ પકડ્યો અને તેમને ગામમાં લઈ આવ્યા. તેમને ઘણું આદરમાન આપ્યું. પોતાની પાસે જ તેમને રાખ્યા. ૪. સંતદાસજીને શ્રીહરિ ઉપર જેવું હેત હતું તેવું જ હેત શ્રીહરિ તેમના પર રાખતા હતા. હરિભક્તો થાળ ભરીભરીને ભોજન અને મેવા-મીઠાઈ વગેરે લાવતા હતા. ૫.

દેશદેશાવરના હજારો હરિભક્તો પણ શ્રીહરિને માટે, પાર નહિ એટલી બધી વસ્તુઓ લાવતા હતા. તે જ્યાં સુધી સંતદાસજી ત્યાં રહ્યા, ત્યાં સુધી શ્રીહરિ તે ભોજન તથા મેવા-મીઠાઈ વગેરે લઈને પોતાના હાથે સંતદાસજીને જમાડતા હતા. તેઓ ધ્યાનની સ્થિતિમાં રહીને જ જમતા હતા. જમતાં જમતાં પૂરું થયું કે નહિ, તેનું જ્ઞાન પણ તેમને કાંઈ રહેતું નહીં. ૬-૭. એટલે જ્યારે શ્રીહરિ હસીને તેમનું જમવાનું બંધ કરાવતા ત્યારે તેઓ જમતા બંધ રહેતા. એક દિવસ શ્રીહરિએ પેંડાનો ભરેલો થાળ સંતદાસજી આગળ લાવીને ધર્યો. સંતે માન્યું આસન લાવ્યા છે, એટલે તેઓ તે થાળ ઉપર બેસવા તૈયાર થયા. ત્યારે શ્રીહરિએ તેમને તેમ કરતા રોકીને આસન ઉપર બેસાડ્યા. ૮-૯.

આમ શ્રીહરિ કેટલીક રીતે સંતદાસની સાથે નિત્ય નવી રમૂજ કરતા હતા. પછી શ્રીહરિએ સંતદાસજીનાં દર્શન કરવા માટે બીજા સંતોને પ્રેમથી બોલાવ્યા. ૧૦. દેશદેશમાંથી બધા સંતો આવ્યા. પાર ન આવે એટલા બધા હરિભક્તો પણ આવ્યા. સહુએ શ્રીહરિનાં દર્શન કર્યાં. સહુને અતિ આનંદ વર્તતો હતો. ૧૧. સંતદાસ મોટા સિદ્ધ હતા. સહુએ તેમનાં દર્શન કર્યાં. બધા સંતો અને હરિભક્તો તેમની પાસે બેસીને કેટલાક પ્રશ્ન પૂછતા હતા. ૧૨.

તેઓ જેવી વાત પૂછતા, સંતદાસજી તેનો તેવો ઉત્તર આપી દેતા. તેઓ બોલવામાં બહુ ચતુર હતા. દેખવામાત્રથી જ સહુનું મન તાણી લેતા હતા. ૧૩. કોઈ તેમને બદરિકાશ્રમની વાત કે કોઈ બીજા ધામની વાત પૂછતા, ત્યારે તરત જ તેનો પ્રત્યુત્તર કહેતા હતા. ૧૪. તેઓ જે જે વાત કરતા તેમાં છેલ્લે એવું જ કહેતા રહેતા કે, આ ભગવાન સ્વામિનારાયણ છે તે જ સહુથી અધિક છે, મહાન છે. ૧૫.

सोरठा : जो जो धाम मांही, मुक्त रहे हे सिद्ध तन;
अधिक कहत ही आंहि, बात सो वरतत रहतहि...१६

જે જે ધામમાં મુક્તો છે, સિદ્ધો છે, તે અહીંયાં જે બાબત છે તે સર્વ શ્રેષ્ઠ વર્તે છે, એમ શ્રીહરિને સહુથી અધિક કહે છે. ૧૬.

चोपाई :

यह मूर्ति के आगे जोऊ, जेते भये अवतार सोऊ;
जामें जितनो सामृथ जेहा, देखाये तितनो जो तेहा...१७
सामृथ तितनो सुख सो दीने, ग्रंथ से आवत सब सो चीने;
तुमकु भई हे प्राप्ति जेसी, कोउकु आगे भई हे न तेसी...१८

આ ભગવાન સ્વામિનારાયણની મૂર્તિ પહેલા જે જે અવતારો થયા છે, તેમણે જેમાં જેટલું સામર્થ્ય હતું તેટલું બતાવ્યું છે. અને તે અવતારોએ પોતાના સામર્થ્ય પ્રમાણે ભક્તોને સુખ આપ્યું હતું. તે બધું શાસ્ત્રોમાંથી જણાય આવે છે. પરંતુ તમને સહુને અત્યારે જેવી પ્રાપ્તિ થઈ છે તેવી પ્રાપ્તિ પૂર્વે કોઈને થઈ નથી. ૧૭-૧૮. તમારી સહુની બુદ્ધિમાં માયિકભાવ હોય છે એટલે હું ડરતો ડરતો વાત કરું છું. માટીના કાચા ઘડામાં પાણી ભરવામાં આવે તો તે તેમાં સ્થિર થઈને રહે નહીં. ૧૯. પાણીનો સ્વભાવ જ એવો છે કે તે પાકા ઘડા સિવાય કાચામાં સ્થિર થઈને રહે નહીં. ચાહે તેવા દેશકાળ ફરી જાય, છતાં પણ જેની સમજણ એકની એક જ રહે, ત્યારે તે સમજણ પાકી થઈ કહેવાય અને તેની આગળ વાત કરવામાં ક્યારેય ડર લાગે નહીં. સોનામાં અનેક ઘાટ ઘડવામાં આવે, પણ સોનું એકનું એક જ રહે છે. તેમાં કાંઈ ફેરફાર થતો નથી. ૨૦-૨૧.

જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ, એ ત્રણેય અવસ્થામાં જેની સમજણ એકસરખી રહે, કોઈ રોગાદિ કારણવશથી ચિત્ત પરાધીન થઈ જાય તોપણ જેની સમજણ ક્યારેય ફરી જાય નહિ, એવી સમજણ જ્યારે ભગવાનમાં દૃઢ થાય ત્યારે તેને સિદ્ધમતિ (સમજણથી સિદ્ધ) કહેવાય છે. તેવાની આગળ જેટલી વાત કરીએ તે બધી સમાસ કરે છે. ૨૨-૨૩. સાગરમાં જેટલું પાણી જાય છે તે બધું તેમાં સમાઈ જાય છે. જ્યારે સમજણ સાગરના જેવી થઈ જાય છે ત્યારે તેની મતિ અડગ કહેવાય છે, સ્થિતપ્રજ્ઞ કહેવાય છે. ૨૪. પૃથ્વી આદિ ચાર ભૂતો એક એકથી દસ ગણાં વિશાળ છે, તે બધાં આકાશમાં જ રહે છે, છતાં તે આકાશ નિર્બંધ રહે છે. ૨૫. એવી સમજણ જ્યારે પાકી થાય છે ત્યારે ભગવાન સંબંધી વાતનું સુખ દિન-પ્રતિદિન અધિક અધિક અનુભવાય છે. પછી તેને રંચમાત્ર પણ દુઃખ રહેતું નથી. ૨૬.

✵ પ્રત્યક્ષ શ્રીહરિનો મહિમા :

सोरठा : तुम हि मिले भगवान, अक्षरधाम प्रजंत हि;
अधिक नहीं हे आन, कहत हुँ में देख हि कर...२७
जो जो अधिक हि बात, वरतत हे सत्संग महिं;
अधिक नहीं देखात, पाताल से अक्षर लग...२८

તમને સહુને જે આ સ્વામિનારાયણ મળ્યા છે તે જ સાક્ષાત્ પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન છે. અક્ષરધામ પર્યંત તેમનાથી અન્ય કોઈ અધિક નથી. તેને હું જોઈને તમારી આગળ કહું છું. ૨૭. અત્યારે સત્સંગમાં જે જે અધિક બાબત વર્તે છે, તેનાથી પાતાળથી અક્ષર સુધી બીજી કોઈ બાબત અધિક દેખાતી નથી. ૨૮. **તે વેળાએ સંતદાસજી કહે, મારા દેખ્યામાં જેવું આવે છે તેવું હું તમને કહું છું કે, અક્ષર જેવા અનંત મુક્તો આ શ્રીહરિના વચનમાં વર્તી રહ્યા છે, તો પછી દેવો અને મનુષ્યની તો વાત જ શી કહેવી ? આ સમજણ દૃઢ કરી લેવી. સમજણની દૃઢતામાં જેટલી કસર રહી જાશે તે પછી ક્યારેય મટશે નહીં. ૨૯-૩૦.**

મોક્ષ માટેની મુખ્ય વાત તો એટલી જ છે, જે મેં તમને હેતથી કહી છે. જે વાત સર્વોપરી છે તે હેત વિના કહેવાતી નથી. ૩૧. સત્સંગમાં રહેવા

માટે તો મારા મનમાં ઘણો પ્રેમ છે, પણ આ મૂર્તિની જેવી મરજી હોય તે પ્રમાણે કર્યા વિના મને અંતરમાં લેશમાત્ર શાંતિ રહેતી નથી. ૩૨.

चोपाई :

अवतार मुक्त धाम हि जेता, इनकी मरजि में वरतत तेता;
पुरुष प्रकृति काल हि माया, प्रधान पुरुष कोटि रहाया...३३
अनंत कोटि ब्रह्मांड जेहा, तेते ताके ब्रह्मा भव तेहा;
इंद्र चंद्र सूर्य देव तितना, याकी मरजि में चलत इतना...३४
राधा लक्ष्मि जेसी अनंता, दिव्य धाम में शक्ति रहंता;
याकि मरजी न लोपत कबहू, सनकादिक नारद शुक सबहू...३५
एसे हे यह समर्थ भारी, इहाँ नहि आये कोउ वारी;
याके एक वेर हि जो जेहू, जो जन दरशन पावत तेहू...३६

તમામ અવતારો, મુક્તો અને ધામો તે બધાં આ ભગવાન સ્વામિનારાયણની મરજી પ્રમાણે જ રહે છે. પુરુષ, પ્રકૃતિ, કાળ, માયા, કરોડો પ્રધાનપુરુષ, અનંત કોટિ બ્રહ્માંડ, તેમાં રહેલા ભવ અને બ્રહ્મા વગેરે તથા ઈંદ્ર, ચંદ્ર અને સૂર્ય આદિ બધા દેવો એ બધા આ શ્રીહરિની મરજી પ્રમાણે જ રહે છે. ૩૩-૩૪. રાધા અને લક્ષ્મીના જેવી અનંત શક્તિઓ દિવ્ય ધામમાં રહી છે. તેઓ અને નારદ, સનકાદિકો અને શુકજી વગેરે, આ ભગવાન સ્વામિનારાયણની મરજીને ક્યારેય લોપતા નથી. ૩૫. આ સહજાનંદસ્વામી આવા ભારે સમર્થ છે. આ મર્ત્યલોકમાં તેઓ ક્યારેય આવ્યા નથી. આમનાં દર્શન એક વાર પણ જે કોઈને થાય છે, તેની તુલનામાં કરોડો કલ્પપર્યંત કોઈ અન્ન, જળ, દૂધ, ફળ અને ફૂલ વગેરેનો પણ ત્યાગ કરીને તપ કરે, તે પણ ન આવે. ૩૬-૩૭.

આમનાં દર્શન એક વાર પણ થાય, આવા આશયથી તપ કરતા કરતા કેટલાએ યુગ વીતી જાય છે, છતાં તે તપ કરનારાને ક્યારેય દર્શન મળતાં નથી. ૩૮. સત્સંગને લીધે ક્યારેક આમનાં દર્શન થાય છે. એ વાત નિશ્ચિત છે. માટે તમારા ભાગ્યને તો શું કહેવા ! ૩૯. અત્યારે કદાચ કેવળ સમજણની કસર રહી છે, બીજી કાંઈ કસર નથી; પણ આ સ્વામિનારાયણ મહાપ્રભુની મૂર્તિ એવી છે કે તે બધી જ કસરને ટાળી દેશે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'કરિયાણામાં સંતદાસજીએ શ્રીહરિનો મહિમા કહ્યો' એ નામે તેત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૩॥



પૂર ચૌદમું : તરંગ - ૩૪

સારંગપુરમાં બાપુભાઈને સંન્યાસી કરવાની લીલા

ઉપર કહ્યા મુજબ જ્યારે સંતદાસજી વાતો કહેતા હતા ત્યારે સાંભળનારા સંતોને અને હરિભક્તોને તેનાથી તૃપ્તિ થાતી ન હતી. ખરેખર તે આશ્ચર્યની બાબત છે. ૧. સંતો વગેરે બધા આવી વાતો રોજ સાંભળતા હતા. તેવામાં જન્માષ્ટમીની તિથિ આવી. જે તિથિ શ્રીકૃષ્ણ અને ઉદ્ધવજી(રામાનંદસ્વામી) ની જન્મતિથિ છે. ૨. તે તિથિને શ્રીહરિએ અપૂર્વ-અદ્‌ભુત તિથિ માનીને તે દિવસ મહાન ઉત્સવ કર્યો. બધા સંતો ઝાંઝ અને મૃદંગ વગાડીને ઉત્સવ કરવા લાગ્યા. ૩. જ્યારે જન્મનો સમય થયો ત્યારે મહત્ત્વપૂર્ણ અવસર જોઈને તે સમયે પંચામૃત અને પંચાજીરી ખૂબ જ વહેંચી. ૪. સહુએ મળીને આખી રાત જાગરણ કર્યું. પ્રાતઃકાળ થઈ ગયો હતો તેની કાંઈ વાર લાગી નહીં. ત્યારે ભક્તોને આનંદ કરાવનારા સુખકારી શ્રીહરિ સહુની સાથે કાળુભાર નદીમાં સ્નાન કરવા ગયા. ૫. સંતો અને હરિભક્તો સહુ સાથે નાહ્યા. શુભ ગરબીનાં કીર્તન મુખથી બોલ્યા. તેનાથી નદી, પર્વત અને આકાશ ગાજી ઊઠ્યાં. એવી સુંદર શોભા બની કે, જે કહી જાતી નથી. ૬.

શ્રીહરિએ જ્યારે સ્નાન કરી લીધું એટલે સહુની સાથે ગામમાં આવ્યા. દેશદેશના હરિભક્તો આવ્યા હતા, તેથી તેઓ સહુ રસોઈ કરાવીને જમાડતા હતા. ૭. મયારામ વિપ્ર અને નાનાભાઈ રસોઈ બનાવતા હતા. સોરઠ, હાલાર, કચ્છ, વાગડ, ઝાલાવાડ, કાઠિયાવાડ, ગોહિલવાડ અને વાળાક, એ બધા જે દેશો કહેવાય છે, ત્યાંના હરિભક્તો રસોઈ આપીને જમાડતા અને પૂજા કરતા હતા. ૮-૯. મયારામ વિપ્ર તે સહુ હરિભક્તોની પાસે વારાફરતી શ્રીહરિની પૂજા અને રસોઈ કરાવતા હતા. ભાલ, બારા, ચરોતર, વાકળ,

કાનમ, ૧૦. સુરત પ્રદેશ, ગુજરાત, દંઢાવ્ય, ચુંવાળ, વઢિયાર, તે સિવાયનો ડુંગરપુર પ્રદેશ, ૧૧. તે બધા પ્રદેશોના જે જે હરિભક્તો આવ્યા હતા, તેમના તરફથી રસોઈ અને પૂજા વગેરે વિપ્ર નાનાભાઈ કરાવતા હતા. આ રીતે કેટલાએ હરિભક્તો આવતા રહેતા હતા. ૧૨.

ત્યાં આખો શ્રાવણ માસ સંતદાસજી રોકાયા હતા. પછી તેઓ ચાલ્યા ગયા. તેઓ વધારે રોકાયા નહીં. ૧૩. સંતદાસજી બે વખત તો બદરિકાશ્રમ જઈ આવ્યા હતા. ત્રીજી વાર કરિયાણાથી ગયા, તે પાછા ન આવ્યા. ૧૪. સંતદાસજી જ્યારે ગયા ત્યારે શ્રીહરિ અને બધા સંત-હરિભક્તો તેમને વળાવવા ગયા. મેઘની ઝડીઓ વરસતી હતી. ૧૫. નદીમાં પૂર ઘણું ચાલુ હતું. સંતદાસજી તેમાં જઈને પડ્યા. મનમાં નિધડક રહીને ચાલ્યા, કમાનમાંથી તીર છૂટે તેમ સામે પાર ગયા. ૧૬.

સંતો અને શ્રીહરિ તો દેખતા જ રહ્યા. જમીન ઉપર ચાલે તેમ પાણીમાં ચાલતા દેખાયા. તત્કાળ સામે કિનારે પહોંચ્યા. નદીમાં પથ્થર બહુ મોટા હતા. ૧૭. તેઓ પગમાં કાંઈ પગરખાં પહેરતા નહીં. પગનાં તળિયાં જીભ જેવાં કોમળ હોવા છતાં ક્યારેક માર્ગે ચાલે અને ક્યારેક માર્ગે ચાલતા નહીં. તેમને કાંટા કે કાંકરા લાગતા નહીં. ૧૮. સહુના આધારરૂપ પરમેશ્વર તેમની બધી રીતે રક્ષા કરતા હતા. હરકોઈમાં પ્રવેશ કરીને તેને ખાવા-પીવાનું અપાવતા હતા. ૧૯. ભગવાનનું નામ વિશ્વંભર છે. તેમનાથી કાંઈ અજાણ્યું નથી. સંતદાસ ઉત્તર તરફ ચાલ્યા. તે દેખાયા ત્યાં સુધી સહુ દેખતા રહ્યા. ૨૦.

પછી શ્રીહરિ, સંતો અને બધા હરિભક્તો કરિયાણા ગામમાં પાછા આવ્યા. શ્રીહરિ કાયમ સંતદાસનાં વખાણ કરતા હતા. ૨૧. જ્યારે વરસાદે ઉઘાડ દીધો ત્યારે શ્રીહરિએ સહુ હરિભક્તોને તેમનાં ઘેર જવાની રજા આપી. પછી શ્રીહરિ સંતોને સાથે લઈને **સુખપુર** ગામ આવ્યા. ૨૨. શ્રીહરિ ત્યાં ચાર દિવસ રોકાયા. સંતોને ખૂબ સુખ આપ્યું. તે પછી શ્રીહરિ **સારંગપુર** આવ્યા. બધા સંતોને સાથે લીધા હતા. ૨૩. શ્રીનગરના નાગર બાપુભાઈ નામે હરિભક્ત ત્યાં આવ્યા હતા. તેઓ પહેલા તો સારા હરિભક્ત હતા, પણ પછીથી તો નામમાત્રના થઈ ગયા. ૨૪. શ્રીહરિએ જે ડભાણમાં યજ્ઞ

કર્યો હતો તેનો હિસાબ બાપુભાઈએ રાખ્યો હતો. અને તેમાં આવક કરતાં ખર્ચ વધારે થયો એવું બાપુભાઈએ લખીને બતાવ્યું હતું. ૨૫. ત્યારે શ્રીહરિએ જાણ્યું, આ તો ખોટું કરવાનો એક દાવ રચ્યો છે. બીજો કોઈ વધારે ખર્ચ તો આણે લખ્યો નથી. કાંઈક ધન આમાંથી અલગ કાઢી રાખ્યું છે. પણ ત્યારે ભગવાન ગમ ખાઈને રહ્યા. ૨૬.

પછી શ્રીહરિએ બાપુભાઈનો તે અન્યાય દેખીને એક પેચ રચ્યો. બીજા કોઈ ક્યારેય કળી શકે નહિ, એમ જે કર્યું તે કહું છું. ૨૭. ભગવાન તો માયાના પણ પતિ માયાવી કહેવાય છે. તેમણે એવી વાત બનાવી કે, તેમાં બાપુભાઈને બાંધી લીધા. ૨૮. શ્રીહરિએ બાપુભાઈને પોતાની પાસે બોલાવ્યા. મીઠા વચનથી તેમનો સત્કાર કર્યો. મોટા મોટા સંતો, સંન્યાસીઓ, મયારામ ભટ્ટ, નાનાભાઈ ભટ્ટ, ૨૯. સુરા ખાચર વગેરે શ્રીહરિની પાસે બેઠા હતા. બધા ભક્તો શ્રીહરિની મરજીને જાણતા હતા. શ્રીહરિએ સહુને કહ્યું, આપણા સત્સંગમાં બાપુભાઈ જેવા કોઈ કાર્યકુશળ નથી. ૩૦.

તેમણે બધો વ્યવહાર સંભાળ્યો એટલે ડભાણના યજ્ઞમાં કોઈ જાતની મુશ્કેલી પડી નહીં. બાપુભાઈ તો મુક્તાનંદસ્વામી કરતાં પણ મોટા છે અને તેનાં પત્ની તો રાજબાઈ જેવાં શ્રેષ્ઠ સત્સંગી છે. ૩૧. તેઓ તો અમારી આજ્ઞાથી જ સંસારમાં રહ્યાં છે. જો અમે કહીએ તો તેઓ સંસારનો પણ ત્યાગ કરી દે, તેવા છે. શ્રીહરિએ એવી વાતો તો ઘણી કરી હતી, પણ તેમાંથી મેં અહીંયાં થોડી જ લખી છે. ૩૨. સુરા ખાચર શ્રીહરિનું તાન જોઈને મર્મવચન બોલ્યા. તેમણે જેવી શ્રીહરિની મરજી હતી એવો મર્મ કર્યો. ૩૩. બાપુભાઈ જોકે ઘણા મુસદ્દી હતા, પણ તેમને બોલવાનો અવકાશ જ ન દેખાયો. સુરા ખાચર એવું બોલ્યા કે, આ જગતમાં નાગર જેટલું કોઈ ખળ ન કહેવાય. ૩૪. મોટા મોટા રાજાના વહીવટમાં પણ તેઓ રાજાનું ધન ખાઈ જાય છે. ટોપીવાળાના જેવો કોઈ રાજા નહિ, તેઓ લોકોને સકંજામાં રાખે છે. ૩૫.

જ્યાં ક્યાંય અન્યાય થતો હોય તો તેને કરોડો ઉપાય કરીને પણ પકડ્યા વિના અંગ્રેજ ક્યારેય છોડે નહીં; છતાં નાગર લોકો તો તે અંગ્રેજોનું ધન પણ ખાઈ જાય છે. ૩૬. નાગરોમાં માત્ર એક જ નરસિંહ મહેતા ભક્ત થયા છે

અને મયારામ ભટ્ટ ખરા, પણ તે ક્યારેય ત્યાગી થાય નહીં. ૩૭. મયારામ ભટ્ટ ભક્તશિરોમણિ છે. સ્ત્રી અને ધનથી તેઓ ઘણા ઉદાસ-નિર્વાસનિક છે; પણ નાતજાતને છોડવી તે ઘણું કઠણ કામ છે. તેઓ નાતને છોડી શકતા નથી. ૩૮. ત્યારે શ્રીહરિએ કહ્યું, બાપુભાઈને સંન્યાસી થાવું કાંઈ કઠણ નથી. જો તેઓ સંન્યાસી થાય તો બધા નાગરો તેમના પગમાં નમી પડે. ૩૯. બધા મોટા મોટા નાગર દીવાનો પણ તેમની અનુપમ રીતે પૂજા કરે. કારણ કે, સંન્યાસ આશ્રમ તો ઘણો મહાન છે ને ! ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'શ્રીહરિ સારંગપુર પધાર્યા અને ત્યાં બાપુભાઈને સંન્યાસી કરવાની લીલા કરી' એ નામે ચોત્રીશમો તરંગ સમાપ્ત ||૩૪||



પૂર ચૌદમું : તરંગ - ૩૫

બાપુભાઈના ભૂતનો ઉદ્ધાર કર્યો અને શ્રીહરિ ગઢપુર આવ્યા

તે વખતે દરબાર સુરા ખાચરે કહ્યું, જો બાપુભાઈ સંન્યાસી થાય તો હું મૂછ ઉતરાવી નાખું. ૧. તેના મનમાં લેશમાત્ર વૈરાગ્ય નથી. ક્યારેય કથા-વાર્તા સાંભળતા નથી. સંત-સમાગમ કરતા નથી, તેથી તેના મનમાં તો ઘણો ઉત્પાત ભર્યો છે. ૨. આપ તેને ત્યાગી કરો તો મહાન્ સમર્થ કહેવાઓ. પછી ભલે તેઓ સંન્યાસ ઉતારીને ભાગી જાય. અમે આપના સામર્થ્યને તો દેખીએ ! ૩. પછી શ્રીહરિએ બાપુભાઈને બોલાવીને કહ્યું, હવે મોડું ન કરો. મોડું કરશો તો લોકો તમારી હાંસી કરશે. ૪. બાપુભાઈએ માન્યું કે, શ્રીહરિ તો પારખું લે છે. એમ જાણીને તે મનમાં હરખાયા. તેણે શ્રીહરિને કહ્યું, હું તો તૈયાર છું. વિલંબ તો આપ કરો છો, આપની વાટે વાટ, પણ આપ સદાય મારી સહાય કરજો. ૫.

ત્યારે સુખકંદ શ્રીહરિએ સંન્યાસી મોટા દેવાનંદસ્વામીને આજ્ઞા કરી. તમે બાપુભાઈને સંન્યાસી કરો, હવે તમે કોઈથી ડરશો નહીં. ૬. બાપુભાઈનું અત્યારે મૃત્યુ આવ્યું છે એટલે અમે તેને સંન્યાસી કરાવીએ છીએ. ત્યારે

બાપુભાઈને ખરી વાત સમજાણી કે, હવે આ વાત હાંસી નથી. ૭. તેણે શ્રીહરિને કહ્યું, કાઠી જે બોલ્યા છે તે વાતને સાચી કરાવો. હવે હું જો મુખથી નકારું બોલું તો કાઠીને લગારેય શરમ નથી, તેથી તેઓ બધાં જ નરનારી ઘેરઘેર મારી અપકીર્તિ બોલશે. હવે મારી પત્નીનો નિર્વાહ થાય એવું કાંઈ આપ કરી દેજો. ૮-૯. ત્યારે તરત જ શ્રીહરિએ પોતાનાં સોનાનાં બે સાંકળાં કાઢીને તેની પત્નીને આપી દીધાં અને કહ્યું, અમે તેને અન્ન અને વસ્ત્ર પૂરાં પાડશું. તેની તમે મનમાં ચિંતા કરશો નહીં. ૧૦.

પછી બાપુભાઈ સંન્યાસી થયા. બધા સંતો અને હરિભક્તો ખુશ થયા. તેઓ સંન્યાસી થઈને ચાલ્યા અને ડભાણ ગામમાં જઈને રહ્યા. ૧૧. છ મહિના પછી તાવ આવ્યો. બીમાર પડ્યા. તેની પત્નીને સેવા કરવા બોલાવી. પછી મરીને ભૂત થયા. ધામમાં જાતા ભયભીત થઈને પાછા આવ્યા. ૧૨. પોતાના ઘરમાં જ રહ્યા. જ્યારે બંધુમાં આવીને બોલ્યા, ત્યારે સહુને ખબર પડી. ૧૩. તેઓ બોલ્યા, સહજાનંદસ્વામી સાક્ષાત્ ભગવાન છે. તેમાં કાંઈ ખોટું નથી. હું ખરું કહું છું, તેઓ મારા જેવા પાપીને પણ લેવા આવ્યા હતા. ૧૪. મારા પાપને લીધે હું ભૂત થયો છું અને અહીં પાછો આવ્યો છું. મેં મારું પેટ ભરવા શ્રીહરિનું અપાર ધન ચોર્યું હતું. ૧૫.

મેં હિસાબના ચોપડામાં નામું ખોટું લખ્યું અને મારું લેણું કાઢ્યું. હું અત્યંત વિશ્વાસઘાતી થયો. ૧૬. ખોટું નામું લખીને હું સહજાનંદસ્વામીની પાસે ગયો. ધન આપવું તેમને કાંઈ કઠણ ન હતું, પણ તેઓ અંતર્યામી હોવાથી બધી વાતને જાણતા હતા. જે મારા જેવા જીવને દેખાતું ન હતું. ૧૭. તે સહજાનંદસ્વામીના બધા સંતો નારદ અને સનકાદિકોના કરતાં પણ વધારે સારા છે; પણ મેં તેને જગત કરતાં ઊતરતા જાણીને મનમાની ગાળો દીધી. ૧૮. આ સાધુઓને જોઈને આ તો ભાવર અને સિંધી કરતાં પણ વિકરાળ છે, એવું હું બોલ્યો હતો. તે વખતે મેં તેમનો આવો અપરાધ કર્યો અને પરિણામે હું ભૂત થયો છું. ૧૯. સત્સંગમાં અપાર લોકો છે. કોઈને શ્રીહરિની થોડીએ સેવા મળતી નથી, જ્યારે મને તો ભવ અને બ્રહ્માને પણ દુર્લભ હોય એવી સેવા આપી હતી. ૨૦.

પરંતુ મેં કુપાત્ર થઈને બધું ખુવાર કરી દીધું. અત્યારે હું ભૂત થયો ત્યારે બધા વિચાર આવે છે અને સમજાય છે. મને સહજાનંદસ્વામીએ ભૂતનો દેહ ભલે આપ્યો, પણ હવે મને સત્ય વાત સમજાણી છે. ૨૧. બીજાં બધાં ભૂતમાત્ર તો મારા પગમાં પડે છે. હું મારા પોતાના પાપથી ભૂત થયો છું, છતાં શ્રીહરિના પ્રતાપે બધાં ભૂતો મને નમે છે. ૨૨. બધાં ભૂતો મારી સેવા કરે છે તે તો શ્રીહરિનો પ્રતાપ છે. મનુષ્યો કરતાં ભૂતો અપાર છે. કોઈના અંતરમાં લગારેય સુખ નથી. ૨૩. કેદખાના કરતાં પણ અપાર દુઃખ ભૂતયોનિમાં છે, છતાં કેટલાયે તેમાં સુખ માને છે. જેવું જમપુરીનું દુઃખ છે તેનાથી તલભાર પણ ઓછું દુઃખ ભૂતયોનિમાં નથી. ૨૪. ભૂત મનમાં આવે તેવો દેહ ધારી લે છે. કોઈની નજરે તે દેખાતાં નથી. તેને પિશાચ અને પ્રેત પણ કહેવાય છે. ૨૫.

જે પાકા હરિભક્ત હોય છે તે ક્યારેય ભૂત થતા નથી. અને તેમાં ક્યારેય ભૂત પેસતાં પણ નથી. જે પોતાના જેવા દેખાય તેમાં ભૂત પેસે છે. ૨૬. બાપુભાઈ ભૂત થયા તેને જ્યારે બાર વરસ વીતી ગયાં ત્યારે તેના બંધુઓ શ્રીહરિનાં દર્શન કરવા જેતલપુર આવ્યા હતા. ૨૭. જ્યાં શ્રીહરિએ મોટો યજ્ઞ કર્યો હતો, ત્યાં વડની નીચે ઘનશ્યામ શ્રીહરિ સભા કરીને સંતોની સાથે બેઠા હતા. ૨૮. તે સમયે ભૂત થયેલા બાપુભાઈ તેના ભાઈમાં આવ્યા. અને તે શ્રીહરિની આગળ હાથ જોડીને બોલ્યા, પ્રભો ! હવે આપ મારી વિનંતી સાંભળો. ૨૯. આમ કહીને તેણે મુખમાં ઘાસ લીધું. બધી સભાને દંડવત્ પ્રણામ કર્યા. પછી તેણે કહ્યું, મેં આપના અપાર ગુના કર્યા છે. ૩૦.

આપની આગળ કરેલા ગુનાને આપના સિવાય બીજો કોઈ માફ કરનાર નથી. હરિભક્ત થઈને પણ મેં જે ગુના કર્યા છે તે બધાને આપ જાણો જ છો. ૩૧. આપે મારો સંપૂર્ણ વિશ્વાસ કર્યો છતાં મેં ખોટું નામું લખ્યું. જેવાં મનમાં આવ્યાં તેવાં કડવાં વેણ મેં સંતોને કહ્યાં. ૩૨. છતાં મારા અંતકાળે બહુનામી સહજાનંદસ્વામી આપ મને ધામમાં લઈ જવા માટે આવ્યા. પરંતુ મારાં પાપે મને ભૂત કર્યો છે. હવે મેં ઘણાં ખાસડાં ખાધાં છે. ૩૩. હું સાઠોદરો નાગર હતો અને ભૂત થયો, તે મને ધિક્કાર છે. જે લોકો વિશ્વાસઘાત કરે છે તે

બધા ભૂતયોનિને પામે છે. ૩૪. જેની સવાસનિક મતિ થાય છે પછીથી તેની ભૂંડી ગતિ થાય છે. મહારાજ ! હવે કાંઈ કસર ન રહે, એવો મને કરજો. ૩૫. મેં મારે હાથે યજ્ઞનું આપનું જે નામું લખ્યું છે તે બધું ખોટું લખ્યું હતું. તેમ હું આ સંતોની સભા વચ્ચે સત્ય જાહેર કરું છું. ૩૬.

હવે અત્યારે મારા અંતરમાં ઘણી શાંતિ થઈ છે. આટલા દિવસ તો મારા દિલમાં દુઃખનો દાવાનળ પારાવાર સળગતો રહ્યો છે. ૩૭. આટલું કહીને તેણે શ્રીહરિનાં ચરણોને છાતી ઉપર ધાર્યાં. પછી શ્રીહરિએ તે બાપુભાઈનો ભૂત-દેહથી મોક્ષ કર્યો. શ્રીહરિ આવા મહાન સમર્થ છે. ૩૮. શ્રીહરિ આ રીતે **સારંગપુર**માં એક મહિનો રોકાયા અને સહુ સંતોને પોતાની પાસે રાખીને અનેક પ્રકારનાં સુખ તે સહુ સંતોને આપ્યાં હતાં. ૩૯. ભાદરવા માસમાં આવતી જળઝીલણી એકાદશી અને તે પછીની વામન દ્વાદશી, બંનેના ઉત્સવ ત્યાં સારંગપુરમાં જ કર્યા હતા. ૪૦. પછી શ્રીહરિ સારંગપુરથી નીકળીને **ગઢપુર** આવ્યા. ત્યાંના સત્સંગી દરબારો સન્મુખ આવ્યા અને શ્રીહરિનાં ચરણોમાં નમી પડ્યા. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'બાપુભાઈનો ઉદ્ધાર કરીને શ્રીહરિ ગઢપુર આવ્યા' એ નામે પાંત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૫॥



પૂર ચૌદમું : તરંગ - ૩૬

શ્રીહરિની લીલાની વિવિધતા

ગઢપુરના દરબાર એભલ ખાચર અને દરબાર જીવાખાચરના દિલમાં ઘણો જ ભક્તિભાવ હતો. તેઓ વાજિંત્રો વગડાવીને મનના ઘણા જ ઉત્સાહથી શ્રીહરિને ગામમાં લઈને ચાલ્યા. ૧. શ્રીહરિ ગઢપુરના રાજમાર્ગ ઉપર ચાલ્યા આવતા હતા. ગામના લોકો દર્શન કરવા એટલા બધા આવીને ઊભા હતા કે તેનો ગણ્યે પણ પાર આવે તેમ ન હતો. ૨. શ્રીહરિ જે અશ્વ ઉપર બેઠા હતા તે સોનેરી શણગારોથી ભરપૂર હતો. તેની શોભા પણ કહી શકાતી નથી.

બધા લોકો 'જય જય, જય જય'નો જયઘોષ કરતા હતા. ૩. શ્રીહરિનાં અંગ ઉપરનાં બધાં વસ્ત્રો અને આભૂષણો પણ સોનામય જ હતાં, અને સોનેરી છત્ર શિર ઉપર ધાર્યું હતું. ૪. શ્રીહરિ દરબાર જીવા ખાચરના રાજભવનમાં આવ્યા. સહુને અત્યંત ભાવથી દર્શન દીધાં. ત્યાં સહુને ઘણા રાજી કરીને ધર્મકુમાર ત્યાંથી ચાલી નીકળ્યા. ૫.

શ્રીહરિ દરબાર એભલ ખાચરના રાજભવનમાં આવ્યા, અને પછીથી ત્યાં જ રહ્યા. સંતો, વર્ણી અને હરિભક્તોની સભા રોજ ત્યાં જ થતી હતી. ૬. સંતો શ્રીહરિનાં ચરિત્રોને વાજિંત્રોની સાથે ગાતા હતા. નિત્ય કથા તથા વાતો થતી અને નવા નવા ઉત્સવો કરતા હતા. ૭. **શ્રીહરિ જ્યાં સુધી સત્સંગમાં વિચરણ કરતા રહ્યા ત્યાં સુધી ભક્તોની રુચિને અનુસારે નિત્ય નવા નવા ઉત્સવોને કરતા રહેતા હતા.** ૮. ભગવાન શ્રીહરિ સભામાં ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાનની વાતો નિત્ય નવીન કરતા અને તે સાંભળીને સંતો તથા હરિભક્તોને નિત્ય નવીન ભાવના વધતી રહેતી. ૯. આવી તો શ્રીહરિની અનંત વાતો છે, જે બધી લખી શકાતી નથી. શ્રીહરિને મળેલા - સાથે રહેલાં જે કોઈ ત્યાગી-ગૃહી, બાઈ-ભાઈ, તે સહુમાં જેની પાસે જઈને શ્રીહરિની વાત પૂછવામાં આવે તો, તેઓ નવી નવી ઘણી વાતો કહે છે. જેણે જેવી સ્મૃતિ રાખી હોય તે તેવી વાત મુખથી કહે છે. ૧૦-૧૧.

સવારથી સાંજ સુધીની કેટલીએ વાતો નવીન થાય છે. તમે શ્રીહરિની એક જ વાતનું અધ્યયન કરવા લાગો તો તમારી આખી જિંદગી તે વિચારવામાં જ વીતી જાય. ૧૨. રોજબરોજ જેટલા હરિભક્તો આવતા તે બધાને જેવી ભાવના હોય તેવી બધી વસ્તુઓને સાથે લાવતા હતા. ૧૩. કેટલીએ જાતનાં ફૂલ, કેટલીએ જાતનાં ફળ અને કેટલીએ જાતના મેવા બધા લાવતા હતા. તે હરિભક્તોની ભીડ ઘણી રહેતી હતી. ૧૪. હરિભક્તો ઘણા જ સ્નેહભાવથી વિવિધ પ્રકારનાં વસ્ત્ર અને ભાતભાતનાં આભૂષણો પુષ્કળ પ્રમાણમાં લાવતા હતા. ૧૫. શ્રીહરિ તે વસ્ત્ર તથા ઘરેણાંને શરીર ઉપર એક ઘડી કે બે ઘડી પહેરતા હતા. પછી ફરીને તેને પહેરતા નહીં. કોઈ યોગ્ય વ્યક્તિ દેખાય તો તરત તેને આપી દેતા હતા. ૧૬.

ચોપાઈ :

हरि सम दाता जग में न कोई, मेघ सम वरषत भये सोई;
कीर्ति जो जो कहावत जेती, हरि मूर्ति में वास करे तेती...१७
धर्म भक्ति वैराग रु ज्ञाना, शुभ गुन ओर जेते रहाना;
हरि मूर्ति में रहे करी वासा, सत्संग में तेहि रहे प्रकाशा...१८

દુનિયામાં શ્રીહરિના સમાન કોઈ દાતા નથી. તેઓ તો મેઘની સમાન વર્ષે છે. જે જે પ્રકારની કીર્તિ કહેવાય છે તે બધી જ શ્રીહરિની મૂર્તિમાં વાસ કરીને રહે છે. ૧૭. ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાન, તે સિવાયના બીજા પણ બધા શુભ ગુણ શ્રીહરિની મૂર્તિમાં નિવાસ કરીને રહ્યા છે અને તેને લીધે તે બધા સત્સંગમાં પ્રસિદ્ધ રહેતા હતા. ૧૮. સંતોમાં અને વર્ણીમાં તે બધા ગુણો જેવા હતા તે બધા હરિભક્તોમાં આવ્યા હતા. ઈંગ્લેન્ડના રાજાના જે નીતિના ગુણ હતા તે બધા ટોપીવાળા અધિકારીઓમાં રહ્યા હતા. ૧૯. શુભ ગુણોનું જે દૈવત હતું તે બધું સત્સંગમાં શોભતું હતું. કામ, ક્રોધ અને લોભના અંધારાથી જેનાં અંતર અવરાઈ ગયાં હતાં, ૨૦.

એવા જગતના લોકોને સત્સંગમાં રુચિ થાતી નહીં. તેઓ તો જેટલું પોતાનું બળ હોય તે બધું લગાવીને સત્સંગને ટાળી નાખવાના ઉપાયો કરતા હતા. ૨૧. **શ્રીહરિના સત્સંગ સ્થાપવાના પરાક્રમની આગળ જીવનું પરાક્રમ કેટલુંક ચાલવાનું ? કારણ કે જીવની જેટલી શક્તિસંચારની દોરી છે તે બધી તો શ્રીહરિના હાથમાં જ છે.** ૨૨. ભવ અને બ્રહ્માદિકની દોરી પણ શ્રીહરિના હાથમાં છે. જે લોકો સત્સંગથી બહાર હતા અને કુમાર્ગે ચાલતા હતા, ૨૩. તે બધાને ટોપીવાળાએ દબાવ્યા. તેઓને ધનનો લોભ તો હતો નહીં. જે જે લોકો નીતિથી વિરુદ્ધ ચાલનારા હતા, તે બધાને તેઓ કેદ કરતા. ૨૪. કોઈ રાજા હોય કે ધર્મગુરુ હોય, કોઈ કરોડાધિપતિ ધનવાન હોય કે કોઈ રાંક હોય, અથવા સામાન્ય પ્રજા હોય, કોઈ પણ તે અંગ્રેજોની સામે એક શબ્દ પણ વિરોધનો બોલી શકતા નહીં. ૨૫. કોઈ પણ વર્ણનો, આશ્રમનો કે તેથી બહારનો હોય તે બધાને નિયમમાં ચલાવ્યા. ૨૬.

જેટલાં નરનારીઓ બેમર્યાદ ચાલતા હતા તેમનું ટોપીવાળાએ આવીને હિત કર્યું. ૨૭. પરમેશ્વરને જેટલું વ્યવસ્થિત સુખરૂપ કાર્ય કરતાં આવડે છે તેવું જીવને ક્યારેય આવડતું નથી. હા, તેને પોતાનું એક ભૂંડું કરતાં આવડે છે. ૨૮. જેટલું નીતિના શુભમાર્ગમાં ચાલવું તે ઈશ્વરનું દૈવત છે અને જેટલી પાપમાં રુચિ રહે છે તેટલું માણસ નિંદિત કાર્ય કરે છે. ૨૯. જીવને આ દેહ અને ઈન્દ્રિયોમાં જેટલી હુંપણાની માન્યતા રહે છે તેટલો તે ખુવાર થઈ જાય છે, એવું દેખાય છે. ચમારના ગંધાતા કુંડ કરતાંએ નકારી વસ્તુ આ શરીરમાં ભરી છે. ૩૦.

શરીરમાં જીવ વગરની તમામ વસ્તુ અપવિત્ર દેખાય છે અને શરીર પવિત્ર દેખાય છે તે પણ જીવને લીધે જ છે. માણસ નિર્જીવ શરીરથી તો ડરીને દૂર જ રહે છે. ૩૧. **જીવ વિનાનું મનુષ્ય-શરીર તો અતિશય ભયાનક લાગે છે. જીવને લીધે જ દેહમાં સુખ મનાય છે. અને વિમુખ જીવ તે દેહને માટે જ બધા અનર્થ કરે છે. ૩૨.** રાજાના નિયમોમાં જે ન રહે તે તેનો વિરોધી-વિમુખ કહેવાય છે. જે જેના નિયમમાં ન ચાલે તેને તેનાથી વિમુખ કહેવાય છે. ૩૩. જે મનુષ્ય શાસ્ત્રના નિયમોમાં ન રહે, તેને શાસ્ત્રથી વિમુખ માનવો. તેમાં પણ શુભ અને અશુભ એવા બે પ્રકારના વિચાર છે. બધાની રીત એકસરખી નથી. ૩૪. શુભ રાજા, શુભ ગુરુ, શુભ શાસ્ત્ર અને શુભ વાતો, એ ચારથી જે વિરુદ્ધ વર્તન રાખે તેને વિમુખ કરીને જાણવા. ૩૫. પરંતુ અશુભ રાજા, અશુભ ગુરુ અને અશુભ શાસ્ત્ર, તેની રીતને તજી દઈને શુભ માર્ગે ચાલે, તો તેને ક્યારેય વિમુખ જાણવા નહીં. ૩૬.

જે લોકોને હેત દેખાડીને શુભ નીતિના માર્ગે ચલાવે અને અનેક પ્રકારની હિતની વાતો કરીને પ્રજાને રાજી રાખે તે રાજા શુભ-સારો કહેવાય છે. ૩૭. જે રાજા શુભ હોય છે તે દિનપ્રતિદિન બુદ્ધિ શુભ થાય એવી વિદ્યા ભણાવે. તેની પરીક્ષા લેતો રહે, પણ ક્યારેય ક્રોધ કરે નહીં. ૩૮. જે ક્યારેય તપી જાય નહિ, ક્રોધ દેખાડે નહિ, આવા રાજાને બધું જગત સર્વોત્તમ રાજા કહે છે. ૩૯. જ્યારે રાજા સ્વતંત્ર થાય છે ત્યારે તેમાં ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ એવા ભેદ, તેનાં દૈવત પ્રમાણે દેખાય છે. ૪૦.

ગુરુ પણ જ્યારે સ્વતંત્ર થાય છે ત્યારે તેમાં પણ ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ આવી રીતના પ્રકારો દેખાય છે. ૪૧. શ્રીહરિએ આવી તો કેટલીયે વાતો કહી હતી. તે બધી ક્યાંથી લખી શકાય ! માટે થોડી થોડી વાતો લખું છું. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'શ્રીહરિની લીલાની વિવિધતા કહી' એ નામે છત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૬॥



પૂર ચૌદમું : તરંગ - ૩૭

ગઢપુરથી નીકળેલા શ્રીહરિ ઝીંઝાવદર થઈને કારિયાણી પધાર્યા

ધર્મકુમાર શ્રીહરિએ દરબાર એભલ ખાચર અને જીવા ખાચરને અપાર સુખ આપવા માટે ગઢપુરમાં રહીને દશેરા અને દિવાળી -અન્નકોટના ઉત્સવો અનુપમ રૂપમાં કર્યા. ૧. તેમાં અન્નકોટનો ઉત્સવ કરીને શોભાનિધિ અને સુખધામ એવા ઘનશ્યામ શ્રીહરિ ગઢપુરથી ચાલ્યા અને બધી સવારી સાથે લીધી. ૨. તેમાં ગઢપુર, કરિયાણા, ખંભાળા, વાંકિયા, કોટડા, ગુંદાળા, ૩. હાથસણી, બોટાદ, નાગડકા, સારંગપુર, સુંદરિયાણા, કુંડળ, કારિયાણી, ૪. અને ઝીંઝાવદર, એ બધાં ગામોના મોટા મોટા કાઠી દરબારો શ્રીહરિની સાથે ચાલ્યા. તે બધા કાઠી દરબારોએ પણ પોતાની સવારી સાથે લીધી હતી. ૫.

તે સિવાયના બંધિયા, પંચાળા, ધમડકા, તાવી, મેંથાણ અને ભાડેર વગેરે ગામોના ક્ષત્રિય-રાજપૂત દરબારો પણ આવ્યા અને તેઓ પણ પોતાનાં સોનેરી શસ્ત્ર, અનેક પ્રકારનાં સોનેરી બખતરોને પોતાનાં અંગ ઉપર બાંધીને આવ્યા હતા. તે શોભા કહી શકાતી નથી. ૬-૭. જે બધા ઉપર કહેલા દરબારો હતા તેમણે પોતાના અશ્વોને સોનેરી સાજ-સામાનથી શણગારી દીધા હતા. અને ગઢપુરના દરબારોએ ડંકા અને નિશાન પણ લીધાં હતાં. ૮. સહુએ પોતપોતાના તંબુ લઈને ઊંટ ઉપર ચઢાવી દીધા હતા અને તે ઊંટોને પણ સુંદર રીતે શણગારેલા હતા, તેથી તેઓ શોભતા હતા. ૯.

એક ઊંટ ઉપર નોબત ચઢાવી હતી. તે 'ધેં ધેં ધેં' એવો ધ્વનિ કરતી હતી. એક સોનેરી છત્ર હતું, તે શ્રીહરિના મસ્તક ઉપર ધારેલું હતું. ૧૦. હાથમાં સોનાની છડી લઈને ચોપદાર આગળના ભાગમાં નેકી પોકારી રહ્યો હતો. શ્રીહરિનો અશ્વ સોનાના શણગારોમાં લૂમઝૂમ થઈ રહ્યો હતો. ૧૧. અશ્વના સાજમાં કેટલાએ ઘૂઘરા જડેલા હતા. તેનો ઘમઘમ અવાજ થયા કરતો હતો. અશ્વના માથા ઉપર સોનાનો મોર ઘણો શોભતો હતો. ૧૨. શ્રીહરિએ પોતાનાં અંગ ઉપર જે વસ્ત્ર અને ઘરેણાં પહેર્યા હતાં તે બધાં સોનાનાં હતાં. તે એટલાં બધાં રમણીય હતાં કે તેનું વર્ણન થઈ શકતું નથી. ૧૩. શ્રીહરિ જે જે ગામ જતા હતા ત્યાંના બધા ભક્તજનો દોડીને સન્મુખ આવતા હતા અને ચરણોમાં પડતા હતા. ૧૪. કેટલાક ભક્તો તો શ્રીફળ લાવીને શ્રીહરિનાં ચરણોમાં ધરતા. ત્યારે શ્રીહરિ તેને પ્રસાદીના રૂપમાં પાછું આપતા અને ઘણા જ હેતથી તેને બોલાવતા હતા. ૧૫.

सोरठा : जिन कु बोलावत नाथ, लटक करी कोउ भाँतिके;
सो जन भये सनाथ, भव भटकन छुटत भयेऊ...१६

પ્રાણનાથ એવા શ્રીહરિ જે ભક્તોને અદ્‌ભુત લટકો કરીને છટાદાર રીતે બોલાવતા હતા, ત્યારે તે ભક્ત સનાથ-ધન્ય બની જાતા હતા અને તેનું ભવભટકણ છૂટી જાતું હતું. ૧૬. સુખનું મૂળ અને જગદ્વંદ્ય એવા શ્રીહરિ ગઢપુરથી ચાલ્યા. **ઉગામેડી** થઈને **નિંગાળા** આવ્યા. ત્યાં નદીમાં અશ્વને પાણી પાયું અને પોતે નદીમાં સ્નાન કર્યું પછી ત્યાંથી ચાલ્યા. ૧૭. આગળ **ઝીંઝાવદર** ગામ આવ્યા. ત્યાં અલૈયા ખાચરનો ભારે સરસ રાજદરબાર હતો. શ્રીહરિ ત્યાં કેટલીય વાર આવ્યા છે. ૧૮. કેટલીક વાર ત્યાં રહ્યા છે અને ત્યાં કેટલાક ઉત્સવ પણ કર્યા છે. તેમાં ઊંચી ઊભણીવાળા ચારે બાજુ ભવન છે. અવિનાશી શ્રીહરિ તેમાં ઉતારો કરતા હતા. ૧૯. તે ભવનોની વચ્ચે વિશાળ ચોક હતો. કૃપાળુ શ્રીહરિ તે ચોકને વખાણતા. ત્યાં પશ્ચિમ તરફનું જે ભવન હતું તેમાં ઉતારો કર્યો. ૨૦.

અલૈયા ખાચરના ભાઈનું નામ જેઠસુર ખાચર હતું. તેને શ્રીહરિ ઉપર અપાર હેત હતું. તેઓ કોઈ પાર ન આવે એવી સેવા કરતા હતા. ૨૧.

તેમના ઘરમાં જે કાંઈ સંપત્તિ હતી, તે બાબતે જેઠસૂર ખાચર બોલતા કે, આ બધી સમૃદ્ધિ આપની જ છે એમ માનજો. તેમાં હું લેશમાત્ર ખોટું કહેતો નથી. ૨૨. આપ કહેશો ત્યાં સુધી અમે ઘરમાં રહેશું. આ ગામ, ગરાસ આપનાં જ આપેલાં છે. એમ હું મન, કર્મ અને વચનથી જાણું છું. અને જે જાણું છું તેવું બોલું છું. ૨૩. અંદરની અને બહારની બધી જ બાબતોને આપ પ્રભુ સાક્ષાત્ જાણો છો. અમે બે ભાઈઓ છીએ. અમારે કાંઈ બાળ-બચ્ચાં નથી. અને તે પણ આપના હાથની જ વાત છે. ૨૪. અમારે બાળક થાય તે હરિભક્ત થાય અને સંતોની સેવા કરે, એવો મનમાં સંકલ્પ થાય છે. તેથી આપને કહું છું. ૨૫.

હરિભક્ત સિવાયના જે કાઠીઓ છે તે તો એવું જ માને છે કે, ચોરીને માલસામાન લઈ આવવો અને કોઈને પણ લૂંટી લેવા. ૨૬. અમે પણ સત્સંગી થયા ન હતા ત્યાં સુધી અમારી બુદ્ધિ પણ હરામની હતી; પણ આપે અમને હરિભક્ત કરીને સુખી કરી દીધા છે. ૨૭. અમારા પિતાજી હજી છે, તેમનું શરીર જુઓ. એક પણ અંગ ઘા વગરનું નથી. અને તે વાગેલા ઘાવોનો પણ તેમના મનમાં અતિ ગર્વ હોય છે. ૨૮.

જેને એક પણ ઘા ન વાગ્યો હોય એવો કાઠી તો માને પેટ કોઈ બકાલી જન્મ્યો કહેવાય છે. વરસમાં એક વાર પણ જે ઘવાયો ન હોય તેની માતાએ તો તેવા પુત્રનો ભાર નિરર્થક ઉપાડ્યો કહેવાય છે. ૨૯. અફીણ પીવાનું ફળ તો સામી છાતીએ લડાઈમાં જવું, તે હોય છે; પણ જે ક્યારેય લડાઈમાં આવ્યા ન હોય તેણે તો જેટલું અફીણ પીધું તે ખુવાર કર્યું કહેવાય. ૩૦. જેને અફીણની પણ લાજ-શરમ નથી આવતી તેના કુળને તો ધિક્કાર છે. પછી શ્રીહરિએ જેઠસુર ખાચરના પિતા સામત ખાચરને પોતાની પાસે બોલાવ્યા. આવકાર આપીને તેમને પોતાની પાસે બેસાડ્યા. ૩૧. તેના શરીર ઉપર જે ઘા લાગ્યા હતા તેને જોયા, તેના ઉપર હાથ ફેરવ્યો અને પછી કહ્યું, ૩૨.

આટલા ઘા તમારા શરીરને લાગ્યા છે, છતાં ભગવાને તમને તેમાંથી બચાવ્યા છે. તમારી જાતિનો જેવો શૂરવીર સ્વભાવ રહ્યો છે તેવા તમે ભગવાનના ભક્ત થાઓ. ૩૩.

❋ ભજન કરે તો મોક્ષ થાય :

चोपाई :

वेरवेर मरे कटाई जावे, हरि भजे एसो देह न आवे;
भगवान कु जन भजत जेहु, यह तन त्याग करीके तेहु...३४

વારંવાર કપાઈને મરી જાય છતાં ભગવાનનું ભજન કરી શકાય એવો દેહ ફરીને નહિ મળે. જે મનુષ્ય ભગવાનનું ભજન કરે છે તે આ શરીરને છોડીને શાશ્વત મુક્તિને પામે છે. ૩૪. જીવ તો અછેદ્ય, અભેદ્ય, અજર, અમર અને અપ્રાકૃત છે. તેને એવો દિવ્ય અવિનાશી દેહ મળે છે કે જેનો તોપના ગોળાથી પણ નાશ થાતો નથી. ૩૫. ભગવાનનું ભજન કરવામાં લાભ છે તે સિવાયની બધી જ પ્રવૃત્તિમાં નુકશાન છે.

ત્યારે દરબાર સામત ખાચરે હાથ જોડીને કહ્યું, પ્રભુ અમારી બુદ્ધિ તો ઘણી થોડી છે. ૩૬. **મને આપનો જ એક વિશ્વાસ છે. હવે મેં મારો જીવ આપને અર્પણ કરી દીધો છે. આપ જે કહો છો તે સાચી વાત છે. એવો મેં દૃઢ નિશ્ચય કરી લીધો છે. ૩૭. પછી શ્રીહરિ તેના ઉપર પ્રસન્ન થયા અને તેનો મોક્ષ કરવાનો કોલ આપ્યો. હવે તમને માયિક દેહનું બંધન ફરી વાર નહિ રહે.** ૩૮. જ્યારે રસોઈ તૈયાર થઈ ત્યારે શ્રીહરિ કંસાર, દહીં અને ભાત વગેરે જમ્યા. અને તે સમયે બધા દરબારોને પણ જમાડ્યા. ૩૯. દિવસનો પાછલો પહોર એક(૩ કલાક) જ્યારે બાકી રહ્યો ત્યારે કલ્યાણ કરવામાં કુશળ એવા શ્રીહરિ તૈયાર થયા અને અશ્વને દોડાવીને **કારિયાણી** ગામ આવ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'ગઢપુરથી નીકળેલા શ્રીહરિ ઝીંઝાવદર થઈને કારિયાણી પધાર્યા' એ નામે સાડત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૭॥



પૂર ચૌદમું : તરંગ - ૩૮

દુષ્કાળ પડવાની સંભાવના શ્રીહરિએ કુંડળમાં કહી

કારિયાણી આખું ગામ સત્સંગી હતું. બધા શ્રીહરિની સન્મુખ આવ્યા. સહુ શ્રીહરિનાં ચરણોમાં પડ્યા અને શ્રીફળ ભેટ મૂક્યાં. ૧. રાત રહેવા માટે તે હરિભક્તોએ બહુ જ વિનતિ કરી. 'અમે ફરી વાર આવશું' એમ કહીને શ્રીહરિ ચાલતા થયા. ૨. હરિભક્તો જે શ્રીફળ લાવ્યા હતા તે પ્રસાદી કરીને પાછાં આપ્યાં. પછી શ્રીહરિ ત્યાંથી **સમઢિયાળા (શેટાના)** ગામ આવ્યા. ૩. ત્યાંના જે હરિભક્તો હતા તે શ્રીહરિનાં દર્શન કરવા માટે આવ્યા. સહુ ચરણોમાં પડ્યા અને શ્રીફળ ભેટ મૂક્યાં. ૪. પરમ સુખધામ શ્રીહરિએ તે શ્રીફળ પ્રસાદીનાં કરીને હરિભક્તોને પાછાં આપ્યાં, તે પછી **કુંડળ** ગામ આવ્યા. ૫.

મામૈયા પટગીરને ઘેર આવ્યા અને ત્યાં એક રાત જ રોકાયા. અમરા પટગીર નામે દરબાર પણ આવ્યા. તેઓ સહુ ગામધણી હતા. ૬. શ્રીહરિનાં દર્શન કરવા સહુ પાસે આવ્યા. બધા ભક્તોએ દાસભાવથી કહ્યું, મહારાજ ! અમે આજ અહીંયાં રસોઈ કરાવીએ છીએ. તેથી આપની રજા લેવા આવ્યા છીએ. ૭. અશ્વને માટે અને ઊંટોને માટે જે જોઈએ તે ઘાસ અને ચંદી પહોંચાડીએ છીએ. શ્રીહરિની સાથે જે દરબારો હતા તેમણે નદીને કાંઠે મુકામ કર્યો હતો. ૮. સહુએ પોતપોતાના તંબુ ખેંચીને ઊભા કરી દીધા હતા. નદીને ઉત્તર કાંઠે સહુએ મુકામ કર્યો હતો. ૯. તેમને જે સરસામાન જોઈતો હતો, તે બધો અમરા પટગીરે પહોંચાડી દીધો. તેમને સેવા કરવામાં રુચિ બહુ હતી. તેથી તેના દિલમાં ઉત્સાહ ઘણો જ હતો. ૧૦.

સેવા કરી શકે તેવી તેમના ઘરમાં સંપત્તિ પણ હતી. દેખાવમાં મોટી હાથણી જેવી, એકસો જેટલી તો નાઘેરી ભેંશો તેમને ઘેર હતી. ૧૧. અને તેટલી જ સારી કોઈ ભાતની ગાયો હતી. તેમને ઘેર દૂધ, દહીંની તો એલી રહેતી હતી. શ્રીહરિની રજા લઈને તેમણે રસોઈ કરાવી. પછી તે જમીને શ્રીહરિ ઘણું રાજી થયા. ૧૨. તેમણે શ્રીહરિને પોતાને ઘેર પધરાવીને જમાડ્યા

હતા. ઘરમાં જેટલું દૂધ અને દહીં હતું, તે બધું લાવીને આગળ મૂક્યું. ૧૩. તેમણે શ્રીહરિને કહ્યું, આટલું દૂધ અને દહીં છે, તો આપ જમો અને બીજું સહુને જમાડી દો, તો અમને બહુ આનંદ થાય. ૧૪. ઘણા જ ભાવથી આ દૂધ, દહીંને આપ જમો અને સહુને જમાડો. આપના ઉપયોગમાં જે આવે તેટલો જ અમારે લાભ છે. ૧૫. જે કોઈ પણ વસ્તુ આપના ઉપયોગમાં આવે તેટલી જ સાર્થક છે. જે આપના ઉપયોગમાં ન આવે તે ઇંદ્ર અને બ્રહ્માની વસ્તુ સુધીનું બધું નિઃસાર (નકામું) છે. ૧૬.

દરબાર અમરા પટગીરનો શુભ ભાવ જોઈને શ્રીહરિ દૂધ અને દહીં વગેરે બધું જમ્યા. પછી જે દૂધ અને દહીં હતું તે બધું સાથે આવેલા દરબારોને જમાડ્યું. ૧૭. બહુનામી શ્રીહરિએ દૂધનાં અને દહીંનાં ભરેલાં પાત્ર પોતાના હાથમાં લીધાં. અમરા પટગીરનો પ્રેમભાવ જોઈને પીરસવા લાગ્યા. ૧૮. દૂધ, સાકર અને ભાત તથા દહીં, સાકર અને ભાત, સહુને જમાડીને અમરા પટગીરને શ્રીહરિએ ખુશી કર્યા. તેમણે શ્રીહરિને કહ્યું, જ્યારે અમારે ઘેર આવો ત્યારે આવો ઉત્સવ કરવો. ૧૯. આપ આવીને જ્યારે આવો ઉત્સવ કરો ત્યારે અમને બહુ આનંદ થાય છે. જે દેશમાં દહીં, દૂધ અને સાકરનો વરસાદ અખૂટ થાતો હોય, ૨૦. તે દેશમાં જેટલા ઉત્સવ થાય તે બધા સર્વોપરી કહેવાય છે.

ત્યારે શ્રીહરિએ કહ્યું, આવો જે ઉત્સવ થાય, તે તો વરસાદના હાથમાં છે. ૨૧. દેશમાં જ્યારે યજ્ઞનો ભંગ થાતો હોય છે ત્યારે દેવો તે દેશ ઉપર અતિ કોપ કરે છે અને જ્યારે તે કોપથી વરસાદ ન થાય ત્યારે ત્યાંના રાજા જેવાને પણ દુઃખ આવી પડે છે. ૨૨. જ્યારે દેવ અતિ કોપે છે ત્યારે વિનાશકારી ભૂકંપ પણ થાય છે. સર્વે પરમેશ્વરના નિયમમાં રહ્યા છે અને તેથી સહુ ઈશ્વરથી ડરતા રહે છે. ૨૩. છતાં દૈવીકોપ કાંઈક ભાવ ભજવે છે. તે વખતે ભૂમિ ઉપર સૌને કષ્ટ આવે છે. અતિવૃષ્ટિ થાય તે પણ દૈવીપ્રકોપ કહેવાય છે. ૨૪. ભલે અનાજ અપાર પાકે, પણ તે લીધા પહેલાં જ્યારે પુષ્કળ તીડ આવે છે ત્યારે તે બધા અનાજનો નાશ કરે છે. એવા તો અપાર દૈવીકોપ છે. ૨૫.

દૈવીપ્રેરણાથી કોઈ રોગ આવે, તેનાથી કોઈ રાજા હોય કે રાંક હોય, બધાનો નાશ એક પળવારમાં થઈ જાય છે, તેમાં કાંઈ શંકા નથી. ૨૬. પહેલાં વરસાદ આવે, લોકો વાવણી કરે, પછી વાવેતર ઊગી જાય અને મોલાત એક મહિનાની થઈ જાય. ૨૭. તે પછી આકાશમાં મોટા પહાડ જેવાં વાદળાં દિવસે ચઢી આવે, પણ એક ટીપુંએ વરસાદ પડે નહિ, પછી તો કૂવાના પાણીની આશા રહે. ૨૮. ત્યારે દરબારે પૂછ્યું, જ્યારે કોઈ મોટો દુષ્કાળ પડવાનો હોય, તેની અગાઉથી ખબર કેમ પડે ? કે જેનાથી પહેલાથી ઘણું અન્ન ભેગું કરી રખાય ? અને પછી લગારેય દુઃખ ન આવે ? ૨૯. ત્યારે શ્રીહરિએ કહ્યું, દક્ષિણ નૈઋત ખૂણા તરફ જ્યારે કેતુનો ઉદય થાય, ત્યારે દુષ્કાળ પડવાની સંભાવના હોવાથી અનાજનો સંઘરો કરવો જોઈએ અને ત્યારે પશુનો લોભ પણ ન રખાય. ૩૦. તેવા સમયમાં તો પશુને વેચીને પણ અનાજ લેવું. કુસંગીને તેવી સલાહ આપવી નહીં. કારણ કે, પરમેશ્વરની વાત તો ઘણી અકળ છે. આપણે ધારીએ તેવું કદાચ ન પણ થાય. ૩૧.

ભગવાન તો ભક્તાધીન છે. ભક્તની માગણી પ્રમાણે ભગવાન તરત જ કરે છે. તેથી કુસંગીને કહેવાથી તો તેને અભાવ આવે, અને તેને કહેવાનું કાંઈ પ્રયોજન પણ નથી. ૩૨. જેને અમારો અભાવ ન આવે એવા જે સમજણા હરિભક્તો હોય તેમણે બે વરસ ચાલે તેટલો અનાજનો સંઘરો કરવો. ૩૩. ઘર વપરાશનો હિસાબ કરીને તેને અનુસારે અનાજ રાખવું અને ઘાસચારાથી જે સાચવી શકાય તેટલા ઘરને આંગણે પશુ રાખવાં. ૩૪. જેને કૂવો-વાડીની સગવડતા હોય તેણે અનાજ અને ઘાસ પેદા કરવું. સોનું કે ચાંદી ચાહે તેટલા હોય, તે ખાવામાં કામ લાગતા નથી. ૩૫.

ગોળ કે ઘી વિના જીવન ચાલે, અનાજ વિના એક દિવસ પણ ચાલે નહીં. યજ્ઞમાં જેણે વિઘ્ન કર્યું છે તેના ઉપર દેવ રૂઠ્યા છે. ૩૬. રાજ્યના મદને લીધે શિવના યજ્ઞનો ભંગ કર્યો છે, એટલે તેનો મદ ઉતારી નાંખે એટલું કાળનું કદ(માપ) રહેશે. ૩૭. જ્યારે શિવનો કોપ થાય છે ત્યારે અગિયાર કોટિ રુદ્ર પણ કોપ કરે છે અને ત્યારે બધા સાગર પણ ખળભળી જાય છે. ૩૮. ભૂમિ પાણીને ચોરી લે છે અર્થાત્ જમીનમાં પાણી રહેતું નથી. વૃક્ષો ઉપર ફળ આવતાં

નથી. મનુષ્યોને પીડા થાય છે. મનુષ્ય મનુષ્યનું ભક્ષણ કરે છે. ૩૯. ત્યારે દરબાર અમરા પટગીરે હાથ જોડીને શ્રીહરિને કહ્યું, મહારાજ ! અમારા રક્ષક તો આપ છો. અમે આપને શરણે છીએ. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'શ્રીહરિએ દુષ્કાળ પડવાની સંભાવના કુંડળમાં કહી' એ નામે આડત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૮॥



પૂર ચૌદમું : તરંગ - ૩૯

ભીમનાથના મહંતનો સત્કાર સ્વીકારીને શ્રીહરિ ઝીંઝર આવ્યા

દરબાર અમરા પટગીરે તે વખતે શ્રીહરિની પૂજા કરી. પછી પોતે પોતાના મુકામ ઉપર આવ્યા. મશાલ તૈયાર કરી હતી. ૧. શ્રીહરિ સવારમાં કુંડળથી ચાલી નીકળ્યા, **ભીમનાથ** પહોંચ્યા. ત્યાં ભીમનાથજીનાં દર્શન કરીને ચાલતા થયા ત્યારે ત્યાંના મહંત એકદમ દોડતા આવ્યા. ૨. તેના દિલમાં ઘણો ઉત્સાહ હતો. શ્રીહરિ ઉપર હેત દર્શાવીને ભોજન કરવા માટે બહુ વિનંતી કરી. ત્યારે શ્રીહરિએ કહ્યું, હજી તો સવાર છે અને અમારે જાવું છે. ૩. પછી તેણે સહુને એકેક શેર સુખડી, ગાંઠિયા અને ચણાના દાળિયા વગેરે ટીમણના રૂપમાં આપ્યું અને શ્રીહરિને માટે પેંડા આપ્યા. ૪. તેણે હાથ જોડીને શ્રીહરિને કહ્યું, આ જગ્યા (દેવ સ્થાન) આપની જ છે. આપના પ્રતાપથી અમારે જે જોઈએ તે મળી રહે છે. ૫.

ત્યારે શ્રીહરિએ તે મહંતને કહ્યું, જ્યાં સુધી તમે જગ્યામાં નારી રાખતા નથી ત્યાં સુધી ભીમનાથજી ઘણા પ્રતાપી રહેશે. દારૂ અને માંસનો ત્યાગ રાખવો અને કોઈ જાતનો ફેલ કરવો નહીં. ૬. **આ દુનિયાનાં જેટલાં વિષયનાં સુખ છે તે જીવને બંધન કરનારાં છે.** પતંગિયાં દીવાના તેજમાં સુખ માનીને કૂદી પડે છે, પણ તેમાં તેનું મોત થાય છે. ૭. તે રીતે જ સંસારના જેટલા જીવો છે તે બધા સત્પુરુષના યોગના અભાવે સંસારના સુખરૂપી દીવામાં પડીને પુષ્કળ પ્રમાણમાં મરી જાય છે. ૮. પછી તે વિષયી જીવોના જન્મમરણનો

છેડો આવતો નથી. જમપુરીમાં જમનો માર બહુ ખાય છે. હરિ અને હરથી-નારાયણ અને મહેશ્વરથી વિમુખ તે જીવો લખચોરાશીનાં જે દુઃખો છે તેને ભોગવે છે. ૯. શ્રીનારાયણ અને મહેશ્વરની સમજણ એકસરખી અર્થાત્ અવિરોધી છે. મૂર્ખ લોકોના મત અનેક હોય છે. જેટલી બાબત ધર્મયુક્ત હોય છે તે બધી શુભ ફળને આપે છે. ૧૦.

જેટલી બાબત અધર્મવાળી હોય છે તે બધી અશુભ ફળને આપે છે. શરીરમાં અને જીવમાં જે કાંઈ દુઃખ થાય છે. તે સિવાયનાં પણ જે જે દુઃખ હોય છે, ૧૧. તે બધાં અધર્મનાં અશુભ ફળરૂપ છે, અને તે પ્રત્યક્ષ દેખાય છે. મનુષ્યદેહ સિવાયના જે પશુ-પક્ષીથી માંડી લીખ સુધીના દેહો, ૧૨. અને જેને જરાયુજ, અંડજ, ઉદ્‌ભિજ્જ અને સ્વેદજ કહેવાય છે, તે બધા જ પ્રકારના દેહ અધર્મના ફળરૂપ છે. ૧૩. **મનુષ્યનું શરીર ધર્મના ફળરૂપ છે. અને મનુષ્યશરીરમાં પણ જે દુઃખ આવે છે તે અધર્મનું ફળ છે અને સુખ આવે છે તે ધર્મનું ફળ છે. ૧૪.**

ત્યારે તે મહંતે બે હાથ જોડીને નિષ્કપટભાવે કહ્યું, આપ મહાન સત્પુરુષ છો, તેથી આપે બધી વ્યવસ્થિત અને સત્ય વાત કહી છે. ૧૫. આપ એક જ સત્પુરુષ છો. આપની બધી વાત સાચી છે. આપના સિવાય બીજા અનેક મતો પોતપોતાનું પેટ ભરનારા છે. ૧૬. અમારા(શૈવોના) મોટા મોટા મઠ છે, તેમાં કોઈ એક પણ માયા વગરના નથી. હાથી, ઘોડા, ઊંટ, મ્યાના, ગાડી અને બળદ વગેરે રાખે છે. ૧૭. કેટલાએ મોટા મોટા બંગલા કરાવ્યા હોય છે. મોટા રાજાના જેવું કમઠાણ ભેળું કર્યું હોય છે. જગ્યામાં તોપ અને બંદૂકોના જેવાં અપાર હથિયારો પણ રાખે છે. ૧૮. ગામ અને ગરાસ હોય છે. લેણદેણ પણ કરે છે. પગાર આપીને નોકર રાખે છે. જગતમાં અમારા જે અતીત કહેવાતા હોય છે તે રૂપિયા આપીને બધું લાવે છે. ૧૯. જે દુઃખી ઘર-પરિવારમાંથી આવ્યા હોય તેને ક્યારેય ધર્મ ગમે નહીં. જે ન મળે તેનો ત્યાગ રાખે છે અને જે મળે તેનો લાગ ક્યારેય ભૂલતા નથી. ૨૦.

મળે છતાં જે ત્યાગ રાખે, તેની તો તેઓ મશ્કરી કરતા હોય છે. શરીરને લાડ લડાવવાનું જ એક તાન હોય છે. અફીણ અને હોકાને તો રાતદિવસ

પીતા રહે છે. ૨૧. ગંજીફાની અને સોગઠાની રમતમાં કુશળ હોય છે, પણ જીવના મોક્ષમાં ક્યારેય મન દેતા નથી. જેની જેવી રુચી હોય, સદાય તેવું તેઓ કરતા રહે છે. ૨૨. અશુભ ફળ મળે તેવું જ તેઓ રાતદિવસ કામ કરે છે. તેઓ દૂધ કે પાણીને ક્યારેય ગાળતા નથી. જેને તેને મુખથી ગાળો દેતા હોય છે. ૨૩. નારાયણ અને મહેશ્વર(હરિ અને હર)થી તો તેઓ ઘણા દૂર જ રહે છે. એવાનો ઉદ્ધાર ક્યાંથી થાય ? શિવપુરાણમાં જે શુભ વાત કહી છે, તેનો તો તેઓ નાશ કરતા હોય તેવું દેખાડે છે. ૨૪. આપ જે જે વસ્તુને તજાવો છે તેને તેઓ બધા કરે છે. ક્યારેક મુખથી 'હર હર હર' એવું બોલે છે અને તે રીતે અતીત નામ રહ્યું છે. ૨૫.

પૂર્વના કોઈ પુણ્ય-યોગથી મને સત્સંગની રીત સાચી મનાણી છે. તે સિવાયનું કાંઈ મનમાં ગમતું નથી. ૨૬. હું બધી રીતે અતીતની જેમ રહું છું. બહુ વધારે આત્મબળ મારામાં નથી. મરતી વખતે તો ક્યાંયના નહિ રહેવાય. ૨૭. અમારા અતીતોમાં એક પ્રભાતગીરી જ એવા સિદ્ધ રહ્યા છે કે બધું જગત તેને માને છે અને મોટા રાજાઓ પણ તેમને નમે છે. ૨૮. તેમના મસ્તકે મોટી જટા હતી. તેઓ વગર કૌપીને સદા દિગંબર રહ્યા છે. તેમના મનમાં સ્ત્રીનો ઘાટ-સંકલ્પ પણ ઊઠતો નથી. અને મુખથી જે બોલે તે સિદ્ધ થાય છે. ૨૯. પરંતુ તે સિદ્ધિમાં તેઓ લાભ ક્યારેય દેખતા નથી. ભગવાન મળ્યા વિના તો મનમાં ગેરલાભ માને છે. આપના શિષ્ય સંત મુક્તાનંદસ્વામીને, તેઓ ભણવા ગયા હતા ત્યાં મળ્યા હતા. તેમણે પાપોનો નાશ કરે એવી વાત કહી. તે પ્રભાતગીરીના ચિત્તમાં ચોંટી ગઈ, તે સંતમાં તેમને વિશાળ ધર્મનું સ્વરૂપ દેખાયું. ૩૦-૩૧.

શાસ્ત્રોમાં જે ભગવાન કહેવાય છે તે આ સંતને ચોક્કસ મળ્યા હશે. તે મળ્યા વિના મુખમાંથી આવી વાતો નીકળે નહીં. ચોક્કસ આ સ્વામીને પ્રકટ ભગવાન દર્શન દેતા હશે. તેમ તેમણે માન્યું. ૩૨. પછીથી તેઓ નિયમ ધારીને ભગવાનના હરિભક્ત થયા. તેમણે બીજા અતીતોનો ભય છોડી દીધો. સ્વભાવથી તેઓ કોઈથી દબાય તેવા તો હતા જ નહીં. જુઓને, તેમણે ડભાણમાં આવીને મસ્તક ઉપરથી જટા ઉતારી નાખી હતી. ૩૩.

આપ શ્રીહરિએ તેમને એટલું વચન કહ્યું કે, આટલો મોટો જટાનો ભાર શા માટે રાખ્યો છે ? ત્યારે તેમણે કહ્યું, જેવી આપની મરજી. હવે મને જટાનું અભિમાન લેશમાત્ર નથી. ૩૪. તેમના બે શિષ્યો હતા. તેમને પૂછ્યું, ત્યારે તેમણે પણ હા કહી. પછી વાળંદને પાસે બોલાવ્યો. અને ત્રણે જણે જટા ઉતરાવી નાખી. ૩૫.

ભીમનાથજીના મહંતે કહ્યું, અમારામાં એટલું બધું બળ નથી. તે આપ તો બધું જાણો જ છો. માયા ક્યારેય છૂટતી નથી. ૩૬. જ્યાં સુધી શરીરમાં જીવ નિવાસ કરીને રહેશે ત્યાં સુધી માયા ગળામાં પાશ નાખીને રહેલી જ છે. ૩૭. ત્યારે શ્રીહરિએ તે મહંતને કહ્યું, તમે સત્સંગ ઉપર ભાવ રાખજો તો તમારો ઉદ્ધાર થાશે. જેવો ભાવ રાખશો તેવું ફળ મળશે. ૩૮. આટલું કહીને શ્રીહરિ ચાલતા થયા. આગળ જાતા **પરબડી** ગામ આવ્યા. અને ત્યાંથી **ઝીંઝર** ગામ આવ્યા. ત્યાં સહુએ સ્નાન કર્યું અને પછી ટીમણ કર્યું. ૩૯.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'ભીમનાથના મહંતનો સત્કાર સ્વીકારી ઝીંઝર આવ્યા અને ત્યાં ટીમણ કર્યું' એ નામે ઓગણચાલીશમો તરંગ સમાપ્ત ||૩૯||



પૂર ચૌદમું : તરંગ - ૪૦

ઝીંઝરથી ફરતા ફરતા શ્રીહરિએ ગુડેલમાં સત્સંગનો મહિમા કહ્યો

ઝીંઝર ગામમાં જેટલા હરિભક્તો હતા તે બધા દર્શન કરવા આવ્યા. સહુ શ્રીહરિનાં ચરણોમાં પડ્યા અને શ્રીહરિ તો ત્યાંથી ચાલતા થયા. ૧. **કોઠડિયા** ગામ થઈને **રોઝકા** આવ્યા. અવિનાશી શ્રીહરિ તો અશ્વ ઉપર જ બેઠા રહ્યા. ૨. ગામમાં જેટલા હરિભક્તો હતા તેઓ બધા દર્શન કરવા આવ્યા. બધા હાથમાં શ્રીફળ લાવ્યા હતા અને તે અલબેલા શ્રીહરિની આગળ ભેટ મૂક્યાં. ૩. સુખધામ ઘનશ્યામ શ્રીહરિએ શ્રીફળ પ્રસાદીનાં કરીને પાછાં આપ્યાં અને ત્યાંથી ચાલતા થયા તે **ખસતા** ગામ આવ્યા. ૪. ખસતા ગામમાં પણ વિપ્ર અને ક્ષત્રિય પાકા હરિભક્ત હતા. તે બધા દર્શન કરવા આવ્યા અને હાથમાં શ્રીફળ લાવ્યા હતા. ૫.

શ્રીફળ શ્રીહરિના હાથમાં આપ્યાં. પછી સહુ શ્રીહરિનાં ચરણોમાં પડ્યા. તે શ્રીફળ શ્રીહરિએ પ્રસાદી કરીને પાછાં આપ્યાં. ત્યાંથી રંગભીના ઘનશ્યામ ચાલ્યા. રણ ઊતરીને **પચ્છમ** ગામ આવ્યા. તળાવની પાસે મુકામ કર્યો. દરબારોએ ત્યાં તંબુ ખેંચાવીને ઊભા કર્યા. ૬-૭. શ્રીહરિનો તંબુ અધવચ્ચે હતો. તેના ઉપર સોનાનો કળશ હતો. ચંદનીમાં શ્રીહરિએ સભા કરી. સાથે જે હતા તે બધા દરબારો આવીને પાસે બેઠા. ૮. ગામના બધા હરિભક્તો શ્રીહરિનાં દર્શન કરવા આવ્યા. મશાલો કરીને રસોઈ કરાવી. અશ્વોને માટે ચંદી અને લીલું ઘાસ મંગાવ્યું. ૯. ગામમાં જેટલું દૂધ થાતું હતું તે બધું ગામ લોકો ઉમંગથી લાવ્યા. રસોઈમાં કંસાર અને ભાત કર્યો હતો તે શ્રીહરિ જમ્યા. ૧૦.

ભાત સાથે દૂધ અને સાકર જમ્યા. શ્રીહરિએ કહ્યું એમાં સ્વાદ ઘણો જ છે. ભૂખ વિના કોઈને સ્વાદ લાગતો નથી. બધા સ્વાદ ભૂખમાં જ રહ્યા છે. ૧૧. આમ કહીને શ્રીહરિએ પાર્ષદો અને દરબારોની પંગત કરાવી. બધા જ્યારે કંસાર જમી રહ્યા ત્યારે ભાત પિરસાવ્યો. ૧૨. તે સમયે ભક્તોના આધારરૂપ શ્રીહરિએ દૂધ અને સાકર પીરસી. જમનારા સહુને તૃપ્ત કર્યા. ૧૩. રાત દોઢ પહોર ગઈ ત્યારે (રાતે ૧૦-૩૦) શ્રીહરિ પોઢી ગયા અને સવારે ઊઠ્યા. ૧૪. તૈયાર થઈને ચાલ્યા. **કમિયાળા** ગામ આવ્યા. ત્યાં જે હરિભક્તો હતા તે બધા દર્શન કરવા આવ્યા. ૧૫.

પછી કમિયાળાથી શ્રીહરિ **પીપળી** ગામ આવ્યા. ત્યાંના દરબાર દાદાભાઈ સારા હરિભક્ત હતા. તેઓ પણ શ્રીહરિની સાથે તૈયાર થઈને ચાલ્યા. ૧૬. મિતલી ગામ તરફ થઈને ચાલ્યા અને ત્યાં સાબરમતી નદી ઊતર્યા. જ્યાં ભોગાવો નદીનો સાબરમતી સાથે સંગમ થયો છે ત્યાં શ્રીહરિએ સ્નાન કર્યું. ૧૭. બધા દરબારો અને પાર્ષદોએ પણ ત્યાં સ્નાન કર્યું અને પછી ત્યાં સાથે હતું તે ટીમણ કર્યું. ત્યાંથી ચાલ્યા, તે **મિતલી** ગામ થઈને **રોણ** ગામ આવ્યા. ૧૮. ત્યાંથી પછી શ્રીહરિ **ગુડેલ** ગામ (ત્રણે ગામ તા. ખંભાત) આવ્યા અને ત્યાં મુકામ કર્યો. ત્યાં જીભાઈ નામે સારા ક્ષત્રિય હરિભક્ત હતા. તેઓ શ્રીહરિની સન્મુખ આવ્યા. ૧૯. તેમનું કુટુંબ બધું

સારું સત્સંગી હતું. તેઓ પણ તે વખતે દર્શન કરવા આવ્યા, તે સિવાયના જે પાટીદાર હરિભક્તો હતા તેઓ પણ દર્શન કરવા માટે ત્યાં આવ્યા. ૨૦. સુંદર સારી વિશાળ જગ્યા જોઈને તળાવ કાંઠે મુકામ કર્યો. દરબારોએ પોતપોતાના તંબુઓ ખેંચાવીને ઊભા કર્યા. ૨૧.

શ્રીહરિનો તંબુ સહુની વચ્ચે હતો તેની આગળના ભાગમાં ચંદની ખેંચી હતી. તે ચંદનીની નીચે સુંદર પલંગ બિછાવ્યો હતો. તેના ઉપર આવીને શ્રીહરિ બેઠા. ૨૨. શ્રીહરિની સાથે જે દરબારો હતા, તેમની અનુપમ સભા થઈ. તે ગામના બધા હરિભક્તો સેવા કરવામાં લાગી ગયા. ૨૩. મનમાન્યા ચંદી અને ઘાસ લાવ્યા. નવા સારાં ગોદડાં અને પાથરણાં પણ લાવ્યા. રસોઈમાં કંસાર અને ભાત તૈયાર કરાવ્યો. મનમાન્યું દૂધ લઈ આવ્યા. ૨૪. દૂધ જે હરિભક્તો લાવ્યા હતા તેમાં સાકર નાખી. પહેલા શ્રીહરિ જમ્યા. પછી દરબારોને જમાડ્યા. ૨૫. બધા પાર્ષદોને જમાડ્યા. વર્ણી અને વિપ્રો પણ જમ્યા. જે રસોઈ વધી હતી તેનાથી બધા હરિભક્તોને પણ જમાડ્યા. ૨૬. સહુ જ્યારે જમી રહ્યા ત્યારે કામકાજમાંથી નિવૃત્ત થયા. પછી ધર્મકુમાર શ્રીહરિ પોઢી ગયા. અને હરિભક્તો ચોકી કરી રહ્યા હતા. ૨૭. ગુડેલ ગામના બધા હરિભક્તોએ શ્રીહરિને કહ્યું, અમે કાયમ અમારા મનમાં જે મનોરથ કરતા હતા તે આજે આપે સફળ કર્યા છે. ૨૮.

❋ સત્સંગની પ્રધાનતા :

ત્યારે શ્રીહરિએ સહુને કહ્યું, **હરિભક્તોનો જેવો ભાવ હોય છે, તેને ભગવાન પૂરો કરે છે. આજે જે આપણા સત્સંગમાં છે તે બધા ઘણા ભાગ્યશાળી છે. એમ અમને દેખાય છે.** ૨૯. અમે બધા ગ્રંથ જોઈ લીધા છે. પાતાળથી લઈને બ્રહ્માના લોક સુધી પણ અમે વારંવાર જોઈ લીધું છે; પણ સત્સંગના સમાન ક્યાંઈ મોટાઈ દેખી નથી. ૩૦. **બ્રહ્માથી લઈને પ્રકૃતિપુરુષના લોક સુધી પણ અમે જોયું છે. આજે સત્સંગ સમાન બીજું કોઈ દેખાતું નથી. માટે સત્સંગને સહુથી અધિક કહ્યો છે.** ૩૧. કોઈ લોકો કરોડો યજ્ઞ કરાવે, રોજ કરોડો ગાયોનું દાન આપે, કોઈ નિત્ય ચાંદ્રાયણ વ્રતને કરતા રહે. ૩૨.

चोपाई :

कोटि वर्ष करे तीर्थ जो केहा, सत्संग नहीं मिलत हि एहा;
शिव जेसे समर्थ नहि केहु, सत्संग नित मागत हे एहु...३३
सत्संग मागत ब्रह्मा जेसे, सत्संग हे अति बडे तेसे;
देश काल कठन कर ताको, कबहु न त्याग करना वाको...३४

અને કોઈ કરોડો વરસ સુધી તીર્થોમાં ફરતા રહે, પણ તેમને સત્સંગ મળતો નથી. શિવજી જેવા કોઈ સમર્થ ન કહેવાય, પણ તેઓ સત્સંગને નિત્ય માગે છે. ૩૩. બ્રહ્મા જેવા પણ સત્સંગને માગે છે. એટલે સત્સંગ ઘણો મહાન છે. કઠણ દેશકાળ આવે તોપણ સત્સંગનો ત્યાગ ક્યારેય કરવો નહીં. ૩૪.

एसे देह मिलत बहु वेरा, सत्संग न मिलत कोउ फेरा;
इन्द्र ब्रह्मा सम कई वेरी, देह जो मिले हे घनेरी...३५
सत्संग एसे कब न मिलेऊ, हरिजन जानना एसे तेऊ;
भक्ति धर्म वैराग रु ज्ञाना, नियम शुभ केतेक रहाना...३६

આવો દેહ ઘણી વાર મળી શકે છે, પણ આવો સત્સંગ ફરીને મળે નહીં. કેટલીએ વાર ઈંદ્ર અને બ્રહ્માના સમાન ઘણા દેહ મળ્યા હશે, ૩૫. પણ આવો સત્સંગ પૂર્વે ક્યારેય મળ્યો નથી. હરિભક્તોએ પોતાના મનમાં એવું સમજી રાખવું જોઈએ. ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાન તથા તેમના જેવા કેટલાક શુભ નિયમો છે, ૩૬. તેમને પણ જે રીતે સત્સંગ રહે તે રીતે રાખવા.

આ વખતનો અવતાર સર્વોપરી છે. તેને લીધે સંતો પણ એવા જ છે. ૩૭. તે રીતે જ વર્ણીઓ, હરિભક્તો અને પાર્ષદો પણ એવા જ છે. એમ તેમનો મહિમા દૃઢ કરીને સમજવો, તો દિલમાં નિત્ય આનંદ રહે. ૩૮. જે રીતે અહીં કહ્યું તે રીતે સત્સંગનો મહિમા નિત્ય પ્રત્યે સમજવો અને તે સમજવામાં આવે તો જ જગતનાં વધારે સુખોને દેખીને જીવ ક્યારેય તેને માટે દીન ન થઈ જાય. ૩૯. **જે હરિભક્ત થઈને જગતનાં તુચ્છ સુખોને દેખીને ક્યારેક દીનતા માની લેતા હોય તેમણે હજી સતત સત્સંગ કરવાનો છે.** ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'ઝીંઝરથી નીકળીને ભાલ સોંસરવા શ્રીહરિ ગુડેલ આવ્યા અને સત્સંગનો મહિમા કહ્યો' એ નામે ચાલીશમો તરંગ સમાપ્ત ॥૪૦॥



પૂર ચૌદમું : તરંગ - ૪૧

બુધેજથી પત્ર લખીને સહુને વૌઠાના સમૈયામાં બોલાવ્યા

શ્રીહરિએ ગુડેલમાં હરિભક્તોની આગળ સત્સંગના મહિમાની અનુપમ વાત કહી. પછી દેવો, ઋષિઓ અને મનુષ્યોનું વિશેષપણે રક્ષણ-પાલન કરનારા તે પ્રભુ પોઢી ગયા. ૧. સવાર થયું ત્યારે ચાલતા થયા. **બુધેજ** ગામ આવ્યા. બધા હરિભક્તો હાથમાં ફૂલહાર લઈને સન્મુખ આવ્યા. ૨. બે ગામની વચ્ચે સુંદર સરોવર હતું ત્યાં આવ્યા. તેના નિર્મળ નીરમાં શ્રીહરિ નાહ્યા. ૩. જાતજાતનાં પોયણાં તળાવમાં ખીલ્યાં હતાં, તે ઘણાં સુંદર લાગતાં હતાં. ખીલેલાં પોયણાંથી તે તળાવ સફેદ લાગતું હતું અને પાણી ઘણું નિર્મળ હતું. ૪. શ્રીહરિની સાથે જે કોઈ ભક્તો હતા તે બધા ઘણા ભાવથી તળાવમાં નાહ્યા. શ્રીહરિ સ્નાન કરીને તળાવથી બહાર આવ્યા, ત્યારે અંગ ઉપર બધાં જરિયાની વસ્ત્ર પહેર્યાં. ૫. સોનાનાં ઘરેણાં અપાર પહેર્યાં હતાં. હરિભક્તોએ લાવીને ફૂલહાર પણ ઘણા પહેરાવ્યા. બધા હરિભક્તો શ્રીહરિનાં ચરણોમાં પડ્યા. શ્રીહરિ સહુને પ્રેમભાવથી મળ્યા. ૬.

શ્રીહરિએ હરિભક્તોને કહ્યું, અમારે તમારા ગામમાં દસ દિવસ રહેવું છે. અહીં મનમાન્યું ઘાસ મળે છે. અને અહીંના(ખંભાતના) નવાબ અમારી પાસેથી, કોઈ પણ જાતનો કર લેતા નથી. ૭. આપણા સત્સંગના સન્માર્ગને દેખીને તેઓ મનમાં ઘણો પ્રેમ રાખે છે. અને તેને નીતિ ઉપર ઘણો ભાવ છે તેને ક્યારેય અનીતિ રુચતી નથી. ૮. વળી, આ ગામમાં ચાલતા સદાવ્રતને કેટલાએ તીર્થવાસીઓ લે છે. શ્રીહરિ કહે, અમે પણ અહીંથી કેટલીયે વાર સદાવ્રત લીધું છે અને નીતિને લીધે અહીંનું રાજ્ય નિર્બાધ છે, સારું છે. ૯. મુખીઓને લીધે રાજ્ય નિર્બાધ રહ્યું છે અને તે ઠેકઠેકાણે જોઈ શકાય છે.

આપણા સંતો જેવા કોઈ બીજા સંત નથી. તેને નવાબ પણ જાણે છે. ૧૦. જૂનાગઢના નવાબ અમારી સાથે પ્રેમભાવ રાખે છે તેવો જ પ્રેમભાવ અહીંના નવાબ પણ રાખે છે. ક્યારેય કોઈ કડવું વેણ બોલતા નથી. ૧૧. તે રીતે તેમના કારભારીઓ પણ નીતિ ઉપર નિષ્ઠા રાખનારા છે. જેની નીતિ ઉપર નિષ્ઠા ન હોય, તેનો કારભાર છૂટી જાય છે. ૧૨.

લખનૌના જેવું રાજ્ય હોય, પણ જો તેમાં વધારે પડતી અનીતિ થાતી હોય તો તે રાજ્ય પણ એક પળવારમાં છૂટી જાય - નષ્ટભ્રષ્ટ થઈ જાય છે. કારણ કે અનીતિ તેવી જ ચીજ છે. ૧૩. હિંદુઓમાં સિંધિયાનાં રાજ્ય જેવું બીજું કોઈ મોટું રાજ્ય નથી. તેમાં પણ જો નીતિ ન હોય તો તે રાજ્યનો પણ લોપ (નાશ) થઈ જાય. કેમ જે, નીતિ એવી વસ્તુ છે. ૧૪. કરોડોની સંખ્યાનો ખજાનો હોય અને કરોડો તોપ રાખી હોય, પણ મોટા રાજ્યકર્તા વધારે અનીતિ કરવા લાગે છે ત્યારે તે બધું એક પળવારમાં ખોટું થઈ જાય છે. ૧૫ અનીતિને લીધે બુદ્ધિમાં અંધકાર વ્યાપી જાય છે. કોઈ પણ જાતનો વિવેક રહેતો નથી. પછી તે ન કરવાનું કરવા લાગે છે. ૧૬.

ત્યારે હરિભક્તોએ કહ્યું, અમારા નવાબ ઘણા બુદ્ધિમાન છે. તેઓ નીતિ ઉપર જેવું તાન રાખે છે, તેવી તેના રાજ્યમાં સુખ, સંપત્તિ છે. ૧૭. ઘઉંના જેવું બીજું કોઈ સારું અન્ન નહીં. તે અમારા નવાબના રાજ્યમાં ઘઉં ઘણા થાય છે. નવાબ કહે છે, **મોટા પુરુષો વરસાદ કરે છે ત્યારે રાજ્યમાં અનાજ થાય છે. ૧૮. રાજ્યની જેટલી સમૃદ્ધિ છે તે બધી મોટા પુરુષોના હાથમાં છે.** જ્યાં સુધી તે મોટાને દિલમાં રાખશું ત્યાં સુધી બધી સમૃદ્ધિ રહેશે. ૧૯. ખંભાતના જેવું ક્યાંય બંદર નથી. તેની સુખ, સંપત્તિ તો મોટાના હાથમાં છે. માણસ મોટા મનોરથો તો ઘણા કરે છે, પણ માણસનું ક્યારેય જરાય ચાલતું નથી. ૨૦. અમારા બાળકો પણ કોઈ મોટાનો અનાદર ન કરે, અમે તો સાહેબ(પરમેશ્વર)ની પાસે એટલું માગીએ છીએ. સાહેબ તો તલ તલ જેટલુંએ જાણે છે. ૨૧.

આ દુનિયામાં જે રહેવું તે આપણા હાથમાં નથી. અને એટલી આ વાત ચોક્કસ છે, એમાં કાંઈ મિથ્યા કહેતો નથી. ૨૨. દુનિયાની જે રાજ્ય-સમૃદ્ધિ છે,

તે માટીના કાચા ઘડા જેવી છે. તે આપણી આંખોની આગળ પ્રત્યક્ષ દેખાય છે. જ્યારે આ બાબતને ભૂલી જવાય છે ત્યારે અકળાઈ જવાય છે, ચેન રહેતું નથી. ૨૩. ત્યારે શ્રીહરિએ કહ્યું, જગતમાં આવી સમજણવાળા લોકો બહુ જ થોડા હોય છે. આમ બોલીને શ્રીહરિ તે તળાવને કાંઠેથી ચાલ્યા. આગળના ભાગમાં વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગતાં હતાં. ૨૪. શ્રીહરિ જે અશ્વ ઉપર બેઠા હતા તે સોનેરી સાજથી ભર્યો હતો. શ્રીહરિના મસ્તક ઉપર સોનેરી છત્ર હતું. તે અદ્‌ભુત રીતે શોભતું હતું. ૨૫.

ચોપદાર હાથમાં સોનાની છડી લઈને 'જય જય' 'જય જય' આવી જય ઘોષણા કરતો ચાલતો હતો. એવી શોભા ક્યાંય હોતી નથી. ૨૬. જેટલા બંદૂકધારી પાર્ષદો હતા તેઓ ચાલતા ચાલતા વારંવાર બંદૂકોના અવાજ કરતા હતા. ૨૭. શ્રીહરિની આવી સવારીને જે લોકો દેખતા હતા. તેઓ ઘણા જ વિસ્મિત થાતા હતા. કારણ કે તેમણે આવી શોભા ક્યારેય દેખી ન હતી. ૨૮. શ્રીહરિ જ્યારે ગામમાં પ્રવેશ્યા ત્યારે બધા જ ગામવાસી લોકો આવીને રાજમાર્ગમાં બંને બાજુએ ઊભા હતા. સહુના હાથમાં શ્રીફળ લીધેલાં હતાં. ૨૯. વળી, સહુના હાથમાં ફૂલહાર પણ હતા. નજીક આવતા સહુ શ્રીહરિને તે ફૂલહાર પહેરાવતા હતા. ખીલેલા ફૂલવાળો બાગ જેવો શોભે, તેવી બધી બજાર ફૂલહારોથી શોભતી હતી. ૩૦.

શ્રીહરિ બજારે ચાલ્યા આવતા હતા, ત્યારે ફૂલહારનો અને શ્રીફળોનો કોઈ પાર રહ્યો ન હતો. બુધેજના દરબાર હઠીભાઈ અને તેમના ભાઈ હરિભાઈ હતા, તેમને ભવન શ્રીહરિ આવીને ઊતર્યા. ૩૧. બીજા બધા જે દરબારો હતા તેમને અલગ અલગ ઘેર ઘણા સારા ઉતારા અપાવ્યા. કારણ કે ગામના બધા હરિભક્તોને ઘણો જ ભાવ હતો. ૩૨. શ્રીહરિ બુધેજમાં દસ દિવસ સુધી રહ્યા. ત્યાં સુધી ત્યાંના બધા હરિભક્તોએ દિનપ્રતિદિન વધારે વધારે ભાવ કરીને અપાર સેવા કરી હતી. તેનાથી શ્રીહરિ તે ભક્તો ઉપર ઘણું જ રાજી થયા. ૩૩. તે વખતે નિત્યાનંદસ્વામી આદિ સંતો, જે ભણતા હતા, તેઓ શ્રીહરિનાં દર્શન કરવા બુધેજ આવ્યા. શ્રીહરિ પ્રસન્ન મનથી સહુ સંતોને બાથમાં લઈને ભેટ્યા. ૩૪.

તે વખતે શ્રીહરિએ બાઈભાઈ બધાં જ હરિભક્તોને કહ્યું, આ વખતે અમારે વૌઠામાં સમૈયો કરવો છે. ૩૫. વૌઠામાં માણસો કેટલા આવે છે તે અમારે સમૈયો કરીને જોવું છે. આમ કહીને સુખધામ શ્રીહરિએ પત્ર લખીને ગામેગામ સમાચાર પહોંચાડ્યા. ૩૬. જે દેશ અને ગામમાં હરિભક્તો રહેતા હતા અને સાધુઓ ફરતા હતા, તે બધા ઉપર ઘનશ્યામ શ્રીહરિએ પત્ર મોકલ્યા. ૩૭. મુખ્ય સંતો અને મુખ્ય હરિભક્તોનાં નામ લખ્યાં. અને સમૈયાને દિવસે સહુએ આવવું એમ લખ્યું. ૩૮. વિક્રમ સંવત્ ૧૮૬૮ના કાર્તિક સુદિ ચૌદશના રોજ વૌઠામાં સમૈયો છે એટલે સહુએ ત્યાં આવવું. ૩૯. પત્ર સાંભળીને સુરતના હરિભક્તોનો મોટો સંઘ જે આવી રહ્યો હતો તે શ્રીહરિ જે ગામ હતા ત્યાં આવ્યો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'બુધેજમાં રહીને વૌઠા સમૈયો કરવા સૌને પત્રથી બોલાવ્યા' એ નામે એકતાલીશમો તરંગ સમાપ્ત ॥૪૧॥



પૂર ચૌદમું : તરંગ - ૪૨

સંતો અને હરિભક્તોની આગળ શ્રીહરિની વાતો કહેવાની રીત

જ્યારે સુરતનો સંઘ આવ્યો ત્યારે તેના સમાચાર સાંભળીને મહારાજાધિરાજ શ્રીહરિ બધી સવારી લઈને સામા ગયા. અપાર વાજિંત્રો વાગતાં હતાં. ૧. અરધા કોશ સુધી ગયા ત્યારે સામેથી તે સંઘ આવ્યો. બધા હરિભક્તો શ્રીહરિનાં ચરણોમાં પડ્યા અને આગળના ભાગમાં શ્રીફળ ભેટ ધર્યાં. ૨. તે સંઘમાં એકસો તો ગાડી હતી. શ્રીહરિએ તે સહુને દર્શન દીધાં. હરિભક્તો જે આવ્યા હતા તે બધા કીર્તન બોલતા હતા. ૩. તે બધા હરિભક્તોનું હેત જોઈને શ્રીહરિએ કહ્યું, હવે અમે આ સંઘની સાથે સમૈયો કરવા ચાલશું. ૪.

સુખધામ શ્રીહરિએ કહ્યું, અહીં બુધેજમાં પ્રબોધની એકાદશીનો ઉત્સવ કરવો છે, એટલે તે ઉત્સવ કરીને પછી વૌઠા જઈશું. ૫. મહારાજાધિરાજ

શ્રીહરિ અનુપમ અશ્વ ઉપર બેઠા. પોતે બધાં જ અંગ ઉપર સોનાનાં અલંકાર અને સોનેરી વસ્ત્ર ધારણ કરી લીધાં. ૬. અશ્વ પણ સોનાનાં બધાં ઘરેણાંઓથી ભરપૂર હતો. તેના પગનાં ઝાંઝર 'ઘમ ઘમ' બોલતા હતા. તે વખતે વિચિત્ર પ્રકારનું સોનાનું છત્ર શ્રીહરિના મસ્તક ઉપર ધારણ કર્યું હતું. ૭. છડીદાર હાથમાં સોનાની છડી લઈને 'જય જય, જય જય' આવો પડકાર ઊંચેથી કરતો હતો. શ્રીહરિની સાથે જે પાર્ષદો હતા તેઓ કોઈ ભાતના બંદૂકોના અવાજ કરતા હતા. ૮. તેનાથી આકાશ અને બધો આ ભૂલોક ગાજી રહ્યો હતો. અદ્‌ભુત શોભા ચોતરફ વ્યાપી ગઈ હતી. તે શોભાને જે લોકો જોતા હતા તેમને શ્રીહરિના સ્વરૂપ સમાન અન્ય કાંઈ દેખાતું જ ન હતું. ૯. **અનંત બ્રહ્માંડોની જે શોભા છે તે બધી આ શ્રીહરિની એક મૂર્તિમાં જ વસીને રહી છે.** એવી શ્રીહરિની દિવ્ય છબી અદ્‌ભુત જણાતી હતી. ૧૦.

જે હરિભક્તો તે મૂર્તિનાં દર્શન કરતા હતા તેમને પૂરી તૃપ્તિ થાતી ન હતી. આ રીતે સહુને દર્શન આપતા શ્રીહરિ બુધેજ ગામમાં આવ્યા. ૧૧. બધા સંઘને ઉતારા અપાવ્યા. જેને જેવા યોગ્ય હતા તેવા ઉતારા આપ્યા. બુધેજમાં એકાદશીનો ઉત્સવ કર્યો. હરિભક્તોને ત્યાં બહુ જ સુખ આપ્યું. ૧૨. શ્રીહરિ જેટલા દિવસ બુધેજમાં રહ્યા, ત્યારે હરિભક્તો આવીને ત્યાં નિત્ય વિવિધ પ્રકારના થાળ કરાવતા હતા. અને શ્રીહરિ તે થાળને જમતા હતા. ૧૩. નિત્ય નવી પૂજા થાતી. નિત્ય નવા મેવા ધરાતા. જેને જેવી ભાવના હતી તે પ્રમાણે સહુ સેવા કરતા હતા. ૧૪. શ્રીહરિ સભામાં જે રીતે સત્સંગની વૃદ્ધિ થાય એવી કોઈ અલૌકિક રીતથી નિત્ય નિત્ય નવી વાતો કરતા હતા. ૧૫. અહીંયાં કહેવાની વાત એક જ છે કે શ્રીહરિ જ્યારે વાત કરતા હતા ત્યારે ચમકપાણની જેમ સહુનાં ચિત્ત શ્રીહરિમાં ચમત્કારની રીતે તણાઈ જતાં હતાં. એવી અલૌકિક વાત થતી હતી. ૧૬.

જે સંતો અને હરિભક્તો હતા તે બધા શ્રીહરિના મુખની વાતોને જ્યારે જ્યારે સાંભળતા ત્યારે તે બધી વાતો, માનો સત્સંગ હજી આજે નવો જ સ્વીકાર્યો હોય ! તેમ બધું નવું જ લાગતું હતું. ૧૭. જ્યારે નિત્ય નવો સત્સંગ કરતા રહે ત્યારે હરિભક્તોના અંગની સત્સંગમાં વૃદ્ધિ થાય છે. તેથી

શ્રીહરિ સત્સંગની વાત નિત્ય એ રીતે કરતા કે માનો તે વાત તેમણે ક્યારેય સાંભળી જ ન હોય ! ૧૮. વારે વારે ઉત્સવ કરવાનું ફળ પણ એટલું જ છે કે સત્સંગ રાતદિવસ નવો ને નવો રહે અને મન બીજી કોઈ વિરુદ્ધ દિશાએ ચઢી જાય નહીં. ૧૯. ઈન્દ્રિયો અને અંતઃકરણ તો સત્સંગને તજીને હલકે-માર્ગે દોડે છે. માટે તે બધા અસુરોમાં પણ હીન અસુર જેવા છે અને અત્યંત મ્લેચ્છ જેવા છે. ૨૦.

રજોગુણ અને તમોગુણ તો નીચોમાં પણ અત્યંત નીચ છે. કામ, ક્રોધ, મદ અને લોભ છે તે મલિનોના પણ મલિન, તેના અધિપતિ છે. ૨૧. શબ્દાદિ પંચવિષય શ્રોત્ર આદિ જ્ઞાનેન્દ્રિયોના વિષય છે. પંચવિષય અને પંચઈન્દ્રિયોનો સંબંધ અનાદિકાળથી છે. ૨૨. જરાયુજ, અંડજ, સ્વેદજ અને ઉદ્‌ભિજ્જ, એ ચાર વિભાગ (ખાણ) છે. તેમાં હરેક વિભાગમાં જીવ એકવીશ એકવીશ લાખ વાર વિભિન્ન પ્રકારના દેહને ધારણ કરે છે. તે પ્રત્યેક શરીરમાં પંચવિષય રહ્યા છે. તેથી જીવ પૂર્વ વાસનાથી તે વિષયોમાં લપટાઈને રહ્યો છે. ૨૩-૨૪.

❋ જ્ઞાન વિનાનો જીવ અંધ છે :

दोहा : जिहाँ लग तन के संबंध हि, त्यां लग विषय संबंध;
ज्ञानदृष्टि देखात सो, ज्ञान बिन जन हि अंध...२५
ज्ञान की समझ करीके सो, जीय रु ईश्वर बीन;
जेता रहे सबंध जो, तज देना तत छीन...२६

જીવને જ્યાં સુધી શરીરનો સંબંધ રહે ત્યાં સુધી જ તેને વિષયનો સંબંધ રહે છે. એ બધું જ્ઞાનદષ્ટિથી દેખાય છે, જ્ઞાન વિના તો મનુષ્ય અંધ કહેવાય છે. ૨૫. જીવ અને પરમેશ્વર સિવાયનો જેટલો સંબંધ છે, તેને જ્ઞાનદષ્ટિએ કરીને તત્કાળ તજી દેવો જોઈએ. ૨૬. **અસત્યનો ત્યાગ કરવો અને સત્યનો જોગ રાખવો. અસત્યનો ત્યાગ કરીને સત્યનો જે જોગ રાખવો, તેને જ મોટા ભાગ્યશાળી પુરુષો સત્સંગ કહે છે. ૨૭. ભગવાન તથા ભગવાનના ભક્ત, ધર્મનિયમ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય, એટલાંને સત્ય કહેવાય છે. ૨૮.** ભગવાનના જે અવતારો અને તેમનાં બધાં ચરિત્ર,

એ બધાને સત્ કહેવાય છે. ૨૯. તે અવતારો જે જે વસ્તુને અંગીકાર કરે, તેને પણ પ્રેમથી સત્ કહેવી. અને તે ભગવાન જેટલું જ્યાં વિચરણ કરે તેને પણ મુખથી સત્ કરીને કહેવું. ૩૦.

ભગવાનનાં ચરિત્રોની વાતને જેટલી છુપાવે અર્થાત્ ઓછી કહે, તે હરિભક્તમાં કસર ગણાય છે. ભગવાનના સંબંધ વિનાની જે જગત સંબંધી વાત હોય, તે છુપાવવાને યોગ્ય છે. ૩૧. શ્રીહરિનાં સંબંધવાળા જે તીર્થ અને વ્રત હોય, તેને સત્ માનીને તે કરવાં અને કહેવાં. પરંતુ તેને ક્યારેય અસત્ય કહેવાં નહીં. ૩૨. જેને ભગવાનનો સંબંધ થયો હોય તેવા આચાર કે વિચાર ઈત્યાદિને જે અસત્ કહે, તે કદાચ સત્સંગમાં મોટો કહેવાતો હોય તોપણ તેને અસુરોનો રાજા જાણવો. ૩૩. જે બીજા સંતો કરતાં ધર્મ, નિયમ અને ત્યાગને અધિક રાખતો હોય, ભક્તિ અને જ્ઞાનમાં પણ અધિક દેખાતો હોય, વળી ધ્યાનમાં પણ તત્પર રહેતો હોય, જે પોતાના વારંવાર વખાણ કરીને માન આપનારા સાધુ હોય, એવા સાધુના ગુણ મુખથી ગાય, પણ પોતાને માન આપતા ન હોય તેવાના અવગુણ ગાય. ૩૪-૩૫. એવા જે સાધુ કે હરિભક્ત હોય તેને કાળનેમિ અસુર જેવા જાણવા. અને જે સાધુ તથા હરિભક્ત નિર્મળ ચિત્તના હોય છે તેઓ તો સ્વભાવથી સરળ રીતે રહેતા હોય છે. ૩૬.

❋ સાતા સંતની રીત :

दोहा : संत सरल जो जितने, अंतर बाहिर जेह;
वरतत हे एक रीत ही, अमृत सम हे तेह...३७
सरल संत जो ताहिकु, कोउ जन पर न खेद;
बात करत न खेद रख, उर में रहत उमेद...३८

જે સંતો સરળ સ્વભાવના હોય છે તેમનું અંતરનું અને બહારનું વર્તન એકસરખું હોય છે. તેવા સંતો તો અમૃત સમાન છે. ૩૭. જે સંત સરળ હોય છે તેને કોઈના ઉપર ખેદ-અણગમો અભાવ હોતો નથી. કોઈનો ખેદ-અભાવ રાખીને વાત કરતા નથી અને મનમાં ઉમેદ-ઉત્સાહભરી આશા રાખતા હોય છે. ૩૮.

सोरठा : संत के गुन अपार, वारवार कहे मुखकर;
अवगुन न करत उचार, साचे संत न छपी रहत...३९

સંતોના અપાર ગુણોને વારંવાર મુખથી બોલે, ક્યારેય અવગુણ બોલે નહિ, આવા સાચા સંત છૂપા રહેતા નથી. ૩૯. સાચા સંતોના અને હરિભક્તોના જે નિયમ-ધર્મો તેને નિત્ય કહેતા રહેવું. એવી વાત શ્રીહરિએ ત્યાં કહી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'સંતો અને હરિભક્તોની આગળ શ્રીહરિની વાતો કહેવાની રીત કહી' એ નામે બેતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૨॥

પૂર ચૌદમું : તરંગ - ૪૩

વૌઠા જાતા શ્રીહરિએ ચોકીદારોને સાવધાન કર્યા

બુધેજમાં શ્રીહરિએ હરિભક્તોને સત્સંગનું અને સેવાનું સુખ આપ્યું. પછી તેરશને દિવસ ત્યાંથી ચાલ્યા. અશ્વ ઉપર બેઠા. ૧. શ્રીહરિની સાથે સવારી અપાર હતી અને સંઘ પણ ઘણા જ ભેળા થઈ ગયા હતા. આગળ જાતા **વસ્તાણા** (તા. માતર-ખેડા) ગામ આવ્યું. ત્યાં વનમાં સારું તળાવ હતું. ૨. જ્યારે એક પહોર (૩ કલાક) દિવસ બાકી હતો ત્યારે ત્યાં મુકામ કર્યો. ભક્તોને મૂર્તિ ધ્યાનમાં સ્ફુરે એવા આશયથી શ્રીહરિએ રસ્તામાં અશ્વને દોડાવ્યો. ૩. બુધેજના જે ક્ષત્રિયો અશ્વ ઉપર બેઠા હતા, તે અશ્વ બેકેદ-કેળવણી વિનાના હતા, તેથી અવ્યવસ્થિત રીતે દોડતા હતા. ૪. ભક્તોને ધ્યાન કરવા માટે શ્રીહરિએ સોનેરી તલવાર કમરે બાંધી હતી. તે ક્ષત્રિયના અશ્વે તોડી નાખી. વચ્ચે તલવાર તૂટી ગઈ તેટલું વિઘ્ન થયું. ૫.

ત્યારે શ્રીહરિએ કહ્યું, તલવાર તૂટવાનું જે વિઘ્ન થયું છે તેનું ફળ કોઈ દિવસ તે દેખાડશે-સૂચવશે. અનંત તલવારો તૂટતી દેખાશે, તે વાત ચોક્કસ છે, તેમાં કાંઈ ફેર નથી. ૬. જ્યાં મુકામ કર્યો ત્યાં આવી વાત કરી. તે કેટલાક હરિભક્તો સાંભળતા રહ્યા. સુરતના હરિભક્તો મોટી ગાદી અને

તકિયો વગેરે લાવ્યા હતા. તે બિછાવી દીધાં. ૭. શ્રીહરિ તેના ઉપર બેઠા. દરબારોની સભા સોહામણી થઈ હતી. તે વખતે વિપ્ર પાસે રસોઈ કરાવી હતી, તેથી સહુ હરિભક્તો જમ્યા. ૮. મનમાન્યું દૂધ ત્યાં લાવ્યા હતા. શ્રીહરિ જમ્યા અને સંતોને જમાડ્યા. જે પાર્ષદો અને દરબારો હતા તેમને પણ જમાડ્યા. અને બીજા બધા હરિભક્તોને પણ જમાડ્યા. ૯. જ્યારે સંધ્યા આરતીનો સમય થયો ત્યારે મશાલો પ્રકટાવી.

તે વેળાએ શ્રીહરિએ કહ્યું, જેટલા પાર્ષદ છે તેમણે તત્પર થઈને ચોકી કરવાની છે. ૧૦. સહુને માટે અનુક્રમે બબ્બે કલાક ચોકી કરવાના વારા કરો. ચોકીદારે હાથમાં હથિયાર રાખવું. ખડે પગે પહેરો ભરવો. આળસ અને ઊંઘને સદંતર છોડી દેવી. ૧૧. એકબીજાને બોલાવતા રહેવું. કોઈ અજાણ્યો માણસ નીકળે તો તેની તપાસ કરવી. અહીં આજુબાજુમાં અપાર ચોરો ફરતા રહે છે. તે આવ્યા વિના ક્યારેય રહે જ નહીં. ૧૨. જ્યારે ચોરની કાંઈ કારી ફાવે નહિ ત્યારે તે દૂર રહે છે. તે કોઈને ગાફલ દેખે તો ચોક્કસ ચોરી કરે જ છે. ૧૩. ચોરને ચોરી કર્યા વિના શાંતિ ન રહે. જો તે પકડાઈને કેદમાં રહે તો ચોરી કરી શકે નહિ, પણ તેમાંથી છૂટે તો પાછો ચોરી કરવામાં શૂરો થઈ જાય છે. ૧૪. ચોરીથી કેટલાકનાં માથાં કપાય છે, તોપથી માથું ઉડાડી દે છે, છતાં તેઓ ચોરીમાં શૂરવીર રહે છે. તેને મારનો પણ ડર રહેતો નથી. ૧૫.

કેટલાક ચોર કેદખાનામાં ભયંકર દુઃખોને સહન કરીને મરી જાય છે. ચોરીમાં સુખ માનતા હોવાથી તેના દિલમાં લેશમાત્ર પણ ત્રાસ થાતો નથી. ૧૬. ચોકીદારે એકેક ઘડીએ બંદૂકનો અવાજ કરવો. આખી રાત અવાજ કરીને પહેરો ભરવો. ૧૭. ચાહે તેવો હથિયારબંધ હશે તો પણ જેના પહેરામાં ચોર આવીને કોઈનું પોટલું જો ચોરી જાશે, તો તે ચોકીદારની લેશમાત્ર પણ લાજ-આબરૂ રહેશે નહીં. ૧૮. જે જોવામાં પ્રમાદી જણાય તેને ચોકી કરવામાં ક્યારેય રાખવો નહીં. પ્રમાદી ચોકી કરી શકે નહિ, તે તો રસોઈના ઠામ-વાસણને જ ધૂવે-સાફ કરે. ૧૯. બીજું આ ગણાવીએ છીએ તે માંહેલું પ્રમાદી કાંઈ કરી શકે નહીં. એક તો ભજન-સ્મરણ કે માળા ફેરવવી, બીજું

પૂજન કે વંદન (દંડવત્ પ્રણામ) કરવું, ત્રીજું માંદા સાધુની સેવા કરવી, ચોથું કીર્તન કંઠસ્થ કરવાં, પાંચમું પ્રાકૃત (લોકભાષાના) ગ્રંથ વાંચવા, તેવું જ કાંઈ ભણવું-શીખવું, છઠ્ઠું જમવા માટેની રસોઈ બનાવવી વગેરે ઉપર જણાવેલ એક પણ ક્રિયા પ્રમાદીથી થઈ શકે નહીં. ૨૦-૨૧. **પ્રમાદી માણસે કરેલી જે સેવા હોય, તેમાં એક પણ સેવા કલેશ-કંકાસ વિનાની હોતી નથી. એટલે પ્રમાદી-આળસુ જે હોય છે તે તો નામમાત્રનો જ માણસ કહેવાય છે.** ૨૨.

પ્રમાદી માણસને તો જ્યારે સિંહ, સાપ કે આગનો જો અત્યંત ભય લાગે તો તેના પ્રમાદ કે આળસ ગમે તેવાં હોય તોપણ તે ઠેકાણે લેશમાત્ર રહેવા પામે નહીં. ૨૩. સરકારી સિપાહી આવીને જો વેઠ(વગર પગારનું વૈતરું) કરવા પકડીને ઉપાડી જાય તો ત્યાં તેનો પ્રમાદ અને આળસ ભાગી જાય છે અને જો પ્રમાદ કે આળસ રાખે તો તેને તેટલો માર ખાવો પડે છે. ૨૪. કેટલાક પ્રમાદી અને આળસુ માણસને સત્સંગ થાય છે તે પણ એક આશ્ચર્યકારક બાબત છે કે જેને ક્યારેય કુસંગ ગમતો નથી. ૨૫. **જેને જીવમાં જેના ઉપર ભાવ હોય તેને ત્યાં પ્રમાદ કે આળસ રહેતા નથી.** તે તેનાં વર્તન ઉપર દેખી શકાય છે. ૨૬.

જ્યાં ભાંડ ભવાઈ થાતી હોય, ત્યાં તેઓ દોડીને જાય છે. તેમાં રુચિ હોવાથી માણસને પ્રમાદ કે આળસ રહેતી નથી. ૨૭. તે જ રીતે વિવાહના પ્રસંગોમાં પણ આળસ કે પ્રમાદ રહેતો નથી. એવી બાબતોમાં મનુષ્યનું ચિત્ત નવું તાજું થઈ જાય છે. માટે મુમુક્ષુએ સત્સંગ પણ એ રીતે તાજા થઈને જ કરવો. ૨૮. દિનપ્રતિદિન નવો સત્સંગ રહે, સત્સંગનો રંગ પણ નિત્ય નવો રહે તેમ કરવું. સત્સંગનો રંગ નવો રાખવા માટેના દ્વારરૂપ આવી તો જગતમાં અપાર વાતો છે. ૨૯. જેને બુદ્ધિ હોય તેને તે દેખાય છે. બુદ્ધિ વગરનો તો અંધ કહેવાય છે, તેવો અંધ જો દેખતા બુદ્ધિમાનની સાથે રહે, તો તો તેનું અંગ રોજબરોજ નવું રહે. ૩૦.

દિનપ્રતિદિનના આવા નવા રંગ સિવાય સત્સંગનો રંગ રહે નહીં. આટલી વાત જ્યારે શ્રીહરિએ કરી ત્યારે તે સાંભળીને હરિભક્તો ખૂબ જ આનંદિત થયા. ૩૧. પછી પાર્ષદો નવરંગી-છેલછબીલા થઈને ઉત્સાહથી

ચોકી કરવા ચાલ્યા. જેમ કોઈ માણસને રોજના એક હજાર રૂપિયા પગાર મળતો હોય, તે જેમ ઉમંગથી કામ કરે તેમ એક એક પાર્ષદ તેના કરતાં પણ વધારે આનંદ માણીને ચોકી કરતા હતા. શ્રીહરિ પાર્ષદોને વાતો કરીને જે નિત્ય આનંદ આપતા હતા તેની તુલનામાં રૂપિયાની કાંઈ ગણતી ન હતી. કારણ કે શ્રીહરિની વાતોમાં તેવું અપાર દૈવત હતું. ૩૨-૩૩. પાર્ષદો અને હરિભક્તો શ્રીહરિની વાતોમાં એવું દૈવત માનતા હતા. વાતમાં મોક્ષરૂપ દૈવત રહ્યું છે. મોક્ષ ઘણો દુર્લભ છે. મોટા રાજાઓ પણ તે પામતા નથી. ૩૪. અપાર ધન મળે તોપણ તલભાર મોક્ષ મળતો નથી. પછી ત્યાં 'નારાયણ ધૂન' એવી અદ્‌ભુત કરી કે, તેને કાનથી સાંભળવા છતાં તૃપ્તિ થાતી ન હતી. ૩૫.

હરિભક્તો મનમાં ઘણા રાજી થયા. તેઓ બોલતા કે, આ વખતે લાભ ઘણો જ લીધો. પહેલાં કોઈ વાર લાભ ન મળ્યો હોય તેવો લાભ આ વખતે મળ્યો છે. ૩૬. પરસ્પર હરિભક્તો બોલતા કે, શ્રીહરિ આપણું હિત કરવા માટે ઘણા જ હેતથી નિત્ય નવી નવી વાતો કરે છે. ૩૭. સત્સંગની કાંઈ રીત ન આવડે, તો સત્સંગ કરે તોપણ શું મળે ? દિલ્લી જેવા શહેરમાં ઘણા દિવસ રહ્યો, પણ એકલું ભઠિયારું જ કરતો રહ્યો, તેને દિલ્લીનો ફાયદો શું થાય ? ૩૮.

શ્રીહરિ એવી વાતો કહેતા કે તે વાતને સાંભળનારાને એવું થતું કે આપણને સત્સંગ તો અત્યારે જ થયો છે. સત્સંગમાં વાતો તો નિત્ય થાય છે પણ આવી વાત ક્યારેય થઈ નથી. ૩૯. શહેરોમાં પેંડા તો ઠેકઠેકાણે થતા હોય છે અને મળતા પણ હોય છે; છતાં મથુરાના જેવા પેંડા ક્યાંય હોતા નથી. કારણ કે મથુરાના જેવો સ્વાદ બીજા કોઈ સ્થાનના પેંડામાં હોતો નથી. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'વૌઠા જાતા શ્રીહરિએ ચોકીદારોને સાવધાન કર્યા' એ નામે ત્રેતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૩॥



પૂર ચૌદમું : તરંગ - ૪૪

વૌઠા પધારેલા શ્રીહરિની સન્મુખ સહુ સંત હરિભક્તો આવ્યા

રાત દોઢ પહોર (૧૦.૩૦) ગઈ ત્યાં સુધી શ્રીહરિએ અનેક પ્રકારની વાતોને જુદી જુદી રીતે કહી. ૧. દેશના જે જે ગામમાં જે સત્સંગી રહેતા હતા અને સત્સંગ જે રીતે તેઓ કરતા હતા તે બધાને યાદ કર્યા. ૨. સત્સંગને માટે થઈને હરિભક્તો જે કષ્ટ સહન કરતા હતા અને કુસંગી લોકો સત્સંગીઓને નિત્ય નિત્ય જે દુઃખ દેતા હતા તે વાત મુખે કહી શકાતી નથી. એવી વાતો પણ કરી. ૩. કષ્ટભર્યા વિષમ કાળમાં સત્સંગનો જે ખપ હોય છે તે દેખાઈ આવે છે. કષ્ટ આવ્યા વિના ક્યારેય ખબર પડતી નથી. ૪.

પૂર્વે ભગવાનના જે જે મોટા ભક્ત થઈ ગયા છે તે સહુને સત્સંગને માટે બહુ બહુ કષ્ટ સહન કરવું પડ્યું હતું. તે પુરાણ આદિ ગ્રંથોમાં સ્પષ્ટ લખ્યું છે. ૫. પ્રહ્લાદ જેવા કોઈ ભક્ત કહેવાય નહીં. તેઓ ત્રિલોકીના રાજા પણ થયા હતા, પણ તેમને પિતા હિરણ્યકશિપુએ અત્યંત કષ્ટ દીધું હતું. ૬. રાવણ અને કંસ જેવા અનેક અસુરોએ ભગવાનને પણ અપાર કષ્ટ દીધું હતું. છેવટે અસુરોનો નાશ થયો અને તેમની અપકીર્તિ હજી પણ રહી દેખાય છે. ૭. તેની સામે ભગવાનની કીર્તિ ઘણી થઈ, તેનું વર્ણન કર્યે પાર આવતો નથી. ભગવાનનું નામ જપનારા ભાગ્યશાળી પુરુષોનાં નામ શાસ્ત્રોમાં લખાયેલાં રહ્યાં છે. ૮.

चोपाई :

हरि अरु हरिजन कु असुर जेता, कष्ट जेते दीनेउ तेता;
अपकीर्ति असुर की रहाये, हरि हरिजन की कीर्ति छवाये...०९
आत्यंतिक प्रलय होत कइ वेरा, यह बात न टरत कोउ फेरा;
हरिजन कु श्रीहरि कहे एसे, तुमारी कीर्ति रह ही तेसे...१०

ભગવાનને અને ભગવાનના ભક્તોને અસુરોએ જે કષ્ટ દીધાં તેનાથી અસુરોની અપકીર્તિ થઈ અને ભગવાનની તથા ભક્તોની સત્કીર્તિ છવાઈ ગઈ છે. ૯. આ જગતનો આત્યંતિક પ્રલય કેટલીએ વાર થાય તોપણ ઉપર કહી

તે વાત ક્યારેય ટાળી ટળતી નથી. એમ વાતો કહેતા શ્રીહરિએ ભક્તોને કહ્યું કે, તમારી કીર્તિ પણ કાયમ તેમના જેવી જ રહેશે. ૧૦. એમ કહીને શ્રીહરિ પોઢ્યા. ત્યાં કેટલાક હરિભક્તો તો શ્રીહરિ પધાર્યા છે એમ જાણીને સન્મુખ આવ્યા હતા. શ્રીહરિ તેમને પૂછતા કે વૌઠામાં હરિભક્તો કેટલા આવ્યા છે ? ૧૧. અવિનાશી શ્રીહરિ પૂછતા કે સંતો, વર્ણી અને સંન્યાસી કેટલા આવ્યા છે ?

ત્યારે હરિભક્તોએ હાથ જોડીને કહ્યું, સ્વામી રામદાસજીએ એમ કહ્યું છે કે, ૧૨. સંતો, વર્ણી, સંન્યાસી અને હરિભક્તો અપાર આવ્યા છે. તે સહુને માટે નદીને પૂર્વ કિનારે સારા ઉતારાની વ્યવસ્થા કરી છે. ૧૩. હરિભક્તોના જે સંઘ આવે, સંત, વર્ણી અને સંન્યાસી આવે, તેમને માટે સ્વચ્છ ઉતારા કર્યા છે. ૧૪. બીજા જે લોકો આવે છે તેઓ બધા નદીમાં ઊતર્યા છે. એક કોશ જેટલા વિસ્તારમાં તેઓ ઊતર્યા છે અને તેમના ઉતારા ગામના જેવા શોભે છે. ૧૫. વિવિધ વસ્તુઓના વેપારીઓએ બજાર રચી દીધી છે. જે વસ્તુ જોઈએ તે તરત તૈયાર મળે છે, એટલે સમૈયો કરવા યોગ્ય બધો જ જોગ રહ્યો છે. ૧૬.

ત્યારે શ્રીહરિએ કહ્યું, અમે ત્યાં આવીને દેખશું. તમને તે બાબતની ખબર પડે નહીં. હરિભક્તો અને તે સિવાયના લોકોના વર્તનની રીત એક સમાન હોય નહીં. ૧૭. હરિભક્ત બાઈઓ પરપુરુષનો સ્પર્શ કરતી નથી. અને હરિભક્ત સિવાયના પુરુષને પરસ્ત્રીનો સ્પર્શ દોષરૂપ લાગતો નથી. ૧૮. હરિભક્ત બાઈઓને પરપુરુષનો સ્પર્શ થઈ જાય તો ઉપવાસ કરવો પડે છે. અને અમને તેની ખબર પડે ત્યારે અમે ઉદાસ થઈ જઈએ છીએ. સત્સંગ વગરના લોકો નિર્મર્યાદ થઈને ચાલતા હોય છે. ૧૯. સત્સંગી સિવાયની સ્ત્રીઓ મર્યાદા રાખ્યા વિના ચાલતી હોય છે. સત્સંગ સિવાયના નરનારી, બધાને નિર્મર્યાદ ચાલવામાં તાન હોય છે. ૨૦. તીર્થમાં તો વિશેષપણે લોકો મર્યાદાને તોડી નાખે છે. અનેક વર્ણના લોકો ભેળા મળતા હોય છે. હરિભક્ત સિવાયના લોકોમાં તો કોઈની કોઈ મર્યાદા રાખતા જ નથી. ૨૧.

હરિભક્તોને તો તીર્થમાં ધર્મ સાચવવો ઘણું કઠણ પડે છે. અમારા સંત, વર્ણી અને સંન્યાસીઓ, જે બધા છે તેમને આવા તીર્થમાં આવીને ધર્મ

રાખવો બહુ કઠણ છે. હરેક માણસ પોતપોતાનું પૂરું ધ્યાન રાખે ત્યારે જ તે ધર્મભ્રષ્ટ થતો બચે છે. ૨૨-૨૩. અમને તો ધર્મની રક્ષાનું જ એક તાન છે. જો ધર્મ જાય, તો પછી કાંઈ જ બચે નહીં. અમે તે સ્થળ ઉપર આવીને જ્યારે દેખશું ત્યારે અમારા અંતરમાં શાંતિ થાશે. ૨૪. એક દિવસ અને બે રાત આપણે ત્યાં રહેવાનું છે. પોતાનો ધર્મ રાખીને પછી તત્કાળ ત્યાંથી ચાલતા થવાનું છે. ૨૫. જગતના લોકોથી આપણે દૂર ઊતરવું છે. સહુનો ધર્મ સુખરૂપે પળાય, એવો જ ઉપાય કરવો છે. ૨૬.

આટલું બોલીને શ્રીહરિ પોઢી ગયા. સવાર થયું ત્યારે ઊઠ્યા. નજીકના તળાવમાં નાહ્યા અને દેવપૂજા વગેરે બધું નિત્યકર્મ કર્યું. ૨૭. જે સાથે હરિભક્તો હતા તેઓ પણ બધા તે તળાવમાં નાહ્યા. પછી શ્રીહરિએ તે સહુને કહ્યું, તમે સહુ અહીંયાં રસોઈ બનાવી લો. ૨૮. હરિભક્તો જઈને બધું દૂધ લઈ આવ્યા. અલગ અલગ ચોકામાં રસોઈ બનાવી. વિપ્રોની પાસે દૂધપાક કરાવ્યો. પૂરી, ભજિયાં અને વડાં પણ કર્યાં. ૨૯. દાળ અને ભાત તો થોડાં કર્યાં હતાં. સહુ પહેલાં શ્રીહરિને જમાડી દીધા. તે પછી સંતો, પાર્ષદો, દરબારો અને બીજા બધા જે હરિભક્તો હતા તે સહુને જમાડ્યા. ૩૦.

જ્યારે બધા જ હરિભક્તો જમી રહ્યા ત્યારે ધર્મકુમાર શ્રીહરિ તૈયાર થયા. બધા જ હરિભક્તો જ્યારે તૈયાર થયા ત્યારે શ્રીહરિવર ચાલતા થયા. ૩૧. શ્રીહરિની સાથેના બધા પાર્ષદોને સંઘની ચોકી કરવા રાખ્યા હતા. લૂંટારાના ઘોડાઓ જ્યાં ત્યાં ફરતા દેખાતા હતા. ૩૨. જે લોકો ગાફલ રહેતા તેમને તેઓ તરત જ લૂંટી લેતા હતા. આવી બધી બાબતોને શ્રીહરિ બરાબર જાણતા હતા. જ્યારે દિવસ પાછલો પહોર (૩-કલાક) બાકી હતો ત્યારે શ્રીહરિ **વૌઠા** પહોંચ્યા. ૩૩.

(આ વૌઠા અમદાવાદ જીલ્લાનું ધોળકા તાલુકાનું પ્રસિદ્ધ પાંડવકાલિન ધાર્મિક સ્થાન છે. ધોળકાથી ૧૪/૧૫ કિ.મી. દૂર છે. ત્યાં સાત નદીનો સંગમ થાય છે. ૧. સાબરમતી ૨.વાત્રક, ૩.શેઢી, ૪.મેશ્વો, ૫.ખારી, ૬.હાથમતી, ૭.માજમ. આ સાત નદીના સંગમથી પ્રસિદ્ધ થયેલ વૌઠામાં કારતક સુદ એકાદશીથી પૂનમ સુધી દર વર્ષે મોટો મેળો ભરાય છે. પાંડવો

જ્યારે ધોળકા (વિરાટનગર)માં એક વર્ષ છૂપા વેશે રહ્યા હતા ત્યારે આ સ્થળે સમળાના વૃક્ષ પર હથિયારો રાખ્યા હતા. જ્યારે વર્ષ પૂરું થયું ત્યારે આસો સુદ દસમીના દિવસે સમીપૂજન કરી હથિયારો પાછા લીધા હતા. અને આ સ્થળે જ એક વર્ષના ગુપ્તવાસ બાદ પાંડવો જાહેર થયા હતા. વળી, ઓતરા અને અભિમન્યુના લગ્ન પણ આ સ્થળે જ કર્યા એવું માનવામાં આવે છે.

વળી, લોકમાન્યતા છે કે, વિ.સં.૧૨૧૫ (ઇ.સ.૧૧૫૯)માં જ્યાં સમીવૃક્ષ હતું તેની પાસે અમૂક ગાયોનું દૂધ સ્રવી જતું હતું. ભરવાડોએ એક સિદ્ધ સંતને તેનું કારણ પૂછ્યું. ત્યારે તે મહાત્મા કહે, 'હવે જ્યાં દૂધ સ્રવી જાય છે ત્યાં ખોદો મહાદેવજી નીકળશે.' તેમ કર્યું તો સ્વયંભૂ શિવલીંગ પ્રાપ્ત થયું. તેને તે સંતે સિદ્ધનાથ મહાદેવ તરીકે સ્થાપના કરી. આ મંદિરથી થોડે દૂર હનુમાનજીનું મંદિર છે. અને કાર્તિકસ્વામીના ચરણોનું સ્થાપન થયેલું છે. લોકો તેનું પૂજન કરે છે અને કાર્તિકી પૂનમે સપ્તસંગમમાં સ્નાન કરવાનું ખૂબ માહાત્મ્ય છે. ખાસ કરીને ભાલ, નળકાંઠા, ચરોતર અને ગુજરાતના અન્ય વિસ્તારમાંથી તે દિવસે લાખોની સંખ્યામાં લોકો મેળો માણવા આવે છે. આ મેળામાં ઊંટ તથા ગધેડાનું મોટું બજાર ભરાય છે. લોકો ગધેડા તથા ઊંટને વિવિધ રંગથી રંગે છે. જે ખરીદનારને ખૂબ જ આકર્ષે છે. અહીં ગધેડા ૫૦૦૦ થી ૨૫૦૦૦ સુધીની કિંમતમાં વેચાય છે. અન્ય પશુઓનું પણ વેચાણ થાય છે. ઉત્સવમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમો પણ યોજાય છે. ધોળકા નગરપંચાયત દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવે છે. નદીનો કાંઠો હોવાથી અહીંની જમીન ખૂબ જ ફળદ્રુપ છે. અને શેરડી, ઘઉં તથા કપાસની મોટા પાયે ખૂબ ખેતી થાય છે.

આ વૌઠાના મેળામાં સહુને દર્શન દેવા અને સહુનું કલ્યાણ થાય એવા ઉમદાભાવથી શ્રીહરિ સંવત ૧૮૬૮, કારતક સુદ-ચૌદશ; તા.૩૦/૧૦/૧૮૧૧ ગુરુવારના દિવસે પધાર્યા હતા.)

જ્યારે અરધો કોશ દૂર હતા ત્યારે વૌઠામાં રહેલા સહુ હરિભક્તોને શ્રીહરિના આવવાના સમાચાર મળ્યા. ત્યારે તરત જ તે હરિભક્તો, સંતો અને વર્ણીઓ, સહુ સામે ચાલ્યા. સહુના દિલમાં આનંદ અતિશય છવાઈ ગયો. ૩૪.

સમુદ્રમાં જેમ વેળ ચઢે તે રીતે સન્મુખ ચાલનારાની શોભા બની હતી. અરધા કોશ સુધી તો રસ્તામાં એક તલ પડે એટલી જગ્યા પણ ખાલી રહી ન હતી. ૩૫.

સહુના હાથમાં ફૂલહાર લીધેલા હતા. બધાં જ વન માનો ફૂલોથી ખીલી ઊઠ્યાં હોય તેમ જણાતું હતું. રસ્તાની બંને બાજુએ દર્શનાર્થી લોકો ઊભા હતા. સહુના દિલમાં દર્શન કરવાનો ભાવ જોરદાર હતો. ૩૬. શ્રીહરિ અશ્વ ઉપર બેઠા હતા. બધાં જ વસ્ત્ર સોનેરી હતાં અને આભૂષણ પણ સોનાનાં જ હતાં. અશ્વના બધા શણગાર પણ સોનાના જ હતા. ૩૭. મસ્તક ઉપર સોનાનું છત્ર હતું અને બંને બાજુ ચામર પણ સોનાનાં હતાં. મનોહર મૂર્તિનાં દર્શન થતાની સાથે જ ભક્તો ચરણોમાં નમી પડતા હતા. ૩૮. એક પછી એક એમ અનુક્રમે આવીને સહુ ફૂલહાર પહેરાવતા હતા. છડીદાર આગળના ભાગમાં રહીને 'જય જય, જય જય'નો બુલંદ ધ્વનિ કરતો હતો. ૩૯. જેમ ગંગાનો જળપ્રવાહ અખંડ વહેતો રહે છે તેમ દર્શનાર્થી ભક્તોનો પ્રવાહ પણ સતત ચાલતો રહ્યો હતો અને હાર પહેરાવવાનો પ્રવાહ પણ વહેતો રહ્યો હતો. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'વૌઠા પધારેલા શ્રીહરિની સન્મુખ સહુ સંત-હરિભક્તો આવ્યા' એ નામે ચુંમાળીશમો તરંગ સમાપ્ત ॥૪૪॥



પૂર ચૌદમું : તરંગ - ૪૫

શ્રીહરિની વૌઠામાં આવ્યા તે લીલા

સંતો અને વર્ણીઓ તે વેળાએ શ્રીહરિની પાસે આવ્યા. એકતાર થઈને સહુએ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. ૧. શ્રીહરિએ જ્યારે ભાઈ રામદાસજી સ્વામી આવે છે, તેમ જોયું એટલે અશ્વ ઉપરથી નીચે ઊતરી ગયા અને તેમને ભેટીને મળ્યા. ૨. પછી ઘણું હેત દેખાડીને સંતોને અને વર્ણીઓને પણ મળ્યા અને ભાઈ રામદાસજી સ્વામીએ જ્યારે કહ્યું ત્યારે પોતે ફરી વાર અશ્વ ઉપર બેઠા. ૩. ભાઈ રામદાસજી સ્વામી અને મુક્તાનંદસ્વામી, એ બે સંતો જ્યારે આવે ત્યારે શ્રીહરિ તેમની અદબ-મર્યાદા રાખતા હતા. ૪.

વિપ્ર મયારામ ભટ્ટ અને સંન્યાસી દેવાનંદસ્વામી દંડી, એ બેની મર્યાદા પણ શ્રીહરિ રાખતા હતા. ૫.

સદ્‌ગુરુ રામાનંદસ્વામી જ્યારે હતા, તે સમયમાં તેમની સાથે રહેનારા એ બધા હતા. શ્રીહરિ તેમને જે રીતે સમજતા હતા અને તેમની જે મોટાઈ હતી તેને અનુરૂપ શ્રીહરિ તેમની અદબ-મર્યાદા રાખતા હતા. ૬. જે સંતો અને હરિભક્તો સામે આવ્યા હતા, તે બધા શ્રીહરિની આગળ અને પાછળ ચાલતા હતા. વર્ણીઓની ભેળા વર્ણી, સંતોની સાથે સંતો અને હરિભક્તોના સમૂહમાં હરિભક્તો રહ્યા હતા. ૭. સહુ મુખથી ધોળ ગાતા હતા. સૌના હૃદયમાં પ્રેમરસ છવાઈ ગયો હતો. તે સમયે આનંદરૂપી રંગ અને ગુલાલની અત્યંત ઝડી મચી ગઈ હતી. ૮. હરિભક્તોનો સત્સંગ અને સહુના ઉપર જે અપાર પ્રેમ હતો તેને દેખીને બીજા બધા લોકો આશ્ચર્ય પામતા હતા. વિવિધ પ્રકારનાં વાજિંત્ર વાગતાં હતાં. તેમજ ડંકા અને નોબત પણ ગાજી રહી હતી. ૯. રંગબેરંગી નિશાન નવાં બનાવીને હરિભક્તો લાવ્યા હતા. શ્રીહરિની સાથે જે દરબારો હતા, તે બધાએ સોનાનાં અનુપમ કવચ પહેર્યાં હતાં. ૧૦.

સહુના હાથમાં એક એક ભાલો લીધેલો હતો. તે ભાલો સૂર્યના તેજની જેમ ચમકી રહ્યો હતો. બધા દરબારોના જે અશ્વ હતા તે બધા સોનેરી સાજ સામાનથી સોનેરી દેખાતા હતા. ૧૧. જે અશ્વો હતા તે એક એકથી વધારે સુંદર હતા, તેથી વિમાન જેવા શોભતા હતા. શ્રીહરિનો અશ્વ તો ગરુડ જેવો સોહામણો લાગતો હતો. ૧૨. બંદૂકધારી પાર્ષદો બંદૂકોનો અવાજ કરતા હતા. તેનાથી આકાશ ગાજી રહ્યું હતું. તે વખતે લોકોનો ઘણો મોટો સમાજ મળ્યો હતો. ૧૩. હરિભક્ત સિવાયના લોકો નદીમાં ઊતર્યા હતા. ઘનશ્યામ શ્રીહરિ સહુને દર્શન દેવા સવારી લઈને તે સ્થળે આવ્યા. ૧૪.

✵ તીર્થયાત્રાનું ફળ :

सोरठा : तीर्थ करन के फल, श्रीहरि दीने दरश यह;
दीने जन को अचल, मिलत नहि वेर वेर एहु...१५
तीर्थ के फल हे एहि, हरि हरि के संत मिलत;
कोउ वखत पर तेहि, फेर फेर न मिलत तेउ...१६

તીર્થ કરવાના અવિચળ ફળરૂપે શ્રીહરિએ તેમને પોતાનું દર્શન દીધું. આ દર્શનરૂપી ફળ લોકોને વારેવારે મળતું નથી. ૧૫. તીર્થ કરવાનું ફળ તો એટલું જ છે કે તેમાં ભગવાન અને તેમના સંતનો મેળાપ થાય. તે મેળાપ તો કોઈ વખતે જ થાય છે. વારંવાર તે મેળાપ થાતો નથી. ૧૬.

चोपाई :

तीर्थ करत करत जुग केते, कोटी कोटी चल जावत तेते;
प्रगट श्रीहरि तब कोउ वारा, दरशन दे जन कर्त भव पारा...१७

તીર્થયાત્રા કરતા કરતા કરોડો યુગ એમનામ વીતી જાય ત્યારે કોઈક વાર જ સાક્ષાત્ શ્રીહરિ દર્શન દઈને મનુષ્યનો સંસારથી ઉદ્ધાર કરે છે. ૧૭. ભગવાનના સંત પણ તીર્થોમાં ક્યારેક જ મળે છે. વારેવારે મળતા નથી. પદ્મપુરાણમાં સાબરમતી નદીની વાત કહી છે. ૧૮. સાબરમતી નદી અને બીજી નદીઓના સંગમની વાત ત્યાં કહી છે. તે નદીઓના સંગમને લીધે તેનું નામ 'બનૈયા' આવું પડ્યું હતું. ૧૯. બનૈયાથી ઉત્તર દિશા તરફ શ્રીનગર (અમદાવાદ) પાસે સાબરમતીના વિશાળ કિનારે મોટા ઋષિઓના ભારે સુખકારી આશ્રમો હતા. ૨૦. દધીચિ નામે જે એક ઋષિ હતા, તેણે તે સ્થળે ઘણા યુગો સુધી તપ કર્યું હતું. સપ્તર્ષિઓ વગેરે કેટલાક ઋષિઓએ પણ ત્યાં બહુ યુગ સુધી તપ કર્યું હતું. ૨૧. ઘણા યુગ સુધી ઋષિઓ સાબરમતીમાં નહાયા છે. તેથી તેમનો પ્રતાપ આ નદીમાં રહ્યો છે. તે ઋષિઓને તપનું ફળ આપવાને માટે શ્રીહરિ અહીંયાં સંતોની સાથે આવ્યા છે. ૨૨. દેશેદેશના ગામેગામથી જે બાઈ-ભાઈ હરિભક્તોના સંઘ આવ્યા હતા, તે બધાનાં નામ લખી શકાતાં નથી. ૨૩. બધા ગામનાં નામ લખી ન શકાય એટલા બધા તો હરિભક્તો હતા. અને બધા સંતોનાં નામ પણ વારે વારે ક્યારેય લખી શકાતાં નથી. ૨૪. જે સંતો અને હરિભક્તો હોય તેમનાં નામ વારંવાર લખવાથી તો આ ગ્રંથ ઘણો મોટો થઈ જાય, એટલે જરૂર હોય તેટલાં જ નામ વગેરે લખું છું. ૨૫.

આકાશ કરતાં પણ શ્રીહરિનું વિચરણ કરોડ ગણું વધારે છે, એટલે હું તો અહીંયાં એક અણુ જેટલું જ લખું છું. ૨૬. મારું આયુષ તો વીજળીના જેવું અસ્થિર છે. શ્રીહરિનું વિચરણ અપાર છે. એટલે મારાથી જેટલું લખાય

અથવા શ્રીહરિ જેટલું લખાવે તેટલું હું લખું છું. ૨૭. લોકોના સંઘ આવીને જે નદીમાં ઊતર્યા હતા તે બધા ઉપર પ્રસન્ન થઈને શ્રીહરિએ તેમને દર્શન દીધાં. ૨૮. બધા લોકો શ્રીહરિને મહાન પ્રતાપી પુરુષ માનીને આદરભાવથી પૂજા કરતા હતા. લોકો તે સમયે મેવા અને મીઠાઈઓના થાળ ભરી ભરીને તત્કાળ લાવતા હતા. ૨૯. જેનો પાર ન આવે એટલાં બધાં કેળાં લાવ્યા અને કેટલાક લોકો તો ફૂલહાર લાવ્યા. લોકોનો ભાવ દેખીને શ્રીહરિ તે બધાની પૂજાને અંગીકાર કરતા હતા. ૩૦.

બધા લોકો જ્યારે પૂજા કરી રહ્યા ત્યારે શ્રીહરિ પોતાના મુકામ ઉપર આવ્યા. તે સમયે અપરંપાર મશાલો થઈ. શ્રીહરિ ઉતારો જોઈને ઘણું પ્રસન્ન થયા. ૩૧. ગાડી ઉપર ગાદીતકિયા બિછાવી દીધાં હતાં, તેથી શ્રીહરિ ત્યાં આવીને તે ગાડી ઉપરના આસને બેઠા. સંતો અને હરિભક્તો સહુ મળીને આરતી અને સ્તુતિ પ્રાર્થના વગેરે બોલવા લાગ્યા. ૩૨. જ્યારે આરતીના નિયમો બોલાઈ રહ્યા ત્યારે 'નારાયણ ધૂન' શરૂ કરી. તે 'નારાયણ ધૂન' જ્યારે પૂરી થઈ ત્યારે કીર્તન બોલવા લાગ્યા. ૩૩. અને જ્યારે તે કીર્તન બોલાવાનાં પૂરાં થયાં ત્યારે પ્રસન્ન મનથી શ્રીહરિ બોલ્યા, કયા દેશના અને કયા ગામના હરિભક્તો કોણ આવ્યા છે ? તે બોલો. તેમજ સંતોનાં કેટલાં મંડળ આવ્યાં છે અને વર્ણીઓ પણ કેટલા આવ્યા ? તે પણ કહો. ૩૪.

તે દેશમાં અને તે તે ગામમાં કેટલા હરિભક્ત થયા છે ? તે કહો. ત્યારે સંતો અને હરિભક્તોએ કહ્યું કે, સત્સંગના ઉપર કેટલાકને ભાવ છે અને કેટલાકને અભાવ છે. ૩૫. જેને અધર્મને માર્ગે ચાલવું રુચે છે તેમને સત્સંગ ગમતો નથી. એવી રીતે કહ્યું તે શ્રીહરિવરે સાંભળ્યું. ૩૬. પછી શ્રીહરિ બોલ્યા, સહુ સંતો અને હરિભક્તો સાંભળો, જેતલપુરમાં યજ્ઞ ભંગ કર્યો તેથી રુદ્ર મનમાં કોપ્યા છે. ૩૭. જે વરસમાં યજ્ઞ બંધ કરાવ્યો હતો તે વરસના જેઠ માસમાં કેતુનો ઉદય થયો હતો. ૩૮. ૧૮૬૮ના આ વરસમાં અનાજ તો ઘણું પાક્યું, લોકોના મનમાં ઘણો હરખ પણ થયો, છેવટે કોપને પરિણામે ઘણાં જ તીડ આવ્યાં. ૩૯. તે તીડ ખેતરમાં જે અનાજ ઊભું હતું તેને ખાઈ ગયા અને રુદ્રના કોપને લીધે નવું અન્ન કાંઈ બચ્યું નહીં. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'શ્રીહરિ વૌઠામાં આવ્યા તે લીલા કહી' એ નામે પિસ્તાળીશમો તરંગ સમાપ્ત ॥૪૫॥

પૂર ચૌદમું : તરંગ - ૪૬

વૌઠામાં શ્રીહરિએ તીર્થસ્નાન, દાન અને દેવદર્શન કર્યાં

શ્રીહરિ હરિભક્તોને મર્મમાં એમ વાત કરતા કે, સહુ અનાજનો સંઘરો કરજો. આ વાત અનુપમ-અજોડ છે. ૧. ગોળ અને ઘી વિના તો જિંદગીભર ચલાવી શકાય છે અને અનાજ વિના તો એક દિવસ પણ ચાલે નહીં. તે ખરી હકીકત છે. ૨. જો પશુ વિના ચાલતું હોય તો યોગ્ય સમય વિના પશુ રાખવાં નહીં. જ્યારે જરૂર હશે ત્યારે ફરીને પશુ મળી રહેશે, એટલે સમયને જોઈ વિચારીને ચાલવું. ૩. ઘરેણાં અને ધન વિના બધા દિવસ વીતી શકે છે, પણ અનાજ અને પાણી વિના દિવસ જાય નહીં. તે વાતને હું સત્ય કહું છું. ૪. જે માણસ અનાજનો સંગ્રહ કરે છે તે સંસારમાં સદાય સુખી રહે છે. અમારા દેખ્યામાં જેવું આવે છે તેવી વાત અમે કરીએ છીએ. ૫.

જે વિચક્ષણ હરિભક્તો હતા તેઓ તો જેમ શ્રીહરિએ કહ્યું તે પ્રમાણે કરવા લાગ્યા. હરિભક્તો શ્રીહરિને માટે જ્યાં થાળ તૈયાર કરતા હતા ત્યાં જઈને દયાળુ પ્રભુ જમતા હતા. ૬. શ્રીહરિએ પછી દરબારોને બોલાવીને જમાડ્યા અને પાર્ષદો પણ ત્યાં આવીને જમ્યા. દરબારોના જે તંબુઓ હતા તે સુંદર રીતે ઊભા કરાવ્યા હતા. ૭. શ્રીહરિનો તંબુ તો બધા તંબુઓની મધ્યે ઊભો કરાયો હતો અને તેની આગળના ભાગમાં મોટી ચંદની ખેંચી હતી. તેમાં શોભાદાર સભા કરવાની હતી. ૮. વચ્ચે શોભાદાર સિંહાસન કર્યું હતું, તેના ઉપર ધર્મના દુલારા શ્રીહરિ બેઠા. અજબ પ્રકારની બિલોરી હાંડી ચંદનીમાં લટકાવેલી હતી. ૯. શ્રીહરિની આગળ સંતો અને હરિભક્તોની સભા થઈ. સંતો દોકડ, સરોદ અને સિતાર લઈને કીર્તન ગાન કરતા હતા. ૧૦.

સંતોએ કલ્યાણ, અડાણો અને કાનડો રાગ ગાયા. બિહાગ અને ખમાચ રાગને ઉઠાવ્યો. માલકોશ, જયજયવંતી, નાયકી અને સુંદર સોહણી રાગ પણ ગાયો. ૧૧. રાતનો પાછલો એક પહોર બાકી હતો ત્યારે શ્રીહરિ પોઢી ગયા અને સંતો શ્રીહરિનું ધ્યાન કરવા લાગ્યા. સંતોને પોતાના શરીરનું ભાન પણ રહેતું ન હતું. ૧૨. જ્યારે અરુણોદય થયો ત્યારે બધા સંતો ધ્યાનમાંથી જાગ્યા. પછી 'નારાયણ ધૂન' શરૂ કરી, ત્યારે બધું વન ગાજવા લાગ્યું. ૧૩. તે વખતે શ્રીહરિ જાગ્યા. બધું દાતણ વગેરે કર્યું. પછી સંતોને અને હરિભક્તોને સાથે લઈને કુશળતાપૂર્વક સ્નાન કર્યું. ૧૪. બધી સત્સંગી બાઈઓએ થોડે દૂર રહીને સ્નાન કર્યું. બાઈઓ દૃઢ ધર્મ રાખતી. સત્સંગની આ અલૌકિક રીત છે. ૧૫.

સત્સંગ સિવાયના જે લોકો બાઈઓ અને ભાઈઓ, તેઓ તો હજી સૂતાં હતાં ત્યારે શ્રીહરિ તથા સંતો, સહુએ આગળથી સ્નાન કરી લીધું હતું. ૧૬. શ્રીહરિએ જ્યારે સ્નાન કરી લીધું ત્યારે ત્યાં અપાર વિપ્રો આવ્યા. તેમણે હાથ જોડ્યા અને આપની શુભ કીર્તિ દિનપ્રતિદિન વધતી રહે, એવા શુભ આશીર્વાદ આપ્યા. ૧૭. આપ તો તીર્થને પાવન કરનારા તીર્થરૂપ છો. મોટા રાજાઓ પણ આપને માને-પૂજે છે. આપ તો દેવોના પણ દેવ છો અને અહીં પધારીને આપે આજે આ તીર્થને પણ સાર્થક-પાવન કર્યું છે. ૧૮. આજે કાર્તિકી પૂનમ છે. આવેલા લોકો વિપ્રોને જમાડશે. પોતાની શક્તિ પ્રમાણે દાન-પુણ્ય કરશે અને પછી તેનું ફળ તેમને મળશે. ૧૯. સ્નાન કરીને વિપ્રને દાન કરવું, એવી ભગવાને સનાતન રીત કરી છે. ભગવાન ક્યારેય તે રીતનો લોપ કરતા નથી, એમ વેદો વિપ્રના મુખે બોલે છે. ૨૦.

તે સમયે શ્રીહરિ બોલ્યા, વિપ્રો, તમે સહુ મારી વાત સાંભળો. અમારા જે હરિભક્તો છે તેઓ પોતાની હોંશ પ્રમાણે દાન દેશે. ૨૧. બધાને તીર્થનું ફળ મેળવવાનો ખપ તો છે, પણ તમે બધા અત્યારે થોડી ધીરજ રાખો. વિપ્રોને આમ કહીને શ્રીહરિએ બધા હરિભક્તોને કહ્યું, જેવું પાત્ર હોય તે પ્રમાણે સહુ દાન આપજો. ૨૨. એક પણ વિપ્ર દાન વિના રહે નહિ, આવો પ્રથમ વિવેક કરજો. જે મયારામ ભટ્ટ છે તેને તમે સહુ જે પૂગો તે પ્રમાણે (પોતપોતાની શક્તિ પ્રમાણે) દાન આપો. ૨૩. તે મયારામ ભટ્ટ બધા જ

વિપ્રોને આપી દેશે. તેમાં કોઈ સંદેહ નથી. પછી બધા હરિભક્તોએ સ્નાન કર્યું અને શ્રદ્ધાથી વિપ્રોને તે પ્રમાણે દાન આપ્યાં. ૨૪. દાન લેવા આવનારા વિપ્રો પાંચ હજાર થયા. તે બધાને દાન આપ્યું અને તેથી તે સહુ પ્રસન્ન થયા. તેથી શ્રીહરિનો જયજયકાર બોલવા લાગ્યા. ૨૫.

શ્રીહરિ પોતાને મુકામે આવીને સિંહાસન ઉપર બેઠા. પછી હરિભક્તોએ બંને હાથ જોડીને નિવેદન કર્યું. ૨૬. આજ અમે પ્રત્યેક ચોકે વિપ્રોને જમાડીએ છીએ અને અમે થાળ પણ કરાવીએ છીએ, તેથી આપની આજ્ઞા લેવા આવ્યા છીએ. ૨૭. પછી શ્રીહરિએ તે સહુને તેમના કહ્યા પ્રમાણે કરવાની છૂટ આપી. તેથી તે ભક્તો મનમાં ખૂબ જ રાજી થયા અને મહારાજે અશ્વ ઉપર સાજ કસીને બંધાવ્યો અને સવારી લઈને ચાલ્યા. ૨૮. એક એક હરિભક્ત ચોકે રહ્યા. બીજા બધા શ્રીહરિની સાથે ચાલ્યા. સંતોને શ્રીહરિએ કહ્યું, તમે બધા સંતો ઉતારે જ રહો. ૨૯. અમે શિવજીનાં દર્શન કરવા જઈએ છીએ. દર્શન કરીને તરત જ પાછા આવીએ છીએ. આમ કહીને ભક્તજનપ્રતિપાલક શ્રીહરિ તત્કાળ અશ્વ ઉપર સવાર થઈને ચાલતા થયા. ૩૦.

તે સમયે શ્રીહરિએ પોતાનાં અંગ ઉપર સોનેરી વસ્ત્ર અને સોનાનાં આભૂષણો ધાર્યાં. તે જોઈને સંતો પરસ્પર કહેતા હતા કે, આ વસ્ત્ર-અલંકારો હવે પાછાં આવશે નહીં. (ઉદાર એવા શ્રીહરિ બ્રાહ્મણોને દાનમાં દઈ દેશે.) ૩૧. શ્રીહરિની સવારીની શોભા ભારે ભવ્ય બની હતી. નરનારીઓ બધાં તેને જોવા માટે ઊમટ્યાં. ડંકા અને નોબત આગળ વાગી રહ્યાં હતાં. જરિયાની નિશાન તો ઘણાં સુંદર લાગતાં હતાં. ૩૨. ત્રાંસાં અને ઢોલ જેવાં વાજિંત્રો પણ બહુ જ વાગતાં હતાં. બંદૂકોના ફૂટવાથી બધું આકાશ ગાજી રહ્યું હતું. ૩૩. કુબેરસિંહ ચોપદાર અહીંયાં પહેલેથી આવી ગયા હતા અને તેઓ હાથમાં સોનાની છડી લઈને નેકી પોકારતા હતા. ૩૪. બહુનામી શ્રીહરિ નદીનું પાણી ઊતરીને શિવજીના મંદિર સમીપે ગયા. અશ્વ ઉપરથી નીચે ઊતરીને શિવજીનાં દર્શન કર્યાં અને પછી પૂજારીને પૂછ્યું, અહીં શિવજીની પૂજામાં આવક કેટલી છે ? લોકો તો અહીં અપાર આવે છે. શ્રીનગર અને ધોળકાના કેટલાક મોટા મોટા માણસો પણ આવે છે. ૩૫-૩૬.

ખેડા, ખંભાત, પેટલાદ, નડિયાદ, વસો, વગેરે કેટલાએ ગામના લોકો અહીં આવતા જ રહે છે. ૩૭. વરસોવરસ બે-ત્રણ લાખ માણસો અહીં થાય છે. ત્યારે પૂજારીએ કહ્યું, તે લોકો આવીને શિવજીને એક દાણોએ ધરતા-આપતા નથી. ૩૮. હજાર માણસોમાં કોઈ એક શિવજી આગળ સોપારી ધરે છે. આપના જેવા ક્યારેક આવે છે. તે પણ એક જ રૂપિયો શિવજીને ભેટ મૂકે છે. ૩૯. દયાળુ શ્રીહરિએ તત્કાળ જ જે વસ્ત્ર અને આભૂષણો પોતાનાં અંગ ઉપર ધારણ કર્યાં હતાં, તેને ઉતારીને શિવજીનાં ઉપર ધરી દીધાં. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'શ્રીહરિએ તીર્થસ્નાન, દાન અને દેવદર્શન વૌઠામાં કર્યાં' એ નામે છેતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૬॥

પૂર ચૌદમું : તરંગ - ૪૭

શ્રીહરિ જમ્યા, સૌને જમાડ્યા અને સત્સંગની સુવાસ પ્રસરી

શિવજીના પૂજારીએ શ્રીહરિને કહ્યું, આપ કાર્તિકી પૂનમે વરસોવરસ અહીં જરૂર પધારજો. અમે આપના છીએ. ૧. આ શિવજીને પણ તમારા જાણજો. શિવજી પણ આપના ઉપર પ્રસન્ન છે, તેમાં સંદેહ નથી. તેથી હું હાથ જોડીને કહું છું. ૨. શ્રીસહજાનંદસ્વામીએ પૂજારીને કહ્યું, જે અંતર્યામી છે, તેના હાથમાં બધી વાત છે ૩. દેશકાળની રીત એકસરખી ક્યાંય કાયમ રહેતી નથી. આ બધું જગત જ એવું છે, તેમાં દેશકાળ વિપરીત થઈ જાય છે. ૪. આ જગતની બધી રીત દેશકાળના હાથમાં હોય છે. દેશ અને કાળ શુભ તથા અશુભ હોય છે અને તેનો વેગ પણ તીવ્ર (મધ્યમ) અને મંદ હોય છે. ૫. શુભ અને અશુભ દેશકાળને આધીન એવા બધા લોકો પરાધીન રહ્યા છે. દેશ અને કાળ જેમ ચાલવા દે, તેમ બધા લોકો ચાલે છે. ૬.

✵ ભગવાનની સામર્થી :

ચોપાઈ :

देश काल कर्म हि जो जेहा, ईश्वर आगे हे जड हि तेहा
ईश्वर निर्बंध रहीके ताहि, जड से काम सब लेवत याहि...०७

मनुष्य में कला केतिक जेहि, आश्चर्यरूप देखावत तेहि;
अदृश्य हे ईश्वर जो ताकी, आश्चर्य कला जाननी वाकी...०८
ईश्वर के गुन वर्तत जामें, तितनो ईश्वर्य आवत तामें;
साधु के गुन कहावत जितना, जो जन में वरतत भये तितना...०९

દેશ, કાળ અને કર્મ તે તો પરમેશ્વરની આગળ જડ છે. પરમેશ્વર સ્વયં નિર્બંધ રહ્યા થકા દેશકાળાદિ બધા જડ દ્વારા કામ લે છે. ૭. માણસમાં કેટલીક કળાઓ એવી હોય છે કે જે ઘણી જ આશ્ચર્યજનક દેખાય છે. તે બધાં આશ્ચર્યો ને કળાઓ અદશ્ય એવા પરમેશ્વરનાં છે એમ જાણવું જોઈએ. ૮. પરમેશ્વરના ગુણ જેમાં વર્તતા હોય, તેમાં તેટલું ઐશ્વર્ય આવે છે. સાધુના જે ગુણ કહેવાય છે તે જેમાં વર્તતા હોય છે, તેટલી સાધુતા તેમાં કહેવાય છે. પશુ, પક્ષી અને વૃક્ષ સુધીના ગુણ બીજામાં આવતા દેખાય છે. તે રીતે જ્ઞાનની વાત પણ છે. ૯-૧૦.

શ્રીહરિએ જ્યારે આટલી વાત કહી, ત્યારે પૂજારીએ શ્રીહરિને સમર્થ કોઈ મહાપુરુષ જાણ્યા. તેથી પોતાનું મસ્તક નમાવીને તે શ્રીહરિનાં ચરણોમાં પડ્યા. અને પછી બહુનામી શ્રીહરિ અશ્વ ઉપર બેઠા. ૧૧. જ્યારે મુકામ ઉપર આવ્યા ત્યારે વિપ્રો અબોટિયા પહેરીને વિવિધ પ્રકારનાં ભોજનોનો થાળ લાવ્યા. ભૂમિને સ્વચ્છ કરીને તે થાળ ધરાવ્યો. ૧૨. અન્નકોટ કરતાંએ ઝાઝાં વિવિધ પકવાન ભરેલા હજાર જેટલા થાળ આવ્યા હતા. તેની શોભા અદ્‌ભુત હતી. ૧૩. એક એક થાળમાં છપ્પન પ્રકારનાં ભોજન અને છત્રીશ પ્રકારનાં વ્યંજન (શાક-કઠોળ અને ફરસાણ વગેરે) પીરસ્યાં હતાં. તેને ધર્મકુમાર શ્રીહરિ જમ્યા. ૧૪. જ્યાં થાળ મૂક્યા હતા ત્યાં વિવિધ પ્રકારની રંગોળી પૂરી હતી. ફળ સાથેના ઘણા કેળના સ્તંભ પણ અપાર રોપ્યા હતા. ૧૫. સુંદર મંડપ કર્યો હતો. તેમાં બિલોરી ઝાડ લટકાવ્યાં હતાં. બધા ભક્તોના દિલમાં અલૌકિક હેત હતું તેથી તેમણે નિર્મળ સ્નેહભાવથી બધું કર્યું હતું. ૧૬.

જે કાર્ય હેતથી થાતું હોય છે તે કરોડો રૂપિયાનો ખર્ચ કરવાથી નથી થાતું. મુકુંદાનંદ વર્ણી, જયાનંદ વર્ણી અને નાનાભાઈ વિપ્ર, ૧૭. એ ત્રણેય શ્રીહરિની સમીપમાં રહીને થાળ ધરાવતા હતા. સુખધામ ઘનશ્યામ શ્રીહરિ

તે પ્રત્યેક થાળમાંથી એક એક ગ્રાસ અન્ન લઈને જમતા હતા. ૧૮. અપાર ભક્તજનો દર્શન કરતા અને થાળનાં પદ મુખથી બોલતા હતા. જે જે હરિભક્તોએ થાળ કરાવ્યો હતો, તે બધાનાં નામ શ્રીહરિ પૂછતા હતા. ૧૯. ભક્તવત્સલ અને દીનદયાળુ શ્રીહરિ થાળ કરાવનારા ભક્તોનાં નામ પૂછીને થાળ જમતા હતા. પ્રસાદીનો થાળ જેને ખપતો હતો તેને પોતે જમીને પાછો પ્રસાદીના રૂપમાં આપતા હતા. ૨૦. પાછી પ્રસાદી આપવા છતાં સંતો, પાર્ષદો અને દરબારો જમે તેટલા થાળ બચતા હતા. એટલે શ્રીહરિ જ્યારે જમી રહ્યા તે પછી તે થાળના વધારામાંથી સંતો, પાર્ષદો અને દરબારોને જમાડ્યા. ૨૧. શ્રીહરિ, સંતો, પાર્ષદો અને જમીને આવેલા વર્ણીઓ, એ સહુની પૂજા, સુગંધી કેસરચંદનાદિકે કરીને બધા હરિભક્તોએ ઘણા જ પ્રેમથી કરી. ૨૨.

શ્રીહરિની પૂજા સહુના પહેલાં કરી હતી, ત્યારે કપૂરની આરતી પ્રકટાવીને શ્રીહરિની આગળ સહુએ ઉતારી હતી. અને ફૂલહાર લાવ્યા હતા તે સહુને પહેરાવ્યા. ૨૩. જે હરિભક્ત જેવો તૈયાર કરાવીને લાવ્યા હોય તેવો પોશાક શ્રીહરિને પહેરાવતા હતા. અને કેટલાક હરિભક્તોએ સંતો, વર્ણી અને પાર્ષદોને વસ્ત્ર ઓઢાડ્યાં હતાં. ૨૪. સત્સંગી સિવાયના બીજા લોકોએ તો સંતોના અને હરિભક્તોના વિશુદ્ધ સદાચારમય ધર્મને દેખ્યો, ત્યારે તેમને ઘણું જ આશ્ચર્ય થયું. એવું વૌઠાના સમૈયા પ્રસંગે થયું. ૨૫. **નિષ્કામ ધર્મ પાળવો તે દેવોના કરતાં પણ વિશેષ વાત છે. નિષ્કામ ધર્મ તો એક સત્સંગના આશ્રિતોમાં જ છે. બીજા બધા તો સકામ હોય છે. ૨૬.**

સત્સંગ સિવાયના બીજા જે સંતો, વર્ણીઓ અને ગૃહસ્થો છે, તેઓ કામના સ્વાદને પામવા અધિક પ્રયત્ન કરતા હોય છે. ૨૭. સત્સંગ સિવાયના લોકો તો કામના સ્વાદને સંતોષવા માટે જ તીર્થ કરવામાં પ્રેમ રાખતા હોય છે અને તે વર્તન ઉપરથી દેખાઈ આવે છે. ૨૮. હરિભક્ત સિવાયના લોકો જે ઠેકઠેકાણે ભેળા થાતા હોય છે, તેમાં કોઈનું ચિત્ત ભગવાનમાં હોતું નથી. પરસ્પર ઠઠ્ઠા-મશ્કરી જ કરતા હોય છે અને નરનારી બધાં જ ન બોલવાનું બોલતાં હોય છે. ૨૯. ભગવાનની કથા કે કીર્તનમાં કોઈને લેશમાત્ર પણ તાન હોતું નથી. પુરુષ સ્ત્રીના મુખને દેખે છે અને તેમાં જ પરમ સુખ માને છે. ૩૦.

સ્ત્રીઓ પણ પુરુષના મુખ સામે જોઈ રહે છે, આમ તીર્થમાં આવીને સહુ ખુવાર થાય છે. વિવેકી મનુષ્યો તો એવું બોલે છે કે તેમના ગુરુ પણ તેવા જ વિષયી હશે. ૩૧. નાચવાનો ધંધો કરનારાં નટ અને નટીઓ પણ આવા મેળામાં આવે છે. પછી તે ગુરુ અને શિષ્યો નવરા થઈને તેમની પાસે નાચ કરાવે છે. ૩૨. સત્સંગ સિવાયના જેટલા લોકો છે, તેઓ તેવી રીતે જ તીર્થ કરે છે અને તેનું ફળ પણ તેમને તેવું જ મળે છે. જેને લીધે તેમને આવો મનુષ્યનો દેહ ફરી વાર મળતો નથી. ૩૩. પછી જમપુરીમાં માર ખાય છે. કરોડો કલ્પે પણ પાર આવતો નથી. પછી લખચોરાશીમાં વારંવાર ફરે છે. અને તેમાં પણ પુષ્કળ દુઃખને સહન કરે છે. ૩૪.

દેહ છતે સંતો અને હરિભક્તોની મનફાવી હાંસી-મશ્કરી કરે છે. પછી તેનું ફળ પણ તેને તેવું જ મળે છે. ૩૫. તે વિવેકી મનુષ્યો સાચા સંતો અને હરિભક્તોની ખરી રીતને હવે પ્રેમથી કહે છે કે, સ્વામિનારાયણના આશ્રિતો અહીંયાં જેટલા આવ્યા છે તે બધા પોતાના ધર્મ પ્રમાણે રહે છે. ૩૬. સંતો, વર્ણીઓ અને હરિભક્તો, સહુ પોતપોતાની રીતમાં તત્પર થઈને રહે છે. ૩૭. તેઓ પોતપોતાના વર્તનમાં કોઈ કાંઈ ફરક પડવા દેતા નથી. તીર્થમાં જે આ વખતે ભેળા થયા છે અમે તે બધાને જોયા છે. ૩૮.

सोरठा : संत वर्णि जेते हि, जग की बात न करत मुख;
बात उचरेत एहि, मोक्ष जिन करि होत जोउ...३९
हरिजन जेते रहेउ, कथा कीर्तन सुनत तेहि;
बायु जेति रहे तेउ, पर पुरुष मुख न जोत कब...४०

સ્વામિનારાયણના જે સંતો છે અને જે વર્ણીઓ છે તેઓ પોતાને મુખે ક્યારેય સંસારની વાત કરતા જ નથી. હા, વાત એવી કરે છે કે જેનાથી જીવનો મોક્ષ થાય. ૩૯. જે ગૃહસ્થ હરિભક્તો છે તેઓ કથાને અને કીર્તનોને સાંભળતા જ રહે છે. અને જેટલી સત્સંગી બાઈઓ છે તે કોઈ પરપુરુષનાં મુખ સામે ક્યારેય દેખતી જ નથી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'શ્રીહરિ અનેક થાળ જમ્યા, સહુને જમાડ્યા અને સત્સંગનો સુયશ કહ્યો' એ નામે સુડતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૭॥



પૂર ચૌદમું : તરંગ - ૪૮

કુબેરસિંહ દ્વારા ગોસ્વામીનું મંતવ્ય પ્રકટ કહ્યું

કેટલાક વિવેકી ડાહ્યા માણસો જે ફરીને બીજી વાતો કહેતા હતા તે હું તમને કહું છું. જેનાથી સત્ય-અસત્યનો વિવેક આવે છે. ૧. **જો સત્યને અને અસત્યને બરાબર સમજવામાં ન આવે તો જે અસત્ય હોય તે સત્ય મનાઈ જાય અને જે સત્ય હોય તે અસત્ય મનાઈ જાય છે. એવી વિપરિત મતિ થઈ જાય છે. ૨.** સત્સંગમાં જેટલા સંતો અને વર્ણીઓ રહે છે તે બધા અષ્ટ પ્રકારે સ્ત્રીનો ત્યાગ રાખે છે. ૩. અષ્ટ પ્રકારની બધી ધાતુઓનો પણ ત્યાગ કરે છે અને જેટલી અસત્ય રીત હોય છે તેનું તેઓ વારંવાર ખંડન કરે છે. ૪. ભાંડ, ભવાઈ અને નટના ખેલ આદિ કરનારા જે જે લોકો હોય તેને તોફાની અને ફેલી કહે છે.

અને ભગવાનની વાત સિવાય જેમની એક પળ પણ જાતી નથી. ૫. તથા **જે સ્થાનમાં વર્તન શુભ હોય છે ત્યાં ભગવાનની વાત વિનાનો એક પ્રહર પણ ખાલી જાતો નથી. આવું જ્યાં હોય ત્યાં નિશ્ચિત સમજવું કે, ભગવાન ત્યાં પ્રકટ વિરાજે છે. ૬. ભગવાન વિનાનું જેટલું વર્તન હોય તેમાં ક્યારેય સત્ય રહે નહીં.** વનના આશ્રય વિના સિંહ જીવી શકે નહિ અને સિંહ વિનાનું વન ક્યારેય રહી શકે નહીં. ૭. મસ્તક વિનાનો મુકુટ શોભે નહિ અને મુકુટ વિનાનું મસ્તક શોભે નહીં. તે રીતે ભગવાન, ભગવાનના ભક્ત અને સંતોની એવી રીત ચાલી આવે છે. ૮. **જ્યાં શુભ વર્તન હોય છે ત્યાં મોક્ષ રહે છે,** તેમાં એક રંચમાત્ર પણ ખોટું નથી. અને જ્યાં રાતદિવસ અધર્મ થયા કરતો હોય, ૯. તે અધર્મીઓનો નિવાસ જમપુરીમાં થાય છે. ત્યાં જમદૂતો તે અધર્મીના ગળામાં ફાંસો નાખે છે.

કુબેરસિંહ નામે જે ચોપદાર છે તે ગોસ્વામી (પુષ્ટિમાર્ગીય ધર્માચાર્ય) ને ત્યાં નોકરી કરતા હતા. ૧૦. તેમણે પાંચ વરસ સુધી નોકરી કરી ત્યારે તેની ઉંમર વીસ વરસની થઈ. તે વખતે તેમને બધું વલ્લભકુળનું વર્તન દેખવા સમજવામાં આવ્યું. ૧૧. વિઠ્ઠલનાથજી સિવાયનું વલ્લભકુળ લાલજી કહેવાતું હોય છે. સંપ્રદાયની આશ્રિત જે સ્ત્રીઓ બ્રહ્મસમર્પણ લેતી હોય છે. ૧૨. તે બધી ગુરુની શિષ્યા કહેવાય, અને જે શિષ્યા સ્ત્રી હોય તે બધી પુત્રીને તુલ્ય ગણાય, એમ વેદ અને પુરાણોનો સિદ્ધાંત છે. ૧૩. તે બધી પુત્રી તુલ્ય શિષ્યા સ્ત્રીઓને તે લાલજી (અંગ સંગથી) પ્રસાદીની કરી દે છે અને તેમાં વૈષ્ણવો દોષ માનતા નથી. ૧૪. ચોપદાર કુબેરસિંહે ગોસ્વામીજીને કહ્યું, સ્વામિનારાયણ (અને તેમના આશ્રિતો)નું વર્તન અને આપનું વર્તન, તેમાં તો બહુ જ ફરક છે. તે મને અહીંયાં સ્પષ્ટપણે દેખાયું છે. ૧૫-૧૬.

ત્યારે ગોસ્વામીજીએ તેને કહ્યું, સાંભળ ! હજી તો તું બાળબુદ્ધિનો છો. જે સંસારી લોકો છે તેઓ તો મોક્ષની બાબતમાં અંધમતિ કહેવાય છે. ૧૭. અંધ લોકો દેખી શકતા નથી. તેમનો મોક્ષ તો ગુરુ દ્વારા થાય છે. ગુરુ અને તેમનો મહિમા તો બહુ મહાન - ભારે છે. તેને કોઈ સામાન્ય નરનારી જાણી શકતાં નથી. ૧૮. કોઈ લોકો ધર્મ-નિયમરૂપી સાધન વધારે દેખાડે તો તેમાં સામાન્ય નરનારી-બધા લોકો અંજાઈ જાય છે. જે પ્રાકૃત લોકો છે - ઝાઝું જ્ઞાન ન હોય તેવા સામાન્ય લોકો જે છે, તેઓ ધર્મનિયમરૂપી સાધનને વધારે માને છે. ૧૯. સૂર્યની આગળ આગિયો (ખદ્યોત) તુચ્છ છે તેમ ગુરુની આગળ બધાં સાધન તુચ્છ ગણાય છે. જ્યાં સુધી બ્રહ્મવેત્તા ગુરુ ન મળે, ૨૦.

ત્યાં સુધી જ સાધનોની જરૂર રહે છે. ધર્મ-નિયમ આદિ સાધનો તો બ્રહ્મવેત્તા ગુરુને મેળવી આપનાર છે, તે મળી ગયા પછી સાધનની જરૂર નથી. સરોવર કે નદીમાં ભરપૂર પાણી મળી જાય ત્યારે તે પાણીમાં સ્નાન કરી લેવાય, જળપાન કરી લેવાય. બ્રહ્મવેત્તા ગુરુ મળે તેટલાં સાધન કરવાં પડે, અખૂટ અને ભરપૂર પાણી મળી ગયા પછી કૂવો ખોદવાનાં સાધનોની જરૂર નથી રહેતી, તેમજ તેવા ગુરુ મળી ગયા પછી ધર્મનિયમાદિ સાધનોની એક તલભાર પણ જરૂર રહેતી નથી. ૨૧-૨૨. ભૂખ લાગે ત્યારે મનચાહ્યું

ભોજન જો મળી જાતું હોય તો ભોજનને માટે મહેનત કરનારો માણસ મંદબુદ્ધિ કહેવાય છે. ૨૩. સાધનો કરવામાં તેને વધારાનો નફો-ફાયદો શું થયો ? અમને તો તે સમજમાં આવતું નથી. વલ્લભકુળ સિવાય જેને અન્ય પ્રિય જણાતું હોય, તેને તો અમે બાળબુદ્ધિ માનીએ છીએ. ૨૪. સાકર, મધ અને દ્રાક્ષથી વધારે કોઈ વસ્તુ ગળી નથી, છતાં તેનાથી પણ કોઈ વસ્તુને વધારે ગળી જે માને, તે બાળબુદ્ધિ છે, તેમ દેખાય છે. ૨૫.

માણસના ખોરાકમાં દૂધ, દહીં, ઘી અને માખણ, તેમજ અનાજમાં ઘઉં વગેરે ઘણાં સારાં તથા મીઠાં છે અને સર્વ શ્રેષ્ઠ છે. ૨૬. તેમજ ધાતુમાં સોનું શ્રેષ્ઠ છે. વાહન ઘણી જાતનાં છે પણ તેમાં હાથી જેવું કાંઈ વાહન નથી. ૨૭. તેમજ પથ્થરમાં હીરા, પારસમણિ અને ચિંતામણિ સહુથી શ્રેષ્ઠ છે. ઉપર ઘણી ઉપમાઓ કહી. તે બધાની જેમ વલ્લભકુળ સર્વ શ્રેષ્ઠ છે. ૨૮. જે બાળબુદ્ધિ છે તે તો અંધ છે. તેના માહાત્મ્યની ખબર નથી, તેથી તેઓ વલ્લભકુળને છોડી દઈને બીજાને વધારે સારા માને છે. અનેક જન્મનાં પુણ્ય વિના વલ્લભકુળ રુચતું નથી. ૨૯. જે સ્વામિનારાયણ કહેવાય છે તે કેટલાક વરસ સુધી ધર્મનિયમાદિ સાધનોને કરશે. પછી વલ્લભકુળની જેમ તેને ખાનપાનાદિક મળશે. ૩૦.

સાધનો કર્યા વિના ક્યારેય ભોગ મળતા નથી. કારણ કે સાધનોનું ફળ ભોગને કહ્યું છે અને ભોગનું ફળ ગોલોકધામ છે. જે માણસ ‘વલ્લભ, વલ્લભ’ એવું નામ જપે છે. ૩૧. તેમાં વલ્લભના વલ્લભ-પ્રિય તો શ્રીકૃષ્ણ રહે છે અને એ શ્રીકૃષ્ણ જ વિઠ્ઠલનાથના રૂપમાં પ્રકટ્યા છે. તે વિઠ્ઠલનાથજીના લાલ(પુત્ર)ના લાલ (વંશપરંપરા) જ્યાં સુધી આ ભૂમિ ઉપર જેટલો સમય રહેશે, ત્યાં સુધી બધા શુભ સાધનો તેમાં વંશપરંપરામાં રહેશે. જે મનુષ્ય તે લાલજીને મન, કર્મ, (વચન)થી માને છે, તેનાં બધાં સાધન તેમાં આવી જાય છે. ૩૨-૩૩. વિઠ્ઠલનાથજીના વચનમાં અમને વિશ્વાસ છે. કીર્તન ભક્તિ કરવી, તે કળિયુગમાં કલ્યાણનું મુખ્ય સાધન છે. ૩૪.

કળિયુગમાં કામને જીતવો, તે તો પરમેશ્વર સિવાય બની શકે નહીં. કરોડો સાધન કોઈ કરે, તોપણ કામ જિતાતો નથી. ૩૫. પરસ્ત્રીમાત્ર છે તેને જે માતા

કહેવી - તેમાં માતૃબુદ્ધિ કરવી, તે ઘણું કઠણ સાધન છે. તેને સાવધાનીથી કરવું જોઈએ. ૩૬. ધન(કનક), સ્ત્રીઓ અને પુત્રમાં પાતાળથી લઈને બ્રહ્મા સુધીનું આખું જગત બંધાયેલું છે. તેનાથી છૂટ્યા હોય તેવા કોઈ દેખાતા નથી. ૩૭. જે જે મત સંપ્રદાય કહેવાય છે, તે પહેલાં ઘણો ત્યાગ રાખે છે. કારણ ત્યાગ વિના લોકો માને નહિ, પણ છેવટે તેઓ ત્યાગને બદલે અનુરાગ કરવા લાગે છે. ૩૮. એવા ઘણા આચાર્ય દેખાય છે કે જેણે પ્રથમ પોતાનો મત સ્થાપવા માટે ધન અને નારીના ત્યાગ દ્વારા અનેક જીવોનો ઉદ્ધાર કર્યો હતો. ૩૯. તે જ રીતે અમારા મોટા આચાર્યોએ પણ સોનામહોરથી ભરેલા થેલા ખચ્ચર ઉપરથી યમુનાજીમાં વહેવડાવી દીધા હતા. ૪૦.

તેમના આવા સામર્થ્યથી અમે આજ સુધી પૂજાઈએ છીએ. તે તો સંપ્રદાયની વાત છે. સામર્થ્ય વિના ક્યારેય સંપ્રદાય સ્થપાતો નથી, ચાલતો નથી. ૪૧. સામર્થ્ય એક કળા છે. તે કળા વિના નવો સંપ્રદાય ક્યારેય ચાલતો નથી. સ્ત્રી અને ધનનો ત્યાગ રાખવો ઘણું કઠિન છે, પણ તે પરમેશ્વરને કઠિન નથી. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'કુબેરસિંહ દ્વારા ગોસ્વામીનું મંતવ્ય કહ્યું' એ નામે અડતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૮॥



પૂર ચૌદમું : તરંગ - ૪૯

કુબેરસિંહનો સત્સંગ અને ગોસ્વામી આગળ તેનું સત્ય કથન

કુબેરસિંહે ગોસ્વામીની બધી વાત સાંભળી. પછી જ્યારે શ્રીહરિનાં દર્શન કરવા આવ્યા ત્યારે તે બધી વાત સંક્ષેપમાં કહી. ૧. જ્યાં સુધી તેમણે વાત કહી ત્યાં સુધી શ્રીહરિ મુખ આડો રૂમાલ રાખીને મરક મરક હસતા રહ્યા. તેનાથી ઊઠેલી નલવટ રેખા શોભતી હતી. ૨. પછી શ્રીહરિએ કહ્યું, જેટલા મતપંથો છે તેમના બધા ગુરુઓ અમારું વર્તન દેખીને મનમાં ડરે છે. ૩. અમારું વર્તન એવું છે કે, જેને લીધે જે મતમાં જેવું વર્તન છુપાઈને રહ્યું

હતું તે છતું થઈ જાય છે. ૪. પછી કુબેરસિંહે બંને હાથ જોડ્યા અને કહ્યું, આપ મારી વિનંતિ સાંભળો. હું આપને નિશ્ચિતરૂપમાં ભગવાન સમજું છું. તેમાં કોઈ પણ પ્રકારનો સંદેહ રહ્યો નથી. ૫. હવે હું શું કરું ? આપ તો સહુના સ્વામી-માલિક અને અંતર્યામી છો. અનંત કોટિ બ્રહ્માંડોનું ભરણ અને પોષણ આપ જ કરો છો. ૬.

જ્યારે જીવ માતાના ઉદરમાં આવે છે ત્યારે જળના બિંદુમાં અવ્યક્ત-અપ્રકટ રહ્યો હોય છે, તેની કોઈને ખબર હોતી નથી. ૭. સ્ત્રીનું રજ અને પુરુષના શુક્રાણુના યોગથી જેવું બીજ હોય તેવું શરીર આપ રચો છો. આવી બાબતમાં તો બ્રહ્મા જેવા દેવને પણ આશ્ચર્ય થાય છે. ૮. બ્રહ્માના જેવા અપાર દેવો હોય છે અને આપ તેમના સ્રષ્ટા છો. એવા આપ મને મળ્યા છો તેથી જ દુઃખ હતાં તે બધાં દૂર થઈ ગયાં છે. ૯. આપ જે ઉપકાર કરો છો તેવો ઉપકાર કોઈ મોટા દેવથી પણ થઈ શકે નહીં, તો પછી આ ભૂમિના સામાન્ય રાજાઓ શા લેખામાં ? ૧૦. મને કોઈ નોકરીમાં રાખે કે ન રાખે, તેનો હવે ડર લેશમાત્ર પણ રહ્યો નથી. દુનિયામાં આટલા બધા લોકોનો નિર્વાહ ચાલે છે તેમ અમારો પણ નિર્વાહ થાશે જ. ૧૧.

વારંવાર જે શરીર આપે છે તે દેહનિર્વાહનું સાધન આપવાની ચિંતા તો તેમને છે. જીવ તો ચિંતા ખોટી કરે છે. જીવે કરેલી ચિંતાથી તો કાંઈ જ બનતું નથી. ૧૨. મનુષ્યમાત્ર રાજા થવા માટેના વિચારો તો રાતદિવસ કરતા જ હોય છે, પણ કોઈ રાજા થઈ શકતા નથી. ૧૩. તે રીતે જ રાજાના દીવાન અને બીજા લોકો પણ લખપતિ થવા ચાહે છે, પણ બધા લખપતિ થઈ શકતા નથી અને પોતાનો જન્મ નિરર્થક ગુમાવે છે. ૧૪. પછી તે કુબેરસિંહની અથાગ સમજણ જોઈને શ્રીહરિએ તેને સત્સંગનાં વ્રતમાન ધરાવ્યાં. પછી તે હરિભક્ત થઈને ગોસ્વામીની પાસે ગયા. ૧૫. કુબેરસિંહે પોતાના શરીર ઉપરનો રજોગુણ દૂર કરીને સત્ત્વગુણ ધારણ કર્યો હતો. તે આંખોથી પ્રકટ દેખાતો હતો. ૧૬.

કુબેરસિંહના શુદ્ધ સાત્ત્વિક ભાવને જોઈને ગોસ્વામી બોલ્યા, તારામાં જે વલ્લભકુળનું તેજ હતું, તેનો અત્યારે નાશ થઈ ગયો દેખાય છે. ૧૭. જેવી કોઈ વિધવા સ્ત્રી હોય તેવો આજે તું દેખાય છે. વલ્લભકુળનો આશ્રિત

મટી જવાથી તારો ચહેરો કાંઈ ઓર જ થઈ ગયો છે ! ૧૮. જે ગુરુમાં જેવું તેજ રહ્યું હોય, તેવું તેના શિષ્યમાં આવે છે. રાજામાં જેવું તેજ હોય તે તેની પ્રજામાં આવતું હોય છે. ૧૯. ત્યારે કુબેરસિંહે ગોસ્વામીને કહ્યું, આજ તમે સાચું કહ્યું છે. તમે જે કહ્યું, તે તેવું જ છે. તેમાં રંચમાત્ર પણ ખોટું નથી. ૨૦.

રાજાની પોતાની જેવી નીતિ હોય તેવી તે પ્રજાને પોતે શીખવાડે છે. જે રાજા ચોરી કરવામાં અને વ્યભિચાર કરવામાં અત્યંત પાપ સમજતો હોય છે. ૨૧. તે પ્રજાને પણ ચોરીમાં અને વ્યભિચાર કરવામાં પાપ બતાવે છે. તે પાપ કોઈ ન કરે તેટલા માટે રાજા પાકો બંદોબસ્ત કરાવે છે. જેમાં જેટલો દોષ-પાપ જણાય તેટલો તેનો બંદોબસ્ત તે કરાવે છે. ૨૨. પણ જે રાજા માયાનો - ધનનો લોભી હોય તે ચોરી અને વ્યભિચાર જેવા દોષોને તેમના તેમ જ ચાલવા દે છે. જે રાજાની રુચિ જેવી હોય, તેની પ્રજામાં પણ તેવી રુચિની રીતને જ ચલાવે છે. ૨૩. કર્મફળપ્રદાતા તો પરમેશ્વર છે. જેની જેવી રુચિ હોય તેને તેવું ફળ આપે છે. ચોરનાં વખાણ ચોર હોય તે બહુ જ કરે છે, પરંતુ બીજા માણસો કોઈ તેનો વિશ્વાસ કરતા નથી. ૨૪. જે વ્યભિચારી માણસ હોય તે વ્યભિચારીની પ્રશંસા કરે છે અને જે સ્ત્રી વેશ્યાવૃત્તિ કરતી હોય છે તે પતિવ્રતાની ઠઠ્ઠા-મશ્કરી કરતી હોય છે. ૨૫. આવી રીત તો અનાદિ કાળની છે, તે આજ દિન સુધી ચાલી આવી છે. તેમાં કોઈ આશ્ચર્ય પામ્યા જેવું નથી. તમે તો ઘણા મોટા માણસ છો. ૨૬.

મોટાની વાતો મોટી હોય છે. મોટા માણસોને ક્યારેય દુઃખ લગાડવું જોઈએ નહીં. હેત વિના ક્યારેય કહી શકાતું નથી. અને કહ્યા સિવાય હેત દેખાતું પણ નથી. ૨૭. તે સાંભળીને ગોસ્વામી મનમાં ગમ ખાઈ ગયા. તેના અંતરમાંથી સ્નેહભાવ તૂટી ગયો હતો. સ્નેહ ન હોય તો અમૃત જેવી વાત પણ ઝેર જેવી લાગે છે. ૨૮. અફીણ હળાહળ ઝેર કહેવાય છે. તેને જે ખાય છે તે તરત જ મરી જાય છે. બધા જ લોકો બધી જ બાબતને જાહેર રીતે જાણતા હોય છે, તેનાથી કોઈ અજાણ્યો હોતો નથી. ૨૯. તે અફીણ ઉપર સરકાર ઘણો જ કબજો રાખે છે. ઠેકઠેકાણે તેનો ઈજારો આપેલો હોય છે,

છતાં પણ કેટલાક અબૂજ લોકો હોય છે તે તેની ગુપ્ત રીતે હેરફેર કરીને સરકારના પણ ચોર બને છે. ૩૦. જ્યારે જાહેર થાય છે ત્યારે સરકાર તેને પકડે છે અને તરત જ તેને કેદખાનામાં નાખે છે. દુનિયામાં તેની જે કાંઈ લાજ-આબરૂ હોય તો તે એક પળવારમાં નાશ પામી જાય છે. ૩૧.

પછી વ્યવહારમાર્ગમાં કોઈ તેનો વિશ્વાસ કરતા નથી. અફીણમાં એવા અનેક દોષ રહ્યા છે. અફીણના વ્યસનીના ઘરમાં ધન રહેતું નથી અને તેને ખાવાનું અન્ન પણ મળતું નથી. ૩૨. તો પછી તેના અંગ ઉપર સારું વસ્ત્ર તો હોય જ ક્યાંથી ? પછીથી તેને ઘણું જ દુઃખ વેઠવું પડે છે. બધા જ લોકો પોતાની નજર આગળ દુઃખને દેખે છે, છતાં પણ તેઓ દુર્વ્યસનને માર્ગે ચાલે છે. ૩૩. વ્યસનમાત્ર લગભગ અફીણ જેવાં જ હોય છે. અફીણ (બધાં જ વ્યસન) ઘી અને સાકર કરતાં વધારે મોંઘું હોય છે, છતાં તે અફીણ આદિ વ્યસનોને તે લોકો સુખનું ધામ માને છે. ૩૪. અફીણમાં ઘી-સાકરના જેવો કોઈ સ્વાદ નથી, છતાં અફીણ પીવામાં પોતાની વધારે સારી આબરૂને તે માને છે. જેની જેવી બુદ્ધિ હોય તેવા તેમાં વ્યસન રહ્યાં હોય છે. ૩૫.

જેનું જેવું વર્તન હોય, તે તો સ્વચ્છ દર્પણ જેવું છે. જેને બુદ્ધિરૂપી નેત્ર હોય તેને તે યથાર્થ રૂપમાં દેખાય જ છે. ૩૬. સત્સંગ તો સાકર અને ઘી જેવો છે. જેટલી સારી ઉપમા હોય તે બધી સત્સંગને આપી શકાય છે. ૩૭. જેને બુદ્ધિરૂપી નેત્ર ન હોય, કદાચ તે દેવ જેવો હોય તોએ શું ? બુદ્ધિહીન મનુષ્યને ડાહ્યા લોકો તો આંધળો જ ગણે છે. ૩૮. વર્તનરૂપ સ્વચ્છ દર્પણ દુરાચાર અને દુર્બુદ્ધિનો જેને અંધાપો હોય તેને શું કરે ? સ્વચ્છ વર્તન તેને દેખાતું નથી, માટે તે અંધનો અંધ જ રહે છે. ૩૯. અફીણ આદિક જે વ્યસન છે તે સત્સંગ વિનાનાને તે બધું તેવું જ દેખાય છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'કુબેરસિંહનો સત્સંગ અને ગોસ્વામી આગળ તેનું સત્ય કથન' એ નામે ઓગણપચાસમો તરંગ સમાપ્ત ॥૪૯॥



પૂર ચૌદમું : તરંગ - ૫૦

બપોર પછીની સભામાં શાસ્ત્રના મતો કહીને પ્રકટનો મહિમા કહ્યો

પૂનમના દિવસનો હજી દોઢ પહોર બાકી હતો ત્યારે (બપોર પછી ૧.૩૦ વાગ્યે) ધર્મકુમાર શ્રીહરિએ સંતો, વર્ણીઓ અને હરિભક્તોની એક વિશાળ સભા કરી. ૧. સંતો ભેળા સંતો બેઠા. વર્ણીની સાથે વર્ણી અને સંન્યાસીઓના સમુદાયમાં સંન્યાસી સુશોભિત રીતે બેઠા. ૨. વિપ્રોમાં વિપ્ર બેઠા. ક્ષત્રિયો ભેળા ક્ષત્રિય, વૈશ્યો સાથે વૈશ્ય અને શૂદ્રના સમુદાયમાં શૂદ્ર બેઠા હતા. ૩. બાઈઓ ભેળી બાઈઓ બેઠી અને તેમાં પણ સાંખ્યયોગી તો વિશેષપણે પોતાના સમુદાયમાં બેઠી હતી. સહુ પોતાના ધર્મને દૃઢ કરીને પાળતી હતી તેથી વિશેષ શોભતી હતી. ૪. સ્ત્રીઓના બધા ધર્મ સતીગીતામાં લખ્યા છે. જ્યાં જ્યાં સ્ત્રીઓની સભા થાતી ત્યાં ત્યાં તે સતીગીતાના સ્ત્રીઓના ધર્મો વાંચતા હતા. ૫.

ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યનાં સુંદર પદ પ્રેમથી ગાતા હતા. તે રીતે જ ભગવાનના અવતારો અને તેમનાં ચરિત્રોનાં પદોને પણ, ૬. સંતો અને હરિભક્તો બધા ભેળા મળીને ગાતા હતા. શ્રીરામાનુજાચાર્યે શ્રીમદ્ભગવદ્ગીતાનું જે સુંદર ભાષ્ય લખ્યું છે, ૭. તેને સંતો, વર્ણીઓ અને સંન્યાસીઓ જયારે ભેળા મળીને બેસે ત્યારે ત્યાં મનમાં આનંદ પામીને તે ભાષ્યને વાંચતા હતા. કારણ કે તે ગ્રંથ સર્વોપરી છે. ૮. પ્રત્યક્ષ અને પરોક્ષ ભગવાનની જે ઉપાસના, તે જે રીતે કરવાની હોય છે તેને યથાર્થ રીતે તે ગ્રંથમાં કહી છે. એવું બીજે ક્યાંય સ્પષ્ટ કહ્યું નથી. ૯. ઘણા મોટા મોટા ભારે આચાર્યો થયા છે, અપાર બુદ્ધિવાળા થયા છે, તેઓ મોટા મોટા ગ્રંથોને ભણેલા હતા. તેના જેવા કોઈ કાશીમાં પણ વિદ્વાન થયા નથી. ૧૦.

તે પંડિતોમાં રામાનુજાચાર્યની બુદ્ધિ સૂર્યના જેવી તેજસ્વી છે અને બીજા આચાર્યોની બુદ્ધિ ચંદ્રમાના જેવી છે. તેથી તેમણે તે પ્રમાણે ટીકાઓ રચી છે. અર્થાત્ રામાનુજાચાર્યરચિત ટીકાઓ સૂર્યસમ તેજસ્વી છે. અન્ય પંડિતોએ રચેલી ટીકાઓ ચંદ્રસમ જાણવી. ૧૧. વ્યાસ મુનિની બુદ્ધિ તો એવી અપાર

હતી કે જેનો પાર નિગમ-શાસ્ત્રો પણ ન પામે, જેવો અધિકારી મનુષ્ય હોય તેવા બધા ગ્રંથ તેમણે બનાવ્યા છે. ૧૨. જ્યારે વરસાદ વરસે છે ત્યારે લગભગ બધાં સ્થળો ઉપર એક સમાન વરસે છે. તે રીતે જ વ્યાસજીએ ગ્રંથોમાં સમાન ભાવે શબ્દો લખ્યા છે, પણ તેમાં કોઈને પૂરી ગમ પડતી નથી. ૧૩. દૂધ, પાણી અને દહીં બધાંને ભેળાં કરીને એક કરી દીધાં. હવે ત્યાં હંસરૂપી રવૈયો હોય તો તે બધાને અલગ અલગ કરી દે. તેના સિવાય કોઈ જુદું પાડી શકે નહીં. ૧૪. જ્યારે બધા સંતો ભેળા થાય ત્યારે આવી જ્ઞાનવાતો કરતા. અને તેમાં પણ જ્યારે શ્રીહરિ ભેળા હોય ત્યારે તો એક શ્રીહરિ જ વાતો કરતા. ૧૫.

શ્રીહરિ પૂર્વે જે જે આચાર્યો જેવા થયા હતા તેની તેવી વાતો કરતા. શ્રીહરિ એવી વાત કરતા કે, તે તે આચાર્યોની રુચિમાં જે જે ફરક હોય તે દેખાડી દેતા. ૧૬. તેમને જેવી રુચિ હોય અને જેવું ધામ હોય, તેને શ્રીઘનશ્યામ વાતમાં બતાવી દેતા હતા. ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યમાં જે આચાર્યને જેવું તાન હતું, ૧૭. તેવા તે મોટા થયા હતા. અને તે પ્રમાણે તેમની કીર્તિ પણ વધી હતી. જેવી વાટ હોય અને જેટલું દિવેલ હોય તે પ્રમાણે દીવો પ્રકાશ કરે છે. ૧૮. મશાલનો જેટલો પ્રકાશ હોય તેટલું તે અંધારું મટાડે છે. વીજળીમાં જેવું દૈવત હોય તેવો તે પ્રકાશ બતાવી દે છે. ૧૯. જે વડવાનળ અગ્નિ કહેવાય છે તે તો સાગરમાં જ રહે છે. તેમાં એટલી બધી શક્તિ(દૈવત) છે કે તે સાગરથી અને પવનથી પણ બુઝાતો નથી. ૨૦.

શ્રીહરિ કહે, જે હરિભક્ત છે તે દીવા જેવો છે, તે એક ઘરમાં જ અજવાળું કરે છે અને તેને જો ફૂંક મારવામાં આવે તો તે ઓલવાઈ જાય છે. ૨૧. સામાન્ય હરિભક્તને થોડોક કુસંગ લાગે તો તેનો સત્સંગ મટી જાય છે. સામાન્ય સંતો મશાલના જેવા છે. મશાલ ઉપર વરસાદ પડે તો તેનું કાંઈ ઠેકાણું રહે નહીં. ૨૨. તેમ જ્યારે સામાન્ય સંતોને કોઈ રાજા વધારે પડતું માન આપે તો તેની સમજણ ફરી જાય ખરી. પરંતુ સંતદાસજી, ભાઈ રામદાસજી અને મુક્તાનંદસ્વામી જેવા મોટા સંતો તો, વીજળી જેવા છે.

વીજળી મેઘથી બુઝાય નહીં, તેમ મોટા રાજાએ કરેલું ઘણું સન્માન તે મેઘના જેવું કહેવાય છે. ૨૩-૨૪. મોટા રાજાના સન્માનમાં આગળ કહ્યા તે મોટા સંતો ક્યારેય લોપાતા નથી, અર્થાત્ પોતાની સ્થિતિમાંથી પાછા પડે નહીં. છતાં તે માન, સન્માનથી અત્યંત ડરતા રહેવું. ૨૫. અને ભગવાનના જે અવતારો છે તે તો વડવાનળ કરતાં પણ અધિક છે. તેઓ તો દેવોના પણ દેવ કહેવાય છે. ૨૬.

✻ ભગવદ્મહિમા, સર્વોપરીપણું :

ભગવાનના અવતારો બ્રહ્મા કરતાં અધિક મોટાઈ મળે તોપણ તેઓ ક્યારેય બંધનમાં આવતા નથી; તેથી તેમને વૈશ્વાનર કહેવાય છે. તેઓ આવી સ્થિતિ ભગવાન શ્રીહરિની સેવાથી પામ્યા છે. ૨૭. ભગવાન શ્રીહરિ તો ભૂપોના ભૂપ છે, દેવોના દેવ છે, તેમનું સામર્થ્ય અનુપમ અજોડ છે. તેમની આગળ બીજા બધા તો રંક છે. ૨૮.

ચોપાઈ :

अनंत ब्रह्मांड के हि देवा, रंक रहे ब्रह्मा जेसे तेवा;
मनुष्य देह में आवत तोऊ, वर्णि के वेश लेवत हे जोऊ...२९
सर्वोपरी महिमा रहे तोई, सामृथी तेती रखत हे गोई;
चाय जेसी जोनी में जाई, प्रगट होवे आप इच्छाई...३०
तोहु देव ब्रह्मा के जेसे, जाके आगे रंक रहे तेसे;
अनु जेसे जो तन में आवे, तोउ ब्रह्मा जेसे रंक रहावे...३१
हरि में सामृथ एसे रहाये, कोईके समझ में न आये;
जाकि बुद्धि में आवे जेसा, हरि कु करी केहेवत तेसा...३२

તે ભગવાનની આગળ તો અનેક બ્રહ્માંડોના બ્રહ્મા જેવા દેવો પણ રાંક છે. તે ભગવાન મનુષ્યના દેહમાં આવે, વર્ણીના સમાન વેશને ધારણ કરે, તોપણ તે સર્વોપરી જ છે. તેમનો મહિમા પણ સર્વોપરી રહે છે. તેઓ પોતાના સામર્થ્યને છુપાવી રાખે છે. તેઓ મનમાં ચાહે તે યોનિમાં જઈને પોતાની સ્વતંત્ર ઈચ્છાથી પ્રકટ થાય, તોપણ બ્રહ્માદિક જેવા દેવો પણ ભગવાનની આગળ રાંક જેવા થઈ રહે છે. તે પરમેશ્વર ભલે એક સામાન્ય અણુના જેવા

શરીરમાં પ્રવેશ કરે, તોપણ બ્રહ્મા આદિ દેવો તેમની આગળ રાંક જેવા ગણાય છે. ૨૯-૩૧. ભગવાનમાં તો એવું સામર્થ્ય રહ્યું છે કે તે કોઈની સમજણમાં આવતું જ નથી, તેથી જેની બુદ્ધિમાં તે ભગવાન જેવા સમજાય તેવા તે ભગવાનને કહે છે. ૩૨. જેને જેવા જ્ઞાની મળે, તે ભગવાનને તેવા રૂપમાં કહે છે અને કેવળ અનુમાને કરીને જ જે ભગવાનને પ્રમાણિત કરે છે, તેનું તો ક્યારેય કલ્યાણ થવાનું નથી. ૩૩.

चोपाई :

हरिजन कु हरि एसे कहेऊ, तुमकु मिले हे वस्तु जेऊ;
कोईकु न मिले अब लगहू, सत्संग कु रेना वलगहू...३४

પછી શ્રીહરિએ બધા હરિભક્તોને કહ્યું, તમને જે વસ્તુ અત્યારે મળી છે તે વસ્તુ અત્યાર સુધી કોઈને મળી નથી. માટે તમે બધા સત્સંગને વળગ્યા રહેજો. ૩૪. કોઈનો શબ્દ કાનથી સાંભળીને ક્યારેય ક્યાંક બીજે ચોંટી જાશો નહીં. પોતાનું મન પણ કદાચ ડગાવે, તોપણ સત્સંગને છોડશો નહીં. ૩૫. અંત સમયે ભગવાન આવીને કેટલાય હરિભક્તોને દર્શન દે છે. તમે તે સહુ પ્રગટપણે જાણો છો. આવી વાતો તો શ્રીહરિએ ઘણી જ કરી છે. ૩૬. શ્રીહરિ અહોનિશ વાતના અમૃતનું પાન ભક્તોને કરાવતા હતા. અને ભક્તો તો વાતોને કાનથી સાંભળીને તૃપ્ત થાતા નહીં. ૩૭. શ્રીહરિની વાતમાં અદ્‌ભુત ચમત્કાર હતો. શ્રીહરિ અતિ પ્રિય બોલીને જીવોને સત્સંગમાં દૃઢપણે ચોંટાડી દેતા હતા. ૩૮.

હરિભક્તો અત્યંત ભાવથી જે પોષાક લાવ્યા હતા, તેને મોટા થાળમાં મૂક્યો. આગળ વાજિંત્ર વાગતાં હતાં. ૩૯. જે જે ગામના હરિભક્તો હતા તે ભેળા મળીને આવતા અને શ્રીહરિની પૂજા કરતા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'બપોર પછીની સભામાં શાસ્ત્રીય મતોને કહેતા છેવટે પ્રકટનો મહિમા કહ્યો' એ નામે પચાસમો તરંગ સમાપ્ત ॥૫૦॥



પૂર ચૌદમું : તરંગ - ૫૧

વૌઠાના સમૈયામાં શ્રીનગર આદિના હરિભક્તોએ શ્રીહરિની પૂજા કરી

પ્રથમ શ્રીનગર(અમદાવાદ)ના હરિભક્તો શ્રીહરિની પૂજા કરવા આવ્યા. તેમનાં નામ આગળ કહું છું. ૧. ચોકસી હીરાચંદભાઈ તથા તેના ભાઈ ઇચ્છારામ, ગોવિંદ, ગોકુળ, કેવળરામ, દોલતભાઈ, ૨. બેચર, રણછોડ, ત્રિકમ, મોહનલાલ, એ સહુએ પૂજા કરી. તેમનો બધો પરિવાર પણ પૂજા કરવામાં હતો. ૩. જડિયા સોની બનારસી દાસ અને તેના પરિવારે પણ શ્રીહરિની પૂજા કરી. ૪. દામોદરદાસ નામે એક કણબી પટેલ પાકા હરિભક્ત હતા. તે કિનખાબનું કામ કરતા હતા. તેઓ વરસમાં એક વાર, ૫. વિવિધ પ્રકારના કિનખાબનો જામો અને સુરવાળ બનાવી લાવતા હતા. કોઈ વખતે સુરવાળ લાવતા તો કોઈ વાર સારો જામો લાવતા હતા. ૬.

તેમાં જે કિનખાબના કારીગર હરિભક્ત હતા તે કામ કરતા અને તેના સિવાયના તેમના મિત્રો કામ કરતા હતા. તેમને પણ તેમણે હરિભક્ત બનાવ્યા હતા. ૭. તે બધા કારીગરોને સાથે લાવ્યા હતા, એટલે તેમણે સહુએ પૂજા કરી. તે સિવાય બીજા પણ કણબી અપાર હરિભક્ત થયા હતા. ૮. એક શંભુદાસ નામે સારા સત્સંગી હતા. તેઓ પોતાના બધા પરિવારને પણ સાથે લાવ્યા હતા. બે કે ત્રણ કેવલરામ, લાલદાસ અને એક શ્યામલાલ હતા. ૯. રણછોડ, હરિ કે જે નિરંતર ભગવાનમાં ચિત્ત જોડી રાખતા હતા. તેના પુત્ર હરિવલ્લભ હતા. જે સ્વભાવે ઉદાર અને ઘણા ગુણવાન હતા. ૧૦.

તેની પાસે જે કાંઈ ધન હતું તે બધું ભગવાનની સેવાના ઉપયોગમાં જ તેઓ વાપરતા હતા. એક લાલદાસ ગોરા નામે વણિક હરિભક્ત હતા. બીજા ત્રિભુવન અને વૃંદાવન નામે હતા. ૧૧. આ બધા હરિભક્તો નવાવાસ નામે સ્થાનમાં રહેતા હતા. શાહપુરમાં પણ કેટલાક હરિભક્તો રહેતા હતા. તે સહુ હરિભક્તોએ મળીને શ્રીહરિની પૂજા કરી. ૧૨. તે પછી વીસનગરના જે હરિભક્તો આવ્યા હતા, તેમણે બધાએ ઘણા જ હેતભાવથી શ્રીહરિની પૂજા કરી. ૧૩. વળી વડનગરના જે હરિભક્તો આવ્યા હતા, તેમણે પણ ઘણા જ આનંદપૂર્ણ ભાવથી શ્રીહરિની પૂજા કરી. ૧૪. સિદ્ધપુરના જે હરિભક્તો

હતા તેઓ પૂજા કરવા આવ્યા. તે પછી વીજાપુરના રહેવાસી હરિભક્તોએ શ્રીહરિની પૂજા કરી. ૧૫. ઊંઝાના હરિભક્તોએ શ્રીહરિની પૂજા કરી. તેઓ વિવિધ પ્રકારનાં વસ્ત્ર લાવ્યા હતા તે શ્રીહરિને પહેરાવ્યાં. ૧૬.

ઉનાવાના જે હરિભક્તો આવ્યા હતા તેમણે પણ શ્રીહરિની પૂજા કરી. મેઉના હરિભક્તોએ પણ શ્રીહરિની પૂજા કરી. ૧૭. લાંઘણોજના જે હરિભક્તો આવ્યા હતા તેમણે પણ પૂજા કરી. અને પ્રાંતિજના જે હરિભક્તો હતા તેમણે પણ શ્રીહરિની પૂજા કરી. ૧૮. બામણવાના હરિભક્તોએ શ્રીહરિની પૂજા કરી. માણસાના હરિભક્તોએ પણ શ્રીહરિની પૂજા કરી. ૧૯. તે પછી વ્યારા તથા ગેરિતા ગામના હરિભક્તો આવ્યા હતા. તેમણે શ્રીહરિની પૂજા કરી. ૨૦. દહેગામ અને નાંદોલ ગામના હરિભક્તો આવ્યા હતા, તેમણે શ્રીહરિની પૂજા કરી. ૨૧. વહેલાલ, કણભા, ખોરજ અને પલિયજ ગામના નિપુણ અને પ્રેમી ભક્તો આવ્યા હતા. તેમણે શ્રીહરિની તત્કાળ પૂજા કરી. ૨૨-૨૩. પછી સુધીર અને સ્થિરબુદ્ધિવાળા એવા વડુ તથા ઓલા ગામના બધા જ હરિભક્તોએ શ્રીહરિની પૂજા કરી. ૨૪.

પછી આદરજના હરિભક્તોએ શ્રીહરિની પૂજા કરી. અને હાથ જોડીને કહ્યું, હે નાથ ! અમે આપને આધીન છીએ. ૨૫. ત્યારબાદ કડી અને કુંડાલ ગામના જેટલા હરિભક્તો હતા તેમણે સુખધામ ઘનશ્યામ પ્રભુની પૂજા કરી. ૨૬. ડાંગરવા અને કરજીસણ ગામના હરિભક્તોએ આવીને અતિ પ્રેમભાવથી શ્રીહરિની પૂજા કરી. ૨૭-૨૮. મોટેરા, કોટેશ્વર, માથાસૂળ, ગામડી, ચોસર, ખોખરા, મહેમદાવાદ વગેરે ગામના હરિભક્તોએ ગદ્‌ગદ્‌ કંઠ થઈને અતિ હેતથી શ્રીહરિની પૂજા કરી. ૨૯-૩૧. જેતલપુર, અશલાલી, વસાઈના પ્રેમી ભક્તોએ તથા ચલોડા વગેરેના હરિભક્તોએ આવીને શ્રીહરિની પૂજા કરી અને ધોળકાના શ્રેષ્ઠ હરિભક્તોએ શ્રીહરિની પૂજા કરી આરતી ઉતારી. ૩૨-૩૪. કૌકા, માતર, ખેડા, મહેમદાવાદના ભક્તોએ શ્રીહરિની પૂજા કરી. ૩૫-૩૬. મહુધા, વડથલ, મહીસાના ભક્તોએ મનમાં અતિ પ્રેમ લાવીને ભાવથી શ્રીહરિની પૂજા કરી. ૩૭-૩૮. અલીણા અને ઘોડાસર એ બધા ગામના હરિભક્તોએ અનુક્રમે આવીને ખૂબ જ નિર્મળ પ્રેમ ભાવથી શ્રીહરિની પૂજા કરી. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'વૌઠાના સમૈયામાં શ્રીનગર વગેરે ગામના હરિભક્તોએ શ્રીહરિની પૂજા કરી' એ નામે એકાવનમો તરંગ સમાપ્ત ॥૫૧॥



પૂર ચૌદમું : તરંગ - ૫૨

સલકી વગેરે અને ચરોતરના હરિભક્તોએ શ્રીહરિની પૂજા કરી

સલકી ગામના હરિભક્તોએ પૂરા ભાવથી શ્રીહરિની પૂજા કરી. ૧. કનીજ અને મિણપરના હરિભક્તોએ ભેળા મળીને પરમ પ્રેમથી શ્રીહરિની પૂજા કરી. ૨. સુથરામપુરના હરિભક્તો આવ્યા. તેમના મનમાં આનંદ વ્યાપી ગયો હતો. તેમણે શ્રીઘનશ્યામની પૂજા કરી. ૩. કપડવંજના હરિભક્તો આવ્યા. તેમણે વિવિધ પ્રકારના ઉપચારોથી શ્રીહરિની પૂજા કરી. ૪. ઉમરેઠના હરિભક્તો અપાર આવ્યા હતા. તેમણે વિવિધ પ્રકારે શ્રીહરિની પૂજા કરી. અને નડિયાદના પણ જે હરિભક્તો હતા તેમણે પણ શ્રીહરિની પૂજા કરી. અરેરા અને દહેગામના હરિભક્તોએ શુદ્ધમનથી શ્રીહરિની પૂજા કરી. ૫-૬. ડભાણના અને પીજ ગામના શુભ વિચારવાળા બધા હરિભક્તોએ શ્રીહરિની પૂજા કરી. ૭. કેરિયાવી, વસો, રઘવાણજ, અલીંદ્રા એ બધા ગામના હરિભક્તોએ શ્રીહરિની પૂજા કરી. ૮-૯.

લિંબાસી, સીંજીવાડા, વરસડા, ખાનપર, મહીયારી, કલોદરા વગેરે ગામના હરિભક્તોએ ઘણા જ પ્રેમથી શ્રીહરિની પૂજા કરી. ૧૦-૧૨. ખડાકી, ડાઘોલી, વડગામ, વગેરે ગામના હરિભક્તોએ આવીને શ્રીહરિની પ્રેમભાવથી પૂજા કરી અને વારંવાર પગે લાગ્યા. ૧૩-૧૪. પાનડ, મિતલી અને આખોલના હરિભક્તોએ સુંદરશ્યામ શ્રીહરિની પૂજા કરીને અલૌકિક લાભ લીધો અને તે પૂજાથી જગતમાં પ્રસિદ્ધ થયા. ૧૫-૧૭. તામસા, ગુડેલ, ગોરાડ વગેરે ગામોના હરિભક્તો જે એક સમાન સમજણવાળા અને ધર્મનિયમથી શોભતા હતા, તે સહુએ શ્રીહરિની પૂજા કરીને અલૌકિક લાભ લીધો. ૧૮-૧૯. બુધેજ, ખંભાત, મોરજ, આંબલિયા, ઉંટવાડા અને તારાપુર

આદિના હરિભક્તોએ ઘણા જ પ્રેમભાવથી શ્રીહરિની પૂજા કરી. ૨૦-૨૨. રામોલડી, નાર, પંડોળી, પરિયજ, પીપળાવ અને ચાંગાના હરિભક્તોએ શ્રીહરિની પૂજા કરી અલભ્ય લાભ લીધો. ૨૩-૨૫. સોજિત્રા, મહેળાવ, સંજાયા વગેરે ગામના ભક્તોએ વિવિધ પ્રકારની સામગ્રી લાવીને મનમાં ઘણો જ નવલો પ્રેમ લાવીને શ્રીહરિની પૂજા કરી. ૨૬-૨૮.

વળોટવાના હરિભક્તો પૂજાની સામગ્રી લાવ્યા અને ઘણા જ ભાવથી પ્રભુની પૂજા કરી. બામણોલીના તખા પગીએ વિવિધ પ્રકારની પૂજાના થાળ ભરીને ઘનશ્યામ શ્રીહરિની પૂજા કરી. ૨૯-૩૦. તખા પગીના જેટલા કુટુંબીઓ કહેવાય છે તે બધા સત્સંગનો પક્ષ ખૂબ જ રાખે છે અને યોગ્ય સમયે મંદિરનો પક્ષ પણ શિર સાટે રાખે છે. ૩૧. આખરોલ, પીપળાદ, ઉત્તરસંડા, નરસંડા, કણજરી, વડતાલ, જોળ અને આણંદ, ઈત્યાદિ ગામોના હરિભક્તોએ ધર્મકુંવર શ્રીહરિની પૂજા ઘણા જ પ્રેમભાવથી કરી. ૩૨-૩૫. ગાના, વેરા, દાઓલ, આંકલાવ, બોરસદ, બોચાસણ, સુંદરણા, પેટલાદ, પાળજ અને બાંધણી વગેરે ગામના બધા હરિભક્તોએ ઘણા જ હેતથી વિવિધ ઉપચારો લઈને પ્રગટ પુરુષોત્તમનારાયણ શ્રીહરિની પૂજા કરી અને શ્રીહરિ તેમના ઉપર ખૂબ જ રાજી થયા. ૩૬-૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'સલકી વગેરે અને ચરોતરના હરિભક્તોએ પૂજા કરી' એ નામે બાવનમો તરંગ સમાપ્ત ॥૫૨॥



પૂર ચૌદમું : તરંગ - ૫૩

કાનમ, વાકળ અને ભાલના હરિભક્તોએ શ્રીહરિની પૂજા કરી

વડદલા ગામના પ્રેમી હરિભક્તો નિર્મળ મનના હતા. તેમણે ઘણા જ પ્રેમભાવથી શ્રીહરિની પૂજા કરી. ૧. ધર્મજ ગામના હરિભક્તો શૂરવીર હતા. તેમણે મન સ્થિર કરીને ઘણા જ હેતથી શ્રીહરિની પૂજા કરી. ૨. ભાદરણ ગામના હરિભક્તોએ પૂર્ણકામ શ્રીહરિની પૂજા કરી અને મનોવાંછિત

સુખ મેળવ્યું. ૩. શેલડી ગામના હરિભક્તો પણ ઘણા શૂરવીર હતા. તેમણે હરખભર્યે હૈયે શ્રીહરિની સેવા અને પૂજા કરી. ૪. બામણગામ અને ચમારા ગામના જે હરિભક્તો ત્યાં આવ્યા હતા તેમણે શ્રીહરિની પૂજા કરી. ૫. એકલબારા, રણુ, ડભાસા, કલાલી અને અટલાદરા ગામના હરિભક્તોએ શુદ્ધ ભાવથી શ્રીહરિની પૂજા કરી અને અલભ્ય લાભ લીધો. ૬-૮.

તાંદળજા, ભાઈલી, ગોરવા, સાકરદા વગેરે ગામના હરિભક્તોએ પણ શ્રીહરિની ઘણા જ હેત-ભાવથી પૂજા કરી. ૯-૧૦. વડોદરા, વડી, ઢોલાર, ડભોઈ, ઈત્યાદિ ગામોના નિવાસી હરિભક્તોએ ધર્મકુંવર શ્રીહરિની ખૂબ જ સુંદર પૂજા કરી. ૧૧-૧૨. સંખેડા અને મંડાળાના બુદ્ધિમાન સહુ સત્સંગીઓએ શ્રીહરિની પૂજા અને સહુ સંતોની પૂજા પરમ હેતભાવથી કરી. ૧૩-૧૪. શિનોર, ભદામ, અવિધા અને પાણેથા વગેરેના હરિભક્તોએ પ્રાણના આધાર, પરમ સુખધામ, ધર્મકુમાર ઘનશ્યામ શ્રીહરિની ઘણા જ પ્રેમથી પૂજા કરી. ૧૫-૧૬. ઉત્તરાજ ગામના હરિભક્તોએ ઘનશ્યામ પ્રભુના પૂજનનો જેવો લાભ લીધો હતો તેવો કોઈએ લીધો ન હતો. સારંગ ગામના જેટલા હરિભક્તો હતા તેઓ અતિ અડગ સત્સંગી હતા. તેમણે ઘનશ્યામ શ્રીહરિની પૂજા કરીને અલૌકિક લાભ લીધો. ૧૭-૧૮.

સીતાપર, ઈટોલા, પોર, પારિખા વગેરે ગામોના હરિભક્તોએ ઘનશ્યામ શ્રીહરિની પૂજા કરીને અલૌકિક લાભ લીધો. ૧૯-૨૦. વેમારડી, કંડારી, કરજણ, કુરાઈ, સરસવણી અને આમળા વગેરે ગામના હરિભક્તોએ ધર્મના દુલારા શ્રીહરિની પૂજા કરી. ૨૧-૨૩. સાધી, જંબુસર, ગજેરા, ગંધારા, સારદ અને દેવાણ આદિ ગામોના હરિભક્તોએ ઘણા જ ભાવથી શ્રીહરિની પૂજા કરી. ૨૪-૨૬. ગાજણા, વાલવોડ, કરેણાં, માંગરોળ વગેરે ગામના પ્રેમી હરિભક્તોએ ધર્મકુંવર શ્રીહરિની પૂજા કરી. ૨૭-૨૮. દોરા ગામના નિષ્પાપ હરિભક્તોએ શ્રીહરિની અમાપ પૂજા કરી અને બુદ્ધિમાન આમોદના હરિભક્તોએ ઘણા હેતથી શ્રીહરિની પૂજા કરી. બુવા ગામના હરિભક્તો વિચક્ષણ હતા, તેમણે શ્રીહરિને સુખદ જાણી પૂજા કરી. અને કેલોદના

હરિભક્તો પણ ઘણા ભારે પાકા હતા, તેમણે પણ સુખકારી ઘનશ્યામ શ્રીહરિની પ્રેમથી પૂજા કરી. ૨૯-૩૦. ઝાડેશ્વર અને ભરૂચના હરિભક્તો શ્રીહરિને પરમ હિતકારી તથા કરોડો બ્રહ્માંડના આધારરૂપ માનતા હતા. તે સહુએ આવીને પણ પૂજા કરી. ૩૧-૩૨. ભાલ પ્રદેશના હરિભક્તોના હૈયામાં ઘણો જ હરખ ભર્યો હતો. તેઓ પૂજા કરવા આવ્યા. તેમના ગામનાં નામ કહું છું. ૩૩.

વારણા, વટામણ, જવારજ, કોંઠ, નાની મોટી બે બોરુ, એ બધા ગામના હરિભક્તોએ શ્રીહરિની નિર્મળ ભાવથી પૂજા કરીને અલૌકિક લાભ લીધો અને દિલમાં સુખ લીધું. ૩૪-૩૬. ભોળાદ, પીપળી, કમિયાળા, પચ્છમ, ગાંફ, ધોલેરા, નાવડા અને ચોકડી, ઈત્યાદિ ગામોના સહુ હરિભક્તોએ શ્રીહરિની પૂજા કરીને અપૂર્વ લાભ લીધો. ૩૭-૪૦. જસકા અને સાલાસરના હરિભક્તોએ શ્રીહરિની પૂજા કરી. વાગડના હરિભક્તોએ પરમાત્મા શ્રીહરિને અતિ ભાવથી પૂજ્યા. ૪૧-૪૨. ઝીંઝરના હરિભક્તો અપાર પ્રેમી હતા તેમણે ધર્મકુમાર શ્રીહરિને જગતના આધાર જાણીને પૂજા કરી. ૪૩. **ખરડના હરિભક્તો મૂર્તિમાં મન જોડીને સત્સંગને શિર સાટે રાખતા હતા.** તે ભક્તોએ શ્રીહરિની પૂજા કરી. ૪૪. રોજકા ગામના હરિભક્તોએ ધર્મકુંવર શ્રીહરિની ભાવથી પૂજા કરી. ૪૫.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'કાનમ, વાકળ અને ભાલ પ્રદેશના હરિભક્તોએ શ્રીહરિની પૂજા કરી' એ નામે ત્રેપનમો તરંગ સમાપ્ત ॥૫૩॥



પૂર ચૌદમું : તરંગ - ૫૪

ઝાલાવાડ આદિ પ્રદેશોના ભક્તોએ શ્રીહરિની પૂજા કરી

ધંધુકા, ખસતા, ખડોળ, શિયાળ અને કાણોતર વગેરે ગામના હરિભક્તો જે પરમ એકાંતિક અને પાકા હતા, તેમણે ધર્મકુંવર શ્રીસહજાનંદસ્વામી, સ્વામિનારાયણ મહાપ્રભુની પૂજા અપાર ભક્તિભાવથી કરી. ૧-૫. બળોલ, મછિયાવ (મખિયાવ) દદુકા, વીંછિયા, વિઠ્ઠલગઢ અને વિરમગામ, ઈત્યાદિ

ગામોના હરિભક્તોએ શ્યામસુંદર, સુખકારી, શ્રીનારાયણ શ્રીહરિની પૂજા અપાર પ્રેમથી કરી. ૬-૮. ચુંવાળ પ્રદેશ, વઢિયાર પ્રદેશ, જતવાડ પ્રદેશ અને ઝાલાવાડ પ્રદેશના ગામોમાં રહેલા જે હરિભક્તો અહીં વૌઠામાં આવ્યા હતા તેમણે શ્રીહરિની ઘણા પ્રેમભાવથી પૂજા કરી હતી. તેમાં કેટલાક ગામોનાં નામ કહે છે. જેનું નામ સાંભળવાથી પણ ભગવાનનું ધામ પ્રાપ્ત થાય છે. તેમાં પ્રથમ મેંથાણના હરિભક્તોએ શ્રીહરિની પૂજા કરી. ૯-૧૧.

અંકેવાળિયા, કડુ, લખતર, લીલાપર, તનમનિયા, એ બધા ગામના હરિભક્તો પ્રફુલ્લિત મનવાળા હતા, તેમણે 'આ વિશ્વંભર પ્રભુ પ્રકટ થયા છે' એમ સમજીને સુંદરશ્યામ ધર્મકુંવર ઘનશ્યામ શ્રીહરિને ખૂબ જ ભાવથી પૂજ્યા. ૧૨-૧૫. દેવળિયા, તાવી, શિયાણી, વણા, મેમકા, વઢવાણ, ખોલડિયાદ, લીંબલી, ઇત્યાદિ ગામના હરિભક્તો શ્રીહરિને સુખધામ અને કારણના પણ કારણ સમજતા હતા. એટલે તે સહુએ કમલાકાંત, કમલનયન, પુરુષોત્તમ શ્રીહરિને પરમ રસપ્રીતથી પૂજ્યા અને મહાન અલૌકિક લાભ લીધો. ૧૬-૨૦.

ખેરાળી, ખારવા, ભલગામડા, લીંબડી, નાના-અંકેવાળિયા, પાણશીણા, તરાડિયા અને કંથારિયા વગેરે ગામના જે હરિભક્તો હતા તે બધાએ શ્રીહરિને મહાન પ્રતાપી જાણ્યા. અને પછી વિશુદ્ધ મનથી શ્યામસુંદર અને સુખકારી એવા શ્રીહરિને ઘણા જ ભક્તિભાવથી આવીને પૂજ્યા. ૨૧-૨૫. નાગનેશ, ભેંસજાળ, મીણાપર, વાણિયાવદર, કેરિયા અને રાણપુર, ઇત્યાદિ ગામોના બધા હરિભક્તો ત્યાં શ્રીહરિની પૂજા કરવા આવ્યા. તેઓ શ્રીહરિને કારણના પણ કારણ, પરથી પણ પર, પરમ સુખધામ, સ્વયં પૂર્ણકામ અને ભક્તોના મનોરથોને પૂર્ણ કરનારા સમજતા હતા. એટલે તેમણે ભગવાન શ્રીસહજાનંદસ્વામીને ઘણી જ પ્રેમભાવના રાખીને પૂજ્યા. ૨૬-૩૦.

વેજળકા, કરમડ, ચૂડા, બલદાણા, ચોકડી, ગુંદિયાળા, ટીંબા, રામપરા, કેરાળા, મુંઝપર, એ બધા ગામના જે હરિભક્તો વૌઠા આવ્યા હતા, તે બધાએ ઊભા થઈને દિલના અપાર હેતથી શ્રીહરિની પૂજા વિવિધ ઉપચારોથી કરી. ૩૧-૩૫. સાયલા, ગોસળ, મૂળી, ટીકર, સરલા અને

હળવદ, એ બધા ગામોના હરિભક્તો દિનપ્રતિદિન શ્રીહરિના સ્વરૂપમાં અને સત્સંગના નિયમોમાં વધારે ભાવવાળા હતા. ઘનશ્યામ શ્રીહરિની પૂજા કરીને તેમણે અલૌકિક લાભ લીધો. ૩૬-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'ઝાલાવાડ આદિ પ્રદેશોના હરિભક્તોએ શ્રીહરિની પૂજા કરી' એ નામે ચોપનમો તરંગ સમાપ્ત ॥૫૪॥



પૂર ચૌદમું : તરંગ - ૫૫

કચ્છ, હાલાર અને સોરઠ સુધીના ભક્તોએ પૂજા કરી

કોંઢ, બાવળી, ધ્રાંગધ્રા, ખાખરેચી, પીપળિયા અને માળિયા એ બધા ગામોના હરિભક્તો શ્રીહરિને અક્ષરધામના અધિપતિ અને સર્વોપરી જાણીને તેમના સ્વરૂપમાં ખૂબ જ પ્રેમ રાખતા હતા; એટલે તેઓએ ભક્તિધર્મના પુત્ર શ્યામસુંદર ઘનશ્યામ શ્રીહરિની વિવિધ ઉપચારો લઈને ઘણા જ પ્રેમભાવથી પૂજા કરી. ૧-૫. કંથકોટ, આડેસર, ધમડકા, ભચાઉ, આધોઈ, ભૂજ, માનકુવા, તેરા, કાળાતળાવ, અંજાર અને માંડવી, એ બધા ગામના હરિભક્તોએ હરખભર્યે હૈયે શ્રીહરિનું પૂજન ઘણા નિર્મળ ભાવથી કર્યું. તે સિવાયના બીજાં ગામોના હરિભક્તો ઘનશ્યામ શ્રીહરિનું પૂજન કરીને કૃતાર્થ થયા અને પૂર્ણકામ થયા હતા. ૬-૧૧.

તે પછી હાલાર પ્રદેશના જે હરિભક્તો આવ્યા હતા તેમણે પણ પૂજન કર્યું. તે ગામનાં નામ હવે કહું છું. ૧૨. જોડિયા, ભાદરા, શેખપાટ, વણથલી, નવાનગર(જામનગર), ખંભાળા, વાંકાનેર, કોઠીકુંદણી, એ બધા ગામના હરિભક્તોએ અક્ષરાધિપતિ, સહુને સુખ આપનારા, પ્રભુ શ્રીસહજાનંદસ્વામીની અત્યંત આનંદપૂર્ણ હૃદયથી પૂજા કરી. ૧૩-૧૮. સરધાર, ખોખરા(ભૂપગઢ), રાજકોટ, મોડા, અલૈયા, લોધિકા, ગોંડળ, બંધિયા, એ બધા ગામના હરિભક્તોએ સુખદાયક શ્રીહરિની પાસે આવીને તેમની પૂજા કરી. ૧૯-૨૨. ફરેણી અને ધોરાજીના બધા હરિભક્તોએ ખૂબ

આનંદિત થઈને શ્રીહરિની પૂજા કરી. ૨૩. તે પછી સોરઠ પ્રદેશના બધા હરિભક્તો શ્રીહરિની પૂજા કરવા માટે આવ્યા. તે ભક્તોના ગામનાં નામ કહું છું. તેને કાનથી સાંભળીએ તોપણ સાંભળનારો અક્ષરધામને પામે. ૨૪. ભાડેર, જાળિયા, ઉપલેટા, ભાયાવદર, ગણોદ, માણાવદર અને પંચાળા, બાલાગામ, સુતરેજ, તે બધા ગામથી વૌઠાના સમૈયામાં આવેલા બધા હરિભક્તો, શ્રીહરિને સર્વનું કારણ અને સર્વ સુખપ્રદ માનતા હતા. તેમણે મનમાં દિવ્યભાવ લાવીને શ્રીહરિનું પૂજન ઘણા જ નિર્મળ પ્રેમભાવથી કર્યું અને અલૌકિક લાભ લીધો. ૨૫-૩૦.

લોજ, માંગરોળ, પ્રાચી, પાટણ (પ્રભાસ), માળિયા (હાટીના), કાલવાણી, અગત્રાઈ, આખા, પીપલાણા, મેઘપુર, વણથલી વગેરે ગામના હરિભક્તોએ સુખકારી શ્રીહરિની વિવિધ ઉપચારોથી પૂજા કરી. ૩૧-૩૫. જૂનાગઢ, વડાળ, સાંકળી અને જેતલસર વગેરે ગામોના હરિભક્તો ઘનશ્યામ શ્રીહરિને સર્વાન્તર્યામી જાણીને હૃદયના ખૂબ જ સ્નેહભાવથી શ્રીહરિની પૂજા કરીને અલૌકિક લાભ લીધો. જેતપુરના હરિભક્તોએ પણ શ્રીહરિની પૂજા કરી. વિવિધ પ્રકારનાં વસ્ત્ર લાવ્યા હતા, તે ઘણા જ ઉમંગથી ઓઢાડ્યાં. ૩૬-૩૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'કચ્છ, હાલાર અને સોરઠના ભક્તોએ શ્રીહરિની પૂજા કરી' એ નામે પંચાવનમો તરંગ સમાપ્ત ॥૫૫॥



પૂર ચૌદમું : તરંગ - ૫૬

વાળાક આદિ પ્રદેશના હરિભક્તોએ શ્રીહરિની પૂજા કરી

ગાલોલ, સરતાનપુર, વાંસાવડ, સનાળા, દેરડી, નવાગામ વગેરે ગામના હરિભક્તો જે વૌઠામાં આવ્યા હતા તે હરિભક્તોએ દુઃખોને હરનારા અને પૂર્ણકામ એવા ધર્મના લાલ શ્રીહરિને ઘણા જ હાર્દિક ભાવથી પૂજ્યા, તેનો અલૌકિક લાભ લઈને મનમાં ઘણા જ સુખી થયા. ૧-૫. પીપળિયા, કોટડા, રાયપર, બાબરા, ચમારડી, ઘુઘરાળા, દેવળિયા, વાંડળિયા, લાઠી

અને પીપળવાના બધા હરિભક્તોએ અનુક્રમે જઈને વિવિધ ઉપચારોથી શ્રીહરિની પૂજા કરી, અલૌકિક લાભ લઈને કૃતાર્થ થયા. ૬-૧૦. અકાળા, સલડી, કણકોટ, આંબા, ગોખરવાળા, અમરેલી, માચિયાળા, ઈત્યાદિ ગામોના બધા હરિભક્તોએ ઘણા જ ભક્તિભાવથી શ્રીહરિની પૂજા કરી, વિવિધ પ્રકારના મેવા અર્પણ કર્યા. તે પૂજન એવું કર્યું કે જેનાથી તેમનું જન્મ-મરણરૂપ સંસારનું દુઃખ ટળી ગયું. ૧૧-૧૫.

આંકડિયા, નાની અને મોટી કુંકાવાવ, બગસરા, વાંકિયા, પીઠવાજાળ, સાવરકુંડલા, ઝીંઝુડા અને આંબરડી વગેરે ગામના ત્યાં આવેલા બધા હરિભક્તોએ 'આવો સમય ફરીવાર ક્યારે આવશે !' એવું વિચારીને મનના ઘણા જ ઉત્સાહથી શ્રીહરિની પૂજા કરી. ૧૬-૨૦. બારપટોળી, વિસાવદર, બારમણ, ઊના, ઘોઘલા, દીવ, મદાપુર, કોવાયા, ભેરાઈ, મહુવા વગેરે ગામના બધા હરિભક્તોએ આવીને ઘણા પ્રેમભાવથી શ્રીહરિની પૂજા કરી. ૨૧-૨૫. રાજુલા, ગાધડકા, પીઠવડી, કેરાળા, જૂના સાવર, ક્રાંકચ અને આંસોદરના સહુ હરિભક્તોએ ઘનશ્યામ શ્રીહરિની પૂજા કરી, તે અલૌકિક લાભ લીધો અને પોતે પોતાનું મોક્ષરૂપી કાર્ય સુધારી લીધું. ૨૬-૩૦.

ઈંગોરાળા (ડાંડ), વેળાવદર, ફિફાદ, ભમોદરા, સેલણા, વીરડી, ઠવી, વીજપડી, ઘાંડલા, મેરિયાણા, ઈત્યાદિ ગામોના હરિભક્તોએ જગતના આધાર શ્રીહરિની પૂજા કરી. ૩૧-૩૫. જીરા, ધરાઈ, મોલડી, વંડા, પિયાવા, સેંજળ, ઈત્યાદિ ગામોના હરિભક્તોએ જગતના આધાર શ્રીહરિની પૂજા કરી. જેણે જેણે પૂજા કરી તેને ભગવાન શ્રીહરિના ધામમાં પહોંચતા વાર લાગી નહીં. તે બધાને ધામમાં દિવ્ય ભાગવતી તનું પ્રાપ્ત થઈ. જેણે સરલ સ્વચ્છ ભાવથી શ્રીહરિની પૂજા કરી તેઓ બધા અત્યંત પવિત્ર થઈ ગયા. અને તેમણે બધા જ કુપંથોનો ત્યાગ કરી દીધો. ૩૬-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'વાળાક પ્રદેશના હરિભક્તોએ પૂજા કરી તે કહ્યું' એ નામે છપ્પનમો તરંગ સમાપ્ત ॥૫૬॥



પૂર ચૌદમું : તરંગ - ૫૭

કાઠિયાવાડ પ્રદેશના હરિભક્તોએ પૂજા કરી

ધાર ગામના હરિભક્તો અતિ અડગ નિષ્ઠાવાળા હતા. તે ભક્તો વિમુખથી દૂર રહેતા હતા. તેમણે શ્રીહરિની પૂજા કરી. ૧. દામનગરના હરિભક્તો ધીર સ્વભાવવાળા હતા, તેમણે શ્રીહરિની પૂજા કરીને સંસારની પીડા ટાળી દીધી. ૨. લંગાળા ગામના હરિભક્તોએ ઘનશ્યામ શ્રીહરિને અનંત ભુવનના પતિ જાણીને પૂજ્યા હતા. ૩. વાવડી ગામના ભક્તોએ તો શ્રીહરિને મહાન સુખના ધામ સમજીને પૂજ્યા અને અલભ્ય લાભ લીધો. ૪. રેવા, ટાણા, પાલીતાણા, સાતપડા, જાલવદર, જેસર, દેરાળા અને પીપળવા વગેરે ગામોના ભક્તોએ શ્રીહરિની પૂજા સાચા દિલથી કરીને મનની શુદ્ધિ મેળવી. ૫-૮. પહવી, ડાઠા, તળાજા, ત્રાપજ, લાકડિયા, દિયોર, કુંઢેલી, વરલ, કુકડ ઈત્યાદિ ગામોના હરિભક્તો શ્રીહરિની પાસે આવ્યા અને હૃદયના ઘણા જ પ્રેમથી વારંવાર પગે લાગીને તેમની પૂજા કરી. ૯-૧૩.

પડવા ગામના હરિભક્તોએ શ્રીહરિની પૂજા કરી, તેમના જેવો લાભ બીજા કોઈએ ન લીધો. તેઓ તો મોક્ષમાર્ગે આગળ વધતા જ રહ્યા. ૧૪. ભાવનગરના ભક્તોએ પણ ઉત્તમ પ્રકારની પૂજાનો સામાન અર્પણ કરીને શ્રીહરિને પૂજ્યા. ૧૫. વળા(વલ્લભીપુર), ઉમરાળા, કાચરડી, ખીજડિયા, આંબરડી, દેરડી, ચાવંડ, હીરાણા, કરિયાણા વગેરે ગામના હરિભક્તોએ શ્રીહરિની મનોહર મૂર્તિને હૃદયમાં ધારીને ઘણા જ પ્રેમભાવથી શ્રીહરિની પૂજા કરી. ૧૬-૨૦. ખંભાળા, શેખપિપરિયા, વાંકિયા, આટકોટ, ગોલીડા, ભોંયરા, જસદણ, હાથસણી, પીપરડી, ઈત્યાદિ ગામના સદ્‌ગુણ અને શીલસંપન્ન સહુ હરિભક્તોએ શ્રીહરિની પૂજા કરીને અલૌકિક લાભ લીધો. એમના જેવો લાભ બીજા કોઈને મળ્યો ન હતો. ૨૧-૨૫.

સુદામડા, કોટડા(તા.સાયલા), નાગકડા, લોયા, લીંબોડા, નોલી, પાળિયાદ એ બધા ગામના હરિભક્તો મનના અત્યંત શુદ્ધ અને દૃઢ હતા. તેમણે સત્સંગને મુકુટ કરીને રાખ્યો હતો. તેઓએ શ્રીહરિની પૂજા કરીને બહુ

લાભ લીધો. તે કહી શકાતો નથી. ૨૯-૩૦. પીપળિયા, બોડી, ખોખરનેશ, સુંદરિયાણા, પોલારપર, બરવાળા, માલપરા, પાણવી, પાટણા, કુંડળ એ બધા ગામોના હરિભક્તો શ્રીહરિ પાસે આવ્યા અને વિવિધ પ્રકારના ઉપચારોથી તેમની પૂજા કરી. ૩૧-૩૫. સમઢિયાળા (શેટાના), ઝમરાળા, કારિયાણી, ઝીંઝાવદર (મોટા), સરવઈ, સારંગપુર વગેરે ગામના હરિભક્તો, ઘણા જ પ્રેમાતુર-સ્નેહભર્યા હતા. તેમણે શ્રીપુરુષોત્તમ હરિકૃષ્ણ પૂર્ણકામ શ્રીઘનશ્યામ પ્રભુની પૂજા કરી. શ્રીહરિની આ પૂજા કરવાનો અવસર મળ્યો છે તે જ જિંદગીનું સાચું સુખ છે. એવું તેઓ સહુ સમજતા હતા. ૩૬-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'કાઠિયાવાડ પ્રદેશના હરિભક્તોએ શ્રીહરિની પૂજા કરી' એ નામે સત્તાવનમો તરંગ સમાપ્ત ॥૫૭॥



પૂર ચૌદમું : તરંગ - ૫૮

બાકીના કાઠિયાવાડના અને પછી સુરતના હરિભક્તોએ પૂજા કરી

ખાંભડા ગામના હરિભક્તો અને બગડ ગામના હરિભક્તોએ ઘણા જ હેતથી શ્રીહરિની પૂજા કરી. અને સંતોની તથા વર્ણિઓની પૂજા પણ ઘણા ચાતુર્યથી કરી. ૧-૨. ખસ, અલાવ, ગુંદા, ચાચરિયા, બોટાદ, રંગપુર એ બધા ગામના હરિભક્તોએ વૌઠા સમૈયામાં શ્રીહરિની પાસે આવી ઘણા જ મહિમાથી પૂજા કરી. કેટલાકે તો સંતો વગેરેની પણ પૂજા કરી. ૩-૬. નાગલપુર, સમઢિયાળા-૧, ઈંગોરાળા, પીપળિયા, ગોરડકા, ઉગામેડી, નિંગાળા અને કેરિયા એ બધા ગામના હરિભક્તોએ ઘણા જ શુદ્ધભાવે શ્રીહરિની પૂજા કરી. ૭-૧૦.

નસીતપુર, લાખિયાણી, રોહિશાળા, દરેડ, લોલિયાણા, પછેગામ એ બધા ગામના હરિભક્તોએ ઘણી ઉજ્જવળ ભાવનાથી શ્રીહરિની પૂજા કરી અને અલભ્ય અને અમાપ લાભ લીધો. ૧૧-૧૪. હળિયાદના હરિભક્તો જેવો બીજા કોઈએ લાભ લીધો ન હતો. વડોદ, ખોપાળા, રાજપીપળા,

ગઢાળી, માલપરા, પાટણા, ગુંદાળા, રળિયાણા અને વાવડી, એ બધા ગામના હરિભક્તોએ ઘણી શુદ્ધ ભાવનાથી શ્રીહરિની પૂજા કરી અને અલભ્ય અને અમાપ લાભ લીધો. તેમનાં મન ઘણાં પવિત્ર હતાં. તેમજ સત્સંગને ભૂષણની જેમ સાચવતા હતા. ૧૫-૨૦.

ભડલી, આંબરડી, સુખપુર, લાઠીદડ, પાટી, અડતાળા અને ગઢપુર વગેરે ગામોના બધા હરિભક્તોએ શ્રીહરિની ત્યાં પૂજા કરીને અલૌકિક લાભ લીધો. તે પછી સુરતના જે હરિભક્તો હતા તેમણે સહુએ બધાના પછી પૂજા કરી. ૨૧-૨૪. તે બધા ભક્તો સોનેરી વસ્ત્રો અને સોનાનાં ઘરેણાં લાવ્યા હતા. તે બધાં વિવિધ ભાતનાં હતાં, તેથી તેની શોભા કહી શકાતી ન હતી. ૨૫. પ્રત્યેક બ્રહ્માંડના જે મોટા મોટા દેવો હતા તેઓ વિમાનમાં બેસીને તત્કાળ ત્યાં આવ્યા હતા. ૨૬.

તે વખતે જે દેવ ગાંધર્વો અને દેવાંગનાઓ તે બધાં પણ વિમાનમાં બેસીને આવ્યાં અને ત્યાં મનોહર ગાન કરવા લાગ્યાં. ૨૭. વિવિધ પ્રકારનાં વાજિંત્રો વગાડતા હતા અને ત્યાં આવીને અપ્સરાઓ નૃત્ય કરવા લાગી. તેની શોભા મુખથી કહી જાતી નથી. એમ બધા દેવો પૂજા કરતા રહ્યા હતા. ૨૮. કેસરચંદન અને પુષ્પોને લઈને પ્રસન્ન મનથી સહુ તેની વૃષ્ટિ કરતા હતા. માગધ, ચારણ અને બંદીજનો જે હતા તેઓ બધા ત્યાં આવવા લાગ્યા. ૨૯. તેઓ બધા મુખથી 'જય જય, જય જય' એવો જયધ્વનિ કરતા અને ઘણા જ હેતથી મહિમાને કહેતા હતા. દેવો શ્રીહરિનો ભારે યશ ગાતા હતા. તેઓ બોલતા હતા કે, આવો સમર્થ અવતાર ક્યારેય થયો નથી. ૩૦.

જે જે મોટા દેવો કહેવાય છે, તે બધા હાથ જોડીને શ્રીહરિને કહેતા હતા કે, હે પ્રભુ ! અમે આપને શરણે આવ્યા છીએ, એટલે હવે આપ જેમ કહો તેમ અમે કરશું. ૩૧. જે મનુષ્ય આપનો દ્રોહ કરે કે સત્સંગનો દ્રોહ કરે, તે ચાહે તેટલા પુણ્ય કરે છતાં ફરીવાર તેને મનુષ્યદેહ મળશે નહીં. ૩૨. **જે મનુષ્ય સત્સંગનો દ્રોહ કરે છે તે પોતે પોતાનું જ ભૂંડું કરે છે.** ભૂમિ ઉપર ઊભેલો માણસ સૂર્યની સામે તોપ માંડીને ચાહે તેટલા ગોળા મારે, ૩૩. તોપ ચલાવનારા ભલે કરોડો મરી જાય પણ સૂર્યને કાંઈ નુકશાન થતું નથી,

તે તો જેવો છે તેવો જ રહે છે. સૂર્ય સામેથી કાંઈ તેનો પ્રતિકાર કરતો નથી, છતાં પ્રતિકાર કર્યા વિના જ સૂર્યના દ્રોહીનો વિનાશ થઈ જાય છે. ૩૪. જેમ સામાન્ય માણસ કરતાં સૂર્ય અધિક સમર્થ છે તેમ આપ તો સૂર્ય કરતાં પણ અત્યધિક સમર્થ છો. જે મનુષ્ય આપનો દ્રોહ કરે છે તે તો પશુ કરતાં પણ વધારે હીન છે. ૩૫.

કોઈ ચક્રવર્તી રાજા થાય તો તેનાથી તેને વિશેષ શું મળ્યું ? જ્યાં સુધી તે આપને માનતો-પૂજતો નથી ત્યાં સુધી તેને કાંઈ જ મળ્યું નથી. જે લોકો આપને માનતા-પૂજતા નથી તેને અમે પશુ સમાન દેખીએ છીએ. ૩૬. પછી જ્યારે સંધ્યા વખત થયો ત્યારે અપાર મશાલો થઈ. તે સમયે ધર્મકુમાર શ્રીહરિએ 'નારાયણ ધૂન' કરાવી. ૩૭. જ્યારે 'નારાયણ ધૂન' કરી રહ્યા તે પછી બધા દેવોએ આવીને શ્રીહરિની અતિ પ્રેમથી પ્રદક્ષિણા કરી. ૩૮. દેવો બધા પ્રદક્ષિણા કરી રહ્યા ત્યારે શ્રીહરિની રજા લઈને પોતપોતાના વિમાનમાં બેસીને પોતાને ભવને ચાલ્યા ગયા. ૩૯. તે વખતે તે સભામાં જેટલા હરિભક્તો અને સંતો બેઠા હતા તે સહુને વૌઠાથી નીકળી જવાની રજા આપી. સંતોને કહ્યું કે, તમે સહુ જ્યાં જ્યાં હરિભક્તો રહેતા હોય તે તે ગામે જાજો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'બાકીના કાઠિયાવાડના અને પછી સુરતના ભક્તોએ શ્રીહરિની પૂજા કરી' એ નામે અઠ્ઠાવનમો તરંગ સમાપ્ત ॥૫૮॥



પૂર ચૌદમું : તરંગ - ૫૯

વૌઠાથી નીકળેલા શ્રીહરિ ચરોતરમાં થઈને સરસવણી ગામ આવ્યા

માનસિંહ અને કેસરીસિંહ એ બંને મામા-ફઈના ભાઈ હતા. તેઓ પૂરબિયા ક્ષત્રિય હરિભક્ત હતા. ૧. તેઓ શૂરવીર અને નિર્બંધન હતા. તેમને ધનનો લેશમાત્ર પણ લોભ ન હતો અને હંમેશાં એક રહેણી-કહેણીના હતા. તેઓ પછીથી શ્રીહરિની પાસે જ રહેતા હતા. ૨. કાર્તિક સુદી ચૌદશની અને પૂનમની એમ બે રાત શ્રીહરિ ત્યાં રહ્યા અને વૌઠામાં આ અજોડ સમૈયો

કર્યો. ૩. શ્રીહરિએ ત્યાં નદીમાં સ્નાન કરીને તે તીર્થને સુફળ-પવિત્ર કર્યું. જે કોઈ પણ મુમુક્ષુ મહિમાથી ત્યાં જો સ્નાન કરે તો તેનાં બધાં પાપ-મળ નાશ થઈ જાય છે. ૪. બીજો પણ કોઈ મનુષ્ય કાર્તિકી પૂનમે અહીં આવીને સ્નાન કરે છે, તો આ તીર્થ તેની બધી જ અભિલાષાઓને સુફળ કરે છે. ૫. શ્રીહરિ જ્યારથી આ તીર્થમાં નાહ્યા છે ત્યારથી તેનો મહિમા અધિક થયો છે.

શ્રીહરિ કાર્તિક વદિ પડવાને દિવસ ત્યાંથી ચાલ્યા. ૬. ચરોતર પ્રદેશના **ડભાણ** ગામમાં આવ્યા અને ત્યાં બે દિવસ રહ્યા. પછી ત્યાંથી નીકળીને **વડતાલ** ગામ આવ્યા. ૭. પરમ આનંદ સ્વરૂપ પ્યારા અવિનાશી શ્રીહરિ વડતાલમાં પાંચ રાત રહ્યા. ત્યાંથી ચાલ્યા, તે **બુધેજ** આવ્યા. ત્યાં એક રાત રોકાયા. ૮. મહાસમર્થ અને બહુનામી શ્રીસહજાનંદસ્વામી ત્યાંથી ચાલ્યા તે **બોચાસણ** આવ્યા. અને પછી ત્યાંથી **બામણગામ** આવ્યા. ખબર સાંભળીને ત્યાંના બધા હરિભક્તો સન્મુખ આવ્યા. ૯. સહુ હાથમાં એકેક શ્રીફળ લાવ્યા હતા. બધાએ પગે લાગીને શ્રીફળ ભેટ મૂક્યાં. અને પછી વિવિધ પ્રકારનાં વાજિંત્ર વગડાવીને શ્રીહરિને ગામમાં પધરાવ્યા. ૧૦.

શ્રીહરિ અશ્વ ઉપર બેઠા હતા. શરીર ઉપરનાં બધાં વસ્ત્ર અને ઘરેણાં સોનાનાં પહેર્યાં હતાં. અશ્વ ઉપરનો બધો શણગાર પણ સોનાનો હતો. ગામની બધી બજારોને ગામવાસી બધા લોકોએ સ્વચ્છ કરાવી હતી. આ રીતે ઘણી ભવ્ય શોભા છવાઈ ગઈ હતી. ૧૧-૧૨. ગામના બધા લોકો રાજબજારે શ્રીહરિનાં દર્શન કરવા માટે ઊભા હતા. દરેકના હાથમાં ફૂલહાર લીધેલા હતા. ૧૩. રાજબજાર બધી ફૂલવાડી જેવી થઈ ગઈ હતી. હરિભક્તો ઘણા જ પ્રેમથી ફૂલહાર પહેરાવતા હતા. ૧૪. ગામની બધી સ્ત્રીઓ મોતીના થાળ ભરી ભરીને શ્રીહરિને ઘણા હેતથી વધાવતી હતી. ૧૫. વિવિધ ભાતનું સોનેરી છત્ર શ્રીહરિનાં મસ્તક ઉપર અથાગ શોભતું હતું. ૧૬.

જે પાટીદાર હરિભક્તો હતા તે બધા પરસ્પર સંપીને ગામના સારા વિપ્ર હરિભક્તને ઘેર શ્રીહરિને લઈ આવ્યા. સારું સુખદ સગવડતાવાળું, જે ભવન હતું તેના દરવાજાની ઉપર માળ હતો. તે ભવન આથમણા બારનું હતું અને તેની આગળ વિશાળ ચોક હતો, તેમાં ઉતારો કરાવ્યો. ૧૭-૧૮.

તે ચોકમાં એક સારો લીમડો હતો. તેની શીતળ છાયામાં શ્રીહરિની સાથે જે અશ્વ હતા તે બધાને તે ચોકમાં બાંધી દીધા. ૧૯. તે માળનો જે રવેશ હતો તેના કઠોડામાં આવીને શ્રીહરિ સહુને દર્શન દેવા માટે બેઠા. ખોડા પંડ્યા નામે તે વિપ્ર હરિભક્ત હતા. તેણે વિવિધ પ્રકારનાં ભોજન તૈયાર કર્યાં. ૨૦.

તેણે પહેલાં શ્રીહરિને જમાડ્યા અને પછી જે શ્રીહરિની સાથે હતા તે સહુને પણ જમાડ્યા. ગામના હરિભક્તો જે દૂધ અને દહીં પુષ્કળ પ્રમાણમાં લાવ્યા હતા તે પીરસીને ખૂબ જ જમાડ્યા. ૨૧. જ્યારે દિવસ દોઢ પહોર (૪.૩૦ કલાક) બાકી હતો ત્યારે બામણગામથી નીકળ્યા. મહી નદીને કિનારે આવ્યા. નદીમાં પાણી અથાગ હતું. ૨૨. સામે કાંઠે **એકલબારા** ગામ હતું. ત્યાંથી બાવાજી અને હિંમતસંગ ઠાકોર વહાણ તૈયાર કરીને શ્રીહરિ જ્યાં હતા ત્યાં લઈને આવ્યા. ૨૩. શ્રીહરિ અને જે તેમની સાથે હતા તે સહુને વહાણમાં બેસાડ્યા. સામે કાંઠે જઈને વહાણમાંથી ઊતર્યા ત્યારે શ્રીહરિની એક મોજડી નદીના પાણીમાં પડી ગઈ. બીજા એક પગમાં જ મોજડી રહી. પછી રમૂજ કરતા શ્રીહરિએ બીજી મોજડીને પણ પાણીમાં ફેંકી દીધી. ૨૪-૨૫.

તે બાવાજી અને હિંમતસંગ ઠાકોર પાકા હરિભક્ત હતા. તેમણે શ્રીહરિને હાથ જોડીને કહ્યું, પ્રભુ ! અમારા ગામમાં આપ એક રાત રહો. અમે આપને કાયમ પ્રેમથી ચાહીએ છીએ. અમારે માટે આજ અમૂલખ અવસર આવ્યો છે. ૨૬-૨૭. ત્યારે શ્રીહરિ તે બંને ભક્તો ઉપર ઘણા રાજી થયા. પછી તે ભક્તોની સાથે તે એકલબારા ગામમાં આવ્યા. ગામમાં રાજમાર્ગ ઘણો વાંકો હતો. આગળના ભાગમાં વાજિંત્રો વાગતાં હતાં. ૨૮. ગામના બધા લોકો મહામેવાસી (મહી નદીને ડાબે કાંઠે રહેનારી પ્રજા મેવાસી કહેવાય છે) હતા. તેઓ બજારમાં આવીને ઊભા હતા. પાસે આવીને શ્રીહરિના ચરણોમાં નમસ્કાર કરતા હતા. ૨૯. તેઓ એક એક શ્રીફળ લાવ્યા હતા. તે અર્પણ કરીને ઘણા જ ભાવથી શ્રીહરિની પૂજા કરતા હતા. ત્યાં રાજદરબારના ભવનમાં શ્રીહરિનો ઉતારો કરાવ્યો. ૩૦.

ત્યાં વિપ્રની પાસે રસોઈ કરાવી હતી, તેને અવિનાશી શ્રીહરિ જમ્યા. શ્રીહરિની સાથેના બધા સંત હરિભક્તો પણ જમ્યા. ગામના બધા ભક્તો ખૂબ જ રાજી થયા. ૩૧. રાતે શ્રીહરિએ સત્સંગની વાતો કરી અને પછી પલંગ ઉપર પોઢી ગયા. જ્યારે રાત ચાર ઘડી (૧.૩૬ કલાક) બાકી હતી ત્યારે શ્રીહરિ ત્યાંથી ચાલી નીકળ્યા. ૩૨. **ડભાસા** ગામ આવ્યા. ત્યાં સંતો અગાઉથી આવેલા હતા. તેઓ સવારમાં 'નારાયણ ધૂન' કરતા હતા. શ્રીહરિને આવેલા જાણીને બધા સંતો ખૂબ જ રાજી થયા. ૩૩. બધા સંતોને બોલાવીને દર્શન દીધાં.

પછી તરત ત્યાંથી **લતીપુરા** ગામ આવ્યા. દિવસ ઊગતામાં ત્યાં પહોંચી ગયા હતા. ગામમાં જે હરિભક્તો હતા, તેઓ બધા દોડીને દર્શન કરવા આવ્યા. સહુ હાથ જોડીને પગે લાગ્યા. તાંબાના ઘડામાં પાણી ભરી લાવ્યા અને સહુએ સરોવરને કાંઠે સત્સંગનાં વ્રતમાન-નિયમ ધારણ કર્યાં. ૩૪-૩૫. શ્રીહરિ ત્યાંથી હરિભક્તોનું હિત કરવા માટે **સરસવણી** ગામ આવ્યા. ત્યાં ગિરધરભાઈ અને અમૈદાસ નામે ઘણા સારા મોટા હરિભક્તો રહેતા હતા. ૩૬.

ગામના બીજા પણ જે હરિભક્તો હતા તે બધા શ્રીહરિની સન્મુખ આવ્યા. સહુ શ્રીહરિનાં ચરણોમાં પડ્યા. સહુના હૃદયમાં આનંદ છવાઈ ગયો હતો. ૩૭. ચરણમાં શ્રીફળ મૂક્યાં. ફૂલહાર પહેરાવ્યા. વિવિધ પ્રકારનાં વાજિંત્ર વાગી રહ્યાં હતાં. ચોતરફ અપાર શોભા થઈ હતી. ૩૮. ધર્મકુમાર શ્રીહરિ પોતાના સર્વોત્તમ અશ્વ ઉપર બેઠા. ભક્તો બધા ઉત્સાહથી 'જય જય, જય જય'ની ઘોષણા કરતા હતા. સહુ ગામમાં આવ્યા. ૩૯. ગામના રાજમાર્ગ ઉપર ગામવાસી બધા લોકો ઊભા રહીને દર્શન કરતા હતા. સહુના હાથમાં ફૂલહાર હતા. આખી બજાર ફૂલના બાગ જેવી દેખાતી હતી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'શ્રીહરિ વૌઠાથી નીકળી ચરોતરમાં થઈને સરસવણી ગામ આવ્યા' એ નામે ઓગણસાઠમો તરંગ સમાપ્ત ॥૫૯॥



પૂર ચૌદમું : તરંગ - ૬૦

સરસવણીથી શ્રીહરિ પાદરાના રાજદરબારમાં પધાર્યા

મહારાજાધિરાજ શ્રીહરિને સરસવણી ગામવાસી ભક્તોએ ઘણા જ હેતથી ફૂલહાર પહેરાવ્યા. ૧. ગામવાસી બધા ભક્તજનોને અલૌકિક દર્શન દીધાં. પછી મહાન કૌશલ્ય-સંપન્ન શ્રીહરિ ગિરધર શેઠને ઘેર આવ્યા. ૨. તેમનું ઘર ઘણું વિશાળ હતું. તેમાં ઉતારો કર્યો. આસપાસનાં ગામોમાં જે સંતો હતા તેમને સમાચાર મળ્યા, તેથી સહુ તત્કાળ ત્યાં આવ્યા. ૩. સરસવણી ગામને ફરતાં જે ગામ હતાં, ત્યાંના બધા હરિભક્તો પણ શ્રીહરિનાં દર્શન કરવા ત્યાં આવ્યા. ૪. વડોદરા શહેરના બધા હરિભક્તો પણ ત્યાં આવ્યા. સહુ ફૂલના હાર લાવીને શ્રીહરિને પહેરાવતા હતા. ૫.

શ્રીહરિ સરસવણી ગામમાં ત્રણ દિવસ રહ્યા. ત્યાં અમૂલ્ય-દિવ્ય ઉત્સવ થયો હતો. બધા હરિભક્તો ઘણા જ પ્યારથી વિવિધ પ્રકારની રસોઈ કરાવતા હતા. ૬. શ્રીહરિને અને સંતોને જમાડતા. પછી ઘણા જ હેતથી પૂજા કરતા હતા. એક દિવસ તે ગામના બધા લોકો શ્રીહરિની આગળ આવીને ઊભા રહ્યા. ૭. હાથ જોડીને સહુએ કહ્યું, અમને સહુને વ્રતમાન-નિયમ ધરાવીને શરણે લો. ત્યારે દયાળુ શ્રીહરિ તેમના ઉપર પ્રસન્ન થયા. તત્કાળ જ પાણીથી ભરેલો ઘડો લીધો. ૮. પછી ત્યાં જેટલા લોકો ઊભા હતા તેના ઉપર ઘડામાંથી પાણી લઈને છાંટ્યું. આ રીતે શ્રીહરિએ ત્યાં સહુને વ્રતમાન-નિયમ ધરાવ્યાં અને પછી સહુની આગળ વાત કહી. ૯. હરિભક્તોએ પાળવાના અગિયાર નિયમ કહી સંભળાવ્યા અને કહ્યું, આ નિયમ સહુએ શીખી લેવા. અને પછીથી સહુને પરસ્પર હરિભક્ત કહેવા. ૧૦.

તે પછી અવિનાશી શ્રીહરિએ સહુ સંતો અને હરિભક્તોની પાસે ગરબીનાં કીર્તન ગવડાવ્યાં. અત્યંત ભાવથી કીર્તન ગવાયાં. તેથી સહુમાં ઘણો જ આનંદ છવાઈ ગયો. ૧૧. તે વખતે ત્યાં જે જે ગામના હરિભક્તો આવ્યા હતા તે બધા કહેતા, મહારાજ ! આપ અમારે ગામ જરૂર પધારો. આવો શુભ સમય ફરીવાર ક્યારેય આવશે નહીં. ૧૨. ગયો અવસર ફરીવાર આવતો નથી, તેથી અમે આપને હાથ જોડીને કહીએ છીએ. ત્યારે શ્રીહરિએ

તે ભક્તોને કહ્યું, તમે સહુ મારું વચન સાંભળો. ૧૩. ધાર્યું બધું પરમેશ્વરનું થાય છે. બીજા કોઈનું ધાર્યું થાતું નથી. શુભ સંકલ્પ કરી રાખવો. કોઈક દિવસ તે સફળ થાય છે. ૧૪. સંતોનાં દર્શન અને ચરણસ્પર્શનું જેટલું કામ કરી લીધું હોય, તેને પછી વારંવાર રાત-દિવસ સંભાર્યા કરવું. ૧૫. શ્રીહરિ આવી વાતો કહેતા હતા.

જ્યારે દિવસ ચાર ઘડી (૧.૩૬ કલાક) બાકી હતો ત્યારે પાદરાથી રાજાના દીવાન ત્યાં આવ્યા. ૧૬. તેની સાથે ચોપદાર હતો. બીજા અશ્વ પણ સાથે હતા. દીવાને આવીને શ્રીહરિનાં ચરણોમાં મસ્તક નમાવ્યું અને પછી તેણે કહ્યું, ૧૭. પ્રભુ ! અમારા જે રાજા છે તે આપનાં દર્શન કરવા ચાહે છે. તેઓ આપને ઘણા મોટા સમર્થ પુરુષ માને છે. બીજા કોઈ ભેખધારીને એવા કહેતા નથી. ૧૮. કાઠી અને કોળી ઘણા કાંટાદાર માણસ કહેવાય, તેઓ કોઈને વશ થાય નહીં. તે સહુને આપે પોતાના સામર્થ્યથી વશ કરી લીધા છે. અને તેઓ અત્યારે આપની સાથે દાસભાવે રહે છે. ૧૯. ધન વિના આપે મોટા યજ્ઞ કર્યા છે. તેને માટે આપને કોઈએ ગામ પણ આપ્યું નથી; એટલે આપ કોઈ મોટા સિદ્ધ અહીં આવ્યા છો. જેવું આપ ધારો છો તેવું થાય છે. ૨૦.

મોટા કરોડપતિઓ પણ આપની આગળ રાંક થઈને રહે છે, છતાં આપ અપાર ત્યાગી થઈને રહો છો. કોઈ સામર્થ્ય-શક્તિ વિના આવું હોય નહીં. ૨૧. આપ એવા કલ્પવૃક્ષ જેવા જોગી છો કે મનુષ્યને મળતાની સાથે જ નીરોગી કરી દો છો. ત્યારે શ્રીહરિએ તે દીવાનને કહ્યું, તમે અમારી વાત સાંભળો. ૨૨. તમે આગળ જાઓ, અમે અને સંતો તમારી પાછળ પાછળ આવીએ છીએ. અમે તમારા રાજાના ભાવને પૂરા કરશું. અમે ક્યારેય ખોટી વાત મુખથી કહેતા નથી. ૨૩. તમારા રાજાને જઈને કહેજો કે, સ્વામિનારાયણ અમારી પાછળ જ આવી રહ્યા છે. તેમણે આ વાત ચોક્કસ કહી છે. ૨૪. ત્યારે દીવાને કહ્યું, અમારાથી રાજા પાસે એવું કહેવાય નહીં. આપના વિના અમે ખાલી જઈએ તો તેમને અમારો વિશ્વાસ ન આવે. ૨૫. આપની વાત તો ઘણી સરળ છે, પણ રાજાની વાત જુદી જ હોય છે. વાત વાતમાં તેઓ તર્ક કરતા રહે, એટલે અમને તો તેમનો ડર રહે છે. ૨૬.

ત્યારે શ્રીહરિએ તેને કહ્યું, જો તમને રાજાનો ખૂબ ડર લાગતો હોય તો ચાલો, અમે નીકળીએ જ છીએ. અમને તો કાંઈ ભય લાગતો નથી. ૨૭. આવું કહીને અનંત બ્રહ્માંડોના આધાર શ્રીહરિ તૈયાર થયા અને રથમાં બેઠા અને બધા સંતોને પોતાની સાથે લીધા. ૨૮. જ્યારે રાત ચાર ઘડી (૧.૩૬ કલાક) ગઈ ત્યારે શ્રીહરિ તે રાજાના પુર **પાદરા** પહોંચ્યા. તે સમયે પુરમાં અપરંપાર મશાલો પ્રગટાવી હતી અને બધી સવારી સન્મુખ આવી. ૨૯. ડંકા, નિશાન અને ઘણી જાતનાં વાજિંત્ર આવ્યાં. તેનો તુમુલ ધ્વનિ ચારેબાજુ વ્યાપી ગયો હતો. બધી રાજબજાર સ્વચ્છ કરાવી દીધી હતી. ૩૦.

શ્રીહરિ જ્યારે પાદરાની બજારમાં આવતા હતા ત્યારે પુરવાસી બધાં નરનારીઓ શ્રીહરિનાં દર્શન કરવા માટે રાજબજારમાં ઘણા જ ઊભાં હતાં. ૩૧. સહુએ હાથમાં ફૂલહાર લીધા હતા અને બધા શ્રીહરિને ઘણા જ પ્રેમથી તે પહેરાવતા હતા. શ્રીહરિનાં અંગ ઉપર બધાં શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં. તેનાથી મનોહર મૂર્તિ ઘણી સોહામણી લાગતી હતી. ૩૨. શ્રીહરિ જ્યારે રાજભવનને દરવાજે આવ્યા ત્યારે ઉદારભાવથી રાજા સન્મુખ આવ્યા. બંને હાથ જોડીને તેઓ શ્રીહરિનાં ચરણોમાં ઘણા જ હરખથી પગે લાગ્યા. ૩૩. જ્યારે શ્રીહરિ રથમાંથી નીચે ઊતર્યા ત્યારે રાજાએ આવીને શ્રીહરિનો હાથ પોતાને હાથે ગ્રહણ કર્યો. પોતાના સુંદર ભવનની ઓશરીમાં એક ભવ્ય પલંગ બિછાવી દીધો હતો. ૩૪.

તે પલંગની ઉપર શ્રીહરિને પધરાવ્યા અને તેમની આગળના ભાગમાં સંતની સભા થઈ. શ્રીફળ, વિવિધ પ્રકારના મેવા અને અપાર ફૂલહાર લાવ્યા હતા. ૩૫. રાજાએ શ્રીહરિની પૂજા કરી. તેના મનમાં રાજ્યની ઈચ્છા હતી. પછી સંતોની પૂજા કરીને કુશળતાથી શ્રીહરિની સમીપે બેસી ગયા. ૩૬. રાજાએ હાથ જોડીને કહ્યું, આપ મહાન સમર્થ છો. આપ મારા મનમાં જે ઈચ્છા છે તેને પૂર્ણ કરો. ૩૭. આપ મને કલ્પવૃક્ષ મળ્યા છો. માટે મારા મનના બધા જ મનોરથો હવે ચોક્કસ પૂરા થાશે. ૩૮. સર્વજ્ઞ એવા શ્રીહરિએ રાજાના બધા ભાવ જોઈને પછી તેને કહેવા લાગ્યા. ૩૯. અમે બધા સંતો એવું માનીએ છીએ કે, **જન્મ-મરણનું દુઃખ બીજાં બધાં દુઃખો કરતાં અધિક કહેવાય છે. અને ભગવાનનું ભજન કરવામાં જ સુખ છે. ૪૦.**

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'શ્રીહરિ સરસવણીથી પાદરાના રાજદરબારમાં આવ્યા' એ નામે સાઠમો તરંગ સમાપ્ત ॥૬૦॥



પૂર ચૌદમું : તરંગ - ૬૧

રાજાને લૌકિક સુખમાં દુઃખ બતાવીને શ્રીહરિ છાની રીતે વડતાલ આવ્યા

પાદરાના રાજાની આગળ શ્રીહરિએ ફરીને કહ્યું, જે હું કહું છું તેને તમે સાંભળો. આ વાત અનુપમ છે. અજોડ છે. તે બધી કહી શકાતી નથી. ૧. **જે સાચા સંતો છે, તે આ લોકનાં ભોગસુખને કાકવિષ્ઠા તુલ્ય કહે છે અને તેમાં બધા જ રોગો ભર્યા પડ્યા છે. એમ માને છે. ૨. એવાની બુદ્ધિ જ અધિક કહેવાય છે કે, જેઓ પોતે નીરોગી રહી શકાય તેટલા જ જગતના સુખને તપાસીને ગ્રહણ કરે છે. ૩. પ્રહ્લાદજી અને પ્રિયવ્રત રાજાએ કહ્યું છે કે, 'જેમાં રોગ રહ્યો છે, એવું જેટલું જગતનું સુખ છે, તે દુઃખ જ છે.' ૪.**

चोपाई :

अपार दुःख देखे राज में जेता, बडे बडे एसे भूप हि तेता;
त्रिलोक राज के कर दिये त्यागा, प्रभु के पद में किन अनुरागा...०५
भोमि के राज कहावत जितना, अनंत दुःख जुत रहे तितना;
जामे सुँ दुःख होवे अपारा, एसे हम नहि देवनहारा...०६

તેમના જેવા જે જે મોટા રાજાઓ થયા છે, તેમણે રાજ્યમાં અપાર દુઃખ દેખ્યું છે અને તેથી જ તેમણે ત્રિલોકીના રાજ્યનો ત્યાગ કરીને ભગવાનનાં ચરણોમાં પ્રેમ-ભક્તિ કરી છે. ૫. આ ભૂમિનું જેટલું રાજ્ય છે, તે બધું અનંત દુઃખોથી યુક્ત છે. જેમાંથી અપાર દુઃખ થાય એવું કાંઈ અમે કોઈને દેતા નથી. ૬. છતાં પણ તે પાદરાના રાજાએ અલ્પ એવા સુખને માટે થઈને શ્રીહરિની બહુ સેવા કરી. પગ દબાવતાં દબાવતાં રાતના ત્રણ પહોર વીતી ગયા. રાત એક પહોર(૩ કલાક) જ્યારે બાકી રહી, ત્યારે શ્રીહરિ પ્રસન્ન

થઈને બોલ્યા, જે ભોજન તૈયાર હોય તે લાવો. ત્યારે રાજાએ કહ્યું, સવાર થાય ત્યારે આપ જે કહેશો તે ભોજન કરાવી આપશું. ૭-૮.

ત્યારે શ્રીહરિએ કહ્યું, તો તમે હવે જઈને સૂઈ જાઓ. અમને પણ ઊંઘ બહુ આવે છે. પછી રાજા જઈને સૂતા અને તેને ઘાટી ઊંઘ આવી ગઈ. ૯. પછી શ્રીહરિ કૂવે સ્નાન કરવા ચાલ્યા. કોઈને કાંઈ ખબર પડવા દીધી નહીં. બે-ત્રણ સેવકોને સાથે લીધા. એક મુક્તાનંદસ્વામીને જ કાનમાં વાત કહી હતી. ૧૦. સાથેના સેવકને પણ કાંઈ ખબર ન હતી. એ રીતે જ શ્રીહરિ તો ચાલી નીકળ્યા. સેવકે પૂછ્યું, આપ ક્યાં સ્નાન કરશો ? ત્યારે શ્રીહરિ કહે, કાંઈ બોલશો નહીં. ૧૧. જ્યારે અમારી નજરમાં આવશે ત્યારે સ્નાન કરશું. આમ કહીને મહી નદીને નજીક આવી ગયા. નાવમાં બેસીને તરત મહી નદીને પાર કરી લીધી. ૧૨. ત્યાં મહી નદીમાં શ્રીહરિ નાહ્યા અને ત્યાંથી ચાલ્યા. ધર્મકુમાર ગુપ્ત રીતે **શેલડી** ગામ આવ્યા. ૧૩. ત્યાં ખેતરમાં છાના રહ્યા. પછી શ્રીહરિએ મોકમસંગને પોતાની પાસે બોલાવ્યા અને તેને ઘણી વાત કહી. ૧૪.

જે કાચો પોચો હરિભક્ત હોય તે તો વિમુખ થઈ જાય, પણ જેનું મન દૃઢ હોય તે તો આ શ્રીહરિનું મનુષ્યચરિત્ર છે, એમ જાણે છે. ૧૫. **જેને શ્રીહરિનો નિશ્ચય પાકો હોય તે તો મનુષ્ય કરતાં પણ સામાન્ય ચરિત્રને અધિક માને છે. સહુની સમજણ એકસરખી હોતી નથી. ૧૬. શ્રીહરિ પોતાના દૃઢ નિશ્ચયવાળા એકાંતિક દાસને દેખીને તો પરમ ઉલ્લાસથી નિધડક થઈને માનવ ચરિત્ર કરે છે અને પ્રેમરસની હેલી થાય છે, જે કહી શકાતી નથી. ૧૭.** તે વખતે શ્રીહરિની જેવી મરજી હતી તે પ્રમાણે મોકમસંગ બોલ્યા. તે દેખીને શ્રીહરિ તેના ઉપર અપાર પ્રસન્ન થયા અને ત્યાં રસોઈ કરીને જમ્યા. ૧૮. જ્યારે સંધ્યા સમય થયો ત્યારે ગામના ભક્તોને દર્શન દીધાં. જે ગુપ્ત-છાના રહ્યા હતા તે પ્રસિદ્ધ થયા. કોઈ જગ્યાએ શ્રીહરિ આવી લીલાને પણ કરતા હતા. ૧૯. જેવા દેશકાળ હોય તેવાં ચરિત્ર શ્રીહરિ કરતા હતા. જે અજ્ઞાની લોકો હોય તે તેને તમાશો કહીને દેખતા હતા. ૨૦.

જે હરિભક્ત હોય તેને શ્રીહરિ આવાં ચરિત્ર દેખાડતા હતા અને ચરિત્રનું ગાન કરીને મુમુક્ષુ ભક્ત ભગવાનનાં ધામમાં જાય છે. આવાં

ચરિત્રોને જે તમાશા કહે છે, તેઓ તો જમપુરીના ઘોર નરકમાં જાય છે. ૨૧. જ્યાં સુધી સત્સંગ થાતો નથી, ત્યાં સુધી જીવ લખચોરાશીમાં જ ભટક્યા કરે છે અને તે વિમુખ જીવ જન્મ મરણના અપરંપાર દુઃખોને વારંવાર પામ્યા કરે છે. ૨૨. જે પાપમય જીવ છે, તે આવું હોવા છતાં મનમાં એક તલભાર પણ ભય માનતા નથી. સુખધામ શ્રીહરિ તે ગામમાં એક રાત રોકાઈને **વડતાલ** આવ્યા. ૨૩. પછી પાદરા ગામથી બે સંત શ્રીહરિની પાસે આવ્યા. તેઓ પગે લાગીને પાસે બેઠા. ત્યારે શ્રીહરિએ તેમને ઉત્સાહથી પૂછ્યું કે, ૨૪. અમે ચાલી નીકળ્યા પછી શું થયું ? તે વાત તમે કહો. રાજાએ શું કહ્યું ? અને બીજા લોકો અમારી બાબતમાં શું કહેતા હતા ? ૨૫. **અમને તો પરમેશ્વર પ્રેરણા કરે, તેમ અમે કરીએ છીએ. અમે તો પરમેશ્વરની મરજીને જ પાળીએ છીએ. બીજાની મરજી પ્રમાણે ચાલવાથી શું વળે ? ૨૬.**

ત્યારે સંતોએ હાથ જોડીને કહ્યું, આપ ચાલ્યા ગયા તે સારું થયું. રાજા જે મનોરથો કરતા હતા, તેને આપે તોડી નાખ્યા. ૨૭. જ્યારે પહોર(૩ કલાક) દિવસ ચઢ્યો ત્યારે રાજા ઊંઘમાંથી ઊઠ્યા. તેણે શ્રીહરિ સૂતા હતા, તે પલંગ જોયો અને પછી સંતોને પૂછ્યું, (શ્રીહરિ ક્યાં ગયા ?) ૨૮. સંતોએ કહ્યું, અમે કોઈ બાબત જાણતા નથી. એટલું જાણીએ છીએ કે શ્રીહરિ અહીં સૂતા હતા. અમને તો તમે કહ્યું ત્યારે ખબર પડી. કોણ જાણે, તેઓ ક્યારે ચાલ્યા ગયા ? ૨૯. રાજાએ કહ્યું, હું તો વિશ્વાસમાં રહ્યો, આવું બોલીને તે ઘણા ઉદાસ થઈ ગયા. પછી તેણે પહેરગીરને ધમકાવ્યો. તું પહેરો કેવો ભરે છે ? ૩૦.

મારી બધી જ અભિલાષાઓનો નાશ થઈ ગયો. ચોક્કસ તેઓ અંતર્યામી છે. તેઓ માયાનાં બંધનમાં આવ્યા નહીં. ૩૧. આ બધી રાજ્યની સમૃદ્ધિને દેખીને પણ ક્યાંય મોહ પામ્યા નહીં. જે જોગીની બુદ્ધિ તુચ્છ હોય, તે તો રાજ્યની સમૃદ્ધિમાં ડૂબી જાય છે. ૩૨. પછી તેણે મુક્તાનંદસ્વામીને પૂછ્યું, હવે ફરીવાર મને તેઓ કઈ રીતે મળી આવે ? ત્યારે સ્વામીએ તેને કહ્યું, તમારાં દિલમાં જેવો ભાવ હશે, તે રીતે તેઓ તમને મળશે. ૩૩. ધીરજ રાખવાથી કામ સફળ થાય છે. ધીરજ રાખ્યા વિના કામ સારુ

થતું નથી. પછી રાજા મનમાં ખુશ થયા અને સંતો વગેરેને માટે લાડુની રસોઈ કરાવી. ૩૪. સંતોને જમાડ્યા. કેસરચંદન ચરચીને તેમને પૂજ્યા. ફૂલના હાર પહેરાવીને ધૂપદીપ કર્યાં. ૩૫. બધા સંતોને પગે લાગ્યા. પછી સહુને રાજીપાથી રજા આપી. રાજા તે વખતે બોલ્યા, સ્વામિનારાયણને મારે ભવન રાખવા હતા. ૩૬.

ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું, જો રુચિ ન હોય, તો ભોજન કઈ રીતે થાય ? અને જો રુચિ વિના પરાણે ભોજન કરે તો ઊલટી થાય ત્યારે જ શાંતિ થાય છે. ૩૭. જેને વિશાળ બુદ્ધિ હોય તે માણસ થોડુંક ઝેર ભેળવેલા મહાઅમૂલ્ય ભોજનને ક્યારેય મુખથી ચાખતો નથી. ૩૮. ઘણા ભાવથી કોઈ આપે તો પણ બુદ્ધિમાન તેનો ત્યાગ કરી દે છે. મોટા જોગી પણ તેવા જ હોય છે. જો તેમાં લપટાઈ જાય, તો તે ભોગી કહેવાય. ૩૯. આટલી વાત કહીને બધા સંતો તો ચાલતા થયા. ગામના જે લોકો હતા, તેઓ તો આ ખરા-સાચા સંત છે, એમ સહુ કહેવા લાગ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'પાદરાના રાજાને લૌકિક સુખમાં દુઃખ બતાવીને શ્રીહરિ ગુપ્ત રીતે વડતાલ આવ્યા' એ નામે એકસઠમો તરંગ સમાપ્ત ॥૬૧॥



પૂર ચૌદમું : તરંગ - ૬૨

ઉમરેઠથી ચાલેલા શ્રીહરિ કઠલાલ થઈને ઊંટડિયા મહાદેવ આવ્યા

શ્રીહરિએ સંતોને કહ્યું, તેમાં રાજાનો જરાય વાંક નથી. માણસને કોઈ દ્વારા જેવી મતિ-સમજ મળે છે, તે પ્રમાણે તે કાયમ કરે છે. ૧. જેટલા સદ્‌બુદ્ધિવાળા રાજાઓ થયા છે, તે બધા સ્વાયંભુવ મનુની રીત દેખીને નીતિમાર્ગે ચાલ્યા છે. તેથી તેમણે બધી ભૂમિને જીતી લીધી હતી. ૨. અને જેટલા રાજાઓ સ્વાયંભુવ મનુની રીતને છોડીને ચાલ્યા છે, તેમની ક્યારેય જીત થતી નથી. કરોડો તોપો રાખી હોય તો પણ તેનાથી તે શું કરે ? ૩. શુભ નીતિ વિનાના તો મોટા મોટા રાજાઓ હોય તે પણ અંધ કહેવાય. તેઓ

તો સુકાની વગરના વહાણ જેવા છે. ૪. દિવેલ વિનાની મશાલ ક્યારેય બુઝાયા વિના રહે જ નહીં. શુભ નીતિ વિનાનો જે રાજા હોય તે તો દિવેલ વિનાની મશાલ જેવો છે. ૫.

સૂર્ય, ચંદ્ર અને તારા વિનાની રાત જેવી શોભે - અંધારી લાગે છે, તેમ શુભનીતિ વગરના રાજાઓ પણ રાતના જેવા જ કહેવાય છે. ૬. જે દેવ, દૈત્ય કે મનુષ્યો છે, તે બધામાં રાજસ અને તામસ ગુણ રહ્યા જ હોય છે, અને જેવા ગુણ હોય તેવી તેની (નિર્ણાયક) બુદ્ધિ હોય છે અને જેવી બુદ્ધિ હોય તેવી તેની મતિ-સમજણ હોય છે. ૭. અને જેવી તે મતિ-સમજણ હોય તેવા માર્ગે સહુ ચાલે છે અને જેવો માર્ગ પકડે છે, તેવું તેને સુખ પ્રાપ્ત થાય છે. જ્યારે પ્રથમ સત્યયુગ હતો, ત્યારે દેવ, દૈત્ય અને માનવની મતિ સત્ત્વગુણ પ્રધાન હતી. બધા જ લોકો શુભ માર્ગે ચાલતા હતા. ઘેર ઘેર કલ્પવૃક્ષ હતાં. સહુના સંકલ્પ સિદ્ધ થતા હતા. ૮-૯. તે સમયની નીતિ પણ કલ્પવૃક્ષના સમાન હતી. જે રાજા નીતિને છોડીને રાજ્ય કરે છે, તેનો વંશ જ ભ્રષ્ટ થઈ જાય છે. ૧૦.

શુદ્ધ સંતો અને શુદ્ધ વિપ્રોનું અતિ અપમાન કરવાથી, તે રાજાની શુભ મતિનો નાશ થઈ જાય છે. અને જ્યારે શુભમતિ નાશ થઈ જાય પછી તેને કોઈનો ડર રહેતો નહીં. ૧૧. પછી તે મનચાહે માર્ગે લોકોને ચલાવે છે. તેની તેને લેશમાત્ર પણ કાંઈ શંકા રહે નહીં. ઈશ્વર જ્યારે કોપ કરે છે, ત્યારે તરત જ તેની બુદ્ધિ ખુવાર થઈ જાય છે. ૧૨. પછી પોતે પોતાને વધારે નિપુણ-ડાહ્યો માનવા લાગે છે. જેમ મોર કળા કરે છે, ત્યારે આગળથી તો તે શોભે છે, પણ પાછળનો ભાગ ખુલ્લો થાય તે ઠીક લાગતું નથી. ૧૩. સચ્છાસ્ત્ર અને સાચા સંત વિનાના જે માણસ હોય છે, તે મોરની કળાની જેમ ખાલી ઉપલક દેખાવના જ હોય છે. ૧૪.

શ્રીહરિએ વડતાલમાં આટલી વાત કરી. ત્યાં બે દિવસ અને બે રાત રહ્યા. તે સમયે તીડ બહુ આવ્યા. આકાશ અને જમીન તીડોથી ઢંકાઈ ગયા હોય તેમ દેખાતું હતું. ૧૫. પાકેલું અનાજ હજી ખેતરમાં જ હતું. તૈયાર થઈ ગયું હતું, પણ તેના ઉપર તીડ બેઠા. તે બધા અનાજને ખાઈ ગયા.

એક કણ પણ બચ્યો નહીં. ૧૬. ઝાડ ઉપર જે પાંદડાં હતાં, તેને પણ એક પળવારમાં ખાઈ ગયા. પરમેશ્વરની અલ્પ એવી માયા પણ કોઈની કલ્પનામાં આવતી નથી. ૧૭. તીડોથી કોઈ ભૂભાગ બચ્યો નહીં. કોઈના ઘરમાં અનાજ રહ્યું નહીં. પૈસા આપવા છતાં ક્યાંય અનાજ મળતું નહીં. પછી શ્રીહરિ **વડતાલ**થી તરત ચાલતા થયા. ૧૮. શ્રીહરિ **ઉમરેઠ** આવ્યા. બધા હરિભક્તો સન્મુખ આવ્યા. ગામના બીજા લોકો પણ સામે આવ્યા. તેઓ અપાર ફૂલહાર લાવ્યા હતા. ૧૯. હૃદયમાં પ્રેમભાવ છવાયેલો હતો, તેથી બધાએ આવીને શ્રીહરિને હાર પહેરાવ્યા. વાજિંત્ર વગડાવીને પુરમાં પધરાવ્યા અને સુંદર ઉતારા અપાવ્યા. ૨૦.

ઉમરેઠના ખેડાવાળ વિપ્ર મોટા ધનવાન કહેવાતા હતા. તેમાં કેટલાક બાઈભાઈ સારા હરિભક્ત થયાં હતાં. ૨૧. **તે હરિભક્તોને શ્રીહરિના ઉપર અપાર પ્રેમભાવ હતો. તેઓ શ્રીહરિ કરતાં પોતાના ઘરબારને પણ અધિક રાખતા નહીં.** તેમણે ઘેર ઘેર સુંદર અને સરસ વિવિધ પ્રકારના થાળ કર્યા હતા. ૨૨. તેમણે શ્રીહરિને ઘેર ઘેર પધરાવ્યા અને ઘણા જ હેતથી થાળ જમાડ્યો. કટોરામાં કેસર-ચંદન ભરી ભરીને ઘનશ્યામ શ્રીહરિની પૂજા કરી. ૨૩. ફૂલના હાર પહેરાવીને હરખભેર કપૂરની આરતી ઉતારી. અગત્રાઈના પર્વતભાઈ શ્રીહરિની સાથે હતા. તેમના માટે શ્રીહરિ ગામમાં ઉમંગથી ફર્યા. ૨૪. દેશેદેશના હરિભક્તોને શ્રીહરિના ઉપર અપાર પ્રેમભાવ હતો. જગત્કર્તા શ્રીહરિ તે પ્રેમ પર્વતભાઈને બતાવી રહ્યા હતા. ૨૫.

ઉમરેઠમાં એક રાત રોકાઈને શ્રીહરિ ચાલતા થયા, ત્યારે દર્શનમાં લોભાયેલા બધા ભક્તો ગામ બહાર સુધી વળાવવા આવ્યા. ૨૬. ગામવાસી ભક્તો ગામથી અરધા કોશ સુધી સાથે ચાલ્યા. ભક્તોએ ખોબલા ભરી ભરીને શ્રીહરિ ઉપર ફૂલ વરસાવ્યા. ૨૭. હરિભક્તોને દર્શન દેવા માટે શ્રીહરિ એક સ્થળ ઉપર ઊભા રહ્યા. પછી શ્રીહરિએ તેમને પરાણે પાછા વાળ્યા. એટલું બધું તેમને શ્રીહરિમાં હેત હતું. ૨૮. તે વળાવવા આવેલા ભક્તો વિવિધ પ્રકારનું ટીમણ લાવ્યા હતા. તે પ્રેમથી શ્રીહરિને આપ્યું. પછી શ્રીહરિ ત્યાંથી

ડડુસર ગામ આવ્યા. ૨૯. ભક્તોને રાજી રાખવા શ્રીહરિ ત્યાં એક રાત રોકાયા. ભક્તોએ શ્રીહરિને ઘણા જ પ્રેમથી જમાડ્યા. સાથે રહેલા ભક્તોને પણ જમાડ્યા. પછી સવારે ત્યાંથી ચાલતા થયા. ૩૦.

ત્યાં એક **કઠલાલ** નામે ગામ છે. સુંદરશ્યામ શ્રીહરિ તે ગામમાં આવ્યા. ત્યાં હરિભક્તો ઘણા જ પ્રેમી હતા. તેમણે શ્રીહરિની ઘેર ઘેર પધરામણી કરી. ૩૧. સારાં સ્વાદુ મિષ્ટ ભોજન કરાવીને શ્રીહરિને જમાડ્યા. પછી શ્રીહરિ ત્યાંથી ચાલતા થયા. કઠલાલ ગામની બહાર નીકળ્યા. તે પછી અશ્વ ઉપર બેઠા. ૩૨. કઠલાલ ગામની હરિભક્ત એક લક્ષ્મીબાઈ તાંબાના ઘડામાં સુંદર પાણી ભરીને શ્રીહરિની પાછળ પાછળ ઉતાવળે પગલે દોડી આવી. ૩૩. તે 'હે નાથ ! ઊભા રહો..!!!' 'ઊભા રહો..!!!' એમ પોકાર કરતી આવતી હતી. તેના પોકારને પર્વતભાઈએ સાંભળ્યો અને પછી તેમણે શ્રીહરિને ઊભા રાખ્યા, ત્યારે તે બાઈ નજીક આવી. ૩૪.

चोपाई :

हरि कु कहे तुमारे चरना, घट में बोरी चरनामृत करना;
मेरे गाम के कूप में याकू, डारी हुँ चरनामृत हि ताकू...३५
पुरजन कु में करत हुँ बाता, सत्संग नहीं एक कराता;
कूप के नीर पिये जन जेहू, जमपुरि में एक जावे न तेहू...३६

તેણે શ્રીહરિને કહ્યું, મહારાજ ! આપનો ચરણ આ ઘડામાં બોળો, અને પાણીને પ્રસાદીનું-ચરણામૃત કરો. તે ચરણામૃત-જળને હું મારા ગામના કૂવામાં નાખીશ. ૩૫. ગામના લોકો આગળ હું સત્સંગની વાતો ઘણી કરું છું. છતાં એક પણ સત્સંગી થતા નથી. તેથી તે કૂવાનું પ્રસાદીનું પાણી જે મનુષ્ય પીએ તે કોઈ જમપુરીમાં જાશે નહીં. ૩૬. શ્રીહરિએ બાઈની હિંમત દેખી, તરત જ તેના ઉપર રાજી થયા અને ઘડાના પાણીને પ્રસાદી-ચરણામૃત કરી દીધું. પછી તે બાઈ હરખભેર ચાલતી થઈ. ૩૭. આ ઘટના જોઈને પર્વતભાઈને ઘણું જ આશ્ચર્ય થયું. તેથી તે પરમ ઉદાર ભાવનાથી તે બાઈના વારંવાર વખાણ કરતા હતા. ૩૮.

પછી ત્યાંથી શ્રીહરિ **આંતરોલી** ગામ આવ્યા અને વાત્રક નદીને કાંઠે ઊંટડિયા(ઉત્કંઠેશ્વર) મહાદેવનાં દર્શન કરવા આવ્યા. ૩૯. શ્રીહરિ સ્વયં દેવાધિદેવ છે. છતાં તેમણે ઉત્કંઠેશ્વર મહાદેવના દર્શન કર્યા. પોતાના અંગ ઉપર જે વસ્ત્ર પહેર્યાં હતા, તે બધાં ઉતારીને તરત પૂજારીને આપી દીધાં. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'ઉમરેઠથી ચાલેલા શ્રીહરિ કઠલાલ થઈને ઊંટડિયા મહાદેવ આવ્યા' એ નામે બાસઠમો તરંગ સમાપ્ત ॥૬૨॥



પૂર ચૌદમું : તરંગ - ૬૩

દંઢાવ્ય પ્રદેશમાં (ઉત્તર ગુજરાત) ફરીને શ્રીહરિ મોટેરા આવ્યા

ઊંટડિયા(ઉત્કંઠેશ્વર) મહાદેવના પૂજારીને વસ્ત્ર આપ્યાં. પછી ફરીને કૃપાનિધાન ભગવાન શ્રીહરિએ એક મૂઠી ભરીને રૂપિયા આપ્યા અને પછી ત્યાંથી ચાલતા થયા. ૧. ત્યાંથી **લવાડ** ગામ આવ્યા. અત્યંત પ્રસન્ન મનથી ત્યાંના બધા હરિભક્તોને રાજી થઈને દર્શન દીધાં. ૨. ત્યાંથી ચાલેલા સુખધામ શ્રીહરિકૃષ્ણ પ્રભુ **સલકી** ગામ આવ્યા અને કૃપા કરીને હરિભક્તોને દર્શન દીધાં. ૩. શ્રીહરિ સલકી ગામથી નીકળીને **પ્રાંતિજ** ગામ આવ્યા અને ત્યાંના બધા હરિભક્તોને દર્શન દીધાં. ૪. પછી સુંદર શ્યામ ઘનશ્યામ સુખધામ શ્રીહરિ પ્રાંતિજથી ચાલતા થયા, તે **વિજાપુર** ગામ આવ્યા. સહુ હરિભક્તોને દર્શન દીધાં, તેમણે અલૌકિક લાભ લીધો. ૫.

જગદ્વંદ્ય અને સુખકંદ એવા શ્રીહરિ ત્યાંથી ચાલ્યા, તે **ગેરિતા** ગામ આવ્યા. ત્યાં જેટલા હરિભક્તો હતા, તે બધા ઉપર દયા કરીને તેમને દર્શન દીધાં. ૬. પછી ત્યાંથી આગળ ચાલીને શ્રીહરિ વીસનગર આવ્યા. સમાચાર સાંભળીને બધા હરિભક્તો શ્રીહરિની સન્મુખ ગામ બહાર આવ્યા. સહુ ફૂલહાર લાવ્યા હતા, તે શ્રીહરિને ઘણા જ પ્યારથી પહેરાવ્યા. ૭. દર્શન કરીને બધા હરિભક્તો ખૂબ જ ખુશ થયા. અને શ્રીહરિને ગામમાં લઈને સહુ ચાલ્યા. ત્યારે ડંકા, નિશાન, રણશિંગી વગેરે ઉમંગથી સન્મુખ આવ્યા. ૮.

ઢોલ, ત્રાંસા, ઈત્યાદિ ઘણાં વાજિંત્રો વાગવા લાગ્યાં. તેનાથી આકાશ પણ ગાજવા લાગ્યું. ગામમાં રહેતા બધાં જ નરનારીઓ આવીને બજારમાં ઊભા થઈ રહ્યાં. ૯. સહુએ હાથમાં ફૂલના હાર લીધેલા હતા. તે શ્રીહરિને પહેરાવતા હતા. બજારો ચિત્રવિચિત્ર રીતે શણગારી હતી અને રંગભીના શ્રીહરિ અશ્વ ઉપર બેઠા હતા. ૧૦.

અશ્વની શોભા અદ્‌ભુત હતી. માનો દેહધારી વિમાન હોય કે ગરુડ હોય, એવું લાગતું હતું. સંધ્યા સમય થવા આવ્યો, ત્યારે મશાલો બહુ પ્રકટાવી હતી. ૧૧. ધર્મકુમાર શ્રીહરિએ અંગ ઉપર તેજસ્વી સોનેરી વસ્ત્ર પહેર્યા હતાં અને સોનાનાં સુંદર આભૂષણો પણ ધાર્યાં હતાં. તેની શોભા મુખથી કહી શકાતી નથી. ૧૨. શ્રીહરિની આગળ હાથમાં સોનાની છડી લઈને છડીદાર ચાલતા હતા અને ‘અનાથોના નાથની જય હો...!! જય હો...!!!’ એ રીતે જય જય શબ્દને પોકારતા હતા. ૧૩. લોકો હાથ જોડીને માથું નમાવતા હતા અને હેતથી દર્શન કરતા હતા. પછી નાગર હરિભક્તને ઘેર શ્રીહરિએ પ્રેમથી ઉતારો કર્યો. ૧૪.

વિદ્વાન વિપ્રો આવીને પગે લાગતા હતા. તેમણે હાથ જોડી, માથું નમાવીને શ્રીહરિને વિનયના શબ્દ કહ્યા. ૧૫. અહીંના(અમદાવાદના) રાજાના દીવાને(સૂબાએ) કુબુદ્ધિવાળા લોકોના કહેવાથી યજ્ઞનું જે અપમાન કર્યું, તે માનો તેણે પોતાનું જ અપમાન કર્યું હતું. ૧૬. જે વરસે રાજાના દીવાને યજ્ઞનું અપમાન કર્યું, તે વરસમાં ઘણો દુઃખકારી અને ભયંકર કેતુ આકાશમાં પ્રકટ્યો હતો. ૧૭. બીજે વરસે તીડ આવ્યા. જેટલું અન્ન થયું તે બધું ખાઈ ગયા. હવે આગળ જે અનર્થ થાશે તે સહુને પ્રત્યક્ષ દેખાશે. ૧૮. રુદ્રના કોપ જેવો બીજો કોઈ કોપ નહીં. તે તો જોરદાર પ્રલયકાળ દેખાડી દેશે. હે પ્રભુ ! રુદ્રને શાંતિ થાય, તેવો ઉપાય તો આપ જાણો છો. ૧૯. આપ એક જ ગાય, બ્રાહ્મણ અને સંતોના નાથ છો, રક્ષક છો.

ત્યારે શ્રીહરિએ તે વિપ્રોને કહ્યું, ધાર્યું તો બધું પરમેશ્વરનું જ થાય છે. ૨૦. જગતમાં જ્યારે અધર્મી લોકો વધારે પડતા આગળ આવે છે, ત્યારે પરમેશ્વર તેમનો પ્રલય કરે જ છે. અત્યંત અધર્મ જ્યારે વધે છે, ત્યારે તેને

પરમેશ્વર સહન કરતા નથી. હું તમારી આગળ કોઈ મિથ્યા વાત નથી કહેતો. ૨૧. આમ કહ્યા પછી શ્રીહરિએ પુષ્કળ ઘી નાખીને સાકરના લાડુ કરાવ્યા અને જે દીન વિપ્રો હતા, તેમને સારી રીતે જમાડ્યા. ૨૨. તે પછી અંતર્યામી પ્રભુ શ્રીસહજાનંદસ્વામી શ્રીહરિ **ઊંઝા** પુર આવ્યા. ત્યાં બધા હરિભક્તોને દર્શન દીધાં. હરિભક્તોએ શ્રીહરિને થાળ જમાડીને રાજી કર્યા. ૨૩. ત્યાંથી શ્રીહરિ પાછા ફર્યા અને **મેઉ** ગામ આવ્યા. હરિભક્તોને દર્શન દીધાં. સૌને પ્રેમથી બોલાવીને કૃતાર્થ કર્યા. ૨૪. ભક્તજનોને માટે શાંતિના આશ્રય એવા શ્રીહરિ મેઉથી ચાલ્યા, તે **કરજીસણ** ગામ આવ્યા. ૨૫.

કરજીસણમાં નાનાભાઈ વિપ્રને ઘેર રહ્યા. તેમણે ઘણા જ ભાવથી ખેતરમાં એક કૂવો કરાવ્યો. ૨૬. જ્યારે તેનો કૂવો પૂરો તૈયાર થઈ ગયો, ત્યારે શ્રીહરિ કરજીસણ ગામથી નીકળ્યા અને **વડું** ગામ આવ્યા. ત્યાંના બધા હરિભક્તોએ શ્રીહરિનાં દર્શન કર્યાં. ૨૭. વડુથી શ્રીહરિ **ઓળા** ગામ આવ્યા. હરિભક્તોએ રસોઈ તૈયાર કરાવી, તેને શ્રીહરિ જમ્યા. ભક્તોના હિત માટે શ્રીહરિ ઓળામાં રાત રોકાયા. ૨૮. પછી ત્યાંથી **અડાલજ** થઈને **મોટેરા** ગામ આવ્યા. શ્રીનગરમાં સમાચાર કહેવડાવ્યા. તેથી શ્રીનગરના બાઈભાઈ બધા જ હરિભક્તો શ્રીહરિનાં દર્શન કરવા મોટેરા આવ્યાં હતાં. ૨૯. બધા ભક્તો ફૂલહાર અને મેવા લાવ્યાં હતાં. તેમણે હાર પહેરાવીને મેવા આગળ ધરાવ્યા. ઠામ ભરી ભરીને મીઠાઈ પણ લાવ્યા હતા, તેને શ્રીઘનશ્યામ પ્રભુ જમતા. ૩૦. મેવા મીઠાઈઓને પોતે જમતા અને સાથે રહેલા ભક્તોને પણ ઘણા હેતથી જમાડતા હતા. સભામાં હરિભક્તો કીર્તન ગાતા હતા અને તે કીર્તનગાન પછી શ્રીહરિ પોતે સત્સંગની વાતો કરતા કે, ૩૧.

❋ સત્સંગ નિમિત્તે દુઃખ આવે તો સહન કરવું.

चोपाई :

सत्संग रखना दृढ करीके, एसो समय न आव हि फरीके;
सत्संग हित आवे कष्ट हि जेहा, धन्यभाग्य हि मानना तेहा...३२
भाग्य होय तेहि सत्संग हिता, वेर वेर कष्ट आवे तिता;
जीतने जन कष्ट सह हि जेहु, तिनसे कोटि अधिक हरि तेहु...३३

सुख देव हि अलोकिक भारी, यामें जुठ नहि तील लगारी;
आगे हरि हित सहे कष्ट जितने, ग्रंथ में ताकि मोटप हे कितने...३४

સત્સંગ દૃઢ કરીને રાખવો. આવો અવસર ફરીને નહિ મળે. સત્સંગ રાખતાં કદાચ કોઈ કષ્ટ આવી પડે, તો તેમાં પણ પોતાનું ધન્યભાગ્ય માનવું. ૩૨. જેનું સદ્ભાગ્ય હોય તેને સત્સંગને નિમિત્તે વારંવાર કષ્ટ આવે. સત્સંગ માટે જેટલું કષ્ટ સહન કર્યું હોય, તેનાથી કરોડગણું વધારે અલૌકિક સુખ ભગવાન તે ભક્તને આપે છે. તેમાં લગાર પણ ખોટું નથી. પૂર્વે ભગવાનને માટે જેણે જેણે જેટલું દુઃખ સહન કર્યું હતું, તેની મોટાઈ પુરાણ આદિ ગ્રંથોમાં કહી છે. ૩૩-૩૪. જે મનુષ્ય ભગવાનનું ભજન નથી કરતો, તેનું નામ જગતમાં કોઈ જાણતું નથી. જે ભગવાનને શરણે ન થયો હોય તેવો રાજા હોય તો પણ તેનાથી શું વળ્યું ? ૩૫. તેવા રાજાની મોટપ તો છજા ઉપર ઊગેલા ઘાસ જેવી છે. મેરુપર્વત જેવડો દારૂખાનાનો ઢગલો હોય, પણ સહેજ અગ્નિ અડે, કે તરત તેનો નાશ થઈ જાય છે. ૩૬.

એક તલભાર આગના જોગથી દારૂનો એક કણ પણ બચે નહીં. દારૂનો અપાર પહાડ હોય, તો પણ આગથી એક ક્ષણ વારમાં તે ઊડી જાય છે. ૩૭. પણ આગના જોગથી સોનું અધિક શોભાને પામે છે, તેમ **સત્સંગના જોગથી હરિભક્તની મોટપ પણ વધે છે. ૩૮. મનુષ્યનું શરીર મળ્યા પછી પણ જે ભગવાનનું શરણ લેતો નથી, તેને તો ભૂંડ, કૂતરા કે ગધેડા જેવા પશુને તુલ્ય જ કહેવાય છે. ૩૯. જેણે ભગવાનનું શરણ લીધું હોય, તે જ ખરેખર મનુષ્ય કહેવાય છે. ભગવાનના શરણના પ્રતાપથી તેનો વર્ણ અને આશ્રમ બંને શુભ કહેવાય છે. ૪૦.**

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'ઊંટડિયા મહાદેવ પછી દંઢાવ્ય દેશમાં ફરીને શ્રીહરિ મોટેરા આવ્યા' એ નામે ત્રેંસઠમો તરંગ સમાપ્ત ॥૬૩॥



પૂર ચૌદમું : તરંગ - ૬૪

મોટેરામાં મુમુક્ષુનું કર્તવ્ય કહ્યું અને પછી શ્રીનગરમાં આવ્યા

કોટેશ્વર ગામનો એક ઝવેરભાઈ નામે બાળક ઘણો સરળ અને ભોળા સ્વભાવનો હતો. પ્રત્યક્ષ ભગવાન મળે એટલા માટે તે કોઈ કહે તેમ કરતો હતો. ૧. અણસમજણમાં તે કોઈ મંદિરના શિખર ઉપર ચઢ્યો અને શિખર ઉપરથી કૂદીને તેણે પોતાના શરીરને જમીન ઉપર પટકી દીધું. ત્યારે માનો, તેને કોઈએ અદ્ધરથી જ પકડી લીધો. ૨. શ્રીસહજાનંદસ્વામી જો નિશ્ચય ભગવાન હોય તેમજ અંતર્યામી હોય, તો તેઓ આવીને મને જરૂર બચાવી લેશે. ૩. આવો સંકલ્પ તેણે મનમાં કર્યો હતો. શ્રીહરિએ તો તેને બાળબુદ્ધિ માનીને અદ્ધરથી જ બચાવી લીધો હતો. તેથી તે માણસ શ્રીહરિનાં દર્શન કરવા ત્યાં મોટેરા આવ્યો. ૪. શ્રીહરિને તે દેખાયો ત્યારે તેને સત્સંગના વ્રતમાન-નિયમ ધરાવ્યાં અને વાત કહી. શ્રીહરિએ કહ્યું, અમારા આશ્રિત જે હરિભક્ત હોય, તેમણે કોઈ વિમુખ મનુષ્ય કહે તેમ તરત કરવા લાગી જવું નહીં. અમારાં આ વચનને મનમાં ધારી રાખવું.

જે લોકો અજ્ઞાની હોય અને અધર્મી હોય, તેઓ કોઈની સત્ય વાતને પણ માનતા નથી. ૫-૬. વિમુખ કહે, ઝેર ખાઓ, સાપને કે સિંહને પકડો કાં કૂવામાં દોડીને પડો. ૭. ભૈરવ જપ ખાઓ, કાં તો ગળામાં ફાંસો નાખીને લટકો, કાં સળગતી આગમાં પેસો, વગેરે વગેરે આવું અનેક પ્રકારનું કરી બતાવવાનું કહે, ૮. અને એમ કરીને જો તમે એ બધામાંથી બચી જાઓ તો અમે તરત જ સત્સંગ સ્વીકારીએ. એમ કહેતા હોય છે, પણ એવાને સત્સંગ નહીં થાય તો ચાલશે. આપણે તો આપણું કામ કરી લેવું. ૯. જેટલા કુસંગી કહેવાય છે, તેનો ક્યારેય વિશ્વાસ કરવો નહીં. જેની બોલી જ વિપરીત હોય છે, તે ક્યારેય સત્સંગી થાય નહીં. ૧૦.

અમે કેટલાએ પ્રકારની સમાધિ વારંવાર કરી બતાવી, જે સમાધિને માટે યોગીઓ કેટલોએ યોગ સાધતા હતા. ૧૧. પ્રાણાયામ કરીને મરી જાય છતાં ક્યારેય સમાધિ ન થાય એવી સમાધિ અમે સત્સંગમાં સહજ કરાવતા. ૧૨.

પરંતુ જે સહેજે થતું હોય તેનું લોકો જરાય માહાત્મ્ય જાણતા નથી. ઉલ્ટાના અજ્ઞાની લોકો તો તે સમાધિ વગેરેને ઇંદ્રજાળ જાણે છે. ૧૩. **જ્યારે જ્યારે ભગવાનના અવતાર થયા છે, ત્યારે ત્યારે ભણેલા એક પણ હરિભક્ત થયા નથી. તે તમે વિચારી જુઓને ! ૧૪.** જેટલા ભણેલા હોય, વિપ્ર હોય કાં તો કોઈ ભેખધારી હોય, તેઓ જે સન્માર્ગે ચાલે છે, તેને વિઘ્ન કરે છે. ૧૫. પ્રકટ ભગવાનના જ્ઞાન વિનાના શાસ્ત્ર ભણેલા જેટલા હોય છે, તે ભગવાનને ઓળખી શકતા નથી. કારણ કે તેમની બુદ્ધિ શબ્દજાળમાં આંધળી થઈ ગઈ હોય છે. ૧૬.

चोपाई :

मोक्ष भागी भगवान के जेता, निष्कपट भक्त रहे जो तेता;
ताकु ग्रंथ के शब्द हि जेते, सुलट देखे में आवत तेते...१७
मोक्षभागी विन जन जो जेहा, कुटिल अंतर अति रहे तेहा;
ताकु ग्रंथ के शब्द जितना, सुलट सो उलट भाषत तितना...१८

ભગવાનના જેટલા મોક્ષભાગી નિષ્કપટ ભક્ત હોય છે, તેમને જ શાસ્ત્રોના અર્થ સવળા સમજાય છે. ૧૭. મોક્ષભાગી સિવાયના જે અત્યંત કુટિલ સ્વભાવના હોય છે, તેમને શાસ્ત્રોના શબ્દોના અર્થ સરળ અને સવળા હોય છે, તે પણ અવળા ભાસે છે. ૧૮. **જ્યારે ભગવાન પ્રકટ થાય છે, ત્યારે જીવને સુલટ-સવળો માર્ગ બતાવે છે.** વૈદ્યકના સાચા જ્ઞાન વગરના કરોડો વૈદ્યો ભેળા મળીને મોટી મોટી વાતો કરે, તો તેનાથી શું થાય ? ૧૯. નાડીનું જ્ઞાન જેને ન હોય, એવા વૈદ્યે આપેલું ઔષધ રોગીને લાભ કરે નહીં. આપણે માટે તો જે ભગવાન સંસારના અસાધ્ય રોગોને પણ મટાડી દે છે, તે ભગવાનના જેવા કોઈ મોટા વૈદ્ય નથી. ૨૦.

જન્મમરણ, જમપુરી અને લખચોરાશી તેમજ જે યથાર્થ મોક્ષનો માર્ગ છે, તેને દેખવા છતાં જેના માન્યામાં ન આવે, ૨૧. તેના સમાન બીજો કોઈ અસાધ્ય રોગ નથી. તે અસાધ્ય રોગને સત્પુરુષો મટાડી દે છે. જો પૂર્વના ઘણાં પુણ્ય ન હોય તો જીવ સત્પુરુષમાં ચોંટે નહિ અર્થાત્ જીવને સત્પુરુષ ગમે નહીં. ૨૨. સત્પુરુષ લોહચુંબક જેવા છે અને કેટલાક જીવ લોહ(લોઢા)

જેવા છે. તે જીવ જ્યારે સત્પુરુષની સમીપે જાય અને તેમનાં અમૃતના સમાન વચન સાંભળે, ૨૩. ત્યારે તે જીવ સત્પુરુષમાં ચોંટી જાય છે. પછી કરોડો વાતથી પણ તે સત્પુરુષને છોડતો નથી. જીવમાં જેમ કારણ શરીર ચોંટીને રહ્યું છે, તેમ જીવ સત્પુરુષમાં ચોંટી જાય છે. ૨૪.

✵ કારણશરીર વિષે :

दोहा : सत्संग के जोग कर, कारन तन के नाश;
हो जावत नहि संदेह हि, बोले युं अविनाश...२५
कारन तन को नाश हि, जितनो होवत जेह;
तितनो चोटत हरि बात में, प्रगट देखना तेह...२६

સત્સંગના યોગથી તે કારણ શરીરનો તો નાશ થઈ જાય છે. તેમાં કોઈ સંદેહ નથી. આવી વાત અવિનાશી શ્રીહરિએ કહી. ૨૫. વળી, શ્રીહરિ કહે, જેટલો કારણ શરીરનો નાશ થાય છે, તેટલો જીવ ભગવાનની વાતમાં ચોંટે છે, તે સહુએ પ્રત્યક્ષ અનુભવવું. ૨૬.

सोरठा : निंद आलस प्रमाद, जितो रहत हरि बात महिं;
वात हि रखना याद, तितनो कारन रहे तेउ...२७
हरिजन हरि के संत, हरि में जितनो हित रहेउ;
कारन तितनो कहंत, नाश भये सो देख लेहु...२८

ભગવાનની વાત કહેવામાં કે સાંભળવામાં જેટલી નિદ્રા, આળસ અને પ્રમાદ રહે છે, તેટલું કારણશરીર હજી રહ્યું છે, એ વાતને યાદ રાખવી. ૨૭. ભગવાનમાં, સંતોમાં અને હરિભક્તોમાં જેટલું વધારે હેત રહે છે, તેટલો કારણ શરીરનો નાશ થયો કહેવાય. તે તપાસતા રહેવું. ૨૮.

हरि हरिजन हरि संत से जेता, मन सो एकरस मिलत न तेता;
कारन तन के भाग हि जेहा, तितनो सो जानना तेहा...२९

ભગવાનમાં, સંતોમાં અને હરિભક્તોમાં પોતાનું મન એકરસ થઈને જેટલું મળી ન જાય તેટલો કારણ શરીરનો ભાગ જાણવો. ૨૯. પોતપોતાની સમજણ પ્રમાણે સહુ પોતાને સિદ્ધ થયા હોય તેમ માને છે, પણ કસ્તૂરી અને લસણની ગંધની જેમ સિદ્ધપણું છુપાવ્યું છુપાતું નથી. ૩૦.

સત્સંગમાં જેટલું દુઃખ પડે તેટલું પોતાનું સદ્ભાગ્ય માનવું. જીવન પર્યંત સત્સંગમાં આનંદથી રહે તેને સિદ્ધ જાણવો. અને તે વિનાનું સિદ્ધપણું છળયુક્ત જાણવું. ૩૧. જ્યાં સુધી સાધુના દોષ લે છે, જુએ છે ત્યાં સુધી તે જોનારાની બુદ્ધિ લસણના જેવી દુર્ગંધપૂર્ણ રહે છે. શાસ્ત્રમાં જેને જે નિયમ પાળવાના કહ્યા હોય, તે નિયમોમાં પ્રેમથી વર્તે તે જ હરિભક્ત કહેવાય છે. નિયમોને ન પાળે તો તેને હરિભક્ત કહેવાય નહીં. કોઈ સહુથી વધારે નિયમોને પાળે પણ જો તેને પ્રકટ ભગવાનનો નિશ્ચય ન હોય, તો ભલે તે અપાર સેવા કરતો હોય, તોપણ તેને ક્યારેય હરિભક્ત કહેવાય નહીં. જ્યાં સુધી ભગવાનનાં સ્વરૂપનો યથાર્થ નિશ્ચય ન થયો હોય ત્યાં સુધી તે ભક્ત વગર દોષે દોષિત કહેવાય છે. ૩૨-૩૪. ભગવાનનાં સ્વરૂપનો નિશ્ચય તે જીવ છે. તે સિવાયનું બીજું તો શરીર કહેવાય અને શરીરમાં જેટલા દોષ હોય તેટલી જીવરૂપ નિશ્ચયમાં ન્યૂનતા કહેવાય છે. ૩૫.

શ્રીહરિએ આવી તો ઘણી વાતો કહી. તેને પૂરેપૂરી કહેતાં આવડતું નથી. મોટેરામાં એક રાત રોકાઈને **શ્રીનગર(અમદાવાદ)** આવ્યા. ૩૬. પ્રાણનાથ શુક્લને ઘેર ઊતર્યા. પ્રાણનાથ એટલા પ્રસિદ્ધ અને પ્રતિષ્ઠિત મોટા માણસ હતા કે, તેને કોઈ રાજા પણ કાંઈ કહી શકે નહીં. ૩૭. કોઈએ જઈને દીવાનને(સુબાને) કહ્યું, જે સ્વામિનારાયણ કહેવાય છે, તે પોતે અહીં આવ્યા છે. ૩૮. તેઓ પ્રાણનાથ શુક્લને ઘેર છે. તેમની સાથે કોઈ સાધુ નથી. અત્યારે પૂછવાનો લાગ છે. ૩૯. તેમની જ્ઞાતિ કઈ છે ? લોકો તો જેવું સાંભળે તેવું બોલે. તેનો કાંઈ નિશ્ચય થઈ શકતો નથી. કહ્યા સિવાય કાંઈ ખબર પડે નહીં. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'મોટેરામાં મુમુક્ષુ જીવનું કર્તવ્ય કહ્યું અને પછી શ્રીનગર આવ્યા' એ નામે ચોસઠમો તરંગ સમાપ્ત ॥૬૪॥



પૂર ચૌદમું : તરંગ - ૬૫

ભદ્રમાં શ્રીહરિની કપટભરી પધરામણી

અમદાવાદમાં પ્રાણનાથ શુક્લને ત્યાંના સૂબા(દીવાન)એ પોતાની પાસે બોલાવ્યા. પછી તેમને હાથ જોડીને કહ્યું. ૧. તમે સ્વામિનારાયણને ભદ્રની કચેરીમાં બોલાવી લાવો. ત્યાં અમારા પંડિત તેમને અમુક બાબત પૂછશે. ૨. તેઓ કયો ગ્રંથ ભણ્યા છે ? તે ગ્રંથને આધારે કયો મત છે ? તેમના ગુરુ કોણ છે ? અને ઉપાસ્ય દેવ પણ કોણ છે ? ૩. તેમનો જન્મ કયા દેશ અને કઈ જ્ઞાતિમાં થયો છે ? તેમની બાબતમાં કોઈને કાંઈ ખબર પડતી નથી. અથવા તો ઉપર કહ્યું તે બાબતે નિશ્ચય કરીને તમે અમને કહો. ૪. ત્યારે પ્રાણનાથ શુક્લે કહ્યું, ભેખધારીઓ તો અપાર છે. ગણવા બેસીએ તોપણ તેનો પાર આવતો નથી. કેટલાક રામાનંદાચાર્યના અનુયાયી છે, તો કોઈ રામાનુજ આચાર્યના છે. નિંબાર્ક, વિષ્ણુ સ્વામી, ૫. મધ્વાચાર્ય, રાધાવલ્લભીય, આ બધા મુખ્ય આચાર્યોના પ્રવર્તાવેલા સંપ્રદાયમાંથી બીજા અપાર ફાંટાઓ પણ ઘણા જ છે. ૬.

કબીર તો જાતિથી યવન(મુસલમાન) કહેવાય છે, તે વાત જગજાહેર છે, સૌ જાણે છે. દાદુ પંથના દાદુજી પણ યવન જાતિના હતા, તે વાત બધે પ્રસિદ્ધ જ છે. ૭. તેનાં મતમાં જે હિંદુઓ છે, તે બધા ભેળા મળીને ખાય છે. પીરાણાની જે જગ્યા છે, તે પણ પ્રસિદ્ધ રીતે યવનની દેખાય છે. ૮. અઢાર નાતના લોકો ભેળા મળીને ખાય છે. હિંદુ થઈને ઘોર-કબરને માને છે. તેનો કોઈને અણગમો થાતો નથી. ૯. જે બીજ-માર્ગીઓ છે, તે બધા કુંડાપંથી જ છે. તેઓ પોતપોતાના મતના લોકો ભેળા મળીને ખાય છે. ૧૦.

કેટલાક મત તો એવા ખુલ્લા છે કે, જેમાં મા-બહેનના સમાગમ જેવા પ્રસિદ્ધ અધર્મ અખંડ ચાલે છે. જાહેરમાં દારૂ, માંસ અને વ્યભિચારને આચરતા હોય છે. ૧૧. એવા પાપ અત્યંત પ્રસિદ્ધ છે, છતાં તેની અરુચિ કોઈને થાતી નથી. એવા એક મત પણ નિર્દોષ નથી. જે ખરા વિવેકી સજ્જનો છે, તે બધું જાણે જ છે. ૧૨. સહજાનંદસ્વામી તો અત્યારે સૂર્યનાં રૂપમાં પ્રકટ્યા છે. જે

મતમાં જેટલા દોષ છે, તે બધાને સહજાનંદરૂપ સૂર્યે બતાવી દીધા છે. ૧૩. કોઈ કરોડો ઉપાય કરે, તોયે સહજાનંદરૂપ સૂર્ય છુપાવ્યો છુપાશે નહીં. અને તે સૂર્ય જો અસ્ત થઈ જાય, તો પાછળ તો અધર્મનું રાજ્ય રહે. ૧૪. માંસ ખાય, દારૂ પીએ, વ્યભિચાર કરે, વર્ણ કે આશ્રમના કોઈ નિયમ નહિ, બધું એકાકારે વર્તે તેને સત્પુરુષો અધર્મ કહે છે. ૧૫.

જેટલી ન કરવા યોગ્ય બાબતો હોય તેના નિયમો સત્પુરુષોએ બાંધ્યા છે. તેનો જે ભંગ કરવો તેને અધર્મ કહેવાય. ૧૬. **સત્પુરુષોએ જે વર્તનનો નિષેધ કર્યો છે, છતાં પણ જે લોકો તેમાં મમત્વ રાખીને તે કરે છે, તેનું નામ અધર્મ કહેવાય છે અને જે તેવો અધર્મ કરે છે, તેઓ સુખી રહી શકતા નથી.** ૧૭. તે અધર્મ કર્યાનો મનમાં ઉદ્વેગ રહે છે. જીવનું ધાર્યું તો કાંઈ થાતું નથી. અનેક બ્રહ્માંડોના જીવોનાં નાડીપ્રાણ તો સત્પુરુષના હાથમાં છે. તેમની આગળ બીજા બધા તો અનાથ છે. જ્યાં સુધી તે સત્પુરુષ જિવાડે છે, ત્યાં સુધી જીવ મોજ-મજા કરે છે. ૧૮-૧૯. **સત્પુરુષની આગળ બધો જનસમાજ તો બાળક જેવો ગણાય છે. કોઈ બાળક, રોગી અને ચિત્તભ્રમ મનુષ્ય આડી અવળી જે કાંઈ ક્રિયા કરે છે, તેને જે મોટા સમજુ મનુષ્ય હોય છે, તે તેના તે અપરાધને માફ કરી દે છે. મોટા સત્પુરુષ તો એવું સહન કરે છે કે, તેની બીજા કોઈને તો ખબર જ પડતી નથી. ૨૦-૨૧.**

સત્પુરુષ તો આકાશના જેવા હોય છે. તેઓ પળવારમાં કોઈનો વિનાશ કરી દેતા નથી અને પરમેશ્વર તો માણસ કરોડો અપરાધ કરે ત્યાં સુધી તેને માફ કરી દે છે. ૨૨. તેઓ માફ કરે છે એ જ તેમની મોટાઈ છે, પણ વધારે પડતા અપરાધને પરમેશ્વર સહન કરતા નથી. શિશુપાળે સભામાં શ્રીકૃષ્ણ ભગવાનની સામે દેખીને, ૨૩. પડકાર કરીને એક સો જેટલી ગાળો દીધી. ત્યાં સુધી તો સુખકારી શ્રીકૃષ્ણ ભગવાને સહન કર્યું, પણ તે જ્યારે વધારે ગાળો દેવા લાગ્યો ત્યારે તે શ્રીકૃષ્ણનું સુદર્શન ચક્ર તેને સહન કરી શક્યું નહીં. તે અત્યંત વેગથી ધસી આવ્યું અને તરત જ શિશુપાળનો શિરચ્છેદ કરી દીધો. ૨૪-૨૫. **સત્પુરુષનું વચન જ દુર્જન-અસત્પુરુષ માટે સુદર્શન ચક્ર છે, જે બીજા કોઈને દેખાતું નથી. ૨૬.**

❋ પોતાનું માન વધવા-ઘટવાના કારણો :

सोरठा : सन्मान करत जेतो, सत्पुरुष जो ताहीको;
जो जो जन हि तेतो, अपार करत सन्मान तेहि...२७
जेतो करत अपमान, सत्पुरुष कु देखकर;
तेतो घटत हि मान, इंद्र ब्रह्मा सम होय तोउ...२८

જે મનુષ્ય સત્પુરુષનું જેટલું સન્માન કરે છે, તેટલું તે પુરુષ લોકમાં સન્માન પામે છે. ૨૭. અને સત્પુરુષને દેખીને કોઈ તેનું જેટલું અપમાન કરે છે, તો તે અપમાન કરનારો ઈંદ્ર કે બ્રહ્માના જેવો હોય તો પણ તેનું માન ઘટી જાય છે. ૨૮. પ્રાણનાથ શુક્લે તે દીવાન(સૂબા) ને આટલાં વચન કહ્યાં, પણ તે કાંઈ પણ બોલ્યા નહીં. પછી શુક્લ તો પોતાને ઘેર જ્યારે પાછા આવ્યા, ત્યારે દીવાને તેમની પાછળ એક ખેપિયો ચોપદાર તેમને ઘેર મોકલ્યો. ચોપદારે આવીને શુક્લને કહ્યું, જે સ્વામિનારાયણ છે તેમને તમે ભદ્રમાં બોલાવીને લઈ આવો. દીવાનની એવી ઈચ્છા છે. ત્યારે શ્રીહરિ બોલ્યા, ચાલો, અમે અત્યારે જ આવીએ છીએ. ૨૯-૩૧.

આવું કહીને શ્રીહરિએ તૈયારી કરી. તે સમયે બધા હરિભક્તો પણ આવી ગયા. શ્રીહરિની સાથે જે પાર્ષદો હતા, તે બધાને મોટેરા ગામથી જ જેતલપુર મોકલી દીધા હતા. શ્રીહરિની પાસે તો એક પાર્ષદ પણ રહ્યો ન હતો. તે સમયે ત્યાં જેમાં દેવાનંદસ્વામી દંડી મુખ્ય હતા એવા ચાર સંન્યાસી જ હાજર હતા. ૩૨-૩૩. શ્રીહરિએ તે ચાર સંન્યાસીઓને સાથે લીધા અને ચાલતા થયા. એક પહોર(૩ કલાક) રાત વીતી ચૂકી હતી. શહેરના કોઈ હરિભક્તને આ અંગે કાંઈ ખબર જ ન હતી. ૩૪. સરકાર તરફથી સન્મુખ મશાલો મોકલવામાં આવી હતી. હરિભક્તો કીર્તન ગાતા હતા. આવી રીતે શ્રીહરિ ભદ્રમાં આવ્યા. ૩૫. જે દીવાન કહેવાતો હતો, તે સભાથી ઘણે દૂર બેઠો હતો. તેણે કોઈ જાણે નહિ તે રીતે કુડ-કપટ બતાવી દીધું હતું. ૩૬.

જૂના સમયના જે તેલના ટાંકાં હતાં, તેનાં મોઢા ઉપર સુંદર બિછાના રાખીને ત્યાં સુંદર આસન ગોઠવ્યું હતું. ૩૭. જે બ્રાહ્મણ પંડિત હતો, તે શ્રીહરિનો હાથ પકડીને તે ગોઠવેલા આસન ઉપર શ્રીહરિને ઘણા જ હેતથી

બેસાડવા માટેનો આગ્રહ કરવા લાગ્યો. ૩૮. શ્રીહરિ તે આસનમાં રહેલા કપટને તત્કાળ જ જાણી ગયા હતા. તેથી ત્યાંથી થોડે દૂર જઈને બેસી ગયા. પંડિત તે આસન ઉપર બેસાડી શક્યા નહીં. તેથી મનમાં પસ્તાવો કરવા લાગ્યા. ૩૯. શ્રીહરિએ પંડિતને કહ્યું, દીવાન ક્યાં છે ? શ્રીહરિને ખબર પડી ગઈ હતી કે દીવાન છુપાઈને દૂર બેઠો છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'પ્રાણનાથ શુક્લે સત્સંગ અંગે દીવાનને સ્પષ્ટ કહ્યું, પછી શ્રીહરિ ભદ્રમાં પધાર્યા' એ નામે પાંસઠમો તરંગ સમાપ્ત ॥૬૫॥



પૂર ચૌદમું : તરંગ - ૬૬

ભદ્રમાં શ્રીહરિએ પંડિત સાથે ચર્ચા-વિચારણા કરી

શ્રીહરિ તો મહાન વીરાસન કરીને બેઠા હતા. માનો, નૃસિંહરૂપ ધારણ ન કર્યું હોય ! એવા દેખાતા હતા. ૧. દીવાનનાં અને પંડિતના મનમાં ડર લાગી જાય એવો પ્રતાપ ત્યાં દેખાડ્યો. જે યથાર્થરૂપમાં કહી શકાતો નથી. ૨. તે વખતે શ્રીહરિ બોલ્યા, અમને પૂછવાનું તમારા મનમાં જે રહ્યું હોય, તે બધું ન્યાયની રીતે પૂછો. ૩. અમે સત્યની સાક્ષીએ કહીએ છીએ કે, જો તમે અન્યાયની રીતે પૂછશો તો ઈશ્વર સહન નહિ કરે. કારણ કે સત્યરૂપ પરમેશ્વર જ્યાં સત્ય હોય ત્યાં રહે છે. ૪.

તમે પૂર્વે કોઈ સત્કર્મ કર્યું હશે. તેના ફળરૂપે અત્યારે તમને આ મોટો અધિકાર પ્રાપ્ત થયો છે. સત્પુરુષનું જે સન્માન કરવું, તેને જ શાસ્ત્રમાં સત્કર્મ કહ્યું છે. ૫. તેવા સત્પુરુષનું જે અપમાન થાય, તેને જ અસત્કર્મ કહેવાય છે. નહુષ જેવા મોટા રાજાએ તેવું કોઈ સત્પુરુષનાં સન્માન રૂપ સત્કર્મ કર્યું, તેના ફળ રૂપે તત્કાળ જ ઈંદ્રાસનને તે પામ્યા હતા અને મહાન ઋષિઓનું તેણે અપમાન કર્યું ત્યારે તેને તત્કાળ જ સર્પનું શરીર પ્રાપ્ત થયું હતું. તમે તો પંડિત છો, તે બધું જાણો જ છો. ૬-૭. દેવરાજ ઈંદ્રે જ્યારે દુર્વાસાનું અપમાન કર્યું, ત્યારે ત્રિલોકીની બધી જ સમૃદ્ધિનો નાશ થઈ ગયો હતો. ૮.

છપ્પન કોટિ યાદવોના સહાયક ભગવાન શ્રીકૃષ્ણ હતા. તે ભગવાનનો પુત્ર સાંબ રૂપરૂપનો અંબાર હતો. ૯. યાદવ બાળકો સાંબને નારીનું રૂપ બનાવીને ઋષિઓની પાસે લઈ ગયા. ઋષિઓની મશ્કરી કરવાનું ધાર્યું હતું. ૧૦. યદુ બાળકોએ ઋષિઓને કહ્યું, આ નારી ગર્ભવતી છે. આનાં ઉદરમાં ગર્ભ છે, માટે જોઈ-વિચારીને કહો આને બાળક શું થાશે ? તમે મહર્ષિઓ છો ખોટું ન કહેશો. ૧૧. ઋષિઓએ કહ્યું, અમે જોઈ વિચારીને કહીએ છીએ કે, આ સ્ત્રીના ઉદરમાંથી જે નીકળશે, તેનાથી તમારાં કુળનો વિનાશ થાશે. પછી તો ઋષિઓનાં કહ્યા પ્રમાણે જ થયું. સહુ મનમાં વિચારતા જ રહ્યા. ૧૨

શાસ્ત્રોમાં આવી વાતો તો ઠેકઠેકાણે લખી છે. **રાજ્યના મદને લીધે સવળો માર્ગ સૂઝતો નથી. ૧૩. મદને લીધે જે સુનોર(સવળું) હોય તે કુનોર(અવળું, અવ્યવસ્થિત) દેખાય છે અને જે કુનોર છે તે સુનોર દેખાય છે. તેને જ અસાધ્ય રોગ કહેવાય છે.** જે રોજબરોજ જોર પકડતો જાય છે. ૧૪. જ્યારે અસાધ્ય રોગ વધે છે, ત્યારે મૃત્યુ સમીપે આવે છે. આટલી વાત તો અમે કહી. હવે બોલો, તમે શું પૂછો છો ? ૧૫. અમે બધી વાત શાસ્ત્રને અનુસારે કહી છે. લગારેય ખોટું કહ્યું નથી. પંડિત ! હવે તમે બધું કહો. ૧૬.

ત્યારે પંડિતે કહ્યું, આપે લગારેય ખોટું કહ્યું નથી. સત્પુરુષો જેવું બોલે તેવું બધું તમે કહ્યું છે, એટલે તમે સત્પુરુષ છો. ૧૭. અમે જે કાંઈ રાજ્યનું કામ કરીએ છીએ, તે બધું ખોટું કરીને જ પેટ ભરીએ છીએ. અમે અત્યારે આપની આગળ સાચું કહીએ છીએ કે, સત્યથી ક્યારેય ધન મળતું નથી. ૧૮. અમારે તો ધન ઉપર જ તાન છે. તમે જો થોડુંએ ધન આપો, તો પછી તમારું કોઈ નામ લે નહિ અમારે તો ખાસ ધનનું જ કામ છે. ૧૯. ન્યાય અને અન્યાય, બધું ધનમાં જ રહ્યું છે. ધનથી વિશેષ અમને કાંઈ દેખાતું નથી. મર્યા પછી પણ ધન કામમાં આવે છે. જો ધન હોય તો જ 'ખરચ'(ઉત્તરક્રિયા) કરી શકાય છે. ૨૦.

તમે જે મોટા મોટા યજ્ઞ કર્યા છે, તેવા કોઈ મોટા રાજાથી પણ કરી શકાય નહીં. બુદ્ધિમાન માણસ વિચારે છે કે ધન વિના તેવા યજ્ઞ ક્યાંથી થાય? ૨૧. તમે અહીંયાં બેઠા બેઠા જ અત્યારે ધારો, તો કાલે આખું શહેર જમાડી

શકો છો. તમે પોતાની પાસે કાંઈ ધન રાખતા નથી. તેમજ કોઈ મોટા રાજાની પાસેથી ધનની આશા રાખતા નથી. ૨૨. કોઈને ઘેર પણ કાંઈ ધન રખાવી મૂક્તા નથી. શિષ્યોને સત્યનો ઉપદેશ કરો છો અને તેનાથી તમે જ્યારે ધારો છો ત્યારે આપને ધનનો પાર રહેતો નથી. ૨૩. તમારામાં કોઈ એવી સિદ્ધિ રહી છે. જે કોઈના કળ્યા-જાણ્યામાં આવતી નથી. વળી અત્યાર સુધી તમે પોતાના જન્મની બાબત અકળ-ગુપ્ત રાખી છે. ૨૪. તમે ભલે તે સમજીને ન કહેતા હો, પણ લોકોને તે સમજણ નથી. તેથી તે જાણવા માગતા હોય છે. પછી તો તેઓ મનમાં ફાવે તેમ બોલતા હોય છે. એટલે તમે અત્યારે અહીંયા સાચી વાત કહો. ૨૫.

બ્રહ્મબીજ(બ્રાહ્મણના સંતાન) સિવાય કોઈનામાં ક્યારેય આવો પ્રતાપ હોય નહીં. જે કુબુદ્ધિવાળા લોકો છે, તેઓ સમજે નહિ, તેથી તેઓ જેમ તેમ બોલતા હોય છે. ૨૬. જો કહેવાની તમારી ઈચ્છા હોય તો તમે તમારી જન્મભૂમિ કહો, તમે ગુરુ કોને કર્યા છે ? જીવન્મુક્ત કહેવાય છે, તે કોણ છે ? ૨૭. વેરાગીઓ ઘેર ઘેર ઊલટી સૂલટી વાતો કહેતા ફરે છે અને તમારો ત્યાગ દેખીને તેઓને ડર લાગે છે. ૨૮. **વળી તમારા સાધુઓનું વર્તન દેખીને પણ વેરાગીઓને ઘણો તાપ લાગે છે. તમારા સાધુઓ જે ગામમાં જાય છે, તેનું નામ જ્યારે તે વેરાગીઓ સાંભળે છે, ત્યારે તેઓ વગર અગ્નિએ બળી મરે છે. તેઓ અમારી આગળ આવીને પોકાર કરે છે અને આવીને અમને તેઓ ઘણું ધન આપી જાય છે અને અમે પણ તે ધનને માટે જ તમને નકારા(નઠારાં) કહીએ છીએ. ૨૯-૩૦.**

ત્યારે શ્રીહરિએ કહ્યું, જેને ધનનો લોભ ન હોય એવો રાજા જ્યારે આવશે, ત્યારે તે અમારા સંતોને સહાય કરશે. તમે તો જેમ મન ચાહે તેમ કરો. ૩૧. અધ્યોધ્યાપુરી પાસે સરયૂ નદીનો સામેનો કિનારો સરવાર પ્રદેશ કહેવાય છે. તે અમારો દેશ છે અમે સરવરિયા (સરયૂપારીણ) વિપ્ર છીએ. અમારી અટક ઈટ્ટાર પાંડે(પાંડેય) છે. ૩૨. ઉચ્ચકુળના તેર ઘર માંહેલું અમારું ઘર છે. અમારો વેદ સામ છે. છપિયા(છપૈયા) અમારું ગામ છે અને અમારો જન્મ તે છપિયા ગામમાં થયો છે. ૩૩. અમારો યજ્ઞોપવીત

સંસ્કાર થયો તે પછી ત્રણ વરસ સુધી ઘરમાં રહ્યા હતા. અને તે પછી અમે તીર્થોની યાત્રા કરવા નીકળી ગયા, એ બધી વાત તમને કહું છું. ૩૪. અમે બદરિનાથ, જગન્નાથ અને રામેશ્વર, એ ત્રણ ધામની યાત્રા કરી. તે પછી પશ્ચિમ દિશાની પંચતીર્થી કરતા હતા ત્યારે લોજ(લોએજ) ગામમાં આવ્યા અને ત્યાં મુક્તાનંદસ્વામી નામે મોટા સંતનો યોગ થયો. ૩૫.

વિક્રમ સંવત્ ૧૮૫૬ના શ્રાવણ વદિ-૬ છઠને દિવસ અમે લોજ ગામ આવ્યા. ૩૬. તે પછી ઉદ્ધવજીના અવતારરૂપ અને શ્રીરામાનુજાચાર્યના શિષ્ય, બહુનામી સદ્‌ગુરુ શ્રીરામાનંદસ્વામીનો મેળાપ થયો. ૩૭. અમે રામાનંદસ્વામીના શિષ્ય થયા. ત્યારે અમે આત્માને તો દેખતા જ હતા. અમે તેમનો માર્ગ(સંપ્રદાય) શુદ્ધ દેખ્યો. બધા તેમના સંતો પણ ઘણા શુદ્ધ હતા. ૩૮. રામાનંદસ્વામીના શિષ્યો જે ગૃહસ્થો બાઈ ભાઈ કહેવાતા હતા, તે બધાનાં મન સૂર્યના સમાન તેજસ્વી જોયાં. ૩૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'ભદ્રની કચેરીમાં શ્રીહરિએ દીવાનના પંડિત સાથે ચર્ચાવિચારણા કરી' એ નામે છાસઠમો તરંગ સમાપ્ત ॥૬૬॥



પૂર ચૌદમું : તરંગ - ૬૭

ભદ્રમાં શ્રીહરિની પંડિત અને દીવાનની સાથે મર્મવેધક ચર્ચા

શ્રીહરિ જે બોલતા હતા તે વાતને હું ફરીને કહું છું. તે સમયે બધી સભા ચિત્રામણ જેવી સ્તબ્ધ થઈ ગઈ હતી. ૧. શ્રીહરિએ કહ્યું, સદ્‌ગુરુ રામાનંદસ્વામીના જે શિષ્યો હતા, તે બધામાં સ્વામીની વાતોના પ્રતાપથી ઘણા જીવન્મુક્ત થઈ ગયા. ૨. **તેમાં પણ જેઓ જીવિત દશામાં જ મોક્ષ માની લેતા હતા, જેમને મુક્તિમાં કાંઈ સંશય રહેતો જ નહીં અને બીજા બધાને તેવું દેખાતું પણ ખરું; તે કારણથી તેઓ જીવન્મુક્ત કહેવાય છે. ૩. પછી તો તેઓ વિષયમાં રાગ નથી કરતા. એક શ્રીકૃષ્ણ ભગવાનમાં જ રાગ-પ્રેમભક્તિ કરે છે અને વ્યસનોનો ત્યાગ કરી દે છે. એવા બધા જીવ**

મુક્તદશાવાળા થઈ જાય છે. ૪. જે હરિભક્ત કહેવાય છે, તેઓ ક્યારેય ભાંડ-ભવાઈને દેખતા નથી. અને જે શ્રીમદ્‌ભાગવત ગ્રંથ કહેવાય છે, તે અમારો અભીષ્ટ ગ્રંથ છે. ૫.

તે ગ્રંથમાં પણ જે વચન મોક્ષપરક છે, તે અમારું શાસ્ત્રીય રહસ્ય છે, તે તમને બતાવ્યું. શ્રીકૃષ્ણ ભગવાન અમારા ઈષ્ટદેવ છે, તે સિવાય બીજા કોઈ અમારા ઈષ્ટદેવ નથી. ૬. ગોલોકધામ છે, તેને અમે અભીષ્ટ માન્યું છે અને અમે પોતાના આત્માને શુદ્ધ બ્રહ્મરૂપ માનીએ છીએ. ૭. અને તેવા બ્રહ્મરૂપે થઈને શ્રીકૃષ્ણ ભગવાનની સેવા પૂજા કરીએ છીએ. અમારા મતની જેટલી રીત હતી, તે અમે સંક્ષેપમાં કહી છે. ૮. અમારા ત્યાગી સાધુ વગેરેનું કોઈ પણ વર્તન શાસ્ત્ર બહાર હોતું નથી. છતાં પણ તમને તે ત્યાગી ગમતા નથી. તમે તો મોટા છો, તેથી તમને બીજું શું કહેવું ? ૯. અમે જો વિપ્ર ન હોઈએ તો તમે જ્યાં કહો ત્યાં દસ હજાર રૂપિયા મુકાવીએ. તેની પરીક્ષા માટે અમે અહીં આવ્યા છીએ. ૧૦.

અમે જો સાચા વિપ્ર સાબિત થઈએ તો મિથ્યા આરોપ મૂકનારા સરકારમાં દસ હજાર રૂપિયા આપે. ૧૧. તેનો મુચરકો(જામીન ખત) અત્યારે જ લખો, તેથી સાચા-ખોટાની ખબર પડે. હવે જો મુચરકો ન લખાવો તો બોલનારાને-મિથ્યારોપ મૂકનારાને જૂઠા માનવા. ૧૨. અમે જેમ જેમ જેટલું સહન કરીએ છીએ, તેમ તેમ બધા મતવાદીઓ ચાહે તેવું જેમ તેમ બોલ્યા કરે છે અને તમે તેમને રોકતા પણ નથી. ૧૩. જે પરમેશ્વર છે, તેમણે મિથ્યાવાદીઓને પકડીને કબજે કરવા માટે તો રાજાને નીમ્યા છે. ૧૪. પણ જ્યાં ધનનો લોભ હોય ત્યાં અધર્મ રાજ્ય કરે છે, ભોગ-વિલાસ કરે છે અને સંતોને અત્યંત સંતાપ કરે છે. ૧૫. **ધાર્યું તો બધું પરમેશ્વરનું જ થાય છે. બીજા તો બિનજરૂરી અપયશ લે છે.** મનુષ્યના દેહને પામીને પણ વિચાર કરીને જોતા નથી. ૧૬.

મનુષ્યના દેહમાં આવીને પણ જે પરમેશ્વરનો ડર રાખતા નથી, તેવા મનુષ્ય અધર્મ કરે છે, તેને પરમેશ્વર સામે આવીને રોકતા નથી. ૧૭. ન આચરવાની બધી જ બાબતોને પરમેશ્વરે લખીને આપી છે. કોઈ એક વાતને પણ તેમણે ખાનગી રાખી નથી. પરમેશ્વરમાં એવો પરમ વિવેક રહ્યો છે. ૧૮.

આચરવાની બધી બાબતો પણ લખી છે. જેમાં કોઈ પ્રકારનો પક્ષપાત નથી. વર્ણોના અને આશ્રમોના બધા ધર્મોને પણ અલગ અલગ લખી આપ્યા છે. ૧૯. માણસ જેટલો ધર્મનો લોપ કરે છે, પરમેશ્વર તેમના ઉપર કોપ કરે છે અને તે પરમેશ્વરના કોપને બધા લોકો ક્યારેય દેખી શકતા પણ નથી. ૨૦.

✵ ધર્મ પાળવાથી સુખ અને ન પાળવાથી દુ:ખ :

ચોપાઈ :

ईश्वर ने मृजाद बाँधे जितना, ताकू मिथ्या जानत तितना;
ईश्वर के कोप कहत हे ताकू, सुमति जो लोपत नहीं वाकू...२१
लोपत नहीं रहत तेहि सुखी, यह परलोक में होत न दुःखी;
निश्चे यह बात जो रहाये, मिथ्या नाहि यामें कहाये...२२

પરમેશ્વરે જે ધર્મ મર્યાદા બાંધી છે, તેને જે મિથ્યા જાણે છે, તેને પરમેશ્વરનો કોપ કહેવાય છે. સુમતિ-સજ્જનો તો તે મર્યાદાનો ક્યારેય લોપ કરતા જ નથી. ૨૧. જે ધર્મમર્યાદાનો લોપ ન કરે, તે આ લોક અને પરલોકમાં સુખી રહે છે, પણ ક્યારેય દુ:ખી થાતા નથી. આ વાત ચોક્કસ છે. તેમાં કાંઈ મિથ્યા કહેવાતું નથી. ૨૨. અમે જે આ વાત કહીએ છીએ, તેમાં તમને જો કાંઈ ખોટું લાગતું હોય તો સભા વચ્ચે બોલો. તમે તો ઘણા બુદ્ધિમાન છો. ૨૩. તે સમયે તે પંડિત બોલ્યા, આપે જે વાત કહી છે, તે બધી સાચી જ છે, પણ જેટલા સત્યને માર્ગે ચાલ્યા છે, તે બધા આ લોકમાં દુ:ખી થયા હોય તેવું દેખાય છે. ૨૪.

ત્યારે શ્રીહરિએ તેને કહ્યું, તમે તો બુદ્ધિશાળી છો. તમે બધું તપાસ્યા-વિચાર્યા વિના બોલો છો. તમે સમજો, જગતના કોઈ પરમેશ્વર તો છે જ. ૨૫. આ રાજગાદી ઉપર અપાર રાજાઓ થઈ ગયા છે અને હજી પણ અપાર રાજાઓ થાશે. એટલે તમે વિચારીને બોલો. ૨૬. પરમેશ્વરના ઘરના ન્યાયને દેખીને જે રાજા ચાલે છે, તે રાજાને પરમેશ્વરના જેવો જ શ્રીકૃષ્ણ પરમાત્માએ ગીતામાં કહ્યો છે. ૨૭. વેન નામે મોટો રાજા થયો હતો. તે મનમાં ફાવે તેમ વર્તવા લાગ્યો. ત્યારે ઋષિઓએ તેને સમજાવવા માટે અનુપમ વચન કહ્યાં. ત્યારે તેણે કહ્યું, તમે બાળબુદ્ધિ છો. ૨૮. વેનનો અપાર અન્યાય દેખીને

ઋષિઓને અપાર ક્રોધ ચઢ્યો અને તે ઋષિઓના કોપાનળથી વેનનું શરીર તત્કાળ ભસ્મીભૂત થઈ ગયું. ૨૯.

હિરણ્યકશિપુ અને હિરણ્યાક્ષ, રાવણ અને કુંભકર્ણ, કાળનેમિ કંસ, શિશુપાળ, દંતવક્ર, વિકરાળ શાલ્વ તે સિવાયના દુર્યોધન વગેરે અનંત રાજાઓ અન્યાયને માર્ગે ચાલ્યા હતા. તેઓ ભૂંડી હાલતમાં મરી ગયા હતા. તેને બધું જગત જાણે જ છે. ૩૦-૩૧. તે બધા મર્યા ત્યાં સુધી પોતાનું ધાર્યું જ કરતા રહ્યા, પરમેશ્વરથી ડર્યા નહીં. **જે લોકો પરમેશ્વરથી ડરતા નથી, તે બધા અસુર જ કહેવાય છે.** ૩૨. તે સમયે ત્યાં બેઠેલા દીવાને કહ્યું, તમે સત્પુરુષ હોવા છતાં આ શહેરના હાકેમની રજા લીધા સિવાય આ શહેરમાં આવ્યા, એટલી તમારામાં ખામી(કહેવત-કહેવાપણું) છે. ૩૩. ત્યારે શ્રીહરિએ કહ્યું, તમારા આ શહેરમાં તો અમારું મંદિર છે. જે રામાનંદસ્વામી કહેવાતા તેઓ અમારા ગુરુ છે. ૩૪.

તેઓ આ શહેરમાં કેટલીયે વાર, અરે, વારંવાર આવતા હતા. તેમણે અહીં આવવા માટેની ક્યારેય રજા લીધી ન હતી અને અમે પણ અહીં કેટલીયે વખત આવ્યા છીએ. ૩૫. રજા માટેનું તો તમે આજ કહ્યું છે. હવે અમે ક્યારેય રજા લેવા અંગે ભૂલશું નહીં. ત્યારે તે દીવાને કહ્યું, તમે આ શહેર સિવાય દેશમાં બધે ફરો. ૩૬. અને અમારા રાજ્યમાં તમારે ક્યાંય યજ્ઞ કરવો નહીં. બસ આટલું તમને કહ્યું છે. બીજે તો ખુશી હોય ત્યાં ફરતા રહો. ૩૭. ત્યારે શ્રીહરિએ કહ્યું, હવે તમારી રજા વિના અમે ક્યારેય શહેરમાં નહિ આવીએ. તમે તમારા દિલમાં ઘણા ખુશ રહો. ૩૮. જ્યારે આ શહેરમાં તમારી જરાય હકુમત નહિ રહે ત્યારે અમે આવશું. હવે તમે ચિંતા કરશો નહીં. ૩૯. ત્યારે દીવાને કહ્યું, જ્યારે આ શહેરમાં અમારો હુકમ ન ચાલે ત્યારે તમે વારંવાર આવજો. મર્યા પછી કોઈ ક્યાં દેખે છે ? ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'શ્રીહરિની પંડિત અને દીવાનની સાથે મર્મવેધક ચર્ચા કહી' એ નામે સડસઠમો તરંગ સમાપ્ત ॥૬૭॥



પૂર ચૌદમું : તરંગ - ૬૮

દીવાન સાથે ચર્ચા કરીને શ્રીહરિ રાતે શુક્લને ઘેર સૂઈ રહ્યા

વળી ફરીવાર દીવાને શ્રીહરિની સાથે સાચી વાત કહી. તમારા સાધુ રઘુનાથદાસ નામે છે, જે અહીંયા રહે છે. ૧. તેઓ તમારા ધર્મ પાળતા નથી. વેરાગી ભેળા ભળી ગયા છે. જેમ વેરાગીઓ કહે છે, તેમ તે કરે છે. ૨. જેટલા ફેલ કરનારા નાગરો છે, તેની બધી સ્ત્રીઓ છે, તે રઘુનાથદાસને દેખીને ઘેલી થઈ જાય છે. ૩. જે નાગરો પરદેશમાં રહેતા હોય તેની સ્ત્રીઓ અહીં રહેતી હોય છે. તે રઘુનાથદાસને સારા સાધુ જોઈને કાયમ તેની સેવા કરતી હોય છે. ૪. રઘુનાથદાસે રામાનંદસ્વામીની મીઠા શબ્દથી બોલવાની રીત શીખી લીધી છે અને રામાનંદસ્વામીના જે ધર્મ નિયમો છે તે બધા તમને સોંપી દીધા છે. ૫.

સદ્‌ગુરુ રામાનંદસ્વામીએ તમને પોતાની ગાદીએ બેસાડી દીધા અને તમારો અપાર અને અત્યંત પ્રભાવ જોઈને રઘુનાથદાસને તમારો અભાવ જ રહે છે. ૬. કળિયુગમાં જે ધર્મ પાળવો તે પરમેશ્વર સિવાય કોઈથી ન બને. પોતે ધર્મને પાળવો અને બીજા પાસે ધર્મ પળાવવો, એવું ઠેકઠેકાણે હોતું નથી. ૭. જો કે દેવોમાં બીજું સામર્થ્ય અપાર છે, પણ તેઓ ધર્મને તો લગારેય પાળી શકતા નથી. વિમાનમાં બેસીને રાતદિવસ ફર્યા કરે છે, પણ કોઈની મતિ ધર્મમાં દેખાતી નથી. ૮. આપના ધર્મને દેખીને અમે બધા થરથર કંપતા રહીએ છીએ. આપ જ્યારે આ શહેરમાં આવો છો, ત્યારે શહેરના જે વિષયી મનુષ્યો છે, તે બધા થરથર ધ્રૂજવા લાગે છે અને અમારી પાસે આવીને પોકાર કરે છે. આપ જેટલા દિવસ શહેરમાં રહો છો, તેટલા દિવસ ચબૂતરા બંધ રહે છે. ૯-૧૦.

ચબુતરાના ઈજારદારો પણ આવીને પોકાર કરે છે અને વેરાગીઓને તન-મનમાં સુખ રહેતું નથી. એ બધાને આપના તરફથી એટલું દુઃખ લાગે છે. ૧૧. રામાનંદસ્વામી અહીં ઘણીવાર આવતા અને ઘણા દિવસ રોકાતા હતા. મહિનો બે મહિના રહેતા, છતાં તેમનાથી શહેરના કોઈ લોકો અકળાતા નહીં. ૧૨.

સહુ પહેલા આપ આ શહેરમાં આવ્યા ત્યારે નિઃશંકપણે સહુનાં મનની વાત કહેવા લાગ્યા હતા, તે દિવસથી બધા લોકો આપનાથી ડરે છે. ૧૩. માણસે પહેરેલા વસ્ત્રોને કોઈ શરીર ઉપરથી ખેંચી લે, તો પછી તેના ઉપર પ્રેમ કેવો થાય ? તેવું આપની બાબતમાં થયું છે. ૧૪. તમારા વર્તને બીજા બધાનાં ફેલ ઉઘાડા કરી દીધા છે. તમે આ વખતે અધર્મ ટાળવા દેહ ધર્યો છે. ૧૫. હું બંને હાથ જોડીને અને વારંવાર માથું નમાવીને આપને કહું છું કે, અમે આપનો અપરાધ કર્યો છે. ૧૬.

તે સાંભળીને શ્રીહરિ ઘણું રાજી થયા અને તે વેળાએ બોલ્યા કે, જ્યાં સુધી આ શહેરમાં તમારી હકુમત હશે ત્યાં સુધી અહીંયાં અમે નહિ આવીએ. ૧૭. અમે સવારમાં જમીને જેતલપુર જઈશું. ત્યારે દીવાને કહ્યું, હવે તે ગામમાં તો તમે સુખેથી રહો. ૧૮. શ્રીહરિ તત્કાળ ત્યાંથી ઊઠ્યા. ત્યારે દીવાન રસાળ વચન બોલ્યા, અમારા જેટલા અપરાધ હોય તેને આપ માફ કરજો. ૧૯. તેણે ચંદન અને પુષ્પો લઈને પૂજા કરી અને રથમાં બેસાડીને તે પગમાં પડ્યા. પછી શ્રીહરિ ઉતારે આવ્યા અને આવેલો રથ પાછો ગયો. ૨૦.

દીવાન રાતે જ્યારે પલંગ ઉપર સૂતા હતા ત્યારે મધ્ય રાત્રિ થઈ હતી. પૃથ્વી મનમાં ઘણો રોષ કરીને ધ્રૂજવા લાગી. માનો, આખા શહેરનો પ્રલય થઈ જાશે ! ૨૧. પણ તે સમયે શ્રીહરિએ ભૂમિને સ્થિર રાખી. શ્રીહરિ એવી યોગકળામાં નિપુણ છે. તે બાબતે પ્રાણનાથ શુક્લ જાણતા હતા, એટલે તેણે શ્રીહરિને કહ્યું, મહારાજ ! આજ તો આ શ્રીનગર શહેરનો પ્રલય ચોક્કસ થઈ જાત. આજે ભૂમિકંપ એવો થયો કે માનો, બધું રસાતળમાં પહોંચી ગયું હોય. ૨૨-૨૩. ભલે આપ અહીંયાં રહ્યા હોવ, પણ રસાતળ જાતા આ શહેરને આપે થંભાવી દીધું ખરું. ત્યારે શ્રીહરિએ કહ્યું, હરિભક્તોના હિતને માટે પરમેશ્વરે શહેરની રક્ષા કરી છે. ૨૪. ભૂમિ ઉપર જ્યારે વધારે પડતા અપરાધ થાય છે ત્યારે ભૂકંપ થાય છે, પણ પરમેશ્વર ભક્તોના હિતની સામે જોઈને ભૂમિને સ્થિર રાખે છે. ૨૫.

ભગવાન એવા છે કે, તેઓ ભક્તોને સુખ આપવા માટે અક્ષરધામથી આવીને આ ભૂમિ ઉપર પ્રકટ થાય છે. ૨૬. ભગવાન ભૂમિ ઉપર આવીને

ભક્તોના હિતને માટે ચરિત્ર કરે છે, પણ જે કુબુદ્ધિ લોકો હોય છે, તેઓ તે ચરિત્રોંનો લાભ લેતા નથી. ૨૭. અનંત કોટિ બ્રહ્માંડોં હોય છે, તે ગર્ભોદકના મહાર્ણવમાં મેઘના પાણીના પરપોટાની જેમ તરતા હોય છે. ૨૮. મેઘના પાણીના પરપોટા અપાર હોય છે અને થોડી થોડી વારે તે ફૂટી જાય છે. તેમ બ્રહ્માંડોં પણ ઉત્પન્ન થઈને નાશ પામતા રહે છે. એવી બધી ભગવાનની લીલા કહેવાય છે. ૨૯. પ્રકૃતિ-પુરુષ, તેમજ પ્રધાન-પુરુષ પોતપોતાના સમય પ્રમાણે પ્રકટ થતા રહે છે. તેને ભગવાનની અપાર લીલા કહેવાય છે, જેનો ક્યારેય પાર પામી શકાતો નથી. ૩૦.

હરેક બ્રહ્માંડમાં નિરંતર કેટલીયે જાતના કારખાનાઓ સ્થપાતા-ચાલતા જ હોય છે. નવા નવા શહેરો વસે છે અને તેની શોભા પણ બનતી-વધતી જ રહે છે. ૩૧. મોટા મોટા દેવો ઘણા જ ઉત્સાહથી, જેમ ઇંગ્લેન્ડના(વિલાયતના) બુદ્ધિમાન લોકો ભૌતિક સગવડોને માટે સતત કામ કરતા જ રહે છે તેમ, આ જગતના તંત્રના વિકાસમાં સતત લાગ્યા જ રહે છે. ૩૨. તે દેવો સતત પરિશ્રમથી અપાર નવું સર્જન કરે છે, તેમનો એક દિવસ પણ સર્જન વગરનો ખાલી જાતો નથી. એ બધી ભગવાનની લીલા કહેવાય છે. જેનો કોઈ પાર પામી શકતા નથી. ૩૩. ત્યારે તે પ્રાણનાથ શુક્લે કહ્યું, મહારાજ ! આપે જે વાત કહી તે બધી આપની જ લીલા છે, એમ હું જાણું છું અને જેને આપ ભગવાન કહો છો, તે પણ ભગવાન આપ જ છો, એમ હું સમજું છું. ૩૪. આપ તેને પોતાની રીતે કહો છો અને તેમાં અત્યંત રસ ભર્યો છે. આપના જેવું બોલતાં તો બ્રહ્માદિકને પણ આવડતું નથી. ૩૫.

જેમાં જેટલી મોટાઈ હોય તે તેના બોલ ઉપરથી પારખી શકાય છે. જેવું વચન હોય તેવું તેનું મૂલ્ય થાય છે. આપનાં વચનો તો અમૂલ્ય છે. ૩૬. આપની બોલી, ચાલી વગેરે બધી ક્રિયાઓ અમૂલ્ય છે અને મોક્ષદાયક છે. ૩૭. આપની ક્રિયાઓમાં જે કોઈ મનુષ્ય દોષ દેખે છે, તેવા મનુષ્યને તો અમે નારકી કહીએ છીએ. તેવાઓનો તો ક્યારેય મોક્ષ થાતો જ નથી. ૩૮. આટલી વાત થયા પછી શ્રીહરિ પોઢી ગયા. ત્યારે એક પહોર(૩ કલાક) રાત રહી હતી. પછી સવારે ઊઠ્યા ત્યારે પ્રાણનાથ શુક્લે દૂધપાક અને પૂરીની

રસોઈ કરાવી. તેટલા સમયમાં શ્રીહરિ સ્નાન આદિ નિત્ય ક્રિયાઓ કરીને તૈયાર થયા. તે પછી ખૂબ જ પ્રેમભાવથી જમ્યા અને જમાડ્યા. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'ભદ્રમાં દીવાન સાથે ચર્ચા કર્યા પછી શ્રીહરિ શુક્લને ઘેર રાતે સૂઈ રહ્યા' એ નામે અડસઠમો તરંગ સમાપ્ત ॥૬૮॥

પૂર ચૌદમું : તરંગ - ૬૯

શ્રીનગરમાં દિગ્વિજય કરીને શ્રીહરિ જેતલપુર આવ્યા

દીવાને અજોડ ભાવથી અમૂલ્ય સોનેરી રથ શ્રીહરિને બેસવાને માટે તેમને ઉતારે પહોંચાડ્યો. ૧. રથના સારથીને દીવાને કહ્યું, તને હું આજ્ઞા આપું છું કે, સહજાનંદસ્વામી જ્યાં સુધી જવા ચાહે ત્યાં સુધી તું રથ લઈને જાજે. ૨. રથની સાથે એક ખેપિયો(જાસૂસ-કાસદ) પણ મોકલ્યો, તેને પણ ઉપર પ્રમાણે કહ્યું, તેથી તે ઉમંગ ભર્યો શ્રીહરિની પાસે આવ્યો. ૩. ભૂકંપ થયો, તે વિચારીને શ્રીહરિને રીઝવવા માટે ડંકા નિશાન અને ચોપદાર વગેરેને પણ સાથે મોકલ્યા. ૪. ઢોલ, ત્રાંસાં વગેરે જે વાજિંત્ર હતાં, તે બધાં જ આવ્યાં. હરિભક્તો કેસરયુક્ત ચંદન લાવ્યા હતા. તે શ્રીહરિનાં અંગ ઉપર ચરચ્યું. ૫.

અપાર ફૂલના હાર પહેરાવ્યા. પાઘમાં સુંદર તોરા ધરાવ્યા. બે ગુચ્છ બંને કાન ઉપર ધાર્યા અને પ્યારી ભુજાઓ ઉપર બાજુબંધ બાંધ્યા. ૬. ફૂલના કંકણ બંને હાથમાં અદ્‌ભુત રીતે બાંધ્યા. ફૂલની છડી હાથમાં ધારી, તેની શોભા એટલી સુંદર બની, કે જે કહી શકાતી નથી. ૭. લલાટમાં અને ભુજાઓ ઉપર કુંકુમના ચાંદલા કર્યા, પછી પરમ ચતુર શ્રીહરિ તે રથમાં બેઠા અને હરિભક્તોને ઘેર ઘેર ગયા અને ઘણા જ ભાવથી સહુને દર્શન દીધાં. ૮. જે જે રાજમાર્ગ ઉપર ફર્યા, તે બધે સ્થળે અવિદ્યા ચૂપ થઈ ગઈ અર્થાત્ લોકોનું અજ્ઞાન ટળી ગયું. જ્યાં રામાનંદસ્વામીના સમયનું (રાયપુર દરવાજાની અંદર) મંદિર હતું. ૯. ત્યાં બધી સવારીની સાથે આવ્યા. તે દેખીને રઘુનાથદાસને બળતરા થઈ. એક ઘડી સુધી ત્યાં ઊભા રહ્યા. બધા

નાગરો આવ્યા અને પગમાં પડ્યા. ૧૦. કેટલાક નાગરો ફૂલના હાર લાવ્યા હતા, તે શ્રીહરિને પહેરાવ્યા. અંબાબાનું મંદિર હતું, તે નાગરોએ શ્રીહરિને આપ્યું અને રઘુનાથદાસને બીજી વસ્તુઓ આપી. ૧૧.

શ્રીહરિએ તે વેળાએ મંદિર આપનારા નાગરોને કહ્યું, મંદિરમાં કોઈ પણ સ્ત્રી આવે નહિ, એવી વ્યવસ્થા જો રહે, તો અમારા સાધુ આવીને તમારા મંદિરમાં રહેશે. ૧૨. ત્યારે નાગરોએ કહ્યું, સ્ત્રીઓ વિનાનું મંદિર તો વનનાં જેવું ખાલી લાગે. અમને વન જેવું મંદિર ન ગમે. કારણ કે સ્ત્રીઓ સિવાયનું મંદિર તો ઉજ્જડ મેદાન જેવું દેખાય. ૧૩. શહેર વચ્ચે ઊજ્જડ ઘર હોય, તો તેમાં તો આવીને ભૂત રહે અને જ્યાં ભૂત રહેતા હોય ત્યાંથી તો ધનિક લોકો ઉદાસ થઈને ભાગતા થાય. ૧૪. ત્યારે તેમને શ્રીહરિએ કહ્યું, દારૂ અને અગ્નિ ક્યાંય એક જગ્યાએ સાથે રહે અને તેનો ભડકો ન થાય, એવું કોઈ જગ્યાએ હોય તો અમને બતાવો. ૧૫.

મોટા મુનિઓએ પણ કહ્યું છે કે, પથ્થર જેવું થીનું ઘી હોય તે અગ્નિને સમીપે રહે તો ઓગળ્યા વિના રહે જ નહીં. ૧૬. તમે નાગર તો ઘણા બુદ્ધિમાન છો અને મોટા મોટા કારભાર પણ સંભાળો છો. અગ્નિના જોગમાં રહે અને તે તપે નહિ, એવો અમને તમે એક તો બતાવો. ૧૭. ત્યારે તમે સાચા બુદ્ધિશાળી ગણાવ. પછી જેમ તમે કહો તેમ અમે કરશું. પણ આવી બાબતમાં તમારી બુદ્ધિ ન ચાલે. તમારી બુદ્ધિ વ્યવહારનાં કામકાજમાં જ ચાલે. કેમ જે, તમારી બુદ્ધિ વ્યાવહારિક છે. ૧૮. **જ્ઞાનમાર્ગની બુદ્ધિ(સમજણ) કાંઈ અલગ જ હોય છે. જ્ઞાનનાં ક્ષેત્રમાં બીજી બુદ્ધિ તો અંધ કહેવાય અને તેવી જ્ઞાનમાર્ગની બુદ્ધિ મેળવ્યા સિવાય તો કોઈ જીવનો મોક્ષ થાય જ નહીં. ૧૯. જ્ઞાનમાર્ગની બુદ્ધિ વગરના લોકોને અમે ભૂત જેવા દેખીએ છીએ.**

ત્યારે નાગરોએ કહ્યું, કોઈ સંત આવી વાત તો કહેતા જ નથી. ૨૦. સંતો તો એવું કહે છે કે, અમને આદર ભાવથી માનો, તેનાથી તમારો મોક્ષ સહેજે થઈ જાશે. અમને જમાડો, અપાર ભાવથી પૂજો, તમારા માટે મોક્ષના દરવાજા ખૂલી જાશે. ૨૧. અમને તો એવી વાતો રુચે છે. આગળની બાબત તો કોઈ જોતું નથી. પ્રભુ ! આપની વાત તો તોપના ગોળા જેવી લાગે છે.૨૨.

અમે નિશ્છળ ભાવથી આપને કહીએ છીએ. આપ કૃપા કરીને અમને કલ્યાણકારી વાત કહો. આપ તો જેવું પાત્ર હોય તેવી વાત કહો છો. અને અમો તો બધા વિષયમાં આસક્ત છીએ. ૨૩.

તે વેળાએ શ્રીહરિએ નાગરોને કહ્યું, પંચવિષય તો એક પ્રબળ અસાધ્ય રોગ છે. જીવ જે જે સ્થાવર, જંગમ શરીરને પામે છે, ૨૪. તથા લખચોરાશીમાં જીવને બધી જાતના શરીર આવી જાય છે. ત્યારે જીવને જ્યાં જેવું શરીર મળે, ત્યાં તે જીવને તે જાતના વિષય હોય છે. ૨૫. લોઢા સુધીના પદાર્થોને પણ વિષય હોય છે. ચમકને દેખીને લોઢું પણ ચંચળ થઈ જાય છે. વિષય તો એવા રહ્યા છે. ૨૬. આ જીવ સાત સાગર કરતાંય વધારે તો માતાનું દૂધ ધાવી ચૂક્યો છે. આમ, જીવે વારંવાર વધારેમાં વધારે દેહ ધાર્યા છે. ૨૭. જીવે જે જે દેહ ધાર્યા છે, તેમાં તે અધિકમાં અધિક વિષયોમાં લીન રહ્યો છે. તેથી જીવને હવે તૃપ્તિ ક્યાંથી થાય ? ૨૮.

સળગતી આગમાં સૂકાં લાકડાં અને ઘી જેમ જેમ હોમાતાં રહે, તેમ તેમ તે આગ વધારે વધારે ભભૂકે. ઈંધણ આપવાથી તે ક્યારેય બુઝાય નહીં. ૨૯. મનુષ્યનાં હૃદયમાં ઝેરનો અભાવ સ્વાભાવિક રીતે રહ્યો છે, તે રીતે જ જો વિષયનો અભાવ અત્યંત અને સ્વાભાવિક રીતે થઈ જાય તો સત્સંગમાં રુચિ થાય છે. અને તેને લીધે જીવને આ સંસારનું સર્વે ભટકણ અને વિષય કાયમને માટે નષ્ટ થઈ જાય છે. ૩૦. **મનુષ્ય ભલે પશુના જેવો પામર હોય, પણ જો તેને સત્સંગનો જોગ રહે અને તેને સત્સંગનો રંગ ચઢી જાય તો તે દેવો કરતાં પણ વિશેષ સમજણવાળો થઈ જાય છે. ૩૧.**

ચોપાઈ :

साचे सत्संग जोग करही, मति उत्तम होत कोउ तरही;
साचे सत्संग करे विन ही, मति उत्तम न होवत किन ही...३२

विषय को जीन करी होय अभावा, साचे सत्संग तेहि कहावा;
विषय में राग रहे हे जेसे, हरि में पीछे होवेऊ तेसे...३३

विषय के गुन रहे जिहाँ लगहु, हरि में मन न चोटत तिंहाँ लगहु;
द्रव्य त्रिया को होय त्यागा, भगवान विन ओर में न रागा...३४

ખરેખર જીવને સાચા સત્સંગનો જોગ થાય, તો કોઈ પણ રીતે તેની બુદ્ધિ ઉત્તમ થઈ જ જાય છે. સાચો સત્સંગ કર્યા વિના કોઈની પણ બુદ્ધિ ઉત્તમ(શુદ્ધ) થાતી નથી. ૩૨. જેનાથી જીવનાં હૃદયમાંથી વિષયનો અત્યંત અભાવ થઈ જાય, તેને જ સાચો સત્સંગ કહેવાય છે અને વિષયનો અભાવ કરાવનારો તે સત્સંગ થયા પછી, જીવને સત્સંગ થયા પહેલા જેવી વિષયમાં પ્રીતિ હતી, તેવી પ્રીતિ પરમેશ્વરનાં સ્વરૂપમાં થાય છે. ૩૩. અંતરમાં જ્યાં સુધી વિષયનો ગુણ મનાતો હોય ત્યાં સુધી તે અંતર ભગવાનનાં સ્વરૂપમાં ચોંટે નહીં. જેણે ધન અને સ્ત્રીનો ત્યાગ કર્યો હોય, જેને ભગવાન સિવાય બીજામાં ક્યાંય પ્રીતિ ન હોય, ૩૪.

જેટલા વ્યસન કહેવાય છે, તે બધાનો જેણે દૂરથી જ ત્યાગ કર્યો હોય અને જેમની પાસે આવીને બેસનારા મનુષ્યમાત્રને ભગવાનનાં સ્વરૂપમાં જોડી દે, ચોંટાડી દે, તેને સાચા સંત જાણવા અને ભગવાન સિવાય બીજી બાબતમાં જે ચોંટાડે, તેને તો પેટભરા સંત જાણવા. ૩૫-૩૬. આટલી વાત કરીને શ્રીહરિ તો ચાલતા થયા. મહાન દિગ્વિજય કરીને શ્રીનગરની બહાર આવ્યા. ૩૭. બધા ભક્તોએ જયજયકાર બોલાવ્યો. વાજિંત્રો ઉમંગથી વાગતાં હતાં.

ત્યારે જે સવારી આવી હતી, તેને શ્રીહરિએ કહ્યું, ૩૮. રથની સાથે જે તમે સહુ આવ્યા છો તે પાછા વળો અને બધા હરિભક્તો પણ પાછા વળો. ૩૯. ત્યારે હરિભક્તો અને સવારીના બધા માણસો શ્રીહરિને પગે લાગ્યા. શ્રીહરિએ ચાલતી વખતે સહુને ફૂલના હાર આપ્યા. ૪૦. હરિભક્તો જે મેવો લાવ્યા હતા, તે શ્રીહરિએ સવારીને અને સહુને આપ્યો. તેથી સહુ ઘણા પ્રસન્ન થયા. પછી સહુ શહેરમાં પાછા આવ્યા. ૪૧. શ્રીહરિ પ્રાણનાથ શુક્લની ગાડીમાં બેઠા અને **જેતલપુર** પહોંચ્યા. ત્યાંના બધા ભક્તો સન્મુખ આવ્યા. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'શ્રીહરિ શ્રીનગરમાં દિગ્વિજય કરીને જેતલપુર આવ્યા' એ નામે ઓગણોતેરમો તરંગ સમાપ્ત ॥૬૯॥



પૂર ચૌદમું : તરંગ - ૭૦

સંતોનો સર્વસ્વ સમર્પણનો વિચાર

જેતલપુરમાં જે સંતો અને પાર્ષદો હતા, તે તેમજ પર્વતભાઈ વગેરે સહુ શ્રીહરિની સન્મુખ આવ્યા. ૧. સહુ આવીને પગમાં પડ્યા અને શ્રીહરિને ફૂલહાર પહેરાવ્યા. ઢોલ અને ત્રાંસાં વગેરે વાજિંત્ર વાગતાં હતાં અને તેના પ્રતિધ્વનિથી આકાશ બધું ગાજતું હતું. ૨. શ્રીહરિ ગામમાં આવ્યા. રાજ બજારે જ્યારે ચાલ્યા ત્યારે પુરવાસી બધા લોકો આવીને બજારમાં ઊભા રહ્યા. ૩. જ્યારે સંધ્યા સમય થયો ત્યારે બે મશાલો કરી. લોકો હાથમાં ફૂલહાર લઈને ઊભા હતા. તેઓ ઘણા પ્રેમભાવથી શ્રીહરિને ફૂલહાર પહેરાવતા હતા. ૪. ગામમાં વિશાળ મંદિર હતું. શ્રીહરિ ત્યાં ઊતર્યા. ત્યાં ચોકમાં સભા કરી. તે સભા વચ્ચે શ્રીહરિ બેઠા. ૫.

બહુનામી ઊંચા પલંગ ઉપર પૂર્વમુખે બેઠા હતા અને આજે ખૂબ જ પ્રસન્ન જણાતા હતા. ત્યારે ત્યાં બેઠેલા સંતોએ પૂછ્યું, મહારાજ ! આપ આજ ઘણા જ પ્રસન્ન દેખાઓ છો. આટલા પ્રસન્ન હમણાં ક્યારેય દેખાયા નથી. આ પ્રસન્નતાનું કારણ અમે જાણતા નથી. તો તેનું કારણ કહો, તો અમને પણ ખબર પડે. ૬-૭. પછી શ્રીહરિએ શ્રીનગર(અમદાવાદ)માં જે જે વાત બની, તે બધી સભા વચ્ચે વિસ્તારથી કહી બતાવી. તે સાંભળીને સહુ સંતો ઘણું પ્રસન્ન થયા. ૮. હરિભક્તો પણ અત્યંત પ્રસન્ન થયા. સાકરના થાળ ભરી ભરીને લાવ્યા. સભામાં અને ગામમાં સહુને પોશ ભરી ભરીને સાકર વહેંચી. ૯. શ્રીનગર(અમદાવાદ)માં દીવાન(સૂબા)ની રાજસભામાં શ્રીહરિનો દિગ્વિજય થયો. પરમેશ્વરે જેમ ધાર્યું હતું, તેમ થયું અને અવિદ્યાનું ધાર્યું ફરી ગયું. ૧૦.

જેમનું અપમાન કરવાનું ધાર્યું હતું, તેમનું સન્માન કર્યું. તે દીવાને શ્રીહરિની આગળ બંને હાથ જોડીને ઘણી વિનય વિવેકભરી ક્ષમા માગી. ૧૧. **પરમેશ્વર કરે, તો શું ન થાય ? જીવ પ્રાણીમાત્રની જીવનદોરી પરમેશ્વરના હાથમાં છે.** જેતલપુર ગામના બધા હરિભક્તોએ મળીને તે દિવસ સારી

રસોઈ કરાવી. ૧૨. શ્રીહરિ તે રસોઈ જમ્યા. જે સાથે હતા, તે સહુ પણ જમ્યા. પછી શ્રીહરિ આવીને પલંગ ઉપર બેઠા. ૧૩. જેતલપુરના ભક્તજનોએ પહેલા શ્રીહરિની પૂજા કરી અને પછી ઘણા જ વિનય-વિવેકથી બે હાથ જોડીને શ્રીહરિને કહ્યું, હે ધર્મકિશોર ! આપ અમારા સહુના ઘરે પધરામણી કરવા ચાલો. ૧૪. ફરીવાર આપનાં દર્શન અમારે માટે વારંવાર(અત્યંત) દુર્લભ છે. માટે આપ કૃપાળુ અમારા ઉપર મેર કરીને કૃપા કરો. ૧૫.

હરિભક્તોનો ઘણો જ ભક્તિભાવ દેખીને શ્રીહરિ તરત જ ચાલ્યા. તેમને ઘેર ઘેર ફરીને પધરામણી કરી. તેટલી વારમાં એક પહોર(૩ કલાક) રાત વીતી ગઈ. ૧૬. હરિભક્તોનાં મનમાં જેવો ભાવ હતો, તેવી તેમણે પૂજા કરી. ગામમાં જેટલા વિપ્રોના ઘર હતાં, ત્યાં પ્રથમ પધરામણી કરી હતી. ૧૭. અને તે પછી જે પાટીદારોના ઘર હતા, ત્યાં પધરામણી કરી. તે પછી જે ક્ષત્રિય હરિભક્તો હતા, તેમને ઘેર પધરામણી કરી. ૧૮. ત્યાં સુતાર હરિભક્તો ઘણા સારા ભાવવાળા હતા. તેમને ઘેર પણ પધરામણી કરી. તે સિવાયના બીજા પણ જે જે હરિભક્તોનાં ઘર હતાં, ત્યાં બધે શ્રીહરિની પધરામણી તે તે ભક્તોએ કરાવી. ૧૯. તે પછી સરોવરને કિનારે જે પુરાતની મહોલ છે, તેમાં શ્રીરામ અને શ્રીકૃષ્ણની મૂર્તિઓ પધરાવેલી હતી. ૨૦. તે મૂર્તિઓને ગામમાં પધરાવી અને તેની પૂજા કરવી વગેરે કામ હરિભક્ત વિપ્રોને આપ્યું.

પછી તે મહોલમાં તો કાયમ રાત દિવસ સંતો રહેતા હતા. દસ, પંદર અને ક્યારેક તો વીશ જેટલા સંતો ત્યાં રહેતા હતા. ૨૧. સંતો તો મંડળનાં રૂપમાં આસપાસના ગામોમાં ફરતા રહેતા. જે વધારે બીમાર સંતો હોય તેઓ આવીને મહોલમાં રહેતા અને ત્યાં તે બીમાર સંતોની સેવા બીજા સંતો હોય તે કરતા હતા. ૨૨. તે બીમાર સંતોને દર્શન દેવા માટે શ્રીહરિ પ્રેમથી ત્યાં મહોલમાં આવ્યા. ત્યાં મુક્તાનંદસ્વામી આવ્યા હતા અને ભણનારા સંતો તેમની સાથે હતા. ૨૩. રામદાસજીસ્વામી પણ ત્યાં હતા. તેઓ ઘણા જ વૃદ્ધ થઈ ગયા હતા. બધા સંતોને બોલાવીને શ્રીહરિ તેમને મળ્યા, ભેટ્યા અને તેમને ઘણું જ હેત દેખાડ્યું. ૨૪.

શ્રીહરિએ સંતોને કહ્યું, તમારા સમાન કોઈ સમર્થ નથી. અમે જેમ આજ્ઞા કરીએ છીએ, તેને અનુસરીને તમે બધા રહો છો. ૨૫. અમારાં વચન ઉપર જ તમારે સહુને એક તાન છે. બીજા બધા લોકો ચાહે તેમ બોલે, તેમાં તમે કાંઈ માન-અપમાન ગણતા નથી. ૨૬. મયૂરધ્વજ રાજાએ, હરિશ્ચંદ્ર રાજાએ અને પ્રહ્લાદજીએ ઘણું જ કષ્ટ સહન કર્યું. કદર્ય બ્રાહ્મણ અને જડભરતે પણ બહુ દુઃખ વેઠ્યું, ત્યારે જ તેઓ બધા જગદ્‌વંદ્ય બન્યા હતા. ૨૭. તમને તો તે બધા કરતાં પણ વધારે જગદ્‌વિખ્યાત કરવા છે અને દિનપ્રતિદિન અદ્‌ભુત સંત બનાવવા છે, એવું અમારાં મનમાં તાન રહે છે. ૨૮.

⁕ ભગવાન રાજી થાય તો જીવનની સાર્થકતા :

चोपाई :

संत कहे तुम प्रसन्न जेसे, रहो हमारे तान हे तेसे;
ओर प्रसन्न भये का होई, विचार अहोनिश करत सोई...२९
तुम हि प्रसन्न भये जो तामें, आये सब ब्रह्मांड यामें;
देव मात्र कहावत जो जेते, आई गये तुममें सब तेते...३०
इतने दिन तन धरे जितना, व्यर्थ हो गये सब हि तितना;
यह तन एक हि लेखे आये, तुमकु अब यह अरपन कराये...३१

ત્યારે સંતોએ કહ્યું, આપ અમારા ઉપર જે રીતે પ્રસન્ન રહો, એવું જ અમારે તાન રહે છે. બીજા કોઈ રાજી થાય, તો તેનાથી શું થવાનું છે ? આવો વિચાર અમે રાતદિવસ કરીએ છીએ. ૨૯. આપ એક પ્રસન્ન થાઓ તેમાં આખું બ્રહ્માંડ આવી જાય છે. જેટલા દેવો કહેવાય છે, તે બધા આપમાં જ આવી ગયા છે. ૩૦. આટલા સમય સુધી અમે જે જે દેહ ધર્યા છે, તે બધા આપના વિના વૃથા-નિરર્થક ગયા છે. આ અમારો એક જ દેહ લેખે લાગ્યો છે. કેમ જે, હવે તે આપને અર્પણ કરી દીધો છે. ૩૧. **જે જેને વસ્તુ અર્પણ કરી દે છે, તે તેના ઉપર મમત્વ નથી રાખતા. એકવાર જે વસ્તુ અર્પણ કરી દીધી હોય અને પછી તેના ઉપર તે જો મમત્વ રાખે, તો અર્પણ કરનારાની જેટલી પ્રતિષ્ઠા હોય તે બધી ઘટી જાય છે અને એકવાર જે પ્રતિષ્ઠાની હાનિ થઈ હોય તો ફરીવાર તેવી પ્રતિષ્ઠા તેને ક્યારેય મળતી નથી.** ૩૨-૩૩.

શૂરવીર યોદ્ધો રણમાં સંગ્રામ કરવા જાય અને જ્યારે સંગ્રામ શરૂ થાય ત્યારે જો પાછો ભાગી આવે તો તેની પ્રતિષ્ઠાનો નાશ થઈ જાય છે અને પછી તે યોદ્ધો ફરીને કરોડો વાર જઈને લડે, પણ એક વાર ગયેલી પ્રતિષ્ઠા ફરીને પાછી આવતી નથી. ૩૪. કોઈ સ્ત્રી પતિના મૃત્યુ પછી સતી થવા ગામથી બહાર જાય, ત્યારે નરનારીઓ સતીનો જય બોલાવે, સ્ત્રી ચિતા ઉપર બેસે પણ આગને દેખીને ઊઠી જાય અને ભાગે, તો તેની અપકીર્તિ થાય, પછી તરત જ જો આગમાં બળી જાય, તો પણ એક વાર લાજ ગઈ હોય તે ફરીને આવે નહીં. એવી વાતો તો અપરંપાર છે. અમે વારેવારે તે વિચાર કરીએ છીએ. ૩૫-૩૬. વારેવારે વિચાર્યા વિનાનું અનિયંત્રિત મન ઇંદ્રિયોરૂપી દ્વારથી ભટકવા નીકળી જાય છે. ૩૭. સાંખ્ય અને યોગના અખંડ અભ્યાસથી દોર ઉપર ચાલતા નટની માફક નિયંત્રણમાં રાખે ત્યારે મન ત્રાસ પામે છે. ૩૮.

ત્યારે શ્રીહરિએ કહ્યું. તમારી સમજણમાં ઘણો ફરક છે. તમે દેહને અર્પણ કરી દીધો, પછી મન તમારું રહ્યું જ ક્યાં ? ૩૯. જો મનને પોતાનું રાખશો, તો મનની પાછળ તો દેહ રહ્યો છે, એટલે તમારી સમજણમાં ફેર છે. તમે અર્જુનના જેવા સર્વ-સમર્પણનો વિચાર રાખો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'સંતોને સર્વ સમર્પણનો વિચાર કહ્યો' એ નામે સિત્તેરમો તરંગ સમાપ્ત ॥૭૦॥



પૂર ચૌદમું : તરંગ - ૭૧

વચનનું મહત્ત્વ બતાવવા ઘૂંઘટાનું પ્રકરણ ચલાવ્યું

જેતલપુરમાં તે વેળાએ સંતોએ બે હાથ જોડીને શ્રીહરિને કહ્યું, આપ ધર્મકિશોર અર્જુનના કેવા વિચાર બાબતે કહો છો ? ૧. ત્યારે શ્રીહરિએ કહ્યું, હું તે વાત કહું છું, તમે સાંભળો. જ્યારે ગીતાનો ઉપદેશ પૂર્ણ થયો ત્યારે શ્રીકૃષ્ણના પ્રત્યે અર્જુને કહ્યું, ૨.

सोरठा : तुमारे करी प्रसाद, स्मृति सब में पाये अब;
तजीके मोह प्रमाद, तुमारे वचन कर हि तिमि...०३

नष्टो मोहः स्मृतिर्लब्धा त्वत्प्रसादान्मयाच्युत ! ।
स्थितोऽस्मि गतसन्देहः करिष्ये वचनं तव ।।

(गीता. १८/७३)

આપની કૃપાથી મને બધી સ્મૃતિ પ્રાપ્ત થઈ ગઈ છે. મોહ અને પ્રમાદ નષ્ટ થઈ ગયા છે. હવે આપ કહેશો તેમ હું કરીશ. ૩. અર્જુનનું તે વચન સાંભળીને શ્રીકૃષ્ણ અતિશય પ્રસન્ન થયા અને અર્જુનની પાસે અસુરરૂપી વનને કપાવી નાખ્યું. ૪. ક્ષત્રિયોનો જેવો ધર્મ હતો, તેને અનુસારે તે વખતે અર્જુને કર્યું. **સાધુના ધર્મમાં જે સાધુતા છે, તે હથિયારથી મોટી છે.** (તેના સમાન કોઈ આવે નહીં.) ૫.

જ્યારે બળિરાજાએ દેવોને જીતી લીધા, ત્યારે બધા દેવો ભગવાનની પાસે ગયા. દેવોએ વિનયભાવે જ્યારે બહુ પ્રાર્થના કરી, ત્યારે ભગવાન એકલા જ તત્કાળ ચાલ્યા. ૬. બટુક વામનરૂપ ધર્યું. તે રૂપ મહાન રમણીય હતું. અસુર નરનારી જે કોઈ હતા, તે બધા તેમને દેખતાની સાથે જ તેમાં લીન-તન્મય થઈ ગયા. ૭. બળિ તો તે વખતે દેખતા જ રહ્યા. વામન ભગવાને અમૃતનાં જેવાં સરસ વચન કહ્યા. તે સાંભળતાં જ બળિએ જેમ કહ્યું તેમ કર્યું. તેમાં યુદ્ધનું કાંઈ કામ પડ્યું જ નહીં. ૮.

'સાધુતાથી જેવું કામ થાય છે, તેવું કામ યુદ્ધ કરવાથી થાતું નથી. જે ઘણા જ મોટા હોય છે, તેમને યુદ્ધમાં કોઈ ક્યારેય જીતી શક્યા નથી.' ૯. બ્રહ્માજીના આ વચનને સાચું માનવું. તેને ક્યારેય ખોટું ન માનવું. ન્યાયનું સત્(બળ) અસુરોમાં રહ્યું છે અને તેને લીધે જ તે જીતી શકાતા નથી. ૧૦. મોટા કલાવંતોમાં પણ ભગવાન અપાર અને અનંત કલાધર છે. ભગવાન ક્યારેક યુદ્ધ કરે છે. તે તેમની લીલા છે. પરંતુ ભગવાન તો યુદ્ધ કર્યા વિના એકલા જ બધા રાજાઓને જીતી લે છે. ૧૧. એટલા જ માટે ભગવાનને ભૂપોના પણ ભૂપ-મહારાજાધિરાજ ઠેકઠેકાણે કહ્યા છે. અને વળી, જે અંતઃશત્રુઓ છે, તે તો અસુરોથી પણ મોટા અસુર છે. ૧૨.

✵ પંચ વ્રતમાન વિષે :

તે અંતઃશત્રુરૂપી મોટા અસુરોને જીતવાનું અમને તાન રહે છે. માન, લોભ, કામ, રસાસ્વાદ અને સ્નેહ એ પાંચ અંતઃશત્રુ છે. તેને મારવા માટે નિર્માન, નિર્લોભ, નિષ્કામ, નિઃસ્વાદ અને નિઃસ્નેહરૂપી પાંચ મોટાં અસ્ત્ર છે. તે મોટી તોપો કરતાં પણ વધારે શક્તિશાળી છે. અને આ અસ્ત્રો એવાં છે કે, તે કોઈના દેખવામાં આવતા નથી. ૧૩-૧૪. પોતાના અને બીજાના મોક્ષ માટેની આ વાત છે. તે થોડા પુણ્યવાળાને માટે તો ઘણી દુર્લભ છે. ૧૫.

सोरठा : भगवान मिले जाय, ताकु प्रसन्न करन हित;
कहे तिमि करना ताय, तिनसे अधिक न संत हि...१६

જેને પ્રત્યક્ષ ભગવાન મળ્યા હોય અને તે પ્રગટ ભગવાનને રાજી કરવા માટે તેઓ જેમ કહે તેમજ કરતા હોય, એવા સંતથી કોઈ અધિક નથી. ૧૬.

चोपाई :

अधिक में अधिक संत हि तेहा, वचन कु जीवन माने जेहा;
बद्रिकाश्रम श्वेतद्वीप तामें, बडे बडे सिद्ध रहे यामें...१७
तीनसे बडे यह संत रहाये, वचन में जेते निवास कराये;
अमुल में अमुल भूषन जेहु, वचन जो दृढ रखत हे तेहु...१८

અધિકમાં અધિક(મોટામાં મોટો) સંત તે છે કે જે ભગવાનનાં વચનને જ પોતાનું જીવન માને. બદરિકાશ્રમ અને શ્વેતદ્વીપમાં જે મોટા સિદ્ધો રહે છે, ૧૭. તેમના કરતાં પણ આ સંત મહાન છે, કે જે ભગવાનનાં આજ્ઞાવચનમાં નિરંતર રહેતા હોય છે. ભગવાનના વચનને દઢ કરીને રાખવું, એ ભક્તોનું-મુમુક્ષુઓનું અમૂલ્યમાં અમૂલ્ય આભૂષણ છે. ૧૮. જગતમાં પણ જે પોતે કહેલાં વચનને માને છે, તેના ઉપર વિશેષ હેત થાય છે અને જે વચન પાળવામાં જેટલી કસર રાખે છે, તેના ઉપર તેટલું હેત થાતું નથી. ૧૯. જો માયિક વ્યવહારમાં આવું દેખાતું હોય અને તેમાં થોડીએ કસર ન ચાલતી હોય, તો ભગવાનના જે વચનો છે, તે તો બધા અમાયિક છે, તેમાં તો કસર ચાલે જ ક્યાંથી ? ૨૦. **અને તે વચનના જેવી તો બીજી કોઈ મોટી કસોટી નથી, માટે તેમાં તો રતીભાર પણ કસર ચાલે નહીં. માનવસમાજમાં સર્વત્ર**

સહુ કોઈ બીજા મોટા કરતાં પણ પોતે પોતાને મનમાં મોટો માનતા હોય છે, પણ તે બીજા કોઈના દેખ્યામાં આવતું નથી, પણ સંતોની આજ્ઞાકારિતા બીજા લોકોને દેખાડવાને માટે અમે વારંવાર પ્રકરણ ફેરવતા રહીએ છીએ. ૨૧-૨૨. તેમાં જેને મોક્ષનો અતિ ખપ હોય તેટલા જ નભી શકે છે. જેને ખપ ન હોય, તેઓ તત્કાળ ચાલી નીકળે છે. જે વધારે કપટી હોય તેમને રાખો તોયે તે સત્સંગમાં રહે નહીં. ૨૩.

સત્સંગમાં જો એક જ માણસ દૂષિત હોય તો તે બધાને દૂષિત દેખાડે છે. સોની સોનામાં જેટલો બગાડ દેખે છે તેટલું તેને તપાવે છે. ૨૪. સોનું સોળવલું થાય ત્યાં સુધી તેને તપાવે છે. તપાવ્યા વિના સોનું ક્યારેય શુદ્ધ થાતું નથી. અમે પણ એમ જ કરીએ છીએ. ૨૫. જેના જે કસબી હોય તે તેમાં પ્રવીણ હોય છે. જે મતિહીન હોય તે ગુરુએ કહેલા વચન પ્રમાણે નથી ચાલતા, અને વિષયમાં રાગ રાખે છે. તેઓ જે શિરોમણિ સંત હોય તેમનાથી વધારે ત્યાગ બતાવે અને અમારો પણ ડર રાખે નહીં. ૨૬-૨૭. એવા મનુષ્યને માટે થઈને અમે આજે એક પ્રકરણ ફેરવીએ છીએ.

હવે જે અમારા સંતો છે, તેમને અમે પ્રેમથી કહીએ છીએ. ૨૮. અમારા જે સંતો કહેવાય છે, તેમણે પોતાનાં મોઢા ઉપર ઘૂંઘટો રાખવો. (કપડાથી મોઢું ઢાંકી રાખવું.) તે ઘૂંઘટો રાખવાની રીત શ્રીહરિએ પહેલા પોતે પ્રેમથી કરી બતાવી. ૨૯. જેટલા સંત હોય તે બધા મોઢા ઉપર ઘૂંઘટો રાખીને ભેળા રહે. તે બધાને દોરવા માટે એક સંત ઘૂંઘટો ન રાખે. જેનાં નેત્રની વૃત્તિ નિયમમાં હોય અને જેને સહુ સંતો પસંદ કરે, એવા પીઢ અને દૃઢ મનોબળવાળા સંતને જોઈને સહુને દોરવા માટે રાખવા. કોઈ એકની નજરથી પસંદ કરેલાને દોરવામાં ન રાખવા. ૩૦-૩૧. જે કોઈ સંતને નારીનું વસ્ત્ર એક વાર લગારેક પણ દેખાય તો ઉપવાસ કરવો. તે વસ્ત્ર જેટલી વાર દેખાઈ જાય, તેટલા ઉપવાસ તેણે કરવા. ૩૨. નારીનું વસ્ત્ર દેખાઈ જાય અને જે ઉપવાસ નહિ કરે, તેનું મરણ ક્યારેય સત્સંગમાં નહિ થાય. તેનો જ્યારે અંતસમય આવશે ત્યારે તેને લેવા જમદૂત આવશે. ૩૩. પછી જ્યારે તે 'હું ભૂલ્યો..હું ભૂલ્યો..' એમ વારંવાર ભગવાનને પ્રાર્થના કરશે અને 'હું

ભૂલ્યો..હું ભૂલ્યો..' એમ બધા સંતોને વારંવાર ચરણોમાં પડીને કહેશે, ૩૪. અને જેટલા ઉપવાસ જે નિમિત્તના ન કર્યા હોય, તે બધું સંતોની આગળ કહી દેખાડશે. હરિભક્તોની આગળ પણ હાથ જોડીને કહેશે કે, હું ભગવાનનો ચોર છું. ૩૫. હું બધા સત્સંગનો ચોર થયો છું. મેં જે ઘણો મોટો અપરાધ કર્યો છે, તેને હવે આપ સહુ માફ કરી દ્યો. વારંવાર મારે ભૂલ પડ્યા કરે છે. ૩૬. જ્યારે આ રીતે અત્યંત દીન થઈને સત્સંગમાં સહુને તેના ઉપર દયા ઊપજે એમ બહુ જ પરિતાપ-સંતાપ કરે, પછી તત્કાળ તેનો ઉદ્ધાર થાય છે. ૩૭. **ભગવાન, સંતો અને હરિભક્તોને જે રીતે દયા ઊપજે તેમ દીનભાવે કરવું, આ વાત બધી વાતોમાં યોગ્ય છે. ૩૮.**

सोरठा : निष्कपट जन हि जेहि, सरल चित्त दीनता अंग;
जन मात्र कु तब तेहि, क्रपा होत हे ताहि पर...३९
सेवा करने कि रुचि, इष्र्या मछर मान रहित;
कब ही याकी अरुचि, होवत नाहीं जन कु कबु...४०

જે મનુષ્ય નિષ્કપટ હોય, જેનું ચિત્ત સરળ હોય, જે દીન ભાવે રહેતો હોય, તેના ઉપર બીજા મનુષ્યમાત્રને કૃપા થાય છે. ૩૯. જેને સેવા કરવામાં રુચિ હોય, જેમાં ઈર્ષ્યા, માન અને મત્સર જેવા દોષ ન હોય, એવા મનુષ્યના પ્રતિ કોઈને ક્યારેય અરુચિ અણગમો થાતો નથી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'વચનનું મહત્ત્વ બતાવવા ઘૂંઘટાનું પ્રકરણ ચલાવ્યું' એ નામે એકોતેરમો તરંગ સમાપ્ત ॥૭૧॥



પૂર ચૌદમું : તરંગ - ૭૨

શ્રીહરિએ ઘૂંઘટાના પ્રકરણનું મૂળ કારણ દર્શાવ્યું

શ્રીહરિ જ્યારે વાતો કહી રહ્યા, ત્યાર પછી બધા સંતોને મળ્યા-ભેટ્યા. જેને માટે થઈને આ પ્રકરણ ફેરવ્યું હતું, તે સંત સુરતમાં હતા. ૧. મુક્તાનંદસ્વામી સુધ્ધાં કોઈ આ સંત બાબતમાં જાણતા ન હતા. હરિભક્તો

પણ કોઈ જાણતા નહી. શ્રીહરિ વાતમાં તેનો સંકેત કરતા હતા. ૨. મહારાજ કહે, દૂર દેશમાં ભાગવત ભણવા માટે બે સંતો એક નગરમાં રહ્યા છે. ૩. બેમાં એક સંત તો સાધુતાના અપાર ગુણોથી ભરપૂર છે અને જે બીજા છે, તે ઉતાર છે. પણ હરિભક્તો તે ઉતારને શ્રેષ્ઠ માને છે. ૪.

ત્યાંના બે હરિભક્તો જ્યારે અમારાં દર્શન કરવા આવ્યા, ત્યારે અમે તેમને પૂછ્યું કે, તમારે ત્યાં સુરતમાં અમારા બે સંત આવીને રહ્યા છે. ૫. તે બેમાં વધારે સારા-શ્રેષ્ઠ સંત કોણ છે, કે જે તમારા પારખ્યામાં તરત આવી ગયા હોય ? પછી તે હરિભક્તો સંતની પૂરી રીતને જાણતા ન હતા, તેથી તેમણે વગર સમજે કહ્યું. ૬. ગોરા સંત કરતા જે એક શામળા સંત છે, તે વધારે સારા અને બુદ્ધિમાન દેખાય છે. જે સંત ગોરા છે, તે તો ક્યારેય અમારી સામે પણ દેખતા નથી. ૭. અમે રોજ દર્શન કરવા જાઈએ છીએ, પણ તે સંત તો દૂરથી જ દર્શન કરવા દે છે. અમે જ્યારે સંત પાસે આવીએ ત્યારે તે સંત મુખ નીચું કરી દે છે અને બંને આંખોને મીંચી રાખે છે. ૮. મુખથી ક્યારેય બોલતા નથી. અમને તેમના ઉપર ઘણો જ ભાવ રહે છે. રોજ મેવા અને મીઠાઈ લઈ જાઈએ છીએ તો પણ તેઓ મુખમાં કાંઈ ખાતા નથી. ૯.

જ્યારે સમય પ્રમાણે રસોઈ જમવા બેસે છે, ત્યારે અન્નને ભેળું કરે, તેમાં પાણી નાખે અને પછી તેને ખાય છે. હરિભક્તો ઘણીવાર વિનંતી કરે, પણ તે સંત પકડેલી ટેકને છોડતા નથી. ૧૦. જ્યારે પુરુષોની સભા બેઠી હોય ત્યારે પ્રસન્ન મનથી અને ઉત્સાહથી ભગવદ્‌વાર્તા કરે અને તેટલી જ વાર કીર્તન ગાય, જો પુરુષ ન હોય તો ક્યારેય કાંઈ બોલે નહીં. ૧૧. જે શામળા સંત છે, તે અમને જોઈને વિશેષ મુખને પ્રસન્ન દેખાડે છે. તેની આંખોમાં તો માનો અમૃત ભર્યું હોય, અમને તો તેઓ સુખી સુખી કરી દે છે. ૧૨. તે અમારા અંગની-રુચિની વાતને પૂરી રીતે જાણે છે, એટલે આપ હવે તેમને અમારા નગરમાં રાખજો. ૧૩. સામર્થ્ય વગરના કોઈ સંત અમને રાજી રાખી શકે નહિ અને એવા સમર્થ સંત પણ ઝાઝા હોતા નથી, તેથી અમે આપને કહીએ છીએ. ૧૪.

શ્રીહરિ કહે, અમે પછી તે હરિભક્ત આગળ ઘણી અગાધ વાતો કહી, પણ તે જરાય કળી-સમજી શક્યા નહીં. હવે તે વાત થોડી કહું છું. ૧૫. અમારા સંત થઈને જે નારીની સામે દેખે છે, તેને અમે લબાડ કહીએ છીએ. તે બાબતને બધા હરિભક્તો જાણે છે. ૧૬. અમારા સંત થઈને જે નારીની સન્મુખ બેસે છે અને કોઈ પણ રીતે નારીનો પ્રસંગ રાખે છે, તો તેની બુદ્ધિ કાંઈ વિપરીત કે વિકૃત થઈ છે, એમ જાણવું. ૧૭. **અમારાં આજ્ઞાવચન છે, તે એક પ્રકારનો કોટ છે, તેને જે ઉલ્લંઘીને ચાલે અથવા તે કોટનાં દ્વાર ન હોય ત્યાંથી તોડીને જે ચાલે, તેની અમે થોડીએ મહોબત રાખતા નથી.** ૧૮. સંત, વર્ણી, સંન્યાસી અને પાર્ષદ, જે કોઈ પણ ધર્મ મર્યાદાની રીતને તોડે તેને સત્સંગથી બહાર કાઢી મૂકીએ છીએ. એવાની મહોબત લગાર પણ રાખતા નથી. ૧૯. ચાહે તેવો કોઈ ગુણવાન હોય, પણ જ્યારે તેમાંથી જીવ નીકળી જાય, પછી તેમાં શું રહ્યું ? બધા હરિભક્તોની જેવી રીત છે, તે પ્રમાણે સહુ તપાસ કરીને ચાલે છે. ૨૦.

ચાલવાની રીતે પદ્ધતિસર જે ચાલે છે, તે દરવાજે ચાલેલો કે સડક ઉપર ચાલેલો કહેવાય છે, અર્થાત્ તે કાયદેસર ચાલેલો કહેવાય છે, પણ જે દરવાજા વિના કે સડક વિના ચાલે છે, તે ગુનેગાર બને છે. ૨૧. ગુરુની રીતે ગુરુ કહે અને રાજાની રીતે રાજા કહે છે. બંનેની કહેવાની રીત ભિન્ન ભિન્ન હોય છે. તેને તમે લગાર પણ જાણતા નથી. ૨૨. સ્ત્રીઓનો બધો સત્સંગ વિવેક વિનાનો હોય છે. સ્ત્રીઓને કોઈ માન દઈને બોલાવે, તો તે તરત જ તેને આધીન થઈ જાય છે. ૨૩. અને કોઈ જો સ્ત્રીનું અપમાન કરે તો તે કલંક દીધા વિના રહે જ નહીં. સીતાના જેવી બીજી કોઈ નારી કહેવાય નહિ, પણ તેણે વગર વિચારે લક્ષ્મણને કડવું વેણ કહ્યું હતું. ૨૪. તો પછી બીજી કોઈ સ્ત્રીની તો વાત જ શી કહેવી ! જેટલું સ્ત્રીથી દૂર રહેવાય તેટલું તેનાથી બચી શકાય તેમ છે. ૨૫.

સ્ત્રીનાં જેટલાં અંગ છે, તેમાં કલંક વગરનું એક પણ અંગ નથી. એટલે જ જે પરમવિવેકી સ્ત્રી છે, તે પોતાના બધા જ અંગોને ઢાંકી રાખે છે. ૨૬. જે જે મોટા લોકો હોય તે અને રાજા-રજવાડાઓમાં સ્ત્રીઓને ઓઝલમાં રાખે છે.

છતાંએ તેને પરપુરુષથી દૂર રાખે છે. ૨૭. રાજદ્વારી રીત તો એવી હોય છે કે પોતાના પેટના બાળક જે કુમાર હોય છે, તે જ્યારે ધાવણ ધાવતા બંધ થાય છે, ત્યાર પછી તત્કાળ જ તેને દૂર રાખવામાં આવે છે. ૨૮. જેનાથી જે મોટા હોય, જેને અધિકથી અધિક કહેવાય તેમ જેમ જેમ મોટપ વધારે હોય તેમ તેમ તેમની લાજ-મર્યાદા પણ વધારે હોય છે. આવી રીતે જ બધો જનસમાજ છે. ૨૯. લાજ-મર્યાદા વગરના લોકો તો ફૂટેલા વાસણ જેવા ગણાય. ચાહે તેટલું રૂપાળું દેખાતું હોય, પણ ફૂટલું વાસણ કોઈ કામમાં ઉપયોગી થાય નહીં. ૩૦.

સોનામાં ઘણું રૂપ છે, સહુને તે પ્રિય લાગે છે, પણ જે લોકો બુદ્ધિશાળી છે, તે સોનામાં મોત દેખે છે. ૩૧. જે બુદ્ધિહીન માણસ હોય તેને સોનામાં મોત દેખાતું નથી. અને ઊંચી જાતના શ્રેષ્ઠ એવા જે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ તેમાં લોકો આંધળા થઈ જાય છે. ૩૨. **જે વિષય જેટલો ઉત્કૃષ્ટ હોય તેટલું તેમાં ત્વરિત મોત રહ્યું હોય છે. જેને ભય-ડર કહેવાય છે, તે બધું ઉત્તમ પ્રકારના વિષયોમાં રહે છે. ૩૩. જેટલું દુઃખ કહેવાય છે, તે બધું ઉત્તમ પ્રકારના વિષયોમાં રહે છે. જે લોકો ઉત્તમ પંચવિષયથી ડરતા રહે છે, તેમને અમે બુદ્ધિમાન જોઈએ છીએ. ૩૪.** એવા બુદ્ધિમાનના ઉપર અમને ઘણું હેત રહે છે. જેની બુદ્ધિમાં વિવેક છે, તે કોઈ જન્માન્તરે પણ હરિભક્ત થાશે. ૩૫. જેમાં વિવેક હોય તેને અમે સંત માનીએ છીએ અને વિવેકહીનને અમે અસંત માનીએ છીએ. લખચોરાશીનાં જે દુઃખ છે, તે વિવેકહીનને ભોગવવાં પડે છે. ૩૬.

આટલી વાત કરીને અમે તે બે હરિભક્તને ફરીવાર નિયમ ધરાવ્યા. આટલી વાત ઉપર જ અમે આ પ્રકરણ ફેરવ્યું છે. ૩૭. આ વાત જ્યારે મહારાજે કરી ત્યારે મુક્તાનંદસ્વામી આ વાત જાણતા હતા. પછી શ્રીહરિએ કહ્યું, તે વાતને ખાનગી રાખજો. કેમ જે, મળ ક્યારેય કાયમ ટકતો નથી. ૩૮. ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું, આ બાબતને તો હું ક્યારનોય જાણતો હતો, પણ જે પ્રતિષ્ઠિત થયા હોય, તેને કહેવામાં પણ ઘણું વિચારવું પડે છે. ૩૯. સ્વાભાવિક મોતથી કોઈ જો મરે તો દુનિયામાં તેની વિશેષ વાતો થાતી નથી, પણ જે કમોતે મરે છે, તેની વાત જગતમાં ઘણી વધી જાય છે. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'શ્રીહરિએ ઘૂંઘટાના પ્રકરણનું મૂળ કારણ દર્શાવ્યું' એ નામે બોતેરમો તરંગ સમાપ્ત ॥૭૨॥



પૂર ચૌદમું : તરંગ - ૭૩

સાબરમતીના તટમાં અંગ્રેજ અધિકારીની મુલાકાત

શ્રીહરિ જેતલપુરમાં રાત રોકાયા. સવારે ત્યાંથી ચાલતા થયા. અને **વસઈ**(તા. દસક્રોઈ)ના હરિભક્તોને દર્શન દીધાં. ૧. ત્યાં જેઠાભાઈ નામે પાટીદાર હતા. તેણે શ્રીહરિને પોતાને ઘેર પધરાવ્યા અને જેવો પ્રેમભાવ હતો તેવી ભેટ ધરી. ૨. ગામમાં પણ હરિભક્તોના જે ઘર હતાં તે સહુએ ભક્તિભાવથી શ્રીહરિની પધરામણી કરી. સહુનાં દિલમાં આનંદ ભર્યો હતો. એટલે બધાએ ઘણા પ્રેમથી પૂજા કરી. ૩. પછી વસઈથી સાબરમતી નદીએ આવ્યા. ત્યાં ઊતરીને જળમાં સ્નાન કર્યું. પછી કાંઈક ટીમણ કર્યું અને અશ્વ ઉપર બેઠા. ૪. શ્રીહરિની સાથે એક સો જેટલા ઘોડેસવારો રહેતા. વધારે ઘોડેસવારોને સાથે રાખ્યા ન હતા. જ્યારે કોઈ મોટો સમૈયો કરતા, ત્યારે જોઈએ તેટલા વધારે ઘોડેસવારોને રાખતા. ૫.

શ્રીહરિને સમય વિનાનો ભપકો કરવો ગમતો નહીં. અને એવી રીતે ફરવું ક્યારેય રુચતું નહીં. કોઈને પોતાની લગારેય ઓળખાણ ન પડે, ત્યારે શ્રીહરિ પોતે ઘણા ખુશ રહેતા. ૬. શ્રીહરિની કાયમની એવી રુચિ રહેતી. તેથી શ્રીહરિ ક્યારેય સામાન્ય માણસોના કળ્યામાં આવતા નહીં. તે સમયે કોઈ ટોપીવાળા અંગ્રેજ મોટા સરદાર ત્યાં નીકળ્યા હશે, તેણે શ્રીહરિને જોયા. ૭. તે અંગ્રેજ અધિકારી મનમાં ખુશ ખુશ થઈ ગયા. તેણે શ્રીહરિને કહ્યું, આપને લગારેય માન નથી. જેને અપાર લોકો માનતા હોય, તેનામાં માન ઘણું આવી જાય છે. ૮. **જેમાં જેટલું માન દેખાય, ત્યાં સુધી તે જીવ તેટલો ક્ષુદ્ર-હલકો રહે છે.** અમે તેવા ક્ષુદ્ર-હલકા લોકોને ક્યારેય માનતા નથી. આપના જેવાને અમે મોટા માનીએ છીએ. ૯. **આપના સંતો પણ આપના સમાન જ**

છે. તે સંતોએ વ્યસનમાત્રનો ત્યાગ કર્યો છે. તેઓ ધન અને સ્ત્રીના ત્યાગી છે. તેમને કોઈ પણ ભૌતિક પદાર્થમાં અનુરાગ-આસક્તિ નથી થતી. ૧૦.

તમારા સંતો છરી કે છૂટી લાકડી પણ રાખતા નથી. તે ઘણી આશ્ચર્યજનક બાબત છે. બધા જ મતપંથોથી તેમની રીત અલગ છે અને ઘણી અલૌકિક છે. ૧૧. અલૌકિક પુરુષ સિવાય આવી અલૌકિક રીત પ્રવર્તાવી શકાય નહીં. જે અલૌકિક પુરુષ હોય તે તેમની અલૌકિક રીતથી જ દેખી-સમજી શકાય છે. ૧૨. **અલૌકિક પુરુષને ઓળખવા ઘણું કઠિન કામ છે. સહુથી તેમને ઓળખી શકાતા નથી.** તે મેં ઝીણવટથી જોઈ લીધું છે. ૧૩. **જેના મોટા ભાગ્ય હોય અને જેના ઉપર મોટા પુરુષની કૃપા થાય છે, તેને જ મોટા પુરુષ ઓળખાય છે.** ૧૪. માણસ ચાહે તેવો હોશિયાર હોય પણ મોટા સદ્‌ભાગ્ય વિના મોટા પુરુષની ઓળખાણ ક્યારેય થાતી નથી. ૧૫.

सोरठा : बडे पुरुष के जेहु, जेतो करत सन्मान हि;
सन्मान तेतो तेहु, होवत हे यह भोमि पर...१६

કોઈ માણસ મોટા સત્પુરુષનું જેટલું સન્માન કરે છે, તો તેનું પણ આ ભૂમિ ઉપર તેટલું જ સન્માન થાય છે. ૧૬.

चोपाई :

बडे पुरुष ही के अपमाना, जेते जन करत जो अजाना;
अपमान किन तिनसे अपारा, अपमान पावत वारमवारा...१७

જે અજ્ઞાની માણસો મોટા સત્પુરુષનું અપમાન કરે છે, તેઓ મોટા પુરુષનું જેટલું અપમાન કર્યું હોય તેના કરતા અપાર અપમાન વારંવાર પામે છે. ૧૭. અમારા મોટા જે ટોપીવાળા હોય છે, તેઓ ભૂલથી પણ ક્યારેય કોઈનું લગારેય અપમાન કરતા નથી. અને તે બાબતે તેઓ ઘણા સાવધાન રહે છે. ૧૮. અને કોઈનું અપમાન નહિ કરવાના કારણથી જ તે અધિકારીઓ રોજબરોજ વધારે ને વધારે મોટાઈને પામતા જાય છે અને જે લોકો વગર વિચારે જેનું તેનું થોડુંએ અપમાન કરતા રહે છે, ૧૯. **તેઓ ક્યારેય એવી મોટાઈને પામતા નથી, પણ દિન પ્રતિદિન તેની મોટાઈ ઘટી જાય છે.**

અમારામાં પણ જ્યાં સુધી કાયદાની રીતે ચાલશે ત્યાં સુધી રોજબરોજ અમારા રાજ્યની ચોક્કસ અભિવૃદ્ધિ થાતી રહેશે, પણ જ્યારે છાની રીતે લાંચ લેવા લાગશે ત્યારે સમૂળગું રાજ્ય જતું રહેશે. ૨૦-૨૧. અથવા વગર વાંકે આપના જેવા મોટા પુરુષોનો જ્યારે અપરાધ કરશે ત્યારે રાજ્યનો નાશ થાશે અને બુદ્ધિમાંથી તેજસ્વિતાનો પણ નાશ થાશે. ૨૨. જ્યારે સ્વતંત્ર રીતે માણસનો હુકમ ચાલવા માંડે ત્યારે તેના દિલમાં નમ્રતા રહેતી નથી અને પોતાનું મન જેમ કહે તેમ કરવામાં તેને પ્રેમ થાય છે. ૨૩. અને વળી, જે બીજા બુદ્ધિશાળી માણસો હોય તે જ્યાં સુધી પ્રમાણ ન કરે, ત્યાં સુધી જેઓ પોતાની બુદ્ધિમાં ઘણી જ ન્યૂનતા સમજે છે, ત્યાં સુધી તેનામાં સહુ હેત રાખે છે, હિત કરે છે અને તેથી તેનું કાર્ય બગડતું નથી. પણ જે **ક્યારેય કોઈનું કહ્યું ન માને અને જે હિતકારી સલાહ આપે તેને તુચ્છ ગણી કાઢે, તો આગળ જાતાં કોઈ તેના ખરા મિત્ર રહે નહીં.** તે એકલો પડી જાય છે અને પછી તેનું જેટલું રાજ્ય હોય છે, તેને એક પળવારમાં જ ફરી જાતાં(જતું રહેતા) વાર લાગતી નથી. ૨૪-૨૬.

આપના સમાન સત્પુરુષનું જ્યારે અપમાન થાય છે ત્યારે નિશ્ચિત તેના રાજ્યનો નાશ થઈ જાય છે. ૨૭. મોટા પુરુષો ક્યારેય કોઈનું ભૂંડું કરતા નથી. તેઓ તો કલ્પવૃક્ષના સમાન છે. આવું વિશાળ બુદ્ધિવાળાને દેખાય છે. ૨૮. આ રીતે તે અંગ્રેજ અધિકારી શ્રીહરિને મળ્યા હતા. તે જ્યારે પોતાનાથી મોટા અધિકારી અંગ્રેજોને મળ્યા ત્યારે શ્રીહરિની મુલાકાત અને તે સમય થયેલી બધી વાત પરસ્પર કહી સાંભળી હતી. ૨૯. આવી બધી વાતો કહેતા કહેતા શ્રીહરિ **ધોળકા(વિરાટનગર)** આવ્યા. ત્યાં જે હરિભક્તો હતા, તે બધા શ્રીહરિના સમાચાર સાંભળીને સન્મુખ આવ્યા. ૩૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'સાબરમતીને કિનારે અંગ્રેજ અધિકારીની મુલાકાત થઈ' એ નામે તોંતેરમો તરંગ સમાપ્ત ॥૭૩॥



પૂર ચૌદમું : તરંગ - ૭૪

શ્રીહરિના પ્રતાપનું અમાપપણું કહ્યું

ધોળકાના હરિભક્તોમાં વિપ્ર રેવાશંકરભાઈ મુખ્ય હતા. બીજા પણ હરિભક્તો અપાર હતા. વણિકોમાં વના શેઠ હતા. ૧. સહુ ફૂલહાર લાવ્યા હતા. તે શ્રીહરિને પહેરાવી દીધા. પછી સહુ પગે લાગ્યા અને હાથ જોડીને કહેવા લાગ્યા, મહારાજ ! આપ કૃપાળુ છો, તો અમારા ઉપર કૃપા કરીને આ વખતે અમારા સહુને ઘેર પધરામણી કરો અને અહીંયાં એક રાત રોકાઓ. ૨-૩. બધા હરિભક્તોનો ભક્તિભાવ જોઈને શ્રીહરિ ધોળકા ગામમાં આવ્યા. આગળના ભાગમાં વાજિંત્રો વાગતાં હતાં અને બધી બજારો સ્વચ્છ કરાવી હતી. ૪. પુરવાસી બધા લોકો આવીને બજારમાં રાહ જોઈને ઊભા હતા. સહુએ હાથમાં ફૂલહાર લીધેલા હતા. તે ઘણા જ પ્રેમથી શ્રીહરિને પહેરાવતા હતા. ૫.

શ્રીહરિ વિપ્ર રેવાશંકરભાઈને ઘેર આવ્યા. તેમણે ત્યાં સારી રસોઈ કરાવી હતી. શ્રીહરિ રોટલી, ઘી, કેળા અને સાકર જમ્યા. ૬. પછી જે પાર્ષદો વગેરે હતા, તે બધાને પણ ઘી, કેળાં, સાકર અને રોટલી વગેરે જમાડ્યાં. પછી જેટલાં હરિભક્તોનાં ઘર હતાં, ત્યાં બધે કૃપા કરીને પધરામણી કરી. ૭. સહુએ ભક્તિભાવથી પૂજા કરી. હજી ચાર ઘડી(૧.૩૬ કલાક) દિવસ બાકી હતો. જે કેળા ભેટમાં આવ્યા હતા, તે પાર્ષદોએ લીધા. શ્રીહરિએ ધોળકાથી ચાલવાની તૈયારી કરી. ૮. શ્રીહરિ ચાલતા થયા ત્યારે અપાર હરિભક્તો શ્રીહરિને વળાવવા માટે પુર બહાર સાથે આવ્યા. બધા હરિભક્તોને ત્યાં જ ઊભા રાખ્યા અને પોતે રસ્તામાં ચાલતા થયા. ૯. પછી એક પહોર(૩ કલાક) રાત ગઈ ત્યારે **કોઠ** ગામ આવ્યા. તે ગામમાં ક્ષત્રિય હરિભક્ત ગોપાળજી નામે હતા. તેને ઘેર રાત રહ્યા. ૧૦.

રાતે રસોઈ કરાવીને સહુને જમાડ્યા અને સવાર થયું ત્યારે સહુ ત્યાંથી ચાલતા થયા. ૧૧. **જવારજ** ગામ થઈને આગળ **બળોલ** ગામ આવ્યા. ત્યાં નાડોદા રાજપૂત વીરાભાઈ નામે હરિભક્ત હતા. તેને ઘેર ઘનશ્યામ

શ્રીહરિ ઊતર્યા. ૧૨. તે વેળાએ તત્કાળ ત્યાં રસોઈ કરાવી. શ્રીહરિ ત્યાં જમ્યા. અને પાર્ષદોએ તો જમવામાં કાંઈ ખામી રાખી નહીં. ૧૩. તે દિવસોમાં પોષ માસ બેસી ગયો હતો. જરાય તડકો ન હતો. ગામમાં હરિભક્તોનાં જેટલા ઘર હતા ત્યાં મુનિપતિ શ્રીહરિની પધરામણી કરી. ૧૪. હરિભક્તોએ ઘણા જ ભક્તિભાવથી શ્રીહરિની પૂજા કરી. હરિભક્તોનું ઘણું હેત દેખીને શ્રીહરિ **પ્રસન્ન** થયા હતા. ૧૫.

મધ્યાહ્ન પછી બે ઘડી સમય ગયો ત્યારે(૧૨.૪૮ વાગ્યે) શ્રીહરિ બળોલથી ચાલ્યા. રણમાં પ્રવેશી આગળ ગયા. ૧૬. જે પાર્ષદો હતા તેમણે બધાએ મોટા લોટા અને ઘડામાં પાણી ભરી લીધું હતું. રણ પાર કરીને **રાયકા** ગામ આવ્યા. ત્યાં એક ચારણ હરિભક્ત હતા. ૧૭. દયાળુ પ્રભુએ તેને દર્શન દીધાં. પછી તત્કાળ **ખડોળ** ગામ આવ્યા. ત્યાં ઘણા ભારે ક્ષત્રિય હરિભક્ત હતા. સુખકારી શ્રીહરિ તેને ઘેર ઊતર્યા. ૧૮. ત્યાં દૂધ, ભાત અને સાકર શ્રીહરિને જમાડ્યા. તેમજ બધા પાર્ષદોને પણ દૂધ, ભાત અને સાકર જમાડ્યા. ત્યાં એક રાત રોકાયા. ૧૯. સવારે જ્યારે ઊઠ્યા ત્યારે તત્કાળ શ્રીહરિ તૈયાર થઈ ગયા. પરમ આનંદી સ્વભાવવાળા અવિનાશી શ્રીહરિ અશ્વ ઉપર બેઠા અને **ધંધુકા** ગામ આવ્યા. ૨૦.

ત્યાં આવીને સુખભાદર નદીમાં નાહ્યા. પછી સુખદાયક પ્રભુ ચાલ્યા. પછી સુખસાગર ભક્તપતિ **પડાણા** ગામ થઈને **અણિયાળી** ગામ આવ્યા. ૨૧. અને ત્યાંથી **સાલાસર** ગામ થઈને **સુંદરિયાણા** ગામ આવ્યા. ત્યાં ડોસા ખાચરને ઘેર જઈને ઊતર્યા. ૨૨. ત્યાં તત્કાળ રસોઈ કરાવી. શ્રીહરિ અને પાર્ષદો વગેરે સહુ જમ્યા. સુંદરિયાણાથી બપોર પછી ચાલ્યા તે **જાળીલા** ગામ આવ્યા. ૨૩. ત્યાંથી **ગોઢાવટા** ગામ આવ્યા અને ત્યાંથી **ગુંદા** ગામ આવ્યા. પછી ત્યાંથી ચાલેલા ઘનશ્યામ શ્રીહરિ **સારંગપુર** ગામ આવ્યા અને ત્યાંના હરિભક્તોને દર્શન દઈને આનંદ વધાર્યો. ૨૪.

સારંગપુરમાં દરબાર જીવાખાચર હતા. તેને ઘેર શ્રીહરિ ઊતર્યા. હવે તે વાતને આગળ કહું છું. ૨૫. પોતાની સાથે ભગુજી આદિ જે પાર્ષદો હતા, તે બધાને ગઢપુર મોકલી દીધા અને પોતાની સાથે એક મુકુંદાનંદ વર્ણીને જ

રાખ્યા. ૨૬. અગત્રાઈના હરિભક્ત પર્વતભાઈ, જે શ્રીહરિની સાથે અત્યાર સુધી હતા, તે શ્રીહરિની આજ્ઞા લઈને પોતાને ગામ અગત્રાઈ ગયા. તેઓ લગભગ દોઢમાસ સુધી શ્રીહરિની સાથે રહ્યા હતા. ૨૭. તેઓ ઘેર ગયા પછી તેમણે સોરઠમાં જેટલા હરિભક્તો હતા, તે બધાની આગળ શ્રીહરિ જ્યાં જ્યાં ફર્યા, તે બધી વાત કરી. ૨૮. જેટલા પ્રદેશમાં શ્રીહરિ જઈને ફર્યા, જે ગામમાં રાત રોકાયા, જ્યાં જેવી જેવી વાત કરી, હરિભક્તોનો જેવો સત્સંગ અને શ્રીહરિના ઉપર જેવું હેત હતું, ૨૯. જેવા હરિભક્તો હોય, જેવું ભોજન કરાવ્યું હોય, શ્રીહરિને જેવો થાળ ધરાવ્યો હોય, જેવી રીતે જે પૂજા કરતા હોય, તે બધું પર્વતભાઈ વારંવાર કહેતા. ૩૦.

ચોપાઈ :

हरिजन सुनत बात हि जेते, लिन हो जावत बात में तेते;
वात सुनत भयेउ जिस रीता, देखत प्रत्यक्ष तिस हि रीता...३१
वात सुनत भये हरिजन जितना, समाधि भये विन रहे न तितना;
हरि की बात में रहे प्रतापा, विधि जेसे करी सकत न मापा...३२

જે હરિભક્તો પર્વતભાઈના મુખથી વાતો સાંભળતા હતા, તેઓ બધા તે વાતોમાં લીન થઈ જાતા અને જેવી વાત સાંભળી હોય, તેવું તે બધું પ્રત્યક્ષ દેખતા હતા. ૩૧. જે જે હરિભક્તો આવી વાતો સાંભળતા હતા, તેમાં કોઈ પણ હરિભક્ત સમાધિ થયા સિવાયના રહેતા નહીં. શ્રીહરિની વાતોનો એવો પ્રતાપ છે કે તેનું માપ બ્રહ્મા જેવા પણ કરી શકતા નથી. ૩૨. તે વાતોના પ્રતાપનું માપ શિવ અને સતી પણ કરી શકતા નથી. અર્જુન જેવા પણ તે પ્રતાપનો પાર પામી શકતા નથી. વસુદેવ, દેવકી અને અક્રૂરજી પણ ક્યારેય શ્રીહરિના પ્રતાપની વાતોનું માપ કાઢી શકતા નથી. ૩૩. નંદજી, યશોદા અને ગોવાળો પણ તે પ્રતાપને માપી શકતા નથી. તે રીતે જ પાંડવો, દ્રૌપદી, કુંતાજી અને ઉદ્ધવજી એ બધા અત્યંત સમર્થ હતા, તે પણ તે પ્રતાપને માપી શકતા નથી. ૩૪. શ્રીકૃષ્ણ ભગવાનની સોળ હજાર અને એકસો પત્નીઓ, વળી તે સિવાયની આઠ પટરાણીઓ, એ બધામાં કોઈ શ્રીહરિનું માપ લઈ શકી ન હતી. ૩૫.

શુકજી, સનકાદિકો, નારદજી અને વ્યાસજી એ બધા મહાન સમર્થ ભગવદ્‌ભક્ત થયા, તે સિવાયના પણ દેવો કે મનુષ્યો, કોઈ પણ શ્રીહરિના અમાપ પ્રતાપનું માપ કાઢી શકતા નથી. ૩૬. **જીવ તો અત્યંત અલ્પ છે. તે જીવ જો ભગવાનના પ્રતાપનું માપ કાઢવા જાય, તો તેના જેવો બીજો કોઈ મૂઢ-મૂર્ખ નથી, એમ મોટા સમર્થ સત્પુરુષો કહે છે.** ૩૭. જો અમાપ વસ્તુનું માપ થઈ જાય, તો પછી તે અમાપ કેમ રહે ? તેને અમાપ કેમ કહેવાય ? જે અમાપ છે, તે અમાપ જ રહે છે. એવી આ વાત છે. ૩૮.

શ્રીહરિ એક સ્થાનમાં રહ્યા થકાં અનંત સ્થળે દેખાય છે. એવા શ્રીહરિ ભારે મહાસમર્થ છે. શ્રીહરિ જેવા બીજા કોઈ સમર્થ નથી. (તેઓ તો સહુના આત્મા છે.) ૩૯. દેહની રીત જુદી છે અને આત્માની રીત તેથી અત્યંત જુદી છે. જેની સમજણમાં ઠેકાણું ન હોય તેઓ તે દેહ અને આત્માની રીત એક માને છે. **(यस्याक्षरं शरीरं, यस्य पृथिवी शरीरं, यस्याऽऽत्मा शरीरं** એમ ઉપનિષદમાં કહ્યું છે.) ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'શ્રીહરિના પ્રતાપનું અમાપપણું કહ્યું' એ નામે ચુંમોતેરમો તરંગ સમાપ્ત ॥૭૪॥

પૂર ચૌદમું : તરંગ - ૭૫

ભુજથી સુંદરજીભાઈનો આવેલો પત્ર અને તેનો પ્રત્યુત્તર

શ્રીહરિ **સારંગપુર**થી ચાલ્યા, તે **નાગડકા** ગામ આવ્યા. સુરા ખાચરના દરબારગઢમાં અઢી મહિના સુધી રોકાયા. ૧. ત્યાં ભુજના હરિભક્તો શ્રીહરિનાં દર્શન કરવા માટે આવ્યા. તેમની સાથે એક પત્ર પણ આવ્યો હતો. ૨. તે પત્ર સુંદરજીભાઈ સુતારે શ્રીહરિના ઉપર લખ્યો હતો. તેમાં શ્રીહરિને અપાર ઉપમાઓ લખી હતી. તેમજ વાતની વિગત પણ ઘણી લખી હતી. ૩. કેટલાક કવિત લખ્યાં હતાં અને દોહા, સોરઠા પણ લખ્યા હતા. ચોપાઈ તથા મોતીદામ છંદ પણ લખ્યા હતા. ૪.

બદરિકાશ્રમ, શ્વેતદ્વીપ, વૈકુંઠ, ગોલોક અને અક્ષરધામમાં જે દિવ્ય સિંહાસન છે, તેની અદ્‌ભુત ઉપમા લખી હતી. ૫. તેમાં અદ્‌ભુત સ્વરૂપે શ્રીકૃષ્ણ રહ્યા છે કે જે સમસ્ત અદ્‌ભુતપણાનું કારણ છે. શ્રીદામા આદિક સર્વે અદ્‌ભુત પાર્ષદો જ્યાં રહ્યા છે. ૬. રાધા અને લક્ષ્મી આદિ પરમેશ્વરની અદ્‌ભુત બધી શક્તિઓ જ્યાં રહી છે અને તે શક્તિઓ અદ્‌ભુત રીતે પરમેશ્વરની સેવા કરે છે. જ્યાં રિદ્ધિ અને સિદ્ધિ આદિ ઘણી દાસીઓ રહી છે, એમ કહેવાય છે. ૭. જે જે વસ્તુમાત્ર કહેવાય છે, તે બધી ત્યાં અદ્‌ભુત રહી છે અને ત્યાં ભક્તિ તથા ધર્મ અદ્‌ભુત સ્વરૂપે શોભી રહ્યા છે અને તેનો વંશ પણ અદ્‌ભુત કહેવાય છે. ૮.

✻ ભગવદ્‌મહિમા :

चोपाई :

ताको हित करने हि काजा, भोमि उपर प्रगटे महाराजा;
हरिजन नाम धराये जेते, धर्मकुल आश्रित भये तेते...०९
ताके हित करने जो हीता, प्रगट भये हो परम हि मीता;
दश चोवीस ता विन अपारा, कहे हे जेते जो अवतारा...१०

ભક્તિ અને ધર્મના વંશનું હિત કરવાને માટે જ મહારાજાધિરાજ શ્રીહરિ ભૂમિ ઉપર પ્રકટ્યા છે. જેટલા 'હરિભક્ત' એવું નામ ધરાવે છે, તે બધા ધર્મકુળના આશ્રિત થયા છે. ૯. તેમનું હિત કરવા માટે જીવના પરમમિત્ર એવા આપ શ્રીહરિ પ્રગટ થયા છો. દસ અવતારો, ચોવીશ અવતારો અને તે સિવાયના બીજા જે જે અનંત અવતારો કહેવાય છે, તે આપનું રટણ કરતા રહે છે. ૧૦. વળી, **જેવું આ બ્રહ્માંડ છે, તેવાં બીજા અનેક અપરિમિત બ્રહ્માંડોં છે. તે પ્રત્યેક બ્રહ્માંડમાં બ્રહ્મા, ભવ અને ઇંદ્રાદિક અપરિમિત દેવો રહ્યા છે. ૧૧. જેટલા બ્રહ્માંડોં છે, તેટલા જ મહાસાગર છે અને તેટલા જ શેષજી વગેરે પણ છે. તે બધા જ સતત આપનું રટણ કરતા રહે છે. જે બ્રહ્માંડમાં જેવું કામ પડે ત્યાં તેવું શરીર આપ ધારણ કરો છો. ૧૨.**

અહીં વૃંદાવનમાં આપ ગોપીઓની સાથે જ્યારે રાસ રમ્યા, ત્યારે જેટલી ગોપીઓ હતી, તેટલાં સ્વરૂપ આપે ધાર્યા હતા. એવા આપ અપાર

સમર્થ છો. ૧૩. આપ રથમાં બેઠા હતા અને યમુનાજીના જળમાં અક્રૂરજીને આશ્ચર્યકારી સાક્ષાત્ દર્શન દીધાં હતાં. ૧૪. વાછરડાંઓને અને બાળકોને બ્રહ્મા જ્યારે લઈ ગયા, તે જ ક્ષણે આપે તે વાછરડાં અને બાળકોના તેવા જ અને તેટલાં જ રૂપ ધારણ કર્યાં હતાં. ૧૫. મોટા સાત આખલાઓને આપે સાત રૂપે થઈને નાથ્યા હતા. આવી તો કેટલીયે વાતો છે, લખતાં તેનો પાર આવતો નથી. ૧૬.

એકવાર નારદજી દર્શન કરવા દ્વારકા આવ્યા. ત્યાં ભગવાનની જેટલી પત્નીઓ હતી, તે દરેકના ભવને આપે તેટલાં રૂપે દર્શન આપ્યાં હતાં. ૧૭. ત્યારે નારદે બહુ પ્રતાપ દેખ્યો, પણ તે આપનાં સ્વરૂપનું માપ કરી શક્યા નહીં. હાલમાં આપ સત્સંગમાં ઠેકઠેકાણે હરિભક્તોને બહુ જ દર્શન આપો છો. ૧૮. એટલે કચ્છ દેશના બધા હરિભક્તો આપની આગળ બહુ બહુ વિનંતી કરીને કહે છે, ૧૯. પહેલા તો આપ વરસમાં બે-ત્રણ વાર કચ્છમાં આવીને ઘણું જ હેત દેખાડતા હતા. વર્ષાઋતુમાં જેમ મેઘ ધોધમાર જળ વરસાવે તેમ સહુને ઘણાં જ દર્શન આપતા હતા. ૨૦. પણ હાલ આપ બે વરસથી કચ્છમાં આવ્યા નથી. તેથી મનમાં ખેદ રહ્યા કરે છે. અમારી કાંઈક ભૂલ થઈ હશે. તેને લીધે આપ આવ્યા લાગતા નથી. ૨૧. કારણ કે, આપ ક્યારેય હરિભક્તોનો ત્યાગ કરતા નથી.

હરિભક્તોના ઉપર તો આપ ઘણો પ્રેમ રાખો છો. આપ વરસમાં બે વાર ઘણાં સંતોનાં મંડળોને મોકલો છો. ૨૨. અમારા ઉપર આપે એટલી કૃપા રાખી છે અને તેનાથી અમારો સત્સંગ રહ્યો છે. જ્યાં આપના સંતો જાય છે, ત્યાં સત્સંગ નવો-તાજો રહે છે. ૨૩. સંતો સંસારીને જેવો રંગ ચઢાવે છે, તેવો રંગ તેમને લાગી જાય છે. જ્યારે સંસારી જીવો સંતોનાં વચન સાંભળે છે, ત્યારે તેમનાં કર્મ છૂટી-ટળી જાય છે. ૨૪. જીવોને અનેક જન્મનાં મલિન કર્મોના જે મોટા પાશ લાગેલા હોય છે, તે સંતોના ઉપદેશ-વચનોને સાંભળવાથી છૂટી જાય છે. ૨૫. મલિન આચાર-વિચારવાળા ગુરુના જે શબ્દો હોય છે, તે મલિન પાશથી લોકોને બાંધી દે છે. તે પાશમાંથી તેમને આપના સંતો મુક્ત કરે છે. ૨૬.

સુંદરજીભાઈએ આવો જે પત્ર લખ્યો હતો, તે બધો શ્રીહરિએ વાંચ્યો. તે પછી તો શ્રીહરિના વિયોગમાં સુંદરજીભાઈએ પોતાનો દેહ તજી દીધો. ૨૭. તે પત્ર વાંચ્યા પછી શ્રીહરિએ કચ્છના હરિભક્તોના ઉપર પત્ર લખ્યો. ત્યાંના બધા હરિભક્તોને યાદ કરીને તેમનાં નામ લખ્યાં. ૨૮. ભુજમાં રહેતા ગંગારામ મલ્લ આદિ જે હરિભક્તો હતા, તેમના બધાનાં નામ લખ્યાં. ભુજમાં તો બધા બાળમિત્ર જેવા હતા. ૨૯. શ્રીહરિને મોઢે આવડતા તેમ તેમ બાઈભાઈ સહુનાં નામ લખ્યાં. જેને જેવી વાત લખવી ઘટે, તેને તેવી વાત પત્રમાં લખી હતી. ૩૦. શ્રીહરિએ પત્રમાં લખ્યું, સધવા અને વિધવા, એવી બધી સ્ત્રીઓએ તત્પર થઈને પોતાના નિયમોને પાળવા. મારા વચનથી તમારે સહુએ તે નિયમોને મારું સ્વરૂપ માનવું. ૩૧.

चोपाई :

वचन के आदर रखोगे जेतो, मेरो आदर करे मानत तेतो;
वचन में मेरो रहे निवासा, जानहु सदा तुमारी पासा...३२
आदर जितनो तितनो जोऊ, तुमारी पास रहे में सोऊ;
वचन सो प्रत्यक्ष रुप हे मेरा, दूर न जावत सो कोउ वेरा...३३

મારાં વચનનો જેટલો આદર તમે રાખશો તેટલો તમે મારો આદર કર્યો છે એમ હું માનીશ. તે વચનોમાં મારો નિવાસ છે એટલે તે વચનરૂપે હું સદા તમારી પાસે સાથે જ રહ્યો છું. એમ જાણજો. ૩૨. **મેં આપેલા નિયમોમાં જેટલો તમને આદર રહેશે તેટલો હું તમારી પાસે રહ્યો છું. મારું વચન છે, તે મારું પ્રત્યક્ષ રૂપ છે. એટલે હું ક્યારેય તમારાથી દૂર જાતો નથી. ૩૩.**

મેં અત્યારે મનુષ્ય શરીર ધાર્યું છે, એટલે મનુષ્યની રીતે હું વર્તું છું. મનુષ્ય શરીરમાં પ્રત્યક્ષ અને પરોક્ષ બંને ભાવો રહ્યા છે. ૩૪. વચનરૂપી મારું દિવ્ય શરીર ક્યારેય પરોક્ષ થાતું નથી અને મારું આ પ્રત્યક્ષ મનુષ્ય શરીર છે, તે પણ દિવ્ય જ છે, એમ માનવું. ૩૫. કારણ કે, અમારા મનુષ્ય શરીરમાં ક્યારેક તમને પ્રત્યક્ષભાવ આવે છે અને ક્યારેક પરોક્ષભાવ આવે છે. એમ વારે વારે બંને ભાવો આવતા-જતા રહે છે, તે જોવું જોઈએ. (કેમ જે, અમે તો સદા પ્રત્યક્ષ જ છીએ.) પરંતુ આ મનુષ્ય શરીર તો ચરિત્રો

કરવા માટેનું છે. (તે ન હોય તોપણ અમે સદા સહુમાં પ્રત્યક્ષ જ છીએ.) તે વાત મેં યથાર્થરૂપમાં કહી દીધી છે. ૩૬.

કચ્છ દેશમાં રહીને અમે બહુ ચરિત્ર કર્યાં છે. તે રીતે જ હાલારમાં અને સોરઠમાં રહીને પણ તેવાં ચરિત્ર ઘણા દિવસ કર્યાં છે. ૩૭. ઝાલાવાડ દેશમાં તો અમે છાના અને છતરાયા ફર્યા છીએ. આટલા વર્ષ ગયા. કોઈ ભક્ત અમારાં દર્શન વિના રહ્યા નથી. ૩૮. દેશકાળ તો સમ-વિષમ સારા-મોળા આવતા રહે છે અને તેને અનુસારે અમે બધે ફરીએ છીએ. તમે તે બધું જાણતા હોતા નથી. તમને એક દર્શનનો જ ભાવ રહેતો હોય છે. ૩૯. અમે કચ્છમાં બહુ વાર આવ્યા છીએ. હવે તમારે અમારી પાસે આવવાનું રહે છે. શ્રીહરિએ આવો પત્ર લખાવીને ભુજનગર પહોંચતો કર્યો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'ભુજથી સુંદરજીભાઈનો પત્ર અને પછી તેનો લખેલો પ્રત્યુત્તર' એ નામે પંચોતેરમો તરંગ સમાપ્ત ॥૭૫॥



પૂર ચૌદમું : તરંગ - ૭૬

નાગડકામાં વસંતપંચમી કરવા શ્રીહરિએ સંતો વગેરેને બોલાવ્યા

ભુજના હરિભક્તોએ શ્રીહરિનો પત્ર વાંચીને શ્રીહરિની કચ્છમાં આવવાની બધી આશા છોડી દીધી. ૧. સુંદરજીભાઈની સાથે હેત હતું, એટલે તેમના માટે જ શ્રીહરિ ભુજ વારે વારે આવતા હતા. હવે ક્યારેય આવશે નહીં. પત્રમાં સુંદરજીભાઈની ઉપર એવી કૃપા બતાવી છે. ૨. શ્રીહરિની જેવી મરજી હોય તે પ્રમાણે આપણે સહુએ હવે કરવાનું રહ્યું. એ જ સાચી વાત છે. દાસની રીત એવી જ છે કે, પોતાના સ્વામીની મરજી પ્રમાણે રહેવું. ૩. ગંગારામ મલ્લ ઘણા સમર્થ હરિભક્ત હતા. તેઓ સહુ હરિભક્તોને સમજણની વાતો કરીને રાજી રાખતા હતા. ૪.

શ્રીહરિએ ડભાણ ગામના મયારામ વિપ્રને પત્ર લખીને નાગડકા બોલાવ્યા. એટલે તે વિપ્ર તરત જ આવ્યા. ૫. નાગડકામાં ભાગવતની કથાનો

આરંભ કરાવ્યો. ચોકમાં સભા અને બેઠકની ગોઠવણ કરી. સુરા ખાચરના ભવનની આગળ લીમડાની છાયા ઘણી સારી હતી. ૬. લીમડાના થડ પાસે સરસ ચોરસ ઓટો બનાવ્યો હતો. તેના ઉપર એક ભારે ઉલેચ બાંધ્યો. જે મોતી જડિત અને ભાતીદાર હતો. ૭. મોતીના તોરણ ચારે તરફ બાંધ્યા, જે ચોતરફ પ્રકાશ કરતા હતા. સુંદર મખમલના નવા ગાદી તકિયા હતા. ૮. તેને ચોતરા(ઓટા) ઉપર બિછાવ્યા. તેના ઉપર શ્રીહરિ બેઠા. તેમની સામે જ ચોતરા ઉપર સારું આસન કર્યું અને તેના ઉપર વક્તા પુરાણીને બેસાડ્યા. ૯. કેસરચંદન અને ફૂલના હારથી પહેલા ભાગવતને પૂજીને પછી પુરાણીની પૂજા કરતા અને રોજ એક રૂપિયો વક્તા આગળ ભેટ મૂક્તા હતા. ૧૦. પુરાણીને રોજ પાકું સીધું આપતા. કથા સવાર સાંજ બે વખત વાંચતા હતા. તે પ્રદેશના બધા ભાવિક હરિભક્તો કથા સાંભળવા આવતા. ૧૧. ઝાલાવાડના ભાવિક ભક્તો કથામાં આવતા.

લીંબલી ગામના નિવાસી મૂળજી શેઠ હતા, તેમનો જન્મ મેમકા ગામમાં થયો હતો અને તેઓ વઢવાણના મૂળ રહેવાસી હતા. તેઓ ઘણા બુદ્ધિમાન હતા અને યજ્ઞનાં ખૂબ કામમાં આવ્યા હતા. ૧૨-૧૩. તેઓ પાકા હરિભક્ત હતા. સારા કવિ હતા. વાતચીતમાં ઘણા વિચક્ષણ હતા. તેઓ શ્રીહરિના વિના બીજાને અસાર માનતા હતા. ૧૪. તેઓ મનમાં પોતાને બીજા બધા હરિભક્તો કરતાં ઘણા નાના માનતા હતા. તેમણે લીંબલીમાં નવું મકાન કરાવ્યું હતું. એટલે તેમાં પહેલા સંતોને રાખ્યા. ૧૫.

અત્યંત મહાન નિષ્કામી મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદ સ્વામી, ૧૬. આનંદાનંદસ્વામી, ચૈતન્યાનંદસ્વામી, જે ભણનારા કહેવાતા હતા એવા બધા મોટા મોટા સંતોને રાખ્યા. ૧૭. મહાનુભાવાનંદસ્વામી, ભજનાનંદસ્વામી, અદ્વૈતાનંદસ્વામી, હર્યાનંદસ્વામી, નિર્વિકારાનંદસ્વામી, ૧૮. પરમહંસાનંદસ્વામી, સજ્જનાનંદસ્વામી, સત્યાનંદસ્વામી, ચિન્મયાનંદ સ્વામી, વૈરાગ્યાનંદસ્વામી, પરમાનંદસ્વામી, અનુપમ ગાન કરનારા પ્રેમાનંદ સ્વામી અને દેવાનંદસ્વામી, એ બધા સંતોને રાખ્યા. તેમાં મહામુનિ નિત્યાનંદસ્વામી સભામાં નિત્ય ભાગવતની કથા વાંચતા હતા. ૧૯-૨૦.

વઢવાણના સારા વિદ્વાન વિપ્રો, બીજા મોટા માણસો અને રાજાની કચેરીના અમલદારો એ બધા રોજ આવતા. ૨૧. તેઓ આવીને ભાગવત અને કીર્તનગાનને રોજ સાંભળતા હતા. કેટલાક હોંશભેર રસોઈ આપતા. ફરતા ગામના જે હરિભક્તો હતા, તેઓ પણ વારાફરતી રસોઈ આપતા હતા. ૨૨. જ્યારે વસંતપંચમી નજીક આવી ત્યારે દરબાર સૂરાખાચરે ભગવાન શ્રીહરિને કહ્યું, મહારાજ ! બધા મોટા મોટા સંતો અત્યારે વઢવાણમાં છે, તો આપ તેમને અહીંયા બોલાવો. ૨૩. દેશે દેશના કેટલાય હરિભક્તો અહીં આવશે. તેનો પાર રહેશે નહીં. ત્યારે સમૈયાની શોભા તો સંતો અને વર્ણીઓને લીધે જ અપાર પ્યારી લાગશે. ૨૪. આપણા જેટલા સમૈયા થાય છે, તેમાં સંતો અને વર્ણીઓ અનુપમ આભૂષણરૂપ દેખાય છે. ૨૫. જે અપાર હરિભક્તો સમૈયામાં આવે છે, તેઓ પણ સંતોને અને વર્ણીઓને જોઈને અપાર રસોઈ આપે છે. તેની નોંધ કોણ કરે ? ૨૬.

ત્યાગી સંતોને દેખીને હરિભક્તોને ઘણો ઉમંગ વધે છે. અપાર આદરભાવ થાય છે, કારણ કે સંતો તો કલ્પવૃક્ષ સમાન છે. ૨૭. સંતો ઉપરનો દરબાર સુરા ખાચરનો ભાવ શ્રીહરિએ દેખ્યો એટલે પોતે બહુ રાજી થયા અને પત્ર લખીને સંતોને નાગડકા બોલાવી લીધા. ૨૮. સહુ સંતો આવ્યા ત્યારે શ્રીહરિ તેમને મળ્યાં. ઘૂંઘટો તાણીને ચાલવું, એવો નિયમ ચાલું હતો. ત્યારે શ્રીહરિ કહે, હવે ઘૂંઘટાનો નિયમ પૂરો થયો. હવે હું નિયમથી જરૂર પ્રસન્ન થયો છું. ૨૯.

તમે સંતોએ બે માસ ઘૂંઘટો રાખ્યો, તેનું ફળ હવે દેખાશે. ઘેર ઘેર બાઈઓ ઘૂંઘટો તાણીને રોશે. ૩૦. કારણ કે, હવે કેટલાક પુરુષ પોતાની પત્નીનો તત્કાળ ત્યાગ કરી દેશે. મનમાં લેશમાત્ર મોહજાળ રહેશે નહીં. ૩૧. મોહની જાળ તૂટે એવી નથી. તે માત્ર વાત કરવાથી જ છૂટતી નથી. જ્યારે કોઈ વિકરાળ દુઃખ આવી પડે છે, ત્યારે કોઈને કોઈની સાથે સગાઈ લેશમાત્ર પણ રહેતી નથી. કેમ જે, દુઃખનો પ્રસંગ જ એવો છે. તે તો દુઃખને ટાણે ખબર પડે ! ત્યારે હરિભક્તોએ કહ્યું, મહારાજ, આપના જેવા અમારી રક્ષા કરતા હોય, ત્યાં દુઃખ શાનું હોય ? ૩૨-૩૩. અમે મરીએ કે જીવીએ, લાભમાં જ છીએ. આપ મળ્યા છો એટલે હવે કોઈ ગેરલાભ નથી રહ્યો. આપ

મળ્યા છતાં હવે જે ગેરલાભ માને છે, તેને સત્સંગની કાંઈ ગમ જ નથી. ૩૪. નાગડકામાં આ રીતે કથા-વાર્તા અને કીર્તનોની રાત-દિવસ ઝડીઓ વરસતી હતી. ધર્મકુમાર શ્રીહરિ બે વાર ગામથી બહાર સ્નાન કરવા માટે જાતા હતા. ૩૫. સંતો અને હરિભક્તો સાથે જાતા હતા. સહુના દિલમાં ઉમંગ અતિશય ભર્યો રહેતો હતો. નદીમાં જઈને નહાતા હતા. સૌના મનમાં ઉત્સાહ છવાયેલો રહેતો હતો. ૩૬. શ્રીહરિ જ્યારે અશ્વ ઉપર બેસીને નાહવા જાતા હતા, ત્યારે સંતો અને હરિભક્તો ઉત્સાહભર્યા મુખથી કીર્તન ગાતા હતા. ૩૭. નાગડકા ગામથી બહાર નીકળ્યા પછી શ્રીહરિ હરિભક્તોને ધ્યાન કરવા માટે અશ્વને ખૂબ જ ફેરવતા, તે સમયની શોભા અપાર રહેતી હતી. ૩૮. તે દિવસોમાં ગઢપુરના હરિભક્ત જીવુબા, લાડુબા અને રાજબાઈ, જેઓ ઘણા ત્યાગી હતા, તેઓ ત્યાં નાગડકા આવ્યા. ૩૯. તેમની સાથે અમૂલાબાઈ અને અમરબાઈ પણ રથમાં બેસીને વસંતપંચમી ઉપર આવ્યા. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'નાગડકામાં વસંતપંચમી ઉપર શ્રીહરિએ સંતો વગેરેને બોલાવ્યા' એ નામે છોંતેરમો તરંગ સમાપ્ત ॥૭૬॥



પૂર ચૌદમું : તરંગ - ૭૭

નાગડકા ગામમાં શ્રીહરિએ વસંતપંચમીનો સમૈયો કર્યો

દરબાર સુરા ખાચરે વસંતપંચમીને દિવસ કેસર અને પતંગનો વિવિધ પ્રકારનો રંગ કરાવ્યો. ૧. કેસુડાનો રંગ પણ બહુ કર્યો. હોજ બનાવીને રંગથી ભરી દીધા. તે સિવાય અબીર અને ગુલાલ પણ ઘણો લાવ્યા હતા. ૨. ફગવા પણ અપાર તૈયાર કરાવ્યા. ખારેક, ખજૂર અને શ્રીફળ પુષ્કળ મગાવી લીધાં. મનમાં ઉત્સાહ ક્યાંય માતો નહીં. ૩. કેળનાં સ્તંભ અને શેરડી મગાવી. તેનાથી સરસ મંડપ બનાવ્યો અને અપાર હજારીગલનાં ફૂલથી મંડપને શણગાર્યો. ૪. વસંત વધાવવાનો અતિશય શુભ સમય જ્યારે થયો ત્યારે શ્રીહરિ આવીને મંડપમાં બેઠા. તેમની આગળ રંગોળીથી કમળ

કરાવ્યું હતું. ૫. તે કમળના ઉપર એક મનોહર સોનાનો કળશ સ્થાપ્યો. તેનાં મુખ ઉપર બધી વસંતી વસ્તુઓ મૂકી. ૬.

સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, પ્રેમાનંદસ્વામી અને દેવાનંદસ્વામી, ૭. એ સંગીતમાં પારંગત ચાર સંતો મૃદંગ અને ઝાંઝ ઈત્યાદિ વાજિંત્ર વગાડીને વસંત વધાઈના પદો ગાવા લાગ્યા. ત્યારે પ્રથમ દરબાર સુરા ખાચરે વસંતની પૂજા કરી. ૮. ઢોલ, નોબત અને શરણાઈ આદિ વાજિંત્રો વાગતાં હતાં. ચારે બાજુ અપાર શોભા છવાઈ ગઈ હતી. મયારામ વિપ્રે વસંતની પૂજા કરાવી હતી. ૯. જ્યારે વસંતની પૂજા કરી તે વખતે શ્રીહરિની પૂજા પણ ઘણા પ્યારથી કરી. મસ્તક ઉપર વસંતી પાઘ બંધાવી અને અંગોઅંગ ઉપર વસંતી વસ્ત્રાદિ પહેરાવ્યાં. ૧૦. તેમાં પહેલા સુંદર વસંતી સુરવાળ, ભક્તજન પ્રતિપાલક શ્રીહરિએ પહેર્યો. વસંતી વસ્ત્ર કમરે કસ્યું. તેમજ એક વસંતી ખેસ ખભા ઉપર રાખ્યો. ૧૧. શુભ લલાટ, હાથ અને ચરણો ઉપર કેસરયુક્ત ચંદન ચરચ્યું, લલાટ વચ્ચે કુંકુમનો ચાંદલો કર્યો. તે વેળાએ જગદ્‌વંદ્ય શ્રીહરિનું મુખ પ્રફુલ્લિત હતું. ૧૨.

તે વખતે હજારીગલના હાર કંઠમાં પહેરાવ્યા. ભુજાઓ ઉપર ફૂલના બાજુ બાંધ્યા. કાન ઉપર રમણીય ગુચ્છ ધરાવ્યા. ૧૩. પાઘ ઉપર તોરા ધરાવ્યા અને ફૂલના છોગા પણ મૂક્યા હતા. પહેલા કેસરી રંગનો કળશ ભરીને શ્રીહરિના ઉપર ઢોળ્યો. ૧૪. તેમજ સુંદર ગુલાલ લાવીને શ્રીહરિના ઉપર નાખ્યો. તેનાથી મૂર્તિ અત્યંત લાલ બની ગઈ. પછી તો રંગની ઘણી ઝડી મચી ગઈ. ૧૫. સંતો અને હરિભક્તો અતિશય ઉમંગથી રંગ અને ગુલાલ શ્રીહરિના ઉપર ખૂબ જ નાખવા લાગ્યા, તેને શ્રીહરિ સહન કરતા હતા. ૧૬. શ્રીહરિને રંગ તથા ગુલાલની ઝડીને સહન કરતા દેખીને રામદાસભાઈ બોલ્યા, હવે બસ કરો, આપણો વારો પૂરો થયો છે અને શ્રીહરિનો વારો શરૂ થાય છે. ૧૭. અત્યાર સુધી જેમ શ્રીહરિએ રંગ ગુલાલને સહન કર્યો, તેમ હવે આપણે રંગ ગુલાલને સહન કરવાનો છે. ત્યારે શ્રીહરિએ કહ્યું, બધી સભા બેસી રહે, હવે અમે રંગ ઉડાડીએ છીએ, તેને સહુ દેખો. ૧૮.

આવું કહીને બધી સભાને બેસાડી દીધી. શ્રીહરિ ઊઠ્યા. કમરને

કસીને બાંધી. બધો રંગ મંડપમાં લાવ્યા. પછી શ્રીહરિ ઉમંગ ભર્યા રંગ ઉડાડવા લાગ્યા. ૧૯. સંતો, વર્ણીઓ અને પાર્ષદો, બધાને રંગમાં રસબસ કરી દીધા. જે પાર્ષદો ગઢપુર ગયા હતા, તેઓ બધા અહીં નાગડકામાં આવી ગયા હતા. ૨૦. હરિભક્તોના ઉપર એટલો બધો રંગ ઊડાડ્યો કે માનો આટલો રંગ ક્યારેય ઊડાડ્યો નહિ હોય. દરબાર સુરા ખાચરને જે રીતે ભાવ રહે તે રીતે શ્રીહરિએ રંગ ઊડાડ્યો. ૨૧. જ્યારે બધો જ રંગ ઉડાડી રહ્યા, તે પછી ગુલાલ ઉડાડવા લાગ્યા. ગુલાલ તો એટલો બધો ઉડાવ્યો કે તેમાં એક બીજાને કોઈ જરાય દેખી શકતા નહીં. ૨૨. આકાશ અને મકાનો બધા ગુલાલથી ભરાઈ ગયા. સૂર્યના બિંબ સુધી ગુલાલની ડમરી પહોંચી ગઈ. ૨૩. વિમાનમાં બેસીને જે દેવો આવ્યા હતા, તે પણ બધા રંગમાં રંગાઈ ગયા. રંગલીલા દેખીને મનમાં હરખાયેલા દેવો ચંદન અને ફૂલોની વૃષ્ટિ કરવા લાગ્યા. ૨૪.

સુંદરવર શ્રીહરિ જ્યારે ગુલાલ ઉડાડી રહ્યા ત્યાર પછી ફગવાની પોશ ભરી ભરીને સંતો, વર્ણીઓ અને પાર્ષદોને આપવા લાગ્યા. ૨૫. જેટલા હરિભક્તો આવ્યા હતા, તે બધાને પણ તે રીતે જ શ્રીહરિ અત્યંત પ્રેમથી ફગવા આપતા રહ્યા. ૨૬. પછી શ્રીહરિ અશ્વ ઉપર બેસીને ગામ બહાર ચાલ્યા. બધા સંતો અને હરિભક્તો તેમની ચોતરફ વીંટળાઈને ચાલતા હતા. ૨૭. ઝાંઝ, મૃદંગ આદિ વાજિંત્રોને વગાડીને સંતો વસંતના પદ ગાતા હતા. સહુનાં હૃદયમાં અત્યંત આનંદ હતો અને બધા પાર્ષદો બંદૂકોના અવાજ કરતા હતા. ૨૮. આગળના ભાગમાં ચાર ઢોલ વાગતા હતા અને નોબત પણ ભારે વાગી રહી હતી. શરણાઈ અને ભૂંગળ પણ વાગતાં હતાં અને રાવળ રવાજ વગાડતા ચાલતા હતા. ૨૯. રાવળો આગળના ભાગમાં નૃત્ય કરીને મંજીરા અને તાલ વગાડતા હતા. તે રાવળોમાં નાગાજણ રાવળ મુખ્ય હતા. તેનાં અંતરમાં આજ ઘણો ઘણો આનંદ હતો. ૩૦.

આ રીતે સહુ નદીએ આવ્યા. શ્રીહરિ આવીને તે નદીમાં નાહ્યા. બધા સંતો અને હરિભક્તો પણ નાહ્યા. નદીનું બધું પાણી રંગાઈ ગયું. ૩૧. હરિભક્તો વગેરે બધા જ્યારે નાહી રહ્યા, ત્યારે શ્રીહરિ અશ્વ ઉપર બેઠા. અંગ ઉપર જરિયાની વસ્ત્ર પહેર્યાં અને કેટલાક સોનાનાં ઘરેણાં પણ પહેર્યાં. ૩૨.

મસ્તક ઉપર સુશોભિત છત્ર ધાર્યું. આગળના ભાગમાં ચોપદાર 'જય જય' એવો પોકાર કરતા હતા. સોનેરી ચામર મસ્તક ઉપર ઢળતા હતાં. ૩૩. શ્રીહરિ આ રીતે પોતાને ઉતારે આવ્યા અને ત્યાં પ્રેમથી રસોઈ જમ્યા. આજે રસોઈ સુરા ખાચરની હતી અને તે બ્રાહ્મણોની પાસે કરાવી હતી. ૩૪. સાકર નાખીને સરસ લાડુ કર્યા હતા. શ્રીહરિએ સંતોને તે લાડુ જમાડ્યા. બધા સંતોની અને પાર્ષદોની પંગત બેઠી. ૩૫. જેટલા હરિભક્તો હતા, તેઓ રસોઈ કરાવતા અને શ્રીહરિ દરરોજ પીરસતા હતા. નાગડકામાં આ પ્રમાણે યશસ્વી સંતો પાંચ દિવસ રહ્યા. પછી સહુ સત્સંગમાં ફરવા ગયા. ૩૬.

શ્રીહરિએ સંતોને જે જે ગામ ચીંધ્યા હતા, ત્યાં બધા સંતો ગયા. કેટલાક બોટાદ અને સારંગપુર ગયા. કેટલાક સંતો ગઢપુરમાં રહ્યા. ૩૭. કારિયાણી, કુંડળ, ઝીંઝાવદર અને કરિયાણા એટલા ગામો શ્રીહરિએ સંતોને ચીંધ્યા હતા. ૩૮. શ્રીહરિએ સુરા ખાચરના કામ માટે પાર્ષદોને પોતાની પાસે રાખ્યા હતા. ત્યાં શ્રીહરિએ અત્યંત ઉમંગથી કૂવો ખોદાવવો શરૂ કર્યો. ૩૯. સ્વયં શ્રીહરિએ ત્રણ જગ્યાએ કૂવા ખોદાવ્યા. ઊંડે સુધી ખોદાવવા છતાં એક ટીપું પણ પાણી આવ્યું નહીં. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'નાગડકામાં શ્રીહરિએ વસંતોત્સવ કર્યો' એ નામે સત્યોતેરમો તરંગ સમાપ્ત ||૭૭||



પૂર ચૌદમું : તરંગ - ૭૮

સારંગપુરના જીવાખાચર ફૂલદોલ માટે શ્રીહરિને બોલાવવા આવ્યા

દરબાર સુરા ખાચરને નાગડકામાં શ્રીહરિને ચોક્કસ વધારે રોકવા માટેનો મનમાં અપાર પ્રેમભાવ હતો. ૧. બીજી બાજુ શ્રીહરિને સત્સંગમાં ફરવાનો ઘણો જ ભાવ હતો. સુરા ખાચરને ત્યાં કૂવામાં પાણી બિલકુલ થયું નહિ, એટલે આગ્રહ કરવાનો મોકો રહ્યો નહીં. ૨. શ્રીહરિએ ત્યાં સંપૂર્ણ ભાગવતની કથા પૂરી કરાવી. વક્તા વિપ્રના ઉપર પ્રસન્ન થયા. તેને વસ્ત્ર

અને આભૂષણ આદિ આપ્યાં. ૩. વિપ્રને સારો નિર્ભય સંગાથ દેખીને તેની સાથે વિદાય આપી. પોતાને ઘેર પહોંચે, ત્યાં સુધીનું સુખડીનું ટીમણ આપ્યું. ૪. ચાંદીનો એક અબખોરો અને ચાંદીની દાંડીવાળો પંખો આપ્યો. તેની સાથે લખીને એક પત્ર આપ્યો. આ બધું રાજાને આપજો એમ કહ્યું. ૫.

તે વિપ્ર ડભાણ ગામના મયારામ ભટ્ટ નામે હરિભક્ત હતા. તે વિપ્રે પાદરા આવીને ત્યાંના રાજાને અબખોરો, પંખો અને પત્ર આપ્યાં. ૬. રાજાએ અબખોરો અને પંખો રાખ્યો. જે લખેલો પત્ર હતો, તેના તરફ લક્ષ્ય આપ્યું નહીં. તે પત્રમાં મનોવાંછિત કામ થાય એવા વાર અને તિથિ લખ્યા હતા. ૭. ચોઘડિયા અને અશ્વપંચ(૭.૫) લખેલું હતું. રાજાને મનમાં તેનો વિશ્વાસ ન આવ્યો. જ્યારે આપબુદ્ધિથી કરવા ગયા ત્યારે તેનું ફળ તેને તરત જ મળ્યું. ૮. તે પછીથી તેણે મનમાં પશ્ચાત્તાપ ઘણો કર્યો કે, મને જે દુઃખ થયું છે, તે મારા પાપથી જ થયું છે. મોટાપુરુષે જે રીતે લખીને મોકલ્યું તે મારાથી બની શક્યું નહીં. ૯. મારા ભાગ્યમાં જેવું ફળ હતું, તેવું મને મળ્યું. હવે કોઈ ઉપાય રહ્યો નથી. મોટાનાં પત્રનું જેવું અપમાન કર્યું, તેવું દુઃખ મને દેખાયું. ૧૦. મોટાએ પરચો દેખાડી દીધો. હવે હું તેમને વારંવાર પગે લાગું છું. અબખોરો અને પંખો, એ બે તેમની યાદગીરી આપી છે. ૧૧.

સુખના કરોડો ઉપાય કરે, પણ જેનાં ભાગ્યમાં દુઃખ લખ્યું હોય, તેને સુખ ક્યાંથી મળે. તપમાં જેટલી કસર રાખી હોય તેનું તેટલું ફળ અત્યારે દેખાયું. ૧૨. જેની જેવી કમાણી હોય તેને તેવું ફળ મળે છે. તેમાં તલભાર પણ ખોટું નથી. તે દેખ્યા પછી હું કહું છું. ૧૩. **મોટા પુરુષ જેમ કહે તેમ જે નર કે નારી ચાલતા નથી, તેને તેનું રામબાણના જેવું અનિવાર્ય ફળ તરત જ પ્રાપ્ત થાય છે.** ૧૪. પછી તે રાજા પોતાની રાણીને સાથે લઈને સમુદ્રના બેટમાં ગયા અને ત્યાં દેહાંત પર્યંતનું તપ કરવાનું શરૂ કર્યું. ૧૫. પછી વાકળ પ્રદેશના હરિભક્તો જ્યારે શ્રીહરિનાં દર્શન કરવા આવ્યા, ત્યારે તેમણે શ્રીહરિને તે વાત કરી એટલે શ્રીહરિ 'રામ રામ' એમ બોલવા લાગ્યા. ૧૬.

જ્યારે હુતાશનીને થોડા દિવસ બાકી હતા, ત્યારે સારંગપુરના દરબાર જીવા ખાચર શ્રીહરિની પાસે આવ્યા. તે જીવાખાચરનું મન રાત-દિવસ

શ્રીહરિનાં સ્વરૂપમાં જ લાગ્યું રહેતું હતું. ૧૭. તેઓ આવીને શ્રીહરિના ચરણોમાં નમી પડ્યા. પછી બે હાથ જોડીને બોલ્યા, મહારાજ ! આપ સારંગપુર આવો અને ત્યાં હુતાશની અને ફૂલદોલનો ઉત્સવ કરો. ૧૮. અમારા ભાઈઓ પણ પ્રસન્ન મનથી તે ઉત્સવ કરવાનું કહે છે. ગામના બીજા બધા લોકો પણ આપ ત્યાં પધારો એમ કહે છે અને આપને ચાહે છે. ૧૯. અમે સહુ અને અમારા પુત્રો, બધા આપને રાતદિવસ ચાહીએ છીએ, સંભારીએ છીએ. આપના વિના અમારાં ઘરબાર સૂનાં લાગે છે. અમે આપને અમારું જીવન માનીએ છીએ. ૨૦. જેમ અમારા ભાઈઓ કહે છે, તેમ આખું ગામ પણ કહેવડાવે છે. આપના ઉપર સહુને પ્રેમભાવ છે. કોઈના મુખમાંથી અભાવનો શબ્દ નીકળતો નથી. ૨૧. અંતરમાં જેવો ભાવ હોય તેવો શબ્દ ક્યારેક મુખથી બોલી જવાય છે. આ સમયમાં તો કારિયાણી પણ સારંગપુરના જેવું જ ભક્તિભાવવાળું નિર્મળ ગામ છે. ૨૨. ઝીંઝાવદર પણ તેવું જ સારું ગામ છે. બધા અલૈયા ખાચરના દાબમાં રહે છે. જેવી અલૈયા ખાચરની મતિ રહે તેવી જ ગામના લોકોની મતિ પણ રહે છે. ૨૩.

✵ બધી જ સિદ્ધિઓ સંપમાં જ છે :

કારિયાણી ગામમાં રાઘવ પટેલના કહ્યા પ્રમાણે આખું ગામ રહે છે. ૨૪. જ્યાં સુધી વસ્તા ખાચરને અને રાઘવ પટેલને સંપ છે, ત્યાં સુધી કારિયાણીના જેવું બીજું કોઈ સારું ગામ નહિ કહેવાય. ૨૫. **બધી જ સિદ્ધિઓમાં સંપ છે, સંપ રાખવો તે સર્વથી અધિક શ્રેષ્ઠ સિદ્ધિ કહેવાય છે અને તેમાં જ્યારે ઈર્ષ્યારૂપી ઝેર ભળે છે, ત્યારે તે સંપરૂપી સિદ્ધિ અસિદ્ધિ થઈ જાય છે. ૨૬. અમારા ગામના ભાઈઓને હું હેતથી કાયમ કહું છું કે, તમે સંપરૂપી સિદ્ધિને જાળવી રાખજો. ૨૭.**

सोरठा : संप सिद्धि ता मांहिं, अर्थ कहात जेते जोउ;
अखूट भरेउ रहाहि, कुसंप असिद्धि दुःख भरे...२८

સંપરૂપી સિદ્ધિમાં જેટલા અર્થમાત્ર કહેવાય છે, તે અખૂટ ભર્યા છે અને કુસંપરૂપી અસિદ્ધિમાં તો દુઃખ જ ભર્યું છે. ૨૮.

चोपाई :

दुःख जीतने कहावत जेहा, कुसंप हि में भरे हे तेहा;
जेसे जो वरतत हे जाई, प्रत्यक्ष फल ताके आत देखाई...२९

फल की जाकु न गम रहाये, नेत्र तोउ सो अंध कहाये;
भाई से रखना कुसंप जेतो, दुःख बढे विन रहे न तेतो...३०

જેટલી જાતનાં દુઃખ કહેવાય છે, તે બધાં કુસંપમાં ભર્યાં છે. જેવું જે વર્તન રાખે છે, તેને તેવું ફળ પ્રત્યક્ષ દેખાય-મળે છે. ૨૯. જેને ફળની-પરિણામની ગમ ન હોય, તે છતે નેત્રે આંધળો કહેવાય છે. જે ભાઈની સાથે કુસંપ રાખે છે, તેને દુઃખ વધ્યા વિના રહે જ નહીં. ૩૦. **કુસંપમાં જેટલું સુખ મનાય છે, તેટલું તેનું માથું લોભ ફેરવી નાંખે છે. લોભી મનુષ્ય સંપમાં દુઃખ માને છે અને કુસંપમાં સુખ માને છે. ૩૧.** તેની વાત હું કહેતો નથી. તેમાં જે ફરક હોય તે આપ કહો.

ત્યારે શ્રીહરિએ કહ્યું, તમારી વાત સાત્ત્વિક માણસની છે, પણ રાજસી અને તામસીની વાત તેનાથી જુદી હોય છે. ૩૨. જેની જેવી રુચિ હોય તેવું કર્યા વિના તેને સારું લાગતું-ગમતું નથી. ઝેર અને અમૃતમાં જેમ ગુણ અલગ અલગ છે, તેમ મનુષ્યમાત્રમાં ગુણ અલગ અલગ હોય છે. ૩૩. સાત્ત્વિકમાં અમૃત જેવા ગુણ હોય છે અને રાજસી તો તીખા-તમતમતા ગુણથી ભર્યો હોય છે. તામસીમાં તો તમોગુણ ભર્યો હોય છે અને તે ઝેરના જેવો દેખાય છે. ૩૪. અફીણ, દારૂ, માંસ, તે સિવાયના બીજા બધાં જ વ્યસન અને જે જે મલિન અને અપવિત્ર વસ્તુઓ છે, તે બધી તમોગુણથી યુક્ત કહેવાય છે. ૩૫. તામસી મનુષ્યનો આહાર તમોગુણી હોય છે, અને તમોગુણી આહાર કરનારા તામસીનું તો કોઈ બાબતમાં ધાર્યું રહેતું નથી. જ્યારે તે રાજી થાય ત્યારે ઘણો જ રાજી થાય અને જ્યારે ખિજાય ત્યારે ખિજાવાનો કોઈ પાર રહેતો નથી. ૩૬.

સાપ, સિંહ, ચિત્તો, આગ, ચોર અને ઝેર એ બધાને સહુ તામસી કહે છે, તેથી તેમની પાસે તો સાચવીને ચાલવું. ૩૭. તેવાની સાથે સાચવ્યા વિના રહે, વિશ્વાસ કરે, તો તેમાં જરૂર કાંઈ બગાડ-નુકશાન થાય અને વાત

બગડે, તે પછી તેને સુધારવું તે ઘણું જ કઠણ છે. ૩૮. જીવ જેવા કર્મ કરે છે, તેવા ગુણોની વૃદ્ધિ થાય છે. અને જીવમાં જેવા ગુણ હોય છે, તે પ્રમાણે આગળનો દેહ બંધાય છે. ૩૯. આ ભરતખંડમાં મનુષ્યદેહ ધારીને જીવ જેવાં કર્મ કરે છે, તેવું તેને ફળ મળે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'સારંગપુરના જીવા ખાચર ફૂલદોલ માટે શ્રીહરિને બોલાવવા આવ્યા' એ નામે અઠ્યોતેરમો તરંગ સમાપ્ત ॥૭૮॥



પૂર ચૌદમું : તરંગ - ૭૯

સારંગપુર જતાં પહેલા નાગડકાના ભક્તોની શ્રીહરિને વિનંતી

શ્રીહરિએ કહેલી વાતથી પર(શ્રેષ્ઠ) કોઈની વાત હોતી નથી. જ્યારે સૂર્ય ઉદય થાય છે, ત્યારે તેનાથી અધિક પ્રકાશ કોઈનો હોતો નથી. સૂર્યના પ્રકાશ આગળ ચંદ્રમા અને તારાઓ તો ઢંકાઈ જાય છે. ૧. શાસ્ત્ર ચાર છે. ૧.વેદ, ૨.પુરાણ, ૩.જ્યોતિષ અને ૪. વ્યાકરણ, તેનાથી કોઈ શાસ્ત્ર અધિક નથી. ૨. કેટલાક વિપ્ર કાશીમાં ભણીને આવે છે. અત્યંત વિદ્વાન હોય છે. તેઓ શાસ્ત્રની રીતે એક જ શબ્દના ઘણા અર્થ કરી બતાવે છે. ૩. તેના તે જ શબ્દોનો અર્થ કરીને જ્યારે શ્રીહરિ વાત કરે છે, ત્યારે તે વાતમાં ખૂબ જ રસ ભર્યો હોય છે. શ્રીહરિની વાત ઘણી લલિત-સુંદર જણાય છે. ૪.

શ્રીહરિનું વાક્ચાતુર્ય જોઈને કોઈ પંડિતને વિદ્યાનો ગર્વ રહેતો નહીં. શ્રીહરિમાં એવી ચતુરતા રહી છે કે સામાન્ય માણસને તો લેશમાત્ર પણ તેની ખબર પડતી નથી. ૫. શ્રીહરિનું વાક્ચાતુર્ય તો પંડિતોને પણ આકાશની જેવું અસીમ લાગતું અને તેથી જ જેટલા સદ્બુદ્ધિવાળા લોકો હતા, તેઓ શ્રીહરિનાં દર્શન કરવા માટે આવતા. ૬. આવનારા તે લોકોને શ્રીહરિમાં અપાર પ્રતાપ દેખાતો અને આવીને કોઈ જવો પ્રશ્ન કરે, તેને તેવો જ સારો પ્રત્યુત્તર શ્રીહરિ આપતા. ૭. શ્રીહરિમાં જે પ્રતાપ હતો, તે તો પશ્નના પ્રત્યુત્તરમાં જ દેખાઈ જાતો, પણ જેમને અન્યાયનો માર્ગ રુચતો એવા નરનારીઓ કે, જેઓ વ્યભિચાર અને ચોરી કરવામાં અતિ આનંદ માને છે.

મા, બહેન કે પુત્રી સાથેના દુરાચારમાં પણ જેને ભય લાગતો નથી, તેની સાથેના દુરાચારમાં જેઓ આનંદ માને છે. ૮-૯. તે રીતે જ જે નારીઓ પિતા, ભાઈ અને પુત્રની સાથેના સમાગમમાં સુખ માનતી હતી. જગતમાં એવા જે નરનારીઓ હતા, તેમને શ્રીહરિની વાતમાં રુચિ થાતી નહીં. ૧૦.

પશુ-પક્ષીઓ અપાર છે. તે જે માર્ગે ચાલે છે, તે માર્ગે જે લોકો પશુના જેવી રુચિ કરીને ચાલતા હોય તે પશુ-પંખી જેવા કહેવાય છે. ૧૧. અન્યાયીઓ-અધર્મીઓ આવી વાતો કરતા હોય છે કે, જે પાપને માને તેને પાપ લાગે અને જે ન માને તેને પાપ ન લાગે. તે વાતોને તો જે પશુ જેવા હોય તે સાચી માને. ૧૨. સત્સંગ સિવાયના જેટલા માર્ગ છે, તે બધા તો એકાંતમાં પશુના જેવું વર્તન કરે છે, તેમને ધર્મ રુચતો નથી. ૧૩. શ્રીહરિ નિત્ય વાતો કરીને જેને ધર્મમાં રુચિ હોય, તેને અધર્મ અને અનીતિનો ત્યાગ કરાવતા. ૧૪. દરબાર જીવા ખાચર નાગડકામાં પાંચ રાત રોકાયા. ત્યારે શ્રીહરિ તેના ઉપર પ્રસન્ન થયા અને પછી ચાલવા તૈયાર થયા. ૧૫.

તે વખતે સુરા ખાચરના ભાઈ નાપા ખાચર ત્યાં દોડી આવ્યા. તેના પુત્રો પણ બધા સત્સંગી હતા. ૧૬. સુરા ખાચરના બીજા ભાઈના જે પુત્રો હતા, તે બધા જ સારા હરિભક્ત હતા. તેઓ બધા આવીને શ્રીહરિનાં ચરણોમાં પડ્યા. ૧૭. સહુએ હાથ જોડીને કહ્યું, અમારી સાથેનું હેત તોડીને આપ ક્યાં ચાલ્યા ? અમે તો એવું માનતા હતા કે આપ અહીંયાં જ રોકાશો. ફૂલદોલનો દિવસ નજીક આવે છે. ૧૮. આવું જાણીને અમે કાંઈ બોલ્યા નહીં. આપ અહીંથી ચાલ્યા જશો, એવું તો અમે જાણતા જ ન હતા. અમે તો આપના વિશ્વાસમાં રહ્યા. અમારાં મનમાં ફૂલદોલના ઉત્સવની બહુ જ આશા-ઈચ્છા છે. ૧૯. જાણે ફૂલદોલ તો આપ અહીં જ કરશો, એવું અમારા મનમાં હતું, પણ અમારાં મનની ઈચ્છાઓ મનમાં જ રહી ગઈ. કોઈપણ રીતે આપ અહીંયાં રહો, એવી વાત અમને આપ બતાવો. ૨૦. અમે કાઠી લોકો તો ભોળા કહેવાઈએ. રોકવાની કોઈ યુક્તિ અમને આવડે નહીં.

ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું, તમે જેવા ભોળા છો, તેવા જ અમે ભોળા છીએ. ૨૧. અમને ભોળા લોકો જ વધારે ગમે છે અને જ્યાં ભોળા હોય ત્યાં

અમે વારંવાર જઈએ છીએ. અમે કોઈ દેશમાં ટકતા નથી. અહીંયાં વારેવારે આવીએ છીએ. ૨૨. કાઠી હરિભક્ત બાઈઓ શ્રીહરિને બહુ જ વિનતિ કરવા લાગી. તેમની બોલી કાંઈ ઓર પ્રકારની હતી. શ્રીહરિની મરજી જેવી હોય તેવું તે બોલતી. ૨૩. તે બાઈઓની બુદ્ધિ સહેજે જ એવી હતી કે, તેમના જેવું કોઈ મરજીને સમજી શકતા નહીં. અને શ્રીહરિની રીત પણ એવી હતી કે, જેવી મરજી રાખતા હોય તેવું હેત રાખતા. ૨૪. જે હરિભક્ત શ્રીહરિની મરજીને રાખતા, તેને ત્યાં શ્રીહરિ વગર બોલાવ્યે જાતા હતા અને ત્યાં વારે વારે આવતા-જાતા રહેતા. ૨૫. જેઓને હેત અપાર હોય, પણ લેશમાત્ર મરજીને જાણે-સમજે નહિ, તેને ઘેર જગદાધાર જગત્પતિ વારેવારે જાતા નહીં. ૨૬.

જે માણસ સામેના માણસની લેશમાત્ર પણ મરજીને-ઈચ્છાને રાખતો-સમજતો નથી, તેની મરજી-ઈચ્છા રાખવી ઘણી કઠણ છે. દેખાવમાં ભલે વરેશ-અતિશય મોટા હોય પણ તેમની મરજી-ઈચ્છા સાચવવી બહુ કઠણ નથી. કારણ કે, તેઓ સામેનાની મરજી ઓળખી શકતા હોય છે. ૨૭. અને કોઈ અતિશય મોટા હોય તે લેશમાત્ર પણ આપણી મરજી-ઈચ્છાને ન સંતોષે, પણ જો ત્યાં ભય દેખાય, પ્રેમ હોય અથવા પ્રતાપ દેખાય તો તેમની મરજીને સાચવી-અનુસરી શકાય છે. ૨૮. કેટલાક તો સ્વાર્થને માટે જ બીજાની મરજી રાખતા હોય છે, તેવું નજરે દેખાય છે, પણ તે સ્વાર્થી જ્યાં સુધી પોતાનો સ્વાર્થ ન સરે ત્યાં સુધી જ તે બીજાની મરજીને અનુસરે છે. ૨૯. અને જ્યારે સ્વાર્થ સરી જાય છે, તે પછી તો તે મરજીને ઉલ્લંઘીને વર્તે છે. અને જેટલી મરજીને-ઈચ્છાને સાચવી હોય, તેના કરતાંયે પારાવાર વધારે તેનો દ્રોહ કરવા લાગી જાય છે. ૩૦.

જે લોકો સત્સંગથી દૂર છે, તેની વાત અમે નથી કહેતા. આવી તો સ્વાર્થની અનેક વાતો છે, તે જેનામાં વિવેક હોય તેને દેખાય છે. ૩૧. **હરિભક્તો પરસ્પર સાથે રહેતા હોય તોપણ તેમના અંતર જુદાં દેખાય અને એકબીજાની ગરજ ન રહે તો સત્સંગ કરતાં શું આવડ્યું ? ૩૨.**

આ વાત સ્વાર્થી માણસની કહી છે. તે વર્તનમાં તરત જ દેખાઈ આવે છે. સ્વાર્થી માણસનું વર્તન સંતોથી અને હરિભક્તોથી જુદુ જ તરી આવે છે. ૩૩.

चोपाई :

बेठक उठक जुदे करे जबहु, स्वार्थी कु रस उपजे तबहु;
ज्ञान ध्यान जुदे करे जाई, स्वार्थी आपे मानत मोटाई...३४
स्वार्थी स्वार्थी कि मोटप गावे, ता विन ओर कु तुछ देखावे;
भय प्रीति महात्म्य अंग जाके, हरिजन से रहे एक मन ताके...३५
रहे सदा आनंद अपारे, हरिजन से जुदे न रहे लगारे;
स्वामिनारायण लेत नामा, ताकु मानत हि अक्षरधामा...३६

સ્વાર્થી માણસ જ્યારે પોતાની બેઠક-ઉઠક અલગ કરે ત્યારે જ તેને તેમાં રસ ઊપજે છે. સ્વાર્થી માણસ પોતાનું જ્ઞાન અને ધ્યાન જુદું જઈને કરે છે અને પોતાનામાં મોટાઈ માને છે. ૩૪. એક સ્વાર્થી બીજા સ્વાર્થીની મોટાઈ ગાય છે. તે વિના બીજાને તેઓ તુચ્છ દેખાડે છે. જેને જેને ભય, પ્રીતિ કે માહાત્મ્યનું અંગ હોય તે બીજા હરિભક્તોની સાથે પોતાનાં મનને એક કરીને-મેળવીને રહે છે. ૩૫. તેમને હંમેશાં અપાર આનંદ રહે છે અને તે હરિભક્તોથી લગારેય જુદા રહેતા નથી. જે સ્વામિનારાયણ નામ લેતા હોય તેને તો અક્ષરધામ માને છે. ૩૬. જે પાકા હરિભક્ત થયા હોય તેમાં આવો દિવ્યભાવ રહ્યો હોય છે. ચાહે તેવા દેશકાળ વિષમ થઈ જાય, છતાં તેમની સમજણનો ઠેરાવ ફરે નહીં. ૩૭. અને દેશકાળની વિષમતાને લીધે જેને નિશ્ચય ફરી જતો હોય તેની અમે અહીં વાત કરતા નથી. તે વિવેકને સમજવો જોઈએ. ૩૮. **સત્સંગના આશ્રિત જે જે સંતો હોય તેની સાથે અત્યંત આંતરિક રીતે હળીમળી જાવું. તેમનાથી મને કરીને પણ ક્યારેય અલગ ન રહેવું. ૩૯. જે સંતોની આગળ પોતાનું મન ચોરાતું રાખે છે, તે ચાહે તેવો વ્યવહારે મોટો કહેવાતો હોય, પણ તેની મોટપ શું રહેશે ? ૪૦.**

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'સારંગપુર જતાં પહેલા નાગડકાના ભક્તોની શ્રીહરિને વિનંતી' એ નામે ઓગણ્યાશીમો તરંગ સમાપ્ત ।।૭૯।।



પૂર ચૌદમું : તરંગ - ૮૦

ફૂલદોલના સમૈયાનાં પત્ર લખવાની શરૂઆત કરી

શ્રીહરિ અશ્વ ઉપર બેઠા. સુરા ખાચર, અલૈયા ખાચર, સોમલા ખાચર, વેલા ખાચર, માતરા ખાચર અને જીવા ખાચર આદિ પચીશ ઘોડેસવારો પણ શ્રીહરિની સાથે ચાલ્યા. નાગડકાથી **કુંડલી** આવ્યા અને ત્યાંથી પ્રભુ **ખસ** થઈને **રેફડા** આવ્યા. ૧-૨. જ્યારે દિવસ એક પહોર ચઢ્યો હતો, ત્યારે શ્રીહરિ **સારંગપુર** પહોંચ્યા. ગામના બધા ભક્તજનો સન્મુખ આવ્યા. ૩. સહુના હાથમાં શ્રીફળ હતાં. તે ભેટ મૂકીને પગે લાગ્યા. કોઈ દિવસ દેખી ન હોય તેવી શોભા શ્રીહરિએ ધારણ કરી હતી. ૪. તે વેળાએ શ્રીહરિએ અંગ ઉપર સોનેરી વસ્ત્ર અને સોનાનાં અપાર ઘરેણાં પહેર્યાં હતાં. અશ્વ ઉપર પણ બધો સોનેરી સાજ હતો. તેની શોભા પણ કહી શકાતી ન હતી. ૫.

જે પાર્ષદો પાછળ રહી ગયા હતા, તેઓ પણ આવીને સારંગપુરમાં ભેળા થઈ ગયા. ગઢપુરના જે મોટેરા હરિભક્ત કહેવાતા હતા, તેઓ બધા જ સોનેરી રથમાં બેઠા હતા અને પાછળ રહી ગયા હતા તેઓ પણ આવી ગયા. તેમની સાથે કેટલાક હરિભક્તો પણ હતા. ૬-૭. જેની સમજણમાં એક ભગવાન સિવાય બીજું કાંઈ સારરૂપ ન હતું, એવા હરિભક્તો અપાર હતા. કેટલાક હરિભક્તો તો મોટા હરિભક્તોના સેવક થઈને રહેતા હતા. ૮. **તેમને શ્રીહરિને રિઝાવવાનું જ એક તાન રહેતું હતું અને તે કારણથી જ બીજા હરિભક્તોને આધીન થઈને રહેતા હતા.** મૃદંગ, ઝાંઝ, ઢોલ અને શરણાઈ વગેરે વાજિંત્રો ગામમાંથી સામે આવ્યા હતાં. ૯. નોબત તો કોઈ ભાતની વાગતી હતી. નિશાનની શોભા તો કહી શકાતી નથી. પાંચ રંગના નિશાન શ્રીહરિની આગળ આગળ ચાલતા હતા. ૧૦.

જે પાર્ષદો આગળ ચાલતા હતા, તેઓ બધા વારેવારે બંદૂકનો અવાજ કરતા હતા. વાજિંત્રો અને બંદૂકોની ભારે ગર્જના થયા કરતી હતી. તેનો શબ્દ એકતાર થતો હતો. ૧૧. દિવસ જ્યારે દોઢ પહોર ચઢ્યો ત્યારે(૧૦.૩૦ કલાકે) શ્રીહરિ ગામમાં પ્રવેશ્યા. ગામની બધી રાજબજારો સ્વચ્છ કરાવી

દીધી હતી. ૧૨. બજારની બંને બાજુએ કેળના સ્તંભ રોપી દીધા હતા અને તેનાં થડને કેસર, ચંદન તથા કુંકુમથી રંગી દીધાં હતાં. ૧૩. કેળો કેળાની લુમ સાથેની હતી. તે સોનેરી કેળ કહેવાતી હતી. શ્રીફળના રોપા અને ગુલાબનાં ગમલાં ઠેકઠેકાણે ગોઠવી દીધાં હતાં. ૧૪. ગામના લોકો બજારમાં બંને બાજુએ ઊભા હતા. અને ભાવિક ભક્તો હેતથી દર્શન કરતા હતા. ૧૫.

ગામની બધી સ્ત્રીઓ પોતાને અત્યંત ભાગ્યશાળી માનીને મોતીના થાળ ભરી ભરીને શ્રીહરિને વધાવતી હતી. ૧૬. નવીન પ્રકારનું સોનેરી છત્ર શ્રીહરિના મસ્તકે ધાર્યું હતું. તેમજ સોનેરી ચામર બંને બાજુએ શિર ઉપર ઢળી રહ્યાં હતાં. ૧૭. ડાબા હાથમાં અશ્વની લગામ પકડી હતી અને જમણા હાથમાં રૂમાલ લીધેલો હતો. બંને કાન ઉપર ફૂલના મોટા મોટા ગુચ્છ ધારણ કર્યાં હતા. ૧૮. કોઈ અદ્‌ભુત સુશોભિત ફૂલના બે તોરા પાઘ ઉપર લટકી રહ્યા હતા. પાઘ ઉપર બાંધેલા શિરપેચમાં સુંદર કલગીની મનોહર શોભા દેખાતી હતી. ૧૯. બધા અશ્વોની આગળના ભાગમાં શ્રીહરિનો અશ્વ હતો. હરિભક્તો ગુલાલ લાવીને ઉડાડતા હતા, તેનાથી બધા જ હરિભક્તો રંગાઈ ગયા હતા. ૨૦.

શ્રીહરિની સાથેના બધા અશ્વો ગુલાલથી રંગાઈ ગયા હતા. બધી બજારો અને દુકાનો પણ ગુલાલથી ભરાઈ ગઈ હતી. ૨૧. આ રીતે બહુનામી શ્રીસહજાનંદસ્વામી પ્રસન્નતાના વાતાવરણમાં સારંગપુરના દરબાર જીવાખાચરના દરબારગઢમાં આવ્યા. ૨૨. તેના ભવનો ઊંચી ઊભણીવાળા અને ઉત્તરદ્વારના હતાં. તેમાં પણ પૂર્વ તરફના ભવનમાં ઘણીવાર શ્રીહરિ રહ્યા હતા. ૨૩. આવીને તે ભવનમાં ઉતારો કર્યો અને પછી રંગભીના શ્રીહરિ પલંગ ઉપર બેઠા. ત્યાં રાઠોડ ધાધલના સુંદર ભવન હતા. ૨૪. તેમાં ગઢપુરના જે હરિભક્તો હતા તેમને ઘટિત-યોગ્ય રીતે ઉતારો અપાવ્યો અને તેમની સરભરા પણ ખૂબ જ સારી રીતે કરી. ૨૫. મુકુંદાનંદવર્ણીએ આવીને સુંદર સાકરના કંસારની રસોઈ બનાવી હતી. તેને શ્રીહરિ ત્યાં જઈને જમ્યા. ૨૬.

વાલોળ અને રીંગણનું શાક જમ્યા, થોડો દૂધપાક જમ્યા અને ભજિયાં, પૂરી તથા પાપડ પણ જમ્યા. ૨૭. પછી ઉપરથી દહીં, સાકર અને ભાત જમ્યા.

'દહીં ઘણું મીઠું છે' એમ કહીને જમતાં જમતાં દહીંના વખાણ કર્યા. ૨૮. શ્રીહરિની સાથે જે દરબારો આવ્યા હતા, તેઓ અલગ અલગ ભવનોમાં ઊતર્યા હતા અને પોતાને ઉતારે જ દહીં, સાકર અને ભાત જમ્યા હતા. ૨૯. પાર્ષદોને તો વર્ણીએ જમાડી દીધા. સંતો જે ગામ ગયા હતા, ત્યાંથી પાછા આવ્યા. શ્રીહરિને દંડવત્ પ્રણામ કરીને મળ્યા. તેઓ દર્શન કરવામાં ખૂબ જ હોંશિલા હતા. ૩૦.

મધ્યાહ્ન સમયે શ્રીહરિ પલંગ ઉપર પોઢી ગયા. ત્યારે સંતો સંતોની જગ્યા હતી ત્યાં ગયા. ૩૧. એક પહોર(૩ કલાક) દિવસ બાકી રહ્યો ત્યારે શ્રીહરિએ સભા કરી. સંતો, વર્ણીઓ અને હરિભક્તો બધા આવીને સભામાં બેઠા. ૩૨. પાર્ષદો અને દરબારો બધા શ્રીહરિની સાથે સભામાં આવ્યા. આવીને બધા યોગ્ય રીતે બેસી રહ્યા. જે ભણનારા સંતો મુક્તાનંદસ્વામીની સાથે રહેતા હતા, તેમને શ્રીહરિએ સંભાર્યા. ત્યારે તે સંતો બોટાદથી આવ્યા અને દંડવત્ પ્રણામ કરવા લાગ્યા. ત્યારે શ્રીહરિ તેમની સામે ઊભા થયા. ૩૩-૩૪. તે બધા સંતોને અનુક્રમે બાથમાં લઈને તત્કાળ મળ્યા. ભક્તવત્સલ અને પરમદયાળુ શ્રીહરિ જેટલા સંતો આવ્યા હતા, તે બધાને અત્યંત હેતે કરીને મળ્યા. ૩૫.

તે પછી ભક્તજન સુખદાયક શ્રીહરિ આવીને પલંગ ઉપર બેઠા. જે તે દેશના ગામોના હરિભક્તોને સંભાર્યા. ૩૬. પછી ઘનશ્યામ શ્રીહરિએ સહુ પ્રથમ સોરઠ પ્રદેશમાં રહેલા હરિભક્તોના ગામના નામ પત્રમાં લખાવ્યાં. ૩૭. ત્યારબાદ હાલાર દેશનાં હરિભક્તોના ગામને સંભારીને શ્રીહરિએ લખાવ્યાં. ૩૮. પછી શ્રીહરિએ સંભારીને કચ્છ દેશના હરિભક્તોનાં ગામનાં નામ પણ લખાવ્યાં. ૩૯. વાગડ દેશમાં જે હરિભક્તોનાં ગામ હતાં, તેને પણ યાદ કરીને શ્રીહરિએ પત્રમાં લખાવ્યાં. ૪૦.

અંતર્યામી પ્રભુ સહજાનંદસ્વામીએ યાદ કરીને મોરબી પ્રદેશના જે હરિભક્તોનાં ગામ હતાં, તેનાં નામ લખાવ્યાં. ૪૧. પછી શ્રીહરિએ પ્રસન્ન મનથી ઝાલાવાડ પ્રદેશમાં જે હરિભક્તોનાં ગામ હતાં, તેને યાદ કરીને પત્રમાં લખાવ્યાં. ૪૨. જે ચુંવાળ પ્રદેશ અને વઢિયાર પ્રદેશ કહેવાય છે, તેમાં હરિભક્તોનાં જે ગામ છે, તેને સંભારીને શ્રીહરિએ લખાવ્યાં. કારણ કે

શ્રીહરિને ભક્તજનોના ઉપર ઘણી જ કૃપા હતી. ૪૩. રાધનપુર પ્રદેશમાં જે હરિભક્તોનાં ગામ હતાં, તેનાં નામ હરિભક્તોના ઉપર હેત હોવાથી યાદ કરીને લખાવ્યાં. ૪૪. પાટણ પ્રદેશમાં જે હરિભક્તોનાં ગામ હતાં, તેને પણ શ્રીહરિએ યાદ કરીને લખાવ્યાં અને બોલ્યા કે, અમે જે ભૂલી જઈએ તેને તમે સહુ યાદ કરાવજો. ૪૫.

શ્રીહરિએ સંતોને કહ્યું, તમે સૌ ગામોમાં જેટલું ફરો છો, તેટલું અમે ફરતા નથી. લખવામાં હરિભક્તોનું જે ગામ રહી જાય, તે તમારે યાદ કરાવીને લખાવી દેવું. ૪૬. તમે જો હરિભક્તોના ગામને યાદ ન કરાવો અને બાકી રહી જાય તેમાં અમારો વાંક નહિ ગણાય. જે જાણતા હોવા છતાં સંભારી નહિ દે, તેના ઉપર તે દોષ આવશે. ૪૭. અમે જ્યારે જે દેશમાં જઈને સમૈયો કરીએ છીએ, ત્યારે તે દેશના હરિભક્તો પત્ર લખીએ તેમાં હરિભક્તોનાં ગામ-નામ લખાવે છે અને તેનો તેને હૃદયમાં અતિશય આનંદ હોય છે. ૪૮. જો ગામનું નામ લખવામાં ભુલાઈ ગયું હોય, તો ત્યાંના હરિભક્તો સમૈયામાં આવીને અમને કહે છે કે, અમે વગર નામ લખ્યે આવ્યા છીએ. ૪૯. પત્રમાં જો કોઈ ગામનું નામ લખ્યું જ ન હોય તો કોઈને દુઃખ થાતું નથી. બીજાનાં નામ લખતાં લખતાં જેટલાનાં નામ રહી જાય, તેટલાનાં મનમાં દુઃખ થાય છે. ૫૦.

શ્રીહરિ કહે, ગામનાં નામ લખ્યા વિના સમૈયો કરીએ તો તેનો નિર્ધાર શું થાય ? તે તમે બધા સમજુ છો એટલે કહો. ૫૧. હવે ઘણાં જ ગામોમાં સત્સંગ થયો છે. એટલે તે ગામનાં નામ અને હરિભક્તોનાં નામ ભૂલી જવાય છે. તેથી તમારામાંથી કોઈ યાદ રાખી શકે તેવો હોશિયાર હોય તે અમારી સાથે રહો. ૫૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'ફૂલદોલના સમૈયાનાં પત્ર લખવા શરૂ કર્યા' એ નામે એંશીમો તરંગ સમાપ્ત ॥૮૦॥



પૂર ચૌદમું : તરંગ - ૮૧

ફૂલદોલના સમૈયા માટે હરિભક્તોને પત્રિકાઓ લખી

શ્રીહરિએ તે સમયે હરિભક્તોને એવું કહ્યું, અમે તો આગળ કહ્યા પ્રમાણે કરીએ છીએ. જાણી-જોઈને કોઈના ગામનું નામ ન લખીએ, તો તમારે દુઃખ લગાડવું તે ઉચિત છે. ૧. ત્યારે સંતોએ કહ્યું, મહારાજ ! આપ તો હરિભક્તોના જીવનપ્રાણ છો. આપના ગુણ તો મેઘના તુલ્ય છે. આ અંગે કોઈ વિશેષ પ્રમાણની જરૂર નથી. ૨. સાક્ષાત્ અક્ષરાધિપતિ પુરુષોત્તમ શ્રીહરિએ સંતોની આગળ આટલી વાત કહી. પછી ફૂલદોલના સમૈયાના પત્ર લખાવવા લાગ્યા. ૩. અશરણોના શરણ, ભક્તપતિ અને સુખધામ એવા શ્રીહરિએ ઈડર પ્રદેશમાં જે હરિભક્તોનાં ગામ છે, તેના નામ લખાવ્યાં. ૪. ઉદયપુર અને જોધપુર પ્રદેશમાં જે હરિભક્તોનાં ગામ છે તે બધાને સંભારીને સુખકારી શ્રીહરિએ લખાવ્યાં. ૫.

આબુ પ્રદેશમાં જે હરિભક્તો રહેતા, તેમના ગામનાં નામ લખ્યાં. વાલી સુધી જ્યાં હરિભક્તો રહેતા હતા, તેમનાં બધાં ગામ પણ લખાવ્યાં. ૬. જયપુર પ્રદેશમાં જે હરિભક્તો રહેતા હતા, તેમનાં ગામ અને કાંકરોલી પ્રદેશમાં રહેતા હરિભક્તોનાં ગામ પણ ભક્તજન પ્રતિપાલક પરમ દયાળુ શ્રીહરિએ લખાવ્યાં. ડુંગરપુર પ્રદેશમાં રહેનારા જે હરિભક્તો હતા, તેમનાં ગામનાં નામ ભક્તજનોના મનોરથ પૂરનારા શ્રીહરિએ લખાવ્યાં. ગુજરાત(અમદાવાદની આસપાસનો પ્રદેશ) અને ચરોતરના હરિભક્તોનાં ગામ પણ લખાવ્યાં. ૭-૯. વાકળ અને કાનમ દેશનાં હરિભક્તોનાં ગામનાં નામ લખાવ્યાં. ભરૂચ પ્રદેશમાં જે હરિભક્તો રહેતા હતા, તેમનાં ગામનાં નામ પણ લખાવ્યાં. ૧૦.

રાજપીપળા(રાજદેશ) પ્રદેશના જે હરિભક્તોનાં ગામ તેમનાં નામ શ્રીહરિએ સંભારીને લખાવ્યાં. ૧૧. સુરત પ્રદેશમાં રહેનારા જે હરિભક્તો હતા, તેમનાં ગામ પણ લખાવ્યાં બારા. પ્રદેશ કહેવાય છે, તેમાં હરિભક્તો રહે છે, તેમનાં ગામ તથા જંબુસર પ્રદેશમાં જે હરિભક્તો રહે છે, તેમનાં

ગામનાં નામ ઘનશ્યામ શ્રીહરિએ પોતે લખાવ્યાં. ૧૨-૧૩. ભાલ અને નળકાંઠા પ્રદેશમાં જે હરિભક્તો છે, તેમનાં ગામનાં નામ સંભારીને શ્રીહરિએ લખાવ્યાં. ૧૪. કાઠિયાવાડ દેશમાં હરિભક્તોનાં જે ગામ સહુથી ઘણાં સારાં કહેવાય છે, તેનાં નામ શ્રીહરિએ લખાવ્યાં. ૧૫.

ગોહિલવાડ પ્રદેશના હરિભક્તોના ગામનાં નામ ધર્મકુમાર શ્રીહરિએ લખાવ્યાં. ૧૬. અંતર્યામી શ્રીસહજાનંદસ્વામીએ વાળાક દેશમાં રહેતા હરિભક્તોનાં ગામોનાં નામ લખાવ્યાં. ૧૭. શ્રીઘનશ્યામ શ્રીહરિએ ઊના પ્રદેશ અને દિવ સુધીમાં રહેતા હરિભક્તોનાં ગામ લખાવ્યાં. ૧૮. નાઘેર દેશના હરિભક્તોનાં ગામ પણ લખાવ્યાં. જે પંચાળ પ્રદેશ કહેવાય છે, ત્યાંના હરિભક્તોનાં ગામ છબીલા શ્રીઘનશ્યામે લખાવ્યાં. પરમારોનો જે પ્રદેશ છે, તેમાં ચોરાશી ગામ ગણાય છે. ૧૯-૨૦ તેમાં જે હરિભક્તોનાં ગામ હતાં, તેમના નામ લખાવ્યાં. જે જે ગામમાં બાઈ ભાઈ જેટલા હરિભક્ત હોય, ૨૧. તેમાં જે યાદ આવે તેટલાનાં નામ લખે અને પછી તે સિવાયના માટે ‘સમસ્ત’ આવું લખતા. જે હરિભક્તો અન્ય કોઈ મુમુક્ષુની આગળ આપણા સત્સંગની વાતો કહીને તેને હરિભક્ત કરતા હતા, ૨૨. એવા જે બીજાને સત્સંગ કરાવનારા બાઈ-ભાઈ હરિભક્ત હોય તે હરિભક્તોમાં મોટા કહેવાતા. તેઓ જેના જેટલા નિયમો કહ્યા હોય તેનું ક્યારેય ઉલ્લંઘન કરતા નહીં. ૨૩.

જે હરિભક્તના મનમાં સદા એકસરખો દૃઢાવ રહે, જેને વિષમ દેશકાળમાં પણ કામ, ક્રોધ, લોભ અને મદ જેવા દોષો લોપી શકતા નહિ, તેવા હરિભક્ત સર્વોપરી કહેવાતા હતા. ૨૪. એવા હરિભક્તોનાં નામ, ભક્તોના મનોરથોને પૂર્ણ કરનારા, સ્વયં પૂર્ણકામ શ્રીહરિ લખતા અને તે સિવાયનાને માટે તો ‘સમસ્ત’ એવું લખાવી દેતા હતા. ૨૫. (શ્રીહરિના અંતર્ધાન થયા પછીના સમયમાં પણ) જે ભક્તો ધર્મવેરો અને નામવેરો જેટલાં વરસ આપતા હતા, તેટલાં વરસ તેમનાં નામ નિયમિતપણે લખાતાં હતાં. ૨૬. સત્સંગ કરતાં કરતાં જે જેટલાં વરસ જીવિત રહે, તેટલાં વરસ તે પોતાનું નામ લખાવતા રહેતા. ૨૭. સત્સંગને માટે થઈને જેણે જેટલું કષ્ટ સહન કર્યું છે, તેના નામ ઘણા પ્રેમથી સત્સંગના ગ્રંથોમાં લખ્યું છે. ૨૮.

જે જે ગામમાં હરિભક્તે શ્રીહરિને બોલાવીને સમૈયો કરાવ્યો હોય, તેમાં સંતો, વર્ણી અને હરિભક્તો આવ્યા હોય, ૨૯. તે પ્રસંગે શ્રીહરિ અને સંતોની જેવી રીતે પૂજા કરી હોય, તે રીતે બધું ગ્રંથમાં લખાયું હોય છે. શ્રીહરિના સંબંધે કરીને હરિભક્તમાત્રની વાતો, ગ્રંથમાં લખાયા વગરની એક પણ રહેતી નથી. એક એક હરિભક્તની અનેક વાતો લખાયેલી હોય છે. આવા બ્રહ્માંડોનો પ્રલય વારે વારે થશે પણ, **શ્રીહરિનાં ચરિત્ર-ગ્રંથમાં લખાયેલી વાતનો પ્રલય ક્યારેય થશે નહીં, એમ સહુ હરિભક્તોએ જાણવું. જે જે હરિભક્તો ભગવાનનો અને સંતોનો સંબંધ જેટલો રાખે છે, તે આ બ્રહ્માંડમાં અખંડ રહે છે. ભગવાનનો સંબંધ આવો કહેવાય છે.**

જ્યારે શ્રીહરિએ સારંગપુરમાં ફૂલદોલનો ઉત્સવ કર્યો, ત્યારે ઉપર કહ્યા પ્રમાણે યાદ કરીને પત્ર લખાવ્યા. ૩૦-૩૩. વળી એવું લખ્યું કે, બધા સંતો અને વર્ણીઓ અહીંયાં આવશે. અમે અહીંયાં હમણાં જ આવ્યા છીએ. મુક્તાનંદસ્વામી વગેરે કેટલાક સંતો તો અહીં આવી ગયા છે. ૩૪. તમને સહુને દર્શન કરવાની ભાવના હોય અને કોઈ સંગ-સોબત સારી હોય, તો તે જોઈને સુખેથી આવજો. પોતાના ઘરમાં સગાસંબંધીની રજા લીધા વિના કોઈએ ક્યારેય આવવું નહીં. ૩૫. આવવા-જવાની અને અહીંયાં રહી શકાય એટલી ખરચી સાથે લાવવી. જો ખરચીની સગવડ ન થાય તો ઘેર રહીને ભજન કરવું. ૩૬. દર્શન કરવા આવતાં જે દુઃખી થાય છતાં જેને કોઈનો અભાવ ન આવે તેણે દર્શન કરવા આવવું. ૩૭.

લોકો તીર્થયાત્રા કરવા જાય છે, તેમાં અપાર દુઃખ વેઠે છે. કેટલાક તો તીર્થમાં મરી પણ જાય છે. છતાં તેનો લગારેય અભાવ આવતો નથી. ૩૮. સમૈયામાં આવવામાં જો લેશમાત્ર પણ કોઈનો અભાવ ન આવે, એવું મન હોય તો આ પ્રદેશમાં આવવું. ખરેખર જે ભાવિક હોય છે, તે ક્યારેય અવગુણ-અભાવ લેતા નથી. ૩૯. અનેક લોકો પરદેશમાં કમાવા જાય છે, ત્યારે તેઓ હરખથી વહાણમાં બેસે છે અને મરવાના દુઃખનો ડર રાખતા નથી. ૪૦. વહાણમાં બેઠેલા અનેક માણસો મરી જાય છે, તે નજરે દેખાય છે. છતાં લોકો વહાણમાં મુસાફરી કરે છે. તેમ સત્સંગનો

લાભ વિવેકબુદ્ધિથી જોવો જોઈએ. ૪૧. આગગાડીનું એક મશીન તેની પાછળની અનેક ગાડીઓને ખેંચીને ચાલે છે એટલે જેને આવી બધી પરખ હોય તે બીજા લોકોને સમૈયામાં ખેંચી લાવે છે. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'ફૂલદોલના સમૈયામાં હરિભક્તોને પત્રિકાઓ લખી' એ નામે એકાશીમો તરંગ સમાપ્ત ॥૮૧॥



પૂર ચૌદમું : તરંગ - ૮૨

સાચા અને પ્રપંચી એમ બે પ્રકારનાં સંત કહ્યા

❋ સત્સંગ કરે તે મહાન છે :

दोहा : लव सत्संग करन के, महात्म लिखे अपार;
सब हि जन नहि जान ही, बोलेउ धर्मकुमार...०१
सत्संग जन जिहाँ लग हि, करत नहि जो जेते;
ब्रह्मा जेसे होय तोउ, कंगाल कहे तेते...०२

ધર્મકુમાર શ્રીહરિએ કહ્યું, એક લવ જેટલો સમય સત્સંગ કરવાનું માહાત્મ્ય અપાર લખ્યું છે. તેને બધા મનુષ્ય જાણતા નથી. ૧. જ્યાં સુધી માણસ સત્સંગ કરતો નથી, ત્યાં સુધી બ્રહ્મા જેવો હોય તો પણ તે કંગાળ કહેવાય છે. ૨.

सोरठा : कंगाल होय जोउ, सत्संग भये जाहिकुं;
अधिक हे महा सोउ, ब्रह्मा भव इन्द्र करत हि...०३
सत्य हे यह बात, यामें नहि रंच कुर हि;
आवे जब हि मनात, नकि हरिजन भये तबहि...०४

જેને સત્સંગ થયો તે જો કંગાળ હોય તોપણ તે બ્રહ્મા, ભવ અને ઈંદ્રાદિક કરતાં પણ વધારે મોટો કહેવાય છે. ૩. આ વાત સાચી છે, એમાં રંચમાત્ર પણ ખોટું નથી. આ વાત જ્યારે મનાઈ જાય ત્યારે તે પાકો હરિભક્ત થયો કહેવાય. ૪. જ્યારે વરસાદ વરસે છે, ત્યારે બધા સરોવરો સંપૂર્ણ ભરાઈ જાય છે. પછી જે સરોવરની પાળી જેવી મજબૂત હોય તેટલું તેમાં પાણી

ટકી રહે છે. ૫. બધા હરિભક્તો છે, તે સરોવર છે, સત્સંગના નિયમો અને સમજણ તે સરોવરની પાળી છે અને સત્સંગની જેટલી વાતો છે, તે મેઘના પાણીના સમાન છે. ૬.

चोपाई :

हरि सत्संग दो मेघ रहाये, नियम समझ तेसी बात टिकाये;
नियम समझ जाकि रहे जेसा, मोटप ताकि रहे जो तेसा...०७
रिद्धि सिद्धि ओर गुन अपारा, नियम समझ में रहे न पारा;
जो जो धाम कहावत जेते, नियम समझ में रये हे तेते...०८

ભગવાન અને સત્સંગ એ બે મેઘ છે. તે મેઘનું જળ-વાતો નિયમ અને સમજણરૂપી પાળ જેટલી મજબૂત હોય તેટલું ભક્તરૂપી સરોવરમાં ટકે છે. જેનાં જેવા નિયમ અને જેની જેવી સમજણ હોય તેને તેવી મોટપ મળે છે. ૭. રિદ્ધિ અને સિદ્ધિ તથા બીજા અપાર ગુણ તે નિયમોમાં અને સમજણમાં રહે છે. ભગવાનનાં જે જે ધામ કહેવાય છે, તે બધાં નિયમોમાં અને સમજણમાં રહ્યાં છે. ૮.

नियम समझ रहे महा भारी, ताकु तजना नहि कोउ वारी;
अधिक अधिक नित रंग रखना, तुच्छ बात हित ममत न करना...०९
सत्संग विन हरि विन जेतो, तुच्छ करी बात समझना तेतो;
एसी समझ अचल रहे जाई, देशकाल कर फिरे न ताई...१०

નિયમો અને સમજણ ઘણા ભારે મહત્ત્વપૂર્ણ છે. તેનો ક્યારેય ત્યાગ કરવો નહીં. નિયમ અને સમજણનો નિત્ય વધારે ને વધારે રંગ રાખવો. તુચ્છ બાબત માટે મમત્વ કરવું નહીં. ૯. સત્સંગ વિના અને ભગવાન વિના બીજી બધી વાતોને તુચ્છ માનવી. જેની સમજણ આવી સુદઢ હોય તે વિષમ દેશકાળમાં પણ ફરે નહીં. ૧૦.

ભલે તે દેખવામાં ગરીબ જેવો જણાતો હોય પણ એવા દઢાવવાળાનાં અંતરમાં ભગવાન રહેલા હોય છે. કારણ કે, તે સિવાય તેમાં આવી સમજણ આવે નહીં. આવી સમજણ દુર્લભમાં પણ દુર્લભ કહેવાય છે. ૧૧. જેને ઉપરથી ડોળ કરતા આવડતો હોય તેને આખું જગત પૂજે છે. ગરીબ ભક્તને

કોઈ પૂજે કે ન પૂજે, તે તો પોતાની સમજણની સ્થિતિમાં જ પ્રસન્ન રહે છે. ૧૨. જે પ્રપંચ કરનારો, ડોળ કરનારો હોય તે ચાલુ પ્રથા કરતાં પણ વધારે નિયમ પાળે, કથા-વાર્તા કરે, કીર્તન, ભજન અને ધ્યાન પણ બીજા કરતાં વધારે કરે, તેને પોતાને પૂજાવાનું જ અધિક તાન હોય છે. ૧૩. જે જે કરે તે બીજા કરતાં વધારે કરે ત્યારે જો કોઈ ધાર્યું સન્માન ન કરે તો તે એવો પ્રપંચ રચે કે બીજા કોઈને તેની ખબર જ પડે નહીં. ૧૪.જે પ્રપંચી છે તે ગરીબ ભગવદ્‌ભક્તના કરતા પોતાની સાધુતાને વધારે દેખાડે. લોક મનોરંજનને માટે ઘણી વાતોનો સંગ્રહ કરી રાખે. ૧૫.

सोरठो : अपने जिय का हीत, होय तेसे संत जोउ;
विचार करत हि नीत, नट चढत हे दोर जीमी...१६

જે સાચા સંત પુરુષ છે, તે પોતાના આત્માનું જેનાથી હિત થાય એવો જ નિત્ય વિચાર કરે છે. નટ જેમ સાવધાનીથી દોર ઉપર ચાલે છે, તેમ સાચા સંત નિત્ય આત્મકલ્યાણનું ધ્યાન રાખીને ચાલે છે. ૧૬.

अपनो हित विचारत जेहा, इनसे पूजा मोटप न केहा;
अपने करत ओर संत ताकी, निष्कपट होईके जो वाकी...१७
मोटप न जाने संसारी जेसे, बात नित करत रहेउ तेसे;
अपनी मोटप न जाने कोऊ, एसे समझ रखे नित सोऊ...१८

જે પોતાનું હિત વિચારે છે, એનાથી કોઈની પૂજા કે મોટપ વધતી નથી. અને જે નિષ્કપટપણે પોતાનાં હિતનો વિચાર કરે અને અન્ય સંતોના હિતનો પણ વિચાર કરે તેવા સંતો-ભક્તો, જે રીતે સંસારી લોકો પોતાની મોટપ ન જાણે એવી જ રીતે નિત્ય વાત કરે છે. પોતાની મોટાઈને બીજા લોકો જાણી જાય નહિ, એવી સમજણ તેઓ નિત્ય રાખે છે. ૧૭-૧૮. સાચા સંત જો કોઈ પોતાનો તિરસ્કાર કરે તો તેના ઉપર અત્યંત પ્રસન્ન થાય છે. **જે બીજા સંતનો દોષ ક્યારેય પોતાના મુખથી ન કહે, તેમાં સાધુતા માનો પૂરેપૂરી આવી ગઈ છે, એમ કહેવાય.** ૧૯.

જે સંસારી સંત છે, જે પ્રપંચી છે, તે તો પોતામાં જ બધી મોટપને માને છે અને તે પોતાની મોટપ જેમ વધે તેમ રાત દિવસ પ્રયત્ન કરતો રહે છે. બીજાની

મોટપને દેખીને તો તેની છાતીમાં બળવા માંડે છે. ૨૦. બે-ચાર સાધુના વખાણ કરીને પછી બીજા બધા સાધુઓનું અપમાન કરે છે. બીજાનું માન-પૂજા પ્રતિષ્ઠાને દેખીને તેનું અપાર અપમાન કરવા લાગી જાય છે. ૨૧. અને પોતાની ક્રિયા બીજા લોકોને ન્યાયભરી દેખાડે. તેનું કપટ બીજા કોઈના કળ્યામાં આવે જ નહીં. તેનું કપટ એક ભગવાન સિવાય બીજા કોઈથી ક્યારેય કળ્યામાં આવે નહીં. ૨૨. તે અહીંયાં પોતાની પૂજા-પ્રતિષ્ઠા અપરંપાર કરાવે અને બીજા સંતને અન્યાયી બતાવે, તેને સમજણ વગરના સંસારી લોકો ચલાવી લેતા હોય છે. ૨૩. શ્રીહરિ કહે એવા જે સંસારી સાધુ અતિ બુદ્ધિમાન હોય છે, તેઓ અમારી બધી તલ તલ જેટલી વાતને પણ શીખીને મુખપાઠ કરી લે છે. ૨૪.

પ્રપંચી સંત વાતો કરી અપાર લોકોનું રંજન કરે અને પછી કોઈ એક સાચા સંતમાં યુક્તિએ કરીને બીજાને દોષ દેખાડે છે. ૨૫. પરંતુ જેમ કોઈ સુંદર દૂધપાક કરી તેમાં ગુપ્ત રીતે ઝેર ભેળવી દે અને પછી તે ઘણું હેત દેખાડીને કોઈને જમાડે તો તે કેવો સરસ લાગે ? એવો તે પ્રપંચી અમને લાગે છે. (બીજા તો તેને ઓળખતા નથી.) ૨૬. શ્રીહરિ વારંવાર એવું કહેતા કે જ્યાં સુધી અમે બેઠા છીએ ત્યાં સુધી તો તેની પરખ(પરીક્ષા)માં ફેર પડવા દેતા નથી. તેની બધી જ માયાને ઉડાડી દઈએ છીએ. ૨૭. સંત કે હરિભક્ત થઈને જે લેશ પણ માયા રચે છે, તેમાં અસુર આવીને પ્રવેશ કરે છે. ૨૮. જ્યાં સુધી અમે બેઠા છીએ ત્યાં સુધી તે માયાનું કે અસુરોનું કાંઈ ચાલવા નહિ દઈએ. **સંતો જ્યાં સુધી પરસ્પર એકબીજાનું અપાર હિત કરશે અને મુખથી હિતકર જ બોલતા રહેશે, ત્યાં સુધી માયાનું કે અસુરોનું લેશમાત્ર પણ બળ નહિ ચાલે. જ્યારે એકબીજાની મોટાઈને દેખીને સહન નહિ કરે, ત્યારે માયા અને અસુરો તેમાં પ્રવેશ કરશે. પછી ઉપર ઉપરથી પ્રેમ રાખશે. વારંવાર કથા-વાર્તા કરતા રહેશે, પણ તેમનાં અંતર ઘણાં જુદાં રહેશે. ૨૯-૩૧.**

જ્યારે પરસ્પર કુસંપ થાય ત્યારે ભેગા થતી વેળાએ મળે છતાં ન મળ્યા જેવું જ હોય. અંતરમાં પરસ્પર ભય ન રહે. જ્યારે જુદા પડે ત્યારે મળે કે ન મળે, તેની અંતરમાં ચિંતા રહે નહીં. ૩૨. પરસ્પર 'જય નારાયણ' કહે કે ન કહે, તેનો પણ મનમાં રંચમાત્ર ખેદ ન થાય. **જ્યાં સુધી એકબીજાના**

અંતર મળેલા હોય, ત્યાં સુધી તેઓ પરસ્પર ભાવથી મળે છે. ૩૩. અને જેનું જેની સાથે હેત જોડાયેલું હોય તેને દોડીને 'જય નારાયણ' કહે છે. મંડળમાં પણ જેના ઉપર જેને પ્રેમ હોય છે, તેઓ પરસ્પર હેત રાખે છે. ૩૪. અમે અત્યારે બેઠા છીએ અને જેવો પ્રેમ જણાય છે, તેવો પ્રેમ દેશકાળ ફરતાં રહેશે નહીં. અમારી પાસે હોય ત્યારે જેવી મતિ(સમજણ) રહે છે, તેવી મતિ દૂર જાય ત્યારે રહેતી નથી. ૩૫. જેમ કપડું મેલું થઈ જાય છે, તેમ મતિ પણ મેલી થઈ જાય છે. અમે તે મેલને જે રીતે ધોઈએ છીએ, તેવી રીતે મેલને કાઢતાં બીજાને આવડતું નથી. ૩૬.

મનુષ્ય માત્રને એકસરખો રોગ હોતો નથી. જેવો રોગ હોય તેવું ઔષધ કરે તો તે રોગ મટી જાય છે. ૩૭. ત્યારે સંતોએ હાથ જોડીને શ્રીહરિને કહ્યું, મહારાજ ! આપ મોટા ધન્વન્તરિ વૈદ્ય છો. દેહાભિમાન છે, તે જ મોટો રોગ છે. તે કોઈ બીજાથી ટાળ્યો ટળતો નથી. ૩૮. દેહમાં જે તત્ત્વો રહ્યા છે, તેમાં એક પણ વિકાર વગરનું નથી. એટલે તે તત્ત્વોના યોગથી તેના ગુણ જીવમાં વર્તે છે. ૩૯. લખચોરાશીમાં જીવને જે દેહ મળે છે, તે ઘોર નરકરૂપ કહ્યા છે. જીવ તે ઘોર નરકરૂપ દેહમાં ફસાયો છે, તેને આપના સિવાય બીજો કોણ છોડાવે ? ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'સંતો આગળ શ્રીહરિએ સાચા અને પ્રપંચી, બે પ્રકારના સંત કહ્યા' એ નામે બ્યાસીમો તરંગ સમાપ્ત ॥૮૨॥



પૂર ચૌદમું : તરંગ - ૮૩

સદ્વર્તન અને ખરી સાધુતાની વાત કહી

ફાગણ સુદિ એકાદશીની તિથિએથી દેશેદેશના હરિભક્તોના બધા સંઘ સારંગપુર આવવા લાગ્યા. ૧. શ્રીહરિ ઊંચી ઊભણીવાળા ભવનની ઓસરીમાં પલંગ ઉપર બેઠા. બધાં વસ્ત્ર વસંતી પહેર્યાં હતાં અને મુખારવિંદ અત્યંત પ્રસન્ન હતું. ૨. જે હરિભક્તો આવતા હતા. તેઓ થોડે છેટે

રહીને પહેલા દંડવત્ પ્રણામ કરતા અને પછી પાસે આવીને પગે લાગતા હતા. ૩. ભક્તો હાથમાં શ્રીફળ લાવતા. તે શ્રીહરિની પાસે ભેટ ધરતા. ભક્તોને શ્રીહરિની ઉપર અદ્‌ભુત હેત હતું. તેમના જેવું હેત જગતમાં બીજે ક્યાંય દેખાતું ન હતું. ૪.

જે ગામના હરિભક્તો આવ્યા હોય તે પોતપોતાના ગામના હરિભક્તોના નામ લઈને શ્રીહરિને વારંવાર 'જય સ્વામિનારાયણ' એમ કહેતા હતા. ૫. અને તેમણે જે રીતે સમાચાર કહ્યા હોય તે રીતે શ્રીહરિને અતિ પ્રેમથી કહેતા હતા અને શ્રીહરિ તે ધ્યાન દઈને અતિ આદરથી સાંભળતા. તેથી ભક્તો ઘણું રાજી થાતા હતા. ૬. તેનાથી બધા ભક્તોના ત્રિવિધ તાપ તરત જ શાંત થઈ જાતા હતા અને સંતોની સભા દેખીને તો ભક્તોને આનંદ આનંદ થઈ જાતો હતો. ૭. શ્રીહરિ જે પ્રદેશના જેટલા હરિભક્તો આવ્યા હોય, તેનો મનમાં વિચાર કરી રાખતા. પછી પહેલા આવેલા તે પ્રદેશના હરિભક્તો સાથે પછી આવેલા તે જ પ્રદેશના હરિભક્તોને ઉતારો આપતા. તેથી સહુ હરિભક્તોને તે અતિ પ્રિય લાગતું હતું. ૮. પછી હરિભક્તો સંતોના ચરણમાં પડીને પગે લાગતા અને ઉતારો કરવા જાતા હતા. ઉતારો કર્યા પછી સ્વસ્થ ચિત્ત થયેલા તે ભક્તો આવીને સભામાં બેસતા હતા. ૯. સ્ત્રીઓની સભામાં સ્ત્રીઓ, પુરુષોની સભામાં પુરુષો બેસતા હતા અને તેમના ઉતારા પણ એવી જ રીતે કર્યા હતા. હરિભક્તોની રીત આખા જગતની દૃષ્ટિએ ઉચિત હોય છે. ૧૦.

વર્તન ઉચિત-યોગ્ય હોય તો તેને ઉચિત કહેવાય અને વર્તન જો નીચ હોય તો તે નીચ રહે છે. ઊંચા વર્તનથી ઊર્ધ્વગતિ થાય છે અને નીચ વર્તનથી અધોગતિ થાય છે. ૧૧. ચોરોનું અને વ્યભિચારીનું વર્તન અત્યંત નીચ કહેવાય છે. માંસ ખાવું, દારૂ પીવો અને બીજા પણ કેફ કરવા, તે બધા વર્તન અત્યંત નીચ કહેવાય છે. ૧૨. જે ન્યાયવાળા લોકો છે, તેઓ તો દેવો કરતાં પણ અધિક-શ્રેષ્ઠ છે અને જે અન્યાયી લોકો છે, તેઓ તો નીચમાં પણ અત્યંત નીચ છે. ૧૩. ઊંચ અને નીચ જે ગતિ છે, તે તો વર્તનમાં રહી છે. જે બુદ્ધિમાન લોકો હોય છે, તેઓ નીચ વર્તનમાં પગ મૂકતા નથી. ૧૪.

⁂ વર્તનની મહાનતા :

सोरठा : निचे में पाव न देत, बुद्धिवंत जन जेते जो;
उंच गति तेहि लेत, बडे साह की रीति जीमी...१५
हरिजन के जो व्रतन, नर देव से अधिक रहेउ;
अबुद्ध जीतने जन, हरिजन कु देखी जरी मरत...१६

જેમ મોટા શાહુકારો સુરીતમાં ચાલે છે, તેમ જે બુદ્ધિમાન હોય છે, તેઓ નીચ પગલું ભરતા નથી. તેથી ઉચ્ચ ગતિ પામે છે. ૧૫. ભગવાનનાં ભક્તનું વર્તન તો માનવ અને દેવો કરતાં પણ અધિક સારું હોય છે. પરંતુ મૂર્ખ મનુષ્ય હોય છે, તે તેવા હરિભક્તને દેખીને બળી મરે છે. ૧૬. ઉત્તમ અને ઊંચ વર્તનરૂપ ઘણો અનુપમ હાથી છે. જેના ઉપર શુભ કીર્તિરૂપ સુંદર સોનાની અંબાડી રહે છે. અર્થાત્ ઉત્તમ વર્તનવાળાને શુભકીર્તિ પ્રાપ્ત થાય છે. ૧૭. ઉત્તમ વર્તન માનો નવયુવાન જેવો બાલકુમાર હાથી છે, તે અષ્ટ આવરણથી-માયાથી પર છે. જે મુમુક્ષુ હરિભક્ત થયા છે, તે બધાને શુભવર્તનરૂપી જુવાન હાથી મળ્યા છે, તે માયાથી પર છે. ૧૮. **નિયમરૂપી વર્તન જ્યાં સુધી શુદ્ધ રહેશે, ત્યાં સુધી માનો તે તેવા સુંદર હાથી ઉપર બેઠા છે. અર્થાત્ ત્યાં સુધી તેઓ માયાથી પર છે. જેને દિવ્યદષ્ટિ પ્રાપ્ત થઈ હોય એવા ભક્તને તે બધું દેખ્યામાં આવે છે.** ૧૯. અત્યારે સત્સંગનો મહાપ્રતાપ દિનપ્રતિદિન અમાપ વધી રહ્યો છે. જે અમાપ હોય તે કોઈના માપમાં ન આવે. સત્સંગ એવો અમાપ છે. ૨૦.

પણ હા, જ્યારે મોક્ષરૂપ બુદ્ધિ આવે ત્યારે અમાપ જાણ્યામાં આવે છે. કોઈનામાં વ્યાવહારિક બુદ્ધિ અપાર હોય તોપણ અમાપ વસ્તુ તેના દેખ્યામાં લગારેય આવે નહીં. ૨૧. બુદ્ધિને જેવા જ્ઞાનનો પાશ લગાવે તેવી તે તરત થઈ જાય છે. જેને જે પાશ દઢપણે લાગ્યો હોય તે કોટી ઉપાય કરે તોપણ ટળતો નથી. ૨૨. જ્યાં સુધી તે જ્ઞાનનો પાશ અપક્વ હોય છે, ત્યાં સુધી તે ફરી જાય છે, જ્ઞાન સ્થિર રહેતું નથી. તેથી શ્રીહરિ હરિભક્તોને કહે છે કે, ક્યારેય સત્સંગ કાચો રાખવો નહીં. ૨૩. સત્સંગ જેટલો કાચો હશે તેટલું

અંતરમાં સુખ ન રહે અને (સત્સંગીના હૃદયમાં) કુસંગનો જેટલો પાશ-બંધન રહેશે, તે તો વિપ્રના ઘરમાં ચંડાળના વસવાટ જેવું છે. ૨૪. વિપ્રના ઘરમાં ચાંડાળનો જેટલો પાશ હશે તેટલું દુઃખ વિપ્રને રહે છે. તે હરિભક્તે સમજી રાખવું જોઈએ કે, (અમારામાં પણ જેટલો કુસંગનો પાશ રહેશે તેટલું દુઃખ રહેશે.) ૨૫.

પોતાનો સત્સંગ કાચો છે કે પાકો છે, તેનું જ્ઞાન પણ સત્સંગથી જ થાય છે. તે વિના થાતું નથી. સત્સંગ દર્પણ છે. દર્પણ વિના પોતાનું મુખ સ્પષ્ટ રીતે ક્યારેય દેખી શકાતું નથી. ૨૬. કાચની હાંડીમાં રહેલો દીવો પોતાને અને બીજા સર્વને અજવાળું આપે છે. તેમ સંતો પણ પોતાનાં અને બીજાનાં અજ્ઞાનને ટાળે છે. ૨૭. કેટલીક હાંડીઓ એવી હોય છે, જે બીજાને અજવાળું આપે પણ તેને પોતાની નીચે અંધારું રહે છે. ગૃહસ્થ હરિભક્ત તેના જેવા છે. ૨૮. જે **હરિભક્ત ગૃહસ્થાશ્રમમાં રહે તેણે સંતોના દાસ થઈને રહેવું જોઈએ. જ્યાં સુધી મન ધનમાં પરોવાયેલું રહેતું હોય છે, ત્યાં સુધી સ્ત્રીનો ત્યાગ રાખવાથીએ વિશેષ શું મળ્યું ? ૨૯ કેટલાક તો ધનનો અને સ્ત્રીનો, બંનેનો ત્યાગ રાખે છે, પણ તેને માન આવ્યા વિના રહેતું નથી. જો કોઈ વાતમાં લગારેય માન આવે તો તે ઝેરરૂપ છે. માનરૂપી ઝેર ઘણું ભારે છે. ૩૦.**

જો આ મોટા નિર્માની સંતોમાં માનરૂપી ઝેર આવે તો બ્રહ્માદિકને પણ દુર્લભ એવા તેમના જે જે ઉત્તમ ગુણ હોય છે, તે બધાને માન દોષરૂપ કરી દે છે. કારણ કે તેમાં માનરૂપી ઝેર ભળ્યું છે. જે અધિક અધિક ગુણોને પામે, ૩૧-૩૨.

✵ સંતનો અપરાધ ન કરવો પણ તેને આધીન રહેવું :

चोपाई :

जेसे गुन तेसे रहे दीना, साधु के रहे सदा आधिना;
संत आधिन रहे जिहाँ लगहु, बडे गुन शोभे तिहा लगहु...३३
एक हि दिनके साधु तामें, रंच जो दोष आवे वाके;
कोटि कल्पके रहे सत्संगा, तरत ताके होई जावत भंगा...३४

भगवान बडे संत से जोउ, पाप नहि छूटत हे सोऊ;
जाको अपराध कीने जाई, निष्कपट होई नमे ताई...३५
फेर न करे कोईको अपराधा, तब ताकु न रहत तेहि बाधा;
ता विन करे कोटी उपाया, दोष न रतिभर जात रहाया...३६

છતાં જેમ જેમ ગુણ આવે તેમ તેમ સત્સંગમાં દીન(ગરીબ) થઈને રહે અને સાધુને સદા આધીન થઈને રહે, તેના જેવી બીજી કોઈ મોટાઈ કહેવાતી નથી. અને જ્યાં સુધી તે સાધુને આધીન વર્તે છે, ત્યાં સુધી તેના બધા સદ્‌ગુણ શોભે છે. ૩૩. એક જ દિવસનો સાધુ હોય તેનો જો રંચમાત્ર પણ અભાવ આવે, તો કરોડો કલ્પથી કરેલો તેનો સત્સંગ તરત જ તૂટી જાય છે. ૩૪. સંતના અપરાધનું પાપ ભગવાન અથવા મોટા સંતથી પણ ટળતું નથી. જેણે જે સંતનો અપરાધ કર્યો હોય તેની પાસે જઈને નિષ્કપટ ભાવે તેને નમસ્કાર કરે, ૩૫. અને ફરીવાર બીજા કોઈનો અપરાધ ન કરે, ત્યારે તેનું તે પાપ ટળી જાય છે, કાંઈ બાકી રહેતું નથી. તે વિના કરોડો ઉપાય કરે તો પણ તે દોષ રતીભાર પણ ઓછો થાતો નથી. ૩૬.

दोहा : ग्रही हरिजन हे जितने, सत्संग के प्रताप;
समाधि होय जदपि तोउ, संत जोना अमाप...३७
संत संत के दास होई, वरत हि जो नित जेहु;
मोटप से मोटप एहि हे, सब से अधिक तेहु...३८

અને જે ગૃહસ્થ હરિભક્ત હોય, તેને જો સત્સંગના પ્રતાપથી સમાધિ થાતી હોય તો પણ તેણે સંતોને તો અમાપ-મહાન જ જોવા. ૩૭. જો સંતો કાયમ પરસ્પર સંતોના દાસ થઈને વર્તતા હોય, તો તે મોટપમાં સહુથી અધિક મોટપ છે. ૩૮. **જે પોતાના બુદ્ધિબળે કરીને સંતોનો પણ પૂજ્ય થઈ જાય તો તેનો ધર્મ રડી-રખડી પડે છે. તે તો કઈ ગતિ પામશે ? ૩૯. સંતો અને ભગવાન, બંને મળીને કોઈને ઘણી મોટપ આપે ત્યારે પણ તે સંત જો સુજ્ઞ-સમજણો હોય તો તે મોટપને કલંક સમાન માને છે. ૪૦.**

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'સદ્‌વર્તન અને ખરી સાધુતાની વાત કહી' એ નામે ત્યાશીમો તરંગ સમાપ્ત ॥૮૩॥



પૂર ચૌદમું : તરંગ - ૮૪

રંગમંડપમાં સભા અને શ્રીહરિએ કહેલી રહસ્યમય વાત

ધર્મકુમાર શ્રીહરિએ ફરી સંતોને કહ્યું, અમે ચોક્કસ નિર્ધાર કરીને કહીએ છીએ કે સંતોના સમાન સર્વોત્તમ કોઈ નથી. ૧. કેટલાક લોકો સંતોનો વેષ ધારીને સંતોની સાથે રહે છે. તેમની પાસે વિવિધ ગ્રંથ ભણે છે, પણ મનમાં વિચાર કાંઈ જુદી જ જાતના હોય છે. ૨. તેઓ લખવાનું શીખે, ભણીને તૈયાર થાય, પણ જ્યારે કોઈ સંત સાચો ઉપદેશ કરે છે, ત્યારે તેઓ અંતરમાં બળ્યા કરે છે. ૩. સંત થાવું તેનાથી અધિક બીજું કાંઈ નથી, માટે પ્રથમ સંતોની સાધુતાના ગુણ શીખીને પછી લખવા-વાંચવાનું શીખવું. ૪.

તે સંતોની અપાર બાબતોને શીખે, પણ મનનાં વિચાર જુદા રહે છે. જેટલા વિચાર સંતોથી જુદા રાખતા હોય છે, તેટલા તે ભગવાનના અને સંતના ચોર બને છે. ૫. તે હરિભક્તના પણ ચોર થાય છે, હરિભક્ત તો તેનાં તે કર્મને સહન કરતા નથી. સંતો જેમ જેમ તેના ઉપર હેત રાખે છે, તેમ તેમ તે સંતોથી દૂર રહે છે. ૬. જીવના જેટલા સ્વભાવો કહેવાય છે, તે સંતોની રીત કરતાં ભિન્ન જ હોય છે. છતાં સંતો જીવને શિખામણ આપે છે, પણ જીવ તેની ઊલટી કરી નાખીને શિખામણનો ત્યાગ કરી દે છે. ૭. તોપણ સંતો તો તેનું જતન કરે છે, પણ તેની બુદ્ધિ સવળી થાતી નથી. છેવટે તો તે પોતાનું ધાર્યું જ કરે છે. તેનો દોષ સંતને જરાય લાગતો નથી. ૮.

સંતો અને હરિભક્તો તો આકાશ જેવા વિશાળ છે, તેમાં વાદળ જેવા લોકો આવતા-જાતા રહે છે. જે લોકો વાદળાં જેવા છે તેમની સ્થિતિ એક સરખી રહેતી નથી. ૯. જેની એક સમાન સ્થિતિ ન રહેતી હોય તેનો ક્યારેય વિશ્વાસ આવે નહીં. માટે એક સમાન સ્થિતિ વગરના લોકોને ભણાવવા

નહિ અને તેમને લખતા પણ શીખવાડવું નહીં. ૧૦. તમે સંતો જો આવું નહિ રાખો, તો પછીથી અમને સંભારશો. જ્યારે લોભ શિષ્યનું રૂપ ધરશે ત્યારે અમારાં વચનો હિતકારી નહીં મનાય. ૧૧. અત્યારે અમારાં વચનનો અનાદર કરશો, તો પછી અમે તે વખતે લગારેય બોલશું નહીં. જ્યાં સુધી તમને શિષ્યનો લોભ નથી વળગ્યો ત્યાં સુધી તમે નિર્લોભી રહ્યા છો. ૧૨. મુક્તાનંદસ્વામી અને બ્રહ્માનંદસ્વામી, જ્યાં સુધી તેઓ શિષ્યનો લોભ રાખતા નથી, ત્યાં સુધી તેઓ બંને શિરોમણિ સંત છે. ૧૩. પણ તેઓ જો શિષ્યનો લોભ કરવા લાગે તો પરસ્પર જે હેત છે, તે અત્યંત દૂર થઈ જાય. સંતોમાં જે હેત છે, તે અલૌકિક છે. ૧૪.

सोरठा : अलोकिक महा जोउ, हित परस्पर संत महिं;
जिहाँ लग रहे सोउ, भगवान प्रगट तिहाँ लग...१५
अलोकिक जिहाँ हीत, भगवान रहत हे तिहाँ;
वात कहत हि खचीत, चेताई देत हि जोउ...१६

જ્યાં સુધી સંતોમાં પરસ્પર મહાઅલૌકિક હેત રહે છે ત્યાં સુધી ત્યાં ભગવાન પ્રગટ રહે છે. ૧૫. કેમ જે, જ્યાં અલૌકિક હેત હોય છે, ત્યાં ભગવાન રહે છે. આ અમે ચોક્કસ વાત કહીને સહુને ચેતવી દઈએ છીએ. ૧૬. **મોટા મોટા સંતોએ અને હરિભક્તોએ અમારે માટે થઈને સંસારનો ત્યાગ કર્યો છે. તેઓ રાત-દિવસ અનેક પ્રકારે કથા-વાર્તા અને કીર્તન કરતા જ રહે છે. ૧૭. પણ જે વાત દિલમાં જડી રાખવાની છે, તેને તેવા રૂપમાં દૃઢપણે યાદ રાખતા નથી. બીજા બધાં ઘણા ભારે ડોળ કરાય છે અને જે કરવાનું છે, તે સંભારી રાખતા નથી. ૧૮.**

કૌપીન અને તુંબડાની જેટલી સંભાળ લેવાય છે, તેટલી ભગવાનની સંભાળ રહેતી નથી. દેહમાં જેવી આસક્તિ રહે છે, તેવી ભગવાનમાં થતી નથી. ૧૯. જે જે મોક્ષમાં વિઘ્ન કરે છે, એ બધું અમે વારેવારે દેખાડી દઈએ છીએ. અમે એક પણ વાત ગુપ્ત રાખી નથી, છતાં અવિવેક રહી જાય છે. ૨૦. હવે અમારું જેટલું રહસ્ય છે, તેને અમે ગ્રંથમાં લખાવી દેશું. તેને કોઈ સમજે કે ન સમજે પણ લખ્યું હશે તો કોઈક સમજશે. ૨૧.

જ્યાં સુધી દેહને માટે અહં, મમત્વ અને લોભ હશે, ત્યાં સુધી ગ્રંથમાં લખેલી વાતો એક તલભાર પણ ઉપયોગી નહિ થાય. ૨૨. પદાર્થોમાં જેવું મમત્વ છે, તેવું ભગવાનમાં કરવું જોઈએ. અમારી આટલી વાતમાં જ વેદ, શાસ્ત્ર અને બીજા અનંત ગ્રંથોનો સાર આવી જાય છે. ૨૩.

ચોપાઈ :

करी करी करना हे इतना, भगवान में चित्त जोरना तितना;
भगवान जेसी वस्तु नहि कोई, दृढ करी के समझना सोई...२४

કરી કરીને એટલું જ કરવાનું છે કે, એક ભગવાનનાં સ્વરૂપમાં ચિત્તને જોડવું. ભગવાન જેવી કોઈ વસ્તુ નથી, એમ દૃઢપણે સમજી રાખવું. ૨૪. સ્વાદયુક્ત ભોજન જેમ વિવિધ પ્રકારનાં હોય છે, તેમ શ્રીહરિ આવી વિવિધ પ્રકારની અપાર વાતોને કહેતા હતા. ૨૫.

❋ શ્રીહરિ અને તેમના સંતો-ભક્તો અલૌકિક છે :

दोहा : अलोकिक बात हरि की महा, अलोकिक हरि रहेउ;
अलोकिक संत हरिजन हि, मति रहे सबकी तेउ...२६

શ્રીહરિની વાતો મહાઅલૌકિક છે, કેમજે શ્રીહરિ સ્વયં અલૌકિક છે અને સંતો તથા હરિભક્તો પણ અલૌકિક છે. સહુની મતિ-સમજણ પણ તેવી જ અલૌકિક છે. ૨૬.

सोरठा : अलोकिक मति रहेउ, जिहाँ लग हरिजन की सबहु;
तिहाँ लग हि विचरेउ, श्रीहरि सत्संग जो महिं...२७
सत्संग महिं जोउ, जिहाँ लग हि बिचरेउ हरि;
तिहाँ लग हि जो सोउ, अलोकिक चरित्र कियेउ...२८

બધા હરિભક્તોની સમજણ જ્યાં સુધી અલૌકિક રહેશે, ત્યાં સુધી શ્રીહરિ સત્સંગમાં વિચરણ કરતા રહેશે. ૨૭. શ્રીહરિ જ્યાં સુધી સત્સંગમાં વિચર્યા, ત્યાં સુધી તેમણે દિવ્ય ચરિત્ર કર્યાં હતાં. ૨૮. એકાદશીના દિવસથી હરિભક્તો સમૈયો કરવા નિત્ય આવવા લાગ્યા. સંઘના સંઘ આવતા. સહુને શ્રીહરિના ઉપર હેત બહુ રહેતું. ૨૯.

(સંઘ કેવી રીતે આવતા ? તે વાત કહું છું.) વસંતનાં પદ ગાતા આવતા હતા. હૃદયમાં પ્રેમરસ સમાતો નહીં. પુરુષોની ભેળા પુરુષો રહીને પુરમાં વસંતનાં પદ ગાતાં ગાતાં આવતા હતા. ૩૦. સત્સંગી સ્ત્રીઓના જે સંઘ હતા, તે પુરુષોની પાછળ આવતા હતા. જ્યારે દિવસ ચાર ઘડી(૧.૩૬ કલાક) બાકી રહેતો ત્યારે બધા સંતો ભેળા થાતા ૩૧. અને તેઓ પ્રેમરસભર્યા વસંત, હોરી અને ધુમારના પદ ગાતા હતા. મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી અને પ્રેમાનંદસ્વામી એ આદિક સંતો, ૩૨. પોતપોતાના રચિત પદોને સુમધુર કંઠથી ગાતા હતા. પ્રેમાનંદસ્વામીએ મૃદંગ લીધું, તેઓ મૃદંગ વગાડવામાં કુશળ હતા. ૩૩. બીજા જે સંતો હતા, તે બધા ઝાંઝ વગાડતા હતા. ૩૪.

કરતાલ અને ઝાંઝ ઈત્યાદિ જે વગાડતા હતા, તેમાં મુક્તાનંદસ્વામી સર્વોપરી હતા. અરે, જ્યારે જ્યારે અને જે જે વાજિંત્ર વગાડતા તેમાં મુક્તાનંદસ્વામી સર્વશ્રેષ્ઠ રહેતા. ૩૫. મુક્તાનંદસ્વામી જ્યાં સુધી ગાતા હોય ત્યાં સુધી બધા જ શ્રોતાઓ સાંભળતા રહેતા. જ્યારે જ્યારે પણ સ્વામી કીર્તન ગાન કરતા, ત્યારે સાંભળનારાને ક્યારેય તૃપ્તિ થાતી નહિ, ઉલ્ટાનો સાંભળવામાં નવો ને નવો ભાવ થતો. ૩૬. હુતાશનીના દિવસ સુધી સંતોનાં મંડળ આવતાં રહેતાં હતાં. ચોકમાં સુંદર મંડપ બનાવ્યો અને તેને ઘણો સરસ રીતે શણગાર્યો હતો. ૩૭. રંગમંડપ વિવિધ પ્રકારે એવો અદ્‌ભુત રચ્યો હતો કે, માનો મૂર્તિમાન થઈને ત્યાં વસંત હાજર થયો હતો ! તે મંડપમાં અપાર સંતો આવીને બેઠા હતા. ૩૮. શ્રીહરિનાં દર્શન કરવા માટે અપાર હરિભક્તો આવીને તે રંગમંડપમાં બેઠા હતા. શ્રીહરિએ પણ ઘણા જ આકર્ષક અને સોહામણાં વસ્ત્ર બધા અંગ ઉપર ધારણ કર્યાં હતાં. ૩૯. શ્રીહરિનાં બધાં વસ્ત્રો અને અંગો સુગંધી અત્તરથી ભર્યાં હતાં. તે વેળાએ જે સભામંડપ હતો, તે બધો સુગંધથી મહેંકી રહ્યો હતો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'રંગમંડપમાં સભા અને શ્રીહરિએ કહેલી રહસ્યમય વાત' એ નામે ચોરાશીમો તરંગ સમાપ્ત ॥૮૪॥



પૂર ચૌદમું : તરંગ - ૮૫

હુતાશનીને દિવસ સવારે સવારીએ સહિત શ્રીહરિનું નદીમાં સ્નાન

શ્રીહરિ સારંગપુરમાં જેટલા દિવસ રહ્યા, ત્યાં સુધી રોજ સંતોને અને હરિભક્તોને સાથે લઈને નદીએ નાહવા માટે જાતા હતા. ૧. શ્રીહરિ અશ્વ ઉપર બેસતા. તેની અપાર શોભા થાતી. સારા સુશોભિત નિશાન આગળ ચાલતા હતા. ૨. નવીન પ્રકારનાં અને કોઈ ભાતનાં વાજિંત્રો વાગતાં હતાં. આગળના ભાગમાં ચોપદાર 'ધર્મનો પ્રકાશ કરનાર મહાપ્રભુ શ્રીહરિનો જય થાઓ જય થાઓ' આવું ઊંચેથી પડકારીને બોલતા હતા. ૩. તાલ અને મૃદંગ લઈને સંતો વસંતનાં પદ બોલતા અને અનંત હરિભક્તો બધા શ્રીહરિની મૂર્તિનાં દર્શન કરતાં કરતાં ચાલતા હતા. ૪. શ્રીહરિ નિત્ય નવાં નવાં વસ્ત્ર અને શણગાર પ્રેમથી ધારણ કરતા હતા. જે રીતે ભક્તો રાજી થાય તે રીતે પ્રેમથી ચરિત્ર કરતા હતા. ૫.

શ્રીહરિને પોતાને તેમાં કોઈ તાન રહેતું નહીં, ભક્તોનું જેવું તાન હોય તેમ પોતે કરતા રહેતા. સહુ ધર્મમાં તત્પર થઈને રહે, એ માટે તેમને તાન રહેતું હતું.૬. **શ્રીહરિ પોતે જ્યારે જેવું વચન બોલે ત્યારે તરત જ સહુ સંત હરિભક્તો તેમજ વર્તવા લાગતા. જ્યારે સહુ પરસ્પર પ્રસન્ન હોય ત્યારે વચન પ્રમાણે વર્તવામાં કાંઈ પ્રયાસ પડે નહીં. ૭. તેથી જ સહુ હરિભક્તો રાજી રહે એટલા માટે શ્રીહરિ નિત્ય નવાં નવાં ચરિત્ર કરે છે, પણ પોતે તો હંમેશાં પૂર્ણકામ છે, સુખના અગાધ સાગર છે અને સુખનું ધામ છે. ૮.** શ્રીહરિની આગળ ચાલતા પાર્ષદો બંદૂકોને ફોડતા હતા. જે હરિભક્તો હતા તેઓ ગુલાલ ઉડાડતા અને મુખથી જય જયકારનો પડછંદ ધ્વનિ કરતા હતા. ૯. હુતાશનીને દિવસ તો શ્રીહરિ સવારે સ્નાન કરવા ચાલ્યા. કાઠી દરબારો અને બધા હરિભક્તો ચાલ્યા. તેમાં કેટલાક તો રાજાઓ પણ હતા. ૧૦.

સહુએ પોતાના અશ્વોને શણગાર્યા અને તેમના ઉપર સહુ બેઠા. કેટલાક ક્ષત્રિય રાજાઓ પણ અશ્વને શણગારીને આવ્યા હતા. ૧૧. સહુએ સોનેરી પલાણ સજાવ્યાં હતાં. સોનેરી વસ્ત્ર અને સોનાનાં ઘરેણાં પહેર્યાં હતાં. સવારી

ઘણી મોટી થઈ હતી. ૧૨. શ્રીહરિ અશ્વ ઉપર બેઠા. અશ્વને સોનામય કરી દીધો હતો. પોતે પણ કુશળતાથી અંગો ઉપર સોનેરી વસ્ત્રો અને આભૂષણો પહેર્યાં હતાં. ૧૩. મસ્તક ઉપર સોનેરી છત્ર ધાર્યું, સોનેરી ચામર પણ ઢળી રહ્યાં હતાં. આવી ઘણી ધામધૂમ સાથે સહુ ચોકમાં આવ્યા. ૧૪. ગામની વચ્ચે તે વિશાળ ચોક સુંદર હતો.

જેતલપુરથી ચાલીને આવેલા બે સંતો તે સમયે ચોકમાં આવ્યા. ૧૫. તેમને દેખીને શ્રીહરિ અશ્વ ઉપરથી ઊતરી ગયા. તે બે સંતો નિત્યાનંદસ્વામી અને નિષ્કુળાનંદસ્વામી હતા. ઘણા જ પ્રેમભાવથી તેમને મળ્યા. ૧૬. તે બંને સંતો વાંસના મોટા કરંડિયામાં હજારીગલના હાર ભરીને લાવ્યા હતા. પછી શ્રીહરિને ત્યાં ચોરા ઉપર બેસાડ્યા. ૧૭. બંને સંતોએ શ્રીહરિને કંઠમાં હાર પહેરાવ્યા. પાઘમાં તોરા લટકાવ્યા, બાજુબંધ અને પહોંચી હાથ ઉપર બાંધી અને બંને કાન ઉપર સુંદર ગુચ્છ ધરાવ્યા. ૧૮. બંને હાથમાં ફૂલનો એકએક ગુચ્છ આપ્યો. આ રીતે તેમણે શ્રીહરિની પૂજા કરી. ત્યારે શ્રીહરિ બોલ્યા કે, આ બંને સંતો ચાલીને આવ્યા છે. થાકી ગયા હશે, એટલે બીજા સંતો તેમની સેવા કરો. ૧૯. ત્યારે તે બંને સંતોએ કહ્યું, આપ પ્રસન્ન થયા, તેથી હવે કાંઈ થાક રહ્યો નથી. તે પછી સુખદાયક શ્રીહરિ અશ્વ ઉપર બેઠા અને આગળ ચાલતા થયા. ૨૦.

દક્ષિણ દિશામાં ગામનો દરવાજો છે. ત્યાંથી શ્રીહરિ ગામ બહાર આવ્યા. ગામને નજીક જ પાણી વગરની વોકળી છે. ૨૧. તે વોકળી ઊતરીને આગળ ચાલ્યા. તે સ્થળ ઘણું જ રમણીય છે. જ્યાં ખીજડાના ઝાડ છે, ત્યાં શ્રીહરિ આવ્યા. ૨૨. ત્યાં ચોરાશી કરીને વિપ્રોને જમાડ્યા હતા. તેથી તે જગ્યા ઘણી પવિત્ર હતી. સમૈયામાં હરિભક્તો જ્યારે ગામમાં ન સમાયા, ત્યારે તેમના મુકામ-ઉતારા આ જગ્યાએ કરાવ્યા હતાં. ૨૩. શ્રીહરિએ કેટલીયે વાર આ જગ્યા ઉપર સભા પણ કરી હતી. અને તે સ્થાનમાં જ કેટલીયે વાર અશ્વને પણ બહુ ફેરવ્યો હતો. ૨૪. સારંગપુર ગામને ફરતી જે જગ્યા છે, તે શ્રીહરિનાં ચરણોથી અંકિત થયેલી પ્રસાદીરૂપ છે. પછી હરિભક્તોને ધ્યાન કરી શકાય એટલા માટે શ્રીહરિએ ત્યાં અશ્વને ઘણા જ પ્રેમથી દોડાવ્યો. ૨૫.

તે સમયે શ્રીહરિએ અશ્વને ચાર ઘડી(૧.૩૬ કલાક) દોડાવ્યો. થોડીવાર તીરની જેમ સીધો દોડાવ્યો, થોડીવાર ત્રાંસો અને થોડીવાર મંડળાકાર-કુંડાળે દોડાવ્યો. ૨૬. તે દિવસ અશ્વની જેટલી સારી ચાલ ગણાતી હોય, તે બધી ચાલમાં ચલાવ્યો. તે વખતે ઢોલ અને નગારાં વાગી રહ્યાં હતાં. શ્રીહરિએ આવું ચરિત્ર કર્યું. ૨૭. જે કાઠી દરબારો હતા, તેમજ જે ક્ષત્રિય રાજપૂત દરબારો હતા, તે બધા શ્રીહરિનાં અશ્વને અને તેની ચાલને દેખીને આશ્ચર્યચક્તિ થઈ ગયા હતા. ૨૮. તે સહુએ હાથ જોડીને શ્રીહરિને કહ્યું, આપે જેવો અશ્વ ફેરવ્યો-દોડાવ્યો, એવું અમે ક્યાંય દેખ્યું નથી. આપ અત્યંત અદ્‌ભુત રીતે અશ્વને ફેરવો છો. ૨૯. આપનું વાહન તો ગરુડ છે. તે જયારે આપ અશ્વ ઉપર બેઠા ત્યારે તે ગરુડે માનો અશ્વમાં તત્કાળ પ્રવેશ કર્યો હોય, એવું અમને દેખાયું હતું. ૩૦. તેના સિવાય અશ્વની આવી અલૌકિક ગતિ અમે ક્યાંય દેખી નથી. એવા સહુએ વખાણ કર્યા. પછી સહુએ જઈને નદીમાં સ્નાન કર્યું. ૩૧.

ગામની બહાર બે નદીઓ (ઉતાવળી અને ધોળા) હતી. એકમાં પાણી ઠીક હતું અને બીજીમાં ઓછું હતું. સંતો, વર્ણીઓ, પાર્ષદો અને હરિભક્તો, બધાએ સ્નાન કર્યું. કોઈ બાકી રહ્યા નહીં. ૩૨. શ્રીહરિએ ચાર ઘડી(૧.૩૬ કલાક) સુધી સ્નાન કર્યું. અશ્વ ફેરવ્યો, તેથી શ્રમ ઘણો થયો હતો. ઊભી નદીએ પા કોશ જેટલા વિસ્તારમાં હરિભક્તો નહાતા હતા. ૩૩. **બધા જ નરનારીઓ મુખથી 'સ્વામિનારાયણ' એવું નામ બોલતા હતા. સહુ હરિભક્તો એવા હતા કે સ્વામિનારાયણ સિવાય બીજી વાત કરતા નહીં. ૩૪.** ભવ, બ્રહ્મા અને ઈંદ્રાદિક બધા દેવો, તે વેળાએ ત્યાં સ્નાન કરવા આવ્યા. પોતપોતાના વિમાનમાં બેસીને સહુ સમય પ્રમાણે આવતા રહેતા. ૩૫. સૂર્ય, ચંદ્ર, ધ્રુવ આદિક અને બધું નક્ષત્રમંડળ, સહુ સ્નાન કરવા આવ્યા. તેઓ શ્રીહરિ, સંતો અને હરિભક્તોનું માહાત્મ્ય ઘણું જ સમજતા હતા. ૩૬.

❋ મોક્ષના વ્દાર :

दोहा : सत्संग हि जो ताहिको, महिमा जथार्थ जोउ;
जानत भयेउ देव सब, एसो न जानत कोउ...३७

हरिजन तेते जान हि, संत के कर हि जोग;
पढत ओर वेद पुराण हि, मिटत न भव दुःख रोग...३८

આપણા સત્સંગનો યથાર્થ મહિમા તો બધા દેવો જાણતા હતા. તેવું માહાત્મ્ય બીજા કોઈ જાણતા નહીં. ૩૭. જે હરિભક્તો હતા તેઓ તો સંતોના યોગથી મહિમા જાણતા હતા. બીજા તો વેદોને અને પુરાણોને ભણેલા હોવા છતાં પોતાનો ભવભટકણરૂપ રોગ મટાડી શકતા નહીં. ૩૮.

सोरठा : मिटत न भव दुःख रोग, साचे संत के जोग विन;
संत के कर हि जोग, भव भटकन तब रहत नहि...३९
सत्संग मोक्ष द्वार, संत अरु हरिजन जोउ;
प्रसिद्ध रहे उघार, कुमति कु नहि देख परत...४०

સાચા સંતોના જોગ વિના સંસારનો દુઃખરૂપ રોગ મટતો નથી. જો સાચા સંતોનો જોગ-સત્સંગ રાખે તો તેમને ભવભટકણનું દુઃખ રહેતું નથી. ૩૯. સંતો, હરિભક્તો અને સત્સંગ, એ ત્રણ મોક્ષ માટેનાં ખુલ્લાં પ્રસિદ્ધ દ્વાર છે, પણ કુબુદ્ધિ લોકોને તે મોક્ષનાં દ્વાર દેખાતાં નથી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'હુતાશનીને દિવસ સવારે સવારી સહિત શ્રીહરિનું નદી સ્નાન' એ નામે પંચાશીમો તરંગ સમાપ્ત ॥૮૫॥

પૂર ચૌદમું : તરંગ - ૮૬

નારાયણ ધૂન કર્યા પછી શ્રીહરિએ મનોનિગ્રહની વાત કહી

શ્રીહરિએ જ્યારે સ્નાન કરી લીધું ત્યારે અનુપમ વસ્ત્ર પહેર્યાં. પછી મુનીશ્વર અને મહારાજાધિરાજ પ્રભુ અશ્વ ઉપર બેઠા. ૧. ગામમાં પોતાને ઉતારે આવ્યા. રસોઈ તૈયાર થઈ ગઈ હતી. સૂતરફેણીના જેવી સુંદર અનુપમ સેવ તૈયાર કરી હતી. ૨. સેવમાં ઘી અને સાકર નાખ્યા હતા. તે સેવ થાળમાં પીરસી અને પછી તે બધું લાવીને બાજોઠ ઉપર મૂક્યું. ૩. જલેબી, મોતીચૂર, દૂધપાક, પૂરી અને ભજિયાં વગેરેના થાળ પણ ભરીને બધા એક

બાજોઠ ઉપર મૂક્યા. ૪. શ્રીહરિએ નાહીને અનુપમ પીતાંબર પહેરી લીધું. ચાખડીઓ પહેરીને જ્યાં થાળ લાવ્યા હતા તે જગ્યાએ આવ્યા. બીજા બાજોઠ ઉપર શ્રીહરિ બેઠા. ૫.

બધી જાતના ભોજન અને વ્યંજન(શાકભાજી, કઠોળ અને ફરસાણ વગેરે) અપાર કર્યાં હતાં. તેમાંથી પોતાની રુચિ પ્રમાણે શ્રીહરિ જમ્યા. એમ પાંચ રસોઈ સારંગપુર ગામની લીધી અને બીજી હરિભક્તોના સંઘ આવ્યા હતા, તેમણે આપી હતી. ૬. શ્રીહરિએ પોતે જમ્યા પછી સંતોને જમાડ્યા. આમ નિત્ય નવા ઉત્સવ છવાઈ રહેતા હતા. શ્રીહરિની અને સંતોની પૂજા પણ નિત્ય નવી થયા કરતી હતી. ૭. જે દેશના હરિભક્તોની રસોઈ હોય અને તે રસોઈમાં જેટલા ભાગીદાર હોય તે બધા આવીને સાથે પૂજા કરતા હતા. ૮. જ્યારે સંધ્યા આરતી થાય, તે સમયે નારાયણ ધૂન પણ રોજ થાતી હતી. તે ધૂનમાં તો શ્રીહરિ ઊભા થઈ જતા અને પોતે પ્રથમ ધૂન બોલતા. ૯. ધૂનમાં શ્રીહરિએ ઉચ્ચારેલા શબ્દ ઘણા મધુર અને મીઠા હતા. કાનથી સાંભળનારાને ઘણા પ્યારા લાગતા હતા. ધૂન કરતા હોય ત્યારે તેની ગતિ ઉતાવળી થઈ જાય ત્યારે બંધ કરતા અને વળી ફરીને શરૂ કરતા. તે સાંભળતા ભક્તોને આનંદ થાતો હતો. ૧૦.

ધૂન વખતે કોઈ ભાતના લટકાં કરતાં, તેને મુખથી કહી શકાતા નથી. તે વેળાએ પ્રેમી ભક્તોને શ્રીહરિની ઉંમર સોળ વરસની દેખાતી હતી. ૧૧. શ્રીહરિ પાંચ વાર ધૂન કરાવતા. તેનાથી ભક્તોને આનંદ ઘણો જ વધતો હતો. શ્રીહરિનાં સ્વરૂપમાં એવો પ્રતાપ હતો કે તેવો પ્રતાપ બીજામાં ક્યારેય આવે નહીં. ૧૨. કેટલાક પાખંડી લોકો શ્રીહરિની દેશી કરવા પ્રયત્ન કરતા, પણ શ્રીહરિનો પ્રતાપ તો લેશમાત્ર પણ કોઈમાં આવતો જ નહીં. ૧૩. જે લોકો પાખંડી હતા, તે બીજા પાખંડીને માનતા અને તેઓ બંને રાત-દિવસ સત્સંગનો દ્રોહ કરતા રહેતા. ૧૪. શ્રીહરિ ધૂન કરી રહ્યા પછી તરત જ વાત કરવા લાગ્યા. ત્યારે બધા સંતો અને હરિભક્તો એકાગ્ર મનથી તે વાતને સાંભળવા લાગ્યા. ૧૫.

શ્રીહરિએ વાત કરીને તેમાં સંતોનું વર્તન દેખાડી દીધું. તે સાંભળીને બધા સંતો પ્રસન્ન થયા. પછી હરિભક્તોના વર્તનની વાત કહી. ૧૬. શ્રીહરિએ કહ્યું, જે બધા તમે હરિભક્તો છો તેમણે હરિભક્તોની રીત પ્રમાણે રહેવું. સવારમાં જ ફૂલદોલનો ઉત્સવ છે. ફૂલદોલ એટલે રંગ-ઉત્સવનો દિવસ ગણાય. ૧૭. જગતના જે લોકો છે, તેઓ લાજ તથા મર્યાદાને તજી દઈને નજરમાં આવે તેમ મનમુખીપણે વર્તે છે, જાણે કે તોફાન કરતા હોય તેમ કરે છે. ૧૮. જેમ કોઈએ દારૂ પીધો હોય, તેમ નરનારીઓ સહુ ઘણાં ઉન્મત્ત થઈ જાય છે. મનમાં જેવો સંકલ્પ થાય, તરત જ તેવું કરવા લાગે છે. ૧૯. મનુષ્યનાં હૃદયમાં જે ભાવ ભર્યાં હોય છે, તે આવે પ્રસંગે તરત જ જાહેર થઈ જાય છે. આઠ એવા સ્થાન છે કે જ્યાં મનુષ્યનાં હૃદયની ભાવનાઓ ક્યારેય છુપાવી છુપાતી નથી. ૨૦. ૧. વિવાહના દિવસોમાં, ૨. ફાગ બોલવાની વેળાએ, ૩. ભાંડ-ભવાઈ, ૪. યુવતિ સ્ત્રી, ૫. દર્પણ, ૬. નાનું બાળક ૭. જળક્રીડા અને ૮. રંગોત્સવમાં, આટલી જગ્યાએ માણસનું મન વિહ્વળ થઈ જાય છે. ૨૧.

ઉપર ગણાવ્યા તે આઠનો પ્રસંગ થાય છતાં જેનું મન મર્યાદામાં રહે, વિહ્વળ ન થાય, તો તે મનુષ્ય નહિ પણ દેવ કહેવાય, આ બાબત સત્ય અને પ્રમાણિત કરેલી છે, એમ જાણવું. ૨૨. ૧. પીપળાનું પાન, ૨. વીજળી, ૩. દીવાની શગ, ૪. ધજાની પૂંછડી, ૫. હાથીનો કાન, ૬. નદીનો પ્રવાહ, ૭. કુંભારનો ચાકડો અને ૮. પવન, એ આઠના જેવું મન ચંચળ છે. ૨૩. તે રીતે જ મન ભૂત-પ્રેતના જેવું છે. જે પોતાનાં મનની ગતિને-ચંચળતાને જેટલી નિયંત્રણમાં રાખે છે, તેટલો તે મનુષ્ય કહેવાય છે. જેટલું મન અનિયંત્રિત હોય તેટલો તે પશુ કહેવાય છે. ૨૪.

❋ મન વશ કરે તો મોક્ષ થાય :

दोहा : हरिजन भये जो जीतना, इन्द्रिय अंतःकरण;
देह कु रखना नियम में, ता विन भव न तरन...२५
दुःख कष्ट हि जितनो जोउ, केद में चलत न जेह;
प्राप्त होवत हे तिनकु, प्रसिद्ध देखात तेह...२६

જે હરિભક્ત થયા હોય તેમણે તો પોતાના દેહ, ઈંદ્રિયો અને અંતઃકરણને નિયંત્રિત રાખવાં જોઈએ અને તેને વશ રાખ્યા વિના તો આ સંસારથી મુક્તિ મળવાની નથી. ૨૫. દુનિયામાં આવું પ્રસિદ્ધ દેખાય છે, જેનું મન વશમાં ન હોય તો તેને દુઃખ અને કષ્ટ જેટલાં કહેવાય છે, તે બધાં પ્રાપ્ત થાય છે, અર્થાત્ તેને ભોગવવાં જ પડે છે. તે જાહેર દેખાય છે. ૨૬. **જેનું મન પોતાને વશ કે મર્યાદામાં ન હોય તેનો કોઈ વિશ્વાસ કરે નહીં. અને જે નિયંત્રિત-મર્યાદામાં રહેતો હોય તેનો વિશ્વાસ સહુ કરે છે. ૨૭. જે વ્યક્તિ જિંદગીભર મનને નિયંત્રિત-વશ કરીને મર્યાદામાં રહે છે, તેનો અમારાં વચન પ્રમાણે ચોક્કસ મોક્ષ થશે જ. ૨૮.** જે મનુષ્ય અમારાં વચન પ્રમાણે પોતાનાં મનને મર્યાદામાં નહિ રાખે અને અમારાં વચનને નહિ પાળે તો તેને કોઈ એવો રાજા આવશે કે, જે તેને કાયદા પ્રમાણે નિશ્ચે ચલાવશે. ૨૯. અમને નિયમ પ્રિય છે. તે રાજા પરમેશ્વરની ઈચ્છા જાણશે. એટલે અમે કહીએ છીએ તેમ તે સ્વચ્છંદી લોકોને કાયદામાં ચલાવશે. ૩૦.

પરમેશ્વરની ઈચ્છાથી તે રાજાના કાયદાઓ અને અમારી ઈચ્છાઓ મળતા આવે છે. તેમાં એક રતીભાર પણ ફેરફાર નથી. ૩૧. કાયદા-નિયમ પ્રમાણે ચાલનારા રાજાનું રાજ્ય દિન પ્રતિદિન વધતું જશે અને જે રાજ્યો કાયદા-નિયમ વગરનાં છે, તે બધાં સહેજે છૂટી જાશે, નષ્ટ થાશે. ૩૨. કાયદો, નીતિ અને નિયમ એ ત્રણ સાક્ષાત્ ઈશ્વરના રૂપ છે. અમર્યાદા, અનીતિ અને અનિયમ જેમાં રહ્યા છે, એવા ચાર વર્ણ અને ચાર આશ્રમ મૂર્તિમાન અધર્મ છે; ચતુર માણસે તે સમજી રાખવું. અને વળી, જે લોકો બેકેદ, અનીતિ અને અનિયમોથી ભર્યા છે અને જે જે તેનો સંગ રાખે છે, તે તે બધા લોકો અપાર દુઃખ અને કષ્ટને ચોક્કસ પામશે. અત્યારે પરમેશ્વરની ઈચ્છા જ એવી છે, તેથી આખા જગતમાં તેવું જ પ્રવર્તશે. ૩૩-૩૫. પરમેશ્વરમાં અનંત કળાઓ ભરી છે. તેનો કોઈ પાર પામતું નથી. તે પરમેશ્વરનો તમને સહુને સાક્ષાત્ જોગ થયો છે. ૩૬. તે વખતે બધા સંતોએ અને હરિભક્તોએ હાથ જોડીને કહ્યું, અમને આપ ધર્મકુમાર મળ્યા છો, તેથી અમારા ખરેખર ધન્ય ભાગ્ય છે. ૩૭.

આપ અમને જે દિવસથી મળ્યા છો, તે દિવસથી આપે અમને મનુષ્ય બનાવ્યા છે. આપના સંયોગ વિના તો અમે ચાર ખાણમાં અનંત દેહ ધાર્યા છે. ૩૮. **આપની આજ્ઞામાં વર્તાવવા માટે જ અમારું આ શરીર છે. અમને જે કાંઈ સુખ કે દુઃખ આવશે, તેને ખુશીથી સહન કરશું. ૩૯. માયાને વશ રહીને આટલા દિવસ સુધી કેટલીયે જાતિઓમાં અમે અનંત શરીર ધારણ કર્યાં છે અને સંસારનું દુઃખ તો માથા ઉપર રહ્યું જ છે. ૪૦.**

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'નારાયણ ધૂન કર્યા પછી શ્રીહરિએ મનોનિગ્રહની વાત કહી' એ નામે છ્યાસીમો તરંગ સમાપ્ત ॥૮૬॥



પૂર ચૌદમું : તરંગ - ૮૭

મિથ્યા ત્યાગનો નિષેધ અને જગતના ત્યાગીઓની વાત

સંતોનાં અને હરિભક્તોનાં વચન સાંભળીને શ્રીહરિ અત્યંત પ્રસન્ન થયા. તે પછી રંગ તૈયાર કરાવ્યો. ૧. શ્રીહરિએ કહ્યું, મારા આશ્રિત જેટલા સંતો અને હરિભક્તો છે, તે બધાને રંગથી રમાડવા છે. જેનાથી તેમનાં ચિત્તમાં સત્સંગનો રંગ ચઢી જાય. ૨. જે જે વસ્તુઓ કહેવાય છે, તે બધી રંગથી અતિ શોભા પામે છે. રંગ વિનાની બધી વસ્તુઓ તો ઘણી ઉદાસી જેવી ફિક્કી લાગે છે. ૩. જેમાં જેટલો ધર્મ હોય તેમાં તેટલો રંગ રહે છે. અને જેમાં જેટલો અધર્મ ભર્યો હોય તેમાં તેટલો કીચડ અને ગોબરરૂપ રંગ રહે છે. ૪. જ્યારે રાત દોઢ પહોર વીતી ત્યારે (૧૦.૩૦ કલાકે) શ્રીહરિ જઈને પોઢી ગયા. સંતો અને હરિભક્તો સભા પૂરી થઈ પછી સહુ પોતાના મુકામ ઉપર ગયા. ૫.

જ્યારે રાત દોઢ પોર બાકી હતી ત્યારે(૪.૩૦ કલાકે) શ્રીહરિ ઊઠ્યા. ગઢપુરના નાથાભાઈ નામે ભાવસાર હરિભક્ત હતા. ૬. અને બોટાદના એક લાધા ભાઈ હતા. તેઓ રંગના રંગાડા લાવ્યા હતા. તે બંનેએ આખી રાત રંગ બનાવ્યો અને તેની મોટી મોટી કડાઓ ભરી. ૭. શ્રીહરિએ આવીને જોયું,

તો રંગ ઘણો જ ઘાટો હતો. જેટલી કડાઓ હતી તે બધી દેખી. કેસુડાનો અને પતંગનો રંગ કર્યો હતો. ૮. તે રંગ ઘણો ઘાટો હતો. ત્યારે શ્રીહરિએ કહ્યું, રંગ સરસ થયો છે. હવે જેટલો રંગ છે તેટલું બીજું સાદું પાણી અગાઉથી ભરાવી રાખવું. ૯. અમે જ્યાં સુધી રંગે રમીએ ત્યાં સુધી કઢાયા રંગના ભરેલા રહેવા જોઈએ. તે રંગ ઘાટો છે એટલે તેમાં પાણી ઉમેરતા રહેવું. રંગની રમતના વચ્ચે રંગ ખૂટી ન જાય, તે ધ્યાન રાખવું. ૧૦.

રંગ ઉડાડતા જો ખૂટી જાય તો અમારો ઉત્સાહ ભાંગી જાય. અમે ભોજન પીરસતા હોઈએ ત્યારે જો રસોઈ ખૂટી જાય તો અમને આનંદ રહેતો નથી. ૧૧. અમે જે જે વસ્તુ આપતા હોઈએ, તે બધામાં અમારી આવી જ રીત રહે છે. આવું કહીને સંતોને સાથે લઈને શ્રીહરિ નદીએ જઈને અત્યંત પ્રેમથી નાહ્યા. ૧૨. જે હરિભક્તો આવ્યા હતા, તે સહુ પણ નાહ્યા. પછી શ્રીહરિ ગામમાં આવ્યા અને પૂજાવિધિ કર્યો. ૧૩. રસોઈ તૈયાર થઈ, રસોઈ પકવાનની હતી. એટલા બધા પકવાન કર્યા હતા કે ગણવાથીએ તેનો પાર આવતો નહીં. ૧૪. રંગમંડપમાં રંગબેરંગી રંગોળી પૂરી હતી. તે મંડપની વચ્ચે રંગોળીની ઉપર સોનાનો બાજોઠ મૂક્યો હતો. ૧૫.

પીતાંબર પહેરીને આવેલા શ્રીહરિ તે બાજોઠ ઉપર બેઠા. સુખદાયક શ્રીહરિનું મુખકમળ અત્યંત પ્રસન્ન હતું. પછી ત્યાં થાળમાં ભરીને બધાં પકવાન લાવ્યા. ૧૬. તે પકવાનના થાળ અન્નકોટથી પણ વધારે ભર્યા હતા. શ્રીહરિ પ્રસન્નતાથી બધું જમ્યા. તેમની જમવાની ચાતુરી વર્ણવી શકાતી નથી. ૧૭. ત્યાં સંતો દર્શન કરવા આવ્યા. જે હરિભક્તો સમૈયામાં આવ્યા હતા, તે બધાં બાઈ-ભાઈ પાર વગરનાં હતાં. હજારોની સંખ્યામાં ભક્તો દર્શન કરતા હતા. ૧૮. બધા હરિભક્તો પણ જમી આવ્યા. જમવામાં કોઈ બાકી રહ્યા નહીં. જ્યારે શ્રીહરિ જમી રહ્યા ત્યારે બંને હાથ ધોયા. ૧૯. પાણીથી મુખ ધોઈને શુદ્ધ કર્યું. પછી પરમ ચતુર એવા શ્રીહરિએ મુખવાસ લીધો. પછી એક પીતાંબર બાંધીને કમર કસી લીધી. અને મસ્તક ઉપર ફૂલની ટોપી પહેરી. ૨૦.

ટોપી ઉપર ફૂલના તોરા લટકાવ્યા. છાતી ઉપર હજારીગલના હાર પહેરાવ્યા. બાજુબંધ અને પહોંચીઓ પહેરાવી કે જે ફૂલહાર વગેરેને નિત્યાનંદસ્વામી અને નિષ્કુળાનંદસ્વામી બનાવીને લાવ્યા હતા. એટલે તેમણે શ્રીહરિની પૂજા કરી. ૨૧. પછી સંતોને બોલાવીને તેમની પંગત કરી. પછી તેમને પોતે પકવાન પીરસવા લાગ્યા. જે પાર્ષદો હતા, તેમને અલગ પંગત કરાવીને બેસાડ્યા. ૨૨. તેમજ શ્રીહરિની સાથે જે દરબારો હતા, તેમને પણ પંગતમાં બેસાડ્યા. જ્યારે શ્રીહરિ સંતોને પીરસી રહ્યા, તે પછી પાર્ષદોને પીરસ્યું. ૨૩. દરબારોની પંગતમાં પણ પીરસ્યું. જેને જેટલું જોઈએ તેને તેટલું આપ્યું. કાઠીઓના રાવળ, જે સત્સંગી હતા, તેમને પણ શ્રીહરિએ જમવા બેસાડ્યા. ૨૪. બધાને જ્યારે પકવાન પીરસાઈ ગયું તે પછી 'વાસુદેવ હરે જય' એમ બોલાયું. પરમ ચતુર શ્રીહરિ હાથ અને પગ ધોઈને સંતોની પંગતમાં ફર્યા. ૨૫.

સંતોની પંગતમાં પાંચવાર ફર્યા. પછી સંતોને કહ્યું, અમે તમારા ઉપર રંગ ઉડાડશું. ૨૬. સાધુઓને અને વિધવા સ્ત્રીઓને રંગે રમવું, તે યોગ્ય નથી. આવો સદાચાર આપણે રાખવો. જે લોકો સંસારી હોય તે ભલે રંગે રમે. ૨૭. ત્યારે સંતોએ હાથ જોડીને કહ્યું, જગતમાં જે ત્યાગી છે, તેઓ બીજી પ્રવૃત્તિ કરતા નથી અને તેમણે ભક્તિનો પણ ત્યાગ કરી દીધો છે. ૨૮.

⁕ વચનમાં રહે તે સુખી થાય છે :

આપને પ્રસન્ન કરવા માટે અમે સહુ ત્યાગી થયા છીએ. આપ જે રીતે વચન કહો તેમાં જ અમે અમારું હિત માન્યું છે. ૨૯. તમે કહો તેમ જો અમે ન કરીએ તો એ અમારું વિમુખ થવાનું આચરણ કહેવાય.

चोपाई :

जो जो साधन श्रेष्ठ हि जितना, वेद पुराण के रहस्य तितना;
रंग राग सुख श्रेष्ठ हि जितने, जेते भये अवतार तितने...३१
तुमारे वचन जो जो तामें, मूर्तिमान हम देखत यामें;
तुमारे वचन विन करना जितनो, तामें दुःख मात्र रहे तितनो...३२

ભક્તિ, ધર્મ, વૈરાગ્ય, જ્ઞાન, સાંખ્ય, યોગ, યજ્ઞ, તપ, ધ્યાન, ૩૦. વગેરે જે જે શ્રેષ્ઠ કલ્યાણકારી સાધન છે, તે બધાં આપનાં વચનમાં જ છે. તેમજ વેદ અને પુરાણોનું રહસ્ય, રંગ, રાગ અને જે બધાં સર્વોત્તમ સુખ છે અને જેટલા અવતાર થયા છે, તે બધાંને અમે આપનાં વચનમાં જ મૂર્તિમાન રહ્યાં હોય તેમ દેખીએ છીએ. આપનાં વચન વગર જે કાંઈ કરવું, તેમાં જ દુઃખમાત્ર રહ્યાં છે. ૩૧-૩૨. આજે સત્સંગ સિવાયના જેટલા ત્યાગી છે, તેઓ બધા અભાગિયા મનમુખી થઈ રહે છે. તેઓ ત્યાગી તો કેવળ નામ માત્રના જ છે, ત્યાગીનો એક પણ ધર્મ રાખતા નથી. ૩૩. ત્યાગીઓને તો સ્ત્રીઓનો દૂરથી જ ત્યાગ કરવાનું કહ્યું છે. પથ્થર, કાષ્ઠ કે ચિત્રામણની નારીને પણ અડવું નહિ, તેમજ નિહાળીને જોવી નહીં. ૩૪.

અધર્મી ત્યાગીઓએ સ્ત્રીનો અષ્ટપ્રકારે ત્યાગ કર્યો હોવા છતાં તેઓ અત્યારે સ્ત્રીની સાથે બોલે છે, તેને અડે છે અને વારંવાર જુએ છે. વળી ત્યાગીએ રસમાત્રનો ત્યાગ રાખવો એમ પણ કહ્યું છે. ૩૫. તેની જગ્યાએ અત્યારે કેટલાક ત્યાગીઓને મદ્ય, માંસ, ચોરી અને વ્યભિચાર, ઈત્યાદિ કોઈનો લગારેય નિયમ રહ્યો નથી. તેમને ભક્તિ, ધર્મ, વૈરાગ્ય અને જ્ઞાનનું કાંઈ ઠેકાણું રહ્યું નથી. ૩૬. જાહેરમાં તમાકુને ખાય છે, પીવે છે અને સૂંઘે છે. જેટલી અભક્ષ્ય વસ્તુ છે, તેને રોજ ખાય છે. ૩૭. અત્તર લગાવે છે, સુગંધી તેલને અંગ ઉપર ચોળે છે અને કાયમ હીરકોરી વસ્ત્રો પહેરે છે. ૩૮. ભાંડ અને ભવાઈને જુએ છે. રંગે ન રમવું, બસ એવો એક માત્ર નિયમ તેમણે રાખ્યો છે. કેટલાક નગ્ન ફરે છે, છતાં સ્ત્રીઓને ભોગવે છે. ૩૯. ત્યાગીઓને આઠ પ્રકારની ધાતુઓનો ત્યાગ કરવાનું કહ્યું છે. છતાં તે જગતના અપાર ત્યાગીઓ પ્રસિદ્ધ રીતે ધાતુઓને રાખે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'મિથ્યા ત્યાગનો નિષેધ અને જગતના ત્યાગીઓની વાત' એ નામે સત્યાશીમો તરંગ સમાપ્ત ॥૮૭॥



પૂર ચૌદમું : તરંગ - ૮૮

શ્રીહરિ અને સંતો રંગે રમવા સામસામે આવીને ઊભા

સંતોએ વળી ફરીને શ્રીહરિ આગળ હાથ જોડીને કહ્યું, મહારાજ ! આપની સાથે જે રંગે રમવું તેમાં કાંઈ ખરાબ નથી. ૧. આપણા સત્સંગમાં સદ્‌ગુરુ શ્રીરામાનંદસ્વામીના સમાન શ્રેષ્ઠ બીજા કોઈ સાધુ નથી. છતાં તેઓ રંગે રમતા હતા. ૨. **જે જે સાધન કરીએ અને જેટલો ત્યાગ પાળીએ, તે બધાનું ફળ તો એક ભગવાનની પ્રસન્નતા થાય એટલું જ છે. ૩. જ્યારે ભગવાન જેના ઉપર અત્યંત પ્રસન્ન થાય છે, તેને ક્યારેક એકાદ વાર આવીને દર્શન દે છે. ૪. એવા અત્યંત દુર્લભ જે ભગવાન છે, તે તો આપ છો, તે ભગવાનની સાથે જે રંગે રમવું, તેનાથી અધિક શુભ ફળ બીજું કાંઈ નથી. ૫. જે ભક્તોને આપનાં સ્વરૂપમાં ભગવાનપણાની ભાવના છે, તેઓને આ વાત સાંભળીને અત્યંત આનંદ અને અતિ આશ્ચર્ય થાશે. ૬.**

❋ લૌકિક તથા અલૌકિક બુદ્ધિનું ફળ :

પણ જે લોકો આપને ભગવાનનાં રૂપમાં માનતા નથી. એવા જે અજ્ઞાની છે, તેમની બુદ્ધિ ચાહે તેવી હોય તોયે શું ? તે બુદ્ધિ જીવનો ઉદ્ધાર કરવામાં મદદરૂપ થાતી નથી. ૭. જીવને પરલોકમાં સહાય કરે અને સુખી કરે, એટલું જ બુદ્ધિનું ખરું ફળ છે. આ લોકની બુદ્ધિ કદાચ કોઈમાં ઘણી વિશાળ હોય અને આખી ભૂમિનું રાજ્ય કરે એવી હોય, ૮.

ચોપાઈ :

यह लोक की बुद्धि जो जेती, यह लोक में रहत सो तेती
परलोक की बुद्धि सिखे जितनी, परलोक में अर्थ आत तीतनी...०९
यह लोक की बुद्धि जिहाँ लगहि, जीय कु रहेउ तिहा लगहि;
जन्म मरण चोराशी के जेहु, वारा पार दुःख हि जो तेहु...१०

પરંતુ તે બધી લૌકિક બુદ્ધિ તો કેવળ આ લોકમાં જ રહે છે. જેટલી પારલૌકિક બુદ્ધિ શીખી-કેળવી હશે, તે જ પરલોકમાં કામ લાગે છે. ૯. જીવને જ્યાં સુધી લૌકિક બુદ્ધિ રહેશે, ત્યાં સુધી તેને જન્મ-મરણ અને

લખચોરાશીનું દુઃખ પારાવાર ભોગવવાનું રહેશે. ૧૦. **જીવને જ્યાં સુધી માત્ર લૌકિક બુદ્ધિ રહે છે, ત્યાં સુધી માનો તેને કાંઈ જ બુદ્ધિ નથી.** પૂર્વે જે મોટા મોટા થઈ ગયા હતા. જેમકે - પ્રહ્લાદ, પ્રિયવ્રત, સ્વાયંભુવ મનુ, વિભીષણ, જનક, ભરત, બળિ અને પાંડવો, એવા અનંત રાજાઓ થયા હતા. જેઓ પારલૌકિકી બુદ્ધિને શીખ્યા હતા. ૧૧-૧૨. અને તેને લીધે તે બધા આ લોકમાં અને પરલોકમાં અત્યંત પ્રસિદ્ધ થયા હતા. એવા જે બુદ્ધિમાન હોય, તેમને જ ખરેખર બુદ્ધિમાન કહેવાય. ૧૩.

અમે ત્યાગી સંતો આપની સાથે રંગે રમશું, તેને જોઈને જે લોકોને આપનું ભગવાનપણાનું જ્ઞાન છે, તેઓ તેને અત્યંત ધન્ય ધન્ય માનશે. પણ આ બાબતને તે અજ્ઞાની મનુષ્યો સમજી શકશે નહિ કે, જેઓને આપની કાંઈ ઓળખાણ નથી. ૧૪. અને તે અજ્ઞાની મનુષ્યને જ્યારે આપનાં સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થાશે, ત્યારે તે અત્યંત ભાવથી તેને પ્રમાણિત માનશે. ૧૫. આજે આપનાં સ્વરૂપનું યથાર્થ જ્ઞાન જેમને છે, તેમને આપની સાથે રંગે રમવાનો આશ્ચર્યભર્યો આનંદ છે. અકલ્પ્ય કુતૂહલ છે. ૧૬. અમે જે ધમ-નિયમ પાળીએ છીએ, તે અજ્ઞાની લોકોને રુચતું નથી. તેથી અજ્ઞાની લોકો કહે છે કે, આ બધો ધર્મ કળિયુગમાં પાખંડ ચાલ્યો છે. ૧૭.

હે મહારાજ ! અમે જે ધર્મ રાખીએ છીએ, તે અજ્ઞાનીઓને રીઝવવા માટે રાખતા નથી. અમે તો કેવળ એક આપને જ રાજી કરવા માટે પ્રેમથી ધર્મ પાળીએ છીએ. ૧૮. આપની સાથે રંગે રમવામાં અમને જે લાભ દેખાય છે, તે અમે આપને બતાવીએ છીએ. આપના સિવાય રંગે રમવામાં અમે ક્યારેય લાભ બતાવતા નથી. ૧૯. આપના સિવાય રંગે રમવાનો મનમાં જે સંકલ્પ કરવો તે તો ગધેડાની ઉપર બેસવાની શોભા જેવું અમે દેખીએ છીએ. ૨૦. આપની સાથે જે રંગે રમવું, તે બાબત ઉત્તમોત્તમ છે, એમ અમે માનીએ છીએ.

ત્યારે શ્રીહરિએ કહ્યું, આ રીતે જો કોઈ બાધ ન આવતો હોય તો તમે બધા ત્યાગી અમારી સાથે રંગે રમો. ૨૧. હરિભક્તો અને જેટલા અમારા પાર્ષદ છે, તે બધાને અમે અમારી તરફ રાખીએ છીએ. અને તમે બધા ત્યાગી

સાધુઓ અને વર્ણીઓ અમારી સામે એક તરફ રહો. ૨૨. આપણી આ રંગની રમતને કોઈપણ મનુષ્ય સાંભળે તો તેને મનમાં અતિ પ્રિય લાગે, એવી સુરત જેના મનમાં રહે તેમ હોય એવા ત્યાગી તમે ઊઠો. ૨૩. જેઓ ઘણા વૃદ્ધ હોય તથા બીમાર હોય તેઓએ દૂર રહીને દર્શન કરવા. હવે સત્સંગી બાઈઓને રંગે રમવાની રીત કહીએ છીએ, તેને તમે પ્રેમભાવથી સાંભળો. ૨૪. જેમની મતિ મહાઅલૌકિક હોય, જેને અપાર મહિમા હોય, તે સત્સંગી બાઈઓએ રંગે રમવું. બીજી બાઈઓએ લગાર પણ રમવું નહીં. ૨૫.

સંતોમાં ભગવાન રહ્યા છે, એટલે સંતોની પ્રસાદીરૂપ જે રંગ હોય તે ભગવાનની પ્રસાદી છે, એમ માનીને તે રંગથી રમવું. ૨૬. માહાત્મ્ય સમજ્યા વિના જે રમવું, તે તો દુનિયાની રંગ-રમત જેવું છે, તેમાં કાંઈ ફરક નથી. એટલે માહાત્મ્ય વિના રંગે રમવું નહીં. ૨૭. 'આ રંગ તો બ્રહ્માને પણ દુર્લભ છે. ભવને પણ આ રંગ દુર્લભ છે' એવી મહિમાવાળી મતિ વિના તો અંતર નીરસ રહે. ૨૮. જેની મતિ મહિમા વગરની અતિ નીરસ રહે છે, તેને આ રંગની રમત કાંઈ જ ફળદાયક થતી નથી. જે નીરસ મતિ-સમજણવાળા હોય તેમણે રંગે રમવું નહીં. તેમણે તો દૂર રહીને જ દર્શન કરવા. ૨૯. જે નીતિ -નિયમમાં વર્તનારા હરિભક્ત હોય તેમનો જે અવગુણ-અભાવ લે છે, તેને કરોડો ગોહત્યાનું પાપ લાગે છે, આ વાતમાં કાંઈ મિથ્યા નથી. ૩૦.

ગુજરાત(નડિયાદ અને અમદાવાદની આસપાસનાં બધા પ્રદેશ)ની જે સત્સંગી બાઈઓ હોય તે બધી એક જૂથમાં રહે અને આ (કાઠિયાવાડ) દેશની સત્સંગી બાઈઓ હોય તે બધી અલગ એક જૂથમાં રહે. ૩૧. સહુએ સામસામે રંગે રમવું. હરિભક્તોની મોટાઈને જાણવી. પરસ્પર મોટપ સમજ્યા વિના જે રમવું, તેને તો અમે અત્યંત તુચ્છ કહીએ છીએ. ૩૨. જગતની રીતે જે રમવું, તેમાં તો કરોડો બ્રહ્મહત્યાનું પાપ રહ્યું છે. **ભગવાનનાં અક્ષરધામમાં જેવા દિવ્ય ભક્તો રહ્યા છે, તેવા જ આ બધા ભક્તો છે, એમ જાણવું. જે ભગવાનના ભક્તોમાં પ્રાકૃતભાવ રાખશે, તેને ચોક્કસ તેવું જ ફળ મળશે.** ૩૩-૩૪. અમે જ્યારે રંગે રમી લઈએ, તે પછી બાઈઓએ રંગે રમવું. સંતોની પ્રસાદીરૂપ રંગ તેમને જેટલો જોઈએ તેટલો પહેલાથી અલગ રાખી મૂકવો. ૩૫.

પછી બાઈઓએ તેટલો રંગ રાખ્યો અને ગુલાલ પણ તેટલો જ રાખ્યો. રંગના બે હોજ એક સમાન ભર્યા. તે રંગમાંથી કસ્તૂરી અને કેસરની સુગંધ મહેકતી હતી. ૩૬. હોજમાં ભરેલો સુંદર સુગંધી રંગ રંગમંડપમાં આપોઆપ સરસ રીતે ચાલ્યો આવે તેવી રીતની એક નાળી બનાવી હતી. ૩૭. રંગ ભરવા માટે બે લાંબી કુંડીઓ કરી હતી. પહેલા તેમાં કેસુડાનો રંગ જેટલો બનાવ્યો હતો, તે બધો ભરી દીધો હતો. ૩૮. તેમાં જે કુંડી પશ્ચિમ તરફ હતી, ત્યાં શ્રીહરિ આવીને ઊભા રહ્યા. શ્રીહરિએ પિચકારી રંગથી ભરી લીધી અને બધા હરિભક્તો પણ રંગની પિચકારીઓ ભરીને ઊભા રહ્યા. ૩૯. પૂર્વ દિશા તરફની કુંડી પાસે સંતો રંગની પિચકારીઓ ભરીને ઊભા રહ્યા. તે સમયે ઢોલ, નગારા અને રણશીંગાઓ વાગવાં લાગ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'સંતો અને શ્રીહરિ રંગે રમવા સામસામે આવીને ઊભા' એ નામે અઠ્યાશીમો તરંગ સમાપ્ત ॥૮૮॥

પૂર ચૌદમું : તરંગ - ૮૯

શ્રીહરિ સારંગપુરમાં સંત-હરિભક્તોની સાથે રંગે રમ્યા

શ્રીહરિએ સંતોને કહ્યું, તમે બધા અમારા એક ઉપર જ રંગ નાખવાનું તાન રાખો છો, પણ કોઈ વિચાર કરતા નથી. ૧. માનો, તમારા કોઈ એકના ઉપર અમે બધા મળીને પ્રથમ જ પિચકારી ભરી ભરીને રંગ નાખવા માંડીએ તો તેની હાલત કેવી થાય ? ૨. તમે તેને પહેલા પૂછીને પછી અમારા ઉપર રંગ નાખો. તમારે આ વાત નજરમાં રાખવી અને રંગે રમવામાં વિવેક રાખવો. એમ અમે કહીએ છીએ. ૩. જેટલા પાર્ષદો છે, તે બધાએ પોતાની પાસે ઢાલ રાખવી. તેમણે અમારી ફરતા ઊભા રહીને ઢાલનો કોટ કરવો. ૪. અમારા મસ્તક ઉપર ઢાલોનું છપ્પર કરી રાખવું. કારણ કે અમે આટલું કહ્યું છતાં સંતો અમારા ઉપર રંગ નાંખશે. કેમ જે, સહુને અમારા ઉપર જ તાન રહ્યું છે. ૫. બધા પાર્ષદો તાંબાની ઢાલ લઈ આવ્યા. છતાં ધર્મના લાલ

શ્રીહરિને સંતોનો વિશ્વાસ ન આવ્યો. તેથી રૂમાલથી બુકાની લઈને કાન અને મુખને બાંધી દીધાં. ૬.

શ્રીહરિએ હરિભક્તોને કહ્યું, અમે કહીએ તે પ્રમાણે તમારે કરવું. જે કોઈ સંત અમારા ઉપર પિચકારી ભરીને રંગ નાખે, તો તમારે તેનું ધ્યાન રાખીને પછી તે રંગ નાખનારા સંતના મુખ અને આંખ ઉપર પિચકારી ભરીને રંગ અમારાં વચનથી નાખવો. ૭-૮. આમ તે સંત ઉપર રંગ નાખવાથી તમને કોઈ દોષ નહિ લાગે. પણ જે અમારાં કહ્યાં પ્રમાણે રંગ નહિ નાખે તેને દોષ લાગશે. આ પ્રમાણે શ્રીહરિવરે પાર્ષદોને અને હરિભક્તોને પ્રથમથી ચેતવી દીધા હતા. ૯. વળી, શ્રીહરિએ કહ્યું, રંગની કુંડીને ઉલ્લંઘીને સામેના મેદાનમાં કોઈ દોડી જાય તો તે બધાનો ગુનેગાર ગણાય. અને જે ગુનો કરે તેને અમે એક વરસ સુધી સત્સંગથી દૂર કરી દેશું. ૧૦.

જે ગુલાલ છે, તેના ત્રણ ભાગ કરો. એક ભાગ સંતોને આપવો અને બીજો ભાગ બાઈઓને આપવો. તે મયારામ ભટ્ટ જઈને બાઈઓને આપી આવશે. ૧૧. અને ત્રીજો ભાગ અમારો રહેશે. આ રીતે શ્રીહરિએ પહેલેથી જ ભાગ કરીને ગુલાલ આપી દીધો. તે ગુલાલ પ્રત્યેક જૂથને દસ-દસ મણ ભાગમાં આવ્યો. તે સહુએ પોતપોતાના કબજામાં રાખ્યો. ૧૨. બંને કુંડીઓની વચ્ચે પાંચ હાથનો રસ્તો શ્રીહરિએ સૌ ભક્તોની સગવડતા માટે રખાવ્યો. ૧૩. શ્રીહરિ જે જે સમૈયા કરતા તેમાં પ્રથમથી જ મનમાં ભક્તોનું અપાર હિત તપાસી જોતા અને તે પછી તે સમૈયાનો વિચાર કરતા. ૧૪. આમ વિચારવા છતાં સુજ્ઞ સંતોને અને સુજ્ઞ હરિભક્તોને શ્રીહરિ પહેલા પૂછતા અને તે પછી સમૈયાનો આરંભ કરતા. ૧૫.

બુદ્ધિમાં જ્યારે રજોગુણ અને તમોગુણ ન હોય એવી સાત્ત્વિક બુદ્ધિ વજન કરવાના કાંટા સમાન છે, માટે ત્યારે કરેલા નિર્ણયમાં ન્યૂનતા રહેતી નથી. ૧૬. દુર્જનો વગર વિચારે સત્પુરુષોના આચરણમાં વારંવાર દોષ કલ્પે છે. પરંતુ તે પોતાના દોષોને લગારેય દેખતા નથી. ૧૭. શ્રીહરિ કહે, સારા બુદ્ધિશાળી પાંચ જણને પૂછીને અમે કામની શરૂઆત કરીએ છીએ. પછી કુબુદ્ધિવાળા લોકો ગમે તેમ કહે પણ, તેનો દોષ લેશમાત્ર પણ અમારે માથે

હોતો નથી. ૧૮. અમે જન્મ્યા પછી જ્યારથી સમજણા થયા ત્યારથી અત્યાર સુધી ધર્મશાસ્ત્ર, ભક્તિશાસ્ત્ર, યોગશાસ્ત્ર, જ્ઞાનશાસ્ત્ર અને વૈરાગ્યશાસ્ત્ર, એ બધા શાસ્ત્રોનાં વચનોને જોઈને-અનુસરીને જ ચાલીએ છીએ. સદ્‌બુદ્ધિવાળા રાજા અને સુબુદ્ધિવાળા દીવાન અમારી રીતને દેખીને તેને પ્રમાણ કરે છે. ૧૯-૨૦.

જેટલા બુદ્ધિમાન અંગ્રેજો છે, તે અમારી રીતને દેખીને ખુશ થઈ જાય છે અને બોલે છે કે, તમારી રીત જોઈને અમે તમારા ઉપર ખુશ છીએ. ૨૧. અમારા જેવું કાંઈ કામ હોય તે કહેજો. અમે તો શુભ નીતિને આધીન છીએ. આપના જેવાની સેવા કરવામાં અમારો ઉદ્ધાર સમાયો છે. ૨૨. આ ભૂમિ ઉપર કોઈ અવિચળ રહ્યું નથી. જેટલી શુભ નીતિ છે, તે જ માણસની સાથે આવે છે. શ્રીહરિ કહે, જે લોકો બુદ્ધિમાન છે, તેઓ અમારી સાથે મેળ-મોબત રાખે છે. ૨૩. તમારે અમારા ઉપર જેવું હેત છે, તેવું હેત બુદ્ધિમાન લોકો પણ રાખે છે. આવું કહીને શ્રીહરિએ પિચકારી ચલાવી. ત્યારે અત્યંત આનંદિત થયેલા સંતો પણ "હોરી..હે..." એમ બોલ્યા. ૨૪.

તે સમયે જેટલા સંતો હતા, તે સહુએ શ્રીહરિના ઉપર પિચકારી ચલાવીને રંગ નાખ્યો અને 'હો...હો...હો...' એમ પોકાર કરવા લાગ્યા. ૨૫. તે સમયે બે-ચાર ઢોલ, શરણાઈઓ અને રણશીંગા વગેરે વાજિંત્રો શૌર્ય વધે તેવા સોહામણા સિંધુ રાગને ગાતા બજાવતા હતા. ૨૬. તે સમયે દરબાર જીવા ખાચરના ચોકમાં રંગની અપાર ધૂમ મચી ગઈ. ચોમાસામાં વરસાદની હેલી જામે તેમ રંગની હેલી મચી હતી. ૨૭. જેટલો રંગ હતો તે બધો ચડીચોટ(સપાટાબંધ) ઉડાડી દીધો. તે વખતે દેવો પણ વિમાનમાં બેસીબેસીને ત્યાં આવી ગયા. ૨૮. આકાશમાં તે બધા વિમાનો પણ વાદળાંની જેમ ઘાટાં છવાઈ ગયાં હતાં. વળી જે બધી દેવાંગનાઓ હતી, તે પણ વિમાનોમાં બેસીને ત્યાં આવી ગઈ. ૨૯. તે દેવો અને દેવાંગનાઓ, બધા કેસર કસ્તૂરી અને ચંદનના રંગ બનાવીને લાવ્યા હતા. અને શ્રીહરિ, સંતો અને હરિભક્તોના ઉપર તેની વૃષ્ટિ કરવા લાગ્યા. ૩૦.

અત્યંત સુગંધી અબીર અને ગુલાલની વૃષ્ટિ પણ અપાર કરવા લાગ્યા. આ બાજુ શ્રીહરિ જ્યારે રંગ ઉડાડી રહ્યા ત્યારે ગુલાલને ઉડાડવા લાગ્યા. ૩૧.

સંતોએ પણ તે વેળાએ શ્રીહરિની સન્મુખ ગુલાલ ઉડાડ્યો. ભૂમિ આકાશ અને દેવોના વિમાન, બધું ગુલાલથી રંગાઈ ગયું. ૩૨. શ્રીહરિ અને જેટલા હરિભક્તો હતા, તે બધા ગુલાલથી લપેટાઈ ગયા હતા. સંતોનાં અને વર્ણીઓનાં અંગ અને વસ્ત્રો પણ ગુલાલથી લપેટાઈ ગયાં હતાં. ૩૩. રંગમંડપ તો માનો, ગુલાલનો જ બન્યો હોય તેવો સુશોભિત થઈ ગયો હતો. જેનો પાર પામી શકાતો નથી, ઓરડાની ઓસરી અને થાંભલીઓ જે હતી, તે બધી રંગ અને ગુલાલમય થઈ ગઈ હતી. ૩૪.

આખા ચોકમાં રંગ અને ગુલાલનો કીચડ થઈ ગયો હતો. તે વખતે તે કીચડને ભારે પ્રસાદીરૂપ માનીને તેને દેવોએ વિમાનોમાં ભરી લીધો હતો. ૩૫. દેવ, ગાંધર્વો અને અપ્સરાઓ જે હતાં, તે વાજિંત્ર વગાડીને વસંત અને હોરીના પદ ગાતાં હતાં. તેમજ પગે ઘૂઘરા બાંધીને નાચતાં હતાં. ૩૬. શ્રીહરિનાં ચરિત્ર કે જે અમૂલ્ય, અત્યંત રસરૂપ અને અમૃત કરતાં પણ અનુપમ હતાં, તેને હોરીમાં ગાતા હતા. ૩૭. શ્રીહરિ, હરિભક્તો અને સંતો સહુ મળીને એક પહોર સુધી અતિ સરસ રીતે રંગે રમ્યા. અને સહુએ પરમ સુખ માણ્યું. ૩૮. પછી જીવાખાચરના ભાઈ બાવાખાચર શ્રીહરિને પોતાને ઘેર લઈ ગયા. ૩૯. ત્યાં ચોકની વચ્ચે લીમડાના વૃક્ષ નીચે સુંદર હિંડોળો બાંધ્યો હતો. તેના ઉપર શ્રીહરિને બેસાડ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'શ્રીહરિ સારંગપુરમાં સંતહરિભક્તોની સાથે રંગે રમ્યા' એ નામે નેવ્યાશીમો તરંગ સમાપ્ત ॥૮૯॥



પૂર ચૌદમું : તરંગ - ૯૦

સત્સંગી બાઈઓને શ્રીહરિએ ગોઠમાં વરદાન આપ્યાં

બાવા ખાચરના દરબારમાં ચોક ઘણો વિશાળ હતો. જેટલી હરિભક્ત બાઈઓ હતી, તે તત્કાળ ત્યાં આવી. ૧. સંતો, હરિભક્તો કે કોઈપણ પુરુષ ત્યાં ન આવ્યા. શ્રીહરિ ત્યાં દર્શન દેવા માટે આવ્યા અને હિંડોળે બેઠા. ૨.

ગુજરાતની જે હરિભક્ત બાઈઓ હતી, તેમાં (જેતલપુરના) નાગર ગંગાબાઈ સહુથી વૃદ્ધ હતાં. ૩. પશ્ચિમ(કાઠિયાવાડ) દેશની જે હરિભક્ત બાઈઓ હતી, તેમાં સહુથી વૃદ્ધ રાઈબા અને સૂરબાઈ હતાં. ૪. શ્રીહરિએ તે વૃદ્ધ બાઈઓને પાસે રાખી અને મયારામ ભટ્ટ, પર્વતભાઈ, માંચાખાચર અને નાનાભાઈ ભટ્ટ આટલા વૃદ્ધ પુરુષોને પણ પોતાની પાસે રાખ્યા. ૫.

વૃદ્ધ સિવાયની જે સત્સંગી બાઈઓ હતી, તેઓ પરસ્પર રંગે રમવા લાગી. જ્યાં સુધી રંગ અને ગુલાલ પહોંચ્યા ત્યાં સુધી તે હરિભક્ત બાઈઓ રંગમાં રમી. ૬. વૃદ્ધ હરિભક્તો તો એવા હતા કે જેઓ બાઈઓની રંગક્રીડાને દેખતા નહીં. હિંડોળાની ચાર દાંડીઓ ઘણી સારી મજબૂત હતી. સોનાથી સારી રીતે સુશોભિત હતી. ૭. તેમાંથી આગળની બે દાંડીઓને પકડીને શ્રીહરિ હિંડોળાની ઉપર ઊભા થયા. હરિભક્તોને રાજી રાખવા માટે જ શ્રીહરિ મુખથી મરક મરક હસી રહ્યા હતા. ૮. **ગુજરાતની બાઈઓ અધિક સ્નેહવાળી હતી. તે બધીને શ્રીહરિનાં દર્શન કરતાં સમાધિ થઈ ગઈ. તેઓ પોતાનાં શરીરનું અને બ્રહ્માંડનું પણ ભાન ભૂલી ગઈ. ૯. તેમને શ્રીહરિની મૂર્તિ બાળસ્વરૂપે દેખાણી. જે અત્યંત તેજોમય, મનોહર, અદ્‌ભુત અને પરમ અજોડ હતી. ૧૦.**

લોહચુંબકના નજીક આવવાથી લોઢાની જે સ્થિતિ સર્જાય તેવી સ્થિતિ બધી બાઈઓના શરીરની થઈ ગઈ. તેમનાં મનમાં થયું કે અમારી જીત થઈ ગઈ છે. એટલે બાળપ્રભુને આપણે ઉઠાવી-તેડી લઈએ. ૧૧. ત્યાં જે બધા વૃદ્ધ હતા તે 'ના.. ના..' એમ કહેતા રહ્યા, પણ તેમની મર્યાદામાં કોઈ રહી નહીં. ત્યારે શ્રીહરિએ પોતાના એક ચરણથી હિંડોળાની દાંડી સાથે આંટી પાડી દીધી. ૧૨. હિંડોળાની બધી દાંડીઓ બેવડી વળી ગઈ, પણ આંટી ખૂલવા દીધી નહીં. બધી બાઈઓ બળ કરીને થાકી ગઈ, એટલું બધું અમાપ બળ શ્રીહરિએ કર્યું. ૧૩. ગુજરાતની સત્સંગી બાઈઓનો અપાર પ્રેમ દેખીને, તે વખતે પ્રસન્ન થયેલા શ્રીહરિ બોલ્યા, તમારી જે ઇચ્છા હોય તે ગોઠ માગો, અમે આપશું. આમાં અમે મયારામ ભટ્ટના જામીન આપીએ છીએ. ૧૪-૧૫. એમ કહેવા છતાં તે બાઈઓએ જ્યારે શ્રીહરિને મૂક્યા નહિ, ત્યારે તેમને

સમાધિમાંથી દેહનાં ભાનમાં લાવ્યા. ત્યારે તે બાઈઓ એકદમ શ્રીહરિનાં ચરણોમાં પડી અને મનમાં અત્યંત ડરી ગઈ. ૧૬. અને શ્રીહરિને કહ્યું, હે કરુણાના નિધાન ! અમે શરીરનું ભાન ભૂલી ગઈ હતી. અમને આ બ્રહ્માંડનું ભાન પણ રહ્યું ન હતું. અમે તો ગોલોકધામમાં પહોંચી ગઈ હતી. ૧૭. ત્યાં આવીને આવી મૂર્તિ હિંડોળા ઉપર બાલ-સ્વરૂપે અમને દેખાણી. બાળ-સ્વરૂપ દેખીને અમને હેત થયું અને તે સ્વરૂપને રમાડવા માટે અમે પ્રયાસ કર્યો. ૧૮. હિંડોળા ઉપરથી મૂર્તિને લેવા માટે અમારામાં જેટલું બળ હતું તે બધું કર્યું. છતાં મૂર્તિને તો અમે લઈ શકી નહીં. કારણ કે તે મૂર્તિ તો હિંડોળાની દાંડી સાથે ચોંટી રહી હતી. ૧૯. અમે બળ કરીને જ્યારે થાકી ગઈ ત્યારે મૂર્તિને છોડી દીધી. તે મૂર્તિને છોડ્યા પછી અમે શરીરમાં આવી. અમારા હાથમાં વાત રહી ન હતી. ૨૦.

અમે ગોલોકમાં ગઈ અને પાછી આવી તેનું અમને કાંઈ ભાન રહ્યું ન હતું. અને અમારો કોઈ ઉપાય પણ ચાલ્યો નહિ.' ત્યારે શ્રીહરિએ કહ્યું, તેમાં તમારો કાંઈ વાંક નથી. અમે અહીં આવ્યા તે જ અમારો વાંક છે. ૨૧. અમને દરબાર બાવા ખાચર અહીં લઈ આવ્યા, તેમણે ચોકમાં હિંડોળો બંધાવ્યો. તે હિંડોળો બંધાવ્યો અને અમે જો ન આવીએ તો તેમને ઘણું દુઃખ લાગે. ૨૨. **અમારે લીધે બીજાને જે દુઃખ થાય, તેનું અમને પણ મનમાં દુઃખ લાગે છે. અને અમને જે દુઃખ લાગતું હોય તેનો શોક તે બોલાવનારાને કાંઈ થાતો નથી. ૨૩. તમે જેટલી ગુજરાતની હરિભક્ત બાઈઓ છો તે ગોઠ માગો, તમે ઘણે દૂરથી આવી છો એટલે અમે તમારા ઉપર રાજી થયા છીએ. ૨૪.**

બધી બાઈઓએ પરસ્પર વિચાર કરીને શ્રીહરિને કહ્યું, મહારાજ, આપની માયા ઘણી વિકટ છે. તે અમને બંધન કરે નહીં. ૨૫. અને આપ ભક્તોના હિત માટે જે અપાર ચરિત્ર કરો છો, તેમાં અમને ક્યારેય મોહ થાય નહિ, એવું અમે વારે વારે માગીએ છીએ. ૨૬. **આપના સ્વરૂપમાં, સત્સંગમાં, સંતો અને હરિભક્તોમાં દિનપ્રતિદિન નવો નવો પ્રેમભાવ રહે. ૨૭. આપમાં અને સંતો-હરિભક્તોમાં અમને ક્યારેય દ્રોહબુદ્ધિ થાય નહીં. એવો વર અમે માગીએ છીએ. ૨૮.**

દેહ, ઈન્દ્રિયો અને અંતઃકરણ અનાદિકાળથી જીવને કાયમ વળગ્યાં છે. અને તે બધાં આપનાથી વિમુખ દેખાય છે. જેવી યોનિ હોય તેવાં તે બધાં હોય છે. ૨૯. હવે પછી ફરીને ક્યારેય અમને તે દેહ, ઈન્દ્રિયો અને અંતઃકરણનો જોગ થાય નહીં. તેનાં અનાદિકાળથી જામેલાં જે મૂળ છે, તેને આપ કાપી નાખો. ૩૦. **હવે પછી અમને સત્, ચિત્ અને આનંદમય દેહ, ઈન્દ્રિયો અને અંતઃકરણ આપજો. જેવો જીવ અચ્છેદ્ય અને અભેદ્ય છે, તેવો જ દિવ્ય દેહ અમને આપજો. ૩૧. આપનાં સ્વરૂપ સિવાયની જેટલી વાસના હોય તેનો સંપૂર્ણપણે વિનાશ કરી દેજો. અને આ બ્રહ્માંડના ભોગ-સુખોમાં ક્યારેય અમારો આત્મા મોહ પામે નહીં. એવો વર આપો.** ૩૨.

ચોપાઈ :

तुमारी रहे मूर्तियुं अपारा, ब्रह्मांड रहेउ वार न पारा;
मूर्तियुं तितने धाम रहेऊ, ताके पार न कोउ लियेऊ...३३
यह मूर्ति रहे तिहाँ निवासा, मागत हे हम तुमारी पासा;
तुमारी मरजी होवे जेसे, हमारो वरतन होवे तेसे...३४

આપની મૂર્તિઓ(અવતાર) અપાર છે. બ્રહ્માંડોનો પણ કોઈ પાર નથી. જેટલી અવતારરૂપ મૂર્તિઓ છે તેટલાં આપનાં ધામ છે. તે બધાનો પાર કોઈ લઈ શક્તું નથી. ૩૩. **માટે આપની આ મૂર્તિનો જ્યાં નિવાસ હોય ત્યાં અમે આપની પાસે નિવાસ માગીએ છીએ.** (બીજા આપના કોઈ ધામમાં કે કોઈ મૂર્તિ પાસે નહીં.) અને આપની જેવી મરજી હોય તેવું જ અમારું વર્તન થાય. એવી માંગણી કરીએ છીએ. ૩૪.

गुन ईश्वर्य कोउ रीत के पाई, मति सत्संग में नित रहाई;
सत्संग विन मति रहे जेती, संसृति करन हेतु हे तेती...३५
सत्संग से प्रथक जो कबहू, जीय न होई जावे अबहू;
बाल ज्युं जीय के हे स्वभावा, रक्षा करन तुम ही रहावा...३६

અમે કોઈ સારા ગુણ, ઐશ્વર્ય-મોટાઈને પામીએ તોપણ અમારી બુદ્ધિ નિત્ય સત્સંગમાં જ રહે. એવું માંગીએ છીએ. કારણ કે, સત્સંગ સિવાય બીજે જેટલી મતિ રહે છે, જાય છે તે જ સંસૃતિનું કારણ છે. ૩૫.

અમારો જીવાત્મા હવે પછી ક્યારેય સત્સંગથી જુદો ન પડી જાય. જીવનો સ્વભાવ તો નાના બચ્ચા જેવો છે, માટે આપ અમારી રક્ષા કરતા રહેજો. ૩૬.

અનાદિ સ્વતઃ સિદ્ધ જ્ઞાન તો એકમાત્ર આપમાં જ રહે છે. અક્ષર જેવાનું જ્ઞાન પણ છેવટે આપમાં જ લીન થઈ જાય છે. ૩૭. અમે અલ્પ એવા જીવની વાત શું કહીએ ! અમે તો આપને શરણે થયા છીએ. હે ધર્મકુમાર ! આપ અમને ક્યારેય વિસારી દેશો મા. બસ, અમને એવું વરદાન આપો. ૩૮. આપની સેવા અને આપના ભક્તોની સેવા કરવામાં અમને નિત્ય નવી શ્રદ્ધા રહે, પણ ક્યારેય સેવા કરવામાં અમને અરુચિ થાય નહીં. ૩૯. શ્રીહરિએ અત્યંત પ્રસન્ન થઈને જેટલાં વરદાન માગ્યાં, તે બધાં તેમને આપ્યાં. પછી જેમનું સંપૂર્ણ અંગ રંગ-ગુલાલથી ભર્યું હતું, એવા શ્રીહરિ ત્યાંથી ચાલતા થયા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'હરિભક્ત બાઈઓને શ્રીહરિએ ગોઠમાં વરદાન આપ્યાં' એ નામે નેવુંમો તરંગ સમાપ્ત ॥૯૦॥



પૂર ચૌદમું : તરંગ - ૯૧

પાંચ માસ સત્સંગમાં ફરીને શ્રીહરિ ગઢપુર આવ્યા

શ્રીહરિ સંતોના મંડળ પાસે આવ્યા. બાવાખાચરના હિંડોળે જે ઘટના બની હતી, તે કહી. તે સાંભળીને સંતો ઘણા ખુશ થયા. પછી સંતોએ હાથ જોડીને શ્રીહરિને કહ્યું, આપ અમને પણ ગોઠ આપો. આપ તો અપાર સમર્થ છો. અમે મનમાં નિશ્ચય કર્યો છે કે, આપ જ ચિંતામણિ અને કલ્પવૃક્ષ સમાન છો. ૧-૨. હરિભક્તોએ ગોઠમાં જેટલું માગ્યું, અમે બધા સંતો પણ તેટલું જ માગીએ છીએ. અમે તો નિર્લોભી રહ્યા છીએ, એટલે અમારે વધારે લોભ શું કામ કરવો જોઈએ ? ૩. અમે તન અને મન આપને અર્પણ કર્યાં છે, જીવ પણ આપને જ આપ્યો છે. અમારું બધું આપને જ આધીન થયું છે. તેથી અમને કાંઈ સ્મૃતિ રહેતી નથી. ૪. જેટલી જાતનાં દુઃખ કહેવાય છે,

તે બધાં શરીરની સાથે જ રહ્યાં છે. એ બધાં દુઃખોને દેખીને જ અમે અમારો જીવાત્મા તથા શરીર આપને સમર્પણ કરી દીધાં છે. ૫.

બાહ્યદષ્ટિથી કહેવામાં કે જોવામાં કાંઈ જ દુઃખ હોતું નથી. અમાપ આનંદ દેખાતો હોય છે. સર્વોપરી સમ્રાટની જે રાણી થાય તેને બધાં જ દુઃખ ટળી જાય છે. ૬. **આ જીવ અનાદિકાળથી ભિખારી રહ્યો છે, તેના ઉપર દયા કરીને ભગવાને તેને પોતાને શરણે લીધો છે. છતાં તે અપરિમિત ભગવાનના સુખનો ત્યાગ કરીને વિષયરૂપી ભિખારીના સુખમાં રાગથી ખેંચાય છે. ૭. એવી જીવમાં અજ્ઞાનની ગાંઠ પડી ગઈ છે, તેથી જીવ દેહ ભેળો ભળી ગયો છે. અમારામાં તે અહં-મમત્વરૂપી અજ્ઞાનનો ભેગ ભળે નહિ અને અમારું જ્ઞાન શુદ્ધ રહે, એટલી જ અમે આપની પાસે ગોઠ માગીએ છીએ. ૮.**

ત્યારે શ્રીહરિએ કહ્યું, આત્મસ્વરૂપનું મનન કરવામાં કસર રહી જાય છે. અને ખપરૂપી વેલીનો વેગ જેવો શરૂમાં હોય તેવો પછી રહેતો નથી. ૯. અનાદિ અજ્ઞાનમય શરીર સાથે જે જેટલો ભળી જાય છે, તેટલું તેને દુઃખ ભોગવવું પડે છે અને શુદ્ધ જીવ જેટલો દેહમાં ભળી જાય તેટલી તેમાં કાચપ રહી જાય છે. ૧૦. જેમ પતંગિયાને અગ્નિનું રૂપ દેખીને ભાન રહેતું નથી, તેમ જીવને માટે પંચવિષય અગ્નિના સમાન છે. ૧૧. ઈંદ્રિયો અને અંતઃકરણ પતંગિયાં જેવાં છે, તે પંચવિષયરૂપી અગ્નિને દેખીને તેનાં મૂળ જ્ઞાનની સ્મૃતિને ખોઈ નાખે છે. ૧૨.

दोहा : ज्ञान के मनन करन में, प्रमाद जितनो जाइ;
तितनो दुःख रहत ताहिकु, आवत युं देखाइ...१३
तन मन अर्पन करेमें, जितनी चोरी रखत;
तितनो देवत दुःख तेहि, निश्चे हम सो कहत...१४

એટલે અમને તો એવું દેખાય છે કે જ્ઞાનસ્વરૂપનું અર્થાત્ 'હું બ્રહ્મ છું અને સદા પરબ્રહ્મથી યુક્ત છું' એવું મનન કરવામાં જીવને જેટલો પ્રમાદ રહે છે, તેટલું તેને દુઃખ રહે છે. ૧૩. અમે તો નિશ્ચિત કહીએ છીએ કે, ભગવાનને તન અને મન અર્પણ કરવામાં જેટલી અહં-મમત્વરૂપ ચોરી રાખે છે, તેટલું તે અહં-મમત્વ જીવને દુઃખ દે છે. ૧૪. કોઈ માણસ ઘણો મોટો

બંધાણી હોય, તે વ્યસનને છોડી દે, અને થોડુંએ વ્યસન રાખે નહિ, તો તે ઘણો જ સુખી થાય છે. ૧૫. પણ જે તે વ્યસન છોડવામાં જેટલી ચોરી રાખે છે, તેટલું દુઃખ જિંદગીભર પામે છે. (તેમ ભગવાનને તન-મન અર્પણ કર્યા પછી પણ જે જેટલાં અહં-મમત્વ રાખે છે, તેટલો તે દુઃખી થાય છે.) ૧૬.

દુનિયામાં એવા અપાર લોકો છે, જેની કોઈ ગણતી થઈ શક્તી નથી અને જેઓ શરીરનાં સુખોને ઈચ્છે છે, તેઓ તો જિંદગીમાં ક્યારેય તીર્થયાત્રા કરવા પણ નીકળતા નથી. ૧૭. જન્મ થયો હોય ત્યારથી ઘરમાંને ઘરમાં મરણ પર્યંત રહે. ક્યારેય તીર્થ પણ કરે નહિ, એકલું પાપ જ કરતો રહે, તેના દોષોને કોણ માફ કરે ? ૧૮. ક્યારેય ચોરાશી કરીને બ્રાહ્મણોને જમાડે નહિ અને ઘડીવાર પણ શુદ્ધભાવથી ભગવાનની મૂર્તિઓનાં દર્શન કરે નહીં. ૧૯. સાચા સંતની વાત ક્યારેય સાંભળે નહિ, વિષયમાંથી ક્યારેય તૃપ્ત થાય નહીં. એવા જેટલા જીવ છે, તે બધા જમપુરીમાં જાય છે. ૨૦.

લખચોરાશીમાં ભટકે છે અને અપરંપાર દુઃખોને ભોગવે છે. જે મનુષ્યો સત્સંગ નથી કરતા, તેઓ અત્યંત દુઃખી થાય છે. ૨૧. ભગવાનના ભક્તને પણ આ દેહ રહે છે, ત્યાં સુધી દુઃખ તો રહે છે, પણ દેહ મૂક્યા પછી તેને સર્વોત્તમ સુખ પ્રાપ્ત થાય છે. બિલકુલ દુઃખ ન રહે, તો આ શરીર જીવના કાબુમાં રહે નહીં. ૨૨. **જીવ દેહે કરીને જેટલો સુખી રહે છે, તેટલાં તેનાં ઈંદ્રિયો બળવાન રહે છે. જે હરિભક્તને જેટલું દેહનું અહં-મમત્વ રહે છે, તેટલો તે નિત્ય દુઃખી રહે છે.** ૨૩. વ્રજચંદ અને સુખનાં મૂળકંદ શ્રીહરિ આટલી વાત કરીને સ્નાન કરવા ચાલ્યા. રંગભર્યા શ્રીહરિ નદીમાં જઈને સરસ રીતે નાહવા લાગ્યા. ૨૪. નદીનું જેટલું જળ હતું, તે બધું રંગ રંગ થઈ ગયું. પછી તે રંગવાળા જળમાં દેવો નાહવા લાગ્યા, તે બધા ભક્તોને દેખાતું હતું. ૨૫.

બધા સંતો અને હરિભક્તો નાહી રહ્યા ત્યારે ધર્મકુમાર શ્રીહરિ નદીનાં જળમાંથી બહાર નીકળ્યા. અને અંગ ઉપર સોનેરી વસ્ત્રો અને સોનાનાં આભૂષણો પહેર્યાં. ૨૬. સોનાનાં અપાર આભૂષણોથી સજાવેલો અશ્વ ત્યાં લાવ્યા, તેનાં ઉપર શ્રીહરિ બેઠા. તે વેળાએ ઢોલ અને નગારાં વાગવાં લાગ્યા. ૨૭. સંતો તાલ અને મૃદંગ વગાડીને હોરીના પદ ગાતા હતા. શ્રીહરિનાં

મસ્તક ઉપર સોનેરી છત્ર ધારણ કર્યું હતું. તેની શોભા કહી શકાતી નથી. ૨૮. જેટલા પાર્ષદો હતા, તે બધા બંદૂકોને ભરી ભરીને ફોડતા હતા. છડીદાર છડી બોલીને જયઘોષ કરતા હતા. આગળ જરિયાની નિશાન ચાલતાં હતાં. ૨૯. સહુને દર્શન દેતાં દેતાં શ્રીહરિ સારંગપુર ગામમાં આવ્યા. હજી એક પહોર(૩ કલાક) દિવસ બાકી હતો. ત્યારે જ્યાં રંગમંડપ હતો, ત્યાં શ્રીહરિ આવ્યા અને તરત જ અશ્વ ઉપરથી ઊતરી ગયા. ૩૦.

સર્વ ભક્તજનોને સુખ આપનારા શ્રીહરિ આવીને ઊંચા સિંહાસન ઉપર બેઠા. સંતો અને હરિભક્તોની સભા ભરાણી. તે વખતે ત્યાં દોકડ અને સરોદ વાગતાં હતાં. ૩૧. પછી હરિભક્તોને જેવો ભાવ હતો, તે પ્રમાણે શ્રીહરિની પૂજા કરવા લાગ્યા. તે પછી સંતોની પણ પૂજા કરી. બધા વર્ણીઓ સંતોની ભેળા ગણવા. ૩૨. હરિભક્તોએ ઘેર જવા માટેની રજા લીધી. પછી શ્રીહરિએ સંતોને સત્સંગમાં ફરવા માટેની આજ્ઞા કરી. હરિભક્તોના જેટલા પ્રદેશ હતા, તે પ્રમાણે સંતોના મંડળ બાંધ્યાં. ૩૩. શ્રીહરિએ મુક્તાનંદસ્વામીને પોતાની સમીપે રાખ્યા. અને સંતોના મંડળને દેશ વહેંચી આપ્યા. જ્યારે સંતો ચાલવા તૈયાર થયા, ત્યારે શ્રીહરિ તેમને બાથમાં લઈને પ્રેમથી ભેટ્યા. ૩૪. સવારના પહોરમાં જ સંતો અને હરિભક્તો પરસ્પર ‘જય સ્વામિનારાયણ’ એમ ઊંચેથી બોલીને અલગ અલગ ચાલતા થયા. ૩૫. સહુએ શ્રીહરિનાં જેટલાં ચરિત્રોને દેખ્યાં હતાં, તે બધાંને તેઓ રસ્તામાં સંભારતા જાતા હતા. પછી શ્રીહરિ સારંગપુરથી નીકળ્યા, તે ફરતાં ફરતાં **ગઢપુર** આવ્યા. ૩૬.

દરબાર એભલ ખાચરના રાજદ્વારમાં મહારાજા શ્રીહરિ રહ્યા. મુક્તાનંદસ્વામીને તો કીર્તન ગાન કરાવવા માટે સાથે રાખ્યા હતા. ૩૭. ‘શ્રીહરિ પધાર્યા છે’ એવા સમાચાર સાંભળીને દરબાર જીવા ખાચર ત્યાં દર્શન કરવા આવ્યા અને હાથમાં શ્રીફળ લાવ્યા હતા. ૩૮. તેમણે આવીને દંડવત્ પ્રણામ કર્યા. ચરણોમાં શ્રીફળ મૂક્યું અને મસ્તક નમાવ્યું. અને બોલ્યા, અમે આપને નિત્ય સંભારીએ છીએ. ૩૯. આપના સિવાય આ બંને દરબારગઢ ઉજ્જડ લાગતા હતા. હવે આપ પધાર્યા, એટલે બધે અત્યંત આનંદ આનંદ થઈ રહ્યો છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'પાંચ માસ સત્સંગમાં વિચરીને શ્રીહરિ ગઢપુર પધાર્યા' એ નામે એકાણુંમો તરંગ સમાપ્ત ॥૯૧॥



પૂર ચૌદમું : તરંગ - ૯૨

નિર્મળ પ્રેમ ભાવની અને સમજણની ઉત્તમતા

ગઢપુરના દરબાર જીવાખાચરે પોતાનાં દરબારગઢમાં પોતાના ભવનની સામે જ શ્રીહરિને રહેવા માટે એક સુંદર અને અનુપમ મંદિર બનાવ્યું હતું. ૧. અને પોતાના દરબારની સમીપે જ સંતોને રહેવા માટે વિશાળ ચોકવાળું મંદિર પણ ઘણા પ્રેમથી કરાવ્યું હતું. ૨. શ્રીહરિનાં દર્શન કરવા માટે જે સંતો ગઢપુરમાં આવતા હતા. તે બધા તે મંદિરમાં રહેતા હતા. આ વખતે મુક્તાનંદસ્વામી પણ ત્યાં રહ્યા હતા. ૩. તે વેળાએ શ્રીહરિની એવી મરજી રહેતી કે ક્યાંય એક સ્થાનમાં તેઓ વધારે રહેતા નહીં. દરબાર એભલ ખાચર પણ શ્રીહરિની તે મરજી જાણી ગયા હતા. શ્રીહરિ પણ જ્યાં પોતાની મરજીને ઓળખનારા હોય ત્યાં જ રહેતા હતા. ૪. દસ પંદર દિવસ થાય એટલે શ્રીહરિ તરત ઉદાસ થઈ જાતા. છતાં દરબાર એભલ ખાચર નિત્ય નવા પ્રેમથી શ્રીહરિની સેવામાં હાજર રહેતા. ૫.

પ્રેમમાં લૂખાપણું આવવા દેતા જ નહીં. તેમનો બધો પરિવાર પણ એવો જ હતો. તેમાં એકાદ દિવસ પણ લૂખાપણું આવતું નહીં. એટલું જ નહિ, પરંતુ ઉપરથી કરોડગણું હેત પણ જણાવતા હતા. ૬. શ્રીહરિની મૂર્તિ રસઘન છે. તેમાં નિરસપણું ક્યારેય જરાય ટકે જ નહીં. અને જેટલી નિરસ વાત રહી હોય તથા શ્રીહરિને કોઈ બ્રહ્માંડ જેટલી સંપત્તિ દેવા આવે છતાં, પણ શ્રીહરિને તેનો ઊલટીના જેવો અભાવ રહેતો, અર્થાત્ તેનો તરત જ ત્યાગ કરી દેતા હતા. **શ્રીહરિ તો સંતો-ભક્તોમાં જ અલૌકિક પ્રેમ રાખતા હતા. ચાહે તેવું સ્વાદું ભોજન હોય, ઊંચી કિંમતના અપાર સારાં મેવા મીઠાઈ કે ફળ હોય, પણ જો તે ઊતરી જાય(બગડી જાય) તો પછી તેમાં ભાવ રહેતો નથી, તેમ**

લૂખો પ્રેમ પણ શ્રીહરિને તેવો જ દેખાતો હતો. ઊતરેલા અન્નમાં તો શ્વાન જેવા લોકો લોભાય છે, પણ વિવેકી માણસ તેમાં ક્યારેય લપટાતો નથી. ૭-૯.

જ્યારે ભગવાન રામચંદ્રજી વનમાં રહેતા ત્યારે ભીલજાતિની શબરી ઘણા જ પ્રેમભાવથી પાકાં બોર લઈ આવી અને ભગવાનની આગળ તે ધરાવ્યાં. ૧૦. તેઓ અત્યંત પ્રેમભાવથી તે બોર જમ્યા. માનો, જમતાં જમતાં તેમને તેનાથી તૃપ્તિ થઈ નહીં. સીતાજીએ આપેલું ભોજન પણ આવા ભાવથી જમતા નહીં. તેમ શ્રીહરિની રીત પણ એવી જ હતી. ૧૧. શ્રીકૃષ્ણ ભગવાન મિથિલામાં શ્રુતદેવ વિપ્રને ઘેર આવ્યા. તે વિપ્ર ભગવાનને જમવા માટે કેળાં લઈ આવ્યો. વિપ્રની પત્નીએ ભગવાનને માટે સુંદર રોટલી કરી. ૧૨. શ્રુતદેવે હેતથી કેળાં સુધાર્યાં. પરંતુ પ્રેમમાં તે ભાન ભૂલી ગયા તેથી કેળાંના છોતરાં હતાં, તે રોટલીની સાથે થાળમાં લઈને ધરાવ્યાં. ૧૩. નંદકુમાર ભગવાન કૃષ્ણ ઘણા પ્રેમભાવથી તે થાળ જમવા લાગ્યા. વારે વારે વખાણ કરીને 'કેળાં બહુ મીઠાં છે' એમ બોલ્યા. ૧૪. વિપ્રની પત્ની વધારે પીરસવા કેળાં લઈને આવી ત્યારે તેણે જોયું ગર્ભ(કેળાંની અંદરનો માવો) પડ્યો રહ્યો હતો અને છોતરાં પ્રભુ જમી ગયા હતા. ૧૫.

પછી તેણીએ શ્રુતદેવને સંભારી આપ્યું. ત્યારે તેઓએ કેળાનો ગર્ભ લાવીને પીરસ્યો. પણ તેમાં પહેલાના જેવો સ્વાદ ભગવાનને આવ્યો નહીં. ૧૬. તેમજ સુદામા વિપ્ર દ્વારકા આવ્યા. શ્રીકૃષ્ણનાં દર્શન કર્યાં. તે પોતાના પરમ પ્રિય બાલમિત્ર હતા. ૧૭. એટલે શ્રીકૃષ્ણે તેમને પલંગ ઉપર પાસે બેસાડ્યા. પછી શ્રીકૃષ્ણે પૂછ્યું, તમે મારે માટે શું લાવ્યા છો ? ત્યારે સુદામાએ કહ્યું, હું તો ગરીબ છું, તમારે લાયક કાંઈ લાવ્યો નથી. ૧૮. પણ મારી પત્નીએ મૂઠી પૌંવા આપ્યા છે, પછી તેણે કપડાંમાં બાંધેલા પૌંવા શ્રીકૃષ્ણનાં હસ્તકમળમાં આપ્યા. ૧૯. ત્યારે શ્રીકૃષ્ણ ભગવાન જેમ કોઈ અતિ ભૂખ્યો માણસ જમે તેમ ભાવથી પૌંવા જમ્યા. તે રીતે તો રુક્મિણીના અર્પણ કરેલા થાળને પણ જમ્યા ન હતા. કેમ જે, ભગવાન તો ભાવનાનાં ભૂખ્યા છે. ભાવ વિનાની તેમને ભૂખ નથી. ૨૦.

શ્રીહરિની રીત પણ તેવી જ પરમ પવિત્ર હતી અને દરબાર એભલ ખાચર અને તેમના પરિવારનો નિર્મળ પ્રેમભાવ પણ ઘણો જ ભારે હતો. એટલે સુખકારી શ્રીહરિ ત્યાં ગઢપુરમાં ઘણા દિવસ સુધી રહ્યા. ૨૧. શ્રીહરિ પરમ રસપૂર્ણ પ્રેમે કરીને બંને દરબારોના પ્રેમભાવને દેખતા હતા. શ્રીહરિને કથા-કીર્તનોમાં અપરંપાર પ્રેમ રહેતો હતો. તે કહી શકાતો નથી. ૨૨. શ્રીહરિ શ્રીકૃષ્ણ ભગવાનનાં ચરિત્ર, ગ્રંથમાં હોય કે કીર્તનનાં પદમાં હોય, તેને વારે વારે સાંભળતા. રાતદિવસ સાંભળવા છતાં તૃપ્તિ થાતી નહીં. ૨૩. ચરિત્ર સાંભળતા તો કોઈ દિવસ ભાવાવેશમાં આવીને દીવાના જેવા થઈ જાતા હતા. અને અવતારોનાં ચરિત્રોંના મિસે ભક્તજનોને પોતાનાં ચરિત્રોંમાં પ્રેમ કરતા શીખવતા હતા. ૨૪.

⁕ ભગવાન તથા સંત વિના ક્યાંય સુખ નથી :

दोहा : जेसे खप जो जाहिकू, जेसी समझ रहाय;
तेसे प्रीत सो सिखत रहे, सुख तितनो उर ताय...२५
सुख जीतनो कहात हि, प्रीत हि में जोर रहेउ;
समझ में जितनी कसर जो, तितनो दुःख रहत तेउ...२६

પરંતુ જેને જેટલો ખપ હોય અને જેને જેવી સમજણ હોય, તે પ્રમાણે તેઓ ભગવત્સ્વરૂપમાં પ્રેમ કરતાં શીખતા હતા. અને પ્રેમભક્તિ પ્રમાણે ભક્તોને દિલમાં સુખ થાતું હતું. ૨૫. જેટલું સુખ કહેવાય છે, તે બધું જ પ્રેમમાં બલાત્ રહ્યું છે અને સમજણમાં જેટલી ખામી હોય તેટલું તેને દુઃખ બલાત્ રહે છે. ૨૬.

सोरठा : ब्रह्मांडहु को राज, मिलत तोउ दुःखी रहत;
दुजे ब्रह्मांड काज, समझ विन जो जरत रहत...२७
समझ विन नहीं सुख, अनंत ब्रह्मांड मिले तोउ;
अंतर में रहत न दुःख, ज्ञान निधि कु पावत जब...२८

આખા બ્રહ્માંડનું રાજ્ય મળે તોપણ જીવ સાચી સમજણ વિના દુઃખિયો રહે છે. સમજણ ન હોય તો એક બ્રહ્માંડનું રાજ્ય મળે તો બીજા બ્રહ્માંડને માટે બળતરા કરતો રહે છે. ૨૭. અનંત બ્રહ્માંડો મળે તો પણ સમજણ વિના

સુખ મળતું નથી. જો જ્ઞાનનિધિ એટલે કે સમજણનો ખજાનો મળી જાય, તો અંતરમાં જરાય દુ:ખ રહેતું જ નથી. ૨૮.

चोपाई :

भगवान भगवान के संता, सुख सब तामें रहे अनंता;
तामें सुख न देखात जिहाँ लगहु, जनकु दुःख रहत तिहाँ लगहु...२९
ता महिं सुख मनाव हि जबहु, दुःख मात्र न रहहि कबे तबहु;
यह समझ जिहाँ लग न आई, अपार हि ग्रंथ पढत रहाई...३०

ભગવાન અને ભગવાનના સંતોમાં અનંત પ્રમાણમાં બધી જ જાતનું સુખ રહ્યું છે. મનુષ્યને તે બેમાં જ્યાં સુધી સુખ દેખાતું નથી, ત્યાં સુધી તેને દુ:ખ જ રહે છે. ૨૯. ભગવાન અને સંતોમાં જ્યારે સુખ મનાય છે. ત્યારે તેને કોઈપણ જાતનું દુ:ખ ક્યારેય રહેતું નથી. જ્યાં સુધી આવી સમજણ ન આવે ત્યાં સુધી ભલેને અનંત ગ્રંથ ભણતા-વાંચતા રહે, ૩૦. પણ તેથી તેને શાંતિ કે સુખ લગારેય મળતું નથી. અરે..! તેનાં હૃદયમાં અજ્ઞાનને કારણે દુ:ખના અંગારા ભર્યા હોય છે. **જ્યારે ભગવાનમાં સુખ મનાશે ત્યારે તેને સુખ અને શાંતિનો સાગર મળશે. ૩૧. આવી સમજણ સિવાયની બીજી જે સમજણ છે, તે તો સંસૃતિ-સંસારમાં ભટકણ કરાવનાર છે. જે જે દુ:ખ કહેવાય છે, તે ઉપરોક્ત સમજણ વિના રહે છે.** ૩૨.

બ્રહ્માના જેવા મોટા દેવ હોય તોપણ આવી સમજણ વિના દુ:ખી રહે છે. તો પછી બીજા દેવો કે મનુષ્યો શા લેખામાં ? આ વાત તો કોઈથી લખી ન શકાય એવી અલક્ષ્ય છે. ૩૩. **જે ભગવાનનાં સુખે સુખી રહેતો હોય તે ફરીને ક્યારેય દુ:ખી થાતો નથી અને જે સુખદુ:ખ રહે છે, તે તો માયિક દેહના યોગથી છે. તેવું જ્ઞાની પુરુષો અખંડ માને છે. ૩૪. જીવને પિંડ અને બ્રહ્માંડનો જ્યાં સુધી સંગ રહે છે, ત્યાં સુધી જ્ઞાની પુરુષનો સંગ પણ આવશ્યક છે. કેમ જે, વિજ્ઞાની સંત સુખ અને દુ:ખ તો સ્વપ્ન જેવાં દેખાડે છે અને તે પણ તેમાં ક્યારેય ચોંટતા નથી. ૩૫. 'સુખ અને દુ:ખ જે છે, તે બધાં તો માયિક છે' એવું સમજીને જ્ઞાની પુરુષ તો પિંડ અને બ્રહ્માંડના ભાવોથી પૃથક્ રહે છે. ૩૬.**

કમળના પાંદડા ઉપર પાણીનું ટીપું પડ્યું હોય, છતાં તે જેમ પાંદડાથી છૂટું જ રહે છે. તે રીતે જ્ઞાની પુરુષ પણ પિંડ-બ્રહ્માંડથી જુદો જ રહે છે. જ્ઞાની પુરુષ જ્ઞાન-સમજની દૃઢતાને લઈને પિંડ-બ્રહ્માંડથી પર વર્તે છે. માટે યથાર્થ જ્ઞાનથી અધિક કાંઈ જ નથી. તે જ્ઞાન તો ચિંતામણિ અને કલ્પવૃક્ષના સમાન કહેવાય છે. ૩૭-૩૮. શ્રીહરિ દોઢ માસ સુધી ગઢપુરમાં સંતોની આગળ નિત્ય નવી વાતો કહીને અત્યંત પરમ પુનિત જ્ઞાન શીખવતા હતા. ૩૯. રામનવમીનો અનુપમ ઉત્સવ પણ શ્રીહરિએ ગઢપુરમાં રહીને કર્યો. ત્યારે સંતો અને હરિભક્તો બધા આવ્યા હતા. ૪૦. તે વરસે બે વૈશાખ માસ હતા. તેમાં પહેલા વૈશાખને પુરુષોત્તમ માસ કહેવાય. તેની પૂનમને દિવસ તવરાનો મેળો થાય છે. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'ભાવના ભૂખ્યા ભગવાન અને જ્ઞાનની ઉત્તમતા કહી' એ નામે બાણુંમો તરંગ સમાપ્ત ॥૯૨॥



પૂર ચૌદમું : તરંગ - ૯૩

બૂઢા ધાધલની નાસ્તિકતા વગેરેની વાત

શ્રીહરિ ભક્તોને દર્શન દેવા માટે રોજ એકવાર અનુપમ ઘણાં સારાં વસ્ત્રોં પ્રેમથી પહેરતા. ૧. અને જીવાખાચરનું હિત કરવા માટે તેમના દરબારમાં આવતા. તેમને આનંદ કરાવતા. જીવા ખાચરના પુત્ર ભોંકા ખાચર સારા હરિભક્ત હતા. ૨. જીવા ખાચરને અમૂલા બાઈ અને અમરબાઈ નામે બે પુત્રીઓ હતી. તેમણે રાજબાઈનો જોગ થવાથી શ્રીહરિને પ્રસન્ન કરવા માટે પોતાના પતિનો ત્યાગ કરી દીધો હતો. ૩. જીવાખાચરના પત્ની શ્રીકુંવરબાની મોટી બહેન સોનબાઈ(શોણબાઈ) નામે હતી. રાજબાઈ તે સોનબાઈના પુત્રી હતી. ૪. રાજબાઈના મામા બૂઢા ધાંધલ નામે હતા. તે જીવાખાચરની પત્નીના ભાઈ થાતા હતા. શ્રીહરિને જીવાખાચરના ઉપર હેત-પ્રેમ હતાં. ૫. બૂઢા ધાધલને નાસ્તિક (જૈન) મતમાં શ્રદ્ધાભાવ હતો. અને તેના જે ગ્રંથો હોય

તેને જ તે સત્ય કરીને માનતા. ૬. ભગવાનની જે પ્રતિમાઓ હોય છે તેને તથા ભગવાન અનંત જીવોનો ઉદ્ધાર કરવા માટે યુગયુગમાં અવતાર ધારે છે, તે વચનને તે ખોટાં કરીને માનતા હતા. ૭. અવતારોમાં ઋષભદેવજીને શ્રેષ્ઠ સાધુનાં રૂપમાં માનતા. ઋષભદેવના પુત્ર જે ભરતજી થયા. તેને પણ સાધુનાં રૂપમાં માનતા. ૮. બૂઢા ધાધલ ઋષભદેવની મૂર્તિને માને નહિ, એવા હતા. કેમ જે, તેઓ અવતારને માનતા નહીં અને (જૈનના જેવા) સ્નાનાદિક કરતા નથી એવા મેલા સાધુઓ ઉપર તે ભાવ રાખતા. ૯. જે આસ્તિક મનુષ્યો હોય છે, તે ભગવાનના અવતારોને પ્રેમથી માને છે અને ભગવાનની પ્રતિમાઓને પણ અતિ પ્રેમથી માને છે. ૧૦.

તેવા આસ્તિકજનોને બૂઢા ધાંધલ એવા પ્રશ્ન પૂછતા કે કોઈ તેનો જવાબ દઈ શકતા નહીં. તે જીવાખાચરને વારેવારે પૂછતા કે, તમે સત્સંગમાં એવું શું સારું જોયું છે ? ૧૧. તે બૂઢો ધાધલ એવું કહેતા કે, જેઓ નહાય-ધૂએ છે, રાતે ખાય છે, એકાદશીને દિવસ ફરાળ કરે છે, તેણે ફેરવેલી બધી માળાઓ ખોટી થઈ જાય છે. ૧૨. જે ચોરી અને વ્યભિચાર ન કરે, માંસ અને દારૂને ખાય-પીવે નહીં. કોઈપણ જીવની હિંસા ન કરે, એટલો ધર્મનો ભાગ કહેવાય. ૧૩. પાણી અને દૂધને ગાળીને પીએ છે, તે ખરી વાત છે. નશો નથી કરતા, અભક્ષ્ય નથી ખાતા અને પરસ્ત્રીનો ત્યાગ રાખે છે, તે પણ ખરું છે. ૧૪.

બૂઢા ધાધલ અત્યંત ખળ હતા. તેણે નાસ્તિકોના ગ્રંથ સાંભળ્યા હતા. તે પૂછે ત્યારે જીવાખાચર તેને કહેતા કે, અમે સત્સંગમાં મોક્ષ દેખ્યો છે. ૧૫. સારી શુભ કલ્યાણકારી વાત જ ગ્રાહ્ય છે, કે જેનાથી મનુષ્યની બુદ્ધિ શુભ થાય છે અને એવી શુભ વાતો તો આપણા સત્સંગમાં થાય છે, તે ઘણી દેખી છે. ૧૬. **જે મનુષ્ય કુબુદ્ધિ રાખીને સત્સંગ કરતો હોય તો તેને સત્સંગનો રંગ લાગતો નથી. આજે સત્સંગમાં જેવી શુભ વાત થાય છે, તેવી વાત બીજે કોઈ ઠેકાણે દેખાતી નથી. ૧૭. આવાં બ્રહ્માંડ તો અપાર છે. અને તેમાં અપરંપાર વાતો થાતી હોય છે, પણ તેમાં ક્યાંય આપણા સત્સંગના જેવી એક પણ વાત સાંભળવામાં આવતી નથી. ૧૮.** વેદોમાં અને પુરાણોમાં ઘણી

વાતો લખી છે, પણ આજે સત્સંગ સર્વોપરી છે. સાચી શુભ કલ્યાણકારી વાત છે, તે તો આજે સત્સંગમાં છે. તેનાથી અધિક ક્યાંય દેખાતું નથી. ૧૯. જે માણસને સત્સંગ થયો નથી. તે કરોડોની સમૃદ્ધિનો માલિક હોય કે કરોડોની સંખ્યાવાળી સેના તેની રક્ષા કરતી હોય, તોયે શું ? કાળની આગળ તે સમૃદ્ધિ નું કે સુરક્ષાદળનું કાંઈ ચાલતું નથી. ૨૦.

કરોડો તોપોવાળા કરોડો કોટ(કિલ્લા) હોય તો સંભવ છે, દુનિયામાં તેની વિશાળ કીર્તિ પ્રસરે, પણ મરણ પછી કોઈ તેનું નામ લેતું નથી. અર્થાત્ તેને કોઈ યાદ કરતું નથી. માટે કહું છું કે, સત્સંગના સિવાય કાંઈ જ કામ લાગતું નથી. ૨૧. અમે સત્સંગનો જે લાભ દેખ્યો છે, તેમાંથી થોડું તમને કહીએ છીએ. શરીરમાં મસ્તકથી કોઈ બીજું શ્રેષ્ઠ અંગ નથી. તે રીતે જ આ સત્સંગથી ઊંચી કોઈ વસ્તુ નથી. ૨૨. કાનથી અને નાકથી મસ્તક અત્યંત શોભે છે. માણસને કાન અને નાકના સમાન સત્સંગ છે. સત્સંગ વિના કોઈ મનુષ્ય સદ્‌ગુણરૂપી શોભા પામતો નથી. ૨૩. જેમ જીવ વિના મનુષ્યનો દેહ જેવો શોભે તેવો જ સત્સંગ વિનાનો મનુષ્ય શોભે છે. અર્થાત્ સત્સંગ વિના મનુષ્ય શબ તૂલ્ય છે. આ બ્રહ્માંડમાં જે કાંઈ વસ્તુ છે, તેમાં કોઈ વસ્તુ સત્સંગ સમાન નજરે ચઢતી નથી. ૨૪.

સત્સંગથી કોઈ અધિક-વિશેષ નથી, એવો સત્સંગ છે. પરંતુ જે કુબુદ્ધિ રાખીને સત્સંગ સેવે છે, તેનાં અંતરમાં કુસંગ રહી જાય છે. ૨૫. કુબુદ્ધિ જનને પોતાની બુદ્ધિ જ નિર્દોષ દેખાય છે. તે પાપને કારણે જ તેને સત્ય વાત મનાતી નથી. ૨૬. સત્સંગ સિવાયની ગમે તેવી તેજસ્વી બુદ્ધિ હોય પણ જ્યાં સુધી લખચોરાશી છે, ત્યાં સુધી તે શોભતી નથી. ૨૭. જીવાખાચર બૂઢા ધાધલને એમ કહેતા કે, મોક્ષ થવાની વાત અમે સત્સંગમાં દેખી છે. તમને તે વાત મનાતી નથી. કારણ કે, તમારી બુદ્ધિ કુસંગથી લેપાઈ ગઈ છે. ૨૮.

તે બૂઢા ધાધલ ત્રણ વરસ સુધી તો શ્રીહરિની પાસે દાસભાવે આવતા હતા. તે બીજા સંતો અને હરિભક્તો કરતા વધારે ખપ દેખાડતા હતા. ૨૯. અને ત્રણ વરસ સુધી શ્રીહરિએ તેને દાદા ખાચરની સાથે બેસાડીને થાળની પ્રસાદી આપી હતી, પણ તેના અંતરમાં જેવો નાસ્તિકભાવ હતો, તેવું ફળ

છેવટે દેખાયું હતું. ૩૦. સત્સંગની વાત શીખવા માટે તે બૂઢા ધાધલ રોજ શ્રીહરિને પ્રશ્ન પૂછતા. બીજા કોઈથી ઉત્તર આપી શકાય નહિ તેવા અત્યંત કઠણ પ્રશ્ન કરતા હતા. ૩૧. તેનાં અંતરમાં મનાયેલો સિદ્ધાંત જેવો હોય તેવો ઉત્તર શ્રીહરિ કહેતા હતા. શ્રીહરિ તેના પાકા નાડીવૈદ્ય હતા. તેથી તે બૂઢા ધાધલની માયામાં લેશ પણ ફસાયા નહીં. ૩૨.

તેને દૈવી અને આસુરી બંને પ્રકારની માયા કરતા આવડતી હતી. એટલે સરલ સ્વભાવના સંતોને અને હરિભક્તોને શ્રીહરિએ ચેતવી દીધા હતા. ૩૩. સંતો અને હરિભક્તોનાં અંતરને દેખવા માટે બૂઢો ધાધલ પ્રશ્ન પૂછતા. અને મુક્તાનંદસ્વામીના અતિ વખાણ કરવા લાગ્યા હતા. ૩૪. મુક્તાનંદસ્વામીનાં કાવ્ય, કીર્તન વગેરેનાં બહુ જ વખાણ કરતા. તે કહેતા કે, બ્રહ્માનંદસ્વામીનાં કાવ્ય ઘણાં સારાં છે, પણ તેમાં લગારેય વાક્છટા નથી. ૩૫. નિત્યાનંદસ્વામીની પાસે તો તે જાતા જ નહિ, અને કદાચ સ્વામી સભામાં આવે ત્યારે તે ચૂપ બેસી રહેતા. હરિભક્તોમાં અલૈયા ખાચર ઘણા બુદ્ધિમાન હતા. ૩૬. તેમનામાં બુદ્ધિ અધિક હતી, તેને લીધે તેઓ બીજા હરિભક્તોની મોટાઈને માનતા નહિ અને તે વાત શ્રીહરિ જાણતા હતા. ૩૭. તેમને મુક્તાનંદસ્વામી જેવાની વાતનો પણ ભાર રહેતો નહિ, તો પછી બીજા સંત તો શું લેખામાં ? જોકે પછી શ્રીહરિએ તેનો ગર્વ ઉતારી દીધો હતો. ૩૮.

શ્રીહરિ વાત કહેતા કે, બુદ્ધિનું સારું ફળ એટલું જ છે કે, સહુ સંતોને નમતા રહેવું અને સહુ હરિભક્તોને પણ મસ્તક નમાવીને પગે લાગવું. અર્થાત્ દાસાનુદાસ થઈને રહેવું. ૩૯. જેનો જેને જેટલો ભાર મનાય, તેને નમસ્કાર કરવા કઠણ પડતા નથી, જેનો પૂરો ભાર-મહિમા સમજે તેને તો વારેવારે નમે છે. ભાર પડ્યા વિના માથું નમાવાતું નથી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'બૂઢા ધાધલની નાસ્તિક્તા વગેરેની વાત કહી' એ નામે ત્રાણુંમો તરંગ સમાપ્ત ॥૯૩॥



પૂર ચૌદમું : તરંગ - ૯૪

શ્રીહરિએ મુક્તાનંદસ્વામીને તવરાના મેળામાં મોકલ્યા

શ્રીહરિએ સદ્.શ્રીમુક્તાનંદસ્વામીને બોલાવીને કહ્યું, તમે સંતો તવરા (તા.જિ. - ભરૂચ) જાઓ. અમે મેળા(સમૈયા)માં ત્યાં આવશું. ૧.

(આ તવરા ગામ ભરુચથી ૭ કી.મી દૂર શુક્લતીર્થ જતા વચમાં આવે છે. ત્યાં દર ૧૮ વર્ષે અધિક વૈશાખ માસમાં પૂનમનો મેળો ભરાય છે. તે સમયે ત્યાં નર્મદામાં શિવલીંગ નિકળે છે. તેથી બહુ લોકો યાત્રા કરે છે. સાધુ-બાવાઓ વિશેષ આવે છે. ૧૮ વર્ષે અધિક વૈશાખ માસમાં તવરા ગામમાં મેળો ભરાય છે. તે ગામ ઈ.સ. ૧૯૬૮ અને ૧૯૭૦ માં એમ બે વાર તણાય ગયું. તેથી ૪૪ વર્ષ પહેલા ત્યાં રહેલી વસ્તીએ સ્થળાંતર કર્યું. તેમાં અમુક લોકો બાજુના કડોદ ગામે ગયા અને અમુક ભરુચ ગયા. ત્યારબાદ બે મેળા ભરાયા, તે ત્યાં બાજુમાં આવેલા કડોદ ગામે ભરાયા હતા.)

તવરામાં વૌઠા કરતાં ઘણા વધારે લોકો આવશે. બધા હરિભક્તોને અમારી ખબર આપજો. તમે સવારમાં જ વહેલા ઊઠીને નીકળો. ૨. તમારા જેવા સંત ચાલીને તીર્થમાં જાય, નર્મદા નદીમાં જઈને બે વાર સ્નાન કરે. ૩. તે પછી તે તીર્થમાં આવીને જે જે લોકો સ્નાન કરશે, તમારાં દર્શન કરશે, પૂજા કરશે અને જમાડશે, તે સહુનું રૂડું થાશે. ૪. સંતો અને હરિભક્તો ત્યાં આવશે. કદાચ અમે ન આવીએ તો અમારાં વચનથી તેઓ બધા તમારી પૂજા શ્રદ્ધાભાવથી કરશે. ૫. તમારી જે પૂજા કરે તેને પૂજા કરવા દેજો. તેમાં તમને કોઈ જાતનો બાધ નહીં લાગે, એમ અમે કહીએ છીએ. હરિભક્તો અમને જમાડવા માટે વિવિધ પ્રકારનાં ભોજન કરાવે છે. ૬.

चोपाई :

भिक्षा मागना उत्तम ताकी, शुभ गति होवहि देवहि वाकी;
रसोई तीर्थ में देव हि जेहा, संत कु भाव करीके तेहा...०८

ताके मोक्ष होव हि यह देहा, यामें रंच नाहि संदेहा;
यह संत के दर्शन जेता, भाव करीके करहि तेता...०९

सत्संग में तन धरहि ताई, संत को महिमा कहे न जाई;
कथा वारता कीर्तन जेहू, स्वामिनारायण धूनि तेहू...१०

તેમ તેઓ અમને તમારાં હૃદયમાં વસેલા ધારીને વિવિધ પ્રકારનાં ભારે ભોજન કરાવીને તમને જમાડશે. જે દિવસ સંતોને આવી રસોઈ ન મળે તે દિવસ સંતોએ યાત્રિકોના સંઘમાં જઈને ભિક્ષા માગવી. જે તમને ભિક્ષા આપશે, તેમની શુભ ગતિ થાશે અને તીર્થમાં આદરભાવથી સંતોને જે લોકો રસોઈ આપશે, ૭-૮. તેમનો આ દેહને અંતે મોક્ષ થાશે. તેમાં રંચમાત્ર કોઈ સંદેહ નથી. જે લોકો આ સંતોના પ્રેમભાવથી દર્શન કરશે, તેઓ સત્સંગમાં ફરીને મનુષ્ય દેહને પામશે. સંતોનો મહિમા કહી શકાતો નથી. કથા, વાર્તા, કીર્તન અને સ્વામિનારાયણ નામની ધૂન, સંતોનાં મુખેથી જે સાંભળશે તેને ભવભટકણ નહિ રહે. બહુ વરસ વીતી જાય, અધિક વૈશાખ હોય ત્યારે તેની પૂનમે લોકો તવરાની યાત્રા કરવા આવે છે. ૯-૧૧. ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું, આપનાં વચનમાં જ તીર્થ રહ્યાં છે. આપ જ્યારે જે રીતે વચન કહો, ત્યારે તેમાં બધાં તીર્થો આવીને રહે છે. ૧૨.

✵ આજ્ઞામાં વર્તે તો તીર્થનું ફળ મળે છે :

આપનું વચન તીર્થોનું તીર્થ અને કારણનું પણ કારણ છે. અમે આપનાં વચનમાં સ્નાન કરીએ છીએ અને વચનમાં જ નિવાસ કરીએ છીએ. ૧૩. **આપનું આજ્ઞાવચન પાળે નહિ અને તીર્થમાં જઈને સ્નાન કરે એવાને તીર્થસ્થાનનું કાંઈ જ ફળ મળતું નથી, એવું અમને દેખાય છે. ૧૪. માયાના જીવને જ્યારે જગત માન-પૂજે છે, ત્યારે તે પૂજા પામનારાને માનરૂપી શત્રુ આવે છે. અને જ્યારે તેનું અપમાન થાય છે, ત્યારે તે મરવા તૈયાર થાય છે. ૧૫. હરિભક્તો જ્યારે અમારી પૂજા કરે ત્યારે અમને માન ન આવે, એવું અમે વરદાન માગીએ છીએ. આપ અમારી માનથી રક્ષા કરજો. ૧૬.**

पूजा होवे तोउ हरिजन वाके, दासानुदास वरताय ताके;
एसी मति सदा हम कु दीजे, तुम कहो तेसे हम करीजे...१७

निरबंध कु निरबंध की बाता, पुछे बतावत हे साक्षाता;
जीय कु बंधन होवत जेसे, जो जो उपाय सुझत हि तेसे...१८

હરિભક્તો મારી પૂજા કરે, છતાં મારાથી હરિજનના દાસાનુદાસ થઈને વર્તાય. એવી મતિ-સમજણ મને કાયમને માટે આપો. અમે આપ જેમ કહો તેમ કરીએ. ૧૭. જે નિર્બંધ-મુક્ત હોય, તેને જઈને મુક્ત થવાની વાત પૂછવામાં આવે, તો તે સ્પષ્ટ રીતે તેને બતાવી શકે છે, પણ સાધારણ જીવને તો બંધન થાય એવા ઉપાયો જ સૂઝે છે. ૧૮. અને ભગવાનથી વિમુખ જીવ તો બંધનમાં જ સુખ માને છે. જ્યારે હરિભક્તને માન આવે છે, ત્યારે તે સત્સંગથી વિમુખ થઈ જાય છે. ૧૯.

ભગવાનના પાર્ષદ જય-વિજય હતા, શ્રીદામા અને રાધિકાજી હતા. તેઓ વૈકુંઠ અને ગોલોકમાંથી, ૨૦. માને કરીને તત્કાળ પડી ગયા હતા. આપ ભક્તજન પ્રતિપાલક છો એટલે તેમનો ઉદ્ધાર આપે કર્યો હતો. કામ, ક્રોધ, મદ અને લોભ, એ બધા દોષ માનમાંથી પેદા થાય છે. ૨૧. **જેટલી જાતના અનર્થ કહેવાય છે, તે બધા માનમાંથી પેદા થાય છે. એટલે શ્રીહરિએ કહ્યું, જે સંતો માનથી ડરતા હોય છે, તેને અમે પૂજાવાની મોટપ આપીએ છીએ. ૨૨. જેને માનમાં દોષ દેખાય છે, તેને માન આવતું નથી. માન મેળવવામાં જ જે મોટપ માને છે, તેનામાં બધા અનર્થોની સાથે માન આવીને વસે છે. ૨૩. જ્યારે પૂજા થઈ રહે ત્યારે તમારા જીવમાં જો માનનો અંકુર દેખાય, તો સંતોના અને હરિભક્તોના ચરણની રજ જ્યાં હોય, તેને લઈને માથે ચઢાવવી. તે ચરણરજના પ્રતાપથી તમને ક્યારેય માન આવશે નહીં. ૨૪-૨૫. તે સાંભળીને મુક્તાનંદસ્વામી ઘણું જ રાજી થયા.**

પછી જ્યારે સવાર થયું ત્યારે ચાલવા માટે તૈયાર થઈ ગયા. ૨૬. જે સંતો તૈયાર થયા હતા તેમને શ્રીહરિ બાથમાં ભીડીને ભેટ્યા. પછી સંતો ચાલતા થયા અને કાનમ દેશમાં આવ્યા. ૨૭. બીજા પણ જે સંતો હતા, તે બધા કાનમમાં ભેળા મળ્યા. શ્રીહરિનાં આજ્ઞાવચનથી કેટલાયે હરિભક્તો આવ્યા. ૨૮. અધિક વૈશાખ સુદી એકાદશીને દિવસ તવરા ગામ ગયા. તવરા ગામથી પૂર્વ દિશા તરફ અમાપ સંઘ ઊતર્યા હતા. ૨૯. નર્મદા નદીને ઉત્તર કિનારે તંબુઓમાં રાજકીય અમલદારો અને ધનિક લોકો ઊતર્યા હતા. ત્રણ કોશ સુધીના લાંબા વિસ્તારમાં દુકાનો કરી હતી અને ત્યાં સુધીનાં નદીનાં

જળમાં લોકો નર્મદાસ્નાન કરતા હતા. ૩૦. ગામથી પૂર્વ તરફ જ્યાં સંઘ ઊતર્યા હતા, તેનાથી ઉત્તર તરફ એક મોટું ખીજડાનું જોરદાર ઝાડ હતું. તે ખેતરની બરાબર અધવચ્ચે હતું. બધાં સંતમંડળ ત્યાં ઊતર્યા. ૩૧. તે સંતોની ચારે બાજુએ જે હરિભક્તો આવ્યા હતા, તેમણે ઉતારા કર્યા. ત્યાં સંતો રાત-દિવસ કથા-વાર્તા અને કીર્તન કરતા હતા. ૩૨.

हरिजन आवत भयेउ जितने, मुक्तानंदस्वामी की तितने;
केशर चंदन फूल के हारा, पूजा करत भयेउ अपारा...३३

જેટલા હરિભક્તો આવતા તે સહુ અપાર કેસરચંદન અને ફૂલહાર લઈને મુક્તાનંદસ્વામીની પૂજા કરતા હતા. ૩૩. મુક્તાનંદસ્વામીની પૂજા હરિભક્તો કરતા હતા, તેનાથી બધા સંતો પ્રસન્ન થાતા હતા. કોઈના મનમાં લેશમાત્ર પણ દ્વેષ થાતો નહીં. સંતો એવા મહાન સમર્થ હતા. ૩૪. સંતો ત્રણ દિવસ સુધી સંઘમાં જઈને ભિક્ષા માગતા હતા. ભિક્ષા દેવાનું કોઈને જ્ઞાન જ ન હતું. કોઈક લોકો લોટ આપતા. ૩૫. સંતોની બસો મૂર્તિ ત્યાં હતી, પણ પચીસ જણ જમે તેટલું ભિક્ષામાં અન્ન મળતું હતું. તેથી સંતોને ત્રણ દિવસ સુધી ઉપવાસ થયા. તે જોઈને હરિભક્તોનાં મનમાં ઘણો જ ત્રાસ થયો. ૩૬.

સંતો હરિભક્તોની રસોઈ લેતા અને જમતા. હરિભક્ત સિવાય કોઈ રસોઈ પણ આપતા નહીં. છતાં સંતો મનમાં પ્રસન્ન રહેતા હતા. ૩૭. કોઈ હરિભક્ત મુક્તાનંદસ્વામીને માટે થાળ બનાવી લાવે ત્યારે સ્વામી તેમાંથી બે ત્રણ ગ્રાસ અન્ન જમતા. બાકીનું બધું બીજા સંતોને આપી દેતા હતા. ૩૮. તે વખતે ત્યાં ઈટોલા ગામના પાટીદાર જીજીભાઈ નામે હરિભક્ત હતા, તે બળદગાડીમાં અન્ન લઈ આવ્યા. ૩૯. બે દિવસ ચાલે તેટલી કાચી ખીચડી તેમાં લાવ્યા હતા, પરંતુ આખો પુરુષોત્તમ માસ તે અન્ન પહોંચ્યું હતું. સંતો તે રાંધીને જમતા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'શ્રીહરિએ મુક્તાનંદસ્વામીને તવરાના મેળામાં મોકલ્યા' એ નામે ચોરાણુંમો તરંગ સમાપ્ત ॥૯૪॥



પૂર ચૌદમું : તરંગ - ૯૫

તવરાના મેળાની વાત પૂરી કરી

જીજીભાઈ સારા હરિભક્ત હતા. તવરાની સમીપના ગામમાં તેમના મામા રહેતા હતા. તેમના મામા સત્સંગી ન હતા. ૧. તેઓ પોતાના મામાને સાથે લાવ્યા હતા. તેમનું નામ લઈને સંતોને રસોઈ આપવા માટે બળદગાડી જોડીને સીધું લાવ્યા હતા. ૨. તેથી તેઓ હરિભક્ત નહિ હોવા છતાં સંતોએ તે રસોઈ લીધી. જીજીભાઈને લીધે રસોઈમાં કોઈ બાધ માન્યો નહીં. જીજીભાઈ સત્સંગની બધી રીત જાણતા હતા. ૩. હરિભક્તો જ્યારે મુક્તાનંદસ્વામીની પૂજા કરી લેતા ત્યારે સ્વામી સંત-હરિભક્તોની ચરણરજને પોશ ભરીને પોતાનાં માથા ઉપર નાખતા હતા. ૪.

તે મેળામાં ગાયકવાડ ફતેસિંહના દીવાન આવ્યા હતા. તેમજ ભાવનગરના રાજા આતાભાઈ પણ આવ્યા હતા. ૫. મોટા મોટા ગરાસદાર કાઠી દરબારો પણ રાજાની સાથે આવ્યા હતા. રાજપીપળાના નરેશ પણ આવ્યા હતા. કેટલાક નગરશેઠો પણ તે મેળામાં આવ્યા હતા. ૬. તે સહુ પોતાની શક્તિ પ્રમાણે વિપ્રોને ગુપ્તદાન આપતા હતા. પૂનમને દિવસ સ્નાન કરીને કેટલીયે ગાયો અને અશ્વનાં દાન અપાયાં હતાં. ૭. સહુએ ઠેકઠેકાણે વિપ્રોને જમાડ્યા, પણ કોઈએ સંતોની સામે પણ જોયું નહિ. તીર્થમાં વારેવારે જઈને હજારો વિપ્રોને જમાડવા, વિવિધ પ્રકારનાં દાન-પુણ્ય કરવાં ઈત્યાદિકનું ફળ એટલું જ કહેવામાં આવ્યું છે કે, તે દાનના પ્રભાવથી ભગવાનને મળેલા એકાંતિક સંતનો ક્યારેક જોગ થઈ જાય. ૮-૯.

છતાં આવી વાતને કોઈ જાણતા-સમજતા નહીં. બસ તીર્થ કરવામાં જ મોટાઈ માનતા. તીર્થમાં સ્નાન કરીને દાન કરવું અને એટલાથી જ પાપને પાર ઊતરી જાવું. એવું લોકો માનતા. ૧૦. કારણ કે બ્રાહ્મણોએ લોકોને આટલી જ વાત બતાવી હતી. તેનાથી વધારે લોકોને રુચિ કરાવતા જ નહીં. વિપ્રોને જેનાથી ધન મળે એવાં કામમાં લોકોને રુચિ કરાવતા હતા. ૧૧. બધો સમાજ મુખ્યપણે કરીને વિપ્રોનાં વચનને જ માનતો. વિપ્રોમાં રહેલા દોષોને

રંચમાત્ર પણ જોતા નહિ. સમાજમાં એવી પરંપરા ચાલી આવતી હતી. ૧૨. જેમણે સ્ત્રી અને ધનનો ત્યાગ કર્યો હોય, વ્યસનમાત્રના જે વિરોધી હોય, માંસ અને મદિરાનો પણ જેણે ત્યાગ કરીને ભગવાનમાં મન લગાડી દીધું હોય, એવી રીતના જે ત્યાગી સંતો, સંન્યાસીઓ અને પરમહંસો હોય છે, તે તો વિપ્રોને માટે પણ પૂજ્ય છે. ૧૩-૧૪. છતાં તે વિપ્રો તો સંતોને શૂદ્ર કહેતા. કેટલાક શાસ્ત્ર ભણેલા વિપ્રો પણ સંતોનો મહિમા કહેતા નહીં. ૧૫.

ખુદ ભગવાને કહ્યું છે કે, મોવણ જેટલુંયે ધન જે છોડતા નથી. તેવા વિપ્રના બધાં પાપોનો હું સંતો દ્વારા નાશ કરું છું. ૧૬. જેટલા વિપ્રોની રીત પ્રમાણે ચાલતા નથી, તેટલું તે વિપ્રો પાપ જ કરે છે. વૈશ્વદેવ આદિ પૂજન, નિત્ય અભ્યાગતનું પૂજન, અને નિત્ય ગાયત્રીનો જપ ઇત્યાદિને જે વિપ્ર કરે નહિ, તે શૂદ્રને સમાન કહેવાય છે. અત્યારે તો યજ્ઞોપવીત(જનોઈ) માત્ર પહેરવાથી બ્રાહ્મણ કહેવાય છે અને તિલક તથા કંઠી પહેરવાથી સંત કહેવાય છે. ૧૭-૧૮. અત્યારે વિપ્રોના અને સંતોના ધર્મ તો ધર્મશાસ્ત્રમાં છુપાઈ રહ્યા છે અને મોક્ષની વાતો પણ શાસ્ત્રોમાં જ છુપાઈ રહી છે. એકમાત્ર પેટ ભરવાની વાત જ રહી ગઈ છે. ૧૯. જ્યારે ભગવાન પ્રગટ થાય છે, ત્યારે મોક્ષની રીત ચલાવે છે. બીજા દ્વારા જે મોક્ષની રીત પ્રવર્તાવાતી હોય તો વારંવાર ભગવાનના અવતારો અહીં ન આવે. ૨૦.

❋ મોક્ષનું તાન હોય ત્યાં ભગવાન રહે :

चोपाई :

जेहि ठोर मोक्ष के न ताना, तिहाँ न आवत कबु भगवाना;
तमासे की जिहाँ बात देखावे, तीर्थ के तिहाँ मीस कहावे...२१
तोफानी जन फेलि जेते, तीर्थ में भेगे होवत तेते;
लोक देखावन करत सो दाना, पाप अंतर में भरे रहाना...२२

જ્યાં મોક્ષનું તાન ન હોય તે સ્થાને ભગવાન ક્યારેય આવતા નથી. જ્યાં તમાશાની વાત જ દેખાડાતી હોય ત્યાં તીર્થ તો માત્ર બહાનું હોય છે. ૨૧. જે તોફાનીઓ હોય છે, જેટલા ફેલી હોય છે, તે બધા તીર્થોમાં ભેળા મળે છે. દાન તો માત્ર લોકોને દેખાડવા પૂરતું જ કરે છે, પણ તેના અંતરમાં પાપ તો ભર્યું

રહે છે. ૨૨. તીર્થમાં ભવાયા રમાડતા હોય છે અને તાયફાને નચાવાતા હોય છે. એવાને અપાર દાન અપાય છે, પણ અંતરમાં સંતોના ઉપર લગારેક પણ આદર હોતો નથી. ૨૩. સંતોનો અત્યંત અનાદર થયો, તે દેખીને નર્મદાના દિલમાં અત્યંત રોષ થયો. જ્યારે તે પુણ્યનો માસ પૂરો થયો ત્યારે સંતો ત્યાંથી ચાલ્યા ગયા. ૨૪. તેમજ બધા હરિભક્તો અને સહુ સંઘ ત્યાંથી ચાલ્યા ગયા. ત્યારે રોષે ભરાયેલી નર્મદાએ ઇંદ્રની પાસે જઈને પોકાર કર્યો. ૨૫.

પ્રકટ શ્રીહરિના સંતો અત્યારે સર્વોપરી છે. શ્રીહરિની આજ્ઞાથી આવીને તેમણે મારા પ્રવાહમાં સ્નાન કર્યું છે. ૨૬. ત્યારે ઇંદ્રે કહ્યું, શ્રીહરિની જેવી મરજી હશે તે પ્રમાણે હું, સંતો તીર્થમાં જે રીતે જમ્યા, તે રીતે ભૂમિ ઉપર વરસાદ કરીશ. (અર્થાત્ કાળ પાડીશ.) ૨૭. શ્રીહરિ અને સંતો બહુ જ ક્ષમા રાખે છે. પરંતુ જેની પાસે ધન અને અન્ન અખૂટ ભર્યાં છે, એવા પાપી લોકો બિલકુલ ડરતા નથી. ૨૮. જ્યારે ધન અને અનાજ ખૂટી જાય, શરીરમાં અસાધ્ય રોગ થાય તે વિના પાપી લોકોનો વિનાશ નહિ થાય અને તે વિના તે સંતોની સામું જોતા નથી. ૨૯. સંતો અને ભગવાન, જેમ જેમ વધારે ક્ષમા રાખતા જાય છે, તેમ તેમ ગમાર નરનારીઓ વધારે ફેલ કરે છે. જે અપાર ક્ષમા કરતા હોય છે, તેનો તે લોકો અનાદર કરે છે. ૩૦.

જે માણસ ભગવાનનું ભજન નથી કરતો, તે ભલે મોટો રાવ હોય, રાંક કે ધનવાન હોય, કાળ તેને પોતાનાં મુખમાં લઈને ચાવી જાય છે. કાળ કોઈની મોટાઈને ગણતો નથી. ૩૧. કાળ તેવાને રાત દિવસ ચાવતો જ રહે છે. સંતો તેને દેખતા રહે છે. લોકોને કાળના મોઢામાંથી છોડાવવા માટે સંતો ભૂમિ ઉપર વિચરણ કરતા રહે છે. ૩૨. જે લોકો કાળનાં મોઢામાં પડ્યા છે, તે સંતોની મોટાઈને દેખતા નથી. જ્યારે તે જમપુરીમાં અને લખચોરાશીમાં જાશે ત્યારપછી તેમને સંતોની યથાર્થ મોટપ ૩૩. દેખ્યામાં આવશે. અત્યારે તેને સંતોની મોટપ દેખાતી નથી. સંતો જેમ ક્ષમા રાખે છે, તેવી ક્ષમા તમારે(નર્મદાએ) રાખવાની છે. ૩૪. તમને રાજી રાખવા માટે આ વરસમાં હું વૃષ્ટિ નહિ કરું. તમે તમારે સ્થાને જાઓ. હું તે દુષ્ટોનું માન ઉતારી દઈશ. ૩૫.

ઇંદ્રે જ્યારે આ પ્રમાણે કહ્યું, ત્યારે નર્મદાને શાંતિ થઈ. તે પ્રસન્ન મને પોતાને સ્થાને ગઈ. એવું નર્મદામાં સામર્થ્ય રહ્યું છે. ૩૬. જેનું જે સામર્થ્ય હોય છે, તે કહ્યા વિના દેખાતું નથી. જેટલું લખાય નહિ, તેટલું ગુપ્ત રહી જાય છે. ૩૭. પ્રથમ યુગથી આજ સુધી જેટલી વાત ગ્રંથમાં લખાણી છે, તેટલી આજ સુધી ટકી રહી છે અને જે લખાણી નથી, તે ગુપ્ત-લુપ્ત થઈ ગઈ છે. ૩૮. તવરાની આટલી વાત મેં સંક્ષેપમાં લખી છે. બધી વાત કહી શકાતી નથી. કારણ કે આયુષ્ય ઘણું થોડું રહ્યું છે. ૩૯. શ્રીહરિ ગઢપુરમાં રહ્યા, તે વાત હવે પંદરમાં પૂરમાં લખીશ અને અહીં ચૌદમું પૂર પૂરું કરું છું. ૪૦. **વિક્રમ સંવત્ ઓગણીશ સો ઓગણીસના કાર્તિક સુદિ લાભપાંચમ ને સોમવારે આ ચૌદમું પૂર સંપૂર્ણ કર્યું છે. ૪૧.**

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્દશ પૂરમાં 'તવરાના મેળાની વાત પૂરી કરી' એ નામે પંચાણુમો તરંગ સમાપ્ત ॥૯૫॥



ઇતિ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથે ચતુર્દશ પૂર સંપૂર્ણ ॥૧૪॥



પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી(કુંડળધામ)ની પ્રેરણાથી કરવામાં આવેલ પ્રકાશન

DVD

૧. સ્નેહગીતા
૨. પંચરત્ન
૩. અક્ષરબાવની
૪. ભક્તિસિદ્ધિ
૫. બુદ્ધિપ્રદીપ
૬. વિવેકસાર
૭. સર્ગ નિસરણી
૮. મુક્તવંદના
૯. હિંડોળા ઉત્સવ
૧૦. યમદંડ
૧૧. શિક્ષાપત્રીભાષ્ય
૧૨. યુવાશિબિર
૧૩. ભાલદેશની લીલા
૧૪. કુંડળધામ દર્શન
૧૫. વિવેકશતક કથા
૧૬. મૂર્ખશતક કથા
૧૭. કરુણા તેરી *(કીર્તન દર્શન-૧)*
૧૮. અક્ષરધામની ગાડી *(કીર્તન દર્શન-૨)*
૧૯. સુખની ખાણી *(કીર્તન દર્શન-૪)*
૨૦. દિવ્ય દિવ્ય મહારાજ *(કીર્તન દર્શન-૫)*
૨૧. માધુરી મૂર્તિ *(કીર્તન દર્શન-૬)*
૨૨. ગઢપુર મહિમા *(કીર્તન દર્શન-૭)*
૨૩. શ્રીજીચાલીસા*(કીર્તન દર્શન-૯)*
૨૪. યુવાની એક શક્તિ *(કીર્તન દર્શન-૧૦)*
૨૫. ઘેર બેઠા તીરથ ભાગ-૨
૨૬. શ્રીહ.ચ.સાગર પુરશ્ચરણ મહોત્સવ
૨૭. સાગર કથા પૂર-૧ થી ૧૪

MP5

૧. ભક્તચિંતામણિ
૨. શ્રીહરિલીલામૃત
૩. શ્રીઘનશ્યામલીલામૃતસાગર
૪. સત્સંગિજીવન
૫. નિષ્કુળાનંદ કાવ્ય
૬. શ્રીહરિધ્યાનમંજરી
૭. શ્રીહરિચરિત્રામૃતસાગર કથા
૮. ગોપાળાનંદસ્વામીની વાતો
૯. મૂર્ખશતક કથા
૧૦. વિવેકશતક કથા
૧૧. વાસુદેવમાહાત્મ્ય
૧૨. વિવેકચિંતામણિ
૧૩. ઉત્તર હિન્દુસ્તાનના પરચા
૧૪. કીર્તનસહ ધ્યાન
૧૫. વડતાલધામનો મહિમા
૧૬. ઐશ્વર્યપ્રકાશ
૧૭. સંત આખ્યાન(૧૨ સંતોના આખ્યાન)
- સદ્.શ્રીપ્રેમાનંદસ્વામી
- સદ્.શ્રીશુકાનંદસ્વામી
- સદ્.શ્રીઆધારાનંદસ્વામી
- સદ્.શ્રીઈશ્વરચરણસ્વામી
- સદ્.શ્રીભાયાત્માનંદસ્વામી
- સદ્.શ્રીનૃસિંહાનંદસ્વામી
- સદ્.શ્રીસ્વરૂપાનંદસ્વામી
- સદ્.શ્રીઅદ્ભુતાનંદસ્વામી
- મૂળજી બ્રહ્મચારી
- જેરામ બ્રહ્મચારી

૧૮. ભક્ત આખ્યાન (૨૪ ભક્તોના આખ્યાન)
- મીર સાહેબ - નાથભક્ત
- ડોસા તાઈ - ચંદ્રહાસ
- પૂજા ડોડિયા - માવા ભક્ત
- જોબન પગી - રૂડિયો રખડું
- મીણબાઈ - રાઈબા મા
- જાનબાઈ - સખુબાઈ
- શિવલાલ શેઠ અને ભગા દોશી
૧૯. કીર્તન વિવેચન (૩૫ વિવેચનો)
- મારે ઘેર આવ્યા રે. . .
- અક્ષરના વાસી વાલો . . .
- કર પ્રભુ સંગાથે...
- શ્રીજી બાવની...
- સત્સંગી તો તેને રે કહીએ . . .
- આજ મારે ઓરડે. . .
- આવા ભગવાન નહિ મળે . . .
- કોઉ કામ ન આવે. . .
- મારા વાલાજી શું વાલપ. . .
- મન મોહ ટળે...
- ફગવા...
- પ્રભુ મને થાજે. . .
- શીલવંતા સાધુને. . .
- સંત સમાગમ કીજે. . .
- ભૂમાનંદસ્વામીકૃત કક્કો. . .
૨૦. કથામૃતમ્
- છપ્પનાવલી
- શૌચાશૌચ
- શિક્ષાપત્રી ભાષ્ય
- ધ્યાનયોગ (સુરત)
- જ્ઞાન સાથે ગમ્મત
૨૧. નારાયણ અંગ ચિંતામણિ
૨૨. સવારનું ચિંતન (શિબિર ૭ થી ૨૧)

VCD

૧. મોક્ષનાં સાધનો
૨. ધીરજાખ્યાન
૩. યમદંડ (સુરત)
૪. સહજાનંદ
૫. સાધુ ભજનપ્રકાશદાસજી
૬. ઉત્તર ભારતની યાત્રા
૭. સાંસ્કૃતિક કાર્યક્રમ શિ.-૧૭,૧૮
૮. નાટક : સહજાનંદી સિંહ રૂપાભાઈ
૯. નાટક : શૂન્ય
૧૦. ટેલીફિલ્મ : ઓવર અપેક્ષા
૧૧. ટેલીફિલ્મ : ખોરાસાના રાજાભાઈ

MP3

૧. કીર્તન કુંભ ભાગ : ૧ થી ૬
૨. દાદા ખાચરના વિવાહ
૩. બુદ્ધિપ્રદીપ
૪. પંચરત્ન
૫. હરિસ્મરણ
૬. શ્રીમદ્‌ભાગવત

हिन्दी प्रकाशन

१. टेलीफिल्म : केसर मियाँ VCD
२. टेलीफिल्म : शेख मियाँ DVD
३. टेलीफिल्म : डोसा ताई DVD
४. लाडला युवान (कीर्तन दर्शन-३)
५. हे नाथ ! (कीर्तन दर्शन-८)
६. घेर बेठा तीरथ भाग-३

USB AUDIO

પેનડ્રાઈવ USB 2.0 મેમરી કાર્ડ

કથા તથા કીર્તનો ભાગ : ૧ થી ૧૩

ગુજરાતી પુસ્તક....

૧. વચનામૃત *(Small, Medium, Big size)*
૨. હરિલીલામૃત ભાગ : ૧ થી ૪
૩. શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧ થી ૧૨
૪. ભક્તચિંતામણિ
૫. નિષ્કુળાનંદ કાવ્ય
૬. ગોપાળાનંદસ્વામીની વાતો
૭. ગુણાતીતાનંદસ્વામીની વાતો
૮. મોનજીભગતની વાતો
૯. મહારાજની લીલા
૧૦. શ્રીજીની લીલા
૧૧. શ્રીવિધાત્રાનંદસ્વામીના ગ્રંથો
૧૨. જ્ઞાનદીપ ભાગ : ૧ થી ૫
૧૩. કીર્તનમાળા ભાગ : ૧, ૨
૧૪. કીર્તનસરોવર *(નંદસંતો રચિત)*
૧૫. અદ્‌ભુતાનંદસ્વામીની મૂળવાતો
૧૬. સદ્.શ્રીપ્રેમાનંદસ્વામીના ગ્રંથો
૧૭. સદ્.શ્રીનિત્યાનંદસ્વામીના ગ્રંથો
૧૮. શિક્ષાપત્રી
૧૯. હરિસ્મૃતિ
૨૦. હરિરસામૃત
૨૧. નિત્યનિયમ
૨૨. સંત આખ્યાન
૨૩. નિર્ગુણદાસસ્વામીની વાતો
૨૪. શ્રીહરિકૃષ્ણલીલામૃત સાગર
૨૫. કીર્તન દીપાવલી ભાગ-૧
૨૬. શ્રીજીમહારાજનાં ચરિત્રો
૨૭. શ્રીપુરુષોત્તમલીલા
૨૮. હરિચરિત્ર ચિંતામણિ (પદ્યાત્મક)
૨૯. શ્રીસ્વા. વિચરણ લીલામૃત
૩૦. સાગર સાર ભાગ : ૧ થી ૪
૩૧. ભક્ત આખ્યાન
૩૨. સદ્.શ્રીશુકમુનિકૃત ગ્રંથાદિ

हिन्दी किताबें

१. श्रीहरिचरित्रामृतसागर
मूलमात्र भाग : १ से १२
२. श्रीहरिकृष्णनारायणचरित्रामृत
एवं स्वरूपभक्ति निर्णय
(गुजराती अनुवाद के साथ)

संस्कृत प्रकाशन

सद्.श्रीगोपालानंदस्वामीविरचितम्
श्रीमद्भगवद्गीताभाष्यम्



શ્રીસ્વામિનારાયણ મંદિર કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા દ્વારા ચાલતી
વિવિધ કલ્યાણકારી સેવા-પ્રવૃત્તિ

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી હાલમાં મૂળ વડતાલ દેશના શ્રીસ્વા. મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરામાં રહે છે. તેઓ શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના એક શ્રેષ્ઠતમ વક્તા છે. તેમને કુલ ૧૦૦ ત્યાગી શિષ્યોનું પવિત્ર સંતમંડળ છે. તેમને શ્રીસ્વામિનારાયણ ભગવાનનું ભજન કરવું અને મુમુક્ષુજનોને ભજન કરાવવાનું જ મુખ્ય અંગ છે. તદુપરાંત શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના સર્વાંગી વિકાસ અર્થે નીચે મુજબની વિવિધ પ્રકારની કલ્યાણકારી સેવા-પ્રવૃત્તિ ચલાવી રહ્યા છે.

આધ્યાત્મિક આયોજનો...

સર્વોપરી શ્રીહરિ મુમુક્ષુઓને મુક્ત બનાવી અક્ષરધામમાં લઈ જવા માટે જ આ પૃથ્વી ઉપર પધાર્યા હતા. એ મૂળ હેતુને ધ્યાનમાં રાખી પૂ.સ્વામીજી અનેકવિધ આધ્યાત્મિક આયોજનો કરે છે. જેનો લાભ લઈ આજ સુધીમાં લાખો લોકો સત્સંગનું મહાસુખ માણતા થયા છે અને માયાના દુઃખરૂપી દાવાનળથી બચી શક્યા છે.

સત્સંગ શિબિરો : છેલ્લા ૨૨ વર્ષથી દિવાળીની રજામાં અનેક ભક્તો આ શિબિરના માધ્યમે સામાન્ય નિયમ-ધર્મથી લઈ અક્ષરમુક્ત બનવા સુધીના પ્રેક્ટિકલ અનુભવ મેળવી રહ્યા છે. આ શિબિર મુમુક્ષુઓને માટે એક અનુપમ અવસર છે.

કથા-પારાયણો તથા ઉત્સવ-સમૈયા : ઉપરોક્ત બંને મંદિરોમાં તથા અન્યત્ર અવાર-નવાર સત્સંગિજીવન વગેરે સદ્ગ્રંથોની કથા-પારાયણો તથા હિંડોળા ઉત્સવ, રંગોત્સવ, જળઝીલણી ઉત્સવ આદિક નાના-મોટા વિવિધ પ્રકારના ઉત્સવોના આયોજનો કરવામાં આવે છે. પૂ.સ્વામીજીએ આજ સુધીમાં સત્સંગિજીવન, ભક્તચિંતામણિ, નિષ્કુળાનંદ કાવ્ય, શ્રીઘનશ્યામલીલામૃતસાગર, શ્રીહરિલીલામૃત જેવા સંપ્રદાયના તમામ મુખ્ય ગ્રંથોની સંગીત સાથે અદ્ભુત કથાઓ કરી છે. તેમજ સંપ્રદાયના આદર્શરૂપ સંતો-ભક્તોનાં આખ્યાનોની સંશોધનાત્મક કથા કરી છે. વળી, દરરોજ સવાર-સાંજ થતી કથા-વાર્તાનું www.swaminarayanbhagwan.com દ્વારા લાઈવ પ્રસારણ કરવામાં આવે છે. તેનાથી અનેક મુમુક્ષુ જીવોને સત્સંગનું પોષણ મળી રહ્યું છે.

સત્સંગ વિચરણ : સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામીની સાધુતા તથા સારધાર ઉપદેશવાણી દ્વારા ૧૦૦ ઉપરાંત ત્યાગીઓ સંપ્રદાયની સેવામાં શ્રીહરિના ચરણે

સમર્પિત થયા છે. આ સંતો-પાર્ષદો ગામડે-ગામડે તથા દેશ-વિદેશમાં જઈ હજારો હરિભક્તોને ઘેર બેઠા સત્સંગનું પોષણ આપે છે. શ્રીહરિની સર્વોપરી ઉપાસના તથા આજ્ઞાને દૃઢ કરાવે છે.

વિવિધ પ્રકાશનો : પૂ.સ્વામીજીએ આજ સુધીમાં કરેલી તમામ કથાઓની CD, VCD, DVD, MP3, MP5 શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા દ્વારા પ્રકાશિત કરવામાં આવી છે. વળી, પૂ.સ્વામીજીની પ્રેરણાથી આજની બાળ-યુવા પેઢીને અત્યંત ઉપયોગી થાય એવી અનેક પ્રેરણાદાયી ટેલીફિલ્મોનું પ્રકાશન કરવામાં આવ્યું છે. આ પ્રકાશનોનો લાભ લઈને સુખ-શાંતિ તથા પ્રભુપ્રાપ્તિ ઈચ્છતા હજારો મુમુક્ષુઓ ભગવાનને પામવાનું બળ પામી રહ્યા છે.

આ ઉપરાંત પૂ.સ્વામીશ્રી દ્વારા શ્રીહરિ સમકાલીન નંદસંતો દ્વારા હસ્તલિખિત અપ્રસિદ્ધ એવા અનેક સદ્ગ્રંથો પ્રકાશિત કરવામાં આવ્યા છે. વળી અન્ય સદ્ગ્રંથો તથા “સત્સંગ સેવક” નામનું મેગેઝીન પણ પ્રકાશિત કરવામાં આવે છે. વળી, મનમોહક બાલુડા શ્રીઘનશ્યામ મહારાજની મૂર્તિ પણ બહાર પાડવામાં આવી છે. જેને ઘરમાં વસાવીને અનેક પરિવારો પ્રેમ અને સંસ્કારથી સમૃદ્ધ બન્યા છે. પૂ.સ્વામીશ્રીની પ્રેરણાથી ભક્તજનોના વિશેષ લાભાર્થે આ તમામ સાહિત્ય ઉપરોક્ત બન્ને મંદિરો દ્વારા અત્યંત સસ્તા દરે પ્રાપ્ત થઈ રહ્યું છે.

બાળ-યુવા સંસ્કાર પ્રવૃત્તિ...

આજના ફેશન-વ્યસનના વિષમ વાતાવરણમાં બાળકો તથા યુવકો ધર્મમય અને સંસ્કારમય રહે તેની તાતી જરૂર છે. તે માટે પૂ.સ્વામીશ્રીની પ્રેરણાથી દેશભરમાં ૪૫૦ ઉપરાંત બાળ-યુવા મંડળો ચાલી રહ્યા છે. જેમાં બાળ-યુવા પેઢીને વિકૃતિથી બચવા અને સંસ્કૃતિને વળગી રહેવા માટેની કેળવણી અપાઈ રહી છે. વળી, દર વર્ષે બે વખત બાળ-યુવા શિબિરો પણ ગોઠવવામાં આવે છે.

સાંપ્રદાયિક તથા સામાજિક સેવા...

પૂ.સ્વામીજીની પ્રેરણાથી આજ સુધીમાં ૧૨ જેટલાં નૂતન મંદિરોનું નિર્માણ થયું છે તથા અનેક મંદિરોમાં મૂર્તિ, સિંહાસન કે આર્થિક યોગદાન આપવામાં આવે છે. તદુપરાંત રક્તદાન કેમ્પ, જળસંચય માટે ચેકડેમ નિર્માણ, ગરીબોને આર્થિક કે અન્ન-વસ્ત્ર સહાય, દુષ્કાળ તથા ભૂકંપ જેવી આપત્તિમાં કેટલકેમ્પ, ફૂડપેકેટ વિતરણ અને પુનર્વસન જેવી વિવિધ સેવાઓ કરવામાં આવે છે.





શ્રીહરિ જૂનાગઢ પધારતા ત્યારે
ઝીણાભાઈના દરબારમાં ઉતરતા તે પ્રસાદીનું દીવાનખાનું



: પ્રકાશક :
શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા

કુંડળધામ : (૦૨૭૧૧) ૨૯૧૨૯૧, વડોદરા : (૦૨૬૫)૨૪૬૨૬૨૮

www.swaminarayanbhagwan.com Email : karelibaug@gmail.com

ISBN 978-93-83456-28-4



